
શ્રી ઉમિયા માતાજી ૧૮ મી શતાબ્દી મહોત્સવ
સ્મૃતિગ્રંથ
શ્રી ઉમિયા માતાજી ૧૮ મી શતાબ્દી મહોત્સવ સ્મૃતિગ્રંથ
લેખક અને સંકલન
ઈશ્વર હ. પટેલ
ડૉ. મફતલાલ પટેલ
realpatidar.com


realpatidar.com
શ્રી ઉમિયા માતાજી ૧૮ મી શતાબ્દી મહોત્સવ
સ્મૃતિગ્રંથ
શ્રી ઉમિયા માતાજી ૧૮ મી શતાબ્દી મહોત્સવ સ્મૃતિગ્રંથ
લેખક અને સંકલન
ઈશ્વર હ. પટેલ
ડૉ. મફતલાલ પટેલ
realpatidar.com


realpatidar.com
॥ श्री उमाम्बा शरणमस्तु जन्मान्तरेष्वपि ॥
realpatidar.com

realpatidar.com


realpatidar.com
શ્રી ઉમિયા માતાજી ૧૮ મી શતાબ્દી મહોત્સવ
સ્મૃતિગ્રંથ
શ્રી ઉમિયા માતાજી ૧૮ મી શતાબ્દી મહોત્સવ સ્મૃતિગ્રંથ
લેખક અને સંકલન
ઈશ્વર હ. પટેલ
ડૉ. મફતલાલ પટેલ
realpatidar.com



# શ્રી ઉમિયા માતાજી

## અઢારમી શતાબ્દી મહોત્સવ ❋ સ્મૃતિગ્રંથ



## Shri Umiya mataji Adharmi Shatabadi Mahotsav Smruti Granth



### પ્રથમ આવૃત્તિ

**ગ્રંથનું નામ** : શ્રી ઉમિયામાતાજી અઢારમી શતાબ્દી મહોત્સવ સ્મૃતિગ્રંથ (સંવત ૨૦૩૩)

**પ્રકાશક** : માનદ્ મંત્રીશ્રી કડવા પાટીદાર કુળદેવી ઉમિયા માતાજી સંસ્થાન, મુ. ઊંઝા
(ટ્રસ્ટ રજિ.નં. એ-૯૪૩-મહેસાણા)

**લેખક અને સંકલન** : ઈશ્વર હ. પટેલ અને ડૉ. મફતલાલ પટેલ
(સલાહકાર 'ધરતી') (તંત્રીશ્રી 'ધરતી')

**સર્વ હક્ક** : શ્રી કડવા પાટીદાર કુળદેવી શ્રી ઉમિયા માતાજી સંસ્થાન, મુ. ઊંઝા (ઉ.ગુ.)

**પ્રથમઆવૃત્તિ** : (વિ.સં. ૨૦૩૯ સને ૧૯૮૩) પ્રત ૧૦,૦૦૦

### દ્વિતીય આવૃત્તિ

**પ્રકાશક** : અચલા એજ્યુકેશન ફાઉન્ડેશન ટ્રસ્ટ

**પ્રત** : ૧૨૫૦

**મુદ્રક** : શિવકૃપા ઓફસેટ પ્રિન્ટર્સ

૨૭, અમૃત એસ્ટેટ, દૂધેશ્વર, અમદાવાદ-૩૮૦૦૦૪.


ફોન: ૨૫૬૨૩૮૨૮, ૨૫૬૨૭૯૯૯

**પ્રાપ્તિ સ્થાન** : ૩૫, સ્વામી ગુણાતીતનગર સોસાયટી, મેમનગર, અમદાવાદ-૩૮૦૦૫૨.
ફોન: (૦૭૯) ૨૭૪૯૩૨૫૫, ૨૭૪૯૩૯૨૭

**પ્રસિદ્ધ તિથિ** : વૈશાખ સુદ પુનમ, ૨૦૬૯, તા. ૨૫ મે ૨૦૧૩ (બુદ્ધ જયંતિ)

**કિંમત** : રૂા. ૬૦૦

# સ્મૃતિવંદના



मेरा मेजमें कछु नाहींल जो कुछ है सो तेरा !
तेरा तुजको सोंपने, क्या लागत है मेरा !!



## આ ગ્રંથના સ્પોન્સર દાતા
## પ્રિ. લક્ષ્મણભાઈ મગનભાઈ પટેલ
## અને પરિવારજનોનો
## ઋણ સ્વીકાર



પ્રિ. લક્ષ્મણભાઈ મગનભાઈ પટેલ

શ્રીમતિ કાશીબેન લક્ષ્મણભાઈ પટેલ

પ્રિ. લક્ષ્મણભાઈ મગનભાઈ પટેલનું મૂળ વતન કડા તા. વિસનગર છે. વર્ષો સુધી અમદાવાદની ભવન્સ સાયન્સ કોલેજમાં પ્રોફેસર તરીકે કાર્ય કર્યા બાદ ધોળકા સાયન્સ કોલેજમાં પ્રિન્સીપાલ બન્યા, રિટાયર્ડ થયા પછી અમેરિકાના ન્યૂજર્સી સ્ટેટમાં સ્થિર થયા છે. અમેરિકા આવ્યા બાદ ન્યૂજર્સીમાં 'મેન મેકીંગ ગ્રુપ' ચાલે છે. આ ગ્રુપ દ્વારા તેઓ સીનિયર સીટીઝનના વર્ગો ચલાવે છે, ઈંગ્લીશ સ્પીકીંગ વર્ગમાં મદદરૂપ બને છે સાથે સાથે ભારતીય લોકોને યોગ્ય કાયદાકીય માર્ગદર્શન આપે છે સાથે સાથે પોતાના પુત્ર ડૉ. તેજસ પટેલ દ્વારા સંચાલિત એડોલ્ટ ડે કેરની સંપૂર્ણ કાળજી રાખે છે.

લક્ષ્મણભાઈનું જીવન કાદવમાંથી ખીલેલા કમળ જેવું છે. કડા તા. વિસનગરમાં સામાન્ય ખેડૂત પરિવાર મગનભાઈ ઉજમભાઈ પટેલના ત્યાં જન્મથયો, માતા સંતોષબેન. પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ કડા પોતાના વતનમાં લીધું.

વિસનગર સાયન્સ કોલેજમાં દાખલ થઈને બાયોલોજી વિષય સાથે બીએસ.સી.ની ડીગ્રી મેળવ્યા પછી ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદમાંથી એમ.એસ.સીની ડીગ્રી મેળવી સાથે સાથે નવગુજરાત કોલેજમાંથી એલ.એલ.બીની ડીગ્રી પણ પ્રાપ્ત કરેલી. કોલેજકાળ દરમિયાન પોતે એન.સી.સી.ના સબ લેફટનન્ટ હતા. એમ.એસ.સી થયા પછી તેઓ અમદાવાદની જાણીતી ભવન્સ કોલેજમાં પ્રોફેસર બન્યા. વર્ષો સુધી ભવન્સ કોલેજમાં પ્રોફેસર તરીકે સેવાઓ આપી છેલ્લે ધોળકા કોલેજના પ્રિન્સીપાલ થયા.

કોલેજ સમયગાળા દરમિયાન અનેકવિધ સેવાનાં કાર્યો કરેલાં છે, એન.સી.સી.ના લીડર હોવાથી અમદાવાદ સાબરમતી નદીમાં આવેલ પૂર વખતે ગિરનાર કોલોની જે ડૂબી ગયેલી તેમાં સતત પંદર દિવસ સુધી સેવાકાર્ય કર્યું. મોરબી હોનારત વખતે તેમજ બિહારના દુષ્કાળ વખતે પણ કાર્ય કરી બતાવેલું. પોતે વર્ષો સુધી સેનેટ મેમ્બર પણ રહ્યા હતા. સાથે સાથે સીટી તાલુકા પંચાયતમાં ચૂંટાયેલા સભ્ય તો ખરા પણ ઉપપ્રમુખ તરીકેની વિશેષ જવાબદારી સંભાળી. તેઓનાં પત્ની કાશીબેન પણ ખૂબ ખુમારીવાળાં, ગમે તેવી પરિસ્થિતિમાં લક્ષ્મણભાઈને સાથ-સહકાર આપનારાં, નીડર, સમજદાર છે. પોતે એસ.એસ.સી. ભણેલાં છે, પણ કાર્ય શક્તિ ઊંચા પ્રકારની છે. મહેસાણા જિલ્લા પંચાયતના ચૂંટાયેલા સભ્ય તરીકે તેઓની આપેલી સેવાઓ નોંધપાત્ર બની છે. તેઓના કાળ દરમિયાન કડાનાં ઘણાં બધાં વિકાસ કાર્યો થયાં હતાં.

લક્ષ્મણભાઈના જીવનમાં બીજી મહત્ત્વની બાબતની નોંધ એ લેવા જેવી છે કે તેઓ જે સમાજમાં જન્મેલા, તે અગિયારનો કડવા પાટીદાર સમાજ. કુરિવાજો, કુરૂઢિઓ, લગ્નના ખોટા ખર્ચાઓ અને બાળલગ્નોમાં સપડાયેલો સમાજ. આ સમાજમાં ભણેલાનું કામનહિ, સમાજના લોકો જેમદોરે તેમબધાએ દોરાવાનું. દલીલ કે સત્ય પ્રગતિશીલ હકીકતો રજુ કરાય નહિ, ને જે કરે તે ફેંકાઈ જાય. આવા સમાજમાં કામકરવું અત્યંત કઠિન હોવા છતાં લક્ષ્મણભાઈએ માથું મૂકીને કાર્ય કરી બતાવ્યું. બાળલગ્નો બંધ કરાવ્યાં. લગ્નના ખર્ચાઓ ઘટાડવા સમૂહલગ્નની શરૂઆત કરાવી. ને સમાજના ચીલાચાલુ રિવાજોને તોડીફોડીને ફેંકી દીધા. સમાજના રિવાજોને બદલવામાં લક્ષ્મણભાઈનું પરિવાર સામાજિક રીતે અત્યંત વિવાદાસ્પદ બની ગયું હતું, પણ ધીરજ અને આયોજનબદ્ધ કાર્યપદ્ધતિથી તેઓ આજે સમાજમાં આદરપાત્ર બન્યા છે.

લક્ષ્મણભાઈને ત્રણ દીકરાઓ ભગવાને આપ્યા છે. દીકરી નથી. આજે ત્રણે દીકરાઓ ડૉક્ટર છે. સૌથી મોટો દીકરો જયેશ જે ૧૯૮૬માં ગુજરાત રાજ્યમાં બોર્ડમાં ચોથા નંબરે આવેલ. આજે પોતે એમ.ડી. ડી.જી.ઓ. છે ને સુરતના કડોદરામાં 'પારણુ હોસ્પિટલ' ચલાવે છે. ડૉ. જયેશના પત્ની કિંજલ પણ ડૉક્ટર છે. જયેશને બે બાળકો છે. સ્મિત પુત્ર અને લજ્જા પુત્રી.

બીજો દીકરો ડૉ. તેજસ જે એમ.બી.બી.એસથી અમેરિકા સ્થિર થયેલ છે. અમેરિકા આવીને એમ.બી.એ.ની ડીગ્રી મેળવી છે, ને અત્યારે લક્ષ્મણભાઈની સાથે રહે છે. તેજસની પત્ની બેલાએ ફાર્માસ્યુટિકલની ડીગ્રી બોસ્ટન યુનિવર્સિટીથી મેળવેલ છે, તેઓનાં બે બાળકો યેશા દીકરી અને દીપ દીકરો ખૂબ તેજસ્વી છે.

ત્રીજો દીકરો ડૉ. જયેશ ફીઝીશીયનમાં છે. એમ.ડી. થયેલ છે. ને અત્યારે સૂરતના કડોદરામાં પોતાનું 'ધ્રુવ હોસ્પિટલ' ધરાવે છે. બ્રીજેશની પત્ની ગીતા પોતે કોમ્પ્યુટર એન્જિનીયર થઈને બ્રીજેશના કાર્યમાં લાગેલી છે. તેનાં બે બાળકો ધ્રુવ પુત્ર અને બંસરી પુત્રી છે.

વ્યવસ્થા એ જીવન છે. જે વ્યક્તિ ઉત્તમવ્યવસ્થા પોતાના જીવનમાં ગોઠવી શકે છે, ને ઉચ્ચતમસ્થાનો સર કરી શકે છે. લક્ષ્મણભાઈનું કહેવું છે કે, 'તમારું ભાવિ તમારા હાથમાં છે. તમે જ તમારું ઘડતર કરી શકશો.'

લક્ષ્મણભાઈ અને તેઓની પત્ની કાશીબેન પોતાના વતન કડા પ્રત્યે અનહદ પ્રેમઅને લાગણી ધરાવે છે. અમેરિકામાં રહીને ગામઅને સમાજને દિશા, દૃષ્ટિ આપી રહ્યા છે. શ્રી ઉમિયા માતાજી ૧૮મી શતાબ્દી મહોત્સવ સ્મૃતિગ્રંથના પ્રકાશન માટે તેઓએ દિલ દઈને પ્રેમપૂર્વક આપેલ યોગદાન માટે અમે આભારી છીએ.

# ઋણ સ્વીકાર

## બલોલનો ગૌરવ સમો પરિવાર



સ્વ.પૂ. પિતાશ્રી શંકરદાસ મોરારદાસ



સ્વ.પૂ. માતુશ્રી દિવાળીબા



શ્રી રામભાઈ શંકરદાસ પટેલ



શ્રીમતિ શારદાબેન રામભાઈ પટેલ



શ્રી પરસોત્તમભાઈ શંકરદાસ પટેલ



શ્રીમતિ જ્યોત્સનાબેન પરસોત્તમદાસ

સ્વ. શંકરદાસ મોરારદાસ પટેલ જેઓ મોરારદાસ જેસીંગદાસ પટેલના ચાર પુત્રો પૈકીના તેઓ સૌથી મોટા પુત્ર હતા. કુટુંબના રિવાજ પ્રમાણે મિલ્કત વહેંચણીમાં તેમજ ખેડૂત પરિવાર હોવાથી જે જમીન ફાળે આવેલી તેમાં તે ખેતી કરતા. બે પુત્રો ઉપરાંત એક દીકરી હતી. તેથી માત્ર ખેતીની આવકમાં ઘર-પરિવાર તથા પાટીદાર સમાજના વહેવારોમાં ઉભા રહેવું દોહલુ બની રહે તેવા વિચારોથી તાજેતરમાં બલોલમાં હાઈસ્કૂલની સ્થાપના થયેલી એટલે સમયની માંગ પ્રમાણે બંને દીકરાઓને હાઈસ્કૂલમાં ભણાવી કોઈ ધંધામાં ગોઠવવાનો ઈરાદો રાખી ભણવા બેસાડ્યા. મોટા દીકરા રામભાઈ ધો.૧૧મું પાસ થયા કે તરત મામાના સહારે ઊંઝા ગંજબજારમાં ગોઠવી દીધો. ૪૦ વર્ષથી ઉંઝાના ગંજ બજારમાં આજે પણ બાબુભાઈ રામભાઈની ક્રુ.નામચાલે છે. તે ઉપરાંત આંગડિયા પેઢી રામભાઈ શંકરદાસના નામથી પણ ચાલે છે. નાના દીકરા ભણવામાં હોશિયાર હોઈ ૧૧મું ધોરણ પાસ થઈ વિસનગરની સાયન્સ કોલેજમાં દાખલ થયા અને B.Sc પાસ કર્યું, પણ તેમાં સામાન્ય વર્ગ આવતાં આગળ ભણવામાં રસ ઓછો રહ્યો. તેઓ - આંગડિયાના ધંધામાં જોડાઈ ગયા આંગડિયાના ધંધામાં બલોલ ગામનો ફાળો મહત્તમછે. તેઓની ધગશ અને આગવી સુઝને કારણે જયંતિલાલ અંબાલાલ ચોકસી આંગડિયા પેઢીને આગળની હરોળમાં લાવી દીધી. તે પેઢીની પંદર ઉપરાંત શાખાઓનું સફળ સંચાલન કરે છે અને મા ઉમિયાજીના આશીર્વાદથી સારૂ કમાતા ગયા તેમગામ, સમાજને મદદરૂપ પણ થતા ગયા. બલોલ ગામના પાદરમાં આવેલું ચૌમુખી શક્તિધામની બાજુમાં નવદુર્ગા માતાજી તથા વિવિધ મંદિરો તેમજ ગામના સાર્વજનિક કાર્યોમાં ફાળો તેમના પરિવારની દેન છે. અને આમશિવ-શક્તિનું વિશાળ ધામ-યાત્રા બની રહ્યું છે તેઓ મુંબઈ જેવી માયાનગરીમાં રહેતા હોવા છતાં, બે પાંદડે હોવા છતાં તેમનામાં કોઈ 'કુટેવ' નથી એજ એમની વિશેષતા છે. મા ઉમિયાજી તેમનો અને તેમના પરિવારની સફળતાનો માર્ગ સદાય ખુલ્લો રાખે તેવી પ્રાર્થના. કોઈએ ગાયુ છે -

સફરની ધૂળને જે ગુલાલ સમજે છે;
અસલમાં એજ રસ્તાની ચાલ સમજે છે.

કડવા પાટીદાર કુળદેવી શ્રી ઉમિયામાતાજી સંસ્થાન - ઊંઝાના

# માનદ મંત્રીશ્રીના બે બોલ

॥ श्री उमाम्बा शरणमस्तु जन्मान्तरेष्वपि ॥

જેમની અદ્‌ભુત તપશ્ચર્યાનાં દેવોએ મુક્તકંઠે ગુણગાન ગાયાં છે એવાં કડવા પાટીદાર સમાજનાં કુળદેવી શ્રી ઉમિયામાતાજી સદીઓથી ઊંઝામાં બિરાજમાન છે. નવી પેઢી પોતાનાં કુળદેવીનો મહિમા ભૂલવાની અણી ઉપર આવીને ઊભી હતી. બરાબર તેવા સમયે જ ભક્તોના દિલમાં શ્રી ઉમિયામાતાજીનો ૧૮મી શતાબ્દી મહોત્સવ યોજનાનો મંગલ વિચાર સ્ફૂર્યો.

મહોત્સવના આયોજન માટે ચર્ચા-વિચારણા કરવા સૌપ્રથમઊંઝા ગામના આગેવાનોની એક સભા રાખવામાં આવી, જેમાં મહોત્સવના ખર્ચનો સવાલ ઊભો થયો, ત્યારે સંસ્થાન પાસે અઢીથી ત્રણ લાખ રૂપિયા જેવી અલ્પ બચત હતી. આ બધુ લક્ષ્યમાં લેતાં મહોત્સવનું ખર્ચ બાદ જતાં થોડુંઘણું બચશે એવી આશા સાથે મહોત્સવનું આયોજન કરવાનું સર્વાનુમતે વિચારાયું. ત્યાર પછી ઊંઝા ગામના નગરજનોની એક વિશાળ સભા યોજાઈ, જેમાં મહોત્સવના સફળ આયોજન માટે કેવી કેવી જવાબદારીઓ ઊઠાવવી પડશે તેનો ખ્યાલ કરવામાં આવ્યો. ગમે તેવી કઠણમાં કઠણ જવાબદારીઓ ઉઠાવી લેવાની તૈયારી સાથે અદ્‌ભુત ઉત્સાહ દાખવીને સમસ્ત ઊંઝા ગામના નાગરિકોએ મહોત્સવ યોજવાના વિચારનું એકી અવાજે સમર્થન કર્યુ. સંસ્થાનની કારોબારી સમિતિએ ઊંઝાના નાગરિકોના ઉમળકાભર્યા સહકારથી સંવત ૨૦૩૩ના માગસર સુદ ૪, તા.૨૫-૧૧-૭૬થી માગસર સુદ ૮, તા. ૨૯-૧૧-૭૬ સુધી માતાજીનો ૧૮મી શતાબ્દી મહોત્સવ યોજવાનો ઠરાવ કરી મહોર મારી દીધી.

ત્યાર પછી મહેસાણા જિલ્લાના કડવા પાટીદાર સમાજના આગેવાનોની એક વિશાળ સભા યોજવામાં આવી. આ સભામાં મહોત્સવની રૂપરેખા આપવામાં આવી અને સંસ્થાનની કારોબારી સમિતિએ આ કામમાટે જે કમિટીઓની નિમણૂંક કરી હતી તેની કાર્યવાહીથી સૌને માહિતગાર કરવામાં આવ્યા. મા પ્રત્યેના ભક્તિભાવની ભરતી આવી હોય તેમજબરજસ્ત ઉત્સાહથી આ સભાએ મહોત્સવની ઊજવણી માટે પીઠબળ આપ્યું.

છેલ્લાં કેટલાંય વર્ષોથી મા ઉમાનાં સંતાનોનું મહામિલન યોજાયું ન હતું એટલે એવા મિલન માટેનો ઉત્કૃષ્ટ તલસાટ માનાં સંતાનોમાં જાગ્યો હતો. આઝાદી પછી આર્થિક, સામાજિક અને રાજકીય રીતે ઘણું મોટું પરિવર્તન આવ્યું હતું. એ પરિવર્તનની પ્રક્રિયાને વેગ આપવામાં રાષ્ટ્રના એક તંદુરસ્ત અંગ તરીકે પાટીદાર સમાજે પણ ખૂબ મહત્ત્વનો ભાગ ભજવ્યો છે. દેશની વિકાસયાત્રામાં ઔદ્યોગિક, વૈજ્ઞાનિક, શૈક્ષણિક, સાંસ્કૃતિક, ખેતીવાડી, વ્યાપાર વગેરે ક્ષેત્રોમાં ઉચ્ચ શિખરો સર કરવામાં મા ઉમાનાં સંતાનોએ અદ્‌ભુત હીર બતાવ્યું છે, જેને લીધે આજે સમાજની સૂરત પલટાઈ ગઈ છે. માના આંગણે યોજાયેલ મહોત્સવ પ્રસંગે આ નૂતન સમાજનું દર્શન થશે એવી ઉત્કંઠા લોકહૃદયમાં છવાઈ ગઈ હતી. માતાજીનાં દર્શનનો અનેરો લહાવો મળશે અને સાથેસાથે વિરાટ સમાજનો મેળો થશે એવી ઉત્કટ લાગણીને લીધે માતાજીના સાન્નિધ્યમાં ત્રણ વખત મોટાં સંમેલનો યોજવામાં આવ્યાં અને મહોત્સવની શાનદાર ઊજવણી માટે ટહેલ નાંખવામાં આવી ત્યારે માનાં સંતાનોએ મહોત્સવફંડની ઝોળી છલકાવી દેવા હોંશેહોંશે પડાપડી કરી.

મહોત્સવની તમામકમિટીઓના કાર્યવાહકો અને સ્વયંસેવકોએ અદ્‌ભુત ઉત્સાહ દાખવીને સૌનું મન જીતી લે એવી સુંદર કામગીરી કરી છે. આપણા કાર્યકરોએ ક્યારેય થાક અનુભવ્યો નથી કે બીજાના દોષ જોયા નથી. તેમના મન ઉપર એક જ ધૂન સવાર થઈ ગઈ હતી કે, મા ઉમાનો આ મહોત્સવ સફળ બનાવવા મહોત્સવમય બની જઈ સેવાકાર્ય ઉપાડી લેવું. ખરેખર સેવા કોને કહેવાય તેનું એક ઉત્તમદૃષ્ટાંત તેમણે પૂરું પાડ્યું છે.

મહોત્સવ પ્રસંગે માનાં દર્શને પધારવાનું નિમંત્રણ પાઠવવા માટે સૌરાષ્ટ્ર, કચ્છ, ઉ. ગુજરાત, દ. ગુજરાત, મધ્ય ગુજરાત, ઈન્દોર, ઉજ્જૈન, માળવા, મુંબઈ તેમજ અન્ય વિસ્તારોમાં પ્રચારટુકડીઓ મોકલવામાં આવી ત્યારે માના દર્શનનો લહાવો લેવાની ભારે ઉત્સુકતા લોકહૃદયમાં વરતાતી જોવા મળી હતી.

મહોત્સવના દિવસો જેમજેમનજીક આવવા લાગ્યા તેમતેમકાર્યકરોનો ઉત્સાહ વધતો જતો હતો. ઊંઝા ગામની સર્વ જ્ઞાતિઓનાં બાળકો, મહિલાઓ, યુવાનો, વડીલોએ આ ઐતિહાસિક મહોત્સવને સફળ બનાવવા ખડેપગે સેવાઓ આપી હતી.







ઊંઝાની આજુબાજુના ગ્રામવિસ્તારનાં લોકોએ તેમજ ઊંઝાની સરકારી, અર્ધસરકારી અને તમામજાહેર સંસ્થાઓએ પોતાનાં સર્વ સાધનો-સુવિધાઓ મોકળા મનથી આવનાર દર્શનાર્થીઓ માટે ખૂલ્લાં મૂકી દીધાં હતાં. ગુજરાતનાં અખબારોએ આ મહોત્સવને વિશિષ્ટ મહોત્સવરૂપે આલેખ્યો હતો અને તેના અંગેના સમાચાર તેમજ ખાસ લેખોને પ્રસિદ્ધિ આપી મહોત્સવને સફળ બનાવવામાં મહત્ત્વપૂર્ણ ફાળો આપ્યો હતો.

મહોત્સવનો પ્રારંભ થાય તે પહેલાં સતત પંદર દિવસ વરસાદ ચાલુ હતો. આવા વરસાદ વચ્ચે મહોત્સવ કેમસફળ થશે તેની ભારે ચિંતા સેવાતી હતી. પરંતુ આ મહોત્સવ મા ઉમાનો છે તો શું માને એની ચિંતા નહિ હોય! એવી મા ઉમામાં અનન્ય શ્રદ્ધા રાખીને કાર્યકરોએ સર્વ કાર્યવાહી નિશ્ચિંતપણે ચાલુ રાખી અને આપણે ન કલ્પી શકીએ તે રીતે મહોત્સવના પ્રથમદિવસે સુપ્રભાતે યજ્ઞના અગ્નિ પ્રાગટ્ય સમયે સૂર્યનારાયણે દર્શન દીધાં. આકાશ સ્વચ્છ થઈ ગયું. સાક્ષાત્ મા ઉમા મદદ કરતાં હોય તેમવરસાદના છંટકાવ પછી ઉઘાડ નીકળતાં ધરતીએ ખૂશ્બો પ્રસરાવી દીધી. આવી અલૌકિક પ્રસન્નતા વચ્ચે મહોત્સવનો શુભ આરંભ થયો.

મહોત્સવના પાંચ દિવસ દરમિયાન અઢાર લાખ ઉપરાંત દર્શનાર્થીઓએ મા ઉમાનાં દર્શનનો લાભ લીધો છે. જ્ઞાતિના ભેદભાવ વગર લોકમાતા ઉમિયાજીનાં દર્શને માનવમહેરામણ ઊમટ્યો હતો. ઊંઝા શહેર, ગુજરાત કે દેશમાં આજ સુધી ન ઊજવાયો હોય તેવો આ મહોત્સવ ભારે સફળતાપૂર્વક ઊજવાઈ ગયો.

મહોત્સવના મંગલ દિવસો 'અમંગલ હારી' હોય તેમઊંઝા ગામમાં એક પણ મરણ થયું નથી. એ પણ એક નવાઈ જેવી હકીકત છે.

મહોત્સવના કામઅંગે અમે જ્યારે જ્યારે સરકારી, અર્ધસરકારી અને જાહેર સંસ્થાઓની સહાય માટે ગામ, તાલુકા, જિલ્લા, રાજ્ય કે કેન્દ્ર સરકારમાં ગયા ત્યારે ત્યારે કોઈ પણ જાતના કચવાટ વગર સર્વ પ્રકારની સુવિધાઓ ત્વરિત આપવામાં આવી છે અને તેને કારણે ઘણી બધી સરળતા થઈ છે.

મહોત્સવની જુદી જુદી કમિટીઓના કાર્યવાહકો અને સ્વયંસેવકોએ સેવામગ્ન બની જઈને જે સેવાઓ આપી છે તેનું વર્ણન કરવા મારી પાસે યોગ્ય શબ્દો નથી. ખાસ કરીને નાણા કમિટીના સક્રિય કાર્યકર શ્રી શંકરલાલ મોહનલાલ પટેલ (ભાણાભાઈ)એ મહોત્સવ દરમિયાન તેમજ મહોત્સવ પછી મહિનાઓ સુધી હિસાબો ઓડિટ થયા ત્યાં સુધીની કામગીરી બજાવતા અવિરત સેવાઓ આપી છે તેની નોંધ લઉં છું.

આ મહોત્સવ કઈ રીતે સફળ થયો તે આજે પણ અમે કલ્પી શકતા નથી. માની કોઈ અપાર કૃપા હોય એવું અમને અને આવનાર લાખો દર્શનાર્થીઓને લાગ્યા કરે છે. આ મહોત્સવની સફળ ઊજવણી પછી કેટલીય ધાર્મિક સંસ્થાઓ પોતાના ઉત્સવો ઊજવવા માટે શ્રી ઉમિયામાતાજી સંસ્થાન પાસે માર્ગદર્શન મેળવવા આવે છે. ગુજરાતના ઈતિહાસમાં આ મહોત્સવ યાદગાર અને ઐતિહાસિક બની ગયો છે.

આ સંસ્થાનમાં આવતા યાત્રાળુઓ માટે ઊતરવાની, જમવાની કે બીજી યોગ્ય સુવિધાઓ અગાઉ પૂરતા પ્રમાણમાં ન હતી. તેથી મહોત્સવ નિમિત્તે થયેલ ભંડોળનો ઉપયોગ આવનાર યાત્રાળુઓની આવી સુવિધાઓ માટે થાય તે બાબતને પ્રાધાન્ય આપવામાં આવ્યું છે. આ મહોત્સવમાં ૫૦ લાખ રૂપિયા ઉપરાંત ફાળો એકત્ર થયો હતો તેમાંથી લગભગ ૮ લાખ રૂપિયાનો ખર્ચ બાદ જતાં ૪૨ લાખ રૂપિયા જેટલી બચત રહી હતી. આ રકમનો ઉપયોગ આધુનિક સગવડોવાળું ભવ્ય વિશ્રાંતિગૃહ અને ભોજનાલયના બાંધકામપાછળ કરવામાં આવ્યો છે, જેનો અંદાજ લગભગ ૪૦ લાખ રૂપિયા છે.

માતાજીના અઢારમા શતાબ્દી મહોત્સવે મા ઉમા પ્રત્યેની ભક્તિના અલૌકિક આનંદનું વિરાટ દર્શન કરાવ્યું છે, એટલું જ નહિ પણ મા ઉમાનાં સંતાનો વિકાસોન્મુખ બની ઉચ્ચ પ્રકારની સિદ્ધિઓનાં નવાં ને નવાં શિખરો સર કરતાં રહે એવી સમાજને એક



# શ્રી ઉમિયા માતાજી

## અઢારમી શતાબ્દી મહોત્સવ * સ્મૃતિગ્રંથ



પ્રચંડ ગતિ બક્ષી છે. આ મહોત્સવની આજે તેમજ ભવિષ્યમાં દૂરગામી ઘણી અસરો પડવાની છે અને સમાજના સર્વાંગી વિકાસ માટે આ મહોત્સવ પ્રેરણારૂપ બની રહેશે.

ઉમિયામાતાજી સંસ્થાન માત્ર ધાર્મિક સંસ્થાન જ ન રહેતાં સમાજના સર્વાંગી વિકાસ માટે કાર્ય કરતું રહે એવી સમયની માંગ છે. તેથી આ સંસ્થાનના બાંધકામમાં નિર્દિષ્ટ કરેલ ઉદ્દેશોમાં ધાર્મિક કાર્યો ઉપરાંત સમાજના ઉત્કર્ષની પ્રવૃત્તિઓનો સમાવેશ કરવામાં આવ્યો છે.

આ સંસ્થાન સમાજમાં એવું શું કાર્ય કરે કે જેના કારણે સમાજ બેઠો થઈ શકે. એ વિચારના ફલસ્વરૂપે એવું જણાયું કે, સમાજમાં જો સમૂહલગ્નો યોજવામાં આવે તો સમાજના લાખો રૂપિયા વેડફાતા બચી જાય અને તે બચત સમાજનાં દીકરા-દીકરીઓના શિક્ષણ અને સંસ્કાર પાછળ વપરાય તેવા શુભ હેતુથી શ્રી ઉમિયામાતાજી સંસ્થાને સંવત ૨૦૩૫ના વૈશાખ સુદ ૩ ના દિવસે ૨૪ યુગલોનાં સમૂહલગ્નો માતાજીની સન્મુખ યોજીને સમાજને એ વાતની પ્રતીતિ કરાવી આપી કે, વ્યક્તિગત લગ્ન સમારંભનો આનંદ માણો છો તેનાથી વિશેષ આનંદ સમૂહલગ્નો દ્વારા માણી શકાય છે તેવો પ્રયોગ સમાજજીવનની લેબોરેટરીમાં સિદ્ધ કરી બતાવ્યો છે. સમૂહલગ્નો યોજીને આ ધાર્મિક સંસ્થાને સમાજસુધારાની દિશામાં એક નવું કદમ ઉઠાવ્યું તેને ગુજરાતના અખબારોએ, સમાજસુધારાનાં "ધરતી" વગેરે માસિકપત્રોએ અને અન્ય સામયિકોએ ખૂબ બિરદાવ્યું છે. તે પછી ગુજરાત અને ગુજરાત બહાર બીજી કેટલીય જ્ઞાતિઓએ સમૂહલગ્નોનું આયોજન કર્યું છે અને તેમને માટે આ સંસ્થાન માર્ગદર્શક બન્યું છે.

વિધવા અને ત્યક્તા માતાઓનાં વિદ્યાભિલાષી સંતાનો નાણાંના અભાવે કેળવણીથી વંચિત ન રહી જાય તે માટે આવાં મદદપાત્ર વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓને શ્રી ઉમિયામાતાજી સંસ્થાન (ઊંઝા) તરફથી આર્થિક સહાય આપવાની શુભ શરૂઆત થઈ ચૂકી છે. આ માનવતાભર્યા સેવાકાર્યથી શ્રી ઉમિયામાતાજી સંસ્થાનનું ગૌરવ ખૂબ જ વધ્યું છે.

આ રીતે એક ધાર્મિક સંસ્થા સમાજના ઉત્કર્ષ માટે શું કરી શકે તેનું ઉમદા દૃષ્ટાંત શ્રી ઉમિયામાતાજી સંસ્થાને પૂરું પાડ્યું છે.

આ ઉપરાંત સમાજયાત્રાઓ, પાટીદાર પરિષદો, સંમેલનો અને પરિસંવાદોનું આયોજન કરીને સામાજિક જાગૃતિ માટે આ સંસ્થાને આગેવાનીભર્યો ભાગ ભજવ્યો છે.

મહોત્સવનાં સ્મરણોમાં ભક્તિભાવપૂર્વક લીન થઈ જઈને ધરતી વિકાસ મંડળના કાર્યકરો શ્રી ઈશ્વર હ. પટેલ અને ડૉ. મફતલાલ જે. પટેલે મહોત્સવના આ સ્મૃતિગ્રંથનું સફળ સંપાદન કર્યું છે તે માટે તેમને શ્રી ઉમિયામાતાજી સંસ્થાન વતી અભિનંદન આપું છું. તેમજ શ્રી ઉમિયામાતાજીની પ્રચાર અને પ્રકાશન સમિતિએ આ સ્મૃતિગ્રંથ તૈયાર કરવામાં જે મહેનત લીધી છે તે માટે તેઓને પણ અભિનંદન આપું છું.

અંતમાં, ધાર્મિક તેમજ સમાજ-ઉત્કર્ષનાં વિવિધ સેવાકાર્યોમાં અગ્રેસર રહેનાર શ્રી ઉમિયામાતાજી સંસ્થાન (ઊંઝા)ને આપ સૌ તરફથી ભાવભર્યો સહકાર મળતો રહેશે એવી આશા રાખું છું.

આ સ્મૃતિગ્રંથ આપણા સમાજજીવનને સદાય પ્રેરણા આપતો રહે એવી અભ્યર્થના.

મા ઉમાની જય હો !

મણિલાલ નારણદાસ પટેલ
માનદ મંત્રી
શ્રી ઉમિયામાતાજી સંસ્થાન, ઊંઝા

ધૂળેટી (સંવત ૨૦૩૯)
તા. ૨૯-૩-૮૩, મંગળવાર

## પ્રચાર અને પ્રકાશન સમિતિના
# ચૅરમૅનશ્રીનું નિવેદન

જીવનમાં કેટલાક પ્રસંગો એવા બને છે કે, જેની કલ્પના પણ ન કરી હોય તેટલી સફળતા તેને મળે છે અને તે ઐતિહાસિક સીમાચિહ્નરૂપ બની જાય છે. ઊંઝાના નાગરિકોએ ક્યારેય ન કલ્પ્યો હોય તેવો માતાજીના મહોત્સવનો ગૌરવવંતો પ્રસંગ ઊજવવાનું મહાભાગ્ય પ્રાપ્ત થયું.

કડવા પાટીદાર કુળદેવી શ્રી ઉમિયા માતાજી સંસ્થાન-ઊંઝાના '૧૮મી શતાબ્દી મહોત્સવ'એ એક એવો અકલ્પ્ય, અવર્ણનીય અને ભવ્ય રીતે ઊજવાયેલો ઐતિહાસિક અવસર હતો. સંવત ૨૦૩૩ના પવિત્ર માગસર સુદ ૪થી માગસર સુદ ૮ સુધી ભારે સફળતાપૂર્વક આ મહોત્સવ ઊજવાયો હતો.

કોઈને સહેજે એવો પ્રશ્ન ઉદ્ભવે કે, આ મહોત્સવને ૧૮મી શતાબ્દી મહોત્સવ એવું નામકેમઆપવામાં આવ્યું ? ઉપલબ્ધ માહિતીના આધારે એવું જાણવા મળ્યું કે, ઊંઝામાં શ્રી ઉમિયામાતાજીના મંદિરની સ્થાપનાવિધિ વિક્રમસંવત ૨૧૨માં થઈ હતી અને આજે તે મંગલ અવસરને ૧૮૦૦ વર્ષ પૂરાં થઈ ગયાં હોઈ, આ મહોત્સવને '૧૮મી શતાબ્દી મહોત્સવ'નું શીર્ષક આપવામાં આવ્યું.

જ્યારે આ મહોત્સવ ઊજવવાનું નક્કી કર્યું અને તેની પૂર્વ તૈયારીઓના પ્રારંભ થયો ત્યારે આયોજકોની કલ્પના હતી કે મહોત્સવ નિમિત્તે ૬ થી ૮ લાખ દર્શનાર્થીઓ માતાજીના આંગણે આવશે અને દર્શનનો લાભ લેશે. પરંતુ દર્શનાર્થીઓના પ્રવાહે માનવધોધનું રૂપ ધારણ કર્યું. દર્શનાર્થીઓની સંખ્યા અંગેની તમામગણતરીઓ ખોટી પડી. રાતદિવસ દર્શનાર્થીઓની રફતાર ચાલુ રહી અને ૧૮ લાખ ઉપરાંત દર્શનાર્થીઓએ માનાં દર્શનનો લાભ લીધો. માતાજીના આશીર્વાદથી અને સર્વના સહકારથી આયોજકો આયોજનબદ્ધ રીતે અણધારી પરિસ્થિતિને પણ પહોંચી વળવા સમર્થ નીવડ્યા.

મહોત્સવના એ મંગલ પ્રસંગે મા ઉમા પ્રત્યે ભક્તિભાવની એક અદ્ભુત હેલી ચઢી હતી. માનાં દર્શને ઉમટેલા લાખો ભાવિક ભક્તોના પ્રચંડ ધસારા વચ્ચેય અજબ શિસ્ત જળવાઈ રહી - એ વાતની ભારતભરના અખબારોએ મુક્તકંઠે પ્રસંશા કરી છે. લાખો દર્શનાર્થીઓની ભાવભરી સરભરા કરતા ઊંઝાના સેવા ઉમંગી નાગરિકોને વર્તમાનપત્રોએ ખૂબ ખૂબ બિરદાવ્યા છે.

મા ઉમાના આંગણે પાટીદાર સમાજની અસ્મિતા સોળેય શણગાર સજીને દૃષ્ટિગોચર થતી હોય એવો ગૌરવશાળી ઐતિહાસિક આ મહોત્સવ હતો.

આવા ભવ્ય અને ઐતિહાસિક અવસરની સફળતાની કાયમી યાદગીરી જળવાઈ રહે તેવા કોઈ આયોજન વિશેની પૂર્વવિચારણા થઈ ન હતી. પરંતુ મહોત્સવની પ્રચાર અને પ્રકાશન સમિતિને આ માટેનો સામાન્ય અંદાજ આવ્યો હતો. તેથી મહોત્સવની કાયમી સ્મૃતિ જાળવવા ફોટાઓ, દસ્તાવેજી ફિલ્મવગેરેનું કેટલુંક આયોજન કરવામાં આવ્યું હતું. મહોત્સવના પ્રચાર માટે યોજવામાં આવેલી મીટિંગો, પ્રેસકોન્ફરન્સો, જુદાજુદા વિસ્તારના આગેવાનોની સભાઓ, જુદાજુદા વિસ્તારોની મુલાકાતો વગેરે કાર્યવાહીઓ તેમજ પ્રવચનોની સામાન્ય નોંધ રાખવામાં આવી હતી. વળી, મહોત્સવની યાદગીરી માટે અને લોકોની માતાજી પ્રત્યેની પૂજાભાવનાના પ્રતિકરૂપે શ્રી માતાજીની દસ ગ્રામશુદ્ધ ચાંદીની મુદ્રાઓ વિપુલ સંખ્યામાં બહાર પાડવામાં આવી હતી, જે ઘરઘરમાં પૂજાસ્થાને રહી મહોત્સવની યાદ કાયમઆપતી રહેશે. આ ઉપરાંત મહોત્સવ દરમિયાન આપવામાં આવેલ પંચસૂત્રી કાર્યક્રમનો અમલ લોકો મા પ્રત્યેના ભક્તિભાવથી હંમેશાં કરતાં રહેશે.

આ રીતે પ્રચાર અને પ્રકાશન સમિતિએ મહોત્સવની યાદ જીવંત રાખવા કેટલુંક આયોજન કર્યું હતું. તેમછતાં આવા અજોડ, ભવ્ય ઐતિહાસિક મહોત્સવની સ્મૃતિ જાળવી રાખવા એ સ્મૃતિઓને ગ્રંથસ્થ કરવાનું વિચારવામાં આવ્યું, જેના પરિણામસ્વરૂપે આ "સ્મૃતિગ્રંથ" તૈયાર કરવામાં આવ્યો છે. તેમાં મહોત્સવ સમયની જુદીજુદી કાર્યવાહી સમિતિઓના તથા મહોત્સવ સમયના જુદાજુદા અખબારો, સાપ્તાહિકો, સામાયિકો વગેરેની નોંધ તથા જુદાજુદા ફોટાઓ પણ સ્મૃતિગ્રંથમાં મૂકવામાં આવ્યા છે.

"સ્મૃતિગ્રંથ" માટે કોઈ પૂર્વ યોજના કે તૈયારી ન હોવાને કારણે તે અંગેની ચોકસાઈપૂર્વકની સામગ્રી એકઠી કરાયેલ ન હતી. આથી આ સ્મૃતિગ્રંથ પ્રસિદ્ધ થતાં કોઈને અન્યાય કે અસંતોષ ન થાય તેની ખૂબ કાળજી રાખવા છતાં તેવી કોઈ ક્ષતિ રહી જવા પામી હોય તો ક્ષમા યાચું છું. કોઈ ક્ષતિ વિશે ધ્યાન દોરવામાં આવશે તો આ ગ્રંથના પુનઃમુદ્રણ વખતે તે સુધારી લેવામાં આવશે તેની ખાતરી આપું છું.

આ "સ્મૃતિગ્રંથ" તૈયાર કરવા માટે ગુજરાતના એક નામી લેખકને કાર્ય સોંપ્યું હતું. પરંતુ તે લેખકભાઈ આ ગ્રંથને ન્યાય ન આપી શક્યા તેથી આ કાર્ય વિલંબમાં પડ્યું. બીજા કોઈ સારા લેખકને પ્રાપ્ત કરવા જાહેરાતો અને અંગત સંપર્કો દ્વારા ઘણા પ્રયત્નો કરવામાં આવ્યા. અમારા ખૂબ પ્રયત્ન છતાં આ ભવ્ય મહોત્સવનું યથાર્થ બ્યાન આપતા, આપણી કલ્પનાને અક્ષરદેહ આપતા કોઈ



# શ્રી ઉમિયા માતાજી

## અઢારમી શતાબ્દી મહોત્સવ ※ સ્મૃતિગ્રંથ



લેખક લાંબા સમય સુધી મળી શક્યા નહિ. સંસ્થાનની કારોબારી અને જનરલ સભાની સ્મૃતિગ્રંથ સત્વરે પ્રગટ કરવાની તીવ્ર લાગણી હોવા છતાં અમે નિરૂપાય હતા.

એવામાં માની કૃપાથી શ્રી ઉમિયામાતાજી સંસ્થાન-ઊંઝા અને ધરતી વિકાસ મંડળ-અમદાવાદના સંયુક્ત ઉપક્રમે સમૂહલગ્ન અને કન્યા-કેળવણીના પ્રચારાર્થે સૌરાષ્ટ્રની સમાજયાત્રા યોજાઈ. આ સમાજયાત્રા દરમિયાન આ બંને સંસ્થાના કાર્યકરોએ સ્મૃતિગ્રંથના લેખકની શોધ માટે ઘણી નજર દોડાવી. છેવટે ધરતી વિકાસ મંડળના કાર્યકરો શ્રી ઈશ્વરભાઈ હ. પટેલ અને ડૉ. મફતલાલ જે. પટેલ એ બંનેએ આ સ્મૃતિગ્રંથના સંપાદન માટે બીડું ઝડપ્યું અને વચનબદ્ધ થયા. (આ બંને મિત્રો સામાજિક માસિકપત્ર "ધરતી" ચલાવે છે.) "ધરતી" ના ભૂતપૂર્વ તંત્રીશ્રી પ્રભાતકુમાર દેસાઈએ પણ આ મિત્રોને સંપાદનકાર્યમાં હૂંફ આપવાનું સપ્રેમસ્વીકાર્યું.

મહોત્સવ દરમિયાન જેમણે સક્રિય સેવાઓ આપી હતી તેવા વિવિધ સમિતિઓના ચેરમેનશ્રીઓ, જવાબદાર વ્યક્તિઓ, અસામાન્ય પ્રસંગોના સાક્ષીઓ વગેરેની વારંવાર મુલાકાતો દ્વારા આ બંને સંપાદક મિત્રોને જરૂરી માહિતી પૂરી પાડવામાં આવી છે.

સ્મૃતિગ્રંથને ઉપયોગી થઈ પડે તેવી માહિતી કે નોંધપાત્ર પ્રસંગ કોઈના ખ્યાલ બહાર જતો ન રહે તે માટે કોઈ પણ વ્યક્તિને કંઈ કહેવું હોય કે લખાણ આપવું હોય તે વિશે વર્તમાનપત્રોમાં જાહેરાતો આપી જાહેર જનતાને જાણ કરવામાં આવી હતી. આ રીતે આ ગ્રંથ માતાજીના મહોત્સવનું તાદૃશ્ય નિરૂપણ કરતો બને તે માટે તમામપ્રયત્નો કરવામાં આવ્યા છે.

થોડોક વિલંબ થવા છતાં, માના આશીર્વાદથી, આપણી કલ્પનાને અનુરૂપ અને મહોત્સવની ભવ્યતાને યથાર્થ ન્યાય આપતો આ સ્મૃતિગ્રંથ આકાર પામ્યો છે અને તેના દ્વારા મહોત્સવનું હૃદયંગમયાદગાર શબ્દચિત્ર નજર સામે જોઈ ખૂબ જ આનંદ અનુભવું છું.

આ સ્મૃતિગ્રંથ તૈયાર કરવામાં મહોત્સવની તમામસમિતિઓના ચેરમેનશ્રીઓએ અને તેમના સાથીદારોએ અને કાર્યાલયના કારભારશ્રી અને કર્મચારીઓએ મહોત્સવને તાદૃશ્ય કરતી અમૂલ્ય માહિતીઓ વખતોવખત પૂરી પાડી છે તે માટે તેમનો સૌનો આભારી છું. મહોત્સવના સાક્ષીઓ તરીકે અન્ય કાર્યકરોએ માહિતીઓ પૂરી પાડી ગ્રંથના નિર્માણમાં મદદ કરી છે તેની ખાસ નોંધ લઉં છું.

સ્મૃતિગ્રંથ ઓછા દરે સામાન્ય લોકો સુધી પહોંચાડવા માટે ઉદ્યોગપતિઓ, વેપારીબંધુઓ અને સંસ્થાઓએ આ ગ્રંથ માટે સપ્રેમજાહેરખબર આપી જે આર્થિક સહયોગ આપ્યો છે તે માટે તેમનો આભાર માનું છું. જેમજેમગ્રંથને આકાર અપાતો ગયો તેમતેમતેની નોંધો તપાસી જવા માટે પ્રચાર અને પ્રકાશન સમિતિના મારા સાથીદારો શ્રી મણિભાઈ તેના અને શ્રી ઈશ્વરભાઈ જો. પટેલ (બાંગા) તેમજ આ કાર્યમાં અન્ય સહયોગ આપનાર સૌનો હું આભાર માનું છું.

સ્મૃતિગ્રંથનું સુંદર સર્જન થાય તે માટે જરૂરી માર્ગદર્શન અને હૂંફ આપવા માટે સંસ્થાના હોદ્દેદારોનો હું આભારી છું.

જેમના સખત પરિશ્રમઅને નિષ્ઠાભર્યા કૌશલ્ય વગર આ ગ્રંથ તૈયાર ન થઈ શક્યો હોત તેવા આ 'સ્મૃતિગ્રંથ'ના મહોત્સવમય બની જનાર સંપાદકો શ્રી ઈશ્વરભાઈ હ. પટેલ અને ડૉ. મફતલાલ જે. પટેલે મા ઉમા પ્રત્યેના ભક્તિભાવમાં રંગાઈ જઈને જે સુંદર સંપાદનકાર્ય કર્યું છે તે માટે તેમનો હું આભાર માનું છું.

આ સ્મૃતિગ્રંથના નિર્માણકાર્યમાં નાનોમોટો સહયોગ આપનાર નામી, અનામી સૌ કાર્યકરોનો અને શુભેચ્છકોનો હું આભારી છું.

મહોત્સવનો આ સ્મૃતિગ્રંથ મહોત્સવનું અવિસ્મરણીય મીઠું સંભારણું તો અવશ્ય પૂરું પાડશે, પરંતુ તે ઉપરાંત મા ઉમાનાં સંતાનોને ભાવિ પ્રગતિ માટેની ભરપૂર પ્રેરણા પણ તેમાંથી મળી રહેશે એવી શ્રદ્ધા સાથે વિરમું છું.

સમાજ કલ્યાણી દેવી મા ઉમાની જય હો !

ધૂળેટી (સંવત ૨૦૩૯)
તા. ૨૯-૩-૮૩, મંગળવાર

મણિભાઈ આઈ. પટેલ
ચેરમેન, પ્રચાર અને પ્રકાશન સમિતિ
શ્રી ઉમિયામાતાજી સંસ્થાન, ઊંઝા

# નૈવેદ્ય (થાળ-૧)

અગિયાર એપ્રિલ, ઓગણીસો એક્યાશીનો એ દિવસ હતો. પરોઢના છ વાગ્યાની વેળા હતી.

પૂર્વનાં સૂર્યકિરણો અવનિ તરફ આછાં ડોકાયાં કરવાની તૈયારી કરતાં હતાં. તે સમયે અમો સૌ મિત્રો સમાજયાત્રા માટે છ દિવસના પ્રવાસે સૌરાષ્ટ્ર તરફ જવા એક મેટાડોર ગાડીમાં ગોઠવાયા હતા. શ્રી ઉમિયામાતાજી સંસ્થાન, ઊંઝા અને ધરતી વિકાસ મંડળ, અમદાવાદના સંયુક્ત ઉપક્રમે આ સમાજયાત્રાનું આયોજન થયું હતું. શ્રી ઉમિયામાતાજી સંસ્થાન તરફથી શ્રી મણિભાઈ (મમ્મી), શ્રી ચીમનભાઈ પટેલ જોડાયા હતા. ધરતી વિકાસ મંડળ તરફથી "ધરતી" માસિકના તંત્રીશ્રી પ્રભાતકુમાર દેસાઈ, સહતંત્રી શ્રી ડૉ. મફતલાલ પટેલ, સહમંત્રીશ્રી પ્રિ. ચતુરભાઈ પટેલ, "ધરતી"ના સલાહકાર શ્રી ચુનીભાઈ પટેલ, શ્રી ઈશ્વરભાઈ હ. પટેલ, તેમજ શ્રી હર્ષદભાઈ પો. પટેલ જોડાયા હતા. અને આમ૨+૬ કુલ આઠ યાત્રિઓનો મંગલપ્રવાસ, સૌ પ્રથમસુરેન્દ્રનગર તરફ પ્રયાણ આરંભી સૌરાષ્ટ્રના જુદાજુદા એક ડઝનથી વધુ નગરોમાં સામાજિક જાગૃતિના સંદેશા માટે રવાના થવા તૈયાર થયો હતો.

સુરેન્દ્રનગર જિલ્લો એ પાંચાળભૂમિગણાય છે. કહેવાય છે કે, આ પાંચાળભૂમિમાં પાંડવોએ વનવાસ દરમિયાન વસવાટ કર્યો હતો. મુનિ માર્કંડઋષિએ આ ભૂમિમાં તપ કરેલું હોવાથી આ તપોભૂમિપણ કહેવાય છે. અહીંથી સૌરાષ્ટ્રની દેવભૂમિશરૂ થાય છે. અને કડવા પાટીદારના ઈતિહાસમાં આવો સામાજિકયાત્રા પ્રવાસ સૌ પ્રથમહતો. અને તેથી તેને સૌ પ્રથમદેવભૂમિ-તપોભૂમિસૌરાષ્ટ્રથી શરૂ કરવાનું જ્ઞાન માતા ઉમિયાજીએ કાર્યકરોને સૂઝાડ્યું હશે. આમઅમારી ગાડી સુરેન્દ્રનગરને પકડતા રાજમાર્ગ ઉપરથી વહી રહી હતી. દેવભૂમિ-તપોભૂમિએવી પાંચાળભૂમિઉપર અમારી ગાડી સડસડાટ કરતાં આગળ વધતી હતી, એ વખતે આ પાંચાળભૂમિના યશગાન ગાતાં એક દૂહો અમારા મનમાં રમતો થયો :

"ખડ, પાણી ને ખાખરા, પથ્થરનો નઈ પાર,
વગર દીવે વાળુ કરે; દેવભૂમિ પાંચાળ."

સુરેન્દ્રનગર આવે તે પહેલાં તો તપોભૂમિમાંથી સ્ફૂર્તિ મેળવતા હોય તેમ, રાતથી જ તાવને કારણે ગાડીમાં આરામકરતા શ્રી મણિભાઈ (મમ્મી) એકાએક જાગીને બોલ્યા, "અલ્યા ધરતીવાળા મિત્રો! અમારું એક કામકોઈ કરી આપતું નથી."

"એવું તો તમારું શું કામછે કે, કોઈ કરી આપતું નથી?" અમારા તરફથી સામો સવાલ થયો.

"આ આપણી ઉમિયામાતાજીનો આવડો મોટો મહોત્સવ થયો. ચારે તરફ મહોત્સવના ગુણગાન થયાં. મહોત્સવનો જયજયકાર થયો, પણ તેનો "સ્મૃતિગ્રંથ" કોઈ લખી આપતું નથી. જેમને તે કામસોંપેલું તેમને બે વર્ષ સુધી કંઈ કર્યું નહિ અને ત્યાંથી લઈ બીજાને સોંપ્યું તેમણે પણ કંઈ કર્યું નહિ અને આ કામઅંગે કેટલીક વખત તો જાહેરખબરો આપી, મોં માગ્યા દામ(પૈસા) આપવાની ઓફરો કરી પણ આવડા મોટા પાટીદાર સમાજમાંથી માતાજીના ભવ્ય મહોત્સવનો ઈતિહાસ કોઈ લખી આપવા તૈયાર થતું નથી. પાટીદાર સમાજમાં આટઆટલો ભણેલોગણેલો વર્ગ હોવા છતાં, આ કાર્ય કોઈ ઉપાડતું નથી. તમે ધરતી વિકાસવાળા આટલું અમારું કામકરી આપો." શ્રી મણિભાઈ આમબોલે જતા હતા, તેમના મનોભાવ અમે વાંચતા હતા. ચાર-ચાર વર્ષ મહોત્સવને થઈ જવા આવ્યા છતાં તેની સ્મૃતિ જળવાઈ રહે તેવો સ્મૃતિગ્રંથ લખી શકાતો નથી. આખા પાટીદાર સમાજને ગૌરવ અપાવે, દીર્ઘકાળ સુધી સુવાસ અપાવે તેવા માંગલિક પ્રસંગને પાર પાડે, ચાર-ચાર વર્ષનાં વહાણાં વહી જવા છતાં તેની સ્મૃતિઓને આકાર આપે તેવો શબ્દદેહ ધારણ થતો ન હતો તેનું ઊંઝાના કાર્યકરોના મનમાં ઘણું દુઃખ થતું હતું. તેવું તેમના મન ઉપર ઉપસાતી રેખાઓ ઉપરથી સ્પષ્ટ વર્તાતું હતું.

આ વાતચીતના સમયે સૌરાષ્ટ્રની દેવભૂમિઉપર, પાંચાળની તપોભૂમિઉપર સૂર્યનારાયણ પૂર્વની ક્ષિતિજો છોડી તળપ્રદેશ ઉપર પૂર્ણ વિકસિત થઈ પ્રકાશી રહ્યા હતા. તેવા શુભ ચોઘડિયે અમોએ - મેં તથા ડૉ. મફતલાલએ માતાજીના પાવન મહોત્સવનો સ્મૃતિગ્રંથ લખી આપવાનું ઊંઝાના બંને કાર્યકરોને આશ્વાસન આપ્યું. અને આમએક પવિત્ર ભૂમિઉપર થયેલા શુભસંકલ્પને કાર્યાન્વિત કરવાના આ એક નમ્ર પ્રયાસ તરફ જવા અમે સૌપ્રથમતા. ૨૧-૬-૮૧ના દિવસે માતા ઉમિયાજીના દ્વારે તેની પાસેથી પ્રેરણા અને આશીર્વાદ મેળવવા ઊંઝા આવ્યા.



# શ્રી ઉમિયા માતાજી

## અઢારમી શતાબ્દી મહોત્સવ ※ સ્મૃતિગ્રંથ




જ્યારે આ સ્મૃતિગ્રંથ આલેખવાનું અમોએ (સમાજયાત્રા વખતે) સ્વીકાર્યું ત્યારે અમદાવાદના આંગણે ભગવાન શ્રી સ્વામીનારાયણનો દ્વિશતાબ્દી મહોત્સવ પૂર બહાર રીતે ઊજવાઈ રહ્યો હતો. સ્વામીનારાયણ સંપ્રદાયના બે પંથોએ આ મહોત્સવનું અલગઅલગ આયોજન કર્યું હતું. એક પંથે ગાંધીઆશ્રમપાસે અને બીજા પંથે ગુજરાત યુનિવર્સિટી પાસેના મેદાનમાં મહોત્સવ માટે બે મહાન અને ભભકદાર તથા લોકઆકર્ષણને ખેંચે તેવા નગરો ખડાં કરી માનવપ્રવાહને પોતપોતા તરફ ખેંચવાનો સારો એવો પુરૂષાર્થ કર્યો હતો. તે ઉપરાંત ચીજવસ્તુઓ ખરીદ કરવા માટેનું બજાર, તદુપરાંત ધાર્મિક સંપ્રદાયોના અનેક સાધુ-સંતો અને ગુરુદર્શનનું પવિત્ર આકર્ષણ એ આ બંને મહોત્સવનું આગવું પ્રદાન હતું. અને આ બધું અમારા ચક્ષુ સમક્ષ આવીને સ્મૃતિપટમાં અંકિત થયું.

જોકે, જ્યારથી સૃષ્ટિ ઉપર માનવજાતનું નિર્માણ થયું ત્યારથી ઉત્સવો ઊજવાતા જાય છે. યજ્ઞો યોજાતા જાય છે, પણ બધા ઉત્સવો કે યજ્ઞો ઈતિહાસ રચતા નથી. પણ સદીઓના મનોમંથન પછી એવા કેટલાક યજ્ઞો અને ઉત્સવો સમાજની તાસીર બદલવાના પ્રયોગરૂપે થતા હોય છે અને તેથી તો યજ્ઞો અને ઉત્સવો એ આપણી સંસ્કૃતિ અને સંસ્કાર માટેના આયોજનબદ્ધ કાર્યક્રમો બનેલા છે. યજ્ઞનો આતશ માનવીના હૈયાને અજવાળે છે અને ઉત્સવનો ઉત્સાહ માનવજીવનના હૈયાને આનંદિતભર્યું કરે છે. અને તેથી આપણી પ્રજા 'ઉત્સવ પ્રિય' કહેવાઈ છે. આપણા પૂર્વજોએ સમાજના ઘાટ અને ઘડતરના પાયામાં ઉત્સવોનું સિંચન કરેલું છે વિવિધ પ્રકારના યજ્ઞો અને ઉત્સવોના નિર્માણ પાછળ લોકોની ભાવના સમાજહિતમાં-સમાજકલ્યાણમાં પરોવાય તેવા શુભ-ઉમદા હેતુ માટે, નાનામોટા પ્રસંગોને ઉત્સવના બીબામાં મઢીને તેને ઘડવામાં આવ્યા હોય તેમસ્પષ્ટ દેખાય છે. આવા ઉત્સવોમાં ઉત્તરાયણ, વસંતપંચમી, શિવરાત્રિ, હોળી-ધૂળેટી, રામનવમી, અખાત્રીજ, જન્માષ્ટમી, નવરાત્રિ, દશેરા કે દીપોત્સવી જેવા મોટા ઉત્સવો હોય કે, અલગઅલગ પંથોના-સંપ્રદાયોના નાનાનાના પ્રસંગોચિત ઉત્સવો હોય તે બધા જ ઉત્સવો પાછળ આપણા સમાજના હિતચિંતકોએ દીર્ઘદષ્ટિથી સમાજની ઐક્યભાવના અખંડિત અને જાગ્રત રહે તેવા ઉમદા હેતુસર ઉત્સવોને નિમિત્ત રાખેલા હશે. અને તેથી તો આજે સદીઓની સદીઓ વહી જવા છતાં ભારતીય પ્રજા પોતાના માનીતા ઉત્સવો કોઈ પણ પ્રકારના ભેદભાવ વગર હોંશેહોંશે ઉમળકાથી ઊજવે છે. આજે સેંકડો વર્ષ થઈ જવા છતાં શિવરાત્રિ કે હોળી-ધૂળેટીના તહેવારનો ઉત્સવ કોણ ભૂલ્યું છે ? શિવરાત્રિ આવતાં જ ભગવાન શંકર હિંદુ હૃદયના સ્મરણપટ ઉપર અંકિત થઈ જાય છે. કદીય મંદિરમાં નહિ જનારો હિંદુ એક દિવસ પૂરતું પણ ભગવાન શિવનું સ્મરણ કરતો કરતો મંદિર તરફ જરૂર જશે. અને તેવી જ રીતે હોળી-ધૂળેટી આવતાંની સાથે મહોલ્લાના ફળિયા આગળ અગર ગામડાંના ગોંદરે બળતણનો ખડકલો કરી, સંધ્યા સમયે હોળી પ્રગટ થતાં જ આબાલવૃદ્ધ સૌ કોઈ ભેગા થશે અને તેના બીજા દિવસે અબિલ-ગુલાલના રંગ છાંટણાંનો રંગ ઉત્સવ સૌ કોઈ ઊજવશે અને આમએક પછી એક આવતા રામનવમી, નવરાત્રિ કે વિજ્યાદશમી કે પછી દીપોત્સવી કે ગમે તે તહેવાર-ઉત્સવ હોય તેને હૈયાના ઉમંગ સાથે લોકો પોતપોતાની રીતે ઊજવે છે. આજે વિજ્ઞાનયુગમાં હજારો વોલ્ટના ઝળહળતા પ્રકાશ પાથરતા બલ્બ સળગતા હોવા છતાં દીપોત્સવીના દિવસોમાં માટીના કોડિયામાં રૂની દીવેટ વણી, તેમાં તેલનું સિંચન કરી પોતાના આવાસના આંગણે કોડિયાનો દીવો મૂકવામાં ભારતીય માનવીને જે નૈસર્ગિક આનંદની અનુભૂતિ થતી હશે તે પેલા ઈલેક્ટ્રિક બલ્બના પ્રકાશથી પથરાતા અજવાળાથી નહિ થતી હોય. અને તેથી તો આજે સેંકડો વર્ષથી સૂરજ-ચાંદો ઊગ્યા અને આથમ્યા છતાં માટીના કોડિયાના અજવાળાને માનવી  નિરખે છે. અને એ પરંપરા અનુસાર ભારતીય પ્રજા પોતાના ગુણસંપન્ન રીતે ઉત્સવો ને તહેવારો ઊજવે છે. અને આ ઊજવણીને જ 'ભારતીય પરંપરા' એવું સાર્થક નામમળ્યું હશે અને આ સાત્વિક સંસ્કારોએ જ ભારતીય પ્રજાને જીવંત રહેવા દીધી છે. અને આવી પરંપરાના સંદર્ભને કારણે ઉત્સવના આનંદમાં સદાય મસ્ત રહેનાર પ્રજા માટે 'ઉત્સવ પ્રિય' જેવો સુવર્ણ શબ્દ કોતરાયો હશે. અને આ જ રીતે યજ્ઞો પણ વાતાવરણને શુદ્ધ કરવામાં મહત્ત્વનો ભાગ ભજવતા હોય છે. વાતાવરણ







માનવીના મનને અસર કરે છે તેવું આજના આધુનિક વિજ્ઞાને પણ સિદ્ધ કરેલું છે. અને આજના વિજ્ઞાનના હેતુસર વિચારીએ તોપણ આપણા પૂર્વજોનું યજ્ઞ કે ઉત્સવોનું સંશોધન માનવીના વિચાર શુદ્ધિકરણ માટેનો એક ભાગ હશે તેમવિચારવા લાલચ થાય છે. અને તેથી આપણા શાસ્ત્રોમાં વિવિધ પ્રકારનાં કર્મો માટે યજ્ઞોનું આયોજન શાસ્ત્રીય રીતે કરેલું હશે. પણ કાળધર્મે તે શુદ્ધ શાસ્ત્રોની સરિતા વિદેશીઓના ધાર્મિક અને રાજકીય આક્રમણ આગળ ધીરેધીરે સુકાવા લાગી, અને યજ્ઞો અને ઉત્સવોએ 'જડ માણસોના કાર્યક્રમો છે' તેવા શબ્દધ્વનિના પડઘા શરૂ થયા. અને ભારતીય શાસ્ત્રોક્ત યજ્ઞો અને ઉત્સવો ઉપર વિદેશીઓ તરફથી કુઠારાઘાત, અવળા પ્રચારોને કારણે અને અઢારમી સદીના મધ્યાંતર પછી શરૂ થયેલા એકધારા અંગ્રેજશાસન કાળે આપણા સંસ્કારોના કરેલા અવમૂલ્યનથી યજ્ઞો અને ઉત્સવો લોપાતા ગયા, સમયની કસોટીએ ઘસાતા ગયા તેમતેમધાર્મિક ભાવનાઓ ડગમગવા લાગી. આમ, આપણી પરંપરાને ઈરાદાપૂર્વક હાની પહોંચાડવાના આશયે જ કેળવણીના ખોરાકમાં ધાર્મિક આભડછેટનું ઈન્જેકશન મારી પ્રજાને ધાર્મિક રીતે નષ્ટ-ભ્રષ્ટ કરવાનું બૌદ્ધિક આયોજન અંગ્રેજશાસને કર્યું હોવા છતાં ભારતીય સંસ્કારનાં મૂળ એટલાં ઊંડાં અને સ્થિર છે કે, તેને ઉચ્છેદવાં એ સહેલી વાત નથી એવું કેટલાક ઉજવાતા ઉત્સવોથી સાબિત થાય છે. અને એ ઉજવાતા ઉત્સવોમાં આછીપાતળી રીતે પણ આપણી તેજસ્વી પરંપરાનું દર્શન કરી શકીએ છીએ.

અને આમભારતીય પ્રજામાં, આ દેશની પરંપરામાં અડીખમશ્રદ્ધા નિર્માણ કરવામાં યજ્ઞો અને ઉત્સવોએ મહત્ત્વનો ભાગ ભજવ્યો છે અને ભારતની વિવિધ જ્ઞાતિઓમાં 'ખેડૂત' એ વિશેષ યજ્ઞકારક પ્રજા છે. તે સવારથી સાંજ સુધી ધરતી સાથે યજ્ઞક્રિયા કરતો જ રહે છે. સવારના સુપ્રભાતે ઊઠી પોતાનાં પ્યારાં પશુ-જાનવરોની ઉપર લાગણીસભર હાથ ફેરવી તે કર્મયજ્ઞની ક્રિયાનો પ્રારંભ કરે છે. અને પછી તો તે ધરતીની માવજત, ધરતીની ખેડ, ખેડેલી ધરતીમાં બીજની આહુતિ અર્પી, બીજની વૃદ્ધિ માટે વિવિધ પ્રકારની અર્પણ વિધિઓની ક્રિયાઓ એ સતત કરતો જ રહે છે. અને તેથી ખેતી પણ એક પ્રકારનો સાત્ત્વિક યજ્ઞરૂપ છે. તેવી સદ્ભાવના સાથે ખેડૂતે પોતાનું પુરુષાર્થ સ્થળ કર્મ ક્રિયાકાંડ માટે ધરતીને પસંદ કરી છે. અને તે ધરતી સાથે એટલો બધો ઓતપ્રોત થયેલો છે કે, તેને બીજા અર્થમાં 'ધરતીપુત્ર' એવી બહુમાનસૂચકવાળી પદવી પ્રાપ્ત થઈ છે. આવી પુરુષાર્થી અને ખમીરવંતી પ્રજાને કોઈ અપેક્ષાસહ પોતાનો હાથ લંબાવવાનો અવસર આવ્યો હશે તો તેણે પરમાત્મા સામે લંબાવ્યો હશે, અને કંઈક માગણી માટે યાચના કરી હશે તો તે જગતપિતા પાસે કરી હશે. તેણે ઊંચી નજર કરી હશે તો તે આકાશદેવતા સામે કરી હશે અને તેને નમન કરવાનો વખત આવ્યો હશે તો તે ધરતીમાતાને નમ્યો હશે. કારણકે, તેને ઊઠવા, બેસવા કે ચાલવા વગેરેની તમામપ્રકારની ક્રિયાનું ક્ષેત્ર ધરતીમાતા છે. અને આવા 'ધરતીપુત્ર' માટે "કણબી પાછળ કરોડ, કણબી કોઈની પાછળ નહિ." તેવી ઉક્તિ ઘડાઈ ને લોકહૈયામાંથી બહાર આવી હશે. કારણકે, આપવાના ઉમદા સંસ્કારપીઠ શીખીને તે જન્મ્યો અને તે કારણે કોઈ ધનલોભી વેપારીએ તેને "સત્તર પંચા પંચાણું અને બે મુક્યા છૂટના, લાવો, પટેલ સોમાં બે ઓછા"નો હડહડતો ખોટો હિસાબ ગણાવ્યો હશે તોપણ તેવા ધનલોભી વેપારી સામે દલીલ કર્યા વગર બે હાથ જોડી વેપારીના હિસાબનાં નાણાં માથું નમાની ધરી દીધાં હશે. અને આવા ભોળા હૃદયના પટેલને છેતરીને ખંધો વેપારી બે ઘડી માટે મૂછમાં મલકાણો હશે, છતાં કાળના ક્રમપ્રમાણે અને ઈશ્વરે ઘડેલા નિયમમુજબ આપનારો નહિ પણ ખોટું લેનાર જ હંમેશાં છેતરાતો હોય છે. આવા ભોળા હૃદયનો કણબી પટેલ સંજોગોવશાત્ કોઈ દિવસ કોઈના ઉપર ક્રોધે ભરાયો હશે તોપણ ઉમળકાથી સૂપડું ભરીને અનાજ સામા માણસને ધરી દેતાં અચકાયો નહિ હોય અને આવા કણબી-ખેડૂતની કહાની એટલે ભોળા હૃદયની ભાવિક કવિતા કહીએ તો અસ્થાને નથી. અને આમ, કણબીના હૃદયસિંહાસનની પડખે હિંદુ સમાજની તમામજ્ઞાતિઓ એકભાવથી ગૂંથાયેલી હતી. કણબી પટેલ એટલે બ્રાહ્મણને ભાવતો, પ્રજાપતિને પોસતો, વાળંદને વહાલ કરતો, સુથારને સાથ આપતો અને નાયક, ઘાંચી-મોચીને મન મમતાળી મા જેવો સૌનો સહૃદયી બનીને જીવતો અઢારે વર્ણનો પોષક આદમી એટલે કણબી ખેડૂત. તેથી તો કોઈના હૃદયભાવે ગાયું હશે, "રે ખેડૂત તું જગતનો તાત ગણાયો" આવો ભોળો કણબી-પટેલ સર્વજ્ઞાતિને મન પોષક હોવા છતાં તેના મનમાં કાંઈ લાલચની ભાવના નહિ, કોઈનું પડાવી



# શ્રી ઉમિયા માતાજી

## અઢારમી શતાબ્દી મહોત્સવ ※ સ્મૃતિગ્રંથ



લેવાની ઈચ્છા નહિ, કોઈને છેતરવાની છલના નહિ. વાડ વગરનાં ખુલ્લાં ખેતર અને ખરવાડ એના મોટા મનની નિશાનીઓના સાક્ષીઓ રહ્યાં છે. અને એ ફક્ત માનવીઓ પ્રત્યે જ પ્રેમકરે છે તેમનથી, પણ ચકલાંને ચણ, કૂતરાંને રોટલા અને સાધુબાવાના આયોજન માટે મહાદેવનો હિસ્સો એ ખરવાડમાંથી સીધો મોકલી દેતો. એવી ઉદાત્ત ભાવના હોવા છતાં તેણે કુદરત પાસે ઝાઝી અપેક્ષાઓ રાખી નથી. એક મારવાડી કવિએ કણબી ખેડૂત માટે નીચેની ભાવના વ્યક્ત કરી છે :

- નઈ મુજરી ખાટ કે ન ચ્યુ ટાપરી,
- ભેંસ ડલ્યાં દો ચાર સે દૂઝ બાપડી,
- બાજર રોદાં બાટ કે દહીં મેં ઓલણાં
- ઈતના દે કિરતાર કે ફિર નહીં બોલણાં.

(નવી મુંજની ખાટલી ને ચોમાસામાં ન ચૂએ એવી છાપરી અને ભેંસ વગેરે, બે-ચાર દૂઝણાં ને વાની દહીંમાં ખાવા માટે, કે કિરતાર તું આપી રહે એટલે અમારે કાંઈ દાદ-ફરિયાદ નથી.) બંદાના ફિરસ્તાનો કેવો મનોભાવ ! ફક્ત કુદરત ઉપર આધાર રાખતા માનવીની કેવી ભવ્ય તૃપ્તિ ! કોઈ પરિગ્રહ નહિ. આવો યોગીજન જેવો કણબી ખેડૂત તેના મોટા મનોભાવ અને મનની ઉદારતાથી ભરેલા કેટલાક સામાજિક રિવાજોનાં બંધનોથી બંધાઈ તે આર્થિક રીતે ઘસાતો જતો હતો. આપવા-વાપરવા પાછળ તેનું બે વિઘા જમીનનું ટૂકડું કાઢી નાખતાં સવારની સાંજ ન પડવા દે. ખાવા-ખવરાવવાની ભાવનામાંથી મરણોત્તર ક્રિયાઓના જમણવારો અને આપવાના મહાન ગુણોમાંથી દીકરા-દીકરીઓના અવસરો પાછળ ઘસાવાની વૃત્તિથી તે પૈસેટકે તૂટતો જતો હતો. તે આર્થિક રીતે લૂલા-લંગડા જેવી સ્થિતિની ચાલ ઉપર આવ્યો છતાં રિવાજોને તે પ્રિય ગણીને નભાવવા લાગ્યો. પણ ઓગણીસમી સદીના પ્રારંભે ભારતની પ્રજાના જૂની ચાલના ચીલા ભુસાવા લાગ્યા. હજારો વર્ષથી પૂર્વના વાયરા ખાતો માનવી પશ્ચિમના સુસવાટા મારતા ઠંડા પવનના ઝોકે ચડવા લાગ્યો. અને પશ્ચિમના વાયરે ભારતીય પ્રજા નવાં લેખાં, નવાં પલાખાં અને નવી નવી રીતોભાતો વાતોમાં વણાવા લાગી અને અંગ્રેજી ભણતર અને નવી ઢબની રહેણીકરણીમાં તે ઓતપ્રોત થવા લાગ્યો. અને આ નવા પશ્ચિમના પવનમાં પાટીદાર પણ બાકાત ન રહ્યો. તે પણ નવા ઘાટ અને ઘડતર તરફ વહેવા લાગ્યો. રાજકીય, ધાર્મિક અને સામાજિક વાતાવરણમાં નવાનવા પડઘાના પડઘમપાટીદાર સમાજે પણ ઝીલવા માંડ્યા. તે રાજકીય ક્ષેત્રમાં પણ પ્રવેશ્યો, વેપારી ક્ષેત્રમાં પણ અગ્રણીય થયો અને નવાનવા ચીલા તે સાવધાનીપૂર્વક ચિતરી સૌની ચાલ પ્રમાણે તે પણ ચાલવા લાગ્યો.


આવો કડવો કણબી પાટીદાર ઉમિયામાતાજીના અઢારમી શતાબ્દી મહોત્સવનો ચરિત્ર નાયક રહ્યો છે. ઊંઝાના આંગણે, માતા ઉમિયાના પ્રાંગણમાં છ વર્ષ પહેલાં ઊજવાઈ રહેલા અઢારમી શતાબ્દી મહોત્સવે પાટીદાર જ્ઞાતિનું તેજ ઝળહળતું કર્યું છે. અઢારમી શતાબ્દી મહોત્સવે પાટીદાર જ્ઞાતિમાં નવો ઉત્સાહ, નવો ઉમંગ જન્માવ્યો છે. પશ્ચિમના નવા પવનમાંથી જન્મેલી ધાર્મિક ભાવના પ્રત્યેની જડતામાં ખોવાયેલી અસ્મિતા પુનઃ પ્રાપ્ત થઈ છે.

જોકે, અઢારમી શતાબ્દી મહોત્સવ યજ્ઞને અમે અમારી રીતે "જાગૃતિનો યજ્ઞ" કહીએ છીએ. યજ્ઞ પછી કડવા પાટીદાર જ્ઞાતિમાં જે નવી ચેતના જન્મી, જે નવો ઉત્સાહ જન્મ્યો એ અદભુત છે. દસકા પહેલા કચ્છના કિનારા ઉપર કે સૌરાષ્ટ્રના સાગરકિનારાના આવાસે રહેતો કે દક્ષિણના સૂરતના છેવાડે અને ખાનદેશ તથા માળવા રહેતો કડવો કણબી માંડ પાંચ-દસ વર્ષે એકાદ વખત માતા ઉમિયાનાં દર્શને આવતો; પણ મહોત્સવનો સંદેશો તેને મળ્યા પછી અને મહોત્સવમાં આવી માતાનાં દર્શન પામ્યા પછી તેને નવો જન્મધારણ કર્યો હોય તેવા ભાવ સાથે વર્ષોવર્ષ માતાનાં દર્શને આવવા લાગ્યો છે અને તેનો જાગ્રત થયેલો ભક્તિભાવ સમગ્ર કડવા પાટીદારમાં ઐક્યની પવિત્ર ભાવના જગાડવામાં ફળદાયી નીવડ્યો છે અને તેને કારણે ઊંઝાના આંગણે, દર્શનાર્થીઓ દિનપ્રતિદિન વધુ ને વધુ, ઉભરાતા હોય તેવું ચિત્ર ઉપસવા માંડ્યું છે અને દર્શનાર્થીઓની વધતી સંખ્યાને કારણે માતાજીની આર્થિક આવકમાં પણ અનેક ગણો વધારો ઉત્તરોત્તર વધતો ચાલ્યો છે, તે ગ્રંથમાં પ્રસિદ્ધ થયેલા આંકડાઓથી સાબિત થાય છે. પણ મંદિરમાં ફક્ત નાણાકીય આવકથી મંદિરની સદ્ધરતા માપવાની લૂખી મોજણી કરવામાં અમને રસ નથી; પણ વધેલી આવકમાંથી સમાજના કલ્યાણ માટે, તેના ઉત્કર્ષ માટે શું શું કરવામાં આવે છે તે અમારે મન મહત્ત્વનું છે. કારણકે અમે



# શ્રી ઉમિયા માતાજી

## અઢારમી શતાબ્દી મહોત્સવ ❋ સ્મૃતિગ્રંથ



ઉમિયામાતાજીને ફક્ત દેવી તરીકે પૂજતા નથી પણ તેને "સમાજકલ્યાણી દેવી" તરીકે તેનાં પૂજનઅર્ચન કરીએ છીએ. અને તે નામને સાર્થક કરે તેવાં વિવિધ પગલાં તેના કુશળ વહીવટદારોએ મહોત્સવ પછી ભરવા માંડ્યાં છે. તેની નોંધ લેવામાં અમને વધારે રસ છે. મહોત્સવ પછી ઉમિયામાતાજીના પ્રાંગણમાં આવેલાં આવાસોમાં પુનઃ રચના તો ભલે થાય એ તો એક માત્ર કામચલાઉ વ્યવસ્થા માટેનું આયોજન છે. આવી વ્યવસ્થાઓ ફક્ત આકર્ષણ ઊભું કરી શકે, સમાજમાં નવું ચેતનબળ પૂરું ના પાડી શકે પણ અમારે કહેવું જોઈએ કે, મહોત્સવ પછી ઉમિયામાતાજીનું સંસ્થાન માત્ર ધાર્મિક ભાવનાઓને વળગી ન રહેતાં તેને નવાંનવાં જે સામાજિક જાગૃતિનાં, સામાજિક ઉત્ક્રાંતિનાં પગલાં લેવા માંડ્યાં છે તેની ભાવિ જ્ઞાતિ-ઈતિહાસકારોએ નોંધ લેવી પડશે.

શ્રી ઉમિયામાતાજી સંસ્થાન એક ધાર્મિક સંસ્થાન હોવા છતાં, મહોત્સવ પછી સમગ્ર સમાજનું પ્રતિબિંબ પડે તેમબંધારણમાં ફેરફાર કરી, સામાજિક ક્ષેત્રે ક્રાંતિકારી પગલાં લઈ સામાજિક જાગૃતિ અને ઉત્થાન માટે સૌપ્રથમઊંઝાના આંગણે સમૂહલગ્નોનું સફળ આયોજન કર્યું અને તેને કાયમી લગ્નોત્સવનું સ્થળ બનાવ્યું, નવાં સ્થપાતાં કન્યાછાત્રાલયોને આર્થિક મદદ અને કડવા કોમની ત્યક્તા તથા વિધવા બહેનોનાં ભણતાં બાળકોને આર્થિક મદદ કરવાની રીત અપનાવી છે તે મહોત્સવની ફલશ્રુતિનું સાચું અમૃત છે. અને આવાં અમૃતપાન જ સમાજમાં નવી ચેતના લાવશે અને એ જ સાચી જાગૃતિ છે અને એટલા માટે અમે અઢારમી શતાબ્દી મહોત્સવને "જાગૃતિનો યજ્ઞ-મહોત્સવ" કહીએ છીએ. અને એ જ સાચી મહોત્સવની મૂર્તિ ઉપર અભિષેકની ધારા છે. અને તે બદલ અમે સંસ્થાનના તમામનાનામોટા સૌ કાર્યકરોને અભિનંદન આપીએ છીએ.

આ ગ્રંથની રચના માટે અમે શરૂઆત કરી તેને આજે બે વર્ષ થયાં છે. જોકે, બે વર્ષ એ ટૂંકો સમય નથી; છતાં ગ્રંથમાં સમાયેલી સામગ્રી એકઠી કરવામાં ચાર વર્ષ પછી ભૂલાયેલી સ્મૃતિઓને તાજી કરવામાં, તેને નોંધવામાં અને એક પછી એક સુધારવામાં સારો એવો સમય ગયો છે. તે પણ એક હકીકત વિલંબ માટેનું કારણ છે. જોકે, વિવિધ કમિટીઓના ભાઈઓને અમે જ્યારે જે જે સમયે બોલાવ્યા તે સમયે આવી, સ્મૃતિઓ તાજી કરીને અમોને પોતપોતાની કમિટીઓની નોંધો લખાવી છે. તેથી અમારો કમિટીઓના અહેવાલોની નોંધોનો માર્ગ સરળ બની રહ્યો અને તે ઉપરાંત વિવિધ વાનગીઓ, પ્રસંગો માટે પણ જેમજેમજેનેજેને મળવા જેવું લાગ્યું તેમતેમમળતાં મળતાં જે માહિતી ઉપલબ્ધ થઈ તે, લેવાય તેવી તમામસામગ્રી આ ગ્રંથમાં સમાવવાનો પ્રયાસ કર્યો છે. સંકલન વિભાગમાં સમાયેલી અખબારી સામગ્રી તેમજ મહોત્સવ દરમિયાન પ્રગટ થયેલી પોસ્ટર-પત્રિકાઓ વગેરે સામગ્રીનો પૂરવઠો શ્રી મણિભાઈ મમ્મી તરફથી અમને મળેલો છે. આ ગ્રંથમાં ઠરાવો અને કાર્યક્રમોની નોંધો સંસ્થાનના ઠરાવ પત્રકોમાંથી ઉતારવામાં આવેલી હોઈ ભવિષ્યના જ્ઞાતિ-ઈતિહાસ માટેની સાચી સામગ્રી પૂરી પાડવામાં તે સહાયભૂત બની રહેશે. આ ગ્રંથમાં જ્ઞાતિ-ઈતિહાસનાં લેવાય તેટલાં જૂનાં-નવાં આંદોલનના તણખા અમે આલેખ્યા છે. અને તે માટે અમે (૧) કણબી ક્ષત્રિય ઉત્પત્તિ અને વિકાસ : લેખક શ્રી પુરુષોત્તમલલ્લુભાઈ પરીખ (વિરમગામવાળા) (૨) વડનગરા કણબીઓની ઉત્પત્તિનો ઈતિહાસ (૩) લેઉવા પુરાણ (૪) હિન્દુસ્તાનની જ્ઞાતિ સંસ્થા-તેનું સ્વરૂપ અને ઉત્પત્તિ : લેખક પાંડુરંગ ગણેશ દેશપાંડે (૫) "ધરતી" માસિકની ફાઈલો.

પ્રસ્તુત ગ્રંથનાં લખાણો અંગે જ્યારે જ્યારે માંગી ત્યારે ત્યારે સલાહ આપવા સદાય તત્પર એવા "ધરતી" માસિકના ભૂતપૂર્વ તંત્રીશ્રી પ્રભાતકુમાર દેસાઈના ઋણનો અમે સ્વીકાર કરીએ છીએ. અને ગ્રંથ ઉપર આવરણમાં પ્રગટ થયેલી બાળસ્વરૂપા શ્રી ઉમિયામાતાજીની હૂબહૂ છબી લઈ આકર્ષક આવરણ તૈયાર કરવામાં અને જરૂરી માર્ગદર્શન પૂરું પાડવા માટે વિજ્યુએલ એડ. તથા શ્રી જનક પટેલ તથા ગ્રંથની અંદરનાં લખાણો ઉપરનાં આકર્ષક અને લખાણના ભાવને વ્યક્ત કરતાં ચિત્રો તૈયાર કરી આપવા બદલ શ્રી ગણેશભાઈ પટેલ (જાગૃતિ આર્ટ) વગેરે ચિત્રકાર મિત્રોના સહકારથી જ ગ્રંથ જોતાં નયનરમ્ય બન્યો છે. તે બદલ ચિત્રકાર મિત્રોના અમે આભારી છીએ. અને આ ગ્રંથને પોતાનો જ ગ્રંથ માની અંગત લાગણીસભર ભાવ સાથે છાપી આપવા માટે, આપણા સ્વજન જેવા ધરતી મુદ્રણાલયવાળા શ્રી માણેકલાલભાઈ તથા રાજકલ્પ મુદ્રણાલયવાળા શ્રી કલ્પેશકુમારનો આભાર માનીએ તેટલો ઓછો છે. આ ગ્રંથમાં સમાયેલી તમામહકીકતો જ્યારે માગી ત્યારે આપવા માટે સદાય તત્પર એવા મહોત્સવની વિવિધ કમિટીઓના નાનામોટા તમામકાર્યકરોનો, જ્યારે જ્યારે સંસ્થાનના વહીવટ અંગેની નોંધોના ઉતારા માગ્યા ત્યારે ત્યારે



# શ્રી ઉમિયા માતાજી

## અઢારમી શતાબ્દી મહોત્સવ ❋ સ્મૃતિગ્રંથ



ઉત્સાહપૂર્વક ઉતારી આપવા માટે સંસ્થાનના કાર્યાલયના કર્મચારીગણના તો ઋણી છીએ; પણ જેમના આશીર્વાદથી અમારા હૈયામાં સદાય ઉત્સાહ પ્રેરાતો રહ્યો છે એવા માતાજીના મંદિરના પૂ. પૂજારીશ્રીના પણ હૃદયપૂર્વક ઋણી છીએ.

અંતમાં, આ ગ્રંથમાં સીધો યા આડકતરા જેમણે જેમણે હરકોઈ પ્રકારનો સાથ અને સહકાર બક્ષ્યો છે તેવા તમામનામી-અનામી નાના-મોટાં સૌ કોઈનો ઋણ સ્વીકાર કરી, આ ગ્રંથને જ્ઞાતિજનો સમક્ષ મૂકતાં આનંદ અનુભવીએ છીએ. કારણકે, કડવા પાટીદાર જ્ઞાતિની ચળવળ અને આંદોલનોના ઈતિહાસની ઝાંખી કરાવતો આ ગ્રંથ જ્ઞાતિસમાજ માટે એક ઐતિહાસિક નજરાણું બની રહે તેવી અભિલાષા સ્વાભાવિક છે. છતાં, કડવા પાટીદાર સમાજ માટેનું આ ઐતિહાસિક નજરાણું ઘડવામાં અનેક ખામીઓ-ક્ષતિઓ રહી જવા પામી હશે તો તે માટે ઉદાર દિલના જ્ઞાતિજનો દરગુજર કરી, તે ક્ષતિઓ-ખામીઓ તરફ અંગુલિનિર્દેશ કરશે, તો ભવિષ્યમાં તેની પુનઃઆવૃત્તિ વખતે પ્રસ્તુત ક્ષતિ ઉપર પૂરતું ધ્યાન આપવામાં આવશે, તેવી હૈયાધારણ સાથે આ રસસામગ્રીભર્યું નૈવેદ્ય માતા ઉમિયાના ચરણે ધરી, ગ્રંથરૂપી પ્રસાદી વહાલા જ્ઞાતિજનો સમક્ષ વહેંચવા આનંદ સાથે વિરમીએ છીએ.

સમાજ કલ્યાણી ઉમિયામાતાની જય !

લિ.

૧૬, હસમુખ કૉલોની કો. ઓ. હા. સો. લિ.
નારણપુરા, અમદાવાદ-૩૮૦૦૧૩.

ઈશ્વર હરિભાઈ પટેલ

૩૫, ગુણાતીનનગર સોસાયટી,
મેમનગર, અમદાવાદ-૩૮૦૦૫૨.

ડો. મફતલાલ પટેલ

ગુરુપૂર્ણિમા (સંવત ૨૦૩૯)તા. ૨૪-૭-૧૯૮૩

## વિ.સં. ૨૦૩૩ તથા વિ.સં.૨૦૬૬ના મહોત્સવની સામગ્રી સાથે

# નૈવેદ્ય (થાળ-૨)

વાહ, કેવી એ પળ - ક્ષણ!

રાત્રિનો અંધકાર જામતો હતો અને વાચસ્પતિ મિશ્ર બેચેન થતા જતા હતા.

ષડ્‌શાસ્ત્રો ઉપર ટીકાઓ લખી પણ આટલી બેચેની અવસ્થા કદી થઈ ન હતી.

વેદોના શાંકરભાષ્ય ઉપર લખેલી ટીકાઓ તો પૂર્ણ થઈ પણ તે ટીકાઓ ઉપરના સંગ્રહને કયા નામથી શોભાવવું એના વિચાર મંથનના ગડમથલમાં તે મનોમન ગરકાવ થઈ ગયા. ને તે ચિંતનમાં ને ચિંતનમાં રાત્રિ પસાર થતી હતી. એમના કક્ષમાં અજવાળુ પાથરતો દીવો પણ મંદ પડી રહ્યો હતો. હાથમાં દીવો લઈ ઉભેલી સન્નારીએ જોયું તો દીવો મંદ પડી રહ્યો છે અને તે મંદ પડી રહેલા દીવાની દિવેટને સંકેલી સતેજ કરવા હાથથી સંકેરવા જતાં હાથમાં પહેરેલાં કંગનના લીધે, કંગનના એક બીજા સાથે ટકરાવ થતાં જે ધીમો અવાજ થયો તેનાથી શ્રી વાચસ્પતિની વિચારતંદ્રા તૂટી. વિચારતંદ્રા તૂટતાં જ તેમને દીવા સામે નજર નાંખી, જોયું તો દીવો પકડી ઉભેલી એક સન્નારી જોઈ. સંન્નારીને જોઈ તેઓ આશ્ચર્યમૂઢ બની ગયા. પોતાના કક્ષમાં રાત્રિના સમયે સન્નારી જોઈ તેઓએ પૂછયું, "દેવી, તમો કોણ છો?" અને રાત્રિના સમયે મારા કક્ષમાં આવવાનું પ્રયોજન શું?"

"હું તમારી અર્ધાંગિની-તમારી ધર્મપત્નિ છું." સન્નારીનો જવાબ સાંભળી શ્રી વાચસ્પતિના મનમસ્તકમાંથી વિચારતંદ્રાનો રહ્યો સહ્યો કચરો નીકળી જતાં બોલ્યા "મારી પત્નિ!"

હા, પતિદેવ હું તમારી પત્નિ ભામતિ ! યાદ છે ? આજથી છત્રીસ વર્ષ પહેલાં મારાં અને તમારાં લગ્ન થયેલાં એ સમયે આપણે નાનાં હતાં." ભામતિ ભૂતકાળને ઉવેખતી બોલી. અને શ્રી વાચસ્પતિના વિચારો છત્રીસવર્ષ પહેલાંના ભૂતકાળ તરફ દોડ્યા. જીવનની પાછલી અવસ્થાનું સિંહાવલોકન કરતાં ધીરેધીરે ૩૬ વર્ષ પહેલાંના લગ્નના દૃશ્યોની માનસપટ ઉપર ઝાંખી થવા લાગી. અને બોલ્યા, "હા...હા...છત્રીસ વર્ષ પહેલાં મારા લગ્ન થયેલાં તે મને યાદ આવે છે. જેની સાથે મારાં લગ્ન થયેલાં તે દેવી તમો છો?" શ્રી વાચસ્પતિજીએ ખાત્રી માટે પ્રશ્ન કર્યો ?

"હા પતિદેવ ! એ હું દેવી ભામતિ તે તમારા જીવનનો પડછાયો."

પણ...

"દેવી ! દીવાનું કામમૂંગા પણે અજવાળુ પાથરવાનું હતું. પણ તમો, છત્રીસ-છત્રીસ વર્ષ સુધી દીવાની જેમમૂંગા કેમરહ્યાં ?"

"આપ સમાજના કલ્યાણ માટે વેદો ઉપર ભાષ્ય-ટીકાઓની સાધના કરતા હતા તે સાધનામાં ખલેલ ન પડે, તમારી વિચાર સાધનાનો વિચાર તંતૂ તૂટે નહિ, તમારા વિચાર-એકાગ્રતાનો ભંગ ન થાય એટલે હું પણ દીવાની જેમમૂંગા મને છત્રીસ વર્ષથી રાત્રિના સમયે આપણા કક્ષમાં આવી આ દીવો હાથમાં લઈ તમારી સાધનામાં પૂરકબળ બની સહાયભૂત થવાનો નમ્ર પ્રયાસ કરતી રહી." ભામતિએ નમ્ર ભાવે મનઃખુલાસો કર્યો.

"તમોએ છત્રીસ છત્રીસ વર્ષ સુધી મૂંગા મને મારી જે સેવા કરી છે તેનો બદલો હું કેવી રીતે વાળીશ ? તું માગ તારી મારી પાસે શી અપેક્ષા છે ?" શ્રી વાચસ્પતિએ ભામતિને ઉદ્દેશીને કહ્યું.

તમો સમાજના કલ્યાણ માટે, સમાજના ભાવિ ઉજાસ માટે "સંશોધનો કરો છો તેના ઉપર ટીકાઓ લખો છો તેમાં મારું પણ કલ્યાણ સમાયેલું છે એટલે મારે તમારી પાસેથી કંઈ લેવા માગવાની અપેક્ષા નથી" પત્નિનો જવાબ સાંભળી વાચસ્પતિજીનું હૈયુ ભરાઈ આવ્યું અને તેઓએ શાંકરભાષ્ય ઉપર જે ટીકાઓ લખેલી અને તે ટીકાઓના સંગ્રહના નામમાટે જે વિચાર સાગરમાં ડૂબેલા હતા તે વિચાર સાગર તરીને તે જાણે બહાર આવ્યા હોય તેમતે શાંકરભાષ્યની ટીકાઓ ઉપર "ભામતિભાષ્યં" એવું નામઆપી દીધુ. ઉચ્ચકોટીના વિદ્વાન-પંડિતો માટે એ એક પ્રેરણાગ્રંથ છે. એ આજે પણ પંદરસો વર્ષે પણ આ "ભામતિભાષ્યમ્" અમર ગ્રંથ છે.



# શ્રી ઉમિયા માતાજી

## અઢારમી શતાબ્દી મહોત્સવ ※ સ્મૃતિગ્રંથ



કેવીએ પળ-કેવીએ ક્ષણ ! કંગનના રણકારે ભામતિને અમરતા અપાવી દીધી. વાચસ્પતિજીની અને ભામતિની બંન્નેની જીવન સાધના સફળ થઈ. કોઈ એક પળ તમને ઉગારી દે છે, કોઈ એક પળ તમને ઉગારી દે છે, કોઈ એક પળ તમોને ડૂબાડી દે છે. એટલે તો પળ-ક્ષણની સાધનાના ભાવો સમાજ હિતના હોય, સમાજના કલ્યાણના હોય અને તે સાત્ત્વિકભાવ સાથે કરવામાં આવે તો તમારી વિચાર-સાધના સફળ થયા વગર ના રહે.

આમતો અઢારમી શતાબ્દી મહોત્સવને પૂર્ણ થયે પાંચ-પાંચ વર્ષના વહાણાં વહી ગયાં હતાં સૂર્યદેવ અઢારસો વખત આ પૃથ્વીની પરિક્રમા પૂરી કરી ચૂક્યા હતા પણ મહોત્સવની શબ્દતાસીરની કોઈ તસ્વીર પ્રગટ થાય તેની ઝાંખી થઈ ન હતી. મા ઉમા મહોત્સવની સાધનાની શબ્દચિત્ર નિર્માણ માટે કેમકંઈ માર્ગદર્શન આપતી નથી ? આવો ઉચાટ પાંચ-પાંચ વર્ષ પછી સાધક-કાર્યકરોના મનમાં જાગે તે સ્વાભાવિક છે.

પણ...પળ અને ક્ષણ...ની આતુરતાનો અંત કિનારો માની પ્રેરણાથી આવ્યો હોય તેમપાંચ વર્ષના અંતે અને ગ્રંથ રચનાના કિનારો શોધવા માટે મા-ઉમિયા માતાજી અને 'ધરતી' માસિકના કાર્યકરો વચ્ચે સામાજિક સમાજયાત્રીની દીવાની દિવેટ પ્રગટી અને ૧૯૮૧ની એપ્રિલની અગીયાર તારીખ રવિવારના રોજ સૌરાષ્ટ્રની સમાજયાત્રા આ ગ્રંથના નિર્માણની જન્મદાતા બની.

આમતો અઢારમી શતાબ્દી મહોત્સવ પછી 'ધરતી' માસિકના કાર્યકરો પાંચ વર્ષમાં ઘણીવાર મળ્યા છે. મહોત્સવ પછી મા ઉમિયા માતાજી સંસ્થાનના કાર્યકરો અને 'ધરતી' માસિકના કાર્યકરોએ સમૂહલગ્નના આયોજન માટે, તેના પ્રચાર માટે પ્રચાર ઝૂંબેશ ચલાવી. સૌ પ્રથમ૧૯૭૯માં માના ચરણોમાં ૨૪ યુગલોનો ભવ્ય એવાં સમૂહલગ્ન મહોત્સવ ઉજવાયો તે પછી ૧૯૮૦માં અમદાવાદ ખાતે 'ધરતી' માસિક દ્વારા ઉસ્માનપુરા ખાતે ૧૬ યુગલોનો ભવ્ય સમૂહ લગ્ન મહોત્સવ ઉજવાયો. આ ઉપરાંત અવાર નવાર બંને સંસ્થાના કાર્યકરો મળતા હતા, સામાજિક ઉત્કર્ષ માટેની પ્રવૃત્તિઓની ચર્ચા-વિચારણા કરતા હતા પણ ગ્રંથ વિશે અમોએ કદી પૃચ્છા કરી ન હતી અને તેઓએ પણ કદી સ્મૃતિગ્રંથના નિર્માણની વાત કરી ન હતી. પણ એક પળ આવી અને બંને સંસ્થાના ઉપક્રમે સમૂહલગ્ન અને સામાજિક જાગૃતિ માટેનું આયોજન ગોઠવાયું. સૌપ્રથમસૌરાષ્ટ્રની યાત્રા નક્કી થઈ અને ઉપર લખી તારીખે અમારી યાત્રાનો પ્રારંભ થયો. અને તે પળ-વેળા-રવિદેવ-રવિરાજ આકાશનો કિનારો છોડી ઝગારા મારતા ઉંચે ચઢી રહ્યા તે વેળા સૌરાષ્ટ્રની પાંચળ ભૂમિઉપર કે જ્યાં માકંડઋષિએ તપ આદરી ભૂમિને દેવત્વ બક્ષ્યું હતું, જ્યાં પાંડવોએ વનવાસ દરમ્યાન વસવાટ કર્યો હતો તેથી તે દેવભૂમિપણ કહેવાય છે, એવી દેવભૂમિઉપર અઢારમી શતાબ્દી મહોત્સના આધાર સ્તંભ જેવા શ્રી મણીભાઈ મમ્મીના હૈયામાં મહોત્સવને થયે પાંચ-પાંચ વર્ષ થયા છતાં માના મહોત્સવનો શબ્દદેહ-આકાર પામતો ન હતો તેનું સ્મરણ ઝરણું મનના પ્રવાહમાં સદાય વહેતુ રહેતું હતું તેથી તેઓ, તન ઉપર તાવનો પ્રભાવ હોવા છતાં અકળામણ અને નિરાશા ભાવે ગ્રંથ-માના મહોત્સવના ગ્રંથ માટેના ઉદ્‌ગારો તેમના હૈયાના ઉંડાણમાંથી નીકળ્યા અને કેમજાણે કેમએજ ક્ષણે-અમોએ એમના ઉદ્‌ગારોનો અમારે સાર્થકભાવે સાક્ષાત્કાર કરવાનો હોય તેમ ચાલતી ગાડીએ અમોએ, જાણે અંતરમનથી માની પ્રેરણા હોય તેમતેમના ઉદગારો અમોએ ઝીલી લીધા. અને અગળ પાછળનો વિચાર કર્યા વગર અમોએ સહજભાવે કહ્યું, "જાવ, અમો લખી આપીશું" તે ક્ષણે-તે પળે શ્રી મણિભાઈ મમ્મીના હૈયામાં કેટલી ટાઢક વળી હશે તે તો શ્રી મણિભાઈ જાણે. પણ 'ધરતી' માસિકના કાર્યકર તરીકે તે સમયે અમારા હૈયામાંથી ગ્રંથ લખી આપવાનો વિચારો કેમઅને કેવી રીતે પ્રગટ્યો તે આજે પણ સમજાતું નથી, પણ આજે તેનું મનોમંથન કરવાનું કોઈ કહે તો અમો સામાન્ય ભાવે આ રીતે કરીએ.

ધરતીમાના પુત્રી સીતા માતા હતાં. તે ધરતીમાંથી પ્રગટ્યાં અને ધરતીમાં સમાઈ ગયાં. પણ પોતાના વંશના બે સુપુત્રો દુનિયા-જગતમાં મૂકી ગયાં એ પુત્રોના વિશે એવું કહેવાય છે કે, જે બે પુત્રો લવ અને કુશ હતા તેમનો વંશ વેલો એટલે લવના વંશજો



# શ્રી ઉમિયા માતાજી

## અઢારમી શતાબ્દી મહોત્સવ ※ સ્મૃતિગ્રંથ



લેઉવા પાટીદાર અને કુશના વંશજો એટલે કડવા પાટીદારો આ હકીકત શાસ્ત્રીભાવે ઘણા લોકો કહે છે અને ઘણા ઠેકાણે લખાયું છે. એ બે વંશ વેલાના બે પાત્રો 'ધરતી'માં કેવી રીતે સ્થાન પામ્યા હશે ? આ સંજોગ નિર્માણ 'ધરતી'માં આ બે પાત્રોનું મિલન 'ધરતી'ના મંચ ઉપર થયું હશે, ત્યારે તેમને કલ્પના પણ કરી નહિ હોય કે, મા ઉમિયા માતાજીનો એક અતિ ભવ્ય મહોત્સવ-વિશ્વએ વીસમી સદીમાં ન જોયો હોય તેવો અભણ-મેલાં ઘેલાં વસ્ત્રો ધારણ કરનાર એવા ખેડૂત પુત્રો કે જેમનું જીવન ધરતી સાથે અતૂટભાવે જોડાઈ ગયેલું છે તેવા ખેડૂત-ધરતીપુત્રો કે જે આત્મીયતાના ભાવ સાથે મા ઉમિયા માતાજીનો મહોત્સવ ઉજવવાના છે અને મહોત્સવ સંસ્કારોની સુવાસ પાથરતાં માનો મહોત્સવ જોઈ જે લોકો પોતાની જાતને ઉજળી, હોશિયાર અને જાગૃત સમજ વિશ્વમંચના ઉપરથી ભાષણોથી શીખામણના શ્રાવણ-ભાદરવાના વરસાદની જેમવરસતા તેમઅખબારોમાં ચમકતા હોય તેવા લોકો પણ આશ્ચર્ય ચકિત થઈ ગયા. અઢારમી શતાબ્દી મહોત્સવની વ્યવસ્થા, કાર્યકરોનો ઉત્સાહભર્યો થનગનાટ અને દર્શનાર્થીઓનો ભક્તિભાવ ભર્યો આનંદ જોઈ વિશ્વમંચ ઉપર પોતાની જાતને સુધરેલા લોકોની પંક્તિમાં ગણનાર લોકો અભણ ખેડૂત એવા ધરતીપુત્રોની શક્તિ જોઈ આશ્ચર્યમગ્ન બની ચોંકી ઉઠ્યા. પાછો આ મહોત્સવ એક-બે દિવસ નહિ પણ પાંચ-પાંચ દિવસ સુધી અવિરત-ગંગાના ધોધમાર પ્રવાહની માફક માનવ પ્રવાહએ અતૂટ માનવ પ્રવાહ વચ્ચે પણ નિરવ શાંતિ, ભક્તિભાવનો અને એમાંય એકાગ્રભાવથી માના દર્શન કરવાની હૈયામાં ઉપડેલી તમન્નાઓ હોવા છતાં શાંત અને શિસ્તબદ્ધ કરાયેલા દશ્યે ને કહેવાતા અભણ ખેડૂતે વિશ્વને વિરાટભાવનાં દર્શન કરાવી દીધાં અને વિશ્વના નકશા ઉપર ખમીરવંતી પ્રજા તરીકે ઉપસાવી અને પાટીદાર જાતને અજવાળી દીધી. આવા આ મહોત્સવના સતરંગ ભર્યા સાથિયાના શબ્દોના શણગાર ગ્રંથ મારા બન્ને પુત્રોના વારસદારો સાથે મળીને લખે તેવી મા ઉમાની અંતિમઈચ્છા હોય અને તેથી પાંચ-વર્ષે પણ માની પ્રેરણા પળ-ક્ષણ પ્રગટી હોય. ડૉ. મફતલાલ લેઉવા પટેલ અને ઈશ્વરભાઈ હ. પટેલ કડવા પાટીદાર આ બંનેનો સંગમ. 'ધરતી'ના મંચ ઉપર થવો એમાં પણ મા ઉમિયાનો કોઈ અલૌકિક સંકેત હશે અને શ્રી મણિભાઈ મમ્મીના ઉદ્‌ગારો સાથે જ તેમની વાતને સાકાર પ્રત્યુત્તરથી આ ગ્રંથના નિર્માણનો વિચાર પાયો નંખાઈ ગયો. અને આગામી કાળમાં સમાજના બે પુત્રો લેઉવા-કડવાના સંગમભાવનો સંદેશ બને તે વાત ને ભવિષ્યની કલ્પના માટે હાલ રહેવા દઈએ.

આ ગ્રંથની રચના વિચારી ત્યારે અમોએ પ્રથમઆવૃત્તિના પ્રથમનૈવેદ્યમાં સ્પષ્ટ લખેલું કે, અઢારમી શતાબ્દી મહોત્સવનો યજ્ઞ એ 'જાગૃતિનો યજ્ઞ' કહી નવાજ્યો હતો. કારણ કે આજથી તેત્રીસ વર્ષ પહેલાં પાટીદાર સમાજમાં અનેક રિતરિવાજોથી ઘેરાયેલો હતો. બાળલગ્નો રિવાજ, લગ્નના વહેવારમાં આપવા લેવાના રિવાજો, સાટાંપેટાંના રિવાજો અને તેમાંથી થતા ઝઘડાઓ અને એ ઝઘડાઓના ઉકેલ માટે પંચના આગેવાનો સમક્ષ જવાનું અને તેમના દ્વારા થતા દંડ અને બહિષ્કારના સીતમો અને મરણ પાછળ થતાં બારમાંનો રિવાજ અને એ રિવાજોમાંથી થતું આર્થિક શોષણ, ગ્રામપ્રથાઓથી દીકરા-દીકરીના લગ્ન માટેની વિટંબણાઓ સમાજમાં ઉંચ-નીચને ખાનદાનીના ઘમંડી વગેરે પ્રશ્નોમાંથી પાટીદાર સમાજ ઘેરાઈ ગયો હતો. તેવા અણીના સમયે મા ઉમિયાની અંતર પ્રેરણાથી અઢારમી શતાબ્દી મહોત્સવનું નિર્માણ થયું અને તે મહોત્સ પછી, પાટીદાર સમાજ જાણે આળસ મરડીને બેઠો થયો હોય તેમઆ ત્રણ દાયકામાં તો જાણે વામને પોતાના વિરાટ પગલાંથી વિશ્વમાંથી લઈને જે ચમત્કાર કરેલો તેવો ચમત્કાર સર્જી સમાજ અનેક ફલકો ઉપર વિરાટરૂપે બેઠો થઈ ગયો અને વિશ્વમંચ ઉપર પોતાનું અસ્તિત્વ નિર્માણ કરી દીધુ. વિશ્વનો કોઈ એવો દેશ નહિ હોય કે જ્યાં પાટીદારનો એકડો નહિ હોય. વિશ્વમાં ધનાઢ્ય અને જગત જમાદાર તરીકે પંકાયેલા અમેરિકામાં પણ પાટીદાર સમાજ એક હસ્તી તરીકે ઉભી થઈ છે અને ત્યાં મા ઉમિયાનું ભવ્ય મંદિર નિર્માણ થાય છે. સેંકડો નહિ પણ હજારો લોકો ત્યાં ઉત્સવો ઉજવે છે. વેપાર ધંધા કરે છે. આ ત્રીસ વર્ષના ગાળામાં જ્યાં અગાઉ આંગળીના વેઢે ગણવા પણ ન મળે તેમકોઈ જુજ ઠેકાણે મા ઉમિયાનું મંદિર હશે, ત્યારે આજે ૧૭૫થી વધુ મંદિરોનું નિર્માણ થયું છે. સૌરાષ્ટ્ર-કચ્છ અને સુરત







જેવા ક્ષેત્રમાં તો મંદિરની સાથે સાથે અનેકવિધ પ્રવૃત્તિઓ પણ સમાજને જાગૃત કરવાના, ઘડવાના કાર્યો પણ થાય છે. રાજસ્થાન, મધ્યપ્રદેશમાં પણ પાટીદાર સમાજના કેળવણીક્ષેત્રે ઉપયોગી થવા સારૂ શિક્ષણધામો પણ નિર્માણ થયાં છે. અને આમઅઢારમી શતાબ્દી મહોત્સવને અમોએ જાગૃતિનો યજ્ઞ કહેલો હતો તે આજે દૃશ્ય જોતાં જરૂર અનુભવ થાય છે, પણ સાથે સાથે એ વાત તરફ અમારે ધ્યાન દોરવું રહ્યું કે અઢારમી શતાબ્દી મહોત્સવ-૨૦૩૩ના સમયે સમાજમાં મોટા ગણો કે નાના ગજાનું ગણો તેવું એક માત્ર 'ધરતી' માસિક હતું અને તેના આંગળીના વેઢે ગણાય એવા પાંચ-સાત કાર્યકરો માત્ર હતા, પણ તેના કાર્યકરોની સાથે શ્રી ઉમિયા માતાજીના એવા બે-પાંચ કાર્યકરોની ટીમે મળી સમાજમાં જે જાગૃતિનું કાર્ય કર્યું તે અજોડ છે. મહોત્સવ પત્યા પછી તુરત સમૂહલગ્નો અને સમાજ યાત્રાઓનો દોર ચાલુ થયો. તે સમયે તો આટલાં સાધનો કે આટલા નાણાંની સગવડ પણ ન હતી, પણ કાર્યકર્તાઓના હૈયામાં સમાજની તસ્વીર બદલવાનો ઉછાળા મારતો ઉમંગ-ઉત્સાહ હતો અને ઉત્સાહે જે સમાજના રંગઢંગ બદલ્યા તેનું સ્પષ્ટ ચિત્ર આજે આપણે જોઈ રહ્યા છીએ. આજે તે પ્રયત્નોને કારણે સમાજમાંથી બાળલગ્નોની નાબૂદિ થઈ શિક્ષણનું સ્તર વધ્યું. અને જ્ઞાતિ-પંચોની દાદાગીરીનું અસ્તિત્વ સમાપ્ત થયું. સમૂહલગ્નોની નવી ભાત ઠેરઠેર આજે જોવા મળે છે. અને સમૂહલગ્નો ગામવાર અને સમાજવાર થવા લાગ્યાં. આ બધો અઢારમી શતાબ્દી મહોત્સવમાં નિપજેલા કાર્યક્રમઅને 'ધરતી' માસિકના ભૂ.પૂ. કાર્યકરોએ ઉપાડેલી ઝૂંબેશને આભારી છે એમકહેવામાં કોઈ અતિશયોક્તિ નથી.

જ્યારે...હવે...જોઈએ...

રજત જયંતિ મહોત્સવ સં.૨૦૬૬માં પુરતાં સાધનો, નાણાંનો જાણે ગંગાના પ્રવાહ જેવો ધોધ, સામાજિક માસિકોનો મોટો રાફડો પણ 'ધરતી' જેવું માસિક પણ સમાજની દિશા બદલવામાં કમજોર પૂરવાર થયું. કારણકે તેની જ દિશા અને દશા વિચારભાવ વગરની થઈ ગઈ હોય તો એ શું નવો વિચાર પ્રગટાવી શકે?

એ ઉપરાંત 'ધરતી'ની તેની બધીજ પ્રવૃત્તિઓનું મૂલ્ય રૂપિયા, આનાની ગણત્રીની અંદર સમાઈ ગયેલું છે, બીજા નવાં માસિકો પાસેથી શું અપેક્ષા રાખીએ? છેલ્લા પચીસ વર્ષમાં જે નવાં દૂષણોનો ઉદ્‌ભવ સમાજમાં થઈ રહ્યો છે તેને અટકાવવા માટે રજત જયંતિ મહોત્સવના આયોજકોએ અને આપણા માસિકોના સંચાલકોએ ધાર્યુ હોત તો, વ્યસનમુક્તિ ઉપરાંત ચારિત્ર્ય-ભ્રષ્ટાચાર જેવાં આજના યુવાનોમાં જે દૂષણો આવી રહ્યાં છે તે નાબૂદ તો ન કરી શકત, પણ તેના ઉપર થોડી ગણી લગામતો જરૂર લાવી શક્યા હોત. પાંચ દિવસ માટે ૫૦/૬૦ લાખ લોકોને એક સામાજિક તંદુરસ્તી માટેના કેટલાક માર્ગના ચીલા પાડી શકવાની હવા ઉભી કરી શક્યા હોત. સામાજિક, રાજકીય કે ધાર્મિક કાર્યક્રમોમાં વાતાવરણ બદલવા માટે એક નવો માહોલ, જો પ્રયત્ન કર્યો હોત તો રૂઢિગત ચીલાઓમાંથી સમાજને નવી દિશા જરૂર બતાવી શક્યા હોત. સામાજિક દૂષણો નાબૂદ કરવા માટે આપણાં માસિકો અને મહોત્સવના આયોજકોએ સંયુક્તભાવે વ્યસનમુક્તિની એક લીટી ઉભી કરી, સમાજને તે બતાવી શક્યા હોત. આ એક ખૂબ જરૂરી હતું. જ્યાં ૫૦ લાખ જેવા લોકો માના દર્શનનો ઉત્કંઠ ભાવ લઈ આવતા હોય, તેવા લોકોને માનો સંદેશ-વ્યસન મુક્ત સમાજ જેવો સંદેશો આપી તંદુરસ્ત સમાજ તરફ જવા માટેનો માહોલ ઝૂંબેશની ગૂંજ ઉભી કરવાની જરૂર હતી. તો ૨૦૩૩નો મહોત્સવ જેમસમાજના જન-જનને સ્પર્શી ગયો તેવો જ ૨૦૬૬નો મહોત્સવ પણ સ્પર્શી જાત. અને સમાજમાં એક નવો ઉજાસ પથરાત-એવું અમારું માનવું છે. અને અંતે સમાજના જાગૃત રીતે, વિચારવંત લોકોને અમારા નમ્ર ભાવે પ્રાર્થના છે કે, વિવિધ વ્યસનોમાં લપટાઈ રહેલા લોકોને પાછા વાળવા માટે કોઈ નક્કર કાર્યક્રમઘડી કાઢવાનો સમય પાકી ગયો છે. જેટલું મોડું થશે તેટલું સમાજને નુકશાન વેઠવું પડશે. તેવી અમારી ધારણા છે.

આ સ્મૃતિગ્રંથની બીજી આવૃત્તિ આમતો રજત જયંતિ મહોત્સવના પ્રારંભ પહેલાં પ્રગટ કરવાની કામગીરી શરૂ કરેલી, પણ



# શ્રી ઉમિયા માતાજી

## અઢારમી શતાબ્દી મહોત્સવ ※ સ્મૃતિગ્રંથ



શ્રી ઉમિયા માતાજી સંસ્થાન તરફથી કોઈ અગમ્ય કારણોને લઈને અમોને મુલત્વી રાખવાની સૂચના આપેલી. આ વાતને બે વર્ષથી વધુ સમય થઈ ગયો હતો અને આ ગ્રંથ માટે અમેરિકાથી પધારેલા પ્રિ. લક્ષ્મણભાઈ પટેલ (કડાના વતની) એ બીજી આવૃત્તિ માટે બે લાખ જેવું માતબર દાન આપવાની ઈચ્છા માતાજીના મોવડીઓ સમક્ષ મૂકી, અને માતાજીના મોવડીઓએ એ કાર્ય ગ્રંથના લેખકોને બીજી આવૃત્તિ પ્રગટ કરવાની જવાબદારી સોંપી અને તે માટે માતાજીની ભક્તિ કરવાની એક વધુ તક અમોને મળી છે તેવા ભાવ સાથે બીજી આવૃત્તિમાં સં. ૨૦૬૬ના રજત જયંતિ મહોત્સવના કેટલાક જરૂરી અંશોના સમાવેશ સાથે આ ગ્રંથ તૈયાર કર્યો છે ને વાચકોને જરૂર ગમશે અને આવનારી ભાવિ પ્રજાએ જેવોએ સં.૨૦૩૩ કે સં.૨૦૬૬ના કોઈ મહોત્સવનાં દર્શન કર્યાં નથી, તેવા લોકો આ ગ્રંથ જોઈ મહોત્સવ દર્શનની થોડી પણ ઝાંખી થશે તો અમારો આ નમ્ર પ્રયાસ સામાન્ય પણે પણ સાર્થક થયો છે તેવું અમે માનીશું.

અંતમાં આ સ્મૃતિગ્રંથની બીજી આવૃત્તિમાં જે કોઈ ખામીઓ કે ઉણપો કે હકીકત દોષો હોય તે અમારી છે અને જે કંઈ યોગ્ય-સારૂ હોય તે તમારૂ છે એમમાની મા ઉમિયાજીને નમ્ર પ્રાર્થના કરીએ છીએ કે, હે મા, તમારો પ્રથમમહોત્સવ જોવાનો અમોને લ્હાવો મળ્યો, બીજા મહોત્સવનાં દર્શન કરવાની પણ અમારી ઈચ્છા પૂરી કરી, અને બન્ને મહોત્સવનો રસ-થાળ ભરેલી વાનગીઓ તમારા ચરણે ધરવા માટે આ બંન્ને તમારા બાળકો કુશ-લવને પુત્રોને લાભ આપ્યો તે બદલ હે મા તને અમારા કોટી કોટી હૃદયપૂર્વક વંદન સ્વીકારી લેજે અને જેમકોઈએ કહ્યું છે તેમઅમો પણ કહીએ છીએ -

**હે મા ! હે સમાજ કલ્યાણી દેવી,**
**દેશ કાળ અને પરિસ્થિતિના બંધનથી પર**
**સ્થળ, સુક્ષ્મઅને કારણથી પર,**
**એવું શુદ્ધ-ચૈતન્ય તત્વ સદા સર્વદા**
**સંપૂર્ણ પણે અમારા અણુએ અણુમાં**
**વિલસી રહો. એ જ પ્રાર્થના**
**જય માતાજી**
**જય સમાજ કલ્યાણી દેવી !**

**ઈશ્વર હ. પટેલ**
૩૪, શીવ સંકલ્પ સોસાયટી, અમીકુંજ ચાર રસ્તા પાસે,
નારણપુરા, અમદાવાદ-૩૮૦૦૧૩.
ફોન : ૨૭૪૮૯૦૦૫

**ડો. મફતલાલ પટેલ**
૩૫, સ્વામી ગુણાતીતનગર સોસાયટી,
મેમનગર, અમદાવાદ-૩૮૦૦૫૨.
ફોન : ૨૭૪૯૩૨૫૫

તિથિ : વિ.સં. ૨૦૬૯ મહા સુદ - ૫ તા. -૨-૨૦૧૩ વાર



સ.બ. શેઠશ્રી બહેચરદાસ અંબાઈદાસ લશ્કરી
શ્રી ઉમિયા માતાજી સંસ્થાનના આદ્યશિલ્પ



શ્રી બાલચંદ્ર ઉમેદરામ પટેલ (ઊંઝા)
મહોત્સવ સમિતિના આગેવાન



શેઠશ્રી રામચંદ્ર મનસુખરામ પટેલ (અમદાવાદ)
મંદિર બાંધકાંના આદ્યશિલ્પ




# શ્રી ઉમિયા માતાજી

## અઢારમી શતાબ્દી મહોત્સવ ※ સ્મૃતિગ્રંથ



## અનુક્રમણિકા


અર્ચના
હે, મા !
પાર્વતી માતા,
કુળદેવી ઉમિયામાતા,
શક્તિના રૂપે
આત્મબળ આપો,
લક્ષ્મીના રૂપે
સુખ શાંતિ અને -
સમૃધ્ધિ આપો,
સરસ્વતીના રૂપે
સદ્બુદ્ધિ, સદ્વિચારો -
અને
સદ્આચરણ આપો
અને
માતાના રૂપે
આશીર્વાદ આપો.
હે, મા ! અમારી-
ભૂલચૂક થઈ હોય તો ક્ષમા કરો,
અમો તો તારા બાળકો છીએ.



# શિવ સાધના અને ઉમા પ્રાગટ્ય

પૂર્વ દિશામાંથી ઈંદ્ર આવ્યા, પશ્ચિમદિશામાંથી વરુણ આવ્યા, ઉત્તર દિશામાંથી કુબેર આવ્યા, દક્ષિણ દિશામાંથી યમરાજ આવ્યા; અને પાતાળમાંથી નાગલોક આવ્યા. આમ, સર્વ દિશાઓમાંથી દેવગણો આવ્યા. સર્વદેવોના મન ઉપર નિરાશાની રેખાઓ સ્પષ્ટ વરતાતી હતી, કારણકે મહા રાક્ષસ તારકાસુરના હાથે પરાજય પામીને તે હતાશ થયેલા હતા. તેથી તેના પરાજય માટેનો વ્યૂહ વિચારવા અને યોગ્ય લાગે તો પૃથ્વીપતિ ભગવાન વિષ્ણુની સલાહ પ્રમાણે આગળ વધી તારકાસુરનો નાશ થાય તેવો વિચાર કરવા સૌ એકઠા થયા હતા. અને સૌએ મળીને ભગવાન વિષ્ણુની સલાહ લેવાનો નિર્ણય કર્યો. સૌ દેવો આવ્યા. ભગવાન વિષ્ણુ પાસે આવીને તારકાસુરના વધી પડેલા અત્યાચારોની અને તેની સામે દેવોનો થયેલો પરાજય અંગેની સર્વ હકીકતથી ભગવાનને વાકેફ કરી તેના નાશ માટેનો ઉપાય સૂચવવા વિનંતી કરી.

સર્વ દેવગણો પાસેથી સવિસ્તાર વિગત સાંભળી ભગવાન વિષ્ણુએ કહ્યું : "શિવજીના વિર્યથી જે પુત્ર થાય અને તે તમારા સૌની આગેવાની લઈ તારકાસૂર સામે લડે તો જ તેનો પરાજય અને નાશ થાય."

ભગવાન વિષ્ણુની હકીકત સાંભળી સર્વ દેવગણ ચિંતામાં પડી ગયા. કારણકે, ભગવાન શંકરનો, દક્ષ પ્રજાપતિના યજ્ઞ સમયે, વગર નિમંત્રણે થયેલાં સતીને કોઈ આવકારભાવ ન મળતાં અને તેથી અપમાન સહન ન થતાં, પોતાના પિતાના જ યજ્ઞમાં પડી સતીએ આત્મહત્યા કરી. સતીના આત્મહત્યાના સમાચારથી યજ્ઞ માટે પધારેલા વિવિધ રાજપુરુષો, દેવગણો અને ઋષિગણોમાં હાહાકાર મચી ગયો. સત્‌કાર્યમાં આવું પાતકથી ભરેલું કૃત્ય બનતાં મોટા અનર્થની લોકો આગાહી કરવા લાગ્યા. ત્યાં તો ભગવાન શંકર વિકરાળ સ્વરૂપે ત્યાં આવીને સતીના આત્મહત્યા કરેલા શબ-મડદાને પોતાના ખભા ઉપર ઊંચકી ચાલ્યા ગયા. તેમના રૌદ્ર સ્વરૂપથી હાજર રહેલા તમામદેવો, ઋષિઓ, ગંધર્વો અને માનવી માત્ર ધ્રૂજી ઊઠ્યાં. અને સતીના મૃત્યુદેહને લઈ જ્યારે વિશ્વની પરિક્રમા કરવા નીકળ્યા, ત્યારે તેમના ભયંકર રૌદ્રરૂપથી પૃથ્વી ઉપર હાહાકાર મચી ગયો. સમુદ્ર ખળભળી ઊઠ્યો. નદીઓનાં વહેણ ઊલટી દિશાએ થઈ ગયાં. પર્વતો ડોલી ઉઠ્યા. સૂર્યનો રથ થંભી જઈ હચમચવા લાગ્યો. આકાશનાં તારા અને નક્ષત્રો એકબીજાં સાથે ટકરાવા લાગ્યાં. ઈંદ્રના દરબારમાં અપ્સરાઓનાં નૃત્ય થંભી ગયાં. અને તેમનાં નુપુરનો ઝંકાર કર્કશભાવ સાથે તૂટી ગયો. ધરતીના પાતાળમાં શેષનાગમાં ધ્રૂજારી છૂટી અને તૂફાનના કારણે સાગરમાં નૌકા ડોલે તેમધરતી ડોલવા લાગી. ભગવાન શંકરના ઉગ્ર ક્રોધાગ્નિમાંથી પ્રગટતો રૌદ્ર લાવારસ સંસારનો પ્રલય કરી નાખશે એવો ભય ઉત્પન્ન થયો અને તે સમયે ભગવાન વિષ્ણુએ પોતાના સુદર્શનચક્રથી સતીના અંગ-પ્રત્યંગના ૫૧ ટૂકડા કરી નાખ્યા. એ ૫૧ ટૂકડા જે જે દિશાઓમાં પડ્યા ત્યાં ત્યાં એક એક શક્તિપીઠ નિર્માણ થયું. જે શક્તિપીઠો થયાં તે સમગ્ર વિશાળ ભારતવર્ષનું દર્શન ઉપરાંત શ્રદ્ધાકેન્દ્રો થયાં અને સતીનો આત્માએ હિમાલયની પત્ની મેનાને કુખે જન્મી તેણે પાર્વતી નામધારણ કર્યું.




## શ્રી ઉમા મહેશ્વરૌ વન્દે

### ॥ प्रार्थना ॥

शूलं पड्डिश खडग चर्म विशिखान् मुणुंदधानां करैः ।
सेव्या शोभन षड भूजां सुनयनां दिव्यांम्बरालंकृताम् ॥
शुभ्रागां वृषवाहनां सुखरां भक्तोत्सवां शालिनीं ।
वन्दे श्री कडवेश्वरी भगवती लक्ष्मी प्रदात्रीमुमाम् ॥ १ ॥

*અર્થ :* ત્રિશૂલ, પટ્ટિશ, ઢાલ, બાણ અને મૂંડને પોતાના હસ્તોમાં ધારણ કરતાં, સેવન કરવા યોગ્ય, શોભતી છ ભૂજાઓવાળાં, સુંદર નયનવાળાં, દિવ્ય વસ્ત્રાલંકાર ધારણ કરતાં, ઉજ્જવળ અંગોવાળાં, વૃષભનાં વાહનવાળાં, દેવતાઓમાં શ્રેષ્ઠ, ભક્તોના મનમાં ઉમંગ ઉપજાવતાં, દિવ્ય તેજથી સોહતાં, લક્ષ્મી આપનારાં, ઐશ્વર્યવંતા શ્રી કડવા પાટીદારનાં કુળદેવી ઉમિયામાતાને મારા વંદન હો.

शिवः शकत्या युक्तो यदि भवति शक्तः प्रभवितुं ।
न चेदेवं देवो न खलु कुशलः स्पन्दि तुमपि ॥
अतस्त्वामाराध्यां हरिहर विरज्च्यादि भिरपि ।
प्रणन्तुं स्तोतुं वा कथम कृत पुण्यः प्रभवतिः ॥ २ ॥

*અર્થ :* હે ભગવતી, ભગવાન શંકરને તું જ્યારે સહાયતા કરે છે, ત્યારે જ જગતની ઉત્પત્તિ, પાલન તથા વિનાશ કરવામાં સમર્થ થાય છે. જો શંકરને તારી સહાયતા પ્રાપ્ત ન થાય તો તે આંખ પણ હલાવવા શક્તિમાન નથી, એટલા માટે બ્રહ્મા, વિષ્ણુ, શંકર, ઈંદ્ર આદિ દેવો જેની આરાધના કરે છે એવી આપની મારા જેવાં પુણ્યહીન, અલ્પ પુણ્યવાળાં, સ્તુતિ કરવા કેવી રીતે સમર્થ થઈ શકે ?

तनीयांसं पांसु तव चरणपं के रुह भवं ।
चिरिञ्चिः संचिन्वत् विरचयति लोकानविकलम् ॥
वहत्येनं शौरिः कथमपि सहस्त्रेण शिरसा ।
शिवः संक्षुभ्यैनं भजति भसितोद् धूलन विधिम् ॥ ३ ॥

*અર્થ :* હે મા, બ્રહ્મા આપના ચરણકમલની થોડી પણ રજના પ્રતાપથી પૃથ્વી, સ્વર્ગ આદિ લોકોની રચના કરે છે. અનન્ત શેષ, પોતાનાં હજારો મસ્તકો પર આપનાં ચરણની રજ લગાવીને જગતની રક્ષા કરી શકે છે અને રુદ્ર ભગવાન આપનાં ચરણની રજના પ્રભાવથી જગતનો સંહાર કરી એ ભસ્મ પોતાના શરીરે ચોળે છે.







| | | શક્તિપીઠનું સ્થાન | અંગ-આભૂષણનું નામ | શક્તિદેવીનું નામ |
|---|---|---|---|---|
| ૧. | હિંગુલા : | હિંગોસ નદી (બલૂચિસ્તાન)ના તટ પર, કરાંચીથી ૧૧૪ કિમી દૂર એક ગુફામાં જ્યોતિ હિંગલાજ નામથી પ્રસિદ્ધ છે. | બ્રહ્મરંધ્ર (હિંગલાજ) | કોટરીદેવી |
| ૨. | કરવીર : | કોલ્હાપુર (મહારાષ્ટ્ર) | ત્રિનેત્ર | મહિષમર્દિની |
| ૩. | સુગંધા : | બારીસાલ (બાંગ્લાદેશ)થી ૨૦ કિમી દૂર શિકારપુર ગામે સુનંદા નદીના કાંઠે સુનંદાદેવી(ઉગ્રતારા)નું મંદિર છે. | નાસિકા | સુનંદાદેવી |
| ૪. | અમરનાથ : | (કાશ્મીર) અમરનાથ ગુફા છે. | કંઠ | વરદાદેવી |
| ૫. | જ્વાલામુખી : | કાંગડા જિલ્લા (પંજાબ)માં જ્વાલામુખી રોડ સ્ટેશનથી ૨૦ કિમી દૂર છે. | જીભ | સિદ્દિદા |
| ૬. | જાલંધર : | (પંજાબ) | ડાબું સ્તન | જયદુર્ગા ત્રિપુરામાલિની |
| ૭. | બૈદ્યનાથધામ : | સાંથાલ પરગણા(બિહાર)માં જસીદીહ સ્ટેશનથી ૫ કિમી દૂર છે. | હૃદય | જયદુર્ગા |
| ૮. | નેપાલ : | બાગમતી નદીના કાંઠે મહામાયાનું મંદિર છે. | ઘૂંટણ | ગુહ્યેશ્વરી |
| ૯. | માનસરોવર : | તિબેટ | જમણી હથેળી | દાક્ષાયણી |
| ૧૦. | ઓરિસ્સા : | જગન્નાથપુરીમાં વિમલાદેવી અથવા યાજપુરમાં વિરમદેવી આમ, બે મત છે. | નાભિ | વિમલાદેવી વિરમદેવી |
| ૧૧. | નેપાલ : | મુક્તિનાથમાં ગંડકી નદી નીકળે છે. | દક્ષિણગંડ | ગંડકીદેવી |
| ૧૨. | કેતુગ્રામ : | બંગાળમાં આહમદપુર-કટવા લાઈન પર છે. | ડાબો હાથ | બહુલાદેવી |
| ૧૩. | ઉજ્જયિની : | રુદ્રસાગર પાસે હરસિદ્ધ માતાનું મંદિર છે. | કોણી | મંગલચંડિકા હરસિદ્ધ દેવી |
| ૧૪. | ચંદ્રશેખર પર્વત ઉપર : | ચટગાંવ(બાંગ્લાદેશ)થી ૩૬ કિમી દૂર સીતાકુંડ સ્ટેશન પાસે છે. આ સ્થાનનું જૂનું નામ ચટ્ટલ છે. | જમણો હાથ | ત્રિપુરાસુંદરી ભવાની |
| ૧૫. | ત્રિપુરા : | રાધાકિશોરપુર સ્ટેશનથી ૨.૫ કિમી દૂર પર્વત ઉપર | જમણો પગ | ત્રિપુરાસુંદરી |
| ૧૬. | ત્રિસ્રોતા : | જલપાઈગુડી જિલ્લા (પ. બંગાળ)માં શાલવાડી ગામમાં તિસ્તા નદીના કાંઠે | ડાબો પગ | ભ્રામરી દેવી |
| ૧૭. | કામાખ્યા | આસામમાં ગૌહતી જિલ્લામાં પ્રસિદ્ધ તીર્થ છે. | યોનિ | કામાખ્યા |
| ૧૮. | ક્ષીરગ્રામ | બદેવાન-આહમદપુર-કટવા બ્રાન્ચ લાઈન (પ. બંગાળ)માં બદેવાનથી ૩૦ કિમી દૂર | જમણા પગનો અંગૂઠો | યુગાદ્યા ભૂતધાત્રી |
| ૧૯. | કલકત્તા | | ડાબા પગની આંગળીઓ | મહાકાલી |
| ૨૦. | પ્રયાગ : | અલાહાબાદ | હાથની આંગળી | લલિતાદેવી |
| ૨૧. | આસામ : | શિલોંગથી ૫૦ કિમી દૂર બાઉરભાગ ગામ પાસે જયંતિયા નામના પહાડ ઉપર | ડાબી જાંઘ | જયંતીદેવી |







| | શક્તિપીઠનું | સ્થાન | અંગ-આભૂષણનું નામ | શક્તિદેવીનું નામ |
|---|---|---|---|---|
| ૨૨. | બંગાલ : | હાવરા-બરહરવા લાઈન પર લાલબાગ રોડ સ્ટેશનથી ૫ કિમી દૂર બડનગર પાસે, ગંગાકાંઠે | કિરીટ | ભુવનેશી વિમલાદેવી |
| ૨૩. | વારાણસી : | મણિકર્ણિકા ઘાટ પર | કુંડલ | વિશાલાક્ષી |
| ૨૪. | કન્યાકાશ્રમ : | કન્યાકુમારીમાં કુમારીદેવીના મંદિરમાં ભદ્રકાલી મંદિર છે. | પીઠ | સર્વાણી |
| ૨૫. | થાનેશ્વર : | પંજાબમાં કુરુક્ષેત્ર પાસે દ્વૈપાયન સરોવર નજીક | જમણું ગુલ્ફ | સાવિત્રી |
| ૨૬. | પુસ્કર | પાસે ગાયત્રી પહાડ પર | મણિબંધ | ગાયત્રીદેવી |
| ૨૭. | શૈલ પર્વ પર | મલ્લિકાર્જુનના મંદિર પાસે ભમરામ્બોદેવીનું મંદિર | ડોક | મહાલક્ષ્મી |
| ૨૮. | શિવકાંચી : | કાંચી-કાંચીવરમ્ સ્ટેશન | અસ્થિપિંજર | દેવગર્ભા |
| ૨૯. | કાલ માધવ ક્ષેત્ર : | સ્થાનનો નિર્ણય થઈ શક્યો નથી. | ડાબું નિતંબ | સિદ્ધિદા કાલીદેવી |
| ૩૦. | શોણ : | અમરકંટક પહાડમાંથી સોન નદી નીકળે છે, તેના મૂળ પાસે | જમણું નિતંબ | શોણાક્ષી |
| ૩૧. | રામગિરિ : | નાગપુર પાસે રામટેક કે ચિત્રકૂટ પાસે-તેનો નિર્ણય થઈ શકતો નથી. | જમણું સ્તન | શિવાની |
| ૩૨. | મથુરા : | ભૂતેશ્વર મંદિર પાસે | કેશકલાપ | ઉમાદેવી |
| ૩૩. | સંહાર : | નિશ્ચિત નથી, પણ કન્યાકુમારીથી ૧૨ કિમી દૂર સ્થાણું શિવમંદિરની માન્યતા છે. | ઉપરની દંતપંક્તિ | નારાયણી |
| ૩૪. | પંચસાગર : | સ્થાનનો નિર્ણય થઈ શક્યો નથી. | નીચેની દંતપંક્તિ | વારાહી |
| ૩૫. | કરતોયા નદીના કાંઠે : | (બાંગ્લાદેશ) બોગરા સ્ટેશનથી ૩૦ કિમી દૂર, ભવાનીપુર પાસે | ડાબુ તલ્પ | અપર્ણા |
| ૩૬. | લદાખ | કાશ્મીર કે સિલ્હટ (આસામ) સ્થાનનો નિર્ણય થઈ શક્યો નથી. એક મત એવો છે કે કૃષ્ણા નદીના કાંઠે જલમપુર પર્વત ઉપર | જમણું તલ્પ | શ્રીસુંદરી |
| ૩૭. | વિભાષ : | મેદિનીપુર જિલ્લા (પં. બંગાળ)માં પંચકુરા સ્ટેશનથી તામલુક જવાય છે. ત્યાં મંદિર છે. | ડાબું ગુલ્ફ | ક્પાલિની |
| ૩૮. | પ્રભાસક્ષેત્ર : | સંપૂર્ણ સોરઠ પ્રભાસક્ષેત્ર કહેવાય છે. ગિરનાર ઉપર અંબાજી મંદિર છે તે હોવું જોઈએ એવી અટકળ છે. | ઉદર | ચંદ્રભાગા |
| ૩૯. | ભૈરવ પર્વત : | ઉજ્જયિની ક્ષિપ્રા નદી પાસે | ઉપલો હોઠ | અવંતિ |
| ૪૦. | પંચવટી : | નાસિક, ભદ્રકાળીનું મંદિર | ચિબુક | ભ્રામરી |
| ૪૧. | ગોદાવરી કાંઠે | સ્થાનનો નિર્ણય થઈ શક્યો નથી. રાજમહેન્દ્રી પાસે હોવાની ધારણા છે. | વામગંડ | વિશ્વેશી |
| ૪૨. | રત્નાવલી : | હુગલી જિલ્લો | જમણો ખભો | કુમારી |
| ૪૩. | | સ્થાનનો નિર્ણય થઈ શક્યો નથી. મિથિલા પાસે હોવાની ધારણા છે. | ડાબો ખભો | ઉમાદેવી |







| શક્તિપીઠનું સ્થાન | | અંગ-આભૂષણનું નામ | શક્તિદેવીનું નામ |
|---|---|---|---|
| ૪૪. નલહાટી : | બંગાળમાં લુપલાઈન ઉપર સ્ટેશન છે. ત્યાંથી ત્રણ કિમી દૂર એક ટેકરી ઉપર | ઉદરનળી | કાલીદેવી |
| ૪૫. કર્ણાટક : | સ્થાનનો નિર્ણય થઈ શક્યો નથી. | કાન | જયદુર્ગા |
| ૪૬. વક્રેશ્વર : | બીરભૂમિ જિલ્લા (પ. બંગાળ)માં દુબરાજપુરથી ૧૦ કિમી દૂર | મન | મહિષમર્દિની |
| ૪૭. યશોર : | ખુલના જિલ્લા (બાંગ્લાદેશ)માં જેસોર ગામ છે તે | ડાબી હથેળી | યશોરેશ્વરી |
| ૪૮. લાભપુર | બંગાળમાં આહમદપુર-કટવા લાઈન ઉપર સ્ટેશન છે. | હાસ્ય | પુલ્લરાદેવી |
| ૪૯. નંદીપુર : | બીરભૂમિ જિલ્લા (પ. બંગાળ)માં સેંથિયા સ્ટેશન પાસે | હાર | નંદિનીદેવી |
| ૫૦. લંકા : | સ્થાનનો નિર્ણય થઈ શક્યો નથી. | નૂપુર | ઈંદ્રાક્ષી |
| ૫૧. વિરાટગ્રામ : | જયપુરથી ૬૦ કિમી દૂર | જમણા પગની આંગળીઓ | અંબિકા દેવી |

**('શ્રી શક્તિ-દેવાદિદર્શન' આધારિત)**

સતીના દેહના ટુકડા થવાથી વ્યગ્ર બનેલા શિવજી સાધના તરફ વળી એકાગ્રતામાં ડૂબી ગયા. તેમની એકાગ્રતા સાધનામાં ખલેલ પાડવો કઈ રીતે ? સર્વ દેવગણો વિચાર-સાગરમાં ડૂબી ગયા. સૌ જાણતા હતાં કે, ભગવાન શંકરની સમાધિ તોડવી, તેમના તપમાં ભંગ કરવો એ નાનીસૂની વાત નથી. તેમના તપનો ભંગ કરવો એટલે મૃત્યુને નિમંત્રણ આપવા બરાબર હતું.

પણ.....પણ.....

દેવોના દુ:ખને દૂર કરવા માટે, સભામાંથી કામદેવે અને તેની પત્નિ રતિએ ભગવાન શંકરને સમાધિમાંથી જગાડવા માટે બીડું ઝડપ્યું અને આ કાર્યમાં તેને તેના મિત્ર વસંતની મદદ માગી. વસંતે સંપૂર્ણ સહકાર આપવાની ખાતરી આપી અને જો આ કાર્ય સફળ થાય, ભગવાન શંકર સમાધિમાંથી જાગે, તો હિમાલયની પુત્રી પાર્વતી સાથે તેમનાં લગ્ન કરાવવાં એવો નિર્ણય લઈ સૌ દેવગણ વિખરાયું. કારણકે, પાર્વતી પોતાના અપારરૂપ સૌંદર્યને કારણે ગૌરી પણ કહેવાતાં હતાં અને નિત્યનિયમ પ્રમાણે ભગવાન શંકરની પૂજા કરવા સારુ આવતાં હતાં. તેમની પણ મનોઈચ્છા ભગવાન શંકરને પોતાના પતિ તરીકે સ્વીકારવાની હતી.

અને પછી તો શ્રીકામદેવે અને વસંતે ભગવાન શંકરને સમાધિમાંથી જગાડવાની યોજના વિચારી અને તેના અમલ રૂપે વસંતે તેનું અપાર સૌંદર્ય પ્રસાર્યું. ભગવાન શંકર જ્યાં તપ કરતા હતા તે તપોભૂમિનું વાતાવરણ બદલાવવા લાગ્યું. વસંતના સૌંદર્યના આગમન સાથે જ ઉપવન ખીલી ઉઠ્યું. દક્ષિણાયનનો સૂર્ય એકાએક દિશાંતર થઈ ઉત્તર તરફનો થયો. સુગંધીદાર અનિલ વનરાજીઓને ડોલાવી રહ્યો. સુંદરીના પગના સ્પર્શ પછી જ જેનાં પુષ્પો ખીલે છે એવા અશોકવૃક્ષ ઉપર એકાએક પુષ્પો બેઠાં. આંબાના વૃક્ષ ઉપર આમ્રમંજરીઓ ખીલી ઊઠી અને અંકૂરો ફૂટવા માંડ્યાં. ભમરાઓ આમતેમ ઉડી કામણગીત ગાવા લાગ્યા. એ જોઈ કોકિલના સમધુર ટહુકા શરૂ થયા જે સાંભળી માનુની સ્ત્રીઓ પણ પ્રિયતમને મળવા તલપાપડ થવા લાગી. પલાશ (ખાખારા)નાં લાલ રંગનાં પુષ્પો જાણે કે, વનસ્થલીલાના શણગાર બની બેઠાં. વન, તૃણ, વૃક્ષ, લતા અને ગુલ્મ વગેરે માદક સુગંધી વેરવા લાગ્યાં. ખરી પડેલાં પાંદડાં જોઈને વનનાં હરણાં મધુરગતિની ચાલે ચાલવા લાગ્યાં. પોતાની પ્રિયાને અનુસરતા ભ્રમરે પુષ્પરૂપી એક જ પાત્રમાંથી મધુપાન કરવા માંડ્યું. હરણે નીચી આંખ કરીને બાજુમાં ઊભેલી મૃગલીને શિંગડા વડે







ખણવા માંડ્યું. અને યૌવનનારીઓના અધર છલકાઈ ઊઠ્યાં. અને આમ વસંતે તેની માદકતાભરી મોહિનીથી શંકરની તપોભૂમિ ઉપર જાદુ છલકાવી દીધું અને આવી મદમસ્તીભરી મોસમી વાતાવરણને લઈને ...અને ...અને ... શંકરની સમાધિ તૂટી.....

...એ જ સમયે હિમાલયપુત્રી પાર્વતીજી ભગવાન શંકરની પૂજા સારુ તપોભૂમિમાં પ્રવેશી. શંકરની નજર પાર્વતીજી સામે મંડાણી અને એ જ તક સાધી આમ્રવૃક્ષની ડાળીમાં સંતાઈ બેઠેલા કામદેવે શંકર ઉપર કામબાણ છોડ્યું. સમાધિમાંથી ચલિત થયેલા શંકર આખીય પરિસ્થિતિ પામી ગયા. અને કામબાણ છોડનાર કામદેવને પોતાનું ત્રીજું લોચન ખોલી ત્યાંને ત્યાં ભસ્મ કરી દઈ ફરીથી અંતરધ્યાન થઈ ગયા.

ફરીથી અંતરધ્યાન થવાથી પાર્વતીજીને અપમાનજનક લાગ્યું. અને પુનઃ ધ્યાનસ્થ થયેલા શંકરને જાગ્રત કરવા તેઓએ નિશ્ચય કર્યો. અને તે માટે ઉગ્ર તપશ્ચર્યા કરવા તેઓએ ઘરેથી ચાલી નીકળવાનો સંકલ્પ કર્યો. અને તે વાત તેમની માતા કે જે મેરૂપર્વતની પુત્રી અને હિમાયલની પત્ની થતાં હતાં તે મેનાએ જાણી. ત્યારે તેમને તેમની પુત્રી પાર્વતીને આવી ઉગ્ર તપશ્ચર્યા તરફ નહિ જવા માટે ઘણું સમજાવ્યાં; પણ પાર્વતીજી પોતાના વિચારોમાં મક્કમ રહી તપશ્ચર્યા કરવાં ચાલી નીકળ્યાં. તે સમયે "ઉમા (તપમાં કુસ) અરે જઈશ નહિ." એમ કહીને તપ કરવા જતાં રોક્યાં ત્યારથી તે પર્વતપુત્રી ગૌરીનું શુભ નામ ઉમા પડ્યું. પોતાની માતાનો ઉગ્ર વિરોધ હોવા છતાં, પાર્વતી-ઉમાએ ઉગ્ર તપ-સાધના તરફ આગળ વધવાનો મક્કમ નિરધાર કરી તપ કરવા ચાલી નીકળ્યાં. અને ઉગ્ર તપ-સાધના કરી ભગવાન શંકરને પ્રસન્ન કર્યા અને દેવોની યોજના-મુજબ તેમની સાથે લગ્નથી જોડાયાં. તેથી તેમને કાર્તિકેય અને ગણપતિ નામના બે પુત્રરત્ન થયા. કાર્તિકેય સ્વામી ઉંમરલાયક થતાં તેમણે દેવોની સેનાની નેતાગીરી સંભાળી અને તારકાસુર સામે લડવા માટે વ્યૂહ વિચારવા લાગ્યા. સરસ્વતીના ઉત્તર કાંઠે દેવોનું રાજ્ય હતું, તેના દક્ષિણ કાંઠે અસૂરોનું રાજ્ય હતું, મૂંડાણ ગામે મૂંડનું રાજ્ય હતું. સાંભાસણા ગામે શંભુનો નિવાસ હતો. મહેસાણામાં મહિષાસૂરનું મથક હતું. બેચરાજી પાસે રાંતેજ ગામે રક્ત-બીજ વગેરેની રાજધાની હતી. ખંભાત પાસે તારાપુર એ તારકાસુરનું મથક હતું. દેવોએ લશ્કરી છાવણી સરસ્વતીના ઉત્તર કિનારે રાખી. કાર્તિકેય સ્વામીએ સેનાપતિ તરીકે આવીને બિંદુ સરોવર પર પડાવ નાખ્યો. (તેની યાદગીરીમાં ત્યાં મૂર્તિ છે.) ત્યાર બાદ દેવો અને અસૂરો વચ્ચે જંગી મોરચો મંડાણો. સંગ્રામ સનસનાટીભર્યો બની ગયો. પણ આખરે સત્યનો જય થયો. અસૂરીવૃત્તિવાળા અસૂર-રાક્ષસોનો પરાજય થયો અને આસૂરોના સમગ્ર પ્રદેશ ઉપર દેવોએ આધિપત્ય સ્થાપ્યું. સરસ્વતીના દક્ષિણ કિનારેથી તારકાસૂરના મથક સુધીનો સમગ્ર પ્રદેશ કબજે કરવા માટે કાર્તિકેયે દિગ્વિજયયાત્રા આરંભી. અસૂરોના મુખ્ય મથક હેડંબાવનમાંથી અસૂરોનું નામનિશાન મટાવી દીધું. ત્યાં કાલેશ્વર મહાદેવ છે, ત્યાં ભગવાન શંકરનો પડાવ હતો. અને તેની બાજુમાં શ્રી ઉમામ્બાનું મંદિર છે, તે જગ્યાએ શ્રી ઉમાનો પડાવ હતો. દેવોની સેનાના સેનાપતિ તરીકે કાર્તિકેય સ્વામીના પડાવના પ્રતીકરૂપે સિદ્ધપુરમાં બિંદુ સરોવરના વાયવ્ય ખૂણે તેમની મૂર્તિ આજ પણ વિદ્યમાન છે. તેમની સવારીના અગ્રભાગે રહેતા શ્રીગણેશજીનો પડાવ ઐઠોર ગામે હતો. તેની યાદગીરીરૂપે ત્યાં હાલ પણ શ્રી ગણપતિનું પ્રસિદ્ધ સ્થાન છે. આ સવારીની આજુબાજુના પ્રદેશોમાં ભગવાન શંકરના ગણોએ જુદેજુદે સ્થળે, જ્યાં જ્યાં પડાવ નાખેલા ત્યાં ત્યાં હાલ પણ પ્રસિદ્ધ વીરોનાં સ્થાનો ઉપસ્થિત છે અને આમ આ પૌરાણિક હકીકતના આધારે કહી શકાય કે, પ્રાચીનકાળના ઉમાપુર અને આજના ઊંઝામાં શ્રી ઉમિયામાતાજીના સ્થાનની આદ્યપ્રતિષ્ઠા તારકાસૂરના કાળમાં થયેલી હોવી જોઈએ અને કાળના અવિરત પ્રવાહની સાથે સાથે તે કડવા કોમની કુળદેવી તરીકે પ્રસ્થાપિત થયાં હશે. તે આજદિનપર્યંત તે કોમના હૈયામાં અખૂટભાવે જીવતાં-જાગતાં રહ્યાં છે અને અનંત કાળ સુધી રહેશે.

•

# યજ્ઞ-મહોત્સવનું વિચાર બીજ



પર્વતમાળામાંથી ફૂટેલું નાનકડું ઝરણું, પર્વતમાળાઓની ઝાડી-ઘાટી અને ચડ-ઊતર પસાર કરતું કરતું, જેમ-જેમ આગળ વધતું જાય તેમ તે ઝરણું તેનો પટ અને પ્રવાહ વધારતું વધારતું જ્યારે એક વિશાળ મેદાનમાં આવી સરિતાનું રૂપ ધારણ કરે છે ત્યારે તે સરિતાનો અખંડ પ્રવાહ અનેકોનાં તરસ્યાં હૃદયોને સાંત્વન આપવાનું પવિત્ર કાર્ય પાર પાડતું હોય છે. પણ એ વિશાળ સરિતાના મૂળનો પ્રેરણાસ્રોત તો પર્વતમાળાની ગૂંફામાં અદૃશ્યભાવવાળું પેલું ઝરણું હોય છે.

આખા ઓરડાના અંધકારને દૂર કરનાર, એક ખૂણામાં મૂંગા મને પ્રકાશ ફેલાવનાર દીપકજ્યોત પણ ઝીણી હોય છે.

એક નાનકડી ફૂલકળીમાં સુગંધનો ભંડાર ભરેલો હોય છે. અને આખા શરીરમાં મહાન કુદરતે બક્ષેલાં ચક્ષુરત્નોમાં રહેલી ઝીણી કીકીઓ વિશ્વનાં દર્શન કરાવવાની કામગીરી બજાવતી હોય છે.

અને એક વિશાળકાય વડલાના મૂળમાં સૌપ્રથમ નાનકડું બીજ ધરતીમાં રોપાણ કરેલું હોય છે અને તે બીજના અંકૂરમાંથી વટવૃક્ષનું સ્વરૂપ નિર્માણ પામતું હોય છે.

અને આમ, નાનકડી ચીજ-વસ્તુ મહાન નિર્માણની પ્રેરણાદાતાનું પાવન જન્મસ્થળ બનતી હોય છે.

કોઈ પણ શુભ ઘડીએ કરેલા વિચારો અને લીધેલા નિર્ણયો ભાગ્યના પરિવર્તન માટે ફળદાયી બનતા હોય છે. કારણકે શુભ ઘડીએ કરેલા વિચારો અને લીધેલ નિર્ણયો શુભ સંકેતો પ્રસારતા-પ્રસારતા વાયુમંડલ નિર્માણ કરે છે. નિર્માણ થયેલું વાયુમંડલ વિચાર અને નિર્ણયનો પિંડ બાંધી તેને ફળસ્વરૂપ કરવાનું પોષણક્ષમ કરવાની ઉત્તમ સ્થિતિનું ભાગ્ય ઘડે છે, પછી તે વ્યક્તિ હોય કે સંસ્થા. આમ તેના ફળસ્વરૂપના નિર્માણમાં-જીવનપરિવર્તનમાં કોઈ યોગ્ય સમયનું કાળબળ કામ કરતું હોય છે. જો તેવું ન હોત તો, ઘનઘોર રાત્રિના અંધકારમાં ભગવાન શંકરના લિંગ ઉપર કૂદાકૂદ કરતાં ઉંદરડાંને જોઈને મૂળશંકરના મનમાં ઊઠેલા ભાવોએ તેમને મહાન તપસ્વી, ક્રાંતિકારી, ધર્મ અને આર્ય સમાજના પ્રણેતા એવા આર્યપુરુષ મહર્ષિ દયાનંદ સરસ્વતી તરીકે ઉપસાવ્યા, તેમાં પણ કાંઈ શુભ કાળ-બળે જ કામ કર્યું હશે ને ?

અને રસ્તે જતા વટેમાર્ગુઓને લૂંટીલૂંટીને પોતાના પરિવારનું ગુજરાન ચલાવતા પેલા રત્ના લૂંટારાને મહાન આર્યઋષિ વાલ્મિકીમાં ફેરવનાર પણ એકાદ શુભપળ હશે ને ?

અરે ! પોતાની પત્ની રત્નાવલીમાં સદાય મસ્ત રહેનારને, રત્નાવલીના એક વિચાર-મેંણાએ જ ભગવાન રામના ભક્ત તુલસીદાસનું નિર્માણ કર્યું હશે ને ?

અને વહેલી પરોઢના પોતાની ભેંસને ગામના તળાવે પાણી પાવા જતા પેલા બેચરભાઈ પટેલની નજર સામે આવતા જૈન સાધુ ઉપર પડી અને તે સાધુ મહાત્માને ભેંસ મારે નહિ તે માટે, ભેંસને બીજી દિશા તરફ વાળવા માટે ધોકો મારનાર બેચરભાઈને, બિચારા જાનવરને નહિ મારવાનો દયાભાવે ઉપદેશ આપનાર જૈન સાધુની વિનંતી ખુદ બેચરભાઈને જ બીજી દિશા તરફ વાળી મહાન આચાર્યશ્રી બુદ્ધિસાગરમાં પરિવર્તન કરનાર પણ કોઈ શુભ ઘડીએ જ કામ કર્યું હશે ને ?

અરે ! પેલા પંચાવન વર્ષની ઉંમરે સંસારનો મોહ છોડી ત્યાગ કરી; સાધુ બનવા નીકળેલા પેલા ડોસા છગનને સાધુ ન બનતાં સમાજની સેવા કરવાની અને સમાજનાં બાળકોને કેળવણી આપવાની વિચાર-દિક્ષા આપનાર કોઈ સંત મહાત્માના આદેશને પોતાના શિરે ચઢાવી, અંધકારભર્યા યુગમાં કેળવણી-જ્યોત પ્રગટાવવાની મંઝિલ ઉપર પ્રયાણ કોઈ શુભ ચોઘડિયે જ આદર્યું હશે ને ?

અને આમ, વ્યક્તિ હોય કે સંસ્થા તેના વિચાર-

વિકાસમાં કાળ-બળ કામ કરતું હોય છે. અને તે કાળ-બળ યોગ્ય, શુભ સમયે પ્રગટ થાય, ત્યારે તેને ઝીલી માવજત આપવામાં આવે, પવિત્ર ભાવનાથી વિકસાવવામાં આવે તો તેનાં શુભ ફળદાયી પરિણામો આવ્યા વગર રહેતાં નથી.

અને ઉમિયામાતાજીના ૧૮મી શતાબ્દી મહોત્સવ કરવાનું નાનકડું એવું 'વિચાર-બીજ' કોઈ શુભ પળે કે શુભ ઘડીએ કોઈના પવિત્ર હૃદયભૂમિ-મનમાં સૌપ્રથમ જન્મ્યું હશે. એ વિચાર-બીજનો દાણો પ્રગટ થયા પછી તેને કુનેહભરી માવજતથી યોગ્ય ભૂમિકામાં વણી તેને ધીરેધીરે ઉછેરતાં ઉછેરતાં તે યજ્ઞ કરવાના વિચાર-બીજમાંથી ૧૮મી શતાબ્દીના મહા મહોત્સવનું વટ-વૃક્ષ પ્રગટ્યું, ખીલ્યું અને વિશાળ પાયા ઉપર વિકસ્યું અને એ વિકસેલા વટ-વૃક્ષમાંથી નિર્માણ પામેલાં અમૃતફળ સમગ્ર કડવા પાટીદાર કોમની આજની પેઢી ચાખે છે અને ભાવિ પેઢી પણ અનંત કાળ સુધી તેનો આસ્વાદ લીધા કરશે.

આવો, આપણે જોઈએ, એક નાનકડા વિચાર-બીજમાંથી પ્રગટેલા મહોત્સવના કલ્પવૃક્ષની મહાન નિર્માણ કથા:

ઉમિયામાતાજીના કેટલાક ભક્તોએ ભજનકિર્તન સારુ 'ઉમામાઈ મંડળ' નામનું છેલ્લાં વીસ વર્ષથી મંડળ સ્થાપેલું છે. આ મંડળમાં જોડાયેલાં ભાઈ-બહેન રોજ રાત્રે માતાના મંદિરે આવી ભજનકિર્તન અને ઉમિયામાતાની ધૂન મચાવે. નવરાત્રિ મહોત્સવ કરે. અને રાસ-ગરબાની રમઝટ ફેલાવે. આ નવરાત્રિ મહોત્સવ જોવા ઊંઝાની આજુબાજુનાં ગામડાંઓવાળા નવરાત્રિમાં ખાસ આવે. માતાનો વાર્ષિક દિન હોય, વસંતપંચમીનો મેળો હોય કે ઈતર કોઈ તહેવાર-પ્રસંગ હોય ત્યારે આવનાર યાત્રાળુઓની બધી જ વ્યવસ્થા આ માઈ મંડળનાં ભાઈ-બહેનો કરતાં અને આમ માઈ મંડળનાં ભાઈ-બહેનો પોતાનો ભક્તિભાવ વ્યક્ત કરતાં રહેતાં હતાં.

રોજ રાત્રે ભજનકિર્તન થાય, ધૂન થાય અને તે પછી થોડા ઔપચારિક દુનિયાદારીની થોડીઘણી ચર્ચા-વિચારણા કરી આ માઈ મંડળનાં ભાઈ-બહેનો વિખરાય અને આમ કરતાં કરતાં દાયકા-બે દાયકાનાં વહાણાં વહી ગયાં.

અને એક દિવસ, કોઈ શુભ ઘડીએ, કોઈ શુભ ચોઘડિયે, રાત્રિના ભજનકિર્તનના અંતે કેટલાક ભાઈઓનાં મનમાં એકાદ નાનો-મોટો માતાજીનો યજ્ઞ કરવાની ઈચ્છા જન્મી અને એ મનમાં જન્મેલી ઈચ્છા-વિચાર દ્વારા બીજા સાથી ભક્તો સામે પ્રગટ કરી અને એ પ્રગટ થયેલી ઈચ્છા-ભાવના ધીરેધીરે એકબીજાનાં હૃદયોમાં ઘર કરવા માંડી અને યજ્ઞ કરવાની ભાવનાનું વાતાવરણ ઉપસવા લાગ્યું, વાતાવરણ ઘડાવા લાગ્યું અને એક દિવસ સૌ સાથીભક્તો સાથે મળી મંદિરના પૂજારી શાસ્ત્રી ભવાનીશંકર ગંગારામભાઈ મહેતા સમક્ષ યજ્ઞ કરવાની રજૂઆત કરી. પૂજારીશ્રીએ પણ તે વાતને પૃષ્ટિ આપતાં કહ્યું કે, "આપણે ઘણાં વર્ષોથી માતાજીની મૂર્તિને 'પૂજીએ છીએ તેની પ્રાણ-પ્રતિષ્ઠા થયેલી નહિ હોવાથી તેનું સત્વ-તેજ ક્ષીણ થયેલું છે; માટે ૨૦-૨૫ વર્ષે એકાદ નાનો-મોટો યજ્ઞ કરી દેવમૂર્તિમાં નવી ચેતના, નવું તેજનિર્માણ કરવાની ખાસ આવશ્યકતા છે અને જો તે આપણે તે નહિ કરીએ તો વખત જતાં મૂર્તિ ચેતનહીન, તેજહીન બનશે માટે વિધિ કરી પુનઃ પ્રાણ-પ્રતિષ્ઠા કરવી ખૂબ અનિવાર્ય છે."

પૂજારીનાં આવાં ઉત્તેજક વચનોથી ઉમિયામાઈ મંડળના ભક્તમંડળના કાર્યકરોમાં નવો ઉત્સાહ-નવે પ્રાણ પાંગર્યો. અને યજ્ઞ કરવાના મનમાં જન્મેલા વિચારબીજને પૃષ્ટિ મળી. તેમની ભાવના વધુ દૃઢ બની અને તેથી યજ્ઞ કરાવવાના સંકલ્પ માટે વધુ લોકોનો સાથ-સહકાર મેળવવા સારુ, ઉમિયામાતાજી સંસ્થાનની કારોબારી સભા વિ. સંવત ૨૦૩૨ના ચૈત્ર વદ-૫ને વાર રવિ તા.૧૮-૪-૧૯૭૬ના બપોરના ત્રણ વાગે સંસ્થાના ઉપપ્રમુખ પટેલ ગોબરભાઈ શંભુદાસના પ્રમુખસ્થાને મળી અને નીચેની દરખાસ્ત ઉપર ચર્ચા-વિચારણા કરી.

'માતાજીની પ્રતિષ્ઠા કરે ઘણાં વર્ષો થઈ ગયાં છતાં તેનો શતાબ્દી-મહોત્સવ ઉજવાયેલ નથી. તે ઉજવવા માટે વિચારણા કરવા બાબત.'

ઉપરની દરખાસ્ત ઉપર ચર્ચા-વિચારણાના અંતે નીચેનો ઠરાવ પસાર કરવામાં આવ્યો :

**ઠરાવ નં. ૧૦**







માતાજીનો શતાબ્દી મહોત્સવ ઉજવવા માટે ચર્ચા-વિચારણા કરી નક્કી કરવામાં આવે છે કે, સંવત ૨૦૩૩ના વૈશાખ માસ સુધીમાં અનુકૂળ સમયે ઉત્સવ ઉજવવાનું સર્વાનુમતે નક્કી કરવામાં આવે છે.

આવો ઠરાવ સર્વાનુમતે કરવામાં આવ્યો. અને થયેલા ઠરાવને અમલી બનાવવા માટે અને યજ્ઞ કરવાની વાત આગળ વધારવા માટે લોકો એકબીજાની આગળ આ 'વિચારબીજ' રજૂ કરવા લાગ્યા. અને પછી તે ધીરેધીરે યજ્ઞ કરવાની વાતની કાર્યવાહી આગળ વધવા લાગી. ઉમિયામાઈ મંડળના બદલે શ્રી ઉમિયામાતાજી સંસ્થાને યજ્ઞ કરવાની જવાબદારી માથે લેતાં લોકોનો ઉત્સાહ પણ વધવા લાગ્યો. અને તેથી તે વાતને ફળસ્વરૂપ બનાવવા માટે બીજી મીટિંગ સંવત ૨૦૩૨ના આસો સુદ ૭ ને વાર રવિ તા.૪-૭-૧૯૭૬ના સવારના નવ વાગે સિદ્ધપુરના ઈસબગુલના વેપારી શ્રીયુત્ કેશવલાલ વિઠ્ઠલદાસ પટેલના અધ્યક્ષપદે યજ્ઞ-મહોત્સવ માટેની વધુ વિચારણા કરવા સભા મળી. તે પહેલાં મહોત્સવ કરવા અંગેનાં શુભ મુર્હૂતનો અડસટો માતાજીના પૂજારીશ્રી અને નડિયાદના વિદ્વાન પૂ. સુખદેવજી અગ્નિહોત્રીએ મળીને નક્કી કરેલું તે મુજબ નીચે પ્રમાણેનો ઠરાવ કરવામાં આવ્યો. અને આ રીતે માતાજીનો મહોત્સવ કરવાના વિચાર ઉપર મહોર મારવાના રૂપે નીચેનો ઠરાવ કરવામાં આવ્યો :

**ઠરાવ નં. ૧**

શ્રી માતાજીનો મહોત્સવ ઉજવવા માટે માગસર સુદ ૨ ને મંગળ તા. ૨૩-૧૧-૭૬ થી તા. ૨૯-૧૧-૭૬ નો સમય નક્કી કરવામાં આવે છે. આ પ્રસંગ માટે ઊંઝા ગામનો પૂરો સહકાર મેળવી આગળની કાર્યવાહી કરવાનું નક્કી કરવામાં આવે છે.

- ઠરાવ સર્વાનુમતે પસાર.

અને આ રીતે યજ્ઞ કરવાના નાનકડા વિચાર-બીજમાંથી અંકૂર ફૂટી તેની ધીરેધીરે વેલ પાંગરવા માંડી. પાંગરેલી વેલમાંથી ડાળીઓની કળીઓ ખીલવા લાગી, પણ મહોત્સવના વૃક્ષના જતન માટે તથા ખર્ચનો વિચાર કાર્યકરોને મનમાં સતાવતો હતો. મહોત્સવ કરવા અંગે જે ચર્ચા-વિચારણાઓ થઈ તેને પહોંચી વળવા માટેની પ્રાથમિક ખર્ચની ચર્ચા-વિચારણા કાર્યકરો અંદરોઅંદર કરતા હતા. તે ખર્ચની ચર્ચાનો સૂર તે સમયે સભાના પ્રમુખસ્થાને બિરાજેલા શ્રી કેશવલાલભાઈના કાન સુધી પહોંચ્યો, ત્યારે તેમણે સભામાં ઉપસ્થિત લોકોને હૈયાધારણ આપતાં કહ્યું કે, "મહોત્સવના ખર્ચની ચિંતા તમો કરશો નહિ, તેને આપણે પહોંચી વળીશું." આવા પ્રોત્સાહક પ્રેરિત શબ્દોથી કાર્યકરોમાં નવો ઉત્સાહ અને નવા ઉમંગનો પ્રાણ પાંગર્યો. અને પછી તો આ મહોત્સવ ઊંઝા પૂરતો મર્યાદિત ન રહેતાં સમગ્ર ગુજરાત અને ગુજરાત બહારના સીમાડાઓ સુધી ધીરેધીરે પ્રસરવા લાગ્યો. તે સમયે આ મહોત્સવને '૧૮ મી શતાબ્દી મહોત્સવ' એવું નામાભિધાન આપી આગળની કાર્યવાહી ગોઠવવાની વેતરણમાં કાર્યકરો ખૂંપવા લાગ્યા.

૧૮ મી શતાબ્દી મહોત્સવ નામાભિધાન એટલા માટે કરવામાં આવ્યું કે, વિ.સં. ૨૧૨માં શ્રી વ્રજલાલજીએ આજનું ઊંઝા અને તે સમયનું ઉમાપુર વસાવી મહાદેવી ઉમાની સ્થાપના કરેલી એ ઐતિહાસિક હકીકત ધ્યાનમાં લઈને મહોત્સવનું નામ નક્કી કરવામાં આવ્યું. અને તે પરંપરા અનુસાર યોગ્ય અને સાર્થક હતું.

અને પછી તો મહોત્સવના વાતાવરણે લોકોનાં હૃદયમાં મમતાની માયા ઊભી કરવા માંડી. મહોત્સવ વિશાળ પાયા ઉપર, કડવા પાટીદારના જન-જન હૃદયને ઢંઢોળી તેના જીવનને નવજાગૃતિ બક્ષે તે રીતે ઊજવવાનો સંકલ્પ સૌ કોઈએ કરવા માંડ્યો અને પછી તો એક પછી એક સભાઓ અને બેઠકો મળવા લાગી. અને સંવત ૨૦૩૨ના શ્રાવણ વદ ૧૦ ને વાર શુક્ર તા. ૨૦-૮-૧૯૭૬ની રાત્રે ૮-૩૦ કલાકે સંસ્થાની કારોબારીની સભા મળી અને તેમાં નીચેનો ઠરાવ કરવામાં આવ્યો :

**ઠરાવ નં. ૧**

શ્રી માતાજીના મહોત્સવ માટે એવું નક્કી કરે છે કે, તા. ૨૪-૮-૭૬ ને મંગળવારે બપોરના ૩ કલાકે 'ઊંઝા માર્કેટયાર્ડ'માં જાહેરસભા રાખવી અને તે માટે સોમવારે ગામવાસીઓને સભા માટે જાણ કરવી અને સભામાં સર્વ ભાઈઓના પૂરા સહકાર માટે ચર્ચા-વિચારણા કરવી અને







ત્યાર બાદ કાર્યવાહીને આખરી ઓપ આપવો. જેથી નક્કી કરેલા સમયમાં યોગ્ય કાર્યવાહીની પૂરેપૂરી ગોઠવણ થઈ શકે તેવું ઠરાવવામાં આવે છે.

અને પછી તો માર્કેટયાર્ડ માટેની સભા બોલાવવા સારુ આખા ઊંઝા ગામમાં ઢંઢેરો પીટવામાં આવ્યો અને તે ગામસભાએ પૂરેપૂરો સહકાર આપવાની અને તન, મન અને ધનથી સંપૂર્ણ મદદ કરવાની ખાતરી ઉચ્ચારી અને આમ મહોત્સવના કાર્યની ભરાત દિવસે દિવસે વધુ ને વધુ ઊભરાવા લાગી અને મહોત્સવના કાર્યને આગળ વધારવા માટે સં. ૨૦૩૨ના ભાદરવા સુદ ૧૨ ને વાર રવિ તા. ૫-૯-૧૯૭૬ના રોજ ફરીથી કારોબારી મળી અને તેમાં નીચેના ઠરાવો કરવામાં આવ્યા. અને આમ વિચાર-બીજને ફૂટેલા અંકુર-વેલ ધીરેધીરે ઠરાવો-નિર્ણયોનાં વારિ સીંચી ઉછેરવાના કાર્યમાં સૌ કોઈ વ્યસ્ત બની રહ્યા :

**ઠરાવ નં. ૩ (૧)**

વ્યવસ્થાપક કમિટીના તા. ૧૮-૪-૭૬ના ઠરાવ નં. ૧૦ મુજબ શ્રી ઉમિયામાતાજીનો ૧૮મી શતાબ્દી મહોત્સવ (પાટોત્સવ)સં. ૨૦૩૩ ના વૈશાખ માસ સુધી અનુકૂળ સમયે ઊજવવાનું સૂચન થયેલું. જેની શ્રી ઉમિયામાતાજીની જનરલ સભાના તા.૧૩-૫-૭૬ના રોજ થયેલ ઠરાવ નં.૪ થી બહાલી આપવામાં આવે છે. અને તે મુજબ વ્યવસ્થાપક કમિટીના તા. ૪-૭-૭૬ના ઠરાવ નં. ૧ મુજબ ઊંઝા ગામનો સહકાર મેળવી આગળની કાર્યવાહી કરવાનું ઠરાવેલું તે મુજબ વ્યવસ્થાપક કમિટીએ તા. ૩૦-૮-૭૬ ની રાત્રે ૮-૩૦ કલાકે ઊંઝા ગામના આગેવાન નાગરિકોની એક મીટિંગ બોલાવેલી અને તેના અનુસંધાનમાં ચર્ચા-વિચારણાના અંતે નીચે મુજબના ઠરાવો સર્વાનુમતે કરવામાં આવે છે :

**ઠરાવ નં. ૩ (૨)**

સંવત ૨૦૩૩ના માગસર સુદ ૪ થી માગસર સુદ ૮ સુધી શ્રી માતાજીનો ૧૮મી શતાબ્દી મહોત્સવ ઊજવવાનું નક્કી કરવામાં આવે છે.

**ઠરાવ નં. ૩ (૩)**

આ અઢારમી શતાબ્દી મહોત્સવની માતાજીની સંસ્થાન વ્યવસ્થાપક કમિટીના સભ્યો ઉપરાંત નીચે જણાવ્યા પ્રમાણે ૧૦૫ સભ્યોની ૧૮મી શતાબ્દી મહોત્સવ ઊજવણી કમિટી નીમવામાં આવે છે અને તે કમિટી નીચે મુજબની કાર્યવાહી કરશે.

અ : આ પ્રસંગ માટે ફંડફાળો એકઠો કરશે.

બ : ફંડફાળાનો હિસાબ રાખશે.

ક : જુદીજુદી કમિટીઓ અને પેટા-કમિટીઓ નીમશે અને આવી કમિટીઓ પાસેથી હિસાબ મેળવશે.

ડ : ઉત્સવ નિમિત્તે થતો કુલ ખર્ચમાં જે ચોખ્ખો વધારો રહે તેના હિસાબો ઑડિટ કરાવીને શ્રી માતાજી ટ્રસ્ટની વ્યવસ્થાપક કમિટીને સોંપવાનો રહેશે.

**ઠરાવ નં. ૩ (૪)**

ઉત્સવ નિમિત્તે ખર્ચ બાદ જતાં જે ચોખ્ખો વધારો રહેશે તે શ્રી ઉમિયામાતાજી ટ્રસ્ટના ચોપડેશ્રી ઉમિયામાતાજી ૧૮મી શતાબ્દી મહોત્સવ વિકાસ ફંડ ખાતે જમા કરવામાં આવશે.

**ઠરાવ નં. ૩ (૫)**

ઉપર નં ૪માં જણાવેલા ફંડનો જે વધારો રહે તે આ અંગે નિમાયેલ ઉત્સવ કમિટીના સભ્યો તથા શ્રી માતાજીના કારોબારી સભ્યો મળી આશરે ૧૭૦ સભ્યો સમૂહમાં જે નક્કી કરે તે મુજબ શ્રી માતાજીના વિકાસના કામમાં આ ફંડનો વધારો વાપરવાનો રહેશે.

**ઠરાવ નં. ૩ (૬)**

આ પ્રસંગ નિમિત્તેના ખર્ચને પહોંચી વળવા સારુ જરૂર જણાય તો બંધારણને આધિન રહી કામચલાઉ વગર વ્યાજે લોન લેવી.

**ઠરાવ નં. ૩ (૭)**

આ ઉત્સવ નિમિત્તે ખર્ચમાં જે કંઈ નુકસાન રહે તે શ્રી માતાજીના ખર્ચ ખાતે માંડી વાળવામાં આવશે.

**ઠરાવ નં. ૩ (૮)**

આ ફંડ નિમિત્તે એકઠી થતી રકમના વહીવટ માટે શ્રી કડવા પાટીદાર કુળદેવી શ્રી ઉમિયામાતાજી ૧૮મી શતાબ્દી મહોત્સવ કમિટીના નામથી બેંકમાં ખાતું ખોલાવી

નાણાકમિટીના પાંચ સભ્યોને લેવડ-દેવડ કરવા માટે અધિકાર આપવાનો રહેશે.

**ઠરાવ નં. ૩ (૯)**

હવે પછી ઉત્સવ કમિટી જે કંઈ કાર્યવાહી કરે તેનાં ઠરાવ બુક તથા ચોપડાઓનો વહીવટ વગેરે અલગ રાખવો તથા ઉત્સવનું કાર્ય પૂરું થયા બાદ હિસાબ વગેરે ઑડિટ કરાવી શ્રી ઉમિયામાતાજી સંસ્થાન કમિટીને સુપરત કરશે.

મહોત્સવ કરવા અંગેના નિર્ણયના અમલરૂપે ઉપરના ઐતિહાસિક ઠરાવો કરીને સૌ કાર્યકરો પોત-પોતાની રીતે મહોત્સવના કાર્યની પૂર્વ તૈયારીઓમાં પરોવા લાગ્યા અને પછી તો, મહોત્સવના કાર્યની આધારશીલાઓ જેવી જુદીજુદી સમિતિઓની રચનાઓ થઈ અને વરાયેલી સમિતિઓ પોતપોતાની આગવી સૂઝ અને ડહાપણભરી રીતે પોતાના કાર્યમાં આગળ વધવા લાગી અને પોતાના કાર્યક્ષેત્રમાં આવતાં કાર્યોના જુદાજુદા ખર્ચના અંદાજો અંકાવા લાગ્યા, વસ્તુઓનાં લિસ્ટ થવા લાગ્યાં. કઈ ચીજ ક્યાંથી મળશે, ક્યાંથી રાહતના ભાવે મળશે તેવી ગોઠવણો થવા લાગી.

મહોત્સવ સમિતિ જુદીજુદી સમિતિઓ પાસેથી વિવિધ ખર્ચાઓના અંદાજો માંગવા લાગી.

સ્વાગત સમિતિ આવનાર યાત્રિકોના સ્વાગત માટેની વ્યવસ્થા ગોઠવવામાં પડી.

નાણાસમિતિ ગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છના ગામડેગામડે ફરી મહોત્સવના ખર્ચને પહોંચી વળવા માટે ફંડ માટેની ટહેલ લઈ ઘૂમવા લાગી.

પ્રચાર અને પ્રકાશન સમિતિ મહોત્સવનો સંદેશો ભારતભરમાં વસતા તમામ કડવા પાટીદારોને પહોંચે તેવાં પ્રચારનાં સાધનોની ટેકનિક કામે લગાડવામાં ગરકાવ રહેવા લાગી. અને માતાજીની આકૃતિઓ નવા સ્વરૂપે લોકોને દર્શન આપે તેવી યોજના વિચારવા લાગી.

યજ્ઞ સેવા સમિતિ યજ્ઞમાં કઈકઈ વસ્તુઓની જરૂર પડશે અને તે વસ્તુઓ ક્યાંથી સારી અને સસ્તી મળશે તેની યાદી માટે વિપ્રદેવોને મળવા લાગી.

સરભરા-ભોજન સમિતિ આવનાર યાત્રિકોને સારી રીતે ભોજન-પ્રસાદી આપી શકાય અને જમવા આવનાર કાર્યકરો અને જમનાર વચ્ચે સુમેળતા સચવાઈ રહે તે સારુ વિશાળ ભોજનગૃહ અને તે માટે જરૂરી સીધુ-સામાન મેળવવાની ગોઠવણ કરવામાં પડી.

મંડપ અને ઉતારા સમિતિ પણ આવનાર યાત્રિકોને ઊતરવાની અને રહેવા માટેનાં મકાનો મેળવવા તેમજ તેમાં ઓઢણાં-પાથરણાંની જરૂરિયાત મેળવવા જુદીજુદી સંસ્થાઓના સંપર્કો કરવા લાગી.

આરોગ્ય, પાણી અને દીવાબત્તી સમિતિ પણ આવનાર યાત્રિકોની ભીડને કારણે તથા અસંખ્ય માનવભીડની વચ્ચે પણ આરોગ્ય અને સફાઈ જળવાઈ રહે તેમજ પાણી-પુરવઠો સતત મળી રહે તેવી દીવા જેવી યોજના વિચારવા લાગી.

સલામતી અને વ્યવસ્થા સમિતિ પણ અસંખ્ય યાત્રિકોની વ્યવસ્થા જળવાઈ રહે અને યાત્રિકોને દર્શન કરવામાં કોઈ મુશ્કેલી ન પડે તવી સલામતીભરી વ્યવસ્થાની રચનામાં ગરકાવ બની.

વાહન-વ્યવહાર સમિતિ નાનાંમોટાં જે વાહનો જુદીજુદી દિશાઓથી આવે તેમને તેમની દિશઓમાં વાહનો ઊભાં રાખવાનાં સ્ટેન્ડો મળી રહે તેમજ ખાનગી બસો, એસ.ટી. બસો યાત્રિકોને લઈને આવે તે વાહનો માનવભીડમાં ખલેલ ઊભી ન કરે તે માટેની વ્યવસ્થા વિચારવામાં પડી.


પ્રસાદ સમિતિ પણ આવનાર યાત્રિકોને માતાજીનો પ્રસાદ ખૂબ સહેલાઈથી મળી રહે. દર્શન કરવા આવનારને પ્રસાદ મેળવવામાં કોઈ મુશ્કેલી ન પડે તેવી વ્યવસ્થા ગોઠવવા લાગી અને આવનાર યાત્રિઓના અંદાજ મુજબ પ્રસાદની વેતરણ કરવા માંડી.

અને આમ માતાજીના મંગલકારી મહોત્સવનું ભારે ધૂમધામ સાથે વાતાવરણ ખડું થવા લાગ્યું. જરૂરી ચીજવસ્તુઓ આવવા લાગી અને સમગ્ર ઊંઝા ગામના આબાલવૃદ્ધ સૌ કોઈ ભાઈબહેન પોતાના ઘરના આંગણે આવનારા મંગળ પ્રસંગની તૈયારીઓ કરતા હોય તેવા ભાવ સાથે તન્મય બનવા લાગ્યા. ઉમિયા માતાના મંદિરમાં દિવસે ન દેખાય તેટલી રાત્રે અને રાત્રે ન દેખાય તેટલી દિવસે



# શ્રી ઉમિયા માતાજી

## અઢારમી શતાબ્દી મહોત્સવ ※ સ્મૃતિગ્રંથ




માનવોની જનસંખ્યા ઉભરાવા લાગી અને ધીરેધીરે મહોત્સવનું વાતાવરણ ઊંઝા અને તેની આજુબાજુનો વિસ્તાર છોડી ગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છની ચારે દિશાઓમાં ગૂંજતું થઈ રહ્યું અને આ વાતાવરણના પડઘાના સમાચારો જુદાંજુદાં દૈનિકો, સાપ્તાહિકો, પાક્ષિકો, માસિકો અવારનવાર પ્રગટ કરી મહોત્સવના વાતાવરણને વધુ તેજદાર કરવા લાગ્યાં અને આમ આસો માસની નવરાત્રિ ગઈ, વિજ્યાદશમીએ વિદાય લીધી. શરદપૂનમનો ચાંદ ઊગીને આગામી દિવાળીનો સંદેશ આપતો અસ્ત બન્યો. અને સં. ૨૦૩૨ની દિવાળીના દીવા માતાજીના મંદિરે ઝગમગ્યા અને દેવ-દિવાળી પણ ક્યાં આવીને ક્યાં ગઈ તેની ભાળ, કાર્યમાં ગરકાવ થયેલા કાર્યકર્તાઓને ન રહી અને આમ જુદીજુદી સમિતિઓના કાર્યકર્તાઓ પોતાની વ્યવસ્થા ગોઠવવામાં દિવસરાત જોયા વગર મહોત્સવની તડામાર અને યુદ્ધના ધોરણે તૈયારીઓ તો કરતા; પણ કુદરત તેમની કસોટી કરવા મેઘનું સ્વરૂપ ધારણ કરીને ગુજરાત ઉપર અવતર્યા હોય તેમ તે કારતક માસના છેલ્લા દિવસોમાં તે પ્રગટ્યા. અને મેઘરાજા સમગ્ર ગુજરાત ઉપર જોરદાર હાસ્ય વેરતા હોય તેમ ખિલખિલાટ થવા લાગ્યા. કાર્યકર્તાઓની છેલ્લા છ માસની તૈયારીઓ ઉપર કુદરત અટ્ટહાસ્ય કરતી હોય તેવું ક્ષોભભર્યું વાતાવરણ ખડું થઈ ગયું. કમોસમી મેઘરાજા એક-બે દિવસ આવીને રહી જશે તેવા આંક સાથે ગણિત ગણનારા કાર્યકરોને મેઘરાજાએ ભુલાવામાં નાખ્યા. છેલ્લા દસ-બાર દિવસ સુધી ગુજરાતભરમાં આ કમોસમી વરસાદ 'નવા ચોમાસાનું' રૂપ ધારણ કરીને વરસ્યા કર્યો અને આમ સતત વરસતા વરસાદને જોઈને કાર્યકરોનાં મન ચેન-બેચેન થઈ ઉદાસ થવા લાગ્યાં. મહોત્સવની તૈયારીઓને એક આંચકા સાથે ઠંડી પાડી દેતા વરસાદથી કાર્યકરો મૂંઝવણ અનુભવવા લાગ્યા. અને મનોમન 'શું કુદરતે ખેલ માંડ્યો છે ?' તેવા દુઃખદ સ્વરો કાર્યકરોના હૈયાના ઊંડાણમાંથી સરકવા લાગ્યા.

ગુજરાતભરમાં જામતું જતું ચોમાસુ કોઈ શુભ સંકેતના અણસાર સાથે આવ્યું છે કે, મહોત્સવને થંભાવી દેવાની આડખીલીરૂપે આવ્યું છે તે વિચારમાં ને વિચારમાં કારતક માસનું છેલ્લું પખવાડિયું વિદાય થઈ ચૂક્યું. મહોત્સવને આડે માત્ર આંગળીને વેઢે ગણાય તેટલા બે-ચાર દિવસ બાકી રહ્યા. તે પણ ક્યાંય જતા રહેશે તેની કલ્પના પણ નહિ રહે. 'શું જોશી મહારાજનું કાઢેલું મુહૂર્ત ખોટું પડશે ? શું મહોત્સવ મુલતવી રાખવો પડશે ? શું માતાજીની આ મહોત્સવ ન થાય તેવી મરજી હશે ?' તેવા સંકલ્પો-વિકલ્પો સાથે બાકીના દિવસો પણ ઝડપભેર ઊગ્યા અને આથમ્યા. હવે રહ્યો માત્ર વચમાં એક જ દિવસ. દિવસ જ નહિ, રહ્યા માત્ર ગણતરીના કલાકો જ. અને ત્યાં તો કેટલાક કાર્યકર્તાઓ ગુજરાતના સંતશિરોમણિ તપસ્વીમૂર્તિ એવા સિદ્ધપુર નિવાસી પૂ. દેવશંકર મહારાજ (ભટ્ટજી)ને ત્યાં પહોંચી જઈ પોતાની વિતક કથાની વિનંતી કરી. કાર્યકર્તાઓના હૃદયની વ્યથાનો ભાર મુખ ઉપર છવાયેલો જોઈ કાર્યકર્તાઓને આશ્વાસન આપતા હોય તેમ ભાવિ સંકેતો આલેખતા બોલ્યા : "ગભરાશો નહિ. મહોત્સવ રૂડી રીતે પૂરો થશે, કોઈ મુશ્કેલી આવશે નહિ." આવો ગુરુવર્યનો શ્રદ્ધેય આશ્વાસનભર્યો અને હૈયાના દુઃખને હળવો કરતો સંદેશો લઈને કાર્યકરો પાછા આવ્યા પણ મેઘતાંડવ ઓછું ન થયું. અને તેથી મહોત્સવ મુલતવી રાખવો કે, કુદરતના પડકારને ઝીલી પૂરો કરવો તેનો આખરી નિર્ણય કરવા તા. ૨૩-૧૧-૭૬ને રોજ એક વિશાળ સભા માતાજીના મંદિરમાં બોલાવવાનો મહોત્સવના આયોજકોએ વિચાર ગૂંથ્યો. કારણકે, મહોત્સવના વિચાર-બીજ ઉપર મેઘરાજાનો માર બીજને મહોવરાવી દે તે પહેલાં તેનું આરક્ષણ જરૂરી માની સભા બોલાવવામાં આવી હતી.

**તા.ક.**

સંસ્થાના ઠરાવોમાં મહોત્સવ અંગે જુદી જુદી તારીખો છે પણ મહોત્સવનો પ્રારંભ તા. ૨૫-૧૧-૧૯૭૬ ને ગુરુવાર અને પૂર્ણાહુતિ તા. ૨૯-૧૧-૧૯૭૬ ને સોમવાર નિશ્ચિત રહી હતી. તે વાંચકોએ ખાસ ધ્યાનમાં રાખવું.

•



# અડગ નિર્ધારનો જયઘોષ

મહોત્સવની પૂર્વ તૈયારી રૂપે, છેલ્લા છ માસથી ચાલતી તૈયારીઓ માટેની દોડધામ અને કાર્યકર્તાઓના ઉત્સાહ અને ઉમંગની કોઈ સીમા ન હતી; પણ તે ઉત્સાહ અને ઉમંગને મંદ પાડી દેતા છેલ્લા દસ દિવસથી વરસતા વરસાદે અનેક કાર્યકર્તાઓને મૂંઝવણભરી પરિસ્થિતિમાં મૂકી દીધા હતા. મહોત્સવના આગલા બે-ત્રણ દિવસ પહેલાં તો ગુજરાતભરમાં હળવાથી ભારે સુધી થયેલા વરસાદે કાર્યકર્તાઓનાં હૃદયમાં ડગમગની વરાળ ઊભી કરી હતી અને તે વરાળને કારણે મૂંઝવણભરી પરિસ્થિતિ જન્મી હતી. અને તેથી આ મૂંઝવણભરી પરિસ્થિતિમાં મહોત્સવ ચાલુ રાખવો કે મુલતવી રાખવો તેવો તર્ક-વિતર્ક અનેકોનાં હૃદયોમાં શરૂ થયો હતો. કેટલાક કાર્યકર્તાઓ ગગનનું સ્વરૂપ જોઈને મહોત્સવ મુલતવી રાખવાનું પણ સૂચન કરતા; ત્યારે કેટલાક કાર્યકર્તાઓ શ્રદ્ધાના રણકા જેવો પડઘો પાડતાં કહેતા કે, "આ મહોત્સવ ગમે તેવી પ્રતિકૂળ પરિસ્થિતિ ઊભી થાય તોપણ પાર પાડવો જોઈએ." આવો પણ એક અવાજ હતો. અને તેથી આ વિસંવાદ પરિસ્થિતિનો વિચાર કરવા ઉત્સવના આગલા દિવસે તા. ૨૩-૧૧-૭૬ ના રોજ સવારના અગિયાર વાગે તમામ સમિતિઓના ચેરમેન અને કાર્યકર્તાઓની એક અસામાન્ય એવી વિશાળ સભા બોલાવવામાં આવી. અને દરેક સમિતિના ચેરમેન અને કાર્યકર્તાઓનો વરસાદને કારણે ઊભી થયેલી પરિસ્થિતિ અંગે શું કરવું તેનો અભિપ્રાય માગ્યો અને શું નિર્ણય કરવો તેનો આખરી સૂર સ્પષ્ટ કરવા પણ જણાવ્યું, કે જેથી આંગણે આવીને ઊભેલા મહોત્સવને અંગે નિર્ણય લઈ શકાય. અને ખરેખર ! દરેકે દરેક કાર્યકર્તાઓના હૃદયમાં ગમે તે કારણે મહોત્સવને પરિપૂર્ણ કરવાના શ્રદ્ધાના અંકૂરો પ્રગટ્યા. અને સૌ કાર્યકર્તાઓએ એકી અવાજે 'હિંમત અને શ્રદ્ધા'ની સામે કસોટી કરવા ફેંકેલા પડકારને ગમે તે ભોગે પાર પાડી લેવાનો મક્કમ નિર્ધાર જાહેર કર્યો. ગમે તેવી વિપરિત અને વિકટ પરિસ્થિતિમાં પણ મહોત્સવનું કાર્ય અટકવું જોઈએ નહિ, તેવા બૂલંદ અવાજ સાથે દરેકે કહ્યું અને કાર્યકર્તાઓની આવી અજબ શ્રદ્ધાનો-રણકો ચારે બાજુ ગૂંજી ઊઠ્યો અને મહોત્સવ પૂર્ણ કરવાનો 'જયઘોષ' સાંભળી મહોત્સવ સમિતિના ચેરમેનશ્રીએ પણ એટલા જ ઉત્સાહથી નાણા-સમિતિને સ્પષ્ટ આદેશ આપ્યો કે; *'મહોત્સવના કાર્ય અંગે કોઈ પણ કાર્યકર્તા પૈસો લેવા આવે ત્યારે તેને એમ ન પૂછતાં કે, "ક્યા કામ અંગે પૈસા જોઈએ છે." પણ સામે એમ પૂછજો કે, "કેટલા પૈસા જોઈએ છે ?" એમ પૂછી તે માગે તેટલા રૂપિયા આપજો; પણ આ મહોત્સવમાં આવનાર યાત્રિઓ અને દર્શનાર્થીઓને કોઈ પણ પ્રકારની તકલીફ ન પડે તે ખાસ કાળજીપૂર્વક જોજો."*

આવા મહોત્સવ સમિતિના ચેરમેનશ્રીના સૂચને કાર્યકર્તાઓના હૃદયમાં અસીમ શ્રદ્ધા અને ઉત્સાહ પ્રગટાવ્યાં અને પ્રગટ થયેલા ઉત્સાહ સાથે સૌ એકી અવાજે 'ઉમિયામાતાની જય'નો ગગનભેદી અવાજ કર્યો. અને એ અવાજ ગગનનાં વાદળાં સાથે ટકરાઈ ગયો, જાણે વાદળોને કહેતો હોય કે, "હવે તમો વિખરાઈ જાઓ ! અમે માના મહોત્સવનો 'જયઘોષ' કરી દીધો છે અને આવતી કાલે તેનો શુભ પ્રારંભ થઈને જ રહેશે !"

●

# મહોત્સવની પૂર્વ સંધ્યાએ



ઉત્સવ કરવાના જયઘોષ પછી સૌ કાર્યકર્તાઓ પોતપોતાના કાર્યને છેલ્લો ઓપ આપી વ્યવસ્થિત કરવાની ધૂનમાં વળગી પડ્યા. ન કરે નારાયણ અને વરુણદેવ ખુશ ને ખુશ રહી વરસ્યા કરે તો તેને પહોંચી વળવાની સંપૂર્ણ તૈયારીઓનું આયોજન વિભાગવાર રીતે સૌ કોઈ કરવા લાગ્યા. વરસાદ પડે કે, બરફની પાટો આકાશમાંથી પડવા લાગે તેનો મુકાબલો કરી, કોઈ પણ યાત્રાળુને કોઈ પણ પ્રકારની મુશ્કેલી ન પડે તેવું 'યુદ્ધના ધોરણે' આયોજન થવા લાગ્યું.

યજ્ઞ સેવાસમિતિએ યજ્ઞનું કાર્ય સંપૂર્ણ રીતે વ્યવસ્થિત અને ક્રમ અનુસાર કોઈ પણ પ્રકારની ખલેલ વગર ચાલે તેવી યોજના ઘડી કાઢી હતી.

મંડપ-ઉતારા સમિતિએ પણ આવનાર યાત્રિકોને ઉતારા માટે કોઈ મુશ્કેલી ન પડે તે સારુ જુદાજુદા ઠેકાણે ઉતારા માટેની યોજના તૈયાર કરી હતી. અને તે સારુ ઊંઝા ગામની સાર્વજનિક સંસ્થાઓ તથા એશિયાના મોટામાં મોટા જીરાવરિયાળીના ગંજબજારની તમામ દુકાનોમાં ઉતારા માટેનું આયોજન કર્યું હતું.

બાંયધરી, સલામતી અને વ્યવસ્થા સમિતિએ પણ પોતાના સ્વયંસેવકદળને ખડે પગે તૈયાર રહેવાનો આદેશ આપ્યો હતો કે, આવનાર યાત્રિઓને કોઈપણ પ્રકારની મુશ્કેલી ન પડે, તેમજ વરસાદથી કાદવ અને કિચડ થાય અને તેમાંથી ઊભા થતા અવનવા પ્રશ્નોનો સંપૂર્ણ રીતે પહોંચી વળવાની વ્યવસ્થાની તૈયારીઓ કરી હતી.

આરોગ્ય, પાણી અને દીવાબત્તી સમિતિએ પણ વરસાદ તેમજ યાત્રિઓના ભારે ધસારામાંથી આરોગ્યના અને પાણીના ઊભા થતા પ્રશ્નોને સંપૂર્ણ તાગ મેળવી લઈ ગમે તેવી વિકટ પરિસ્થિતિમાંથી માર્ગ કાઢવાનું આયોજન વિચારેલું અને ભારે માનવમેદનીથી ઊભા થતા આરોગ્યના પ્રશ્નો અંગે ઊંઝામાં તમામ ડૉક્ટરોને તૈયાર રાખેલા. તે ઉપરાંત ઊંઝા નગરપાલિકાના આરોગ્ય વિભાગે પણ પોતાની સંપૂર્ણ શક્તિ આ કાર્ય પાછળ કેન્દ્રિત કરી હતી.

વાહન-વ્યવહાર સમિતિએ પણ આવનાર યાત્રિકો જો વરસાદ અને એવા કોઈ વિપરિત સંજોગોને લીધે બહારનો વાહન-વ્યવહાર અટકે અને આવેલા યાત્રિઓને જવા આવવામાં અવરોધ ઊભો થાય તો ઊંઝાના તમામ ટ્રાન્સપોર્ટવાળાઓએ એવી વિશ્વસનીય હૈયાધારણ આપેલી કે, આવેલા યાત્રિઓને કોઈ પણ પ્રકારની મુશ્કેલી વગર દેશના કોઈ પણ ખૂણા સુધી અમો પહોંચાડીશું અને કોઈ પણ સાધનસામગ્રી લઈ જવી હશે કે લાવવી હશે તે કાર્ય પણ પાર પાડીશું. તેથી તમામ વાહનવાળાનું આશ્વાસન એક મોટું બળ બનીને ખડું હતું.

રસોડાનું સરભરા સમિતિનું કાર્ય તો વ્યવસ્થાની દૃષ્ટિએ અને સલામતીની દૃષ્ટિએ ખૂબ જાગૃતિ માગી લે તેવું હતું. અને તે કાર્યભાર સંભાળનાર કાર્યકરોએ તે માટે ચિંતનશીલ અને સાથેસાથે સંવેદનશીલ બની કાર્યની યોજના કરી હતી. આવનાર યાત્રિઓને ભોજન-પ્રસાદી લેવામાં કોઈ પણ પ્રકારની મુશ્કેલી ન પડે તે સારુ તેમને ઊભા કરેલા નવ ભોજન-મંડપો નવી ટાટ-પત્રિઓથી મઢી દીધા હતા કે, જેથી ચાલુ વરસાદમાં પણ યાત્રિઓ ખૂબ શાંતિથી ભોજન લઈ શકે. અને એકીસાથે પંદર હજાર યાત્રિઓ ભોજન લે તેવા ભોજનખંડો તૈયાર કરેલા હતા. જે આખાય મહોત્સવના





ઈતિહાસને એક આગવું યશપાસું પૂરું પાડે તેવી તેમની યોજના તેઓએ ઊભી કરી હતી.

સ્વયંસેવક સમિતિએ પણ કોઈ પણ વિકટ પરિસ્થિતિમાં પણ વ્યવસ્થા ન તૂટે અને આવનાર યાત્રિકો ખૂબ શાંતિથી અવરજવર કરી શકે તે સારુ ઊંઝાના તમામ વિસ્તારો ઉપર છવાઈ જઈ શિસ્તબદ્ધ રીતે કાર્ય ઉપાડી લેવાનો સંકલ્પ કર્યો હતો. તે ઉપરાંત જ્યાં માતાજીનું મંદિર છે, ત્યાં આગળ બંદોબસ્ત વધુ જાળવવા માટે, તેમજ કોઈ ગઠિયા અને ખિસ્સાકાતરુઓ ભારે મેદનીનો ગેરલાભ ન ઉઠાવે તેની ચકોર દૃષ્ટિએ કામ લેવાની સૂચનાઓ સાથે આગળ વધી રહ્યા હતા.

આ બધાના પ્રેરણા કેન્દ્ર સમી મહોત્સવ સમિતિએ પણ વિવિધ સમિતિના ચેરમેનોને અને તમામ નાના-મોટા કાર્યકરોને વિશ્વાસપૂર્વક આગળ વધી આવનાર યાત્રિઓને કોઈ પણ પ્રકારની મુશ્કેલી ન પડે તેમ કરવા હૃદયપૂર્વકની વિનંતી કરી હતી અને તેમ કરવામાં નાણાંનો પ્રશ્ન વચમાં લાવવાનો નથી તેવો સ્પષ્ટ આદેશ પણ કર્યો હતો. ખર્ચ ગમે તેટલો થાય તેની દરકાર કર્યા વગર પરિસ્થિતિને પહોંચી વળી આખો મહોત્સવ પરિપૂર્ણ થાય તે માટે જે કંઈ કરવું પડે તે કોઈની પણ સૂચનાની રાહ જોયા વગર કર્યા કરવાની સ્ફૂર્તિમય સલાહ આપી હતી.

પ્રસાદ સમિતિએ પણ આવનાર યાત્રિઓને અને દર્શનાર્થીઓને માતાજીનો પ્રસાદ સહેલાઈથી મળે અને બીજી કોઈ મુશ્કેલી ન પડે તેવી રીતે યોજના વિચારી ગોઠવાઈ જવાનો બંદોબસ્ત વિચાર્યો હતો.

સ્વાગત સમિતિ પણ દરેક કાર્યકર્તા સાથે સંયમશીલ અને વિવેકપૂર્ણ રીતે દર્શનાર્થીઓની સેવા કરવાના સૂરમાં સૂર મેળવી પોતપોતાની કામગીરી માટે અને આવતી કાલે આવનારા માના પ્યારા ભક્તોનું ભાવભીનું સ્વાગત કરવાનું હૈયાથી સ્વીકારી લઈ સંપૂર્ણ જાગ્રત રહી હતી.

પ્રચાર અને પ્રકાશન સમિતિએ પણ પોતાની કામગીરીથી દરેક કાર્યકર્તાઓને તથા દર્શનાર્થીઓને મહોત્સવ અંગે સંપૂર્ણ માહિતી મળે તેમજ ઉતારા, ભોજન અને મંદિર તરફ જવા-આવવાના રસ્તાઓનું માર્ગદર્શન મળે તથા યાત્રિકોને જરૂરી પ્રાથમિક ઈતર માહિતી મળે તે સારુ જરૂરી સેવાઓના ટેલીફોન નંબરો પૂછપરછ, એસ.ટી. સ્ટેન્ડો, વગેરે સ્થળો દર્શાવતી "ભોમિયા" નામની એક માર્ગદર્શિક પત્રિકા પ્રગટ કરી હતી અને તે રીતે માતાજીના આ મહાન યજ્ઞમાં દરેક સમિતિના કાર્યકર્તાઓ અને ઊંઝાના નાગરિકો પોતાના તન, મન અને ધનની ફૂલ નહિ તો ફૂલની પાંખડી અર્પણ કરવા ખડે પગે તૈયાર રહ્યા હતા. અને વિશ્વવંદ્ય સ્વામી વિવેકાનંદના પેલા ચેતનામય શબ્દો દરેક જણે પોતાના હૈયાની આરસીમાં મઢ્યા હતા કે, "ઊઠો, જાગો અને ધ્યેય પ્રાપ્તિ સુધી મંડ્યા રહો." આવા શબ્દો પોતાના હૈયામાં અંકિત કરી બધા કાર્યકરો આવતી કાલના મા ઉમિયાના આંગણે યોજાનારા મહાન યજ્ઞના યશ ભાગીદાર બનવાના શુભ સંકલ્પ સાથે જાગ્રત બનીને એક સૈનિકની અદાથી ખડા થયા હતા. અને આમ આજની સુવ્યવસ્થિત યોજના એ આવતી કાલના વિજયનું ઐતિહાસિક પદ્દચિહ્ન બનીને રહ્યું.

હવે આવો, આપણે આવતી કાલે માના આંગણે યોજાનારા મહાન યજ્ઞનાં અને યજ્ઞ માટે પધારેલા માતાજીના ભક્તો, યાત્રિઓના દર્શન કરીએ.

●

# યજ્ઞવિધિ-દર્શન

શ્રી ૧૮ મી શતાબ્દી મહોત્સવમાં થયેલાં સહસ્ત્રચંડી મહાયજ્ઞ તથા વિવિધ પૂજન વિધિઓ કોને હસ્તે થઈ તેનું દિગ્દર્શન.

- યજ્ઞમંડપના શુભ ખાતમુહૂર્તની વિધિ શ્રી બાલચંદદાસ ઉમેદરામને હસ્તે થઈ. યજ્ઞમંડપની ધજારોપણ વિધિ પટેલ કાલીદાસ નરસિંહદાસને હસ્તે થઈ. સંવત ૨૦૩૩ના માગસર સુદ ૪ ને ગુરુવાર તા. ૨૫-૧૧-૭૬ ને રોજ પ્રારંભ થયો. તા. ૨૯-૧૧-૭૬ ના રોજ પૂર્ણાહુતિ થઈ.

### એ શુભ દિવસનો કાર્યક્રમ

- પ્રથમ દિવસના મંગલ પ્રભાતે વેદશાસ્ત્રસંપન્ન અને કર્મકાંડી એવા ઉત્તમ ૧૨૫, વિદ્વાન બ્રાહ્મણોના વેદધ્વનિ સાથે શુભ કાર્યનો આરંભ થયો. નવકુંડના પ્રત્યેક યજમાનો તથા બીજાં વિવિધ કાર્યોના યજમાનો સપત્નીક મંડપપ્રવેશવિધિ કરીને મુખ્ય યજમાન પા. સોમાભાઈ શંકરલાલ મોલ્લોત હતા. તેમના હસ્તે પ્રધાનદેવોનું સ્થાપન-પૂજનાદિ થયું. અને જે તે કુંડના જે જે યજમાનો હતા તેમને હસ્તે પૂજનવિધિ થઈ. સાયમ્ પૂજન-આરતી પછી પ્રથમ દિવસની સમાપ્તિ.

- બીજે દિવસે પ્રાતઃ પૂજનાદિ કર્યા બાદ જળયાત્રા પ્રયોગ થયો. તેમાં એક હજાર કળશોનું પૂજન દરેક તીર્થોદક સાથે, અભિષેક માટે યજમાન શ્રી મનજીભાઈ કરસનભાઈ હતા, તેમને હસ્તે જળયાત્રા અભિષેક જળનો વિધિ થઈ. સાયમ્ પૂજન આરતી વગેરે.

- દિવસે પ્રાતઃ પૂજન થયા બાદ માતાજીના પ્રાસાદ મંદિર ઉપર ધ્વજદંડની વિધિ મુ. વિહારના એકતાલીસ ગામના કડવા પાટીદારોને હસ્તે થઈ. સમસ્ત તીર્થોદકના એક હજાર કળશોથી શિખર પર અભિષેક થયો તથા માતાજીની પ્રતિમા ઉપર વેદોક્ત ચારે વેદના મંત્રોથી વૈદિક વિધિથી શ્રી વાસુદેવ ભવાનીશંકર મહેતાને હસ્તે અભિષેક થયો. સાયમ્-પૂજન આરતી વગેરે.

- પ્રાતઃ પૂજનાદિ થયા બાદ મહાદેવની પૂજાવિધિ પટેલ ગોબરદાસ શંભુદાસને હસ્તે ષોડ્શોપચારથી કરાયો. તથા ગણપતિપૂજન પટેલ કાનજીભાઈ ચેલદાસને હસ્તે થયું. અને હનુમાનજીની પૂજાવિધિ પટેલ વિઠ્ઠલભાઈ હરગોવનદાસને હસ્તે થઈ. સાયમ્-પૂજન આરતી... વગેરે

- પ્રાતઃ પૂજનાદિ દરેક યજમાનો પાસે કરાવીને એક હજાર ચંડીપાઠનો દશાંશ હોમ દરેક કુંડોમાં થયો. સ્થાપિત દેવોનો હોમ થયો. સાંજે પૂર્ણાહુતિ થઈ. આમંત્રિત બ્રાહ્મણોને દક્ષિણા પુરસ્કાર-વિધિ થઈ. આશીર્વાદ પઠન બાદ જય ઉમામ્બાના ગગનભેદી ધ્વનિ સાથે જયજયકાર કરતાં યજ્ઞનું કાર્ય પાંચમે દિવસે સંપન્ન થયું.

•




પ્રાતઃ સ્મરણીય એવું પરોઢ સજાગ થઈ રહ્યું હતું. હેમંતનો મંદમંદ સુમધુર સમીર વાઈ રહ્યો હતો. અને એ આહ્‌લાદક અને હૈયાને ઠંડક આપતા પવનમાં પણ મા ઉમિયાનું મંદિર અને તેની ચોમેર બંધાયેલા મંડપોમાં માનવમેદની ઉભરાતી હતી. સૌના મન ઉપર ઉત્સવનો આનંદ અને સ્ફૂર્તિ ઉપસતાં હતાં. ઉભરાતો માનવમેળો અને તેમાંથી કંડારાતી ચેતનાથી આનંદની મૂર્તિસમુ સોહામણું વાતાવરણ ઊપસતું હતું.

યજ્ઞ કરાવનારા પૂ. વિપ્રદેવો સ્નાનાદિ કર્મથી પરવારી યજ્ઞ મંડપમાં ઉપસ્થિત થયે જતા હતા. યજ્ઞમાં બેસવા માટે જેમણે પાટલા ગ્રહણ કરેલા હતા, તે યજમાનો પણ સ્નાનાદિ કર્મથી પરવારી પોતાની ધર્મપત્નીઓ સાથે પૂજા-વિધિ માટે હાજર થઈ ગયા હતા. સૌના મનમાં આનંદ અને ઉત્સાહ ઉભરાતો હતો. માના ચોક આગળ અને તેની આજુબાજુ બાંધેલાં રંગબેરંગી તોરણો અને આસોપાલવથી મંડપો સુશોભિત થયેલા હતા. તે સુશોભિત રંગમંડપોમાં શરણાઈઓના સૂર, ઢોલકના ધ્વનિ અને તે સાથે બેન્ડવાજાના મધુર અવાજોથી મહોત્સવ માંડવો સ્વર્ગસમો સોહામણો શોભતો હતો. અને જાણે સાક્ષાત્ દેવગણો આ મહામૂલો અવસર જોવા અને તેનો આનંદ લૂંટવા પધારવાના હોય તેમ આખુંય વાતાવરણ અનુપમ એવું અદ્વિતિયસમ દીપી રહ્યું હતું અને તેમાંય માનવીઓનો ઉત્સાહ અને આનંદ અવર્ણનીય હતો. જેનું વર્ણન કરવા માટે સાક્ષાત્ માતા સરસ્વતી પોતાના સ્વહસ્તે સમુદ્ર જેટલી શાહી લઈ, પૃથ્વી જેટલો કાગળ લઈ અને કલ્પવૃક્ષની કલમથી આ મહોત્સવનું વર્ણન લખવા બેસે તોપણ તેનું વર્ણન પૂરેપૂરું ન કરી શકે તેવા આ મહા



# શ્રી ઉમિયા માતાજી

## અઢારમી શતાબ્દી મહોત્સવ ❋ સ્મૃતિગ્રંથ



મહોત્સવનું વર્ણન કરવાનું અમારા જેવા સામાન્ય માનવીનું ગજું કેટલું ? અને કદાચ કરવા બેસે તોપણ તે કરી શકે પણ કેટલું ?

અને આમ માનવીનો સ્વભાવ ઉત્સવ પ્રિય જેવો ઘડાયેલો જ હોય છે. ઉત્સવ નાનો હોય કે મોટો હોય પણ તેમાં પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે ભાગ લેનાર દરેક વ્યક્તિ આનંદનો આસ્વાદ માણીને જ રહે છે; ત્યારે આ તો ઉત્સવ ન હતો, મહા મહોત્સવ હતો, કડવા કોમની કુળદેવી મા ઉમિયાનો મંગલ મહોત્સવ હતો, ત્યારે તેના આનંદની સીમા કેમ હોય ! અને તેથી આ અલૌકિક એવા નૈસર્ગિક આનંદના યશ-ભાગીદાર થવા ઊંઝા નગરનાં નર-નારી, ઉત્સવના પદાધિકારીઓ, કાર્યકરો અને તે ઉપરાંત દૂરદૂરથી આવેલાં સૌ કોઈ સં. ૨૦૩૩ ના માગસર સુદ ૪ને વાર ગુરુ તા. ૨૫-૧૧-૭૬ના એક પ્રાતઃ કાળે માના ચોકમાં અને પાદરમાં રંગબેરંગી વસ્ત્રોમાં એકઠાં થઈ રહ્યાં હતાં. જેમાં આબાલ-વૃદ્ધ સૌ કોઈ હતાં. અને આમ માનવીઓનો નવરંગી મેળો જામતો જતો હતો.

હજુ પ્રભાત પૂરેપૂરું પાંગર્યું ન હતું. ઘણા દિવસથી અલોપ થયેલા સૂર્યનારાયણ આજે પણ દર્શન આપશે કે કેમ તેની ચિંતારેખાઓ માનવીના મનોભાવ ઉપર અંકિત થયેલી હતી; પણ માનો રળિયામણો ઉત્સવ હાથમાં લીધા પછી તેની ચિંતા શા માટે કરવી ? "માને આ અવસર જેવી રીતે પાર પાડવો હશે તેવી રીતે પાર પાડશે." તેવા મનોભાવ ઘટમાં ઘડી સૌ કોઈ ઉત્સાહભેર આવી રહ્યાં હતાં. કોઈ મંદિરના ઓટલે, કોઈ મંદિરના આંગણે, કોઈ યજ્ઞના મંડપમાં તો કોઈ માતાના ચોકમાં એકબીજા સાથે આનંદ અને હર્ષની આપ-લે કરતાં હતાં. સ્વયંસેવક બનેલા કાર્યકર્તાઓ પોતપોતાના માથે આવેલા કર્તવ્ય માટેની વ્યવસ્થામાં ગોઠવાઈ ગયા હતા. અને ત્યાં તો પૂ. વિપ્રદેવોના મંત્રોચ્ચારનો પ્રાતઃમંગલા આરંભ થયો. તેમાં યજ્ઞ-આચાર્ય પદે પ.પૂ. શાસ્ત્રી સુખદેવજી અગ્નિહોત્રી બિરાજમાન થયેલા હતા. અને બીજા વિદ્વાન બ્રાહ્મણો પોતપોતાના સ્થાન પર બિરાજમાન થયેલા હતા. યજ્ઞ-આચાર્યશ્રીના સૂચન અનુસાર ગણેશાદિપીઠ દેવોના સ્થાપનના મંડલો ભર્યા. અને જે-તે દેવો તથા જે તે કુંડના યજમાનો હતા તેમને પોતાના નિયુક્ત સ્થાને બેસાડ્યા બાદ શાંતિપાઠનો મંગલઘોષ સમગ્ર ભૂદેવોએ એકીસાથે કર્યો. જે મંગલ ધ્વનિથી સમગ્ર વાતાવરણ સંપૂર્ણ તેજોમય અને શાંતિપૂર્ણ બની રહ્યું; તેથી અનિષ્ટ તત્ત્વોના ઉપદ્રવનો ઉપરામ થયો. અને પછી યજ્ઞમાંના યજમાનો સજોડે મા ઉમાની મંગલ મહોત્સવ કરવાની આજ્ઞા લેવા માન રાજમંદિરે ગયા. અને ત્યાં આગળ પૂ. પૂજારીશ્રીએ માની પાદુકાઓ યજમાનોના મસ્તકે ધરાવી મંગલ કામનો આરંભ કરવાની સંમતિ દર્શાવી અને યજમાનો માના આશીર્વાદ લઈ પુનઃ પરત આવી સૌપ્રથમ રિદ્ધિ, સિદ્ધિ અને સમૃદ્ધિના દાતા એવા ગણપતિનું પૂજન કરવામાં આવ્યું. ત્યાર બાદ પૂન્યાહવાંચન, માતૃકાવાંચન, નાંદીશ્રાધ, આચાર્યબ્રહ્મા, ઋત્વીંગ આદિ બ્રાહ્મણોની વરણી થયા બાદ મંડપપ્રવેશ થયો. મધ્યપીઠ ઉપર મુખ્ય યજમાન સજોડે પૂજાવિધિ કરવા બેઠા. બાકી, બીજા યજમાનો પોતપોતાના યજ્ઞકુંડે ગોઠવાઈ ગયા. દરેક કૂંડે એક આચાર્ય, એક બ્રહ્મા અને એક હોમ કરાવનાર ભૂદેવ બેઠા. મુખ્ય પીઠથી પ્રધાનપીઠનું પૂજન શરૂ થયું તે પ્રમાણે બાકીના યજ્ઞો સામે બેઠેલા યજમાનોએ પૂજનાદિક વિધિ શરૂ કર્યો. દરેક દેવોના પૂજન બાદ અગ્નિ-સ્થાપન વિધિસર રીતે દરેક કુંડમાં કરવામાં આવ્યો. ત્યારબાદ ગ્રહસ્થાપન અને આમ યજ્ઞની વિધિનો મંગલ પ્રારંભ થયો અને જ્યારે યજમાનોએ મંડપપ્રવેશનો શુભ આરંભ કર્યો ત્યારે હાજર મેદનીએ 'ઉમિયામાતાજીની જય'થી આખોય મંડપ ગજવી મૂક્યો. અને તેના પાવન પડઘા પૂર્વના પ્રદેશ સાથે અથડાઈ રહ્યા. ત્યારે ધીરેધીરે પ્રભાતનો પ્હોર વિકસી રહ્યો હતો. આવનાર યાત્રિકો અવારનવાર માતાના મંદિરનો ઘંટરાવ કરી લોકોને સાવધ કરતા હતા. માના સન્મુખ જે પૂર્વનો ગગનપ્રદેશ ધીરેધીરે કેશરિયા રંગથી છવાતો હતો. માતાના શિખરે શોભતી લાલ ધ્વજા માનવીઓના આનંદ સાથે પોતાના આનંદનો સૂર મિલાવવા ફ...ર...ર...ફ...ર...ર... ફરકી રહી હતી. અને વિપ્રદેવોની દેવભાષા સંસ્કૃતના શ્લોકોની સૂરાવલી ધ્વનિયંત્રો દ્વારા દૂર-સુદૂર ગૂંજતીગૂંજતી કેશરિયા







રંગધારી પૂર્વના પ્રદેશના આંગણે જઈ ભગવાન સૂર્યનારાયણને, માતાનો આ મંગલ મહોત્સવ જોવા-પધારવા હાર્દિક આમંત્રણ આપતી હોય તેવું મંગલકારી દૃશ્ય દૃષ્ટિગોચર થતું હતું.

અને...ત્યાં...તો...

બરાબર, મંગલપર્વના પ્રારંભદિનની સવારે સાત ને એક મિનિટે માતાના સુવર્ણ શિખર ઉપર ભગવાન ભાસ્કરની તેજસ્વી રેખાઓ આલિંગન આપતી દર્શન દઈ, સૌના આનંદ સાથે આનંદ માણવા આવતી જોઈ ત્યારે હૈયા-હૈયામાંથી 'ઉમિયામાતાજીનો જય'નો જયઘોષ ગૂંજી રહ્યો.

સાતસાત દિવસના વિયોગ પછી આજે સૌપ્રથમ ભગવાન સવિતા નારાયણનાં દર્શનથી ઉત્સવઘેલાં માનવીઓનાં હૈયાં પૂલકિત બની રહ્યાં. અને તેથી પુનઃ પુનઃ 'ઉમિયામાતા કી જય'ના જયઘોષ લલકારવા લાગ્યાં. અને ત્યાં તો સાત-સાત દિવસથી સુસુપ્ત અવસ્થામાં રહેલા સૂર્યનારાયણ પોતાના તેજ પ્રકાશથી શણગારેલા અશ્વોની સવારી લઈ ઉષારાણી સાથે ઝડપભેર ઉગમતી દિશા તરફથી અવનિ તરફ પ્રકાશ વેરતા આવતા દેખાયા. અને થોડી જ વારમાં સ્વચ્છ નિર્મળ પ્રકાશનો તેજઃપૂંજ પૃથ્વી ઉપર તેમણે છૂટો મૂકી દીધો. સર્વત્ર પ્રકાશ-પ્રકાશ ખીલી ઊઠ્યો. માનવીઓના મન ઉપર, માતાના શિખર ઉપર, માતાના મંદિર ઉપર, માતાના ચોકમાં, માતાની ચારે બાજુ પથરાયેલી રવિ મોસમની વનરાજી ઉપર પ્રકાશની તેજ રેખાઓ ઝળહળી ઊઠી. ઘણાં દિવસે રવિનારાયણનાં દર્શનથી વનપ્રદેશના તરુવરો પણ નમસ્કાર ભાવ સાથે ડોલી ઊઠ્યાં. હરખાઈ ઊઠ્યાં, રોજ માતાના આંગણમાં ચણચણતાં પંખીઓ પણ આનંદ સાથે ગગનપ્રદેશમાં ઊડી માતાના મહોત્સવનો મંગલ-સંદેશ આપવા દૂર-સુદૂર જુદાજુદા માર્ગે વિહરી રહ્યાં.

સાત-સાત દિવસથી ઉત્સવ પ્રિયજનોને વિલાપમાં મૂકનાર સૂર્યનારાયણને જો તે વખતે પૂછવામાં આવ્યું હોત કે, "હે પ્રકાશમાન સૂર્યદેવ ! અમે જ્યારે માતાનો મહોત્સવ લઈ બેઠા, એવા શુભ અવસરે અમોને આટઆટલા દિવસો સુધી વિલાપમાં મૂકી આપ ક્યાં ગયા હતા ? શું તમારી સાથે અમારો કોઈ અપરાધભાવ પ્રગટ થયો હતો કે, પછી માતાના આ અવસરમાં અમારી કોઈ ભૂલ થઈ રહી હતી કે જેથી તમો આમ અમારાથી રિસાઈ બેઠા હતા ?"

આવો સવાલ જો કોઈએ તે સમયે ભગવાન સૂર્યદેવને પૂછ્યો હોત તો, કદાચ તેનો પ્રત્યાઘાત આપતાં તેમણે એમ કહ્યું હોત કે, "હે મારા પ્યારા માનવીઓ ! તમારો કોઈ અપરાધ ન હતો, તમારા અવસરમાં પણ કોઈ ભૂલ ન હતી, પણ જ્યારે તમો આવો મહાન મંગલકારી મહોત્સવ લઈને બેઠા હોય ત્યારે જગદંબા જગ જગેશ્વરી અને સર્વનું કલ્યાણ કરવાવાળી એવી દેવીઓની પણ મહાદેવી એવી માના અવસર વખતે મારે પણ કેટલીક ફરજો બજાવવાની હોય કે જેથી આ અવસર કરનાર અને અવસરમાં પધારનાર સર્વ કોઈ ને કોઈ પણ પ્રકારની મુશ્કેલી ન પડે, તે સારુ હું મારા કર્તવ્યમાં રોકાયેલો હતો. તેથી તમોને મળવા આવવામાં વિલંબ થયો."

સૂર્યનારાયણનો આવો જવાબ સાંભળી કદાચ માનવીઓમાંથી એવો પણ પ્રતિભાવ જાગે કે, તેઓ એવા તે ક્યા કર્તવ્યમાં રોકાયેલા હતા તે તેમના સ્વમુખે કેમ ન જાણવું ? આવી જિજ્ઞાસા કરી હોત તો કદાચ ભગવાન ભાનુ જિજ્ઞાસાનો જવાબ આપતાં ગણાવત કે, "હે માનવીઓ ! તમો જ્યારે આ મહોત્સવનું આયોજન વિચારતા હતા, ત્યારે અમો પણ તમારા મહોત્સવના કાર્યમાં રસ લઈ રહ્યા હતા અને અમે પણ વિચાર્યું કે, આ મહોત્સવમાં લાખો લોકોની ઉપસ્થિતિ રહેવાની છે અને તેમાં મોટા ભાગના લોકો ખેતીવાડી સાથે સંકળાયેલા છે. તે મા ધરતીના પ્યારા પુત્રો આ મહોત્સવનાં દર્શનનો પૂરેપૂરો રસલહાવાનો આનંદ ધરાઈ ધરાઈને માણી શકે તે માટે તેમને ખેતીવાડીના કાર્યમાંથી થોડા સમય માટે મુક્તિ મળે તેમ કરવું ઘટે અને બીજું, જ્યાં લાખોની જનમેદની જતી-આવતી હોય તેવા સમયે ધરતી ઉપરના ધૂળના ગોટેગોટા ઊડે, લોકોના શ્વાસોમાં ધૂળ જાય, આવનાર-જનારની આંખોમાં તે ઊડે અને સાથે આવેલાં નાનાં ભૂલકાંઓ મૂંઝવણ અનુભવે. આવા બધા પ્રશ્નોની શાંતિઅર્થે હું સૌપ્રથમ વરુણદેવ પાસે ગયો. તેમને સર્વ હકીકતથી વાકેફ કર્યા અને તેઓ મને મેઘ-સેનાપતિ પાસે લઈ જઈ મેઘને







આજ્ઞા કરી કે, "આ અવસર શરૂ થાય તે પહેલાં સર્વત્ર જલધારાઓ વહાવી કૃષિબાળકોના પાકને બચાવવા મદદ કરો અને ધરતી ઉપરની ધૂળ ન ઊડે તે સારુ માર્ગો ઉપર વર્ષાનો છંટકાવ કરો." આવી આજ્ઞા મેઘ-સેનાપતિને કરી અને મેઘે તેની વાદળ-સેનાને તૈયાર રહેવા હુકમ કર્યો, પણ વાદળો વરસાદનું નીર લાવે ક્યાંથી ? આ તો થોડી વર્ષાઋતુ હતી ? શરદે અને હેમંતે વાદળોના આવાસો ઠંડાં કરી નાખ્યાં હતાં. હવે આટલા બધા છંટકાવ માટે પાણી લાવવું ક્યાંથી ? અમોએ સાગરને વિનંતી કરી ત્યારે તેણે કહ્યું કે, "બિન સમયે તમો માગણી કરો તે કેમ બને ? છતાં આપવા તૈયાર છું, પણ મારી એક શરત તમારે સ્વીકારવી પડશે."

"તારી જે શરત હોય તે જલદી કહે. અમારે તારી બધી શરતો કબૂલ મંજૂર છે." અમે ઉતાવળે કહ્યું.

"તમે અત્યારે પાણીનો જે પૂરવઠો લઈ જાઓ તે પૂરવઠો ભગવાન શંકર જે પોતાની જટામાં ગંગાજીને સમાવી બેઠા છે, તે ગંગાજી દ્વારા મારો પાણીનો પૂરવઠો પાછળથી ભરપાઈ કરી અપાવવો પડશે. જો તમો આ શરત કબૂલ-મંજૂર રાખતા હોય તો તમો માગો એટલો પાણીનો પૂરવઠો આપવા તૈયાર છું." સાગરદેવની શરત સાથે અમે ભગવાન શંકર પાસે કૈલાસમાં ગયા. મહાદેવજી તો બધી હકીકતથી વાકેફ હતા જ. અમે સર્વ હકીકત કહીએ ત્યાં તો તેમની જટામાં વહેતી ગંગાજીને વાદળોને સમર્પિત કરી દીધી. વાદળોને લેવાય તેટલાં ગંગાનાં નિર્મળ નીર લેવાની આજ્ઞા કરી, એટલે અમારે સાગર પાસે પુનઃ જવાની જરૂર ન પડી અને એ પવિત્ર ગંગાનાં નીર તમારા મહોત્સવ પહેલાં તમારા સર્વત્ર પ્રદેશ પર છંટાયાં. હવે તમો જ કહો, આવા અગત્યના કાર્યમાંથી હું છૂટો પડું ત્યારે જ આવી શકું ને ?" ઘણા દિવસે ઉગેલા સૂર્યદેવના અદૃશ્યનાં કારણો જાણવા માનવીએ પૃચ્છા કરી હોત તો સૂર્યદેવ પાસેથી કદાચ આવો જવાબ મળત.

અને પછી તો સૂર્યસવારી પૂર્વનો તળપ્રદેશ છોડી આગળ ને આગળ વધવા લાગી; તેમ તેમ માના આંગણે માનવીઓની મેદની પણ વધવા લાગી. ઉમિયામાતાથી ઉત્તરનો-સિદ્ધપુર તરફનો માનવપ્રવાહ અને દક્ષિણ-મહેસાણા તરફનો માનવપ્રવાહ અને પશ્ચિમના પાટણ-બાલિસણા તરફનો માનવપ્રવાહ ઊંઝાના મશહૂર ગંજબજારમાં એકરૂપ થઈ આગળ વધતો હતો અને જ્યારે પૂર્વ તરફના વિસનગર-વાલમ માર્ગનો આવતો માનવપ્રવાહ, જ્યારે ગંજબજારથી છૂટેલા માનવધોધમાં ભળતો ત્યારે ગંગા-જમનાના સંગમ જેવું નિર્મળ દૃશ્ય ખડું થતું હતું અને જ્યારે આ મહામાનવ મહેરામણનો મહાપ્રવાહ માતાજીના પશ્ચિમ દિશાએ આવેલી પ્રાથમિક શાળા અને ઢોર પુરવાના ડબા આગળ થઈ આગળ વધતો ત્યારે માનવસાગરની ભરતીની પ્રક્ષાલ ક્રિયા ઝિલવા ત્યાં આગળ ખડું કરવામાં આવેલું 'ઉમિયા પ્રવેશ દ્વાર' માનવોના હર્ષોને આવકારવા પોતાની વિશાળ ભૂજાઓ ખુલ્લી કરી 'સુસ્વાગતમ્‌ના મંત્રસૂત્ર સાથે તત્પર થઈને ખડું હતું. આવા અવર્ણનીય એવા દૃશ્યને ઝડપવા દૂર-દર્શન અને કેમેરાની તીક્ષ્ણ નજરો ફરતી રહેતી હતી. અને આમ પાવન સંગમસમ જનમેદની ભાવવિભોર હૃદયે જ્યારે 'ઉમિયામાતાનો જય'નો જય લલકાર કરી, માનવ-પ્રવાહને સંયમિત કરવા બે લાઈનમાં લોખંડની રોલિંગમાં આગળ વધવા કાર્યકરો ઈશારો કરી માના રાજદરબાર તરફ આગળ વધવાનું કહેતા ત્યારે, માનાં દર્શનના મતવાલા માનવો કોઈને ધક્કામુક્કી ન થાય અને સૌ કોઈ દર્શનના અધિકારી છે તેવા સભાનપણે લોખંડની રોલિંગમાં ગંગાના પૂરની માફક માનવપ્રવાહ હિલોળા લેતો લેતો આગળ ને આગળ વધી રહ્યો હતો.

સાગરની ભરતીની માફક ચોર દિશાઓથી માનવો પોતપોતાની રીતે, અનુકૂળતા પ્રમાણે કોઈ ટેક્સીઓ લઈ, કોઈ રીક્ષાઓ લઈ, કોઈ ખટારામાં, કોઈ લકઝરી બસ લઈ, કોઈ ઊંટગાડી લઈ, કોઈ જીપકાર લઈ, કોઈ ટ્રેકટરો લઈ, કોઈ એસ.ટી. બસ દ્વારા, કોઈ રેલગાડીમાં, કોઈ સાઈકલ-સવારીમાં તો, કોઈ સ્કૂટર-સવારી ને વળી કોઈ મસ્તાના મતવાલા પગે ચાલીને માના મહોત્સવ તરફ વણથંભી કૂચ કરતા આવી રહ્યા હતા. આખા ઊંઝાની ધરતી માનવ પગરવથી ધમધમી રહી હતી. લોકોના મન ઉપર આનંદ અને ઉત્સાહનો અનેરો ભાવ ઉપસતો અને એમાંય રંગબેરંગી વસ્ત્રોમાં પરિધાન થયેલાં નરનારીઓ, કિશોરો અને નાનાંનાનાં







ભૂલકાંઓ પણ માનાં દર્શનની પ્યાસ બુઝાવવા ચારે તરફથી આવી રહ્યાં હતાં. અને આવતા માનવોનો સંગમ ઉમિયા પ્રવેશ દ્વાર સાગરની ભરતીનાં મોજાંની માફક આનંદના હિલોળા લેતો અને 'ઉમિયામાતાનો જય'ના નાદ ગૂંજવતો ગૂંજવતો માના રાજદરબાર તરફ આગળ ને આગળ વધતો ત્યારે તેમના મનની સુષુપ્ત શક્તિઓ તેજ રેખાઓની માફક પ્રકાશિત થતી હતી.

યાત્રિકોને એકઠા થવા સારુ બાંધવામાં આવેલા વિશાળ શામિયાણામાં કોઈ ભજન-કિર્તન તો કોઈ માના રસલહાવાના ગીતો લલકારતા હતા. શામિયાણાની બહાર નાનીનાની હાટડીઓ બાંધી, મંદિર તરફથી બાંધેલાં ભાવે ખાદ્યખોરાકની ચીજો યાત્રિકોને મળતી રહે તેવી વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી. અને 'આમ ચતુરંગી માનવમેળો લોખંડની રેલિંગમાં થઈ માના રાજદરબાર તરફ પ્રવાહિત થવા આગળ વધે અને માના મંદિરના કોટના દક્ષિણ તરફના ભાગની દીવાલ તરફ નજર નાખે તેની સાથે જ વિવિધ સ્વરૂપે બિરાજમાન મહા જગદંબાઓ જેવી કે, માત્તંગી, ધૂમાવતી, કાલી, ત્રિપુરભૈરવી, કમલા, સિદ્ધિદાત્રી, છિન્નમસ્તા, બ્રહ્મચારિણી, શૈલપુત્રી, તારા, સ્કન્દમાતા, મહાગૌરી, કૂષ્માન્ડા, ષૌડશી, ચંદ્રઘન્ટા, ભુવનેશ્વરી, કાલરાત્રિ, બગલા અને કાત્યાયની જેવી મહાશક્તિઓ આવનાર યાત્રિકો હેમખેમ રહે તે સારુ સ્નેહદર્શન આપતી નજરે ચઢતી હતી. તદુપરાંત સ્વયં સંચાલિત રાસ, માટી ખાતા કૃષ્ણનો કાન પકડી લાડભરી થપ્પડ મારવા હાથ ઉગામતાં જશોદામૈયા, જલધારી મહાદેવજી અને તે ઉપરાંત ઈલેક્ટ્રિક ડેકોરેશનથી વિવિધરંગી પશુ-પંખીઓના આનંદ ઝબકારા મારતાં દશ્યો યાત્રિકોના માનસિક અને શારીરિક થાક ઉતારી નાખતાં હતાં.

યાત્રિઓના વિશાળ પ્રવાહને કારણે, હેમંતઋતુ હોવા છતાં માનવગંગાનો જોશ એટલો બધો ઘટાટોપ હતો કે, લોકો પરસેવાથી રેબઝેબ થઈ જતા હતા અને તેથી ઊંઝાનાં યુવાનો, કિશોરો, વૃદ્ધો અને બહેનો આવનાર યાત્રિઓને સાંત્વન રહે તે સારુ કોટની બારીઓમાંથી અમી છાંટણાં, ઠંડા પાણીનો મધુર છંટકાવ અને પુષ્પવૃષ્ટિથી હાર્દિક સ્વાગત કરતાં હતાં.

બે ભાગમાં વહેંચાયેલી લોખંડની રેલિંગમાં નર-નારી અલગઅલગ માતાના દર્શનાર્થે આગળ ધપી રહ્યાં હતાં. આગળ વધતા યાત્રિઓના ઉપર ઈલેક્ટ્રિક પંખાઓ પણ યાત્રિઓને સેવાની લહેર પીરસી રહ્યા હતા. રેલિંગના માર્ગોમાં ખીચોખીચ ભીડાતી બહેનોના હાથમાં અને કેડમાં રહેલાં નાનાંનાનાં ભૂલકાઓને લીધે યાત્રિ બહેનો કંટાળી ન જાય તે માટે, ઊંઝાની મા-બહેનો પોતાના લાડકાં બાળકો માની દર્શનાર્થીની બહેનોના હાથમાંથી બાળકો લઈ બાળકોને ચોકલેટ કે બિસ્કિટ આપી બાળકોના કંટાળાને આનંદમાં ફેરવતી હતી. અને આમ ભક્તિ-સેવાનો પાવનસંગમ માના રાજદરબાર તરફ આગળ વધતો હતો. અને એ સાથેસાથે ઉત્સાહી દર્શનાર્થીઓ 'ઉમિયામાતાજીનો જય'નો ગગનભેદી જયઘોષ કરતા હતા. એ જયઘોષનો પ્રચંડ પડઘો ચોતરફ ગૂંજી ઊઠતો અને હેમંતના સુમધુર સમીરમાં લીન થઈ દસે દિશામાં વિસ્તરી જતો. અને આમ યાત્રિઓ બેસુમાર ગીરદીમાં પણ ઉત્સાહપૂર્વક આગળને આગળ, પોતાની ગતિ એક અખંડ એવા અમીર પ્રવાહની માફક કરે જતા હતા. આ પ્રવાહમાં નાના-મોટાનો કોઈ ભેદ ન હતો. ગરીબના ઘરથી માંડી શ્રીમંતના મહેલમાં વસવાટ કરતો, મોટા મોટા ઓફિસરથી માંડી નાના નાના ખોરડામાં રહી રાત-દિવસ મજૂરી કરનારનો એક સમાનભાવે માનવમેળો, અખંડ-અભેદ પ્રવાહ, વિશાળકાય ગંગાની પ્રચંડ ધારાની માફક મસ્તીભર્યો લહેરાતો-લહેરાતો માનાં ચરણ તરફ ભાવભરી રીતે આગળ વધી રહ્યો હતો. અને આવા રંગભર્યા એવા નવરંગી હેરતભર્યા નૈસર્ગિક દશ્યને જોઈ ધવલ ગગનનો સૂર્ય પણ વધુ ને વધુ હરખાઈ ઊઠી તેની તેજ પ્રભા છૂટા હાથે અર્પી રહ્યો હતો. અને આમ માનવીઓના ભીડની ગરમી અને સૂર્યના તાપની ગરમીથી યાત્રિઓનાં ગળાં ન સૂકાય તે સારુ કાર્યકર ભાઈ-બહેનો ચાલતા યાત્રિઓને મીઠા પાણીના પ્યાલા આપતા હતા. અને મધુર રસ-ઘૂંટડા પી યાત્રિઓ થોડી તૃપ્તિ અનુભવતા હતા. કારણકે, યાત્રિઓને તો ખરી પ્યાસ તો માનાં દર્શનની લાગી હતી. જ્યાં સુધી કલ્યાણકારી એવી અન્નપૂર્ણા મા ઉમિયાનાં દર્શન નહિ થાય ત્યાં સુધી તેમના હૈયાની પ્યાસ







બુઝાવવાની ન હતી. અને તેથી જલદી ને જલદી મા ના મંદિર તરફ આગળ વધી રહ્યા હતા. અને યાત્રિઓની ગતિ ધ્યાનમાં રાખી, મહોત્સવમાં આવનાર લોકો નિર્વિરોધ દર્શન કરી શકે તે સારુ મંદિરના પૂર્વ તરફના કોટનો ભાગ તોડી વિશાળ પ્રવેશ દ્વાર ખડું કરવામાં આવ્યું હતું. જ્યાં એ પ્રવેશદ્વારમાં યાત્રિઓ દાખલ થાય ત્યાં જ તેમનો ઉત્સાહ ભરતીના મોજાની માફક ઉછાળા મારી 'ઉમિયા માત કી જય'ના પુનઃ પુનઃ લલકાર પોકારી ઊઠતા અને તે નવા પ્રવેશ દ્વારમાં દાખલ થાય તેવાં જ સૌપ્રથમ તેને યજ્ઞનાં દર્શન થતાં. વિપ્રો પીળાં અને લાલ પીતાંબર પહેરી યજ્ઞવિધિ કરાવી રહ્યા હતા. અને યજ્ઞમાં બેસી પૂજા-વિધિ કરનાર ભાગ્યશાળી યજમાનો વિપ્રદેવોના બોલાતા શ્લોકોનો પુનઃ ધ્વનિ કરી વાતાવરણને સૌરભમય કરતા હતા. યાત્રિઓ શાંતિપૂર્વક યજ્ઞ-દક્ષિણા કરી યજ્ઞના દર્શન થતાં જ તેમના આનંદની સીમા ઓળંગાઈ જતી અને આનંદ સાથે તે પુનઃ 'ઉમિયામાતા કી જય' બોલી પોતાની હાજરીનો પ્રત્યક્ષ પુરાવો આપી યજ્ઞ મંડપમાં ફેલાયેલા આનંદ-ઉત્સાહમાં તે પણ સૂર પરોવતા.

આખાય યજ્ઞમંડપમાં ઝીણવટભરી રીતે એવી રચના કરવામાં આવી હતી કે, દર્શન કરવા આવનાર યાત્રિઓને યજ્ઞમંડપનાં ખૂબ સહેલાઈથી અને કોઈ પણ પ્રકારની મુશ્કેલી વગર નાનાં-મોટા સૌ કોઈ દર્શન કરી શકે તે સારુ પૂર્વના પ્રવેશદ્વારથી આગળ વધતા યાત્રિઓ માટેની જગ્યા ઉપર નર-નારીની લાઈન તૂટે નહિ અને અલગઅલગ પ્રવાહ સુરક્ષિત રહે તે સારુ પુરુષોની લાઈન ઉપર બે-બે ઈંટની પાળી કરી ઊંચી જગ્યા કરવામાં આવી હતી. કે જેથી બહેનોની આડ હોય તો યજ્ઞનાં પુરુષવર્ગ ખૂબ શાંતિથી દર્શન કરી શકે. અને આમ યોજનાબદ્ધ રીતે કરેલી કુનેહભરી ગોઠવણ ખૂબ સફળ થઈ હતી અને આમ નાનાં-મોટાં સૌ દર્શન કરતાં કરતાં અને માતાજીના મંદિરના અંદરના કોટ ઉપર નજર જાય ત્યાં જ મંદિરના કોટ ઉપર લખવામાં આવેલાં સાત્વિક ભાવવાળાં સુવાક્યો પોતાના હૈયામાં ઊતારી માતાના મંદિરનાં પગથિયાં તરફ આગળ વધતાં. યજ્ઞમંડપની અંદર પણ વ્યવસ્થા અકબંધ રહે તે સારુ રેલિંગની ગૂંથણી રાખવામાં આવી હતી.

અને યજ્ઞનાં દર્શન કરી યાત્રિઓ જેમજેમ આગળ વધતા તેમતેમ કાર્યકર ભાઈ-બહેનો હાથ પંખાથી પવન નાખી તેમના થાકને સાંત્વન કરી દેતા હતા. અને આમ યાત્રિઓનો પ્રવાહ મંદિર તરફ આગળ વધે તે સારુ લાકડાનું ઢાળવાળું સ્ટેજ માના મંદિરના પગથિયાં સુધી બનાવવામાં આવેલું હતું; તે સ્ટેજનો જેવો તે ઢાળ ઊતરે તેવો જ માતાનાં પગથિયાં ઉપર તે ખૂબ સહેલાઈથી ચડવા લાગે. અને પછી તો તે એક પછી એક પગથિયાં જેમજેમ ચડતા જાય તેમતેમ તે સાક્ષાત્ માતાના રાજદરબારમાં પ્રવેશ્યાની ધન્યતા અનુભવે. માનાં પ્રત્યક્ષ દર્શનની ઘણા લાંબા સમયની અંતરની પ્યાસ ધરાઈધરાઈને પૂરી કરે. અને પોતાના ખિસ્સામાંથી ફૂલ નહિ તો ફૂલની પાંખડી તેનાં ચરણોમાં સમર્પિત કરી ગદ્ગદ્ કંઠે અર્ચના-પ્રાર્થના કરી ભાવવિભોર હૈયે પોતાના ડગ માંડે ત્યારે પાછલી નજર માના રાજમંદિરમાં નાંખવાનું ચૂકતો નહિ. અને પવિત્ર મંદિરમાં બિરાજમાન સાક્ષાત્ જગદંબા જગ જગેશ્વરી કલ્યાણકારી એવી ભગવતી અન્નપૂર્ણા મા ઉમિયાના રાજદરબારને પણ રંગબેરંગોની સજાવટ કરી ફૂલવાડી રચવામાં આવી હતી. તે ફૂલો ઉપર સુગંધી પ્રસાવતાં અત્તરભર્યાં-અમી છાંટણાંથી અને અગરબત્તીઓની સોડમથી માનો આખોય રાજદરબાર મઘમઘતો કરવામાં આવ્યો હતો. અને આવા સ્વર્ગસમા દીપતા રાજદરબારમાં બિરાજમાન માનાં પાવન દર્શન કરી, પોતાની હાજરીના પુરાવા રૂપે ઘંટટંકાર કરી વાતાવરણને ગૂંજતું-ગાજતું કરતાં કરતાં યાત્રિપ્રવાહ જેમ આવ્યો હતો તેમ અલગઅલગ બે માર્ગમાં ફંટાઈ જતો. પુરુષ વર્ગ ડાબા હાથના માર્ગે થઈ અને બહેનો જમણા હાથના માર્ગેથી. માના પ્રસાદથી મીઠું મોં કરી મંદિરની બહાર નીકળી મંદિરના પશ્ચિમના ભાગ આગળ આવેલા ખારાકૂવા આગળ પોતપોતાના સ્નેહીઓને શોધી ભેગાં થતાં. ત્યારે દર્શન કર્યાના આનંદની એકબીજાં સાથે આપ-લે કરવાનું ભૂલતાં ન હતાં અને આમ દર્શન કરી ધન્યધન્ય બનેલાં યાત્રિઓ માની વિદાય લેતી વખતે છેલ્લી નજર મંદિર તરફ નાખતાં, ત્યારે સુંદર રીતે, રંગબેરંગી ઝબક દીવડાથી મઢેલું મંદિર અને તે મંદિરની શિખરે આવેલી માની વિજય પતાકા







હરખ સાથે 'મારા પ્યારાં બાલુડાં આવજો અને ક્ષેમકુશળ રહેજો' ના આનંદ આશીર્વાદ સાથે વિદાય સંજ્ઞા કરતી લહેરાતી હતી.

અને આમ સવારથી આવેલાં યાત્રિઓ સાંજના સમયે માનાં દર્શનની પ્યાસ પૂરી કરે ત્યારે તેમના આત્માને પૂરેપૂરો સંતોષ થતો અને તે સમયે, તે પોતાના વતન તરફ પરત વળતાં ત્યારે આદિત્યનારાયણ પશ્ચિમ તરફ પોતાનું પ્રયાણ વણથંભ્યું આગળ વધારી રહ્યા હતા.

પશ્ચિમ તરફ આગળ વધતા આદિત્યનારાયણ જેમજેમ વધુ ને વધુ વિહાર કરી આગળ વધતા તેમતેમ સંધ્યારાણી સોળે શણગાર સજી માના મહોત્સવનાં દર્શનનો લહાવો લેવા અને પૃથ્વીની પરિક્રમા કરી આવતા ભગવાન ભાસ્કરનું સ્વાગત કરવા તૈયાર થઈને બેઠાં હતાં. અને આખા દિવસની અવનીનું પરિભ્રમણ કરી સૂર્યનારાયણ જેવા સંધ્યાના આંગણે આવ્યા, ત્યાં જ સંધ્યાએ પોતાના પ્યારા પ્રભુનું હરખાતા હૈયે સ્વાગત કરી તેમને ગગનની પેલે પાર લઈ ચાલી ગઈ.

આખો દિવસ સ્વચ્છ અને નિર્મળ પસાર થયો. નિશાદેવીના આગમનનો અણસાર શરૂ થયો. આકાશ સ્વચ્છ અને શ્યામલ એવા ભુખરા રંગથી છવાયેલું હતું. અને એવા ગગનના ચંદરવે ઘણા દિવસે ચંદ્રનાં દર્શન થયાં.

ભગવાન શંકરની જટાના પ્રકાશમણિ-ચંદ્રને જોઈને યાત્રિઓનો અને કાર્યકરોનો ઉમંગ મહેંકી રહ્યો. જો તે વખતે કોઈએ ચંદ્રને પણ પૂછ્યું હોત કે, "હે શશીદેવ ! શું તમો પણ આમ, આટલા દિવસ સુધી ક્યાં ગયા હતા ? શું તમો પણ ભગવાન સૂર્યની માફક કોઈ કામમાં રોકાયેલા હતા કે શું ?"

જો તે વખતે એવો પ્રશ્ન ચંદ્રને પૂછવામાં આવ્યો હોત તો ચંદ્રે કદાચ આવો જવાબ આપ્યો હોત કે, 'ઓ ભલા માનવીઓ ! તમોએ જ્યારે આ મહામૂલો અવસર કરવાનો પાકો નિર્ણય કર્યો ત્યારે હું ભગવાન શંકર પાસે જ હતો.' તેમણે મને કહ્યું કે, "ભારતના મહાન ધરતીપુત્રોએ ઉમિયાજીના નામનો યશ-ગાતો મહાન યજ્ઞ કરવાનો પવિત્ર નિર્ણય કર્યો છે. અને તે મહોત્સવ ખૂબ સારી રીતે અને કળિયુગમાં કદી ન થયો હોય તેવો અભૂતપૂર્વ સફળતાવાળો બને તેવા આશીર્વાદ સાથેનો સંદેશો લઈને મેં શેષનાગને આજે પૃથ્વી ઉપરના ઉમાપુરમાં મોકલ્યો છે. તે ત્યાં જઈ પાછો ન આવે ત્યાં સુધી તમો મારી પાસે જ રહો. કારણકે, તેની ગેરહાજરીથી મને ગમશે નહિ. માટે તમો થોડા સમય માટે મારી પાસે રોકાઈને જજો." આવી ભગવાન ભોળાનાથની આજ્ઞા થતાં મારે તેમની પાસે રોકાવું પડેલું. અને જ્યારે નાગદેવતા તમોને દર્શન આપીને પાછા આવ્યા ત્યારે હું છૂટો થયો. અને આજે માના રળિયામણા એવા મંગલકારી મહોત્સવનાં દર્શન કરી હું ધન્ય બન્યો છું.

પશ્ચિમના ઢાળ ઉપર ઊગેલા ચંદ્રને તે સમયે, તેની ગેરહાજરીનું કારણ પૂછવામાં આવ્યું હોત તો કદાચ આવો જવાબ તેમના તરફથી મળતા.

અને આમ, ચોથના ચંદ્ર માના મહામૂલા અવસરનાં દર્શન કરી વિદાય લેવાની તૈયારીઓ કરતા હતા તેવા અવસરે તેમની ગેરહાજરીમાં મંગળ, બુધ, ગુરુ, શુક્ર, શનિ, રાહુ અને કેતુ નામના સેનાપતિઓ પોતપોતાની તારકસેના લઈ મહોત્સવનાં દર્શન કરવા આવતા દેખાતા હતા. અને ત્યાં તો જોત-જોતામાં સારાય ગગનના મેદાનમાં તારક સેના છવાઈ ગઈ. તારકસેનામાં પણ આ અવસરથી આનંદ સમાતો ન હતો. તેઓ ખૂબ હાસ્ય વેરતા હતા. તેમનું અનેરુ હાસ્ય જોને જો તે વખતે જેમ સૂર્ય-ચંદ્રને સવાલો પૂછ્યા તેમ આ તારક સેનાપતિઓ અને તારકોને પૂછ્યા હોત તો કદાચ તેઓ પણ એમ કહેત કે, "હે માનવીઓ ! તમારી યજ્ઞ કરવાની પવિત્ર ભાવનાથી અમો તો ખૂબ આનંદમાં આવી ગયા હતા. અને તેથી તમારા યજ્ઞ અંગેની તૈયારીઓ અમારે પ્રથમથી જ નિહાળવી હતી, પણ તે સમયે મેઘરાજાની સેના પોતાની ફરજ બજાવી રહી હતી. એટલે અમો તેમના કાર્યમાં વિક્ષેપ ન પડે એટલા માટે આકાશ-મેદાન છોડીને ચાલ્યા ગયા હતા. કારણકે, એક રાજાનું સૈન્ય જ્યાં પોતાને સોંપેલા કાર્યને પૂર્ણ કરવાની કામગીરી બજાવતું હોય ત્યારે બીજા સૈન્યે દખલગીરી ન કરવી જોઈએ તેવી સામાન્ય રીતભાત હોય છે. તેથી અમો



# શ્રી ઉમિયા માતાજી

## અઢારમી શતાબ્દી મહોત્સવ ※ સ્મૃતિગ્રંથ



થોડા દિવસ માટે આવી શક્યા ન હતા. અમોને તે બદલ રંજ છે, પણ બીજો કોઈ ઉપાય ન હતો." કદાચ તારકો અને તેમના સેનાપતિઓને પૂછવામાં આવ્યું હોત તો તેમના તરફથી આવો જવાબ મળ્યો હોત.

અને આમ તારકો અને નિશાદેવી પણ આ મહોત્સવનાં દર્શન કરી તૃપ્તિ અનુભવતાં હતાં. મહોત્સવનો પહેલો દિવસ સફળ થવાની તૈયારીમાં હતો. કાર્યકરોનો ઉત્સાહ-ઉમંગ સમાતો ન હતો. મહોત્સવના માંડવે આવતા વિવિધ વ્યવસ્થાના સંદેશાઓ શુભ અને ઉત્સાહજનક હતા. તેથી કાર્યને પોતાનું ગણીને કામ કરતા માનવ-માનવમાં આનંદના ફૂવારા ઊડતા હતા. તેમના મુખડા ઉપર ફૂલ ગુલાબી તેજી ચમકતી હતી. ગોઠવાયેલી વ્યવસ્થા તંત્રની માફક એકધારી રીતે સફળ કામગીરી બજાવતી હતી. તેમાં કોઈ ખલેલ કે ફરિયાદ ન હતી. કાર્યકરોએ પહેલા દિવસે દર્શનાર્થીઓની ધારેલી હાજરીનો આંક ઘણો આગળ નીકળી ગયો હતો. તેમણે પહેલાં દિવસે ૬૦ થી ૭૦ હજાર લોકો આવશે તેવી કલ્પના કરી હતી. પણ પહેલાં દિવસે જ લગભગ દોઢ લાખ યાત્રિઓ આવી ગયા અને તેથી કાર્યકરોને બીજા દિવસની તૈયારીઓ અંગેનો સ્પષ્ટ રાહ મળી ગયો. આ રીતે વિચારી રાત્રિના મધ્યાહ્ને માતાજીનાં દ્વાર દર્શનાર્થીઓ માટે બંધ કરવામાં આવ્યાં અને બીજા દિવસ માટેની તૈયારીઓમાં સૌ લાગી ગયા.

માતાજીના દ્વાર બંધ થયા, પણ માનવીઓના હૈયાં તો ખુલ્લાં હતાં. તેમનાં હૈયાં તો હિલોળે ચડેલાં હતાં. આખુંય ઊંઝા ગામ અને રસ્તાઓ, મહોલ્લાઓ, શેરીઓ અને ગલીઓ રંગબેરંગી તોરણોથી જુદાજુદા પ્રવેશ મંડપોથી મઢી દેવામાં આવ્યાં હતાં. રસ્તાઓ અને ચકલાઓ ઉપર જુદાજુદા વેપારી મહાજનો, યુવક મંડળો, સામાજિક મંડળો કે જ્ઞાતિ મંડળો એ યાત્રિઓને આવકારતાં સ્વાગત સૂત્રો તથા જુદીજુદી સેવાભાવી સંસ્થાઓએ પણ 'ભલે પધાર્યા'ના સ્વાગત સૂરમાં પોતાનો સૂર પુરાવી દીધો હતો. ઊંઝાના પ્રૌઢો, યુવાનો, કિશોરોમાં જે ચેતના હતી તેવી જ ચેતના માતાઓમાં, બહેનોમાં, કુમારિકામાં પણ હતી. અને મા ના મહોત્સવમાં રાસ-ગરબા અને દાંડિયાંની રમઝટ ખેલી પોતાના ઉત્સાહનું પ્રાગટ્ય કરતી હતી. અને આમ નિશાદેવીનું માયાનું આવરણ હોવા છતાં ઊંઝા ધબકતું, જીવતું-જાગતું અને ચેતનાથી છલકાતું હતું. ઊંઝાના નાગરિકોને મન રાત્રિ અને દિવસ એક 'રસમય' બની ગયાં હતાં. તેમને કોઈ થાક કે ઉજાગરો સતાવતો ન હતો. મહોત્સવની મમતાએ તેમના થાક અને ઉજાગરાને છેલ્લા ઘણાં દિવસોથી અલોપ કરી નાખ્યા હતા. અને આમ ઉત્સાહ, આનંદ અને સ્ફૂર્તિ સાથે મહોત્સવનો પ્રથમ મંગલદિન પૂરો કરી સૌ કોઈ બીજા દિવસ માટેના મંગલ વધામણામાં પડ્યાં.

આ મહોત્સવમાં જોડાયેલાં નાનાંમોટા સૌ કોઈ કાર્યકરોએ પાંચ દિવસનો એક અખંડ દિવસ બનાવ્યો હતો. તેમાં કોઈ વિરામ ન હતો. ઉજાગરાઓને તેમણે ઉજાશમાં, આળસને આનંદમાં, કંટાળાને તેમણે કર્તવ્યમાં અને થકાવટને તેમણે થનગનાટ અને તરસ-ભૂખને તેમણે પરિપાકમાં ફેરવી નાખ્યાં હતાં અને તેથી સૌનાં તન-મન મહોત્સવની સફળતામાં લાગેલાં હતાં.

ગોપીઓ જેમ જ્યાં નજર નાખે ત્યાં તેમને કૃષ્ણ જ કૃષ્ણ દેખાતા તેમ કાર્યકરોનું હતું અને પેલા અર્જુનને જેમ બીજું કંઈ દેખાતું ન હતું, તેને જેમ ફક્ત મત્સ્યની આંખ દેખાતી હતી તેમ નાનાં-મોટાં તમામ કાર્યકર ભાઈ-બહેનોને આ મહાન પર્વનો પુનિત અવસર જ દેખાતો હતો. ખાતાં, પીતાં, ઊઠતાં, બેસતાં કે ઈતર કોઈ કાર્ય હોય પણ વાત તો ઉત્સવની જ હોય. દરેક કાર્યકરના હૃદય અને શ્વાસમાં ઉત્સવનો જ ધબકાર ધમધમતો હતો અને તેથી ઉત્સવને જીવન-કર્તવ્ય ગણી તેની સફળતા માટે તમામ પ્રવૃત્તિઓને તેમણે થોડા સમય માટે સ્થગિત કરી દીધી હતી. અને તેથી પહેલા દિવસે દોઢ લાખ, બીજા દિવસે બે લાખ ઉપરાંત અને પછી તો ત્રીજા, ચોથા અને પાંચમા દિવસ સુધીના અંતે અનુક્રમે વધતાં વધતાં કુલ્લે પંદર-સોળ લાખ લોકો દર્શન માટે આવ્યાં. તોપણ વ્યવસ્થામાં-આયોજનમાં ક્યાંય ખલેલ ન પડી. ક્યાંય વિક્ષેપ ન પડ્યો. મહોત્સવના માંડવે બાંધેલાં તાંતણાના તાર ન તૂટ્યા. જાણે આ મહોત્સવ સફળ થાય,







તેમાં કોઈ આપત્તિ-વિપત્તિ ન આવે તે માટે મા ઉમિયા સાક્ષાત્ હાજરાહજુર રીતે તેની છ ભૂજાઓ દ્વારા, છ મુખ્ય દિશાઓ પૂર્વ, પશ્ચિમ, ઉત્તર, દક્ષિણ, ધરતી અને આકાશ એ છયે દિશાઓથી આ મહામંગલ પર્વનું રક્ષણ કરતી હોય તેવું માનચિત્ર, શ્રદ્ધાચિત્ર દરેકના હૈયામાં ઉપસ્યું અને તેથી આ મહાન અને પવિત્ર અવસરે નાતજાતના ભેદને મીટાવી અભેદભાવ દરેકના હૈયામાં પ્રગટાવી દીધો. અને તેથી શું પટેલ, શું બ્રાહ્મણ, શું વાણિયા, શું ઠાકોર, શું હરિજન એમ સમગ્ર નાત-જાતે પોતપોતાના ઘરનો મહામૂલો અવસર ગણી તેના માટે, તેની સફળતા માટે ન જોયો દિવસ, ન જોઈ રાત અને બસ એક જ વાત, એક જ રટણ અને એક જ લગનથી સૌ કોઈએ રૂડી રીતે, રંગેચંગે સફળ કર્યો. કારણકે, આ મહોત્સવ માત્ર પિપૂડા બજાવનારા અને નાનાંનાનાં ભૂલકાઓને ખુશ કરવા માટે ચક્કરો લઈ "આવોઆવો અને બેસોબેસો" કહી પચીસ-પચ્ચાસ પૈસા પડાવી લોકોને ખુશ કરવાનો હળવો મેળો ન હતો અને બજારને અવનવી રીતે શણગારી આવનારાઓને આંજી નાખી, કાચા માલને પાકો ગણવાનું આકર્ષણ ઊભું કરી લલચાવવાની માયા દર્શાવવાનું કોઈ પ્રદર્શન અહીં ઉપલબ્ધ ન હતું. કારણકે, કોઈ પણ પ્રકારના ફેરિયાવાળાઓને ઊંઝા ગામથી ચાર કિલોમીટરની અંદર પ્રવેશવાની મનાઈ હતી. અને ઊંઝાનાં તમામ બજારો ઉત્સવ દરમિયાન પાંચ-સાત અને દસ દિવસ સુધી બંધ હતાં અને તેથી આકર્ષણ હતું તો એક માત્ર મંગલ મહોત્સવનું હતું અને લાલચ હતી તો માનાં પ્યારા દર્શનની હતી. અને તેથી સૌ કોઈ શિસ્તબદ્ધ રીતે એક સંસ્કારી પ્રજાને શોભે તે રીતે વર્તી મહાન સંસ્કારી પ્રજાનો સંસ્કારી ભાવનાથી સભર એવો સંસ્કારી મહોત્સવ માની ઊજવ્યો અને તેથી સંસ્કારી પ્રજાને શોભે, ગૌરવ અપાવે તે રીતે સફળ થઈ લોકહૈયાને અજવાળી ગયો. આવતી કાલની પ્રજાને માટે તે પ્રેરણાપિયુષ બની ગયો. આવા મહાન મહોત્સવનાં પાવન દર્શનથી કડવા પાટીદાર કોમ ધન્ય બની, પણ તે ઉપરાંત સમગ્ર જ્ઞાતિ-કોમો પણ ધન્ય ધન્ય બની રહી. અને અંતમાં મા ઉમિયાની જય સાથે મહોત્સવનાં પાવન દર્શનનું ચિત્ર અહીં સમાપ્ત કરવાની રજા લઈએ છીએ અને તેથી સૌ સાથે બોલીએ; 'ઉમિયા માતા કી જય !'

•

**સંવત ૨૦૨૮ થી સંવત ૨૦૩૭ સુધીની**
**(શ્રી ઉમિયામાતાજી સંસ્થાન) ઊંઝાની ૧૦ વર્ષીય વિકાસ ગાથા**

| સંવત | ઉત્પન્ન | ખર્ચ | વધારો |
|---|---|---|---|
| ૨૦૨૮ | ૧૩૩૦૫૨-૧૭ | ૫૧૭૩૯-૮૩ | ૮૧૩૧૨-૩૪ |
| ૨૦૨૯ | ૧૩૬૪૫૭-૯૦ | ૫૩૦૯૬-૪૫ | ૮૩૩૬૧-૫૨ |
| ૨૦૩૦ | ૧૫૫૫૩૫-૨૫ | ૯૨૧૮૩-૩૨ | ૬૩૩૫૧-૯૩ |
| ૨૦૩૧ | ૧૭૩૬૬૦-૧૫ | ૮૬૧૬૬-૦૬ | ૮૭૪૯૪-૦૯ |
| ૨૦૩૨ | ૨૫૫૪૭૧-૧૩ | ૧૨૮૨૬૩-૧૬ | ૧૨૭૨૦૭-૯૭ |
| ૨૦૩૩ | ૭૨૭૭૭૭-૧૬ | ૪૩૯૮૧૦-૫૦ | ૨૮૭૯૬૬-૬૬ |
| ૨૦૩૪ | ૯૧૭૪૬૩-૦૫ | ૫૫૪૭૩૩-૬૪ | ૩૬૨૭૨૯-૪૧ |
| ૨૦૩૫ | ૧૦૨૫૬૦૬-૨૧ | ૫૩૧૪૪૩-૦૩ | ૪૯૪૧૬૩-૧૮ |
| ૨૦૩૬ | ૧૦૮૪૨૧૫-૨૮ | ૫૯૪૪૦૯-૯૩ | ૪૮૯૮૦૫-૩૫ |
| ૨૦૩૭ | ૧૧૦૮૬૦૩-૫૪ | ૪૦૨૩૫૫-૧૨ | ૭૦૬૨૪૮-૪૨ |

## મહોત્સવ અંગેની વિવિધ સમિતિઓનો અહેવાલ





૧૮મી શતાબ્દી મહોત્સવની ઊજવણીના નિર્ણય પછી મહોત્સવની સર્વાંગી દેખરેખ રાખી શકે તે માટે સૌપ્રથમ મહોત્સવ સમિતિની રચના કરવામાં આવી. આ સમિતિમાં ઊંઝાના અગ્રગણ્ય આગેવાનો, માતાજીની સંસ્થાના કારોબારી સભ્યો તેમજ જ્ઞાતિના લબ્ધપ્રતિષ્ઠિત આગેવાનોમાંથી ૧૨૫ વ્યક્તિઓની મહોત્સવ સમિતિ બનાવી, મહોત્સવની શરૂઆત થાય તે પહેલાં આ સમિતિએ મહોત્સવની વ્યવસ્થાનાં સર્વ પાસાંઓનો ખ્યાલ રાખીને નીચે પ્રમાણેની અગિયાર સમિતિઓની રચના કરી ને દરેક સમિતિમાં એક અધ્યક્ષની નિમણૂંક કરવામાં આવી :

| **સમિતિનું નામ** | **સમિતિના અધ્યક્ષશ્રીનું નામ** |
|---|---|
| ૧. સ્વાગત સમિતિ | શ્રી કેશવલાલ વિઠ્ઠલદાસ પટેલ |
| ૨. નાણા સમિતિ | શ્રી લક્ષ્મીકાન્ત ભગુભાઈ |
| ૩. યજ્ઞસેવા સમિતિ | શ્રી ઈશ્વરલાલ શંકરલાલ પટેલ (રોડ) |
| ૪. મંડપ-ઉતારા સમિતિ | શ્રી શંકરલાલ બાલચંદદાસ પટેલ (બાંગા) |
| ૫. પ્રચાર અને પ્રકાશન સમિતિ | શ્રી મણિલાલ ઈશ્વરલાલ પટેલ (મમ્મી) |
| ૬. જાહેર બંદોબસ્ત અને સલામતી સમિતિ | શ્રી ચતુરભાઈ ઈશ્વરલાલ પટેલ (બાળવોત) |
| ૭. વાહનવ્યવહાર સમિતિ | શ્રી ઈશ્વરભાઈ ડી. પટેલ |
| ૮. આરોગ્ય-પાણી, દીવાબત્તી સમિતિ | શ્રી જીવરામ છબીલદાસ પટેલ (ગોયા) |
| ૯. પ્રસાદ સમિતિ | શ્રી ભોગીલાલ કેવળદાસ પટેલ |
| ૧૦. સરભરા સમિતિ | શ્રી શંકરલાલ માનચંદદાસ પટેલ (શકુર) |
| ૧૧. સ્વયંસેવક સમિતિ | શ્રી અંબાલાલ નાથાલાલ ચારી |







આ બધી સમિતિઓની રચના મહોત્સવની વ્યવસ્થાને કેન્દ્રમાં રાખીને કરવામાં આવી હતી. મહોત્સવ સમિતિના કાર્યકરોને જુદીજુદી કમિટીઓમાં વહેંચી દેવામાં આવ્યા હતા. સમગ્ર મહોત્સવનું કાર્ય દીપી ઊઠે તે જોવાનું કાર્ય મહોત્સવ સમિતિનું હતું. દરેક કમિટીના અધ્યક્ષને મહોત્સવ સમિતિના સભ્ય ગણવામાં આવ્યા હતા. જેથી મહોત્સવ સમિતિની દરેક મિટિંગમાં અધ્યક્ષો હાજર રહેતા હતા.

**મહોત્સવ સમિતિનાં કાર્યો**

સામાન્ય રીતે મહોત્સવ સમિતિને નીચે પ્રમાણેનાં ત્રણ મહત્ત્વનાં કાર્યો સોંપવામાં આવ્યા હતાં :

(અ) આયોજન (બ) સંચાલન (ક) નિર્ણયાત્મક કમિટી

**(અ) આયોજન :** આ ભવ્ય મહોત્સવ પ્રસંગે લાખો યાત્રિકો આવવાની ધારણા હતી જ. મહોત્સવનો પ્રચાર અને પ્રસાર મોટા પ્રમાણમાં થયો હતો. ગુજરાત તેમજ સમગ્ર દેશમાં મહોત્સવની સારી એવી હવા જામી હતી. જેથી અગાઉથી મહોત્સવ સમિતિએ પોતાની મીટિંગો બોલાવીને મહોત્સવનાં સર્વ પાસાંઓનું આયોજન કર્યું હતું. પૈસાનું આયોજન પણ અગાઉથી વિચારી લીધું હતું. જેટલું ખર્ચ થશે તેટલાં નાણાં મળશે તેવી પૂરી શ્રદ્ધા હતી. પાણી, ખોરાક, આરોગ્ય, લાઈટ, રહેઠાણ, વાહનવ્યવહાર, દર્શન માટેની વ્યવસ્થા વગેરે બધી જ નાની નાની બાબતોનું આયોજન અગાઉથી ચર્ચા-વિચારણા કરીને કરી લેવામાં આવ્યું હતું. ધારણા કરતાં જો વધારે યાત્રિકો આવે, તો તેનાં દૂરગામી વ્યવસ્થા ઉપર કેવાં પરિણામો પડે તેનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. દરરોજ આયોજન અંગેની ચર્ચાઓ જે-તે કમિટીઓના પ્રમુખો સાથે કરી લેવામાં આવતી હતી, ને આયોજન અંગેનું માર્ગદર્શન પણ આપવામાં આવતું હતું.

માતાજીના દર્શનાર્થે આ મહોત્સવમાં દસથી પંદર લાખ યાત્રિકો આવશે તેવો ખ્યાલ ધ્યાનમાં રાખી ઊંઝા ગામના દરેક વિસ્તારનું આયોજન કર્યું હતું ને યાત્રિકોને સુવિધા રહે તેવી ગોઠવણ કરી હતી. મહોત્સવ પ્રસંગે જે સમિતિઓને કાર્ય સોંપવામાં આવ્યું હતું તે કાર્ય અંગે જે-તે કમિટીઓના ચેરમેનો સાથે ચર્ચા-વિચારણા કરીને ગોઠવી દેવામાં આવ્યું હતું. મહોત્સવના એક માસ પહેલાં સમગ્ર મહોત્સવનાં બધાં પાસાંઓનું આયોજન સુવ્યવસ્થિત રીતે ગોઠવાઈ ગયું હતું.

**(બ) સંચાલન :** મહોત્સવ સમિતિ કેન્દ્રીય સમિતિ હતી. બધી જ કમિટીઓની વ્યવસ્થા ઉપર દેખરેખ રાખવાનું કાર્ય આ કમિટીને સોંપવામાં આવ્યું હતું. દરેક કમિટીનું સંગઠન બરાબર થયું છે કે નહિ ? વ્યવસ્થા ગોઠવાઈ છે કે નહિ ? તે જોવાનું કાર્ય આ સમિતિનું હતું. આ સમિતિ બધી કમિટીઓના સંચાલન ઉપર દેખરેખ રાખતી હતી. ને દરેક કમિટીના નીતિ-નિયમો ઘડતી હતી. જોકે દરેક કમિટીને સંપૂર્ણ સત્તા આપવામાં આવી હતી; પણ જ્યારે લાખો યાત્રિકો માના દર્શનાર્થે ઉમટ્યા હોય ત્યારે દરેક કમિટીનું સંચાલન કેવું છે ? પહોંચી વળાશે કે નહિ ? તે માટે દરરોજ કમિટીઓના ચેરમેનશ્રીઓની મુલાકાત લેવામાં આવતી હતી. ને પોતાની કમિટના સંચાલનમાં જાણેઅજાણે કોઈ મુશ્કેલી ન પડે તેવું વિચારીને અગાઉથી જ ખુલ્લા હૃદયે ચર્ચા કરી લેવામાં આવતી હતી. સમગ્ર મહોત્સવના આર્થિક ખર્ચની જવાબદારી આ સમિતિની હતી. ખર્ચ માટેની સામાન્ય ચર્ચા કમિટીઓના ચેરમેનશ્રીઓ મહોત્સવ સમિતિ સાથે કરી લેતા હતા. પરંતુ મહોત્સવ સમિતિએ કમિટીઓના ચેરમેનશ્રીઓને મહોત્સવની ભવ્યતા વધારવા ગમે તેટલું ખર્ચ થાય તો કરી લેવાની અગાઉથી પરવાનગી આપી દીધી હતી. મહોત્સવ સમિતિની મંજૂરી વિના નવ હજાર રૂપિયા જેટલી રકમ ખર્ચવાની જે તે કમિટીઓના ચેરમેનને સત્તા આપવામાં આવી હતી.

**(ક) નિર્ણયાત્મક કમિટી :** મહોત્સવ સમિતિ એ નિર્ણયાત્મક સમિતિ હતી. જેમ બધી નદીઓનું પાણી સાગરમાં ભળે છે, તેમ બધી કમિટીઓની કાર્યવિધિ ઉપર મહોત્સવ સમિતિનું ધ્યાન રહેતું હતું, ને દરરોજ જે-તે કમિટીઓના કાર્યના અહેવાલોની જાણ મહોત્સવ સમિતિને કરવામાં આવતી હતી. મહોત્સવ સમિતિ મહોત્સવનાં સર્વ પાસાંઓનું સંકલન કરી યોગ્ય માર્ગદર્શન અને સલાહ-સૂચનો આપતી હતી. કોઈ કમિટીમાં કોઈ પ્રશ્ન ઊભો થતો, ત્યારે







તેનો તાત્કાલિક ઉકેલ મહોત્સવ સમિતિ આપતી હતી. જોકે દરેક કમિટીના અધ્યક્ષોને પૂરી સત્તા આપી દીધી હોવાથી કોઈ વિવાદ હતો નહિ, કોઈ પ્રશ્ન હતો નહિ, તેમ છતાં જ્યારે જ્યારે કાર્ય કરવાની બાબતમાં કોઈ મૂંઝવણ ઊભી થતી ત્યારે કમિટીઓના ચેરમેનશ્રીઓ મહોત્સવ સમિતિના સંપર્કમાં રહીને ઝડપી ઉકેલ લાવતા ને ગૌરવપૂર્વક પોતાનું કાર્ય આગળ ધપાવતા હતા.

મહોત્સવ સમિતિ એ સર્વોપરી સમિતિ ન હતી, પણ તે બધી સમિતિઓના કાર્યનું સંચાલન કરનારી, બધી કમિટીઓને પ્રેરણા અને માર્ગદર્શન આપનારી, ઉત્સાહ અને પ્રેમ જગાવનારી, બધી કમિટીઓનાં કાર્યોને એકરૂપ બનાવનારી પ્રેરણાદાયી સમિતિ હતી. સમગ્ર મહોત્સવને દીપાવવામાં આ કમિટીએ મહત્ત્વનો ફાળો આપ્યો છે. નિર્ણય લેવાની ઝડપી શક્તિ હોવાથી ને માનવ-સ્વભાવને પારખવાની કાબેલિયત હોવાથી સમગ્ર ઉત્સવની પ્રતિષ્ઠા ચારે બાજુ ફેલાઈ ગઈ. મહોત્સવ સમિતિના સભ્યોમાં માની અખંડ પ્રેરણા એવી કામ કરી રહી હતી કે, જ્યારે કોઈ પ્રશ્ન આવે કે મૂંઝવણ આવે ત્યારે તેનો ઉકેલ ખૂબ જ ઝડપી અને મહોત્સવની ભવ્યતા વધારનારો બની જતો હતો.

•

ન મન્ત્રં નો યન્ત્રં તદપિ ચ ન જાને સ્તુતિમહો
ન ચાહવાનં ધ્યાનં તદપિ ચ ન જાને સ્તુતિ કથાઃ ।
ન જાને મુદ્રાસ્તે તદપિ ચ ન જાને વિલપનં
પરં જાને માતસ્ત્વદ્ નું સ્મરણં કલેશ હરણમ્ ॥૧॥

હે મા, મને મંત્રની જાણ નથી, યંત્ર જાણતો નથી. અને હું સ્તુતિ કરવાનું પણ જાણતો નથી. મને આહવાન આવડતું નથી, ધ્યાન આવડતું નથી અને સ્તોત્ર કથા આવડતી નથી. હું તારી મુદ્રા જાણતો નથી અને મને વિલાપ કરતાં પણ આવડતું નથી, છતાં એક વાત જાણું છું કલેશ હરનારું તારું અનુસ્મરણ.



# સ્વાગત સમિતિ

આ દિવ્ય અને ભવ્ય મહોત્સવના કાર્યની સફળતા માટે સ્વાગત સમિતિની રચના કરવામાં આવી હતી. સ્વાગત સમિતિનું કાર્ય મહોત્સવની ભવ્યતામાં વધારો કરવાનું હતું.

આ ઉત્સવના હાર્દમાં માનવ-કલ્યાણની ભાવના રહેલી હતી, જેથી આ મહોત્સવ ફક્ત કડવા પાટીદાર ભાઈઓ માટે સીમિત રહ્યો ન હતો. પણ તમામ જ્ઞાતિઓના લોકો માની પ્રેરણાથી આકર્ષાઈને દર્શન માટે આવ્યા હતા. ને માનાં યશોગાન ગાતા હતા. લાખો યાત્રિકો ઊંઝામાં આ મહોત્સવ પ્રસંગે આવવાના હતા, તેનો અગાઉથી ખ્યાલ રાખીને સ્વાગત સમિતિને નીચેનાં કાર્યો સોંપવામાં આવ્યાં હતાં :

(અ) માના દર્શનાર્થે આવેલા ભાવિક યાત્રિકોનું સ્વાગત કરવું. (બ) મહેમાનોનું સ્વાગત કરવું. (ક) મહોત્સવના કાર્યમાં મદદરૂપ બનનાર અધિકારીઓનું સ્વાગત કરવું.

**(અ) યાત્રિકોનું સ્વાગત** : માના દર્શનાર્થે લાખો યાત્રિકો દૂરદૂરથી આવતા હતા. સૌરાષ્ટ્ર, કચ્છ કે દક્ષિણ ગુજરાતનાં દૂરનાં ગામડાંઓમાંથી કલાકો સુધી વાહનોમાં બેસીને જ્યારે ઊંઝામાં ઊતરતા ત્યારે તેઓનું સ્વાગત કરવામાં આવતું હતું. કાપડના પડદામાં બોર્ડ બનાવીને, મા ઉમાના જયઘોષનાં વાક્યો લખીને યાત્રિકોના હૃદયકમળને પ્રફુલ્લિત બનાવી દેવામાં આવતાં હતાં. યાત્રિકોને ઠંડું પાણી મળે, સમયસર ભોજન મળે તેની વ્યવસ્થા સરભરા સમિતિ દ્વારા કરવામાં આવતી હતી. માનાં દર્શન-પ્રસંગે યાત્રિકોને કોઈ પણ પ્રકારની તકલીફ ન પડે તેની કાળજી લેવામાં આવતી હતી.

**(બ) મહેમાનોનું સ્વાગત** : આ મહોત્સવ પ્રસંગે જ્ઞાતિની અગ્રગણ્ય વ્યક્તિઓ તેમજ બીજી જ્ઞાતિના ખ્યાતનામ સેવકો, કાર્યકરો પણ આવતા હતા. મહોત્સવની પ્રતિષ્ઠામાં વધારો થાય, ઊંઝાની શાન અને મોભામાં વધારો થાય તે સારુ આવેલા મહેમાનોનું સ્વાગત કરવામાં આવતું હતું. તેઓની સાથે મહોત્સવની ચર્ચા-વિચારણા પણ કરવામાં આવતી.

આ મહોત્સવ એવા સમયે ઉજવવામાં આવ્યો હતો કે, જ્યારે સમગ્ર દેશમાં કટોકટી ચાલી રહી હતી. દિલ્હીની કેન્દ્રીય સરકારને પણ એવી દહેશત હતી કે, આ ધાર્મિક મહોત્સવ પાછળ કોઈ રાજકીય કાવાદાવા તો નથી ને ? જેથી સરકારી અધિકારીઓ વારંવાર ઊંઝાની મુલાકાત લેતા, દિલ્હી અને ગાંધીનગર સાથેનો ટેલેક્ષ વ્યવહાર શરૂ કર્યો હતો. પોલીસ અધિકારીઓ, ગુપ્તચર અધિકારીઓ મોટી સંખ્યામાં ઊંઝાના વિવિધ વિભાગોમાં વહેંચાયેલા હતા. આ અધિકારીઓ વારંવાર મહોત્સવ સમિતિના કાર્યકરોને મળતા ને ચર્ચા-વિચારણા કરતા. આ વિશિષ્ટ અધિકારીઓનું ખાસ સ્વાગત આ સમિતિ દ્વારા કરવામાં આવતું હતું. ને તેઓ માટે રહેવા-જમવાની અલાયદી વ્યવસ્થા પણ કરવામાં આવી હતી.

આ પ્રસંગે ગુજરાત અને ગુજરાત બહારથી દૈનિક, પાક્ષિક કે માસિક પત્રિકાઓના અનેક પત્રકારો આવ્યા હતા, ને મહોત્સવનાં વિવિધ પાસાંઓના ફોટાઓ લેતા હતા. આ મહોત્સવનો એકમાત્ર ઉદ્દેશ ધાર્મિક હતો, પણ પત્રકારો ધાર્મિક હેતુનું વિકૃત સ્વરૂપ ન આપી દે, ને પોતાની ઈચ્છાનુસાર મહોત્સવના ગમે તેવા સમાચારો પ્રગટ ન કરી દે, તે સારુ પત્રકારોનું વારંવાર સ્વાગત આ સમિતિ દ્વારા કરવામાં આવતું. ને તેઓની સાથે મહોત્સવના વિવિધ પ્રસંગોની ચર્ચા-વિચારણા કરવામાં આવતી હતી.

સ્વાગત સમિતિએ ઉપર્યુક્ત બે કાર્યો સિવાય પણ સમગ્ર મહોત્સવની ભવ્યતામાં વધારો થાય, પ્રેરણા અને ઉત્સાહ જાગે તેવાં સર્વ કાર્યોમાં દિલ દઈને સહકાર આપ્યો છે. મહોત્સવની રમણીયતા અવર્ણનીય હતી. સમગ્ર ઊંઝાનું વાતાવરણ સુમધુર બની ગયું હતું. ચારે બાજુ માની ભક્તિ અને પ્રેમનું સર્જન થયેલું દેખાતું હતું. જાણે મા ઉમા જ પોતાનાં બાળકોનું સ્વાગત ન કરી રહી હોય તેવું મોહક વાતાવરણ ફેલાયું હતું.

રક્તવર્ણીય પ્રકાશમાં પ્રવેશ કરતાં જ જેમ માનવી રક્તવર્ણીય રૂપ ધારણ કરે છે, તેમ યાત્રિકો ઊંઝામાં પગ મૂકતાં જ મા ઉમાના પ્રેરણારશ્મિનો અનુભવ કરી સ્વયં 'સ્વાગતોઽસ્મિ' નો આનંદ પ્રાપ્ત કરતા હતા.

•






# નાણાં સમિતિ

### પૂર્વ ભૂમિકા

આજથી વીસ વર્ષ પહેલાં શ્રી ઉમિયામાતાજી સંસ્થાને માતાજીના પટાંગણમાં યજ્ઞ કરવાનું વિચારેલું, પરંતુ તે વખતે પાણીની તકલીફ હતી, બોર હતો નહિ. જેથી આ ઉત્સવ યોજવાની ઈચ્છા હોવા છતાં પણ યજ્ઞ કરવાનું બંધ રાખેલ. ત્યાર બાદ ઊંઝા માઈ મંડળના સભ્યના હૃદયમાં પ્રેરણા જાગી કે, માતાજીના મંદિરમાં યજ્ઞ કરવો ને તે વાત તેઓએ સંસ્થાના મંત્રીઓને કરી. મંત્રીઓએ એવું સૂચન કર્યું કે, માતાજીના મંદિરમાં યજ્ઞ સંસ્થા તરફથી જ થવો જોઈએ, માઈ મંડળની ભાવના ઊંચી છે, તેની કદર કરી, પણ યજ્ઞ સંસ્થાન તરફથી થવો જોઈએ તેવું વિચારાયું. ત્યાર પછી શ્રી ઉમિયામાતાજી સંસ્થાનની કારોબારી મળી. કારોબારીમાં આ અંગેની વિસ્તૃત ચર્ચા થઈ. ચર્ચાને અંતે કારોબારીએ મોટો યજ્ઞ કરવાની સંમતિ આપી ને અંતે યજ્ઞ કરવાનું નક્કી કર્યું.

### યજ્ઞના નિર્ણય બાદ મળેલ મીટિંગો

કારોબારી સમિતિના નિર્ણય અનુસાર સર્વપ્રથમ ઊંઝા ગામના આગેવાનોની મીટિંગ બોલાવી. આ મીટિંગમાં ૩૦૦ જેટલા આગેવાન ભાઈઓ એકત્ર થયા. ચર્ચા-વિચારણા થઈ પણ નિર્ણય લઈ શકાયો નહિ. ફરીથી બીજીવાર ગામના સદ્‌ગૃહસ્થોની સભા બોલાવી. પણ આ મીટિંગમાં કોઈ નિર્ણય લેવાયો નહિ. લગાતાર બે વખત મીટિંગો મળી પણ કોઈ નિર્ણય ઉપર નહિ આવવાના કારણે કારોબારીના સભ્યોમાં નિરાશા ફેલાઈ. છેલ્લે કારોબારીના સભ્યોએ એવો વિચાર કર્યો કે, માર્કેટ યાર્ડમાં મીટિંગ કરીએ. માર્કેટ યાર્ડમાં ગામના આગેવાન ભાઈઓની મીટિંગ મળી. આ મીટિંગમાં માતાજીના સંસ્થાનમાં યજ્ઞ કરવાનો નિર્ણય લેવાયો. આ નિર્ણયથી કારોબારીના સભ્યોના હૃદયમાં આશાનું કિરણ પ્રગટ્યું, વિશ્વાસ જન્મ્યો કે હવે આપણે મોટા યજ્ઞ કરી શકીશું. ત્યાર બાદ સમગ્ર ઊંઝા ગામને ભેગું કરવામાં આવ્યું. ગામ સમક્ષ માતાજીના મંદિરમાં યજ્ઞ કરવાની વિસ્તૃત ચર્ચા થઈ. ચર્ચાને અંતે ગ્રામ્યજનોએ આ ઉત્સવ દરમિયાન કાર્ય કરવાની અને પૈસા આપવાની સંમતિ આપી. ગામનો ઉત્સાહ, માતાજી પ્રત્યેની શ્રદ્ધા અને કાર્ય કરવાની ધગશ જોઈને ઊંઝા ઉમિયામાતાજી સંસ્થાનની કારોબારીએ તાત્કાલિક મીટિંગ બોલાવીને ઠરાવ કર્યો ને આ ઉત્સવનું નામ, 'અઢારમી શતાબ્દી મહોત્સવ અને હોમાત્મક સહસ્રચંડી યજ્ઞ' રાખવાનું નક્કી કર્યું.

### ફંડની શરૂઆત : પ્રથમ ઊંઝામાંથી

મહોત્સવ ઊજવવાનું નક્કી કર્યા પછી ફંડની શરૂઆત કરી. ફંડની શરૂઆત સૌપ્રથમ ઊંઝા ગામમાંથી કરી. પ્રાથમિક ફંડ ગામમાંથી ઉઘરાવવાની શરૂઆત એટલા માટે કરી કે, બહારના ભાઈઓને સારું ઉદાહરણ પ્રાપ્ત થાય. ગામમાંથી પ્રથમ તબક્કે સારું ફંડ ઉઘરાવ્યું. ગામના દરેક કુટુંબ દીઠ ઓછામાં ઓછા ૧૧ રૂપિયા આપવાનો નિર્ણય લેવાયો, ને નવાઈની વાત તો એ છે કે, એવું એક પણ કુટુંબ નથી કે જેણે માતાજીના આ મહોત્સવ પ્રસંગે ફૂલ નહિ તો ફૂલની પાંખડી પેઠે કંઈ ન આપ્યું હોય.

ત્યાર બાદ ઉત્તર ગુજરાતના કડવા પાટીદાર ગોળના આગેવાનોની મિટિંગ તા. ૩૦-૧૧-૭૬ના રોજ ઊંઝા મુકામે બોલાવવામાં આવી. આ મીટિંગમાં ઉપસ્થિત રહેલા સર્વે આગેવાનોએ એકી અવાજે સંપૂર્ણ સહકાર આપવાની અને ફંડફાળો કરી આપવાની સંમતિ આપી ને આ કાર્ય ઉપાડી લીધું.

### નાણા સમિતિની કાર્યવિધિની શરૂઆત

આ મહોત્સવ પ્રસંગે ૧૨૫ માણસોની સામાન્ય કમિટી બનાવી. ઉત્સવને પહોંચી વળવા માટે સંપૂર્ણ વ્યવસ્થાને બાર વિભાગોમાં વહેંચી દરેક કમિટીને કરવાના કાર્યની નોંધ છ માસ અગાઉ આપવામાં આવી. નાણાં ઉઘરાવવા

માટે નાણા સમિતિની રચના કરવામાં આવી. આ નાણા સમિતિનું કાર્ય નાણાં ઉઘરાવવાનું અને તેનો વહીવટ અને હિસાબ રાખવાનું હતું. ગુજરાતના જુદાજુદા વિસ્તારોમાં નાણા સમિતિની મિટિંગો યોજવાનું શરૂ થયું. સૌપ્રથમ કારતક સુદ ૩ તા.૨૬-૧૦-૭૬ના રોજ અમદાવાદમાં ઉસ્માનપુરા કડવા પાટીદારની વાડીમાં શેઠશ્રી લક્ષ્મીકાન્ત ભગુભાઈના પ્રમુખસ્થાને મીટિંગ મળી. ત્યારબાદ નાણા સમિતિના આગેવાનોના માર્ગદર્શન નીચે કાર્યકરોની જુદીજુદી પેટા સમિતિઓએ મુંબઈ, સૂરત, કચ્છ અને સૌરાષ્ટ્રનાં વિવિધ સ્થળોએ મીટિંગો ભરીને જ્યાં જ્યાં પોતાના સંબંધો હતા ત્યાં ત્યાં વ્યક્તિગત મળીને પણ નાણાં ઉઘરાવવા લાગ્યાં. જરૂર પડે તો એકએક સ્થળે બે કે ત્રણવાર જવાનું થયું. એક બાજુના ગોળના આગેવાનો પોતાના સમાજમાં પૈસા ઉઘરાવવાનું કરી રહ્યા હતા ને બીજી બાજુ નાણા સમિતિના કાર્યકરો પોતાની રીતે ફંડ ઉઘરાવતા હતા.

ફંડ ઉઘરાવવા માટે નાણા સમિતિના માર્ગદર્શન નીચે પાવતીઓ છપાવીને તૈયાર કરવામાં આવી હતી. દરેક પાવતી ઉપર સંસ્થાના સહીસિક્કા કરવામાં આવ્યા હતા. પાવતીબુકો જવાબદાર વ્યક્તિઓને સોંપવામાં આવી હતી. આ રીતે અનેક કાર્યકરો ગામેગામ ફરીને ફંડ એકત્ર કરતા હતા.

### મહોત્સવ પ્રસંગે નાણાંની અલગ ઓફિસ

મહોત્સવની શરૂઆત થઈ તે પહેલાં નાણાંની અલગ ઑફિસ રાખવામાં આવી હતી. આ ઑફિસમાં દસથી બાર કાઉન્ટરો ખોલવામાં આવી હતી. કાઉન્ટરો ઉપર સ્વયંસેવકો નાણાં લેતાં ને તેની પાકી પાવતી આપતાં. સ્વયંસેવકોએ સ્વેચ્છાપૂર્વક આ માનદ કપરી સેવા સ્વીકારી હતી. આ કાઉન્ટરો રાત-દિવસ ઉત્સવ પ્રસંગે કામ કરતા સ્વયંસેવકો બદલાતા રહેતા ને આ સમગ્ર વ્યવસ્થા ઉપર નાણા સમિતિના સભ્યો દેખરેખ રાખતા હતા.

### ઠેરઠેર મૂકેલાં ગોલકો

નાણા સમિતિએ કાઉન્ટરો સિવાય પૈસા નાખવા માટે જુદીજુદી જગ્યાઓએ ગોલકો મૂક્યાં હતાં. રસોડા ઉપર, સંસ્થાનના દરવાજાની બહારની જગ્યાએ તેમજ ગામની મુખ્ય મુખ્ય જગ્યાએ ગોલકો મૂક્યાં હતાં. કાઉન્ટરોની નીચે પણ ગોલકો મૂકેલાં. અગિયાર રૂપિયાથી ઓછા રૂપિયાની પાવતી ફાડવામાં આવતી ન હતી, જેથી અગિયારથી ઓછા આપનાર યાત્રિકોને ગોલકોમાં પૈસા નાખવાનું સૂચવવામાં આવતું હતું. દરરોજ નક્કી કરેલા સ્વયંસેવકો ગોલકોને ઉઠાવીને નાણા સમિતિની મુખ્ય ઑફિસે લાવતા, ને ત્યાં તે પૈસાની ગણતરી થતી ને જમા લેવામાં આવતા ને ફરી પાછા ત્યાં ગોલકો ગોઠવી દેવામાં આવતા આ રીતે ગોલકો દ્વારા ફંડ-ફાળો ઉઘરાવાયો હતો.

મહોત્સવ પ્રસંગે જે ભાઈઓ કાઉન્ટર ઉપર રસીદ ફડાવીને પૈસા જમા કરાવતા તે દરેક ભાઈઓને માતાજીના આશીર્વાદરૂપે કંકુનો પડો આપવામાં આવતો હતો.

### નાણાંનો હિસાબ


ફંડ ઉઘરાવવા માટે જે પાવતીબુકો આપી હતી, તે નોંધ કરીને જવાબદાર વ્યક્તિઓને આપી હતી. જેમ જેમ આ પાવતીબુકો આવતી તેમતેમ તેના પૈસા ચોપડે જમા લેવામાં આવતા. કડવા પાટીદાર ભાઈઓ સિવાય બીજી જ્ઞાતિના ભાઈઓ પણ માતાજી પ્રત્યેની શ્રદ્ધાના કારણે પૈસા આપતા, પણ તેઓના પૈસા પ્રેમના પ્રતિક તરીકે, ટોકન તરીકે સ્વીકારવામાં આવતા. આનંદની વાત તો એ છે કે, ઊંઝાની દરેક જ્ઞાતિના લોકોએ આ મહોત્સવ પ્રસંગે પૈસા આપ્યા છે, પણ નાણા સમિતિએ ફક્ત ટોકન તરીકે તે પૈસા સ્વીકાર્યા છે.

માતાજીના મહોત્સવ પ્રસંગે પૈસા ઉઘરાવવા માટે ગયા ત્યારે જાતજાતના અનુભવો કાર્યકરોને થયા હતા. ફંડ માટે મુંબઈ, સૂરત, અમદાવાદ, ઉજ્જૈન, ઈન્દોર, માળિયા વગેરે સ્થળોએ તો ફર્યા, પણ સૌરાષ્ટ્રના મિલ-માલિકોએ તો અમારા કાર્યકરો સમક્ષ કોરી ચેકબુકો મૂકી દીધી ને માતાજીના નામે જેટલા પૈસા લખવા હોય તેટલા લખી દેવાનું કહ્યું. માતાજીના લીધે અમે જ સુખી થયા છીએ એવો અનેરો ઉત્સાહ તેઓએ બતાવ્યો હતો.

ગામડાંઓમાં રહેતા આપણા જ્ઞાતિભાઈઓની ભલે







આર્થિક પરિસ્થિતિ સારી ન હોય, છતાં આ પવિત્ર કાર્યમાં ઓછામાં ઓછા (રૂ. ૧૧) અગિયાર રૂપિયા નોંધાવીને પોતાને આ મહોત્સવમાં ભાગીદાર બનાવતા હતા.

ઉત્સવના થોડા દિવસો પહેલાં એટલેકે માગસર સુદ ત્રીજના દિવસે બધી કમિટીઓની ઈમરજન્સી મીટિંગ બોલાવવામાં આવી, ને દરેક કમિટીઓની જવાબદાર વ્યક્તિઓને પોતાની સમિતિના કાર્ય અંગે પૂછવામાં આવ્યું. બધી સમિતિઓએ પોતાની તૈયારીઓ રજૂ કરી. આ પ્રસંગે મહોત્સવ સમિતિના અધ્યક્ષે કહ્યું કે, 'કોઈ પણ સમિતિના ચૅરમેન જેટલા પૈસા માગે તેટલા પૈસા આપો, શા માટે જોઈએ છે તેનું કારણ પણ પૂછો નહિ.' અધ્યક્ષશ્રીની આ ઉદારતા જોઈને બધી સમિતિઓના કાર્યકરોમાં અનેરો ઉત્સાહ અને આનંદ વ્યાપી ગયો ને પૂરી શ્રદ્ધા જન્મી કે આ મહોત્સવ ભવ્ય રીતે કરી શકાશે.

સામાન્ય રીતે એવો ખ્યાલ હતો કે, સમગ્ર ઉત્સવ દરમિયાન દસ થી પંદર લાખનો ફાળો થશે ને સાથેસાથે તેટલો જ ખર્ચ થશે પણ અમારો આ ખ્યાલ ખોટો ઠર્યો. મહોત્સ્વ પ્રસંગે સહસ્ત્રચંડી યજ્ઞવિધિના પાટલા ઉપર બેસવા માટે દૈનિક સમાચારપત્રોમાં જાહેર ખબર આપવામાં આવી. કોઈ પણ જ્ઞાતિભાઈ આ વિધિમાં ભાગ લઈ શકે તે માટે જાહેર ખબર આપવામાં આવેલી. પંદર જગ્યાઓ ઉપર ઉછામણી તા. ૧૪-૧૧-૭૬ના રોજ બપોરે બે વાગે માતાજીના મંદિરમાં થઈ. આમાં ફક્ત એક-બે જગ્યાઓ છોડીને બાકીની બધી જગ્યાઓએ ઉછામણીના ચડાવામાં ઊંઝાના ભાઈઓએ ભાગ લીધો છે. ઉછામણી દ્વારા નાણા સમિતિને સારી રકમ મળી.

મહોત્સવ પછી નાણા સમિતિએ જુદીજુદી સમિતિઓના હિસાબો માગ્યા. દોઢ મહિના સુધી હિસાબો ચાલ્યા. પણ કોઈ હિસાબ મળ્યો ન હોય તેવું બન્યું નથી. નાણા સમિતિએ લાખો રૂપિયાનો વહીવટ કર્યો પણ આનંદની વાત એ છે કે, ક્યાંય પૈસાનો ગોટાળો થયો નથી, ખોવાયા કે ચોરાયા હોય તેવો એક પણ પ્રસંગ બન્યો નથી. દરેક વ્યક્તિ આ પોતાના જ પૈસા છે, ને તેનું રક્ષણ અને જતન કરવું તે પોતાનો ધર્મ છે એમ માનીને કાર્ય કર્યા કરતી હતી. ઘણી જગ્યાએ કાઉન્ટર પર એક વ્યક્તિ પૈસા ઉઘરાવી પાવતીઓ આપે, ને પછી તે જગ્યાએ બીજી વ્યક્તિ પાવતી ફાડવા બેસે. કોઈ હિસાબ કરે નહિ કે મેળવે નહિ. પૈસાનો ચાર્જ બીજાને સોંપે તેમ છતાં પણ પૈસો ખૂટવાનો કોઈ બનાવ બન્યો નથી. બધી સમિતિઓએ વ્યવસ્થાના હેતુથી દિલ ખોલીને પૈસા વાપર્યા છે. કોઈ ને કોઈએ રોક્યા નથી કે અટકાવ્યા નથી. યાત્રિકો માટે, યાત્રિકોની વ્યવસ્થા માટે દિલ રેડીને કામ કર્યું. ને ઉદાર હૃદયે પૈસા વાપર્યા. સાથે સાથે ભાવિક યાત્રિકોએ સાચા હૃદયથી માનાં ચરણમાં લાખો રૂપિયા ધર્યા છે.

નાણા સમિતિએ મહોત્સવ સમિતિના નામે પોતાનું ખાતું ઊંઝા નાગરિક બેન્કમાં રાખ્યું હતું. ૪૦ લાખ રૂપિયા નાણા સમિતિએ શ્રી ઉમિયા માતાજી સંસ્થાનને આપ્યા. આ સાથે દરેક સમિતિના હિસાબો અંકની પાછળ પુરવણીમાં મૂકવામાં આવ્યા છે, તે ઉપરથી દરેક સમિતિની આવક-જાવકનો ખ્યાલ આવી જશે. સાથે સાથે જે ભાઈઓએ રૂ. ૫૦૧ કે તેનાથી વધારે પૈસા માતાજીના આ મહોત્સવ પ્રસંગે ભેટ ધર્યા છે. તે ભાઈઓની અલગ યાદી આ ગ્રંથના અંતમાં આપવામાં આવી છે.

કડવા પાટીદાર કુળદેવી શ્રી ઉમિયામાતાજીનાં મંદિરનો માસ્ટર પ્લાન જે અંદાજે ૪૦ લાખના ખર્ચે તૈયાર થવાનો છે, તેવી જાહેરાત મહોત્સવ પ્રસંગે સમાચારપત્રોમાં પ્રગટ કરવામાં આવતી હતી. આ માસ્ટર પ્લાનની ચિંતા આપણી શ્રદ્ધેય દેવી મા ઉમિયાજીએ કરી હોય તેવી સમજ મહોત્સવ પ્રસંગે મળેલ ભંડોળથી આપોઆપ સમજાઈ આવે છે.

•



# યજ્ઞ-સેવા સમિતિ

શ્રી ઉમિયા માતાજીના આ ભવ્ય અઢારમી શતાબ્દી મહોત્સવ પ્રસંગે હોમાત્મક સહસ્ત્રચંડી યજ્ઞ કરવાનું મહોત્સવ સમિતિએ સૌથી પ્રથમ વિચાર્યું હતું. સહસ્ત્રચંડી યજ્ઞનું આયોજન અને વ્યવસ્થાની સંપૂર્ણ જવાબદારી યજ્ઞ-સેવા સમિતિને સોંપવામાં આવી. આ સમિતિએ જગતજનની મા ઉમા પ્રત્યેનો લોકહૃદયમાં ભક્તિભાવ વધે તે માટે સંપૂર્ણ આયોજનબદ્ધ વ્યવસ્થા ગોઠવી દીધી હતી.

**યજ્ઞક્રિયાનો હેતુ**

સમગ્ર યજ્ઞક્રિયાનો મુખ્ય ઉદ્દેશ એ હતો કે, સમગ્ર જગતનું કલ્યાણ થાય, મા પ્રત્યેની ભાવના સર્વેના હૃદયમાં જાગે, લોકોમાં સંસ્કારની જાગૃતિ થાય, સંસ્કારિતા વધે, સમાજકલ્યાણનાં કામો થાય, દરેક વર્ગ પ્રત્યે, દરેક જ્ઞાતિ પ્રત્યે સહકારની તેમજ ભાઈચારાની ભાવના વધે, માનવ પ્રત્યે સહૃદયતા જાગે અને આવી હૃદયની ભાવનાઓ વિસ્તૃત થાય તે માટે સહસ્ત્રચંડી યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું. તદુપરાંત મા ઉમાની પ્રતિમાનાં દર્શન કરાવી લોકહૃદયમાં અનોખી ચૈતના પ્રગટાવવા માટે સહસ્ત્રચંડી યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું.

**સહસ્ત્રચંડી યજ્ઞનું સ્થળ**

સહસ્ત્રચંડી યજ્ઞ માતાજી સન્મુખ કિલ્લાની બહાર પૂર્વ દિશા તરફ માનસરોવરની દક્ષિણે રહેલા મેદાનમાં કરવામાં આવ્યો હતો. તા. ૨૯-૧૦-૭૬ના દિને સવારે ૯-૦૦ વાગે ઊંઝાના આગેવાન નાગરિક તથા શ્રી ઉમિયા માતાજી સંસ્થાનના ઉપપ્રમુખ શ્રી બાલચંદદાસ ઉમેદદાસ પટેલના વરદ્ હસ્તે શાસ્ત્રોક્ત વિધિ દ્વારા ભૂમિપૂજન કરીને આ શુભકાર્યની શરૂઆત થઈ. આ પવિત્ર દિવસથી યજ્ઞકાર્ય આરંભાયું.

યજ્ઞસ્થળના મેદાનની સફાઈ કરીને તેને સમતલ બનાવી દેવામાં આવ્યું. યજ્ઞવિધિકાર્ય શરૂ થાય તે પહેલાં યજ્ઞ-સેવા સમિતિએ સમગ્ર યજ્ઞવિધિના મેદાન ઉપર વિશાળ રક્તવર્ણીય ચાદરોથી ભવ્ય મંડપ બાંધી દીધો. યજ્ઞવિધિકાર્યમાં ૧૪૩ વિદ્વાન ભૂદેવો રોકાયા હતા. ભૂદેવોને બેસવા માટેની બેઠક-વ્યવસ્થા સુંદર રીતે ગોઠવવામાં આવી. અગ્નિહોત્રી શ્રી શુકદેવજી મહારાજ સમગ્ર ભૂદેવોમાં મુખ્ય આચાર્યપદે હતા. યજ્ઞની ચારે બાજુ યાત્રિકો પ્રદક્ષિણા કરી સહસ્ત્રચંડી યજ્ઞનાં દર્શન કરી પાવન થઈ શકે તે માટે યજ્ઞને ફરતી રેલિંગ બાંધવામાં આવી. દર્શન કરનાર સ્ત્રી અને પુરુષના વિભાગો અલગ અલગ પાડવામાં આવ્યા. દર્શન કરવામાં કોઈને તકલીફ ન પડે તે માટે યજ્ઞને ફરતો રસ્તો ઢોળાવ આપીને બનાવવામાં આવ્યો. કોઈના મસ્તિષ્કની ઊંચાઈ ન નડે તેની તકેદારી રાખીને રસ્તાનો ઘાટ આપવામાં આવ્યો હતો. એક મિનિટમાં માનાં દર્શન કેટલા યાત્રિકો કરી શકશે, તેની અગાઉથી પ્રાયોગિક ધોરણે ચકાસણી કરવામાં આવી. લગભગ ૧૮૦ યાત્રિકો જ એક મિનિટમાં દર્શન કરી શકતા હતા.

યજ્ઞવેદીમાં રોકાયેલા ભૂદેવોને યજ્ઞસ્થળથી બહાર તેમજ માતાજી સન્મુખ જવા-આવવા માટે અલગ પુલ બાંધીને વ્યવસ્થા કરવામાં આવી. ૬૦ જેટલા સ્વયંસેવકોને યજ્ઞવિધિ કાર્યમાં રોકવામાં આવ્યા. યજ્ઞ માટેની સંપૂર્ણ વ્યવસ્થાનું આયોજન વૈજ્ઞાનિક રીતે નાનીનાની બાબતોને ધ્યાનમાં રાખીને કરવામાં આવ્યું હતું.


**સહસ્ત્રચંડી યજ્ઞનો કાર્યક્રમ**

સહસ્ત્રચંડી યજ્ઞનો કાર્યક્રમ અગાઉથી નક્કી કરવામાં આવ્યો હતો, ને તે વિવિધ સમાચારપત્રોમાં પ્રગટ કરવામાં આવ્યો. કાર્યક્રમ આ પ્રમાણે હતો :

તા. ૨૫-૧૧-૭૬ સવારે ૬-૩૦ યજ્ઞની ધ્વજારોપણ
સવારે ૭-૦૦ યજ્ઞનો પ્રારંભ
તા. ૨૬-૧૧-૭૬ સવારે ૭-૩૦ યજ્ઞનો પ્રારંભ
બપોરે ૨-૦૦ જલયાત્રા
તા. ૨૭-૧૧-૭૬ સવારે ૭-૩૦ યજ્ઞનો પ્રારંભ







બપોરે ૧૨-૩૯ ધ્વજારોપણ

તા. ૨૮-૧૧-૭૬ સવારે ૭-૩૦ યજ્ઞનો પ્રારંભ

માતાજીની મહાપૂજા (ગર્ભગૃહમાં)

તા. ૨૯-૧૧-૭૬ સવારે ૭-૩૦ યજ્ઞનો પ્રારંભ

બપોરે ૩-૦૦ પૂર્ણાહુતિ

સહસ્રચંડી યજ્ઞનિમિત્તે પાટલા-પૂજન તેમજ ધ્વજ ચઢાવવા માટે જાહેર ઉછામણી થતાં રૂપિયા બે લાખ નોંધાયા હતા. પાટલા ઉપર બેસનાર સજ્જનોની દેહશુદ્ધિ માટે યજ્ઞના અગાઉના દિવસે તા. ૨૪-૧૧-૭૬ ના રોજ સિદ્ધપુરના પવિત્ર સ્થાન મા સરસ્વતીના કિનારે અરૂડેશ્વર ગયા, ત્યાં સ્નાન કર્યા પછી ગુરુમહારાજ પૂ. દેવશંકર મહારાજના આશીર્વાદ પ્રાપ્ત કરીને યજ્ઞના શુભકાર્યની શરૂઆત કરી હતી.

**પ્રારંભ**

તા. ૨૫-૧૧-૭૬ના સુપ્રભાતે જગતજનની મા ઉમાના શતાબ્દી મહોત્સવની ઉજવણીનો શુભ પ્રારંભ થયો. ને સવારે ૬-૩૦ વાગે માના જયઘોષ સાથે ધ્વજારોપણની ધાર્મિક વિધિ શરૂ થઈ, ત્યારે માતાજીના સુશોભિત મંદિરના કળશ ઉપર છેલ્લા ૭ દિવસના માવઠા પછી શ્રી સૂર્યનારાયણના કિરણો ઝબકી ઊઠ્યા, ત્યારે 'માતાજીનો જબરદસ્ત પરચો છે' એવું પોકારી ઊઠી હજારો ભાવિકોએ આનંદમાં આવી જઈને જ્યારે 'ઉમિયામાતાકી જય'ના ગગનભેદી હર્ષના પોકાર કર્યા, ત્યારે મંદિરનું પ્રાંગણ ગાજી ઊઠ્યું હતું. સર્વત્ર આનંદ, ઉલ્લાસ અને ભક્તિભાવનું વાતાવરણ સર્જાઈ ગયું હતું.

માતાજીના મંદિરના દ્વાર પાસે જ આજે સવારથી જ જગદંબાનો સહસ્રચંડી યજ્ઞ શરૂ થયો હતો. યજ્ઞના પાટલા ઉપર નીચેના ભાઈઓ બેઠા હતા :

સર્વશ્રી

(૧) સોમાભાઈ શંકરલાલ માલ્લોત (૨) શિવરામ મોતીલાલ પેપલિયા (૩) પરસોત્તમદાસ જોરદાસ આફ્રિકાવાળા (૪) હરગોવનદાસ ત્રિભોવનદાસ પેપલીયા (૫) અમથારામ રણછોડદાસ વાસણ (૬) શંકરલાલ બાલચંદદાસ બાંગા (૭) હરગોવનભાઈ અંબારામદાસ (માસ્તર) (૮) ઈશ્વરલાલ શંકરલાલ રોડ (૯) જોઈતારામ અમથારામ મોલ્લોત (૧૦) માતાજીની પૂજાવિધિ મંજીભાઈ કરશનભાઈ હરિપુરા કમ્પા (૧૧) મહાદેવની પૂજા ગોબરભાઈ શંભુદાસ મોખાતલક્ષ્મી ઑઈલવાળા (૧૨) ગણપતિપૂજન કારજીભાઈ ચેલદાસ પટેલ, (૧૩) હનુમાનજીની પૂજા નટવરલાલ વિઠ્ઠલદાસ પટેલ, માણસા (૧૪) માતાજીના મંદિરની ધજા ૪૧ ગોળ સમાજ માણસાવાળા (૧૫) યજ્ઞની ધજા વાડીલાલ નરસિંહભાઈ પાલનપુરવાળા.

૧૪૩ બ્રાહ્મણોએ ચંડીપાઠમાં ભાગ લીધો હતો. પાઠ, હવન અને મંત્રોચ્ચારની વિધિમાં રત હતા, ત્યારે આચાર્ય, ચતુષ્ટ, યોનિ અર્ધવ્રત, ત્રિકોણ, વ્રત, ષડક્ષ, પદ્મ અને અષ્ટાક્ષ કૂંડો પર ૧૫ યજમાનો બેઠા હતા. જેમાં મુખ્ય યજમાન શ્રી સોમાભાઈ શંકરલાલ મોલ્લોત હતા. અગ્નિહોત્રી આચાર્ય શુકદેવજી મહારાજ વિધિકાર્યમાં રત હતા.

માતાજીના દ્વારે માતાજીના મુખારવિંદની સામે યજ્ઞકુંડ અને યજ્ઞદેવીઓમાંથી સાક્ષાત્ અગ્નિદેવ પોતાની ભુજાઓ ફેલાવી રહ્યા હતા. ભૂદેવોના મુખમાંથી તાલબદ્ધ સંગીતમય મંત્રો ચારે બાજુ વાતાવરણમાં સુમધુરતા ફેલાવી રહ્યા હતા, ત્યારે લાખો ભાવિક ભક્તો શિસ્તબદ્ધ લાઈનમાં યજ્ઞની પ્રદક્ષિણા કરીને આગળ વધી રહ્યા હતા. યજ્ઞનાં દર્શન કર્યા પછી જ માનાં દર્શન માટે મંદિર તરફ માનવ મહેરામણ નદીના ધસમસતા પૂરની જેમ આગળ વધતો હતો. આ વખતે વિદ્વાન ભૂદેવોના સંસ્કૃતસભર શ્લોકો કર્ણપ્રદેશમાં પ્રવેશી ચિત્તમાં અનેરી પવિત્રતા પ્રગટાવતા હતા. યજ્ઞમંડપમાંથી આવતી સુવાસિત મહેકનો સ્પર્શ અનુભવીને યાત્રિકોનું હૃદયપુષ્પ ખીલી ઊઠતું હતું. મસ્તિષ્ક અને હૃદયની પવિત્રતાનો કોઈ અનેરો સુમેળ અહીં સધાતો હતો. સર્વેના મુખ ઉપર તળવળાટ, આનંદ, ઉત્સાહ દેખાઈ આવતો હતો. માનાં દર્શન માટે જેમ જેમ ભાવિક યાત્રિઓ આગળ વધતા હતા. ને માના મંદિરના મુખ્ય દ્વારનાં પગથિયાં વીરોચિત ભાવથી ચડતા ત્યારે 'ઉમિયા માત કી જય'નો નાદ તેઓના હૃદયમાંથી અચાનક વાણી દ્વારા સરી પડતો હતો. બે હાથ જોડી નત મસ્તકે જ્યારે દૂરથી માના ચરણસ્પર્શ કરતા હતા, ત્યારે ભાવિક યાત્રિક મંદિરના ઘંટારવમાં મરજીવાની જેમ ખોવાઈ જતો હતો ને પોતાના દિલ-દિમાગમાં આનંદ, કલ્યાણ-પ્રેમની પ્રસાદી મેળવીને આગળ વધતો હતો. આ કોઈ







ભવ્ય અને અવર્ણનીય વાતાવરણ હતું.

નવદુર્ગાનાં નવ સ્વરૂપોની સુંદર તૈલચિત્રોની ઘુમ્મટ નીચે સજાવટ કરી હતી ને જે દ્વારા રામણીય ભવ્યતાનું દર્શન થતું હતું; યજ્ઞ પાછળ "લોકકલ્યાણની ભાવના અને મા ઉમાના આશીર્વાદ ઊતરી રહો" તેવી હૃદયની પ્રાર્થનાઓ સાથે યજ્ઞનું કાર્ય આગળ વધી રહ્યું હતું. ચોવીસ કલાક ચાલતા આ કાર્યમાં યજ્ઞ-સેવા સમિતિના કાર્યકરો મન મૂકીને કાર્ય કરતા હતા.

તા. ૨૬-૧૧-૭૬ના રોજ બપોરે ૨-૦૦ વાગે જલયાત્રાનો ભવ્ય વરઘોડો નીકળ્યો. સુંદર વસ્ત્રોમાં સજ્જ બનેલી ૧૨૫ બહેનો માથા ઉપર ઘડાઓ, ઘડા ઉપર શ્રીફળ અને હાર સાથે વરઘોડામાં જોડાઈ. વાજતેગાજતે આ વરઘોડો ગામમાં ફરીને ગામના સુપ્રસિદ્ધ દૂધિયા કૂવાનું પૂજન કરીને તેમાંથી પાણી લીધું ને આ પવિત્ર પાણી માતાજીના અભિષેક માટે લઈ જવામાં આવ્યું. શ્રીફળોમાંથી પ્રસાદ બનાવીને બાળકોને વહેંચવામાં આવ્યો.


એક બાજુ લાખો ભાવિકો માનાં દર્શન માટે ઉમટ્યા હતા. ઊંઝામાં કિડિયારીની જેમ માનવો ઊભરાયા હતા. ને બીજી બાજુ શિસ્તબદ્ધ રીતે યજ્ઞનું કાર્ય ચાલતું હતું. સ્વયંસેવકો પોતાની જાતને ભૂલીને માની સેવામાં ખોવાઈ ગયા હતા.

તા. ૨૭-૧૧-૭૬ માગશર સુદી સાતમનો દિવસ હતો. બપોરના ૧૨-૩૯ મિનિટે શ્રી માતાજીના વિશાળ ઉત્તુંગ શિખર પર ઝળહળતા કળશ સાથેના ધ્વજદંડ પર ૮૯ વર્ષ પછી જ્યારે સોનેરી જરિયાન ભરેલી ભવ્ય ધ્વજાપતાકા ચડાવવામાં આવી, ત્યારે માતાજીના ભવ્ય મંદિરની આસપાસ ચાર લાખથી પણ વધારે માનવ મેદનીએ શ્રી ઉમિયામાતાના જય જયકારથી વાતાવરણને ભરી દીધું હતું. ચોઘડિયા અને શરણાઈના સુમધુર ગુંજારવ વચ્ચે ૧૪૩ જેટલા વિદ્વાન ભૂદેવોના મધુર કંઠમાંથી નીકળતા પવિત્ર સંસ્કૃત સૂત્રોચ્ચારથી સમગ્ર માનું મંદિર દેવભૂમિસમુ પાવન અને જીવંત બનેલું દેખાઈ રહ્યું હતું.

તા. ૨૮-૧૧-૭૬ના દિવસે માતાજીના ગર્ભગૃહની મહાપૂજા અગ્નિહોત્રી આચાર્ય શ્રી શુકદેવજી મહારાજના પવિત્ર હસ્તે કરવામાં આવી. આ વખતે એક હજાર વિવિધ કળશમાં જુદીજુદી ધાતુનાં ઔષધો નાંખીને ઔષધયુક્ત જળથી માતાજીને સ્નાન કરાવવામાં આવ્યું. આ જળ ભારતના જુદાજુદા તીર્થો, સરોવરો અને સાગરોમાંથી લાવવામાં આવ્યું હતું.

તા. ૨૯-૧૧-૭૬ માગશર સુદી નોમ યજ્ઞનો અંતિમ દિવસ હતો. પૂર્ણાહુતિની ભવ્ય તૈયારી કરવામાં આવી હતી. લાખો ભાવિક યાત્રિકો પૂર્ણાહુતિના પવિત્ર દિને ઉપસ્થિત હતા. બરાબર બપોરે ત્રણને એક મિનિટે સહસ્ત્રચંડી યજ્ઞમાં શ્રીફળ હોમાતાં ઉમિયા માતાજીના ગગનભેદી જય જયકાર વચ્ચે અને મોટા પ્રમાણમાં ઉડાડવામાં આવેલ ગુલાલના ગુલાબી વાતાવરણ વચ્ચે હોમાત્મક સહસ્ત્રચંડી યજ્ઞની પૂર્ણાહુતિ થઈ.

આ ભવ્ય મહોત્સવ પ્રસંગે શ્રી માતાજીના મંદિરને ભવ્ય રીતે સવા લાખ રનિંગ લાઈટથી સુશોભિત બનાવ્યું હતું. મહોત્સવની મહેંક, ઉત્સાહ અને આનંદ લાંબા સમય સુધી આજે પણ લોકોના મન ઉપર છવાયેલાં રહ્યાં છે.




લાખો યાત્રિકો માના દર્શનાર્થે આવવાના હોય ત્યારે, દૂરદૂરથી આવતા ભાવિકોને બેસાડવા માટે મંડપો બાંધવાનું, વ્યવસ્થા સાચવવાનું અને રાત્રિરોકાણ વખતે ઉતારો આપવાનું કાર્ય આ સમિતિનું હતું. ઊંઝાની કઈકઈ જગ્યાએ મંડપ બાંધવા અને કઈકઈ સંસ્થાઓમાં ઉતારા આપવા તે માટે અમારી સમિતિની મીટિંગ મહોત્સવના એક મહિના અગાઉ મળી. દરરોજ બે લાખ માણસોની અવરજવર થવાનો અંદાજ હતો. જો બે લાખ માણસો આવે તો તેમાંથી એક લાખ માણસો રોકાઈ જાય. આ બધી વ્યક્તિઓને સૂઈ રહેવાની વ્યવસ્થા ગોઠવવી ને સામાન્ય કામ ન હતું. એક લાખના અંદાજે કામ શરૂ કર્યું, પણ પાછળથી ત્રણ લાખ માણસો ઊંઝામાં રોકાયા. આટલી મોટી સંખ્યાની વ્યવસ્થા કેવી રીતે કરવી તે જટિલ પ્રશ્ન હતો, પરંતુ સૌના સહકારથી અને માની કૃપાથી આ કઠિન કાર્ય પણ અમે સુંદર રીતે ગોઠવી શક્યા હતા.

સમગ્ર ગામમાં મંડપો જુદીજુદી જગ્યાએ બાંધવામાં આવ્યા હતા. દસ હજાર માણસો સૂઈ શકે તેટલા મોટા ત્રણ મંડપો બાંધવામાં આવ્યા હતા. આંખની હૉસ્પિટલ પાસેના, કોટેજ હૉસ્પિટલની પાછળના અને ઉમિયાનગરના મંડપો ભવ્ય હતા. આ ત્રણ મંડપોમાં એકીસાથે તીસ હજાર માણસો સમાઈ શકે તેટલા મોટા હતા. માતાજીની અંદરના ભાગમાં પણ ભવ્ય મંડપ બાંધ્યો હતો. મંડપોની અંદર ૭૦૦ થી ૮૦૦ જેટલા સ્વયંસેવકો રાત-દિવસ યાત્રિકોની સેવામાં રોકાયેલા હતા. આ ઉપરાંત પણ ગામમાં ઠેરઠેર નાનામોટા અનેક મંડપો ગ્રામજનોએ બાંધ્યા હતા, જે મંડપોમાં બહારથી આવતા ભાવિક યાત્રિકો બેસીને વિરામ કરતા હતા.

મંડપો સિવાય ઉતારા માટે સમગ્ર ગંજબજાર રોકાયેલો હતો. ગંજબજારની ચારસો દુકાનોમાં ઉતારાની વ્યવસ્થા ગોઠવી હતી. ઊંઝાનું ગંજબજાર ભારતમાં કોલ્હાપુર પછીના બીજા નંબરનું સ્થાન ભોગવે છે, ને જીરા-વરિયાળીના ધંધામાં સમગ્ર ભારતમાં પ્રથમ સ્થાને આવે છે. ચાલીસ એકરમાં પથરાયેલા ગંજબજારમાં ઉતારાની વ્યવસ્થા ગોઠવી હતી. ગંજબજારને સાત જૂથોમાં વહેંચવામાં આવ્યું હતું. સૌરાષ્ટ્ર તરફથી આવતા ભાઈઓના ઉતારા માટે મહેસાણા ડિસ્ટ્રિક્ટ બૅંકની લાઈનનો ભાગ આપવામાં આવ્યો હતો, તે રીતે સાબરકાંઠા તરફથી આવતા ભાઈઓ માટે ગોળાઈ દરવાજા સુધીનો ભાગ, કચ્છ તરફથી આવનાર ભાઈઓ માટે ગોળાઈ ખાડિયા સુધીનો ભાગ, બનાસકાંઠા, કડી, વિરમગામના ભાઈઓ માટે ગોળાઈ ખાડિયા સ્ટેશન સુધીનો ભાગ, ગુજરાત સિવાયના રાજ્યમાંથી આવનારાઓ માટે ગોળાઈ ખાડિયા માતાજી તરફનો ભાગ અને વડોદરા, ભરૂચ, વલસાડ, સુરતના ભાઈઓ માટે નવાગંજનો ભાગ ફાળવવામાં આવ્યો હતો. મહેસાણા જિલ્લામાંથી આવનાર ભાઈઓ માટે સ્ટેશન રોડ પરનો ઉમિયા નગરમાં, મુંબઈ શહેરમાંથી આવનાર માટે જી.એલ. પટેલ હાઈસ્કૂલમાં, અમદાવાદ શહેરના ભાઈઓ માટે પ્રાથમિક શાળા નં.૩માં અને બહેનો માટે ગાંધીચોકની પ્રાથમિક શાળા નં ૨ માં ઉતારાની વ્યવસ્થા કરવામાં આવી હતી. માર્કેટયાર્ડ નાગરિક બૅંકની લાઈનનો ભાગ રીઝર્વ રાખવામાં આવ્યો હતો. ઈમરજન્સીમાં આ ભાગનો ઉપયોગ કરવામાં આવતો હતો. આ ઉપરાંત ઊંઝાની તમામ હાઈસ્કૂલો, તમામ છાત્રાલયો, કૉલેજનું મકાન, જૈનવાડી, બ્રાહ્મણવાડી તેમજ તમામ કોમોની વાડીઓ, દેવમંદિરોની જગ્યામાં ઉતારાની વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી. આ ઉત્સવ દરમિયાન તમામ કોમોમાં હજારોની







સંખ્યામાં લોકો રોકાયા હતા. એક પણ ઘર એવું ન હતું કે, જ્યાં પાંચ-પચીસ માણસો રોકાયા ન હોય. ઉતારાની દરેક જગ્યાએ પાણી-જાજરૂની વ્યવસ્થા ગોઠવી દેવામાં આવી હતી.

ઉતારાની વ્યવસ્થાને પહોંચી વળવા માટે ૩૦૦ તાડપત્રીઓ ખરીદવામાં આવી હતી ને પડિયાદ (સૌરાષ્ટ્ર), મહુડી, ભીલડી, મેત્રાણા વગેરે સ્થળોએથી જથ્થાબંધ ગાદલાં મંગાવીને ભેગાં કરવામાં આવ્યાં હતાં. એસ.ટી., ગાડી, ખટારા, ટ્રેકટર કે પ્રાઈવેટ વાહન દ્વારા આવતા મુસાફરોને ઉતારાની તકલીફ ન પડે તે માટે પ્રાથમિક શાળાના મકાનમાં ટેલિફોન અને માઈકની સંપૂર્ણ સુવિધા રાખવામાં આવી હતી. યાત્રિકોને છાપેલો ભોમિયો આપવામાં આવ્યો હતો, જેમાં જે-તે વિસ્તારમાંથી આવતા યાત્રિકોને ક્યાં ઊતરવાનું છે, તેની સંપૂર્ણ વ્યવસ્થિત માહિતી છાપીને આપવામાં આવી હતી. માઈક દ્વારા આ અંગેની સૂચનાઓ વારંવાર આપવામાં આવતી હતી. ઉતારાની કેન્દ્રીય વ્યવસ્થા એટલે કે મુખ્ય વ્યવસ્થા ગંજબજાર સામે આવેલ બારોજ માતામાં ગોઠવવામાં આવી હતી. યાત્રિકો જ્યારે કેન્દ્રીય કાર્યાલયમાં આવતા ત્યારે તેઓને જુદા-જુદા સ્થળે પહોંચાડવાનું કાર્ય સ્વયંસેવકો કરતા હતા. દરેકને પોતાની જગ્યાએ પહોંચાડવામાં આવતા હતા. કોઈ વિખૂટું પડી જાય તો તેને પોતાની જગ્યાએ પહોંચાડવાનું કાર્ય સ્વયંસેવકો કરતા. દરેકને પોતાના વિસ્તારમાંથી આવતી એસ.ટી. બસોની અનુકૂળતા પ્રમાણે ઉતારો આપવામાં આવ્યો હતો. ગંજમાં જે વિસ્તારના ભાઈઓનો ઉતારો હતો, ત્યાં ગંજના ભાઈઓએ પોતાની પેઢીના ખર્ચે ચા, પાણી અને નાસ્તાની સગવડ ઉપાડી લીધી હતી.

આટલા બધા યાત્રિકો આવવા છતાં પણ ક્યાંય તકલીફ ઊભી થઈ નથી. કોઈ પથારી વિના સૂઈ ગયો હોય તેવો એક પણ પ્રસંગ બન્યો નથી. સવારે યાત્રિકો જાગે ત્યારે દાતણપાણી અને ચાની વ્યવસ્થા સ્વયંસેવકો તરફથી કરી દેવામાં આવતી હતી.

મંડપ-ઉતારાની ભવ્ય વ્યવસ્થા ગોઠવાઈ હતી ને લાખો ભાવિકોએ તેનાં ભારોભાર વખાણ કરેલાં. અમારો કાર્યકર વર્ગ સતત જાગ્રત હતો. રાતદિવસ એક કરીને તન-મનથી આ કાર્યમાં ખોવાઈ ગયો હતો.

●

વિધેર જ્ઞાનેન દ્રવિણ વિરહેણાલસતયા
વિધેયા શક્યત્વા ત્તવચરણયો યાં ચ્યુતિરભૂત ।
તદે તત્ ક્ષંતવ્ય જનનિ સકલોદ્ધારિણિ શિવે
કુપુત્રી જાયતે કવચિદપિકુમાતા ન ભવતિ ॥૨॥

સર્વ સકળનો ઉદ્ધાર કરનારી હે શિવા, મને વિધિનું અજ્ઞાન છે અને દ્રવ્યનો અભાવ છે. હું આળસું છું. અને તારી પૂજા બરાબર કરી શકતો નથી. આથી તારી ચરણસેવામાં જે ખામીઓ થઈ છે તે બદલાતું મને ક્ષમા આપજે. પુત્ર ખરાબ હોઈ શકે પણ મા કદીય ખરાબ નહિ હોય.



# પ્રચાર અને પ્રકાશન સમિતિ

**પ્રસ્તાવના**

૧૮મી શતાબ્દી મહોત્સવ ઊજવવાનું નક્કી થયા પછી પ્રચારની જવાબદારી અમારી આ સમિતિને મળી. સામાન્ય રીતે પ્રથમ નજરે તો પ્રચાર અને પ્રકાશન સમિતિનું કાર્ય દેખાય નહિ. પરંતુ આ સમિતિનું કાર્ય વિશેષ પ્રકારનું હતું. સમગ્ર મહોત્સવના પાયામાં કેન્દ્રસ્થાને આ સમિતિનું કાર્ય રહ્યું હતું. મહોત્સવની ઝલક ઊભી કરવાનો આધાર અમારા ઉપર રહ્યો હતો. સૌથી મહત્ત્વનું કાર્ય એ હતું કે, સમગ્ર દેશ અને વિદેશમાં વસતા આપણા કડવા પાટીદાર ભાઈઓને આ મહોત્સવનો સંદેશ પહોંચાડવાનો હતો ને આ મહોત્સવ દ્વારા સર્વે ભાઈઓના હૃદયમાં કુળદેવી મા ઉમા પ્રત્યેની શ્રદ્ધા અને ધાર્મિક ભાવના જન્મે ને ભાઈ-ભાઈ વચ્ચેની આંતરિક ભાવના તથા પ્રેમ બળવત્તર બને તે કાર્ય પ્રચાર અને પ્રકાશન સમિતિએ કરવાનું હતું.

ઉપર્યુક્ત ઉદ્દેશ્યને સફળ બનાવવા માટે અમારી આ સમિતિને બે કાર્યો કરવાનાં હતાં : (૧) ગુજરાત અને સમગ્ર દેશમાં ૧૮ મી શતાબ્દી મહોત્સવનો પ્રચાર કરવો અને (૨) આ મહોત્સવને કેન્દ્રમાં રાખીને જરૂરી સાહિત્ય પ્રકાશિત કરવું.

આ સમિતિએ મહોત્સવના બે માસ પહેલાં કાર્ય શરૂ કરી દીધું હતું.

**(અ) પ્રચારતંત્ર :** પ્રચારતંત્ર એવું હોવું જોઈએ કે, શહેર અને નાનામાં નાના ગામડાંઓમાં રહેતા ભાઈઓને આ મહોત્સવ અંગેનો ખ્યાલ આવે. ફક્ત દૈનિકપત્રોમાં જાહેરખબરો આપવાથી આ પ્રશ્ન પતે એમ ન હતો કારણકે, આજે પણ ઘણાં બધાં ગામડાંઓ એવાં છે કે, જ્યાં સમાચારપત્રો જતા પણ નથી ને જાય છે તો ખેડૂતવર્ગના અભણ ભાઈઓ સમાચારપત્રો વાંચતા નથી, જેથી દરેક ઘેર સંદેશો પહોંચે તે સારુ પ્રચારતંત્ર જુદીજુદી રીતે શરૂ કરવામાં આવ્યું હતું.

(૧) જ્ઞાતિભાઈઓનાં સરનામાં શોધીને પત્ર-વ્યવહાર.
(૨) સમાચારપત્રોમાં જાહેરખબરો દ્વારા.
(૩) પત્રકાર પરિષદો યોજીને દૈનિકપત્રો દ્વારા.
(૪) વિવિધ સમાજો અને ગોળની મીટિંગો દ્વારા
(૫) દૂરનાં ગામોમાં પ્રચાર ટુકડીઓ મોકલીને
(૬) પોસ્ટરો અને પત્રિકાઓ દ્વારા

**૧. સરનામાં કેવી રીતે મેળવ્યાં ?**

દેશ-વિદેશમાં રહેતા જ્ઞાતિભાઈઓને આમંત્રણ આપવા માટે સૌથી પ્રથમ તો અમારી પાસે સરનામાં જોઈએ. સરનામાં ભેગા કરવા માટે ગુજરાતની જે-જે કડવા પાટીદાર સંસ્થાઓના રિપોર્ટ અને ડિરેક્ટરીઓ છપાઈ હતી તે મંગાવી. સૌરાષ્ટ્ર કડવા પાટીદાર સમાજ પાસેથી સૌરાષ્ટ્રના આગેવાન ભાઈઓનાં સરનામાં મળ્યાં. કચ્છ કડવા પાટીદાર સમાજ પાસેથી કચ્છના સ્થાનિક લોકોના તેમજ કચ્છ છોડીને વેપાર-ઉદ્યોગ અર્થે ભારતના વિવિધ ભાગો જેવા કે મુંબઈ, મદ્રાસ, કલકત્તા, જબલપુર, નાગપુર, ઉજ્જૈન વગેરે સ્થળોએ રહેતા ભાઈઓનાં સરનામાં મળ્યાં. આ ઉપરાંત ઉત્તર ગુજરાત અને દક્ષિણ ગુજરાતની વિવિધ સંસ્થાઓના રિપોર્ટો મળ્યા ને તેમાંથી સરનામાં એકત્ર કરવામાં આવ્યાં. આ રીતે ગુજરાત અને ભારતના વિવિધ ભાગોમાં વસતા કડવા પાટીદાર ભાઈઓનાં સરનામાં એકત્ર કરીને છાપેલી મહોત્સવ અંગેની પત્રિકાઓ પહોંચાડવામાં આવી. ગુજરાત સિવાય મધ્યપ્રદેશના ઉજ્જૈન અને માળવામાં રહેતા ભાઈઓ માટે હિન્દીમાં પત્રિકા તૈયાર કરીને પહોંચાડવામાં આવી. પત્રિકાઓ મોટા પાયા ઉપર છપાવીને દરેક જગ્યાએ રૂબરૂ તથા પોસ્ટથી મોકલવામાં આવી હતી.

**૨. સમાચારપત્રોમાં જાહેરાત દ્વારા પ્રચાર**

ગુજરાતનાં સુપ્રતિષ્ઠિત દૈનિક અખબારોમાં જાહેરખબરો દ્વારા એક-એક પૂરા પાનાની પૂર્તિઓ આપવામાં આવી. આ વિજ્ઞાપનો દ્વારા જાહેર આમંત્રણ આપવામાં આવ્યું. જાહેરાતમાં કડવા પાટીદારોનો ગૌરવવંતો ભૂતકાળ, મહોત્સવ

સમિતિના અગત્યના સ્પેશિયલ ટેલિફોન, વિવિધ સમિતિઓના પ્રમુખોની યાદી, સહસ્ત્રચંડી યજ્ઞનો કાર્યક્રમ, માતાજીના મંદિરનો અને નંદી ઉપરનો માતાજીનો ભાવમયી ફોટો છાપવામાં આવ્યો. પૂરા પાનાની જાહેરાતોએ સમગ્ર ગુજરાતમાં પ્રચારનું વાતાવરણ સર્જ્યું ને ઘેરઘેર માતાજીના આ મહોત્સવની વાત ખુલ્લામને ચર્ચાવા લાગી. અમદાવાદમાંથી પ્રગટ થતા 'ગુજરાત સમાચાર', 'સંદેશ', 'જનસત્તા', 'જયહિંદ', 'પ્રભાત', સૌરાષ્ટ્રમાંથી 'ફૂલછાબ, 'સૌરાષ્ટ્ર સમાચાર', 'જયહિંદ (રાજકોટ)', 'લોકમાન્ય', કચ્છમાંથી 'કચ્છચિત્રો', સૂરતમાંથી 'ગુજરાતચિત્ર', મુંબઈમાંથી પ્રગટ થતા 'મુંબઈ સમાચાર', 'જન્મભૂમિ' વગેરે તથા અંગ્રેજી દૈનિકપત્રોમાં પણ મહોત્સવની જાહેરાતો છપાઈ હતી.

આ ઉપરાંત સાપ્તાહિકો, પાક્ષિકો અને માસિકપત્રિકાઓમાં આ મહોત્સવનો ખૂબ પ્રચાર થયો. ઘણા બધા માસિકોએ પૂર્તિ અંકો બહાર પાડ્યા. 'ઉત્તર ગુજરાત', 'પ્રજારાજ', 'ધર્મ સંદેશ', 'લોકવાણી', 'જીવન જ્યોત', 'ધરતી' વગેરે પત્રિકાઓએ પોતાના ખાસ અંકો બહાર પાડીને આ મહોત્સવનો પ્રચાર કર્યો હતો.

**૩. પત્રકાર પરિષદો યોજીને દૈનિકપત્રો દ્વારા પ્રચાર**

સમગ્ર મહોત્સવની ઝલક લોકો સમક્ષ મૂકવા માટે ને સમાચારપત્રોમાં મહોત્સવનું સર્વાંગી વર્ણન આવે તે સારુ મહેસાણા જિલ્લાના ખબરપત્રીઓ, પ્રતિનિધિઓની પરિષદ બોલાવવામાં આવી, ને આ પત્રકારો સમક્ષ મહોત્સવ અંગેનો વિગતવાર ખ્યાલ આપવામાં આવ્યો. પ્રગટ કરવામાં આવેલું બધું જ સાહિત્ય તેઓને આપવામાં આવ્યું ને સમસ્ત ગુજરાતમાં આ મહોત્સવની કેવી અસર ઊભી કરશે તેનું ચિત્ર રજૂ કરવામાં આવ્યું. સમાચારપત્રોમાં જાહેરાતો આપી હતી, પણ પત્રકારોને આ મહોત્સવનું કોઈ આગવું મહત્ત્વ દેખાયું. તેઓએ ઠેરઠેર નવું ચૈતન્ય જોયું. લાખો માણસોમાં સળવળતી ચેતના જ્યોતનાં દર્શન થયાં ને પત્રકારોએ આ ધાર્મિક મહોત્સવનાં જેટલાં ગુણગાન ગાઈ બતાવ્યાં તેનું વર્ણન કરી શકાય એમ નથી. મહોત્સવ શરૂ થયો તે પહેલાં જેટલી-જેટલી મીટિંગો ભરાઈ, ચર્ચા-વિચારણાઓ થઈ તેના બધા સમાચારો પ્રગટ કર્યા ને મહોત્સવના દિવસો દરમિયાન ફોટાઓ દ્વારા મહોત્સવનું જે વર્ણન છાપ્યું, તે અદ્દભુત હતું. ભારતના કોઈ પણ ધાર્મિક તીર્થને આટલું બધું મહત્ત્વ કોઈ દૈનિકપત્રે આપ્યું નથી. દૈનિકપત્રોના પ્રથમ પાને સમાચારો ચમકાવ્યા છે. પત્રકારોએ પ્રચાર માટે જે સહાનુભૂતિ બતાવી છે, તે અકથ્ય છે.

**૪. ગોળ કે સમાજોની મીટિંગો દ્વારા પ્રચાર**

ગોળ અને જ્ઞાતિના વિવિધ સમાજોના આગેવાન ભાઈઓએ માતાજીના મહોત્સવના પ્રચારનું કાર્ય ઉપાડી લીધું હતું. પોતાના સમાજના સર્વ ભાઈઓને મળીને પૈસા એકત્ર કરતા ત્યારે માતાજીના મહોત્સવની વાત કરતા ને આમંત્રણ આપતા. ગોળના આગેવાનો જે ગામમાં જતા તે ગામમાં આ અંગે સભાઓ યોજતા ને સમગ્ર મહોત્સવ કેવો બનશે તે વર્ણવતા. આવી નાની નાની સભાઓ, જૂથ-ચર્ચાઓ દ્વારા ગામેગામ પ્રચાર થયો. ખેતરમાં કામ કરતા ખેડૂતોને ખેતરો વચ્ચે રહેતા ખેડૂતોનાં ઘર સુધી આ સંદેશો પહોંચી ગયો હતો.

**૫. દૂરનાં ગામોમાં પ્રચાર ટુકડીઓ દ્વારા**

ગોળ અને સમાજની નાનીમોટી સભાઓ ઉત્તર ગુજરાતમાં વધારે ગોઠવાઈ પણ સૌરાષ્ટ્ર અને કચ્છ વિસ્તારના ઊંડાણવાળાં ગામોમાં અમારે તો માતાજીનો સંદેશ પહોંચાડવો હતો, જેથી અમે ત્યાં ચાર-ચાર, પાંચ-પાંચ માણસોની ટુકડીઓ મોકલી. આ ટુકડીઓને વાહનો આપવામાં આવ્યાં. આ ટુકડીઓના ભાઈઓએ કોઈની પાસે માતાજીના નામે પૈસા માગ્યા નથી કે ઉઘરાવ્યા પણ નથી. ફક્ત આ મહોત્સવ પ્રસંગે સર્વે ભાઈઓ માતાજીનાં દર્શન કરવા આવજો આટલી જ વાત કરતા. આ વાતથી ભાઈઓના માનસ ઉપર ઊંડી અસર પડી, ને દૂરદૂરથી પણ હજારો ભાઈઓ અને બહેનો આગવાં વાહનો કરીને માનાં દર્શન કરવા આવ્યાં હતાં.

પ્રચાર ટુકડીઓ દક્ષિણ ગુજરાત, ઉજ્જૈન, ઈન્દોર સુધી મોકલવામાં આવી હતી. આ પ્રચાર ટુકડીઓ નાના સરખા ગામમાં જ્યારે માતાજીનું નામ લઈને જતી ત્યારે તેનું ભવ્ય



# શ્રી ઉમિયા માતાજી

## અઢારમી શતાબ્દી મહોત્સવ ※ સ્મૃતિગ્રંથ



સ્વાગત થતું, ને પ્રચાર ટુકડી ફક્ત પોતાનો સંદેશો પહોંચાડીને આગળ વધતી. આ રીતે ગુજરાતના ગામડેગામડે મહોત્સવની હવા પહોંચાડવામાં આવી હતી.

**૬. પોસ્ટરો અને પત્રિકાઓ દ્વારા**

મહોત્સવને સફળ બનાવવા માટે આમંત્રણ આપતી વિવિધ માહિતીઓથી સભર હજારો પત્રિકાઓ પ્રગટ કરીને તે ગામેગામ મોકલવામાં આવી. દરેક ગામની ભીંતો ઉપર ચોંટાડવામાં આવી. વિદેશમાં રહેતા આપણા ભાઈઓ ઉપર પોસ્ટથી મોકલવામાં આવી. રીક્ષા, ઘોડા-ગાડીઓ, ટ્રકો, પ્રાઈવેટ વાહનો, એસ.ટી. બસો ઉપર મહોત્સવનાં પોસ્ટરો ચોંટાડવામાં આવ્યાં હતાં. માતાજીના નામનાં સ્ટિકરો દરેક વાહનચાલક પોતાના વાહન ઉપર લગાડતા. મહોત્સવની આછી રૂપરેખા આપતી નાનીનાની પત્રિકાઓ પણ મોકલવામાં આવી હતી. ઊંઝાના વેપારી મહાજનોએ કાર્ડ લખીને મહોત્સવનો પ્રચાર કર્યો હતો. જુદાજુદા પ્રદેશોમાં રહેતા પોતાના વેપારીબંધુઓ ઉપર માતાજીનો નાનો બ્લોક મૂકીને નીચે લખ્યું હતું, 'માતાજી કા બહુત બડા ઉત્સવ હોનેવાલા હૈ આપ કો આમંત્રણ હૈ' આવું છાપીને બીજાં રાજ્યોમાં મોકલવામાં આવ્યું હતું. આ રીતે પોસ્ટરો અને પત્રિકાઓ દ્વારા આ ભવ્ય મહોત્સવનો પ્રચાર સમગ્ર ભારત અને વિદેશમાં કરવામાં આવ્યો હતો.

મહોત્સવ દરમિયાન મહોત્સવમાં પધારેલ ભાવિકો માટે માર્ગદર્શિકારૂપ "ભોમિયો" પ્રસિદ્ધ કરવામાં આવ્યો હતો. આ "ભોમિયો" માં વિવિધ સમિતિઓની વ્યવસ્થા અંગેની વિગતવાર માહિતી આપવામાં આવી હતી.

**પ્રકાશન**

અમારી સમિતિનું બીજું મહત્ત્વનું કાર્ય પ્રકાશનનું હતું. વિભિન્ન પ્રકારની જરૂરી પત્ર-પત્રિકાઓ આ સમિતિ તરફથી પ્રગટ કરવામાં આવી હતી. પણ આ મહોત્સવ પ્રસંગે ઉમિયા માતાજીનું મહત્ત્વ બતાવતી બે નાની પુસ્તિકાઓ પણ જુદા-જુદા લેખકોએ તૈયાર કરીને બજારમાં મૂકી હતી. "શ્રી સમસ્ત કડવા પાટીદાર કુળ ગૌરવ અને શ્રી ઉમિયામાતાજી સંસ્થાન પરિચય" નામની સુંદર પુસ્તિકા સ્મરણિકારૂપે પ્રગટ કરવામાં આવી હતી.

**કાયમી પ્રસાદીરૂપે વિવિધ વસ્તુઓનું પ્રકાશન**

માતાજીના મહોત્સવ પ્રસંગે લાખો યાત્રિકો આવે તો તે યાત્રિકોને માતાજીની કાયમી પ્રસાદી તરીકે શું કરવું તેનો પણ પ્રચાર સમિતિએ વિચાર કર્યો, આ માટે

(અ) માતાજીની છબીવાળા ચાંદીના સિક્કા બનાવવાનો વિચાર કર્યો. સિક્કાની ડિઝાઈન અમદાવાદના હીરાલાલ ખત્રી પાસે તૈયાર કરાવી. મહોત્સવ શરૂ થતાં પહેલાં લગભગ હજારોની સંખ્યામાં ચાંદીના સિક્કા બનાવ્યા. સિક્કાનું વેચાણ એટલું બધું થવા લાગ્યું કે દરરોજ અમદાવાદથી સિક્કા બનાવીને લાવવામાં આવતા હતા. ચાંદીનો એક સિક્કો પંદર રૂપિયે વેચવામાં આવતો હતો. આજે એ સિક્કાની કિંમત ત્રીસ રૂપિયા થાય છે. અમને આજે કહેતાં આનંદ થાય છે કે માતાજીના આ સિક્કાઓ દ્વારા પાટીદાર સમાજને લાખ્ખો રૂપિયા માતાજીએ ભેટ તરીકે પરત કર્યા છે.


(બ) આ ઉપરાંત પતરાનાં કેલેન્ડરો, પ્લાસ્ટિકનાં કેલેન્ડરો, સ્મરણિકા, માતાજીના નામનું સ્ટિકર, થેલીઓ અને ગ્લાસ વગેરે વસ્તુઓ માતાજીની કાયમી પ્રસાદી તરીકે વેચવામાં આવતી હતી, ને આ વસ્તુઓ વેચવા માટે સ્પેસિયલ કાઉન્ટરો ખોલવામાં આવ્યાં હતાં. કેલેન્ડરો મોટી સંખ્યામાં વેચાતાં પાછળથી કેલેન્ડરો મશીનપ્રિન્ટ દ્વારા તૈયાર કરાવવામાં આવ્યાં હતાં. આ ઉપરાંત જેટલી વસ્તુઓ માતાજીના પ્રતિક સાથેની પ્રચાર માટે રાખવામાં આવી હતી, તે બધી જ વસ્તુઓ ખૂટી જતી હતી. ઉમિયામાતાજીનો સ્પેશિયલ નંદી સાથેનો ફોટો પણ તૈયાર કરાવ્યો અને તેનું પણ મોટા પાયા પર વેચાણ થયું હતું.

આ રીતે પ્રચારતંત્ર એટલું બધું સુંદર અને વ્યવસ્થિત રીતે ગોઠવાયું હતું કે, મહોત્સવનો પ્રચાર ફક્ત જ્ઞાતિજનોના હૃદયમાં નહિ પણ સમગ્ર દેશના સર્વ જ્ઞાતિના લોકોના આકર્ષણનું કેન્દ્ર ઊંઝા બની ગયું હતું. બી.બી.સી રેડિયો લંડને પણ આ મહોત્સવની નોંધ લીધી હતી ને આકાશવાણી ઉપર વારંવાર મહોત્સવ અંગેના સમાચારો આવતા હતા. ગુજરાત સરકારે મહોત્સવની ભવ્યતાનો વિચાર કરીને ડોક્યુમેન્ટરી ફિલ્મ પણ તૈયાર કરાવી છે.



# શ્રી ઉમિયા માતાજી

## અઢારમી શતાબ્દી મહોત્સવ ❋ સ્મૃતિગ્રંથ



### ગૌરવવંતો ઈતિહાસ

આ મહોત્સવની સુવાસ અને મહેંક ભાવિ પેઢીમાં સચવાઈ રહે તે સારુ મહોત્સવ પ્રસંગે આ સમિતિ તરફથી ફિલ્મ ઉતારવામાં આવી છે. આ ફિલ્મ મહોત્સવનાં સર્વાંગી પાસાંઓનું ગૌરવવંતુ ચિત્ર રજૂ કરે છે. આ ફિલ્મ બોલતી થાય તે માટેની કાર્યવાહી ચાલુ છે. આ મહોત્સવે સમગ્ર ગુજરાતના પાટીદારોમાં નવું ચેતન, નવું જોમ, ઉત્સાહ પ્રગટાવ્યો છે. પાટીદાર સમાજે કરવટ બદલી છે. કુળદેવીના નામે સમાજ સંગઠિત બનતો જાય છે, ને પોતાના ઉત્કર્ષનાં શિખરો સર કરતો જાય છે. તેનો ગૌરવવંતો ભૂતકાળ છે, ને તેનું ભાવિ એનાથી પણ વધારે ગૌરવવંતુ છે.

આ સમગ્ર મહોત્સવનાં બધાં પાસાંઓની છાપ વર્ષો સુધી સચવાઈ રહે તે સારુ એક ગ્રંથ પ્રગટ કરવાનું આ સમિતિએ વિચારેલું ને એ ગ્રંથ આજે આપના હાથમાં છે.

### પત્રકાર પરિષદમાં પ્રચાર અને પ્રકાશન સમિતિના પ્રમુખનો ખુલાસો

પ્રચાર અને પ્રકાશન સમિતિનું કાર્ય ગૌરવભર્યું, ભવ્ય અને સુંદર હતું. મહોત્સવથી અંજાયેલા પત્રકારો પ્રમુખશ્રીને મળ્યા ને પ્રશ્ન કર્યો કે, "અમે સમગ્ર મહોત્સવમાં છેલ્લા પાંચ દિવસથી ફરીએ છીએ, બધી જગ્યાએ જઈ આવ્યા, સામાન્ય રીતે અમારો પત્રકારોનો જીવ ખામી શોધવાનો હોય, પણ અમને ક્યાંય ખામી કે ઊણપ જોવા મળી નથી. આવડા મોટા મહોત્સવમાં જ્યારે લાખો લોકો આવે ત્યારે, કોઈને કોઈ પ્રકારની ખામી તો હોય જ. તે ખામી નહિ રહેવાનું કારણ આપ બતાવશો ?"

આના ઉત્તરમાં આ સમિતિના અધ્યક્ષે ચાર કારણો રજૂ કર્યાં, જે યાદ રાખવા જેવાં છે :

(૧) પ્રથમ તો મા ઉમાની અસીમ કૃપા અને દયા. સમગ્ર ઉત્સવમાં મા ઉમા પ્રત્યેની શ્રદ્ધાનો ભાવ તરી આવતો હતો, જેના કારણે કદાચ કોઈ ઊણપ ન રહી હોય.

(૨) મા ઉમાનાં દર્શન માટે આવનાર યાત્રિકો જાતે જ સ્વયંસેવકો બની જતા હતા. તેઓને જે કાંઈ સૂચનો આપવામાં આવતાં તે સૂચનો તેઓ મા ઉમાનાં સૂચનો છે, એમ માનીને હૃદયપૂર્વક અમારા કાર્યમાં મદદરૂપ બનતા.

(૩) ઊંઝાની તમામ જ્ઞાતિના લોકોએ ખુલ્લા મને મદદ કરી પોતાની પાસે જે કાંઈ સાધનો મહોત્સવને મદદરૂપ બને તેવા હતાં તે બધાં જ સાધનો યાત્રિકો માટે કોઈ પણ જાતનો ભેદભાવ રાખ્યા વિના ખુલ્લાં મૂકી દીધાં હતાં. ગામની એક પણ વ્યક્તિ એવી નહોતી કે જેણે આ ઉત્સવ માટે પોતાનો ભોગ ન આપ્યો હોય.

(૪) આ મહોત્સવ ધાર્મિક-મહોત્સવ હતો. તેથી આખા મહોત્સવ દરમિયાન કોઈ પણ રાજકીય પુરુષને મહત્ત્વ આપવામાં આવ્યું ન હતું તેમજ કોઈ પણ રાજકીય પુરુષના હાથમાં માઈક આપવામાં આવ્યું ન હતું.

ઉપરનાં કારણોના લીધે જ મહોત્સવ વધારે સફળ બન્યો હતો. પત્રકારો આ ઉત્તર સાંભળીને દંગ બની રહ્યા. ને ખરેખર ઉત્સવની સફળતાનાં કારણો આ જ હતાં, એમાં મનમેખ નથી.

પ્રચાર અને પ્રકાશન સમિતિએ સમગ્ર ઉત્સવને જીવંત રાખવા માટે જે દિલ રેડીને કાર્ય કર્યું તે ભવ્ય છે. સમગ્ર મહોત્સવમાં કોઈ વ્યક્તિને મહત્ત્વ અપાયું નથી. પણ પ્રવૃત્તિને જ મહત્ત્વ અપાયું છે. માના અદના સેવકો તરીકે, કોઈ અપેક્ષા વિના સર્વેએ કામ કર્યું છે. પોતાના વ્યક્તિગત મતભેદો બાજુએ મૂકીને, સમર્પણ અને ત્યાગની ભાવના હૃદયમાં સમાવીને 'આ મારું જ છે ને મારે જ કરવાનું છે' એવું સમજીને કાર્ય કર્યું. એના કારણે મહોત્સવ ગૌરવવંતો બની ગયો છે.



# જાહેર બંદોબસ્ત અને સલામતી સમિતિ

માતાજીના આ મહોત્સવ પ્રસંગે ઊંઝામાં દરરોજ લાખો માણસોનું આગમન થાય, ત્યારે જાહેર બંદોબસ્ત અને સલામતીની જવાબદારી ઉપાડી લેવી કઠિન હતી. જોકે બંદોબસ્ત અને સલામતીની જવાબદારી પોલીસની હતી. સરકારે પણ આ પ્રકારની વ્યવસ્થા ગોઠવી હતી; પરંતુ બંદોબસ્ત અને સલામતીની વ્યવસ્થા સરકાર ઉપર છોડી દેવી; તે યોગ્ય ન હતું, જેથી મહોત્સવ સમિતિની મીટિંગમાં અમોને જાહેર બંદોબસ્ત અને સલામતીની વ્યવસ્થા સોંપાઈ. માતાજીના દર્શનાર્થે આવતા ભાવિક યાત્રિકોને કોઈ પણ પ્રકારની તકલીફ વિના માતાજીનાં દર્શન થઈ શકે, ને કોઈને ક્યાંય અવ્યવસ્થાને લીધે ન શોષવું પડે તે જોવાનું કાર્ય આ સમિતિને સોંપાયું. જ્યારે લાખો યાત્રિકો આવે ત્યારે યાત્રિકોનો ખોટો લાભ ઉઠાવાય નહિ, ને યાત્રિકો કોઈના હાથે દંડાય નહિ, તેઓને તકલીફ ન પડે, કોઈ ખિસ્સા-કાતરુઓ, ગૂંડાઓ, અસામાજિક તત્ત્વો પજવે નહિ કે સમગ્ર મહોત્સવમાં અવ્યવસ્થા ઊભી ન કરી દે તે જોવાનું કાર્ય અમારું હતું. મહોત્સવ વખતે સમગ્ર દેશમાં કટોકટી ચાલતી હતી જેથી કોઈ રાજકીય પક્ષ અમારા આ મહોત્સવમાં ખોટા પ્રશ્નો ન ઊભા કરે, તેની સતત દેખરેખ રાખવામાં આવતી હતી.

જાહેર બંદોબસ્ત માટે કડક અને સુંદર વ્યવસ્થા આયોજનબદ્ધ રીતે ગોઠવાઈ હતી. હાઈવે રોડથી રેલવે સ્ટેશન થઈ શ્રી ઉમિયામાતાજીના દ્વાર સુધી સ્વયંસેવકો દ્વારા વ્યવસ્થા ગોઠવી હતી. આવતા યાત્રિકો વ્યવસ્થિત અને ક્રમબદ્ધ રીતે આગળ વધતા જતા હતા ને જરૂર પડે ત્યાં સ્વયંસેવકો તેઓને રોકતા હતા. યાત્રિકોને તકલીફ ન પડે તે માટે રસ્તામાં જ સ્વયંસેવકો પાણી પાતા હતા, હાથપંખાથી પવન પણ નાંખતા અને લશ્કરના જવાનોની જેમ ચોવીસ કલાક સુધી ઊભા રહીને વ્યવસ્થા સાચવતા. માતાજીનાં દર્શન માટે કોઈને પણ સીધા જવા દેવામાં આવતા નહિ, મોટો ભૂપ કે ચમરબંધી આવે તો પણ તેને યાત્રિકોની લાઈનમાં થઈને જ જવું પડતું. ત્યાં કોઈની શેહ-શરમ રાખવામાં આવતી ન હતી.

સમિતિને એવો ખ્યાલ આવ્યો કે આ મહોત્સવમાં બહારથી ખીસાકાતરુઓ આવ્યા છે. ગાડી ઉપર માઈક બાંધીને 'ખીસાકાતરુઓ સાવધાન !' જો કોઈનું ગજવું કાપ્યું ને પકડાયા તો તરત જ પોલીસને સુપરત થઈ જશો, નહિ તો આ ઊંઝા છે, તમારી શું દશા થશે તે કહેવું મુશ્કેલ છે.' અમારી આ જાહેરાતની એવી અસર થઈ કે એક પણ ખીસ્સુ કાપવાનો બનાવ બન્યો નથી. સ્વયંસેવકોની બે ઑફિસ રાખવામાં આવી હતી. ટ્રાફિક રોકવો હોય તો ગંજના નાકાની ઑફિસને કોલ કરીને રોકવામાં આવતો અમદાવાદ, મહેસાણા, સિદ્ધપુર, વિસનગર વગેરે સ્થળે લાઈટિંગ કોલ કરીને ટ્રાફિક રોકવામાં આવતો હતો. ટ્રાફિકનો સુંદર બંદોબસ્ત આ સમિતિ દ્વારા ગોઠવાયો હતો.

સમિતિની ઑફિસમાં સતત માઈક ઉપર એવી જાહેરાત કરવામાં આવતી હતી કે, 'તમે તમારાં બાળકના ગજવામાં સરનામું લખેલી ચિઠ્ઠી મૂકો, કારણકે કદાચ તમારું બાળક ખોવાય તો અમે પહોંચાડી શકીએ.' અમારી જાહેરાત







પછી પણ બાળક ખોવાઈ જતાં જે બાળકો અમારી પાસે આવતાં તેની જાહેરાત માઈક ઉપર કરતા, તદુપરાંત બાળકોને બિસ્કિટ, ચોકલેટ જેવી વસ્તુઓ આપતા. બાળકોને ઊંચી જગ્યાએ બેસાડતા કે જેથી તેના વાલી જોઈ શકે. બાળકોને ઘરની જેમ સાચવતા ને આ કાર્ય બહેનો કરતી હતી. લાખો માણસોની અવરજવર થઈ પણ એક પણ બાળક ખોવાઈ ગયું ન હતું કે ગુમ થયું ન હતું.

મહોત્સવ વખતે બંદોબસ્ત કેવી રીતે સાચવવો તે માટે અમારા સ્વયંસેવકોને મહેસાણા જિલ્લા પોલીસ તંત્ર અને ગ્રામરક્ષક દળના વડાએ આવીને બે દિવસ સુધી તાલીમ આપી હતી. જાહેર બંદોબસ્તની વ્યવસ્થામાં અમારી સાથે જિલ્લા પોલીસ વડા ડી.એસ.પી. ને તેઓનું પોલીસ દળ તેમજ ગ્રામરક્ષક દળના આગેવાન કાર્યકરો સામેલ હતા. અહીંની વ્યવસ્થાનો સતત રિપોર્ટ પોલીસતંત્ર વાયરલેસથી ગાંધીનગર અને દિલ્હી પહોંચાડતું હતું, કારણકે વાયરલેસથી ગાંધીનગર અને દિલ્હી વચ્ચે ઊંઝાને જોડવામાં આવ્યું હતું. દર મિનિટે અહીંના સમાચારો પહોંચાડવામાં આવતા હતા.

જ્યારે જાહેર બંદોબસ્ત અને સલામતી સમિતિને ખ્યાલ આવ્યો કે, લાખોની સંખ્યામાં યાત્રિકો માનાં દર્શન માટે ઊમટ્યાં છે, ત્યારે રાતોરાત મહેસાણાથી લોખંડની ગડરો લાવીને બાંધીને માનવ મહેરામણને કન્ટ્રોલ કરી દેવામાં આવ્યો, ધસારો એટલો બધો હતો કે, લોખંડની ત્રણની ગડરો વળી ગઈ હતી. જે ખટારા વડે પણ વાળી શકાય નહિ. પુરુષો અને સ્ત્રીઓની અલગઅલગ વ્યવસ્થા ગોઠવી હતી. ભીંસ વધતી જતી હતી ત્યારે પણ સ્વયંસેવકો ભીંસ મધ્યે પ્રવેશીને પણ કન્ટ્રોલ કરતા. વૃદ્ધ કે બીમાર વ્યક્તિને ઉઠાવી લેતા. ને માના દ્વાર સુધી ઊંચકીને લઈ જતા ને દર્શન કરાવતા હતા. છોકરાઓને તેડીને સ્વયંસેવકો ઊભા રહેતા. ચોવીસ કલાક સુધી આ પ્રકારની સેવા સ્વયં-સેવકો દ્વારા થતી હતી.

સહસ્રકુંડીયજ્ઞનાં દર્શન કરીને માનાં દર્શન ધરાઈને કરી શકે તે સારુ માતાજીનાં દર્શન માટે પૂર્વની દીવાલ તોડીને દરવાજો બનાવવામાં આવ્યો હતો. યજ્ઞમાંથી યાત્રિક પગથિયાં ચડતો તેમતેમ માનાં દર્શન કરતો જતો હતો ને શ્રી ઉમિયામાતાજીના પ્રથમ પગથિયે પહોંચે ત્યારે માનાં ચરણથી મુખારવિંદના ધરાઈને દર્શન કરી ગદ્‌ગદ્ બની ને આગળ વધતો હતો.

માનાં દર્શનની વ્યવસ્થા સારી રીતે થઈ શકે તે સારુ શરૂઆતમાં રિહર્સલ કરવામાં આવ્યું હતું એક મિનિટમાં કેટલી વ્યક્તિઓ દર્શન કરી શકે તે માટે પાંચ હજારનું ટોળું સામે ઊભું રાખીને દર્શન કરાવવાનો પ્રયોગ કર્યો. પ્રયોગના અંતે અમોને લાગ્યું કે સમગ્ર ઉત્સવ દરમિયાન આઠ લાખ માણસોને દર્શન કરાવી શકાશે પણ આશ્ચર્યની વાત તો છે કે, આ મહોત્સવમાં ૧૫ થી ૧૮ લાખ વ્યક્તિઓએ માનાં દર્શનનો લાભ લીધો છે. આ વ્યવસ્થા કેવી રીતે ગોઠવાઈ તે આજે પણ અમોને સમજાતું નથી.



# વાહન વ્યવહાર સમિતિ

ઉત્સવના કારણે સમગ્ર ગુજરાતના લોકોનું ધ્યાન ઊંઝા તરફ કેન્દ્રિત થયું હતું. માતાજીના આ ભવ્ય ઉત્સવમાં ભાગીદાર બનવાની ને મા ઉમાનાં દર્શન કરવાની તીવ્ર ઈચ્છા લોકોના હૃદયમાં જાગી હતી, પણ ઊંઝા પહોંચવું કેવી રીતે ? તે સવાલ સૌને મૂંઝવે તે પહેલાં માતાજીની પ્રેરણાથી સુંદર વ્યવસ્થા ગોઠવાઈ ગઈ હતી.

**ટ્રાન્સપોર્ટ કંપનીઓની મળેલ મીટિંગ**

વાહન-વ્યવહારમાં કેવી રીતે પહોંચી વળવું તે માટે ઊંઝાની બધી ટ્રાન્સપોર્ટ કંપનીઓના માલિકોને શરૂઆતમાં બોલાવવામાં આવ્યા, ને તેઓની એક કમિટી બનાવી. કમિટીએ સર્વ પ્રથમ એસ.ટી.વાળાઓનો સંપર્ક સાધ્યો. ઊંઝા સાથે સંકળાયેલા ત્રણ નજીકના ડેપો મહેસાણા, પાલનપુર અને હિંમતનગરના ડેપો મેનેજરોને બોલાવ્યા, ને તેઓની સમક્ષ સમગ્ર મહોત્સવની, મહોત્સવ પ્રસંગે અંદાજે આવનાર યાત્રિકોની ચર્ચા-વિચારણા કરીને તેઓની પાસે વધારાની ૫૦૦ એસ.ટી. બસોની માગણી કરી. અમારી આવડી મોટી માંગણીથી તેઓને નવાઈ લાગી, છેલ્લે ૩૫૦ એસ.ટી. બસો આપવાનું નક્કી થયું, ને જરૂર પડે તો વધારાની બસો આપવાનું વચન આપ્યું, ને જ્યારે ઉત્સવ શરૂ થયો ને યાત્રિકોની અસાધારણ ભીડ જામી ત્યારે એસ.ટી.ના ડેપો મેનેજરસાહેબોએ પૂરી સહાય-મદદ કરીને ૫૦૦ એસ.ટી. બસોની જગ્યાએ સાતસો બસો શરૂ કરીને જેટલી મદદ થઈ શકે તેટલી મદદ કરી છે.

**વ્યવસ્થા માટે છ મોટાં બસ સ્ટૅન્ડ**

આટલો બધો વાહન-વ્યવહાર ઊંઝાના બજારમાં શરૂ થાય, તો એક પણ માનવ રોડ ઉપર ચાલી શકે નહિ, તે માટે કમિટીએ વાહન-વ્યવહારને રોકવા માટે ૬ મોટા બસ સ્ટેશનો ઊંઝાની આજુબાજુ દોઢેક માઈલના ઘેરાવામાં બનાવ્યાં હતાં.

(૧) હાઈવે પર ઉમિયા પેટ્રોલ પંપ પાસે બસ સ્ટેશન નં-૧ બનાવવામાં આવ્યું હતું, જ્યાં અમદાવાદ, સૌરાષ્ટ્ર તરફથી બસોની અવરજવર થતી.

(૨) ઉમિયા સોસાટી પાસે બસ સ્ટેશન નં-૨ કે જ્યાં વિસનગર તરફથી આવતી બસો રોકાતી હતી.

(૩) બસ સ્ટેશન નં-૩ મલાઈ તળાવ પાસે કે જ્યાં વડનગર-ઊમતા તરફથી આવતી બસો ઊભી રહેતી.

(૪) ઉત્તરે લશ્કરી છાવણી પાસે બસ સ્ટેશન નં-૪ હતું કે જ્યાં ખેરાળુ તરફથી આવતી બસો રોકાતી.

(૫) હાઈવે રોડ - ચાર રસ્તા પર ઉત્તરમાં બસ સ્ટેશન નં-૫ કે જ્યાં પાલનપુર, ડિસા તરફથી આવતી-જતી બસો રોકાતી.

(૬) પાટણ તરફથી આવતી બસો બસ સ્ટેશન નં-૬ પાટણરોડ ઉપરના હાઈવે ચાર રસ્તા ઉપર કોરાતી હતી.

ઊંઝાની હદમાં પ્રવેશ થતાં વાહનો બસ સ્ટૅન્ડથી આગળ વધે નહિ તેની પૂરેપૂરી કાળજી લેવામાં આવી હતી. બસ સ્ટૅન્ડો માટે ૧૫ થી ૨૦ વીઘાં જમીન રોકવામાં આવી હતી. જમીન ઉપર રહેલાં ઝાંખરા કાઢી નાંખી સપાટ મેદાન બનાવી દીધું હતું ને તેના ઉપર પાણી છાંટી, છારૂ નાંખી સુંદર બસ સ્ટૅન્ડો બનાવવામાં આવ્યા હતાં. ટ્રેક્ટરો, ખટારાઓ, સ્કૂટરો, સાઈકલો, ખાનગી કારો માટે પણ અલગ-અલગ બસ સ્ટૅન્ડો સૌ સૌની દિશામાં બનાવવામાં આવ્યા હતાં. સ્કૂટર પાર્કિંગમાં હાઈવે રોડ માર્ટિન ટ્રેલરની પાછળ, બીજું સ્ટૅન્ડ વિસનગર રોડ પર આવેલ ઉમા સોસાયટીની બાજુમાં, ત્રીજુ સ્ટૅન્ડ મલાઈ તળાવ પાસે અને ચોથું સ્ટૅન્ડ લશ્કરી છાવણીમાં બનાવેલ હતું. આ રીતે ટ્રેક્ટર પાર્કિંગ માટે જુદાજુદા છ સ્ટૅન્ડો બનાવવામાં આવ્યા હતા. (૧) ટ્રોલી સ્ટેશનની સામે, હાઈવે રોડ (૨) વિસનગર રોડ ઉમા સોસાયટીની પાછળ (૩) મલાઈ તળાવ (૪) લશ્કરી છાવણી (૫) પાટણ રોડ, હાઈવે રોડ-ચાર રસ્તા (૬) ભરતનગર સોસાયટીની બાજુમાં હાઈવે રોડ પર. આ રીતે

વાહનોને ઊંઝા શહેરમાં આવતાં રોકવામાં આવતાં હતાં. ઊંઝામાં એક પણ વાહનનો પ્રવેશ આપવામાં આવતો ન હતો. ફક્ત માતાજીના કાર્યમાં રોકાયેલા વાહનો જ શહેરના જાહેર રોડ ઉપર નક્કી કરેલા પાસ લઈને જઈ શકતાં હતાં.

**સ્પેશિયલ ટ્રેનની વ્યવસ્થા ગોઠવાઈ**

એસ. ટી. દ્વારા કદાચ પહોંચી ન વળીએ તો શું કરવું ? તે સવાલ વાહનવ્યવહાર કમિટી આગળ આવ્યો. અમદાવાદથી પાલનપુર સ્પેશિયલ ટ્રેન શરૂ થાય તો ઘણું બધું કાર્ય સરળ બને એવું અમને લાગ્યું. અમે કમિટીના માણસો સ્પેશિયલ ગાડીની પરવાનગી માટે મુંબઈ ઉપડ્યા ને ત્યાંના વેસ્ટર્ન રેલવેના સુપ્રિન્ટેન્ડેન્ટ સાહેબને મળ્યા. સામાન્ય રીતે સ્પેશિયલ ટ્રેન દોડાવવા માટે ૬ માસથી વધારે સમય પહેલાં લખવું પડતું હોય છે. અમને મનમાં એમ હતું કે સ્પેશિયલ ટ્રેન કદાચ નહિ મળે. અમારી કોઈ ઓળખાણ હતી નહિ પણ નવાઈની વાત તો એ છે કે અમારી અરજી વેસ્ટર્ન રેલવેના સુપ્રિન્ટેન્ડેન્ટ સાહેબના હાથમાં મૂકી ને તરત જ તેઓએ સ્પેશિયલ ગાડી અમદાવાદથી પાલનપુર અને પાલનપુરથી અમદાવાદ દોડાવવાનો ઓર્ડર આપી દીધો. આ વ્યક્તિના હૃદયમાં કોની પ્રેરણા કામ કરી ગઈ તે તો મા ઉમા જ જાણે. સ્પેશિયલ ટ્રેન તા. ૨૪ થી તા. ૩૦ મી સુધી અમદાવાદથી સવારે ૮ વાગે ઊપડીને પાલનપુર ૧-૩૦ વાગે પહોંચતી હતી અને પાલનપુરથી સાંજે ૫-૪૫ વાગે ઊપડી અમદાવાદ રાત્રે ૧૦-૧૦ વાગે પહોંચતી હતી.

**ટ્રેનની મૂંઝવણમાંથી મુક્તિ**

સ્પેશિયલ ટ્રેન શરૂ થઈ, પણ આ ટ્રેન દરેક સ્ટેશન ઊભી રહેતી નહિ. તદુપરાંત આ ટ્રેન દ્વારા મેલનો ચાર્જ પૅસેન્જરો પાસેથી વસુલ કરતી હતી. ટ્રેન દરેક સ્ટેશને ઊભી રહે તે જરૂરી હતું કારણકે આમ કરવાથી ઘણા બધા પૅસેન્જરોના પ્રશ્નો ઊકલી જતા હતા. પણ કરવું શું ? અમે જાણ્યું કે ડિવિઝન મૅનેજર ધરવાડા આવ્યા છે. અમે ત્યાં તેઓને મળવા ઉપડ્યા. ધરવાડાના સ્થળે પહોંચીએ તે પહેલાં અમે જોયું કે તેઓ સામે આવતા હતા. તેઓ અમને જોઈને ઊભા રહ્યા પૂછ્યું, 'કેમ આવવું થયું છે ?' અમે અમારી તકલીફ રજૂ કરીને કહ્યું, 'સ્પેશિયલ ટ્રેન દોડે છે તે મેલનો ચાર્જ લે છે તે ઠીક નથી. લોકલનો ચાર્જ લે તેવું ગોઠવી આપો. ને દરેક સ્ટેશને ઊભી રહે તેવું કરી આપો.' અમારી સામે જોઈને તેઓ હસ્યા અને કહ્યું, 'જાઓ થઈ જશે.' અમને નવાઈ લાગી કારણકે અમારે કોઈ વિનંતી કરવી પડી નહિ. ને ઊંઝા પહોંચીએ તે પહેલાં તો બધા જ સ્ટેશનો ઉપર ઓર્ડરો અપાઈ ચૂક્યા હતા. કીર્તિ એક્સપ્રેસ જે મહેસાણા સુધી આવે છે તે ઊંઝા સુધી લંબાય તો સૌરાષ્ટ્ર તરફથી આવતાં પૅસેન્જરોની આપોઆપ તકલીફ ટળી જાય. આ માટે અમે વિનંતી કરી. અમારે લેખિત અરજી આપવાની હતી પણ અમે કશું જ લેખિત આપેલું નહિ ફક્ત, મૌખિક વાત જ. ને તે ઊંઝા પહોંચીએ તે પહેલાં તો બધા માઈકોમાં જાહેરાત થઈ ચૂકી હતી કે, 'કીર્તિ એક્સપ્રેસ ઊંઝા સુધી લંબાવવામાં આવ્યો છે.' અમને આજે પણ સમજાતું નથી કે આ કોણે કર્યું ? કેવી રીતે થયું ? ઉત્સવ દરમિયાન રેલવેમાં અસાધારણ ભીડ હતી. ડબાઓના છાપરે બેસી હજારો પેસેન્જરો મુસાફરી કરતા પણ કોઈને ક્યાંય ઈજા થઈ નથી. આ સમય દરમિયાન મુંબઈથી પણ ખાસ વધારાની બે ટ્રેનોની વ્યવસ્થા ગોઠવાઈ હતી.

**આર. ટી. અધિકારીઓનો પૂરો સહકાર**

બસ અને રેલવે સિવાય પણ દૂરદૂરના ઊંડાણવાળા ભાગોમાંથી હજારો લોકો પોતાનાં ખાનગી વાહનો જેવાં કે ટ્રેક્ટર, અને ખટારાઓને પબ્લિક વાહન તરીકે ઉપયોગ થઈ શકે નહિ એ નિયમ હોવા છતાં સરકારશ્રી તરફથી અવરજવર માટે કોઈ વાંધો લીધો ન હતો. આર.ટી. અધિકારીઓએ કોઈ ટ્રેક્ટર કે ખટારાના માલિક ઉપર કેસ કર્યો નથી. સૌરાષ્ટ્ર, અમદાવાદ, બનાસકાંઠા, સાબરકાંઠાનાં ગામડાઓમાંથી હજારો ભાઈ-બહેનો ટ્રેક્ટર-ખટારાઓમાં જ આવતા પણ ક્યાંય કોઈ એ હેરાન-પરેશાન કર્યા નથી કે કંઈ તકલીફ પડી નથી.

**વાહનોની અસાધારણ ભીડ**

વાહનોની ભીડ એટલી બધી હતી કે દક્ષિણ તરફ ભાંડુ સુધી, ઉત્તરે સિદ્ધપુર સુધી, પૂર્વે વાલમ સુધી ને પશ્ચિમે સુણક સુધી વાહનો રોકાયેલાં હતાં. પાંચ કિલોમીટરના વિસ્તારમાં વાહનો જ વાહનો હતાં. આજુબાજુનાં શહેરોમાં ટેલિફોનો કરીને વાહનો આગળ નહિ આવવા દેવા માટે વારંવાર સૂચનાઓ આપવામાં આવતી હતી. જેમજેમ વાહનો આવતાં

તેમતેમ વાહનો માટે નક્કી કરેલી જગ્યાએ જ વાહનોનું પાર્કિંગ કરવામાં આવતું. કોઈને પણ વાહન લઈને આગળ જવાની છૂટ આપવામાં આવતી ન હતી.

**તાલીમબદ્ધ સ્વયંસેવકો**

વાહન-વ્યવહારની તાલીમ ઉત્સવ પહેલાં એક મહિના અગાઉથી આપવામાં આવી હતી. વાહન-વ્યવહાર રોકવા માટે ૨૪ કલાક સ્વયંસેવકો ખડેપગે હાજર રહેતા હતા. બસ સ્ટૅન્ડ ઉપર મંડપ બાંધીને ચોવીસ સ્વયંસેવકોની એક ટુકડી સતત કાર્યશીલ હતી. મંડપમાં બાંધેલા માઈક દ્વારા સતત યાત્રિકોને માર્ગદર્શન આપવામાં આવતું હતું. સ્વયંસેવકોને વાહન રોકવા કે વાહનોને માર્ગદર્શન આપવા માટે જુદાજુદા રંગની ઝંડીઓ, સીટી અને ધોકા આપવામાં આવ્યા હતા. લાલ અને લીલી ઝંડીઓનાં સિગ્નલો ક્યારે આપવા તેની તાલીમ આપવામાં આવી હતી ને તે રીતે સ્વયંસેવકો પોતાના નક્કી કરેલાં સ્થળે ૨૪ કલાક ઊભા રહીને સેવા બજાવતા હતા. કદી કોઈએ કચવાટ કર્યો નથી. થાક કે આળસ જેવું પણ દેખાતું ન હતું. આનંદ અને ઉલ્લાસ તેઓના મુખ ઉપર તરી આવતો હતો.

**એસ.ટી.ના મુખ્ય અધિકારીશ્રી વર્માના ઉદ્‌ગારો**

એસ.ટી.ની સેવા અવર્ણનીય હતી ને ઉત્સવ દરમિયાન પાંચ દિવસ સુધી એસ.ટી.ના મેનેજરો હાજર રહ્યા હતા. ઑફિસરોની જેમ નહિ પણ ભાઈચારાના સંબંધો અમારી સાથે કેળવ્યા હતા ને વાહનોની તકલીફ અંગેની નાની સરખી વાત પણ તેઓ સાંભળીને તેઓ તાત્કાલિક ઊકેલ લાવતા હતા.

ઉત્સવ પૂરો થયા પછી એસ. ટી.ના મુખ્ય અધિકારીશ્રી વર્માસાહેબ આવ્યા. તેઓની હાજરીમાં એક સમારંભ થયો. સમારંભમાં તેઓએ કહ્યું કે, "ઉત્સવ દરમિયાન કુલ સાત હજાર ટ્રિપો ફરી. ૬ લાખ પૅસેન્જરોની અવરજવર થઈ પણ કોણ જાણે એક ગાડી પણ બગડી નથી, બ્રેકડાઉન થઈ નથી. અરે ! એટલું જ નહિ પણ ડ્રાઈવરોએ થેલીમાંથી એક પાનું પણ કાઢ્યું નથી. રસ્તામાં ક્યાંય નાનો સરખો અકસ્માત નડ્યો નથી, થયો નથી. અમને હતું કે આટલો બધો માનવ મહેરામણ, આટલી બધી બસ ટ્રિપો, આટલી બધી અવરજવર કદાચ કંઈ બની જાય તેની સતત ચિંતા થતી પણ આશ્ચર્યની વાત એ છે કે કશું જ થયું નથી. પાંચ દિવસમાં પંદર લાખનો વકરો કર્યો છે. એસ.ટી.એ મોટી સિદ્ધિ મેળવી છે. અમે વિચારીએ છીએ કે આટલું હેમખેમ અમારું કાર્ય પૂરું કેવી રીતે પડ્યું ! તો તેની પાછળ કોઈ અગમ્ય શક્તિ, અગમ્ય બળ-ચેતના સક્રીય હોય તેવું લાગ્યું. અમારા ડ્રાઈવરોના મુખ ઉપર કંટાળો અમે જોયો નથી. કંડક્ટરોએ એક પાઈની ગોલમાલ કરી હોય તેવું બન્યું નથી. જાણે પોતાનો ઉત્સવ હોય ને પોતાનું કાર્ય હોય તે રીતે રાતદિવસ જોયા વિના અમારા ડ્રાઈવર-કંડક્ટરોએ કાર્ય કર્યું છે."

એસ. ટી.ની ઉત્તમ વ્યવસ્થા હતી. મુંબઈથી પણ સ્પેશિયલ ૪૫ બસો આવી હતી. એસ. ટી.ના નાનામોટા તમામ કર્મચારીઓનો પૂરો સહકાર અને સાથ મળ્યો છે.

સ્વયંસેવકોનો ઉત્સાહ, ધગશ અને કાર્ય પાછળ ખપી જવાની ઉદાત્ત ભાવના, એસ. ટી. અને રેલવેની અસાધારણ સુવિધા, યાત્રિકોનો હૃદયપૂર્વકનો સાથ સહકાર તેમજ મા ઉમાની કોઈ અવર્ણનીય પ્રેરણાએ અમોને સફળતા અપાવવામાં મહત્ત્વનો ભાગ ભજવ્યો છે.

•



# આરોગ્ય-પાણી અને દીવાબત્તી સમિતિ

આ ભવ્ય મહોત્સવ પ્રસંગે લાખો માણસોની અવરજવર થવાની હોય ત્યારે પાણી તથા આરોગ્યનો પ્રશ્ન અતિમહત્ત્વનો હતો. બહારથી આવનાર યાત્રિકોને પાણીની કોઈ તકલીફ ન પડે તેમજ રોગચાળો ન ફેલાય તે જોવાનું કાર્ય આ કમિટીનું હતું.

એક માસ પહેલાં આ સમિતિની પ્રથમ મીટિંગ મળી. દરરોજના એક લાખ માણસ આવવાની કલ્પના હતી. એક લાખ માણસો માટે પાણીની વ્યવસ્થા કેવી રીતે ગોઠવવી, ક્યાં ક્યાં સ્થળોએ ગોઠવવી, ગંદકી ન થાય તે માટે શું કરવું ? આટલા બધા માણસોના પેશાબ, જાજરૂ માટે શું કરવું ? રસ્તામાં જતાં-આવતાં ગમે ત્યાં થૂંકે ને તેમાંથી રોગનાં જંતુઓ ફેલાય તે માટે શું વિચારવું ? કોઈ તાત્કાલિક બીમાર પડી જાય, કદાચ કોઈ ચેપીરોગ ફેલાઈ જાય. આ બધી મૂંઝવણોનો ઉપાય શોધવા માટે બે-ત્રણ વાર અમે મળ્યા, છેલ્લે માતાજીની પ્રેરણા મળી, ઉત્સહ પ્રગટ્યો ને આ કાર્ય સૌના સહકાર અને મદદથી સારી રીતે ગોઠવાયું.

**પાણીની વ્યવસ્થા**

દરરોજ એક લાખથી વધારે યાત્રિકો આવે તો પ્રથમ જરૂરિયાત પાણીની હતી. ઊંઝા નગરપાલિકા પાણીની વ્યવસ્થા માટે ખડેપગે તૈયાર હતી. પાણી માટે જરૂર પડે તો ૨૪ કલાક બોર ચાલુ રાખવાનો નગરપાલિકાએ ઠરાવ કર્યો હતો. એક માસ અગાઉ એક સ્પેશિયલ બોર રસોડા વિભાગમાં બનાવવામાં આવ્યો હતો, ને ત્યાં એક લાખ ગૅલન પાણી રહી શકે તેવી ભૂગર્ભ ટાંકી બનાવવામાં આવી. રસોડામાં એક હજાર માણસો એકી સાથે પાણી પી શકે તેવાં સ્ટેન્ડ બનાવ્યાં. તદુપરાંત ઊંઝાનાં જુદાંજુદાં સ્થળે પંદર જેટલાં પાણી માટેનાં સ્ટૅન્ડો ઊભાં કરવામાં આવ્યાં હતાં. દરેક સ્ટૅન્ડ પોસ્ટ ઉપર પચાસ ચકલીઓ મૂકવામાં આવી હતી. પાણીનું સ્ટૅન્ડ બનાવવા માટે સામાન્ય રીતે નગરપાલિકાની પરવાનગી લેવાની હોય પણ નગરપાલિકાએ આ કમિટીને સંપૂર્ણસત્તા આપી હતી કે, જરૂર પડે ત્યાં સ્ટૅન્ડ પોસ્ટ ઊભાં કરવાની તથા ચૅરમેનશ્રીને નગરપાલિકા વતી પાંચ હજાર રૂપિયા વાપરવાનો અધિકાર આપવામાં આવ્યો હતો. આ રીતે નગરપાલિકાનો પૂરેપૂરો સહકાર અમને મળ્યો હતો.

તાલુકા પંચાયત સિદ્ધપુર, નગરપાલિકા મહેસાણા અને જિલ્લા પંચાયત મહેસાણાએ પાણીની જરૂરિયાત પૂરી કરવા માટે જોઈએ તેટલાં વાહનો, ટેન્કરો આપવાની ઑફર કરી હતી. ઉત્સવ દરમિયાન જિલ્લા પંચાયત તેમજ અન્ય નગરપાલિકાઓનાં ટેન્કરો સતત ઉપયોગમાં લેવાયાં. તદુપરાંત ૧૪ જેટલાં બીજાં વાહનો પાણીની હેરફેર માટે રોકાયેલાં હતાં.


ઉત્સવ પ્રસંગે ધારણા કરતાં વધારે યાત્રિકો આવ્યા. ભીડ વધતી જ ગઈ ને માતાજીનાં દર્શન માટે લાઈનમાં ઊભા રહેવું પડતું હતું, ત્યારે સ્વયંસેવકો દરેક વ્યક્તિને રસ્તામાં પાણી પાતા હતા. આ સિવાય ઊંઝામાં દરેક કોમની વ્યક્તિઓએ સ્વેચ્છાએ પાણીની પરબો માંડી હતી. પાણીની એટલી બધી સુંદર વ્યવસ્થા ગોઠવાઈ ગઈ હતી કે લાખો લોકોની અવરજવર થઈ છતાં ક્યાંય કોઈને પાણીની તકલીફ પડી નથી.

**સંડાસ અને મૂતરડીઓની વ્યવસ્થા**

પાણીની વ્યવસ્થા ગોઠવાયા પછી આરોગ્યનો સવાલ બીજો હતો. ગમે ત્યાં યાત્રિકો પેશાબ-જાજરૂ માટે બેસી ન જાય તેની સંભાળ આ સમિતિએ રાખવાની હતી. જાજરૂ-પેશાબની પૂરતી વ્યવસ્થા કરવાની હતી. કોગ્રેસના મોટા અધિવેશન વખતે જાજરૂ-પેશાબની વ્યવસ્થા કેવી રીતે ગોઠવાય છે, તે સમજવા માટે અમે ગાંધી આશ્રમ, સફાઈ વિદ્યાલયના આચાર્યશ્રી ઈશ્વરભાઈ પટેલને મળ્યા. તેઓએ ઊંઝાની મુલાકાત લીધી. જાજરૂ ક્યાં અને કેવી રીતે બનાવવાં







તેનું પ્લાનિંગ કરી બતાવ્યું. જુદીજુદી જગ્યાએ કંતાન બાંધીને એક હજાર જાજરૂ બનાવ્યાં. તદુપરાંત અમારા કાર્યકરોને જાજરૂ અને મૂતરડીની તાલીમ આપવામાં આવી. જરૂર પ્રમાણે પૂરતી સગવડતાવાળી મૂતરડીઓ બાંધી ને દરરોજ મૂતરડીઓ અને જાજરૂમાં દવા છાંટવાની વ્યવસ્થા ગોઠવી દીધી.

**સફાઈ કામદારોનો ઉત્સાહ**

સમગ્ર ઊંઝાનો વિસ્તાર ઉત્સવ દરમિયાન સ્વચ્છ રહે તે માટે ખેરાળુ, સિદ્ધપુર, મહેસાણા, પાટણના આરોગ્ય અધિકારીઓનો સંપર્ક સાધવામાં આવ્યો. તેઓ પોતાના સેનેટરી ઈન્સ્પેક્ટરો સાથે ઊંઝા આવ્યા. પાટણ અને સિદ્ધપુર નરગપાલિકાના ૬૦ સફાઈ કામદારો પણ આવી પહોંચ્યા, જેથી સફાઈનું કાર્ય સરળ બન્યું. આ કામદારો સાથે ઊંઝા નગરપાલિકાના કામદારો પણ જોડાયા હતા. રાત્રે ૧૨ વાગે સફાઈ શરૂ થતી ને સવારના ચાર વાગે સમગ્ર વિસ્તારને સ્વચ્છ બનાવી દેતા ને દિવસ દરમિયાન આ કામદારો પોતાના વિસ્તારમાં સતત ફરતા રહેતા હતા, ને જ્યાં જરૂર પડે ત્યાં તાત્કાલિક સફાઈ કરી દેતા. કાગળના ડૂચાઓ, ફળોનાં છોતરાં કે નારિયેળના છોલાં જે કંઈ મળે તે ઉઠાવી લઈ રસ્તાઓને સ્વચ્છ બનાવતા હતા. સફાઈ કામદારો માત્ર ફરજના એક ભાગ તરીકે જ નહિ પણ એક ધાર્મિક મહોત્સવને દીપાવવા માટે બને તેટલી બધી જ મદદ કરતા હતા. વાલ્મિકી કામદારો અમારી સાથે રસોડામાં દરરોજ જમતા હતા, ને જમાડવાની વ્યવસ્થા ગોઠવી હતી. તેઓની પશુચિકિત્સા કેન્દ્રમાં ઑફિસ હતી, ને તે ઑફિસ દ્વારા સફાઈનું સંચાલન થતું હતું.

**ડોક્ટરોની મફત તબીબી સારવાર**

ઊંઝાના બધા જ સ્થાનિક ડૉક્ટરો આ કાર્યમાં રોકાયા હતા. ડૉક્ટરોએ ફ્રી કેમ્પ શરૂ કર્યા હતા. જુદીજુદી જગ્યાએ ત્રણ સારવાર કેન્દ્રો ઊભાં કરવામાં આવ્યાં હતાં. કોઈ બીમાર પડીને આવી જાય તો ઘર કરતાં સારી સારવાર આ આરોગ્ય કેન્દ્રોમાં થતી હતી. પૈસા ક્યાંય લેવાતા ન હતા. આનંદની વાત તો એ છે કે કોઈ ભયંકર બીમારીનો એક પણ કેસ આવ્યો નથી. સામાન્ય બીમારીવાળા દર્દીઓ આવતા ને તેઓને દવા આપીને મોકલી દેવામાં આવતા હતા. ઉત્સવ દરમિયાન ડૉક્ટરોએ પાંચ હજારની દવાઓ ખરીદી હતી. ત્રણ હજાર જેટલા દર્દીઓને વિના મૂલ્યે દવાઓ આપી છે.

ચારે બાજુ મહોત્સવ ટાણે આનંદ-ઉલ્લાસનું જે ભવ્ય વાતાવરણ સર્જાયું હતું. તેનો પ્રભાવ એટલો મોટો હતો કે ઊંઝા ગામમાં સતત બીમાર રહેનાર દર્દીઓની તબિયત પણ ગુલાબી બની ગઈ હતી. આ ઉત્સવ દરમિયાન ઊંઝાની પાંત્રીસ હજારની વસ્તીમાં કોઈને અકસ્માત થયો નથી, કોઈનું મૃત્યુ થયું નથી, એટલું જ નહિ પણ ઊંઝાના કોઈ પણ કોમના ભાઈઓને ક્યાંય લોકાચાર જવાનો પ્રસંગ બન્યો નથી. તેઓના સંબંધીઓના ગામોમાં પણ કોઈનું મૃત્યુ થયું નથી. જાનવર, પશુ-પંખી પણ મરવાનો પ્રસંગ બન્યો નથી. કેવું અદ્ભુત વાતાવરણ ! કેવી અદ્ભુત સિદ્ધિ !

**ઉકરડાઓની જગ્યાએ રાતોરાત રસ્તાઓ**

માતાજીનાં દર્શન કરવા માટે જતી વખતે રસ્તામાં આજુબાજુ ઉકરડા આવતા હતા. ઉકરડાઓની બાજુમાં થઈને યાત્રિકોને જવું પડે તે કમિટીના સભ્યોને ઠીક લાગ્યું નહિ. બધા વિચારતા હતા કે, આ ઉકરડા ઉઠાવી લેવાય તો ટ્રાફિકની મોટા ભાગની મુશ્કેલીઓ હલ થઈ જાય. ઉકરડા બીજી જગ્યાએ રાખવા ને તેની વ્યવસ્થા માતાજી તરફથી ગોઠવવી એવો નિર્ણય લેવાયો પણ આશ્ચર્યની વાત એ છે કે, ઉકરડાના માલિકો રાતોરાત પોતાના ઉકરડાઓ પ્રેમપૂર્વક ત્યાંથી ઉઠાવીને બીજી જગ્યાએ લઈ ગયા, જે વ્યવસ્થા માતાજીએ વિચારી હતી, તે વ્યવસ્થા રાતોરાત ઉકરડાના માલિકોએ કરી દીધી.

મ્યુનિસિપાલિટીના બનાવેલ જાજરૂ વચ્ચે નડતરરૂપ હોવાથી તેને તોડી નાંખવામાં આવ્યાં. સતત સાત દિવસ સુધી બુલડોઝર ફેરવીને ખાડા-ટેકરાઓને સરખા બનાવ્યા ને મોટું મેદાન બનાવી દીધું. ઉકરડાઓના ખાડાઓ પૂરવામાં ને મોટું મેદાન બનાવવામાં યુવાનોએ ખૂબ મોટો ફાળો આપ્યો હતો.

**ધુપસળીઓ દ્વારા સુવાસિત વાતાવરણ**

માતાજીના મંદિરમાં દર્શનાર્થીઓનો માનવ-મહેરામણ નદીમાં આવેલા પૂરની જેમ 'ઉમિયામાતાજીની જય' બોલીને માના ચરણકમળમાં મસ્તક નમાવીને આગળ વધતો જતો હતો, ત્યારે માના મંદિરના પ્રાંગણમાં અગરબત્તીનો ધૂપ ચારે બાજુ વાતાવરણને સુવાસિત બનાવતો હતો. માનાં દર્શન માટે

કલાકોની રાહ જોઈ રહેલા યાત્રિકોને થાક હરી લઈને નવો ઉત્સાહ, નવી પ્રેરણા, નવી શ્રદ્ધા તેના હૃદયસાગરમાં પ્રગટાવતો હતો. ઊંઝામાં ક્યાંય મચ્છરો, માખીઓ ન વધી જાય તે માટે સતત સ્પ્રેથી દવા છાંટવાની વ્યવસ્થા પણ કરવામાં આવી હતી ને દિવસ દરમિયાન વાલ્મિકી કામદારો જ્યાં ગંદકી જોતા ત્યાં સાફ કરીને તે ઉપર દવા છાંટી દેતા.

માતાજીના મંદિરની પશ્ચિમ દિશામાં કૂવો હતો. આ કૂવાનો કોઈ ઉપયોગ હતો નહિ. માતાજીના ભવ્ય ચોકમાં નડતરરૂપ લાગતો હતો, તે બિનજરૂરી હોવાથી તેને પૂરી નાંખવામાં આવ્યો હતો.

**દીવાબત્તી અને રોશની**

પાણી અને આરોગ્યની જેટલી જરૂરિયાત હતી, તેટલી જ જરૂરિયાત દીવાબત્તીની પણ હતી. કારણકે લાખો ભાવિકો દૂરદૂરથી આવતા ને રાત્રે રોકાતા, ને તેઓ માટે માતાજીનું દ્વાર દર્શન માટે ચોવીસ કલાક ખુલ્લું હતું, જેથી ચોવીસ કલાક લાઈટની જરૂરિયાત હતી. ઊંઝાના બધા જ રસ્તાઓ ઉપર ટ્યૂબલાઈટો મૂકી દેવામાં આવી હતી. ગુજરાત વિદ્યુત બોર્ડે સતત પાંચ દિવસ સુધી પાવર કાપ કર્યા વિના લાઈટ આપી છે, એટલું જ નહિ પણ વધારાનો જોઈએ તેટલો પાવર પણ આપ્યો. આ માટે અમે વિદ્યુત બોર્ડના આભારી છીએ. વિદ્યુત બોર્ડમાં કામ કરતા હેલ્પરો ચોવીસ કલાક અમારી જોડે રહેતા, અમારી સાથે જમતા, ક્યાંય વિદ્યુત પ્રવાહ ખોરવાઈ ન જાય તેની સતત કાળજી રાખતા. વીજળીના કારણે કોઈ મુશ્કેલી ન થાય તે માટે સતત કાળજી રાખવામાં આવતી હતી.

સમગ્ર ગામના રસ્તાઓ રોશનીથી શણગારવામાં આવ્યા હતા. માતાજીના મંડપમાં, માતાજીના મંદિરમાં અનોખી રોશની કરવામાં આવી હતી. ઊંઝા નગરપાલિકાનો સાથે સાથે ગુજરાત વિદ્યુત બોર્ડનો પૂરેપૂરો સાથ અને સહકાર હતો. ક્યાંય ટ્યૂબલાઈટ ઊડી જાય કે રિપેરિંગ કરવાની જરૂર ઊભી થાય, તેને બદલવી પડે તો જરૂરી ખર્ચ કરવાની સંપૂર્ણ સત્તા નગરપાલિકાએ આ કમિટીને આપી હતી. દરેક ડીપી ઉપર હેલ્પરો મૂકવામાં આવ્યા હતા. નવાઈની વાત તો એ છે કે, ઉત્સવ દરમિયાન કદી પણ લાઈટની મુશ્કેલી ઊભી થઈ ન હતી.

ઊંઝાના જાહેર રસ્તાઓ ઉપર જે ધૂળ ઊડતી તેના ઉપર પાણી છાંટવાનું દરરોજ વિચારેલું, ને આ માટે પાણી છાંટનારા ટૅન્કરોનો ઉપયોગ કરવાનો હતો પણ કોણ જાણે માતાજીની અસીમ કૃપા અમારા ઉપર થઈ હતી, ઉત્સવના બે દિવસ અગાઉ જે ધોધમાર વરસાદ પડ્યો ને વરસાદે ઊડતી ધૂળ-રેતીને બેસાડીને અમારા ઉપર માએ મોટી કૃપા કરી હતી.

**સ્વચ્છતાની હરીફાઈ**

મહોત્સવ દરમિયાન સમગ્ર ઊંઝાના દરેક મહોલ્લાઓ વચ્ચે સ્વચ્છતાની હરીફાઈ રાખવામાં આવી હતી. જે મહોલ્લો પ્રથમ આવે તેને ઈનામ આપવાનું હતું. બાળકો, બહેનો તથા યુવાનોએ ઈનામ મેળવવા માટે સ્વચ્છતા પાછળ પૂરી મહેનત ઉઠાવી હતી. પ્રથમ ઈનામ મોતીપુરાને મળેલું જે મોતી જેવું સ્વચ્છ હતું. ત્યારબાદ બીજું ઈનામ રૂસાત ચોરો, ત્રીજું ઈનામ હોરવાડ, ચોથું ઈનામ ઉમા સોસાયટી, પાંચમું ઈનામ દરજી ચકલો, છઠ્ઠું ઈનામ કલ્યાણપરુ ને સાતમું ઈનામ માધુપરુને આપવામાં આવ્યું હતું. દરેક મહોલ્લો શણગારવામાં આવ્યો હતો ને પૂરી સ્વચ્છતા રાખવામાં આવી હતી.

આ રીતે અમારી આ સમિતિ દ્વારા પાણી, આરોગ્ય અને દીવાબત્તીની સુંદર વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી. અમારી કમિટીના સૌ સભ્યોનો સહકાર અને ઉત્સાહ અનેરો હતો. સતત રાત-દિવસ કામ કરીને ઉત્સવની ભવ્યતા વધારવામાં સૌનો સાથ હતો ને મા ઉમાની પ્રેરણા અને આશીર્વાદ હતા.

•



# પ્રસાદ સમિતિ

૧૮મી શતાબ્દીનો આ ભવ્ય મહોત્સવ ઉજવવાનો નિર્ણય લીધા પછી અમારી પ્રથમ મિટિંગ મળી. આ મિટિંગમાં ઠરાવ કર્યો કે, દરેક યાત્રિકને માતાજીનો પ્રસાદ મળી રહેવો જોઈએ. પ્રસાદ વિના એક પણ યાત્રિક જાય નહિ તેવું આયોજન કરવું જોઈએ. આ માટે નીચે પ્રમાણેની વ્યવસ્થા પ્રસાદ સમિતિએ ગોઠવી હતી :

**(૧) શ્રીફળની વ્યવસ્થા :** જો લાખો માણસો માતાજીનાં દર્શન માટે આવે તો શ્રીફળની વ્યવસ્થા મોટા પાયા ઉપર કરવી પડે. આ કાર્ય સામાન્ય હતું નહિ. પ્રસાદ સમિતિ આ કાર્ય ઉપાડી લે તો તેની વ્યવસ્થા માટે પહોંચી વળવું મુશ્કેલ બને એમ ન હતું. જેથી ઊંઝાના કરિયાણાના વેપારીઓની મીટિંગ બોલાવીને તેઓએ નફા-નુકસાન વિના યાત્રિકોને શ્રીફળ મળે તે માટે આ કાર્ય ઉપાડી લીધું. શ્રીફળનો કોઈ જગ્યાએ નફો લેવામાં આવતો ન હતો. જેને જેટલાં શ્રીફળ જોઈએ તેટલાં મળી રહેતાં હતાં.

શ્રીફળ વધેરવા માટે માતાજીના સંસ્થાનમાં ચાર સ્ટેન્ડ બનાવવામાં આવ્યાં હતાં. ને ત્યાં શ્રીફળ વધેરવામાં આવતાં હતા. સ્ટૅન્ડોની સ્વચ્છતા રાખવા ત્યાં ચોવીસ કલાક સ્વયંસેવકો રોકાયેલા હતા ને તેઓ સ્ટૅન્ડોની સફાઈ કરતા, સ્ટૅન્ડો ધોઈ નાંખતા. કદાચ ખરાબ શ્રીફળ નીકળે તો સ્ટૅન્ડ સાફ કરીને ત્યાં ધૂપ કરતા. સ્ટૅન્ડની આજુબાજુ માખીઓ ન બેસે તે માટે પૂરતી કાળજી લેવામાં આવતી હતી. ૨૦ માણસો વધેરેલા શ્રીફળમાંથી પ્રસાદ બનાવીને વહેંચવાનું કાર્ય કરતા હતા. લગભગ ૧ લાખ ઉપર શ્રીફળ મહોત્સવ દરમિયાન વધેરવામાં આવ્યાં હતાં.

**(૨) ૨૪ કલાક પ્રસાદ વહેંચવાની વ્યવસ્થા :** દરેક યાત્રિકને પ્રસાદ મળે તેવું અગાઉથી આયોજન કરવામાં આવ્યું હતું. પ્રસાદ બૂરું ખાંડ અને કોપરાના ખમણનો બનાવવામાં આવ્યો હતો. માતાજીના પશ્ચિમ અને ઉત્તરના દરવાજે પ્રસાદની વ્યવસ્થા ગોઠવી હતી. દરેક દરવાજે બબ્બેની લાઈનમાં આઠ-આઠ સ્વયંસેવકો એકીસાથે પ્રસાદ આપતા હતા. પ્રસાદ વીસ કિલોના વાસણમાં રાખવામાં આવ્યો હતો. સતત ચોવીસ કલાક પ્રસાદ મળે તે માટે વીસ-વીસ સ્વયંસેવકોનાં ત્રણ જૂથ પાડવામાં આવ્યાં હતાં. આ રીતે સતત પાંચ દિવસ સુધી લાખો ભાવિક યાત્રિકોને માતાજીનો પ્રસાદ વહેંચવામાં આવ્યો હતો. પાંચ દિવસના અંતે ૫૫૦૦ કિલો બૂરું ખાંડ અને ૮૦૦ કિલો કોપરાના ખમણનો ઉપયોગ પ્રસાદ તરીકે થયો હતો.

આ ઉપરાંત પ્રસાદ સમિતિ તરફથી યાત્રિકો પોતાના ઘરે માતાજીનો પ્રસાદ લઈ જઈ શકે તે માટેની પણ સુંદર વ્યવસ્થા ગોઠવી હતી. પૂર્વ વિભાગના કરિયાણા મંડળના વેપારીઓ દ્વારા સાકરિયા ચણાનાં પડીકાં નહિ નફો, નહિ નુકસાનના ધોરણે આપવામાં આવતાં હતાં. આ રીતે પ્રસાદ સમિતિ તરફથી પ્રસાદની સરસ વ્યવસ્થા ગોઠવાઈ ગઈ હતી. દૂરથી આવતા ભાવિક યાત્રિકો માતાજીની બાધારૂપે પોતાની સાથે પ્રસાદમાં કુલેર, સુખડી, ગોળ, સાકર લઈને આવતા. આ પ્રસાદ બાધા રૂપે ચડાવતા. ત્યાર પછી આ પ્રસાદને વહેંચવાની વ્યવસ્થા આ સમિતિ તરફથી કરવામાં આવી હતી.

મહોત્સવ દરમિયાન લાખો યાત્રિકોએ મા ઉમાનાં ચરણકમળનાં દર્શન કર્યાં. દર્શન કરીને આનંદવિભોર બની માના ઉત્તરે કે પશ્ચિમ દ્વારે થઈ વિદાય લે તે પહેલાં યાત્રિકના હસ્તકમળમાં માની પ્રસાદી મૂકવામાં આવતી ત્યારે તે પ્રસાદીમાં રહેલ માનું પ્રેમામૃત યાત્રિકના હૃદયને ભાવવિભોર બનાવી દેતું હતું. કલાકો સુધી માનાં દર્શન માટે જોયેલી રાહ અને બે-ચાર માઈલ સુધી લોકોને ચાલવાથી લાગતો થાક પલવારમાં પ્રસાદ મળતાં જ અદૃશ્ય થઈ જતો ને નવું ચેતન, નવી ઊર્મિ, નવી શક્તિ તેના હૃદયમાં પ્રગટતી હતી ને તેના મુખારવિંદની રેખાઓ ઉપર આનંદ તરવરતો હતો. લાખો ભાઈઓને એક તાંતણે બાંધવામાં અને એકબીજાને સમજવામાં માના આ પ્રસાદે સમગ્ર સમાજમાં દિવ્ય ભાવના પ્રગટાવી છે.



# ભોજન અને સરભરા સમિતિ

માતાજીના આ મહોત્સવમાં લાખો યાત્રિકો દૂરદૂરથી આવતા હોય તો તેઓના માટે ભોજનની વ્યવસ્થા મોટા પાયા ઉપર ગોઠવવી મહત્ત્વની હતી. આ કાર્ય સરભરા સમિતિને સોંપવામાં આવ્યું. સરભરા સમિતિએ પોતાની પ્રથમ મીટિંગમાં ભોજનની વ્યવસ્થા ક્યાં ગોઠવવી તેનો વિચાર કર્યો. અંતે સૌને અનુકૂળ રહે તે માટે હાઈસ્કૂલ અને કૉલેજનું મેદાન પસંદ કરવામાં આવ્યું ને આ બંને સંસ્થાઓનાં મકાનો, મેદાનો ઉપરાંત આસપાસનાં ખુલ્લાં ખેતરોને પણ આવરી લેવાયાં.

**વ્યવસ્થાની વહેંચણી**

સરભરા સમિતિની સુંદર વ્યવસ્થા ગોઠવાય તે માટે સરભરા સમિતિના એક ચૅરમેન મૂકવામાં આવ્યા હતા. ચૅરમેનના હાથ નીચે ચાર વ્યવસ્થાપકો કાર્ય કરતા હતા. દરેક વ્યવસ્થાપકને અલગ અલગ જવાબદારીઓ વહેંચવામાં આવી હતી.

આ ચાર વ્યવસ્થાપકોના હાથ નીચે દેખભાળ સમિતિ કાર્ય કરતી હતી. દેખભાળ સમિતિના પણ એક ચૅરમેન મૂકવામાં આવ્યા હતા. દેખભાળ સમિતિના હાથ નીચે નવ કૅપ્ટન હતા ને દરેક કૅપ્ટનને એક-એક બ્લોક સોંપવામાં આવ્યો હતો.

દરેક કૅપ્ટનના હાથ નીચે ૧૫૦ સ્વયંસેવકો કાર્ય કરતા હતા. સ્વયંસેવકોને બે વિભાગમાં વહેંચવામાં આવ્યા હતા : (૧) સપ્લાયર્સ અને (૨) પીરસનાર. સપ્લાયર્સ સ્વયંસેવકો રસોડામાંથી તૈયાર રસોઈ પોતાના બ્લોકના પીરસનાર સ્વયંસેવકોને આપતા ને તે રસોઈ બ્લોકમાં ગોઠવાયેલા યાત્રિકોને વ્યવસ્થિત રીતે પીરસવામાં આવતી હતી. કુલ ૧૫૦૦ સ્વયંસેવકો રસોડા વિભાગમાં કામ કરતા હતા.

દરેક સ્વયંસેવકને બિલ્લો ભરાવી રાખવો ફરજિયાત હતો. પીરસનાર અને સપ્લાયર્સ સ્વયંસેવકોને લાલ રૂમાલ આપવામાં આવ્યો હતો, જે ગળા ઉપર બાંધેલો હતો. સ્વયંસેવક પોતાના બ્લોકને છોડી શકતો નહિ. બીજાના બ્લોકને ખલેલ પહોંચાડતો નહિ ને આ માટે અગાઉથી દરેકને તાકીદ કરવામાં આવી હતી. ઉત્સવ શરૂ થતા પહેલાં બે દિવસ અગાઉ દરેક સ્વયંસેવક અને કાર્યકરની શપથવિધિ કરાવવામાં આવી હતી.

**બ્લોકોની વ્યવસ્થા**

કુલ ૯ બ્લોકો બનાવવામાં આવ્યા હતા. દરેક બ્લોકમાં એકીસાથે ૧૫૦૦ યાત્રિકો બેસી શકે તેવી વ્યવસ્થા હતી. ૧ થી ૬ બ્લોકો કૉલેજ બિલ્ડિંગની સામે બનાવ્યા હતા ને બાકીના ૭, ૮ અને ૯ નંબરના બ્લોકો કૉલેજ બિલ્ડિંગની ડાબી બાજુએ બનાવ્યા હતા, જેનો રસ્તો હાઈસ્કૂલની આગળ આયુર્વેદિક હૉસ્પિટલની પાછળ થઈને જતો હતો.

માલસામાન ભરવા માટે કૉલેજની રૂમોનો ઉપયોગ કર્યો હતો. નીચેની રૂમોમાં સીધુસામાન, ઘી, ખાંડ, લોટ રાખવામાં આવ્યો હતો ને ઉપરના રૂમોમાં બુંદીના તૈયાર લાડુ, સુખડી, પુરી રાખવામાં આવ્યાં હતાં. શાકભાજી માટે અલગ રૂમોની વ્યવસ્થા કરી હતી. કૉલેજ મકાનની આગળ સરભરા વિભાગનું કાર્યાલય બનાવવામાં આવ્યું હતું. જેમાં ચૅરમેન અને ચાર વ્યવસ્થાપકો બેસતા હતા. ફોન અને માઈકની વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી. મુખ્ય દરવાજાની ડાબી બાજુના કૉલેજ કેમ્પસના મકાનમાં સીધુંસામાન અગાઉથી ખરીદીને ભરી દેવામાં આવ્યું હતું ને પાસેના લાઈબ્રેરીના મકાનમાં જરૂરી વાસણો ભરવામાં આવ્યાં હતાં. આ રીતે સમગ્ર વ્યવસ્થા અગાઉથી કરી દેવામાં આવી હતી.

**જમવાની વ્યવસ્થા**

મુખ્ય દરવાજાથી ભોજનપાસ આપવામાં આવતા હતા. શરૂઆતના બે દિવસ કોઈ પણ પ્રકારના પૈસા લીધા વિના બધાને જમાડ્યા, પરંતુ મહોત્સવ સમિતિને આ યોગ્ય નહિ લાગવાથી પાસની વ્યવસ્થા સામાન્ય પૈસા લઈને શરૂ કરી હતી. પાસ લઈને યાત્રિક ભોજનસ્થળે પ્રવેશ કરતો ત્યારે દેખભાળ સમિતિના સ્વયંસેવકો માર્ગદર્શન આપતા, ને કૉલેજ બિલ્ડિંગમાં ગોઠવાયેલા બ્લૉકો તરફ લઈ જતા. બ્લૉકનો એક પછી એક ઉપયોગ થતો. એક બ્લૉક ભરાયા પછી યાત્રિકો બીજા બ્લૉક તરફ જતા ને બીજો ભરાય પછી ત્રીજા તરફ. આ રીતે ક્રમાનુસાર યાત્રિકો આગળ વધતા. બ્લોક ભરાયા પછી તરતજ પીરસવાની વ્યવસ્થા ગોઠવાઈ જતી. પીરસનારા સ્વયંસેવકો વ્યવસ્થિત રીતે પોતાનું કાર્ય શરૂ કરી દેતા. ભોજનમાં ચાર વાનગીઓ આપવામાં આવતી હતી : (૧) મીઠાઈમાં ચોખ્ખા ઘીની બુંદી અને મોહનથાળ (૨) દાળ (૩) શાક અને (૪) ભાત. આ વસ્તુઓ એટલી બધી વ્યવસ્થિત રીતે પીરસાતી હતી કે, કોઈને કોઈ પ્રકારની તકલીફ પડતી ન હતી. યાત્રિકો જમવા બેઠા હોય ત્યારે કઈ વસ્તુની જરૂરિયાત છે તે માટે ચાર પ્રકારના જુદાજુદા રંગવાળી ધજાઓ રાખવામાં આવી હતી. કેશરી, પીળા, સફેદ અને લીલી. કેશરી ધ્વજા મીઠાઈ, પીળી ધ્વજા દાળ, સફેદ ધ્વજા ભાત અને લીલી ધ્વજા શાકના પ્રતીક તરીકે કાર્ય કરતી હતી. જે વસ્તુની માગણી થાય તે વસ્તુની ધ્વજા દૂરથી સ્વયંસેવક બતાવે એટલે તરત જ તે વસ્તુ પીરસનાર સ્વયંસેવક લઈને પહોંચી જતો. લાંબી કતારોમાં દૂરથી અવાજ ન સંભળાય પણ આ ધ્વજાના પ્રતીકો અવાજનું અને વ્યવસ્થાનું કાર્ય સંભાળી લેતી હતી. ને આ સુંદર વ્યવસ્થાના કારણે ફક્ત પંદર મિનિટમાં જ સમગ્ર બ્લોકની ભોજનની વ્યવસ્થા પૂરી થઈ જતી હતી.

**ભોજન પછી સફાઈની વ્યવસ્થા**

એક બ્લોકમાંથી યાત્રિકો ભોજન લઈને ઊભા થતા ને તરત જ તેની સફાઈની વ્યવસ્થા કરી દેવામાં આવતી હતી. યાત્રિકોનાં પતરાળાં સ્વયંસેવકો ઉઠાવી લેતા ને આ ઉઠાવેલાં પતરાળાં બ્લોક નં.૪ અને આયુર્વેદિક હૉસ્પિટલની વચ્ચે મોટો ખાડો બનાવવામાં આવ્યો હતો. તે ખાડામાં પધરાવવામાં આવતાં હતાં. ને આ બધાં પતરાળાં ઊંઝા નગરપાલિકાના કામદારો ત્યાંથી લઈ જઈને તેનો યોગ્ય નિકાલ કરતા હતા.

**વ્યવસ્થા અંગેનાં સૂચનો સ્વીકારવામાં આવતાં**

ભોજનની વ્યવસ્થામાં ક્યાંય પણ સૂચન કરવા જેવું લાગે ત્યારે સ્વયંસેવક પોતાના બ્લોકના નિયુક્ત કરેલા અધિકારીને જ સૂચનો કરતા ને તે અધિકારી આ રીતે મળેલાં સૂચનો કેન્દ્રસ્થાને નિયુક્ત કરેલા કાર્યકર્તાઓને પહોંચાડતા હતા. ને આ સૂચનો ભોજન-વ્યવસ્થાને ઉપયોગી થાય તેવાં લાગે તો તરત જ તેનો અમલ કરવામાં આવતો હતો. આ રીતે નવે નવ બ્લોકની સંકલન વ્યવસ્થા ગોઠવાઈ હતી.

જમવા આવનાર યાત્રિક ભાઈબહેનો માટે સ્વયંસેવકોને કહેવામાં આવતું કે, 'જમવા આવનાર યાત્રિક ભાઈ-બહેન આપણા મોંઘેરા મહેમાન છે. તેઓને પ્રેમપૂર્વક જમાડજો'ને અમારા સ્વયંસેવકો પ્રેમ અને ભક્તિથી યાત્રિકોને જમાડતા હતા.

જમી રહ્યા પછી યાત્રિકો અમારી વ્યવસ્થાથી પ્રભાવિત થઈને સરભરા સમિતિની ઑફિસે આવી અમારા વખાણ કરતા ત્યારે અમારા કાર્યકર્તાઓ કહેતા 'તમે અમારા વખાણ ન કરો, આમાં અમારી શી ખામીઓ છે તે કહો. અમે હંમેશાં અમારી ખામીઓ શોધતા હતા પણ કોણ જાણે લોકો અમારાં વખાણ કર્યા કરતા હતા.'

**બ્લોકો વચ્ચે સ્વચ્છતાની હરીફાઈ**

દરેક બ્લોક શણગારવામાં આવ્યો હતો. જે ઉત્તમ સુશોભન તેમજ વ્યવસ્થા ગોઠવી બતાવે તેને ઈનામ આપવાનું રાખવામાં આવ્યું હતું. આના કારણે બ્લોકની સુંદરતા અને સ્વચ્છતાની હરીફાઈ થતી હતી. જમ્યા પછી પીવાના પાણીની વ્યવસ્થા માટે ૨૦૦ ચકલીઓવાળાં ત્રણ મોટાં સ્ટૅન્ડ બનાવવામાં આવ્યાં હતાં. જ્યાં ૨૪ કલાક પાણીની વ્યવસ્થા હતી. અગાઉથી એક બોર પણ બનાવવામાં આવ્યો હતો.

**માતાજીના જયઘોષ સાથે રસોડાની શરૂઆત**


રસોડા વિભાગ સવારના ૯ વાગ્યાથી શરૂ થતો ને રાત્રે દસ વાગ્યા સુધી ચાલતો. રસોડું શરૂ કરતાં પહેલાં ધૂપદીપ કરવામાં આવતો ને ઘંટારવ કરવામાં આવતો. ત્યારબાદ શ્રી ઉમિયામાતાજીની જય બોલાવી રસોડું શરૂ કરવામાં આવતું.



# શ્રી ઉમિયા માતાજી

## અઢારમી શતાબ્દી મહોત્સવ ※ સ્મૃતિગ્રંથ











બંધ કરતી વખતે પણ માઈક દ્વારા જાણ કરવામાં આવતી. દરરોજના લાખો માણસો રસોડામાં જમતા પણ દરેકને ગરમાગરમ રસોઈ મળે તેવી વ્યવસ્થા ગોઠવી હતી.

રસોડા વિભાગમાં તૈયાર કરવામાં આવતી સુખડી દરેક કમિટીના સ્વયંસેવકોને નાસ્તામાં વહેંચવામાં આવતી હતી. સૌનું ધ્યાન ખેંચે તેવી બાબત એ હતી કે આ મહોત્સવ પ્રસંગે રોકાયેલા બધા જ સરકારી કર્મચારીઓને તેમજ ઊંઝાની સ્વચ્છતા માટે બહાર ગામથી આવેલા વાલ્મિકી કામદારોને આ રસોડામાં પ્રેમપૂર્વક બેસાડીને જમાડવામાં આવતા હતા.

**લક્ષ્મીપુરાના જ્ઞાતિબંધુઓની અદ્‌ભુત સેવા**

રસોઈ વિભાગમાં મીઠાઈ બનાવવાનું કાર્ય પાલનપુર પાસેના લક્ષ્મીપુરા ગામના આપણા જ્ઞાતિબંધુઓએ ઉપાડી લીધું હતું. રાત-દિવસ જોયા વિના આ ભાઈઓએ મા ઉમાના પ્રેમ અને શ્રદ્ધાથી ખેંચાઈ, કોઈ જાતનું વેતન લીધા વિના કાર્ય કર્યું હતું.

આ ભવ્ય મહોત્સવમાં સરભરા સમિતિનું કાર્ય અદ્‌ભુત અને પ્રશંસા માગી લે તેવું હતું. કૉંગ્રેસના મોટા અધિવેશનમાં ભાગ લેનારા લોકોએ જ્યારે ઊંઝાની આ વ્યવસ્થા જોઈ ત્યારે આ વ્યવસ્થાનાં કેવી રીતે વખાણ કરવાં તેના શબ્દો જડતા ન હતા. ક્યાંય ગંદકી ન હતી કે, ક્યાંય અવ્યવસ્થા ન હતી. રસોડા વિભાગમાં કાર્ય કરનારા ભાઈઓમાં એક પ્રકારની ચેતના હતી, નવી ઊર્મિઓ હતી. ઊંઝા વાસીઓના હાથમાં માની સેવા કરવાનો આવો દિવ્ય અને ભવ્ય અવસર નહિ આવે એમ માનીને સરભરા સમિતિએ પોતાનું આગવું સૂત્ર અગાઉથી જ બનાવ્યું હતું, ને તે કાર્યાલયની આગળ લગાડવામાં આવ્યું હતું : 'વક્ત ચલા જાતા હૈ, મગર બાત રહ જાતી હૈ.' ને સચમુચ આજે આ વાક્ય સાચું ઠર્યું છે.

**ઉત્તમ વ્યવસ્થાનું કારણ શું ?**

અમારી સરભરા સમિતિની સુંદર વ્યવસ્થાની કલ્પના ન હતી. ગુજરાત અને દેશના તમામ દૈનિકપત્રોએ જેનાં ભારોભાર વખાણ કર્યાં હતાં. આનું કારણ અમને એ લાગે છે કે ઉત્સવ શરૂ થતાં પહેલાં અમારી સમિતિએ શ્રી ઉમિયામાતાજીના ફોટા ઉપર ફૂલનો હાર ચડાવ્યો હતો, તે હાર શ્રી માતાજીમાંથી લાવ્યા હતા. મહોત્સવ શરૂ થયો તે દિવસે ચડાવ્યો ને પૂર્ણ થયો ત્યાં સુધી રહ્યો પણ આ હાર એવો ને એવો તાજો દેખાતો હતો, જાણે આજે જ ન ચડાવ્યો હોય ! મહોત્સવ પૂરો થયો ને મારે હેમખેમ અમારું કાર્ય ભવ્ય રીતે સફળ કરાવ્યું એમ માનીને 'હાશ' અનુભવીને રસોડા સમિતિની કાર્યવાહી પૂરી કરી ત્યાં તો તે હાર ફોટા ઉપરથી નીચે પડ્યો. આ કોઈ ભવ્ય સંકેત હતો. મા ઉમાનું કોઈ તેજ આ હારરૂપે પ્રત્યક્ષ પ્રગટ રહી અમારામાં ઉત્સાહ, ઉમંગ પ્રગટાવવામાં સક્રિય હોય ને અમારી વ્યવસ્થામાં સફળતા અપાવવામાં મદદરૂપ બન્યું હોય એવી શ્રદ્ધાજ્યોત આજે પણ અમારા હૃદયમાં કાર્ય કરી રહી છે.

મહોત્સવની પૂર્ણાહુતિ પછી બીજા દિવસે ઊંઝા નગરજનો તરફથી સમગ્ર ગામ માટે રાખેલો જમણવાર, તદ્દુપરાંત સરભરા સમિતિના વ્યવસ્થાપક તરફથી ભોજન રાખ્યું હતું ને દેખભાળ સમિતિના ચૅરમેન તથા દરેક બ્લોકના કૅપ્ટન તરફથી સભ્યો સાથે ભોજન ગોઠવવામાં આવ્યું હતું.

મહોત્સવ દરમિયાન રસોડાના કાર્ય અંગેની જ્યારે વાત કરીએ છીએ ત્યારે આજે પણ અમને સમજાતું નથી કે, આટલો ઉત્સાહ, ધગશ, આટલી સુંદર વ્યવસ્થા કેવી રીતે ગોઠવાઈ ! મા ઉમાની પ્રેરણા અને આશીર્વાદથી આ મહાન કાર્ય સફળ થયું છે એમ માનીએ છીએ.

તા.ક. : રસોડાના ખર્ચ અંગેની વિગતો પાછળ પરિશિષ્ટમાં આપવામાં આવેલી છે.

•



# સ્વયંસેવક સમિતિ

સમગ્ર ઉત્સવની સફળતાના કેન્દ્રમાં કાર્યકર વર્ગ અને સ્વયંસેવકો હતા. ગુજરાતના જ નહિ, પણ સમગ્ર દેશના લાખો લોકોએ આપણા મહોત્સવની વ્યવસ્થાના ખુલ્લામને વખાણ કર્યા. સમાચારપત્રો, આકાશવાણી વગેરે પ્રચારનાં સાધનોએ, ખુદ સરકારીતંત્રે પણ આ મહોત્સવની વ્યવસ્થાનાં ભારોભાર વખાણ કર્યાં છે. આ ઉત્તમ વ્યવસ્થાના કેન્દ્રસ્થાનમાં ખડેપગે ઊભા રહેનારા આપણા સ્વયંસેવકો હતા. ઉત્સવના કાર્યમાં ૨૫૦૦ થી ૩૦૦૦ સ્વયંસેવકો રોકાયેલા હતા.

**જો જો નીચું ના જોવડાવતા !**

શરૂઆતમાં મહોત્સવ સમિતિની મીટિંગ મળી. પ્રમુખશ્રી અને કારોબારીના સભ્યોએ યુવાન વર્ગના દસ-બાર યુવાનોને બોલાવ્યા ને ચર્ચા-વિચારણા કરી. ૨૫૦૦ થી ૩૦૦૦ સ્વયંસેવકોની વાત કરી. હાજર રહેલા યુવાનોએ દૃઢતાથી કહ્યું કે, 'તમારે જોઈએ તેટલા યુવાનો અમે આપીશું, ને તે બધા જ ઊંઝામાંથી મળશે.' આ વખતે સભામાં બેઠેલા વયોવૃદ્ધ આપણા વડીલશ્રી બાલચંદભાઈએ ચૅરમેનશ્રી અંબાલાલ ચારીને ટકોર કરી, 'જો જો નીચું ના જોવડાવતા.' તેઓનું આ વાક્ય અમારામાં સોંસરું ઊતરી ગયું ને સમગ્ર યુવાનવર્ગ માટે આ વાક્ય ચેલેન્જરૂપ બની ગયું. બીજા દિવસે અમે સમગ્ર ગામમાં માઈકથી જાહેરાત કરી ને યુવાનોની મોટી મીટિંગ ભરી. આ મીટિંગમાં ૧૫ થી ૭૦ વર્ષ સુધીના યુવાનો અને વૃદ્ધો બધા હાજર રહ્યા. યુવાનોના મુખ ઉપર ઉત્સાહ, તરવળાટ ને કામ કરવાની ધગશ દેખાતી હતી. તે જોઈને અમારામાં વિશ્વાસ જન્મ્યો, ખાતરી થઈ કે આ કાર્ય આપણે કરી શકીશું. આ મીટિંગમાં ઊંઝાના ફક્ત પટેલ ભાઈઓ જ નહિ, પણ બીજી જ્ઞાતિના યુવાનો પણ હાજર રહ્યા હતા.

**સ્વયંસેવકોનું વિભાગીકરણ**

ફરીથી મીટિંગ થઈને તેમાં વ્યવસ્થાતંત્ર ગોઠવાયું. ગામનાં ચાર જૂથો પાડ્યાં ને બહારગામનું એક જૂથ. દરેક જૂથની એક-એક માણસને જવાબદારી સોંપવામાં આવી. દરેક જૂથમાંથી એક હજાર સ્વયંસેવકોની નોંધણી કરવામાં આવી. લાંબી યાદી તૈયાર થઈ. છાપેલું ફોર્મ તૈયાર કરાવીને દરેક સ્વયંસેવક પાસે ભરાવવામાં આવ્યું. છાપેલા ફોર્મમાં સ્વયંસેવકની વિગતવાર માહિતી લેવામાં આવી. તેઓને કઈકઈ પ્રવૃત્તિઓમાં વધારે રસ છે. ક્યું કામ કરી શકે એમ છો તેના અભિપ્રાયો લેવામાં આવ્યા. આ ફોર્મ તે કાર્ય કરવા માટેનું એકરારનામું હતું. આ રીતે પાંચ હજારની યાદી તૈયાર થઈ ને આ યાદી કાર્યાલયમાં સુપરત થઈ. ત્યારબાદ દરેક કમિટી પાસેથી માહિતી મંગાવવામાં આવી કે, તમારે કેટલા સ્વયંસેવકો જોઈએ ? કમિટીઓના ચૅરમેનોની માંગણીઓ આવી ને તે રીતે સ્વયંસેવકોની વહેંચણી કરવામાં આવી. દરેકે પોતાને સોંપેલું કાર્ય પૂરી નિષ્ઠાથી, શિસ્તબદ્ધ રીતે કરવાની જવાબદારી ઉપાડી લીધી. આ રીતે સમગ્ર વ્યવસ્થા ગોઠવાઈ ગઈ. સ્વયંસેવકોનું મુખ્ય કાર્યાલય ગાંધીચોકમાં રાખવામાં આવ્યું હતું, ને ત્યાંથી જુદા જુદા વિભાગોમાં વહેંચાયેલા સ્વયંસેવકોના કાર્યની માહિતી એકત્ર કરવામાં આવતી હતી. ઉત્સવ શરૂ થયો તે પહેલાં સ્વયંસેવકોને યોગ્ય સૂચનો, તાલીમ આપીને જે-તે વિભાગોમાં મૂકવામાં આવ્યા હતા.

**ઉત્સવના પ્રથમ દિવસે**

સ્વયંસેવક કમિટી પાસે યાત્રિકોનો જે અંદાજ હતો, તેનાથી વધારે યાત્રિકો પ્રથમ દિવસે ઊમટ્યા. બીજા દિવસે તેનાથી પણ વધારે આવ્યા. હવે નવી વ્યવસ્થા વિચારવાનો સમય ઊભો થયો. બધા સ્વયંસેવકોને તાત્કાલિક ફોન કરીને રાત્રે ભેગા કર્યા. આ પ્રસંગે મહોત્સવ સમિતિના અગ્રગણ્ય કાર્યકરો પણ હાજર રહ્યા. હવે પછીની વ્યવસ્થા કેવી રીતે જાળવવી તેની મૂંઝવણ ઊભી થઈ; કારણકે માતાજીના મંદિરની બહારની બારીમાંથી જોયું તો ફક્ત માથાં જ દેખાતાં હતાં. વ્યવસ્થા મુશ્કેલ હતી. જિલ્લા ડી. એસ. પી. પણ

ગભરામણ અનુભવી રહ્યા હતા. ધસમસતા પૂરની જેમ બહારથી માનવમહેરામણ ઊમટી રહ્યો હતો. આ બધાને રોકવા ને રોકીને વ્યવસ્થિત માનાં દર્શન કરાવવાં કઠિન હતું. જો વ્યવસ્થા તૂટી પડે તો ન ધારેલું બને તેવી શક્યતા હતી. માની પ્રેરણા મળી. મહોત્સવના કાર્યકરોએ કહ્યું કે, 'ગમે તેટલું ખર્ચ થાય, તે જોયા વિના પૂરેપૂરી વ્યવસ્થા સચવાય તેવું ગોઠવો.' ત્યાર પછી ગાડી ઉપર માઈક બાંધીને વ્યવસ્થા અંગેની સૂચનાઓ આપવાનું શરૂ કર્યું. યાત્રિઓ ખૂબ આવતા હતા અને જો નહિ રોકીએ તો અકસ્માત થશે. સ્વયંસેવકો, કાર્યકરોએ હાથ વડે યાત્રિકોને રોકવાની શરૂઆત કરી. કોર્ડન શરૂ કરી. પચાસ ફૂટના અંતરે રોકતા ગયા ને આ રીતે સવારના નવ વાગે મંદિરની આગળથી રોકવાનું શરૂ કર્યું ને તે સાંજના ચાર વાગે અમે આવતા યાત્રિકોને વ્યવસ્થિત કરી રોકી શક્યા. રોકવાની પ્રવૃત્તિ માટે કોઈ સ્વયંસેવકને કહ્યું ન હતું. આ કુદરતી પ્રેરણા હતી ને આ કાર્યમાં બધા લાગી ગયા હતા. પરિણામે, સમગ્ર માનવમહેરામણને અમે વ્યવસ્થિત કરી શક્યા. ગંજમાં દરવાજા બંધ કરીને રોકવામાં આવ્યા. સ્વયંસેવકો સામે સામા દોરડાં પકડીને રોકતા હતા. આ રીતે ચોવીસ કલાક ઊભા રહીને આવતા યાત્રિકોને રોકતા ને આગળ માનાં દર્શન માટે મોકલતા હતા. રોકતી વખતે કોઈએ નકારાત્મક ઉત્તર આપ્યો નથી કે દોરડાંને તોડીને કોઈ ભાગ્યું નથી. કદાચ ઉત્સાહના અતિરેકમાં કોઈ દોટ મૂકે પણ દોરડું જ્યાં આવે ત્યાં રોકાઈને પ્રેમપૂર્વક સહકાર આપતા. અમારી વ્યવસ્થામાં યાત્રિકો મદદરૂપ બનતા. આ ઉપરાંત આવતા માનવમહેરામણને રોકવા માટે સ્વયંસેવકો આજુબાજુનાં ગામે પહોંચી ગયા. મક્તુપુરના રસ્તા સુધી, મલાઈ તળાવ સુધી, ઐઠોરના રસ્તા સુધી સ્વયંસેવકો આવતાં વાહનોને રોકીને ટ્રાફિકના કાર્યને સરળ બનાવતા હતા.

**બીજા દિવસે અસાધારણ ભીડ**

ફરી બીજા દિવસે ભીડ વધી. હવે શું કરવું ? તાત્કાલિક રાત્રે મીટિંગ બોલાવી સૂચનો માગ્યાં. ઊંઝાની આજુબાજુના વિસનગર, સિદ્ધપુર, પાટણ, મહેસાણા ડેપો ઉપર ફોન કરીને કહી દીધું કે થોડાથોડા અંતરે વાહનો મોકલો જેથી અહીં ભીડ ન થઈ જાય. મક્તુપુર, ઉનાવા, શીહી, વણાગલા, ઐઠોર, રામપુર વગેરે ગામે સ્વયંસેવકો જઈને રોડ ઉપર આવતા ખટારા, ટ્રેક્ટરોને વિનંતી કરીને ધીરેધીરે મોકલતા. જે રાત્રે માઈકથી ઊંઝાની સમગ્ર જનતાને જણાવી દીધું કે, બહારથી ખૂબ જ યાત્રિકો આવતાં હોવાથી સવારના ૪ થી ૬ વાગ્યા પહેલાં માતાજીનાં દર્શન કરી જવાં. ઊંઝાની સ્થાનિક જનતાએ અમારી વાત સ્વીકારીને સવારના ૪ થી ૬ વચ્ચે દર્શન કરવા આવતાં, ત્યાર પછી દિવસ દરમિયાન કોઈ આવતું ન હતું.

સ્વયંસેવકો અમારી પાસે પાંચ હજાર હતા. કદાચ ન પહોંચી વળાય તો ? વધારે સ્વયંસેવકો માટે જાહેરાત કરી. ને ગાંધીચોકની ઑફિસમાં નામ નોંધાવવાનું જણાવ્યું. આશ્ચર્યની વાત તો એ છે કે ઊંઝાની દરેક જ્ઞાતિના યુવાનો નામ નોંધાવી ગયા. દસ હજારની યાદી થઈ. અમે તેઓને જવાબદારી સોંપી. સ્વયંસેવક તરીકેનું કાર્ય કરવા માટે બહારથી અનેક લોકોના કાગળો આવેલા. અમે બહારના ભાઈઓને પ્રેમથી કહ્યું કે, 'જો જરૂર પડશે તો અમે બોલાવીશું.' ઊંઝાની આજુબાજુના વરવાડા, બ્રાહ્મણવાડા, ઉપેરા ગામના યુવકમંડળના યુવકો સ્વયંસેવક તરીકે આવ્યા ને ઊંઝા ગામના વધારાના યુવકો જોડાયા. આ બધા યુવકોના કારણે ઉત્તમ વ્યવસ્થા ગોઠવાઈ. ત્રીજા દિવસે માતાજીના ગર્ભદ્વારમાં ભીડ ન જામે તે માટે રાતોરાત પાઈપો લાવીને દૂર સુધી બાંધી દીધી. આવતા યાત્રિકોનું પાઈપ દ્વારા નિયંત્રણ કરવામાં આવ્યું ને આ રીતે સુંદર વ્યવસ્થા ગોઠવાઈ.

**ગાંધી કાર્યાલયની વધારાની જવાબદારીઓ**

ગાંધીચોકનું મુખ્ય કાર્યાલય ઈન્કવાયરીનું કાર્ય કરતું હતું. ઉત્સવ અંગેની બધી જ માહિતી આ કેન્દ્રથી રીલે કરવામાં આવતી હતી. બીમાર પડેલી વ્યક્તિઓને દવાખાને પહોંચાડતા ને જરૂરી દવાઓ પણ આપતા. ભૂલાં પડેલાં બાળકોને સાચવતા ને તેઓના વાલીઓને પહોંચાડતા. આ કાર્ય તો થતું જ સાથે સાથે ભેટ પણ સ્વીકારતા હતા. પાવતીઓ પણ અમે ફાડતા. એટલું બધું કામ રહેતું હતું કે, પાંચ દિવસ સુધી આવેલ ભેટની રકમનો હિસાબ કરી શક્યા નહિ. દરરોજ પાવતી ફાડનાર માણસ બદલાય ને પૈસા બધા

સાથે એકત્ર થાય, કોઈ ગણે નહિ, ગણવાનો સમય નહિ, સો જેટલા માણસો બદલાયા. બે લાખ પંચોતેર હજારની રકમ એકત્ર કરી, અંતે હિસાબ કર્યો. પાવતીઓ મેળવી તો એક પાઈ પણ ખૂટી નથી. કોઈ માણસ અમારી પાસે વેતનીય હતો નહિ.

**બહેનો પણ સ્વયંસેવિકા તરીકે**

સ્વયંસેવકોમાં બહેનો પણ મોટી સંખ્યામાં જોડાઈ હતી. બહેનો જ્યારે દર્શન માટે આવતી, ત્યારે તેઓનાં નાનાં બાળકોને અમારી સ્વયંસેવક બહેનો તેડીને કલાકોના કલાકો સુધી ઊભી રહેતી. બાળકો રડે નહિ તે માટે ચોકલેટ અને બિસ્કિટ પણ આપતી. આ રીતે બહેનોએ પણ ખડેપગે અમારી વ્યવસ્થામાં મદદ કરી છે.

**સ્વયંસેવક તરીકે ચોવીસ કલાકનું કાર્ય**

સ્વયંસેવકો જે-તે રીતે પોતાની ફરજના સ્થળે જ નાસ્તો કરતા. રસોડા સમિતિના સ્વયંસેવકો તેઓને ત્યાં નાસ્તો પહોંચાડતા. પોતાનું કાર્ય છોડીને ક્યાંય જતા નહિ. અરે ! સૂઈ પણ શકતા નહિ. રાત-દિવસ કામ રહેતું. જેને જે કાર્ય સોંપવામાં આવ્યું હતું, તે કાર્યમાં તેઓ ડૂબી ગયા હતા, તલ્લીન બની ગયા હતા. દરેકના મનમાં એક જ ધૂન હતી કે, કોઈ ખરાબ કૃત્ય બને નહિ, અસામાજિક તત્ત્વો ખોટો લાભ ઉઠાવે નહિ. બધાના હૃદયમાં એક શુદ્ધ ભાવના કાર્ય કરી રહી હતી ને મા ઉમાની કૃપા અને પ્રેરણા મળી રહી હતી, જેના કારણે સમગ્ર ઉત્સવ દરમિયાન એક પણ ગેરરીતિ કે છેડતીનો પ્રસંગ બન્યો નથી.

**સફળતાનું કારણ : નિષ્ઠા અને મા પ્રત્યેનો પ્રેમ**

સમગ્ર ઉત્સવની સફળતાના કેન્દ્રસ્થાનમાં ત્રણ હજાર નામી સ્વયંસેવકો હતા, પણ ઘણા બધા અનામી સ્વયંસેવકોએ પણ આ મહોત્સવમાં કાર્ય કર્યું છે. માની પ્રેરણાથી પ્રેરાઈને બહારથી આવતા યાત્રિકો પણ સ્વયંસેવક બનીને અમારા આ કાર્યમાં સહાયરૂપ બની જતા. સ્વયંસેવકોની નિષ્ઠા, કાર્ય કરવાની પદ્ધતિને પોતાનું સર્વસ્વ અર્પણ કરી નાંખવાની આંતરિક ભાવનાએ આ ઉત્સવને જીવંત બનાવ્યો હતો. કોઈ સ્વયંસેવકે કામ કરવાની કદી ના પાડી નથી. કોઈ કામનો વિવાદ જન્મ્યો નથી. કોઈએ ઘેર જવાનું કે જમવાનું નામ દીધું નથી. બસ કામ, કામ ને કામ ! છતાં નર્યો ઉત્સાહ તેઓના મુખ ઉપર તરી આવતો. સ્વયંસેવકોની જાગૃતિથી કદી કોઈ ખરાબ પ્રસંગ બન્યો નથી. અમારા આ યુવાનોમાં આ ઉત્સાહ ક્યાંથી પ્રગટ્યો ? તે આજે પણ અમે કહી શકતા નથી.

•

પરિત્યકતા દેવા વિવિધ વિધ સેવા કુલ તયા
મયા પંચાશીતે રધિકમપનીતે તુ વયસિ ।
ઈદાનીચેન્માર સ્તવ યદિ કૃપાનાપિ ભવિતા
નિરાલંબો લમ્બોદર જનનિ કં યામિશરણમ્ ।।૫।।

હે લંબોદર જનનિ ! મારે વિવિધ પ્રકારની સેવાઓમાં વ્યાકુળ રહેવું પડે છે તેથી મને પંચાશી વર્ષથીય વધુ વર્ષ થવા છતાં મેં દેવોને વિસારે પાડ્યા છે. હવે મા, જો તારી જ કૃપા મને નહિ મળે તો હું નિરાધાર કોને શરણે જાઉં.

# કુળદેવી શ્રી ઉમિયા માતાજી સંસ્થાનની વિકાસ યાત્રા



ઉમિયા માતાજીના મંદિરની સંસ્થાપના અંગે અનેક લોકવાયકાઓ અને દંતકથાઓ લોકમુખે સંભળાય છે. તે બધા લોકોના મુખે થતી દંતકથાઓ કે લોકવાયકાઓમાં ઊતરવા માટેનો આ સમય નથી; પણ એક હકીકત ઈતિહાસ પ્રસિદ્ધ છે કે ઈ.સ. ૧૫૬ અને વિ.સં. ૨૧૨માં કુર્મિક્ષત્રિય એવા કણબી જ્ઞાતિના પૂર્વજ શ્રી વ્રજપાલજી નામના માધાવતીના રાજવી પોતાનું રાજ્ય ગુમાવી બેઠા પછી "શ્રીસ્થળ" અને તે હાલનું સિદ્ધપુર કે જેમાં હિંદુવંશપરંપરા અનુસાર માતૃગયાની શ્રાદ્ધક્રિયા કરવા સારુ આવેલા અને તે સમયે તેઓશ્રી ઘણા જ્ઞાતિબંધુ એવા કુર્મિક્ષત્રિય ભાઈઓને મળેલા અને તેથી તે પોતાની શ્રાધક્રિયાનું કર્મ પતાવી પાછા ફરતા હતા, ત્યારે તે સમયે જ્ઞાતિબંધુઓએ અત્રે રહી જવાનો પ્રેમભર્યો આગ્રહ કરવાથી તેઓ સિદ્ધપુરથી પાંચેક ગાઉ દૂર પોતાના રાસ-રસાલા સાથે 'ઉમાપુર' નામે ગામ વસાવીને ત્યાં વસવાટ કર્યો. એ ભૂતકાળનું 'ઉમાપુર' એ આજનું ઊંઝા. અને તે સમયે, તેઓ ભગવાન શંકરના ઉપાસક હોવાથી તેમણે મહાદેવી ઉમાની સ્થાપના કરી ને તેની ભક્તિ-અર્ચના કરવા લાગ્યા અને તેને પોતાની કુળદેવી તરીકે માનવા લાગ્યા અને ત્યારથી કુર્મિક્ષત્રિય એવા કડવા-કણબી કોમની તે કુળદેવી તરીકે પ્રસ્થાપિત રહી છે અને તે હાલ પણ સમગ્ર કડવા પાટીદાર કોમ તેને હૃદયપૂર્વક તેને કુળદેવી તરીકે સ્વીકારીને ચાલે છે અને શ્રદ્ધાપૂર્વક ભક્તિભાવથી પૂજે છે.

મહા દેવી ઉમાદેવીની સ્થાપના કરી ત્યારે તે સમયે તે દેવળની શું સ્થિતિ હતી તેની કોઈ ખાસ-ચોક્કસ નોંધો મળતી નથી; પણ અનેક વહીવંચાદિ અને ભાટચારણોના પુરાણા ઉલ્લેખોના આધારે કુર્મિક્ષત્રિય કોમ તે સમયથી કુળદેવી ઉમિયામાતાજી પ્રત્યે અખંડશ્રદ્ધા-ભક્તિભાવને કારણે આ જ્ઞાતિના લોકો તે સમયે તે વિસ્તારમાં સુખ, શાંતિ અને સમૃદ્ધિના વારસદાર બનેલા અને તેથી તેમની ઉમિયામાતાજી તરફ વધુ ને વધુ ભક્તિભાવ દૃઢીમાન થતો આવેલો અને આ કારણે, ઉમિયામાતાજીનો મહિમા વખતોવખત વધતો ગયો. અને કણબી જ્ઞાતિના દૂરદૂર વસતા લોકો પણ અવારનવાર ઉમિયામાતાજીના દર્શનાર્થે આવવા લાગ્યા. અને તેથી યાત્રા, બાધા, પૂજન, અર્ચન, નૈવેદ્ય વગેરેની ક્રિયાઓ કરવા લોકોનો પ્રવાહ વધવા લાગ્યો.

ઈ.સ. ૭૪૬ થી ઈ.સ. ૧૨૯૭ સુધીમાં એટલેકે, વિ.સંવત ૮૦૦ થી વિ. સંવત ૧૩૦૦ સુધી ગુજરાતમાં મુસલમાન રાજ્યનો અમલ નહોતો થયો. તે ગાળા દરમિયાન કણબી જ્ઞાતિની આ વિસ્તારમાં ખૂબ ચડતી હતી. અને તે સમયના ગાળામાં અણહિલપુર પાટણ (હાલનું પાટણ)ની રાજગાદી ઉપર રાજા વનરાજ રાજ્ય કરતો હતો. તેના સમયમાં ચાંપરાજ કરીને એક પ્રધાન હતો. આ પ્રધાન ઘણો બાહોશ અને હિંમતવાન તેમજ બુદ્ધિકૌશલ્યમાં પારંગત હતો. પાટણ, સિદ્ધપુર અને ઊંઝા વગેરે વિસ્તારમાં વસતી કણબી જ્ઞાતિએ


પોતાની આગવી સૂઝે અને પુરુષાર્થથી તે પ્રદેશને ખેતીવાડીથી નંદનવન જેવો ખિલવ્યો હતો. અને આવો હરિયાળો પ્રદેશ કોઈ કારણસર છોડીને આ જ્ઞાતિના લોકો જાય નહિ તે માટે તેણે કુનેહપૂર્વક અને બુદ્ધિચાતુર્યથી કણબી જ્ઞાતિની લગ્નપદ્ધતિમાં ફેરફાર કરાવી દસ-બાર વરસે માતાજીનો હુકમ થાય ત્યારે જ લગ્ન થાય તેવો રિવાજ ચાલુ કરાવેલો. અને તે રિવાજ સમગ્ર ભારતમાં વસતા તમામ કણબી જ્ઞાતિમાં રૂઢીગત રીતે માન્ય થઈને રહ્યો. આ ઐતિહાસિક રિવાજની નોંધો ઈતિહાસમાં જોવા મળે છે અને આવાં લગ્નનાં મુહૂર્તની કંકોત્રીઓ જુદાજુદા પ્રદેશના વિસ્તારોમાં લઈ જઈ ફેરવવામાં આવે એટલે કે કંકોત્રીઓમાં લખેલી તિથિ પ્રમાણે જ કડવા જ્ઞાતિના લોકો પોતાનાં નાનાંમોટાં બધાં બાળકોનાં લગ્ન કરતા તેથી તેને 'ઘોડિયા લગ્ન' પણ કહેવાતાં. આ પ્રથા લગભગ પાંચ સૈકા સુધી અમલમાં રહી અને લગ્ન જેવા અગત્યના પ્રસંગને લીધે સમગ્ર જ્ઞાતિનું ધ્યાન, જ્યારે જ્યારે લગ્નની તિથિઓ આવે ત્યારે માતાજી તરફ કેન્દ્રિત થતું અને આ રીતે સમગ્ર જ્ઞાતિ આ અવસરે માતાજીને અચૂક યાદ કરતી.

શ્રી ઉમિયામાતાજીના મંદિરની સ્થાપના જ્યારે થઈ હશે ત્યારે તે સામાન્ય રૂપમાં હશે અને લોકવાયકા પ્રમાણે ગુજરાતમાં મુસલમાનોના આક્રમણ અને રાજ્યના અમલ દરમિયાન આ મંદિર ઉપર પણ આક્રમણ થયેલાં પણ કોઈ આંચ આવેલી નહિ. અને પછી તો મુસ્લિમ રાજ્યના અમલ સમયે દેશભરમાં રાજ્યવહીવટની ઊથલપાથલો થઈ તેમાં મંદિર યથાવત્ સ્થિતિમાં રહ્યું હશે એમ મનાય છે. કારણકે તે દરમિયાન તેમાં ફેરફારની કોઈ નોંધ લેવા જેવી વિગત મળતી નથી, પણ ઈ.સ. ૧૮૪૦-૫૦ની આસપાસમાં સમગ્ર દેશ ઉપર અંગ્રેજ હકુમતની સ્થાપના થઈ ત્યારે દેશમાં રાજ્યોના વહીવટની ઊથલપાથલો બંધ થઈ અને કંપની સરકારનું રાજ્ય પ્રસ્થાપિત થતાં સમગ્ર દેશમાં એકંદરે શાંતિનું વાતાવરણ ઊભું થયું. તે અરસામાં પુનઃ કણબી જ્ઞાતિભાઈઓનો ઉમિયામાતાજી તરફની યાત્રાનો પ્રારંભ થયો અને ત્યાર પછી તે ઉત્તરોત્તર વધતો ગયો. અને તેથી યાત્રાએ આવતા તમામ લોકોની મંદિરનો પુનઃરોદ્ધાર કરવાની ઈચ્છાઓ પ્રગટ ગવા લાગી. અને આ અરસામાં અમદાવાદમાં વસતા શ્રી રામચંદ્ર મનસુખરામ પટેલ નામના માઈભક્તના હૃદયમાં ઉમિયામાતાજીની પ્રેરણા થઈ અને તેમણે તે પછી જુદાજુદા વિસ્તારોમાં વસતા જ્ઞાતિ આગેવાનોની એક સભા ૧૮૬૦માં બોલાવી અને તે સભામાં સર્વાનુમતે નિર્ણય લેવાયો કે પાટડી, વિરમગામ, અમદાવાદ, વડોદરા, ભરૂચ, સુરત, કડી પ્રાંત અને દક્ષિણમાં વરાડ, ખાનદેશ અને નિમાડ તથા કાઠિયાવાડ અને કચ્છ વગેરે જે-જે સ્થળે કડવા-કણબીઓની વસતી હોય, તે તે ભાગમાં ઉઘરાણું કરાવવું અને જે ઉઘરાણું આવે તેમાંથી માતાજીના મંદિરનો પુનરોદ્ધાર કરાવવો. આ પ્રયત્નોને લીધે અને માતાજીની અસીમ કૃપાને કારણે જે સમયે રૂપિયો 'ગાડાના પૈડા' જેવડો હતો તેવા સમયે રૂપિયા એક લાખ ભેગા થયા. અને તે સમયે જુદાજુદા વિસ્તારના જ્ઞાતિ આગેવાનોએ મળીને માતાનું પથ્થરનું દેવાલય બાંધવાનો નિર્ણય કર્યો અને આ પવિત્ર કાર્ય માતાજીના પરમ ભક્ત એવા પટેલ રામચંદ્ર મનસુખરામ અમદાવાદવાળાને સને ૧૮૬૫માં સોંપવામાં આવ્યું.

ઈંટ-ચૂનાના દેવળની જગ્યાએ પથ્થરનું નવું દેવળ, ઈંટ ચૂનાના ઘુંમટવાળી ચોકીઓ, મંડપ, દેવળ નીચે ભોંયરૂ વગેરે તૈયા થયાં, પરંતુ કેટલુંક કામ અધુરું રહ્યું. તે અધુરું કામ પણ ઘણા સમય સુધી યથાવત્ સ્થિતિમાં રહ્યું. ત્યારબાદ સમગ્ર કડવા પાટીદાર જ્ઞાતિમાં મિલ-ઉદ્યોગનો અમદાવાદમાં પ્રથમ પાયો નાખનાર અને રાય-બહાદુરનો ઈકલાબ મેળવનાર શેઠશ્રી બહેચરદાસ અંબાઈદાસ લશ્કરીએ તે અધુરું કામ પૂર્ણ કરવાનું અને માતાજીના મંદિરનો વિકાસ કરવાનું હાથ ઉપર લીધું. તે સમયે ગુજરાતમાં પ્રજાપ્રેમી શ્રીમંત નામદાર સર સયાજીરાવ ગાયકવાડનું રાજ્ય ચાલતું હતું અને તે સમયે કડી પ્રાંતનો વહીવટ રાયબહાદુર શ્રી લક્ષ્મણરાવ પ્રાંત સૂબા તરીકે સંભાળતા હતા. તે અરસામાં જ નામદાર શ્રીમંત સરકાર શ્રી ગાયકવાડ સયાજીરાવ મહારાજ કડી પ્રાંતની (સને ૧૮૮૨ની આસપાસ) મુલાકાતે આવવાના હતા. તે તકનો લાભ લઈ, મહારાજાશ્રીને કડવા કોમની કુળદેવી શ્રી ઉમિયામાતાજીનાં દર્શન કરવા પધારવાની વિનંતી કરી. તેઓ પધાર્યા પણ તે સમયે કોઈ આગેવાને નાણાંની માંગણી કરી નહિ, પણ કડી પ્રાંતના સૂબાસાહેબે રા.બ. શેઠશ્રી બહેચરદાસ લશ્કરી ઉપર એક પત્ર લખી એવું આશ્વાસન આપેલું કે જો તમો યોગ્ય રકમ એકઠી







કરશો તો શ્રીમંત મહારાજા પણ ઉદાર હાથે મદદ કરશે. એવો એક અહેવાલ તે સમયે "ટાઈમ્સ ઑફ ઈન્ડિયા"માં તા. ૧૩-૧-૧૮૮૩માં પ્રગટ થયેલો અને આમ શ્રીમંત સરકાર તરફથી આશ્વાસન મળવાથી શ્રી લશ્કરી શેઠે પોતાના ત્યાં તા. ૧૮-૧-૧૮૮૩ના દિવસે માતાજીના અધૂરાં કાર્યને પૂર્ણ કરવા અને તે ઉપરાંત યાત્રાળુઓને ઊતરવા સારુ એક ધર્મશાળા બાંધવાનો વિચાર કરવા માટે મોટાં મોટાં બાસઠ ગામોના ચારસો ઉપરાંત આગેવાનોને પોતાને ત્યાં તેડાવી એક અઠવાડિયા સુધી રાખી પોતાને શોભે તેવી રીતે આગેવાનોની સરભરા કરી અને માતાજીના અધૂરાં કામ અંગે, નવી ધર્મશાળા અંગે તથા નામદાર શ્રીમંત સરકારના કડી પ્રાંતના સૂબાશ્રી તરફથી આવેલા પત્ર વગેરેની હકીકત સૌ આગળ રજૂ કરી અને ત્યાં જ રૂપિયા ૫૨૮૬ની નોંધ થઈ. ત્યારબાદ પોતાના તરફથી આ કાર્યમાં રૂ. ૧૦૦૧, તથા પાટડીના દરબારશ્રી તરફથી રૂ. ૧૦૦૧ અને પરચૂરણ ગામવાળાએ રૂ. ૨૦૦૪ જેવી રકમ કરી કુલ રૂ. ૧૧૫૦૦ જેવા થયા. અને આ એકઠી થયેલી રકમ માતાજીના મંદિરના કાર્યમાં વ્યવસ્થિત રીતે વપરાય અને મંદિરનો વહીવટ યોજનાબદ્ધ રીતે થાય તે અંગે પ્રસ્તુત કાર્ય કરવા માટે ઉમિયામાતાજી સંસ્થાનની સૌપ્રથમ વ્યવસ્થાપક મંડળની નીચે પ્રમાણે રચના કરવામાં આવી.

**પ્રેસિડેન્ટ :**

રાવબહાદુર બહેચરદાસ અંબાઈદાસ લશ્કરી મેમ્બર C.S.I.

- પાટડી દરબારના કારભારી અગર તેમના પ્રતિનિધિ.
- અમીન પરી. હરિલાલ નારણભાઈ કડી અને ગોઝારિયા
- પટેલ બાનુદાસ થોભણદાસ માંલ્લોત, ઊંઝા
- પટેલ લક્ષ્મીચંદ બાલચંદ રૂસાત, ઊંઝા
- પટેલ વાહાલાજી નાહાનજી (બસે મારસેહ), ઊંઝા
- પટેલ ભગવાનદાસ ખુશાલદાસ, ઉમતા
- પટેલ તલજનદાસ ભાવસંગ, ચાણસ્મા
- પટેલ હેમા કહાનજી, ઉપેરા
- પટેલ ગુલાબચંદ માલજી, સરઢવ
- પટેલ કલજી મનોરદાસ, પીલોદરા
- પટેલ વિઠ્ઠલ હેમરાજદાસ, લાંઘણજ
- પટેલ જમનાદાસ કાશીનાથ ભગતવાળા, રૂપાલ

ઉપર મુજબના લોકોની કમિટીની રચના થઈ અને થયેલું કામકાજ તથા હિસાબોની તપાસ અને ઠરાવ પસાર કરવા મૅમ્બરોની સાધારણ ત્રિમાસિક સભા ઉમિયા દેવીના દેવળમાં અવારનવાર ભરવાનું નક્કી થયું.

અને જુદાંજુદાં ગામોના જ્ઞાતિના સદગ્રહસ્થોની વાર્ષિક જનરલ મીટિંગ દર વર્ષે ચૈત્ર સુદ ૮ના રોજ હિસાબની તપાસ અને ઠરાવ પસાર કરવા સદરહુ દેવળમાં ભરવી તેવો સામાન્ય ઠરાવ કર્યો.

ઉપરના નિર્ણયો લીધા પછી અને કાર્ય બરાબર સારી રીતે ચાલુ થયા પછી આની જાણ નામદાર સરકારશ્રીના કડી પ્રાંતના સૂબા શ્રી લક્ષ્મણદાસને તા. ૧૪-૧૦-૮૩ના રોજ પત્ર દ્વારા કરવામાં આવી. તે પત્રના પ્રત્યુત્તરમાં નામદાર શ્રીમંત સરકારશ્રી તરફથી, પોતાના રાજ્યની આ પુરુષાર્થી એવી ખંતીલી અને ખેતીવાડીથી રાજ્યની સમૃદ્ધિ વધારનાર પ્રજા તરફનો પ્રેમ પ્રગટ કરવાના પ્રતીક તરીકે રૂ. ૧૫૦૦ રોકડાની દેણગી તા. ૨૬-૧૨-૧૮૮૩ ના રોજ મોકલી.

બીજું તા. ૨૪-૧-૧૮૮૪ ના રોજ ઊંઝા મુકામે કેટલાક આગેવાનોની એક મીટિંગ મળી અને આખા દેશમાં જ્યાં જ્યાં કડવા પાટીદાર વસતા હોય, ત્યાં ત્યાંથી ઘર દીઠ રૂપિયો એક ઉઘરાવવાનો ઠરાવ કર્યો અને વિશ્વાસપાત્ર માણસો રાખી ઉઘરાણું કરાવ્યું અને ત્યારબાદ તા. ૨૫-૧-૧૮૮૫ના રોજ લશ્કરી શેઠે મકાનો, ધર્મશાળા વગેરેના અંદાજી ખર્ચનો આંકડો રૂ. ૧૩૦૫૧ રજૂ કર્યો અને સાથે સાથે મકાનનો, ધર્મશાળાનો વગેરેનો લાકડાની ડિઝાઈનનો નમૂનો રજૂ કર્યો અને તેમાં હાજર આગેવાનોએ થોડા ઘણા સુધારાવધારા સાથે મંજૂર કરી, તે મુજબ કામ ચાલુ કરાવવાની સર્વસત્તા તેઓને સોંપવામાં આવી. અને જુદાંજુદાં ગામોમાંથી રૂ. ૨૫૦૬૮ થયા તે ઉપરથી સને ૧૮૮૬ માં માતાજીના મંદિરનું બાંધકામ, જે ૧૮૬૫માં અધુરું રહ્યું હતું તે પૂર્ણતા તરફ આગળ વધવા લાગ્યું અને આ રીતે શેઠશ્રી લશ્કરીની નિગાહ નીચે માતાજીનું મંદિર ભવ્ય રીતે આકારરૂપ લેવા માંડ્યું અને નકસીદાર દેવાલય ફરતી ૨૫ ફૂટ જગ્યાની છૂટ મૂકી પથ્થર તથા ચૂનાથી વિશાળ ધર્મશાળા બાંધવામાં રૂ. ૧૭૫૩૮નો તે સમયે ખર્ચ કરવામાં આવેલો. તે વિશાળ ધર્મશાળા પૂર્વ-પશ્ચિમ ૧૮૫ ફૂટ લાંબી છે તથા ઉત્તરે








૧૬૦ તથા દક્ષિણે ૧૪૮ ફૂટ છે. તેમાં ૬૧ વિભાગ છે તે ખંડને મહેલદાર દરવાજા છે. થાંભલા, કમાનોનાં મથાળાં અને ભોંયતળિયાની કિનારીમાં બધે પથ્થર વાપરવામાં આવ્યો છે. અને ધર્મશાળા ઉપર મજબૂત ધાબુ બનાવી તેને ચોતરફ ફરતી અગાશી કરવામાં આવી છે. ધર્મશાળાના ચાર ખૂણે ચાર ઘૂંમટ તે દૂરથી સોહામણા અને માતાજીના મંદિરની ભવ્યતામાં વધારો કરે છે. આ ઘૂંમટને સગવડવાળી બારીઓ અને ઝરૂખાદાર ઓરડીથી મઢવામાં આવી છે. તે ઉપરાંત પૂર્વ તરફના દાખલ થવાના દરવાજે ૨૨ ફૂટ લાંબી અને ૧૧ ફૂટ પહોળી ઓરડી બાંધી છે. તેમાં જ્યારે જ્યારે માતાજીની માચર કાઢવા માટે ગવૈયાઓ આવે ત્યારે તેઓને કામચલાઉ વાપરવા માટે ફાળવવામાં આવેલી છે. તેમજ દક્ષિણભણી એક વધારાની ઓરડીની પણ ગોઠવણ કરવામાં આવી છે. આ ધર્મશાળામાં અંદાજે ત્રણ હજાર યાત્રાળુઓ ખુશીથી રહી શકે તેવી વ્યવસ્થા કરવામાં આવી છે. તે ઉપરાંત દેવળમાં રંગબેરંગી આરસપહાણની શોભાયમાન દૂરસબંધી કરી છે. મંડપની નીચે એક મજબૂત ભોંયરું છે. તે ઉપરાંત મંદિરના મંડપને પણ ત્રણે તરફ બારીક નકસીની સુંદર કમાનોથી મઢી છે અને તેથી મંદિર ભારતીય શિલ્પકાળનો એક આદરમાન નમૂનો બનીને રહ્યું છે. તે ઉપરાંત માતાજીના દેવળને લગતી ધાબાબંધ મુખ્ય ધર્મશાળા ઉપરાંત બીજી ૧૨૫ ફૂટ લાંબી અને ૧૦૨ ફૂટ પહોળી નાની ધર્મશાળા બાંધવામાં આવી છે. જેમાં રૂ. ૩૪૭૬ ખર્ચ થયો હતો તથા પૂર્વ-પશ્ચિમ દિશાએ પડાળીઓ છે. તે ઉપરાંત ઉત્તર બાજુ સાત ખંડ છે. તથા ભોંયતળીએના પાંચ ઓરડાઓ દુકાનો તરીકે વપરાય છે અને બાકીના બે ઓરડાને તેડા તથા ધાબા છે તે મંદિરના કર્મચારીઓ સારુ ઉપયોગમાં લેવામાં આવે છે. આ ધર્મશાળામાં પણ પાંચસો યાત્રાળુઓ રહી શકે તેવી વ્યવસ્થા છે. આ બધા કાર્યમાં તે સમયે રૂ. ૨૫૮૧૨ થયેલા અને ઊપજ રૂ. ૨૫૦૬૮ થઈ હતી. તે સમયે ઊંઝાના પટેલ ત્રિકમદાસ રૂસાતે માતાજીના દેવળ નજીકમાં પોતાની જમીનનો ટુકડો મંદિરની બહાર હતો તે ધર્મશાળા બાંધવા વિના મૂલ્યે માતાજીને અર્પણ કરેલો અને આમ માતાજીનો પુનરોદ્ધાર સને ૧૮૮૭માં પૂર્ણ થતાં તે ખુલ્લુ મૂકવાની ક્રિયા કરવા નામદાર ગાયકવાડ સરકારશ્રીને આમંત્રણ આપવા ગયા. તેથી તેમણે પોતાના પ્રતિનિધિ તરીકે કડી પ્રાંતના સૂબાસાહેબને તે ક્રિયા કરવા હુકમ કરેલો અને તેથી તા. ૬-૨-૧૮૮૭ના પવિત્ર દિવસે આ ક્રિયા કરવામાં આવી અને તે સમયે નામદાર શ્રીમંત સરકાર ગાયકવાડ તરફથી માતાજીને કિંમતી પોશાકોની ભેટ ધરી અને આવા લોકહિતનાં કાર્યમાં તન, મન અને ધનથી ભાગ લેવા બદલ શેઠશ્રી બહેચરદાસ લશ્કરીને પણ તેમની તરફથી શાલ, જોટો અને પાઘડીની ભેટ મોકલી હતી. અને આ પ્રસંગે જુદાજુદા વિસ્તારમાંથી દસ હજાર લોકો ઉપસ્થિત રહ્યા હતા. તે સમયે માતાજીના મંદિરના દેવાલય ઉપર ઊંઝાના પટેલ નાગરદાસ ઉગરદાસ તથા કશળદાસ કિશોરદાસે સોનાનું શિખર ચડાવ્યું તેના રૂપિયા બે હજાર ઊપજ્યા અને જુદીજુદી મૂર્તિઓ બેસાડવાના રૂ. ૮૬૮ તે સમયે ઊપજ્યા હતા.

દેવળ તથા ધર્મશાળાઓનું કામ પૂર્ણ થતાં અને આવા એક વિશાળ અને પવિત્ર ધામમાં મીઠા પાણીની કોઈ સગવડ ન હતી. તેથી યાત્રાળુ લોકો મુશ્કેલીમાં મુકાતા અને તેથી સંસ્થાનની કમિટીએ તે પ્રશ્ન હાથ ઉપર લીધો અને વિ. સંવત ૧૯૪૩ના ચૈત્ર સુદ ૮ તા. ૧-૪-૧૮૮૭ ના રોજ કડી પ્રાંતના સૂબા રા. બ. રામચંદ્ર ગોપાલદાસ દેશમુખજીના વરદ્‌હસ્તે જળાશય બાંધવાનું ખાતમુર્હુત કરવામાં આવ્યું. અને આ સમયે જુદાજુદા વિસ્તારમાંથી ૧૫ હજાર લોકોની હાજરી હતી. અને આમ માતાજી આગળ ૧૨૦ ફૂટ લાંબુ અને ૧૨૦ ફૂટ પહોળું અને ૫૬ ફૂટ ઊંડું ભવ્ય માનસરોવર નિર્માણ થવા લાગ્યું અને તેની નજીક એક ઊંડો કૂવો પણ બનાવવામાં આવ્યો અને તે સમયે કેટલાક લોકોની સૂચનાઓને ધ્યાનમાં રાખી માનસરોવરની નજીક ૯ ફૂટ પહોળું અને ૨૮ ફૂટ ઊંચું એક ભવ્ય શિવાલય બાંધવામાં આવ્યું અને આ બધા કામ માટે હોશિયાર કારીગરો શેઠશ્રી બહેચરદાસે પોતાના ત્યાંથી મોકલી આપેલા પણ તે કામ પૂર્ણ થાય તે પહેલાં જ શેઠશ્રી બહેચરદાસ સ્વર્ગવાસી થયા. તેમના મૃત્યુના સમાચારથી સમગ્ર કડવા પાટીદારોને ઘણો આઘાત લાગ્યો. અને સમગ્ર જ્ઞાતિ ઊંડા શોકમાં ગરકાવ થઈ ગઈ. પણ તેમની યોગ્ય કદરદાની રૂપે જ્ઞાતિ આગેવાનોએ તેમના સુપુત્ર શેઠશ્રી શંભુપ્રસાદને આ કાર્ય પૂર્ણ કરવાની કામગીરી સોંપી. અને તેઓશ્રીની રાહબરી નીચે હાથ ધરેલું કાર્ય પૂર્ણ થતાં વિ. સંવત ૧૯૫૧ના મહાવદ ૪ને







બુધવાર તા. ૧૩-૨ ૧૮૯૫ ના પવિત્ર દિવસે ખુલ્લુ મૂકવા માટેની નિમંત્રણ પત્રિકાઓ મોકલી તે મુજબ વિધિસર માનસરોવર અને નવું શિવાલય ખુલ્લુ મૂકવામાં આવ્યું. અને એ જ અરસામાં વાગરા તાલુકાના સુત્રેલ ગામના પટેલ ઈશ્વરદાસ ઝવેરભાઈએ એક ટ્રસ્ટ રચી પોતાની મિલકતનો મોટો ભાગ માતાજીને અર્પણ કર્યો હતો. તેમાં ૧૧૬ વિઘા જમીન અને છ મકાનો હતાં. અને બીજી જે મિલકત વીલમાં લખેલી હતી તે પોતાની પત્નીના મરણ પછી માતાજીને મળે તેવું વીલમાં લખાણ કરેલું હતું.

અને આમ સંસ્થાનનો વિકાસ ધીરેધીરે આગળ વધવા લાગ્યો. ઉપર્યુક્ત કાર્યો પછી બીજાં તાત્કાલિક કાર્યની વધુ નોંધ જોવા મળતી નથી, પણ થયેલા કાર્યનો વહીવટ સારો અને વ્યવસ્થિત રહે તે સારુ બંધારણની રચના કરવામાં આવી અને તે બંધારણ વિ.સં. ૧૯૮૭ના વૈશાખ સુદ ૧૫ તા. ૨-૫-૧૯૩૧માં અસ્તિત્વમાં આવતાં અને તે બંધારણ અનુસાર બંધારણના પેરા નંબર પચ્ચીસમાં એવો સ્પષ્ટ ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે, "કડવા પાટીદાર સિવાય ઈતર ઈસમ સંસ્થાની હદમાં આવવા માટે પરવાનગીની જરૂર હોવા બાબત."

"આ સંસ્થાન ફક્ત કડવા પાટીદાર કોમની માલિકીનું હોવાથી કડવા પાટીદાર સિવાય બીજી કોઈ જ્ઞાતિના ઈસમને સંસ્થાનની હદમાં આવવાનો અધિકાર નથી. તોપણ કારોબારી સભા અગર સદર સભાએ આ કામ સારુ નિમેલા ઈસમની પરવાનગીથી તેવા ઈસમને આવવાની છૂટ છે."

ઉપર મુજબ આ સંસ્થાનની માલિકી હક દર્શાવતો સ્પષ્ટ ઉલ્લેખ બંધારણમાં દાખલ કરવામાં આવેલો છે અને તે મુજબ આ સંસ્થાનનો હક અને વહીવટ આજદિન સુધી અબાધિત ચાલતો આવ્યો છે.

અસ્તિત્વમાં આવેલા બંધારણની રૂએ સદર સંસ્થાનના હોદ્દેદારો સને ૧૮૩૧ થી સને ૧૯૫૬ સુધીના લગભગ ૨૫ વર્ષ સુધીના ગાળા સુધી મુખ્ય હોદ્દેદારો રહ્યા. પ્રમુખ : શ્રી દુર્ગાપ્રસાદ શંભુપ્રસાદ લશ્કરી, અમદાવાદ ઉપપ્રમુખઃ શ્રી લાલસિંહજી રાયસિંહજી દેસાઈ, પાટડી મંત્રી : પટેલ નંદુલાલ મંછારામ, અમદાવાદ.

ઉપરના હોદ્દેદારોએ પોતાના વહીવટ દરમિયાન સંવત ૨૦૦૦માં (સને ૧૯૪૩-૪૪માં રૂ. ૩૫૦૦ના ખર્ચે નોકરો માટે ૭ ઓરડીઓ બંધાવી. તે ઉપરાંત રૂ. ૧૬૫૦૦ના ખર્ચે ૫ દુકાનો બાંધવામાં આવી.

સંવત ૨૦૦૨માં સને ૧૮૪૫-૪૬માં રૂ. ૧૫૦૦૦ના ખર્ચે પાવરહાઉસના રૂમ નંગ ૨ બનાવવામાં આવ્યા. હાલ સદર રૂમોનો ઉપયોગ પૂજારી તથા કારભારીના કવાર્ટર્સ તરીકે થાય છે. તે ઉપરાંત રૂ. ૨૮૦૦૦ના ખર્ચે બે મજલાની ધર્મશાળા બાંધવામાં આવી. સદર મકાન પ્રાથમિક શાળાને ભાડે આપવામાં આવેલું.

સંવત ૨૦૧૦ સને ૧૯૫૩-૫૪માં બે માળની પાંચ રૂમોની એક ધર્મશાળા રૂ. ૩૯૨૦૦ના ખર્ચે બાંધવામાં આવી. સદરહુ ધર્મશાળા માટે દાનવીર શેઠશ્રી અરવિંદભાઈ એન. મફતલાલ, મુંબઈ તરફથી રૂ. ૨૫૦૦૦નું દાન મળ્યું હતું. તે ઉપરાંત રૂ. ૪૦૩૦૦ના ખર્ચે એક બંગલો ધર્મશાળા માટે બનાવવામાં આવ્યો અને તેનો ઉપયોગ હાલ ધર્મશાળા તરીકે થાય છે. અને તે અરસામાં રૂ. ૧૪૨૦૦ના ખર્ચે બે નવા રૂમો બાંધવામાં આવ્યા. તેનો ઉપયોગ હાલ પૂજારી તથા કારભારી માટે કરવામાં આવે છે.

સંવત ૨૦૧૧ સને ૧૯૫૪-૫૫માં રૂ. ૪૩૧૪૪ ના ખર્ચે ધર્મશાળા માટે રૂમ નંગ ૬ બાંધવામાં આવ્યા.

ત્યાર બાદ સંસ્થાનના હોદ્દેદારોમાં સાધારણ ફેરફારો થયા અને તેમાં સહમંત્રીઓની નવી જગ્યાઓ ઊભી કરવામાં આવી. કારણ કે સંસ્થાનનો કારોબાર અને કામગીરી વધતી જતી હતી તેથી સને ૧૯૫૭ થી સને ૧૯૬૧ માટે નીચેના હોદ્દેદારો હોદ્દા ઉપર રહેલા :

| | |
|---|---|
| પ્રમુખ | : શ્રી દુર્ગાપ્રસાદ શંભુપ્રસાદ લશ્કરી, અમદાવાદ |
| ઉપપ્રમુખ | : શ્રી લાલસિંહજી રાયસિંહજી દેસાઈ, પાટડી |
| મંત્રી | : શ્રી નંદુલાલ મંછારામ પટેલ, અમદાવાદ |
| સહમંત્રી | : શ્રી ઈશ્વરલાલ પ્રાણદાસ પટેલ, ઊંઝા |
| સહમંત્રી | : શ્રી અંબાલાલ ત્રિભોવનદાસ તકતાવાલા, અમદાવાદ |

ઉપરની કમિટીએ સંવત ૨૦૧૭માં સને ૧૯૬૦-૬૧માં રૂ. ૨૫૪૧૧-૬૮ના ખર્ચે ધર્મશાળા માટે નંગ પાંચ બંધાવ્યા.







સને ૧૯૬૨માં નીચેના હોદ્દેદારો આવ્યા :

પ્રમુખ : શ્રી હરિપ્રસાદ દુર્ગાપ્રસાદ લશ્કરી, અમદાવાદ

ઉપપ્રમુખ : શ્રી રામચંદ્ર જમનાદાસ અમીન, અમદાવાદ

મંત્રી : શ્રી નંદુલાલ મંછારામ પટેલ, અમદાવાદ

સહમંત્રી : શ્રી પરસોતમ અંબાલાલ પટેલ, અમદાવાદ

સહમંત્રી : શ્રી ઈશ્વરલાલ પ્રાણદાસ પટેલ, ઊંઝા

સંવત ૨૦૧૯ સને ૧૯૬૨-૬૩માં રૂ. ૩૬૨૩૩-૭૨ ના ખર્ચે વિશાળકાય અને દૂરથી માતાજીના સ્થળની ગવાહી પૂરતું એક ટાવર બાંધવામાં આવ્યું.

સને ૧૯૬૩ થી સને ૧૯૬૮માં સંસ્થાનના હોદ્દેદારો

પ્રમુખ : શ્રી હરિપ્રસાદ દુર્ગાપ્રસાદ લશ્કરી, અમદાવાદ

ઉપપ્રમુખ : શ્રી રામચંદ્ર જમનાદાસ અમીન, અમદાવાદ

મંત્રી : શ્રી અંબાલાલ ત્રિભોવનદાસ તકતાવાલા, અમદાવાદ

સહમંત્રી : શ્રી પટેલ પરસોતમ અંબાલાલ, અમદાવાદ

સહમંત્રી : શ્રી પટેલ ઈશ્વરલાલ પ્રાણદાસ, ઊંઝા

સને ૧૯૬૯ થી સને ૧૯૭૩ હોદ્દેદારો

પ્રમુખ : શ્રી હરિપ્રસાદ દુર્ગાપ્રસાદ લશ્કરી, અમદાવાદ

ઉપપ્રમુખ : શ્રી રામચંદ્ર જમનાદાસ અમીન, અમદાવાદ

મંત્રી : શ્રી મોતીલાલ ભીખાભાઈ મારફતિયા, અમદાવાદ

સહમંત્રી : શ્રી પટેલ બહેચરદાસ ભોગીલાલ, અમદાવાદ

સહમંત્રી : શ્રી પટેલ હરગોવનભાઈ શામળદાસ, ઊંઝા

સંવત ૨૦૨૮ સને ૧૯૭૧-૭૨માં રૂપિયા ૩૬૮૧૮-૪૨ના ખર્ચે કમિટી હોલ બનાવવામાં આવ્યો. તેમજ રૂ. ૧,૩૮,૪૮૮-૭૭ના ખર્ચે બે માળની એક ભવ્ય ઈમારત બાંધવામાં આવી. અને સદર ઈમારત હાઈસ્કૂલને ભાડેથી આપવામાં આવી છે. તે ઉપરાંત માતાજીના મંદિરના જીર્ણોદ્ધાર માટે રૂ. ૧,૩૮,૦૨૭-૧૭નો ખર્ચ કરી મંદિરની દીવાલો, પગથિયાં વગેરે ઉપર કીંમતી આરસ જડવામાં આવ્યો. અને રૂ. ૩૫૧૧૩-૭૭ના ખર્ચે એક નવું શિવાલય બાંધવામાં આવ્યું.

સને ૧૯૭૪-૭૫માં નીચેનાં હોદ્દેદારો

પ્રમુખ : શ્રી હરિપ્રસાદ દુર્ગાપ્રસાદ લશ્કરી, અમદાવાદ

ઉપપ્રમુખ : શ્રી મોતીલાલ ભીખાભાઈ મારફતિયા, અમદાવાદ

મંત્રી : શ્રી જમનાદાસ ત્રીકમદાસ, અમદાવાદ

સહમંત્રી : પટેલ ધરમચંદ શિવલાલ ચોકસી, અમદાવાદ

સહમંત્રી : પટેલ મણિલાલ અંબારામદાસ, ઊંઝા

સહમંત્રી : પટેલ ઈશ્વરભાઈ ગણેશભાઈ, ઊંઝા

સહમંત્રી : પટેલ ખોડીદાસ જોરદાસ, ઊંઝા

સને ૧૯૭૬-૧૯૭૭માં નીચેના હોદ્દેદારો

પ્રમુખ : શ્રી ચંદ્રવદન દુર્ગાપ્રસાદ લશ્કરી, અમદાવાદ

ઉપપ્રમુખ : શ્રી મોતીલાલ ભીખાભાઈ મારફતિયા, અમદાવાદ

ઉપપ્રમુખ : શ્રી પટેલ કેશવલાલ વિઠ્ઠલદાસ, સિદ્ધપુર

મંત્રી : શ્રી પટેલ જમનાદાસ ત્રીકમદાસ, અમદાવાદ

સહમંત્રી : શ્રી પટેલ ધરમચંદ શિવલાલ ચોકસી, અમદાવાદ

સહમંત્રી : શ્રી પટેલ મણિલાલ અંબારામદાસ, ઊંઝા

સહમંત્રી : શ્રી પટેલ ઈશ્વરભાઈ ગણેશભાઈ, ઊંઝા

સહમંત્રી : શ્રી પટેલ ખોડીદાસ જોરદાસ, ઊંઝા

શેઠશ્રી ચંદ્રવદન લશ્કરી સંસ્થાનના પ્રમુખ તરીકે આવ્યા ખરા પણ તેઓ તા. ૭-૭-૧૯૭૬ સુધી જ રહી શક્યા. કારણકે, તેઓનું દુઃખદ અવસાન થતાં તેઓની જગ્યા ખાલી પડતાં જગ્યાએ પુનઃ શ્રી હરિપ્રસાદ દુર્ગાપ્રસાદ લશ્કરી પ્રમુખ તરીકે આવ્યા.

સને ૧૯૭૬-૭૭ના ગાળા દરમિયાન સંસ્થાને મહાન ઐતિહાસિક એવો ૧૮મી શતાબ્દી મહોત્સવ ભવ્ય રીતે ઊજવી એક પવિત્ર અને વિશાળ કદમ ભરેલું અને ત્યારબાદ સમગ્ર કડવા પાટીદાર કોમમાં જે નવજાગૃતિ આવી, જે નવો ઉત્સાહ અને નવો ઉમંગ પ્રગટ્યો અને તેમાંથી સંસ્થાને જે નવાંનવાં વિકાસનાં કાર્યો હાથ ધર્યાં તેની નોંધ અત્રે લીધા વિના રહી શકાય તેમ નથી. આ વિકાસના કાર્યમાં મફત નાણાંથી નવી ઈમારતો બાંધીને જ અટક્યા નથી, પણ સમગ્ર જ્ઞાતિમાં જે

જાગૃતિ આવી તેને યોગ્ય દિશામાં નવો વળાંક આપી તેનું સામાજિક ઘડતર કરવામાં પણ આ સંસ્થાએ નવો અભિગમ ધરી ગુજરાતભરની તમામ ધાર્મિક સંસ્થાઓમાં પોતાની છબી તેજસ્વી રીતે ઉપસાવી છે અને તેની નોંધ દરેક સમજદાર નાગરિકે લીધી પણ છે. કારણકે, લોકો શ્રદ્ધા કે ઈતર માન્યતાને કારણે સંસ્થાને નાણાં આપે તો ખરા, પણ તે નાણાં ફક્ત સ્થાવર મિલકતો ખડી કરવામાં જ ઉપયોગ થાય તે તો સામાન્ય વાત છે પણ તે નાણાં સમાજના ઘડતર, સમાજના ઉત્થાન માટે અને તેના વિકાસ માટે વપરાય તેવો નવો દિશા-માર્ગ ખુલ્લો કરી તે માર્ગે આગળ વધવું તે એક અસામાન્ય હકીકત છે અને પ્રસ્તુત હકીકત આ સંસ્થાના જાગૃત આગેવાનોએ સિદ્ધ કરી બતાવી છે તે બદલ તે ધન્યવાદને પાત્ર છે જ અને ભાવિ પેઢી તેમને ચિરંજીવ રીતે યાદ કર્યા કરશે અને હાથ ધરેલા નવા અભિગમ માટે બંધારણને, તેના જૂના બંધારણની રૂએ સભ્યોને મળેલા અધિકારો અબાધિત રાખી નવું બંધારણ રચી તેને નવો ઘાટ આપવામાં આવ્યો અને નવા ઘાટે ઘડાયેલું બંધારણ સમગ્ર કડવા પાટીદાર કોમને નજર સમક્ષ રાખીને વિસ્તૃત હેતુઓ માટે રચવામાં આવ્યું. તેમાં નવા નવા પ્રદેશના લોકોને સમાવવામાં આવ્યા. નવા નવા હેતુઓ દાખલ કરવામાં આવ્યાં. બંધારણના નવા કલેવરથી તે સમગ્ર જ્ઞાતિનું એક હાર્દ બનીને રહ્યું. તે સમગ્ર કડવા પાટીદારના સર્વાંગી વિકાસનું પોત બનીને રહ્યું. એ પોતને પાકા રંગથી અને વિવિધ ચિત્રો-કાર્યોની તેમાં છાપ ઉપસાવવામાં આવી અને બીજી જ્ઞાતિઓ માટે તે પોત આકર્ષક બનીને રહ્યું. અને મહોત્સવ પછી તેની કાર્ય-જ્યોત નવા રાહમાં પ્રકાશ પાથરતી હોય તેમ તે ઝળહળી ઊઠી છે. અને તેની નોંધ આ સ્મૃતિગ્રંથમાં અમારા તરફથી અને અન્ય લોકો તરફથી જે લેવાઈ છે તેના ઉપર તમારી નજર અચૂક ગઈ હશે એટલે તેનું પુનઃ પુનઃ ટિપ્પણ કરવું અસ્થાને છે તેમ માનીએ છીએ. નવું બંધારણ ઘડી સંસ્થાનના હેતુઓ વિશાળ બનાવ્યા તેમજ સંસ્થાનની કારોબારી ૬૪ સભ્યો ઉપરાંત ૧૧ કો.ઓ. સભ્યોની હતી. તેની જગ્યાએ નવા બંધારણ મુજબ ૧૨૬ સભ્યોની કારોબારી તથા ૧૧ કો.ઓ. સભ્યોની કરવામાં આવી. આ કારોબારીમાં ગુજરાતભરના તમામ પ્રદેશોનું પ્રતિનિધિત્વ જળવાય તે ખાસ જોવામાં આવ્યું અને નવા બંધારણ મુજબ હોદ્દેદારો તેનો વહીવટ અમલમાં મૂકી સંસ્થાનનો સ્થાવર, સામાજિક અને આર્થિક વિકાસ હાથ ધર્યો. અને તેથી ભાવિને લક્ષમાં રાખી નવીનવી સ્થાવર યોજનાઓ માટે એક વિશાળ માસ્ટર પ્લાન તૈયાર કરી, જ્યાં જ્યાં જરૂર પડે ત્યાં ત્યાં મંદિરની જૂની ઈમારતો તોડીને તેની જગ્યાએ નવી આધુનિક ઈમારતોનું નિર્માણ કાર્ય હાથ ધરવામાં આવ્યું છે અને તેથી મહોત્સવ પછી મંદિરની તેમજ સંસ્થાનની શોભામાં જરૂરી એવાં નીચેનાં કાર્યો શરૂ કર્યા છે :

સંવત ૨૦૩૩માં મંદિરની શોભામાં વધારો થાય તે હેતુસર રૂ. ૩૫૦૨૮-૦૬ના ખર્ચે ચાંદીની જાળી બનાવવામાં આવી.

સંવત ૨૦૩૪માં રૂ. ૨૬૦૨૦-૧૨ના ખર્ચે ચાંદીનો ગોલખ બનાવવામાં આવ્યો.

સંવત ૨૦૩૫માં રૂ. ૧૮૬૭૭-૭૧ના ખર્ચે ચાંદીનો કઠેડો બનાવવામાં આવ્યો.

સંવત ૨૦૩૫માં સંસ્થાન તરફથી તીર્થધામ અંબાજીમાં જ્ઞાતિબંધુઓની ઉતારાની સગવડ સચવાય તેવા ઉમદા હેતુસર રૂ. ૩,૧૯,૪૦૫-૫૦માં ૫૦૦ ચો.વાર બાંધકામવાળો ચાર વીઘા જમીન સાથેનો એક વિશાળ બંગલો ખરીધ્યો. આ બંગલો શ્રી ઉમિયામાતાજી પથિકાશ્રમ તરીકે ઓળખાય છે. સદર બંગલો તા.૨-૯-૧૯૭૯ થી યાત્રિકો માટે ખુલ્લો મૂકવામાં આવેલ છે. ભવિષ્યમાં સદર પથિકાશ્રમમાં અદ્યતન એવી યાત્રિકોને સગવડ મળી રહે તે માટે રૂપિયા ૧૫ લાખ ખર્ચ કરવાની યોજના વિચાર હેઠળ છે.

ભવિષ્યના વિકાસને લક્ષમાં રાખીને સં.૨૦૩૫માં રૂ. ૩,૫૬,૬૨૫ના ખર્ચે ૫ વીઘા જમીન તથા સંવત ૨૦૩૬ માં રૂ. ૨,૮૬,૨૭૧ના ખર્ચે ૩ વીઘા જમીન ખરીદી છે. સદર જમીન માતાજીના મંદિરના નજીકમાં હોવાથી તે ખૂબ ઉપયોગી થનાર છે અને ભવિષ્યમાં વિવિધ વિકાસ યોજનાઓમાં તેનો ઉપયોગ કરવાનું લક્ષ છે.

માતાજીના મંદિરના અંદરના વિશાળ કંપાઉન્ડમાં સં. ૨૦૩૭માં આશરે રૂપિયા એક લાખના ખર્ચે જોધપુરી લાલ પથ્થર જડી દેવામાં આવ્યા છે. તેથી મંદિરની શોભામાં ખૂબ સારો વધારો થયો છે. તેમજ બે નવા સ્થાનક પૂ. બટુકભૈરવ અને શ્રી ગુરુમહારાજનાં બે નાનાં પથ્થરબંધી મંદિર બનાવવામાં આવ્યાં છે. આ રીતે મંદિર અને તેના સમગ્ર વિસ્તારને નવાનવા







ઓપ આપી તેની ભવ્યતામાં તથા સુંદરતામાં વધારો થતો હોઈ યાત્રાળુઓનું આકર્ષણ પણ ખૂબ વધવા લાગ્યું છે. જેમજેમ યાત્રાળુઓ વધતા જાય તેમતેમ તેઓને સારી અને યોગ્ય સગવડ મળતી રહે તે જોવાની મંદિરના વહીવટદારોની તેમજ કર્મચારીની ફરજ થઈ પડે છે.

સને ૧૯૭૮-૧૯૭૯ ના હોદ્દેદારો

પ્રમુખ : શ્રી હરિપ્રસાદ દુર્ગાપ્રસાદ લશ્કરી, અમદાવાદ
ઉપપ્રમુખ : શ્રી કેશવલાલ વિઠ્ઠલદાસ પટેલ, સિદ્ધપુર
ઉપપ્રમુખ : શ્રી બાલચંદ ઉમેદદાસ પટેલ, ઊંઝા
મંત્રી : શ્રી મણિલાલ નારાયણદાસ પટેલ, ઊંઝા
સહમંત્રી : શ્રી કેશવલાલ જોઈતારામ પટેલ, ઊંઝા
સહમંત્રી : શ્રી ઈશ્વરલાલ શંકરદાસ પટેલ, ઊંઝા
સહમંત્રી : શ્રી નથુભાઈ લાલદાસ પટેલ, ચાણસ્મા

સને ૧૯૮૦ થી ચાલુ હોદ્દેદારો :

પ્રમુખ : શ્રી હરિપ્રસાદ દુર્ગાપ્રસાદ લશ્કરી, અમદાવાદ
ઉપપ્રમુખ : શ્રી કેશવલાલ વિઠ્ઠલદાસ પટેલ, સિદ્ધપુર
ઉપપ્રમુખ : શ્રી ગોબરદાસ શંભુદાસ પટેલ, ઊંઝા
મંત્રી : શ્રી મણિલાલ નારાયણદાસ પટેલ, ઊંઝા
સહમંત્રી : શ્રી કેશવલાલ જોઈતારામ પટેલ, ઊંઝા
સહમંત્રી : શ્રી ઈશ્વરલાલ શંકરદાસ પટેલ, ઊંઝા
સહમંત્રી : શ્રી નથુભાઈ લાલદાસ પટેલ, ચાણસ્મા

નવા હોદ્દેદારો સમયનાં એંધાણ પારખીને યાત્રાળુઓ માટે શક્ય તે સગવડો પૂરી પાડવા કટ્ટીબદ્ધ થતા રહ્યા છે. અને માતાજીના દર્શનાર્થે આવતા યાત્રાળુઓને એક-બે દિવસ રહેવાની સુંદર વ્યવસ્થા મળી રહે તે સારુ નવો વિશાળ માસ્ટર પ્લાન તૈયાર કરેલો તે મુજબ માતાજીના કંપાઉન્ડમાં આશરે રૂ. ૪૦ લાખ (ચાલીસ લાખ)ના ખર્ચે એક સુંદર અદ્યતન વિશ્રાંતિગૃહ અને ભોજનાલય તથા સભાહોલ તૈયાર થઈ રહ્યો છે. જેનું બાંધકામ લગભગ પૂરું થવાની તૈયારીમાં છે. આ અદ્યતન વિશ્રાંતિગૃહમાં જાજરૂ, બાથરૂમ, તેમજ આધુનિક ફરનિચરની સગવડ સાથે ૩૬ રૂમો, ૩ સ્ટોરરૂમ તથા ૫ સાર્વજનિક હોલો છે. આ અદ્યતન વિશ્રાંતિગૃહમાં એકીસાથે પાંચસો યાત્રાળુ ઊતરી શકશે તેમજ નવીન ભોજનાલયમાં એકી સાથે ત્રણસો યાત્રાળુઓ જમી શકશે તેવું નવીન સુંદર આયોજન આકાર લઈ રહ્યું છે.

ઉમિયામાતાજીના મંદિરે દર્શન કરવા આવનાર યાત્રાળુઓ જો, રાત્રિરોકાણ કરે તો તેમને સંસ્થા તરફથી સવારના ચાહ-કૉફી વિના મૂલ્યે આપવાનું સંવત ૨૦૩૫ થી શરૂ કરવામાં આવ્યું છે.

માતાજીના મંદિરના કંપાઉન્ડમાં હાલ જ્યાં ટાવર છે. તેની બાજુમાં આશરે રૂપિયા દસ લાખના ખર્ચે અદ્યતન ઑફિસ, સંસ્થાના કર્મચારીગણ માટે રહેવાનાં મકાનો તેમજ તે મકાનના ભોંયતળિયે દુકાનોનું આયોજન છે. અને તે બાંધકામ આવતા વરસ-બે વરસમાં પૂરું થનાર છે.

ઉનાળાની ઋતુમાં યાત્રિઓને ઠંડુ પાણી મળી રહે તે સારુ સંસ્થાનના ઉપપ્રમુખ શ્રી કેશુભાઈએ તેમના પિતાજીના સ્મરણાર્થે તેમના તરફથી એક વોટરકુલર ખુલ્લુ મૂકવામાં આવેલ છે. તેમજ યાત્રિકોને ધાર્મિક વાતાવરણ મળી રહે તે સારુ મંદિરમાં સવાર-સાંજ 'સ્ટિરીઓ' વગાડવામાં આવે છે. જેમાં ભજનો, સ્તુતિઓ, આરતીઓ અને વિવિધ સાત્વિક ભજનોની લહાણીથી યાત્રિકોનાં મન પ્રફૂલ્લિત રહે તેવી યોજના કરવામાં આવી છે.

આ રીતે મંદિરની સ્થાવર મિલકતો નવા કલેવર નવાં રૂપો સજી રહ્યાં છે. અને ભવિષ્યમાં જેમજેમ જરૂરિયાતો ઊભી થતી રહેશે તેમ તેમ તેનો વિકાસ કરવાની મંદિરના આગેવાનોની નેમ છે. અને આમ સમય, સંજોગો અને પરિસ્થિતિ અનુસાર ઉમિયામાતાજીની વિકાસયાત્રા છેલ્લા એકસો વર્ષથી વણથંભી આગેકૂચ કરી રહી છે. અને હજી અનંતવર્ષ એ વિકાસયાત્રા માતાજીની પરમકૃપા અને આશીર્વાદથી ચાલુ રહેશે.

હવે આપણે માતાજીરૂપી હંસલાનું નવું કલેવર જોઈએ કે જે સામાજિક ઉત્કર્ષનાં દર્શન કરાવે છે.

ઉમિયામાતાજીની ૧૮મી શતાબ્દીના મહોત્સવ પછી સમગ્ર જ્ઞાતિમાં જે જાગૃતિ આવી છે. તે ખરેખર અદ્ભુત છે. અને તેથી ૧૮મી શતાબ્દી મહોત્સવ એ માત્ર ધાર્મિક યજ્ઞ ન બનતાં સમગ્રજ્ઞાતિનો 'જાગૃતિનો યજ્ઞ' બનીને રહ્યો છે. અને આ જાગૃતિયજ્ઞથી સમગ્ર જ્ઞાતિમાં અવનવા ભાવો, અરમાનો પણ વિવિધ સ્વરૂપે ખિલવા લાગ્યાં છે. આર્થિક પાસુ માતાજી સંસ્થાનનું હવે સદ્ધરતા તરફ વળ્યું છે. તેની આવકમાં પણ અસાધારણ એવો વધારો થયો છે અને થતો રહેવાનો છે; તેવા સંજોગોમાં ઉમિયામાતાનું સંસ્થા એ માત્ર ઈંટ, માટી કે પથ્થર-

ચૂનાનાં મકાનો બનીને રહે તો સાવ સામાન્ય વાત છે પણ ઉમિયામાતાનું સંસ્થાના એ માત્ર ધાર્મિક સંસ્થાન નથી અને ભૂતકાળમાં ન હતી અને ભવિષ્યકાળમાં બનવાની નથી. કારણકે, ઉમિયાજીએ સમય, સંજોગો અને પરિસ્થિતિ પ્રમાણે, એને તેના વહાલાપુત્રોને વખતો વખત સમયાનુસાર માર્ગદર્શન આપી એક માતા તરીકેની પોતાની ફરજો અદા કરી છે; પછી તે પુરાતનયુગ હોય, મધ્યયુગ હોય કે પછી વર્તમાનયુગ હોય પણ તેની અંતરપ્રેરણા અને આશિષ પાટીદાર સમાજ ઉપર પરિસ્થિતિને અનુરૂપ હોય તે રીતે ઊતરેલી છે, અને તેથી તે એક ધાર્મિક માતા ન રહેતાં લોકહૃદયની લોકમાતા બનીને રહી છે. તેના દરેક કર્તવ્યમાં લોકકલ્યાણની સુવાસ પ્રસરેલી હોય છે. પછી તે રાક્ષસોનો સંહાર કરવા માટે પોતાના પ્યારા પુત્રો ગણેશજી અને કાર્તિકેયને મોકલવાની નેમ હોય, કે પછી બાર વર્ષે લગ્ન કરવાના રિવાજની ભાવના જગાવતી હોય, કે પછી બાર વર્ષે લગ્નના શરૂ થયેલા-એકતિથિની લગ્નપ્રથામાં બાળલગ્નનું અનિષ્ટ ઘૂસવાથી તેને નાબૂદ કરવા સારુ જાગ્રત નાગરિકોના મનમાં સુધારાનું દ્વંદ્વયુદ્ધ જગાવી તે પ્રથાને તોડવાની સામાજિક ક્રાંતિ પ્રગટાવી બાળલગ્નો સામે લાલબત્તી ધરવાની ક્રિયા કરવાની હોય અને આમ તેની દરેક ક્રિયા સામાજિક પ્રેરણા અને ઉત્થાન માટેની જ હોય છે. કારણકે, જે સમાજ એકમાત્ર કુદરત ઉપર આધાર રાખી ચાલનારો છે તે સમાજની સુરક્ષા કરવાની જવાબદારી પણ કુદરત પ્રેરિત એવી જગદૃમ્બા અને લોકકલ્યાણીદેવી તરીકે મા ભગવતી ઉમિયાજીનીય હોય તેમાં કંઈ નવાઈ નથી ! કારણકે પાટીદાર એટલે ભોળા હૃદયનો માનવી. અને આવા માનવોના બનેલા સમાજનાં ઉત્કર્ષ અને ઉત્થાન કરવાનું તેને વખતોવખત માર્ગદર્શન મળે તે સારુ માતા ઉમિયા પ્રકાશદીપ બનીને તે આગળ ને આગળ રહી છે, અને તેથી પાટીદાર સમાજના નવા યુગના મંડાણ માટે તેને એક નાનકડી યજ્ઞ ભાવનામાંથી, મહાન વિશાળ એવા ૧૮મી શતાબ્દી મહોત્સવનો પ્રેરણાનો સંદેશો આપી સમગ્ર પાટીદાર સમાજને જાગ્રત કર્યો છે અને તે યજ્ઞ પછી જાગ્રત થયેલા પાટીદાર સમાજના હૃદયમાં સમાજ ઉત્કર્ષ માટે, સમાજ ઉત્થાન માટે અને તેના સર્વાંગી વિકાસ માટે નવીનવી આશા-આકાંક્ષાઓ જાગવા લાગી. કાર્યકરો પણ પરિસ્થિતિ પામી જાગ્રત થયેલા સમાજથી અભિલાષાઓ અને આકાંક્ષાઓને પોષક બને તેવી યોજનાઓ સમાજમાં પ્રગટાવવા માટે તત્પર રહેવા લાગ્યા. અને આ નવા યુગના જમાનામાં આર્થિક રીતે ઘસાતા સમાજને, લોકકલ્યાણી દેવી એવી ઉમિયા માતાજીના જૂના સંદેશાને નવો ઘાટ, નવો ઓપ આપી એકતિથિની લગ્નપ્રથાને કારણે ઊભી થયેલી સામૂહિક લગ્નપ્રથાને જીવંત કરવાનો માતાજીની અંતઃપ્રેરણાથી નિશ્ચય કર્યો.

જૂની એકતિથિની લગ્નપ્રથામાં જ બાળલગ્નનું અનિષ્ટ હતું તેને નાબૂદ કરી ફરીથી પાટીદાર સમાજને સામૂહિક લગ્નો તરફ વાળી, લગ્નોના રિવાજો પાછળ આર્થિક રીતે ઘસાઈ જતા સમાજને બચાવી લેવાનો કાર્યકરોના મનમાં વિચાર સ્ફૂર્યો અને મનમાં સ્ફૂરેલા વિચારને કાર્યવંત કરવાના નિર્ણય માટે ૧૬-૧૧-૭૮ના રોજ શેઠશ્રી હરિપ્રસાદ દુર્ગાપ્રસાદ લશ્કરીના અધ્યક્ષપદે કારોબારી બોલાવવામાં આવી અને તેમાં નીચેનો ઐતિહાસિક નિર્ણય કરી ઠરાવ કરવામાં આવ્યો :

**એજન્ડા -**

"શ્રી ઉમિયામાતાજી સંસ્થાનમાં સમૂહલગ્નો યોજવા બાબત."

**ઠરાવ નં. ૧૩**

શ્રી ઉમિયામાતાજી સંસ્થાનમાં શ્રી ઉમિયામાતાજીના સાન્નિધ્યમાં સં.૨૦૩૫ની સાલમાં સામૂહિક લગ્નો યોજવા માટે ઠરાવવામાં આવે છે. અને આ અંગે પ્રચાર તથા અન્ય માહિતી સમાજના દરેક ગામને મળે તે માટે શ્રી મણિભાઈ આઈ. પટેલને જવાબદારી સર્વાનુમતે સોંપવામાં આવે છે. તેમને જરૂર પડે તો મદદ માટે અન્ય સભ્યોનો સહકાર મેળવવો.

ઠરાવ સર્વાનુમતે પસાર.

સામૂહિક લગ્નો કરવાનો ઠરાવ કર્યા પછી કાર્યકર્તાઓની જવાબદારી અનેક રીતે, અનેક ગણી વધી ગઈ. અને લગભગ સાત-આઠ દાયકાથી ભૂલાયેલી સામૂહિક લગ્નપ્રથા, સમયને અનુરૂપ એવા નવા રૂપે, નવા ઘાટે અને દોષરહિત સ્વરૂપે સમાજ સમક્ષ રજૂ કરવાના સંકલ્પો, વિકલ્પો અને વિચારો થવા લાગ્યા. તેના પ્રચાર માટે નવું-નવું સાહિત્ય અને સામૂહિક લગ્નોથી થતા આર્થિક તેમજ સામાજિક ફાયદાઓનાં નવાં લેખો નવાં પલાખાં સમાજને ગોખાવવાની ગોઠવણો થવા લાગી. અને તેને વધુ વ્યાપક તેમજ સારું રૂપ આપવા માટે સંસ્થાનની કમિટિ







તા. ૧૦-૧૨-૭૮ના રોજ શ્રી પટેલ કેશવલાલ વિઠ્ઠલદાસના પ્રમુખપદે મળી. અને તેમાં કારોબારીએ કરેલા ઠરાવને નીચે મુજબ દૃષ્ટિ આપવામાં આવી :

**એજન્ડા નં. ૧**

સામૂહિક લગ્નો અંગેનો સિદ્ધાંત જે કારોબારીએ સ્વીકારેલ છે, તેના અંગે આગળની તજવીજ કરવા બાબત.

**ઠરાવ નં. ૧**

સમૂહ લગ્નો અંગેનો સિદ્ધાંત જે કારોબારીએ સ્વીકારેલ છે, તેના અંગે આગળની યોગ્ય તજવીજ કરવા માટે નીચેના સભ્યોની એક કમિટી બનાવવામાં આવે છે. કમિટીને સમૂહ લગ્નો અંગેની તમામ જવાબદારી સોંપવામાં આવે છે :

૧. પટેલ મણિલાલ ઈશ્વરદાસ, ઊંઝા
૨. પટેલ હરિપ્રસાદ નરસિંહદાસ, ઊમતા
૩. પટેલ નથ્થુદાસ લાલદાસ, ચાણસ્મા
૪. પટેલ ઈશ્વરલાલ શંકરદાસ, ઊંઝા

કમિટીને સમૂહ લગ્નો અંગે જરૂરી ખર્ચ કરવાની સત્તા આપવામાં આવે છે.

ઠરાવ સર્વાનુમતે પસાર

સમૂહ લગ્નની કમિટી બન્યા પછી તો પ્રચારતંત્રનો પ્રારંભ થયો. ગુજરાતની ચારે દિશાઓમાં એક નવા સૂત્રનો "સમૂહ લગ્નો"નો નાદ ગૂંજતો થયો. ગામડેગામડે સમૂહ લગ્નના ફાયદાઓના આંકડાઓ સમજણ સારુ રજૂ થવા લાગ્યા. સમૂહલગ્નના પ્રચારનાં પોષ્ટરો અને તેને લગતું પ્રચારનું સાહિત્ય વહેંચાવા લાગ્યું. અખબારોમાં પણ તે પ્રસિદ્ધ થવા લાગ્યું. કડવા પાટીદાર જ્ઞાતિનું મુખપત્ર 'ધરતી' અને 'જાગૃતિ' જેવાં માસિકોએ પણ તે યોજના ને આવકાર આપતાં લખાણો પ્રસિદ્ધ કરવા માંડ્યાં અને વરઘોડિયાં મેળવવા માટે, કમિટીના ભાઈઓ ગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છ સુધી સમૂહ લગ્નનો પ્રચાર સંદેશો જીપગાડી લઈને કરવા લાગ્યા અને આમ સૌના પ્રચારના ફળરૂપે ઊંઝાને આંગણે સંવત ૨૦૩૫ના વૈશાખ સુદ ૩ ને રવિવાર તા. ૨૯-૪-૭૯ ના રોજ સમૂહ લગ્નનો મહા આનંદભર્યો લગ્નોત્સવ ઊજવાયો. તે લગ્નોત્સવ રૂડો રળિયામણો અને ઘરઘરનો લગ્નોત્સવ બન્યો હોય તેવું દૃશ્ય ઊંઝાને આંગણે ફરીથી જોવા મળ્યું. પ્રથમ લગ્નોત્સવમાં ૨૪ વરઘોડિયાં જોડાયાં અને જ્યારે ૨૪ વરરાજાઓની વરયાત્રા, ઊંઝાના મશહૂર કન્યા છાત્રાલયના મથકેથી નીકળી, ઊંઝાના રાજમાર્ગો ઉપર થઈ ઉમિયામાતાજીના પાવન લગ્નના આંગણે આવવા નીકળી ત્યારે ઊંઝાના રાજમાર્ગો ઉપરનું દૃશ્ય સ્વર્ગીય આનંદ જેવું અનુપમ હતું. ઊંઝાના આબાલવૃદ્ધ નર-નારીઓ અને બાલિકાઓ રાજમાર્ગોના આવાસો ઉપરથી આ અવર્ણનીય અને અનોખા એવા દૃશ્યને ફક્ત નિહાળતી જ ન હતી, પણ વરયાત્રીઓના હૈયાના હેતથી અભિવાદન કરવા માટે, હાથમાં અક્ષત, ગુલાલ અને ફૂલો લઈ પોતાના વહાલસોયા વીરોનું સ્વાગત કરતાં નજરે પડતાં હતાં અને આવા આનંદિત એવા લાગણીસભર દૃશ્યથી માતા ઉમિયાની પૂણ્યભૂમિ ફરીથી મલકાઈ ઊઠી હોય તેવું નજરે જોનારને લાગતું હતું અને આ મહાન સામૂહિક લગ્નના પ્રસંગ વખતે 'ધરતી' જેવા સામાજિક માસિકે તેનો વિશેષાંક પ્રગટ કરી, આ કાર્યને આગળ ધપાવવા માટે અને લગ્ન જેવા પ્રસંગોએ આર્થિક રીતે ઘસાતા જતા સમાજને નવી દિશા તરફ વાળવા માટે સમૂહલગ્નોને સમાજમાં સર્વવ્યાપી બનાવવા માટે હાકલ કરી હતી.

અને આમ ઊંઝાને આંગણે સામૂહિક લગ્નોત્સવ સફળ રીતે ઊજવાયો. તેના પડઘા સર્વત્ર ગૂંજી ઊઠ્યા. ગુજરાતભરના દૈનિક અખબારો, નાનાં-મોટાં અનેકવિધ સાપ્તાહિકો અને વિવિધ લેખકોએ તેને આવકાર આપતા લેખો લખી સામાજિક ક્રાંતિકારી એવા અને આર્થિક રીતે તૂટેલ સમાજને બેઠો કરવા માટે સમૂહ-લગ્નોએ આજના યુગનું વરદાન બની રહે તેવી લાગણીઓ પણ વ્યક્ત કરી. અને ઉમિયામાતાજી જેવી ધાર્મિક સંસ્થાન આવાં સામાજિક ઉત્થાનનાં અને સામાજિક નવઘડતરનાં કાર્ય ઉપાડે છે તે બદલ ધન્યવાદના સૂરો પણ પ્રગટ કરેલા અને ગુજરાતની બીજી ધાર્મિક સંસ્થાઓને આમાંથી ઘડો લેવા માટે અંગુલિનિર્દેશ પણ કરેલા.

પછી તો ઉમિયામાતાજી સંસ્થાનના પગલે-પગલે અનેક જ્ઞાતિ મંડળોએ સામૂહિક લગ્નો તરફ પોતાનો દૃષ્ટિકોણ રાખી તેના પગરણ માંડવા લાગ્યાં. અને કડવા પાટીદાર સમાજમાં છેલ્લા ત્રણ દાયકા ઉપરથી સમાજસુધારાનો અને સમાજઘડતરનો સંદેશો આપતા 'ધરતી' માસિકની પ્રાણવાન સંસ્થા ધરતી વિકાસ મંડળે અમદાવાદ ખાતે સંવત ૨૦૩૬માં સામુહિક લગ્નો યોજવાનો નિર્ણય કર્યો. અને તેના અમલરૂપે અમદાવાદના

આંગણે સંવત ૨૦૩૬ના વૈશાખ વદ-૪ તા.૪-૫-૧૯૮૦ને રવિવારના રોજ ઉસ્માનપુરા કડવા પાટીદારની વાડીના સહયોગથી ૧૬ વરઘોડિયાનો સામૂહિક લગ્નોત્સવ વિશાળ નાગરિકોની હાજરીમાં ભવ્ય રીતે ઊજવી સમૂહ લગ્નોના ગુજરાતભરના દરવાજા ખોલી નાખ્યા. અને આમ, ઉમિયામાતાજી સંસ્થાન જેવી ધાર્મિક સંસ્થાનનો સામૂહિક લગ્નોનો પ્રેરણાસંદેશો વિવિધ જ્ઞાતિ મંડળો માટે પથદર્શક બન્યો. લગ્નના ખોટા ખર્ચમાંથી બચવા માટે અને પાટીદાર સમાજમાં ગોળોની રચનાઓને કારણે ઊભા થયેલા ઊંચ-નીચના જ્ઞાતિભેદને સમેટી લેવા અને સમગ્ર સમાજ એક સમાન છે તેવા ઉમદાં ભાવોના નિર્માણ માટે સામૂહિક લગ્નોની પ્રથા રામબાણ ઈલાજ બનવા લાગ્યો. અને આમ સામૂહિક લગ્નોની અમૃતવેલમાં ઉમિયામાતાજી સંસ્થાનના આંગણે કાયમી લગ્નોત્સવના મીઠાં ફળ ઊગવા લાગ્યાં.

સામૂહિક લગ્નોત્સવ ઊજવાયા પછી કાર્યકરોના મનમાં નવાનવા વિચારો પ્રગટવા લાગ્યા. અને એ નવા વિચારોમાં ઉમિયામાતાજીના આંગણે કાયમી લગ્નોત્સવ જેવી યોજના થાય તેમ વિચાર ઘડાવા લાગ્યા અને તે માટે તા. ૧૮-૫-૧૯૮૦ના રોજ શ્રીયુત પટેલ કેશવલાલ વિઠ્ઠલદાસના પ્રમુખપદે શ્રી ઉમિયામાતાજી સંસ્થાનની કારોબારીએ નવો પ્રેરણાદાયી એવો નીચેનો ઠરાવ કર્યો :

**એજન્ડા નં. ૨૭**

કારોબારી સભ્ય પટેલ મણિભાઈ ઈશ્વરદાસ તરફથી આપેલ દરખાસ્ત ઉપર ચર્ચા-વિચારણા કરી યોગ્ય તે નિર્ણય લેવા બાબત.

**ઠરાવ નં. ૨૭**

કારોબારી સભ્ય પટેલ મણિભાઈ ઈશ્વરદાસ તરફથી કાયમી લગ્નોત્સવ યોજના અંગે આપેલ દરખાસ્તનો પત્ર વંચાણમાં લીધો. ચર્ચા-વિચારણાને અંતે આ અંગે નીચેના સભ્યોની કાયમી લગ્નોત્સવ સમિતિ સર્વાનુમતે બનાવવામાં આવી છે :

૧. શંકરલાલ મોહનલાલ ગુરુ, ઊંઝા
૨. પટેલ ભાઈલાલભાઈ મણિલાલ, રણેલા
૩. પટેલ રેવાભાઈ જોરદાસ, ઊંઝા
૪. પટેલ કેશવલાલ ઝવેરભાઈ, અમદાવાદ
૫. પટેલ ગોરધનભાઈ બેચરભાઈ, વડોદરા
૬. પટેલ મણિભાઈ ઈશ્વરદાસ, ઊંઝા
૭. પટેલ નથ્થુભાઈ લાલદાસ, ચાણસ્મા
૮. પટેલ પ્રભુરામ મોતીરામ, ઊંઝા
૯. પટેલ હરિપ્રસાદ નરસિંહદાસ, ઉમતા
૧૦. ઈશ્વરભાઈ હ. પટેલ, બલોલ
૧૧. પટેલ કેશવલાલ વિઠ્ઠલદાસ, સિદ્ધપુર
૧૨. પટેલ ઈશ્વરલાલ શંકરદાસ, ઊંઝા

ઉપર્યુક્ત સમિતિએ આ યોજના બાબતનો સંપૂર્ણ અહેવાલ તૈયાર કરી આગામી કારોબારી સભામાં રજૂ કરવાનું ઠરાવવામાં આવે છે.

ઠરાવ સર્વાનુમતે પસાર

કાયમી લગ્નોત્સવ અંગે નીમાયેલી કમિટિએ લગ્નના ખર્ચ અને વ્યવસ્થા અંગે વિવિધ પાસાંઓનો વિચાર કરી તેનો અહેવાલ તૈયાર કરી કારોબારી સમક્ષ રજૂ કર્યો અને તાન. ૩૦-૧૧-૮૦ ના રોજ શ્રીયુત પટેલ ગોબરભાઈ શંભુદાસના પ્રમુખપદે મળેલી સંસ્થાનની કારોબારીએ કાયમી લગ્નોત્સવની યોજનાને નીચે મુજબ મહોર મારવામાં આવી :

**એજન્ડા નં. ૨**

કાયમી લગ્નોત્સવ સમિતિએ તૈયાર કરેલ અહેવાલ વંચાણમાં લઈ યોગ્ય તે નિર્ણય કરવા બાબત.

**ઠરાવ નં. ૨**


કાયમી લગ્નોત્સવ સમિતિએ તૈયાર કરેલ અહેવાલ વંચાણમાં લીધો. અહેવાલ મુજબની કાર્યવાહી કરવા અને તે અંગે જરૂરી ખર્ચ કરવાનો અધિકાર કાયમી લગ્નોત્સવ સમિતિને સર્વાનુમતે આપવામાં આવે છે.

ઠરાવ સર્વાનુમતે પસાર

અને આમ ઉમિયામાતાજી સંસ્થાને એક મહાન સામાજિક ક્રાંતિ તરફ પોતાની આગેકૂચ કરવા કદમ ઉઠાવ્યું અને આજે ઊંઝાને આંગણે, માતાજીના સાન્નિધ્યમાં વર્ષના કોઈ પણ દિવસે લગ્ન કરવા આવનારને ફૂલમાળાથી માંડી લગ્નવિધિ માટે બ્રાહ્મણ સુધીની સુવિધા પૂરી પાડવામાં આવે છે. તેમજ લગ્ન અંગે આવનાર મહેમાનોને યોજનાની મર્યાદામાં રહી ભોજન વ્યવસ્થા કરી આપવામાં આવે છે. અને તેથી પ્રસ્તુત યોજનાનો લાભ ગુજરાતભરમાંથી અનેક લોકો







માતાનાં ચરણો આગળ આવી ગૃહસ્થાશ્રમની વડીદીક્ષાનું પાણીગ્રહણ કરી પોતાના નવા જીવનને પ્રયાણ આદરે છે.

ઉમિયામાતાજી સંસ્થાન જેવી ધાર્મિક સંસ્થાન આવા સામાજિક ઉત્થાનના કર્તવ્ય તરફ પોતાનો અભિગમ દાખવે તે સૌના માટે એક ઐતિહાસિક આશ્ચર્ય બનીને રહ્યું છે. કારણકે, માતાજીના આંગણે માત્ર ધાર્મિક યજ્ઞો, ઉત્સવો કે માતાજીની આરતી-અર્ચના કે રોજેરોજ ઢોલ નગારાં વગાડવાં એ માત્ર બાહ્ય ક્રિયા ભલે થતી રહે, પણ સાથેસાથે ધર્મને નવા સ્વરૂપે જીવનઘડતર કે, સામાજિક ઘડતરના બીબામાં ઢાળી તેનો નવો ઘાટ, નવો ઓપ આપી કાર્યરૂપ બનાવવું એ જ મોટો ધર્મ છે તેવું સ્વીકારી સંસ્થાનના કાર્યકરો નવી નવી દિશા તરફની વાસ્તવિક એવી જમાનાને અનુરૂપ કર્તવ્ય ધર્મની આગેકૂચ કરતા રહ્યા. કારણે, તેમણે અનુભવ્યું કે, જ્યાં સુધી સમાજમાં કન્યા-કેળવણીનો પ્રચાર નહિ થાય, અને દીકરીઓ ભણશે નહિ ત્યાં સુધી સમાજનું ગાડું આગળ ધપશે નહિ. કારણકે આજે જ્ઞાતિમાં યુવાનો ભણીગણીને નવાનવા ધંધા તરફની ક્ષિતિજો તરફ આગળ વધી રહ્યા છે, તેવા સમયે જો તેમની સાથે જીવનસાથી તરીકે જોડાનારી બહેનો ભણેલી નહિ હોય તો તેમનો સંસારરથ જોઈએ તેવો ગતિમય કે એકસમાન રીતે આગળ વધશે નહિ. અને તેના કારણે સમાજમાં નવાનવા પ્રશ્નો ઊભા થતા રહેશે. અને તે ઊભા થતા પ્રશ્નોમાં બહેનોને તરછોડવી, છૂટાછેડા લેવા, અણગમતી કરી કાઢી મૂકવી-જેવા પ્રશ્નો જટિલ બની સમાજને સામાજિક રીતે નબળો પાડશે. અને તેથી સંસ્થાને કન્યા-કેળવણીને વેગ મળે, કન્યા-કેળવણીને પ્રોત્સાહન મળે તેવા ઉમદા હેતુ સારુ યોજનાઓ વિચારવામાં આવી અને તે વિચારના મંથનમાંથી કન્યા-કેળવણીના કાર્યને મદદ કરવાનું નવનીત નિર્માણ થયું.

તા. ૧૯-૮-૭૯ના રોજ શ્રીયુત પટેલ કેશવલાલ વિઠ્ઠલદાસના અધ્યક્ષપદે સંસ્થાનની જનરલ સભા સૌપ્રથમ નીચેનો ઠરાવ પસાર કરવા મળી :

**એજન્ડા નં. ૧૦**

ગુજરાત રાજ્યમાં કોઈ પણ શહેર અગર ગામમાં કડવા પાટીદાર કન્યા-છાત્રાલય હવે પછી નવેસરથી ચાલુ કરવામાં આવે તો આ સંસ્થા તરફથી રૂ. ૧,૫૦,૦૦૦ અંકે રૂપિયા એક લાખ પચાસ હજાર પૂરા મદદ આપવા બાબત.

**ઠરાવ નં. ૧૦**

ગુજરાત રાજ્યમાં કોઈ પણ શહેર અગર ગામમાં કડવા પાટીદાર કન્યા-છાત્રાલય હવે પછી નવેસરથી ચાલુ કરવામાં આવે તો નીચેની શરતોએ આ સંસ્થા રૂપિયા ૧,૫૦,૦૦૦ અંકે રૂપિયા એક લાખ પચાસ હજાર પૂરાની મદદ કરશે :

(૧) જે-તે ગામે, શહેરે અગર સંસ્થાએ રૂપિયા ૫ લાખ પૂરાનું ભંડોળ એકઠું કરવાનું રહેશે અને સદર ભંડોળ એકઠું કર્યાની આ સંસ્થાને પાકી ખાતરી આપવાની રહેશે.

(૨) નવીન થનાર કડવા પાટીદાર કન્યા છાત્રાલયનું નામ આ સંસ્થા સૂચવે તે પ્રમાણે રાખવાનું રહેશે.

(૩) નવીન ઊભી થનાર સંસ્થાનમાં ઉમિયામાતાજી સંસ્થાન, ઊંઝાની કારોબારીના સભ્યો પૈકી કારોબારી નક્કી કરે તે બે સભ્યો લેવાના રહેશે.

ઠરાવ સર્વાનુમતે પસાર

અને આમ ઉમિયામાતાજી સંસ્થાન-માતા ઉમિયાજીની દીકરીઓના કેળવણી માટેના ઉત્કર્ષ માટેની મદદ કરવાની ગુજરાત રાજ્યની તમામ ધાર્મિક સંસ્થાઓમાં સૌથી આગળ રહી અને તેથી તેની તરફ સમાજની દૃષ્ટિ માતા ઉમિયાજીના આશીર્વાદરૂપ બનવા લાગી. અને વખત જતાં સંસ્થાનના કાર્યકર્તાઓ તેના મૂળ ઠરાવમાં પણ સમયની માંગ અનુસાર પરિવર્તન કરી સ્વાભાવિક રીતે કેળવણીની સંસ્થાઓને મદદરૂપ થવાય તે હેતુસર ફેરફાર કરવા સારુ તા.૩-૫-૮૧ના રોજ શ્રીયુત પટેલ ગોબરદાસ શંભુદાસના પ્રમુખ પદે જનરલ સભાએ નીચેનો ઠરાવ કર્યો :

**એજન્ડા નં. ૧૦**

ગુજરાત રાજ્યમાં કોઈ પણ સ્થળે હવે પછી નવીન શરૂ થનાર કડવા પાટીદાર કન્યા-છાત્રાલયોને આર્થિક મદદ આપવા બાબતની નીતિ નક્કી કરવા બાબત.

**ઠરાવ નં. ૧૦**

ગુજરાત રાજ્યમાં કોઈ પણ સ્થળે હવે પછી નવીન કડવા પાટીદાર કન્યા-છાત્રાલય શરૂ કરવામાં આવશે તો કન્યા છાત્રાલયો શરૂ કરનાર સંસ્થાઓને છાત્રાલય તેમજ છાત્રાલયનાં સાધનો અંગે થયેલ ખર્ચ સામે નીચે પ્રમાણે આર્થિક સહાય શ્રી ઉમિયામાતાજી સંસ્થાન ઊંઝાની નીચે જણાવેલ શરતોને







આધિન રહીને આપવામાં આપશે :

(૧) રૂ. ૧ લાખના ખર્ચ સામે રૂ. ૨૫૦૦૦/- (પચ્ચીસ હજાર) (૨) રૂ. ૨ લાખના ખર્ચે સામે રૂ. ૫૦,૦૦૦/- (પચાસ હજાર) (૩) રૂ. ૩ લાખના ખર્ચ સામે રૂ. ૭૫૦૦૦/- (પંચોતેર હજાર) (૪) રૂ. ૪ લાખના ખર્ચ સામે રૂ. ૧,૦૦,૦૦૦/- (એક લાખ) (૫) રૂ. ૫ લાખના ખર્ચ સામે રૂ. ૧,૨૫,૦૦૦/- (સવા લાખ)

**શરતો**

૧. છાત્રાલયમાં સમગ્ર કડવા પાટીદાર જ્ઞાતિની બહેનોને દાખલ કરવાની બંધારણીય જોગવાઈ રાખવાની રહેશે.

૨. શ્રી ઉમિયામાતાજી સંસ્થાન, ઊંઝાની ભવિષ્યની નાણાકીય જોગવાઈ જોઈને મદદ આપવામાં આવશે.

૩. એક સંસ્થાને વધુમાં વધુ ૧.૨૫ લાખ (સવા લાખ)ની મદદ આપવામાં આવશે.

૪. સદર મદદ કોઈ પણ સંસ્થાને એક જ વખત આપવામાં આવશે.

૫. સદર મદદ એક ગામમાં અગર શહેરમાં એક જ સંસ્થાને આપવામાં આવશે.

૬. છાત્રાલયનું થયેલ બાંધકામ શ્રી ઉમિયામાતાજી સંસ્થાન ઊંઝાની કારોબારી સભાના સભ્યો પૈકી બેથી ત્રણ સભ્યો રૂબરૂ આવીને જોઈ લેશે. ત્યાર બાદ તેઓશ્રીનાં રિપોર્ટના આધારે મદદની રકમ નક્કી કરવામાં આવશે.

સદર ઠરાવ સર્વાનુમતે કરવામાં આવે છે. આ ઠરાવથી અગાઉ થયેલ ઠરાવ રદ સમજવો.

ઠરાવ સર્વાનુમતે

અને આમ ઉમિયામાતાજી સંસ્થાને કન્યા કેળવણી માટે જ્ઞાતિના કોઈ પણ સ્થળે છાત્રાલયો ઊભાં કરી કન્યાઓને રહેવાની સગવડ કરવાની સરળતા કરી આપવાની વ્યવસ્થા કરનાર સંસ્થાને મદદરૂપ થવાની ખુલ્લી ઑફર કરવામાં આવી. અને તેના સમર્થનમાં સૌરાષ્ટ્રનું પૅરિસ ગણાતું મોરબીનગર જ્યારે મચ્છુબંધ તૂટવાથી પ્રલયપૂરના પાસમાં જકડાઈ ગયું અને તેથી મહાભયંકર એવો વિનાશ થયો ત્યારે તેના પુનઃઉત્થાન માટે સમગ્ર ગુજરાત એકીસાથે તૈયાર થયું, ત્યારે શ્રી ઉમિયામાતાજી સંસ્થાને મોરબી કન્યા-છાત્રાલયને તેના પુનઃવિકાસ માટે રૂા.૫૧૦૦૦/- એકાવન હજારની મદદ કરી છે અને આમ એક ધાર્મિક ભાવનાવાળી સંસ્થા કેળવણી તેમજ સામાજિક ઉત્થાન માટેનાં દ્વાર નવા અભિગમ દ્વારા ખુલ્લા મૂકી તમામ ધાર્મિક સંસ્થાઓ માટે 'સમયનાં એંધાણ' પારખી સમાજના ભલા માટે કાર્યરત બનવાનો સૌપ્રથમ દાખલો બેસાડ્યો છે અને તે ઉપરાંત પોતાના આંગણે સામાજિક રિવાજોના પરિવર્તન માટે, નવા જમાનાના ઘડતર માટે તા.૨૮-૧૨-૧૯૮૦ના રોજ ધરતી વિકાસ મંડળ, અમદાવાદના સહયોગ સાથે સમગ્ર કડવા પાટીદારોના આગેવાનોનું એક વિશાળ સંમેલન પણ યોજવામાં આવ્યું અને આ સંસ્થા એટલેથી ન અટકતાં તેને જે-જે કરવા જેવા, કરવા પડે તે તમામ પ્રયાસો કરવાની સતત તૈયારી દાખવી છે. અને તેના ફળસ્વરૂપે શ્રી ઉમિયામાતાજી સંસ્થાન, ઊંઝા અને ધરતી વિકાસ મંડળ, અમદાવાદના સંયુક્ત ઉપક્રમે તા. ૧૧-૪-૧૯૮૧ ને શનિવારના રોજ સમગ્ર સૌરાષ્ટ્રની સમાજ વિકાસ યાત્રા સળંગ છ દિવસ સુધી કાઢવામાં આવી. આ સમાજ વિકાસ યાત્રા સૌરાષ્ટ્રનાં મુખ્ય નગરોમાં સમૂહલગ્નો, સાદાઈનાં લગ્નો, કેળવણીનો પ્રચાર, ખોટા કુરિવાજોમાંથી મુક્તિ માટે અને નવ જાગૃતિ માટેનો સંદેશો લઈ ફરી અને સમાજયાત્રાએ આજ સુધીના કડવા પાટીદારના ઈતિહાસમાં આવી સામાજિક વિકાસયાત્રા કદી કોઈએ કાઢી નથી. આવો પ્રયાસ આ સૌ પ્રથમ હતો. અને તેથી તેને સૌરાષ્ટ્રનાં ભાઈ-બહેનોએ ખૂબ ઉમળકાભર્યો એવો સારો આવકાર આપી ઠેરઠેર સમાજયાત્રીઓને મળવા સારુ લોકો આવવા લાગ્યા અને આમ ઉમિયામાતાજી સંસ્થાન અને ધરતી વિકાસ મંડળના સંગમે સામાજિક નવો પ્રયાગઘાટ ઉપસાવ્યો છે તેમ કહેવામાં કોઈ અતિશયોક્તિ નથી. અને આ બંને સંસ્થાનના સંગમથી નિર્માણ થયેલા અને થતા રહેવાના 'પ્રયાગઘાટ' ઉપર કલ્યાણી-દેવી એવી માતા ઉમિયાના શુભ આશિષ અને પ્રાર્થના સાથે વિકાસ યાત્રાનો વિરામ કરીએ છીએ.



# મહોત્સવ ના મણિ-મણકા

## ૧. સંતના શુભ આશિષ

મહોત્સવ કરવાનું તો નક્કી હતું, પણ વરસાદે એવો કેડો પકડ્યો હતો કે ન પૂછો વાત ! અને તેથી ઉત્સવપ્રિય લોકોનો આનંદ મૂંઝવણની માયામાં લપેટાઈ ગયો હતો.

મહોત્સવની તિથિ જેમજેમ નજદીક આવતી જતી તેના દસ-બાદ દિવસ પહેલાં ગુજરાતભરમાં વરસાદે પોતાની માયાજાળ બિછાવી દીધી હતી. સૂર્યદેવ પણ ગગનના ગઢમાં પુરાઈ ગયા હતા. અને અવકાશના મેદાનમાં વાદળો દોડાદોડ કરી ઉત્સવપ્રિયજનો ઉપર કટાક્ષમય હાસ્ય વેરતા હોય તેમ લાગતું હતું.

અને આવાં ગટાટોપ વાદળો તેમજ વરસાદના વાયુથી ચિંતિત થયેલા કાર્યકરો ભારે નિરાશ બની ગયા હતા. મહોત્સવમાં લાખો લોકો આવશે અને વરસાદથી લોકો હેરાન-પરેશાન થશે તેવા ભયથી તેઓ ઉદાસીન બની માતા ઉમિયાને મનોમન આજીજી કરતા. કેટલાક મનોમન બાધાઓ લઈ બેઠા હતા. અને ડૂબતો માણસ તણખલું પકડે તેમ નવાનવા નુખસાઓ સૌ કોઈ વિચારતા. કેટલાક બ્રાહ્મણો જોશીઓને મળી 'મહુરત કેવું નીકળ્યું છે !' કે આમ ચિંતા ઊપજાવે તેવી સ્થિતિ ઊભી થઈ એમ વિચારવા લાગ્યા. તો કેટલાક કાર્યકરો આનો સાચો તાગ મેળવવા સરસ્વતીના કિનારે આવેલા સિદ્ધપુર નિવાસી પરમ્ સંત એવા શ્રદ્ધેયશ્રીને મળવા ગયા. અને વરસાદને કારણે મહોત્સવ પાર પડશે કે કેમ તેવી શંકા-કુશંકાઓ વ્યક્ત કરવા લાગ્યા. અને દયામણા ભાવે ઊભી થયેલી મુશ્કેલીમાં કંઈક માર્ગ બતાવવા આજીજી કરવા લાગ્યા.

કાર્યકરોનો મનોભાવ અને હૃદયવ્યથા વાંચી સંત પૂ. દેવશંકરજીએ કહ્યું, "ગભરાશો નહિ. પૂરા જોશથી માતાનો મહોત્સવ ઊજવો. મહોત્સવ સફળ રીતે પાર પડશે અને બધું જ સારું થશે. ચિંતા કરવાનું કોઈ કારણ નથી." તેવા સંતના શુભ આશીર્વાદવાળાં વચનો સાંભળી કાર્યકરોના મનને સાંત્વન મળ્યું અને ઊંઝા આવી બધા કાર્યકરોને ઉપરનો આશિષ-સંદેશો કહી મહોત્સવના કાર્યમાં પરોવાઈ ગયા. સંતના શબ્દો ઉપર વિશ્વાસ મૂકીને ! અને ખરેખર સંતના શબ્દોએ બીજા દિવસનું પરોઢ-મહોત્સવનો પ્રથમ દિવસ સ્વચ્છ અને સંપૂર્ણ સફળ રીતે પાર પાડ્યો. છેલ્લા દસ-બાર દિવસથી ગુજરાત ઉપર સવારી કરી ચડી આવેલો વરસાદ કોણ જાણે ક્યાંય રાતોરાત ગાયબ થઈ ગયો તે ન સમજાયું!

સંતનાં શુભ આશીર્વચનોએ કેવી કમાલ કરી !

## ૨. નાગદર્શન

ઘણાં પવિત્ર કાર્યોમાં દૈવી-સંકેતો થતા હોય છે.

આજના કળીકાળમાં અને વિજ્ઞાનયુગમાં આપણે તેવા દૈવી-સંકેતોમાં ભલે શ્રદ્ધા ન ધરાવીએ, પણ કેટલીક પ્રત્યક્ષ નજરે દીઠેલી હકીકત શ્રદ્ધાળુ લોકો સ્વીકારીને ચાલે છે. અને તેથી કેટલીક વાર નાસ્તિકો આવી વાતોને હસી કાઢે છે. તમોને પણ નીચેના પ્રસંગોથી હસવું આવે તો હસજો, અને શ્રદ્ધાથી સ્વીકારવા હોય તો સ્વીકારજો. શું કરવું તે તમારા મનથી નક્કી કરવાનું છે.

મહોત્સવ કરવાનો નિર્ણય લીધા પછી તેની વ્યવસ્થા પ્રમાણે કામગીરી સોંપાઈ ગઈ. વ્યવસ્થા કમીટિના ભાઈઓએ બસ-સ્ટેન્ડો માટેની જગ્યા જોવા સૌપ્રથમ હાઈવે ઉપર આવેલા પેટ્રોલ-પંપના સ્થળે ગયા. સાંજના પાંચ વાગ્યાનો સમય હતો. સૂર્યનારાયણ પશ્ચિમ દિશા તરફ ઢળતા હતા. તે સમયે કમીટિના સભ્યો સ્થળ જોતા અને આવતાં-જતાં વાહનોને કેવી સુગમતા રહેશે તેવું નિરીક્ષણ અને ચર્ચા કરતા હતા. ત્યાં જ એક નાગદેવતા ફેણ ચઢાવીને આગળ આવીને ઊભા રહ્યા. સ્થળ ઉપરના કાર્યકર્તાઓ થોડા આ દૃશ્ય જોઈ ગભરાયા. અને તે સ્થળ છોડી થોડા આગળ ગયા; તો ત્યાં પણ નાગદેવતા આગળ આવીને ઊભા રહ્યા. અને ત્યાં તો કેટલાકે 'સ્થળની નામંજૂરી'ની શંકા ઊભી કરી તો કેટલાંકે સારા શુકનના દૈવી-સંકેત કહી આ સ્થળ પસંદ કરવાનું કહ્યું; અને તેમાંથી એક ભાઈએ પોતાની પ્રાર્થના-શ્રદ્ધાભાવથી કહ્યું કે, "હે નાગદેવતા ! અમે, માનો મહોત્સવ કરીએ છીએ; માટે અમોને આ સ્થળ વાપરવા મંજૂરી આપો. અને મહોત્સવ પત્યા પછી તમારા માટે ઘીનો દીવો અને શ્રીફળ ચઢાવી જઈશું." એમ વિનંતી-પ્રાર્થના કરી અને ખરેખર નાગદેવતા સડસડાટ કરતા જતા રહ્યા. અને મહોત્સવ પરિપૂર્ણ થયા પછી એ કાર્યકર્તાઓ ઘીનો દીવો અને

શ્રીફળ લઈ બાધા પૂરી કરવા આવ્યા ત્યારે નાગદેવતા પુનઃ દર્શન દઈ પોતાની બાધા સ્વીકારી જતા રહ્યા ! અને તે સમયે આ દૈવીસંકેતથી કાર્યકર્તાઓના આનંદની કોઈ સીમા ન રહી !

### ૩. નાગદર્શન અને પ્રતિજ્ઞાઓ

સરભરા વિભાગના કાર્યકરો પોતાને સોંપેલી જવાબદારી પરિપૂર્ણ કરવા કટીબદ્ધ બની રહ્યા હતા. હવે મહોત્સવ પ્રારંભના ફક્ત, આંગળીના વેઢે ગણાય તેટલા ચાર-પાંચ દિવસ બાકી હતા અને સૌ કાર્યકર્તાઓ હાઈસ્કૂલના તથા કૉલેજના મેદાન ઉપર જ્યાં ભોજન-ખંડો રચવામાં આવ્યા હતા અને જ્યાં લાખો માણસો રોજ ભોજન લેવાના હતા તે સ્થળે આવ્યા અને કાર્યનો શુભારંભ કરતાં પહેલાં તેઓએ સૌપ્રથમ મા ઉમિયાજીનો ફોટો યોગ્ય સ્થળે, સૌ કોઈ દર્શન કરી શકે તેવા સ્થળે રસોડા કાર્યાલયમાં પધરાવ્યો અને તેને મધમધતાં ફૂલોનો હાર ચડાવી દીવો-ધૂપ કરી તમામ કાર્યકર્તાઓ અને સ્વયંસેવકોએ માતાજીના ફોટા આગળ સોગંદવિધિ કરી કે, "અમારા માથે આવેલી ફરજ બજાવવામાં અમો ચલિત થઈશું નહિ અને કર્તવ્યભાન સાથે સજાગ રહી આવનાર યાત્રિઓની સેવા કરીશું." આવી પ્રતિજ્ઞાઓ રસોડા વિભાગની કામગીરીમાં જોડાયેલા તમામ લોકો જ્યારે લઈ રહ્યા હતા, તે સમયે જ નાગદેવતાએ દર્શન દીધાં, ત્યારે સૌના મનમાં હરખ ઊઠ્યો કે, "ભગવાન શંકર આપણી સાથે છે." એવા મનોભાવ સાથે સૌએ રસોડા વિભાગની કામગીરીનો પ્રારંભ કર્યો અને ખરેખર, આ શ્રદ્ધાબળે જ તેમને ભારે યશ અપાવ્યો હશે !

### ૪. ભક્તિનું ફળ

કેટલાક ધાર્મિક મહાયજ્ઞોમાં, કેટલીક વખતે દુર્લભ વસ્તુઓની જરૂર પડતી હોય છે. તે દુર્લભ ચીજ મળતી તો હોય પણ ક્યાંક તે બનાવટી હોય કે પછી ભેળસેળવાળી હોય. આ યજ્ઞ મહોત્સવમાં પણ 'ગોરુચંદ'ની ખાસ જરૂર પડે. ગોરુચંદ ભાગ્યેજ હોય, ગાયના મસ્તકમાંથી નીકળે. લાખેક ગાયોમાંથી કોઈ નસીબદાર ગાયના મસ્તકમાંથી જ્વલ્લેજ નીકળે. જેમ મૃગ તો ઘણા બધા હોય પણ કસ્તૂરીવાળો મૃગ ભાગ્યેજ હજારોમાંથી એકાદ હોય. તેવી રીતે લાખો ગાયોમાંથી એકાદ ગાયના મસ્તકમાંથી આ ગોરુચંદ નામની અમૂલ્ય વસ્તુ નીકળતી હોય છે. અને એ અમૂલ્ય એવી પવિત્ર ચીજ આવા મહાન ધાર્મિક યજ્ઞોમાં તે શાસ્ત્રીય પૂજન-વિધિમાં ઉપયોગમાં લેવાતી હોય છે. હવે આવું ગોરુચંદ લાવવું ક્યાંથી ? અને પાછું તે શુદ્ધ હોય તે ખૂબ જરૂરી.

આવું ગોરુચંદ લાવવાનું કામ યજ્ઞસમિતિના ચેરમેનશ્રીએ એક કાર્યકરને કામ સોંપ્યું. જે ભાઈને આ કામ સોંપવામાં આવેલું તે ભાઈ છેલ્લા વીસ વર્ષથી માતાજીની ભક્તિ કરે અને પાછા આ મહોત્સવનો પહેલો એકડો ઘૂંટાવનાર ઉમિયા માઈ મંડળમાં પણ પેલા ભાઈ સારો એવો રસ લેતા. પણ આ ભાઈને એક ભારે મુશ્કેલી હતી. તેમને ઘણાં વર્ષોથી પેટમાં દુઃખાવો રહ્યા કરે. તે દુઃખાવો મટાડવા સારુ અનેક ઉપચારો કરાવેલા. કોઈ પેચોટી ખસી ગઈ છે તેમ કહે એટલે પેંચોટી કરાવે. કોઈ વળી મંત્રેલી વીંટીઓ પહેરવાનું કહે તો, વીંટીઓ પણ પહેરે. વખત ગયો પણ પેટના દુઃખાવાનું દુઃખ દૂર ન થયું. પણ તેમને આજ્ઞા થઈ એટલે કર્યા વગર છૂટકો નહતો. જોકે, કામ ઘણું અઘરું હતું. આકાશના તારા નીચે ઊતારવા અને ગોરુચંદ મેળવવું એ બંને કામ સરખાં હતાં, છતાં પેલા ભાઈ માતાજીમાં અસીમ શ્રદ્ધા રાખી પોતાના માથે આવેલી ફરજનો આરંભ કર્યો. પેટના દુખાવાની પણ તેમને પરવા ન કરી અને પોતાના જીવનનિર્વાહ માટેની નાનકડી હાટડીનું શું થશે તેની પણ ચિંતા ન કરી અને ગોરુચંદની શોધ કરવા અને તેને મેળવવા નીકળી પડ્યા.

સૌપ્રથમ તે ઊંઝા ફાર્મસીમાં ગયા. ત્યાં તપાસ કરી તો ત્યાં ગોરુચંદ હતું ખરું પણ યજ્ઞમાં વાપરવાને લાયક ન હતું, તેથી તે ન લીધું. પછી બાતમી મળી કે, પાટણ કસાઈખાનામાં મળશે એટલે તે તો પાટણના કસાઈખાનાએ પહોંચ્યા. ત્યાં આગળથી એક કસાઈનું નામ તેમને મળ્યું. તે નામ ગોતતા ગોતતા તે કસાઈના ઘેર ગયા અને જઈને જોયું તો દારૂ પીને બરાબર ઘેનમાં પડેલો. તેની પત્નીને ઉઠાડવાનું કહ્યું, પણ તે મારવાના ડરે ઉઠાડી ન શકી. કાર્યકર્તાએ તો માતાજીનું નામ દઈ તેને ઢંઢોળ્યો. તે જાગ્યો. તેને ગોરુચંદની વાત કરી. તે દારૂમાં ચકચૂર હતો, છતાં શાંત ચિત્તે તેણે કહ્યું કે, "મારી પાસે નથી પણ તમને ખડી (તા. સિદ્ધપુર) ગામેથી મળશે." કાર્યકર્તા તો ઘડીના વિલંબ વગર ત્યાં ઊપડ્યા. ત્યાં પણ ન મળ્યું અને અમદાવાદ તપાસ કરી પણ ફોગટ ફેરા જેવું થયું. કાર્યકર્તાના મોં ઉપર નિરાશા હતી, પણ અંતર ડંખતું ન હતું અને ત્યાં તો તેમને એકાએક વિચાર સ્ફૂર્યો કે લાઓ, ગામના ચમારવાસમાં તપાસ કરું અને તેઓ ચમારવાસમાં પહોંચ્યા, તો ત્યાં એક ભાઈએ કહ્યું, "આજે અમારા ચમારોની ન્યાત મળવાની છે, ને ન્યાત આગળ ગોરુચંદની વાત મૂકીશ. અને કોઈની પાસે હશે તો લાવી આપીશ."







અને ચમારોની ન્યાત મળી. તેમની આગળ ગોરુચંદની વાત મૂકી; તો એક ભાઈએ તાજું જ નીકળેલું ગોરુચંદ લાવીને પેલા કાર્યકરને આપ્યું. અને આ રીતે એક અમૂલ્ય એવી દુર્લભ ચીજ મહોત્સવ યજ્ઞ માટે મળી ગઈ. અને આમ સતત એક મહિના સુધી કામ ધંધો છોડી માતાજીના યજ્ઞ નિમિત્તે રખડપટ્ટી કરી અને ગોરુચંદ મેળવવાથી પેલા ભાઈના આનંદનો કોઈ પાર ન રહ્યો. અને તે સેવાના ફળરૂપે તેમના પેટમાં વર્ષોથી રહેતો દુઃખાવો ત્યારથી ગયો તે ગયો જ. માતાજીના કાર્યરૂપી દવાએ તેમના પેટનું વર્ષો જૂનું દર્દ નાશ પામ્યું. આમ, માની ભક્તિનું ફળ તેમને મળી ગયું !

### ૫. અગમ્ય શ્રદ્ધા બળના પ્રતાપે

'શુભ કાર્યોમાં સો વિઘ્નો' એવી એક દહેશત મને શંકા-કુશંકા કોઈ પણ શુભ કાર્યની શરૂઆતમાં દરેકના મનમાં ઊપસતી હોય છે. છતાંય માનવી, આંગણે આવેલો અવસર કે પ્રસંગ કોઈ અંતરની શ્રદ્ધાના દોરે બંધાઈને આવેલા પ્રસંગને રૂડી રીતે પાર પાડવાનો પ્રયત્ન કરતો હોય છે. અને એમાંય પ્રસંગ પ્રત્યેની નિષ્ઠા-મમતા જન્મેલી હોય અને એ નિષ્ઠા મમતાનો એકડો જેમજેમ તે ઘૂંટતો જાય તેમતેમ શ્રદ્ધાબળ વધુ ને વધુ તેજદાર રીતે પ્રગટ થતું જતું હોય છે. અને તે પ્રગટેલી શ્રદ્ધા માનવીને માર્ગદર્શક બનવા શ્રદ્ધાદીપ બની પ્રકાશ પૂરું પાડતી હોય છે. અને મનમાં, અંતરમાં પ્રગટેલી શ્રદ્ધા-દીપની પ્રકાશ-રેખાઓના માર્ગદર્શન નીચે માનવી પોતાના કાર્યમાં આગળ ને આગળ વધતો હોય છે.

ઉમિયા માતાજીના મહા મહોત્સવમાં કંઈક અંશે આવું જ હતું. છેલ્લા દસ દિવસથી ઘેરાતાં વાદળો અને ગુજરાતભરમાં હળવાથી ભારે થયેલા કમોસમી વરસાદથી કાર્યકર્તાઓ અને ઊંઝાના નાગરિકો ભારે મૂંઝવણ અનુભવતા હતા; પણ કોઈ અગમ્ય શ્રદ્ધાબળના પ્રતાપે તમામ કાર્યકર્તાઓ એક પછી એક ડગલું ઉપાડી આગળ વધે જતા હતા. અને મહોત્સવના માંડવે આવ્યા ત્યાં સુધી વરસાદે તેમનો પીછો છોડ્યો ન હતો.

અમને મળેલી માહિતી અને ઊંઝાના વિવિધ લોકોએ અમોને કહેલી હકીકતથી એ વાત માનવા અમે તૈયાર થયા છીએ કે, આ પાંચ દિવસના મહા મહોત્સવમાં જ્યાં રોજના લાખો લોકો પગે ચાલી તેમજ વાહનોમાં આવતા હતા, છતાં એક પણ અકસ્માત થયો ન હતો. ધક્કામૂક્કીથી કોઈને ઈજા નહોતી થઈ કે થયાની ફરિયાદ મળી ન હતી. તદુપરાંત આ પાંચ દિવસના મહોત્સવમાં કોઈ પશુ, પંખી કે માનવનું ઊંઝા ગામમાં મરણ થયું હોય તેવું જાણવા-સાંભળવા મળ્યું નહોતું. અરે બહારગામ કોઈ સગાવહાલામાં મરણ થયું હોય તેવા સમાચાર મળ્યા હોય અને કાણે જવાનો પ્રસંગ બન્યો હોય તેવું પણ સાંભળવામાં આવ્યું નહોતું. જાણે, ઊંઝાના નરનારીઓ આ મહાન પવિત્ર માના અવસરનો ધરાઈધરાઈને રસલહાવો પીએ તે સારુ ઊંઝાની હદમાંથી ભગવાન શંકરે પોતાની સંહારલીલાને સમેટી લીધી હોય તેવો અનુભવ સૌ કોઈને થયો. અને તેથી આવા આદરેલા કઠિન કાર્યને રંગેચંગે, રૂડી રીતે અને માન-ભેર રીતે પવિત્રપ્રસંગ પાર પડ્યો તે એક મહા આનંદ સાથે ગૌરવની હકીકત છે. આની નોંધ ઈતિહાસે લેવી પડશે. આ એક નિર્ભેળ સત્ય બીના છે અને આને લોકો ઉમિયામાતાજીનો સાક્ષાત્કાર સાથે અહોભાવ ગણીને ચાલે તો નવાઈ પામવા જેવું નથી.

આ હકીકત શ્રદ્ધા કે અંધશ્રદ્ધા કે ચમત્કારના રૂપમાં જેને જે દૃષ્ટિએ જોવી હોય તે દૃષ્ટિએ નિહાળી શકે છે, પણ આપણા ભૂતકાળના ગૌરવભર્યા વૈભવમાં મૃત્યુને પણ રોકવાના પ્રેરક પ્રસંગોની નોંધો જોવા મળે છે. સત્યવાનના મૃત્યુને રોકનાર પવિત્ર સતી સાવિત્રિની કથા આજે પણ અસંખ્ય લોકોને પ્રેરણાપાન પૂરું પાડે છે. માટીની મૂર્તિમાં સાક્ષાત્ ગુરુનાં દર્શન કરી, ધનુષ્યબાણની વિદ્યા શીખતા એકલવ્યનું શ્રદ્ધાબળ આવી જ ભક્તિમાંથી જ જન્મ્યું હશે ને ? અરે, પેલી પ્રભુપ્રેમદિવાની મીરાં માટે રાણાએ મોકલાવેલું ઝેર, અમૃત ગણીને ગટગટાવી જનારને હેમક્ષેમ રાખનાર પ્યારા પ્રભુની ભક્તિએ જ તેને બચાવેલી હશેને ? અને સ્વામી વિવેકાનંદના ગુરુ પવિત્ર સંત પૂ. રામકૃષ્ણ પરમહંસને મા કાલિનો સાક્ષાત્કાર થયાની હકીકત તેમના જીવનદર્શનમાં આજે પણ ગૌરવભેર વંચાય છે.

આવા પ્રસંગો તારવવા બેસીએ તો હિંદુ સંસ્કાર અને સંસ્કૃતિમાં ન ગણી શકીએ તેટલી સંખ્યામાં મળી આવે, પણ બધા નોંધવાનો આ પ્રસંગ નથી; પણ ઊંઝાના નાગરિકોની ભક્તિ મા ઉમિયા પ્રત્યે પ્રગટી હોય અને એ શ્રદ્ધા-ભક્તિ અહીં ફળરૂપે જન્મી હોય તો તેમાં શંકા-કુશંકા કરવાનો સવાલ નથી. અને તેથી તો પરમાત્માનાં દર્શન કરવાનો હિંદુ સંસ્કૃતિનો દૃષ્ટિભાવ અજર અમર છે અને રહેશે.

### ૬. સફળતાની ગુરુચાવી

માના મહોત્સવના સમાચાર ગુજરાતભરમાં ફેલાતા જતા હતા અને જેમજેમ એ સમાચાર લોકોની પાસે જતા, લોકો મહોત્સવની વાતથી વાકેફ થતા જતા તેમ તેમ કડવા પાટીદાર







કોમમાં નવી જાગૃતિનાં એંધાણ ઊમટતાં. લોકો પોતાની કુળદેવીના મહોત્સવમાં તન, મન અને ધનથી યોગદાન આપવા તત્પર થતા અને ઉત્તર ગુજરાતના સીમાડા ઓળંગી, જ્યારે મહોત્સવના સમાચાર કચ્છ-સૌરાષ્ટ્ર અને માળવા સુધી લંબાયા, ત્યારે કેટલાય લોકોના આ ઉત્સવના કાર્યમાં પ્રત્યક્ષ ભાગીદાર થવા માટે માગણીઓ કરવા ઊંઝા આવવા લાગ્યા અને વિનંતીપૂર્વક કહેવા લાગ્યા કે, "આવો મોટો મહાઅવસર તમે શરૂ કર્યો છે, તો અમોને એ અવસરના કાર્યનો થોડો ભાર સોંપી અમને માની સેવાની તક આપો. અમને સોંપશો તે કામ કરવા તૈયાર છીએ અને જેટલા દિવસ અહીં રોકાવું પડશે તેટલા દિવસ રોકાઈશું." તેવી લોકોની સાચી માગણીઓ સામે ઊંઝાના ઉત્સાહી કાર્યકર્તાઓને નમ્ર ભાવે કહેવું પડતું કે, "માફ કરજો ભાઈ! માના પ્રતાપે અહીં તેમના દીકરા-દીકરીઓ ખૂબ છે. અને માની એવી ઈચ્છા છે કે, મારા સ્થાનિક દીકરા-દીકરીઓ આ અવસર નિમિત્તે મારી સેવા કરે અને તે ઉપરાંત આ મહોત્સવ નિમિત્તે માનાં દર્શન કરવા આવનાર મહામૂલાં અતિથિઓની પણ સેવા-ચાકરી કરે અને આમ અમારું મા પ્રત્યેનું ઋણ અદા કરીએ.

ઊંઝાના સેવાભાવિ નાગરિકો અને કાર્યકર્તાઓનો આવો સદ્‌ભાવ જ મહોત્સવની સફળતાની ગુરુચાવી બની રહ્યો હશે ને !

## ૭. ઈલેક્ટ્રિક વાયર તૂટ્યો

મહોત્સવનો ત્રીજો દિવસ હતો. માનવ સમુદાય વણથંભ્યો અવિરત રીતે દર્શનાર્થે આવી રહ્યો હતો. હવે તો માતાજીનું મંદિર દિન-રાત ચોવીસ કલાક માટે ખુલ્લું રહેવાની જાહેરાત થઈ હતી. એટલે સૌ કોઈ પોતપોતાની અનુકૂળતાએ આવતાં હતાં. એટલે અપાર માનવપ્રવાહ સાગરની માફક ઊભરાતો હતો અને એવા અપાર માનવપ્રવાહ ઉપર એકાએક અંધકારની છાયા ફરી વળી. મંદિરની લગોલગ થઈને જતો વીજળીના પ્રવાહવાળો મુખ્ય વાયર તૂટી ગયો. લોકો બેઘડી માટે હાકા-બાકા થઈ ગયા. "શું થયું શું થયું"નો શોરબકોર પણ થયો, અને ત્યાં તો હાથબત્તીઓ અને પેટ્રોમેક્ષનાં અજવાળાં ઝબકી રહ્યાં અને એ અજવાળામાં તપાસ કરી તો વાયર તૂટીને આસોપાલવના ઝાડ ઉપર અટકી પડ્યો હતો. જો તે વાયર નીચે પડ્યો હોત તો વીજળીના ચાલુ પ્રવાહને કારણે લોખંડની પાઈપો ઉપર તે પડત. કારણકે, લોકોની વ્યવસ્થા માટે લોખંડની પાઈપો ગોઠવવામાં આવી હતી તે પાઈપો ઉપર તે વાયર તૂટી પડ્યો હોત તો ભારે જાનહાનિ થઈ જાત અને આવું બન્યું હોત તો ભારે અનર્થ થાત-ભારે કરૂણ અંજામ આવત; પણ માતાજીની મહેરબાની કહો કે, લોકોની શ્રદ્ધા-ભક્તિ કહો કે આવું બન્યું નહિ. માતાજીએ સૌને ક્ષેમકુશળ રાખ્યા અને આ પ્રસંગથી કાર્યકર્તાઓ સાથેસાથે દર્શનાર્થે આવેલી પ્રજાના મનમાં પણ માતાજી પ્રત્યેનો ભક્તિભાવ વધ્યો અને વધેલા ભક્તિભાવનો ચેતના પ્રવાહ પૂનઃયથાવત્ વીજળીના ઝગમગતા દીવાઓમાં અડધા કલાકમાં તો ચાલુ થઈ ગયો.

## ૮. ૨૪ કલાક દ્વાર ખુલ્લાં

માનવીના ભક્તિભાવના તાર જ્યારે ઝણહણે છે, ત્યારે તેમાંથી સંગીતના સૂર જુદા જ નીકળે છે. અને એ સંગીતની મધુરાવલિમાં માનવી ખોવાઈ જાય છે, ત્યારે તે જે કંઈ બોલે, તે "ભગવાન જ બોલે છે" તેવા અંતરભાવથી તે માનવા લાગે છે. ૧૮મી શતાબ્દી મહોત્સવનું પણ ઘણા પ્રસંગોમાં એવું જ બન્યું છે.

મહોત્સવ ચાલુ થયો. રાત્રે બાર વાગ્યા સુધી માનવયાત્રિઓના દર્શન માટે ખુલ્લો રહેતો. ત્યાર પછી બીજા દિવસે સવારનાં ચાર વાગે દર્શન માટે દ્વાર ખોલવામાં આવતાં. પણ ધાર્યા કરતાં દર્શન કરવાવાળાઓનો ધસારો ખૂબ વધી ગયો. ચારે દિશાઓથી માનવપ્રવાહ અખંડ પ્રવાહના રૂપમાં આવે જતો હતો. આવતા પ્રવાહને રાત્રિના બાર પછી દર્શનનો લાભ ન મળે તો તેવા લોકોને સવારના ચાર વાગ્યા સુધી બહાર પડી રહેવું પડે. તેમને સુવાડવાની વ્યવસ્થા પૂરી પાડવી પડે. અને તે કામ ભારે મૂંઝવણ ભર્યું બની જાય. અને તેથી ભક્તિભાવમાં તરબોળ બનેલા કાર્યકર્તાઓએ ભક્તિભાવ સાથે ઉમિયામાતાજીને પ્રાર્થના કરી ૨૪ કલાક માટે મહોત્સવ દરમિયાન મંદિર ખુલ્લું રાખવાની પ્રાર્થનાથી છૂટ માગી અને તેમને મનોમન સંકેત ભાવ સ્વીકારી લીધો કે, ૨૪ કલાક દ્વાર ખુલ્લું રાખવામાં કોઈ ધાર્મિક વાંધો નથી ! આને આપણે કેવો શ્રદ્ધાભાવ કહીશું ? પેલા નરસૈયાની હૂંડી સ્વીકારવાની વિનંતી જેવી આ શ્રદ્ધા ભક્તિ ન ગણાય ?

## ૯. ધ્વજા પડી

યજ્ઞ પ્રારંભ થવાના ચાર-પાંચ દિવસની વાર હતી. દરેક કાર્યકર્તા પોતપોતાને સોંપેલા કાર્યમાં રત હતો. માનો મહોત્સવ સફળ કરવાની દરેકના મનમાં ધૂન લાગી હતી; પણ આકાશનાં ઘનઘોર વાદળો અને પવનના સૂસવાટા તેમના મનમાં ઘણાઘણા વિચારો ઉથલપાથલ કરી જતા. મનમાં શુકન-અપશુકનના







એકડા-બગડા ઘૂંટતા હતા અને ભૂંસાતા હતા પણ ગમે તે કારણે કાર્યકર્તાઓના મનમાં એક એવી અજબ શ્રદ્ધા જન્મી હતી કે, તેઓ અપશુકનને શુકન ગણતા અને શુકનને શ્રદ્ધામય ભાવે જોતા. આ શ્રદ્ધાના ઘાટ દિવસ જાય તેમ વધુ સારી રીતે ઘડાતા. પણ એક દિવસ કોણ જાણે સાથી માતાજીના મંદિર ઉપરની ધ્વજા દંડમાંથી નીકળી ઊડીને ચોકમાં આવી પડી. કદી કોઈ કાળે નહિ અને આમ ઉત્સવના ચાર દિવસ બાકી હતા અને ધ્વજા કેમ ઊડીને નીચે આવી ? ઘણાના મનમાં તર્ક-વિતર્ક જાગ્યા. કોઈ કહે કે, "પવનના જોશના હિસાબે તે દૂર જઈને તે પડવી જોઈએ પણ તે દૂર ન જતાં માતાજીના ચોકમાં જ પડી. માટે તે સારા શુકન છે. આ મહોત્સવથી માના હરખની આ નિશાની છે." એમ આવા શ્રદ્ધાદોરથી બંધાઈને દરેક કાર્યકર્તાએ આ મહા મહોત્સવમાં પોતાનો કર્તવ્ય ફાળો આપી તેને યશપૂર્ણ, સફળ બનાવ્યો.

### ૧૦. દીવાલ તૂટી

ઉમિયામાતાજીના મંદિર પાછળ ગુજરાતી શાળા છે. એ શાળા પાસે સુધરાઈનો ઢોર પૂરવાનો વાડો આવેલો છે એ વાડા અને સુધરાઈની શાળા વચ્ચે દર્શનાર્થીઓને ચાલવાનો માર્ગ નક્કી થયેલો હતો. અને તેની પૂર્વદિશાએ 'ઉમિયાદ્વાર' ખડું કરી મુખ્ય પ્રવેશદ્વાર બનાવવામાં આવ્યું હતું. ગંજબજાર તરફથી આવતો માનવપ્રવાહ એટલો જોશબંધ હતો કે, તેના એક સામાન્ય ધક્કાથી તે વરંડાની દીવાલ તૂટી પડી. થોડો શોરબકોર અને લોકો આઘાપાછા થઈ ગયા પણ સદ્ભાગ્યે ત્યાં પણ કોઈને કાંકરી વાગવા જેટલી પણ ઈજા ન થઈ. તે વાડામાં માતાજીની પ્રસાદી માટે શ્રીફળ ભરવામાં આવેલાં. દીવાલ તૂટવાના સમાચાર મળતાં જ કાર્યકર્તાઓની વ્યવસ્થાટોળીએ જોતજોતામાં વાડામાં ભરેલા શ્રીફળ વગેરે લઈ અને તૂટી પડેલી દીવાલની ઈંટો વગેરે ત્વરીત ગતિએ ખસેડી નાખી. યાત્રિઓને માટે માર્ગ ખુલ્લો કરી નાખ્યો. આ સમયે ઘણા યાત્રિઓ મનોમન વદતા હતા કે, "માતાજીની કૃપાથી જ આવા અકસ્માતોમાંથી ઊગરી શકાય છે."

### ૧૧. વણઝારાઓનું દાન

મહોત્સવ કરવાના નિર્ણય સામે અને મહોત્સવનાં ખર્ચને પહોંચી વળવા માટે નાણાં તો જોઈએ. તે માટે જુદા-જુદા લોકો પાસે ફંડફાળાની શરૂઆત થઈ ગઈ. સારાય ગુજરાતમાં મહોત્સવનું હવામાન જામતું હતું અને તેમાંય ઊંઝામાં તો મહોત્સવની ભારે ગરમી હતી. દરેક કાર્યકર્તાએ પોતપોતાના કાર્યમાં મસ્ત બનીને પોતાની કામગીરી આરંભી દીધી હતી. મહોત્સવના થોડા દિવસ પહેલાં જ વિચરતી કોમ તરીકે જાણીતી વણઝારા કોમે ઊંઝાના પાદરે પડાવ નાખ્યો હતો. તેના કાને પણ માનો મહોત્સવ ઊજવવાની વાતનાં વધામણાં પહોંચ્યાં અને તેમના મનમાં પણ આ મહોત્સવના યશભાગી થવાના કોડ જાગ્યા અને તેઓ પણ માતાજીના દ્વારે આવી માતાજીના મંગલ મહોત્સવમાં ફાળો આપવાની ઈચ્છા દર્શાવી પણ કાર્યકર્તાઓએ કહ્યું કે, "ભાઈઓ તમારો ફાળો અમારાથી ન લેવાય." કાર્યકર્તાઓની વાત સાંભળી વણઝારાઓના મનમાં દુઃખ થયું અને દયામણાભાવે કહ્યું કે, "શું મા તમારા એકલાની છે ? અમારા મા નથી ? ગમે તેમ કરો પણ અમારો ફાળો તમારે લેવો જ પડશે." વણઝારા કોમનો આવો મક્કમ ભક્તિભાવ જોઈ છેવટે "હા-ના-હા-ના" કરતાં કરતાં રૂપિયા એકાવન બધા વતી સ્વીકારવાનું નક્કી થયું અને વણઝારાઓએ રૂપિયા એકાવન ખિસ્સામાંથી કાઢી કાર્યકર્તાઓ આગળ ધરી દીધા !

### ૧૨. બિલ્લાને બટ્ટો નહિ લગાડીએ

રસોડા વિભાગના કાર્યકર્તાઓનો ઉત્સાહ ખરેખર અવર્ણીય હતો. જાણે તેમના હૈયામાં પોતાના આંગણે આવનાર યાત્રિઓને જમવાની જરા પણ મુશ્કેલી ન પડે તેની સતત કાળજી રાખવાની રાત-દિવસ ચિંતા તેઓ રાખતા અને જ્યારે રસોડા વિભાગની વ્યવસ્થાનું કામ શરૂ થયું, ત્યારે કેટલાક સાથીદાર લોકો મજાકમાં કહેતા પણ ખરા કે, "તમોએ જે કામ હાથમાં લીધું છે, તે પાર પાડવું મુશ્કેલ છે અને તમારે નિષ્ફળતા વહોરી, કામને પડતું મૂકીને ખેતરોની વાડો કૂદી-કૂદીને સિદ્ધપુર તરફ નાસી જવું પડશે." આવા ટાણા-મેંણાં અવારનવાર લોકો તરફથી સાંભળીને રસોડાની સરભરા સાંભળનાર કાર્યકર્તાઓ પણ અજબ શ્રદ્ધા સાથે કહેતા કે, "કદાચ અમો આ કાર્યમાં નિષ્ફળ જઈશું અને સિદ્ધપુર નાસી જવું પડે તેવી સ્થિતિ ઊભી થશે તો, નાસી જઈશું પણ અમોને, કાર્યકર્તા તરીકે ઓળખાવવા માટે અને અમારા ઉપર વિશ્વાસ મૂકીને આપેલા બિલ્લાઓ તો તમોને પાછા-પહોંચાડીને જ જઈશું. અમોને બટ્ટો લાગે તો ભલે લાગે, પણ બિલ્લાઓને બટ્ટો નહિ લગાડીએ !" સરભરા વિભાગના કાર્યકર્તાઓનો આવો ટકોરાબંધ જવાબ સાંભળી સૌ ઠંડા થઈ જતા !

### ૧૩. માજીનો સવાલ

રસોડાની ઉત્તમ કામગીરીની પ્રસંશા તો અનેકોના મોઢે સાંભળી છે. પણ સામાન્ય માનવીના મનમાં તેના કેવા

અચરજભર્યા ભાવ પ્રગટ થાય છે, તે પણ એક ખુશનૂમા હકીકત બની રહે છે.

રોજના લાખ કરતાં પણ વધુ ભોજનપ્રસાદી લેતા યાત્રિઓની જમાડવાની વ્યવસ્થા એ મહોત્સવની મોટામાં મોટી સુંદર વ્યવસ્થા હતી, છતાં તે સુવ્યવસ્થિત રીતે અકબંધ જળવાઈ રહી તે આ મહોત્સવની સફળતાનું મોટામાં મોટું અને દાદ માગી લે તેવું ઊજળું પાસું છે.

ગણ્યા ગણાય નહિ અને નાખી નજર ન જાય તેટલા લોકોને જમતા જોઈને એક વૃદ્ધત્વમાં ડૂબેલાં અને શરીરથી ડગુમગુ થતાં વૃદ્ધ માજીએ ભોજન-પ્રસાદી લઈને એક બાજુ ઊભાં ઊભાં રસોડામાં અસંખ્ય જમતા લોકોને અચરજ નજરે જોઈ રહ્યાં હતાં. તેમના આખા આયખામાં આટલો માનવ મહેરામણ તેમણે જોયો ન હતો. અને તેમાંય આટલા બધા લોકોને એકીસાથે જમાડવાની વ્યવસ્થા પણ તેમણે કદી જોઈ તો શું પણ તેવી વાત પણ સાંભળી ન હતી; તેથી આશ્ચર્યચકિત ભાવ સાથે રસોડાના કાર્યકર્તાઓને તેઓએ સ્વાભાવિક પ્રશ્ન કર્યો; 'હે ભાઈ ! આટલા બધા મનખા દે' ને જમાડવામાં ભાત-શાક તો સમજ્યા પણ તમો દાળ કેવી રીતે બનાવો છો અને તે બનાવવા શું કરો છો ? અને આટલા મનખા દે' ને ચાલે તેટલી દાળ બનાવવા માટે તપેલું ક્યાંથી લાવ્યા ?" વૃદ્ધ માજીનો નિર્દોષ સવાલ સાંભળી કાર્યકર્તાએ માજીના સવાલનો મજાક ભર્યો જવાબ આપતાં કહ્યું, "માજી ! અમોએ એક ઊંડો કૂવો તૈયાર કર્યો છે. અને તેની નીચે અમે દેવતા સળગાવી દાળ તૈયાર કરીએ છીએ અને તે દાળ અમો પંપ દ્વારા બહાર કાઢીએ છીએ અને પછી યાત્રિઓને પીરસીએ છે !" માજીના નિર્દોષ સવાલનો કાર્યકર્તાએ આપેલો સ્વાભાવિક મજાકભર્યા જવાબને પણ માજીએ જમનારાઓનું વિશાળ દશ્ય જોઈને સાચો માની લીધો !

### ૧૪. કટોકટી

૧૯૭૫ની ૨૬ જૂને દેશભરમાં કટોકટી દાખલ થઈ ! અને રાષ્ટ્રના અનેક દેશનેતાઓની ધરપકડ થઈ. તે ઉપરાંત હજારો કાર્યકર્તાઓ પણ કાળ-કોટડીમાં પુરાઈ ગયા. આખો દેશ સ્તબ્ધ સ્થિતિમાં મુકાઈ ગયો હતો. સરકાર વિરુદ્ધ કોઈ ચું-ચાં કરી શકવા માટે શક્તિમાન હતું નહિ. હડતાળો અને દેખાવો ભૂગર્ભમાં ચાલી ગયાં હતાં. મોટા ભાગનાં અખબારો પણ સરકારનાં ગુણગાન ગાતાં બહાર આવતાં હતાં. તેવી પરિસ્થિતિમાં ઊંઝાના પાટીદારોને મહોત્સવની માયા લાગી હતી. મહોત્સવ અંગેની પ્રચારસભાઓ થવા લાગી. ગામડે ગામડે અને કસબા-શહેરોમાં પત્રિકાઓ, પોસ્ટરો દીવાલો ઉપર લગાવા લાગ્યાં. ઊભા અને આડા રસ્તાઓ વચ્ચે પડદાઓ બંધાવા લાગ્યા અને ગુજરાતના કડવા પાટીદારોની અવરજવર ઊંઝા ગામે ચાલુ થઈ ગઈ અને આ મહોત્સવમાં લાખો માણસો આવશે-ઉમટશે તેવા સમાચારો-વાતો અખંડ પ્રવાહના રૂપમાં વહેવા લાગ્યા અને કટોકટીના કાળમાં પોલીસતંત્ર પણ સજાગ થઈ ઝીણી નજરે જોવા લાગ્યું. તેના મનમાં દહેશત જાગી કે, "રખેને કોઈ રાજકીય હેતુ બર લાવવા આ ધાર્મિક મહોત્સવ બહાનું ન બને." તેથી પોલીસતંત્ર અવારનવાર ઉમિયામાતાજીના દ્વારે કાર્યકર્તાઓના મનનો તાગ મેળવવા આંટાફેરા ખાવા લાગ્યું. છૂપું પોલીસખાતું પણ છૂપા વેશે નાગરિકોની હવા જાણવા પ્રયત્ન કરવા માંડ્યું.

અને જેમજેમ મહોત્સવના દિવસો નજદીક આવતા ગયા તેમતેમ પોલીસ વડાઓ પણ સચેત થઈ ગયા. અને સ્પેશિયલ સમાચાર વાયરસૅટ ઉતારવામાં આવ્યું. અને રોજેરોજના અહેવાલો દિલ્હી દરબારમાં જવા લાગ્યા. છૂપી પોલીસખાતાના જવાબદાર લોકો મુખ્ય કાર્યકર્તાઓને પણ પૂછતા, "અરે ભાઈ આખો દેશ જ્યારે ચૂપ થઈ ગયો છે, પંજાબના શીખો અને હરિયાણા, યૂ.પી.ના જાટો જ્યારે અવાક ઠંડા બની ગયા છે; ત્યારે તમો પાટીદારો આ શું લઈને બેઠા છો ? અને વળી ઊંઝાના તો અમારે મિનિટે મિનિટના સમાચારો મોકલવા પડે છે. આ ધાર્મિક મહોત્સવના ઓઠા નીચે બીજું કંઈ ન રંધાય તે ખાસ જોજો." આમ અવારનવાર પોલીસ અધિકારીઓ કાર્યકર્તાઓને ટકોર્યા કરતા. અને કાર્યકર્તાઓ પણ પોલીસ વડાઓને ખૂબ વિશ્વાસપૂર્વક કહેતા. "આ મહોત્સવ ધાર્મિક હેતુ માટે જ છે; બીજો કોઈ આશય નથી. અને તમારે જે રીતે તપાસ રાખવી હોય તે રાખો. તમારી તપાસમાં અમારા તમામનો સહકાર રહેશે." કાર્યકર્તાઓના આવા આશ્વાસન અને વિશ્વાસપૂર્વકના જવાબોથી પોલીસતંત્રને શાંતિ તો થતી, પણ તેમની ચકોર નજર ગતીશીલ રીતે ચારે બાજું ફર્યા કરતી.

છતાં, કટોકટીનો વિરોધ કરનાર અને સરકારની આ સરમુખત્યારભરી જોહુકમીનો વિરોધ કરનાર લોકોએ આ મહોત્સવનો લાભ લેવાનો મોકો જતો ન કર્યો. અને મહોત્સવ શરૂ થવાના બીજા દિવસે જ 'ઉમિયામાતાજીનો સંદેશ'ના શીર્ષક નીચે કટોકટીના કાળા દિવસોને દૂર કરવાની માંગણી કરતી







પત્રિકાઓ યાત્રિઓમાં હરતી ફરતી થઈ ગઈ ! આ પત્રિકાઓથી પોલીસતંત્ર ચોંકી ઊઠ્યું અને ગુપ્ત રીતે ફરતી-વંચાતી પત્રિકાઓની તપાસ કરવા પણ પોલીસખાતું મહોત્સવ અંગેનું પ્રગટ થયેલું તમામ સાહિત્ય પણ ફેંદી વળી, પણ શું મળે ?

## ૧૫. કાકાનું ધોતિયું

અવિરત માનવપ્રવાહ એક મહાસાગરની માફક હિલોળે ચઢ્યો હતો. દર્શનાર્થીઓની અખંડ ભીડ હોવા છતાં લોકોના મન ઉપર આનંદ-વિભોરનું દૃશ્ય છલકાતું હતું. આટલી ભીડ હોવા છતાં કોઈના મન ઉપર કંટાળાની આછી-પાતળી રેખા પણ ધારી નજર નાખવા છતાં નજરે પડતી ન હતી. જેવો કાર્યકર્તાઓનો ઉત્સાહ તેવો જ દર્શનાર્થીઓનો પણ ઉમંગ ઊછળતો હતો. અને ત્યાં તો ભીડાભીડથી એકબીજાને આલિંગન દેતા હોય તેવા પ્રવાહમાં એક વયોવૃદ્ધ કાકા પોતાનું પેટ જોરથી દબાવીને લથડિયાં ખાતા ચાલતા હતા. ગમે તે કારણે પણ એકીબેકી ગણતા હતા અને આવા કાકા ઉપર એક કાર્યકર્તાની નજર મંડાણી. અને તે મનોમન બબડ્યો કે, "ચોક્કસ કાકાના પેટમાં કંઈક ગરબડ થઈ હોવી જોઈએ, નહિતર આમ હાથથી પેટ દબાવીને ન ચાલે !" અને તેણે સાથી મિત્રોને આંગળી ચિંધતાં કહ્યું, "જુઓ, પેલા કાકા એમનું બે હાથે પેટ દબાવીને ચાલે છે, કંઈક તેમના પેટમાં ગરબડ ઊભી થઈ હોય તેમ જણાય છે !"

અને તે સ્થળ ઉપર ઊભેલા ઈતર કાર્યકર્તાઓની નજર કાકા ઉપર મંડાણી. કાકાની ચાલવાની સ્થિતિ અને મોંના હાવ-ભાવથી તેમને પણ ખાતરી થઈ અને ઘડીનો પણ વિચાર કર્યા વગર ચાર કાર્યકર્તાઓએ ત્વરિત ગતિએ કાકાને ઊંચકીને સલામત સ્થળે લઈ જઈ બેસાડ્યા અને શાંતિથી પાણીનો ગ્લાસ આપતાં પૂછ્યું, "કાકા, પેટમાં કંઈ થતું હોય તો ડૉક્ટર પાસે લઈ જઈએ."

કાર્યકર્તાઓનો સવાલ સાંભળી કાકાએ કહ્યું; "ભાઈ, મને તો કંઈ થતું નથી, આ તો મારું ધોતિયું નીકળી જતું હતું, તેથી તેને દબાવી રાખતો હતો !" કાકાની વાત સાંભળી કાર્યકર્તાઓ મનોમન હસી પડ્યા !

## ૧૬. ભાગ્યશાળી પુરુષ

આમ તો ઘરમેળે સૌ મળીને નિર્ણય કર્યો હતો કે, ઉત્સવના કાર્યમાં કોઈ બોલીબોલીને મંદિરમાં બંધાઈ રહેવું પડે તેવું કરવું નહિ. કારણકે તેમ કરવામાં મુખ્ય કારણ એ હતું કે આ ઉત્સવ નિમિત્તે સગાંવહાલાં અવારનવાર આવતાં-જતાં રહેશે. અને વસ્તારીવાળું મોટું સગુ હોવાથી આશરે રોજ ત્રણસો-ચારસો માણસોની વ્યવસ્થા કરવી પડશે. આવું મનોમન ઘરમેળે બધાએ વિચાર્યું હતું, પણ યજ્ઞમાં બેસવાના પાટલાના ચડાવાની બોલી બોલવાના દિવસે હું ઘેરથી નીકળ્યો. માતાજીના મંદિર તરફ જતો હતો અને મનમાં ગડમથલ થવા લાગી. કોણ જાણે સાથી પણ અંતરમાં વલોણું ઘમ્મર ઘૂમ ફરવા લાગ્યું. અને એ વિચારવલોણાથી મંદિર આવતાં આવતાં તો મનમાં થયું કે, "આવડો મોટો માનો ઉત્સવ થતો હોય અને આપણે બોલીમાં ભાગ ન લઈએ તો સારું ન કહેવાય; માટે બોલીમાં ભાગ તો લેવો જોઈએ." તેવો વિચાર તો થયો પણ સાથે બીજી તરફ મન એ પણ બોલવા લાગ્યું કે, હાર્ટ ઉપર એ વખત હુમલા થયા છે તેનો વિચાર કર્યો ? અને યજ્ઞના પાટલામાં બોલી બોલ્યા અને એકાદોય બોલીમાં આવ્યો તો દસ-દસ કલાક બેસી રહેવું પડશે, ઠંડા પાણીએ નહાવું પડશે, ક્રિયાઓ કરવી પડશે. તે વખતે શરીર કામ આપશે ખરું ?" ઉંમર થઈ હતી એટલે આ વિચારોના ટકરાવ વચ્ચે હું મંદિર જઈ ચડ્યો. તે વખતે અસંખ્ય લોકો ગામના અને બહાર ગામના આવેલા હતા; તેવા લોકો વચ્ચે જઈને બેઠો. યજ્ઞમાં બેસવા માટેના નવ પાટલા હતા. તેમાં પ્રથમ પાટલાની બોલી શરૂ થઈ અને કોણ જાણે કોઈ અગમ્ય પ્રેરણા સાથે પ્રથમ હું રૂ. ૧૦૦૧ બોલ્યો અને પછી તો બસ તાન કહો તો તાન, અને આ મહોત્સવના મુખ્ય યજમાન બનવાના માના આશિષ કહો તો આશિષ જે માનવું હોય તે માનો પણ છેવટના ૪૫૦૦૧, સુધી બોલી પ્રથમ પાટલો મેં લીધો. જ્યારે પ્રથમ પાટલાની બોલી પૂરી થઈ અને તેની વરમાળા મારા ગળે આવી ત્યારે ત્યાંની ઉપસ્થિત જનમેદનીએ પાંચ મિનિટ સુધી તાળીઓના ગડગડાટ કરી આનંદવિભોર થઈ બોલીને વધાવી અને ઉમિયામાતાજીના જયજયકાર સાથે પહેલી બોલીને મહોર મારી.

માના મહોત્સવના બેસવાના પ્રથમ યજમાન તરીકેનો યશ પામનાર ભાગ્યશાળી પુરુષ 'શ્રી સોમાભાઈ શંકરભાઈ પટેલ (મોલ્લોત) હતા. ધન્યવાદ તેમને અને તેમના પરિવારને.

## ૧૭. મુસ્લિમભાઈઓની મમતા

ઉમિયામાતાજીનો મહોત્સવ એકલા કડવા પાટીદાર કોમ પૂરતો મર્યાદિત ન હતો. અરે, તેમાં એકલી હિંદુ કોમ પણ ન હતી; પણ એ તો સમગ્ર માનવજાતનો મહોત્સવ બની ગયો હતો, માતાના ઉત્સવના સમાચાર જેમતેમ ફેલાતા ગયા

તેમતેમ તમામ કોમો તરફથી તન, મન અને ધનથી તેમાં સહકાર મળતો રહ્યો છે. અરે, મુસ્લિમ કોમ જેવી પરધર્મી કોમે પણ માના ઉત્સવમાં યશ-ભાગીદાર થવામાં પાછીપાની કરી નથી. ઊંઝા પાસે આવેલ ભાંખર ગામના કેટલાક મુસ્લિમબંધુઓ પોતાનો ફાળો નોંધાવવા કાર્યકર્તાઓ પાસે આવીને બોલ્યા; "અમારે માના મહોત્સવમાં ફાળો આપવો છે." પણ તેમની ધાર્મિક માન્યતા અલગ હોવાથી શરૂઆતમાં ફાળો લેવો કે ન લેવો તેવો કચવાટ મનમાં થયો, પણ મુસ્લિમ ભાઈઓનો પ્રેમભર્યો આગ્રહ અને મમત્વ એટલું હતું કે કોઈ પણ પ્રકારે ફાળો આપ્યા વગર રહે તેમ ન હતા અને તેથી તેમનો ભાવભર્યો સત્યાગ્રહ જોઈ કાર્યકર્તાઓને તેમનો ફાળો સ્વીકારવો પડ્યો.

### ૧૮. આબાદ બચ્યા

મહોત્સવના ત્રણ-ચાર દિવસ પહેલાં કેટલાક કાર્યકર્તાઓ મહોત્સવ અંગેનું સાહિત્ય અને સિક્કાઓ લેવા એમ્બેસેડર ગાડી લઈ અમદાવાદ આવેલા. જરૂરી સામગ્રી લઈ અમદાવાદથી ઊંઝા તરફ આવતાં અને મહેસાણા વટાવ્યા પછી એકાએક ગાડીના વ્હિલનો એક નટ નીકળી ગયેલી. ગાડી તો તેની ગતિ પ્રમાણે આગળ ધપે જતી હતી; પણ ગાડીનું વ્હિલ બહાર નીકળી જઈ ધરીના એક છેડા ઉપર ભરાઈ ઢસડીને તે જતું હતું. કંઈક ઢસડાવાનો અને ઘસારાનો ભારે અવાજ આવતો સાંભળી ગાડી ઊભી રાખવામાં આવી અને તપાસ કરવામાં આવી તો વ્હિલ નીકળી જવાની અણી ઉપર હતું. અને આ રીતે એક ભારે અકસ્માત થતો રહી ગયો. ગાડીમાં બેઠેલા કાર્યકર્તાઓએ માનો મનોમન આભાર માન્યો કે, ખરેખર આ બચાવ માના પ્રતાપે જ થયો છે !

### ૧૯. કેવું ભવિષ્ય ભાખ્યું ?

મહોત્સવનાં દર્શન માટે આવનાર અતિથિઓને લઈ આવનાર વાહનોને ઊભા રાખવાની જગ્યા નક્કી કરવા કેટલાક કાર્યકર્તાઓ ગયા. તેઓ મંદિરથી ખાસ્સા બે કિલોમીટર જેટલે દૂર જગ્યા રાખવાનું એક ભાઈએ સૂચન કર્યું. અને તે જગ્યા પણ તેમને સ્થળ ઉપર બતાવી. જગ્યા જોઈ એક ભાઈ બોલ્યા, "આટલે દૂરથી કોણ મારો કાકો દર્શન કરવા આવશે ? અને આવે તોય થાકીને લોથ થઈ જાય અને અડધે રસ્તેથી પાછો વળી જાય. અલ્યા શું જોઈને આ જગ્યા તેં પસંદ કરી એ જ મારા મગજમાં ઊતરતું નથી." જગ્યા જોવા આવનાર એક ભાઈએ આવી ટકોર કરી.

જેમણે જગ્યા અંગેનું સૂચન કરેલું તે ભાઈએ ખૂબ હળવેથી કહ્યું કે, "જુઓ, આજે ભલે તમને આ જગ્યા ઘણી દૂર દેખાતી હોય પણ ઉત્સવ શરૂ થશે, એટલે આ જગ્યા માતાજીના મંદિરથી ખૂબ નજીક લાગશે અને આપણે વિચાર કરતા થઈશું કે, હજુ થોડે દૂર રાખ્યું હોત તો સારું થાત. કારણકે, મને તો સારાય ઊંઝામાં અને તેની આસપાસ ચારે તરફ માણસ-માણસ જ દેખાય છે. બીજું કંઈ દેખાતું જ નથી." પેલા ભાઈએ પોતાના સૂચનના ટેકામાં કહ્યું.

અને ખરેખર ! ઉત્સવના પાંચ દિવસ જ્યાં જ્યાં વાહનો ઊભાં કરવામાં આવેલાં તેનીય પેલી પાર વાહનો અને માણસોના ઠઠ જામેલા ને જામેલા દેખાતા રહ્યા. હવે કહો, પેલા ભાઈએ કેવું ભવિષ્ય ભાખ્યું ?

### ૨૦. તન મેલાં, મન ઊજળાં

મંગલ મહોત્સવનો બીજો દિવસ.

યાત્રિઓની ભારે ભીડ. એ ભીડમાંથી પોતાના શ્રદ્ધાબળને કારણે માનું મંદિર અને મંદિરમાં બિરાજમાન સાક્ષાત્ જગદંબા મા ઉમિયાનાં દર્શન કરી ધન્ય બનેલા એક વૃદ્ધ કાકા પોતાના પુત્ર કે પૌત્રના ખભે એક હાથ અને બીજા હાથે લાકડીનો ટેકો લઈ, ડગુમગુ કાયા સાથે મંદિરનાં પગથિયાં ઊતરી, પ્રસાદ લઈ ભેટ સ્વીકારતા કાર્યકરોના ટેબલ આગળ આવ્યા. અને એક ટેબલ આગળ જઈ ગામડાની તૂટી-ફૂટી ભાષામાં બોલ્યા, "ભઈલા, મારે ભેટ આપવી છે તો ક્યાં આપું ?"

કાર્યકર્તાએ આવનાર વૃદ્ધ કાકા સામે જોયું તો તેમના શરીર ઉપર મેલીઘેલી કાંસોવાળી આંગડી પહેરેલી હતી. અને ઢીંચણ સુધી જાડું ધોતિયું પહેરેલું અને માથે ફાળિયું તે પણ મેલા-ઘેલા જેવું જ હતું. આવા ઉપરથી મેલા-ઘેલા જેવા ગામડાના વૃદ્ધ કાકાને જોઈને કાર્યકર્તાને પ્રથમ ભાવે તો લાગેલું કે, કાકાને પાંચ-દસ રૂપિયા ભેટ આપવાની હશે અને તેથી ધીમેથી કહ્યું, "લાવો, કાકા, અમે અહીં ભેટ લઈએ છીએ. જે આપવું હોય તે આપો." કાર્યકર્તાના શબ્દો સાંભળ્યા પછી વૃદ્ધ કાકાએ પોતાનો ધ્રુજતો હાથ છોકરાના ખભા ઉપરથી લઈ પહેરેલી આંગડીના અંદરના ભાગમાં આવેલા ખિસ્સામાં નાખી; કપડામાં વીંટાળેલ નોટોનું બંડલ કાર્યકરના હાથમાં આપ્યું. કાર્યકરે તે બંડલની નોટો ગણી તો પૂરેપૂરા રૂપિયા પાંચસોને એક હતા ! બરાબર પાંચસોને એક રૂપિયા જોતાં જ મેલાઘેલા દેખાતા ગામડાના વૃદ્ધ કાકાને, કાર્યકર્તા બેઘડી માટે સ્તબ્ધ નજરે નિહાળી જ રહ્યો ! કાકાને જોતાં પ્રથમ ભાવે "પાંચ-

દસ રૂપિયા આપશે" તેવો જે ભાવ મનમાં પ્રગટેલો તે ત્યાં ને ત્યાં જ થીજી ગયો !

### ૨૧. સફળતાનો પાયો

મહોત્સવનો પ્રથમ દિવસ સફળ થયો. કાર્યકર્તાઓના મનમાં ઉત્સવના ફૂવારા ઊડતા હતા; પણ એ ફૂવારામાં એક ચિંતા-રેખા પણ સતાવતી હતી. કારણકે, પહેલા દિવસે ધાર્યા કરતાં વધુ યાત્રિઓ આવ્યા અને ભારે ધસારાને કારણે લોખંડની રેલિંગ જે યાત્રિઓની વ્યવસ્થા માટે બાંધવામાં આવેલી તે વાંકી વળી ગઈ અને જો તે હતી તેમને તેમ રહેવા દેવામાં આવે તો બીજા દિવસે આવનારા યાત્રિઓના ધસારાને કારણે તે તૂટી પડે. અને તેમ થાય તો અવ્યવસ્થા ઊભી થાય. અને જ્યાં એક વખત અવ્યવસ્થા થાય ત્યાં તેને વ્યવસ્થિત કરવામાં ઘણી કિંમત ચૂકવવી પડે અને તેથી કાર્યકરોના ઉત્સાહમાં પણ આ ચિંતા-રેખા દુભાવા લાગી. રાત્રિના બાર ઉપર વાગી ગયા હતા. હવે કરવું શું ? રાત્રિના પરોઢના ચાર-પાંચ વાગે તો નવા યાત્રિઓ આવવા શરૂ થઈ જાય તે પહેલાં જે કરવું ઘટે તે કરી નાખવું જોઈએ. અને ત્યાં તો યુદ્ધની ગતિએ નિર્ણય લેવાયો કે રાતોરાત નવી વ્યવસ્થા ઊભી કરી દેવી જોઈએ.

જ્યાં નિર્ણય લેવાયો, ત્યાં રાતોરાત ટ્રક લઈ કાર્યકર્તાઓ મહેસાણા ઊપડી ગયા અને લોખંડની પાઈપો અને ગડરો લઈ આવ્યા. જેવી ટ્રક મહેસાણાથી આવી માતાજીના આંગણે ઊભી રહી ત્યાં જ ૨૦૦ ઉપરાંત સ્વયંસેવકો કોસ-કોદાળી પાવડા લઈ ખાડા ખોદી પાઈપોની નવી રેલિંગ લાઈનો બનાવી દીધી. અને અગમચેતી પ્રમાણે વધારાની પણ નાખવા જેવી લાગી, ત્યાં પણ નાખી દીધી. નવી વ્યવસ્થાએ છેલ્લા ચાર દિવસના યાત્રિઓના ભારે ધસારાને કબજામાં રાખવાની સફળ કામગીરી બજાવી. કાર્યકર્તાઓનો આવો સ્વયં ઉત્સાહ જ મહોત્સવની સફળતાનો પાયો બન્યો !

### ૨૨. પત્રકારોએ પૂછ્યું અને કાર્યકરોએ કહ્યું

છેલ્લા પાંચ દિવસથી ચાલતા મહોત્સવની સફળતાના સમાચારો અખબારી કાર્યાલયોમાં ઠલવાતા હતા. મહોત્સવની પૂર્વ તૈયારીરૂપે તેના સમાચારો આગવી અને વિશિષ્ટ રીતે પ્રદાન થાય તે માટે જાણે અખબારોમાં હરીફાઈ જામી હોય તેવી રીતે મોખરે સ્થાને સમાચારો પ્રગટ થતા હતા. અમદાવાદમાંથી પ્રસિદ્ધ થતાં ગુજરાતનાં પાંચ-પાંચ દૈનિકો 'સંદેશ', 'ગુજરાત સમાચાર', 'જનસત્તા', 'જયહિંદ' અને 'પ્રભાત' વગેરે એ તો મહોત્સવના સમાચારોને આગવું સ્થાન આપેલું અને કેટલાંક અખબારોએ તો "ઉમિયા દ્વારેથી" તેવા અનોખા શીર્ષક નીચે સ્વતંત્ર કૉલમમાં પ્રગટ કરી આ મહોત્સવને સમાચારોમાં આવકાર્યા હતા. તે ઉપરાંત ગુજરાતભરનાં નાનાં સાપ્તાહિકો, માસિકોએ પણ આ મહોત્સવને કોઈ એક કોમનો ન ગણતાં તેને વિશાળ જનતાનો ગણી તેના સમાચારો, લેખો પ્રસિદ્ધ કર્યા હતા. અને આમ મહોત્સવ શરૂ થવાના પહેલાં જ ઉ.ગુ.ના પત્રકારો ઊંઝા ગામ ઉપર ઊતરી પડ્યા હતા. અને અખબારી અહેવાલો મોકલતા રહેતા હતા. અને તેથી સારી એવી પ્રસિદ્ધિને કારણે પણ જનતાનું આકર્ષણ આ મહોત્સવ તરફ વિશેષ પ્રગટ્યું હોય તેમ પણ બનવા સંભવ ખરો. મહોત્સવ શરૂ થયો અને તે ભારે સફળતાને વરી પરિપૂર્ણ થશે તેવા સમાચારોની જાત-તપાસ અર્થે અમદાવાદથી એક ખાસ પત્રકાર ટૂકડી છેલ્લા દિવસે, સાંજના સમયે જાત-તપાસ કરવા ઊંઝા આવેલી. આ પત્રકાર ટુકડીમાં જુદાજુદા અખબારી પ્રતિનિધિઓ જુદાજુદા સમાચારો આપતી. સમાચાર સંસ્થાઓના પ્રતિનિધિઓ અને આકાશવાણીના પ્રોગ્રામ અધિકારી પણ તેમાં ખાસ સામેલ હતા. અને તેમનો ઈરાદો જાત-તપાસ કરવાનો અને આવા ગામડાના લોકો કે, જે ખેતીવાડી સાથે સંકળાયેલા હોય તેવા લોકોએ આ મહોત્સવનું સફળ આયોજન કેવી રીતે કર્યું કે જેની અંદર લાખો માણસો આવ્યા, રહ્યા, જમ્યા અને માનાં દર્શન કર્યાં છતાં તેમાં ક્યાંય 'ગરબડ' ઊભી ન થઈ તેનો ક્યાસ કાઢવાનો હતો અને તેથી એ આખીય પત્રકાર ટુકડી પોતાની તિક્ષ્ણ નજરોથી જુદીજુદી સમિતિઓની કામગીરી નિહાળવા નીકળી અને આખા ગામમાં જુદેજુદે પથરાયેલી અને યંત્રવત્ રીતે કામગીરી બજાવતી કમિટીઓનાં કાર્યો જોયાં. તેમાં તો, રસોડા વિભાગમાં તો તે ટુકડી ખાસ ગઈ કારણકે, રસોડા વિભાગ એક એવો વિભાગ છે કે, ત્યાં કંઈ ને કંઈ કોઈને અસંતોષ પ્રગટ થાય જ. પણ ત્યાં આગળ પણ લોકો ખૂબ શાંતિથી અને ઉત્સાહ આનંદપૂર્વક ભોજન-પ્રસાદી લેતા હતા. કાર્યકરો ભોજનની પ્રસાદી લાવવા માટે, મુખથી બોલ્યા વગર ચીજવસ્તુ મંગાવવા માટે રાખેલી સંકેતધ્વજા ફરકાવી જમનારાઓને ખૂટતી વસ્તુઓ મળી જાય તેવી વ્યવસ્થા ગોઠવેલી હતી તે તથા પાણી વગેરે આપવાની ગોઠવણ જોઈ પત્રકાર ટૂકડી માતાજીના મંદિરે આવી. તે સમયે પણ દર્શનાર્થીઓનો ભારે ધસારો ચાલુ જ હતો. તેમણે આવીને સૌપ્રથમ કાર્યકરોને પહેલો સવાલ કર્યો કે, "અમે આ







મહોત્સવ અંગેની જુદીજુદી સમિતિઓની કામગીરી નિરખી. અમારા પત્રકારોનો જીવ એવો કે આવા પ્રોગ્રામોમાં વ્યવસ્થા તરફ ન જોતાં તેમાં ખામીયુક્ત શું છે તે શોધવા પ્રથમ પ્રયત્ન કરીએ; પણ અમારે કહેવું જોઈએ કે અમને તમોએ ગોઠવેલી વ્યવસ્થામાં ક્યાંય ટીકા કરવા જેવી, તમારું ધ્યાન દોરી શકીએ તેવી ખામી દેખાઈ નહિ અને તમોએ ગોઠવેલી સુંદર વ્યવસ્થાને કારણે મહોત્સવ તો સફળતાપૂર્વક આજે પૂર્ણ થશે; તો તમોએ, તમારા જેવા બિનઅનુભવીઓએ આ વ્યવસ્થા કેવી રીતે ગોઠવી, તે ગોઠવવા વિચાર્યું કેવી રીતે તે કહેશો ખરા ?''

પત્રકારોનો આવો પ્રથમદર્શી સવાલ સાંભળી કાર્યકર્તાઓએ જણાવ્યું કે, ''આ મહોત્સવ સફળ થવાનું પ્રથમ કારણ તો, માતાજીની અસીમ કૃપા અને આશીર્વાદ. અને તેથી અમારા દરેક વિચારમાં, દરેક કાર્યમાં માતાજી દોરવણી અને માર્ગદર્શન આપતાં હોય તેવી જાણે-અજાણે અનુભૂતિ અને અણસાર મળતો હોય તેવો ભાસ અમને થયા કરતો હતો. અને તે ઉપરાંત આ મહોત્સવ દરમિયાન મા ઉમિયા ફક્ત કડવા કોમની ન રહેતાં જગતજનની મા બની ગયાં. તેથી સમગ્ર ઊંઝાના તમામ જ્ઞાતિઓએ આ અવસર પોતાનો-પોતાના ઘરનો-માની દિલ દઈ, તેને સફળ કરવા માટે રાત-દિવસ જોયા વગર ખંતથી કામ કર્યું તે તેની પહેલી સફળતા રહી.

બીજું, આવનાર યાત્રિકો, જેમ બીજા મેળામાં કોઈ ખરીદી કે, ઈતર પ્રદર્શનો જોવા આ આકર્ષણને કારણે જાય છે તેમ અહીં ન હતું. અહીં આકર્ષણ હતું તો ફક્ત ઉમિયામાનાં દર્શનનું હતું. તેથી લોકો ભક્તિભાવ સાથે આવતા અને એ ભક્તિભાવના સંસ્કારને કારણે તેઓ જાતે 'સ્વયં-સેવક' બની વ્યવસ્થામાં, અમારી કામગીરીમાં પ્રોત્સાહક બળ બન્યા. અને તેથી લાખો લોકો આવ્યા અને ગયા છતાં ખામી ઊભી ન થઈ.''

ત્રીજું, કાર્યકરોએ પણ યાત્રિકોના ઉત્સાહને ધ્યાનમાં લઈ, યાત્રિકોના ઉમળકાનો જવાબ એટલા જ પ્રેમથી, લાગણીથી અને હેતથી આપ્યો કે, તેમને તેમનાં તમામ સાધનો યાત્રિકોની સેવા અર્થે સમર્પિત કરી દઈ, આવનાર અતિથિ છે. માટે તેમને તકલીફ ન પડે તેવી ચિંતનશીલ, કાળજી રાખી તે પ્રમાણે વર્ત્યા તે છે.

ચોથું, ગુજરાતના તમામ નાનાં-મોટાં અખબારોએ, આકાશવાણીએ ગુજરાતના ઈતિહાસમાં આવા ધાર્મિક અને એક રીતે કહીએ તો જ્ઞાતિ મહોત્સવને પ્રસિદ્ધિ ન આપી હોય તેવી પ્રસિદ્ધિ આપી દેશભરમાં વસતા કડવા પાટીદારો માટે એક વિશિષ્ટ આકર્ષણ ખડું કરવામાં અગત્યનો ભાગ ભજવ્યો. અને તેમના સમાચારોની આગવી પ્રસિદ્ધિને કારણે લોકોનું માનસિક ઘડતર થયું અને તેથી લોકોમાં ધર્મભાવના અને નાગરિક તરીકેની શિસ્ત પ્રસંગ પૂરતી જળવાઈ અને તે અગત્યના કારણે પણ આ મહોત્સવને સફળતા મળવામાં સહાય કરી.

અને પાંચમું, આ મહોત્સવમાં કોઈ પણ રાજકારણીને, પછી તે ગમે તેવો મોટો હોય તો પણ તેને કોઈ મહત્ત્વ આપવામાં આવ્યું ન હતું. અને બને ત્યાં સુધી તેમને આ મહોત્સવના કાર્યક્રમોમાં મહત્ત્વની વ્યક્તિની છાપ માનીને અમે નભાવ્યા નહિ, તે પણ આ મહોત્સવની સફળતાનું એક પાસું બન્યું હોય તેમ અનુભવે અમને લાગે છે.

અને આમ ગામના અને બહારગામના કાર્યકર્તાઓના ખંત, ઉત્સાહ અને નિષ્ઠાના કારણે આજે આપણે સૌ મળીને જોઈએ છીએ કે, મહોત્સવની સુવર્ણ પળોના છેડે આપણે જઈ રહ્યા છીએ અને તેથી અમારા બધાંના મનમાં આનંદ છે. તેથી અમારા અંતરમાં પડઘા ઊઠે છે :

'ઉમિયા માતાકી જય'

•

# કડવા પાટીદાર જ્ઞાતિની ઉત્પત્તિ અને તેનો વિકાસ



**૧. પ્રસ્તાવના**

- જ્ઞાતિનું મૂળ : વર્ણ-વ્યવસ્થા
- મહાભારત યુગમાં વર્ણ વ્યવસ્થા
- જ્ઞાતિની ઉત્પત્તિ કેવી રીતે થઈ ?
- જ્ઞાતિનાં લક્ષણો
- સમાજનું જુદાજુદા ખંડોમાં વિભાજન
- લગ્ન પર પ્રતિબંધ
- આર્યોનું મૂળ વતન

**૨. કણબીઓનું ભારતમાં આગમન**

- કણબીઓનું મૂળ વતન : પામીર
- ઉત્તર ગુજરાતમાં કુર્મીઓનું આગમન
- ભારતના અન્ય પ્રદેશોમાં કુર્મીઓ
- ઈડર, પાટડી અને વિરમગામનો ઈતિહાસ
- પાટડીના દેસાઈ કુર્મીઓની વંશાવળી
- કચ્છ તરફ કુર્મી પટેલોનો પ્રવેશ
- કડી, ગોઝારિયાના અમીનો

**૩. કુર્મી, કણબી, પાટીદાર, પટેલ શબ્દની ઉત્પત્તિ**

- 'કુર્મી' શબ્દનો અર્થ
- કણબીઓ કૂર્મ ઋષિના વંશજો
- પાટીદાર અને પટેલનો ઈતિહાસ
- કણબીઓ ક્ષત્રિયો કે વૈશ્યો ?

**૪. દંતકથાઓના આધારે કુર્મી પટેલ જ્ઞાતિની ઉત્પત્તિ**

- ઉમિયામાતાજીના હસ્તે કડવા પાટીદારોની ઉત્પત્તિ
- વહીવંચાઓના આધારે કડવા પાટીદારોની ઉત્પત્તિ
- દેસાઈ પટેલોની વહીવંચાઓની કહાણી
- 'લેઉવા પુરાણ'ના આધારે કડવા પાટીદારોની ઉત્પત્તિ
- 'બ્રાહ્મણોત્પત્તિ માર્તંડ'ના આધારે કડવા પાટીદારોની ઉત્પત્તિ
- લવ-કુશના વંશજોના આધારે કડવા પાટીદારોની ઉત્પત્તિ
- મા ઉમા અને શંકરે સ્વહસ્તે અર્પણ કરેલ નંદી અને ત્રિશૂળ
- શાખો અને પેટાશાખો

**૫. આધુનિક યુગમાં વિવિધક્ષેત્રે કડવા પાટીદારોની પ્રગતિ**

- પ્રસ્તાવના
- જૂના અને નવા રિવાજો સામે શરૂ થયેલો સંઘર્ષ
- પાટીદાર સમાજના બે આદ્યસુધારકો
  સ્વ. જોરાવરસિંહજી દરબાર, સ્વ. બેચરદાસ લશ્કરી
- કડવા પાટીદાર પરિષદો
- કડવા પાટીદાર પરિષદોની વ્યાપક અસરો
- કડવા પાટીદાર સમાજના ઉત્કર્ષ માટેનાં વિવિધ સમાચારપત્રો
- સામાજિક ક્ષેત્રે ક્રાન્તિ
- સમાજસુધારણાની ઝુંબેશ
- શૈક્ષણિક ક્ષેત્રે ક્રાન્તિ
- વિવિધક્ષેત્રે કડવા પાટીદારનું પ્રદાન
- વેપાર ઉદ્યોગ ક્ષેત્રે ક્રાન્તિ
- ૧૮મી શતાબ્દી મહોત્સવ પછી કડવા પાટીદારોમાં જાગૃત થયેલી અસ્મિતા



# શ્રી ઉમિયા માતાજી

## અઢારમી શતાબ્દી મહોત્સવ ✻ સ્મૃતિગ્રંથ



### પ્રસ્તાવના

**જ્ઞાતિનું મૂળ : વર્ણ-વ્યવસ્થા**

જ્ઞાતિના ઉદ્‌ભવનો કોઈ ચોક્કસ સમય આપવો મુશ્કેલ છે. કારણકે હાલની જ્ઞાતિપ્રથા ધીરેધીરે અસ્તિત્ત્વમાં આવી છે. હિંદુઓના મૂળગ્રંથો તપાસતાં જ્ઞાતિપ્રથાનો ઉલ્લેખ પાછળથી આવે છે, પરંતુ સૌથી પહેલાં વર્ણ-વ્યવસ્થા અમલમાં આવી હતી. કેટલાકને મતે આ પ્રકારની વ્યવસ્થા આર્યો હિંદમાં આવ્યા તે પહેલાં જ સમાજમાં હતી અને પોતાના સમાજના સફળ સંચાલન માટે આર્યોએ આ પ્રથા તેમની પાસેથી અપનાવી. જ્યારે કેટલાકનું એમ માનવું છે કે, આર્યો બહારથી જ્યારે ભારતમાં આવ્યા ત્યારે આ પ્રથા લેતા આવ્યા હતા. આ ઉપરથી એટલું તો ફલિત થાય છે કે, વર્ણ-વ્યવસ્થા લગભગ આર્યોના વસવાટ સાથે સમાજમાં દઢપણે સ્થપાઈ. લગભગ ઈ.સ. પૂર્વે ૨૫૦૦ વર્ષ પહેલાં ઋગ્વેદના સમયથી જ્ઞાતિપ્રથાના ઉદ્‌ભવસ્થાનસમી વર્ણવ્યવસ્થા ભારતમાં અમલમાં આવી. સૌથી પહેલાં ચાર વર્ણનો ઉલ્લેખ ઋગ્વેદના દસમ મંડળના પુરુષસૂક્તમાં આવે છે. જેમાં સમાજના ચાર વર્ણો - બ્રાહ્મણ, રાજન્ય, વૈશ્ય અને શુદ્રનું વર્ણન છે.

મનુસ્મૃતિમાં મનુભગવાને લખ્યું છે કે, "બ્રાહ્મણો પરમેશ્વરના મુખમાંથી, ક્ષત્રિયો તેના બાહુમાંથી, વૈશ્યો તેની જાંઘોમાંથી અને શુદ્રો તેના પગમાંથી ઉત્પન્ન થયેલા છે." (૧. મનૃસ્મૃતિ, અધ્યાય ૧, શ્લોક નં. ૮૬ થી ૯૧)

એટલે ઋગ્વેદના મંત્રો લખાયા હશે ત્યારે વર્ણો હશે પણ જ્ઞાતિઓ નહિ હોય. ઋગ્વેદમાં બ્રહ્મ, ક્ષત્રિ અને વિશ એવી રીતે ફક્ત ત્રણ વર્ણોનો ઉલ્લેખ જોવામાં આવે છે. પુરુષ સૂક્તમાં ચાર વર્ણોનો જે ઉલ્લેખ કરેલો છે, તે ઋગ્વેદના આરંભ કાળના સમાજનું ચિત્ર આપતું નથી. પરંતુ આર્યોના અહીંના નિવાસસ્થાન પછી ૪૦૦ વર્ષ પછીનું તે ચિત્ર છે. વળી, કેટલાકને મતે આર્યો આ દેશમાં આવીને રહ્યા ત્યારે આર્યોએ પોતાના સમૂહને અહીં વસતા લોકોથી જુદો ઓળખવા માટે ચામડીના રંગ ઉપરથી વર્ણ શબ્દ યોજ્યો. અભ્યાસ કરતાં એમ જણાય છે કે, વર્ણ-વ્યવસ્થાના મૂળમાં સમાજના સફળ સંચાલન માટે કાર્યોની વહેંચણી જ રહેલી છે. સમાજમાં જે લોકોએ અધ્યયન કરવાનું અને કરાવવાનું, સંસ્કારો ફેલાવવાનું, અને ચારિત્ર્ય ઘડવાનું, તેમજ ધાર્મિક ક્રિયાઓ કરવાનું કામ ઉપાડી લીધું, તેઓ બ્રાહ્મણો કહેવાયા. સમાજનું રક્ષણ કરવાની જવાબદારી જેમણે ઉપાડી તેઓ ક્ષત્રિય કહેવાયા. વેપાર-ઉદ્યોગ દ્વારા સમાજની અર્થવ્યવસ્થા જેણે સંભાળી લીધી તે વૈશ્યો કહેવાયા. આમ પુરુષ સૂક્ત પહેલાં ત્રણે ત્રણ વર્ણો આર્યોમાં હતી, પણ પાછળથી આર્યોએ અનાર્યોને પણ તેમના સમાજમાં સમાવી લીધા. અને તેમાંથી ચોથો વર્ણ સમાજની સેવા કરનારાઓનો થયો, જેઓ શૂદ્રો તરીકે ઓળખાયા.

ચારે વર્ણનો સ્પષ્ટ ખ્યાલ ઈ.સ. પૂર્વે ૧૪૦૦માં બ્રાહ્મણમાં જોવા મળે છે. પાછળના સ્મૃતિકારોએ વર્ણવ્યવસ્થાને દઢ નિશ્ચિત સ્વરૂપ આપ્યું. હિંદુઓના સામાન્ય સ્મૃતિકાર મનુ ભગવાને મનુસ્મૃતિમાં ચારે વર્ણનો નિર્દેશ કરેલો છે. ચારે વર્ણના ધર્મ મનુએ આપ્યા છે. સમાજનો સામાન્ય વર્ગ બીજી દુનિયાના કે ઈશ્વરના ડરથી તેમજ ધર્મના પાલન માટે મનુના આદેશોનું પાલન કરતો અને પોતાનાં સ્ખલનો કે ગેરવર્તણૂકના પ્રાયશ્ચિતરૂપે જે આજ્ઞા કરવામાં આવી હોય તે પ્રમાણે પ્રાયશ્ચિત કરતો. મનુએ દરેક વર્ણનાં કાર્ય પણ નિશ્ચિત કરેલાં છે. શાસ્ત્રોના પુરાવા પરથી એટલું તો સિદ્ધ થાય છે કે, ઈ.સ. પૂર્વે ચોથા સૈકામાં સમાજમાં વર્ણ-વ્યવસ્થા પ્રચલિત થઈ ચૂકી હતી. ચાણક્યે ચારે વર્ણોની વિગતવાર માહિતી તેના રાજનીતિશાસ્ત્ર ગ્રંથના પ્રથમ પ્રકરણમાં આપી છે. જે-તે વખતની ચાર વિભાગવાળી સમાજરચનાનો સ્પષ્ટ ખ્યાલ આપે છે.

**મહાભારત યુગમાં વર્ણવ્યવસ્થા**

મહાભારતકાળમાં પ્રત્યેક વર્ણનાં કામો નક્કી થયેલાં જણાય છે. વળી, દરેક વર્ણ એકબીજાથી અલગ પણ થયા હશે. તે જ કાળમાં વર્ણ જન્મથી જ એમ માનવાની શરૂઆત થઈ. એટલે તેની સાથે કેટલાંક અનિષ્ટો પણ આવવાં લાગ્યાં. આ માન્યતાના વિરોધમાં મહાભારતમાં કહેવામાં આવ્યું છે કે, બ્રાહ્મણોનો વર્ણ જન્મથી જ નહિ પરંતુ વૃત્ત એટલેકે ચારિત્ર અને સંસ્કારથી છે.

એટલે બ્રાહ્મણમાં જો તે ગુણો ન હોય તો બ્રાહ્મણ ગણવો જોઈએ નહિ. પરંતુ શુદ્રમાં જો બ્રાહ્મણના ગુણો હોય તો તેને બ્રાહ્મણ કહેવડાવવાનો અધિકારી ગણવો.

ગીતામાં શ્રીકૃષ્ણ ભગવાન કહે છે કે, चातुर्वर्ण्यम् मया सृष्टम् गुण कर्म विभागस:

આ બધા પુરાવા સમાજના ચાર ભેદ જ દર્શાવે છે. ગીતામાં શ્રીકૃષ્ણ કહે છે કે, ગુણ કર્મના આધારે ચાર વર્ણની







મેં રચના કરી છે. ઉપનિષદ્ સમયમાં શ્રીકૃષ્ણે પોતે જ ત્રિવર્ણી સમાજમાં એક વર્ણ શૂદ્રને ઉમેરીને ચારવર્ણી સમાજરચના કરી હોય. **चातुर्वर्ण्यम्...** શ્લોકના બે અર્થ ઘટાવી શકાય. એટલેકે વ્યક્તિના ગુણ તથા કર્મ પ્રમાણે બ્રાહ્મણ, ક્ષત્રિય વગેરે ભેદો ઈશ્વરે સર્જેલા છે. જ્યારે બીજો એવો પણ અર્થ કરી શકાય કે, વર્ણભેદનું કારણ ગુણ અને કર્મ છે એટલેકે જે લોકોમાં જેવાં ગુણ અને કર્મ હોય તે વર્ણના તેમને ગણવા જોઈએ. આ ઉપરથી એટલું તો ચોક્કસ ફલિત થાય છે કે, મહાભારતના સમય સુધીમાં સમાજમાં ચાર મુખ્ય વર્ણો સ્થપાયા હશે.

ચોથો વર્ણ જે ઋગ્વેદના પુરુષ સૂક્ત પછી ઉમેરાયો છે. તેને અંગે એવો મત છે કે, આર્યો અને અનાર્યો સુલેહથી આ દેશમાં રહેવા માંડ્યા પછી આ ચોથો શુદ્રનો વર્ણ અનાર્ય લોકોનો બનાવવામાં આવ્યો. આર્યોના સમાજમાં સ્થાન મળવા છતાં તેમના સંસ્કારો જુદા હોવાને લીધે અને આર્યો ધાર્મિક ક્રિયાઓમાં ખૂબ પવિત્રતાનો આગ્રહ રાખતા હોવાથી ધાર્મિક ક્રિયાઓમાંથી શૂદ્રોને બાકાત રાખવામાં આવતા. જોકે ઋગ્વેદના સૂક્તોના પ્રણેતાઓમાં શૂદ્ર ઋષિઓ પણ છે. વર્ણ-વ્યવસ્થા ઉદ્ભવી ત્યારે જન્મ સાથે તેનો કોઈ સંબંધ ન હતો. દરેકના કર્મ ઉપરથી જ તેનો વર્ણ ગણાતો. લોકો પુરુષાર્થ અને કર્મથી એક વર્ણમાંથી બીજા વર્ણમાં જઈ શકતા. શુદ્ર ઋષિઓના દાખલા ઉપરાંત વિશ્વામિત્ર તપ અને કર્મના પ્રભાવથી ક્ષત્રિયમાંથી ઋષિ બન્યા હતા. ચોથો વર્ણ સમાજમાં દાખલ થતાં ધીરે ધીરે વર્ણભેદ વધારે તીવ્ર બન્યો અને પહેલાં ત્રણ વર્ણો વચ્ચે પણ મર્યાદાઓ મુકાવા માંડી. ખાસ કરીને બ્રાહ્મણો ધાર્મિક ક્રિયાઓ કરતા, કરાવતા હોવાથી કાંઈક અંશે પવિત્રતાના ખ્યાલોથી, પોતાને ઉત્તમ સંસ્કારવાળા માનતા હોવાથી, તેમજ વિદ્યાના દાતા હોવાથી પોતાને સર્વશ્રેષ્ઠ માનવા લાગ્યા. અને આ ખ્યાલોથી પ્રેરાઈને તેમણે પોતાનો વાડો બીજા વર્ણોથી અલગ બનાવ્યો. લગ્ન તથા વ્યવહાર પોતાના વર્ણો પૂરતાં જ મર્યાદિત રાખ્યાં. આ ચાર વર્ણોમાં શરૂઆતમાં સવર્ણ લગ્ન થતાં. પાછળથી તેમાં અનુલોપ તેમજ પ્રતિલોપ લગ્ન થવા માંડ્યાં. મનુ ભગવાને અનુલોમ લગ્નની છૂટ આપી છે. પરંતુ પ્રતિલોમ લગ્નને સખત રીતે વખોડી કાઢ્યું છે. અને પ્રતિલોમ લગ્નથી થતી પ્રજાની જુદીજુદી જાતિઓ દર્શાવી છે. જે બ્રાહ્મણ હોય તે પોતાના તેમજ પોતાનાથી નીચેના ત્રણ વર્ણોની કન્યા ગ્રહણ કરી શકે. તેવી જ રીતે ક્ષત્રિયો પણ પોતાના તેમજ પોતાની નીચેના બે વર્ણોની કન્યા ગ્રહણ કરી શકે. એટલેકે કોઈ વર્ણ પોતાના વર્ણમાંથી કે પોતાનાથી નીચેના વર્ણની કન્યા સાથે લગ્ન કરે તેને અનુલોમ લગ્ન કહેવાય છે. બ્રાહ્મણ કન્યા જો ક્ષત્રિય, વૈશ્ય કે શૂદ્રને અથવા ક્ષત્રિય કન્યા વૈશ્ય કે શૂદ્રને તેવી જ રીતે વૈશ્ય કન્યા શૂદ્રને પરણે તો તે પ્રતિલોમ લગ્ન કહેવાય છે. આવાં અનુલોમ અને પ્રતિલોમ લગ્નોને લીધે અનેક પેટા-વર્ણો અને જાતિઓ અસ્તિત્ત્વમાં આવી.

વર્ણાશ્રમના ધર્મો ઉપરાંત મનુ મહારાજ જાતિઓની પણ એક યાદી આપે છે. આ જાતિઓ જુદીજુદી રીતે ઉદ્ભવેલા પેટા-વર્ણમાંથી અસ્તિત્ત્વમાં આવી હશે. જાતિ વિશે ધર્મગ્રંથોમાં ખૂબ માહિતી મળતી નથી, પરંતુ અનુલોમ અને પ્રતિલોમ લગ્નથી થયેલી પ્રજાને જુદી જુદી જાતિનાં ઉપનામ મનુએ આપ્યાં છે. તેમાંની કેટલીકનાં અત્યારે નામ જ બદલાઈ ગયાં છે; જ્યારે કેટલીક નામશેષ થઈ ગઈ છે. બ્રાહ્મણથી શૂદ્ર કન્યાને થયેલી પ્રજા નિષાત્ જાતિ તરીકે ઓળખાય છે. ક્ષત્રિયથી બ્રાહ્મણ કન્યાને જન્મેલો પુત્ર સૂત જાતિનો ગણાય છે. વૈશ્યથી બ્રાહ્મણ કન્યામાં વૈદેહી અને વૈશ્યથી ક્ષત્રિયાણીમાં માગધ જાતનો પુત્ર છે.

ચાર વર્ણો બાદ કરતાં જુદીજુદી જાતિઓ નીચે પ્રમાણે જુદાંજુદાં કારણોસર અસ્તિત્ત્વમાં આવી :

(૧) વર્ણસંકરતાને લઈને, (૨) ધાર્મિક ક્રિયાઓનું સંપૂર્ણ પાલન ન કરવાના પરિણામે સામાજિક મોભો ગુમાવ્યાથી, (૩) ગુનાસર પોતાના સમૂહમાંથી બહાર કાઢી મૂકવાથી, (૪) ગુલામો અને તેમના વંશજોના બનેલા સમૂહ દ્વારા, (૫) ચાર વર્ણની બહાર કાઢી મૂકેલા લોકો અને તેમના વંશજોના સમૂહ દ્વારા. આ ઉપરાંત મનુ મહારાજે મિશ્ર જ્ઞાતિઓની એક લાંબી નામાવલી આપી છે. તેની સંખ્યા ત્રીસ છે અને તે ત્રણ પ્રકારની છે :

(૧) ફક્ત શુદ્ર જ્ઞાતિઓમાંથી ઉત્પન્ન થયેલી પ્રજા, (૨) શુદ્ર જ્ઞાતિઓ અને વર્ણસંકર જ્ઞાતિઓમાંથી ઉત્પન્ન થયેલી પ્રજા, (૩) કેવળ વર્ણસંકરથી જ ઉત્પન્ન થયેલી પ્રજા.

ધર્મશાસ્ત્રોના લેખકોએ સમાજમાં વ્યવસ્થા સાચવવા માટે આવી જાતિના નિયમો કર્યા હતા. પરંતુ દરેક સમાજના પ્રચલિત નીતિનિયમોનું ઉલ્લઘંન કરનારા મનુષ્યો નીકળી આવે છે. તેને પરિણામે વર્ણસંકર જાતિઓ ઉત્પન્ન થઈ. આર્યોના કાળના સમાજમાં પણ વર્ણના વ્યવહાર અંગે, ટૂંકમાં વર્ણાશ્રમ







ધર્મ માટે ખાસ ભાર મુકાયો છે. છતાં વખતના વહેવા સાથે આ વર્ણાશ્રમ ધર્મમાં સ્ખલનો પેઠાં. આ તેમજ અન્ય કારણોને લઈને વર્ણમાંથી અનેક પેટા-વર્ણો, જાતિઓ, જ્ઞાતિઓ વગેરે ઉત્પન્ન થયા.

ભગવદ્‌ગીતામાં દર્શાવ્યા પ્રમાણે વર્ણો ગુણ અને કર્મ પ્રમાણે બનાવવામાં આવ્યાં છે. આ રીતે સમાજશાસ્ત્ર તેમજ માનસશાસ્ત્રના નિયમને અનુસરીને આર્યોની વર્ણવ્યવસ્થા રચાયેલી છે. મનુષ્ય પોતાના ગુણ એટલેકે વંશપરંપરા મેળવેલા ગુણો તેમજ આજુબાજુના સંજોગોની અનુકૂળતા પ્રમાણે કર્મ કરવા તત્પર થાય છે. એટલે ગુણો અને કર્મ ઉપર વર્ણનું નિર્માણ થયેલું છે તે યથાર્થ છે. પરંતુ સમાજ હંમેશાં પરિવર્તનશીલ છે. એટલે કોઈપણ પ્રકારની વ્યવસ્થા સ્થિત્યાત્મક રહી શકે નહિ. આપણા સ્મૃતિકારોએ પણ આ વસ્તુનો નિર્દેશ જુદાજુદા યુગના લોકો માટે જુદાજુદા ધર્મો પાળવાનું દર્શાવી કરેલો છે.

**જ્ઞાતિની ઉત્પત્તિ કેવી રીતે થઈ ?**

પ્રમાણભૂત આધારો પરથી એવું ફલિત થાય છે કે, જ્ઞાતિ કોઈ એક કાળે જ ઉત્પન્ન થઈ નથી. પરંતુ જુદાંજુદાં પરિબળોના પરિણામે સમાજનું જુદેજુદે તબક્કે વિભાગીકરણ થતાં તે અસ્તિત્વમાં આવી હશે. કેટલાક પરદેશી વિદ્વાનોનો એવો મત છે કે, જ્ઞાતિ એ કૃત્રિમ રચના છે અને જ્ઞાતિઓમાં સર્વશ્રેષ્ઠ મનાતા બ્રાહ્મણોએ પોતાની સત્તા ટકાવી રાખવા વહીવટીતંત્ર દ્વારા જ્ઞાતિબંધન પ્રજા પર ઠોકી બેસાડ્યું હશે. અત્યાર સુધીની જ્ઞાતિ વિશેની માહિતી પરથી એવું જણાય છે કે, જ્ઞાતિ કોઈ એક સમયે ઊભી કરેલી અને લાદેલી કૃત્રિમ રચના નથી. પરંતુ ભૌગોલિક, સામાજિક, રાજકીય પરિસ્થિતિએ ઉપજાવેલો ધીમો પણ સ્વયં વિકાસ છે. ભારતનું ભૌગોલિક એકાંતિકત્વ, હિંદુઓની ધાર્મિક માન્યતા, પૂર્વજ પૂજા અને શ્રાદ્ધવિધિ, પુનર્જન્મ અને કર્મના સિદ્ધાંતમાં શ્રદ્ધા, કામધંધા અને ખોરાક સાથે અમુક જાદુ સંકળાયેલો હોવાની આદિ માનવોની માન્યતા, આનુવંશિક ધંધાઓ તેમજ તે અંગેની માહિતી અને આવડતની ગુપ્તતા જાળવી રાખવાની ઈચ્છા, વિરોધી માન્યતાઓવાળી સંસ્કૃતિઓ તેમજ ટોળીઓ સાથે સંઘર્ષ અને પોતાની સંસ્કૃતિ ટકાવી રાખવાની ઈચ્છા, સામાજિક અને ધાર્મિક વિશેષાધિકારોવાળા વર્ગોનો ઉદ્‌ભવ, હેતુપૂર્વક ધાર્મિક ક્રિયાઓના ગોપન માટે સમાજની અમુક પ્રકારની વ્યવસ્થા વગેરે પરિબળોને જ્ઞાતિના ઉગમ અને વિકાસ માટે કારણભૂત ગણી શકાય.

સમાજની સ્થિરતા અને વિકાસ માટે સમાજમાં વર્ણ-વ્યવસ્થા અસ્તિત્વમાં આવી. ધીરેધીરે વર્ણમાંથી પેટા-વર્ણો અને જ્ઞાતિનો ઉદ્‌ભવ થયો. આગળ દર્શાવેલાં પરિબળોને લીધે લગભગ ૨૦૦૦ વર્ષ સુધી તો હિંદમાં જ્ઞાતિનું વૃક્ષ ફૂલ્યુંફાલ્યું. અત્યારે જ્ઞાતિનાં મૂળ એટલાં ઊંડાં નંખાઈ ગયાં છે કે, તેને ઊખેડવાં સહેલાં નથી. પરંતુ આધુનિક કાળમાં જ્ઞાતિવૃક્ષના મૂળમાં ખૂબ સડો લાગવાથી તે બાહ્ય ઝંઝાવાતો સામે ટકી રહે તે મુશ્કેલ છે.


**જ્ઞાતિનાં લક્ષણો**

જ્ઞાતિની ઉત્પત્તિના કારણમાં જુદાજુદા વિદ્વાનોએ જુદોજુદો મત દર્શાવ્યો છે. પરંતુ તેની વિવેચનામાં ન ઊતરતાં જ્ઞાતિનાં જે મુખ્ય લક્ષણો હજુ ટકી રહ્યાં છે તેને જોઈશું. હિન્દુ ધર્મગ્રંથોના આધાર પર રચાયેલો જ્ઞાતિ સંબંધીનો મત આપણે આગળ જોઈ ગયા. પરંતુ હાલના કાળમાં જે રીતે નવી નવી જ્ઞાતિઓ ઉદ્‌ભવ પામી છે અને પામે છે તે રીતે હાલની અસંખ્ય જ્ઞાતિઓ ફક્ત વર્ણસંકરતાથી કે વિભિન્ન ધંધાને લીધે જ અસ્તિત્ત્વમાં આવી હશે તેમ માની શકાય તેમ નથી. જ્ઞાતિના ઉદ્‌ભવના મૂળમાં તે એક અગત્યનું કારણ હોય. પરંતુ તેના સિવાય બીજાં પણ કેટલાંક અગત્યનાં કારણો છે. જે જ્ઞાતિના ઉદ્‌ભવ તેમજ વિકાસમાં કારણભૂત બન્યાં હશે. જ્ઞાતિના અસ્તિત્વકાળથી લગભગ હાલના સમય સુધી ટકી રહ્યાં હોય તેવાં બે મુખ્ય લક્ષણો એક પરદેશી મુસાફરે પોતાની નોંધમાં જણાવ્યાં છે.

ઈ.સ. પૂર્વે ત્રીજા સૈકામાં મેગેસ્થનિસ નામનો મુસાફર હિંદની જ્ઞાતિ પ્રણાલિનાં મુખ્ય બે લક્ષણો ગણાવે છે. જોકે, બ્રિટિશ શાસકોની તેમજ અન્ય ભૌગોલિક, સાંસ્કૃતિક અને ઐતિહાસિક પરિબળોની અસર પછી આમાંના એક લક્ષણમાં ફેરફાર થયો છે. જ્ઞાતિનાં મુખ્ય લક્ષણો ને રોટી-બેટી વ્યવહાર અને વંશપરંપરાગત ધંધો મેગેસ્થનિસના સમયમાં બીજી પણ એક ધ્યાન ખેંચે તેવી પરિસ્થિતિ સમાજમાં પ્રવર્તતી હતી. અને તે એ કે જ્ઞાતિ જન્મથી જ છે અને તે સામાજિક અસમાનતા ઉપર રચાયેલી હતી. એટલે કે શુદ્ર જ્ઞાતિમાં જન્મેલો શુદ્ર જ રહે, શુદ્ર કન્યાને પરણી શકે અને ધંધો પણ શુદ્રનો જ કરે. આ સિવાય મેગેસ્થનિસ જ્ઞાતિ વિશે લંબાણ માહિતી આપતો નથી, પરંતુ તેનાં બે મુખ્ય લક્ષણો જ જણાવે છે કે, જ્ઞાતિ લગ્ન અને







ધંધા પર નિર્ભર થયેલી હતી. ટૂંકમાં કોઈ પણ વ્યક્તિ બીજી વ્યક્તિ સાથે ભોજન લઈ શકે નહિ. અન્ય જ્ઞાતિની કન્યા સાથે લગ્ન-સંબંધ જોડી શકે નહિ તેમજ બીજી જ્ઞાતિનો ધંધો કરી શકે નહિ. આ વ્યવસ્થામાં કેવળ તત્ત્વવેત્તાઓનો વર્ગ જ અપવાદરૂપ હતો. તેઓ એક કરતાં વધારે ધંધા કરી શકતા.

પ્રો. ધુર્યે જ્ઞાતિ લક્ષણોને આ પ્રમાણે છ વિભાગમાં વહેંચી નાખે છે : (૧) સમાજનું જુદાજુદા ખંડોમાં વિભાજન (૨) ચઢ-ઊતરનો ક્રમ (૩) સામાજિક સંપર્ક અને ખાનપાન પર પ્રતિબંધો (૪) ધાર્મિક તેમજ નાગરિકના સમાન હકો પર પ્રતિબંધ (૫) ધંધા પર પ્રતિબંધ (૬) લગ્ન પર પ્રતિબંધ.

**સમાજનું જુદાજુદા ખંડોમાં વિભાજન**


જ્ઞાતિ સમાજ એ એક સંવાદી તેમજ સમાન દરજ્જો ધરાવતી કૉમ્યુનિટી નથી, પરંતુ તેનું જુદાજુદા ખંડોમાં વિભાજન થયેલું હોવાથી હિંદુઓ એક કૉમ્યુનિટી હોવા છતાં જ્ઞાતિઓને લીધે જુદોજુદો સામાજિક દરજ્જો ભોગવે છે. સમગ્ર હિંદુ સમાજને જો આપણે એક વર્તુળ માની લઈએ તો વર્તુળના જુદાજુદા ખંડ જુદીજુદી જ્ઞાતિઓ બની રહે છે અને આ બધા જુદા જુદા ખંડોમાં આવી જતા લોકો જુદા જુદા સામાજિક દરજ્જા ભોગવે છે. પ્રત્યેક સમૂહની સભાસદ થવાની લાયકાત જન્મ ઉપર અવલંબે છે. એટલેકે જે ખંડ સમૂહમાં તે જન્મે તે જ સમૂહનો તે સભાસદ થઈ શકે છે. પ્રો. મેક આઈવર આ પરિસ્થિતિ નિહાળીને લખે છે કે, પૂર્વ અને પશ્ચિમના દેશોમાં વ્યક્તિનો વર્ગ અને સામાજિક દરજ્જો ધનદોલત પર અવલંબે છે. જ્યારે હિંદમાં તે વ્યક્તિ કઈ જ્ઞાતિમાં જન્મી છે તેના ઉપર તેનો મોભો, દરજ્જો અને વર્ગ નક્કી થાય છે. હાલના હિંદુ સમાજમાં જન્મ ઉપરાંત પૈસાને પણ ઠીકઠીક મહત્ત્વ મળવા માંડ્યું છે. વર્ગ સમાજમાં એક વ્યક્તિ સ્વપ્રયત્નથી એક વર્ગમાંથી બીજા વર્ગમાં જઈ શકે છે. પોતાના નીચા વર્ગમાંથી ઊંચા વર્ગમાં જઈ શકે છે. જ્યારે જ્ઞાતિ સમાજમાં વ્યક્તિના પગ બંધાઈ ગયેલા હોય છે. ખૂબ પ્રયત્ન કરવા છતાં શુદ્ર અને શુદ્ર જ રહે છે. આપણો હાલનો સમાજ દ્રવ્યાભિમુખ થતો જાય છે. અને પરિણામે આ પરિસ્થિતિમાં પણ ધીમો પલટો આવતો જાય છે. આના સમર્થનમાં ડૉ. ધુર્યે મહારાષ્ટ્રના સમાજમાંથી ઉદાહરણ આપી દર્શાવે છે કે કોઈ પણ વ્યક્તિ પોતાના વંશપરંપરાના ધંધાને બદલે બીજો ધંધો સ્વીકારે તો પણ તેનો દરજ્જો બદલાતો નથી. દા.ત. મરાઠા, પ્રભુ, બ્રાહ્મણ, સોની, સુથાર કે મહારનો દરજ્જો બાપદાદાનો ધંધો બદલવા છતાં એનો એ જ રહે છે. મરાઠા સેનાપતિ લશ્કરમાં જુદો મોભો ભોગવતો હોય છતાં તેનો સામાજિક દરજ્જો મરાઠાનો જ રહે છે. ભારતના નવા રાજ્યબંધારણ પહેલાં જ્ઞાતિપંચોને પોતાની જ્ઞાતિના વહીવટ માટે કેટલાક હકો હતા, જેનાથી તે જ્ઞાતિજનો પર નિયંત્રણો રાખી શકતાં હતાં અને નાના ઝઘડાઓનો નિકાલ સરળતાથી લાવી શકતાં હતાં. જ્ઞાતિપંચો જ્ઞાતિના નિયમોનું ઉલ્લંઘન કરનારને દંડ તેમજ જ્ઞાતિ બહાર મૂકવાની સત્તા ધરાવતાં હતાં. આમ, દરેક જ્ઞાતિમંડળ સ્વતંત્ર એકમ હતું અને પોતપોતાના જ્ઞાતિ-નિયમો પ્રમાણે વહીવટ ચલાવતું હતું.

**લગ્ન પર પ્રતિબંધ**

આગળ જોયું તેમ મુખ્ય જ્ઞાતિઓ અસંખ્ય પેટા વિભાગોમાં વહેંચાઈ ગયેલી છે. એક જ્ઞાતિ બીજી જ્ઞાતિ સાથે અને દરેક જ્ઞાતિની પેટા-શાખાઓ એકબીજા સાથે લગ્ન-સંબંધ બાંધી શકતી નથી. પરંતુ તેમની અંદરોઅંદર લગ્ન કરી શકે છે. જ્ઞાતિનું લક્ષણ હજુ પણ સર્વવ્યાપી છે. જોકે હવે પેટા-જ્ઞાતિ અથવા તો કોઈ પણ જ્ઞાતિ પોતાના ગોળની બહાર નીકળી તે જ પેટાજ્ઞાતિની અને મુખ્ય જ્ઞાતિની વ્યક્તિઓ સાથે લગ્નસંબંધ બાંધી શકે છે. પરંતુ પોતાનાથી ઉપરના ક્રમમાં કન્યાને પરણાવવાની પ્રથા એટલે કે, ઊંચી જ્ઞાતિઓ નીચી પેટા-જ્ઞાતિની કન્યા સાથે લગ્ન-સંબંધ બાંધે તે સામાન્ય નિયમ તરીકે સ્વીકાર્યું છે. આનાથી વિરુદ્ધ વર્તન અપવાદરૂપે જ છે. આ ક્રમમાં કન્યા આપવાનું સુંદર ઉદાહરણ પાટીદાર જ્ઞાતિ પૂરું પાડે છે. પાટીદાર જ્ઞાતિ મૂળ તો એક જ જ્ઞાતિ હોવા છતાં, તેની જુદીજુદી શાખાઓ સમાજમાં ચઢતો-ઊતરતો દરજ્જો ભોગવે છે. ચરોતરના પાટીદાર કાનમની કન્યા લઈ આવે, પરંતુ પોતાની કન્યા આપશે નહિ, તેવી જ રીતે ચરોતરની અંદર પણ કડવા અને લેઉવા પાટીદાર એમ બે ભાગ છે. લેઉવા પાટીદારોની અંદર પણ જુદાજુદા ગોળ બંધાયેલા છે. તેઓ ચઢતા ગોળમાં કન્યા આપશે અને ઊતરતા ગોળની કન્યા લેશે ખરા પણ આપશે નહિ. આવી પ્રથાને લીધે અમુક ગોળમાં વરની અછતને લીધે વરવિક્રય થઈ રહ્યો છે, જ્યારે નીચલા ગોળના પાટીદારોમાં કેટલાય લાયક યુવકોને કુંવારા જીવન વ્યતિત કરવું પડે છે. જ્ઞાતિનું આ લક્ષણ એટલું ઊંડું છે કે આંતર-જ્ઞાતિય લગ્નની હિમાયત કરવા છતાં જ્ઞાતિમાં જ લગ્ન કરવાની પ્રથા છે. ગમે તે કારણોથી જ્ઞાતિઓ ઉત્પન્ન થઈ હોય,







પરંતુ લગ્નવ્યવહાર એ જ્ઞાતિનું એક મુખ્ય લક્ષણ છે. આના માટે કેટલાક સ્પષ્ટ નિયમો છે કે જે લગ્ન-વ્યવહાર પર પ્રતિબંધ મૂકે છે.

(૧) પોતાની જ્ઞાતિમાં નક્કી કરેલા વર્તુળ કે ગોળમાં જ લગ્ન-વ્યવહાર થવો જોઈએ. આ પ્રકારના લગ્નને અંતર્લગ્ન કહે છે. આવા પ્રકારના લગ્નની મર્યાદા, ભાષા, સ્થળ, ધર્મ વગેરે પર રચાયેલી છે. એટલે કે એક જ્ઞાતિ હોવા છતાં પણ જો કોઈ વ્યક્તિ પર પ્રાંતમાં રહેતી હોય, અન્ય ભાષા બોલતી હોય અને સમાનધર્મી ન હોય તો તે કુટુંબો સાથે સામાન્ય રીતે લગ્ન-સંબંધ બાંધી શકતો નથી. આવા નિયમથી જ્ઞાતિ બંધુઓના પણ અલગઅલગ વાડા થઈ જાય છે, તેમજ લગ્નની પસંદગીનું ક્ષેત્ર ખૂબ નાનું થઈ જાય છે.

(૨) લગ્નની બીજી મર્યાદા એ છે કે, પોતાના ગોળ કે એકમની અંદર પણ અમુક સગાઈવાળી વ્યક્તિઓ સાથે લગ્ન થતાં નથી. ટૂંકમાં મા, તેમજ બાપ તરફના નજીકના સગાંઓ સાથે લગ્ન સંબંધ જોડી શકાતો નથી. આવી જાતની પસંદગીના ક્ષેત્રની મર્યાદાને બહિર્લગ્ન કહેવાય છે. સગોત્ર લગ્ન કરવાનો શાસ્ત્રનિષેધ કર્યો હોવાથી આ પ્રકારનાં લગ્નમાં લગન-સંબંધ વર્તુળ બહાર અન્ય ગોત્ર સાથે બાંધવામાં આવે છે. મહાભારતકાળમાં સુભદ્રા-અર્જુનના દાખલા પરથી જણાય છે કે, મામાફોઈના છોકરાં-છોકરીનાં લગ્ન પર પ્રતિબંધ ન હતો. પરંતુ કાકા-કાકાનાં છોકરાંઓ વચ્ચે લગ્ન થયું હોય તેવો દાખલો જડતો નથી. ઘણીખરી ઉચ્ચ જ્ઞાતિમાં પોતાના એકમમાં પોતાનાથી ચડિયાતા સામાજિક દરજ્જાવાળા કુટુંબમાં છોકરી પરણાવવાની ઈચ્છા હોય છે. આવાં કહેવાતાં ઉચ્ચ કુટુંબો તેમના પૂર્વજની કોઈ જાહેર સેવાને લીધે અથવા તો ઈલકાબને લીધે ઉચ્ચ દરજ્જો ભોગવતાં હોય છે. આવા કુટુંબો આર્થિક રીતે સદ્ધર ન હોય તોપણ તેમના બાપદાદાઓની કુલીનતાને લીધે કુલીન ગણાય છે અને આવાં કુટુંબોના છોકરાઓ સાથે પોતાની છોકરીનો લગ્ન-સંબંધ બાંધવા માટે ઘણાં મા-બાપ આતુર હોય છે. પરંતુ આ પરિસ્થિતિને લીધે લગ્ન પસંદગીનું વર્તુળ બહુ જ મર્યાદિત બની જાય છે અને નીચલી કક્ષાના કુટુંબના છોકરાઓ માટે લગ્નનો પ્રશ્ન વિષમ બને છે. હાલમાં કહેવાતી ઉચ્ચ જ્ઞાતિઓમાં પૈસા ઉપરાંત વિદ્યાની કુલીનશાહીનું નવું તત્ત્વ દાખલ થયું છે અને ભણેલા યુવકોને જમાઈ તરીકે મેળવવા માટે હરીફાઈ જામે છે. જેને પરિણામે વર-વિક્રયની પ્રથાને ખૂબ જ પ્રોત્સાહન મળી રહ્યું છે.

પરંતુ તે જ જ્ઞાતિના બીજા સામાન્ય વર્ગો પર આ પ્રથાથી ખૂબ જ વિટંબણા આવી પડી છે. કેટલાંય ગરીબ માબાપો આ કહેવાતી કુળવાન શાહી-પછી તે આર્થિક પાયા પર રચાયેલી હોય કે, વિદ્યા પર રચાયેલી હોય-ને લીધે પોતાની છોકરીઓ માટે વર મેળવવાની ખૂબ મુશ્કેલી અનુભવે છે. એકંદરે લગ્ન-સંબંધ બાંધવામાં જ્ઞાતિ સંસ્થાઓએ જે મર્યાદાઓ મૂકી છે તેમાંથી ઘણાં અનિષ્ટ પરિણામો ઊપજાવ્યાં છે. સને ૧૯૦૧ની વસ્તીની ગણતરી પ્રમાણે તે વખતે ૨૩૭૮ જેટલી જ્ઞાતિઓ આપણા દેશમાં હતી. આજે ભારતમાં ૩૦૦૦ જેટલી જુદીજુદી જ્ઞાતિઓ છે, ને લગ્ન-સંબંધો પણ દરેક જ્ઞાતિમાં અલગઅલગ જોવા મળે છે. દરેક જ્ઞાતિની પોતાની આગવી વિશેષતા રહેલી છે.

**આર્યોનું મૂળ વતન**

આર્યોનું મૂળ સ્થાન ક્યાં હતું એ ચર્ચાસ્પદ છે. આમ છતાં એક સામાન્ય મત મધ્ય એશિયા અંગેનો છે. મધ્ય એશિયામાંથી ઈરાન અને યુરોપમાં એક વર્ગ ગયો. આ આર્યોએ બેક્ટ્રિઆ બલ્ખનો પ્રદેશ, અફઘાનિસ્તાન અને ઈરાનમાં વસવાટ કર્યો અને આ આર્યોની એક શાખા હિંદુકુશ ઓળંગીને વાયવ્ય સરહદના માર્ગે ભારતમાં દાખલ થઈને તે ભારતીય આર્યો તરીકે ઓળખાય છે.

ભારતમાં આવેલા આર્યોએ શરૂઆતમાં સિંધુ અને તેને મળતી નદીઓના પ્રદેશમાં સપ્તસિંધુમાં-પંજાબમાં વસવાટ કર્યો. ભારતમાં આર્યો ચોક્કસ ક્યારે દાખલ થયા એ અંગે ઘણો મતભેદ છે. આમ છતાં ઈ.સ. પૂર્વે ૨૫૦૦ થી ઈ.પૂર્વે ૨૦૦૦ સુધીના કોઈ ગાળામાં તેઓ ભારતમાં દાખલ થયા હશે એવું અનુમાન કરી શકાય. ઋગ્વેદમાં જે સામાજિક પરિસ્થિતિનું વર્ણન થાય છે એ ઉપરથી મનાય છે કે, ભારતમાં સ્થિર થયા પછીની સમાજરચનાનો એ ઉલ્લેખ છે. ઋગ્વેદના સમય અંગે પણ મતભેદ છે, તેમ છતાં ઈ.સ. પૂર્વે ૧૫૦૦ પછીનો તે નથી જ એવો સામાન્ય મત છે.

આર્યો મોટા પ્રવાહની માફક ભારતમાં આવ્યા ન હતા, પરંતુ તેમનું આગમન ધીરેધીરે કેટલીક સદીઓ સુધી સતત ચાલતું રહ્યું હતું. ઢોર-ઢાંખર, સ્ત્રીઓ, બાળકો અને વપરાશની વસ્તુઓ સાથે ભારતમાં તેમણે પ્રવેશ કર્યો હતો એ બતાવે છે કે, હુમલાખોરોને બદલે શાંત વસાહતીઓ તરીકે તેઓ







ભારતમાં આવ્યા હતા. આર્યોના એક પછી એક એમ ઘણાં મોજાં ભારતમાં ઠીકઠીક સમય સુધી આવવા ચાલુ રહ્યાં હતાં. અહીંના વતનીઓ સાથે યુદ્ધો પણ થતાં હતાં. ઋગ્વેદમાં આ અંગેના ઉલ્લેખો છે. ભારતમાં આવેલા આર્યોનો શરૂઆતનો વસવાટ સપ્તસિંધુમાં હાલના પંજાબમાં હતો. ઋગ્વેદમાં જે સરિતાઓનો ઉલ્લેખ કરવામાં આવે છે તે ઉપરથી પૂર્વ અફઘાનિસ્તાનથી માંડીને યમુનાનાં મેદાનો સુધી તેઓ વસવાટ માટે પહોંચ્યા હતા. પરંતુ પૂર્વ ભારતમાં અને નર્મદાની દક્ષિણમાં તેઓ ગયા ન હતા. કુર્મીઓનું મૂળ ક્યાં હતું તે શોધવું મુશ્કેલ તો છે જ પણ વેદોમાં પ્રથમ ઋગ્વેદ લખાયેલો હોવાથી આપણો પ્રાચીન ઈતિહાસ જાણવાનું તે મુખ્ય સાધન મનાય છે. તે જોતાં માલૂમ પડે છે કે, આપણો પ્રથમ વાસ અફઘાનિસ્તાનમાં હતો અને ત્યાંથી હિંદુકુશ પર્વત ઓળંગી ખૈબરઘાટને માર્ગે આવી આપણે પંજાબમાં વાસ કર્યો અને ત્યાંથી પણ કેટલાક સમય પછી આપણે ક્રમેક્રમે પૂર્વ તરફ ગંગા-જમનાના રસાળ પ્રદેશમાં ઠેઠ બંગદેશ સુધી ફેલાયા. જેનો વિગતવાર ઈતિહાસ હવે પછીના પ્રકરણમાં બતાવવામાં આવ્યો છે.

**૨. કણબીઓનું ભારતમાં આગમન કણબીઓનું મૂળ વતન : પામિર**

કણબીઓનું મૂળ વતન ગુજરાત નથી. પણ આ જ્ઞાતિ ગુજરાતમાં કેવી રીતે આવી તે જાણવું રસપ્રદ છે. ઈતિહાસકારોના મતાનુસાર ગુર્જરો વાયવ્ય દિશામાંથી હિંદુસ્તાનમાં પેઠા. કુર્મીઓ પણ ગુર્જરો સાથે હિંદુસ્તાનમાં આવ્યા. હજારો વર્ષો પહેલાં આર્યો એશિયા ખંડના પામિર નામના ઉચ્ચ પ્રદેશમાં વસતા હતા. સમય જતાં તેઓએ પામિર પ્રદેશમાંથી સ્થાનાંતર કરીને આર્યોની બે ટોળીઓ જુદીજુદી બે દિશાઓમાં વહેંચાઈ ગઈ. એક ટોળી ઈરાન તરફ ગઈ ને ત્યાંથી યુરોપના દેશો તરફ ગઈ. અને બીજી ટોળી મધ્યપૂર્વના દેશો તરફ ગઈ. પામિરમાંથી છૂટી પડેલી આર્યોની એક ટોળી અફઘાનિસ્તાનમાં થઈ ખૈબરઘાટ દ્વારા હિંદુકુશની પર્વતમાળા ઓળંગી સિંધુ નદીના ફળદ્રુપ પટમાં આવીને વસવાટ કરવા લાગી. ત્યાંથી વિસ્તરતાં-વિસ્તરતાં પંજાબ તથા ગંગા-જમનાનાં ફળદ્રુપ મેદાનોમાં જઈને આ ટોળીના લોકો વસવાટ કરવા લાગ્યા.

ઋગ્વેદના સમયમાં આર્યોનો વસવાટ મુખ્યત્વે પંજાબમાં હતો. પંજાબ નાનાં-નાનાં રાજ્યોમાં વહેંચાયેલો હતો અને ત્યાં વંશપરંપરાગતની રાજાશાહી હતી.

આ પછી આર્યો પૂર્વને દક્ષિણ તરફ આગળ વધ્યા. વૈદિક સમયના અંત સુધીમાં ગંગા, યમુના, સરસ્વતી અને ગંડક વગેરે નદીઓના પ્રદેશમાં આવીને રહેવા લાગ્યા. ઉત્તર ભારતના કેટલાક પ્રદેશોને જીતીને આર્યોએ રાજ્ય સ્થાપ્યાં. કેટલાક સાહસિક આર્યો વિંધ્ય પર્વતનાં જંગલો ઓળંગીને દક્ષિણ ભારત તરફ આગળ વધ્યા. પંજાબથી આર્યો જેમ આગળ વધ્યા તેમ તેમની સાથે આર્ય સંસ્કૃતિનું કેન્દ્ર પણ પૂર્વ તરફ ખસ્યું. પંજાબની આર્ય વસાહતોનું મહત્ત્વ ઘટ્યું. અને તેને ઠેકાણે નવા સ્થપાયેલા કુરુપંચાલ (દિલ્હી મીરતનો પ્રદેશ), કૌશલ કાશી અને વિદેહ (ઉત્તર બિહાર)નું મહત્ત્વ વધ્યું. સરસ્વતી અને ગંગા વચ્ચેનો પ્રદેશ જે ધ્રુવ મધ્ય પ્રદેશ અથવા કુરુપંચાલ તરીકે ઓળખાતો હતો, ત્યાં કુરુ-પંચાલ ને કેટલીક બીજી જાતિઓ વસતી હતી. આ પ્રદેશમાંથી જ બ્રાહ્મણ સંસ્કૃતિ પૂર્વ અને દક્ષિણ-પૂર્વ તરફ આગળ વધીને કૌશલ, કાશી અને વિદેહમાં પ્રસરી.

અફઘાનિસ્તાનથી આવતી આ ટોળીઓમાં કુર્મી કોમની એક ટોળી હતી. કુર્મી કોમ લડાયક કોમ હતી. જ્યારે આ ટોળી ફરતીફરતી પંજાબમાં આવીને ત્યાં રહેવા લાગી. પંજાબમાં યુદ્ધ કરીને કુર્મીઓએ કેટલોક ભાગ લઈ લીધો. પંજાબમાં કુર્મીઓ શાંતિથી રહી શક્યા નહિ; કારણકે પંજાબ ઉપર પરદેશીઓએ વારંવાર આક્રમણો શરૂ કર્યાં. ઈ.સ. પૂર્વે ૧૮૦૦ પહેલાં આસીરિયાની રાણી સેમિરામિસ પંજાબ ઉપર ચઢી આવી. ત્યાર પછી મિસર દેશનો સેસોટ્રિસ રાજા પંજાબ ઉપર ચઢી આવ્યો. ઈ.સ. પૂર્વે ૫૧૮માં ઈરાનનો પારસી રાજા દરવેશ ગુસ્તાસ્પે ચઢાઈ કરીને પુષ્કળ સોનું અને ઝવેરાત લૂંટી ગયો. ઈ.સ. પૂર્વે ૩૨૭માં ગ્રીસનો મહાન સિકંદર ચઢી આવ્યો. આ ઉપરાંત ઈ.સ. પૂર્વે ૩૦૬ થી ૨૯૮ સુધી પંજાબ ઉપર વારંવાર આક્રમણો થયાં. જેથી ત્યાંની પ્રજા કંટાળી ગઈ. પંજાબના કુર્મીઓનો સંબંધ મગધ દેશ સાથે સંકળાયેલો હતો. વારંવાર આક્રમણથી કંટાળેલા કુર્મીઓ છેલ્લે મગધ દેશની રાજધાની કુશાવતી (પટણા)માં રહેવા માટે ચાલ્યા ગયા. કેટલાક કુર્મીઓ પંજાબમાં જ રહ્યા પણ પાછળથી શક લોકોનાં આક્રમણો થવા લાગ્યાં. જેથી તેઓ પંજાબ છોડી સિંધ, માળવા અને છેક ગુજરાત સુધી આગળ વધ્યા.

શરૂઆતમાં સિંધથી જ્યારે નીકળ્યા ત્યારે મથુરાના







પ્રદેશ તરફ ગયા ને મથુરામાં આવીને વસ્યા ને તેમાંથી કેટલાક મથુરાથી પૂર્વ રાજપૂતાના તરફ ગયા ને ત્યાંથી કોટા અને મંદસોરના રસ્તે માળવામાં આવ્યા. માળવામાં ભીલ્સા અને સાહરનપુર સુધી તેઓ ફેલાયા. માળવાથી તેઓ દક્ષિણ તરફ ખાનપ્રદેશમાં આવ્યા અને રતલામ, દાહોદના રસ્તે પશ્ચિમ તરફ ગુજરાતમાં પેઠા. એવું ધારવામાં આવે છે કે, કુશાન બાદશાહ કનિષ્કના વખતમાં તેઓ ભારતમાં આવી મથુરા તરફ વસેલા. ત્યાર બાદ ગુપ્તરાજાઓના વખતમાં ઈ.સ. ૩૦૦ સુધીમાં તેઓ પૂર્વ રાજપૂતાના, માળવા અને ગુજરાતમાં આવ્યા હશે એવું માનવામાં આવે છે.

કુર્મીઓ જ્યારે પંજાબમાં રહેતા હતા ત્યારે તેઓ પંજાબના કરડ અને લેયા વિભાગમાં રહેતા હતા. આ તેઓની અસલ ભૂમિ હતી. પંજાબમાંથી છૂટી પડેલી ટોળીઓ સમય જતાં ભારતના જુદાજુદા વિભાગોમાં ગઈ. પોતાની અસલ ભૂમિ અને જાત ભૂલી ન જવાય તે માટે કરડ વિભાગના અસલી કુર્મીઓને કરડવા કુર્મી (કડવા કુર્મી) અને લેયા વિભાગના કુર્મીઓને લેયા કુર્મી (લેઉવા) વિશેષણો ધારણ કર્યા.

આ કુર્મીઓની બીજી ટોળીઓ મધ્ય હિંદ એજન્સી, મધ્ય પ્રાંત, ખાનદેશ અને દક્ષિણ તરફ આવીને વસી, તેઓના વંશજો આજે પણ કરડ અને લેયા વિશેષણો ધારણ કરી રહ્યા છે. તેઓનું મૂળ સ્થાન પંજાબમાં પણ તેઓ લેયા અને કરડ તરીકે મશહૂર છે. એવું બૉમ્બે ગેઝેટિયર વોલ્યૂમ ૧માં જણાવવામાં આવ્યું છે.

**ઉત્તર ગુજરાતમાં કુર્મીઓનું આગમન**

ઈ.સ. પહેલી શતાબ્દીના અંત ભાગમાં માળવા પ્રદેશ પાસે આવેલા માધાવતી નગરમાં કુર્મીઓનું શાસન ચાલતું હતું. સુરાષ્ટ્રના (સૌરાષ્ટ્ર) ગિરિનગરના (ગિરનાર) ક્ષત્રીય રાજા જયદામાના સમયમાં મહેત દેશના રાજા ચંદ્રસેને માધાવતી પર ચડાઈ કરી. માધાવતીમાં કુર્મી રાજા વ્રજપાલજી રાજ્ય કરતા હતા. તેઓને હરાવી માધાવતીનું રાજ્ય જીતી લીધું. આથી, રાજા વ્રજપાલજી માલમિલકત અને નાનો રસાલો લઈ માતૃશ્રાદ્ધ અર્થે શ્રી સ્થળ (સિદ્ધપુર) આવેલા. આ સમયે કુર્મી રાજા વ્રજપાલને પંજાબમાંથી સ્થળાંતર કરી આનર્તપ્રદેશ (ઉત્તર ગુજરાત)માં વસેલા, કુર્મી જ્ઞાતિ બંધુઓ મળ્યા હતા. આ જ્ઞાતિ બંધુઓએ વ્રજપાલજીને અહીં રોકાઈ જવા માટે આગ્રહ કરેલો. આ આનર્તપ્રદેશમાં કોઈનું રાજ્યશાસન હતું નહિ. રાજા વ્રજપાલજીએ શ્રીસ્થળથી પાંચેક ગાઉ દૂર વિક્રમ સંવત ૨૧૨માં ઉમાપુર પટ્ટનામ (ઊંઝા) ગામ વસાવ્યું.

રાજા વ્રજપાલજી પોતે શિવભક્ત હોવાથી આ ગામમાં પોતાની દેવી તરીકે શ્રી ભગવાન શંકરના પટ્ટરાણી ઉમિયા દેવીની સ્થાપના કરી મંદિર બંધાવેલું. જેને તે સમયના કડવા કુર્મીઓએ ઉમિયાદેવીને પોતાની કુળદેવી તરીકે સ્થાપિત કરી પૂજા-અર્ચના કરવા લાગ્યા. આ રીતે ઈ.સ.ના સાતમા સૈકા સુધી ઊંઝાની આજુબાજુનો વિસ્તાર કુર્મી રાજાના શાસન નીચે રહ્યો હતો.

ઈ.સ. ૭૪૬માં વનરાજ ચાવડાની સત્તા સ્વીકારવાને બદલે તે સમયે રાજ્ય કરતા કુર્મી રાજા વ્રજપાલજીના વંશજોએ ઈડરની આજુબાજુના વિસ્તારોમાં સ્થળાંતર કર્યું હતું. એવું અસારવાના બારોટોની વહિયો ઉપરથી જાણવા મળે છે. વિક્રમ સંવત ૬૧૨માં કુર્મી રાજા વ્રજપાલજીના વંશજો સાથે કોઈ કારણોસર વાંધો પડતાં શિવસિંહ પટેલ પોતાના કેટલાક સાથીદારોને લઈને ગુજરાતના મધ્ય ભાગમાં આવેલા ભીલનગર, આશાવલ્લી (અસારવા) જઈને વસેલા. ત્યાંથી તેમના વંશજો ધીરેધીરે નરોડા, દહેગામ, રખિયાલ અને ભરૂચના બાજુના વિસ્તારોમાં ફેલાયા હતા.

વનરાજ ચાવડાના શાસનકાળમાં આનર્ત પ્રદેશની ફળદ્રુપ જમીનમાંથી રાજ્યને મહેસૂલ પ્રાપ્ત થાય તે હેતુથી વનરાજ ચાવડાના કુશળ મંત્રી ચાંપરાજે પાટણની આજુબાજુનો વિસ્તાર પોતાના શાસન નીચે લીધો.

પરિણામે, કુર્મી રાજા વ્રજપાલજીના વંશજો ત્યાંથી ઊંઝા છોડીને ઈડર સ્થળાંતર કરવા લાગ્યા. ઊંઝા પ્રદેશ છોડીને કુર્મીઓ ઈડર જતા હતા, ત્યારે વનરાજ ચાવડાના મંત્રી ચાંપરાજે આ લોકોને ઊંઝામાં રોકવા માટે કેટલીક યુક્તિઓ દોડાવી. ઊંઝાની આજુબાજુનો વિસ્તાર આનર્તપ્રદેશ તરીકે ઓળખાય છે. આ પ્રદેશની ફળદ્રુપ જમીન પડતર પડી રહે તો પાટણના રાજ્યને મહેસૂલ મળે નહિ. ઊંઝામાંથી સ્થળાંતર કરીને જનારા કુર્મીઓને પાછા લાવવા માટે ચાંપરાજે યુક્તિ દોડાવી. તેને શ્રી ઉમિયામાતાજીના પૂજારીને પાટણ બોલાવ્યો અને રાજ્ય તરફથી બહુમાન કરી પોશાક વગેરે આપ્યો. ત્યાર બાદ ઊંઝાની આજુબાજુના કુર્મીઓ સ્થળાંતર ન કરે તે માટે કોઈ યોજના છે એવું ચાંપરાજે પૂજારીને પૂછ્યું, ત્યારે પૂજારીએ કહ્યું કે આ કુર્મીઓ ઉમિયામાતાજીમાં અખૂટ શ્રદ્ધા ધરાવે છે







જેથી ઉમિયામાતાજીના નામે જો કોઈ સૂચન કરવામાં આવે તો તેઓ પૂરી શ્રદ્ધાથી સ્વીકારશે. આના અનુસંધાનમાં ચૈત્રી પૂનમના રોજ માતાજીના ઉત્સવ પ્રસંગે માતા સમક્ષ પૂજારી ધૂણવા લાગ્યો. અને પોતાનામાં માતાજીનો વાસ છે એમ કુર્મી આગેવાનોને જણાવીને કહેવા લાગ્યો કે, "હે ! અપરાધી કણબીઓ ! હું તમારા ઉપર કોપિત થઈ છું. તમે મારા આશ્રયમાં રહીને આબાદ થયા છો. મહારોગોથી તમારું મેં રક્ષણ કર્યું છે. અને હવે તમે મને છોડીને જતા રહો છો. લગ્ન જેવાં ધાર્મિક કાર્યોમાં મને મળતું નૈવેધ પણ બંધ થયું છે. તો મારી આજ્ઞા છે કે મારી આ પવિત્ર અને પ્રિય ભૂમિ છોડીને કોઈ પણ કારણોસર ચાલ્યા જશો નહિ. અહીં જ રહો અને સુખી થાઓ. તેમજ દરેક સિંહ વર્ષમાં તમારા નાનાં-મોટાં બધાં જ બાળકોનાં લગ્ન મારા સાંનિધ્યમાં કરવા. હું ચારે દિશાએ અંબિકા, કાળી, બહુચર અને તુળજા સ્વરૂપે રક્ષણ કરીશ." આમ કહી દેવી સ્વરૂપ પૂજારી શાંત થયા. આ સમયે અગાઉથી કરેલી યોજના મુજબ ચાંપરાજ પણ હાજર હતા. તેમને કુર્મી આગેવાનોને રાજ તરફથી બધી જ મદદ આપવાનું વચન આપ્યું. સિંહ વર્ષ એટલે ૧૨ વર્ષે આવતું વર્ષ. આમ તે સમયથી કડવા કણબીઓમાં ૧૨ વર્ષે લગ્ન જેવી પ્રથા શરૂ થઈ હશે એવું કહી શકાય.

ઈ.સ. ૧૦૯૪માં સિદ્ધરાજ જયસિંહનો રાજ્ય અમલ શરૂ થયા પછી માળવાના રાજા યશોવર્મા પર ચડાઈ કરેલી. અને યશોવર્માને હરાવી કેદ કરી પાટણ લાવેલા. માળવાના ઉજ્જડ થયેલા પ્રદેશના કુર્મીઓનાં ૪૩ કુટુંબોને સિદ્ધરાજે ગુજરાતમાં મોકલી આપેલાં. જે કુટુંબો અગાઉથી વસેલ કુર્મી કુટુંબો સાથે ભળી ગયાં હતાં. ફાર્બસ સાહેબકૃત રાસમાળા પરથી જાણવા મળે છે કે, મીનળદેવી જ્યારે કર્ણરાજાને વરવા પિતાને ત્યાંથી નીકળેલા ત્યારે તેઓ ઊંઝામાં હેમાળા પટેલને ત્યાં રોકાયેલા. મીનળદેવી હેમાળા પટેલને ભાઈતુલ્ય ગણતાં હતાં. સિદ્ધરાજ માળવા જીતીને આવતો હતો, ત્યારે મીનળદેવી પુત્રનું સામૈયું કરવા ઊંઝામાં આવેલા અને મીનળદેવીએ સિદ્ધરાજ સાથે પટેલની ઓળખાણ કરાવી રાજ્ય તરફથી તેમનું સન્માન કરેલું.

રાસમાળા પરથી એ પણ જાણવા મળે છે કે, સિદ્ધરાજ અને કુમારપાળ વચ્ચે વેરભાવના હોવાથી કુમારપાળને મારી નાખવા સિદ્ધરાજે સૈનિકો મોકલેલા. નાસતા-ફરતા કુમારપાળનું રક્ષણ કેટલાક કણબીઓએ કરેલું. સિદ્ધરાજ અપુત્ર મરણ પામતાં કુમારપાળ પાટણની ગાદીએ આવેલો. પોતાનું રક્ષણ કરનાર કણબીઓના ઉપકારના બદલામાં કુમારપાળે પોતાનો જીવ બચાવનાર કણબી ભીમસિંહ પટેલને પોતાના અંગરક્ષક તરીકે નીમેલા અને અન્ય કણબીઓને સારા શિરપાવ આપી બદલો વાળેલો.

ઊંઝાની આસપાસના પ્રદેશમાં કુર્મી પટેલોની વસ્તી સૌથી વધારે હોવાનાં કારણો બે-ત્રણ હતાં :


(૧) કુર્મી પટેલો યુદ્ધોથી કંટાળી ગયા હતા ને શાંતિ મળે તેવા પ્રદેશને શોધતા હતા. આનર્તપ્રદેશ શાંત પ્રદેશ હતો. આ પ્રદેશમાં રાજકીય શાંતિ હતી. વડનગર, ઉમાપુર શ્રીસ્થળ જેવો ફળદ્રુપ પ્રદેશ હતો. સરસ્વતી નદીનો પવિત્ર પ્રદેશ હતો અને જમીન ફળદ્રુપ હતી તેથી આ પ્રદેશમાં કુર્મીઓ કાયમ માટે રહ્યા. (૨) ભરૂચ, નવસારી અને નાદીપુર (નાંદોલ)ના રાજાઓનો ખેડા સુધી અવારનવાર સત્તાનો અમલ થયો હતો અને નવસારીના ચાણક્યો અને નાદીપુરના ગુર્જરોનો અમલ આ પ્રદેશો પર હતો ને તેમનો ગુજરાતના સાંસ્કૃતિક વિકાસમાં ફાળો મહત્ત્વનો લેખાય છે. છઠ્ઠા સૈકાની શરૂઆતમાં વલભીપુરની સ્થાપના થઈ તથા સાતમા સૈકાની અંતે પંચાસરમાં ચાવડા વંશની શરૂઆત થઈ ત્યાં સુધી હાલના ગુજરાતનો ખેડાથી વડનગર, સિદ્ધપુર સુધીનો પ્રદેશ બિલકુલ અરાજક અને રાજકીય સત્તા વગરનો પ્રદેશ હતો. જેથી સિદ્ધપુર, વડનગર, ઊંઝા તથા દંઢાવ્ય (વિજાપુર) વગેરે વિભાગોમાં કુર્મીઓ કેવી સહેલાઈથી આગળ વધી આબાદ થયા હશે તેનો આપણને સહજ ખ્યાલ આવે છે.

**ભારતના અન્ય પ્રદેશોમાં કુર્મીઓ**

કુર્મીઓનો કેટલોક ભાગ માલવ દેશ તરફ ગયો ને માલવદેશમાં પોતાનો વસવાટ કર્યો. માલવ દેશમાં વસેલી વસ્તી પૈકીનો મોટો ભાગ ગંગા, યમુનાની ફળદ્રુપ ખીણો તરફ આગળ વધતોવધતો ઉત્તર હિંદના આખા ભાગમાં ફેલાઈ ગયો. છેક અયોધ્યા અને ઉજ્જૈન સુધી પ્રસર્યો. તેઓમાંના કેટલાક નીચે દક્ષિણના ભાગમાં મધ્યહિંદમાં આગળ વધ્યા ને ત્યાં થોડા સમય સુધી પોતાનો વસવાટ કર્યા બાદ ત્યાંથી તેમાંના કેટલાક ખાનદેશ, બિહાર અને મહારાષ્ટ્રમાં ગયા અને કેટલાક તો પોતાની ભ્રમણ કરવાની પ્રકૃતિને લઈને છેક દક્ષિણમાં આગળ વધી તેલંગણ, મદ્રાસ અને મૈસુર સુધી ફેલાયા. આ







પ્રમાણે જુદાંજુદાં રાજ્યોમાં જઈ વસવાટ કરવા લાગ્યા. સમગ્ર દેશમાં કુર્મીઓના ફેલાવાના લીધે એકબીજાના સંબંધો તૂટી ગયા, દક્ષિણ અને ઉત્તર તરફનો સંબંધ સાચવવો મુશ્કેલ હતો. કારણકે તે જમાનામાં એકબીજાને મળવા માટેનાં સાધનોનો અભાવ હતો. આના કારણે જુદાજુદા વિભાગોમાં વસતા કુર્મીઓના આચાર-વિચાર, રીતરિવાજોમાં પણ મોટો તફાવત થઈ ગયો.

ઉત્તર હિંદ, અયોધ્યા અને મધ્યપ્રાંતના કુર્મીઓ પોતાની જાતને કુર્મી-ક્ષત્રીય તરીકે ઓળખાવતા હતા. જ્યારે મહારાષ્ટ્રમાં આવીને વસેલા કુર્મીઓ મરાઠા-કુર્મીઓ તરીકે પોતાની જાતને ઓળખાવતા. જ્યારે મદ્રાસ અને મૈસુરમાં રહેતા કુર્મીઓ પોતાની અટકમાં તૈલંગા, નાયડુ, કાપુસ, વોકાલીગર વગેરે ઉપનામોથી ઓળખાવા લાગ્યા. કુર્મી શબ્દ તેઓ સદાને માટે ભૂલી ગયા. માળવામાં આવીને વસનારા કુર્મીઓએ પોતાની અસલ સંજ્ઞા જાળવી રાખી. તેઓ આજે પણ પોતાની આગળ કડવા કુર્મી અને લેવા કુર્મી લખે છે. ગુજરાતમાં આવેલા કુર્મીઓ માળવા તરફથી આવેલા છે. જેથી તેઓ પોતાની અસલ સંજ્ઞાઓ કડવા કુર્મી અને લેઉવા કુર્મી એમ લખે છે. ગુજરાતમાં વસતા કુર્મીભાઈઓ લેવા અને કડવા એવી પેટા-વિભાગો ધારણ કરી રહ્યા છે. તેઓના સઘળા આચારવિચાર મળતા છે. બંને વચ્ચે રોટી-વ્યવહાર હોવા છતાં તેઓમાં બેટી-વ્યવહાર નથી. જૂના જમાનામાં બંને વચ્ચે બેટી-વ્યવહાર હતો. પણ કડવા કુર્મીઓની લગ્નપદ્ધતિમાં જૂના જમાનામાં કેટલોક ફેરફાર થવાથી અને લેઉવા કુળને નહિ ગમવાથી બંને વચ્ચેનો બેટી-વ્યવહાર બંધ થઈ ગયો હશે એવું માનવામાં આવે છે.

માળવામાં વસતા કડવા કુર્મીઓમાં માલવિય, નિમાડી અને ગુજરાતી એવા ત્રણ પ્રકારના સાંજ્ઞિક ભેદો છે. પરંતુ તેઓની વચ્ચે ખાનપાનના સઘળા વ્યવહારો ચાલે છે.

માલવિય કુર્મીઓ વીર વિક્રમના સમયમાં આવીને વસ્યા હશે એમ માનવામાં આવે છે. માળવામાં વીર વિક્રમના રાજ્યઅમલ પહેલાં હિંદના પશ્ચિમ ભાગોમાં પંજાબ, અવન્તિ અને ગુજરાતમાં પરદેશી હૂણ, શક અને ક્રિશ્ચિઅન લોકોનો અમલ હતો. તેમને વીર વિક્રમે હરાવી હિંદુસ્તાનની સરહદ બહાર કાઢી મૂક્યા. અને અવન્તી (માળવા)નો પ્રદેશ કબજે કર્યો. આ પ્રદેશ ઉજ્જડ હતો. તેને ફળદ્રુપ કરવાની ભાવનાથી તેણે કેટલાંક કુર્મી કુટુંબો પંજાબમાંથી લાવી માળવામાં વસાવ્યાં તે કુટુંબોનું સન્માન કર્યું. અને દરેક કુટુંબને એક એક ગામ વસાવવા આજ્ઞા કરી. તેથી કુર્મીઓએ પોતાની યોગ્યતા પ્રમાણે નાનાં-મોટાં ગામો વસાવ્યાં. એટલે રાજાએ ત્રણસો ગામોના આગેવાન કુર્મીઓને 'પટેલ'ના ખિતાબો આપી તાંબાપત્ર પર લેખ કરી મોટાં-મોટાં ખેતરો ઈનામમાં આપ્યાં. તેઓમાં 'ભાભારામ' પટેલ મોટો આગેવાન હતો. સમય જતાં તેમની વસ્તી ત્રણસોમાંથી ત્રણ હજારની થઈ. કડવા કુર્મીઓની જગ્યાએ કડવા પટેલ લખવાની શરૂઆત ત્યાંથી થઈ. ત્યાર બાદ સમગ્ર ગુજરાતમાં 'પટેલ' શબ્દ પ્રચલિત બન્યો હશે તેવું માનવામાં આવે છે. અને પટેલ જ્ઞાતિ સારા માળવામાં પ્રસરી ગઈ ત્યારથી તેઓ સુખી ને સમૃદ્ધ છે.

નિમાડી કુર્મીઓ પહેલાંના જમાનામાં ગુજરાતમાં આવી નિમાડમાં વસ્યા હશે એમ માનવામાં આવે છે. ગુજરાતમાં રાજા ભીમદેવના વખતમાં ભયંકર દુષ્કાળ પડ્યો ત્યારે ગુજરાતમાંથી નાસીને નિમાડમાં આવીને વસ્યા હતા અને ઉજ્જડ ખેતરો ખેડીખેડીને ફળદ્રુપ બનાવ્યાં હતાં. તેઓ ગુજરાતમાંથી આવેલા એટલે લાંબી મુદતે લગ્ન કરવાના રિવાજો પણ સાથે લાવ્યા હતા.

ગુજરાતી કુર્મીઓ સંવત ૧૭૭૫ની સાલમાં 'પંચોતરા' નામથી પંકાતા. ભયંકર દુષ્કાળ વખતે ગુજરાતમાંથી આવેલા. તે સમયે લોકોએ બે રૂપિયામાં પોતાના પ્રિય સંતાનો વેચી દીધેલાં. કંદમૂળ, પાનખાઈને જીવતા હતા. આવા સમયે ગુજરાતમાંથી ઘણા કુર્મીઓ માળવા તરફ ચાલ્યા ગયા હતા. તેમાં રુસાત માંડલાત, મોલ્લાવદ, ભૂત, સાકરિયા, ઝાલુડ્યા, નાંગમુજા, દાવડા જાતિના ઘણા માણસો હતા. માળવામાં અહલ્યાબાઈનું શાસન હતું. આવા નિરાધાર કુર્મીઓને આવેલા જોઈ તે દયાળુ બાઈએ દેવળ અને કિલ્લો બંધાવવા માટે કામ પર રાખ્યા. અને ખાવાપીવાની ને રહેવાની વ્યવસ્થા કરી. ત્યાર પછી દુકાળ પૂરો થતાં વરસાદ થયો. ખેતી કરી અને ધીરેધીરે સમૃદ્ધિને પામ્યા. પછી તેઓ પાછા ગુજરાતમાં ન આવ્યા. ત્યાં જ વસવાટ કર્યો.

**ઈડર, પાટડી અને વિરમગામનો ઈતિહાસ**

વનરાજે ઈ.સ. ૭૪૬માં અણહિલપુર પાટણ વસાવી ત્યાં રાજ્યગાદી સ્થાપી. પરિણામે દંઢવ્ય (વિજાપુર)માં અને ઊંઝામાં રહેતા કુર્મીઓને વનરાજની સર્વોપરિતા સ્વીકારવી પડી. આથી, ઊંઝામાં વસતા વ્રજપાલજીના વંશજ પોતાની








માલમિલકત અને લાગતાવળગતા ખેડૂતોનો નાનો રસાલો લઈ સંવત ૮૦૨માં ઊંઝા છોડી ઈડર ગયા. અને ત્યાં કાવર નામનું ગામ વસાવી સ્વતંત્રપણે રહેવા લાગ્યા. તેમની સાથે ઝામળિયા સંજ્ઞાધારી પટેલોના પૂર્વજ સગાજી પોપટજી અને બીજા કુર્મીઓ તે જ સાલના મહા સુદ પાંચમના રોજ ઊંઝા ગામ છોડી ઝામળા જઈ વસ્યા.

અસલ ઈડરના કાવર ગામમાં રહેતા કડવા કણબીઓ પાટડીના દેસાઈની અને વિરમગામના દેસાઈની ખ્યાતિ ધરાવે છે તેવું વિરમગામના દેસાઈ કુબેરદાસજી બાપુજી અને બારોટ ગલાબસંગે ગુજરાતના કેટલાક ઐતિહાસિક પ્રસંગો અને વાર્તાઓ નામના પુસ્તકમાં માહિતી આપી છે. તેઓના પૂર્વજો ઈડરવાડામાં રહેતા હતા. મૂળ પુરુષનું નામ જોધા, રણમલ-વેણા-મકન-માહિન-વિક્રમ અને ભાણજી એ રીતે એક પછી એક છે. વેણા દેસાઈનું નામ વેરશી દેસાઈ પણ હતું. જેઓનું સન્માન ઈડરના રાજાએ કર્યું હતું અને સન્માનમાં છ ઈનામી ગામ આપ્યાં હતાં. વેરશી દેસાઈ ખૂબ બહાદુર કુરમી પટેલ હતો. તેને ચાંપાનેરના પતાઈરાવલને મદદ કરીને મુસ્લિમ રાજા પાસેથી તેની પત્ની પાછી લાવી આપી હતી. જેથી ચાંપાનેરના પતાઈરાવલને વેરશી પટેલને રાજાના કારભારી તરીકે નિયુક્ત કર્યા હતા. ત્યાર પછી ચાંપાનેરનું રાજ્ય મુસલમાનોના હાથમાં આવ્યું. ત્યારે વેરશી પટેલ ચાંપાનેરથી અમદાવાદ આવ્યા એવામાં અમદાવાદ વિભાગ અને મુલક ઉપર બાદશાહનો બંદોબસ્ત હતો. વિરમગામમાં વાઘેલા રહેતા હતા. ને તે બાદશાહને ગાંઠતા ન હતા તે વખતે વેરશી પટેલે બાદશાહને વિનંતી કરી કે, જો મને હુકમ કરો તો હું વાઘેલાને પકડીને આપ સમક્ષ રજૂ કરું. બાદશાહનો હુકમ લઈને વિરમગામ પહોંચ્યા ને વાઘેલાને પકડીને બાદશાહ આગળ રજૂ કર્યો. બાદશાહે ખુશ થઈને વેરશી પટેલને વિરમગામ ઈનામમાં આપ્યું.. ત્યારબાદ તેઓ વિરમગામમાં રહ્યા. વેરશી પટેલની ચાર-પાંચ પેઢીઓ વિરમગામમાં રહીને વહીવટ કરતી હતી. વેરશીની પાંચમી પેઢીએ ભૂષણદાસજી થઈ ગયા. ભૂષણદાસજીના વખતમાં દામાજી ગાકડવાડે ભૂષણદાસજીને બોલાવીને અમદાવાદમાં રોકીને કહ્યું કે તમે વિરમગામનો કિલ્લો અમને સોંપો તેને બદલે જુદું ઈનામ આપીએ. પછી તેઓએ ઠરાવ કર્યો કે, ભૂષણદાસ દેસાઈને પાટડી અને તેની આજુબાજુનાં ૨૦ ગામો આપવાં. અને વિરમગામનાં પરગણાંની ઊપજમાંથી સેંકડે રૂપિયા સાડા

**(અ) વિરમગામના કુર્મીરાજાઓની વંશાવળી**









**(બ) પાટડીના દેસાઈ કુર્મીરાજાઓની વંશાવળી**

(ઈ.સ. ૧૭૫૫ થી ૧૯૪૭ સુધીની)

જેઠાભાઈ

વીર માણેકબાઈ

દેવીસિંહજી

ફત્તેહસિંહજી

કુબેરસિંહજી

જોરાવરસિંહજી

હિંમતસિંહજી — સૂર્યમલસિંહજી

ચંદ્રસિંહજી — દોલતસિંહજી

નારાયણસિંહજી — હિરસિંહજી

પ્રતાપસિંહજી (અન્તિમ રાજા) — અજીતસિંહજી — રણજીતસિંહજી — પ્રભાતસિંહજી — સુભદ્રા — વિઠ્ઠલસિંહજી

સાત આપવા. પછી દેસાઈ પોતાના કુટુંબ અને માલસામાન સાથે પાટડી પહોંચી ગયા. આ રીતે પાટડી, માંડલ, વિરમગામના વિસ્તારોમાં કુર્મી પટેલોએ વર્ષો સુધી પેશવાઓના કારભારી તરીકે તેમજ સ્વતંત્ર રાજા તરીકે રાજ્ય કર્યું જેની વંશાવળી સામેલ કરવામાં આવી છે.

ઈ.સ. ૧૭૫૫ થી ૧૮૧૭ના ગાળામાં વિરમગામ, પાટડી ગામના કુર્મીઓ પેશવા તથા ગાયકવાડની સંયુક્ત સત્તાથી કંટાળી ગયા હતા. જેથી પાટણ અને કડી પ્રાંતના કુર્મીઓ ત્યાંથી સ્થળાંતર કરીને અમદાવાદમાં આવીને રહેવા લાગ્યા. અંગ્રેજોના શાસન પછી સમગ્ર વિસ્તારોમાં યુદ્ધનું વાતાવરણ ઓછું થવાથી અને રાજાઓ ખંડિયા બની જવાથી પ્રજા શાંતિથી રહેવા લાગી. આ ગાળા દરમિયાન સ્થળાંતરના કિસ્સા ઘટવા માંડ્યા. જે લોકો જ્યાં રહેતા હતા ત્યાં જ શાંતિથી રહીને પોતાનો ધંધો, અને રોજગાર કરવા લાગ્યા.

**કચ્છ તરફ કુર્મી પટેલોનો પ્રવેશ**

કણબીઓનો કેટલોક ભાગ ગુજરાતમાંથી કચ્છ તરફ ગયો. ગુજરાતમાંથી કચ્છમાં કણબીઓ કેવી રીતે ગયા તેના વિશે કહેવાય છે કે, સને ૧૪૪૯માં એક ઈમામશાહ નામનો મુસ્લિમ સૈયદ ઈરાનથી હિંદમાં મુસાફરી કરતો કરતો ગુજરાતમાં આવી અમદાવાદ નજીકના ગિરમથા ગામની સીમમાં રહેવા લાગ્યો. ત્રણ વર્ષ સુધી સતત વરસાદ નહિ થવાથી તેને ફકીર સમજીને કણબીઓ પૂછવા ગયા કે, વરસાદ કેમ થતો નથી ? ત્યારે આ ઈમામે અમુક દિવસે વરસાદ થશે એવું કહ્યું અને ખરેખર તેના કહેવા પ્રમાણે તે જ દિવસે વરસાદ થયો. તેથી લોકોમાં તેના પ્રત્યે શ્રદ્ધા જન્મી અને ઈમામની ઈચ્છાનુસાર એક ઝૂંપડી બાંધી આપી. અજ્ઞાન લોકોમાં તેનો ખૂબ સારો પ્રભાવ હતો. તે કહેતો તેમ લોકો કરતા. એક વખતે અમદાવાદનો સુલતાન મહમ્મદ બીજો ઈ.સ. ૧૪૫૩માં ત્યાં શિકાર કરવા આવ્યો. તે આ ઈમામને મળવા ગયો. ઈમામે બાદશાહને પરચો બતાવ્યો, તેથી તે ખુશ થયો અને તેણે પોતાની શાહજાદી તેને પરણાવી. આમ થવાથી ઈમામશાહની પ્રતિષ્ઠામાં ખૂબ મોટો વધારો થયો. અને લોકો તેમને મહાત્મા તરીકે પૂજવા લાગ્યા. એવામાં કાશી તરફથી યાત્રા કરી પાછા ફરતા સુરત, અને નવસારી ગામના કેટલાક લેઉવા કણબીઓ ગિરમથા થઈને પસાર થતા હતા. પીર ઈમામે તેઓને ચમત્કાર બતાવ્યો. એટલે તે સઘળા તેના શિષ્ય થયા. દિનપ્રતિદિન તેની માનતા

ચાલવા લાગી. ને દૂરદૂરથી લોકો આવીને તેના શિષ્ય થવા લાગ્યા. ગિરમથાની આસપાસ અમદાવાદ, મહેમદાવાદ, અડાલજ, ધોળકા, ભાલેજ વગેરે ગામના કણબીઓ પીર ઈમામના શિષ્યો હતા. તેઓને પોતાના વિસ્તારમાં પોતાની જ્ઞાતિ તરફથી તકલીફ પડવાથી તેઓ બધા કચ્છ તરફ ચાલ્યા હતા. અને કચ્છમાં જુદાંજુદાં ગામો વસાવીને રહેવા લાગ્યા. કચ્છમાં ગયા પછી પીર ઈમામને માનતા હોવાથી તેઓ પિરાણાપંથીઓ (પીર ઉપરથી પિરાણા) જાણીતા થયા. આજે પણ કચ્છના કેટલાક કડવા પાટીદારો પિરાણાપંથીઓ છે ને તેઓની અટકો ગુજરાતના જે ગામડાંઓમાંથી ગયા છે તે ગામડાંઓને મળતી આવે છે. વેલાણી, ઠાકરાણી, હલપાણી, નાકરાણી, દિવાણી, ગોગારી, લિમ્બાણી, રામાણી, સુરાણી, માવાણી વગેરે અટકો ગુજરાતમાંથી કચ્છમાં ગયેલા કણબી પટેલોની અટકો છે.

**કડી, ગોઝારિયાના અમીનો**

કડી અને ગોઝારિયાના અમીનો મૂળ કૂર્મીઓ હતા. કડીમાં સંવત ૧૮૦૦ની આસપાસ રાધનપુરના નવાબનું રાજ્ય હતું. રાધનપુરના નવાબ ઉપર નૂરખાન નામના મુસલમાને હુમલો કર્યો હતો. આ વખતે નંદલાલ પ્રેમજીભાઈ નામના મૂળ કડીના ભાઈએ રાધનપુરના નવાબને નૂરખાનના બળવા વખતે ખૂબ મદદ કરી હતી. આ ઉત્તમ કામ કરવા બદલ તેમને ખેરવા ગામ ઈનામમાં આપ્યું. અને અમીનનો ઈલકાબ આપ્યો. ત્યારથી તેમના વંશજો અમીન તરીકે ઓળખાય છે. આ અમીન કુટુંબ ખૂબ સુખી અને સમૃદ્ધ કુટુંબ હતું. આજે પણ આ કુટુંબની વ્યક્તિઓ વેપાર, ધંધાર્થે સમગ્ર ગુજરાતમાં ફેલાયેલી છે.


| સૌરાષ્ટ્રના પાટીદારોની અટકો | ઉત્તર ગુજરાતનાં ગામોનાં નામો |
|---|---|
| કુંડારિયા | કુંડાળ (તા. કડી) |
| અઘારા | અઘાર (તા. વિરમગામ) |
| ફૂલતરિયા | ફૂલેત્રા (તા. કડી) |
| ગોધાવીઆ | ગોધાવી (તા. સાણંદ) |
| લોરીઆ | લોર (તા. કડી) |
| મીરોલા | મારોલ (તા. કડી) |
| જાકાસણિયા | જાકાસણા (તા. કડી) |
| દેત્રોજા | દેત્રોજ (તા. વિરમગામ) |
| કોરડિયા | કોરડા (તા. કડી) |
| આદ્રોજા | આદ્રજ (તા. કડી) |
| કાસુન્દ્રા | કાસવા (તા. કડી) |
| પનારા | પનાર (તા. વિરમગામ) |
| બાવરવા | બાવળા (તા. ધોળકા) |
| સીતાપરા | સીતાપુર (તા. ચાણસ્મા) |
| અગોલા | અગોલ (તા. કડી) |
| કાલરિયા | કાલરી (તા. ચાણસ્મા) |
| ભોરણિયા | ભોંયણી (તા. કડી) |
| રાજપરા | રાજપુર (તા. કડી) |
| સાંણદિયા | સાણંદ (તા. સાણંદ) |
| કૈલા | કૈયલ (તા. કડી) |
| ધમાસણા | ધમાસણ (તા. કલોલ) |
| ઝાલોડિયા | ઝાલોડ (તા. કડી) |
| માકાસણા | મોકાસણ (તા. કડી) |
| વિરમગામા | વિરમગામ (તા. વિરમગામ) |
| સુંવાળિયા | સુંવાળા (તા. વિરમગામ) |
| દેથરિયા | દેથલી (તા. ચાણસ્મા) |
| વામની | વામજ (તા. કલોલ) |
| વિસનગરા | વિસનગર (જિ. મહેસાણા) |
| કલોલિયા | કલોલ (જિ. મહેસાણા) |
| કહોડિયા | કહોડા (તા. સિદ્ધપુર) |
| મહેસાણિયા | મહેસાણા |

લાલચૂડા કાળાચૂડા પાટીદાર સમાજ જિ. સુરતમાં જે પ્રચલિત અટકો છે તે અટકો ઉપરથી ખ્યાલ આવે છે કે, દક્ષિણ ગુજરાતમાં રહેતા કડવા પાટીદારોનું મૂળ વતન ઉત્તર ગુજરાત હતું.

સામાન્ય રીતે નીચે પ્રમાણેની અટકો પ્રચલિત છે : અલુરિઆ, અસારવા, અધારવા, અંબોડીઆ, આજોલા, આદુલા, આમલીઆ, આંબાસણીઆ, ઈસનપોરીઆ, ઈન્દ્રાણા, ઊંઢાચા, ઊંઝાવાળા, ઉપેરીઆ, કતારીઆ, કમાણીઆ, કલોલીઆ, કંસાગરા, કામરેજીઆ, કારેલીઆ, કુકરવાડીઆ, ખરસદીઆ, ખેરવા, ખેરડા, ગજેરીઆ, ગાંભા, ગોઝારીઆ, જંત્રાલાભૂત, કંબોડીઆ, કંથરાજીઆ, ચીલોડીઆ, છત્રાલા, છોગાળા, છાબલીઆ, જુલાસણીઆ,







ટુંડાવીઆ, ડોંગરોચીઆ, તોરણીઆ, તરસીદા, તુંડાવીઆ, દણોદરીઆ, ધોળાદરા, ઘાણોદરીઆ, પહાડીઆ, પાલોદરીઆ, પાનસરા, પાંચોટીઆ, પીળોદરીઆ, બાપોલીઆ, ભરથાણીઆ, ભાખરીઆ, ભેસણીઆ, ભોયણીઆ, મહેસાણીઆ, મહોલાત, માલેસણીઆ, માંકરોડીઆ, મુખાસણા, મોરવાણીઆ, રામોલા, રાજપરા, રૂપાલા, લાખવડા, લુવાણીઆ, વડાવિઆ, લોદરીઆ, વડાસણીઆ, વામજા, વિસનગરા, સરોડીઆ, સાકરીઆ, સામેતરીઆ, સાટીઆ, સુંઢીઆ, શંખારીઆ, હીરપરા વગેરે ૧૮૫ જેટલી અટકો દક્ષિણમાં પ્રચલિત છે.

આ રીતે જોઈએ તો કુર્મી-કણબીઓ ગુજરાતના ગામેગામે ફેલાઈ ગયા છે. આજે ભાગ્યેજ એવું ગામ હશે કે, જ્યાં કુર્મી પટેલની વસ્તી નહિ હોય, સામાન્ય રીતે આ જ્ઞાતિના લોકો ખેતી, પશુપાલનમાં રોકાયેલા છે. વેપારના ધંધામાં પણ કુર્મી પટેલોની ફાવટ ઘણી સારી છે. વેપારઉદ્યોગ કરવાના કારણે કુર્મીઓને કેટલાક ઈતિહાસકારો વૈશ્ય વિભાગમાં મૂકે છે. પણ કુર્મીઓનું સમગ્ર જીવન જોતાં એવું તારવી શકાય છે કે, આ સમગ્ર કોમ સમય અને સંજોગો પ્રમાણે વર્તી યુદ્ધ ખેડવાનું હોય ત્યારે તે યુદ્ધ કરતી અને ખેતી કરવાની હોય ત્યારે તે ખેતી કરતી. પોતે જે વિસ્તારમાં ગઈ છે તે વિસ્તારમાં ખૂબ જ મહેનત અને મજૂરી કરીને પોતાની પ્રતિષ્ઠા જમાવી છે. તે કદી વિકટ પરિસ્થિતિમાં પાછી પડી નથી. કુશળતા વાપરીને તેણે રસ્તાઓ શોધ્યા છે. ને જેમજેમ વાતાવરણ બદલાતું રહ્યું તેમ વાતાવરણને અનુકૂળ બનતી રહી છે. તેણે કોઈ જગ્યાએ અકારણ હુમલો કરીને કોઈનું પડાવી લીધું હોય, લોકોની હત્યાઓ કે કતલ કરી હોય, એવા કિસ્સાઓ જોવા મળતા નથી. પણ જ્યારે તેના પર હુમલાઓ થયા છે ત્યારે તેણે દૃઢતાથી તે હુમલાઓનો સામનો કરીને જીત મેળવી છે. હજારો વર્ષો સુધી આ જ્ઞાતિ નાનાંમોટાં જૂથોમાં ફરતી રહી. પણ જ્યાં જ્યાં તેને શાંતિનો અનુભવ થયો. ત્યાં ત્યાં તે વાસ પણ કરતી રહી. ને પોતાના કાયમી રહેઠાણની જગ્યા પણ બનાવી દીધી પણ જ્યારે તેને એમ લાગતું કે, અહીં સલામતી નથી, ત્યારે તે પોતાના રસાલા સાથે બીજી જગ્યાએ પહોંચી જતી હતી. જ્યાં કુર્મી પટેલોનું વર્ચસ્વ હતું કે, જ્યાં કુર્મી પટેલો રાજ્ય કરતા હતા ત્યાં તે વધારે પ્રમાણમાં રહેવા લાગી. તેનું મુખ્ય કારણ એ હતું કે, તે શાંતિપ્રિય હતી. ઉત્તર ગુજરાતમાં કુર્મી કડવાઓની વસ્તી વધારે છે. તેનું મુખ્ય કારણ એ હતું કે, જૂના જમાનાનું આ આનર્ત પ્રદેશ રાજકીય યુદ્ધો વિનાનો શાંતિનો પ્રદેશ હતો. સરસ્વતી જેવી ધાર્મિક નદી હતી. આજુબાજુની જમીન ફળદ્રુપ અને ખેતીલાયક હતી. જેના કારણે કુર્મીઓની મોટી સંખ્યા આ ભાગમાં સ્થિર થઈ અને જ્યારે કુળદેવી ઉમિયાજીનું મંદિર આ વિસ્તારમાં બનાવાયું ત્યારે માતાજી પ્રત્યેની અખૂટ શ્રદ્ધાના કારણે અને લગ્નસંબંધો માતાજી સાથે સંકળાયેલા હોવાને લીધે આ વિસ્તારમાં કાયમ માટે રહી. આજે પણ ગુજરાતમાં સૌથી વધારે કડવા કુર્મીઓની સંખ્યા ઉત્તર ગુજરાતમાં છે.

**૩. દંતકથાઓના આધારે કડવા પાટીદાર જ્ઞાતિની ઉત્પત્તિ**

દંતકથાઓ એ ઐતિહાસિક સત્ય નથી, ને તે અસત્ય છે તેવું કોઈ પ્રમાણ પણ નથી. દંતકથાઓ સાથે લોકવાયકાઓ ભળે છે, અંધશ્રદ્ધાઓ અને ધાર્મિક ખ્યાલો જોડવાથી લાંબા ગાળા સુધી દંતકથાઓ ચાલ્યા કરે છે. જુદાંજુદાં પુસ્તકોમાં, જુદીજુદી વ્યક્તિઓએ કડવા પાટીદાર જ્ઞાતિની ઉત્પત્તિ વિશે જે દંતકથાઓ રજૂ કરી છે, તે આ પ્રમાણે છે :

**દંતકથા : ૧**

**(૧) શ્રી ઉમિયામાતાજીના હસ્તે કડવા પાટીદારોની ઉત્પત્તિ :** સને ૧૮૫૬ની સાલમાં ગુજરાત વર્નાક્યુલર સોસાયટીએ કડવા પાટીદારોની ઉત્પત્તિ વિશે એક નિબંધ સ્પર્ધાનું આયોજન કર્યું હતું. આ સ્પર્ધામાં કવિ ઉત્તમરામજીએ 'કડવા નિબંધ' લખેલો, ને આ નિબંધને આધારે કવિશ્રીને ગુજરાત વર્નાક્યુલર સોસાયટીએ પ્રથમ ઈનામ આપ્યું હતું. જેઓએ પોતાના નિબંધમાં કડવા પાટીદારોની ઉત્પત્તિ વિશેની નીચે પ્રમાણેની દંતકથાઓ રજૂ કરી છે :

"ગંગાજીના પવિત્ર તટ પર શિવજી તપ કરતા હતા ત્યારે નારદે વિચાર્યું કે પશ્ચિમ દિશામાં દાનવોનું જોર વિશેષ છે તેથી શંકર તે તરફ જાય તો અપાર યુદ્ધ થાય અને આનંદ મળે. નારદને ખટપટ, કંકાસ અને લડાઈ ઘણી પ્રિય છે."

નારદજી ગંગાતટ પર ગયા અને બોલ્યા કે જેનું વર્ણન થઈ શકે નહિ તેવું પશ્ચિમ દિશામં હીંગળાજ દેવીનું ધામ છે જે જોયા વિના જપ, તપ અને અવતાર એળે જાય છે. શ્રી નારદજીની આ વિનંતી સાંભળી ભગવાન શંકર પાર્વતીજીને લઈને પશ્ચિમ દિશા તરફ પ્રયાણ કર્યું, પણ આગળ જતાં અઘોર જંગલ આવ્યું ત્યાં તાડકાસુર દૈત્ય સાથે ભયંકર યુદ્ધ થયું, તેની

અપાર માયા છતાં તેને હરાવી માર્યો. પછી આગળ ચાલતાં ઉમાએ કહ્યું એટલે દેવી ઉમાએ કહ્યું કે, 'આવા રાક્ષસવાળાં વનોમાં હું આવીશ નહિ, તમે એકલા જ જાઓ. હું અહીં અરણ્યમાં એકલી જ રહીશ.'

શંકર એકલા ગયા, હીંગળાજ પહોંચ્યા પણ હીંગળાજ દેવીએ દર્શન દીધાં નહિ. શંકરે તપ શરૂ કર્યું ત્યારે પ્રસન્ન થયાં અને દર્શન દીધાં. ઉમાદેવીએ શંકરની ગેરહાજરીમાં અરણ્યમાં રમત રમતાં બાવન પુરુષરૂપે અને ત્રેપન સ્ત્રીરૂપે મળી કુલ ૧૦૫ માટીનાં પૂતળાં કર્યાં અને શંકર પાછા પધાર્યા ત્યારે તેમને સજીવન કરાવવા હઠ લીધી. દેવીના દુરાગ્રહથી શંકર ભગવાને બધાંને સજીવન કર્યાં. પૂતળાં હરેફરે પણ બોલી શકે નહિ તેથી શંકરે ફરશી વડે ચીરી તેમનાં મોં બનાવ્યાં. મોં ચીરાયા પછી પૂતળાં બોલતાં થયાં તેવાં જ તેમણે મહાદેવજીને ગાળ ભાંડી, આથી શિવજી ગુસ્સે થયા અને તેમને શિક્ષા કરવા જતા હતા, પરંતુ પાર્વતીજીએ તેમને વાર્યા. પૂતળાં બોલતાં થયાં કે તરત જ કડવાં વચન બોલ્યાં માટે 'કડવા' નામથી ઓળખાયાં એમ કહેવાય છે.

શિવજીને ગાળ દીધા પછી કણબીઓ પસ્તાઈ ઉમિયાજીનું સ્તવન કરવા લાગ્યા ત્યારે તેઓએ તેમને આચાર શિખવવા શિવજીને કહ્યું. શિવે પ્રસન્ન થઈ તેમને ઉપદેશ આપ્યો અને તેઓને આશીર્વાદ આપ્યા કે, 'તમે જગતને જીવાડનાર થઈ પડશો અને 'બાપા' અથવા 'ભાભા' કહેવાશો.'

આ પૂતળાં સજીવન થતાં તેમાંથી ૧૪ નરપૂતળાં નાસી ગયાં. બાકીના ૩૮નાં કન્યા સાથે લગ્ન થયાં. ૧૨ પાછળથી આવ્યાં તેમનાં ૧૨ કન્યા સાથે માંડવરાતનાં લગ્ન થયાં. આ પછી ત્રણ કન્યામાંથી બેને બાહ્યવર કરી પરણાવી. બાહ્યવર એટલે અમથા વર. પેલા નાસી ગયેલા ખરા વર પાછા આવે એટલે તે કન્યાઓ તેમને સોંપવામાં આવે. આ પછી એક એક વધારાની કન્યા રહી તેને માટે વર ન હતો અને કુંવારી કન્યા લગ્ન કર્યા સિવાય કોઈ લે નહિ તેથી તેને ફૂલના દડા સાથે પરણાવી અને ફૂલનો દડો પાણીમાં વહેવરાવી દીધો. આ પછી તે કન્યાને માથાબોળ નવડાવવામાં આવી અને તેને બાવન પુરુષોમાંથી એકની સાથે ઠામ બેસાડી. આ સ્થળે ઉમિયાજીની પ્રતિષ્ઠા કરવામાં આવી અને એક મંદિર બંધાવવામાં આવ્યું. તે હાલ ઉમિયાજીનું મંદિર કહેવાય છે. અહીં જે ગામ વસ્યુ તે ઉમાપુર કહેવાયું હાલ અપભ્રંશ રૂપે તે ઊંઝા નામથી ઓળખાય છે.

**દંતકથા : ૧ ની ટીકા**

'કણબી ક્ષત્રિય ઉત્પત્તિ અને ઈતિહાસ'ના લેખક શ્રી પુરુષોત્તમ લલ્લુભાઈ પરીખ (વિરમગામવાળા) લખે છે કે, 'શ્રી ઉત્તમરામજી તો ભાટ હોવાથી લોકવાયકાના આધારે આ વાર્તા કલ્પી કાઢી છે. આ નિબંધમાં રજૂ કરેલી દંતકથા અસંભવિત કલ્પનાઓથી ભરપૂર છે. તદ્દન હાસ્યાસ્પદ અને બુદ્ધિમાન માણસ આવી વાતનો કદી સ્વીકાર કરે જ નહિ.

મહાસતિ ઉમાને અષ્ટાંગ યોગનું જ્ઞાન હતું જે વડે તેમણે કૌમારાવસ્થામાં અતિ ઉગ્ર તપ આદરી શંકર ભગવાનને પ્રસન્ન કર્યા હતા. તે સતિ રાક્ષસવાળા વનોમાં શંકર સાથે વિચરતાં ડરે ખરાં કે ? પોતાનો બાર વર્ષનો લાંબો વખત વીતાવવા છાણ-માટીનાં ખાસ બાવન અને ત્રેપન પૂતળાં કરવાની ક્રીડા કરે તે ક્યો બુદ્ધિશાળી અને શારસ્વત પુરુષ માનશે?

વહેમ અને અસત્ય કલ્પનાઓનું ખંડન કરી લોકોમાં સત્ય વિચારો પ્રવર્તાવવાનો પ્રયત્ન કરી રહેનાર ગુજરાત વર્નાક્યુલર સોસાયટીએ પોતાની સંસ્થાના શુભ હેતુ તરફ લક્ષ આપી આવા નિર્માલ્ય લેખને નાપસંદ કરી કાઢી નાંખવો જોઈતો હતો.

**દંતકથા : ૨**

**(૨) વહીવંચાઓના આધારે કડવા પાટીદારોની ઉત્પત્તિની કહાણી :** એકવાર ત્રેતાયુગમાં શંકર ભગવાન દેવી ઉમા સહિત પતિતપાવની વારાણસી (કાશી) નગરી તરફ પ્રયાણ કરતા હતા. રસ્તામાં ઊંઝીયા રાક્ષસનું અઘોર વન આવ્યું. દેવીને તરસ લાગી હતી તેથી શંકર તેમને તે વનમાં મૂકી પાણીની શોધમાં નીકળ્યા. ફરતાંફરતાં ઋષિમુનિઓને મોહ ઉપજાવે તેવો પવિત્ર-સાત્વિક ગુણના સામ્રાજ્યયુક્ત સરસ્વતીનો રમણીય તટ નજરે પડ્યો ને તેમને એકાએક તપ કરવાની ઈચ્છા થઈ આવવાથી ત્યાં આસન લગાવી બાર વર્ષની સમાધિ કરી.

શંકરની રાહ જોઈ થાકેલાં દેવી પાણી શોધતાં-શોધતાં દૂધીઆ કૂઈ પર આવ્યાં. પાણી પીધું અને પતિની શોધે નીકળ્યાં. સરસ્વતીના કાંઠા પર આવ્યાં ત્યાં સુંદર માટી જોઈ રમત રચી ને ૧૦૫ પૂતળાં બનાવ્યાં. કૃષ્ણજીએ નારદજીને મોકલી દેવીને કહેવડાવ્યું કે, 'તમે સૃષ્ટિ રચો, બ્રહ્માજી જીવ મૂકશે, આપનાં ઘડેલાં પૂતળાં હવે ભાંગે નહિ.'

દેવીને પૂતળાં ઘડી સૃષ્ટિ રચવાનો સંદેશો કહી નારદજી







શંકર ભગવાન તપ કરતા હતા ત્યાં ગયા અને કહ્યું કે, મહારાજ તમારી ગેરહાજરીમાં દેવી ઉમાએ ૧૦૫ બાળકો ઉત્પન્ન કર્યાં છે. આ સાંભળી શંકર કોપાયમાન થયા પણ ઉમા પાસે આવી માટીનાં પૂતળાં જોઈ શાંત થયા.

પૂતળાંને સજીવન કરવા અને પરણાવવા દેવીએ શંકરને વિનવ્યા. શંકરે પોતાના ભવ્ય લલાટમાંથી નાગર અને ઔદિચ્ય ગોર તથા બારોટ પેદા કર્યા. નાગર ગોરે પોતાના મુહૂર્ત પ્રમાણે કેટલાંક વરકન્યા પરણાવ્યાં પણ બીજાં હાજર ન હતાં તે આવ્યાં ત્યારે તેમને પરણાવવા શંકરે નાગર ગોરને કહ્યું. એટલે તેણે કહ્યું કે હવે તો બાર વર્ષે પરણશે. તેથી ઔદિચ્યને આજ્ઞા કરી, પ્રત્યુત્તરમાં તેણે કહ્યું કે હું પરણાવું તેમાં મને શો લાભ ? શંકરે કહ્યું, 'કળિયુગમાં જ્યારે નાગર જડશે નહિ ત્યારે તમારું સન્માન થશે તેથી તેણે પોતાના ગુરુ માંડવ ઋષિના નામથી માંડવ રાત પેદા કરી. ભૂલ્યું ચૂક્યું માંડવરાતે પરણે એવું મુહૂર્ત આપી, માંડવરાતે બાકીનાંને પરણાવ્યાં તેમાંથી એક સ્ત્રી વધી તેને ફૂલના દડા સાથે પરણાવી, તે ફૂલનો દડો કૂવામાં નાંખી, કન્યા રંડાઈ તેને વડા પૂતળા વેરે ઠામ બેસાડી તેથી કરીને પુનર્લગ્નનો રિવાજ તે વખતથી થયો અને કર-અડવે પરણ્યા તેથી કરડવા નામ પડ્યું. કર અડવા એટલે કન્યાચુડી વિના-નાડાછડી બાંધી પરણ્યા મિનારક મહિનાને લીધે બાર વરસે વિવાહ થવા લાગ્યા. ત્યાર પછી ઊંઝીઆ રાક્ષસને મારી ઊંઝા વસાવી બાવન શાખો પાડીને પછીથી બાર વર્ષનો લગ્નનો રિવાજ શરૂ થયો. શંકરે લલાટમાંથી બારોટ પેદા કર્યા. તેમને શાખો પાડી વંશાવળી ઉતારી આપી.

**દંતકથા : ૨ ની ટીકા**

શ્રી પુરુષોત્તમ લલ્લુભાઈ પરીખે આ દંતકથાની ટીકા કરતાં લખ્યું છે કે, 'વહીવંચાઓ ઉપર આધાર રાખીને જીવતા બારોટજીની બુદ્ધિને ધન્ય છે. નાગર, ઔદિચ્ય અને બારોટે શંકરના લલાટમાંથી ઉત્પન્ન થયા નથી. પણ આ ત્રણે જ્ઞાતિઓના વંશ પરિવારની આજીવિકાનો લાંબા સમયથી કણબીઓની લગ્નપદ્ધતિ પર સારો આધાર રહેલો છે. તેમની મહત્તા વધારવા અને ભલા દિલના કણબીઓના દિલમાં તેમના પ્રતિ સદાને માટે પૂજ્ય ભાવ કાયમ રાખવા, પોતાની ઉત્પત્તિ તેમના (કણબીના) હિતને માટે શંકર ભગવાનના ભવ્ય લલાટમાંથી કલ્પી કાઢેલ છે. પૂતળાંની ઉત્પત્તિ કુદરતી ક્રમથી વિરુદ્ધ છે. અતિશય અજાયબીવાળી છે, ને તેની સાથે લગ્નની પદ્ધતિને સાંકળી છે. આ ફક્ત બાળક મગજની કલ્પના માત્ર જ છે.

**દંતકથા : ૩**

**(૩) દેસાઈ પટેલના વહીવંચાની કહાણી :** ઉત્તર ખંડમાં જમદગ્નિ ઋષિનો પુત્ર પરશુરામ થયો, તેણે બધા ક્ષત્રિયનું નિકંદન કર્યું, તેમાંથી દાનવો પેદા થયા અને તેઓ ઋષિ-મુનીઓના યજ્ઞમાં વિઘ્ન નાંખવા લાગ્યા.

સઘળા ઋષિઓ મળીને કૈલાસમાં મહાદેવજી પાસે ગયા ત્યારે મહાદેવજી પોતે અજપાજાપ ધરી-સમાધિ કરી બેઠા હતા. તેથી માતા ઉમાએ તેમને આવવાનું કારણ પૂછયું. ઋષિઓએ દાનવો તરફનું દુઃખ ગાયું અને તે પૈકી બાવન ઋષિઓએ રક્ષણ માગ્યું.

માતા ઉમાએ બાવન ઋષિઓને ભભૂત લઈ પૂતળાં કરવા હુકમ આપ્યો, બાવન જણે બાવન પૂતળાં કર્યાં અને પછી પોતે હાથ મૂકી સજીવન કર્યાં તેથી કરડવા કહેવાયા. દેવીએ તેમના હાથે ઋષિઓનાં દુઃખ દૂર કરાવી અભયદાન અપાવ્યું. માથે કર મૂકી સજીવન કર્યા માટે કરડવા કહેવાયા. જે ઋષિના પુતળામાંથી જે વંશ થયો તે ઋષિ તે વંશના ગોત્રદેવ ગણાયા ને તેથી બાવન ઋષિના બાવન શાખોના કરડવા કહેવાયા. જે-જે ઋષિએ બિરૂદ આપ્યું તે-તે ઋષિનું કુળ રાખ્યું. તેથી કુળ+બી=કુળબી-કણબી કહેવાયા. માતાના વરદાનથી કરડવાઓએ દાનવ કાળભદ્ર માર્યો અને ઋષિઓનું રક્ષણ કર્યું તેથી ઋષિઓએ તેમને ધોતી, પોથી, જનોઈ ખટ્કર્મ અને તલવાર આપ્યાં. તે લઈને પછી બધાએ મળી બંધાવતી નગરી વસાવી અને ચારે ખૂંટમાં આણ વર્તાવી. કેટલાક સમય પછી શ્રી રામચંદ્રજી વનવાસ નીકળ્યા ને દક્ષિણમાં પંચવટીએ આવ્યા. સીતાને ત્યાં મૂકી બંધાવતીથી કરડવાને બોલાવી કહ્યું કે, 'હું આવું ત્યાં સુધી સીતાની ચોકી કરજો !'

એવામાં કૈલાસમાં માતા ઉમાએ યજ્ઞ આદર્યો. બંધાવતીથી પોતાના પુત્ર કરડવાને તેડાવ્યા પણ તે તો સીતાની ચોકીએ પંચવટીમાં હતા તેથી ગયા નહિ. માતા ઉમાનો યજ્ઞ અપૂર્ણ રહ્યો તેથી કરડવા પર પોતે ક્રોધે ભરાયાં અને શ્રાપ આપ્યો કે, 'જાઓ તમારાં બાર વર્ષે લગ્ન થશે અને બાર વર્ષ સુધી દુકાળ પડશે.'

કરડવાને ગોર નહોતા તે સમજી વનવાસથી પાછા આવ્યા ત્યારે પંચવટીમાં તેમને નાગર અને ઔદિચ્ય ગોર તથા







બારોટ સ્થાપી આપ્યા.

**દંતકથા નં. ૩ ની ટીકા**

દંતકથા નં.૨ના જેવી આ દંતકથા છે. બારોટોએ પોતાનું સ્થાન પટેલોમાં સ્થાપિત કરવા સારું પોતાના વહીવંચાઓમાં આવી દંતકથા ઉપજાવી કાઢેલ છે.

**દંતકથા : ૪**

**લેઉવા પુરાણ :** લેખક ગોવર્ધન સદારામ ભટ્ટ, પ્રકાશક શ્રી ડંકેશ્વર વ્યાપારી મંડળ, ડાકોર સંવત ૧૯૫૩માં પ્રકાશિત થયેલ છે. પૃ.સં. ૧૯૧ સમગ્ર પુસ્તક પદ્યમાં લખાયેલ છે. ને ત્રણ વિભાગમાં વહેંચાયેલું છે. પ્રથમ ભાગ પૌરાણિક છે, બીજો ભાગ ઐતિહાસિક અને ત્રીજો ભાગ ભીમ નામના હિન્દી પુસ્તકમાંથી અનુવાદિત છે. સમગ્ર પુસ્તકમાં કડવા-લેઉવા પાટીદારોની કેટલીક માહિતી આપી છે.

**(૪) 'લેઉવાપુરાણ★'ના આધારે કડવા પાટીદારોની ઉત્પત્તિ :** એક વખતે જગતના નાશના કારણ માટે બ્રહ્મા, વિષ્ણુ અને શિવ કૈલાસમાં એકઠા થયા હતા. તેવામાં રાક્ષસના ભયથી બ્રાહ્મણો તેમને શરણે આવ્યા. શિવે ક્રોધાયમાન થઈ બે શિવકુમાર ઉત્પન્ન કર્યા. તેઓ આ રાક્ષસોનો સંહાર કરતા. આ પછી શિવકુમાર કૈલાસ પાછા આવે ત્યારે તેમને તપ કરવાનો ઉપદેશ મળતો તેથી તેઓ કશ્યપ મુનિના આશ્રમે જતા હતા, ને હિમાલયમાં તેઓએ તપનો આરંભ કર્યો. ઉગ્ર તપથી ઈન્દ્રને ભય ઉત્પન્ન થયો ને તેમને તપોભંગ કરવા માટે તેઓની પાસે અપ્સરા મોકલી. અપ્સરાનો પ્રયત્ન નિષ્ફળ ગયો અને તેઓનો તેમના વડે નાશ થયો. શિવકુમારે ઈન્દ્રને શાપ આપ્યો અને તેને લીધે ઈન્દ્રને અસુરોનો ભય ઉત્પન્ન થયો. અર્ભકાસુર નામના દાનવના પુત્રો ઈન્દ્રાસનનું છાનામાના હરણ કરી ગયા. ઈન્દ્રે ક્રોધાયમાન બની તેની તપાસ કરાવતાં ને ખબર પડતાં દેવ-દાનવો વચ્ચે યુદ્ધ થયું તેમાં દેવો હારી ગયા અને તેથી તેઓ વિષ્ણુના શરણે ગયા. વિષ્ણુએ તેઓને શિવ પાસે મોકલ્યા. ઈન્દ્ર શિવ પાસે જઈ તેમની પ્રાર્થના કરવા લાગ્યા તેથી શિવની આજ્ઞા વડે શિવકુમારે રાક્ષસોનો નાશ કર્યો. આથી આ બે શિવકુમારોનો સ્વર્ગમાં મહાસત્કાર થયો. નારદે તેમને ગૃહસ્થાશ્રમમાં પડવાનો ઉપદેશ આપ્યો આથી તેઓ પદ્મમાલિકા અને કનકમાલિકા નામની બે અપ્સરાઓને પરણ્યા તેથી તેઓને બંનેને એક એક પુત્ર થયો. તેઓ સ્ત્રી મોહમાં અતિલુબ્ધ થઈ ગયા. પાછળથી નારદના ઉપદેશથી તેઓએ સંસારનો ત્યાગ કર્યો. અપ્સરાઓ સ્વર્ગમાં ગઈને બે પુત્રોને નારદ શિવ પાસે લઈ ગયા. કેટલાક સમય પછી રામચંદ્રજીના વંશજ પુરંજય રાજાએ પુત્રપ્રાપ્તિ માટે તપ કર્યું ત્યારે શંકર પ્રસન્ન થયા અને તેને શિવકુમારોના બંને પુત્રો આપ્યા. રાજાએ પોતાની મોટી રાણી ઉષાવતિને બલિ અને મેનાવતિને ભદ્ર એમ એક-એક પુત્ર આપ્યો. પુત્ર પ્રેમ ઘેલી બંને રાણીઓ એક વખતે પુત્રોને લાડ લડાવતી હતી ત્યારે બ્રાહ્મણો ભીક્ષા માટે આવી પહોંચ્યા જેની તેમણે દરકાર ન કરી તેથી પોતાનું અપમાન થયું સમજી બ્રાહ્મણોએ શાપ દીધો કે આ બંને પુત્રો અતિ હેરાન થશે. કેટલાંક વર્ષો બાદ રાજા પુરંજયે વાનપ્રસ્થાશ્રમ ગ્રહણ કર્યો અને બલિનો રાજ્યાભિષેક થયો. બંને ભાઈ બલિ અને ભદ્ર દિગ્વિજય કરતાં કરતાં ગંગાતટ ઉપર મુનિ દુર્વાસાના આશ્રમ ઉપર આવ્યા. આશ્રમની જમીન ફળદ્રુપ જોઈને તેને ખેડાણ કરવાની તેમની ઈચ્છા થઈ. તેથી દુર્વાસાએ તેમને શ્રાપ આપ્યો. બલિ અને ભદ્રને લેહક અને કૈટભ નામના બે પુત્રો થયા. તેઓ કુસંપથી રાજ્યભ્રષ્ટ બની ગંગાકાંઠે ખેતી કરવા લાગ્યા. ત્યાં એકવાર ધૌમ્યમુનિ આવી પહોંચ્યા. તેમનો તેઓએ રૂડી રીતે આદર સત્કાર કર્યો એટલે પ્રસન્ન થઈ તેમણે યજ્ઞ કરાવ્યો તેથી દેવતાઓ પ્રસન્ન થયા. આ બંને લેહક તથા કૈટભથી લેઉવા અને કેડવાની ઉત્પત્તિ થયેલી છે.


*"ક્ષત્રિયથી તમો વૈશ્ય થયા છો,*
*મુનિ દુર્વાસા શાપે જી.*
*જે બગડ્યું તે હવે ન સુધરે,*
*બળશો નહિ સંતાપે જી.*
*કૃષિ અને વ્યાપાર મહીં,*
*તમે ઉત્તમ જશને પામો જી.*
*સંપ ધરીને સુખ વધારો,*
*વેદના સઘળી વાળો જી.*
*લેહક પુત્ર સરવ કહાવે*
*લેવાથી ઓળખાય જી.*
*કૈટભથી હોય કડવા*
*જગમાં જાહિર થાયે જી."*
*(લેઉવા પુરાણ પૃષ્ઠ નં. ૧૩૯)*

**દંતકથા : ૪ ની ટીકા (લેઉવા પુરાણ)**

લેઉવાપુરાણના લેખક શ્રી ગોવર્ધનદાસ ભટ્ટે ભીમ નામના કોઈ અપ્રસિદ્ધ કવિનાં કાવ્યોના ફાટ્યાતૂટ્યા,







અવ્યવસ્થિત અને અસંબંધ કકડા પરથી પોતાની કલ્પના શક્તિના આધારે વસ્તુઓ ભેગી કરી પદ્યમાં ઉત્પત્તિ આલેખી છે. પુસ્તકમાં કવિ ભીમના સ્થાન, સમય અને ઉત્પત્તિ વિશે કોઈ પ્રમાણિત આધાર બતાવી શકાયો નથી. ઉપરાંત જ્ઞાતિની ઉત્પત્તિ વિશેની માહિતી ક્યાંથી મેળવી તે અંગે કોઈ શાસ્ત્ર, પુરાણ કે ઈતિહાસનો આધાર બતાવ્યો નથી. જેથી આ દંતકથા ઉપર પણ વિશ્વાસ મૂકી શકાતો નથી.

**દંતકથા નં. ૫**

**(૫) 'બ્રાહ્મણોત્પત્તિ માર્તંડ★'ના આધારે કડવા પાટીદારોની ઉત્પત્તિ :** રામના પુત્ર લવ-કુશ સિદ્ધપુર યાત્રા અર્થે ગયા. ત્યાંથી પાંચ ગાઉ પર ઉમાદેવીનાં દર્શન માટે ઉમાપુર(ઊંઝા)માં ગયા. દેવીની સેવા માટે ત્યાં રહેતા ગરીબ શુદ્ધ ખેડૂતોમાંથી લવ-કુશે યોજના કરી. તે પરથી તેઓ લેઉવા અને કડવા કહેવાયા.

કડવા દેવીની ગાયો ચારવા ગયા હતા એ દરમ્યાન લગ્નનું મુર્હૂત આવ્યું તેથી લેઉવાને પરણાવ્યા ને કડવા રહી ગયા. રહી ગયેલા કડવાએ અસંતોષથી માતાજીને પ્રાર્થના કરી ત્યારે 'તમારા વિવાહ બાર વર્ષે થશે' તેવું દેવીએ વચન આપ્યું.

ઊંઝામાં ઉમાદેવીના કમાડ બાર વર્ષે કણબીનાં લગ્ન આવે ત્યાં સુધી સદૈવ બંધ રહેતાં હતાં. લગ્ન સમયે પૂજારીને સ્વપ્ન થતું ને કમાડ ખુલી જતાં.

આ વૃત્તાંત શિષ્ટોના મુખથી સાંભળીને વર્ણવ્યું છે.

★'બ્રાહ્મણોત્પત્તિ માર્તંડ' - લેખક હરિકૃષ્ણ વ્યંકટરામ શર્મા

**દંતકથા નં. ૫ ની ટીકા**

સ્વ. પુરુષોત્તમ લલ્લુભાઈ પરીખ લખે છે કે, રામના પુત્ર લવ કુશ ત્રેતાયુગના સમયમાં થઈ ગયેલા છે અને ઊંઝા ગામ તથા ઉમિયાદેવીના સ્થળનું ઈ.સ.ના બીજા સૈકા સુધી નામ નિશાન પણ ન હતું ત્યારે મૂલમ્ નાસ્તિ કુતો શાખા એ ન્યાયે લવ-કુશ સિદ્ધપુરથી ઉમિયાજીનાં દર્શન કરવા સારુ ઊંઝા ગયા એ વાત માની જ શકાય કેમ ? વળી લવ-કુશ સિદ્ધપુર યાત્રાર્થે આવ્યા હતા એ વાત રામાયણ કે કોઈ પુરાણોમાં પણ નથી. જેથી 'બ્રાહ્મણોત્પત્તિ માર્તંડ'ના લેખક શ્રી હરિકૃષ્ણ શર્માએ આ કપોલ-કલ્પિત કથા લખી છે. આ કથાનું કોઈ વૈજ્ઞાનિક તથ્ય નથી.

**દંતકથા : ૬**

**(૬) લવ-કુશના વંશજોના આધારે કડવાઓની ઉત્પત્તિ :** પ્રાચીન ભારતના ઈતિહાસમાં ભગવાન રામે અશ્વમેઘ નિમિત્તે યજ્ઞના ઘોડાને છૂટો મૂક્યો હતો. તેને વનવાસ કરી રહેલા સીતામાતાની કુખે જન્મેલા લવ અને કુશે આંતર્યો હતો. ઘોડાનું રક્ષણ કરવા માટે સાથે ગયેલા શત્રુઘ્ન અને સેનાપતિ સુમંત આ બે બાળકોથી પરાજિત થઈને પાછા વળ્યા હતા એટલે રઘુકુળની કીર્તિ પતાકા ઝાંખી ના પડે એટલા માટે ખુદ રામચંદ્રજી અશ્વને પાછો મેળવવા માટે પધાર્યા હતા. એક બાજુ પિતા અને બીજી બાજુ બે પુત્રો. એમને જોતાં જ રામચંદ્રજી કહે છે કે, 'આ બાળકોને જોતાં જ મારા મનમાં વાત્સલ્યનાં ઝરણાં ફૂટી નીકળે છે.' સીતાજીને આ ઘમસાણના સમાચાર મળતાં તે દોડી આવે છે ને બધુ સમુસુતરૂ પાર ઊતારે છે. 'સીતાજી કંઈક માગો. રામ કંઈક સંકોચથી બોલે છે.'

'મારે કંઈ જ માગવું નથી, પ્રભુ, તમારા આ બે સિંહબાળને સંભાળી લો. આ ધન્ય ઘડીની રાહ જોતી હું વર્ષોથી બેઠી હતી.'

'હવે' રામ બોલ્યા.

'હવે બીજુ હું મા ધરતીની પાસે થોડી જગ્યા માગું છું.' પણ રામના શબ્દો તેમના મોમાં જ રહી ગયા.

'મા મને જગ્યા આપ ! ' સીતામાતાએ ધરતીને વિનંતી કરી. એ સાથે જ જમીનના બે ભાગ થઈ ગયા. અંદરથી ધરતી માતા પ્રગટ થયાં. સીતામાતાએ રામચંદ્રનાં ચરણ પકડ્યાં ને લાડીલા લવ-કુશને હૈયે ચાંપ્યા. 'મા', 'હીબકા લેતા બે બેટડા વલવલવા લાગ્યા. 'બેટા જાઉં છું, પણ તમને નોંધારા મૂકીને નથી જતી. સરસ્વતીના તીરે ઉમાપુરમાં મારી સખી ઉમિયાનાં બેસણાં છે. તમે ત્યાં વારંવાર જજો. તમને ત્યાં અનહદ આશિષ મળશે.'

રામચંદ્ર બંને પુત્રો તથા અશ્વને લઈને અયોધ્યામાં પધાર્યા. રાજ્યની ધુરા પોતાના હાથમાં લીધી. મા વિહોણા લવ-કુશને ભરપૂર પ્રેમ આપીને ઉછેર્યા. તે યોગ્ય વયના થયા ત્યારે પોતે તેમને રાજ્યવહીવટ સોંપીને વનને માર્ગે વળ્યા. લવે ઉત્તર ભારત અને પંજાબનું રાજ્ય સંભાળી ત્યાં લવપુર (લાહોર)ની નવી વસાહત કરી. કુશે બિહાર અને બંગાળને હસ્તગત કરી ત્યાં કુશાવતી આજનું પટણા વસાવ્યું. બંનેનાં રાજ્ય સરસ ચાલતાં હતાં. જેથી લવ ઉપરથી લેઉવા અને કુશ ઉપરથી કડવા કહેવાયા હશે એવું માનવામાં આવે છે.







એવી પણ બીજી એક દંતકથા પ્રચલિત છે કે પંજાબના લવપુર(લાહોર)થી લવ અને કુશાવતી (પટણા)થી કુશ બંને તીર્થયાત્રાએ નીકળ્યા. ફરતાં ફરતાં તેઓ શ્રીસ્થળ (સિદ્ધપુર) આવ્યા. ત્યાંથી તેઓ શ્રી ઉમાદેવીનાં દર્શન માટે ઊંઝા આવેલા. આ સ્થળે વસતા ગરીબ ખેડૂતોને દાન દક્ષિણા આપી તેમની સમૃદ્ધિ માટે યોજના કરી તેથી સમૃદ્ધ થયેલા ખેડૂતોએ પોતાને સમૃદ્ધ કરનાર લવ અને કુશ ઉપરથી પોતાની જાતની અટક લવ ઉપરથી લેઉવા અને કુશ ઉપરથી કડવા અટકો શરૂ કરી.

**દંતકથા : ૬ ની ટીકા**

આ દંતકથા નં. પને મળતી આવે છે, તેથી આ દંતકથાનું કોઈ વૈજ્ઞાનિક તથ્ય નથી લવ ઉપરથી લેઉવા અને કુશ ઉપરથી કડવા નામ પડ્યું હશે, એવા પણ કોઈ વૈજ્ઞાનિક પુરાવા મળતા નથી.

**દંતકથા નં. ૭**

**(૭) મા ઉમા અને ભગવાન શંકરે સ્વહસ્તે નંદી અને ત્રિશૂળ અર્પણ કર્યા તે :** એક દિવસ શિવ-પાર્વતી આકાશમાર્ગે ગમન કરી રહ્યાં હતાં ત્યારે અચાનક માતા ઉમાની દૃષ્ટિ પૃથ્વી ઉપર પડી. તે વખતે તેઓએ જોયું કે એક માણસ માથે હાથ દઈ ને દીન બનીને બેઠો હતો. તેનું દુઃખ દૂર કરવા માટે ઉમાએ શિવજીને પ્રાર્થના કરી. પછી શિવજીએ કહ્યું, 'દેવી' પેલો દીન દેખાતો માણસ સ્વભાવે ભોળો છે, એને કૃષિનું જ્ઞાન નથી, જમીન ઉપર અનાજના દાણા છૂટા વેરીને તે ઊગવાની રાહ જોવામાં ઘણા સમયથી બેઠો છે, પણ જમીન ઉપર વેરાયેલા કણ પક્ષીઓ આવીને ખાઈ જાય છે, પછી કણ શી રીતે ઊગે ?'

'તો પ્રભુ ચાલો આપણે એને માર્ગ સુઝાડીએ ? મારા બાળકને નિરાશવદને હું કેમ જોઈ શકું ? હું એની મા છું, આપ તેના પિતા છો, તેની સંભાળ આપણે નહિ રાખીએ તો બીજું કોણ રાખશે ? શિવ-પાર્વતી નીચે પૃથ્વી ઉપર પધાર્યા. શિવજીએ ત્રિશૂળ વડે જમીન ખેડી નાંખી, મા ઉમિયાજીએ બધા કણોને ખેડાણમાં દાટી દીધા અને પોતાનો દિવ્ય વરદ હસ્ત ફેરવી દીધો ને પછી બંને ત્યાંથી ચાલ્યા ગયા. નિરાશ અને વ્યથિત તે માનવે અગાઉ પૃથ્વી ઉપર વેરેલા દાણા જોયા નહિ તેથી તે બેબાકળો બનીને ક્રોધથી કડવી વાણી બોલવા લાગ્યો. મારો કયો વેરી પાક્યો, ક્યો પરભવનો હરામી શત્રુ મારાં બીજ ચોરી ગયો. ચોરી જનારનું નખ્ખોદ જજો.' એવામાં વરસાદ પડ્યો ને થોડા દિવસમાં જમીનમાં દટાયેલા કણો અંકુરો બની બહાર નીકળ્યા. તે જોઈ તે નાચી ઊઠ્યો ને એકાએક બોલી પડ્યો, 'મા તારી અપાર કરુણાનો પાર કોણ પામી શકે ? મા મને દર્શન આપો.' ઉમા માતા તરત દોડી આવ્યાં ને બોલ્યાં 'બેટા !' તારા કડવા શબ્દો મને મીઠા લાગ્યા છે. આમ છતાં આ પ્રસંગની યાદગીરીમાં તું કડવો કહેવાશે અને જમીનના 'પટ' ઉપર તું કૃષિ કરશે એટલે તું પટેલ કહેવાશે.'

એવામાં ભગવાન શંભુ ત્યાં આવી પહોંચ્યા. તે ઉમાજીને સંબોધીને બોલ્યા, 'દેવી ! તમે ઘણું બધું આપ્યું પણ અગત્યની વસ્તુ આપવાની રહી ગઈ. તે ખેતી કરશે કઈ રીતે ? આપણું વાહન નંદી પણ તેને આપો જેથી નંદીના પુત્રોની સહાયથી તે ખેતી કરશે અને મારા ત્રિશૂળથી જમીન ખેડાઈ એટલે એવા આકારનું હળ નંદીપુત્રો ખેંચશે એટલે ઝડપથી ખેતી પણ થશે.'

પેલો ભોળો પણ કડવાબોલો માણસ, શિવ-પાર્વતીનો સંવાદ સાંભળી આનંદવિભોર બની ગયો અને આભારવશ બંનેના ચરણોમાં પડી ગયો. મા ઉમાએ તેને ઊભો કર્યો અને ઉમા તથા શિવજીએ તેને આશીર્વાદ આપ્યા. આ પછી ઉમા-શંકર અંતર્ધ્યાન થઈ ગયા.

**દંતકથા નં. ૭ ની ટીકા**

કડવા શબ્દ કડવી વાણી બોલવાથી આવ્યો હશે એવી એક માન્યતા છે. પટેલના જીભે ઝેર હોય છે. તડને ફડ. જે હૈયે હોય તે હોઠે હોય. કોઈ કુટિલતા નહિ. સ્પષ્ટ કહેવું, ને તે સીધા જ શબ્દોમાં. આવી સહૃદયતાથી તેનું ભોળપણ સાબિત થાય છે. આ દંતકથામાં પાટીદારના ગુણો વ્યક્ત કર્યા છે પણ આ દંતકથા સાચી જ છે, તેવા કોઈ પુરાવા નથી.

**શાખો અને પેટા-શાખો**

| **શાખ** | **પેટા-શાખ** |
|---|---|
| ૧. રૂસાત | દડગા |
| ૨. મોલ્લોત | લીંબાણી, આણદાણી |
| ૩. ભેમાત | રામજીઆણી |
| ૪. ડાકોતર | સોગાણી |
| ૫. મુજવી | વેલાણી |
| ૬. ગામી | રામાણી, રવાણી, સેગાણી, વાલાણી, દાનાણી, રૂનાણી, ભોજાણી, મેપાણી, વાલજિયાણી, ડોસાણી, સુરાણી, કમાણી, તેજાણી વગેરે |







| | |
|---|---|
| ૭. ગોઠી | માંકાણી |
| ૮. મોખાત | નાકારાણી, જાદવાણી |
| ૯. અમૃતિયા | રંગાણી |
| ૧૦. ટીલાત | માવાણી, સવાણી, લાલાણી, મેપાણી |
| ૧૧. કડવાનર | ચીકાણી |
| ૧૨. પહાડ | ઠાકરાણી |
| ૧૩. ભુવા | સુરાણી, રતનાણી, ખેતાણી, સેગાલ, પેથાણી, વાલાણી, પદમાણી વગેરે |
| ૧૪. જવાતર | જખવાણી, વાગડિયા |
| ૧૫. લારી | વાડિયા |
| ૧૬. ગૌગડા | ગોરાણી, હળપાણી, માનકુવાઈ, રાવરાણી, ડોસાણી |
| ૧૭. સાકરિયા | વાસાણી, ભાદાણી, આણી |
| ૧૮. મજીઠિયા | ગોગારી |
| ૧૯. મનવર | સાંખલા, પ્રેમજીઆણી |
| ૨૦. દાણી | ભાવાણી |
| ૨૧. હોતી | ચૌધરી |
| ૨૨. ચપલીઆ | પજવાણી |
| ૨૩. ગોદાળ | ચૌહાણ |
| ૨૪. ચીરવી | રૂડાણી, પંચાણી, મેગાણી, ડાહ્યાંણી |
| ૨૫. કરણાવત | ઉકાણી, ભૌમાણી, ખીમાણી |
| ૨૬. ધોળું | નરસીંઆણી |
| ૨૭. દિવાણી | નાયાણી, કાનાણી |
| ૨૮. પોકાર | ભીમાણી, વડવાળી, ઉદેડાઈ, લધાણી, ધનાણી, સામાણી, અજોરિયા |
| ૨૯. માંડવિયા | પારેખ, છાભૈયા, કેશરાણી |
| ૩૦. ભક્કા | પારસિયા, કાબેરિયા |
| ૩૧. બલોલ | બલોલિયા, ચાંગેલા |

| **શાખા** | **ગામ** | **ઠેકાણું** |
|---|---|---|
| ૧. રૂસાત | રોહતાગઢ | જેલમનદી પર |
| ૨. માંડલોત | માંડલેહ | મેવાડની ઉત્તરે |
| ૩. ભેમાત | ભામ | હોશિયાર પુર પાસે |
| ૪. મુંજાત | મુંજા | |

| | | |
|---|---|---|
| | ગુજરાનવાલા પાસે | |
| ૫. ડાકોતર | - | - |
| ૬. વિજાયત | વજીરપુરા જીલ્લો આગ્રા | |
| ૭. ગામી | ગમ્બાર માઉન્ટગોમરી પાસે | |
| ૮. ગોઠી | ગોઠ શરીફપુર પાસે | |
| ૯. ફોક | ફુક લારખાના પાસે | |
| ૧૦. મોખાત | - | - |
| ૧૧. અમૃતીઆ | અમૃતસર પંજાબ | |
| ૧૨. ટિલાટ | ટિલાથુ શાહબાદ પાસે | |
| ૧૩. મુંગલા | મંગલપુરા લાહોર પાસે | |
| ૧૪. ભૂત | ભૂતના લુધિયાણા પાસે | |
| ૧૫. કડવાતર | - | - |
| ૧૬. પહાણ | પાન ગોંડાબલ રામપુર પાસે | |
| ૧૭. ભૂવા | ભોવા લાહોર પાસે | |
| ૧૮. ચેચાટ | - | - |
| ૧૯. જુવાતર | જુવા ઈટાવા પાસે | |
| ૨૦. સોરઠા | સોનથા પુરનીઅલ પાસે | |
| ૨૧. લારી | લાર ગોરખપુર પાસે | |
| ૨૨. લાકોડા | લાખોદર લાહોર પાસે | |
| ૨૩. ગોગડા | ગોધા ભાવલપુર પાસે | |
| ૨૪. સાકરીઆ | - | - |
| ૨૫. મજીઠીઆ | મજીઠમંડી | |







| | | |
|---|---|---|
| | અમૃતસર પાસે | |
| ૨૬. મનવર | - | - |
| ૨૭. કતવર | કાતના | |
| | મથુરા પાસે | |
| ૨૮. દાણી | દાણાવલ | |
| | જલંધર પાસે | |
| ૨૯. ચેણીઆ | - | - |
| ૩૦. ચપલા | ચપલ | |
| | મહુ પાસે | |
| ૩૧. હરણીઆ | હર | |
| | મેદનીપુર પાસે | |
| ૩૨. હોતી | હોતી | |
| | પેશાવર પાસે | |
| ૩૩. ચપેલીઆ | - | - |
| ૩૪. શેઠીઆ | - | - |
| ૩૫. લહુઓટ | લાહોર | |
| | પંજાબ | |
| ૩૬. કલારા | કાલ | |
| | જેલમ ઉપર | |
| ૩૭. કાળપૂંછા | કાળસાયા | |
| | લુધિઆણા પાસે | |
| ૩૮. વગદા | - | - |
| ૩૯. ગોદાળ | ગોન્દા | |
| | અલીગઢ પાસે | |
| ૪૦. સીરવી | - | - |
| ૪૧. ભક્કા | ભક્કા | |
| | ગોપાળગંજ પાસે | |
| ૪૨. કુંવારા | - | - |
| ૪૩. ઢાન ટોડવા | ઢાનાપુર | |
| | ગોડાંલ રામપુર પાસે | |
| ૪૪. ઢાંકણીઆ | - | - |
| ૪૫. કરણાવત | કરંડા | |
| | ઘાસીપુર પાસે | |
| ૪૬. ધોળું | ધોળ | |
| | મુજફરપુર પાસે | |
| ૪૭. દેવાણી | - | - |
| ૪૮. ઢોકાળ | ઢેખાલ | |
| | ખરીદપુર પાસે | |
| ૪૯. પોકાર | - | - |
| ૫૦. ચોપડા | - | - |
| ૫૧. કોદાળ | - | - |
| ૫૨. માંડવીઆ | માંડી | |
| | પંજાબમાં | |

### કુર્મી, કણબી, પાટીદાર, પટેલ શબ્દની ઉત્પત્તિ

**'કુર્મી શબ્દનો અર્થ**

'કુર્મી' શબ્દ સંસ્કૃત ભાષાનો છે ને કણબી શબ્દ કુર્મીમાંથી ઊતરી આવ્યો છે, એવો એક મત છે. કણબીઓ ખેતી કરતા જેથી તેઓને કૃષિકર્મી કહેતા. એ શબ્દ પરથી કુરમી, કરમી, કણબી એમ અપભ્રંશ થયા હશે.

બીજો એવો મત છે કે, કણબી શબ્દ સંસ્કૃતના 'કુટુમ્બિન્' શબ્દ ઉપરથી ઊતરી આવ્યો છે કે, જેનો અર્થ ઘરવાળો કે કુટુંબવાળો થાય છે. શ્રી નરસિંહભાઈ ભોળાનાથ લખે છે કે, કુટુમ્બિનમાંથી કુટુંબી, કુડુબી, કુળુબી, કુણબી અને પછી અપભ્રંશ થઈ કણબી શબ્દ બન્યો છે. ઈ.સ. પૂર્વે ૬૨૩ થી ઈ.સ. પૂર્વે ૫૪૪માં રચાયેલ બુદ્ધજાતકોમાં કુટુંબીકો ખેતી સાથે વેપાર કરતા હતા. એવું જણાવેલ છે. ઈ.સ. પૂર્વે ૩૨૧ થી ઈ.સ. ૨૯૭ પૂર્વે સુધી લખાયેલ "કૌટિલ્ય અર્થશાસ્ત્ર"માં પણ કુટુંબીન શબ્દનો ઉલ્લેખ છે. મેગેસ્થનીસનાં વૃત્તાંતોમાં બ્રાહ્મણો પછી બીજે નંબરે કુટુમ્બીકોને એટલે કે કણબીઓને મૂક્યા છે. પ્રાકૃત સાહિત્યમાં 'કુટુંબીય' શબ્દ આવેલો છે. સંસ્કૃતમાં બ્રાહ્મણાદિ કુટુમ્બિનશ્ચ કારુકશ્ચ બ્રાહ્મણો પછી કુટુંબીન શબ્દ મૂક્યો છે અને ત્યાર પછી કારુક એટલે કારીગર શબ્દ મૂકેલો છે. સાહિત્ય શિરોમણિ હેમચંદ્રસૂરિજીએ ૧૨મી સદીમાં પોતાના "અભિધાન ચિંતામણિ" નામના ગ્રંથમાં કુટુંબીન શબ્દ વાપર્યો છે. 'કુટુમ્બી કર્ષકઃ ક્ષેત્રોહલી કૃષિક કાર્ય સૌ' જે માણસ ખેતી કરે અગર તો કરાવે તે કુટુંબીન. મહારાષ્ટ્રમાં કુળુંબી અને કુણબી બંને શબ્દો વપરાય છે. બંગાળ, બિહાર, માળવા, ગુજરાત, મહારાષ્ટ્ર અને મદ્રાસ સુધીના જૂનાં લેખો કે તામ્રપત્રોમાં કુટુંબિન શબ્દ વપરાયેલો મળી આવે છે.

'કુર્મી' શબ્દનો અર્થ

સંસ્કૃત શબ્દકોષમાં કુર્મી શબ્દના ત્રણ-ચાર અર્થો

કરવામાં આવ્યા છે :

૧. કુર્મ એટલે પૃથ્વીનું પાલન કરનાર પૃથ્વીપતિ કે રાજા.

૨. કુર્મઃ એટલે શક્તિ. કુર્મી એટલે શક્તિવાન માણસ, વીર્યવાન, પરાક્રમી, વીરપુરુષ.

૩. કુર્મઃ એટલે સ્વર્ગ, કુર્મી એટલે દેવસ્પતિ, ઈન્દ્ર અને સ્વર્ગપતિ.

૪. કુર્મીઓ સંગ્રામ કે યુદ્ધમાં નાના પ્રકારના કર્મ કરનાર વીરપુરુષ. દરેક અર્થમાં કુર્મી શબ્દ ખાસ ક્ષત્રિયની સત્તા તરીકે વપરાયેલો છે.

કુર્મી શબ્દ ક્ષત્રિયો માટે વપરાતો આવ્યો છે. ઈન્દ્ર પણ ક્ષત્રિય જ હતા. કૃષ્ણ, રામ, બુદ્ધ, મહાવીર પણ ક્ષત્રિય હતા. ક્ષત્રિયોનો ધર્મ પૃથ્વી પરના લોકોનું રક્ષણ કરવાનું હતું, ને તેઓ રક્ષણ કરતા, યુદ્ધો લડતા. મહત્ત્વની વસ્તુ જાણવા જેવી એ છે કે, ભારતના બધા જ ધર્મના મુખ્ય પ્રવર્તકો ક્ષત્રિય હતા. ભગવાન તરીકે એટલા પૂજાયા છે, તે બધા જ ક્ષત્રિયો હતા. ક્ષત્રિયો જ ભગવાન બની શક્યા છે, બ્રાહ્મણો કે વૈશ્યો નહિ.

કણબીઓ મૂળે ક્ષત્રિયો હતા તેવું પુરાણો અને પ્રાચીન ઈતિહાસો પરથી સાબિત થયું છે. મૂળે કુર્મી કોમ લડાયક હોવાથી લડાઈના પ્રસંગો સિવાય શાંતિના સમયે તેઓ ખેતી અને પશુપાલનમાં વ્યસ્ત રહેતા. ખેતી કરતા હોવાથી 'કૃષિકુર્મી' કહેવાયા. કૃષિકુર્મીમાંથી કૃષિકુર્મ ને તેમાંથી કૃષિકાર, કૃષક કહેવાયા. કૃષ એટલે ખેડવું. કૃષક એટલે ખેડનાર, ને તે ઉપરથી ગુજરાતીમાં ખેડૂત કહેવાયા.

**કણબીઓ કુર્મ ઋષિના વંશજો**

સ્કંદપુરાણના સહ્યાદ્રિખંડના અધ્યાય ૩૩માં કુર્મ ઋષિના વંશની વિગતે ચર્ચા કરી છે. આપણાં શાસ્ત્રોમાં મૂળ પુરુષ તરીકે ભગવાન કશ્યપ ઋષિ હોવાનું બતાવ્યું છે. તેથી આપણા મૂળ પુરુષ ચંદ્રવંશીય કુર્મ ઋષિ સુધીનો ઈતિહાસ નીચે પ્રમાણે છે :

'ક્ષીરસાગરમાં ભગવાન શેષજીની શૈય્યા પર શયન કરી રહેલા વિષ્ણુ નારાયણની નાભિકમળમાંથી શ્રી બ્રહ્માજી પ્રગટ થયેલા છે, તેમનાથી સમગ્ર સૃષ્ટિના પિતા આદિપુરુષ શ્રી કશ્યપ ઋષિ ઉત્પન્ન થયા. તેમનાથી મહાત્મા અત્રિઋષિ ઉત્પન્ન થયા. તેજના અંબારરૂપ તેમનાં નેત્રોમાંથી સર્વતેજના પતિ, ઈશ્વર, સર્વલોકોને શાંતિદાતા, સુધાકર અને અઢાર ભાર વનસ્પતિને પોષણ આપી તે દ્વારા સૃષ્ટિને જીવન આપનારા-પુષ્ટ કરનારા ચંદ્રમા થયા. ચંદ્ર એ શબ્દાભિધાન રાખવાનો હેતુ સાર્થક છે ચદિ ધાતુ સુખ અને પ્રકાશનો ભાવ દર્શાવે છે. તેથી તેમાંથી ચંદ્ર

---

१ जज्ञिरे कश्यपो ह्यादौ तस्मादत्रिरे भुत्येरा ।
विद्युतेजः समोलोके जातो मिस्तपसापुरा ॥
अत्रिचक्षुः समुत्पन्न स्तेजसां पतिरीश्वरः ।
आह्लादकोहि लोकानामौषधीनां च पोषकः ॥
धात्वर्यस्य व्लात्सोपि चंद्र नामेति विश्रुतः ।
चदि आह्लादने दीप्तौ चेतिधातो निष्पन्न ॥
त्वेनतस्य चंद्रनामत्व मितिबोधम् ।

२ तत्पत्नी रूप सौभाग्या नाम्नो रूपांगनाशुभा ।
तस्याचनिर्भितः पुत्रो रूपलावण्य संयुतः ॥
वदान्यो वीरजिद्वीरो वर कर्म्मा वटाननः ।
नाम्ना बुधइतिख्यातो बुधानां बोधकारक ॥
पुराणेषु च सर्वेषु विश्रुतोवरदो विभुः ।
तत्पुत्रः श्रीमतां श्रेष्टः पुरुखो महामतिः ॥

३ पुरुखा त्रपुः पुत्रोह्यनुजोह्यात्यरियभूत् ।
स्कन्दपुराणे सह्यान्द्रिखण्डे, आदि रहस्ये, अ. ३०
एतेषु श्लोकेषु प्रथमः कश्यपः ततो अत्रि तस्माच्चंद्रः
तस्माद्बुधः तस्मात्पुरुखाः ततरचपुः आयुश्चानिर्णीतः ॥

अग्रेतपोः पुत्रपौत्रादीतां वाम नामक कुशनामकादीनां विस्तारः
तत्रैवस्कान्दे निरुपितः ॥ तत्रापि त्रपुवंशविस्तारकाणां
प्रशंसाबोधकाः श्लोकाः सन्ति ॥ तथाहि ॥
घृतिमंतोमहावीर्य्या लोक विख्यात पौरुषः ॥ ३८ ॥
देवीभक्ता महात्मानो ब्राह्मणातिथ्य कारकाः ।
दाननिष्ठा स्तपोनिष्ठा वेदशाखानु चिन्तका ॥ ३९ ॥
एषाहिवंश विस्तारो जातो वैवसुधातले ॥

४ एतेषां देवीभक्तानां मध्यएव कूर्मवंशस्यनिरुपणं कृतम् !
तथा हि ! मालामालिनी भक्तस्य कूर्मनाम्नो ऋषे कुले !! ६४ !!
जातः प्रथमतो राजा प्राणनाथ इतीरितः !
तस्माच्चवीरसेनाद्या वभूवुः प्रतिवर्द्धनाः !! ६६ !!
स्कंदपुराणे आदिरहस्ये सह्यान्द्रि खण्डे अ. ३३







એ શબ્દનો પ્રયોગ થાય છે' તે ચંદ્રના પ્રાગટ્ય પછી તેમની રૂપ તથા લાવણ્યમયી અને સૌભાગ્ય સંપન્ન રૂપાંગના નામથી વિખ્યાત થયેલી ઉત્તમોત્તમ ગુણવાળી પત્નીથી અત્યંત દિવ્ય અને મનોહરરૂપવાળો નિર્માણ થયેલો પુત્ર થયો. જેનું નામ બુદ્ધ હતું, તે બુદ્ધ દાતા, વીરનરોમાં સર્વશ્રેષ્ઠ કર્મોને કરતો શોભાયમાન પુરુષોને બોધ કરનારો તથા સર્વે પુરાણોમાં પ્રસિદ્ધ, સામર્થ્યયુક્ત વરદાન આપનારો થયો. તેની પછી શ્રીમાન પુરુષોમાં શ્રેષ્ઠ એવો તેને પુરૂખા નામનો મહાબુદ્ધિશાળી પુત્ર પેદા થયો.

આવા શ્રીમાન પુરુષોમાં શ્રેષ્ઠ એવા પુરુખા રાજાને ત્રપુ નામનો પુત્ર થયો. તેને આયુ નામનો લઘુભ્રાતા હતો. આ ત્રપુ તથા આયુ બંને પુરુષોના વંશની વિશેષ વૃદ્ધિ થયેલી છે, તેમાં આયુના વંશનો વિસ્તાર મહાભારતમાં વિશેષ કરી વર્ણવ્યો છે અને ત્રપુના વંશનું વિવેચન સ્કંદપુરાણમાં નિરૂપણ કરેલું છે. આ ત્રપુના પુત્રનું નામ વામ હતું અને તે વામનો પુત્ર કુશ થયો. એના વંશની વૃદ્ધિ કરનારા મહાપુરુષોની સ્કંદપુરાણમાં બે શ્લોકોમાં સારી સ્તુતિ કરી છે. તેઓ ધૈર્યવાન, અતિ પરાક્રમવાળા, લોકોમાં પ્રસિદ્ધ પુરુષાર્થ કરવાવાળા દીર્ઘદૃષ્ટિ મહાત્માઓ હતા. તેઓ બ્રાહ્મણનું આતિથ્ય કરનારા, દાન તથા જપ-તપમાં શ્રદ્ધાપૂર્વક એક નિષ્ઠાવાળા અને વેદાદિ શાસ્ત્રોનું ચિંતન કરવાવાળા થયા. એવા મહાનુભાવ પુરુષોનો પવિત્ર અને વિસ્તીર્ણ વંશ આજ સુધી આ અવનિમાં વિખ્યાતિને ફેલાવતો રહ્યો છે.

આ રીતે મહાન પ્રભાવશાળી મહાપુરુષોમાં કુર્મ ઋષિના વંશનું સ્કંદપુરાણમાં વિવેચન કરવામાં આવ્યું છે. તેમના કુળમાં પ્રથમ પ્રાણનાથ નામે રાજા થયા. જેમની પછી બાહુશાલી નામને ધારણ કરનારા રાજા થયા અને તેમના વંશમાં દીર્ઘબાહુ વગેરે થયા.

આ રીતે જોતાં કુર્મીઓ કૂર્મ ઋષિના વંશમાંથી ઊતરી આવ્યા છે. કૂર્મ ઋષિ ક્ષત્રિય હોવાથી કુર્મીઓ પણ ક્ષત્રિયો છે તેવું સાબિત થાય છે.

**પાટીદાર અને પટેલનો ઈતિહાસ**

પાટીદાર અને પટેલ બંને શબ્દો એક જ છે, એવું સામાન્ય રીતે ઘણા લોકો માને છે પણ આ માન્યતા ખોટી છે. કણબી શબ્દ ઘણા પુરાણા કાળથી ચાલતો આવે છે. તેમ 'પટેલ' શબ્દ પણ એટલો જ જૂનો છે. પટેલ માટે મૂળ સંસ્કૃત શબ્દ 'પટ્ટલિક' છે. ગામનાં ખેતરોની જમીન અગર તો ઘરથાળની જમીનના જે વેચાણ કે ગીરો દસ્તાવેજ થયા તેની એક નકલ ગામમાં રહેતી અને તે નકલ ગામનો જે મુખ્ય માણસ હોય તેની પાસે રહેતી. આ માણસને 'પટ્ટલિક' કહેતા. કારણકે, પટ્ટાઓ (પટ્ટ = વસ્ત્ર) ઉપરના લેખો સાચવવાની જવાબદારી એની હતી. સેંકડો વર્ષથી આ શબ્દ ગામના આગેવાન માટે વપરાતો આવ્યો છે અને તે આજે પણ ચાલુ છે.

કણબીઓને વેચાણ કે ગીરો દસ્તાવેજ સાચવવાનું કામ રાજાઓ એટલા માટે સોંપતા હતા કે, તેઓ પ્રમાણિક અને ઉદાર હતા. કોઈનું કદી હરામનું પડાવી ન લેવું, બીજાને મદદરૂપ બનવાની ભાવના રાખવી, ન્યાયની બાબતમાં સ્પષ્ટ કહેવું. આ બધા જન્મજાત ગુણોથી કણબીઓ તરફ બીજી જ્ઞાતિઓ આકર્ષાઈ હતી ને ગામનો વહીવટ જ્યાં કણબીઓ હોય ત્યાં તેઓને સોંપાતો. આથી, પટ્ટલિક ઉપરથી 'પટેલ' શબ્દ આવ્યો.

પટેલ એટલે જેને પટલાઈ ફૂટવાનું ગમે છે તે. સામાન્ય રીતે પટેલો જ પટલાઈ ફૂટતા હોય છે. આખા ગામમાં પટેલનું એક જ ઘર હોય તો પણ તે આખા ગામની પટલાઈ કરે. વીર વિક્રમે હૂણ, શકોને હરાવીને હિંદુસ્તાનની સરહદ બહાર કાઢી મૂક્યા અને અવંતી (માળવા)નો પ્રદેશ કબજે કર્યો. આ પ્રદેશ ઉજ્જડ હતો. એને ફળદ્રુપ બનાવવા શું કરવું ? છેલ્લે વીર વિક્રમ મનમાં થયું કે કણબીઓનો આ વિસ્તારમાં વસાવવામાં આવે તો તેઓ આ વિસ્તારને પોતાની મહેનતથી ફળદ્રુપ બનાવશે. આથી, વીર વિક્રમે પંજાબમાંથી કુર્મી કુટુંબોને માળવામાં તેડાવ્યાં ને તેઓનું સન્માન કર્યું. અને દરેક કુટુંબને એક એક ગામ વસાવવા આજ્ઞા કરી, તેથી કુર્મીઓએ પોતાની યોગ્યતા પ્રમાણે નાનાં મોટાં ગામો વસાવ્યાં. રાજાએ ત્રણસો ગામોના કુર્મીઓને પટેલના ખિતાબો આપ્યા. સમય જતાં તેમની વસ્તી વધતી ગઈ ને પોતે 'પટેલ' તરીકેની પોતાની અટક લખાવવા લાગ્યા. માળવામાંથી ગુજરાતમાં પટેલો આવ્યા અને ગુજરાતમાં પણ આ અટક શરૂ થઈ ગઈ.

**પાટીદાર**

પાટીદાર શબ્દ હિંદીમાં 'પત્તિદાર' તરીકે વપરાય છે જે અપભ્રંશ થઈ 'પતીદાર' બન્યો. 'પતી' અગર 'પાતી' એટલે પાટી. ગુજરાતમાં 'પાંતી' શબ્દ પણ પ્રચલિત છે. 'પાટી' એટલે જમીનનો એક ટૂકડો. પતીદાર શબ્દનો ગુજરાતીમાં 'પાટીદાર' શબ્દ થયો.







રાજાઓ કુર્મીઓને જમીનનો મોટો ભાગ ખેડવા આપતા અથવા જમીન ખેડતા કુર્મીઓ પાસેથી રાજાઓ રાજ્યભાગ માગતા. રાજ્યભાગ તરીકે કુર્મીઓને અનાજ કે રોકડ રકમ ચૂકવવી પડતી હતી. રાજ્યભાગ કેટલો લેવો તે જે-તે રાજા નક્કી કરતો. જુદાજુદા વિભાગોમાં રાજ્યભાગ જુદી રીતે લેવાતો હતો. ૧/૧૦, ૧/૮, ૧/૬ કે ૧/૪ ભાગ લેવાતો. જ્યાં વધારે ભાગ લેવાતો ત્યાંથી કુર્મીઓ પોતાનું સ્થાન બદલીને ઓછો ભાગ લેવાતો હોય તે રાજ્યમાં ચાલ્યા જતા. જ્યાં જતા ત્યાં તેઓને પૂછવામાં આવતું, 'તમારો ધંધો શો ?' તો તેઓ 'પત્તિદાર' છીએ એમ કહેતા. ને જમીનની કોઈ 'પાટી' રાખીને ખેતી કરતા. આથી જમીનની પાટીઓ રાખીને ખેતી કરનારા પાટીદારો કહેવાયા.

આ ઉપરથી સમજી શકાય છે કે 'પાટીદાર' શબ્દ ધંધા ઉપરથી આવ્યો છે, ને 'પટેલ' શબ્દ ખિતાબ કે પદવી ઉપરથી આવ્યો છે. સમય જતાં પાટીદાર શબ્દ લખવામાં લાંબો હોવાથી ને 'પટેલ' શબ્દમાં માનસિક રીતે ખુમારી અને શૂરાતનનો ભાવ છુપાયેલો હોવાથી સમગ્ર પાટીદાર કોમે આજે 'પટેલ' શબ્દ અપનાવી લીધો છે.

**કણબીઓ ક્ષત્રિયો છે કે વૈશ્યો ?**

કણબીઓ ક્ષત્રિયો છે કે વૈશ્ય ? આ વિષે વિદ્વાનોમાં પણ મતમતાંતરો છે. આજે સમગ્ર કણબી પાટીદારનું જીવન અને કાર્ય જોતાં તે વૈશ્ય જ હશે તેવું માનવામાં આવે છે. વૈશ્યોનું કાર્ય ખેતી, વેપાર અને પશુપાલનનું રહ્યું છે. પરંતુ કુર્મી અને કુર્મવંશીય લોકો વાસ્તવમાં ક્ષત્રિયો હતા, પણ ધીરેધીરે સમય-પરિવર્તનના કારણે ક્ષત્રિયધર્મ ત્યજી તેઓએ ખેતી અને પશુપાલનનો ધંધો સ્વીકાર્યો. શિક્ષણ વધતાં ને તેઓનો વિકાસ થતાં તેઓ વેપારી બન્યા જેથી આધુનિક લેખકો જૂનો ઈતિહાસ ન જાણતાં વૈશ્યોના વિભાગમાં કણબીઓને મૂકે છે.

**કણબીઓ ક્ષત્રિયો છે તેના પુરાવાઓ**

(૧) કુર્મઋષિના પુત્રો અસલ રાજ્ય કરતા હતા. આધુનિક સમયમાં પણ તેઓ દરબારશ્રી, દેસાઈશ્રી, રાજા, જાગીરદાર, દેશપતિ, વતનદાર, તાલુકદાર, જમીનદાર, અમીન અને મુખી વગેરે વિશેષણો ધારણ કરી રહ્યા છે તેથી આ બધાં વિશેષણો ક્ષત્રિયકુળ પ્રગટ કરે છે.

તા. ૨૫ અને ૨૬મી મે ૧૯૦૬ના દિવસોમાં શ્રીરાધાચરણ ગોસ્વામી વૃંદાવનવાળાના અધ્યક્ષપણા નીચે એક જાહેર સભા બોલાવવામાં આવી હતી. કણબીઓ ક્ષત્રિય નથી એવું માનનારા સભ્યોને ખાસ આમંત્રણ આપવામાં આવ્યું હતું. આ સભામાં કાશીના પંડિતો, મહાત્માઓ, બ્રાહ્મણો તથા અન્ય જ્ઞાતિના સભ્યો વગેરે હાજર રહ્યા હતા. લગભગ ત્રણ હજાર માણસોની મોટી સંખ્યામાં હાજરી હતી. તે સભામાં 'કણબીઓ ક્ષત્રિય હોવાથી યજ્ઞોપવિતના અધિકારી છે' એ વિષય પર બંને પક્ષનો વાદવિવાદ થયો હતો. આ સભામાં પંડિત દીપનારાયણસિંહજીએ કણબી જ્ઞાતિ ક્ષત્રિય વર્ગની છે એન તેમને ઉપવિત ધારણ કરવાનો અધિકાર છે એ વિષય પર શાસ્ત્રોનાં ઘણાં પ્રમાણો રજૂ કર્યાં હતાં. તદુપરાંત કાશીનિવાસી વિદ્વાન પંડિત દામોદર શાસ્ત્રીએ સ્કંદપુરાણના દાખલા આપી કણબી જ્ઞાતિ ક્ષત્રિય છે તેવું સાબિત કરી બતાવ્યું હતું.

(૨) કણબીઓ જાતે ખેતી કરે છે માટે તેઓ ક્ષત્રિય નથી એમ કહેવું એ ભૂલભરેલું છે કારણકે આ વર્ણમાંનો અમુક ભાગ તો જમીનદાર તરીકે અન્યની પાસે ખેતી કરાવે છે અને કેટલાક ભાગની જાતે ખેતી કરે છે. પરંતુ ખેતી કરવી તે નિન્દિત કાર્ય નથી. એ ધંધો પણ અસલના સમયની તેમની જમીનદારીનો પ્રત્યક્ષ પુરાવો આપે છે. એ ઉપરાંત આપત્કાલમાં ખેતી કરવાની સ્મૃતિકારોએ પણ છૂટ આપી છે. 'ક્ષત્રિયોપિ કૃષિ, કૃષિ વાણિજ્ય શિલ્પકમ્ રાજ્ઞ.' (પારાશરસ્મૃતિ, અધ્યાય ૨જો, શ્લોક ૧૮ અને ૧૯) એટલે કે ક્ષત્રિયો ખેતી, વ્યાપાર અને સુતારાદિનું પણ કર્મ કરી શકે છે. ગૌતમ પણ અધ્યાય સાતમાં લખે છે કે રાજન્યો વૈષ્યકર્મો, એટલે રાજાઓ પણ વૈશ્યનાં કર્મ કરી શકે છે. આ પ્રમાણે બ્રાહ્મણો ક્ષત્રિયનાં અને બ્રાહ્મણ અને ક્ષત્રિય બંને વૈશ્યનાં કાર્યો કરી શકે તેવું આજકાલ દરેક જગ્યાએ જોવા મળે છે. ધર્મશાસ્ત્રોના વચન પ્રમાણે પ્રાચીન દરેક કોમો ખેતી કરતી આવી છે.

(૩) શ્રી નરસિંહરાવ ભોળાનાથ કણબી શબ્દ કુટુંબિન શબ્દમાંથી ઊતરી આવ્યો છે એમ માને છે. આ 'કુટુંબિન' કે 'કુટુંબિક' શબ્દ ખૂબ પ્રાચીન શબ્દ છે. ભારતીય અને યુરોપીય ઈતિહાસકારોએ જણાવ્યું છે કે ઈ.સ. પૂર્વે છઠ્ઠી સદીમાં અફઘાનિસ્તાનનો ઉત્તર-પૂર્વ ભાગ તથા હિંદુકુશના દક્ષિણ ભાગમાં ક્ષહરાટ નામની જ્ઞાતિ 'કૌટુંબિક' તરીકે ઓળખાતી હતી, ને તે ક્ષત્રિય જ્ઞાતિ હતી અને ત્યાંથી છઠ્ઠી સદી બાદ ગાંધારપતિ (હાલનો પંજાબ) તરફ તેઓ આવ્યા, ને ત્યાં વાસ કરવા લાગ્યા. વાસ્તવમાં કણબીઓ ભારતમાં ક્યાંથી આવ્યા તેનો ઈતિહાસ તપાસીએ તો જાણવા મળે છે કે, તેઓનું મૂળ 'ક્ષહરાટ'ની જેમ જ પંજાબમાં હતું.

મહારાષ્ટ્રમાં કુળુબી અને કણબી શબ્દ માટે આજે પણ 'કુટુંબીન' શબ્દ વપરાય છે. બંગાળ, બિહાર, માળવા, ગુજરાત, મહારાષ્ટ્ર અને મદ્રાસ સુધીના જૂના લેખો કે તામ્રપત્રોમાં કુટુંબીન શબ્દ વપરાયેલો મળી આવે છે.

(૪) ફાર્બસ સાહેબ લખે છે કે ગુજરાતમાં ઘણાખરા ખેડૂતો કણબી છે છતાં તેમની ઉત્પત્તિ ક્ષત્રિયથી થયેલી છે. તેઓ ઘણાખરા ક્ષત્રિય જેવાં વિશેષણોથી ઓળખાય છે. તેમાંના અન્ય જે તદન ગરીબ ખેડૂત છે તેમને પણ ઈશ્વરે જે સ્થિતિમાં મૂક્યા છે તે સ્થિતિને તેઓ આશ્ચર્યકારક રીતે માફક આવે છે.

(૫) કુર્મીઓનો અપભ્રંશ એ જ કણબી શબ્દ છે. તે જાતિની અંદર કેટલાક પેટા વર્ગો છે. અંદરઅંદર પરણતા નથી. તેઓ ઘણા તંદુરસ્ત, ખંતીલા, સાહસિક, ઉદાર, વ્યવહારકુશળ અને સુખી છે.

(૬) 'ક્ષત્રકુલાવર્ષ' નામના હિંદી ગ્રંથમાંથી એક પ્રમાણ મળે છે, તેમાં લખેલું છે કે, કુર્મી, કુણબી, કણબી, પાટીદાર આ સર્વ ક્ષત્રિય સંતાનો છે. રાવબહાદુર શ્રી બહેચરદાસ લશ્કરી, ઓનરેબલ શ્રી વિઠ્ઠલભાઈ પટેલ, રાવબહાદુર શ્રી ગોવિંદભાઈ હાથીભાઈ દેસાઈ, શ્રી વેંકટરમણ નાયડુ, બી.એ, બાર-એટ-લૉ વગેરે કુર્મી ક્ષત્રિયો છે.

(૭) લેઉવાપુરાણની અંદર કવિએ ઉલ્લેખ કર્યો છે કે :

*"ક્ષત્રિયથી તમો વૈશ્ય થયા છો,*
*મુનિ દુર્વાસા શાપેજી.*
*જે બગડ્યું તે હવે ન સુધરે,*
*બળશો નહિ સંતાપે જી."*

દંતકથા : જમાં મુનિ દુર્વાસાના શાપની વિગતે વાત કરી છે. કદાચ આ કપોલકલ્પિત વાત હોય પણ એટલું તો આ ઉપરથી સ્પષ્ટ થાય છે કે પાટીદારો પોતે ક્ષત્રિય હતા. કાળક્રમે ક્ષત્રિયનો ધર્મ ન પાળતાં તેઓએ વૈશ્ય ધર્મ પાળવાનું સ્વીકાર્યું. યુદ્ધો બંધ થઈ ગયાં. જમીન સાથે જેને પ્રેમ હતો તેવો આ વર્ગ ઉત્તરમાંથી દક્ષિણ તરફ જવા લાગ્યો એટલે અફઘાનિસ્તાન તરફથી ભારતમાં આવવા લાગ્યો ભારતમાં આવ્યા પછી જ્યાંજ્યાં જમીન સમૃદ્ધ જોઈ, હવાપાણી સારાં હતાં ત્યાં તેણે વાસ શરૂ કર્યો. મૂળ ક્ષત્રિયનાં કાર્યો ભુસાતાં ગયાં ને તે પશુપાલન, ખેતી, વેપાર તરફ વળ્યો. છેલ્લાં પચાસ વર્ષ પહેલાં કણબીઓ વેપારમાં જોડાયા ન હતા, ને જોડાયા તો ખૂબ નાનો વર્ગ. વેપારનું કાર્ય વાણિયાઓ કરતા પણ આજે આપણે જોઈએ છીએ કે, પટેલોની મોટી સંખ્યા ખેતીવાડીની સાથેસાથે વેપારધંધામાં રોકાઈ છે. સમય જેમ બદલાય છે તેમતેમ વ્યક્તિ કે જ્ઞાતિનાં કાર્યો પણ બદલાય છે, જેથી કણબીઓ ક્ષત્રિય નથી એવું માની લેવાની જરૂર નથી.

પાટડીના દેસાઈઓએ વર્ષો સુધી રાજ્ય કર્યું. તેઓનાં નામો ક્ષત્રિય જેવાં જ છે-શ્રી ભાવસિંહજી, શ્રી વખતસિંહજી, શ્રી અમરસિંહજી, શ્રી જોરાવરસિંહજી, શ્રી હિંમતસિંહજી, શ્રી સૂર્યમલસિંહજી, શ્રી ચંદ્રસિંહજી, શ્રી નારાયણસિંહજી, શ્રી હીરસિંહજી વગેરે. આ બધા કણબી પટેલો હતા પણ તે વખતે તેઓનાં નામ અને કાર્ય ક્ષત્રિયનાં હતાં. ક્ષત્રિયના સર્વે ગુણો તેઓનામાં જોવા મળતા હતા. આજે પાટડીના દેસાઈઓ રાજ્ય કરતા નથી જેથી ક્ષત્રિયધર્મનું કાર્ય બંધ થવાથી તેઓનાં નામો પણ બદલાઈ ગયાં. આ રીતે સમય બદલાય તેમ તેમ જ્ઞાતિનાં કાર્યો પણ બદલાય છે.

પૌરાણિક યુગમાં બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શુદ્રનાં જે કાર્યો વહેંચાયેલાં હતાં, તે કાર્યો આધુનિક યુગમાં રહ્યાં નથી. ફક્ત બ્રાહ્મણો જ આજે કર્મકાંડ વિધિમાં રોકાયેલા છે, તે સિવાય બીજી બધી જ્ઞાતિઓ અને પેટાજ્ઞાતિઓનાં કાર્ય તૂટતાં ગયાંને વ્યક્તિના નામની પાછળ પોતાના ધંધાની અટકો પણ હવે લગાડવામાં આવે છે, જેથી કોણ વૈશ્ય કે ક્ષત્રિય તે ઓળખવું કે પારખવું કઠિન રહ્યું છે.

## આધુનિક યુગમાં વિવિધ ક્ષેત્રે કડવા પાટીદારોની પ્રગતિ

**પ્રસ્તાવના**

મુસ્લિમશાસનનો સમગ્ર દેશમાં મૃત્યુઘંટ વાગ્યો, ને ધીરેધીરે અંગ્રેજોનું શાસન ગુજરાતના ખૂણેખૂણે ફેલાઈ ગયું ત્યારે દેશમાંથી મુસ્લિમોની રંજાડ ઓછી થઈ ગઈ. દેશી રાજ્યોના હાથ નીચે મોટા ભાગનો પ્રદેશ આવી ગયો, ત્યારે ભટકતી ટોળીઓ બંધ થઈ ગઈ. કુર્મી પટેલો મુસ્લિમો ને રજવાડાઓના હુમલાઓથી ત્રાસીને આમતેમ શાંતિ માટે સ્થળાંતર કરતા હતા તે પણ બંધ થઈ ગયું. પોતે જે સ્થળમાં રહેતા હતા તે સ્થાનમાં કાયમ માટે રહેતા થઈ ગયા ને આજુબાજુના વિસ્તારના પોતાના જ્ઞાતિબંધુઓ સાથે લગ્નસંબંધોથી જોડાવા લાગ્યા. સમાજ સ્થિર બન્યા પછી, ને લોકોનો વ્યવસાય સ્થિર થયા પછી સમાજમાં નવા પ્રકારની સ્થગિતતા આવી ગઈ. જેવી રીતે નદીનું વહેતું પાણી કોઈ સરોવરમાં ભેગું થાય ને લાંબા ગાળે સરોવરનું પાણી ગંદું બનતું જાય તેવી જ રીતે સમગ્ર સમાજમાં કાયમી રહેઠાણમાંથી નવા







પ્રશ્નોનું સર્જન થયું.

અંગ્રેજોના સમયમાં અંગ્રેજી શાળાઓની શરૂઆત થઈને કેટલીક વ્યક્તિઓ આ શાળાઓમાં શિક્ષણ લેવા માંડી. શિક્ષણ મળવાથી પોતાના મૂળ વતનને છોડીને નોકરી, ધંધા કે વધુ શિક્ષણ માટે શહેરમાં સ્થિર થઈ. શહેરી વાતાવરણની તેમના ઉપર અસર થઈ. પરિણામે, શહેર અને ગામડાંના વાતાવરણ વચ્ચે ભિન્નતા ઊભી ગઈ. શહેરમાં રહેતા લોકોમાં ગામડામાં રહેતા લોકો કરતાં 'કંઈક ઊંચા છીએ' એવી મનોદશાનો જન્મ થયો. શહેરમાં જીવનજરૂરિયાતની સગવડો સરળતાથી મળવા લાગી જેથી ગામડાંના લોકોનો ધસારો શહેર તરફ થયો. આમાંથી શહેરી કુલીનશાહીનો જન્મ થયો. શહેરના લોકો પોતાને મોટા માનીને પોતાની દીકરીઓ ગામડામાં પરણાવતા નહિ અને ગામડાના લોકો પોતાની દીકરી શહેરમાં પરણે તો વધારે સુખી થાય તેમ માનીને શહેર તરફ ઘસારો કરવા લાગ્યા. એક જ જ્ઞાતિમાં ઊંચા-નીચાનો, ચઢ-ઊતરનો ક્રમ શરૂ થયો. તેવી રીતે અંગ્રેજ સરકાર તરફથી જ્ઞાતિના આગેવાનોને પોતાનાં સારાં કાર્યો માટે ઈલકાબો મળ્યા, જેવા કે અમીન, દેસાઈ, પરીખ, રાવ બહાદુર વગેરે અને આ ઈલકાબોમાં જાગીરદારી મળી. આમાંથી કુલીનશાહી જન્મ પામી. અમીનો અને દેસાઈઓ પોતાની દીકરીઓ બીજા પટેલોના દીકરાઓને પરણાવતા નહિ. કારણકે, તેઓ પોતાને કુળવાન અને ખાનદાન માનવા લાગ્યા. આ લોકોના કુળમાં દીકરીઓ પરણાવવા માટે ધસારો થવા લાગ્યો. સરવાળે જે પોતાની દીકરી સાથે વધારે સોનું, પૈસા આપે તેને જ આ કુલીનો પરણવા લાગ્યા. ઘણીવાર એક વ્યક્તિ બે-ત્રણ છોકરીઓ સાથે લગ્ન કરવા લાગી. કારણકે તેઓને કન્યાઓ સહેલાઈથી મળી આવતી હતી આના કારણે ગામડાંઓમાંના લોકોને એમ લાગ્યું કે, આપણા છોકરાઓ કુંવારા રહી જશે જેથી પોતાના વિસ્તારનો ગોળ બાંધ્યો. ગોળમાંથી કન્યાઓ બહાર ન જાય તે માટે કડક કાયદાઓ કર્યા. આમ કરવા છતાં પણ ગોળમાંના કેટલાંક સુખી કુટુંબો દંડ ભરીને પણ પોતાની દીકરીઓને બહાર પરણાવા લાગ્યા. પરિણામે ગોળના આગેવાનો વધારે કડક થયા. આજે પણ ગોળની પ્રથા કન્યાઓની અછતમાંથી જન્મવા પામી છે.

જેમજેમ સમાજમાં શિક્ષણ વધતું ગયું તેમતેમ કુલીનશાહીનું પ્રમાણ અને મહત્ત્વ ઘટતું ગયું. કુળવાન છે એમ માનીને લોકોએ કન્યાઓ આપવાનું બંધ કર્યું. તેની જગ્યાએ જે છોકરો ભણેલો હોય, સારું કમાતો હોય, ઘરનો સુખી હોય તેવા લોકોને કન્યા પરણાવવાની શરૂઆત થઈ પણ પ્રશ્ન એ ઊભો થયો છે કે કુલીનશાહીનો વળાંક બદલાઈ રહ્યો છે. એન્જિનિયર કે ડૉક્ટર થયેલા છોકરાઓ શિક્ષણને કે પોતે પ્રાપ્ત કરેલી ડિગ્રીને કુલીનશાહીનું બિરૂદ સમજીને કન્યા પક્ષવાળાઓ પાસેથી ધન લેવાનું શરૂ કર્યું છે. જોકે કડવા પાટીદારોમાં કન્યા પક્ષવાળા પાસેથી દહેજ લેવાનું એટલે વરવિક્રય નહિવત્ જેવું છે, પણ ચરોતરના લેઉવા પાટીદારોમાં આ રિવાજ ભયંકર સ્વરૂપે આજે પણ ચાલુ છે. જો આવું જ થશે તો આ રીતે ઊભી થઈ રહેલી નવી કુલીનતાને તોડવાની રહેશે.

**જૂના અને નવા રિવાજો સામે શરૂ થયેલો સંઘર્ષ**

બાળલગ્નોના પરિણામે સમાજમાં નવા પ્રશ્નો, નવી સમસ્યાઓ ઊભી થઈ. શિક્ષણ વધવાના કારણે એક પાત્ર ભણે નહિ ને બીજું પાત્ર ઈજનેર, ડૉક્ટર જેવી પદવી મેળવે તો બંને વચ્ચે માનસિકમેળ સધાય નહિ ને બંનેનો ગૃહસંસાર કેવી રીતે ચાલે ? તેમાંથી કજોડાં, છૂટાછેડા, સાટાપેટા વગેરે કુરિવાજો શરૂ થયા ને આજે પણ સમગ્ર સમાજમાં આ કુરિવાજો થોડા ઘણા પ્રમાણમાં ફેલાયેલા છે. એક બાજુ કુરિવાજોને લીધે અને બીજી બાજુ શિક્ષણનું પ્રમાણ વધવાને કારણે સમાજમાં નવા-જૂના વિચારો વચ્ચે સંઘર્ષ શરૂ થયો. સમાજ કંઈ જુદા રસ્તે છે એવું સમાજસુધારકોને લાગ્યું. સમાજની ચીલાચાલુ ઘરેડ બદલવા જેવી છે એવા સૂરો ચારે બાજુથી આવવા લાગ્યા. સયાજીરાવ ગાયકવાડે પોતાના રાજ્યમાં 'બાળલગ્ન-પ્રતિબંધક' ધારો ઘડ્યો પરિણામે, સંવત ૧૯૭૮ માં બાર વર્ષે થતા એક તિથિના લગ્નનો મૃત્યુઘંટ વાગ્યો. સયાજીરાવ ગાયકવાડના આ ધારાનો જ્ઞાતિજનોએ વિરોધ કર્યો. પરંતુ તે અરસામાં પાટડી, વિરમગામ, સુરત તરફના કેટલાક સમાજસુધારકોએ સરકારના આ સુધારાવાદી વલણને જોરદાર ટેકો આપ્યો, જેના કારણે બાળલગ્નો વિશે લોકો વિચારતા થયા ને તેનું પરિણામ એ આવ્યું કે ચાલીસ દિવસની નાની ફૂલ જેવી કન્યાઓને પરણાવવાનું બંધ થયું. સાથેસાથે ફૂલના દડા સાથે પરણાવવાની પ્રથાનો અંત આવ્યો.


**પાટીદાર સમાજના બે આદ્યસુધારકો**

પાટીદાર સમાજમાં ફેલાયેલી રૂઢિઓ અને કુરિવાજો માટે સૌથી પ્રથમ ચિંતા કરનાર બે વ્યક્તિઓ થઈ ગઈ: (૧) પાટડી નરેશ સ્વ. જોરાવરસિંહજી કુબેરસિંહજી દરબાર અને (૨) સ્વર્ગસ્થ બહેચરદાસ અંબાઈદાસ લશ્કરી (ઈ.સ. ૧૮૧૮-૧૮૮૯). આ બંને સમકાલીન થઈ ગયા.

શ્રી જોરાવરસિંહજી પ્રજાપ્રિય અને ધાર્મિક વિચારના







હતા. પોતાની જ્ઞાતિની પરિસ્થિતિ જોઈ હંમેશાં દુઃખી રહેતા. તેઓએ જોયું કે જ્ઞાતિમાં ઠામઠામ ગોળ થઈ ગયા હતા. કન્યાવિક્રય વધી પડ્યો હતો. તેથી ગરીબ જ્ઞાતિબંધુઓને કન્યાઓ મેળવવાની મુશ્કેલીઓ ઊભી થઈ હતી. અને કુલીન વર્ગમાં કન્યાઓ દેવાના ધોરણવાળાં કુટુંબોને પુત્રીઓનાં લગ્ન પાછળ પુષ્કળ ખર્ચ થતું હોવાથી ઘણી અવ્યવસ્થા જન્મી હતી. તેથી જ્ઞાતિમાં યોગ્ય સુધારાવધારા કરવા આજથી ૧૧૩ વર્ષ પહેલાં પાટડીમાં સમગ્ર ગુજરાતના ચાલીસ હજાર કણબીઓની સભા બોલાવી ને આ જ્ઞાતિભાઈઓને પાંચ દિવસ સુધી રાખ્યા ને પોતે પચાસ હજાર રૂપિયાનો ખર્ચ કર્યો. આ બધા ભાઈઓ સમક્ષ સમાજમાં ચાલતા કુરિવાજો વિશેની વિગતે ચર્ચા કરી. સાટાપેટા છોડવાની, કન્યાનો એક પૈસો પણ ન લેવાની, કન્યાને ફૂલને દડે ન પરણાવવાની તેમજ ઊંચનીચના ભેદો ભૂલી સર્વે જ્ઞાતિબંધુઓ સમાન છે તેવી સમાનતાની હાકલ કરી. દરબાર જોરાવરસિંહજીએ આ સમય દરમિયાન જે પ્રવચન કર્યું ને કણબા-કણબી જ્ઞાતિના જે ઠરાવો કર્યા તેની અલગઅલગ બે પુસ્તિકાઓ પ્રગટ થઈ. સમગ્ર કડવા પાટીદાર સમાજમાં સુધારાનો સૂર સૌપ્રથમ તેમણે સમાજ વચ્ચે મૂક્યો.

અને તે જ અરસામાં થઈ ગયેલ રાવબહાદુર બેચરદાસ અંબાઈદાસ લશ્કરીએ સમાજસુધારાની કેટલીક મહત્ત્વની બાબતો સમાજ વચ્ચે મૂકી. શેઠશ્રી બેચરદાસના હૃદયમાં સમાજ પ્રત્યે અનહદ પ્રેમ હતો. જ્ઞાતિનો કોઈ પ્રશ્ન ઊભો થાય ને લાંબા ગાળા સુધી તેનો ઉકેલ ન આવે ત્યારે જ્ઞાતિના ઝઘડાનો નિકાલ કરવા માટે તેઓશ્રીને લઈ જતા. બંને પક્ષો વચ્ચે સમાધાન કરી આપતા. સુરતની જ્ઞાતિમાં લાંબા વખતથી તડ પડ્યા હતા. તે તડ દૂર કરી બધાને એક બનાવવાનું કાર્ય તેઓએ કર્યું હતું. ઈ.સ. ૧૮૭૫માં રાવબહાદુરના અને સી.એસ.આઈ.ના માનવંતા ઈલકાબો અંગ્રેજ સરકારે આપ્યા હતા. ઈ.સ. ૧૮૮૨-૮૩ થી ૧૮૮૭ સુધી ઊંઝા ઉમિયામાતાજીના મંદિરનો જિર્ણોદ્ધાર તેમજ ઉત્તમ વહીવટ તેઓએ કરી બતાવ્યો હતો. ગાયકવાડી રાજ્યના કણબીઓ પાસેથી દર નાતરાના લગ્નદીઠ જે પાંચ રૂપિયાનો કર લેવાતો હતો તે તેઓએ લાગવગ વાપરી બંધ કરાવ્યો હતો. ગાયકવાડ સરકારે કરેલો બાળલગ્ન-પ્રતિબંધ ધારો સરકાર પાસે કડક કરાવ્યો. આ રીતે સમગ્ર જ્ઞાતિની પરિસ્થિતિ સુધારવા તેઓએ આજીવન પ્રયત્નો કર્યા હતા. શેઠશ્રી બેચરદાસનું આખું કુટુંબ અત્યાર સુધી સમાજસેવાનું કાર્ય કરતું આવ્યું છે.


આ બંને આદ્યસુધારકો પછી સમગ્ર કડવા પાટીદાર જ્ઞાતિમાં સુધારાનો પવન ફુંકાવાનો શરૂ થયો. લોકો પોતાના રીતરિવાજોનું વિશ્લેષણ કરતા થઈ ગયા. ને તેમાંથી કેવી રીતે છૂટવું તે પણ વિચારવા લાગ્યા. આ બધાના પરિણામસ્વરૂપ ગુજરાતમાં ઠેરઠેર નાનાં-મોટાં મંડળો સ્થપાવા લાગ્યાં. ને તેમાંથી "કડવા પાટીદાર પરિષદ"નો જન્મ થયો.

**કડવા પાટીદાર પરિષદો**

જ્ઞાતિસુધારણા માટે કડવા પાટીદાર પરિષદોનો ફાળો મહત્ત્વનો રહ્યો છે. જ્ઞાતિમાં વ્યાપકરૂપે ચાલતા બાળલગ્નો, બહુપત્નીત્વ, પ્રેતભોજનના કારણે પાટીદાર સમાજમાં વિવિધ પ્રશ્નો ને સમસ્યાઓ જન્મી હતી. જ્ઞાતિસુધારણા માટે નાનીનાની સભાઓ જૂન ૧૯૦૬માં ભરવામાં આવી. આ સભાઓના પરિણામે સૌ પ્રથમ યુવકોમાં સળવળાટ થયો ને માર્ચ ૧૯૦૭માં વિરમગામ મુકામે શેઠશ્રી જીભાઈ કેવળદાસને ત્યાં યુવકોની મીટિંગ મળી અને યુવક મંડળ સ્થાપવાનું વિચાર્યું. આ યુવકોની પ્રવૃત્તિને દરબારશ્રી લાલસિંહજી રાયસિંહજી, શ્રી જીભાઈ કેવળદાસ તથા દેસાઈ કુટુંબોએ પ્રોત્સાહન આપ્યું. પરિણામે, દરબારશ્રી લાલસિંહજીના અધ્યક્ષસ્થાને તા. ૧-૩-૧૯૦૭ના દિને શનિવારે શ્રી કડવા પાટીદાર હિતવર્ધકની સ્થાપના થઈ અને આ મંડળે ગુજરાતના બધા કડવા પાટીદાર ભાઈઓની પરિષદ ભરવાનો ઠરાવ કર્યો. આ ઠરાવ પછી પાટડી દરબાર શ્રી સૂરજમલસિંહજીની સંમતિ મેળવવા પાટડી ડેપ્યુટેશન મોકલવામાં આવ્યું. તેને પરિણામે સને ૧૯૦૯ ના ડિસેમ્બર તા. ૨૮-૨૯-૩૦ના રોજ પ્રથમ કડવા પાટીદાર પરિષદ વિરમગામ મુકામે ડૉ. પિતાંબરદાસ કુબેરદાસ પટેલના પ્રમુખસ્થાને મળી. આ પરિષદના મંત્રી 'કણબી ક્ષત્રિય ઉત્પત્તિ અને ઈતિહાસ'ના લેખક સ્વ. પુરુષોત્તમભાઈ લલ્લુભાઈ પરીખ હતા. આ પરિષદની અસરો પાટીદાર સમાજ પર એટલી બધી સારી થઈ કે, સમગ્ર ગુજરાતના પાટીદારોનું સંગઠન થયું ને લગ્ન મરણ પાછળના કુરિવાજો વિશે લોકો વિચારતા થયા. ત્યાર પછી આ પરિષદના પગલેપગલે સને ૧૯૦૯ થી ૧૯૫૫ સુધી વિવિધ સ્થળે અઢાર પરિષદો ભરાઈ.

પાટડી મુકામે સને ૧૯૩૮ માં 'કડવા પાટીદાર પરિષદ' મળી ત્યાર બાદ ૧૦ વર્ષ પછી પરીષદને જાગૃત કરવાનું કામ ધરતી માસિકે કર્યું. છેલ્લી ચાર પરિષદો ધરતી માસિકની પ્રવૃત્તિને લીધે ભરી શકાઈ.







## કડવા પાટીદાર સમાજના ઉત્કર્ષ માટે મળેલી વિવિધ પરિષદો

| પરિષદ નંબર | પરિષદ મળ્યાનું સ્થળ | પરિષદના વરાયેલા પ્રમુખ | તારીખ | વર્ષ |
|---|---|---|---|---|
| ૧ | વિરમગામ | સ્વ.ડૉ. પીતાંબરદાસ કુબેરદાસ પટેલ | ૨૮, ૨૯, ૩૦ ડિસેમ્બર | ૧૯૦૯ |
| ૨ | વડોદરા | શ્રી કરશનદાસ જેસીંગભાઈ દેસાઈ | ૨૪, ૨૫, ૨૬ ડિસેમ્બર | ૧૯૧૧ |
| ૩ | બાવળા | શ્રી રતિલાલ કેશવલાલ સીતવાળા | | ૧૯૧૩ |
| ૪ | વિરમગામ | પ્રો. જેઠાભાઈ ચીમનલાલ સ્વામિનારાયણ | ૨૩, ૨૪, ૨૫ જાન્યુઆરી | ૧૯૧૫ |
| ૫ | ધ્રાંગધ્રા | દરબારશ્રી લાલસિંહજી રાયસિંહજી | | ૧૯૧૭ |
| ૬ | પાદરા | શેઠશ્રી દુર્ગાપ્રસાદ શંભુપ્રસાદ લશ્કરી | | ૧૯૧૮ |
| ૭ | શેરથા | દરબારશ્રી લાલસિંહજી રાયસિંહજી | | ૧૯૧૯ |
| ૮ | મુંબઈ | શ્રી પટેલ પોપટલાલ શિવલાલ | | ૧૯૧૯ |
| ૯ | મોખાસણ | ડૉ. પીતાંબરદાસ કુબેરદાસ | ૨૯મી ડિસેમ્બર | ૧૯૧૯ |
| ૧૦ | કડી | શેઠશ્રી ચંદુલાલ મણિલાલ દેસાઈ | ૧૩, ૧૪ ડિસેમ્બર | ૧૯૨૪ |
| ૧૧ | સોનાસણ | શેઠશ્રી ચુનીલાલ વનમાળીદાસ | | ૧૯૩૦ |
| ૧૨ | ડરણ | શ્રી અમીન રામચંદ્રભાઈ જમનાદાસ | | ૧૯૩૪ |
| ૧૩ | સાણંદ | શેઠશ્રી નંદુલાલ મંછારામ (શેરદલાલ) | | ૧૯૩૬ |
| ૧૪ | પાટડી | શેઠશ્રી નંદુલાલ મંછારામ (શેરદલાલ) | ૫, ૬, ૭ નવેમ્બર | ૧૯૩૮ |
| ૧૫ | ઊંઝા | ડૉ. ગણપતરામ ગોકળદાસ પટેલ | ૧૪, ૧૫ મે | ૧૯૪૯ |
| ૧૬ | જોટાણા | શેઠશ્રી જયકૃષ્ણભાઈ હરિવલ્લભદાસ | ૨૨, ૨૩ એપ્રિલ | ૧૯૫૦ |
| ૧૭ | કડી | શેઠશ્રી મણિલાલ હરજીવનદાસ | ૨૯, ૩૦ એપ્રિલ | ૧૯૫૧ |
| ૧૮ | લાંભા | શેઠશ્રી મણિલાલ હરજીવનદાસ (લંગ્લી) | ૧૯, ૨૦ મે | ૧૯૫૫ |







**પરિષદોની થયેલી વ્યાપક અસરો**

સને ૧૯૫૫ પછી પરિષદનું કોઈ અધિવેશન મળ્યું નથી. આગળ જણાવેલ પરિષદો પછી જુદાજુદા ગુજરાતના વિસ્તારોમાં બીજી નાના પાયા પર પરિષદો યોજાઈ હતી.

તા. ૯-૨-૧૯૧૮ ના રોજ કાંઝ મુકામે વિરમગામના શ્રી ગોરધનભાઈ શેઠના પ્રમુખસ્થાને શ્રી અંબારામભાઈના જીનમાં મળી હતી. તા. ૧૮-૧૦-૧૯૧૯ના રોજ કડવા પાટીદાર સુધારક યુવક મંડળ તરફથી કડી મુકામે શ્રી મગનભાઈ ચતુરભાઈ પટેલ (બાર-એટ-લૉ)ના પ્રમુખસ્થાને યોજવામાં આવી હતી. ઈ.સ. ૧૯૨૦ના ડિસેમ્બરમાં સરદાર વલ્લભભાઈના પ્રમુખસ્થાને તોરણામાં એક પરિષદ મળી હતી, જેમાં કન્યાવિક્રય નાબૂદ કરવા, એક સ્ત્રીની હયાતિમાં બીજી સ્ત્રી નહિ કરવા, જ્ઞાતિમાંથી ઊંચી કેળવણી લેતા વિદ્યાર્થીઓને અભિનંદન આપવા, મરણ પાછળ રોવા-કૂટવાનું બંધ કરવા, અને જમણવારો બંધ કરવાના ઠરાવો કર્યા.

સુરત જિલ્લાના ઉત્સાહી ભાઈઓએ 'શ્રી કડવા પાટીદાર સમાજ'ની સ્થાપના કરીને તા.૨૬-૨-૧૯૦૮ ના દિવસે કુરુક્ષેત્ર મહાદેવમાં પોતાના વિસ્તારના ભાઈઓની મોટી સભા ભરીને સુધારાના ઠરાવો મૂક્યા. જેની અસર નવસારી અને સુરત જિલ્લામાં થઈ.

આ ઉપરાંત કડવા પાટીદારોની બે મહિલા પરિષદો ભરાઈ હતી. છેલ્લી બીજી પરિષદ સોનાસણ, તા. પ્રાંતિજ મુકામે સને ૧૯૨૨માં શેઠશ્રી ચુનીલાલ વનમાળીદાસના ધર્મપત્ની શ્રીમતી અનસૂયા બહેનના પ્રમુખસ્થાને ભરાઈ હતી, જેમાં મરણ પછી રોવા-કૂટવાનું બંધ કરવા અને કન્યાકેળવણીનો ઠરાવ સર્વાનુમતે કરવામાં આવ્યો હતો. ત્યાર પછી કોઈ મહિલા પરિષદ મળી નથી.

ઉપર્યુક્ત બધી પરિષદોની સમાજ ઉપર વ્યાપક અસરો થઈ છે. પ્રથમ પરિષદ વખતે "અમદાવાદી કડવા પાટીદારોની આંખ ક્યારે ખૂલશે ?"ની પત્રિકાઓ છાપીને વહેંચી હતી. બારમાનો જોરદાર વિરોધ થયો હતો. ચોથી પરિષદ સને ૧૯૧૫માં મળી ત્યારે ધ્રાંગધ્રાના નામદાર દરબાર સાહેબે પોતાના રાજ્યમાં ફરજિયાત કેળવણી તથા બાળલગ્ન અટકાવવાના કાયદા કરવા અંગે પરિષદ આગળ નમ્રતાપૂર્વક વિનંતી કરી હતી. તેઓના પ્રયાસોથી ગોંડલ રાજ્યમાં સને ૧૯૧૮ થી કન્યા કેળવણી ફરજિયાત અમલમાં આવી.

આ ફરજિયાત કન્યા કેળવણીના લીધે ગોંડલિયા કન્યાઓનું મહત્ત્વ વધ્યું, જેની અસરો આજુબાજુના વિસ્તાર ઉપર થવા લાગી. પરિણામે, કન્યા કેળવણીનો વ્યાપ વધ્યો. પાટડીમાં મળેલી ૧૪મી પરિષદ વખતે પાટડીના દરબાર શ્રી રઘુવીરસિંહજી, સ્વાગત પ્રમુખશ્રી બળદેવભાઈ દેસાઈ અને પ્રમુખશ્રી નંદુલાલ મંછારામે સુધારાને વેગ આપતાં જોરદાર પ્રવચનો કર્યા હતાં. આ પ્રસંગે શ્રી મગનભાઈ રણછોડદાસ પટેલે અનેક પત્ની નિષેધક સરકારી ઠરાવને ટેકો આપતો ઠરાવ કરાવ્યો. ત્યજાયેલી બહેનોને ખાધાખોરાકી આપવાનો ઠરાવ શ્રી પુરુષોત્તમદાસ રણછોડદાસ પટેલે (દાસકાકાએ) મૂક્યો. બાળલગ્નો નિષેધ કરતો ઠરાવ શ્રી કુબેરભાઈ છોટાલાલ પટેલે મૂક્યો. ઊંચનીચનો ભેદ દૂર કરવાનો ઠરાવ ડૉ. કે.બી. પટેલે મૂક્યો. આ રીતે સમગ્ર પરિષદોમાં સુધારો કેન્દ્રસ્થાને રહ્યો હતો.

મોખાસણમાં ઈ.સ. ૧૯૦૯ માં મળેલી પરિષદ વખતે બારમા નહિ ખાવાની પ્રતિજ્ઞા લેવડાવી હતી.

આ પ્રસંગે રાજપુર ગામના એક પટેલે ઊભા થઈને કહ્યું કે બારમા પાછળ અમારા પૂર્વજોએ ૧૯૦ મણ ઘી વાપરેલું, જેથી હવે હું મારા પિતાના મૃત્યુ પાછળ ખર્ચ ન કરતાં શાળાનું મકાન બાંધવા રૂપિયા એક હજાર આપીશ. આ જાહેરાતથી પ્રમુખસ્થાને બેઠેલા ડૉ. પીતાંબરદાસ કુબેરદાસ ઊભા થઈ ગયા. ને સ્વાગતપ્રમુખશ્રી મોહનભાઈ પટેલના હાથ પકડી સ્ટેજ ઉપર નાચવા લાગ્યા. ને બોલ્યા, "આ દેહ ટકશે ત્યાં સુધી હું સમાજસેવા કરીશ."

ઊંઝામાં મળેલા પંદરમા અધિવેશન (૧૯૪૯)માં સ્વ. પીતાંબર પટેલે કન્યાકેળવણીને વેગ આપવા માટેનો ઠરાવ મૂક્યો અને તેના પરિણામે ઊંઝા માતાજીના સાંનિધ્યમાં તા. ૮-૬-૫૩થી છાત્રાલય શરૂ થયું.

પરિષદની સાથેસાથે ગુજરાતમાં ઠેરઠેર સભાઓ ને સંમેલનો યોજાયાં ને વિભાગીય મંડળો રચાયાં. ઈ.સ. ૧૯૪૦ માં ગોંડલ રાજ્યના સુપેડી ગામમાં કોલકીના જાણીતા સુધારક શ્રી ગોવિંદ ભગવાન વાછાણીના પ્રમુખસ્થાને પાટીદાર સંમેલન મળ્યું હતું. આ સંમેલનમાં ૩૬૦ ગામના માણસો હાજર હતા. કારજ અને બાળલગ્નો બંધ કરવાના અને લગ્નના ખર્ચા ઓછા કરવાના ઠરાવો થયેલા. સૂરજમલસિંહજી દરબાર બોર્ડિંગમાં રહેતા જ્ઞાતિના ઉત્સાહી યુવાનોએ શ્રી પ્રભાતકુમાર દેસાઈની આગેવાની નીચે તા. ૩૦-૧-૪૪ના રોજ અમદાવાદમાં સભા ભરી શ્રી અખિલ કડવા પાટીદાર પ્રગતિ મંડળની સ્થાપના કરી.

આ મંડળે ડૉ. ગણપતરામ અને શેઠશ્રી ચંદ્રવદન લશ્કરીના માર્ગદર્શન નીચે જ્ઞાતિમાં જાગૃતિ લાવવા અને કૉલેજના વિદ્યાર્થીઓને પુસ્તકોની સહાય માટે ખૂબ સારું કામ કર્યું. ઊંઝામાં મળેલ પરિષદ વખતે આ મંડળ પરિષદ સાથે ભળી ગયું ને ત્યારથી મંડળનું અલગ અસ્તિત્વ રહ્યું નથી.

આ અરસામાં બીજાં ઘણાં બધાં નાનાંમોટાં મંડળો અસ્તિત્વમાં આવ્યાં. સને ૧૯૩૬માં અમદાવાદ કડવા પાટીદાર યુવક સંઘની સ્થાપના થઈ. આ મંડળ અમદાવાદની પોળો પૂરતું મર્યાદિત રહ્યું. સને ૧૯૪૯માં શ્રી ભોગીભાઈ છગુભાઈના પ્રમુખસ્થાને અમદાવાદ કડવા પાટીદાર મંડળની સ્થાપના થઈ. સને ૧૯૪૬માં શ્રી ગોપાળદાસ ગાંધી અને ધરમચંદભાઈ ચોકસીની આગેવાની નીચે શ્રી ઉત્તર ગુજરાત પાટીદાર મંડળની સ્થાપના થઈ સને ૧૯૫૧માં ચુનીભાઈ કુબેરદાસના પ્રમુખસ્થાને શ્રી પાટીદાર યુવક મિલનની સ્થાપના થઈ. આ બધાં મંડળોએ કેળવણી અને સમાજસુધારાનું કાર્ય પોતાના વિસ્તારોમાં શરૂ કર્યું પણ આમાંથી મોટા ભાગનાં મંડળો આજે અસ્તિત્વ ધરાવતાં નથી.

ઈ.સ. ૧૯૫૦માં જોટાણામાં મળેલ પરિષદ વખતે બહેનોની સંખ્યા ધ્યાન ખેંચે તેવી હતી. અત્યાર સુધી મળેલી પરિષદો દ્વારા સુધારાની હવા પાટીદાર સમાજમાં સારી રીતે ફેલાયેલી હતી. પરિષદમાં સ્ટેજ ઉપર એક પાટિયું લટકાવવામાં આવતું જેમાં લખાતું :

*બાળલગ્ન બાળો,*
*જ્ઞાતિવરા ટાળો;*
*કન્યાવિક્રય કાઢો,*
*વિદ્યા વધારો.*

પરિષદના વિચારોના પ્રચારાર્થે સમાજમાં કેટલીક માસિક પત્રિકાઓ ચાલતી રહી.

આ માસિક પત્રિકાઓ સમાજ માટે દીવાદાંડીનું કાર્ય કરતી. અત્યાર સુધી પાટીદાર સમાજમાં ઘણાં બધાં માસિકો શરૂ થયાં અને બંધ થયાં. સૌથી પ્રથમ ઈ.સ. ૧૯૦૨માં વિજય નામનું માસિક શ્રી મણિરામ દોલતરામે શરૂ કર્યું. તેમના અવસાન પછી ઈ.સ. ૧૯૦૯માં તેમના મૃત્યુ પછી બંધ થઈ ગયું. ત્યાર પછી પુરુષોત્તમભાઈ લલ્લુભાઈ પરીખે કડવા વિજય શરૂ કર્યું જે અઢાર વર્ષ સુધી ચાલ્યું. અત્યાર સુધી ચાલેલાં અને હાલ સમાજમાં ચાલતાં માસિકોની વિગત આગળ આપેલ છે.

માસિક પત્રિકાઓએ સમાજના ઉત્કર્ષ માટે મહત્ત્વનો ભાગ ભજવ્યો છે. 'કડવા વિજય', 'કડવા હિતેચ્છુ' માસિકોએ તે જમાનામાં સમાજમાં ઘર કરી ગયેલા કુરિવાજો અને બાળલગ્નો સામે જેહાદ ઉપાડી હતી. 'ચેતને' કારજવરાનો પ્રશ્ન પોતાનો બનાવી તેની સામે જેહાદ જગાવેલી. એ જમાનામાં એક ઉપર બીજી પત્ની કરવાનો રિવાજ હતો. આ બહુપત્નીત્વ ધારાનો પરિષદોએ વિરોધ કર્યો ને માસિકોએ પણ જોરદાર વિરોધ કર્યો. શ્રી મગનભાઈ રણછોડભાઈ પટેલે બહુપત્નીત્વના કાયદાના વિરોધમાં 'પટેલ' માસિક શરૂ કરેલું. કુલિનોએ જે સમાજમાં બહુપત્નીત્વનો રોગ ફેલાવ્યો હતો ને પોતાની પત્નીઓને ત્રાસ આપતા હતા. પટેલ માસિકમાં 'શેકાતા તવા ઉપર'ના શિર્ષક નીચે નામ-ઠામ સાથે કડક ભાષામાં લેખો લખી સમગ્ર જ્ઞાતિમાં ખળભળાટ મચાવ્યો હતો અને કુલિનોનું સામાજિક મોભાનું વ્યક્તિત્વ છિન્ન-ભિન્ન કરી નાખ્યું હતું.

આ માસિક ફક્ત ત્રણ વર્ષ જ ચાલ્યું ને સંવત ૧૯૯૫માં બંધ થઈ ગયું. આ રીતે સમાજમાં જે-જે માસિકો શરૂ થયાં તે થોડો વખત ચાલીને બંધ થઈ ગયાં.

પંદરમી ઓગષ્ટ ૧૯૪૭ના દિવસે શ્રી કડવા પાટીદાર પ્રગતિ મંડળે 'ધરતી' નામના માસિકનો પ્રથમ અંક બહાર પાડ્યો. જેના તંત્રી સ્વ.શ્રી ચંદ્રવદન લશ્કરી અને સહતંત્રી શ્રી પ્રભાતકુમાર દેસાઈ અને વાડીભાઈ જોઈતારામ પટેલ હતા. આજે ૬૫ વર્ષથી સમાજ સુધારાની ઝૂંબેશ લઈને તે ચાલે છે. તે પાટીદાર સમાજની એકતા માટે પાટીદાર સમાજમાં વ્યાપેલ કુરિવાજોને તોડવા માટે કન્યા-કેળવણીનો વ્યાપ વધારવા માટે અંધશ્રદ્ધામાં ફસાયેલા સામજને નવો ચીલો બતાવવા માટે તનતોડ મહેનત કરી રહ્યું છે. આજે સમાજમાં ચાલતા માસિકોમાં પાટીદાર સંદેશ (ભૂજ), કડવા પરિવાર (રાજકોટ), જય ઉમિયા (બ્રાહ્મણવાડા), સન્મતિ (વડોદરા), જાગૃતિ (ધનસુરા)માં ધરતીનો ફેલાવો સૌથી વધારે છે. તેની સામાજિક ઉત્કર્ષ માટે આગવી સૂઝ અને પ્રતિષ્ઠા છે.

**સામાજિક ક્ષેત્રે ક્રાંતિ**

છેલ્લાં પચાસ વર્ષના ગાળામાં કડવા પાટીદાર સમાજમાં ઘણું મોટું પરિવર્તન આવ્યું છે. અંગ્રેજોના જમાનામાં અંગ્રેજી ભાષાના પ્રચારને લીધે સમાજ જાગૃતિની ભૂમિકા ઊભી થઈ. વીર નર્મદ, રાજારામ મોહનરાય, 'ભદ્રમ્ ભદ્ર'વાળા રમણભાઈ નીલકંઠ, દયાનંદ સરસ્વતી, શ્રી મહિપતરામ રૂપરામ, શ્રી

સુમંત મહેતા, શારદાબેન મહેતા વગેરે વ્યક્તિઓના જીવનકાર્યની, અસર ગુજરાતના દરેક સમાજ ઉપર થઈ. આ બધી અસરો ધીરેધીરે ગામડાં સુધી આવવા લાગી. વહેમો, અંધશ્રદ્ધાઓ, કુરિવાજો અંગે લોકો વિચારવા લાગ્યા. સાથેસાથે સમાજમાં જડ કરી ગયેલા રીતરિવાજોનું પણ વિશ્લેષણ કરવા લાગ્યા. આજથી પચાસ વર્ષના જમાનામાં ઠેરઠેર પ્રેતભોજનો થતા હતા. મૃત્યુ પછીનો આ ખરાબમાં ખરાબ રિવાજ હતો. ખાવું તો ખવડાવું પડે એમ માનીને ખેડૂત ભાઈઓના ઘણા જ્ઞાતિજનો મિલકતોને ગીરે મૂકીને પણ પ્રેતભોજન કરતા. પોતે દેવાદાર બનીને પણ આવા જડ થયેલા કુરિવાજને સાચવવા, સમાજમાં પ્રતિષ્ઠા જાળવવા આ કાર્ય કરતા. પ્રેતભોજનના લીધે પાટીદાર સમાજમાં ઘણા બધા પ્રશ્નો ઊભા થયા. એક બાજુ ખેતીવાડીમાં ઓછું ઉત્પાદન, વરસાદી ખેતી સિવાય બીજી ખેતી નહિ ને બીજી બાજુ આ રિવાજે સમગ્ર પાટીદાર સમાજનું આર્થિક ધોવાણ કર્યું. આના લીધે તેની અસર શિક્ષણ ઉપર થઈ. બાળકોને ભણાવવાના પૈસા રહેતા નહિ. સુધારાવાદીઓના મનમાં આ પ્રેતભોજન સમાજનો રોગ છે એમ માનીને તેની સામે બળવો પોકાર્યો. પ્રેતભોજન ન કરવા લોકોને સમજાવવા લાગ્યા. પ્રતિજ્ઞાપત્રો ભરાવવા લાગ્યા. પીકેટિંગ થવા લાગ્યું. જેના લીધે પ્રેતભોજન ખરાબ છે તેવી હવા સમાજમાં ઊભી થઈ. આમાંથી શરૂઆતમાં સુધારાવાદીઓ અને ગામડાંના અજ્ઞાનીઓ વચ્ચે સંઘર્ષો ઊભા થયા. શરૂઆતમાં ગોળવાદીઓ પ્રેતભોજનને પ્રોત્સાહન આપતા. પ્રેતભોજન કરવા માટે સામાજિક રીતે દબાણ પણ કરતા. આ પ્રથા કેટલાંક વર્ષો સુધી ચાલી. ત્યારે પછી ઈ.સ. ૧૯૩૯માં મુંબઈ વિધાનસભામાં ખેડા જિલ્લાના ધારાસભ્ય શ્રી ફૂલસિંહજી ડાભીએ પ્રેતભોજન બિલ અને કન્યા વિક્રય નિષેધક બિલ મૂક્યું. જે પ્રથમ વાચનમાં પસાર થયું; પણ દ્વિતીય વાંચનમાં પસાર ન થયું. તેની વ્યાપક અસરો સમાજ ઉપર થઈ. ત્યાર પછી ઈ.સ. ૧૯૬૨માં શ્રી પિતાંબર પટેલના પ્રયત્નોથી ગુજરાત વિધાનસભામાં પ્રેતભોજન નિષેધક બિલ મુકાયું. તેનો આશરો લઈને ઠેરઠેર પ્રેતભોજનો અટકાવાયાં ને સમાજમાં ભય ઊભો કરાયો. બીજી બાજુ શિક્ષણનું પ્રમાણ વધવાથી શિક્ષિત લોકોને ચીલાચાલુ પ્રેતભોજનમાં કોઈ રસ ન રહ્યો. શિક્ષિત સમાજે સુધારાવાદીઓને ટેકો આપ્યો. બાહોશ વ્યક્તિઓએ આગળ આવીને પ્રેતભોજન કરવાનું બંધ કર્યું. તેમાંથી આજે દક્ષિણ ગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છ જેવા પ્રદેશોમાં કડવા પાટીદાર સમાજમાં પ્રેતભોજન બંધ છે. ઉત્તર ગુજરાતમાં પ્રેતભોજન મોટે ભાગે બંધ થયાં છે. છતાં કોઈ કોઈ જગ્યાએ આ રિવાજ ચાલે છે. પ્રેતભોજનની જગાએ કેટલાક સમાજમાં 'જીવતરા' ઊજમણા કરે છે. તે પ્રેતભોજનનું બીજું સ્વરૂપ છે. ઊજમણા એ સારી પ્રથા નથી પણ આ રિવાજ પ્રેતભોજનની જેમ ફરજિયાત ન હોવાથી તેનું પ્રમાણ ઘણું ઓછું છે. પણ 'ઊજમણા'એ સમાજ માટે ચિંતાનો વિષય છે.

સમાજમાં ચાલતા બાળલગ્નો, સાટાપેટા, છૂટાછેડા, ચડઊતરતો ક્રમ વગેરે સામે સમગ્ર સમાજમાં સંઘર્ષ શરૂ થઈ ચૂક્યો છે. આજથી પચાસ વર્ષ પૂર્વેનો જમાનો એવો હતો કે, લગભગ બાળલગ્નો જ થતાં હતાં. પણ આજે તેનું પ્રમાણ ખૂબ જ ઓછું થઈ ગયું છે. તેનું કારણ સંવત ૧૯૬૬માં સયાજીરાવ ગાયકવાડમાં 'બાળલગ્ન પ્રતિબંધકનો કાયદો અને તા.૧-૪-૧૯૩૦માં બ્રિટિશ સરકારનો બાળલગ્નનો સુધારેલો કાયદો જે 'શારદા એક્ટ' તરીકે જાણીતો બન્યો. તેમાં કડક સજા ફરમાવેલી હોવાથી બાળલગ્નનું પ્રમાણ ઘટ્યું. શિક્ષણના કારણે પણ બાળલગ્નો અટક્યાં છે. સૌરાષ્ટ્ર અને કચ્છમાં ક્યાંય બાળલગ્નો થતાં નથી. ઉંમરલાયક દીકરા-દીકરીઓને જ પરણાવે છે, જ્યારે ઉત્તર ગુજરાતમાં લગ્નના અમર્યાદિત ખર્ચાઓ અને ગોળપ્રથાને લીધે બાળલગ્નો થાય છે. આજે અમર્યાદિત લગ્નના ખર્ચાઓમાંથી લોકોને બચાવવા માટે સમાજસુધારાની સંસ્થાઓએ ઓછા ખર્ચે લગ્નો કરી શકાય તે માટે સમૂહલગ્નની પ્રથા શરૂ કરી છે. અમદાવાદના ધરતી વિકાસ મંડળે સમૂહલગ્નની પ્રથાને વેગીલી બનાવવા માટે 'ધરતી' માસિક દ્વારા સમગ્ર સમાજમાં ઢોલ પીટ્યું છે. સાથેસાથે શ્રી ઉમિયામાતાજી સંસ્થાન ઊંઝાએ કાયમી લગ્નોત્વસની યોજના ઘડીને તેમજ તેનો અમલ કરીને સમગ્ર સમાજને નવી દિશા આપી છે. સાથેસાથે વડોદરા, ટેન્ટ, રાજકોટ, ઉપલેટા, જૂનાગઢ, જામજોધપુર વગેરે સ્થળોએ સામૂહિક લગ્નોત્સવ શરૂ થયાં છે. આજે સમાજનો મોટો વર્ગ સમૂહ લગ્ન વિશે વિચારતો થયો છે. લગ્ન સાથે ખર્ચના સંબંધો સંકળાયેલા છે. તેને તોડવાની અણી ઉપર આવી બેઠો છે. સંઘર્ષમાંથી સમાજ પસાર થઈ રહ્યો છે. સમાજનો શિક્ષિતવર્ગ અને સમજુવર્ગ વિચારતો થયો છે કે, પાટીદાર સમાજને લગ્નના ખોટા ખર્ચામાંથી બહાર કાઢવામાં નહિ આવે તો તેનો આર્થિક ઉત્કર્ષ ઝડપથી થશે નહિ. તે માટે લગ્નના ખર્ચાઓ ઘટાડવાની એક ઝૂંબેશરૂપે સમૂહલગ્ન એ સમાજમાં ઉત્કર્ષનો રામબાણ ઈલાજ સાબિત થશે.







ગોળ પ્રથા એ પાટીદાર સમાજની અસમાનતાનું પ્રતિક બન્યું છે. પાટીદાર પાટીદાર વચ્ચે ઊંચનીચના ભેદો ઊભી કરનારી એક જડવાદી પ્રથા છે. ગોળના ખાબોચિયામાં પુરાયેલા જ્ઞાતિબંધુઓને સમગ્ર જ્ઞાતિનો પરિચય કરાવવા માટે અને ગોળમાંથી મુક્ત કરવા માટેની એક ઝૂંબેશ શરૂ થઈ ગઈ છે. શક્તિશાળી લોકો ગોળમાંથી છૂટા પડીને પોતાના દીકરા-દીકરીઓને બીજે પરણાવે છે. આ રીતે ગોળમાંથી છૂટા પડેલા અને ગોળમાં રહેલા વચ્ચેનો એક સંઘર્ષ શરૂ થયો છે. ગોળ પ્રથાને લીધે ભણેલી છોકરીઓને પોતાની કક્ષા પ્રમાણે ભણેલા છોકરાઓ મળતા નથી. અંદરઅંદર લગ્નસંબંધો બંધાવાના કારણે સામાજિક વાતાવરણમાં કોઈ પરિવર્તન આવતું નથી. સમાજનો વિકાસ ઝડપી બનતો નથી. જેના લીધે ઘર કરી ગયેલી રૂઢિઓ અને અંધશ્રદ્ધાઓ તૂટતી નથી. ગુજરાતના અને તેમાંયે ખાસ કરીને ઉત્તર ગુજરાતમાં ગોળપ્રથા ખૂબ પક્કડવાળી હોવાથી ત્યાં બાળલગ્નોનું પ્રમાણ સૌથી વધારે છે. ગોળની પક્કડ ઓછી કરવા માટે બાળલગ્ન, બારમા સામે જાગૃત કરવા ગુજરાતના ગોળપંચોના આગેવાનોનું એક સંમેલન 'ધરતી' માસિક અને સ્વ. પિતાંબર પટેલના સહયોગથી ઈ.સ. ૧૯૫૭માં ઊંઝામાં મળેલું ને તેમાં ગોળપ્રથા નાબૂદ કરવાના ઠરાવો થયેલા. આમ છતાં ગોળપ્રથા તૂટી નહિ. નવા જમાનાના લીધે અને આધુનિક ભણતરને કારણે દીકરા-દીકરીના સંબંધોમાં ગોળપ્રથા ભારે બાધારૂપ બનેલી હોવાથી સને ૧૯૭૭માં ધરતી વિકાસ મંડળે જ્ઞાતિપંચોના આગેવાનોનું ત્રણ દિવસનું સમાજવિકાસ પરિષદ નામનું સંમેલન મણિનગર સ્વામીનારાયણ મંદિરમાં યોજ્યું. તેમાં જ્ઞાતિપંચોનું ફેડરેશન રચવાનો ઠરાવ થયો. પણ તેનું પરિણામ જોઈએ તેવું નહિ આવવાથી 'ધરતી' માસિકે છેલ્લા ચાર-પાંચ વર્ષથી ગોળપંચોના બહિષ્કાર અને દંડવિરુદ્ધ ભારે ઝૂંબેશ ઉપાડી છે.

**સમાજસુધારણાની ઝુંબેશ**

ઉત્તર ગુજરાતના પાટીદારોનો મોટામાં મોટો વસવાટ અમદાવાદ ખાતે હોવાથી અને કડવા પાટીદારની વસતી ઉત્તર ગુજરાતમાં વધુ હોવાથી તેમાં સમાજસુધારણા અને લોકજાગૃતિ લાવવા સારુ સ્વ.શ્રી ગોપાલદાસ મોહનલાલ ગાંધી (જી.એમ.ગાંધી) અને શ્રી ધરમચંદ શિવલાલ ચોકસી તેમજ બીજા ઈતર સહકાર્યકરોનો સાથ લઈ અમદાવાદ ખાતે ઉત્તર ગુજરાત પાટીદાર મંડળની અસારવા પ્રભુનગર ખાતે સને ૧૯૪૬માં સ્થાપના કરેલી અને ત્યાર બાદ 'ધરતી' માસિકનું સંચાલન લઈ શ્રી શંકરભાઈ રામદાસ પટેલે ગામેગામ ફરી બારમા, બાળલગ્ન, ખોટા ખર્ચા વિરુદ્ધમાં પ્રવચનો કરીને લોકજાગૃતિ ઊભી કરી. તે અરસામાં સ્વ. ચંદ્રવદન લશ્કરી, સ્વ. પીતાંબર પટેલ અને શ્રી પ્રભાતકુમાર દેસાઈએ સામાજિક જાગૃતિ માટે ગામેગામ પગપાળા પ્રવાસો કર્યા. શ્રી પીતાંબર પટેલે સમાજસેવા મંડળની રચના કરીને મહેસાણા જિલ્લામાં સામાજિક ક્ષેત્રે સારી જાગૃતિ આણી. ઈ.સ. ૧૯૪૫માં શ્રી ચંદ્રવદન લશ્કરીની આગેવાની નીચે ઊંઝામાં સમાજસુધારાનું પ્રદર્શન યોજ્યું. જે પ્રદર્શનમાં કન્યા વિક્રય, વર વિક્રય, લગ્નના ખર્ચાઓ, બાળલગ્ન, શિક્ષણ અને આરોગ્ય અંગેના પોસ્ટરો મૂકવામાં આવ્યાં હતાં. શ્રી ચંદ્રવદન લશ્કરી સાથે 'ધરતી'ના માજી તંત્રીશ્રી પ્રભાતકુમાર દેસાઈએ સમાજસુધારા માટે ખૂબ જ ઉમદા ફાળો આપ્યો છે. ઉત્તર ગુજરાતમાં સુધારાનો જે પવન ફૂંકાયો તેવો જ સૌરાષ્ટ્રમાં પણ ફૂંકાયો તેવો જ કચ્છમાં પણ ફૂંકાયો. શ્રી ભીમજી રૂડાભાઈ (મોટી મારડ), રવજી કલા (ગોમટા), ચંદુલાલ બેચરદાસ પટેલ (ગોંડલ), ગોવિંદ ભગવાન વાછાણી (કોલકી), જગજીવન હરિભાઈ ભાલોડિયા (પાનેલી), રવજી મેઘજી પટેલ (તરસાઈ), ઠાકરસી મૂળજીભાઈ (ઉપલેટા) વગેરે વ્યક્તિઓએ સૌરાષ્ટ્રમાં સમાજસુધારાનું જોરદાર કામ કર્યું. કચ્છમાં શ્રી નારાયણ રામજી લીંબાણી, શ્રી ઓધવજી મહારાજ, શ્રી શિવદાસ કાનજી વિરાણી, પરબત લખુ પટેલ, ભીમજી કેસરા, નારાયણ શિવજી, રામજીભાઈ જેઠાભાઈ, રતનસિંહ કરસી, શ્રી વિસરામ દેવજીનો સામાજિક જાગૃતિમાં મહત્ત્વનો ફાળો છે. આ બધાના પ્રયત્નોને કારણે પાટીદાર સમાજમાં જનજાગૃતિ આવી, સાથેસાથે કેળવણીનો વ્યાપ વધ્યો.

**શૈક્ષણિક ક્ષેત્રે ક્રાન્તિ**

એક બાજુ સુધારાનો પવન ફૂંકાઈ રહ્યો હતો અને બીજી બાજુ શિક્ષણનો પ્રચાર જોરજોરથી લોકો કરી રહ્યા હતા. તે વખતનો સભ્ય સમાજ માનતો હતો કે, જ્યાં સુધી શિક્ષણ નહિ વધે ત્યાં સુધી સમાજમાં ફેલાયેલા કુરિવાજો ઓછા થશે નહિ. જેથી ઈ.સ. ૧૯૧૨માં દરબાર સુરજમલસિંહજીએ પાટડી મુકામે કડવા પાટીદાર હિતવર્ધક મંડળની સ્થાપના કરી. આ મંડળનો ઉદેશ ફક્ત કેળવણીનો પ્રચાર કરવાનો હતો. આ મંડળ દ્વારા અમદાવાદમાં વિદ્યાર્થીઓને રહેવા માટેની બોર્ડિંગ શરૂ કરીને આ બોર્ડિંગમાં પાટડીના દરબાર શ્રી દોલતસિંહજીએ એક લાખ અને દસ હજાર રૂપિયાનું પોતાના પિતાના નામે







માતબર દાન કર્યું. જે વખતે રૂપિયો ગાડાના પૈડા જેવડો ગણાતો હતો, ત્યારે આવડું મોટું દાન નાનુંસૂનું ન હતું. પોતાની એક વર્ષની બધી જ આવક દાનમાં આપી દીધી હતી. તે બોર્ડિંગનું નામ શ્રી સુરજમલસિંહજી કડવા પાટીદાર બોર્ડિંગ હાઉસ આપવામાં આવ્યું હતું. આ બોર્ડિંગના પ્રથમ ગૃહપતિ તરીકે "મૂર્ખાઓનું પ્રદર્શન"ના લેખક શ્રી હિરાલાલ વસંતલાલ (અમદાવાદ) હતા. ને તેઓ આ બોર્ડિંગમાં રહીને સામાજિક સુધારણાની પ્રવૃત્તિઓ કરતા હતા ને મંત્રી તરીકે ઘણા વર્ષો સુધી નંદુલાલ મંચ્છારામ (શેર દલાલ) રહ્યા હતા. આજે પણ આ બોર્ડિંગ વાડીલાલ હોસ્પિટલની પાછળ અમદાવાદમાં આવેલી છે.

ઉત્તર ગુજરાતમાં મહેસાણા જિલ્લામાં પણ શિક્ષણની હવા ઊભી થવા લાગી. સરઢવના શ્રી છગનભાઈ પીતાંબરદાસ પટેલ (૧૮૬૩-૧૯૪૦) નામના એક અભણ વ્યક્તિના હૃદયમાં કેળવણીની ભૂખ જાગી. તેઓને થયું કે, અંધશ્રદ્ધા, વહેમો, કુરિવાજો, અજ્ઞાનતામાં જીવી રહેલા જ્ઞાતિબંધુઓ જ્યાં સુધી ભણશે નહિ ત્યાં સુધી આ સમાજ આગળ નહિ આવે. ગામેગામ ફરીને મૂઠી અનાજ આપો, એક પૂળો આપો. તમારા દીકરાને ભણવા મોકલો. આમ ભીખ માગીને ઈ.સ. ૧૯૧૯માં એકવીસ વર્ષની અખંડ તપશ્ચર્યાના ફળરૂપે કડીમાં પાટીદાર આશ્રમની સ્થાપના કરી. અને કડી અને મહેસાણા જિલ્લામાં કેળવણીનું મથક બન્યું. આગળ જતાં કડી સર્વ વિદ્યાલય કેળવણી મંડળની સ્થાપના થઈ અને તેમાંથી અનેક શૈક્ષણિક સંસ્થાઓનું સંકુલ ઊભું થયું. કડીના માર્ગે દીવામાંથી દીવો પ્રગટે તેમ વડનગર, પિલવાઈ, વિસનગર, જોટાણા, બલોલ જેવાં સ્થળોએ કેળવણી સંસ્થાઓ ઊભી થઈ. કડીમાં સંસ્થાઓ ઊભી કરવામાં છગનભાના સહકાર્યકરોમાં શ્રી પોપટભાઈ ગુલાબદાસ પટેલ (આચાર્ય). શ્રી છગનભાઈ કાળીદાસ, શ્રી કુબેરભાઈ છોટાભાઈ, શ્રી બાપુભાઈ ગામી, શ્રી પુરુષોત્તમભાઈ રણછોડભાઈ પટેલ (દાસકાકા), શ્રી રામચંદ્ર જમનાદાસ અમીન, સ્વામી ધનગીરી, સ્વ. માધવજીભાઈ, સ્વામી નિજાનંદજી તથા શ્રી રતિભાઈ અમીન વગેરે વ્યક્તિઓનો મહત્ત્વનો ફાળો છે. વિસનગરમાં કડવા પાટીદાર વિદ્યાર્થી આશ્રમ શ્રી સાંકળચંદ કાળીદાસ પટેલ અને શ્રી શિવાભાઈ પ્રભુદાસ પટેલના પ્રયત્નોથી ઊભો થયો અને આજે ત્યાં કેળવણીનું મોટું સંકુલ ઊભું થયું છે.

ઈ.સ. ૧૯૩૦માં અમદાવાદમાં શ્રી અમીન પુરુષોત્તમદાસ જમનાદાસ કડવા પાટીદાર વિદ્યાર્થી ભવનની સ્થાપના થઈ. પોતાના મોટાભાઈની યાદમાં શ્રી રામચંદ્રભાઈ અમીને દાન આપી આ સંસ્થા ઊભી કરી છે. ભવનના પ્રથમ મંત્રી શ્રી પુરુષોત્તમ લલ્લુભાઈ પટેલે (બાવળાવાળા) પ્રતિજ્ઞા લીધી હતી કે, જ્યાં સુધી ભવનનું મકાન ન થાય ત્યાં સુધી પગમાં જોડાં પહેરવાં નહિ ને તે પ્રતિજ્ઞા તેઓએ પાળી બતાવી. આજે અમદાવાદમાં ગુલબાઈના ટેકરા પાસે પાટીદાર વિદ્યાર્થી ભવનનું મકાન છે.

ઈ.સ. ૧૯૩૫માં સ્વ. બેચરદાસ રાયજીભાઈ પટેલ (૧૮૭૫ થી ૧૯૫૭) જેઓ બ્રહ્માનંદ સાગર તરીકે પ્રચલિત હતા. તેઓએ દક્ષિણ ગુજરાતમાં વસતા કડવા પાટીદારભાઈઓ માટે વડોદરામાં મોહનલાલ હરગોવિંદદાસ કડવા પાટીદાર છાત્રાલય બંધાવ્યું. આજે કડવા પાટીદાર કેળવણી મંડળ તેનો વહીવટ ચલાવે છે. આ મંડળે સમૂહલગ્નનો પ્રયોગ સૌથી પ્રથમ ગુજરાતમાં શરૂ કર્યો. આ મંડળના પ્રમુખ વર્ષોથી શ્રી ગોરધનભાઈ બેચરદાસ પેટલ છે.

આજ અરસામાં ઈ.સ. ૧૯૩૫ માં મોરબી મુકામે હરીપુરાવાળા સ્વ. લક્ષ્મણભાઈ બેચરભાઈ પટેલ (ઉઘરેજા)ના અથાગ પ્રયત્નોથી કડવા પાટીદાર છાત્રાલય ઊભું કરવામાં આવ્યું. આજે આ છાત્રાલય મોરબીમાં સારી રીતે ચાલે છે.

કચ્છ કડવા પાટીદાર સમાજે પોતાના વિસ્તારના ભાઈઓ માટે ઈ.સ. ૧૯૫૯માં નખત્રાણામાં કડવા પાટીદાર વિદ્યાર્થી ભવનની સ્થાપના કરી. ગુજરાતનાં છાત્રાલયોમાં આ સૌથી મોટું છાત્રાલય છે.

આ રીતે ગુજરાતના ખૂણેખૂણે છોકરાઓ માટેના છાત્રાલયો ઊભા થયાં ને કેળવણી તરફની ભૂખ સમગ્ર સમાજમાં ફેલાવા લાગી. ગામડાંઓમાં રહેતા પાટીદાર ભાઈઓ પોતાના દીકરાઓને છાત્રાલયમાં મૂકી ભણાવવા લાગ્યા. ત્યાર પછી તાલુકાનાં સ્થળોએ મોટી વસ્તી જ્યાં હતી તેવાં સ્થળોએ હાઈસ્કૂલો બંધાવા લાગી. ત્યાં છાત્રાલયોમાં રહીને કે આજુબાજુથી પગપાળા વિદ્યાર્થીઓ અભ્યાસ માટે જતા પણ આ પ્રમાણ ખૂબ ઓછું હતું. ભણેલી વ્યક્તિઓને સારા સ્થાને નોકરી જતી જોઈને સમાજની બીજી વ્યક્તિઓમાં પોતાનાં બાળકોને ભણાવવાની તાલાવેલી જન્મી. ત્યાર પછી સને ૧૯૪૦ થી ૧૯૬૦ વચ્ચેના ગાળામાં કેળવણીક્ષેત્રે મોટી ક્રાંતિ થઈ. ગુજરાતના પાંચ હજારની વસ્તીવાળા દરેક ગામોમાં હાઈસ્કૂલો બની ગઈ. પોતાના ગામમાં જ હાઈસ્કૂલ બનવાના







કારણે છોકરા સાથે છોકરીઓને ભણાવવાનો ઝોક વધવા લાગ્યો. છેલ્લાં વીસ વર્ષમાં છોકરાઓનાં શિક્ષણનું પ્રમાણ વધવાથી ને અભણ છોકરીઓ સાથે લગ્નસંબંધોમાંથી જે પ્રશ્નો સમાજમાં ઊભા થયા તેમાંથી કન્યાકેળવણી તરફ લોકોની નજર ગઈ. 'છોકરીને ક્યાં હાટ માંડવા છે ?' 'છોકરી ભણે તો બગડે, જેવી ઘર કરી ગયેલી માન્યતાઓ તૂટવા લાગી. ભણેલા છોકરાઓએ ભણેલી પત્નીઓનો આગ્રહ રાખ્યો. અભણ સામે પરણવા માટે તૈયાર નહિ થવાના લીધે સુખી મા-બાપો પોતાની દીકરીને સારા શિક્ષિત છોકરા સાથે પરણાવવા માટે પોતાની દીકરીઓને ભણાવવાનું શરૂ કર્યું. તેમાંથી છોકરીઓને ભણાવવાનો ચીલો શરૂ થયો. પરિણામ સ્વરૂપ છોકરાઓની જેમ છોકરીઓ માટે છાત્રાલયો ઊભાં થવા લાગ્યાં. સને ૧૯૩૨માં છગનભાઈએ કડીમાં કન્યાકુંજ નામનું કન્યા છાત્રાલય શરૂ કર્યું. પણ બે વર્ષ ચાલ્યા પછી તે બંધ થયું. શેઠશ્રી ચંદ્રવદન લશ્કરીના પ્રયત્નોથી ઊંઝામાં ઈ.સ. ૧૯૫૩માં કન્યા કેળવણી મંડળે બહેનો માટેનું છાત્રાલય ઊભું કર્યું. આ છાત્રાલયમાં ગામડાંની દીકરીઓ વધારે ભણવા આવે તે માટે મને તમારી દીકરીઓ આપો તેવી ભીખ શ્રી ચંદ્રવદન લશ્કરી અને બલોલવાળા સ્વ. મગનભાઈ બાજીભાઈ પટેલ (દીકરીઓના દાદા) અને શંકરભાઈ રામદાસ પટેલે માગી. શરૂઆતમાં આ છાત્રાલયમાં છોકરીઓ આવતી નહિ જ્યારે આજે ત્યાં જગા નાની પડે છે. આ રીતે સુરેન્દ્રનગરમાં શ્રી ગણેશભાઈ જીવાભાઈ પટેલે ઈ.સ. ૧૯૭૭માં કન્યા છાત્રાલય સાથે કન્યા વિદ્યાલય ઊભું કર્યું. ઉપલેટામાં ભોવાનભાઈ ગોકળભાઈ પટેલ કન્યા છાત્રાલય ઈ.સ. ૧૯૭૦માં, જૂનાગઢમાં તથા રાજકોટમાં કૉલેજમાં ભણતી બહેનો માટેનું છાત્રાલય શરૂ થયું. વિસનગરમાં નાથીબા વિઠ્ઠલભાઈ પટેલ કન્યા-છાત્રાલય શરૂ થયું. ગયા વર્ષથી મોરબીમાં કન્યા છાત્રાલય અને શ્રી વલ્લભભાઈ કન્યા-વિદ્યાલય શરૂ થયું છે. ભૂજમાં પણ કન્યા વિદ્યાલયની શરૂઆત થઈ છે. અમરેલી જેવા પછાત વિસ્તારમાં શ્રી રામભાઈ ભૂરાભાઈ કન્યા છાત્રાલયની તૈયારીઓ કરી રહ્યા છે. ચંદ્રાલા જિ. અમદાવાદમાં કડવા પરિવાર ટ્રસ્ટ તરફથી બહેનો માટે કેળવણી સંકુલ થભું થઈ રહ્યું છે. આ રીતે સમગ્ર ગુજરાતમાં સારી પ્રગતિ થઈ રહી છે.

શિક્ષણક્ષેત્રમાં પાટીદાર સમાજે નવાં ધ્યેયો સિદ્ધ કર્યાં છે. સ્વ. પ્રો. જેઠાલાલ સ્વામીનારાયણે ઈ.સ. ૧૯૦૯માં મુંબઈ યુનિવર્સિટીની એમ.એ.ની પરીક્ષામાં ગણિત વિષય લઈ પ્રથમ વર્ગમાં પ્રથમ આવેલા. ગણિતમાં અનેક પુસ્તકો લખી સમગ્ર ભારતમાં ગણિતશાસ્ત્રી તરીકેની નામના મેળવી હતી. જ્યારે તેઓનું મૃત્યુ થયું ત્યારે ઈંગ્લેંડની સરકારે તેમના મગજની માગણી કરી હતી. આજે સમગ્ર ગુજરાતમાં પાટીદાર યુવાનો સૌથી વધારે ઈજનેરો અને ડૉક્ટરો છે. ગણિત અને વિજ્ઞાનમાં પાટીદાર યુવકોનું પોતાનું આગવું વિશિષ્ટ સ્થાન છે.

શિક્ષણ ક્ષેત્રે ઉત્તમ કાર્ય કરવા માટે રાષ્ટ્રીય કક્ષાના એવોર્ડ શ્રી કલ્યાણભાઈ ગોપાળભાઈ પટેલ (૧૯૬૨) ભૂતપૂર્વ આચાર્ય નૂતન સર્વવિદ્યાલય વિસનગર, સ્વ. નાથાભાઈ નારાયણભાઈ દેસાઈ (૧૯૬૪), ભૂતપૂર્વ આચાર્ય કડી સર્વ વિદ્યાલય, સ્વ. શ્રી છગનભાઈ કાળીદાસ પટેલ (૧૯૬૫) ભૂતપૂર્વ આચાર્ય જી. સી. હાઈસ્કૂલ પિલવાઈ, શ્રી તુલસીભાઈ પટેલ (૧૯૭૦) ગુજરાત રાજ્યનો એવોર્ડ, ભૂતપૂર્વ આચાર્ય ગોઝારિયા હાઈસ્કૂલને મળ્યા છે.

**વિવિધ ક્ષેત્રે કડવા પાટીદારોનું પ્રદાન**

સાહિત્યક્ષેત્ર સ્વ. પીતાંબર પટેલનું પ્રદાન સૌથી વધારે છે. તેઓએ ગ્રામસમાજનું વિશ્લેષણ કરતી નવલકથાઓ અને નવલિકાઓ લખી ગ્રામસમાજની મોટી સેવા કરી છે. વર્ષો સુધી ગુજરાત સાહિત્ય પરિષદના મંત્રી તરીકે રહ્યા હતા. આ ઉપરાંત શ્રી મોહનભાઈ પટેલે (આચાર્ય, કડી સર્વ વિદ્યાલય) પણ સાહિત્યમાં સારું એવું પ્રદાન કર્યું છે. કવિ તરીકે અને સારા આલોચક તરીકે ડૉ. રણજીતભાઈ મોહનભાઈ પટેલ (અનામી)એ સારી સેવા કરી છે. અને શેલાવીના શ્રી રણછોડભાઈ સી. પટેલે (આર.સી. પટેલ) એન્જિનિયર ટેકિનકલ લાઈનને લગતા અનેક ગ્રંથો લખ્યા છે. જે વિવિધ યુનિવર્સિટીઓમાં પાઠ્યપુસ્તકો તરીકે ઉપયોગમાં લેવામાં આવ્યા છે.


અમદાવાદના નગરપતિઓ તરીકે શ્રી જયકૃષ્ણ હરિવલ્લભદાસે અને ડૉ. સોમાભાઈ સી. દેસાઈએ સેવાઓ આપી છે. શેઠશ્રી નંદુલાલ મંછારામ (૧૮૯૦ થી ૧૯૮૯) અમદાવાદના શેર બજારના લગાતાર ૨૦ વર્ષ સુધી પ્રમુખ તરીકે રહી સેવાઓ આપેલી.

રાજકીયક્ષેત્રે કડવા પાટીદારો અખીલ ભારતીય ક્ષેત્ર કોઈ વિશિષ્ટ પ્રદાન કર્યું નથી, પણ વિધાનસભાના સભ્યો તરીકે અને પાર્લમેન્ટના મેમ્બર તરીકે ઘણી વ્યક્તિઓએ અત્યાર સુધીમાં ભાગ લીધો છે. શ્રી રામચંદ અમીન (ગોઝારિયા)



# શ્રી ઉમિયા માતાજી

## અઢારમી શતાબ્દી મહોત્સવ ❋ સ્મૃતિગ્રંથ



પાર્લમેન્ટના સભ્ય તરીકે અને ગાયકવાડ રાજ્યમાં વીજળી પ્રધાન તરીકે સેવાઓ આપી હતી. શ્રી પુરુષોત્તમદાસ રણછોડભાઈ પટેલ (દાસકાકા) પાર્લમેન્ટના સભ્ય તરીકે તેમજ ગુજરાત રાજ્યના ખેતીવાડી પ્રધાન તરીકે કામ કર્યું હતું. સ્વ. ખોડાભાઈ શિવરામભાઈ પટેલ (મણિયારીવાળા) મુંબઈ વિધાનસભાના ડેપ્યુટી સ્પિકર બન્યા હતા અને વિરોધપક્ષના નેતા તરીકે કામ કર્યું હતું. શ્રી જયરામભાઈ પટેલે (કોલકી) ગૃહમંત્રી તરીકે કામ કર્યું હતું. શ્રી બળવંત મનવર (ઉપલેટા) નાયબ શિક્ષણમંત્રી તરીકે કામ કરી રહ્યા છે.

સહકારી ક્ષેત્રે પાટીદાર સમાજનું પ્રદાન ખૂબ જ મોટું છે. વિસનગર મજૂર સહકારી મંડળી અને વિવિધ સહકારી સંસ્થાઓના સ્થાપક તરીકે શ્રી સાંકળચંદ કાળીદાસ પટેલનો ફાળો મોટો છે. શ્રી ડી. કે. પટેલ (અમદાવાદ), શ્રી આત્મારામ પટેલ (પ્રમુખ, મહેસાણા જિલ્લા પંચાયત) સહકારી બેન્કોના ડિરેક્ટરો તરીકે સેવાઓ આપી રહ્યા છે. સાબર ડેરીના ચૅરમેનપદે શ્રી ભુરાભાઈ ખોડીદાસ પટેલ અને શ્રી ખેમાભાઈ પટેલે વર્ષો સુધી કામ કર્યું છે. શ્રી ગુજરાત ચેમ્બર્સ ઑફ કૉમર્સ ઍન્ડ ઈન્ડસ્ટ્રિઝના પ્રમુખ સ્થાને શેઠશ્રી બળદેવભાઈ ડોસાભાઈ પટેલ (સાણંદવાળા) સેવાઓ આપી રહ્યા છે. મિલમાલિક મંડળના પ્રમુખ તરીકે શ્રી જયકૃષ્ણ હરિવલ્લભદાસે કામ કર્યું છે. પત્રકારત્વમાં શ્રી સાંકળચંદ કાળીદાસ પટેલે 'શ્રમજીવી', પુરુષોત્તમદાસ પટેલ (દાસકાકા)એ 'રાષ્ટ્રધર્મ', શ્રી મગનભાઈ રણછોડભાઈ પટેલે 'સહકાર ઝાંખી' ચલાવેલ, જે આજે બંધ છે. ગુજરાત સહકારી બેંકોના ફેડરેશનના પ્રમુખ તરીકે શ્રી મગનભાઈ રણછોડભાઈએ વર્ષો સુધી સેવાઓ આપી હતી. આજે ગુજરાતની વિવિધ બેન્કોમાં ડિરેક્ટરો તરીકે આપણા સમાજની ઘણી બધી વ્યક્તિઓ સેવાઓ આપી રહી છે. ગુજરાતનું એવું એક પણ ખાતું નથી કે જ્યાં આપણો પટેલ ભાઈ ન હોય.

### વેપાર-ઉદ્યોગ ક્ષેત્રે જાગૃતિ

પાટીદાર સમાજ ફક્ત ખેતી અને પશુપાલનમાં રોકાયો નથી પણ જેમજેમ શિક્ષણ વધ્યું અને નવા જમાનાની હવા લાગી તેમતેમ લોકજાગૃતિ આવીને પોતાના વતનને છોડીને શહેર તરફ વળ્યો. સાથે સાથે ગામડામાં જે લોકોની આજીવિકાનું સાધન રહ્યું નહિ તે લોકો પણ શહેરમાં મજૂરી મળશે તેમ માનીને શહેરની મિલોમાં મજૂર તરીકે કામ કરવા લાગ્યા. તેમાંથી નાનામોટા ઉદ્યોગોમાં જોડાવા લાગ્યા. શરૂઆતમાં પાટીદાર યુવાનો વેપાર અને ઉદ્યોગમાં નોકરી કરતા હતા પણ કુશળ, બુદ્ધિશાળી અને મહેનતુ હોવાથી વેપાર-ઉદ્યોગની દક્ષતા પ્રાપ્ત કરીને સ્વતંત્ર ધંધા ઊભા કર્યા અને આજે સમગ્ર ગુજરાતમાં નાનામોટા વેપાર-ઉદ્યોગમાં તે રોકાઈ ગયા છે.

કડવા પાટીદાર જ્ઞાતિએ પોતાની સૂઝ અને આવડતથી જ્યાં જ્યાં નજર નાખી છે ત્યાં ત્યાં તે સફળ નીવડી છે અને જરૂર પડે તે હિંમત અને દીર્ઘદૃષ્ટિ સાથે વિદેશોના પ્રવાસે પણ ગઈ છે.

સમગ્ર એશિયામાં જીરાનું કેન્દ્ર ગણાતા ઊંઝા ગામના અગ્રણી અને ઊંઝાના જીરાના વેપારમાં પાયાની વ્યક્તિ તરીકે ગણાતા અને વહેપારના નિષ્ણાત હોવાને કારણે 'ગુરુ' તરીકે નામના મેળવનાર સ્વ. મોહનલાલ હરગોવનદાસ પટેલે જીરાના વેપારના વિકાસ અર્થે અને તેની ગુણવત્તાની જાણકારી મેળવવા સારુ આજથી પચાસ વર્ષ પહેલાં ઈરાન વગેરે દેશોના પ્રવાસ ખેડ્યો હતો. તેવી જ રીતે રૂની પરખના નિષ્ણાત ગણાતા અને શ્રી મફતલાલમિલ ઉદ્યોગને એક જમાનામાં રૂ પૂરું પાડનાર અને આપણી ક.પા.ની ૧૮મી પરિષદ લાંભા મુકામે ભરાણી તેના અધ્યક્ષપદે બિરાજનાર શ્રી મણિલાલ લેંગ્લી પણ પચ્ચાસ વર્ષ પહેલાં રૂની જુદીજુદી જાતના અભ્યાસ અર્થે વિદેશ પ્રવાસે જઈ આવેલા હતા.

આજે એવો એક પણ ઉદ્યોગ નથી કે જેમાં પાટીદારો ન હોય કાપડ ઉદ્યોગ, સોના ચાંદીનો ઉદ્યોગ, જીરા-વરિયાળીનો ઉદ્યોગ, લોખંડ ઉદ્યોગ વગેરે વેપારીક્ષેત્રોમાં તેણે કબજો જમાવ્યો છે. સૌરાષ્ટ્રના પાટીદારો ખાંડ, ખાંડસરી અને તેલ ઉદ્યોગમાં અગ્રેસર રહ્યા છે. કચ્છના કડવા પાટીદારોએ તો સો મિલ્સ ઉપર પોતાનું આગવું પ્રભુત્વ પ્રાપ્ત કર્યું છે. ભારતમાં કોઈ પણ જગ્યાએ સો મિલ્સ જોવા મળે તો તે કચ્છ કડવા પટેલની જ હોય. સમગ્ર ભારતમાં ૮૦૦૦થી વધારે સો મિલ્સ કચ્છ કડવા પાટીદારોની છે.

સૌપ્રથમ રા.બ. બહેચરદાસ લશ્કરીએ અમદાવાદમાં એક સદી પહેલાં ઈ.સ. ૧૮૬૫માં કાપડની મિલ શરૂ કરી અને કાપડ-ઉદ્યોગમાં તેમણે પહેલ કરી. શેઠ શ્રી હરિવલ્લભ કાળીદાસે (અંબિકા મિલવાળા), શેઠશ્રી મફતલાલ ગગલદાસે ભારતમાં અંબિકા મિલ શરૂ કરી. શ્રી મફતલાલ ગગલદાસે (૧૯૭૩-૧૯૪૪) ભારતના ખ્યાતનામ ઉદ્યોગપતિ તરીકે ભારે નામના મેળવી છે. શેઠ શ્રી મોહનલાલ હરગોવનદાસ બીડીવાળાએ બીડી ઉદ્યોગમાં ભારતભરમાં મોખરાનું સ્થાન







મેળવ્યું છે. શેઠશ્રી ચંદુલાલ માધવલાલના કુટુંબે કેમિકલ્સનું સેલ્યુલોઝ પ્રોડક્ટ ઑફ ઈન્ડિયા નામનું કારખાનું શરૂ કર્યું. શેઠ શ્રી નટવરલાલ ભીખાભાઈએ કલોલમાં ભારતવિજય મિલ ખરીદીને તેનો વિકાસ કર્યો. આ રીતે મોટા ઉદ્યોગપતિઓ તરીકે કાબેલિયત દાખવીને વિવિધ પ્રકારના ઉદ્યોગોમાં કડવા પાટીદારોએ અગ્રસ્થાન મેળવ્યું છે.

વૈજ્ઞાનિક ધોરણે ખેતી અને પશુઉછેર ક્ષેત્રે શ્રી ભુરાભાઈ ખોડીદાસ પટેલ (પંચવટીવાળા) જેવા કેટલાક નિષ્ણાત ખેડૂતોએ કૃષિક્ષેત્રે ઘણી સારી પ્રગતિ કરી. આ કૃષિએ કોમને, ખેડૂત કોમને માર્ગદર્શન આપ્યું છે. સૂકી ખેતીને બદલે સિંચાઈની સુવિધાઓ વધવાને લીધે કૃષિક્ષેત્રે ઘણી સારી પ્રગતિ કરવાની દિશામાં પટેલ સમાજે ઘણું ભારે પ્રદાન કર્યું છે અને ગુજરાતની સમૃદ્ધિમાં અસાધારણ વધારો કર્યો છે.

ઉચ્ચ શિક્ષણના ક્ષેત્રે પાટીદાર યુવાનોએ અને યુવતીઓએ ખૂબ સારી પ્રગતિ કરી છે અને વિદેશોમાં જઈને જે-તે વિષયના નિષ્ણાત બન્યા છે. કોઈએ તબીબીક્ષેત્રે, તો કોઈએ એન્જિનિયર ક્ષેત્રે, કોઈએ વિજ્ઞાનક્ષેત્રે, કોઈએ નવા ઉદ્યોગો પ્રસ્થાપિત કરવાના ક્ષેત્રે કુશળતા દાખવી છે. જેને પરિણામે પાટીદાર સમાજની એક નવી અસ્મિતા ઊભી થઈ છે.

ગુજરાત અને ભારતમાંનું એવું એક પણ ક્ષેત્ર નથી કે જ્યાં આપણા સમાજની વ્યક્તિનો પ્રવેશ ન થયો હોય. પાટીદારોએ ખેતીમાં જ નહિ પણ વિવિધ ક્ષેત્રોમાં પ્રવીણતા પ્રાપ્ત કરી છે. ગુજરાતની સહકારી સંસ્થાઓમાં, બેન્કોમાં ડાયરેક્ટરો, ગુજરાત માર્કેટિંગ યાને ગંજબજારો ઉપર પાટીદારોનું વર્ચસ્વ છે. ભારતનું ઊંઝાનું મશહૂર ગંજબજાર પાટીદારોના હાથમાં છે. કોઈ પણ વેપાર હોય ઘઉં, બાજરી કે જીરા-વરિયાળીનો હોય કે ઈસબગુલનો હોય પણ બધે જ પાટીદારો જોવા મળે છે. કરિયાણા બજાર, મિઠાઈ બજાર, કાપડ બજાર, લાટી બજાર બધે જ પાટીદારો જ પાટીદારો છે. બિલ્ડિંગ કોન્ટ્રાક્ટરોમાં પણ તેઓ પાવરધા છે. આ રીતે દરેક ક્ષેત્રમાં પાટીદાર જ્ઞાતિનો નોંધપાત્ર પ્રવેશ થઈ ચૂક્યો છે. કારણકે પાટીદારે જે કામ હાથમાં લીધું ત્યાં તે પૂરી તાકાત લગાડી, આંતરસૂઝનો ઉપયોગ કરી સફળતા પ્રાપ્ત કરી લે છે. તે કદી મહેનતથી થાકતો નથી કે પાછી પાની કરતો નથી.

સૈકા પહેલાં, દેશમાં ટેક્ષટાઈલ્સ ઉદ્યોગમાં પ્રવેશી એક મહત્ત્વનું-ગૌરવમય પ્રકરણ રચાયું છે તેમ અકીક ઉદ્યોગમાં પણ ગુજરાતનો પાટીદાર આગળ પડતો રહ્યો છે. અને આ અકીક ઉદ્યોગમાં પ્રવેશવા માટે તેને મુસલમાન જ્ઞાતિ સાથે સંઘર્ષમાં પણ ઊતરવું પડેલું છે. ૧૯મા સૈકા પહેલાં ખંભાતના અકીક ઉદ્યોગ ઉપર મુસ્લિમ જ્ઞાતિનું વર્ચસ્વ હતું અને તે સમયે ખંભાત આપણા દેશનું મહત્ત્વનું બંદર હતું. પણ તે અકીક ઉદ્યોગ ઉપરના મુસ્લિમોના વર્ચસ્વને કણબી જ્ઞાતિના કારીગરોએ પડકાર્યા હતા. ખેડા અને અમદાવાદ જિલ્લાના કણબીઓએ સને ૧૮૧૮ બાદ એટલેકે ગુજરાતમાં બ્રિટિશ શાસન સ્થપાયા પછી ખંભાતમાં અકીક પથ્થરોમાંથી વિવિધ ચીજો બનાવવાનો હુન્નર અપનાવ્યો એટલું જ નહિ પણ થોડાં જ વર્ષોમાં તેમણે આ કાર્યમાં એટલી બધી કુશળતા પ્રાપ્ત કરી કે તેનો વિરોધ મુસ્લિમોએ કરવો પડ્યો અને મુસ્લિમ જ્ઞાતિના કારીગરોએ ખંભાતના નવાબ બંદેઅલીખાન દ્વારા કણબી કારીગરોને આ ધંધો છોડી દેવાનું ફરમાન કાઢ્યું. નવાબના ફરમાનથી કણબી કારીગરો ગભરાઈ ગયા અને નથુ નાગર અને જયરામ ભાણા નામના કારીગરોએ ખેડા જિલ્લાના કલેક્ટરને ફરિયાદ કરી અને કલેક્ટર અને નવાબના પત્ર વહેવાર પછી કલેક્ટરે તે સમયે બંને પક્ષને સાંભળ્યા પછી તેને કણબી કારીગરોને અકીક ચીજોનું ઉત્પાદન કરવાની છૂટ આપી. આ રીતે કણબી કારીગરોએ અકીક ઉદ્યોગમાં પણ પોતાનું વર્ચસ્વ સ્થાપ્યું. અને આ રીતે ગુજરાતના પાટીદારો નવા-નવા ઉદ્યોગો તરફ જતા હતા તેમ તેમ તે બજાર પણ સર કરતા હતા. ઓગણીસમી સદીના ઉત્તરાર્ધમાં પાટીદારોએ કાચના ઉદ્યોગમાં પણ પ્રવેશ કર્યો. અને આપણી જ્ઞાતિના એક વખતના આગેવાન નાગરિક શ્રી અંબાલાલ ત્રિભોવનદાસ તકતાવાલાએ છૂટક કાચનો વેપાર કરતાં કરતાં કાચના ઉદ્યોગમાં ઝંપલાવ્યું અને આજે ભારતભરમાં શ્રી વલ્લભ ગ્લાસ વકર્સ એ કાચના ઉદ્યોગમાં એક આગળ પડતું નામ જાહેર થયું છે.

•

## કડવા પાટીદાર સમાજના ઉત્કર્ષ માટેનાં સમાચારપત્રો

| ક્રમ | માસિકપત્રનું નામ | પ્રકાશિત સ્થળ | આધતંત્રીનું નામ | શરૂ થયાનું વર્ષ | બંધ થયાનું વર્ષ |
|---|---|---|---|---|---|
| ૧ | સ્વદેશ હિતવર્ધક | બાવળા | શ્રી જેસીંગભાઈ ત્રિકમભાઈ પટેલ | ઈ.સ. ૧૮૮૪ | ઈ.સ. ૧૮૯૦ |
| ૨ | 'કડવા પાટીદાર | અમદાવાદ | શ્રી હઠીસીંગ હરગોવનદાસ પટેલ | ઈ.સ. ૧૮૯૨ | ઈ.સ. ૧૮૯૨ |
| | સુધારક પત્ર' | | | | (ત્રણ અંક પ્રગટ થયા) |
| ૩ | વિજય | અમદાવાદ | પટેલ મણિલાલ દોલતરામ | ઈ.સ. ૧૯૦૨ | ઈ.સ. ૧૯૦૯ |
| ૪ | કડવા વિજય | વિરમગામ | શ્રી પુરુષોત્તમ લલ્લુભાઈ પરીખ | ઈ.સ. ૧૯૦૭ | ઈ.સ. ૧૯૨૫ |
| | | | શ્રી કેશવલાલ માધવલાલ લઢ્ઢુ | | |
| ૫ | ઉમિયા વિજય | સુરત | શ્રી કડવા પાટીદાર સમાજ, સુરત | ઈ.સ. ૧૯૦૭ | ઈ.સ. ૧૯૦૮ |
| | | | | | (પાંચ અંક પ્રગટ થયા) |
| ૬ | કડવા હિતેચ્છુ | ભાવનગર | શ્રી મૂળજીભાઈ જેઠાભાઈ (ન્યાયાધીશ) | ઈ.સ. ૧૯૦૯ | માહિતી નથી. |
| ૭ | કડવા જ્ઞાતિહિતદર્શક | વડોદરા | શ્રી ભગવાનદાસ પટેલ | ઈ.સ. ૧૯૧૧ | ઈ.સ. ૧૯૧૧ |
| | | | | | (ચાર અંક પ્રગટ થયા) |
| ૮ | કડવા સુબોધ | - | માહિતી નથી. | ઈ.સ. ૧૯૧૯ | ઈ.સ. ૧૯૧૧ |
| ૯ | પાટીદાર ઉદય | કરાંચી | શ્રી રતનશી શિવજી પટેલ | ઈ.સ. ૧૯૨૪ | માહિતી નથી. |
| ૧૦ | અજવાળાં | રાજકોટ | શ્રી રતિભાઈ ઉકાભાઈ પટેલ | માહિતી નથી. | માહિતી નથી. |
| ૧૧ | કેળવણી (ત્રિમાસિક) | કડી | શ્રી છગનભાઈ કાળીદાસ પટેલ | ઈ.સ. ૧૯૨૬ | ઈ.સ. ૧૯૨૮ |
| | | | | | (આઠ અંકો પ્રગટ થયેલા) |
| ૧૨ | લોકનાદ | કડી | સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી | માહિતી નથી. | માહિતી નથી. |
| ૧૩ | ભાગ્યોદય | કડી | સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી | માહિતી નથી. | માહિતી નથી. |
| ૧૪ | ચેતન | અમદાવાદ | શ્રી બબાભાઈ રામદાસ પટેલ | ઈ.સ. ૧૯૨૫ | ઈ.સ. ૧૯૩૫ |
| ૧૫ | પટેલ | અમદાવાદ | શ્રી મગનભાઈ રણછોડભાઈ પટેલ | ઈ.સ. ૧૯૩૭ | ઈ.સ. ૧૯૩૯ |
| ૧૬ | નવસર્જન | અમદાવાદ | શ્રી રઘુવીર દેસાઈ | ૧૯૩૯ (ડિસે.) | ૧૯૪૦ (મે) |
| | | | શ્રી સોમાભાઈ ખોડીદાસ પટેલ | | |
| ૧૭ | ધરતી | અમદાવાદ | શ્રી ચંદ્રવદન દુર્ગાપ્રસાદ લશ્કરી | ૧૯૪૭ (ઓગસ્ટ) | ચાલુ છે. |
| ૧૮ | કિરણ | મુંબઈ | શ્રી પીતાંબર પટેલ | ૧૯૫૦ (ઓક્ટોબર) | ૧૯૬૭થી 'ધરતી' |
| | | | | | માં ભળી ગયું. |
| ૧૯ | જાગૃતિ | ધનસુરા | શ્રી દેવશીભાઈ આર. પટેલ | ૧૯૫૮ (નવેમ્બર) | ચાલુ છે. |
| ૨૦ | સન્મતિ | વડોદરા | શ્રી શિરીષભાઈ જેઠાભાઈ પટેલ | - | ચાલુ છે. |
| ૨૧ | કડવા પાટીદાર | વરસડા | શ્રી નાનુભાઈ એમ. પટેલ | ૧૯૭૯ (જાન્યુ.) | ચાલુ છે. |
| ૨૨ | પાટીદાર સંદેશ | ભુજ | શ્રી કરમશી પટેલ | ૧૯૮૧ (એપ્રિલ) | ચાલુ છે. |
| | | | શ્રી શામળજીભાઈ પટેલ | | |
| ૨૩ | જય ઉમિયા | બ્રાહ્મણવાડા | શ્રી ઈશ્વરભાઈ એ. પટેલ | ૧૯૭૯ | ચાલુ છે. |

**નોંધ** : આ ઉપરાંત ભાવનગરથી 'પાટીદાર-મિત્ર' અને નાગપુરથી 'પાટીદાર પત્રિકા' પણ પ્રગટ થતી હતી, પણ આ અંગેની કોઈ માહિતી નથી.

કડવા પાટીદાર સમાજમાં ઉપર મુજબનાં માસિકપત્રો ચાલતાં હતાં ત્યારે સામાજિક જાગૃતિ માટે લેઉવા પાટીદાર સમાજમાં પણ કેટલીક માસિક પત્રિકાઓ ચાલતી હતી જેની અસર એકબીજા ઉપર થતી હતી. સામાન્ય રીતે લેઉવા પાટીદાર સમાજ માટે 'પટેલ બંધુ' (૧૯૦૮-સુરત), 'પાટીદાર હિતેચ્છુ' (૧૯૦૮-વાંચ), 'પાટીદાર પત્રિકા' (૧૯૨૨-આણંદ), 'પાટીદાર' (૧૯૨૩-આણંદ), 'પટેલ પત્રિકા' (૧૯૪૦-અમદાવાદ), 'પાટીદાર પ્રગતિ' (૧૯૪૧-અમદાવાદ), 'પટેલ ગૌરવ' (૧૯૪૭-અમદાવાદ), 'પાટીદાર સમાજ' (૧૯૪૭-આણંદ), 'પાટીદાર મિત્ર' (૧૯૪૭-મુંબઈ), 'પાટીદાર બંધુ' (૧૯૪૭-અમદાવાદ) પટેલ મિત્ર, પાટીદાર યુવક, પટણી લેઉવા હિતેચ્છુ, પાટીદાર-નવયુગ, પાટીદાર જગત વગેરે માસિક પત્રિકાઓ પ્રગટ થયેલી પણ આજે આમાનું એક પણ માસિકપત્ર આજે ચાલતું નથી.







# માતાજીના આંગણે બાર વર્ષે આવતાં લગ્નોનો અંત

**શ્રી ઉમિયામાતાજી સંસ્થાન**

શ્રી ઉમિયામાતાજીના મંદિરની સ્થાપના અંગે કેટલીક દંતકથાઓ પ્રચલિત છે. આ વિભાગની શરૂઆતમાં જે દંતકથાઓ છે, તે દંતકથાઓ ચમત્કારો સાથે સંકળાયેલી હોવાથી ને તે અંગે કોઈ ઐતિહાસિક માહિતી નહિ મળવાથી તે સ્વીકારી શકાય એમ નથી.

શ્રી ઉમિયામાતાજીના મંદિરની સ્થાપના ઈ.સ. ૧૫૬માં શ્રી રાજા વ્રજપાલજીએ કરી, એ હકીકત ઐતિહાસિક છે. મૂળ વાત એવી છે કે ઈસ્વીસનની પ્રથમ શતાબ્દીના અંત ભાગમાં માળવા પ્રદેશ પાસે આવેલા માધાવતી નગરમાં કુર્મીઓનું રાજ્ય ચાલતું હતું. સૌરાષ્ટ્રના ગિરનારમાં ક્ષત્રિય રાજા જયદામાના સમયમાં મહેત દેશના રાજા ચંદ્રસેને માધાવતી પર ચડાઈ કરી. માધાવતીના કુર્મી રાજા વ્રજપાલજીને હરાવી માધાવતીનું રાજ્ય જીતી લીધેલું. આથી રાજા વ્રજપાલજી માલ-મિલકત અને રસાલો લઈ માતાના શ્રાદ્ધ માટે સિદ્ધપુર (શ્રી સ્થળ) આવેલા. આ સમયે કુર્મી રાજા વ્રજપાલજીને પંજાબમાંથી સ્થળાંતર કરી આનંત પ્રદેશમાં વસેલા કુર્મી જ્ઞાતિબંધુઓ મળ્યા હતા અને અહીં જ રોકાઈ જવા આગ્રહ કરેલો. આ આનંત પ્રદેશમાં કોઈનું રાજ્યશાસન નહિ હોવાને લીધે રાજા વ્રજપાલજી પોતે શિવભક્ત હોવાથી આ ગામમાં પોતાની દેવી તરીકે શ્રી ભગવાન શંકરની પટ્ટરાણી ઉમિયાદેવીની સ્થાપના કરી મંદિર બંધાવેલું. જેને તે સમયના કડવા કુર્મીઓએ ઉમિયાદેવીને પોતાની કુળદેવી તરીકે સ્થાપિત કરી પૂજન-અર્ચના કરવા લાગ્યા.

આ વિસ્તારના સઘળા કુર્મીઓ શ્રી ઉમિયાજીને કુળદેવી માનીને વારંવાર યાત્રા, બાધા, પૂજન, અર્ચન, નૈવેદ્ય વગેરે કરવા આવતા. કડવા પાટીદારોના હૃદયમાં અહોભાવ હતો, પૂરી શ્રદ્ધા હતી, માતાજીને સાક્ષાત્ દેવી સમજતા હતા. વનરાજ ચાવડાના જમાનામાં એટલેકે ઈ.સ. ૭૪૬ની આસપાસ ઉમિયામાતાજીમાં સામૂહિક લગ્નોની શરૂઆત થઈ તેવાં પ્રમાણો મળે છે. કુમારપાળ પ્રબંધમાં જણાવવામાં આવ્યું છે કે, સિંહરાજના ધર્મપુત્ર ચાહટે બિંબેસ ઉપર ચઢી આવી તેને ઘેરો ઘાલ્યો ત્યારે તેમાં ૭૦૦ કન્યાઓનાં લગ્ન થતાં હતાં. લગ્ન પૂરાં થાય ત્યાં સુધી તે ગામની બહાર ઘેરો નાખીને પડ્યો. કડવા કણબીઓમાં બાર બાર વર્ષે લગ્નો આવે છે. આથી સામટી કન્યાઓ પરણાવવી પડે છે. કુમારપાળના જમાનામાં સમૂહલગ્નો થતાં હતાં એવાં પુરાવાઓ મળે છે. આ સમૂહલગ્નોની શરૂઆત ક્યારે થઈ તેની ચોક્કસ સાલ મળતી નથી, પણ વનરાજ ચાવડાના સમયમાં સમૂહલગ્નો શરૂ થયાં હશે, તેવાં પ્રમાણો મળે છે. વનરાજ ચાવડાના પ્રધાન ચાંપરાજે સમૂહલગ્નની શરૂઆત કરાવી છે. ચાંપરાજે કેવી યુક્તિ-પ્રયુક્તિથી સમૂહલગ્નની શરૂઆત કરાવી તેનો ઉલ્લેખ આ ગ્રંથમાં આગળ બતાવવામાં આવ્યો છે.

કુમારપાળ અને વનરાજના સમયમાં કડવા પાટીદાર લોકોનો સમૃદ્ધિનો કાળ હતો. મંદિરનો પણ તે વખતે સારો વિકાસ થયો હતો. પણ ઈ.સ. ૧૨૯૭ પછી ગુજરાતમાં મુસ્લિમોનું આગમન શરૂ થયું. મુસ્લિમોના રાજ-અમલ દરમિયાન કણબીઓની પડતી થઈ. ગુજરાતનાં દેવાલયો ઉપર આફત ઊતરી આવી. મુસ્લિમોએ ધન પ્રાપ્તિ માટે જગ મશહૂર દેવાલયો જેવાં કે સોમનાથનું મંદિર તોડી નાખ્યું. આ સમયે કણબીઓમાં ભારે ચિંતા ને વિમાસણ ઊભી થઈ. બધાંને એમ થયું કે મુસલમાનો અહીં આવશે અને માની મૂર્તિને ખંડિત કરી નાખશે. કણબી કુળના કેટલાક આગેવાનો ભેગા થયા અને માની મૂર્તિને ત્યાંથી ઊઠાવીને બીજે સંતાડવા વિચાર કરવા લાગ્યા. પણ તેમ ન કરતાં મંદિર જે સ્થિતિમાં હતું તે જ સ્થિતિમાં રાખ્યું. તેમાં કોઈ પ્રકારના ફેરફારો મુસ્લિમ કાળ દરમિયાન કર્યા નહિ. તેના ઘણા ભાગો તૂટી ગયા હતા; પણ તેને સમરાવ્યા નહિ. તેનું મુખ્ય કારણ એ હતું કે મુસ્લિમો હિંદુઓનાં સારાં મંદિરોને તોડતા હતાં. લગભગ ઈ.સ. ૧૮૪૦ સુધી આ મંદિર ઈંટ અને ચૂનાવાળું જ રહ્યું જ્યારથી મુસ્લિમ રાજ્યનું પતન થયું ને અંગ્રેજ સરકારનું રાજ્ય આવ્યું. દેશમાં લૂંટારા વગેરેનો દોર તદ્દન નાશ પામ્યો, અને સર્વત્ર શાન્તિ વ્યાપી રહી ત્યારે કુળદેવી શ્રી ઉમિયામાતાજી પ્રત્યે ફરીથી લોકોમાં ભાવના જાગી. દેશ-પરદેશમાં રહેતા કુર્મીભાઈઓએ યાત્રાઓ શરૂ કરી. જે કુર્મીભાઈઓ યાત્રા માટે આવતા હતા તેઓ જર્જરિત થઈ ગયેલાં માના મંદિરનાં દર્શન કરતા હતા ત્યારે તેઓનાં હૃદયમાં જીર્ણોદ્ધાર કરવાની







ઈચ્છા જાગતી હતી. મંદિર સુધરાવવું જોઈએ તેવી વાતો કરતા હતા. પણ જીર્ણોદ્ધાર કરાવે કોણ ? જ્યાં સુધી કોઈ આગળ પડી કાર્ય કરનાર ન મળે ત્યાં સુધી આવાં સાર્વજનિક કોઈ પણ કામ થઈ શકતાં નથી. આ રીતે જ્ઞાતિભાઈઓની દેવળ સુધરાવવાની તીવ્ર ભાવના ઈ.સ. ૧૮૬૦માં ફળી.

ડૉ. બર્જેસ જણાવે છે કે, હાલનું મંદિર ઘણું મોટું છે. હાલ તેને બંધાવ્યે ૪૦-૫૦ વર્ષ થયાં હશે. મંદિરની આસપાસ ઊંચો ઈંટથી ચણી લીધેલો કોટ છે. ખૂણાઓ પર ગોળ અને બાજુમાં બહાર પડતી બારીઓ આવેલી છે. બાંધણીમાં જૈન ધર્મને મળતું આવે છે. કેટલોક ભાગ અધૂરો હોય એમ જણાય છે. કેટલેક ઠેકાણે આરસ જડેલો છે. કેટલેક ઠેકાણે આરસ જડવાની રહી ગયા છે. મંદિરમાં એક ઠેકાણે ભોંયરામાં જવાનો રસ્તો છે. મંદિર પૂર્વાભિમુખ છે. ઉત્તર અને દક્ષિણ તરફ પણ મંડપ છે. આ મંડપના થાંભલાની વચ્ચે જૈન મંદિરોની માફક તોરણ યા કમાન મૂકેલી છે. તોરણ અને થાંભલાનું કામ ઘણું સરસ છે. માતાનું સ્થાનક એક નાનો ઓરડો છે. બૌદ્ધ અને જૈન સંપ્રદાયોમાં જોવામાં આવતો સુખ અને માનશુકન બતાવનાર સાથીઓ અથવા સ્વસ્તિક તેમાં જોવામાં આવે છે. મંદિરમાં પેસતાં જ જમણી બાજુએ ભૈરવ અને ડાબી બાજુએ ગણપતિની મૂર્તિઓ જોવામાં મળે છે. અંદરના ભાગમાં રૂપાની ભૂમિ પર બે ફૂટ ઊંચી ઉમિયાજીની પ્રતિમા છે. તેમના પર રૂપાના થાંભલાવાળું છત્ર છે. તેમની પાછળ આરસા જડેલા છે. ઉમિયા દેવીની પૂજા એક મોઢબ્રાહ્મણ કરે છે. ડૉક્ટર બર્જેસના કહેવા પ્રમાણે 'છેલ્લા લગ્નથી અગિયારમું વર્ષ બેસતાં કેટલાક બ્રાહ્મણગોર, જોશી અને વંશપરંપરાથી ગણાતા આવેલા બે મુખ્ય પટેલો માતાજીના મંદિરે આવે છે. ઉમિયાજીની પૂજા કરે છે અને ચંડીપાઠ કર્યા પછી આવતાં લગ્ન આ વર્ષે લેવાં કે આવતે વર્ષે તેનો નિર્ણય કરવા માટે ચિઠ્ઠીઓ નાંખે છે. આ કર્યા પછી જોશીઓ જ્યોતિષની ગણતરી મુજબ ચોક્કસ દિવસ ઠરાવે છે અને હંમેશાં માર્ચથી મે એટલે ચૈત્ર, વૈશાખ કે જેઠમાં લગ્નનો દિવસ નક્કી થાય છે. આનું કારણ એમ છે કે ઘણુંખરું આ વખતમાં ખેતીના કામમાં કણબીઓ રોકાયેલા હોતા નથી. આ સિવાય જેઓ મંદવાડ યા બીજા કારણથી તે દિવસે પોતાની કન્યાનાં લગ્ન ન કરી શકે તેમને માટે ઠરાવેલ લગ્નથી આશરે એક પખવાડિયા પછી બીજો દિવસ ઠરાવી આપવામાં આવે છે. લગ્ન કાઢ્યાની ખુશખબર સર્વ ઠેકાણે પહોંચાડવા માટે બ્રાહ્મણ કંકોતરિયાને મોકલવામાં આવે છે. જ્યાં તેમનો સારો સત્કાર થાય છે, જે અમદાવાદ જાય છે તેમનો અસારવાના પટેલ તરફથી મોટી ધામધૂમ સાથે આદર-સત્કાર કરવામાં આવે છે. અહીં આ ખબર બહાર પાડવા માટે એક સારો દિવસ ઠરાવવામાં આવે છે. તે દિવસે સૌ દાદાહરીની વાવ પાસે ભેગા થાય છે, ત્યાં ગણપતિ અને માતાજીની યથાવિધિ પૂજા કરવામાં આવે છે. તે પછી પટેલ કંકોતરી ખોલે છે અને વાંચે છે. આ પછી બ્રહ્મભોજન થાય છે અને આસપાસ બીજે સ્થળે જ્યાં કડવા જ્ઞાતિના લોકો રહેતા હોય ત્યાં કંકોતરીઓ મોકલવામાં આવે છે. ચાલીસ દિવસ સુધીની કન્યા પરણાવી દેવી જ જોઈએ એવો ઠરાવ છે. કન્યાને વર ન મળે તો બાંહ્યવર કરી પરણાવે છે. આ માટે બાંહ્યવરને તે વખતે પૈસા પણ આપવામાં આવે છે. બાંહ્યવર એટલે કહેવાતો અમથો વર-બાંહ્યવર સાથે લગ્ન થયા પછી કન્યાનો વર મરી ગયો હોય એમ સમજવામાં આવે છે અને તેને ફરી ઠામ બેસાડવામાં આવે છે. કદાચ આમ પણ ન બને તો ફૂલના દડાની સાથે લગ્ન કરવામાં આવે છે ને પછી ફૂલના દડાને કૂવામાં નાંખી દેવામાં આવે છે. એટલે તેનો વર મરણ પામ્યો સમજી તેને ફરી ઠામ બેસાડવામાં આવે છે.

મિ. ઈલિયડના લખવા મુજબ ઊંઝાનો મુખી દર દસ યા બાર વર્ષે બે પ્રકારની ચિઠ્ઠીઓ બનાવે છે. એકમાં તે વર્ષે લગ્ન લેવું અને બીજામાં ન લેવું એવું લખેલું હોય છે. ચિઠ્ઠીઓની ઢગલી માતાજી આગળ મૂકવામાં આવે છે. અને નાનાં બાળકોને તેમાંથી થોડી ઉપાડવા માટે પસંદ કરવામાં આવે છે. ત્રણ વખત આવી રીતે કરવામાં આવે છે. અને પછી ચિઠ્ઠીઓ ખોલવામાં આવે છે. અને પછી ચિઠ્ઠીઓની મોટી સંખ્યા હા તરફ હોય છે તો માતાજીએ તે વર્ષમાં લગ્ન કરવા રજા આપી એમ સાજવામાં આવે છે. ઘણે ભાગે હા જ આવે છે. દરેક ઠેકાણે જ્યાં જ્ઞાતિના લોકો વસતા હોય છે ત્યાં આ ખબર પહોંચાડવામાં આવે છે. આ પછી ક્યે એક દિવસે સઘળાં લગ્ન કરવાં એ દિવસ ઠરાવવામાં આવે છે અને તે દિવસ જાહેર થયા પછી છોકરાનાં મા-બાપ સગપણ કરવા મચી પડે છે. લગ્નની એક શરત જાણાવા જેવી છે. તે શરત વરનાં માતા-પિતાએ પાળવી જોઈએ, તે એ કે 'તેઓએ પોતાની છોકરી અથવા સગાંવહાલાંની છોકરી કન્યાના ભાઈને યા બીજા તેના સગાંમાંના છોકરાને પરણાવવી. કોઈ પણ કારણથી વરનાં માતા-પિતા આ શરત પાળી ના શકે તો તેઓ કન્યાનાં માતા-







પિતાને અમુક રકમ આપે અથવા છોકરાને પહેલી છોકરી થાય તે આપવાનું કબૂલ કરે. બધાં લગ્નો એક જ દિવસે થતાં હોવાથી ખર્ચ પણ થોડું થતું હોવું જોઈએ. કદાચ આ કારણથી જ એકીવખતે લગ્ન કરવાનો રિવાજ ઘણું કરીને નીકળ્યો હશે. વરને ઘોડે ચઢાવી મહોલ્લાઓમાં ફેરવવાનો રિવાજ હતો. પણ ગામડાંમાં આ એકી વખતે થતાં લગ્નો માટે પૂરતી સંખ્યામાં ભાગ્યે જ ઘોડા મળી શકે માટે વરને ગાડામાં બેસાડવામાં આવતો. આગળ વાજિંત્ર વગાડતા ને મહોલ્લે-મહોલ્લે આવો વરઘોડો ફેરવતા.

ફૂલના દડાની વિધિ વિશે લખતાં મિ. ઈલિયડ જણાવે છે કે જ્યારે વર મળતો નથી ત્યારે તેને બદલે એક ફૂલનો દડો મૂકવામાં આવે છે, ને લગ્નક્રિયા ચાલુ કરવામાં આવે છે. બીજે દિવસે જ્યારે દડાના ફૂલ કરમાવાનાં શરૂ થઈ જાય છે ત્યારે તેને કૂવામાં નાંખી દેવામાં આવે છે, ને કન્યા રાંડી એમ માનવામાં આવે છે. લગ્નના દિવસે બ્રાહ્મણોને તડાકો પડે છે અને કહે છે કે એક બ્રાહ્મણ એક રાતમાં સો-સો વરકન્યા પરણાવે છે.

**લગ્ન લેવાવા બાબત અમદાવાદથી મળેલી હકીકત**

પ્રથમ ઊંઝાના પટેલવાળા તથા બહેચરદાસવાળા ઊંઝામાં ભેગા થાય છે. પછી સિદ્ધપુરવાળા ગોરને બોલાવવામાં આવે છે. રૂસાત તથા મોલ્લોતના બે પક્ષ ભેગા થાય છે. ભેગા થયેલા માણસો ગોરને લગ્નના મુહૂર્તની ચિઠ્ઠીઓ કાઢવાનું કહે છે પછી માતાના દેવળમાં ત્રીસ પાટલા નંખાય છે તે તારીખ કંકુના પડામાં નાંખી તે પડો માતાજી આગળ મૂકવામાં આવે છે. પછી માતાજીના દ્વાર બંધ કરવામાં આવે છે. ગોર પણ અંદર રહે છે. એક કલાક પછી ગોર બહાર નીકળે છે અને નજરમાં આવે તેને તે બીડો તે આપે છે. આ પડો જે પક્ષને આપવામાં આવે છે તે અમદાવાદ અસારવામાં આવે છે. સૌ દાદાહરિની વાવ આગળ ભેગા થાય છે. વાંચતી વખતે નાતનો ત્રવાડી ચાર જણને ચાંલ્લા કરે છે. આ સિવાય રિવાજ મુજબ કડી-પાટણના બ્રાહ્મણને બોલાવી બીજે ઠેકાણે પણ કંકોતરીઓ પહોંચાડવામાં આવે છે. તેનું ખર્ચ પડો લાવનાર આપે છે. આ પછી માતામાં માણેકસ્તંભ રોપાય છે ને માતામાં ડોસો-ડોસી પરણે છે. લગ્નનો ભાર આ ડોસા-ડોસી ઉપર રહે છે. ડોસા-ડોસીનાં લગ્ન પછી જ બીજાં લગ્ન થાય છે. પરંપરાથી એક જ નક્કી કરેલ માણસના ઘરનાં ડોસા-ડોસી પરણે છે. આ જોડું હંમેશાં એક જ રહે છે. તેને એક જ પુત્ર હોય છે. તેનું એક ઘરનું બીજું ઘર થતું નથી. માણેકસ્તંભ ઘડનાર સુથાર પણ એક મુકરર ઘરનો જ હોય છે. માણેકસ્તંભ એક આખા ખીજડાના લાકડાનો મોટો બનાવવામાં આવે છે. તેમાં સાંકળો વગેરે સારી રીતે કોતરવામાં આવે છે.

ઊંઝા ગામના મૂળ વતની તરીકે ત્યાંના કડવા કણબીની રૂસાવત અને મોલ્લોત બે શાખાઓ લગ્ન વગેરે બાબતમાં આગળ પડતો ભાગ લે છે. આ શાખાના આગેવાન ગૃહસ્થો ભેગા થઈ અમુક વર્ષમાં માતાજીની આજ્ઞા થાય તો લગ્ન લેવું એમ ધારે છે. અને લગ્ન કરવું કે નહિ તે બાબત માતાજીમાં ચિઠ્ઠીઓ નંખાય છે. ત્યાર પછી લગ્નનું મુહૂર્ત જોનાર સિદ્ધપુરના બ્રાહ્મણ જે 'ભટ્ટ'ની શાખાથી ઓળખાય છે. તેમને ગામ તરફથી દર વર્ષે બોલાવવામાં આવે છે. તેઓના ૭૫-૧૦૦ માણસ ઊંઝા આવે છે અને લગ્નનાં મુહૂર્ત કાઢે છે. અમુક સાલમાં જ્ઞાતિને અનુકૂળ પડતાં એકાદ બે લગ્ન કાઢી તેની ચિઠ્ઠીઓ કુમારિકાઓ પાસે નંખાવે છે. તેમાંથી જે ચિઠ્ઠીનું લગ્ન આવે છે તે મુકરર થાય છે.

પટેલ લોકો વગેરેના કહેવામાં એમ પણ છે કે રૂસાવત મોલ્લોત શાખાઓના આગેવાન ગૃહસ્થો પૈકી એકને શ્રી માતાજી સ્વપ્ન દ્વારા અગર બીજા કોઈ શુભ શુકન દ્વારા અમુક વર્ષમાં લગ્ન લેવાનો હુકમ આપે છે. ત્યાર પછી તે માણસ આગેવાન ગૃહસ્થોને ભેગા કરી સર્વનો અભિપ્રાય લઈ માતાજીનાં ચરણારવિંદ આગળ કુમારિકાઓ પાસે ચિઠ્ઠીઓ નંખાવી રજા માગે છે. આ માતાજી તરફથી રજા મળે તો ઉપર જણાવેલા બ્રાહ્મણો સિવાય પરગામથી બીજા કોઈને જાહેર રીતે બોલાવવામાં આવતાં નથી.

અમુક લગ્ન નિરધારી તેની બે લગ્નપત્રિકાઓ લખી કંકુના પડામાં નાંખી માતાજીના મંડપમાંથી રૂસાવત અને મોલ્લોત શાખાના અગ્રેસરો પોતાના ચોરા આગળ લઈ જાય છે. પછી તે અમુક માણસને ત્યાં સર્વાનુમતે વધાવવામાં આવે છે. બાદ ઊંઝા તળના તેમજ મૂળ ઊંઝાના પણ બહારગામ જઈ વસેલા બ્રાહ્મણો જેઓ 'પાટણવાળા' કહેવાય છે. તેઓ જુદીજુદી જગાએ પોતાના વારા મુજબ લગ્નપત્રિકાઓ તથા પોતાના અસલ વખતનાં લગ્નના ચોપડા લઈ લગ્ન વધાવવા ગામેગામ નીકળે છે. પ્રથમ લગ્ન અમદાવાદમાં અસારવા ખાતે વધાવવામાં આવે છે. તે પછી ઊંઝાથી બીજે સ્થળે બ્રાહ્મણો







લગ્ન વધાવવા નીકળે છે.

**બાર વર્ષે આવતાં સામૂહિક લગ્નોનો અંત**

શ્રી ઉમિયામાતાજીના મંદિરમાં સમૂહ લગ્નોત્સવની શરૂઆત વનરાજ ચાવડાના વખતમાં શરૂ થઈ, એટલે ઈ.સ. ૭૪૬ થી ૭૫૦ વચ્ચેના કોઈ સમયે થઈ હશે એવું અનુમાન છે. ને આ લગ્નો સંવત ૧૯૬૬ સુધી ચાલ્યા ને ત્યાર પછી શ્રી માતાજીના મંદિરે સમૂહ લગ્નોનો કાર્યક્રમ બંધ પડ્યો. તેનાં મહત્ત્વનાં કારણો નીચે મુજબનાં હતાં :

(૧) બાર-બાર વર્ષે થતાં સમૂહ લગ્નોમાં બાળલગ્નો થતાં હતાં. બાળલગ્નોના કારણે સમાજમાં અનેક પ્રકારની સમસ્યાઓ ઊભી થઈ ચૂકી હતી. એક બાજુ અંગ્રેજ સરકારની અસરો સમગ્ર દેશ ઉપર થઈ રહી હતી. લોકોમાં સમજણ વધતી જતી હતી ને શિક્ષિત લોકોને ખ્યાલ આવી ગયો હતો કે, બાળલગ્નો એ સારી પ્રથા નથી, તેનો વિરોધ કરવો જોઈએ. સમગ્ર શિક્ષિત સમાજમાં એક હવા બાળલગ્નના વિરોધની જામતી જતી હતી. સુધારાવાળાઓએ આનો ખુલ્લો વિરોધ શરૂ કર્યો અને બીજી બાજુ (૨) શ્રી સયાજીરાવ ગાયકવાડે 'બાળલગ્ન પ્રતિબંધકનો ધારો'નો કાયદો કર્યો. આ કાયદાની વ્યાપક અસરો થઈ. શ્રી સયાજીરાવ ગાયકવાડના વિસ્તારમાં ઊંઝા માતાજીનું સંસ્થાન આવી જતું હતું ને ગાયકવાડના કાયદાના વિરોધમાં સામૂહિક રીતે લગ્ન કરવા મુશ્કેલ હતાં. તદુપરાંત જે વર્ષે કાયદો આવ્યો તે જ વર્ષમાં ૧૨ વર્ષનાં સમૂહ લગ્નો થવાનાં હતાં. આ એક મોટી મૂંઝવણ સૌને સતાવી રહી હતી. આ માટે કેટલીક જ્ઞાતિના આગેવાન ભાઈઓ મળ્યા ને શેઠશ્રી બહેચરદાસ લશ્કરીની લાગવગનો ઉપયોગ કરી બાળલગ્નનો કાયદો હળવો કરવા ગાયકવાડને દબાણ લાવવા કહ્યું. શ્રી સયાજીરાવ ગાયકવાડને રૂબરૂ મળ્યા અને ચાલુ સાલે જ સમૂહ લગ્નો છે, જે બાર વર્ષે આવ્યાં છે, તમારા કાયદાથી અમે મુશ્કેલીમાં મુકાઈ જઈશું, જેથી આટલી વખતે અમને છૂટ આપો.'

જ્ઞાતિબંધુઓની વિનંતી શ્રી સયાજીરાવ ગાયકવાડે માન્ય રાખીને ચાલુ સાલ પૂરતી ફક્ત કડવા-કણબી જ્ઞાતિને આ કાયદામાંથી મુક્તિ આપી. શ્રી સયાજીરાવ ગાયકવાડની ઉદાર વૃત્તિથી જ્ઞાતિબંધુઓ ખુશ થયા ને લગ્નના મુહૂર્તની વિધિમાં પડ્યા. પણ જે વિસ્તાર ગાયકવાડના શાસન નીચે આવતો ન હતો તે ભાઈઓ તો ગાયકવાડના બાળલગ્ન પ્રતિબંધક કાયદાથી ખુશ થયા હતા. જ્યારે તેઓએ જાણ્યું કે શ્રી સયાજીરાવે આમાં છૂટ આપી છે ત્યારે તેઓએ શ્રી સયાજીરાવ ઉપર દબાણ કરવા લાગ્યા ને કાયદો કડક બનાવવા સૂચનો કર્યાં. પાટડી, વિરમગામ, સૌરાષ્ટ્ર તરફના ભાઈઓએ બાળલગ્ન પ્રતિબંધક ધારાને ટેકો આપ્યો.

આમ થવાથી સમગ્ર કડવા પાટીદાર જ્ઞાતિમાં મોટી મૂંઝવણ ઊભી થઈ, તદુપરાંત સુધારાવાદીઓએ બાળલગ્નો સામે કાગારોળ કરી મૂક્યો હતો, ને માતાજીમાંથી કાઢવામાં આવતું મુહૂર્ત તૂત છે, ખોટું છે, અંધશ્રદ્ધામાં વધારો કરનારું છે તેવી હવા ફેલાવી.

(૩) આ સમયના ગાળામાં લગ્ન કાઢનાર તથા વધાવનાર ઊંઝા તથા અમદાવાદના બંને પક્ષોએ શ્રી ઉમિયામાતાજીના મંદિરે જઈ લગ્ન કાઢવાની ધાંધલ કરવા માંડી, તેથી નામદાર ગાયકવાડ સરકારના અધિકારીઓએ સુલેહનો ભંગ ન થાય તે માટે માતાજીના મંદિરે પોલીસ ચોકી તા. ૮-૨-૧૯૧૦ના દિવસે મૂકી અને અમદાવાદમાં લગ્ન વધાવનાર બંને પક્ષના આગેવાનો, અમદાવાદમાં લગ્ન લઈને આવ્યા. લશ્કરી પક્ષવાળાએ સંવત ૧૯૬૬ના મહા સુદ ૧ ના દિવસે ઉમિયામાતામાંથી કાઢેલ લગ્નપત્રિકા વાંચી, તેમાં ચાલુ લગ્ન ચૈત્ર વદી ૧૦નું તથા માંડવરાત્રિનું સંવત ૧૯૭૧ના બીજા વૈશાખ સુદ ૧૦નું બીજું લગ્ન એવાં પાંચ પાંચ વર્ષનાં લગ્ન જાહેર કર્યાં ત્યારે બીજા પક્ષે અન્ય સ્થળેથી ખાસ કરીને કામેશ્વરમાંથી કાઢેલ મહાસુદ ૫ ના દિવસે જાહેર કર્યું. તેમાં વૈશાખ સુદ ૧નાં લગ્ન તથા સુદ ૧૧ની માંડવરાત્રિનાં લગ્ન વાંચ્યાં. ખરેખર આ રીતે જુદાં જુદાં લગ્ન વાંચીને વ્યવહારું મોટી ભૂલ કરી, ને આના કારણે સુધારાવાળાઓને છૂટાં લગ્ન કરવાનો સરળ રસ્તો જડી આવ્યો. ઉપરાંત જગતને ખાતરી કરી આપી કે લગ્નતિથિ નક્કી કરવાનું કામ માતાજી નહિ પણ સ્વાર્થ સાધી હકદાર માણસો પોતાની મરજી મુજબ કરે છે. આમ બેહથ્થુ લગ્ન નીકળવાથી લોકોમાં તેમનું પોકળ ખુલ્લું પડ્યું. આ પછી બંને પક્ષના લગ્નમુહૂર્ત લઈને પોતાનો કક્કો ખરો કરાવવા લગ્ન વધાવરાવવા પાટડી દરબારશ્રી સૂરજમલસિંહજીને ત્યાં ગયા, એટલે તેઓશ્રીએ આવા પ્રકારનાં લગ્નોમાંથી કયાને આદર આપવો તે નક્કી કરવા જ્ઞાતિના જુદાંજુદાં ગામોના આગેવાનોની સભા બોલાવીને તા.૨૬-૨-૧૯૧૦થી ૨-૩-૧૯૧૦ સુધી પાટડીમાં બધાને રાખ્યા ને ચર્ચા-વિચારણા કરી,







પંરતુ કાંઈ સંતોષકારક પરિણામ નહિ આવવાથી દરબારસાહેબે છૂટા પડી સ્વતંત્ર રીતે લગ્ન કરવાનો ચુકાદો આપ્યો.

(૪) સુરત અને નવસારી વિભાગની 'શ્રી કડવા પાટીદાર સમાજ'ની અમદાવાદ ખાતે પ્રસિદ્ધ થયેલાં બે પ્રકારનાં લગ્નમાંથી ક્યાં લગ્નને પસંદ કરવું તેની ખાસ સભા બોલાવી, ને અમદાવાદ ખાતે પ્રસિદ્ધ થયેલાં બે પ્રકારનાં લગ્નો ખોટાં છે, એમ માની જ્યોતિષીઓને બોલાવી નવું લગ્ન વૈશાખ સુદ ૮નું કાઢ્યું અને બીજું લગ્ન ફરી પાંચ વર્ષે આજ પ્રમાણે સભા બોલાવી કાઢવાનો ઠરાવ કર્યો.

(૫) લગ્ન અંગેની સમગ્ર ચર્ચાઓ ચાલતી હતી તે વખતે ભાવનગરના શ્રી હરજીવન ભગવાનદાસે પોતાના પુત્રને છૂટાં લગ્ન કરી પરણાવી નવો જ ચીલો શરૂ કર્યો.

સાથે સાથે આ વખતે ચાલતાં ખાસ માસિક પત્રિકાઓ જેવાં કે 'વિજય' (સ્વ. મણિલાલ દોલતરામે શરૂ કરેલું), 'કડવા વિજય' (રા. પુરુષોત્તમ લલ્લુભાઈ અને કેશવલાલ માધવલાલે શરૂ કરેલું), કડવા પાટીદાર સુધારકપત્રક (અમદાવાદ), શ્રી ઉમિયા વિજય, શ્રી કડવા હિતેચ્છું (ભાવનગર)માં સુધારાના લેખો પ્રગટ થતા હતા, ને બાળલગ્નોના લીધે સમાજમાં જે રોગો ફેલાયા હતા, તેનાં ઉદાહરણો સાથે લખવાથી લોકોમાં જાગૃતિ આવી છે, આ બધા માસિકોની અસરો લોકો ઉપર હતી. સુધારાની હવા ફેલાવી હતી અને એ જ અરસામાં 'પરિષદના મંત્રી અને આદ્યસુધારક અને 'કડવા વિજય'ના તંત્રી શ્રી પુરુષોત્તમદાસ પટેલે કુંવારી કન્યા સાથે જ લગ્ન કરવાની જાહેરાત કરી સમગ્ર જ્ઞાતિમાં ખળભળાટ મચાવી દીધો. તેમની જાહેરાતને સમાજસુધારામાં માનતા પ્રો. સ્વામિનારાયણ, શેઠ શ્રી ચંદુલાલ માધવલાલ, ડૉ. પીતાંબરદાસ વગેરેએ આવકારી.

ત્યાર પછી સુધારાવાદીઓએ અનેક સ્થળે મીટિંગો બોલાવીને અંતે શ્રી માતાજીના સંસ્થાનમાં બાર-બાર વર્ષે થતાં લગ્નો બંધ થઈ ગયાં. આના મૂળમાં શ્રી સયાજીરાવ ગાયકવાડના બાળલગ્ન પ્રતિબંધક ધારાએ મહત્ત્વનો ભાગ ભજવ્યો હતો.

•

---

પૃથિવ્યાં પુત્રાસ્ત જનનિ બહવઃ સન્તિ સરલાઃ
પરં તેષાં મધ્યે વિરલ તરલો અહં તવ સુતઃ ।
મદી યો અયં ત્યાગઃ સમુચિત મિદંનો તવ શિવે
કુપુત્રો જાયતે કવચિદપિ કુમાતા ન ભવતિ ॥૩॥

હે મા, પૃથ્વીમાં તારે અનેકાનેક સરળ બાળકો છે. પણ એ બધામાં આ હું તારો વિરલતર પુત્ર છું. હે શિવા, અમારો ત્યાગ તારે માટે કદીયે ઉચિત નથી કેમ કે છોકરો ખરાબ હોઈ શકે પણ મા કદીયે નહિં હોય.

જગન્મા તર્માત સ્તવ ચરણ સેવા નર ચિતા
નવા દત્તં દેવ દ્રવિણમપિ ભૂયસ્તવ મ યા ।
તથાપિ ત્વં સ્નેહં માંથિ નિરુપમંત પ્રકુરુષે
કુપુત્રી જાય તે કવચિદપિ કુમાતા ન ભવતિ ॥૪॥

હે જગદમ્બા, હે મા મેં તારી ચરણસેવા કરી નથી તેમ હે દેવી, મેં તને ઘણું બધું દ્રવ્ય પણ આપ્યું નથી. આમ છતાં તું મારા ઉપર આટલો બધો સ્નેહ વરસાવે છે કેમ કે છોકરો ખરાબ હોઈ શકે પણ મા કદીયે ખરાબ નહિ હોય.

---







## કુળદેવી રે.... ઉમિયામાત

કુળદેવી રે... ઉમિયામાત જોવાને જઈએ
બલિહારી રે... ઊંઝા ગામ મૈયાને મળીએ
જોવાને જઈએ દર્શન કરીએ ઉમાપુરમાં રહીએ રે.
જીવનભરનાં સૌ સત્કર્મો માને અર્પણ કરીએ... જોવાને જઈએ
ઊંઝા નગરમાં ઉમિયા બિરાજે નંદી ઉપર છે સવારી રે.....
હો નંદી ઉપર છે સવારી રે.
ખડગ ત્રિશુળ પટ્ટીશ, ચક્ર ને ચાપ મુંડ કર ધારી;
જોવાને જઈએ... કુળદેવી રે ઉમિયામાત જોવાને જઈએ
ષડ ભૂજા એવાં માત અમારાં જળહળ જ્યોત પ્રકાશે રે.....
ચૂડી ચાંદલો કંઠાભૂષણ સૂવર્ણ મેખલા ધારી;
જોવાને જોઈએ... કુળદેવી રે ઉમિયામાત જોવાને જઈએ
ગગનચૂંબી મંદિર કલામય શિખર દંડ-ધ્વજ સોહે રે.....
લાલ રંગની ધજા ફરકે સાથિયા વાળી જોવાને જઈએ
કડવા ક્ષેત્રનો ઉદ્ધાર કરવા આપ ઉમાપુર વસિયાં રે.
દુનિયા ભરમાં દેશ તુજ તનુજ સંતાનો વિસ્તર્યાં જોવાને જઈએ
માને પારે આવે સુપુત્રો યજ્ઞયાગાદિ કરવા રે.....
ધૂપ દીપ નૈવેદ્ય સ્તવન ને રાસ ભજન ધૂન કરતા જોવાને જઈએ
માને દ્વારે જે કોઈ આવે દુઃખ દારિદ્રો જાય રે.....
ભવની ભાવટ ભાગે ઉમિયા મનવાંછિત ફળ આપે
જોવાને જોઈએ... કુળદેવી રે ઉમિયામાત જોવાને જઈએ
બલિહારી રે ઊંઝા ગામ મૈયાને મળીએ

•







## ઊંઝા નગર સોહામણું રે..... (ગરબો)

(ગરબો શંખલપુર સોહામણું રે..... એ રાગ)
ગરવો ગૂર્જર દેશ ભારત વર્ષ વડેરૂં
સરસ્વતીને તીર શ્રી સ્થળ તીર્થ અનેરૂ
પાંચ કોશ તે પાસ ઉમાપુર નગર વસેલું
કૃપા દેવીની થતાં અનુપમ ધામ બનેલું
કડવા કૂર્મિ પટેલનું વિશેષ જ્યાં રહેઠાણ છે.

### ઊંઝા હેડંબાવન જૂનું ત્યાં શ્રી ઉમિયાજીનું ધામ છે.

(ગરબો શંખલપુર સોહામણું રે..... એ રાગ)

ઊંઝા નગર સોહામણું રે..... ત્યાં છે ઉમિયાજીનું ધામ કુળદેવી મા
સંવત બસોને બારમાં રે..... પૂર્યો તમોએ વાસ કુળદેવી મા
ઊંચાં આસન ઊંચાં બેસણાં રે..... ઊંચા મંદિરિયા માંહ્ય કુળદેવી મા
પૂર્વાભિમુખ બિરાજતાં રે..... ભૈરવ ગણેશ દ્વારપાલ કુળદેવી મા
સન્મુખ હવનના કુંડ છે રે..... યજ્ઞ ઘણેરા થાય કુળદેવી મા
સામે બજરંગબલી શોભતા રે..... બહુચર માતા સાક્ષાત કુળદેવી મા
ડાબે શિવાલય શોભતું રે..... ભુવનેશ્વર ભોળાનાથ કુળદેવી મા
ચોગમ કલામય દુર્ગ છે રે.....દરવાજા ત્રણ સોહાય કુળદેવી મા
રાતી ધજાઓ માની ફરફરે રે..... ત્રિશૂળ સ્વસ્તિક અંકિત કુળદેવી મા
સામે સરોવર સોહામણું રે..... માનસ સરોવર કહેવાય કુળદેવી મા
કાંઠે શિવાલય શોભતું રે..... દર્શનથી દુઃખ જાય કુળદેવી મા
વસંત પંચમી માહમાં રે..... તારો ઉત્સવ ઊજવાય કુળદેવી મા
ચૈત્રી પૂનમ નેજા ચઢે રે..... ભક્તો ગાએ ગુણગાન કુળદેવી મા
વૈશાખ કેરી પૂર્ણિમા રે..... વરઘોડો શહેરમાં જાય કુળદેવી મા
નવલાં આવે માનાં નોરતાં રે..... ઉત્સવ અનેરા થાય કુળદેવી મા
તમે એકવાર ઊંઝા આવજો રે..... પૂરા મનોરથ થાય કુળદેવી મા
ઊંઝા નગર સોહામણું રે જ્યાં છે જગદંબાના વાસ કુળદેવી મા.

•







## શોભા શ્રી ઉમિયામાતની સારી

(રાગ મહાઢ)

હું વર્ણન કરું છું ભારી, શોભા ઉમિયામાતની સારી,
ફરતો કોટ અતિ છે સારો પાસ માનસરોવર આરો,
દર્શન પૂજન કરે નરનારી શોભા ઉમિયામાતની સારી,
વચ્ચે યજ્ઞ કુંડ છે ન્યારો, સામે બહુચર માનો પારો,
થયા ને થશે યજ્ઞ જ્યાં ભારી શોભા ઉમિયામાતની સારી,
પાસે શિવમંદિર સુખાકારી ઉમા હનુમાનજી બળ ધારી,
દેરી વીરની મંગળ કારી શોભા ઉમિયામાતની સારી.
દુર્ગ ઉપર ચોઘડિયાં વાગે મંદિર ઘંટારવથી ગાજે,
આરતી સમય તણી બલિહારી શોભા ઉમિયામાતની સારી.
માના મહેલ ઘણા છે મોટા, જેના જગમાં જડે ના જોટા,
આછે ભૂમિ પાવનકારી શોભા ઉમિયામાતની સારી,
માનાં દર્શન જે કોઈ કરશે તેને મૈયા સુખિયાં કરશે,
તેના મનના મનોરથ ફળશે શોભા ઉમિયામાતની સારી.

## શ્રી ઉમિયામાતાજીની મંગળા આતરી સમયે પ્રાર્થના

કર જોડી જાચું રે મા તમને,
નિશ દિન ઉદો ઉદો ! હું ચરણે - કર જોડી
પહેલી ભટ વલ્લભે જાચી,
માની અવિચળ સ્થિરપદ સ્થાપી - કર જોડી
માજી સુરથ તણી તો વારે ચઢીઆં,
જઈને બાણાસૂરથી મા લઢીઆં, - કર જોડી
માને નિંદે તે નરકે જાશે
ઉમિયાને ભજે સદા સુખી થાશે - કર જોડી
જદુરામ નામ છે સાચું
ઉમિયાના ચરણકમળ રંગ રાચું - કર જોડી
અંબા ઘણાં પ્રિય છો અમને
પાયે હૂં તો લાગું રે મા તમને - કર જોડી
નિશ દિન ઉદો ઉદો ! હૂં ચરણે - કર જોડી
શ્રી ઉમિયામાત કી જય. શ્રી અંબે માત કી જય,
શ્રી બહુચર માત કી જય, હર હર મહાદેવ હર.

•







## મા ઉમિયાની આરતી

જય આદ્યશક્તિ મા, જય આદ્યશક્તિ,
અખંડ બ્રહ્માંડ નીપજાવ્યાં (૨) પડવે પંડે મા,
જ્યો જ્યો મા જગદંબે.
દ્વિતિયા બેઉ સ્વરૂપ, શિવ શક્તિ જાણું, મા શિવ (૨)
બ્રહ્મા ગણપતિ ગાએ, (૨) હર ગાએ હર મા, જ્યો જ્યો.
તૃતિય ત્રણ સ્વરૂપ, ત્રિભુવનમાં બેઠાં, મા ત્રિભુવનમાં (૨)
ત્રયા થકી તરવેણી મા (૨) તું તરવેણી મા, જ્યો જ્યો.
ચોથે ચતુરા મહાલક્ષ્મી, મા સચરાચર વ્યાપ્યાં, મા સચરા (૨)
ચાર ભૂજા ચૌ દિશા (૨) પ્રગટ્યાં દક્ષિણમાં, જ્યો જ્યો.
પંચમી પંચ ઋષિ, પંચમ્ ગુણ પદમા, મા પંચમ્ (૨)
પંચ તત્ત્વ ત્યાં સોહીએ (૨) પંચ તત્ત્વોમાં, જ્યો જ્યો.
ષષ્ઠી તું નારાયણી, મહીષાસુર માર્યો, મા મહીષાસુર (૨)
નરનારીનાં રૂપે (૨) વ્યાપ્યાં સઘળે મા જ્યો જ્યો.
સપ્તમી સપ્ત પાતાળ, સાવિત્રી, સંધ્યા મા (૨)
ગૌ ગંગા ગાયત્રી (૨) ગૌરી ગીતા મા જ્યો જ્યો.
અષ્ટમી અષ્ટ ભૂજા, આઈ આનંદા મા, આઈ (૨)
સુરનર મુનિવર જન્મ્યા (૨) દેવે દૈત્યોમાં, જ્યો જ્યો.
નવમી નવકુળ નાગ, સેવે નવ દુર્ગા, મા સેવે (૨)
નવરાત્રીના પૂજન શિવરાત્રીનાં અર્ચન કીધાં છે બ્રહ્મા, જ્યો જ્યો.
દશમી દશ અવતાર, જય વિજયા દશમી, મા જય (૨)
રામે રામ રમાડ્યા (૨) રાવણ રોળ્યો મા (૨) જ્યો જ્યો.
એકાદશી અગિયારસ, કાત્યાયની કામા મા
કામ દુર્ગા કાળીકા (૨) શ્યામા ને રામા.....જ્યો જ્યો.
બારસે બાળા રૂપ બહુચરી અંબા મા (૨)
બટુક ભૈરવ સોહે,
કાળ ભૈરવ સોહે, તારા ચાચર માંય... જ્યો જ્યો.
તેરશે તુળજા રૂપ, તમો તારૂણી માતા મા (૨)
બ્રહ્મા વિષ્ણુ સદાશિવ (૨) ગુણ તારા ગાતા... જ્યો જ્યો.
ચૌદશે ચૌદા રૂપ ચંડી ચામુંડા મા (૨)
ભક્તિ ભાવ કંઈ આપો, ચતુરાઈ કંઈ આપો
પોતાનો કરી સ્થાપો, સિંહવાહિની માતા... જ્યો જ્યો.







પૂનમે કુંભ ભર્યો, સાંભળજો કરૂણા મા (૨)
વસિષ્ઠ ગુરુએ વખાણ્યાં,
મારકંડ મુનિએ વખાણ્યા, ગાઈ શુભ કવિતા... જ્યો જ્યો.
સંવત સોળ સતાવન, સોળસે બાવીસમાં મા (૨)
સંવત સોળે પ્રગટ્યાં (૨) રેવાને તીરે...
મા ગંગાને તીરે જ્યો જ્યો મા જગદંબે
ત્રંબાવટી નગરી આઈ રૂપાવતી નગરી મા (૨)
સોળ સહસ્રે ત્યાં સોહીએ, (૨) ક્ષમા કરો ગવરી... મા
દયા કરો ગૌરી... જ્યો જ્યો મા જગદંબે.
ભાવ ના જાણું, ભક્તિ ના જાણું, નવ જાણું સેવા મઈયા (૨)
બાળક તારા શરણે (૨) અવિચળ પદ લેવા મા... જ્યો જ્યો મા
એ બે એક સ્વરૂપ, અંતર નવ ધરશો મઈયા (૨)
ભોળા ભવાનીને ભજતાં (૨) ભવસાગર તરશો મા...
જ્યો જ્યો મા...
શિવશક્તિની આરતી જે કોઈ ગાશે મા જે કોઈ (૨)
ભણે શિવાનંદ સ્વામી (૨) સુખ સંપત્ત થાશે
હર કૈલાસે જાશે, માને શરણે તે જાશે.
હર અંબા દુઃખ હરશે... જ્યો જ્યો.

•







## સાયં આરતી સમયની શ્રીજીની પ્રાર્થના

જય બહુચર બાઈરે હું જેવો તેવો છું તમારો
શ્રી ઉમિયા મારે હું ગાંડો ઘેલો છું તમારો
હરે મૈયા કામિ ક્રોધી માયા લોભી જગમાં હું છું ધુતારો,
હો મા એક જન્મનો આશરો તમારો અંબા ધીરેથી પાર ઉતારો,
હરે માજી હવે ધીરે પાર ઉતારો.....શ્રી બહુચર બાઈ રે
હરે મૈયા પરદ્રોહી હું પર હત્યારો પરધનને હું હરતો,
હો મા પરનારીસુ રંગે રમતો, અવળાં આચરણ કરતો,
હરે માજી અવળાં આચરણ કરતો.....શ્રી બહુચર બાઈ રે
હરે મૈયા અવર નહિ યાચું તમને જાચું પાલવ સહારો મા તારો,
હો મા ભવસાગરમાં ડૂબી રહ્યો છું માડી હવે તો પાર ઉતારો,
હરે માજી હવે તો પાર ઉતારો.....શ્રી બહુચર બાઈ રે
હરે મૈયા અવગુણમાં હું સર્વે પૂરો ધિક પડ્યો છે મા મારો,
હો મા પેલા ભવની વાત શું જાણું માડી આ ભવ પાર ઉતારો,
હરે માજી આ ભવ પાર ઉતારો.....શ્રી બહુચર બાઈ રે
હરે મૈયા વાત કહી મેં સર્વે ખોટી અવગુણ મુજ ભય ટાળો,
હો મા ભટ્ટ વલ્લભની વિનંતી મા આવ્યા વિઘન ભય ટાળો,
હરે માજી આવ્યાં વિઘન ભય ટાળો..... શ્રી બહુચર બાઈ રે
શ્રી ઉમિયામાત કી જય, શ્રી અંબેમાત કી જય.
શ્રી બહુચરમાત કી જય, ચાચર ચોક કી જય,
માન સરોવર કી જય, વલ્લભ ધોળા કી જય,
વલ્લભ હરી કી જય, રોકડિયા હનુમાન કી જય,
નરસિંહા વીર કી જય, ભુવનેશ્વર મહાદેવ કી જય,
બ્રહ્મ મંડળ કી જય, હર હર મહાદેવ હર.

## હું અરજ ગુજારું

આદ્યશક્તિ ઉમિયામાત, અરજ મુજ ઉર પર ધરજો.
ગુણ ગાવા તારા માત, દયા કરી દૈવત દેજો;
હું આવ્યો તમારી પાસ નથી કઈ ભક્તિ વધારે,
દર્શન કરવાની અભિલાષ, નમું હું ચરણ તમારે,
ઊભો આવી ચોકની મધ્ય, હૃદય તુજ મૂર્તિ ઉતારી,
મૈયા પૂરો અમારી આશ, ભવો ભવની ભીડ ભાગી;
ઊંચુ શિખર વડુ છે ધામ દીવ્ય સિંહાસન સ્વારી.
ઊંચો છે મુજ મનોરથ લાખ, સફળ કરજો ઓ માડી;
આપ આપ સન્મતિ માત ! સતત સત્કર્મો કરવા,
દીન દુખિયાનાં દુઃખો ટાળ, ભક્તિ કરવા કલ્યાણી !
જે જે ઉલટ ઉરમાં હોય ફળો ! સદ્દભાગ્ય વિધાતા !
મૈયા છોરૂ કછોરૂ થાય માત ના થાય કુ માતા !
કર્યાં મેં લાખ કુકર્મો માત અવર ના મુજસમ પાપી
પાપ નાશિની તારણહાર નથી કો તુ જ સમ માડી
નાશ કરી દે ! પાપ બધાં. તો મારું અવર હું કાંઈ ન યાચું
તારાં ચરણ કમળમાં રાખ ! અરજ હું એ જ ગુજારું







## જ્યમ તું રાખે છે આરાસુરી

ઓ મા જેમ તું રાખે છે. આરાસુરી તારે ભાવે શું રહીએ
મા મનની વ્યથા જાણો માતાજી મુખથી શું કહીએ મા
જ્યમ તું રાખે છે. આરાસુરી
ઓ મા ઉત્તર પંથે આરાસુરી, પશ્ચિમ બહુચર બાઈ મા,
દક્ષિણમાં દેવી અષ્ટભૂજા પૂર્વે મહાકાળી મા.....
જ્યમ તું રાખે છે. આરાસુરી
ઓ મા ચૌદ ભુવન વ્યાપી રહ્યાં, બ્રહ્માએ વખાણ્યાં મા,
શી શોભા ઉમિયામાતાની શિવજીની પટરાણી...
જ્યમ તું રાખે છે. આરાસુરી
ઓ મા માત તાત છો માહ્યરાં મારે ભરોસો છે તમારો મા,
ગોખે ચડીને ઉમિયા વિરાજતાં જળહળતો છે પારો મા,
જ્યમ તું રાખે છે. આરાસુરી
ઓ મા સોળ કળા માના નામનાં સેવક શિર તાજ મા
વલ્લભને શિર બહુચરા આખા વિશ્વમાં ખ્યાત મા...
જ્યમ તું રાખે છે આરાસુરી
તારે ભાવે શું રહીએ મા, મનની વ્યથા જાણો માતાજી
મુખથી શું કહીએ મા... જ્યમ તું રાખે છે આરાસુરી
શ્રી ઉમિયામાત કી જય, શ્રી અંબેમાત કી જય, શ્રી
બહુચર, માત કી જય.







## શ્રીજીનો થાળ

ઉમિયા મા જમવા આવો રે માત ભવાની,
બહુચરને સાથે લાવો રે માત ભવાની,
માતાજી મારાં રસોઈ બનાવી મેં તો સારી રે,
વાટલડી જોવું તમારી રે. માત ભવાની
માતાજી મારાં ઘેબર, જલેબી, પૂરી ખારી રે,
જોઈ જોઈ જમજો મતવાલાં રે માત ભવાની
માતાજી મારાં પકવાન પડાવ્યાં તાજાં તાજાં રે,
ખૂબ ખાજ્યો ખાંડ ને ખાજાં રે, માત ભવાની
માતાજી મારાં ભજીયાં બનાવ્યાં મેં તો સારાં રે,
ચટણિયું મેલી તાજી રે માત ભવાની
માતાજી મારાં સોગન શરમ છોડી દેજો રે,
જોઈએ તે માંગી લેજ્યો રે માત ભવાની
માતાજી મારાં મોટા ઉપાડે નોતરું દીધું રે,
મેં જે હતું તે હાજર કીધું રે, માત ભવાની
માતાજી મારાં શંકરની અરજી ઉર ધરજ્યો રે,
મંડળ પર કરૂણા કરજો રે, માત ભવાની
ઉમિયા મા જમવા આવો રે, માત ભવાની
શ્રી ઉમિયામાત કી જય, શ્રી અંબેમાત કી જય
શ્રી બહુચર માતકી જય, હર હર મહાદેવ હર.

## શ્રી ઉમિયા માતાજી ૧૮મી શતાબ્દી મહોત્સવ
## અને હોમાત્મક સહસ્ત્ર ચંડી યજ્ઞનો શુભસમય

**શુભ પ્રારંભ** : વિ.સં. ૨૦૩૩ ના માગસર સુદ ૪, વાર ગુરુ, તા. ૨૫-૧૧-૧૯૭૬ ના સુપ્રભાતે ૬-૧૫ કલાકે
**નક્ષત્ર** : પૂર્વાષાઢા ધનનો ચંદ્ર, વૃષભનો ગુરુ, વૃશ્ચિકમાં સૂર્ય, હેમંતઋતુની પવિત્ર મોસમ
**યજ્ઞના** : પૂ. સુખદેવજી ગૌરીશંકર અગ્નિહોત્રી (નડિયાદ)
**મુખ્ય આચાર્ય**
**મુખ્ય પૂજારી** : શાસ્ત્રી ભવાનીશંકર ગંગારામભાઈ મહેતા
**મુખ્ય યજમાન** : શ્રી સોમાભાઈ શંકરભાઈ પટેલ (ઊંઝા)
યજ્ઞમાં શાસ્ત્રી : ૧૨૫
પાટલા યજમાન : ૯
**પૂર્ણાહુતિ** : વિ. સંવત ૨૦૩૩ના માગસર સુદ ૮ તા. ૨૯-૧૧-૧૯૭૬ ને સોમવારના રોજ સાંજે ૭-૧૫ કલાકે

# વિવિધ ચઢાવાની યાદી

### માતાજીની ધજાના ચઢાવાના

રૂ. ૨૬૦૦૧-૦૦ ઉત્તર ગુજરાત કડવા પાટીદાર તલપદ એકતાલીસ ગામોનો સમાજ
મુ. વિહાર (માણસા), જી. મહેસાણા હ. લવાદ કમિટી.

### યજ્ઞમંડપ ધજારોપણના ચઢાવાના

રૂ. ૯૩૦૧-૦૦ પટેલ કાળીદાસ નરસિંહદાસ મુ. પાલનપુર, જી. બનાસકાંઠા

### માતાજીના પૂજન અને અભિષેકના ચઢાવાના

રૂ. ૧૭૦૦૧-૦૦ પટેલ માનજીભાઈ કરશનભાઈના કુટુંબીજનો મુ. હરિપુરાકંપો, તા. હિંમતનગર, જી. સાબરકાંઠા.

### મહાદેવની પૂજાના પાટલાના ચઢાવાના

રૂ. ૧૦૦૦૧-૦૦ પટેલ ગોબરભાઈ શંભુદાસ સાખે મોખાત (ન્યુ લક્ષ્મી વિજય ઑઈલ મીલવાળા) મુ. ઊંઝા, તા. સિદ્ધપુર, જી. મહેસાણા.

### ગણપતિના પાટલાના ચઢાવાના

રૂ. ૫૭૦૧-૦૦ પટેલ કાનજીભાઈ ચેલદાસ મુ. ચંગવાડા, તા. પાલનપુર, જિ. બનાસકાંઠા

### હનુમાનજીની સેવાપૂજાના પાટલાના ચઢાવાના

રૂ. ૫૫૦૧-૦૦ પટેલ વિઠ્ઠલભાઈ હરગોવનદાસ શિવરામભાઈ (નટવરલાલ વિઠ્ઠલદાસવાળા) મુ. માણસા, તા. વિજાપુર, જિ. મહેસાણા.

# પાટલાના ચઢાવાની યાદી

### પ્રથમ પાટલો (પ્રથમ કુંડના મુખ્ય યજમાન)

રૂ. ૪૫૦૦૧-૦૦ પટેલ સોમાભાઈ શંકરલાલ સાખે મોલ્લોત, મુ. ઊંઝા, તા. સિદ્ધપુર, જી. મહેસાણા

### બીજો પાટલો (બીજા કુંડના યજમાન)

રૂ. ૨૧૦૦૨-૦૦ પટેલ શિવરામદાસ મોતીદાસ (કાનજીભાઈ તુલસીદાસવાળા) મુ. ઊંઝા, તા. સિદ્ધપુર, જિ. મહેસાણા

### ત્રીજો પાટલો (ત્રીજા કુંડના યજમાન)

રૂ. ૧૧૦૦૧-૦૦ પટેલ પુરુષોત્તમદાસ જોરદાસ સાખે બાંગ મુ. ઊંઝા, તા. સિદ્ધપુર, જિ. મહેસાણા

### ચોથો પાટલો (ચોથા કુંડના યજમાન)

રૂ. ૯૫૦૧-૦૦ પટેલ હરગોવનદાસ ત્રિભોવનદાસ સાખે પેંપળિયા મુ. ઊંઝા, તા. સિદ્ધપુર, જિ. મહેસાણા

### પાંચમો પાટલો (પાંચમા કુંડના યજમાન)

રૂ. ૯૧૦૧-૦૦ પટેલ અમથારામ રણછોડદાસ સાખે વાસણ (ભગવાનદાસ રણછોડદાસવાળા) મુ. ઊંઝા, તા. સિદ્ધપુર, જિ. મહેસાણા

### છઠ્ઠો પાટલો (છઠ્ઠા કુંડના યજમાન)

રૂ. ૮૨૦૧-૦૦ પટેલ શંકરદાસ બાલચંદદાસ સાખે બાંગા મુ. ઊંઝા, તા. સિદ્ધપુર, જિ. મહેસાણા

### સાતમો પાટલો (સાતમા કુંડના યજમાન)

રૂ. ૮૧૦૧-૦૦ પટેલ અંબારામ જેસંગદાસ સાખે કમાણિયા તથા કમાણિયા જાસકિયા કુટુંબ સમસ્ત હ. પટેલ હરગોવનભાઈ અંબારામદાસ (માસ્તર) મુ. ઊંઝા, તા. સિદ્ધપુર, જિ. મહેસાણા

### આઠમો પાટલો (આઠમા કુંડના યજમાન)

રૂ. ૭૨૦૧-૦૦ પટેલ ઈશ્વરલાલ શંકરલાલ સાખે રોડ મુ. ઊંઝા, તા. સિદ્ધપુર, જિ. મહેસાણા

### નવમો પાટલો (નવમા કુંડના યજમાન)

રૂ. ૭૫૦૧-૦૦ પટેલ જોઈતારામ અમથારામ સાખે મોલ્લોત મુ. ઊંઝા, તા. સિદ્ધપુર, જિ. મહેસાણા







## શ્રી ઉમિયા માતાજી સંસ્થાન, ઊંઝાની સંવત ૨૦૨૮ થી સંવત ૨૦૩૭ સુધીની દાનભેટ અને ગોલખની આવક

| અ.નં. | સંવત | દાનભેટ રુ. પૈસા | ગોલખ રુ. પૈસા |
|---|---|---|---|
| ૧ | ૨૦૨૮ | ૪૫૯૪૯-૫૨ | ૫૨૫૭૦-૭૪ |
| ૨ | ૨૦૨૯ | ૪૮૦૮૭-૦૩ | ૪૩૪૨૨-૮૫ |
| ૩ | ૨૦૩૦ | ૫૧૬૨૨-૩૪ | ૩૭૮૯૮-૪૭ |
| ૪ | ૨૦૩૧ | ૬૬૮૦૬-૮૮ | ૩૧૩૪૦-૯૯ |
| ૫ | ૨૦૩૨ | ૯૪૧૦૨-૯૬ | ૪૨૬૧૭-૩૧ |
| ૬ | ૨૦૩૩ | ૧૯૬૧૯૩-૧૧ | ૧૦૭૪૩૪-૩૦ |
| ૭ | ૨૦૩૪ | ૨૩૭૦૬૬-૩૩ | ૧૦૪૭૭૦-૬૪ |
| ૮ | ૨૦૩૫ | ૩૦૯૪૬૦-૫૨ | ૧૧૮૯૧૯-૨૭ |
| ૯ | ૨૦૩૬ | ૩૮૯૬૬૨-૪૯ | ૧૩૨૮૦૦-૬૦ |
| ૧૦ | ૨૦૩૭ | ૫૩૯૩૪૨-૨૮ | ૧૪૨૭૦૧-૦૮ |

## શ્રી ઉમિયા માતાજી સંસ્થાન, ઊંઝાની સંવત ૨૦૨૮ થી સંવત ૨૦૩૭ સુધીની ઉત્પન્ન તથા ખર્ચની વિગત

| અ.નં. | સંવત | ઉત્પન્ન રુ. પૈસા | ખર્ચ રુ. પૈસા | વધારો રુ. પૈસા |
|---|---|---|---|---|
| ૧ | ૨૦૨૮ | ૧૩૩૦૫૨-૧૭ | ૫૧૭૩૯-૮૩ | ૮૧૩૧૨-૩૪ |
| ૨ | ૨૦૨૯ | ૧૩૬૪૫૭-૯૭ | ૫૩૦૯૬-૪૫ | ૮૩૩૬૧-૫૨ |
| ૩ | ૨૩૩૦ | ૧૫૫૫૩૫-૨૫ | ૯૨૧૮૩-૩૨ | ૬૩૩૫૧-૯૩ |
| ૪ | ૨૦૩૧ | ૧૭૩૬૬૦-૧૫ | ૮૬૧૬૬-૦૬ | ૮૭૪૯૪-૦૯ |
| ૫ | ૨૦૩૨ | ૨૫૫૪૭૧-૧૩ | ૧૨૮૨૬૩-૧૬ | ૧૨૭૨૦૭-૯૭ |
| ૬ | ૨૦૩૩ | ૭૨૭૭૭૭-૧૬ | ૪૩૯૮૧૦-૫૦ | ૨૮૭૯૬૬-૬૬ |
| ૭ | ૨૦૩૪ | ૯૧૭૪૬૩-૦૫ | ૫૫૪૭૩૩-૬૪ | ૩૬૨૭૨૯-૪૧ |
| ૮ | ૨૦૩૫ | ૧૦૨૫૬૦૬-૨૧ | ૫૩૧૪૪૩-૦૩ | ૪૯૪૧૬૩-૧૮ |
| ૯ | ૨૦૩૬ | ૧૦૮૪૨૧૫-૨૮ | ૫૯૪૪૦૯-૯૩ | ૪૮૯૮૦૫-૩૫ |
| ૧૦ | ૨૦૩૭ | ૧૧૦૮૬૦૩-૫૪ | ૪૦૨૩૫૫-૧૨ | ૭૦૬૨૪૮-૪૨ |

# શ્રી ઉમિયા માતાજી સંસ્થાન, સંવત ૨૦૦૯ થી ૨૦૩૮ ના ઊંઝાના હોદ્દેદારોની યાદી

**સંવત ૨૦૦૯ થી સંવત ૨૦૧૨**

પ્રમુખ - દુર્ગાપ્રસાદ શંભુપ્રસાદ લશ્કરી, અમદાવાદ
ઉપપ્રમુખ - લાલસિંહજી રાયસિંહજી, પાટડી
મંત્રી - પા. નંદુલાલ મંછારામ, અમદાવાદ
સહમંત્રી - પા. ઈશ્વરલાલ પ્રાણદાસ, ઊંઝા

**સંવત ૨૦૧૩ થી સંવત ૨૦૧૭**

પ્રમુખ - દુર્ગાપ્રસાદ શંભુપ્રસાદ લશ્કરી, અમદાવાદ
ઉપપ્રમુખ - લાલસિંહજી રાયસિંહજી, પાટડી
મંત્રી - પા. નંદુલાલ મંછારામ, અમદાવાદ
સહમંત્રી - પા. ઈશ્વરલાલ પ્રાણદાસ, ઊંઝા
પા. અંબાલાલ ત્રિભોવનદાસ
તક્તાવાળા, અમદાવાદ

**સંવત ૨૦૧૮**

પ્રમુખ - હરિપ્રસાદ દુર્ગાપ્રસાદ લશ્કરી, અમદાવાદ
ઉપપ્રમુખ - રામચંદ્ર જમનાદાસ અમીન, અમદાવાદ
મંત્રી - પા. નંદુલાલ મંછારામ, અમદાવાદ
સહમંત્રી - પા. પરસોત્તમ અંબાલાલ, અમદાવાદ
પા. ઈશ્વરલાલ પ્રાણદાસ, ઊંઝા

**સંવત ૨૦૧૯ થી સંવત ૨૦૨૪**

પ્રમુખ - હરિપ્રસાદ દુર્ગાપ્રસાદ લશ્કરી, અમદાવાદ
ઉપપ્રમુખ - રામચંદ્ર જમનાદાસ અમીન, અમદાવાદ
મંત્રી - અંબાલાલ ત્રિભોવનદાસ તક્તાવાળા,
સહમંત્રી - પા. પરસોત્તમ અંબાલાલ, અમદાવાદ
પા. ઈશ્વરલાલ પ્રાણદાસ, ઊંઝા

**સંવત ૨૦૨૫ થી સંવત ૨૦૨૯**

પ્રમુખ - હરિપ્રસાદ દુર્ગાપ્રસાદ લશ્કરી, અમદાવાદ
ઉપપ્રમુખ - રામચંદ્ર જમનાદાસ અમીન, અમદાવાદ
મંત્રી - મોતીલાલ ભીખાભાઈ મારફતિયા, અમદાવાદ
સહમંત્રી - પા. બેચરદાસ ભોગીલાલ, અમદાવાદ
પા. હરગોવનભાઈ શામળદાસ, ઊંઝા

**સંવત ૨૦૩૦ થી સંવત ૨૦૩૧**

પ્રમુખ - હરિપ્રસાદ દુર્ગાપ્રસાદ લશ્કરી, અમદાવાદ
ઉપપ્રમુખ - મોતીલાલ ભીખાભાઈ મારફતિયા, અમદાવાદ
મંત્રી - પા. જમનાદાસ ત્રિકમદાસ, અમદાવાદ
સહમંત્રી - ધરમચંદ શિવલાલ ચોકસી, અમદાવાદ
પા. મણિલાલ અંબારામદાસ, ઊંઝા
પા. ઈશ્વરલાલ ગણેશદાસ, ઊંઝા
પા. ખોડીદાસ જોરદાસ, ઊંઝા

**સંવત ૨૦૩૨ થી સંવત ૨૦૩૩**

પ્રમુખ - ચંદ્રવદન દુર્ગાપ્રસાદ લશ્કરી, અમદાવાદ
(સંવત ૨૦૩૨ ના અષાઢ સુદ ૧૨ સુધી)
હરિપ્રસાદ દુર્ગાપ્રસાદ લશ્કરી, અમદાવાદ
(સંવત ૨૦૩૨ ના ભાદરવા સુદ ૧૨ થી ચાલુ)
ઉપપ્રમુખ - મોતીલાલ ભીખાભાઈ મારફતિયા,
પા. કેશવલાલ વિઠ્ઠલદાસ, સિદ્ધપુર
મંત્રી - પા. જમનાદાસ ત્રિકમદાસ, અમદાવાદ
સહમંત્રી - ધરમચંદ શિવલાલ ચોકસી, અમદાવાદ
પા. મણિલાલ અંબારામદાસ, ઊંઝા
પા. ઈશ્વરલાલ ગણેશદાસ, ઊંઝા
પા. ખોડીદાસ જોરદાસ, ઊંઝા

**સંવત ૨૦૩૪ થી સંવત ૨૦૩૫**

પ્રમુખ - હરિપ્રસાદ દુર્ગાપ્રસાદ લશ્કરી, અમદાવાદ
ઉપપ્રમુખ - પા. કેશવલાલ વિઠ્ઠલદાસ, સિદ્ધપુર
પા. બાલચંદદાસ ઉમેદદાસ, ઊંઝા
(સંવત ૨૦૩૫ ના ફાગણ વદ ૧ સુધી)
મંત્રી - પા. મણિલાલ નારાયણદાસ, ઊંઝા
સહમંત્રી - પા. નથ્થુભાઈ લાલદાસ, ચાણસ્મા
પા. કેશવલાલ જોઈતારામ, ઊંઝા
પા. ઈશ્વરલાલ શંકરલાલ, ઊંઝા

**સંવત ૨૦૩૬ થી સંવત ૨૦૩૮**

પ્રમુખ - હરિપ્રસાદ દુર્ગાપ્રસાદ લશ્કરી, અમદાવાદ
ઉપપ્રમુખ - પા. કેશવલાલ વિઠ્ઠલદાસ, સિદ્ધપુર
પા. ગોબરદાસ શંભુદાસ, ઊંઝા
મંત્રી - પા. મણિલાલ નારાયણદાસ, ઊંઝા
સહમંત્રી - પા. નથ્થુભાઈ લાલદાસ, ચાણસ્મા
પા. કેશવલાલ જોઈતારામ, ઊંઝા
પા. ઈશ્વરલાલ શંકરલાલ, ઊંઝા

## કડવા પાટીદાર કુળદેવી શ્રી ઉમિયા માતાજી સંસ્થાન, ઊંઝાના હોદ્દેદારો સંવત ૨૦૩૮

| | |
|---|---|
| પ્રમુખ | શેઠશ્રી હરિપ્રસાદ દુર્ગાપ્રસાદ લશ્કરી, અમદાવાદ |
| ઉપપ્રમુખ | (૧) પા. ગોબરદાસ શંભુદાસ, ઊંઝા |
| | (૨) પા. કેશવલાલ વિઠ્ઠલદાસ, સિદ્ધપુર |
| માનદમંત્રી | પા. મણિલાલ નારાયણદાસ, ઊંઝા |
| સહમંત્રી | (૧) પા. નથ્થુભાઈ લાલદાસ, ચાણસ્મા |
| | (૨) પા. કેશવલાલ જોઈતારામ, ઊંઝા |
| | (૩) પા. ઈશ્વરલાલ શંકરલાલ, ઊંઝા |
| ખજાનચી | (૧) પા. ઈશ્વરલાલ બેચરદાસ, ઊંઝા |
| | (૨) પા. મણિલાલ ઈશ્વરલાલ, ઊંઝા |
| ટ્રસ્ટીમંડળ | (૧) પા. હીરજીભાઈ જીવરાજભાઈ, જામનગર |
| | (૨) પા. ભુરાભાઈ ખોડીદાસ, ધડકણ |
| | (૩) પા. ગોબરદાસ શંભુદાસ, ઊંઝા |
| | (૪) પા. મણિલાલ અંબારામ, ઊંઝા |
| | (૫) પા. ચુનીલાલ કાનજીભાઈ, ઊંઝા |
| આંતરિક ઓડીટરો | (૧) પા. ઈશ્વરલાલ ગણેશદાસ, ઊંઝા |
| | (૨) પા. ઈશ્વરલાલ જોઈતારામ, ઊંઝા |

## પેટા કમિટીઓ

(૧) સ્ટેન્ડીંગ કમિટી
(૨) બાંધકામ કમિટી
(૩) પ્રચાર અને પ્રકાશન કમિટી
(૪) મિલકત ખરીદ-વેચાણ કમિટી
(૫) વિશ્રાંતિગૃહ અને ભોજનાલય કમિટી
(૬) કાયમી લગ્નોત્સવ કમિટી
(૭) રાજભોગ અને દેવસ્થાન કમિટી
(૮) કેળવણી સહાયક કમિટી

# કડવા પાટીદાર કુળદેવી શ્રી ઉમિયા માતાજી સંસ્થાન, ઊંઝા.

## કારોબારી સભ્યોની યાદી સંવત ૨૦૩૮

| અ.નં. | નામ | સરનામું |
|---|---|---|
| ૧ | પટેલ અમરતલાલ મગનલાલ | ૧૧, મુરારિ પાર્ક સોસાયટી, સરદાર પટેલલ કોલોની રોડ, અમદાવાદ-૧૩. |
| ૨ | પટેલ આત્મારામ મગનલાલ (પાંચોટવાળા) | (શ્રોફ એન્ડ કમીશન એજન્ટ, સ્ટેશન રોડ) મુ. મહેસાણા. |
| ૩ | પટેલ આત્મારામ મગનલાલ (લાડોલવાળા) | ચેરમેન, મહેસાણા ડી.સે.કો.ઓ. બેંક લિ. રાજમહેલ રોડ, મહેસાણા. |
| ૪ | પટેલ અંબાલાલ માધવજી ઘુઘડા | મુ. ઊંઝા |
| ૫ | પટેલ અંબાલાલ સુરજમલ ગામી | મુ. દેવગઢ, જિ. દેવાસ (મ.પ્ર.) |
| ૬ | પટેલ અંબાલાલ હરજીવનદાસ | ઠે. કરણપુર, મુ. કડી |
| ૭ | પટેલ ઈશ્વરલાલ ગણેશદાસ | મુ. ઊંઝા |
| ૮ | પટેલ ઈશ્વરલાલ જી. પટેલ | આચાર્ય, શેઠ સી.એમ. હાઈસ્કૂલ એન્ડ હાયર સે. સ્કૂલ, સેકટર-૨૪, ઘ રોડ, મુ. ગાંધીનગર. |
| ૯ | પટેલ ઈશ્વરલાલ જોઈતારામ | મુ. ઊંઝા |
| ૧૦ | પટેલ ઈશ્વરલાલ દેવકરણદાસ | મુ. ઊંઝા |
| ૧૧ | પટેલ ઈશ્વરલાલ બેચરદાસ | મુ. ઊંઝા |
| ૧૨ | પટેલ ઈશ્વરલાલ શંકરલાલ | મુ. ઊંઝા |
| ૧૩ | પટેલ કાન્તિલાલ ઈશ્વરલાલ | મુ. અશોકનગર, તા. વિરમગામ |
| ૧૪ | પટેલ શંકરલાલ મોહનલાલ ગુરૂ | મુ. ઊંઝા |
| ૧૫ | પટેલ કાન્તિલાલ પુંજાભાઈ | ઈન્દ્રધનુષ્ય, બ્લોક નં.૩, સરોજીની રોડ, નોર્થ એવન્યુ, શાન્તાક્રુઝ (વે.) મુંબઈ-૫૪. |
| ૧૬ | પટેલ કાનજીભાઈ લાધાભાઈ | C/o. જે.કે. એન્જિનિયરિંગ વર્કસ, કનક રોડ, જૂના પાવર હાઉસ સામે, રાજકોટ |
| ૧૭ | પટેલ વિઠ્ઠલભાઈ પરસોત્તમદાસ | મુ. ઊંઝા |
| ૧૮ | પટેલ કુબેરભાઈ મગનલાલ | મુ. ઊંઝા |
| ૧૯ | પટેલ કેશવલાલ જોઈતારામ | મુ. ઊંઝા |
| ૨૦ | પટેલ કેશવલાલ નથ્થુદાસ | ઠે. મણીપુર, મોટો માઢ, મુ. કડી |
| ૨૧ | પટેલ કેશવલાલ વિઠ્ઠલદાસ | ઈસબગુલ ફેક્ટરી, એસ. ટી. સ્ટેન્ડ સામે, મુ. સિદ્ધપુર |
| ૨૨ | પટેલ ગોરધનભાઈ બેચરદાસ | અંબા નિવાસ, ખાડીયા પોળ-૨, રાજમહેલ રોડ, વડોદરા |
| ૨૩ | પટેલ ખીમજીભાઈ કાનજીભાઈ | ૧૦, નંદકિશોર સોસાયટી, પરિશ્રમ, રાજકોટ-૪. |
| ૨૪ | પટેલ ખેતશીભાઈ ખુશાલભાઈ | (ઉપપ્રમુખ, સુરેન્દ્રનગર જીલ્લા પંચાયત) મુ. પાટડી, તા. દસાડા, જી. સુરેન્દ્રનગર |
| ૨૫ | પટેલ ખોડીદાસ છગનદાસ | મુ. લાંભા, તા. દશક્રોઈ, જી. અમદાવાદ |
| ૨૬ | પટેલ ખોડીદાસ જોરદાસ | મુ. ઊંઝા |
| ૨૭ | પટેલ ગાંડાલાલ હીરાલાલ | ૨૫, મહેસાણા સોસાયટી, નવા વાડજ, અમદાવાદ૧૩. |
| ૨૮ | પટેલ ગોબરભાઈ શંભુદાસ | મુ. ઊંઝા |
| ૨૯ | પટેલ ગોરધનભાઈ મનજીભાઈ | C/o. જલારામ ઑઈલ ટ્રેડર્સ, ૮, વિષ્ણુ ચેમ્બર્સ, સ્ટેડિયમ સામે, મુ. વલસાડ |
| ૩૦ | પટેલ ગોરધનભાઈ રવજીભાઈ | ૩૨, નહેરૂપાર્ક સોસાયટી, બસ સ્ટેન્ડ પાસે, મુ. જૂનાગઢ. |
| ૩૧ | પટેલ ચુનીલાલ કાનજીભાઈ | મુ. ઊંઝા |
| ૩૨ | પટેલ ચંદુલાલ પરસોત્તમદાસ | ૧-એ, રંજન સોસાયટી, નં.૨, નારણપુરા, અમદાવાદ-૧૩. |



# શ્રી ઉમિયા માતાજી

## અઢારમી શતાબ્દી મહોત્સવ ※ સ્મૃતિગ્રંથ



| અ.નં. | નામ | સરનામું |
|---|---|---|
| ૩૩ | પટેલ છગનભાઈ રેવાભાઈ | C/o. વિઠ્ઠલભાઈ શિવાભાઈની કું., સ્ટેશન રોડ, મુ. બીલીમોરા |
| ૩૪ | પટેલ છોટાલાલ આશારામ | ઠે. હોળી ચકલા, મુ. સાણંદ |
| ૩૫ | પટેલ છોટાલાલ લક્ષ્મીચંદ | ઠે. બનેજડા હાઉસ, ગ્રીન સ્ટેશન પાસે, મુ. બોરસદ |
| ૩૬ | પટેલ જગુભાઈ ગોવિંદજી | ૧૪, નવચેતન સોસાયટી, આર.ટી.ઓ. સામે, મજુરા, સુરત |
| ૩૭ | પટેલ જમનાદાસ ત્રિકમલાલ | લો કોલેજ, ગાર્ડન સામે, એલિસબ્રીજ, અમદાવાદ-૬ |
| ૩૮ | પટેલ જીવરામભાઈ છબીલદાસ | મુ. ઊંઝા |
| ૩૯ | પટેલ જેચંદભાઈ કોદરભાઈ | મુ. કાવા, તા. ઈડર |
| ૪૦ | પટેલ જેઠાલાલ દીપચંદભાઈ | ૩૧, સંસ્કાર સોસાયટી, જીનતાન રોડ, મુ. સુરેન્દ્રનગર. |
| ૪૧ | પટેલ શામજીભાઈ સવગણભાઈ | મુ. વડાગામ, તા. મોડાસા, જી. સાબરકાંઠા. |
| ૪૨ | પટેલ ખેમાભાઈ હીરાભાઈ | મુ. નવા રેવાસ, તા. ઈડર, જી. સાબરકાંઠા. |
| ૪૩ | પટેલ જોઈતારામ અમથારામ | મુ. ઊંઝા |
| ૪૪ | પટેલ કાશીરામ વીરચંદદાસ (કરલીવાળા | ઠે. ગંજબજાર, ઊંઝા |
| ૪૫ | પટેલ ત્રિભોવનભાઈ જેઠાભાઈ | C/o. ગુજરાત ટ્યુબવેલ કું. દરબાર રોડ, વિસનગર. |
| ૪૬ | પટેલ ત્રિભોવનદાસ માધવદાસ | મુ. ઊંઝા |
| ૪૭ | ત્રિભોવનદાસ મોહનલાલ ગુરૂ | મુ. ઊંઝા |
| ૪૮ | પટેલ દામોદરભાઈ ભીમજીભાઈ ભીમાણી | C/o. રણછોડ ઑઈલ મિલ, મુ. કેશોદ |
| ૪૯ | દિલીપસિંહજી પ્રતાપસિંહજી દેસાઈ | મુ. પાટડી એસ્ટેટ, ગુજરાત કૉલેજ પાસે, એલીસબ્રીજ, અમદાવાદ-૬. |
| ૫૦ | પટેલ જોઈતારામ શંકરદાસ | મુ. ઊંઝા |
| ૫૧ | પટેલ ધનજીભાઈ શિવગણભાઈ | પ્રમુખશ્રી, કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિ ટ્રસ્ટ, ૬ શ્યામ વિહાર, મેવાવાલા નિવાસ, |
| | | મહાત્મા ગાંધી રોડ, મુલુંડ, (વેસ્ટ) મુંબઈ-૮૦. |
| ૫૨ | પટેલ ધરમચંદ શિવલાલ | દરિયાપુર ચાર રસ્તા, અમદાવાદ-૧. |
| ૫૩ | પટેલ નટવરલાલ ઉમેદરામ | મુ. ઊંઝા |
| ૫૪ | પટેલ નટવરલાલ નારાયણભાઈ | C/o. ઉમિયા વિજય સો મિલ, ગુ. વિદ્યુત બોર્ડ પાસે, આંતલિયા, બીલીમોરા |
| ૫૫ | પટેલ નટવરલાલ પીતાંબરદાસ | ઠે. વીરચંદ કરમચંદની વાડીમાં, શક્તિનગર સોસાયટી પાસે, મહેસાણા. |
| ૫૬ | પટેલ નટવરલાલ હરગોવિંદદાસ | મુ. ઊંઝા |
| ૫૭ | પટેલ નથ્થુભાઈ લાલદાસ | ઠે. સામાણીનો માઢ, મુ. ચાણસ્મા |
| ૫૮ | પટેલ નરસિંહભાઈ બેચરદાસ | ઠે. બેચરપુરા મુ. પાલનપુર |
| ૫૯ | પટેલ નરોત્તમભાઈ ઈશ્વરલાલ | ૩૪, શ્રી નિકેતન સોસાયટી, સુરત-૪. |
| ૬૦ | પટેલ નારણભાઈ શિવજીભાઈ | મુ. મોતીવેણીકંપા, તા. મોડાસા |
| ૬૧ | પટેલ પરભુરામ મોતીરામ | મુ. ઊંઝા |
| ૬૨ | પટેલ પરસોત્તમભાઈ વિઠ્ઠલદાસ | મુ. ઊંઝા |
| ૬૩ | પટેલ નારાયણભાઈ લલ્લુદાસ | મુ. ઊંઝા |
| ૬૪ | પટેલ પ્રભુદાસ બેચરદાસ | ઠે. જેતાપરૂ, મુ. ચાણસ્મા |
| ૬૫ | પટેલ નરોત્તમભાઈ ત્રિકમલાલ | ઠે. ઘોડદોડ, શ્રી નગર સોસાયટી બં.નં. ૨૦, સુરત. |



# શ્રી ઉમિયા માતાજી

## અઢારમી શતાબ્દી મહોત્સવ ❋ સ્મૃતિગ્રંથ



| અ.નં. | નામ | સરનામું |
|---|---|---|
| ૬૬ | પટેલ જયંતીલાલ બાલચંદદાસ | મુ. ઊંઝા |
| ૬૭ | પટેલ માધવલાલ અંબાલાલ | મુ. ઊંઝા |
| ૬૮ | પટેલ બાલચંદભાઈ અંબારામદાસ | મુ. ઊંઝા |
| ૬૯ | પટેલ કેશવલાલ ઝવેરભાઈ | ૩-બી, અમીકુંજ સોસાયટી, નારણપુરા રોડ, અમદાવાદ-૧૩. |
| ૭૦ | પટેલ બીપિનભાઈ એમ. પટેલ | C/o. મણિલાલ એન્ડ કું, કમર બીલ્ડીંગ, કાવસજી પટેલ સ્ટ્રીટફોર્ટ, મુંબઈ-૧ |
| ૭૧ | પટેલ બેચરભાઈ વ્રજભાઈ | મુ. વટાદરા, તા. ખંભાત |
| ૭૨ | પટેલ ભગવાનદાસ જી. પટેલ | C/o. અશોક એન્જિનિયરિંગ વર્કસ, ૨/૬, ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, વડોદરા-૧૩. |
| ૭૩ | પટેલ અંબાલાલ નાથાલાલ | ઊંઝા |
| ૭૪ | પટેલ ચતુરભાઈ ઈશ્વરદાસ | ઊંઝા |
| ૭૫ | પટેલ ભાઈચંદભાઈ મેઘાભાઈ | મુ. નવા લક્ષ્મીપુરા, તા. પાલનપુર |
| ૭૬ | પટેલ ભાઈલાલભાઈ મણિલાલ | મુ. રણેલા, તા. ચાણસ્મા |
| ૭૭ | પટેલ ભીખાભાઈ જીવીદાસ | મુ. અંબાલા, તા. ચાણસ્મા |
| ૭૮ | પટેલ ભુરાભાઈ ખોડીદાસ | મુ. ઘડકણ, તા. પ્રાંતિજ |
| ૭૯ | પટેલ મગનભાઈ ચતુરદાસ | (શ્રોફ એન્ડ કમીશન એજન્ટ) મુ. પાટણ |
| ૮૦ | પટેલ મણિલાલ અંબારામદાસ | મુ. ઊંઝા |
| ૮૧ | પટેલ મણિલાલ ઈશ્વરદાસ | મુ. ઊંઝા |
| ૮૨ | પટેલ મણિલાલ નાથાલાલ | મુ. ઊંઝા |
| ૮૩ | પટેલ મણિલાલ નારાયણદાસ | મુ. ઊંઝા |
| ૮૪ | પટેલ ચેલાભાઈ રામચંદદાસ | મુ. બીલિયા, તા. સિદ્ધપુર |
| ૮૫ | પટેલ મનજીભાઈ કરશનદાસ | C/o. ઓનેસ્ટ ઈલેક્ટ્રીક એજન્સી, સોસાયટી રોડ, હિંમતનગર. |
| ૮૬ | પટેલ મફતલાલ કિશોરદાસ | મુ. ઊંઝા |
| ૮૭ | પટેલ મફતલાલ ત્રિકમલાલ | મુ. કામળી, તા. સિદ્ધપુર |
| ૮૮ | પટેલ મફતલાલ બેચરદાસ | મુ. ઊંઝા |
| ૮૯ | પટેલ માણેકલાલ કેશવલાલ (ચોકસી) | મુ. પાદરા, જી. વડોદરા |
| ૯૦ | પટેલ માધવલાલ મનોરદાસ | C/o. જે. માધવલાલ એન્ડ કું. માલ ગોડાઉન, મહેસાણા. |
| ૯૧ | પટેલ મૂળજીભાઈ નાનાલાલ | ઠે. દરબારગઢ, મુ. ભાવનગર. |
| ૯૨ | મોતીભાઈ ભીખાભાઈ મારફતિયા | શ્રી નિકેતન, ઉસ્માનપુરા, અમદાવાદ-૧૩. |
| ૯૩ | પટેલ રણછોડભાઈ નરસિંહભાઈ | મુ. સુંસી, તા. વિસનગર |
| ૯૪. | પટેલ રતિલાલ ઈશ્વરલાલ | ૧૪૬/૫૦ ખાંડ બજાર, મુંબઈ-૨. |
| ૯૫ | પટેલ રમણભાઈ દુર્લભભાઈ | ૬/૧૬૩૭ "છાયા" લાલદરવાજા ગુંદી શેરી, સુરત. |
| ૯૬ | પટેલ રવજીભાઈ વશરામભાઈ ફુલેત્રા | C/o. સ્વસ્તિક ટ્રેડીંગ કું, ટાઉન હોલ સામે, મુ. કેશોદ. |
| ૯૭ | પટેલ રામજીભાઈ ઓધવજીભાઈ ચત્રોલા | મુ. કેરીયાનાગસ, જિ. અમરેલી. |
| ૯૮ | પટેલ રામજીભાઈ પરબતભાઈ વિકાણી | ઠે. બજારમાં, મુ. માણાવદર. |



# શ્રી ઉમિયા માતાજી

## અઢારમી શતાબ્દી મહોત્સવ ※ સ્મૃતિગ્રંથ



| અ.નં. | નામ | સરનામું |
|---|---|---|
| ૯૯ | પટેલ રામભાઈ જોઈતારામ | મુ. સતલાસણા, તા. ખેરાલુ |
| ૧૦૦ | પટેલ રામભાઈ બાલચંદદાસ | મુ. ટુંડાવ |
| ૧૦૧ | પટેલ રેવાભાઈ જોરદાસ | મુ. ઊંઝા |
| ૧૦૨ | પટેલ રેવાભાઈ વાલજીદાસ | મુ. ઊંઝા |
| ૧૦૩ | પટેલ પરસોત્તમ રામજીભાઈ વામજા | મુ. વરસડા, જિ. અમરેલી. |
| ૧૦૪ | પટેલ ત્રિભોવનભાઈ પુરુષોતમદાસ | મુ. ઊંઝા |
| ૧૦૫ | પટેલ વાડીલાલ જમનાદાસ | મુ. પીલુદરા, તા. મહેસાણા. |
| ૧૦૬ | પટેલ વાલજીભાઈ જગજીવનદાસ | ગેલેક્સી એપાર્ટમેન્ટ, ૧૧ મા માળે, રાજકોટ. |
| ૧૦૭ | પટેલ વિક્રમભાઈ ધનજીભાઈ | ઠે. કાનદાસપુરા, મુ. ચાણસ્મા. |
| ૧૦૮ | પટેલ વિઠ્ઠલભાઈ ડોસાભાઈ | મુ. સુજાણપુર, તા. સિદ્ધપુર |
| ૧૦૯ | પટેલ વેલાભાઈ લખુભાઈ | મુ. બરોડા બેંક સામે, મુ. પાટણ |
| ૧૧૦ | પટેલ શીરિષભાઈ જેઠાલાલ | ૧૫, સન્મતિ સોસાયટી, અકોટા, વડોદરા. |
| ૧૧૧ | પટેલ શિવરામભાઈ જીજીદાસ | ઠે. રાણીપ ગામમાં, અમદાવાદ-૫. |
| ૧૧૨ | પટેલ શિવરામભાઈ નાગરદાસ (ભુણાવવાળા) | મુ. ઊંઝા |
| ૧૧૩ | પટેલ શિવરામભાઈ પ્રભુદાસ | ઠે. દીપરા દરવાજા, મુ. વિસનગર |
| ૧૧૪ | પટેલ રણછોડભાઈ ગણેશદાસ | ઠે. ડાકલી દરવાજા, મુ. કુકરવાડા, તા. વિજાપુર |
| ૧૧૫ | પટેલ શિવરામભાઈ મોતીદાસ | મુ. ઊંઝા |
| ૧૧૬ | પટેલ શંકરલાલ બાલચંદદાસ | મુ. ઊંઝા |
| ૧૧૭ | પટેલ શંકરલાલ માનચંદદાસ | મુ. ઊંઝા |
| ૧૧૮ | પટેલ શંકરલાલ મોહનલાલ (ભાણાભાઈ) | મુ. ઊંઝા |
| ૧૧૯ | પટેલ શંભુભાઈ ઝવેરદાસ | મુ. ચકલાદ, તા. આમોદ |
| ૧૨૦ | પટેલ સવજીભાઈ મનજીભાઈ | મુ. દેરડી કુંભાજી, જિ. રાજકોટ. |
| ૧૨૧ | પટેલ સીતારામ જોઈતારામ | મુ. ઊંઝા |
| ૧૨૨ | પટેલ સોમાભાઈ મુલચંદદાસ | શ્રોફ એન્ડ કમીશન એજન્ટ, મહેસાણા. |
| ૧૨૩ | પટેલ સોમાભાઈ શંકરલાલ | મુ. ઊંઝા |
| ૧૨૪ | હરિપ્રસાદ દુર્ગાપ્રસાદ લશ્કરી | 'દુર્ગેશ' ડફનાળા પાસે, શાહીબાગ, અમદાવાદ-૪. |
| ૧૨૫ | પટેલ હરીપ્રસાદ નરસિંહદાસ સાખે સાવદરા | મુ. ઉમતા, તા. વિસનગર |
| ૧૨૬ | પટેલ હીરજીભાઈ જીવરાજભાઈ | C/o. જયંત ઓઈલ મીલ, ગ્રેઈન મારકેટ, જામનગર. |

•







## કો-ઓપ્ટ કારોબારી સભ્યો

| અ.નં. | નામ | સરનામું : |
|---|---|---|
| ૧ | પટેલ જેઠાભાઈ પુંજાભાઈ | પ્રમુખ, કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિ ટ્રસ્ટ, કચ્છ કડવા પાટીદાર કોલોની, બહેરામપુરા રોડ, રાજબાઈ નિકેતન, અમદાવાદ-૨૨. |
| ૨ | કિસનસિંહજી પ્રતાપસિંહજી દેસાઈ | પાટડી હાઉસ, ગુજરાત કોલેજ સામે, એલિસબ્રીજ, અમદાવાદ-૬. |
| ૩ | યશવંત એન. દલાલ | 'નંદન' પંચવટી, એલિસબ્રીજ, અમદાવાદ-૬. |
| ૪ | મોહનભાઈ નાથાભાઈ કાલરિયા | ૬, જગજીવન પાર્ક, ઈશ્વરભુવન સામે, કોમર્સ કોલેજ હોસ્ટેલ પાછળ, નવરંગપુરા, અમદાવાદ-૯. |
| ૫ | પટેલ માધુભાઈ મફતલાલ | નવસર્જન એપાર્ટમેન્ટ, બ્લોક નં. ૫, રૂમ નં. ૨, મહાદેવનગર સોસાયટીની બાજુમાં, સગરામપુરા, સુરત. |
| ૬ | પટેલ દશરથભાઈ બહેચરદાસ | મુ. ઊંઝા |
| ૭ | પટેલ વિરચંદભાઈ વિહાલાલ | મુ. ઊંઝા |
| ૮ | ડૉ. અમૃતલાલ ગોવિંદભાઈ પટેલ | ઠે. ટી.બી. હોસ્પિટલ, વડોદરા-૭. |
| ૯ | પટેલ માધવલાલ ભોળીદાસ | મુ. ઊંઝા |
| ૧૦ | પટેલ અમૃતલાલ ભોળીદાસ | C/o. પોપ્યુલર કન્સ્ટ્રકશન કું., શાંતિ ચેમ્બર, દિનેશ હોલની સામે, નવરંગપુરા, અમદાવાદ-૯. |
| ૧૧ | પટેલ છોટુભાઈ વેલજીભાઈ | C/o. પટેલ રેડિયો ઈલેક્ટ્રોનિક્સ, રિલીફ સિનેમા સામે, સલાપસ રોડ, અમદાવાદ-૧. |

## આમંત્રિત સ્ત્રી સભ્યો

| | | |
|---|---|---|
| ૧ | પા. રમાબહેન મણિલાલ | મુ. ઊંઝા |
| ૨ | પા. દિવાળીબહેન લક્ષ્મણભાઈ | મુ. ઊંઝા |
| ૩ | ચોકસી જ્યોત્સનાબહેન ઈન્દ્રવદનભાઈ | મુ. પાદરા, જિ. વડોદરા. |
| ૪ | ચોકસી લીલાબહેન નંદકિશોરભાઈ | ઠે. ગીતાભારતી પોળ, મુ. પાદરા, જિ. વડોદરા. |
| ૫ | પા. ભારતીબહેન ભરતકુમાર | ૧૦૯, આશુતોષનગર, કારેલીબાગ, વડોદરા-૧૮. |
| ૬ | પા. ઉર્મિલાબહેન મગનલાલ | મધુકુંજ સોસાયટી, સ્ટેશન પાસે, મુ. પાટણ. |
| ૭ | ડૉ. લીલાબહેન કે. પટેલ | ૧૦, શાન્તિનિકેતન, ડૉ. અમીનના દાવાખાના પાસે, સરદાર પટેલ કોલોની પાસે, અમદાવાદ-૧૪. |
| ૮ | પા. શાન્તાબહેન ભોળાભાઈ | જવાહર સોસાયટી, વિસનગર. |
| ૯ | પા. તરૂલતાબહેન ભરતકુમાર | C/o. પટેલ કેશવલાલ વિઠ્ઠલદાસ, સત ઈસબગુલ ફેક્ટરી, એસ.ટી. સ્ટેન્ડની બાજુમાં, મુ. સિદ્ધપુર |
| ૧૦ | પા. કુન્તાબહેન તનસુખભાઈ | પિલાજી ગંજ, મહેસાણા |
| ૧૧ | પા. કમળાબહેન ભોળીદાસ | બંગલા નં. ૭, ત્રિલોકનાથ સોસાયટી, મગનપુરાની બાજુમાં, રાણીપ, અમવાવાદ-૫. |
| ૧૨ | પા. રમીલાબહેન રામજીભાઈ | મુ.પો. નવાનગર, તા. હિંમતનગર, જિ. સાબરકાંઠા |
| ૧૩ | પા. જયાબહેન દેવશીભાઈ ટીલવા | જયંત સોસાયટી, બ્લોક નં. ૧૩, ઈરવિન હોસ્પિટલ પાછળ, જામનગર |
| ૧૪ | પા. હંસાબહેન જશુભાઈ | ૧૦, સીમા સોસાયટી, મેમનગર, અમદાવાદ. |

# ૧૮ મી શતાબ્દી મહોત્સવ સમિતિના ૧૭૦ સભ્યોની યાદી

શ્રી ઉમિયા માતાજી સંસ્થાન, ઊંઝા કારોબારી સભા ઠરાવ નં. ૩/૩ તા. ૫-૯-૭૬ મુજબ ૧૭૦ સભ્યોની ૧૮ મી શતાબ્દી મહોત્સવ સમિતિ બનાવવામાં આવી. જેમાં ૧ થી ૬૨ સુધીના સભ્યો શ્રી ઉમિયા માતાજી સંસ્થાન, ઊંઝાના કારોબારી સભ્યો છે. ૬૩ થી ૬૪ સુધીના સભ્યો શ્રી ઉમિયા માતાજી સંસ્થાન, ઊંઝાના કો.ઑપ્ટ કારોબારી સભ્યો છે તથા ૬૫ થી ૧૭૦ સુધીના સભ્યોની મહોત્સવ પૂરતી આ સમિતિના સભ્ય તરીકે નિમણૂંક કરવામાં આવી છે :

| અ.નં. | નામ | ગામ | અ.નં. | નામ | ગામ |
|---|---|---|---|---|---|
| ૧ | શેઠશ્રી હરિપ્રસાદ દુર્ગાપ્રસાદ લશ્કરી | અમદાવાદ | ૩૭ | પટેલ માધવલાલ મનોરદાસ | મહેસાણા |
| ૨ | મોતીલાલ ભીખાભાઈ મારફતિયા | અમદાવાદ | ૩૮ | પટેલ હરિભાઈ શિવરામ માનજીદાસ | મહેસાણા |
| ૩ | પટેલ કેશવલાલ વિઠ્ઠલદાસ | સિદ્ધપુર | ૩૯ | પટેલ નટવરલાલ પિતાંબરદાસ | મહેસાણા |
| ૪ | પટેલ જમનાદાસ ત્રિકમલાલ | અમદાવાદ | ૪૦ | પટેલ સાંકળચંદ કાળીદાસ | વિસનગર |
| ૫ | ધરમચંદ શિવલાલ ચોકસી | અમદાવાદ | ૪૧ | પટેલ ઈશ્વરલાલ જીવીદાસ | અમદાવાદ |
| ૬ | પટેલ ખોડીદાસ જોરદાસ | ઊંઝા | ૪૨ | પટેલ અંબાલાલ હરજીવનદાસ | કડી |
| ૭ | પટેલ ઈશ્વરલાલ ગણેશદાસ | ઊંઝા | ૪૩ | પટેલ કેશવલાલ નથ્થુદાસ | કડી |
| ૮ | પટેલ મણિલાલ અંબારામદાસ | ઊંઝા | ૪૪ | પટેલ શામજીભાઈ ખીમજીભાઈ | જામનગર |
| ૯ | શેઠશ્રી લક્ષ્મીકાન્ત ભગુભાઈ | અમદાવાદ | ૪૫ | પટેલ જમનાદાસ ગોકળદાસ | જામનગર |
| ૧૦ | પટેલ ડાહ્યાલાલ ભોગીલાલ | અમદાવાદ | ૪૬ | પટેલ ગોવિંદભાઈ ગરબડદાસ | સુતરેલ |
| ૧૧ | પટેલ ભગવતપ્રસાદ રણછોડલાલ | અમદાવાદ | ૪૭ | પટેલ હરિપ્રસાદ નરસિંહદાસ | ઉમતા |
| ૧૨ | પટેલ બળદેવભાઈ લલ્લુભાઈ | અમદાવાદ | ૪૮ | પટેલ આત્મારામ મગનલાલ | મહેસાણા |
| ૧૩ | પટેલ પ્રભુદાસ કિશોરદાસ | અમદાવાદ | ૪૯ | પટેલ મણિલાલ મગનલાલ | અમદાવાદ |
| ૧૪ | સોમાભાઈ બળદેવદાસ કસ્ટીઆ | અમદાવાદ | ૫૦ | પટેલ પ્રભુદાસ બેચરદાસ | ચાણસ્મા |
| ૧૫ | પટેલ ગોપાળદાસ શિવલાલ | અમદાવાદ | ૫૧ | ચોકસી માણેકલાલ કેશવલાલ | પાદરા |
| ૧૬ | પટેલ બળદેવભાઈ ડોસાભાઈ | અમદાવાદ | ૫૨ | પટેલ ભગવાનદાસ મોહનલાલ | અમદાવાદ |
| ૧૭ | પટેલ દિનેશચંદ્ર ભીખાલાલ | કલોલ | ૫૩ | પટેલ જોઈતારામ રામજીદાસ | રણુંજ |
| ૧૮ | પટેલ વિષ્ણુભાઈ નટવરલાલ | અમદાવાદ | ૫૪ | પટેલ જીવણલાલ મોતીભાઈ | કાશીપુરા |
| ૧૯ | પટેલ બાલચંદદાસ ઉમેદદાસ | ઊંઝા | ૫૫ | પટેલ હરિભાઈ કરશનભાઈ | રામપુરાકંપા |
| ૨૦ | પટેલ ગોબરદાસ શંભુદાસ | ઊંઝા | ૫૬ | પટેલ શિવરામભાઈ જીજીદાસ | અમદાવાદ |
| ૨૧ | પટેલ ઈશ્વરલાલ બેચરદાસ | ઊંઝા | ૫૭ | પટેલ રામજીભાઈ ઓધવજી ચત્રોલા | |
| ૨૨ | પટેલ અંબાલાલ માધવજી (કાપડિયા) | ઊંઝા | | | કેરિયાનાગસ |
| ૨૩ | પટેલ નટવરલાલ હરગોવનદાસ | ઊંઝા | ૫૮ | પટેલ ખોડીદાસ છગનલાલ | લાંભા |
| ૨૪ | પટેલ મફતલાલ બેચરદાસ | ઊંઝા | ૫૯ | પટેલ રતિલાલ હાથીભાઈ | નાયકા |
| ૨૫ | પટેલ મણિભાઈ ઈશ્વરલાલ (મમ્મી) | ઊંઝા | ૬૦ | પટેલ સવજીભાઈ મનજીભાઈ | દેરડીકુંભાજી |
| ૨૬ | પટેલ રેવાભાઈ જોરદાસ (વકીલ) | ઊંઝા | ૬૧ | પટેલ હરિભાઈ ઠાકરશીભાઈ | રાજકોટ |
| ૨૭ | પટેલ રેવાભાઈ વાલજીદાસ | ઊંઝા | ૬૨ | પટેલ વાલજીભાઈ જગજીવનદાસ | રાજકોટ |
| ૨૮ | પટેલ લીલાચંદ શંકરલાલ | ઊંઝા | ૬૩ | પટેલ કેશવલાલ જોઈતારામ | ઊંઝા |
| ૨૯ | પટેલ ગોવિંદભાઈ પ્રભુદાસ (ચોકસી) | ઊંઝા | ૬૪ | પટેલ પરસોત્તમભાઈ સોમનાથ (બેંકર) | સરઢવ |
| ૩૦ | શંકરલાલ મોહનલાલ ગુરૂ | ઊંઝા | ૬૫ | પટેલ મણિલાલ નારાયણદાસ (ઘંટી) | ઊંઝા |
| ૩૧ | ત્રિભોવનદાસ મોહનલાલ ગુરૂ | ઊંઝા | ૬૬ | પટેલ હરગોવનભાઈ શંકરલાલ બોકરવાડિયા | ઊંઝા |
| ૩૨ | પટેલ ચુનીલાલ કાનજીભાઈ | ઊંઝા | ૬૭ | પટેલ શિવરામભાઈ રામચંદદાસ (કેપ્ટન) | ઊંઝા |
| ૩૩ | પટેલ શંકરલાલ મોહનલાલ (ભાણાભાઈ) | ઊંઝા | ૬૮ | પટેલ બાબુલાલ પરસોત્તમદાસ બોકરવાડિયા | ઊંઝા |
| ૩૪ | પટેલ સોમાભાઈ શંકરલાલ | ઊંઝા | ૬૯ | પટેલ વિઠ્ઠલદાસ ઉમેદરામ સાખે પાલડિયા | ઊંઝા |
| ૩૫ | પટેલ ઈશ્વરલાલ શંકરલાલ | ઊંઝા | ૭૦ | પટેલ હરગોવનભાઈ પરસોત્તમદાસ (બર્કલી | ઊંઝા |
| ૩૬ | પટેલ શિવરામભાઈ મોતીરામ | ઊંઝા | ૭૧ | પટેલ લાલજીભાઈ જોઈતારામ સાખે પાલડિયા | ઊંઝા |

| અ.નં. | નામ | ગામ |
|---|---|---|
| ૭૨ | પટેલ નાથાલાલ હરિદાસ સાખે અલોડિયા | ઊંઝા |
| ૭૩ | પટેલ મફતલાલ નારાયણદાસ સાખે કણાવત | ઊંઝા |
| ૭૪ | પટેલ જોઈતારામ મોતીરામ (હસ્તુ) | ઊંઝા |
| ૭૫ | પટેલ ઈશ્વરલાલ માધવજી સાખે પાંચોટિયા | ઊંઝા |
| ૭૬ | પટેલ નાથાલાલ શંકરલાલ સાખે ચાણસ્મિયા | ઊંઝા |
| ૭૭ | પટેલ જીવરામદાસ છબીલદાસ સાખે ગોયા | ઊંઝા |
| ૭૮ | પટેલ ઈશ્વરલાલ બાજીદાસ સાખે ભેમાત | ઊંઝા |
| ૭૯ | પટેલ અંબાલાલ નાથાલાલ (ચારી) | ઊંઝા |
| ૮૦ | પટેલ કુબેરભાઈ મગનલાલ સાખે રોડ | ઊંઝા |
| ૮૧ | પટેલ મણિલાલ નાથાલાલ સાખે રોડ (નેતા) | ઊંઝા |
| ૮૨ | પટેલ ચતુરભાઈ ઈશ્વરલાલ સાખે બાળવોત | ઊંઝા |
| ૮૩ | પટેલ પરસોત્તમભાઈ માધવજીસાખેચાણસ્મિયા | ઊંઝા |
| ૮૪ | પટેલ મફતલાલ કિશોરદાસ સાખે બાળવોત | ઊંઝા |
| ૮૫ | પટેલ ઈશ્વરલાલ કચરાદાસ સાખે પેંપળિયા | ઊંઝા |
(૧૨) સલામતી ને વ્યવસ્થા સમિતિ

## * કાર્યક્રમના દિવસો *

આરંભ : તા ૨૫-૧૧-૭૬, ગુરુવાર * પૂર્ણાહુતિ : તા ૨૯-૧૧-૭૬, સોમવાર

મહોત્સવ સમિતિના પ્રમુખ : **શ્રી કેશવલાલ વિઠ્ઠલદાસ પટેલ** (સિદ્ધપુર)
સ્વાગત સમિતિના પ્રમુખ : **શ્રી બાલચંદદાસ ઉમેદદાસ પટેલ** (ઊંઝા)
,, ,, ઉપપ્રમુખ : **શ્રી ગોબરદાસ શંભુદાસ પટેલ** (ઊંઝા)
ઉમિયા માતાજી સંસ્થાનના પ્રમુખ : **શેઠ શ્રી હરિપ્રસાદ દુર્ગાપ્રસાદ લશ્કરી**

# કડવા પાટીદાર કુળદેવી શ્રી ઉમિયા માતાજી સંસ્થાન ઊંઝા. ૧૮મી શતાબ્દિ મહોત્સવ અને હોમાત્મક સહસ્રચંડી યજ્ઞનાં

## સંસ્મરણો

(૧) કોઇ જ અનિચ્છનીય બનાવ બનવા ન પામ્યો.

(૨) મા ઉમાના ગોલખ ભંડારો છલકાયા.

(૩) મહોત્સવની વ્યવસ્થા નિહાળી આભાર દર્શાવતા પત્રોનો વરસાદ.

(૪) ગુજરાતનું અણમોલ તીર્થધામ "ઉમિયા."

(૫) ૧૮મી શતાબ્દિ મહોત્સવ અને સહસ્રચંડી મહાયજ્ઞ તા. ૨૫-૧૧-૭૬ થી ૨૯-૧૧-૭૬ સુધી ૫ દિવસનો ભવ્ય રીતે ઘણા વર્ષો બાદ ભારે ધામધુમથી ઉજવાયો.

(૬) સ્વાગત ઘેલુ બનેલું ઊંઝા નગર.

(૭) મહોત્સવમાં વરૂણદેવ, સૂર્યદેવ, નાગદેવ, અગ્નિદેવ, અને વાયુદેવ આ પાંચે દેવતાઓનાં સાક્ષાત સ્વરૂપે દર્શન થયાં.

(૮) ભારતભરના તમામ જ્ઞાતિના લાખો યાત્રિકોનો એસ. ટી. બસો, રેલ્વે ટ્રેનો, ટ્રકો, ટ્રેકટરો, રીક્ષાઓ અને ખાનગી મોટર ગાડીઓમાં માતાજી અને યજ્ઞના દિવ્ય દર્શન માટે ઉમટેલો માનવ મહેરામણ.

(૯) ઊંઝા નગરમાં ઠેર ઠેર કમાનો, ગેટ, સ્વાગતબોર્ડ, આકર્ષક મુખ્ય પ્રવેશદ્વાર, ભવ્ય ઉમિયા નગર, ચોવીસે કલાક પીવાના પાણીની તથા વિના મૂલ્યે ડોકટરી સારવારની સુવિધા, આંખે ઉડીને બાઝે તેવી નગરની સ્વચ્છતા તથા વિરાટ પાવક ઉમિયા ભોજનાલયની અદ્યતન વ્યવસ્થાઓ આ મહોત્સવનાં કાયમી સ્મરણો છે.

(૧૦) ૧૫ થી ૨૦ લાખ યાત્રિકો માતાજીની અલૌકિક ચૈતન્ય શક્તિનું દર્શન કરી પાવન થયા.

(૧૧) સાકરીયા અને શ્રીફળનો વિપુલ પ્રસાદ વહેંચાયો.

(૧૨) સ્વયંસેવક ભાઇઓ તથા બહેનો, હોમગાર્ડ ભાઇઓ, ગ્રામ રક્ષકદળના ભાઇઓ, પોલીસભાઇઓ તથા બહેનો અને માતાજીના કાર્યકરોએ ખડેપગે પૂરા રસથી સેવા આપી. યાત્રિકો સ્વયં સેવકોની જેમ વર્ત્યા એ આ મહોત્સવની વિશિષ્ટતા છે

(૧૩) કુંભ મેળાની યાદ તાજી કરાવતો ઉમટેલો માનવ મહેરામણ.

(૧૪) માતાજીની અલૌકિક ચૈતન્ય શક્તિનું દર્શન :– વર્ષાના તાંડવમાંથી એકાએક નીકળેલે ઉઘાડ, વીજળીનો થાંભલો ભાગવા છતાં અકસ્માત ન થયો, અનેક બાળકે ખોવાયાં છતાં બધા જ સલામત રીતે ઘેર પહોંચી ગયા, લાખ લાખ વંદન હે મા ઉમિયાને !

(૧૫) ભારતભરમાં સમાચાર પત્રો, આકાશવાણી કેન્દ્રો, બી. બી. સી. લંડન રેડીયો વિગેરે દ્વારા મહોત્સવના સમાચારો પ્રસિધ્ધ થયા.

(૧૬) કાયમી સ્મૃતિઓ માટે માતાજીના ચાંદીના સિક્કા (મુદ્રા), ટીનપ્લેટકેલેન્ડર સ્મરણિકા, કાગળના ફોટા વિગેરે વિપુલ સામગ્રી ખૂટી પડી.

(૧૭) હજારોની સંખ્યામાં વ્યક્તિગત રીતે ટપાલથી માતાજીનું સાહિત્ય પહોંચાડયું.

(૧૮) સલામતી, પ્રસાદ, પાર્કિંગ, ટેલીફોન તેમજ માઈક દ્વારા પ્રચારની સુંદર વ્યવસ્થા, દર્શન, રાત્રે રહેઠાણની સુવિધા તથા ભોજનની સુંદર વ્યવસ્થા, ભોમિયાએ આપેલું વિસ્તૃત માર્ગદર્શન, નવી પેઢીમાં જાગતો ધર્મ પ્રેમ વિગેરે પરિબળો મહોત્સવની સફળતાના યશ રૂપ છે.

(૧૯) શ્રીમંત કે ગરીબ, નાત કે જાત, નાના કે મોટા કોઈપણ જાતના ભેદભાવ વગર લોક-માતા ઉમિયા માતાના ઉત્સવને સફળ બનાવવા માટે ઉત્સાહ અને ઉમંગથી ઊંઝાના પ્રત્યેક નાગરિકોએ પોતાની ફરજ સમજી આપેલી સેવા એ મહોત્વની વિશિષ્ટતા છે.

(૨૦) તા. ૨૫–૧૧–૭૬ થી ૨૯–૧૧–૭૬ સુધી સતત પાણીના રેલાની જેમ દર્શનાર્થે ઉમટેલા ભાવિકોની લાઇન અતુટ ચાલુ રહી, દર્શનની સુંદર વ્યવસ્થા.

(૨૧) સમગ્ર ગુજરાત તેમજ અન્ય સમાચાર પત્રોએ બે માસથી વધુ સમય સુધી સચિત્ર અને આકર્ષક રીતે મહોત્સવના પ્રચારનો નાદ ગુંજતો કર્યો તે અખબારોની સેવા, યજ્ઞની સફળતા માટે નોંધપાત્ર બીના છે.

(૨૨) સતત ચાલુ રહેલો વિજળી પ્રવાહ, પાણી એટલે જીવન અને તેની અખૂટ સગવડ, " સ્વચ્છતા ત્યાં પ્રભુતા " તેને સાર્થક કરવા આખી રાત સફાઈ ઝુંબેશ આદરતા સેવકો, આ ત્રણ પાયાની કામગીરીનો સમન્વય સાધતી ઊંઝા નગરપાલિકા અને વિવિધ ખાતાઓની સહકારની પ્રશંસનીય કામગીરી અભિનંદનને પાત્ર છે.

**૧૮ મી શતાબ્દિ મહોત્સવ સમિતિ, ઊંઝા — સંવત–૨૦૩૩**

# પ્રગતિ

Regd, No. G. MEH 31 — Phone : P. P. 2317

તંત્રી : જશવંત હાણી — સહતંત્રી : હરગોવનભાઈ શં. પટેલ

## ૧૮મી શતાબ્દી મહોત્સવ પૂર્તિ

વર્ષ : ૨૬ ] ★ ઊંઝા બુધવાર તા. ૨૪-૧૧-૭૬ ★ પાના : ૬ ★ [ ખાસ અંક


## માતાજીનું પ્રાગટ્ય

પૂર્વે તારકાસુર અને દેવોનો સંગ્રામ થયો તેમાં દેવોનો પરાજ્ય થવાથી તે અસુરને જીતવાનો ઉપાય પૂછવા ઈંદ્રાદિ સર્વ દેવો શ્રી વિષ્ણુ ભગવાન પાસે જઈને પ્રશ્ન પુછયો. શ્રી વિષ્ણુએ શંકરના પુત્રને સેનાપતિ બનાવી યુદ્ધ લડવાથી તે જીતશે એમ કહ્યું. એટલે સર્વ દેવોએ વિચાર્યું કે દક્ષના યજ્ઞમાં બળી મરેલા સતીના શોકથી વૈરાગ્યવાળા થઈને શંકર તો હિમાલયમાં સમાધિમાં બેઠા છે. એમને સંતાન ક્યાંથી થાય? ત્યારે બધાએ સંતલસ કર્યો કે શંકરને સમાંધિમાંથી જગાડવા અને તેમની પૂજા કરવા આવતી હિમાલયની પુત્રી ગૌરીની સાથે શંકરને વરાવવાનો નિશ્ચય લીધો, તે અનુસાર સમાધિમાંથી જગાડવા માટે દેવોની સભામાંથી કામદેવ અને તેનાં પત્ની રતિ તથા તેનો મિત્ર વસંત વિગેરેએ બીડું ઝડપ્યું અને શંકરની સમાધિનો ભંગ કર્યો તો ખરો, પણ પૂજા કરવા આવેલા ગૌરીમાં શંકરનું મન ક્ષણભર લાગી ગયું હતું પરંતુ આ વિચારથી પોતે સજાગ બની જઈને તેમની પર્ણકુટીમાં છૂપાઈ રહેલા કામને પોતાના ત્રીજા લોચનથી બાળીને ખાખ કર્યો. અને પોતે અંતરધ્યાન થઈ ગયા. ગૌરીને આ પ્રસંગથી પોતાનું અપમાન થયેલું લાગતાં એ જ શંકરને પોતાનો વર બનાવવા ઉગ્ર તપ કરવા માટે ઘેરથી ચાલી નીકળવાની તૈયારી કરી તે વખતે તેમની માતા હિમાલયની પત્ની મેનાએ તેમને "ઉમા અરે જઈશ નહિ." એમ કહીને તપ કરવા જતા રોકયાં. ત્યારથી તે પર્વતપુત્રી ગૌરીનું શુભ નામ ઉમા પડયું છતાં ઉમાએ ઉગ્ર તપ કરીને શંકરને પ્રસન્ન કર્યો. લગ્ન થયા. તેમને કાર્તિકેય અને ગણપતિ બે પુત્રો થયા. કાર્તિક સ્વામીએ તારકાસુર સાથે યુદ્ધનો વ્યુહ રચવા વિચાર્યું. સરસ્વતીના ઉત્તર કાંઠે દેવોનું રાજ્ય હતું. તેના દક્ષિણકાંઠે અસુરોનું રાજ્ય હતું. સુંડાણુ ગામે શુંડનું રાજ હતું. સોભાસણ ગામે શુંભનો નિવાસ હતો. મહેસાણામાં મહિષાસુરનું મથક હતું. બહુચરાજી પાસે રાંતેજ ગામે રકત, બીજ વિગેરેની રાજધાની હતી. ખંભાત પાસે તારાપુર એ તારકાસુરનું મથક હતું. હવે દેવોની લશ્કરી છાવણી સરસ્વતીના ઉત્તર કિનારે કાર્તિકેય સ્વામી સેનાપતિ તરીકે રહ્યા બિન્દુ સરોવર પર તેમનો પડાવ થયો. તેની યાદગીરીમાં હાલમાં ત્યાં મૂર્તિ છે. દેવો અને અસુરોનો મોટો સંગ્રામ થયો. તેમાં તારકાસુર હાર્યો. સરસ્વતીના દક્ષિણ કિનારાથી આગળનો બધો અસુરોનો પ્રદેશ દેવોને કબજે આવ્યો. પછી તેમની શરૂ થયેલી દિગ્વિજયની યાત્રાનો પ્રથમ પડાવ અસુરોના મુખ્ય મથક હેડંબાવનમાં થયો. ત્યાં હાલના કાલેશ્વર મહાદેવ છે. તે શંકરભગવાનના પડાવનું સ્થાન થયું અને તેની બાજુમાં હાલનાં ઉમાઅંબાનું મંદિર છે તે જગ્યા ઉમાના પડાવનું સ્થાન થયું અને કાર્તિકસ્વામીના પડાવના પ્રતિકરૂપે સિધ્ધપુરમાં બિન્દુ સરોવરના વાયવ્યખૂણે કાર્તિકસ્વામીની મૂર્તિ છે. તેમની સવારીના અગ્રભાગે રહેતા શ્રી ગણપતિનો પડાવ હાલના ઐઠોર ગામમાં રહેલો છે. તેમના પ્રતીક રૂપે ત્યાં હાલ પણ ગણપતિનું પ્રસિધ્ધ સ્થાન છે. આ સવારીની આજુબાજુના પ્રદેશોમાં શંકરના ગણોએ જુદે જુદે સ્થળે જે પડાવ નાખેલા તે તે સ્થળે હાલ પણ ચમત્કારી અને પ્રસિધ્ધ વીરોનાં સ્થાનો બનેલાં છે તે જગજાહેર છે.

લેખક : **શાસ્ત્રી ભવાનીશંકર ગ. મહેતા**


ટેલીફોન નં. ૨૬૩૨ ★ આજના અંકના પાના ૪ ★ Regd. No. G-MEH 26

# શતાબ્દી મહોત્સવ ઊંઝા

વનરાજ ટાઈમ્સ પૂર્તિ

બુધવાર તા. ૨૪ નવેમ્બર ૧૯૭૬ ★ તંત્રી : ઘનશ્યામ આર. પરીખ ★ સં. ૨૦૩૩ ના માગસર સુદ ૩

# "જીવન-જયોત"

સંપાદકઃ- પ્રા. વિનાયક રાવલ | તંત્રીઃ- શાંતીભાઇ રાવલ

૧૮ મી શતાબ્દી મહોત્સવ વિશેષાંક   પોસ્ટ તા. ૨૪-૧૧-૭૬

## ચાલો ઊંઝા ! જાહેર આમંત્રણ પધારો ઊંઝા !!

**૧૮ મી શતાબ્દી મહોત્સવના કાર્યક્રમમાં સહસ્ત્રચંડી યજ્ઞમાં પધારવાનું સ્વાગત સમિતિ ભાવભીનું આમંત્રણ પાઠવે છે**

### મહોત્સવ પ્રસંગે

- ગામને સ્વચ્છ રાખવામાં ફાળો આપીએ
- પાણીનો બગાડ ન કરીએ
- અતિથિ સત્કારમાં ઊણપ ન દેખાવા દઇએ
- અજાણ્યાને યોગ્ય માર્ગદર્શન આપીએ
- અન્યોન્ય સાથ સહકારથી વર્તીએ
- ક્ષુલ્લક મતભેદો ભૂલી જઇએ
- માનવતાનો પરિચય કરાવવાની તક ન ગુમાવીએ.
- મહોત્સવને સફળ બનાવવા તનતોડ મહેનત કરીએ
- મહોત્સવની યાદગીરી કાયમી બનાવવા કશુંક નક્કર વિચારીએ
- ગામની યુવક સંસ્થાઓ શૈક્ષણિક સંસ્થાઓ સામાજીક સંસ્થાઓ પરબો બનાવે
- કમાવાની વૃત્તિ ન રાખતાં સેવાની વૃત્તિ રાખીએ
- જરૂર પડયે કાર્યાલયનો સંપર્ક સાધીએ

Regd. No G-MEH-31

લવાજમ:-
સ્થાનિક રૂ. ૫
હિંદમાં રૂ. ૬
પરદેશમાં રૂ. ૭
નકલ ૧૩ પૈસા

# પ્રગતિ

(ઉત્તર ગુજરાતનું સક્રિય સાપ્તાહિક પત્ર)

Phone No. P. P. 2317
: તંત્રી :
જશવંત દાણી
: સહતંત્રી :
હરગોવનભાઇ શં. પટેલ
પાનાં : ૮

વર્ષ : ૨૫ ]   ઊંઝા, ગુરૂવાર તા. ૨૩-૧૦-'૭૬   ટપાલ તા. -૧૦-૭૬   [ અંક ૩૬



## ઊંઝામાં કડવા પાટીદાર સમાજ કુળદેવી ઉમિયા માતાજી-શતાબ્દિ મહોત્સવ ઉજવાણી ૪૦ લાખનો પ્લાન: ૧૬૫ સભ્યોની સમિતિ

સહસ્ત્રચંડી યજ્ઞ વિધિ થશે: આવક કેળવણીમાં-માતાજીમાં વપરાશે: ઊંઝા સમગ્રનો સાથ : ૩।। લાખનો ફાળો : મહોત્સવમાં વેપારી મંડળો અને બીજા લોકોનો સાથ.

ઊંઝા ન.સમાચારની નકલ

પાન ૧ ૨૭૭૦ ન. G MEH ૬૩    વાર્ષિક લવાજમ રૂા ૨ ૦૦    છુટક નકલ ૦-૨૦ પૈસા



# ઊંઝા નગરપાલિકા સમાચાર

## ઊંઝા નગરપાલિકાનું મુખ પત્ર.

વર્ષ ૧   અંક ૬   તંત્રી: અરવિંદકુમાર આર આચાર્ય   તા ૧૩—૧૨—૭૬
B. A (Hons) L S G. D

### તંત્રી સ્થાનથી....

### ૧૮ મી શતાબ્દી મહોત્સવ અને નગરપાલિકાની પ્રશંસ્ય કામગીરી–

ઊંઝા નગરમાં ૨૫-૧૧ ૭૬ થી ૨૯-૧૧ ૭૬ સુધી ભારે દબદબાપૂર્વક શ્રી ઉમિયામાતાજીના ૧૮ મી શતાબ્દી મહોત્સવની ઉજવણી કરવામા આવી

પંદર લાખ જેટલા યાત્રાળુના અવિરત પ્રવાહને પહોંચી વળવા પાંચ પાંચ દિવસ સુધી ઘણી મોટી સંખ્યામાં કાર્યકરો અને સ્વયંસેવક ભાઇબહેનોએ સેવા અને ધર્મને જ લક્ષમાં રાખી સ્નેહપૂર્વક કામગીરી બજાવી સમગ્ર ભારતને ધર્મ અને સેવાનો નવો દ્રષ્ટિકોણ આપ્યો.

પ્રચાર સમિતિની પ્રશંસ્ય કામગીરીથી યાત્રાળુઓ મોટી સંખ્યામાં પધાર્યા તા બીજી તમામ સમિતિઓએ પધારેલ યાત્રીકોની સુંદર સેવા કરી. મહોત્સવને યશોજ્વલ બનાવ્યો

મહોત્સવ સમિતિએ જાહેર કરેલ યોજના મુજબનો માસ્ટર પ્લાન, ઉમા ઉદ્યાન, કિર્તિસ્તંભ વિ કામગીરીઓ તરફ સવિશેષ ધ્યાન આપી કાર્ય ઝડપી શરૂ કરશે તેમ જનમુખે સંભળાય છે.

આ પ્રસંગે તમામ શહેરીજનોએ પોતાની સેવાઓ યથાશક્તિ આપીજ છે તો સાથે સાથે નગરપાલિકાની નીચેની સેવાઓ યશકલગી રૂપ બની.

### કર્મચારીઓની ફરજ ધર્મ અને સેવા–

ઊંઝા નગરપાલિકાના તમામ કર્મચારીઓ પોતાની ફરજ ધર્મ અને સેવામાં મોખરે રહ્યા દરેક કર્મચારીએ પોતાના ફાળે આવતી કામગીરી આનંદ ઉત્સાહથી સંતોષકારક રીતે બજાવી શહેરની મુખ્ય સંસ્થાઓ પાંચ દિવસ બંધ રહી તો આ સંસ્થાના કર્મચારીઓને પોતાની કાયદેસરની બે રજાઓમાંથી એક રજા કેન્સલ કરી સેવાનો અદ્વિતિય નમુનો પુરો પાડયો તા નગરપાલિકાના સભાસદોની સેવાઓ પણ નોંધનીય છે.

શહેરના તુટેલા રસ્તાઓ ઉપર ડામરકામ થયું તો બાજરૂ, પેશાબખાનાં અને વૃક્ષોના રંગકામથી દિપોત્સવીથી પણ અધિક ઉલ્લાસમય શહેર બન્યું.

### વિજળીની નીયમીતતાએ લોકો અંજાયા–


નગરપાલિકાએ શહેરના રાજમાર્ગો ઉપરની ૨ ફુટની ટયુબ લાઇટ ની જગ્યાએ ૪ ફુટની ટયુબ લાઈટ લગાવી એ છા વિજળી દબાણથી નહિ ઉપડતી વિજળીના ફરિયાદ દુર કરી વિદ્યુત કમીટીના ચેરમેન શ્રીએ શહેરમાં રાત્રી ફેરણું રાખી બંધ પડેલ લાઈટ ચાલુ કરાવવાની સુંદર કામગીરી બજાવી નોંધપાત્ર બીના એ હતી કે વિદ્યુત બોર્ડની સતર્કતાને કારણે વિદ્યુત પુરવઠો સતત મળતો રહ્યો.

### ચોખ્ખું ગામ બન્યું યાત્રાનું ધામ–

પાણી, વિદ્યુત અગર બીજી જરૂરીયાતનો ગમે તેટલો બંદોબસ્ત હોય છતાં સફાઇ પ્રત્યે જો નિષ્ક્રિયતા રહે તો રોગચાળો જરૂર ફાટી નાકળે શહેરમાં રોગચાળો ફેલાય નહી તે માટે મે. જીલ્લા મેજીસ્ટ્રેટ સાહેબ મહેસાણાએ જાહેરનામું બહાર પાડયું જે અંગેનો સંપુર્ણ અમલ થાય તેની નગરપાલીકાએ ચીવટપુર્વક કાળજી લીધી છે

શ્રી ઉમિયા માતાજી

* ૧૮મી શતાબ્દિ મહોત્સવ વિશેષાંક *



કડવા પાટીદાર કુળદેવી શ્રી ઉમિયા માતાજી ઊંઝા

વર્ષ : ૩૦ નવેંબર : ૧૯૭૬ અંક : ૫

: તંત્રી :
પ્રભાતકુમાર દેસાઈ
: સલાહકાર :
પીતાંબર પટેલ
ડૉ. લીલાબેન કે. પટેલ

# ઊંઝામાં આવેલું શ્રી ઉમિયા માતાનું ભવ્ય મંદિર




## ત્યાં છે ઉમિયાજીનું ધામ, કુળદેવી મા

(ગરબો)

અરવો ગુર્જર દેશ ભારતવર્ષે વડેરું,
સરસ્વતીને તીર શ્રીસ્થળ તીર્થ અનેરું,
પાંચ કોશ તે પાસ ઉમાપુર નગર વસેલું,
કૃપા દેવીની થતાં અનુપમ ધામ બનેલું.
કડવા કૂર્મિ પટેલનું વિશેષ જ્યાં રહેઠાણ છે,
ઊંઝા હવે બાવન જનું, ત્યાં શ્રીઉમિયાજીનું ધામ છે.
ઊંઝા નગર સોહામણું રે...
ત્યાં છે ઉમિયાજીનું ધામ કુળદેવી મા
સંવત બસો ને બારમાં રે...
પૂર્યો તમોએ વાસ કુળદેવી મા
પૂર્વાભિમુખ બિરાજતાં રે...
ભૈરવ ગણેશ ક્ષેત્રપાલ કુળદેવી મા
સન્મુખ હવનના કુંડ છે રે...
યજ્ઞ ઘણેરા થાય કુળદેવી મા
સામે બજરંગબલી શોભત રે...
બહુચર માતા સાક્ષાત્ કુળદેવી મા.

ડાબે શિવાલય શોભતું રે...
ભુવનેશ્વર ભોળાનાથ કુળદેવી મા
સામે સરોવર સોહામણું રે...
માનસ સરોવર કહેવાય કુળદેવી મા
કાંઠે શિવાલય શોભતું રે...
દર્શનથી દુઃખ જાય કુળદેવી મા
વસંત પંચમી મહિમા રે...
પાટો ઉત્સવ ઉજવાય કુળદેવી મા
વૈશાખ કેરી પૂર્ણિમા રે...
વરઘોડો શહેરમાં જાય કુળદેવી મા
ચૈત્રી પૂનમ નેજા ચડે રે...
ભક્તો ગાએ ગુણગાન કુળદેવી મા
નવલા આવે માના નોરતા રે...
ઉત્સવ અનેરા થાય કુળદેવી મા
તમે એક વાર ઊંઝા આવજો રે...
પૂરા મનોરથ કુળદેવી મા

★


ધર્મસંદેશ
કિંમત રૂા. ૧૫૦
(ઊંઝા શક્તિપીઠનું જ્યોતિર્મય સ્વરૂપ)
તા. ૧-૬-'૮૦

# મહોત્સવ : પાવનદર્શન

## –: મા ઉમિયાનો ઉત્સવ :–

(રાગ– અમૃત ભરેલું અંતર જેનું સાગર જેવડું સંત)

ભરત ખંડની પશ્ચિમ સીમાએ, રૂડો ગુર્જર દેશ,
એની ઉત્તરે ગૈશ્ય વટામાં વિકસેલું સવિશેષ.
કડવા કુળદેવીનું ધામ,
મનોહર ઊંઝા ગામ.

સંવત બે હજાર તેત્રીસને, રૂડો માગસર માસ,
શુક્લ પક્ષની ચતુર્થીએ, ઉજવાયો પ્રસંગ ખાસ.
ઉમાપુર ઊંઝા ગામે,
મા ઉમિયાના ધામે,

અઢારમી શતાબ્દિ મહોત્સવ જેમાં લોક ભેળાં થાય,
અઢારે વરણની એકતાનું દ્રશ્ય ત્યાં દેખાય.
સૌએ લીધું ટાણું વધાવી
ભાવિ ભક્તો સર્વે મિલાવી.

મધ્ય પ્રદેશ, લાટ પ્રદેશ, કચ્છ ને કાઠિયાવાડ,
કડવા પાટિદાર જ્યાં જ્યાં વસતા, મરૂ ભૂમિ મારવાડ.
વાગડ વઢિયારમાં દીધી
કંકોત્રી મોકલી દીધી.

વિવિધ રંગી રચી સમિતિ; આયોજન કીધું સારૂં,
અતિથિઓને આવકારવાને, કોઇએ ન જોયું પાછું.
ધન્ય કડવા વીરોને,
ધન્ય ગ્રામ જનોને.

શેરીએ શેરીએ તોરણ બાંધ્યાં, સાથિયા પૂર્યા ચોકે,
રાજ મારગે મંડપ બાંધ્યા, સ્વાગત પાટિયાં ઝુલે.
ખૂણે ખૂણે પરબો મંડાણી
વ્યવસ્થા કીધી બહુ સારી.

ચારે દિશાથી ઉમટ્યું માનવ, લાખોની સંખ્યામાં,
આગગાડી, મોટરગાડી, જીપ ગાડી ને ટ્રેક્ટરમાં
પધાર્યાં નરને નારી,
શોભા દિસે બહુ સારી.

સહસ્ત્ર ચંડી દેવી યજ્ઞ આરંભ્યો, જ્યોત ઝળાંહળાં થાય,
વિપ્ર મુખેથી મંત્ર જ ભણતા, વેદનો નાદ સુણાય
તન્મય બની લોક નીરખતા,
દર્શન સાચા ભાવથી કરતા.

અમી ભરેલી આંખડી માની, વરસાવે તેજની ધાર,
સોળ સજી શણગાર મા બેઠા, શોભાનો નહી પાર.
માડી અમ સહાય કરજો.
કુશળ નિજ ભક્તોનું કરજો.

રૂડું રૂપાળું મુખ મા તારૂં, તેજ તણો નહિ પાર;
કસુંબી ચોળિયો સાળુડો શોભે, કંઠે એકાવળ હાર,
સેવક આવી દર્શન કરતા
ભેટ માને ચરણે ધરતા

સસ્તા દરથી મોટી સંખ્યામાં, લોક રસોડે જમતાં,
લાલ પીળી ધોળી લીલી ઝંડીએ, ખાણાં તો પીરસાતાં.
છતાં નવે ગંદકી થાતી,
પુરી ત્યાં શાંતિ સચવાતી,

સ્વયં સેવકો નિજ કાર્યક્ષેત્રે, કામ સુખેથી કરતા.
ખાવા પીવાની પરવા ન કરતા ડગલાં ફરજનાં ભરતા.
બુધ્ધિવંત બાહોશ કેવા
કરે સદ્‌ભાવથી સેવા.

વિવિધ રંગી ચીજ વસ્તુની, હાટડીઓ મંડાણી
માનવ મહેરામણ હારમાં ચાલે, આનંદ છોળ રેલાણી
પગલાં સૌ હેતથી ભરતા,
માનો જયકાર ગજવતા.

આનંદનો અદકેરો ધરોને, પુષ્પની વૃષ્ટિ થાય,
ધુમાડાબંધ સારૂં ગામ જમ્યું; ઓડકાર અમીના થાય.
દેવવૃંદ જોવા પધાર્યું,
ઉત્સવે સારૂં ધામ જગાડયું

પાંચ દિન સુધી ઓચ્છવ ચાલ્યો, અતિથી આવે ને જાય
ગ્રામજનો ઉમદા સ્વાગત કરતા, હૈયે હરખ ન માય.
આનંદ સઘળે વરતાતો,
કાન્તિ માના ગુણલા ગાતો.

કાન્તિ વાળંદ ઊંઝા

# પ્રચાર સાહિત્ય

## પધારો ઊંઝા



કડવા પાટીદાર કુળદેવી શ્રી ઉમીયા માતાજી ઊંઝા

## કડવા પાટીદાર કુળદેવી

### શ્રી ઉમિયા માતાજી ઊંઝા
(ઉ. ગુજરાત)

## ૧૮મી શતાબ્દી મહોત્સવ

## હોમાત્મક સહસ્ત્ર ચંડીયજ્ઞ

આ મહોત્સવમાં સહભાગી બની માતાજીનાં દિવ્ય દર્શનનો લાભ લેવા હાર્દિક આમંત્રણ છે.

પ્રારંભ: સંવત ૨૦૩૩ના માગસર સુદ ૪ ગુરુવાર તા.૨૫-૧૧-૭૬.
પૂર્ણાહુતિ: સંવત ૨૦૩૩ના માગસર સુદ ૮ સોમવાર તા.૨૯-૧૧-૭૬.

પ્રચાર અને પ્રકાશન સમિતિ ઊંઝા.

અજન્ટા ઓફસેટ અમદાવાદ-૨૨

# મહોત્સવની આછી રૂપરેખા

**આજથી** ૧૮૦૦ વર્ષ પહેલાં સંવત ૨૧૨ માં કડવાક્ષેત્રી વ્રજપાલજીએ શિવજીની આજ્ઞાથી શ્રી ઉમિયા માતાને પ્રસન્ન કરી કડવા પાટીદાર કુળદેવી શ્રી ઉમિયા માતાજીની ઉમાપુરમાં પ્રતિષ્ઠા કરી. માતાજીના નામ ઉપરથી ઊંઝાનું જૂનું નામ ઉમાપુર હતું. એ પુરાણા મંદિરને સ્થાને પથ્થરબંધી શિલ્પાકૃત મંદિર સંવત ૧૯૦૦ ના અરસામાં નવનિર્મિત થયેલું છે. ત્યારબાદ સંવત ૧૯૪૮ માં સમસ્ત કડવા પાટીદાર જ્ઞાતિબંધુઓની સહાયથી સ્વ. શેઠશ્રી બેચરદાસ અંબાવીદાસ લશ્કરી અમદાવાદવાળાના પ્રમુખપદે મંદિરનું સવિશેષ, શિલ્પ, સ્થાપત્ય, ધાબાબંધી ધર્મશાળા, ફરતો કિલ્લો અને માનસરોવર વિગેરેનું બાંધકામ થયેલ છે.

**માતાજી**ની કૃપાથી કડવા પાટીદારના દીકરા-દીકરીનાં લગ્ન દર બાર વર્ષે માતાજીનાં દ્વાર ઉઘડે ત્યારે અગાઉ સમૂહ લગ્નો થતાં. આજે જમાનો બદલાયો છે છતાં માતાજીના ગૌરવ અને સંસ્કાર વારસાનું જતન કરવા દીકરા દીકરીએ લગ્ન પછી માતાજીના આશીર્વાદ મેળવવા જરૂરી છે. " કુળ અને કુળદેવીને કદી કુળવાન મનુષ્ય વિસારી શકે નહીં " એ વાતનો ભાવપૂર્વક સ્વીકાર કરીએ.

**આજે** જ્યારે સમગ્ર ભારત સહિત આખી દુનિયા ભૌતિક સુખ સગવડોથી સમૃદ્ધ બની હોવા છતાં અજંપો અને અશાંતિ અનુભવી રહી છે, માનસિક વિકૃતિઓ વધી રહી છે, નીતિનાશના માર્ગે પ્રજા ઝડપથી ડૂબી રહી છે, તેવા સંજોગોમાં તેમાંથી ઉગરવાનો એક માત્ર માર્ગ આપણને ભારતીય સંતો અને સંસ્કૃતિએ દર્શાવેલો છે તે છે ધર્મપરાયણતા કેળવવાનો. ધર્મ, નીતિ, સંયમ, સદ્ભાવના વિગેરે સદ્ગુણો કેળવી સાચી શાંતિ મેળવવા આદ્યશક્તિ માતાશ્રી ઉમિયાજીને પ્રસન્ન કરી જીવનમાં સાચો ઉલ્લાસ કેળવીએ. આ તક આપણને સાંપડી છે તો પૂરા તન, મન અને ધનથી ફરજ અદા કરવાનો અવસર ન ચૂકીએ.

**સમસ્ત** કડવા પાટીદાર આલમ ગુજરાત, કચ્છ, સૌરાષ્ટ્ર, માળવા, ઈન્દોર, પંજાબ એટલે કે ભારતભરમાં અને પરદેશોમાં વસે છે તે સૌને કુળદેવી પ્રત્યે પૂર્ણ ભક્તિભાવ અને આદર છે, કડવા પાટીદારોની સંખ્યા આશરે ૬૦ થી ૭૦ લાખની હોવાનું માનવામાં આવે છે " કડવા પાટીદાર ભલા, ભોળા, મહેનતું અને સાહસિક છે, તે સુખી થશે " ( કડવા પાટીદાર અને ક્ષત્રિય ઉત્પત્તિ અને ઇતિહાસ પુસ્તકના આધારે ) આપણને કુળદેવીશ્રી તરફથી આશીર્વાદ મળેલા છે.

કુળદેવીશ્રી માતાજીનો આવો વિશાળ પરિવાર હોવા છતાં, અત્યાર સુધીમાં સંગઠિત રીતે સમસ્ત કડવા પાટીદાર સમાજ અને માતાજીના સંસ્થાનમાં ભાગ્યે જ રસ લીધો હશે. એટલે વર્ષોથી માતાજીના ભાવિક ભક્તોમાં આપણે કોઈ નિમિત્તે ભેગા મળીએ, વિચાર વિમર્શ કરીએ, પરસ્પરને ઉપયોગી થઈએ, માતાજીના આશીર્વાદને પાત્ર બનીએ એવી ઝંખના રહ્યા કરી છે. આદરણીય શેઠ શ્રી અરવિંદભાઈ એન. મફતલાલે આ દિશામાં યજ્ઞ કરાવીને આપણને વિચારતા કર્યા હતા. " જ્યાં જ્યાં કડવો ત્યાં ત્યાં કંકોત્રી " એ વિચારે સમગ્ર કડવા પાટીદાર જ્ઞાતિને આમંત્રવી એ ભગિરથ કાર્ય અશક્ય નહીં તો મુશ્કેલ તો છે જ પરંતુ જ્ઞાતિ અને માતાજી પ્રત્યેની નિષ્ઠા અને શ્રદ્ધા આવા કોઈ મહોત્સવને નિમિત્ત લઈ આપણને એ કાર્યમાં આગળ વધવાની સતત પ્રેરણા આપે છે એક લેખકે કહ્યું છે કે " જ્યાંથી વિજ્ઞાન પૂરું થાય છે ત્યાંથી શ્રદ્ધા આગળ વધે છે. " માતાજીમાં શ્રદ્ધા રાખનાર કદાપી નિરાશ થતો નથી. આવી શુદ્ધ શ્રદ્ધા અને પૂર્ણ નિષ્ઠાવાળા વિચારને વાચા આપવા માતાજી સંસ્થાનની કારોબારી સભાએ તા. ૧૮–૪–૭૬ ના રોજ ઠરાવ કરેલો જે ઠરાવને સંસ્થાની જનરલ સભાએ તા. ૧૩–૫–૭૬ ના રોજ બહાલી આપી. ૧૮ મી શતાબ્દી મહોત્સવ અને હોમાત્મક સહસ્રચંડી યજ્ઞ સંવત ૨૦૩૩ ના માગસર સુદ ૪ થી સુદ ૮ તા. ૨૫–૧૧–૭૬ થી તા. ૨૯–૧૧–૭૬ સુધી માતાજીના સાનિધ્યમાં ભવ્ય રીતે ઉજવવાનું નક્કી કરવામાં આવ્યું છે. તે પછી ગામના નાગરિકોની જાહેર સભાએ આ વિચારને વધાવી લીધો! આ મહોત્સવની ઉજવણી માટે ૧૦૫ સદ્ગૃહસ્થો તથા શ્રી ઉમિયા માતાજી સંસ્થાનની કારોબારીના ૬૫ સભ્યો સહિત કુલ ૧૭૦ સભાસદોની એક કારોબારી સમિતિ બનાવવામાં આવી છે તેમાંથી મહોત્સવના સમગ્ર આયોજન માટે નીચે પ્રમાણે વિવિધ સમિતિઓની રચના કરવામાં આવી છે.

૧ મહોત્સવ સમિતિ
૨ સ્વાગત સમિતિ
૩ નાણાં સમિતિ
૪ પ્રચાર અને પ્રકાશન સમિતિ
૫ યજ્ઞ સેવા સમિતિ
૬ સરભરા સમિતિ
૭ મંડપ અને ઉતારા સમિતિ
૮ આરોગ્ય, પાણી અને દીવાબત્તી સમિતિ
૯ સલામતી અને વ્યવસ્થા સમિતિ
૧૦ વાહનવહેવાર સમિતિ
૧૧ પ્રસાદ સમિતિ

**અત્યાર** સુધીમાં સૌ પ્રથમવાર જ આવો ભવ્ય મહોત્સવ ઉજવાઈ રહ્યો હોવાથી આ પ્રસંગે તેને અનુરૂપ માતાજી અને મંદિરનો ઇતિહાસ, કડવા પાટીદારોની ઉત્પત્તિ, ઇતિહાસ અને વિકાસ તથા માતાજીના શિલ્પ, સ્થાપત્ય, કલાકૃતિઓ, માતાજી સંસ્થાનની વિકાસગાથા વિગેરે સંબંધિત સચોટ માહિતી પૂર્ણ અને આકર્ષક **સ્મરણિકા** પ્રગટ કરવાનું નક્કી કરવામાં આવ્યું છે.

**પ્રચારાત્મક** સાહિત્ય છપાઈ રહ્યું છે, દેશવિદેશમાં જ્ઞાતીજનોના સંપર્ક સધાઈ રહ્યા છે, ગામડે ગામડે અને શહેરોમાં મહોત્સવની ઉજવણીનો અનેરો ઉત્સાહ વધી રહ્યો છે. ઊંઝામાંથી ૨૦૦૦ યુવાન સ્વયંસેવકો ઉત્સાહભેર નોંધાયા છે. લાખોની સંખ્યામાં માતાજીના દર્શનાર્થે આવનાર ભાઈ–બહેનોની ઉતારાની, વાહનવહેવારની, દર્શનની, પ્રસાદની વિગેરે તમામ સુવિધાઓ સાચવવાનું ભગીરથ કાર્ય આપણે આરંભ્યું છે તે માતાજીની કૃપાથી અને આપ સૌના સહકારથી સફળ થશે એવી સંપૂર્ણ શ્રદ્ધા છે.

॥ उमाशरणात्तु जगान्तरेष्वपि ॥

☎ ૨૪૭૨

કડવા પાટીદાર કુળદેવી શ્રી ઉમિયા માતાજી

ઊંઝા. ( ઉ. ગુજરાત )

## ૧૮ મી શતાબ્દી મહોત્સવ
## હોમાત્મક સહસ્રચંડી યજ્ઞ



કડવા પાટીદાર કુળદેવી શ્રી ઉમિયા માતાજી ઊંઝા

પ્રારંભ :- તા. ૨૫-૧૧-૭૬ ગુરૂવાર

પૂર્ણાહુતિ :- તા. ૨૯-૧૧-૭૬ સોમવાર



કડવા પાટીદાર કુળદેવી શ્રી ઉમિયા માતાજી ઊંઝા

### આટલુ તો કરીએ જ

૧ ઘેર ઘેર કુળદેવીશ્રી ઉમિયા માતાજીનો ફોટો રાખીએ.

૨ કડવા પાટીદારના દીકરા દીકરીના સગપણ (ચાંલ્લા) પ્રસંગે માતાજીનો ચાંદીનો સિક્કો આપીએ.

૩ દીકરા દીકરીના લગ્ન / પ્રસંગે સૌથી પહેલી કંકોત્રી માતાજીને લખવાનું ન ભૂલીએ.

૪ કડવા પાટીદાર દંપત્તિએ લગ્ન કર્યા પછી વર્ષે દિવસે માતાજીના આશીર્વાદ મેળવવા દર્શનાર્થે આવવાની પ્રથા જાળવીએ.

૫ આપણી આવકમાંથી તથા શુભ પ્રસંગોએ યથાશકિત ફાળો દર વર્ષે માતાજીમાં ભેટ રૂપે મોકલાવીએ.

મુદ્રણસ્થાન : શ્રી ગુજરાત પ્રિન્ટરી.-ઊંઝા

આવા મોટા મહોત્સવ પ્રસંગે થતા ખર્ચને પહોંચી વળવા નાણાં સમિતિએ કમર કસી છે દરેક કડવા પાટીદારના દિલમાં પોતાનો યથાશક્તિ ફાળો આપી કૃતાર્થ થવાની ભાવના રહેલી છે જ. નાણાં સમિતિને સુંદર આવકાર મળી રહ્યો છે. આ સમિતિએ ઊંઝામાં ઉત્સાહજનક કામ કર્યું છે. દસક્રોઈ તાલુકાના, અમદાવાદ જિલ્લાના અને અન્ય વિસ્તારના આપણા જ્ઞાતિ આગેવાનોએ પોતાનો લક્ષાંક જાહેર કરી નાણાંકીય સહકાર માટે પૂરજોરથી કામ કરી રહ્યા છે. પૈસાના અભાવે કોઈ પણ કામ બાકી રહેવાનું નથી એવો સૌનો નિર્ધાર છે એ આપણા સૌને માટે આનંદની વાત છે.

રૂા. ૫૦૧) અને તેથી વધુ રકમ આપનારના નામ સ્વાગત સભ્ય તરીકે નોંધવામાં આવે છે. ઘણા સ્વાગત સભ્યો નોંધાયા છે. પૂરા ઉત્સાહથી આ કામ આગળ વધી રહ્યું છે. ગામે ગામ તે દિશામાં આગળ વધે તે જરૂરી છે.

**આ મહોત્સવ** કરતાં વધતાં નાણાંનો ઉપયોગ માતાજી સંસ્થાનના વિકાસમાં જ કરવાનું ઠરાવવામાં આવ્યું છે કડવા પાટીદારોની કુળદેવીના સ્થાનકની ભવ્યતા, રમણિયતા અને દિવ્યતાના વિકાસમાં તથા દેશભરમાંથી આવનાર ભાવિક યાત્રાળુઓને જરૂરી સુવિધાઓ આપવામાં થશે. હાલમાં અદ્યતન ધર્મશાળાની ઊણપ વર્તાય છે ત્યારે આવકના વધારામાંથી એવી ધર્મશાળા બનાવવાની વિચારણા ચાલી રહી છે.

**આ મહોત્સવની** સફળતા માટે દરેક કડવા પાટીદાર સહભાગી થઈ બધાએ એકબીજાના સાથ સહકારથી કાર્યો કરવાનાં છે.

**અંતમાં** સ્વામી વિવેકાનંદના " ઊઠો, જાગો અને ધ્યેયપ્રાપ્તિ સુધી મંડયા રહો " ના નાદે આપણે મહોત્સવના પડકારને માતાજીની પ્રેરણાથી પાર ઉતારીએ એવી અભિલાષા છે.

**આ ભગિરથ** કાર્યમાં દરેક જ્ઞાતીજનોએ પવિત્ર ફરજ સમજી આ મહોત્સવમાં તન, મન અને ધનથી સહકાર આપવા વિનંતી છે.

તા. ૨૮-૯-૭૬ — **પ્રચાર અને પ્રકાશન સમિતિ**



॥ उमाशरणमस्तु जन्मान्तरेष्वपि ॥
કડવા પાટીદાર કુળદેવી શ્રી ઉમિયા માતાજી
ઊંઝા. (ઉ. ગુજરાત) ફોન : ૨૪૭૨

## ૧૮ મી શતાબ્દી મહોત્સવ સમિતિ આપનું હાર્દિક સ્વાગત કરે છે.

શ્રી ઉમિયા માતાજી, ઊંઝા



મહોત્સવમાં પધારેલ ભાવિકો માટેની
માર્ગ દર્શિકા

# ભોમિયો

: મહોત્સવ સમિતિના અગત્યના સ્પેશીયલ ટેલીફોન :

| | | | |
|---|---|---|---|
| ૧ | માતાજી સંસ્થાન | (ઉમિયા માતાજી) — | ૨૪૭૨ (કાયમી) |
| ૨ | મહોત્સવ સમિતિ તથા નાણાં સમિતિ | ,, — | ૨૮૯૮ |
| ૩ | પ્રચાર સમિતિ | (પૂછપરછ)(માતાજીમાં) — | ૨૮૯૭ |
| ૪ | રસોડા સમિતિ | (કોલેજ મેદાન) — | ૨૮૩૭ |
| ૫ | ઉતારા સમિતિ | (ખાખીજ માતા પાસે) — | ૨૮૬૯ |
| ૬ | નવીન એસ.ટી. સ્ટેન્ડ | (વિસનગરરોડ) — | ૨૮૯૬ |
| ૭ | નવીન એસ.ટી. સ્ટેન્ડ | (હાઈવે રોડ) — | ૨૮૯૮ |
| ૮ | સલામતિ સમિતિ તથા પૂછપરછ ઓફીસ | મુખ્ય પ્રવેશ દ્વાર — | ૨૮૭૭ |
| ૯ | આરોગ્ય, પાણી, દીવાબત્તી | સ્ટેશન રોડ | ૨૩૧૨ |
| | ,, ,, ,, | ઊંઝા નગર પાલિકા | ૨૩૦૧ |
| ૧૦ | સ્વયંસેવક સમિતિ તથા મુખ્ય વેચાણ કેન્દ્ર | સાર્વજનિક | ૨૮૨૨ |

તા. ૨૫-૧૧-૭૬ થી ૨૯-૧૧-૭૬ સુધી —પ્રચાર અને પ્રકાશન સમિતિ-ઊંઝા

## માર્ગ દર્શિકા

(૧) વાહન વહેવાર માટે નીચે પ્રમાણે છ બસ સ્ટેન્ડની વ્યવસ્થા કરવામાં આવી છે. (૧) ઉમા પેટ્રોલ પંપની બાજુમાં હાઈવે રોડ. (૨) ઉમા સોસાયટી પાછળ, વિસનગર રોડ, (૩) મલાઈ તળાવ પાસે. (૪) લશ્કરી છાવણી (૫) નવું બસ સ્ટેન્ડ હાઈવે રોડ, ચાર રસ્તા (૬) હાઈવે રોડ ચાર રસ્તા, પાટણ રોડ.

કાર પાર્કિંગ :- (૧) હાઈવે રોડ ભરતનગર સોસાયટીની બાજુમાં (૨) વિસનગર રોડ ફ બજાર (૩) મલાઈ તળાવ (૪) લશ્કરી છાવણી

સ્કુટર પાર્કિંગ :- (૧) હાઈવે રોડ, માર્ટિન ટ્રેકટરની પાછળ, (૨) વિસનગર, રોડ ઉમા સોસાયટીની બાજુમાં (૩) મલાઈ તળાવ (૪) લશ્કરી છાવણી

ટ્રેકટર પાર્કિંગ :- (૧) ટ્રેની સ્ટેશનની સામે, હાઈવે રોડ, (૨) વિસનગર રોડ ઉમા સોસાયટી પાછળ (૩) મલાઈ તળાવ (૪) લશ્કરી છાવણી (૫) પાટણ રોડ, હાઈવે રોડ, ચાર રસ્તા (૬) ભરતનગર સોસાયટીની બાજુમાં હાઈવે રોડ

વધુ માહિતી માટે ટેલીફોન નં. ૨૩૨૭, ૨૫૫૭, ૨૩૦૯ નો સંપર્ક સાધો.

(૨) તા. ૨૪-૧૧-૭૬ થી તા. ૩૦-૧૧-૭૬ સુધીના દિવસોમાં દરરોજ અમદાવાદથી સવારે ૮-૧૦ કલાકે સ્પે. ટ્રેન ઉપડશે તે ઊંઝા ૧૧-૨૬ કલાકે અને પાલનપુર ૧૩-૩૦ કલાકે પહોંચશે. પાલનપુરથી સાંજે ૧૭-૪૫ કલાકે ઉપડી ઊંઝા ૧૮-૫૦ કલાકે આવશે અને અમદાવાદ ૨૨-૧૦ કલાકે પહોંચાડશે.

(૩) આપના પગરખાની સાચવણી માટે પગરખાં કેન્દ્રનો ઉપયોગ કરો

(૪) મહોત્સવ સમિતિ તરફથી ખાસ ઉભા કરેલ સ્ટોલો પરથી નક્કી કરેલ ભાવથી શ્રીફળ અને પ્રસાદ મળી રહેશે.

(૫) માતાજીના દર્શનની સુવિધા માટે સ્ત્રી પુરૂષના જુદા વિભાગ રાખવામાં આવ્યા છે આપ જ્યારે માતાજીના દર્શન કરવા લાઈનમાં જશો ત્યારે આપ આપના સ્ત્રી વર્ગના સ્વજનથી જુદા પડશો તે માટે દર્શન કરી પાછા ફરતા ભેગા થવાનું સ્થાન આપ પ્રવેશ દ્વાર આગળના ખુલ્લા ચોગાનમાં દર્શન કરવા લાઈનમાં જાવ તે પહેલાં નક્કી કરી રાખશો. જેથી દર્શન કરી ફરીથી ભેગા થવામાં આપને તકલીફ પડે નહિ (દર્શન નો સમય સવારે ૫ થી રાત્રે ૧૦ સુધી

(૬) આ પ્રસંગે જુદા જુદા સ્થળોએ ખાસ ઉભા કરેલ કાઉન્ટરો ઉપર ઓછામાં ઓછી રૂ. ૧૧] અગીયાર કે તેથી વધુ રકમની ભેટ આપી પાવતી મેળવી માતાજીના આશીર્વાદ મેળવો.

(૭) આ મહોત્સવ પ્રસંગે રૂ. ૫૦૧] કે તેથી વધુ રકમ આપી સ્વાગત સભ્ય બનો.

(૮) મહોત્સવની કાયમી યાદગીરી માટે આપ માતાજીના વિવિધ પ્રકારના ફોટા તથા માતાજીના ફોટાવાળા ક[illegible] ; ગ્લાસ, ટીન પ્લેટના નાના-મોટા કેલેન્ડરો, માતાજીની મુર્તિ તથા પંચધાતુનો ૧૦ ગ્રામનો શુદ્ધ ચાંદીનો સિક્કો (મુદ્રા) ઘરમાં કાયમ રાખવા માટે. આપણા અને માતાજીના ઇતિહાસ રૂપે પ્રસિદ્ધ કરેલ પુસ્તિકા (સ્મરણિકા) વિગેરે ખરીદો.

(૯) આપ સૌ માટે જમવાની વ્યવસ્થા કોલેજ ઓફ એન્જીનીયરીંગના મેદાન ઉપર કરવામાં આવી છે. તો જમવાના પાસ મેળવી જમવામાં ધીરજ રાખી સહકાર આપશો.

(૧૦) નાસ્તાની બાબતમાં આપને પુરી-શાક, ચા-કોફી અને પાન-બીડી વિવિધ સ્થળોએ આન ઉભા કરેલ સ્ટોલોમાંથી મળશે.

(૧૧) રહેઠાણ વ્યવસ્થા — યાત્રિકો માટે રહેઠાણની સુંદર વ્યવસ્થા નીચે પ્રમાણે છે. તેમાં સહકાર આપી વ્યવસ્થાને સફળ બનાવવા આપને વિનંતી છે.

| નંબર | રહેઠાણનું નામ | સ્થળ | કોને માટે ? |
|---|---|---|---|
| ૧ | ઉમિયા ભવન | સ્ટેશન રોડ ખાખીજમાતા પાસે | મહેમાનો વિદેશી |
| ૨ | શ્રી. એમ. પટેલ કોમ્પ્લેક્ષ | ગંજબજાર રોડ | મુંબઈ શહેર |
| ૩ | પ્રાથમિક કન્યા શાળા—૬ / પ્રાથમિક કુમાર શાળા—૨ | ગંજબજાર રોડ | અમદાવાદ શહેર |
| ૪ | પ્રાથમિક કુમાર શાળા—૨ | [illegible] | [illegible] માટે |
| ૫ | માર્કેટયાર્ડ નાગરિક બેંકની બાજુમાં | ચ.ભ.-૧ | [illegible] |
| ૬ | ,, [illegible] બેંકની બાજુમાં | ચ.ભ.-૨ | [illegible] |
| ૭ | ,, [illegible] | ચ.ભ.-૩ | [illegible] |
| ૮ | ,, ,, [illegible] | ચ.ભ.-૪ | [illegible] |
| ૯ | ,, ,, [illegible] | ચ.ભ.-૫ | [illegible], કડી, વિરમગામ |
| ૧૦ | ,, ,, [illegible] | ચ.ભ.-૬ | ગુજરાત જિલ્લાઓ માટે |
| ૧૧ | ,, [illegible] | ચ.ભ.-૭ | વડોદરા, ભરૂચ, વલસાડ, સુરત (દ. ગુજરાત) માટે |
| ૧૨ | નગરજનોના નવાં મકાનો અને કન્યા છાત્રાલય | ચ.ભ.-૮ | સ્વાગત સભ્યો માટે |

(૧૨) નાનાં બાળકો માટે ખાખીજ માતા પાસે અને બહેચરી માતા પાસે દૂધની વ્યવસ્થા માટે કેન્દ્રો ઉભાં કરેલ છે.

(૧૩) આરોગ્ય—પાણી—દીવાબત્તી :—

મહોત્સવ નિમિત્તે વિવિધ જગ્યાએ ખાસ ૩૫૦ સંડાસ (જાજરૂ) અને ૧૫૦ પેશાબઘર ઉભાં કરવામાં આવ્યા છે. તેનો ઉપયોગ કરી સ્વચ્છતા જાળવવામાં સહયોગ આપો.

ઊંઝાના તમામ ડોક્ટરોએ મહોત્સવના દિવસોમાં વિનામૂલ્યે આરોગ્ય સેવા આપવાની જવાબદારી સ્વીકારી છે. તે ઉપરાંત નૂતન હોસ્પિટલ (કોટકુવા પાસે) અને કોટેજ હોસ્પિટલમાં (ખાખીજ માતા પાસે) ખાસ પ્રાથમિક આરોગ્યની સગવડો વિના મૂલ્યે આપો દિવસ મળી રહેશે.

તમામ રહેઠાણના અને જાહેર ઉપયોગી સ્થળોએ દીવાબત્તીની સંપૂર્ણ વ્યવસ્થા કરવામાં આવી છે.

ઊંઝા નગરપાલિકાએ મહોત્સવ પ્રસંગે ખાસ રસ લઈ ખાખીજ માતા પાસેના નવા બોરના પાણીની સગવડ કરી છે. યાત્રિકો માટેના રહેઠાણના સ્થળો, જાહેર રસ્તાઓ, બસ સ્ટેશનો, ઉમિયાનગર વિગેરે જગ્યાએ મળી કુલ પાણીના ૪૫૦ નળની સગવડ કરવામાં આવી છે. સ્વેચ્છાએ ગામમાં જાહેર રસ્તાઓ ઉપર ૫૦૦ ગઢા મૂકી પાણી પીવાની વ્યવસ્થા ઊંઝાના નગરજનોએ સ્વીકારેલી છે.

(૧૪) આવા મોટા માનવ સમુદાયમાં આપના કિંમતી ચીજની ખાસ સાવચેતી રાખતા રહેજો.

(૧૫) આપનાં સ્વજન કે નાના બાળકો આપનાથી વિખૂટા પડી ગયા હોય તો સલામતી સમિતિનો સંપર્ક સાધો અગર તો પૂછપરછ ઓફીસમાં મળો.

(૧૬) આ પ્રસંગે ખાસ ઉભા કરેલ જાજરૂ, પેશાબખાના, પાણીની પરબો અને હાથ-મોં ધોવા માટેનાં સ્ટેન્ડો તથા કચરા પેટીનો ઉપયોગ કરી સફાઈ અને આરોગ્યની જાળવણીમાં સહકાર આપશો.

આ પ્રસંગે કરેલી વ્યવસ્થામાં સહકાર આપી સહભાગી બનવા વિનંતી.

તા. ૨૪-૧૧-૭૬
૧૮ મી શતાબ્દી મહોત્સવ સમિતિ
શ્રી ઉમિયા માતાજી, ઊંઝા

ઊંઝાનાં જોવા લાયક અન્ય સ્થળો :—

૧) માર્કેટ યાર્ડ ૨) ઊંઝા ફાર્મસી ૩) કન્યા છાત્રાલય ૪) વૈજનાથ મહાદેવ ૫) ખાખીજ માતા ૬) જૈનોનાં દેરાસર ૭) કાશીપંચ મહાદેવ

## ૐ આટલુ તો કરીએ જ ૐ

૧ ઘેર ઘેર કુળદેવી શ્રી ઉમિયા માતાજીનો ફોટો રાખીએ.

૨ કડવા પાટીદારના દીકરા દીકરીના સગપણ (ચાલ્લો) પ્રસંગે માતાજીનો ગાંઠીનો સિક્કો આપીએ.

૩ દીકરા - દીકરીના લગ્ન પ્રસંગે સૌથી પહેલી કંકોત્રી માતાજીને લખવાનું ન ભૂલીએ.

૪ કડવા પાટીદાર દંપત્તિએ લગ્ન કર્યા પછી વર્ષ દિવસે માતાજીના આશીર્વાદ મેળવવા દર્શનાર્થે આવવાની પ્રથા પાડીએ.

૫ આપણી આવકમાંથી તથા શુભ પ્રસંગોએ યથા શક્તિ ફાળો દર વર્ષે માતાજીમાં ભેટ રૂપે મોકલીએ.

મુદ્રણાલય : શ્રી ગુજરાત પ્રિન્ટરી,-ઊંઝા.

॥ उमासरणमस्तु जन्मान्तरेष्वपि ॥ ફોન : ૨૪૭૨

પધારો ઊંઝા....! પધારો ઊંઝા....!!

કડવા પાટીદાર કુળદેવી શ્રી ઉમિયા માતાજી સંસ્થાન – ઊંઝા

## ૧૮મી શતાબ્દી મહોત્સવ

# જાહેર આમંત્રણ




સહર્ષ જણાવવાનું કે, કડવા પાટીદાર કુળદેવી શ્રી ઉમિયા માતાજીના ૧૮ મી શતાબ્દી મહોત્સવની ઘણા વર્ષો બાદ બારે ધામધુમથી ભવ્ય રીતે ઉજવણી થનાર છે. આ પ્રસંગે હોમાત્મક સહસ્ત્રચંડી યજ્ઞનું પણ આયોજન રાખવામાં આવેલ છે. તો આ મહોત્સવમાં સહભાગી બની માતાજીનાં દિવ્ય દર્શનનો લાભ લેવા હાર્દિક આમંત્રણ છે.

**વધુ માહિતી માટે કાર્યાલયનો સંપર્ક સાધવા વિનંતી છે.**

પ્રચાર અને પ્રકાશન સમિતિ - ઊંઝા.

પ્રારંભ :— સંવત ૨૦૩૩ના માગશર સુદ ૪ ને ગુરૂવાર તા. ૨૫-૧૧-૭૬
પૂર્ણાહુતિ :— સંવત ૨૦૩૩ના માગશર સુદ ૮ ને સોમવાર તા. ૨૯-૧૧-૭૬

---

॥ उमासरणमस्तु जन्मान्तरेष्वपि ॥ ફોન : ૨૪૭૨

કડવા પાટીદાર કુળદેવી શ્રી ઉમિયા માતાજી સંસ્થાન
ઊંઝા. (ઉ. ગુ.)

## ૧૮ મી શતાબ્દી મહોત્સવ

હોમાત્મક સહસ્ત્રચંડી યજ્ઞ

તા. - -૧૯

પ્રતિ,
શ્રી

સવિનય જણાવવાનું કે કડવા પાટીદાર કુળદેવી શ્રી ઉમિયા માતાજી સંસ્થાન ઊંઝાનો ૧૮ મી શતાબ્દી મહોત્સવ તથા હોમાત્મક સહસ્ત્રચંડી યજ્ઞ સં. ૨૦૩૩ના માગસર સુદ ૪ ને ગુરૂવાર તા. ૨૫-૧૧-૭૬ થી તા. ૨૯-૧૧-૭૬ સુધી ઘણા વર્ષો બાદ બારે ધામધૂમથી ઉજવવાનું નક્કી કરેલ છે. આ પ્રસંગે ભારત ભરના કડવા પાટીદાર ભાઈઓને આમંત્રણ આપવાનું હોવાથી તે અંગેની કાર્યવાહીથી વાકેફ થવા તથા તે અંગેની ચર્ચા વિચારણા કરવા માટે આપ અને આપના કારોબારી સભ્યોને પધારવા આમંત્રણ પાઠવીએ છીએ તો સંવત ૨૦૩૨ના આસો સુદ ૫ ને મંગળવાર તા. ૨૮-૯-૭૬ ના રોજ સવારે ૯-૦૦ કલાકે શ્રી ઉમિયા માતાજીમાં પધારવા વિનંતી છે.

બપોરના જમવાની વ્યવસ્થા કરવામાં આવેલ છે તે જાણુ સારૂં.

ચેરમેન/મંત્રી
૧૮ મી શતાબ્દી મહોત્સવ સમિતિ
શ્રી ઉમિયા માતાજી સંસ્થાન, ઊંઝા.

પ્રારંભ :— સંવત ૨૦૩૩ના માગસર સુદ ૪ ને ગુરૂવાર તા. ૨૫-૧૧-૭૬
પૂર્ણાહુતિ :— સંવત ૨૦૩૩ના માગસર સુદ ૮ ને સોમવાર તા. ૨૯-૧૧-૭૬



શ્રી ઉમિયા માતાજી

॥ उमाशरणमस्तु जन्मान्तरेष्वपि ॥ ફોન : ૨૪૭૨

# Shri Kadva Patidar Kuldevi Shri Umiyamataji Sansthan

## કડવા પાટીદાર કુળદેવી શ્રી ઉમિયા માતાજી સંસ્થાન

UNJHA ઊંઝા. ૩૮૪૧૭૦ (ઉ. ગુજરાત)

## ❋ ૧૮ મી શતાબ્દી મહોત્સવ ❋

### હોમાત્મક સહસ્ત્રચંડી યજ્ઞ

## જાહેર ઉછામણી

હોમાત્મક સહસ્ત્રચંડી યજ્ઞમાં બેસવા માટેની પાટલાઓની ઉછામણીઓ કારતક વદ ૭ ને રવિવાર તારીખ ૧૪-૧૧-૭૬ ના રોજ બપોરે ૨-૦૦ વાગે શ્રી ઉમિયા માતાજીના મંદિરે રાખવામાં આવી છે. તો આવા વિરલ, ભવ્ય અને પવિત્ર પ્રસંગમાં બેસવાનું સદ્ભાગ્ય પ્રાપ્ત કરવા અને જીવન ધન્ય બનાવવા આ ઉછામણીમાં ઉમંગભેર ભાગ લેવા આમંત્રણ છે.

ઘણાં વર્ષો બાદ ભારે ધામધૂમથી ઉજવાતા આ મહોત્સવમાં માતાજીનાં દિવ્ય દર્શન કરવા જાહેર આમંત્રણ પાઠવીએ છીએ.

નોંધ:- (૧) ઉછામણીમાં ભાગ લેવા રૂબરૂ હાજર રહેવા અથવા પ્રતિનિધિને મોકલવા વિનંતિ છે.



(૨) મુખ્ય પાટલા સાથે કુલ નવ પાટલાની ઉછામણી થશે. તે સિવાય પ્રસંગને અનુરૂપ બીજી ઉછામણીઓ પણ થશે.

—૧૮ મી શતાબ્દી મહોત્સવ સમિતિ, ઊંઝા.

પ્રારંભ:— સંવત ૨૦૩૩ ના માગસર સુદ ૪ ને ગુરૂવાર તા. ૨૫-૧૧-૭૬

પૂર્ણાહુતિ:— સંવત ૨૦૩૩ ના માગસર સુદ ૮ ને સોમવાર તા. ૨૯-૧૧-૭૬

## ❋ ધનનો સાચો ઉપયોગ — પરમાર્થ ❋

ધન અને ધર્મ બન્ને મોક્ષના સાધન છે. ધન જ્યાં સુધી તિજોરીમાં છે ત્યાં સુધી એ સંસારનું કારણ બને છે. પણ એજ ધનનો જ્યારે પરમાર્થમાં ઉપયોગ થાય છે ત્યારે મોક્ષનું સાધન બની જાય છે.

ધન અને ધર્મ બન્ને એક પ્રકારના ઔષધો છે. જેમાં એકનો ઉપયોગ બાહ્ય ઉપચારોમાં કરવાનો છે અને બીજાનો ઉપયોગ મુખથી લેવામાં કરવાનો છે.

બાહ્ય ઉપચારના ઔષધો મોટે ભાગે ઝેરી હોય છે અને મુખથી લેવાના ઔષધો નિર્વિકારી હોય છે, પણ આજે મોટી મુશ્કેલી એ થઇ છે કે બાહ્ય ઉપચારનું વિષ મિશ્રિત ઔષધનો પિવામાં અને મુખથી પીવાના ઔષધનો બાહ્ય ઉપચારમાં ઉપયોગ થઇ રહ્યો છે અને એનુ જ આજે સમાજમાં રિએકશન (પ્રત્યાઘાત) દેખાય છે.

દીવડાઓ સ્વયં બળીને આપણને પ્રકાશ આપે છે. અર્પણનો અને ત્યાગનો આદર્શ બતાવે છે આપનાર કદી ભૂખ્યો નથી રહેતો અને કદી ખાલી નથી થતો.

અતિ ધનિક લોકોને માટે સ્વર્ગ પ્રાપ્તિ મુશ્કેલ હોય છે. ધન મેળવવા કરતાં એનો ઉપયોગ કરવા માટે વધુ પુણ્યની જરૂર રહે છે. નહીં તો ધન સર્વનાશનું કારણ બને છે. ધનમાં સર્જન અને સર્વનાશ બન્ને રહેલાં છે. ધનનો વિવેકથી ઉપયોગ થાય તો ઝેર પણ અમૃત બની રહે છે અને વિવેક વગર ઉપયોગ કરાય તો અમૃત પણ ઝેર બની જાય છે.

પૈસા એ પાપનું પ્રવેશદ્વાર છે. એનું દર્શન પણ ખતરનાક છે. ધનનું રહેવું અને જવું બન્ને ખતરનાક હોય છે. એટલે તો ઉર્દૂભાષામાં ધનને "દોલત" કહે છે. ધન આવતાંય લાત મારે છે અને જતાંય લાત મારે છે.

ધનથી થોડું ભૌતિક સુખ મળી જશે, પણ આધ્યાત્મિક આનંદનાં મોતી તો ધર્મની ઉંડાઇમાં ડુબકી લગાવનાર મરજીવા મેળવી શકે છે. ધન માટેનો એક સંકલ્પ કરવામાં આવે કે હું મારી અનિવાર્ય જરૂરીયાત માટે જ કંઇ મેળવીશ અને તે પણ મારા અને મારા કુટુંબના પોષણ પુરતુંજ ભેગું કરવા કે ન વધુ કરવો તે જ ધાર્મિક દ્રષ્ટિએ વ્યાજબી અને બરાબર છે.

દેશમાં કદાચ અનાજનો દુષ્કાળ પડે તો દેશ જીવી શકશે પરંતુ જે દેશમાં નીતિ, ચારિત્ર્ય, પ્રમાણિકતા તથા ધર્મપ્રેમનો દુષ્કાળ હશે એ દેશ કે પ્રજા લાંબો સમય જીવી શકશે નહીં.

ધનનો ભાર અતિ ભયંકર ભાર છે. એ ભારથી હળવા થવા માટે ધનનો પરમાર્થમાં ઉપયોગ કરી જનની પૂજા દુઃખી લોકોના આંસુ લુછવા કરવાની જરૂરીયાત છે.

કડવા પાટીદાર કુળદેવી શ્રી ઉમીયા માતાજી ઊંઝાનો ૧૮ મી શતાબ્દી મહોત્સવ આવો એક અતિ પાવક પ્રસંગ છે. તેમાં આપણે સૌ સહભાગી બની આપણા ધનનો સદુપયોગ કરી કૃતાર્થ બનીએ એજ અભ્યર્થના.

મા ઉમાના આપણા સૌ ઉપર આશીર્વાદ હજો.

મા ગુજરાત પ્રિન્ટરી, ઊંઝા.

—પ્રચાર અને પ્રકાશન સમિતિ, ઊંઝા.

॥ ઉમાચરણમસ્તુ જન્માન્તરેઽપિ ॥

કડવા પાટીદાર કુળદેવી શ્રી ઉમિયા માતાજી સંસ્થાન-ઊંઝા

# ૧૮ મી શતાબ્દિ મહોત્સવ

અને

# હોમાત્મક સહસ્ત્રચંડી યજ્ઞ

પ્રારંભ : સં. ૨૦૩૩ના માગશર સુદી ૪ તા. ૨૫-૧૧-૭૬
પૂર્ણાહુતિ : સં. ૨૦૩૩ના માગશર સુદી ૮ તા. ૨૯-૧૧-૭૬

શ્રીમાન,

સહર્ષ જણાવવાનું કે આપણી કુળદેવી શ્રી ઉમિયા માતાજીનો ૧૮મી શતાબ્દી મહોત્સવ ઘણી જ ધામધૂમથી સંવત ૨૦૩૩ના માગશર સુદી ૪ તા. ૨૫-૧૧-૭૬ થી માગશર સુદી ૮ તા. ૨૯-૧૧-૭૬ના દિવસોમાં ઊંઝામાં ઉજવવાનું નક્કી કરવામાં આવેલ છે.

આ અતિ માંગલિક અને યાદગાર પ્રસંગે ભારતભરમાંથી અને ખાસ કરીને ગુજરાતમાંથી કડવા પાટીદાર ભાઈ-બહેનો લાખોની સંખ્યામાં માતાજીના દર્શનાર્થે પધારશે. શ્રી માતાજીની છત્રછાયા નીચે જ્યારે લાખોની સંખ્યામાં કડવા પાટીદારો એકઠા થશે ત્યારે માતાજીના સંસ્થાનની ભવ્યતા, યાત્રાળુઓની સુવિધાઓ, કેળવણી તથા સમાજનો સર્વાંગી વિકાસ થાય તે સારૂ એક પ્રતિબધ્ધ કાર્યક્રમની વિચારણા ચાલી રહી છે.

## અમદાવાદ શહેરના આગેવાનોની સભા

અમદાવાદ શહેરનાં તમામ કડવા પાટીદાર ભાઈ-બહેનો આ મહોત્સવમાં ગૌરવભર્યો ભાગ લઈ શકે તે અંગે વિચારણા કરવા અમદાવાદ શહેરના કડવા પાટીદારોના આગેવાનોની એક સભા શનિવાર તા. ૧૬-૧૦-૧૯૭૬ના દિને સાંજના ૪-૦૦ વાગે ઉસ્માનપુરા કડવા પાટીદાર વાડીમાં **શેઠશ્રી લક્ષ્મીકાન્ત ભગુભાઈના** પ્રમુખપદે રાખવામાં આવેલ છે.

શ્રી માતાજી પ્રત્યે ભક્તિભાવ દર્શાવવા આ સભામાં આપને અચૂક હાજર રહેવા નમ્ર વિનંતી છે. લિ.

| | |
|---|---|
| **હરિપ્રસાદ દુર્ગાપ્રસાદ લશ્કરી**<br>પ્રમુખ | **મોતીલાલ ભીખાભાઈ મારફતીઆ**<br>ઉપપ્રમુખ |
| **જમનાદાસ ડી. પટેલ**<br>માનદ મંત્રી | **ધરમચંદ શિવલાલ ચોકસી**<br>માનદ સહમંત્રી |

**વિઠ્ઠલભાઈ વૃન્દાવનદાસ પટેલ**
**ચંદુલાલ પુરૂષોત્તમદાસ પટેલ (રખિયાલવાળા)**
સભાના કન્વીનરો

ઉમા પ્રિન્ટરી, કરિયાપુર.

સંપર્ક સાધો :- શ્રી વિઠ્ઠલભાઈ પટેલ, ૨૦, મહેસાણા સોસાયટી, નવા વાડજ રોડ, ફોન : ૮૬૪૯૦૨

---



શ્રી ઉમિયા માતાજી, ઊંઝા.

કડવા પાટીદાર કુળદેવી શ્રી ઉમિયા માતાજી
ઊંઝા. (ઉ. ગુજરાત)

# ૧૮ મી શતાબ્દી મહોત્સવ

હોમાત્મક સહસ્ત્રચંડી યજ્ઞ

## ઊંઝાના નગરજનોને હાર્દિક અપીલ

તા. ૨૫-૧૧-૭૬ થી તા. ૨૯-૧૧-૭૬ સુધીના ૫ દિવસોમાં આપણા શહેરમાં ભવ્ય યજ્ઞ માતાજીની પ્રેરણાથી થનાર છે. એ પ્રસંગથી આપ સૌ સુવિદિત છો જ. મહોત્સવની ઉજવણીનો અનેરો ઉમંગ આપણે સૌ અનુભવી રહ્યા છીએ. આવા વિરલ અવસરને સફળ બનાવવા નીચેના સૂચનોનો સંપૂર્ણ અમલ કરવા આપ સૌને હાર્દિક અપીલ છે.

(૧) આપણાં ઘર, આંગણાં, મહોલ્લા સ્વચ્છ રાખીએ. કચરો યોગ્ય જગ્યાએ નાખીએ. બાળકોને રસ્તામાં હાજરૂ ન બેસાડીએ "જ્યાં જ્યાં સ્વચ્છતા ત્યાં ત્યાં પવિત્રતા" એ સૂત્રનો અમલ કરીએ.

(૨) આપણા શહેરને શણગારીએ. ઘેર ઘેર, મહોલ્લે મહોલ્લે, રસ્તે રસ્તે તોરણો બાંધીએ, આકર્ષક કમાનો-દરવાજા ગોઠવીએ. રંગોળીના રંગ પૂરીએ. સ્વાગતના બોર્ડ ભરાવીએ. ઘેર ઘેર રોશની કરીએ.

(૩) પાણીને તમે બચાવો પાણી તમને બચાવશે. પાણીનો કરકસરપૂર્ણ ઉપયોગ અનિવાર્ય છે. સામાજિક, સહકારી શૈક્ષણિક તથા અન્ય જાહેર સંસ્થાઓમાં પાણીની પરબો કરવા વિનંતી છે.

(૪) વાહન વહેવાર નિયમન મુશ્કેલ હોવાથી તે જાળવવા સહકાર આપો.

(૫) શ્રીફળ, પ્રસાદ, પુરી-શાક અને જીવન જરૂરિયાતની ચીજોમાં નફાની દૃષ્ટિ મહોત્સવના દિવસોમાં ન જ હોય. વ્યાજબી ભાવે તેનું વેચાણ કરી ગામની શાખ વધારીએ.

(૬) ઢોર ખેતરમાં લઈ જવાં હોય તો વહેલા (પરોઢિયે) છોડવાનું રાખી વ્યવસ્થા જાળવવામાં સહકાર આપશો.

(૭) લાખોની સંખ્યામાં માતાજીના દર્શનાર્થે આવતા મોંઘેરા મહેમાનોને માર્ગદર્શન, સહકાર અને વિવેકપૂર્ણ વર્તાવથી તેમના મનમાં કાયમી એક સુંદર ભાવના જગાવીએ.


(૮) ઊંઝાની સામાજિક, કેળવણી, સહકારી સંસ્થાઓ અને બેંકોને આ પ્રસંગે નમ્ર વિનંતિ કરીએ છીએ કે તેઓ સ્વેચ્છાએ પાણીની પરબો બેસાડે, જરૂરી શોભામાં વૃદ્ધિ કરે તેવા ગેટ-કમાનો ઉભાં કરી તોરણો બાંધે અને રાત્રે પણ રોશની કરી આ ઉત્સવને સફળ બનાવવા સહભાગી બને....

સહકાર બદલ આભાર....

૧૮ મી શતાબ્દી મહોત્સવ સમિતિ
શ્રી ઉમિયા માતાજી, ઊંઝા.

શ્રી ગુજરાત પ્રિન્ટરી,-ઊંઝા.


POST CARD
← પોસ્ટકાર્ડ
કડવા પાટીદાર કુળદેવી શ્રી ઉમિયા માતાજી ઊંઝા.(ઉ.ગુજરાત)
૧૮.મી શતાબ્દી મહોત્સવ
હોમાત્મક સહસ્ત્રચંડી યજ્ઞ.
દર્શનાર્થે પધારવા હાર્દિક આમંત્રણ.
પ્રચાર અને પ્રકાશન સમિતિ. ઊંઝા.
પ્રારંભ: તા.૨૫-૧૧-૯૬ ગુરૂવાર.
પૂર્ણાહુતિ: તા.૨૯-૧૧-૯૬ સોમવાર
સ્ટિકર
પોસ્ટકાર્ડ →
નિ મં ત્ર ણ પ ત્રિ કા
૧૮મી શતાબ્દી મહોત્સવ
કડવા પાટીદાર કુળદેવી શ્રી ઉમિયા માતાજી
ઊંઝા (ઉ.ગુ.)
સ્ટિકર



ખર્ચનું વાઉચર
કડવા પાટીદાર કુળદેવી શ્રી ઉમિયા માતાજી સંસ્થાન
: ૧૮ મી શતાબ્દી મહોત્સવ : ઊંઝા. (ઉ. ગુજરાત) તા. — -૧૯
પાવતી લેની આપનાર
આપના તરફથી નીચે જણાવેલી વિગતે નાણાં મળ્યાં છે.

| વિગત | રૂા. | પૈસા |
|---|---|---|
| અંકે રૂપિયા ... કુલ રૂા... | | |

મંજુર કરનાર — નાણાં લેનારની સહી

॥ સમાહારણમસ્તુ સમ્માનતરેષપિ ॥ ફોન : ૨૪૭૨
Shri Kadva Patidar Kuldevi Shri Umiyamataji Sansthan
કડવા પાટીદાર કુળદેવી શ્રી ઉમિયા માતાજી સંસ્થાન
UNJHA ઊંઝા. ૩૮૪૧૭૦ (ઉ. ગુજરાત)
૧૮ મી શતાબ્દી મહોત્સવ
હોમાત્મક સહસ્રચંડી યજ્ઞ
શ્રી ઉમિયા માતાજી
તા. - -૧૯
પ્રતિ,
શ્રી

પ્રારંભ :— સંવત ૨૦૩૩ ના માગસર સુદ ૪ ને ગુરુવાર તા. ૨૫-૧૧-૭૬
પૂર્ણાહુતિ :— સંવત ૨૦૩૩ ના માગસર સુદ ૮ ને સોમવાર તા. ૨૯-૧૧-૭૬

કડવા પાટીદાર કુળદેવી શ્રી ઉમિયા માતાજી સંસ્થાન
ઊંઝા. (ઉ. ગુજરાત)
(ટ્રસ્ટ રજીસ્ટર નં. ... મહેસાણા)
✻ ૧૮ મી શતાબ્દી મહોત્સવ સમિતિ ✻
A No 51287 તા. ૮-૧૨-૧૯૭૬
શ્રીમાન્
ગામ ઊંઝા તાલુકો
આપના તરફથી રૂપિયા ૨૫૦૦૦/-
અંકે રૂપિયા ... આવ્યા છે, તે આભારસહ સ્વીકારવામાં આવે છે.
ચેરમેન/મંત્રી નાણાં સમિતિ — નાણાં લેનાર (મહોત્સવ સમિતિ વતી)

પધારો ઊંઝા....!

# જાહેર આમંત્રણ

ફોન : ૨૪૭૨

કડવા પાટીદાર કુળદેવી શ્રી ઉમિયા માતાજી સંસ્થાન

ઊંઝા. (ઉ. ગુજરાત)



શ્રી ઉમિયા માતાજી - ઊંઝા.

## ૧૮ મી શતાબ્દી મહોત્સવ

હોમાત્મક સહસ્ત્રચંડી યજ્ઞ

દર્શનાર્થે પધારવા હાર્દિક આમંત્રણ

વધુ માહિતી માટે કાર્યાલયનો સંપર્ક સાધવા વિનંતી છે.

— પ્રચાર અને પ્રકાશન સમિતિ - ઊંઝા.

પ્રારંભ :— સંવત ૨૦૩૩ના માગસર સુદ ૪ ને ગુરૂવાર તા. ૨૫-૧૧-૭૬

પૂર્ણાહુતિ :— સંવત ૨૦૩૩ના માગસર સુદ ૮ ને સોમવાર તા. ૨૯-૧૧-૭૬

શ્રી ગુજરાત પ્રિન્ટરી, ઊંઝા.

---

From, If not delivered please return to: ટેલીફોન નં. ૨૪૭૨

**Kadva Patidar Kuldevi Shri Umiyamataji Sansthan**

કડવા પાટીદાર કુળદેવી શ્રી ઉમિયા માતાજી સંસ્થાન, ઊંઝા.

◀ ૧૮ મી શતાબ્દી મહોત્સવ ▶

જા. નં. UNJHA. ઊંઝા. ૩૮૪૧૭૦ (ઉ. ગુજરાત) W. Rly (INDIA)

BOOK-POST



શ્રી ઉમિયા માતાજી ઊંઝા

પ્રતિ,

શ્રી

---

॥ उमाशरणमस्तु जन्मान्तरेप्वपि ॥ ફોન : ૨૪૭૨



શ્રી ઉમિયા માતાજી

કડવા પાટીદાર કુળદેવી શ્રી ઉમિયા માતાજી સંસ્થાન

UNJHA. ઊંઝા. ૩૮૪૧૭૦ (ઉ. ગુજરાત)

卐 ૧૮ મી શતાબ્દી મહોત્સવ 卐

હોમાત્મક સહસ્ત્રચંડી યજ્ઞ

તા. - -૧૯૭

પ્રતિ,

માનનીય શ્રી

મુ.

## આભાર દર્શન

સવિનય જણાવવાનું કે કડવા પાટીદાર કુળદેવી શ્રી ઉમિયા માતાજી સંસ્થાન ઊંઝાનો ૧૮ મી શતાબ્દી મહોત્સવ અને હોમાત્મક સહસ્ત્રચંડી યજ્ઞને સંપૂર્ણ સફળ બનાવવા માટે આપે અને આપના ખાતાના ભાઈઓ તરફથી જે સાથ સહકાર આપી આ દિવ્ય પ્રસંગને સફળ બનાવવા માટે જે સેવાઓ આપી છે તે બદલ અમો આપનો અને આપના ખાતાના ભાઈઓનો અંતઃકરણ પૂર્વક આભાર માનીએ છીએ. મા ઉમાના આશીર્વાદ ઉતરો.

લી૦

શ્રી ઉમિયા માતાજી ૧૮ મી શતાબ્દી
મહોત્સવ સમિતિ, ઊંઝા.

શ્રી ગુજરાત પ્રિન્ટરી, ઊંઝા.

**સંદેશની નજરે**

# ઉંઝા ઉમિયા માતાજીનાં દર્શન ૨૪ કલાક ખુલ્લાં રખાશે

## ઉત્સવ સમિતિનો નિર્ણય: કોઈનું મરણ થયું નથી: નિર્વિઘ્ને જળવાયેલી ત્રીજા દિવસની વ્યવસ્થા

(પ્રવાસી પ્રતિનિધિનો ટૂંકકોલ) ઊંઝા, તા. ૨૭

ઊંઝામાં ઊમિયા માતાજીના ૧૮મી શતાબ્દિ મહોત્સવના આજે ત્રીજા દિવસે રાતવાસો રહેલા અને નવા આગંતુક દર્શનાર્થી યાત્રિકો સહિત ચાર લાખથી વધુ માણસોની મેદની એકત્ર થયાનો અંદાજ ઉત્સવ સમિતિના આગેવાનોએ આપતાં જણાવ્યું હતું કે, ૩૫ હજારની વસતિવાળા ઉમીયા માતાજીના ઊંઝા નગરે આજે પણ ખડે પગે મહેમાનોનું સ્વાગત અને સારવાર કરી ધન્યતા અનુભવી હતી, અને ઉત્સવ સમિતિએ કરેલી વ્યવસ્થા જળવાઈ રહે તેવા છેલ્લી શકિતના પ્રયાસો કર્યા હતા, અને વધુ સગવડમાં માતાજીનાં દર્શન રાત દિવસ ૨૪ કલાક ચાલુ રાખવાનો નિર્ણય કર્યો છે. આ ઉપરાંત મહેસાણાથી ઊંઝા વચ્ચે એક સ્પેશલ ટ્રેન દોડાવવાનો રેલ્વે દ્વારા નિર્ણય લેવાયો છે. ગઈ કાલે એક અખબારમાં ત્રણ માણસોનાં ગુંગળાવાથી મરણ થયાના સમાચારમાં કોઈ વજૂદ નહિ હોવાનું સ્પષ્ટ જણાવી ઊંઝા માતાજીના દર્શને આવનાર યાત્રિકોનો આભાર માની એવી આશા વ્યકત કરી હતી કે, માતાજીએ અમારી લાજ રાખી આખોય પ્રસંગ લાખોની ભીડ છતાં કોઈ અનિચ્છનિય બનાવ વિના ત્રણ દિવસ પસાર થયા છે તે બનાવ ઊંઝાના ઈતિહાસમાં સુવર્ણાક્ષરે લખાશે.

## મહેસાણા-ઉંઝા વચ્ચે ટ્રેન દોડશે: ૩૫ હજાર ઉંઝાવાસીઓએ યાત્રિકોનો માનેલો આભાર

**અભિષેક સુધીમાં ૬ લાખે દર્શન કર્યા**

જગત જનની શ્રી ઉમિયા દેવીના શતાબ્દિ મહોત્સવ ની ઉજવણીના આજે ત્રીજા દિવસે માતાજીને એક હજાર કળશમાં એકત્ર કરવામાં આવેલ સમુદ્રો અને નદીઓના પાણીથી અભિષેક કરવામાં આવ્યો હતે. અને પ્રાણ પ્રતિષ્ઠાવિધિ કરવામાં આવી હતી. અત્યાર સુધીમાં યજ્ઞ કુંડ અને માતાજીના દર્શનનો લગભગ ૬ લાખ લોકોએ લાભ લીધો છે. હજુ છેલ્લા બે દિવસ વધુ લોકો આવશે એવી શકયતા છે.

**મહેસાણા-ઉંઝા વચ્ચે ટ્રેન**

પશ્ચિમ રેલ્વે એ આવતી કાલ તા. ૨૮ અને ૨૯ મીના રોજ મહેસાણાથી ઉંઝા સુધીની સ્પેશ્યલ ટ્રેન દોડાવવાનુ નક્કી કર્યુ છે. આ ટ્રેન મહેસાણાથી બપોરે ૧૧-૪૫ વાગે ઉપડશે અને ઉંઝા જશે અને ઉંઝાથી ૧-૧૦ વાગે ઉપડીને મહેસાણા આવશે. આ ટ્રેન અમદાવાદ જતી ટ્રેનોને સાંકળી લેશે.

**નવી ધ્વજા-અભિષેક**

આજે વહેલી પરોઢથી જ યાત્રિકો માતાજી મંદિરે આવી સુઈ રહયા હતા, અને યજ્ઞ તથા અભિષેકના પ્રારંભ બાદ સામાન્ય શુભ મુહર્ત ગણાતા બપોરના મધ્યાહ્નના ૧૨-૩૯ મીનીટ ના સમયે માતાજીના મંદિર ઉપર નવી ધજા ચઢાવવામાં આવી હતી.

**નાનો કુંભમેળો**

આ વખતે બપોર સુધીમાં ચાર લાખથી વધુ મેદની યાત્રીકોની એકત્ર થતાં ઉંઝા જેવા ૩૫ હજાર ની વસતિવાળા ગામમાં નાના કુંભ મેળા જેવુ દ્રશ્ય ખડું થયુ હતુ. આમ છતાં વાહનોના નિયંત્રણ માટે ભાન્ડુ અને ઉંઝા ગોઠવણ થતાં વાહનોના અકસ્માતો ન બને કે યાત્રિકો એક સામટા એકત્રીત થઈ દર્શન માટે પડાપડી ન કરે અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટેના પ્રયાસો કરાયા હતા. ઉમિયા દ્વારે "ગણ્યા ગણાય નહિ, તોય મારાં ઉમિયા મા દ્વારે સમાય" તેવી સ્થિતિ આજે બપોર પછી થઈ હતી, અન જમવાની તેમજ માતાજીના દર્શન સ્થળે વ્યવસ્થા જળવાઈ હતી.

**ખડે પગે સેવાઓ**

ઉમિયા માતાજીના મહોત્સવના ત્રણ દિવસથી યાત્રિકો માટે વ્યવસ્થા જાળવી રહેલા કાર્યકરોને તો દાતણ કરવાનો પણ સમય મળતો નથી. સ્વયંસેવકો તો નાસ્તો કરીને ચલાવી લે છે છતાં તે જ ઉમંગથી કામ કરે છે. નહાવા ધોવા કે આરામની તો સગવડ જ ક્યારે ભોગવે?

**ઊંઝા મ્યુનિ. કર્મચારી એસ. ટી. સેવા**

ઊંઝા મ્યુનિ તરફથી તબીબો ખડે-પગે સેવાઓ આપે છે. મ્યુનિ. ના સફાઈ કામદારોની સેવા પણ અજબ છે.

ઊંઝામાં ધ્વજારોપણ વિધિ પ્રસંગે

# ઊમિયા માતાના મંદિરનો ઝળહળી ઊઠેલો કળશ

(પ્રવાસી પ્રતિનિધિનો ટૂંકકોલ) ઉંઝા, તા. ૨૫

જગત જનની શ્રી ઉમિયા દેવીના શતાબ્દિ મહોત્સવનીઉજવણીનો આજે પ્રભાતે અત્રે જયારે શુભારંભ થયો અને ધ્વજારોપણની ધાર્મિકવિધિ પ્રસંગે માતાજીના સુશોભિત મંદિરના કળશ ઉપર જયારે છેલ્લા છ દિવસના માવઠા પછી શ્રી સૂર્યનારાયણના કિરણો ઝળકી ઉઠયા ત્યારે 'માતાજીનો આ જબરદસ્ત પરચો છે.' એવું પોકારી ઉઠીને હજારો ભાવિકોએઆનંદમાં આવી, જઈને જયારે 'ઉમિયા માતાની જય'ના ગગનભેદી હર્ષના પોકાર કર્યા ત્યારે મંદિરનુ પ્રાંગણ ગાજી ઉઠયું હતું. સર્વત્ર આનંદ, ઉલ્લાસ અને ભકિતભાવનું વાતાવરણ સર્જાઈ ગયું હતું.

માતાજીના મંદિરના દ્વાર પાસે જ આજે સવારથી જ જગદંબાનો સહસ્ત્રચંડી યજ્ઞ શરૂ થયો છે. સોમવારે સાંજે એની પૂર્ણાહુતિ થશે. સોમ- સુધી માતાજીના તેમજ યજ્ઞના દર્શન માટે સુંદર વ્યવસ્થા કરવામાં આવી છે. યજ્ઞનો પ્રારંભ થતાંજ યજમાનોએ અગ્નિહોત્રી ભૂદેવોની પૂજા કરી હતી.

## યજ્ઞનો આરંભ

આમ એક બાજુ સહસ્ત્રચંડી યજ્ઞનો પ્રારંભ થતો હતો તો બીજી બાજુ આજુબાજુના ગામડાનાં, શહેરોના તેમજ દૂર વસતા યાત્રિકો એસ. ટી. બસો, ટ્રેકટરો, ઉંટગાડીઓ તેમજ પગપાળા ચાલીને ઉંઝા શહેરમાં ઠલવાઈ રહયા હતા.

સારાયે શહેરમાં આજે માતાજીના મહોત્સવ સિવાય બીજી કોઈ વાત નહોતી બજારો બંધ હતાં. કોઈ ધંધા રોજગાર કે બીજો વ્યવહાર બંધ હતો. ગંજ બજારની ૪૫૦ જેટલીદુકાનોમાં દૂરથી આવેલ યાત્રિકો માટે ઉતારાની વ્યવસ્થા કરવામાં આવી છે કે જેથી તેઓ રાતવાસો રહી શકે.

શહેરની શાળાઓ તેમજ અન્ય મકાનોમાં પણ યાત્રિકોના ઉતારા રાખવામાં આવ્યા છે. એટલુંજ નહિ પરંતુ ખૂલ્લી જગ્યાઓમા મંડપો બાંધીને યાત્રાળુઓ માટે વ્યવસ્થા કરવામાં આવી છે.

## માનવ મહેરામણ

આજે બપોરે એક વાગ્યા સુધીમાં તો ત્રીસ હજાર જેટલા યાત્રાળુઓ માતાજીના તેમજ સહસ્ત્રચંડી યજ્ઞના દર્શન કાજે ઉંઝામાં ઉમટી પડયા છે. ઉંઝાના દરેક રસ્તાઓ પર જાણે કે માનવ મહેરામણ ઉમટયો છે.

દર્શન માટેની જવા આવવાની વ્યવસ્થા માટે છ જેટલા દરવાજા રખાયા છે તે પરિણામે દર્શનાર્થીઓને કોઈ મુશ્કેલી પડતી નથી. શહેરમાં કોઈ વાહન લઈ જવાની છૂટી નથી પરિણામે પગપાળા જતા યાત્રિકોને ઘણી રાહત થઈ છે.

## પ્રતિમાઓનો ફલોટ

પોલીસ, હોમગાર્ડઝ ઉપરાંત હજારો સ્વયંસેવકો ખડેપગે વ્યવસ્થા સંભાળી રહયા છે. એસ. ટી.બસોની પણ ખાસ વ્યવસ્થા છે જેમાં પાલનપુર ડીવીઝન મોખરે છે.

મંદિરના દ્વાર પાસે નવ દુર્ગાની સુંદર પ્રતિમાઓનો ફલોટ ગોઠવવામાં આવ્યો છે. જેમાં વિજળીની મદદથી નવેય દેવીઓ રાસ રમતી દર્શાવાઈ છે આ દશ્ય નિહાળીને સાચા દેવ ઉપાસકોની આંખો પ્રેમાશ્રુથી છલકાઈ ઉઠે છે.

## સહસ્ત્રચંડી યજ્ઞનો શુભારંભ: ગરબે ઘુમતી નવદુર્ગાનાં દ્રશ્યથી ઝુમી ઊઠી જયજયકાર ગજવી રહેલા ભાવિકો

**સંદેશની નજરે**

## ઉમિયા માતાજી મંદિર ચોતરફ યોજનાઓ...........

ઉંઝામાં ઉમિયા માતાજીના આ સુંદર મંદિર નજીકમાંજ યાત્રિકો માટે અદ્યતન ધર્મશાળા, પ્રાર્થનામંદિર, ટાઉનહોલ, ઉમાબાગ, ઉમાફુવારો અને ઉમા સ્મૃતિસ્તંભ બાંધવા રૂા. ૪૦ લાખના અંદાજી ખર્ચનું આયોજન અગાઉથી થયેલ છે. તે મુજબ હવે ઉમિયા માતાજી ૧૮મી શતાબ્દી મહોત્સવ નિર્વિઘ્ને પૂરો થતાં આ રૂા. ૪૦ લાખના ખર્ચની યોજનાની ખાતવિધિ હવે થનાર છે.

### ઉમિયા માતાજી ૧૮મી શતાબ્દિ મહોત્સવ નિર્વિઘ્ને પુરો થતાં

# ઉંઝામાં ફેલાતો આનંદ

### ઉંઝામાં માતાજી મંદિર પાસે અદ્યતન ધર્મશાળા, પ્રાર્થના-મંદિર, ટાઉનહોલ, ઉમા બાગ-ફૂવારો-સ્મૃતિ સ્તંભ બંધાશે

(પ્રતિનિધિ તરફથી) ઊંઝા તા. ૩૦

ઊંઝામાં ઉમિયા માતાજીનો ૧૮ મો શતાબ્દિ મહોત્સવ તો પૂરો થયો છે અને યાત્રિકો જે થોડા દૂરના વતની રોકાયા હતા. તેઓ પણ હવે માતાજીના દર્શન કરી વતનમાં જવા વિદાય લઈ રહ્યા છે. જો કે યાત્રિકો અને મહોત્સવના આયોજક કાર્યકરો સ્વયંસેવકો વિદ્યાર્થીઓ કે સહકાર્યકરો ને આજે એક વાતનો આનંદ હતો. ઉમિયા માએ નિર્વિઘ્ને મહોત્સવનુ કાર્ય પાર પડયુ છે તે એક ખરેખર ચમત્કાર કહેવાય. ૧૨ થી ૧૫ લાખ યાત્રીકો દર્શનાર્થે આવ્યા હતા. ઊંઝા નગરમાં કોઈપણ અનિચ્છનીય બનાવ અકસ્માત કે બીજો બનાવ બન્યો નથી તેનો સૌને આનદ હતો.

ઉમિયા માતાજી મહોત્સવ સમિતિની જુદી જુદી કમિટિઓ મળી રહી છે, ઉત્સવની વ્યવસ્થા ખોરવાયા સિવાય નિર્વિઘ્ને આયોજન ટકી રહ્યું અને એક મોટો ઉત્સવ પાર પડયો હતો તેમાં માતાજીની મહેર લેખી પરસ્પર ધન્યવાદ આપતા હતા. દરેક કમિટિના સ્વયંસેવકો, કાર્યકરો યુવાનો વિદ્યાર્થીઓ તમામ કોમના યુવકોને આગેવાનો ધન્યવાદ આપતા હતા.

ઉમિયા માતાજીના શતાબ્દિ મહોત્સવ દરમ્યાન કેટલીક નોંધપાત્ર બાબતો પણ બની ગઈ છે.

**મહેનતાણું ન લીધુ.**

શતાબ્દિ મહોત્સવમાં રોજ લાખો માણસોને બે વખત જમાડવાનું કામ મુખ્ય કામ હતું. ઊંઝામાં એટલી બધી લોજો નથી. તેમજ ખાનપાનની હોટલો પણ થોડી સંખ્યામાં છે. ત્યાં આટલી મેદનીને તે જમાડવા ઉત્સવ આયોજકોએ રસોઈયાની તપાસ કરતાં પાટણ અને બીજેથી પાંચ દિવસ રસોઈ કરી આપવાના રૂા. ૪૦ હજાર કહ્યા હતાં.

**સન્માન કર્યું**

પરંતુ બનાસકાંઠામાં પાલણપુર પાસેના લક્ષ્મીપુરા ગામના પટેલ કોમના જ રસોઈયા મળ્યાં અને તેમણે માનદ સેવાઓ આપવા તૈયારી બતાવી.

ઉત્સવના દિવસ તો પુરા થયા પણ આ રસોઈયા ભાઈઓએ મહેનતાણું રૂા. ૪૦ હજાર લેવા ઈન્કાર કરેલો એટલે છેલ્લે તેમને સન્માનથી બનાસ કાંઠા જિલ્લાના કડવા પાટીદારોએ ફાળો કરીને આ માનદ રસોઈયાઓને રૂા. ૧૦ હજાર કરી આપી સન્માન્યા છે.

**આયોજન પ્લાનનો અમલ થશે**

આ પ્રસંગે લાઈનમાં દર્શન કરવા માટે ઉભેલા ભાવિક ભાઈ-બહેનો પાસેથી પડી ગયેલ સોનાના દાગીના - ચાંદીના દાગીના- નાણાં ઘડીયાળો- વિગેરે ચીજો સ્વયંસેવકોના હાથમાં આવતાં તેઓએ સલામતિ સમિતિને બધી ચીજો સુપ્રત કરી પ્રમાણિકતાનું દ્રષ્ટાંત પુરૂ પાડયુ છે. -જે દિવસે યજ્ઞ અને મહોત્સવનો પ્રારંભ થવાનો હતો- તેના અગાઉના દિવસે વરસાદ હતો. બધા ચિંતીત હતા. આગળના દિવસે પાટલા ઉપર બેઠેલા યજમાનોની દેહ શુદ્ધિ માટે સિદ્ધપુરના પવિત્ર સ્થાન અરૂડેશ્વર મહાદેવ ગયેલ ત્યારે ત્યાં બિરાજતા પૂજ્ય શ્રી. ગુરૂમહારાજશ્રીએ વરસાદની તકલીફ રહેશે નહીં- તેવા આશીર્વચન ઉચ્ચારેલ અને યજ્ઞના મુખ્ય અગ્નિ હોત્રીશ્રી. સુંદરદેવજીએ પણ વરસાદ બંધ થઈ જશે તેમ કહેલું. ખરેખર માતાની કૃપા ઉતરી અને પાંચ દિવસનો કાર્યક્રમ સુંદર રીતે સફળ નીવડયો.

**આયોજન થશે.**

માતાના મહોત્સવમાં કડવા પાટીદાર ભાઈ બહેનોએ ઉદાર હાથે ફંડમાં નાણાં આપ્યાં છે. અને હવે શ્રદ્ધા અને આશા જન્મી છે કે ટુંક સમયમાં યાત્રાળુઓ માટે અદ્યતન સાધનોવાળાં ધર્મશાળા, પ્રાર્થના મંદિર, ટાઉન હોલ- ઉમા બાગ- ઉમા ફુવારો- ઉમાસ્મૃતિ સ્તંભનો મુહુર્ત થશે.

સાચી સેવા તો હજી સફાઈ કામદારોની ઉંઝા- પાટણ અને સિદ્ધપુરની નગરપાલીકાના સફાઈ કામદારોએ રાત્રે ૧૨-૦ વાગે રસ્તાઓ, જાજરૂ, પેશાબખાના સાફ કરી દવાઓ છાંટી- સ્વચ્છતા જાળવવામાં સખ્ત પરિશ્રમ ઉઠાવ્યો હતો. અને બહારથી પધારેલ મહાનુભાવોએ પણ આ સેવાઓને બિરદવી હતી.

ઉંઝા ઉનાવા વચ્ચે ટ્રક ટ્રેકટર નો અકસ્માત તા. ૨૮ મીના રોજ બન્યો, તે જોતાં તો ચિંતાજનક પરિસ્થિતિ જણાતી હતી. પણ "મા" ની કૃપા ઉતરી ન હોય તેમ કોઈને ખાસ ઈજા થઈ ન હતી.

શિસ્ત અને નિયમનું પાલન કરવામાં ભાવિકોએ સારો સાથ અને સહકાર આપ્યો. અને સ્વયં સેવકો -કાર્યકરોને અથાગ પરિશ્રમમાં પ્રોત્સાહન મળ્યું, પરિણામે મોટો માનવ મહેરામણ ઉમટયો હોવા છતાં કોઈ પણ અનિચ્છનીય બનાવ બન્યો ન હતો. અને સુંદર રીતે મહોત્સવ સફળ થતાં સૌને તેમાં "ઉમા" ના આશીર્વાદ આશીર્વાદ દેખાયાં.

"ઉમા" ના દર્શન અલૌકિક જણાતાં હતાં. બીજા દિવસો કરતાં આ દિવસો દરમ્યાન તેજસ્વીતા, અને દિવ્યતા જણાતી હતી. તે જોતાં "મા" ના સંપુર્ણ આશીર્વાદ મળેલ જણાતાં હતાં.

આ પ્રસંગની ખાસ વિશિષ્ટતા એ હતી કે કોઈ અનિચ્છનીય બનાવ બન્યો ન હતો.

તે સિવાય કોઈપણ જાતની તકલીફ મુશીબત ભાવિકોને નડી ન હતી.

—મહોત્સવ સમિતિએ ઉંઝાની જનતા જોગ હૃદય સ્પર્શી અપીલ કરી અને સારાયે નગરે એકતા સહકાર અને દિલની નિષ્ઠાનાં દર્શન ભાવિકોને કરાવી તેઓના ધન્યવાદના અધિકારી બન્યા હતા.

## ઉંઝામાં શતાબ્દી મહોત્સવ-સભા મળી

ઉંઝા, તા. ૪

ઉંઝામાં કડવા પાટીદાર કુળદેવ શ્રી ઉમીયા માતાજીના ૧૮મી શતાબ્દી મહોત્સવ અંગે નાગરિકો અને આગેવાનોની સભા મળી હતી. મહોત્સવ સમિતિના કાર્યકરો શ્રી મણીભાઇ ઘંટી અને શ્રી મણીભાઇ (મમ્મી)એ ગામનું ગૌરવ વધે અને આ પ્રસંગ દીપી ઉઠે તે માટે સૌના સાથ સહકાર માટે વિનંતી કરી હતી. ઉંઝા નગરપાલિકાના પ્રમુખ શ્રી બુધાલાલ શાહે સૌનો પ્રસંગ છે તેમ સૌએ તન-મન અને ધનથી સહકાર આપવા અપીલ કરી હતી. અન્ય નાગરિકો, આગેવાનોએ પણ આ ભગીરથ કાર્ય સૌનું છે. સમગ્ર ગામનું છે, અને એ માટે સૌનો સાથ સહકાર મળશે. મોટી સંખ્યામાં નાગરિકોએ હાજરી આપી હતી. શ્રી મણીલાલે (નેતા) આભારવિધિ કરી હતી.

## ઉમિયા માતાનાં દર્શન

દૂર દૂરથી આવતાં -દર્શનાર્થીઓને રાતવાસો કરવા જુદી જુદી આશરે ૫૦ હજાર માણસોને રહેવાની વ્યવસ્થા કરેલી છે.

-- "ઉમા" નો શકિત પ્રેમ ભાવના જાણે આ કાર્યમાં પળે પળે સાથે જ હોય તેમ રેલવે ખાતાએ સ્પેશીયલ ટ્રેનો એસ.ટી. ખાતાએ જોઇએ તેટલી એસ. ટી. બસો અને બીજા ખાતાઓ સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ જીલ્લા તાલુકા પંચાયતો એ પણ પોતાથી બની શકે તેટલી બધી જ સેવાઓ આપી છે. દૂધસાગરે પણ આ પ્રસંગે જરૂરી દૂધ પુરૂ પાડી સહકાર આપ્યો છે

—ઘણાંએ વર્ષો બાદ ઊંઝામાં સૌ પ્રથમ વાર આટલી આકર્ષક રંગબેરંગી નયન રમ્ય રોશની કોઇ સંસ્થાના મકાન ઉપર થઇ ન હતી 'મા'ના મંદિરે થયેલ રોશનીએ બધા જ ભાવિકોના દિલ જીતી લીધા હતા.

—મહોત્સવ અને યજ્ઞ પાછળ બીજી કોઇ ભાવના મહેચ્છા નથી પણ ફકત લોકકલ્યાણની ભાવના છે અને "મા ઉમા" આશીર્વાદ લોકકલ્યાણ માટે ઊતરી રહે એ જ હૃદયની પ્રાર્થના

—ઉમિયા માતાના મહોત્સવ પ્રસંગે સ્ટેશન રોડ નજીકનાં 'બાળોજ માતા' (કાચનું મંદિર)નાં પણ ભાવિકોએ દર્શન કર્યા હતા અને કાચની કલાકૃતિ જોઇ ધન્ય બન્યા છે.

**સંદેશની નજરે**

# ઉમિયા માતાજી શતાબ્દિ મહોત્સવનો લાભ લઈ કાયમી સ્વરૂપની યોજના થવી જોઈએ

**: બંધારણ સુધારવાની જાહેરાત:**

## અમદાવાદ શહેર જીલ્લો રૂ.૨૦ લાખ કરી આપશે : સમિતિઓ વિસ્તૃત કરાઈ

(પ્રવાસી પ્રતિનિધિ તરફથી) ઉંઝા તા. ૩૧: ઉત્તર ગુજરાતના સમૃદ્ધ એવા વેપારી મથક ઊંઝાના આંગણે ઉજવાનારા કડવા પાટીદાર કુળદેવી શ્રી. ઉમિયા માતાજીના ૧૮મા મહોત્સવનો ઉમંગ એકલા મહેસાણા જીલ્લામાં જ નહીં પણ સમગ્ર ગુજરાતમાં વ્યાપ્યો છે. તેની પ્રતીતિ આજે અત્રે મળેલ સંમેલનમાં ગુજરાત ભરમાંથી હજાર જેટલા કડવા પાટીદાર આગેવાનોએ પૂરી પાડી છે.

શ્રી. ઉમિયા માતાજીના વિશાળ ચોકમાં બરાબર દસ વાગે આ સંમેલનનો આરંભ થયો હતો. મહોત્સવ સમિતિના સભ્યો કાર્યકરો અને કડવા પાટીદારોના જુદા જુદા ગોળના આગેવાનો ગુજરાતભરમાંથી આવ્યા હતા.

શરૂઆતમાં મહોત્સવ સમિતિના મંત્રી જાણીતા કાર્યકર શ્રી. મણીભાઈ પટેલ (મમ્મી) એ આ મહોત્સવનો ખ્યાલ આપ્યો હતો કે સમગ્ર ભારતમાં વસતા ઉમિયા માતાજીના કડવા પાટીદાર ભાઈઓ એવું કામ કરો કે માના આશીર્વાદ ઉતરે અને માના આશીર્વાદથી આપણા પર આર્થિક, સામાજીક અને રાજકીય ક્ષેત્રે સારી પ્રગતિ થઈ છે. આ મહોત્સવને સફળ કરવા ૧૧ જેટલી કમિટિઓની રચના કરવામાં આવી છે. હામે આ કમિટિઓને વિસ્તૃત કરી ગામના આગેવાનોનો સમાવેશ કરવાનો છે. આ મહોત્સવ સમિતિ રાત દિન કાર્ય કરી રહી છે.

**આગેવાનોની હાજરી**

ત્યારબાદ ગુજરાતના કડવા પાટીદારોના જુદા જુદા ગોળના આગેવાનોએ આ મહોત્સવમાં તેમના ગોળ તરફથી કેટલો ફાળો આપાશે તેનો ખ્યાલ આપ્યો હતો. ખેડા જીલ્લાના શ્રી. છોટાભાઈ પટેલ, પાંચોટના મહેસાણા જીલ્લાના શ્રી. આત્મારામ પટેલ, (શ્રોફ) મકતુપુરના શ્રી. મગનભાઈ નરસીંહ પટેલ, ઉંઝાના શ્રી. હરગોવનદાસ અંબાલાલ પટેલ, મહેસાણા જીલ્લા શિક્ષણ સમિતિના ચેરમેન શ્રી. ચતુરભાઈ પટેલ, કુંવાસ્યના શ્રી. સોમનાથ પટેલ, ભુણાવના શ્રી. ચેલાભાઈ નાગરદાસ પટેલ, બ્રાહ્મણવાડાના શ્રી મગનલાલ જોઈતારામ પટેલ, કાંસાના શ્રી અંબાલાલ જોઈતારામ પટેલ, પાલનપુરના શ્રી. ભાવચંદભાઈ પટેલ, કડીના શ્રી. ભગવાનદાસ પટેલ, કહીપુરના શ્રી માધવલાલ પટેલ, સાબરકાંઠાના શ્રી.શંકરભાઈ પટેલ, ધનસુરાંના શ્રી કાન્તીભાઈ પટેલ, સાબરકાંઠાના શ્રી અંબાલાલ પટેલ વિગેરે સંખ્યાબંધ આગેવાનોએ પોતપોતાના સમાજ તરફથી આપનાર ફાળાની વિગત જણાવી હતી.

**અમદાવાદ શહેર જીલ્લો-૨૦ લાખ**

અમદાવાદ ડી. કો. બેંકના ઉપપ્રમુખ શ્રી ચંદુભાઈએ તેમજ અમદાવાદના ચોકસી શ્રી ધરમચંદભાઈએ જણાવ્યું હતું કે અમદાવાદ અને જીલ્લો મળી ૨૦ લાખ ઉપરાંત ફાળો આપશે.

### આગેવાન કડવા પાટીદારોની સભા

દેલવાડાના શ્રી. હાથીભાઈ પટેલ, અમદાવાદના શ્રી. અમૃતલાલ મગનભાઈ વિગેરેએ પણ ખ્યાલ આપ્યો હતો.

બોરસદના શ્રી. છોટાભાઈ પટેલે મનનીય પ્રવચન કર્યું હતું.

શ્રી. ગોકળદાસ શંભુદાસ પટેલે સ્વાગત કર્યું હતું.

અતિથિ વિશેષ તરીકે સાબરકાંઠાના શ્રી. વસરામભાઈ નથુભાઈ પટેલ આવ્યા હતા.

મહોત્સવ સમિતિના પ્રમુખ અને જાણીતા દાતા શેઠ શ્રી. કેશવલાલ વિઠ્ઠલદાસ પટેલે સ્વાગત કરતાં કહ્યું કે આ મહોત્સવના તમામ કડવા પાટીદારોને આમંત્રણ આપાયા છે. તેમણે બંધારણનો ખ્યાલ આપ્યો હતો.

**૫૦ લાખ કડવા પાટીદારો છે**

સાબર ડેરીના ચેરમેન શ્રી. ભુરાભાઈ પટેલે કહ્યું હતું કે એકમાંથી અનેકધણું પેદા કરનાર આપણો વર્ગ છે. શક્તિશાળી છે એ હકિકત છે. ૫૦ લાખ જેટલા કડવા પાટીદારો માતાજીના ભક્ત છે. બબ્બે રૂપિયા આપે તો પણ એક કરોડનો ફાળો થાય.

તેમણે આ પ્રસંગે એકત્ર થયેલ આગેવાનોને ખેતીના વિકાસ માટે, સામાજીક રીતે વિચાર કરવા અનુરોધ કર્યો હતો તેમણે કહ્યું કે વડાપ્રધાનશ્રીના ૨૦ મુદાના કાર્યક્રમને આપણે સફળ કરી શકીએ તેમ છીએ.

મહેસાણા જીલ્લા પંચાયતનાં ઉપપ્રમુખ શ્રી. વસરામભાઈ પટેલે જીલ્લા પંચાયત તરફથી મદદની ખાત્રી આપી હતી. મહેસાણા જી. ૫. સ. બેન્કના અધ્યક્ષ શ્રી. આત્મારામ પટેલ, ડી. બેન્કના ઉપ પ્રમુખ શ્રી. નટવરલાલ પીતાંબરદાસ પટેલ વિગેરેએ આ મહોત્સવને સફળ કરવા અનુરોધ કર્યો હતો.

**બહેનોની સમિતિ**

જાણીતા આગેવાન શ્રી. શંકરલાલ ગુરૂએ આ મહોત્સવના કામમાં લાગી જવા જણાવતાં કહ્યું કે આનો ઉત્સાહ ગામે ગામ વ્યાપ્યો છે. નવી પેઢીને પ્રેરણા મળે તેવું આ કામ છે. આ મહોત્સવમાં બહેનો પણ ભાગ લે તે માટે બહેનોની એક સમિતિ રચવાની છે.

**કેળવણી માટે નહિ ખર્ચાય**

મહોત્સવ સમિતિના આગેવાન શ્રી. મણિલાલ પટેલે ખાત્રી આપી હતી કે આ મહોત્સવ માટે ફાળો સારો એકત્ર થવાનો છે. તેમાંથી કેળવણી માટે કાંઈ ખરચાશે નહી. ખર્ચનો અંદાજ દસ લાખ જેટલો છે. ૪૦ લાખનો માસ્ટર પ્લાન કર્યો છે ફાળાની બચત માતાજીના કામ માટે જ વપરાશે.

આ સંમેલનનું પ્રમુખસ્થાન ઉદયપુરના વિસનગર તાલુકા પંચાયતના માજી પ્રમુખ શ્રી. શંકરભાઈ પટેલે સંભાળ્યું હતું.

ઊંઝા માર્કેટ કમિટિના ચેરમેન શ્રી. રામાભાઈ પટેલે આભારવિધિ કરી હતી.

**કાયમી સ્વરૂપ આપો**

એમ મનાય છે કે આ મહોત્સવ માટે ૫ લાખ ઉપરાંત ફાળો એકત્ર થઈ કેટલાકની ધારણા છે કે ફાળો એક કરોડ રૂપિયા જેટલો થશે. આ મહોત્સવનો લાભ લઈને કંઈક કાયમી સ્વરૂપ આપવા પણ માંગણી થઈ હતી.

**શ્રી. વ્રજપાળજી કડવાક્ષેત્રી**

અત્રે શ્રી. ઉમિયા માતાજી શતાબ્દિ મહોત્સવ ઉજવણી અંગેની તૈયારીમાં આજે મળેલા જુદી જુદી સમિતિઓના સંમેલનમાં ઉજવણીનો કાર્યક્રમ ઘડાઈ રહ્યો છે જેમાં ઉમિયા માતાજીના પ્રાગટ્યનો ઈતિહાસ વર્ણવતી એક પુસ્તિકા પણ બહાર પડનાર છે, જેમાં કડવા પાટીદાર અને ક્ષત્રિય ઉત્પત્તિના પુસ્તકના આધારે ૧૮૦૦ વર્ષ પહેલાં સંવત ૨૧૨માં કડવા ક્ષેત્રી વ્રજપાળજીએ શીવજીની આજ્ઞાથી ઉમિયા માતાજીને પ્રસન્ન કરી કડવા પાટીદાર સમાજમાં કુળદેવી તરીકે ઉમિયા માતાની ઉમાપુર (ઊંઝા)માં સ્થાપના કરી હતી.

**સ્વયંસેવકોનો મોટો ફાળો**

ઉમિયા માતા મહોત્સવ સમિતિના સ્વયંસેવકોને અને યુવાનોની જહેમત તો આ સરભરાકાર્ય પાર પાડ્યું કહીએ તો ચાલે. પિરસવામાં કે, ટ્રાફીક જાળવવામાં કે ઉતારે જ્યાં જ્યાં હરતા ફરતા નાસ્તો કરી રાતદિવસ થાક્યા વિના અઢીથી ત્રણ હજાર સ્વયંસેવકો કામ કરે છે. આજે તો પતરાળા પડીયા પણ દાતાઓ અને સ્વયંસેવકોએ ઉપાડ્યા હતા.

**ઉચ્ચ શિક્ષણ વર્ગ પણ**

આ મહોત્સવમાં માતાજીના દર્શને ગુજરાતના આગેવાન કાર્યકરો, ધારાસભ્યો, માજી ધારાસભ્યો, એન્જીનિયરો તબીબો, વકીલો સહિત ઉચ્ચ કક્ષાની વ્યક્તિઓ પણ આવ્યા હતા.

ઉંઝાની મુલાકાતે આજે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મંત્રી શ્રી. જયરામભાઈ પટેલ અને ધારાજીના માજી ધારાસભ્ય શ્રી. ભગવાનજીભાઈ પટેલ પણ માતાજીના દર્શને આવ્યા હતા; અને ઉમીયા માતા ઉત્સવ સમિતિના આગેવાનોને ૧૦ લાખ યાત્રિકોની સરભરા સ્વાગત માટે કરેલા આયોજન બદલ ધન્યવાદ આપ્યા હતા. સમિતિના અગ્રણી શ્રી. કેશુભાઈ વી. પટેલ, ઉપ-પ્રમુખ શ્રી. ગોબરભાઈ પટેલ, સિદ્ધપુરના માજી ધારાસભ્ય શ્રી વિઠ્ઠલભાઈ પટેલ, શ્રી. જમનાદાસ પટેલ (અમદાવાદ) માજી ધારાસભ્ય શ્રી. શંકરલાલ ગુરૂ અને શ્રી. મણીલાલ પટેલ (મમ્મી) સહિતના આગેવાનેને મળ્યા હતા; આ સફળતાને માજીના આશીર્વાદ ગણાવ્યા હતા.

એસ. ટી.ના સત્તાવાળાઓ રાતદિવસ મહેનત કરીને પેસેન્જરોને સારી સગવડતા પ્રાપ્ત કરવામાં સહાયરૂપ થાય છે.

રેલ્વે માટેની સ્પેશીયલ ટ્રેનમાં પણ ખાસ ઊંઝા મુકામે દર્શનાર્થે માનવ મહેરામણ ઉમટેલો છે.

ઊંઝા ઉમિયા માતાજીની જુદી જુદી કમિટિઓનાં આગેવાનો તેમજ અંદાજે ૪૦૦૦ ઉપરાંત કાર્યકર્તાઓ રાતદિવસ મહેનત કરી રહ્યા છે, અને હવે ઉમટેલા માનવ મહેરામણને અનેક સગવડો માટે ઉભા પગે પૂરતી તૈયારીઓ સાથે કામ કરી રહ્યા છે.

પોલીસનાં સત્તાવાળાઓ પણ ખડેપગે સંપૂર્ણ તૈયારીઓ સાથે સેવા બજાવી રહ્યા છે.

ઊંઝા ગામનાં વતનીઓને દરેકને ઘેર અનેકસગાં સંબંધીઓ દર્શનાર્થે પધારતાં હોય તેઓની સરભરામાં પડી ગયા છે અને દરેક જ્ઞાતિ તથા કોમના નાગરિકોએ પ્રેમપૂર્વક પોતાનો જ ઉત્સવ છે

## સંદેશની નજરે

# ઉંઝામાં ઉમિયા માતાના દર્શને ઉમટેલો માનવ મહેરામણ

## વ્યવસ્થાને પહોંચી વળવા થયેલી વિચારણા

(પ્રતિનિધિનો ટ્રંકકોલ) ઉંઝા, તા.૨૬

ઉંઝામાં કડવા પાટિદાર સમાજની કુળદેવી ઉમિયા માતાજીના ૧૮મા શતાબ્દિ મહોત્સવની ઉજવણીના આજે બીજા દિવસે યાત્રિકો એટલી મોટી સંખ્યામાં ઉતરી પડયા હતા કે, બપોરના એક વખત તો ટ્રાફિક નિયંત્રણ વ્યવસ્થા તૂટી જાય તેવો ભય ઉભો થતાં બહારથી એસ.ટી. બસો દ્વારા લવાતા યાત્રિકોનો ધસારો ઘટાડવા એસ. ટી. વ્યવહાર અધિકારીઓ સાથે ચર્ચા સરભરા સમિતિ આગેવાનોને કરવી પડી હતી. આજની યાત્રી કોની ગરીદી જોઇને મહોત્સવ વ્યવસ્થાપક સમિતિના આગેવાનો શનિવાર અને રવિવારે યાત્રિકોના ધસારાના અંદાજને પામી ગયા હતા. અને તેવી વ્યવસ્થાની વિચારણા કરવા લાગ્યાના પણ સમાચાર મળે છે.

સ્ત્રી-પુરૂષો અને બાળકો તેમના સાથીદારોથી વિખુટા પડી ગયાના બનાવે તો પૂછપરછ કચેરીના કાર્યવાહકોને તંગ બનાવી દીધા હતા. કારણ કે આ તપાસનું કામ એટલા મોટા પ્રમાણમાં વધી ગયું હતું. પરન્તુ બપોર પછી પરિસ્થિતિ કાબુમાં આવી હતી. પરન્તુ વ્યવસ્થાપક સમિતિઓ મળી રહી છે જે શનિ-રવિની વ્યવસ્થા વિચારશે.

બીજી બાજુ, ટ્રાફીક જાળવવાની વ્યવસ્થામાં ઉંઝાના મુખ્ય બજારના અને રસોડે જવાના રસ્તા સાંકડા પડતા હોઇ અને માતાજીના મંદિર પાસેની 'ક્યુ'ની લાઇન તૂટી જાય તેવી ગીરદી થવા પામી હતી.

સામાન્ય રીતે દૂરથી આવનાર મહેમાનો સાથે જ ઉત્તર ગુજરાતના જિલ્લાઓના જે દર્શનાર્થી આવતાં તે બંને જૂથ ભેગાં થઇ જતાં બપોર સુધીમાં સારી એવી ગીરદી થાય છે તેમ આજે બપોર સુધીમાં યાત્રીકોની ભારે ઠઠ જામતાં ઉંઝામાં દોઢથી બે લાખની મેદની એકત્ર થઇ ગઇ હતી અને આથી જ ઉંઝાના બજારના રસ્તા પણ સાંકડા પડતા હતા. આ ગીરદીને કારણે એકબીજાથી વ્યકિતઓ છૂટી પડી જવાના બનાવો વધી ગયા હતા, પણ એસ. ટી. સ્ટેન્ડ અને પૂછપરછ ઓફિસોની ઝડપી કાર્યવાહીથી મોટા ભાગના વિખૂટાં પડેલાં સૌ મળી આવ્યા હતા.

આ ગીરદીમાં પોલીસે ચારથી પાંચ જેટલા ખિસ્સાકાતરૂઓને પણ પકડી પાડયા હતા. આ લોકોના હાથે કોઇ અનિચ્છનીય બનાવ બન્યો નથી.

આજે રસોડામાં જમનારાઓની સંખ્યા વધવા છતાં ત્યાં કામ કરતા રાજસ્થાની રસોઇયા અને સ્વયંસેવકો આજે વધુ ઉત્સાહથી કામ કરતા હતા અને યાત્રિકોને મહેમાનોની માફક શાંતિથી જમાડતા હતા.

આ ઉપરાંત આવી ઠઠમાં પણ લોકોને સંતોષથી જમવામાં આનંદ આવ્યો કે નહિ તેને માટે પણ સમિતિના કાર્યકરો જમીને બહાર નીકળનાર યાત્રિકોને ખબર અંતર પૂછી કોઇ મુશ્કેલી હોય તો સાંભળતા હતા.

આજે માતાજીના મંદિરે પણ જળયાત્રાનો વરઘોડો નીકળ્યો હતો. અખંડ સૌભાગ્યવતી બહેનો અને કુંવારિકાઓ કળશમાં જળ લાવ્યાં હતાં. જેનાથી આવતીકાલે માતાજીને અભિષેક કરાવાશે.

આવતીકાલે બપોરના માતાજીના શિખર પર નવી ધજા ચઢાવવાનો પણ કાર્યક્રમ છે. આ સાથે યજ્ઞવિધિ પણ ચાલુ છે. આવતીકાલે અભિષેકમાં માતાજીને જુદી જુદી ધાતુઓ અને સુગંધિત વનૌષધિઓવાળા આજના જળયાત્રાના કળશોના જળથી અભિષેકનો કાર્યક્રમ થશે.

આજે માતાજી મંદિરે યજ્ઞ અને માતાજીના દર્શને આવેલા યાત્રિકોની ગીરદીને શાંતિથી દર્શનની સગવડ ખાતર સ્વંયસેવકો તાપમાં યાત્રિકોને પંખા નાખી ઠંડક ફેલાવવા, માતાજી મંદિરમાં ગુલાબજળ છાંટી અગરબત્તીઓનો મોટા પ્રમાણમાં ધુપ કરી વાતાવરણ સૌરભભર્યું બનાવવા સ્વયંસેવકોએ જહેમત ઉઠાવી હતી.

આજે બપોરના થોડા વખત માટે વધેલી ગીરદીથી વ્યવસ્થાપક સમિતિના આગેવાનો સજાગ થઇ ગયા હતા અને રાત્રે વિચારણા કરવા મળ્યા હતા. કારણ કે આ સ્થિતિ બપોર સુધી જ થાય છે. નજીકના યાત્રીકો તેમનાં વાહનોમાં ચાલ્યા જતાં બહારના રાતવાસો રહેનાર દૂરના યાત્રીકો રહે છે જે સંખ્યા દિવસ કરતાં અડધી થઇ જાય છે. સાંજના પણ રાહતભરી સ્થિતિ થાય છે.

આજ રોજ શ્રી ઉમીયા માતાજીના મહોત્સવમાં દર્શનાર્થે એક લાખ ઉપરાંત ના માણસો દર્શનાર્થે પધાર્યા હતા, જેમ જેમ પ્રચાર થાય છે તેમ તેમ અનેક જીલ્લાઓ તથા શહેરોમાં માણસો દર્શનાર્થે પધારે છે અને શનિવારે અને રવિવારે તેમજ પૂર્ણાહુતિને દિવસે રોજનાં બબ્બે લાખ માણસો દર્શનાર્થે પધારશે.

## શ્રી ઉમિયા માતાજીના મંદિરેથી

[પ્રતિનિધિ તરફથી] ઊંઝા, તા. ૨૪

ઊંઝામાં કડવા પાટીદારના સમાજના કુળદેવી ઉમિયા માતાજીના ૧૮ મી શતાબ્દિ મહોત્સવ ઉજવણીના પ્રારંભના આજના પ્રથમ દિવસે ચોમાસુ વાતાવરણે થોડી મુશ્કેલી ઉભી કરવા છતાં ધુળવાળા રસ્તાઓ મંડપો વિગેરે સ્થળોએ પાણી છંટકાવથી ધૂળ ઉડતી બંધ થવાથી રાહત મળી છે. અને બીજી બાજુ જે રસ્તાઓ પર થોડો કીચડ થયો હતો તેનો સાફસૂફીનું કામ મુદ્દાના ધોરણે શરૂ થયું છે. અને પૈસાદાર કે ગરીબ યુવાન કે વૃધ્ધ સૌ મુશ્કેલીના ધોરણે કામકાજથી રસ્તાઓ સુઘડ બનાવવા રાત દિવસ જહેમત ઉઠાવી રહ્યા છે.

બીજી બાજુ છુટક છુટક મહેમાનોનું આગમન શરૂ થયું છે અને ઊંઝા નગરવાસીઓમાં ઘેર ઘેર એક લગ્નોત્સવ હોય તેવો ઉત્સાહ વર્તાઇ રહ્યો છે. વરસાદે રસ્તા સુશોભન અને સ્વાગત સૂત્રો થોડી ખરાબી કરી હતી. તેની મરામત કરાઇ છે.

માતાજીના મંદિરે યજ્ઞ કુંડ અને વેદીઓની તૈયારીઓ સાથે માતાજી દ્વારે નવદુર્ગાના નવ સ્વરૂપોના સુંદર તૈલચિત્રોની ચુસ્ત નીચે સજાવટથી રમણીય દૃશ્ય ખડું કર્યું છે. જેના લીધે માતાજીનાં સ્વરૂપો અને જુદા જુદા શણગારોનાં દૃશ્ય જોવા મળે છે.

### પત્રકારોની મુલાકાત

આજે મહેસાણા જિલ્લાના પત્રકારોને એસ. ટી. ના ઉંઝા ચોપાસ ખડાં કરાયેલાં છ એસ. ટી. સ્ટેન્ડો, યાત્રીકોને લાઇનમાં ઉભા રહેવા જવા-આવવાના રસ્ત તેમજ ધસારો થાય તો તે સ્થળે વધુ એસ.ટી. બસો રાખવાની જોગવાઇ વિગેરે ગોઠવણો પત્રકારોએ જોઇ હતી.

### ધૂળ ચોંટી ગઇ

પત્રકારોએ કોલેજ મેદાનમાં ભોજન શાળાનો મંડપ અને રસોઇ ઘર વિ. સગવડો પણ જોઇ હતી. વરસાદના કારણે મંડળીમાં પાણી રોકાનું હતું પણ ખરી રીતે આ જનસજાવટની જગાએ ધૂળ બેસી ગઇ હતી અને ઠંડકવાળું વાતાવરણ જામ્યું હતું.

### ગંજબજારની નવી સજાવટ

પત્રકારોએ બજારોનાં કામકાજ બંધ કરવાની તૈયારી જોઇ હતી. આવતીકાલથી ઉંઝાનું આંતરરાષ્ટ્રિય બજાર જેવું રોજ લાખોનો વેપાર ખેડતું ગંજબજાર ખાલી થતું લાગ્યું હતું. વેપારીઓએ માલ ગોડાઉનોમાં ગોઠવી દુકાનોને બેઠકનાં સ્થળ જેવી બનાવી દીધી હતી ગાદી તકીયા ગોઠવી સૌ ચાર દિવસ માટે નિવૃત થયા હોય.

અત્રે મહેમાનોના સ્વાગત માટે તૈયારી કરતા હોય તેમ શતાબ્દિ મહોત્સવની ઉજવણી માણવામાં કામે લાગી ગયા દેખાતા હતા.

### ટ્રકોના વાહનો શહેર બહાર

સામાન્ય રીતે ટ્રકો કે એવાં વાહનોની જાહેરમાં અવર જવર બંધ કરતા હશે. માત્ર મહેમાનોને લઇ આવતી નાની ટેક્ષી, મોટરો સિવાય ખાસ વાહનોની દોડધામ શહેરમાં ન હતી; જે દોડધામ હતી તે મોટા હાઇવે અને શહેર ફરતી અને બહારગામે જોડતા રસ્તાઓથી અવર જવર શરૂ થઇ હતી.

શહેરમાં સામાન્ય ખાનપાનની જગાઓએ સામાન્ય દરોડી થાય જ છે, અને વ્યાજબી ભાવે યાત્રીકોને વસ્તુઓ મળે તેની તકેદારી રખાય છે.

### અગ્નિહોત્રી આવ્યા

આજે ગુરૂવારે યજ્ઞના પ્રારંભની તૈયારી માટે અગ્નિહોત્રીઓ અને રાજ્ય ભૂદેવો પણ આવી ગયા છે. અને વેદીઓનો હવાલો સંભાળી લીધો છે. મુખ્ય અગ્નિહોત્રી શ્રી. શુકદેવભાઇ વિધીની તૈયારીમાં પડયા છે.

ગુજરાત ની નજરે

કડવા પાટીદાર કોમના કુળદેવી

# ઉમિયાજીમાતાની ૧૮મી શતાબ્દી ઉજવણીના આયોજન માટે ઊંઝા ખાતે જ્ઞાતિના અગ્રણીઓની મસલત

મહેસાણા, તા. ૨

ઊંઝા ખાતે ઉમિયાજી માતાની ૧૮મી શતાબ્દીનો ભવ્ય ઉજવણી કરવા અને આ પ્રસંગે યોજનાર સહસ્ત્ર ચંડીના યજ્ઞના થનાર આયોજનની વ્યવસ્થા અને નાણાંકીય ભંડોળ એકઠું કરવાની વિચારણા કરવા માટે ગુજરાતભરના કડવા પાટીદાર જ્ઞાતિના આગેવાનોની એક મહત્ત્વની મિટિંગ ગત રવીવારના રોજ ઊંઝા ખાતે મળી હતી અંદાજે અનેક હજાર જેટલી વ્યકિતઓએ આ પ્રસંગે હાજરી આપી હતી.

આ પ્રસંગે યોજાયેલ સભાના પ્રમુખસ્થાને વિસનગર તાલુકાના મ'જી પંચાયત પ્રમુખ શ્રી શંકરભાઈ પટેલ અને અતિથિવિશેષ તરીકે સાબરકાંઠાના શ્રી. વશરામભાઈ પટેલ હતા. મંગળ પ્રવચન બોરસદના શ્રી. છોટાભાઈ પટેલે કર્યું હતું.

મહોત્સવ સમિતિના પ્રમુખ શેઠ શ્રી કેશવલાલ પટેલે સ્વાગત પ્રવચનમાં ઉત્સવનું મહત્ત્વ સમજાવ્યું હતું. સમિતિના મંત્રી શ્રી મણીભાઈ (મમી)એ આયોજનની વિગત આપી હતી. શ્રી શંકરલાલ ગુરૂએ આ શકિતપૂજા મુખ્યત્વે બહેનો માટે અત્યંત મહત્વની હોઈ બહેનોની એક સમિતિ નિમવાનું સૂચન કર્યું હતું જેને આવકારવામાં આવ્યું હતું.

આ પ્રસંગે જુદા જુદા સ્થળેથી આવેલા આગેવાનો તેમજ જુદા જુદા ગોળના આગેવાનોએ નાણાંકીય ફાળાની થેલી છલકાવવા ખાત્રી આપી હતી અને સાંજ સુધીમાં લગભગ રૂા. દસ લાખનો ફાળો થયો હતો.

## મંદિરના નવનિર્માણ તથા વિકાસ અર્થે થેલી છલકાવી દેવા કરાયેલો અનુરોધ

આ પ્રસંગે હાજર રહેલા આગેવાનોમાં મહેસાણા જીલ્લાના આગેવાનોમાં ઉંઝાના સર્વશ્રી મણીલાલ (કાંટી) મણીભાઈ (મમ્મી) શંકરલાલ ગુરૂ, કો. ઓ. બેન્કના ચેરમેન શ્રી. આત્મારામ પટેલ, ખેડા જીલ્લાના છોટાભાઈ પટેલ, સાબરકાંઠા ડેરીના ચેરમેન ભુરાભાઈ પટેલ, મહેસાણાના જાણીતા શ્રોફ શ્રી આત્મારામ પટેલ, ઉંઝાના હરગોવનદાસ પટેલ, જીલ્લા શિક્ષણ સમિતિના ચેરમેન શ્રી ચતુરભાઈ પટેલ, જીલ્લા પંચાયતના કાર્યકારી પ્રમુખ શ્રી વશરામભાઈ પટેલ, દેલવાડાના શ્રી હાથીભાઈ પટેલ, અમદાવાદ કો. ઓ. બેન્કના ઉપ પ્રમુખ શ્રી ચંદુભાઈ, કોરપોરેટર શ્રી અમૃતલાલ પટેલ, વગેરેએ હાજરી આપી આ મહોત્સવની ઉજવણી ભવ્ય રીતે ઉજવાય તેવાં સાથ સહકારની ખાત્રી આપી હતી.

એક કિંવદંતિ મુજબ પાટીદારો મધ્યપ્રદેશનાં માળવા પ્રદેશમાંથી ગુજરાતમાં આવેલા. મહેસાણા જીલ્લાના કેટલાંક સ્થાપત્યને વિક્રમાદિત્યના સમય સાથે સંબંધ હોવાનું અને તે સાથે પાટીદારો વિક્રમાદિત્યના રાજ્યમાંથી અત્રે આવેલા તે પ્રસંગ સાથે સંકળાયેલ હોઈ આ અંગે સંશોધન શ્રી પુષ્કર ચંદરવાકર કરી રહ્યા છે.

ઉંઝામાં સહસ્રચંડી અને ઉમિયાજી માતાજીની ૧૮માં શતાબ્દીની ઉજવણી એ ગુજરાતભરમાં એક યાદગાર પ્રસંગ બનશે તેમ આજના ઉત્સાહના વાતાવરણથી જણાય છે.



# ઉમિયા માતાજીના શતાબ્દી મહોત્સવની તૈયારીઓને અપાઇ રહેલો આખરી ઓપ

મહેસાણા, તા. ૨૨

ભારતની શકિતપૂજાની આદિ અનાદી પુરાણી ચાલી આવેલી પ્રણાલીકાને તાદૃશ્ય સ્વરૂપે જોવાનો એક મહત્ત્વનો તા. ૨૫ થી ૨૯ નવેમ્બરના સમયમા જોવાનો લહાવો જનતાને ઉંઝા મુકામે મળશે.

શ્રી. ઉમીયામાતાજીને કુળદેવી તરીકે માનતા કડવા પાટીદાર ક૦૦ । કુર્મિ સમાજે ઊંઝાખાતે માતાજીની સ્થાપનાને ૧૮ સૈકા પુરા થતાં તે અંગેની ૧૮મી શતાબ્દી ઉજવવાનો અને આ પ્રસંગે સહસ્ર ચંડી યજ્ઞ કરવાનો નિર્ણય કર્યો હતો. અને આ અંગે છેલ્લા કેટલાક સમયથી ભવ્ય ઉજવણીને સફળતા મળે તે માટે જુદી જુદી ૧૨ સમિતિઓના પ્રમુખપદે સર્વશ્રી. કેશવલાલ વી. પટેલ. (૨) શ્રી આ[illegible] પટેલ (૩) શ્રી. લક્ષ્મીકાન્ત બી. પટેલ, (૪) મણીલાલ આઈ. પટેલ (મની) (૫) શ્રી. [illegible] એમ. પટેલ (ગેડ) (૬) શ્રી. શંકરલાલ એમ. પટેલ (શકુર) (૭) શ્રી. શંકરલાલ બી. પટેલ (૮) શ્રી [illegible] પટેલ (૯) શ્રી. ચતુરભાઈ આઈ પટેલ (ખાણંદાત) (૧૦) શ્રી. ઈશ્વરલાલ ડી. પટેલ (૧૧) શ્રી. ભોગીલાલ કે. પટેલ (કમાણ[illegible]) અને (૧૨) શ્રી. અંબાલાલ શાહ.

આ સમિતીઓના મંત્રીઓ તેમજ કડવા પાટીદાર સમાજની એકેએક વ્યકિત આ ઉત્સવને સફળ બનાવવા તન મન અને ધનથી પ્રયાસ કરી રહ્યા છે. અને આ કાર્યક્રમને છેલ્લો ઓપ આપવાના ભગીરથ પ્રયાસો આદર્યા છે.

આ ઉપરાંત આ પ્રસંગને ક્ષ્યકડામાં આવરી લેવા શ્રી પુષ્કરભાઈ ચંદરવાકરે આ અંગેની એક સેન્ટ્રી

## પ્રસંગને સફળ બનાવવા પ્રયત્નશીલ રહેતા કડવા પા. સમાજના અગ્રણીઓ

તેમજ જરૂરી સંશોધન કરી સંકલન કરનાર છે. તેમાં જગતજનની ઉમીયા માતાજીની પૌરાણીક કથા, શીવ પરિવારના શિલ્પ સ્થાપત્યના મંદિરો, સુણકનું શીવમંદિર, મોઢેરાનું સૂર્યમંદિર, વડનગરના તોરણમાં બેઠેલા શીવજી વગેરે સ્થાપત્યની ભાવાની દૃષ્ટિએ ઉત્તમ કૃતિઓને ચિત્રમાં આવરી લેનાર છે. આ ઉપરાંત ઉત્તર ગુજરાતની લોકસંસ્કૃતિ, લોક કલા, જેમાં ભવાઈ જેવા લોકનીતિઓને સ્થાન આપવામાં આવ્યું છે.

ઊંઝાની કડવા પાટિદારની એક એક વ્યકિત રાત્રિદિવસ જોયા વગર માતાને ફાળે આવેલી મહત્ત્વની કામગીરી બજાવી રહી છે.

ઉપરોકત મહોત્સવ પ્રસંગે એકઠી થયેલી રકમમાંથી રૂપિયા ૪૦ લાખની બચત અંદાજવામાં આવી છે. તેનો ઉપયોગ હાલના મંદિરમાં એક માસ્ટર પ્લાન કરી નવરચના કરવાનો નિર્ણય પણ લેવાયો છે.

આ માસ્ટર પ્લાનમાં બહુમાળી ગેસ્ટહાઉસ, પ્રાર્થનાહોલ, સભાગૃહ, પુસ્તકાલય, [illegible], કુંડ અને અદ્યતન રસોડાના સમાવેશ કરવામાં આવ્યા છે.

ઉપરોક્ત પ્રસંગે આવનાર યાત્રાળુઓ માટે ખાસ બસ વ્યવસ્થા, અમદાવાદ પાલનપુર વચ્ચે ખાસ વધારાની ટ્રેનોની વ્યવસ્થા, મફત તબીબી સારવારની વ્યવસ્થા ઉપરાંત રહેવા જમવાની [illegible]

**સંદેશની નજરે**

# ઉમીયા માતાજીના મહોત્સવ માટે ઉંઝામાં શણગારાએલી દુકાનો-રસ્તા

## એસ. ટી. દ્વારા વધારાની ૩૫૦ બસો દોડાવાશે

(ખબરપત્રી તરફથી) ઉંઝા, તા. ૨૫

ઉમીયા માતાજીના મંદિર અને આસપાસ સજાવટ સંપૂર્ણ થઇ ગઇ હતી. શહેરના રસ્તા સ્વચ્છ કરવામાં આવ્યા હતા. દુકાનો અને રસ્તાઓ શણગારવામાં આવ્યા હતા. અને સમગ્ર ઉંઝા આ મહામહોત્સવને વધાવવા કટિબધ્ધ બન્યું છે.

હજારો માણસોને એક સાથે જમાડવાની વ્યવસ્થા નિહાળી, જમનારા સેંકડો માણસોને ઝડપથી એક સાથે ભોજન પીરસવાની વ્યવસ્થા જોઇ, વિશાળ પાયે બાંધેલા મંડપો જોયા, અને વિધવિધ સ્થળોએ ઉતારાની સગવડનું નિરીક્ષણ કર્યું.

ઉંઝામાં લોકયાત્રાના સ્વાગત માટે સમગ્ર ઉંઝા થનગની રહ્યું છે. આટલી મોટી વિશાળ સંખ્યાને પહોંચી વળવા ઉંઝાએ જે બીડું ઝડપ્યું છે તે પ્રશંસા માગી લે તેમ છે. આવી સગવડ અને આવી વ્યવસ્થા ઉંઝા જ કરી શકે તેમ સૌથી બોલાઇ ગયું.

ઉંઝાના ટ્રાફિકને પહોંચી વળવા એસ. ટી. કોર્પોરેશન વધારાની ૩૫૦ બસો દોડાવશે. આ ઉપરાંત અમદાવાદથી ૭૫ જેટલી બસો તો નોંધાઇ ગઇ છે, અને સૌરાષ્ટ્રમાંથી આવશે તે જુદી, વળી સૌરાષ્ટ્ર વિગેરે દુરથી આવતા યાત્રિકો માટે અંબાજી માટે ખાસ "દર્શન એકસપ્રેસ" બસો દોડાવવાની પણ સગવડ કરવામાં આવી છે.

ઉંઝામાં શ્રી ઉમીયા માતાજીના મહામહોત્સવ પ્રસંગે ગુજરાત સૌરાષ્ટ્રભરમાંથી ઉમટનારા યાત્રિકોનાં વિશાળ સમુદાયને પહોંચી વળવા એસ. ટી. કોર્પોરેશનની પાલનપુર અને મહેસાણા વિભાગે કરેલી વિધવિધ સગવડોનો ખ્યાલ આપવા મહેસાણા જીલ્લાના પત્રકારોને પાલનપુર વિભાગના વિભાગિય નિયામક શ્રી એન. કે. લાલવાણીએ ઉપરોકત માહિતી આપી હતી. એસ. ટી.ના જનસંપર્ક અધિકારી શ્રી ડી. એમ. પટેલ, મહેસાણાના વિભાગીય પરિવહન અધિકારી શ્રી એસ. કે. પટેલ, મહેસાણા ડેપો મેનેજર શ્રી પુરોહિતે વધુ માહિતી આપી હતી.

શ્રી લાલવાણીએ કહયું કે, જુઓ, હાઇવે પર ઉમીયા પેટ્રોલ પંપ પાસે આ બસ સ્ટેશન નં. ૧ છે, જ્યાં અમદાવાદ, સૌરાષ્ટ્ર તરફની બસો ઉભી રહેશે. ઉમીયા સોસાયટી પાસે આ છે બસ સ્ટેશન નં. ૨ જ્યાં વિસનગર તરફની બસો થોભશે. વડનગર ઉમતા તરફની બસો નં. ૩ પર થોભશે. શહેરની ઉત્તરે લશ્કરી છાવણી પાસે બસ સ્ટેશન નં. ૪ પર ખેરાલુ તરફની બસો ઉભી રહેશે. પાલનપુર, ડીસા તરફની બસો હાઇવે પર ઉત્તરમાં બસ સ્ટેશન નં. ૫ પર અને પાટણ તરફની પાટણ માર્ગ પાસે નં. ૬ પર ઉભી રહેશે. પાલનપુર, ગઢ, ડસા, રાધનપુર, શીરોહી, ધીણોજ વિગેરે ૩૩ જેટલા ગામોએથી ૫૩ જેટલી ખાસ વધારાની બસો દોડશે.

પત્રકારોની ટુકડી શ્રી ઉમિયા માતાજીના મંદિરે ગઇ હતી. મહોત્સવ સમિતિના મંત્રી શ્રી મણીભાઇ મમ્મીએ સૌને આવકાર આપ્યો હતો.

સવારથી જ ધસારો ચાલુ રહ્યો હતો પરંતુ સ્ટેશન રોડ પર કૃષિ કલ્યાણ કેંદ્ર સામે પૂછપરછ ઓફિસ પાસે અને ગંજ બજારના રસ્તે એમ માતાજી જવા બે બાજુના ધસારાને સ્વયંસેવકો વારાફરતી જવા દેતા વ્યવસ્થા જળવાઇ હતી.

આ સાથે એસ. ટી. અધિકારીઓની કુનેહથી યાત્રિકો લઇ આવનાર બસોને યાત્રીકોને લઇ જવા તરફ વાળતાં પાછા જનાર યાત્રિકોને સગવડ સાથે પણ ગીરદી ઘટાડાઇ હતી. આજે એસ. ટી.ચેરમેન શ્રી વિનોદચંદ્ર શાહ અને વાઇસ ચેરમેન શ્રી બાબુભાઈ પટેલે પણ ઉંઝાની મુલાકાત લઈ વ્યવસ્થા જોઇ મહોત્સવ સમિતિ આગેવાનોને મળી કંઇ મુશ્કેલી હોય તો જણાવવા વિનંતિ કરી હતી. આજે પાલણપુર એસ. ટી. ડી. સી. શ્રી લામાણી મહેસાણા ડી. સી. શ્રી. ગોકાક, હિમતનગર ડી. સી. શ્રી રાઠોડ અને અમદાવાદ ડી. સી. શ્રી આર. જી. શાહ પણ આજે અહીં હાજર રહી રવિવારની ગીરદી ઉકેલવાની વ્યવસ્થાની દોરવણી આપતા ખડે પગે રહયા હતા. તેમાં એસ. ટી. કર્મચારીઓએ પણ સારો સાથ આપ્યો હતો. બધાં ડીવીઝનોએ મળી ૩૦૦૦ ટ્રીપોથી બે લાખથી વધુ યાત્રિકો લાવ્યા હતા. આજે અમદાવાદથી ૩૦૦ ટ્રીપ થઇ હતી.

આજે જાણવા મળે છે કે મુંબઇથી બે સ્પેશ્યલ ટ્રેનો અને ૪૫ એસ. ટી. બસો ઉંઝા આવવા ઉપડી ગઇ છે! જે આજે અત્રે આવી પહોંચશે

આજે પોલીસ પણ વધુ સજાગ બની વ્યવસ્થા વધારી હતી. મહેસાણા જિલ્લાના પોલીસ વડા શ્રી. ઝાલા અને પંચમહાલથી ખાસ આવેલા ડ્યુ. પો. સુપ્રી.શ્રી એચ. એસ.ગઢવી શ્રી રાઠોડ અને શ્રી ગજ્જર ખાસ તકેદારી રાખી રહયા છે.પોલીસના આ પ્રયાસોથી બે-પાંચ ખિસ્સાકાતરુ સિવાય કોઇ ગુનાઓ ફાવી શકયા નથી.

# ઉંઝા ઉમિયામાતા મહોત્સવ અને યાગની આજે પૂર્ણાહુતિ

## આજે બપોરે ૩ વાગે શ્રીફળ હોમાશે: સર્વાંગી યાત્રીક વ્યવસ્થાના સુંદર દર્શન: ૧૦ લાખની સરભરા સચવાઇ

(પ્રવાસી પ્રતિનિધિ તરફથી ટ્રંક કોલ) ઉંઝા તા. ૨૮

અત્રે ઉમિયા માતાજીના ૮૯ વર્ષે ઉજવાતા ૧૮ મી શતાબ્દિ મહોત્સવના આજે રવિવારે ચોથા દિવસે પણ યાત્રિકોનો એજ ધસારો ચાલુ રહયો હતો, છતાં જમવા, દર્શન અને બીજી વ્યવસ્થા ટકી રહી હતી, અને કોઇપણ અનિચ્છનીય બનાવ બન્યો નથી, તેથી મહોત્સવ સમિતિના આગેવાનો માતાજી ની કૃપા હોવાનો અભિપ્રાય વ્યકત કરતા હતા. મહોત્સવના આજસુધીમાં ૮ લાખથી વધુ માણસો એ માતાજીનાં દર્શનનો લાભ લીધાનો અંદાજ છે. આવા વિશાળ સમુદાયની ઉંઝા વાસીઓએ કરેલી વ્યવસ્થા છપ્પનુ ભોગ કરનારા કે બીજી વિશાળ સમુદાયની વ્યવસ્થા સંભાળવાના પ્રસંગો સંભાળનારાઓએ નિહાળવા જેવી છે, આજે માતાજી મંદિરના ગર્ભમાં મહા પુજાનો વિધિ થયો હતો. આવતી કાલે યાત્રાની પૂર્ણાહુતિ બપોર ના ૩ વાગે અને એક મીનીટે થશે, અને યાગમાં શ્રીફળ હોમાશે, તે સાથે મહોત્સવની પણ પૂર્ણાહુતિ થશે.

### ઉત્સવ સમિતિ કાર્યકરો, મ્યુનિ.સ્વયં સેવકો પોલીસ, એસટી.હોમગાર્ડઝની ભારે જહેમત

આ આખાય મહોત્સવમાં બે ત્રણ નોંધપાત્ર બાબતો એ છે કે, માતાજી મંદિરે જતા ૮ લાખ જેટલા યાત્રિકોનાં પગરખાં સચવાયાં હતાં. રસોડે રોજ એકથી દોઢ લાખ માણસો જમતા હતા. બે લાખ યાત્રીકો રાતવાસો રહેતા હતા. 'ક્યુ' ની ગોઠવણમાં બે લાખ યાત્રીકોએ માતાજીનાં દર્શન કર્યા; પણ કોઈ ગુમ થયાનું અને વિખૂટાં પડેલાં ન મળ્યાનો બનાવ બન્યો નથી. ઉંઝાથી ઉનાવા અને ભાન્ડુ સુધીમાં બહેનોની ભીડ છતાં કોઈ ગંભીર અકસ્માત નોંધાયો નથી. વીજળીના રોશની શહેરભરમાં છતાં કોઈ અનિચ્છનીય બનાવ બન્યો નથી. ઉંઝાની ૩૫ હજારની વસતિમાંથી ૧૦ હજારથી વધુ સ્ત્રી-પુરૂષો અને વિદ્યાર્થીઓએ ૧૦ લાખ માણસોની વ્યવસ્થા નિર્વિઘ્ને સંભાળી એ એક ચમત્કાર કહેવાય નહિ તો બીજું શું?

**ચાલુ ધસારો.**

ગઇ રાત્રે આખી રાત માતાજીનાં દર્શન ખુલ્લાં રાખ્યા છતાં દિવસ જેટલા જ યાત્રિકોએ રાત્રે માતાજીનાં દર્શનનો લાભ લીધો હતો. અને આજે

ઊંઝાના બેંક કર્મચારીઓ ચણ માતાજીના ફાળાનું કામ સંભાળે છે. રૂા. ૪૪ લાખ જેટલો ફાળો થયાનું જાણવા મળે છે. અહીંના પ્રેસ્ટીસાઇડ ડીલર્સ એસો. તરફથી ઉતારાઓમાં ઊંધાઇ કે બીજા જંતુઓ નાબૂદ કરવા દવાઓનો છંટકાવ કરી આપ્યો હતો.

**રસોઇઆઓની ઉદારતા**

રસોઇ ઘરની તો વાત શી કરવી? પાલનપુર પાસે લક્ષ્મીપુરા ગામના પટેલ રસોઇયાઓએ જે જહેમત ઉઠાવી દરરોજ દોઢ લાખથી માણસોને જમાડયા તેના મહેનતાણાના રૂા. ૪૦ હજાર થવા જાય તે તેમણે નહિ લેવા ઇચ્છા વ્યકત કરતાં તેમના કાર્યની પ્રસંશા થઇ રહી છે.

# સંદેશની નજરે

## માતાજી મહોત્સવમાં સફાઈની જિ.આ. અધિકારીની ચર્ચા

### ઉંઝા મેડીકલ એસો. દ્વારા મફત સારવાર

કટોસણરોડ, તા. ૧૭

ઉંઝા ઉમીયામાતાના ૧૮મી શતાબ્દી મહોત્સવ તા. ૨૫-૧૧-૭૬થી તા. ૨૯-૧૧-૭૬ સુધી યોજાનાર હોઈ આ પ્રસંગે સફાઈ વ્યવસ્થા, જાજરૂ, મુતરડી, પાણી શુધ્ધિકરણ, ખાદ્ય ખોરાક અંગે દેખભાળ અને ઇમરજન્સી સેવાઓ અંગેની વ્યવસ્થા અંગે ડો. એસ. એમ. સોનેજી જીલ્લા આરોગ્ય અધિકારી, મહેસાણાએ ઉંઝા નગરપાલિકાની મુલાકાત લીધી હતી.

ઉંઝા નગરપાલિકાના પ્રમુખ શ્રી બુધાલાલ શાહ અને ઉમીયા માતાજી સંસ્થાના ૧૮મી શતાબ્દી મહોત્સવની આરોગ્ય સમિતિના શ્રી જીવાભાઈ સાથે આ અંગે વિગતવાર ચર્ચા કરી માર્ગદર્શન આપ્યું હતું. તાત્કાલિક સારવાર માટે ઉંઝા મેડીકલ એસો.એ મફત સારવાર આપવાનું સ્વીકાર્યું હતું. પાણી શુધ્ધિકરણ, ટાંકી અને કુવાઓમાં સતત થાય તે માટે પુરતી કાળજી લેવા સુચન કર્યું હતું.

સિધ્ધપુર, તા. ૧૮

સિધ્ધપુર માર્કેટ યાર્ડ કમિટિએ ઉંઝામાં કડવા પાટીદારની કુળદેવી ઉમીયા માતાના ૧૮મી શતાબ્દી મહોત્સવ તા. ૨૫-૧૧-૭૬થી તા. ૨૯-૧૧-૭૬ સુધી ભવ્ય રીતે યોજાનાર હોઈ તા. ૨૫-૧૧-૭૬થી તા. ૨૯-૧૧-૭૬ સુધી માર્કેટ યાર્ડનું કામકાજ બંધ રહેનાર છે. ખેડૂતોએ આ દિવસોમાં માલ લાવવો નહિ.

ઉંઝા કડવા પાટીદાર ભાઈઓની કુળદેવી ઉમીયા માતાના ૧૮મા શતાબ્દી મહોત્સવમાં ભાગ લેવા અને સહકાર આપવા સૌરાષ્ટ્રના રાજકોટ, ગોંડલ, જુનાગઢ, કેશોદ, શાહપુર, ધોરાજી, ઉપલેટા, જામજોધપુર, જામનગરના ભાઈઓ તેના કાર્યકરો શ્રી શામજીભાઈ જામનગર, હીરજીભાઈ જામનગર, પ્રભુરામભાઈ જામનગર, ગાંગજીભાઈ રાજકોટ, વાલજીભાઈ રાજકોટ, અમદાવાદ મોતીભાઈ મારફતીયા, લક્ષ્મિકાંત ભગુભાઈ, ચંદુભાઈ પટેલ તેમજ અમદાવાદ વિસ્તાર અને પરાઓમાંથી સારો સહકાર મળી રહયો છે. અને મહોત્સવમાં આવવા તેમજ મંદિર માટે હજારો રૂપિયાનો ફાળો આવી રહયો છે, અને વધુ આવનાર છે. ઉંઝા મહોત્સવમાં આવવા માટે એસ. ટી. બસોની વ્યવસ્થા સિધ્ધપુર ડેપો તરફથી કરાઈ છે. તેમજ બીજા વાહનો ગામડામાંથી આવવા જવા કરવામાં આવનાર છે. ટ્રેનની પણ સગવડ થશે.

ઉંઝા શહેર અને તેના કાર્યકરો સતત કાર્ય કરી રહયા છે. લાખોની સગવડ માટે ભવ્ય આયોજનો થનાર છે.

## ઉંઝામાં ઉમિયાનગરની રચના ઉતારા, પાણી વિ.ની ગોઠવણો

### ઉમિયા સ્મૃતિ સ્તંભ-એસ. ટી. સ્ટેન્ડો ઉભાં કરાશે

(ખબરપત્રી તરફથી) ઊંઝા, તા. ૧૮

ઊંઝામાં ઉમીયા માતાજીના ૧૮મી શતાબ્દી મહોત્સવની નડાબાર તૈયારીઓમાં સમગ્ર ગામ તલ્લીન બની ગયું છે. આવનાર ભાવિકો માટે "જીવનની હોસ્પીટલ"ની બાજુમાં ભવ્ય "ઉમિયા નગર"ની રચના થઈ છે. માર્કેટ યાર્ડ [illegible] અને લાઈટ ઉતારાની ગોઠવણો થઈ છે. પાણી માટે મોટી સંખ્યામાં પાણીના નળનાં સ્ટેન્ડો અને જાજરૂઓ, પેશાબખાનાં મોટી સંખ્યામાં ઉભાં કરવામાં આવ્યાં છે.

વિસનગર રોડ અને હાઈવે ઉપર એસ. ટી. સ્ટેન્ડ ઉભાં કરવામાં આવ્યાં છે. આ પ્રસંગે મોટી સંખ્યામાં એસ. ટી. બસો દોડાવવાની એસ. ટી. કોર્પોરેશને તૈયારીઓ કરી છે. અમદાવાદથી સવારે સ્પેશીયલ ટ્રેન પાલનપુર સુધી પાંચ દિવસ માટે દોડનાર છે, બધાં સ્થળોએ ઉપડતી ટ્રેનોમાં વધારાના ખાસ ડબ્બાઓ જોડવામાં આવશે.

આખુંય ગામ ઉત્સવ ઘેલું બન્યું છે. ભવ્ય "ઉમા ગેટ" ઉભો થનાર છે. રાજમાર્ગો ઉપર કમાનો આકાર આપતાં જુદી જુદી સંસ્થાઓના બોર્ડ તોરણો, પાણીના પરબો વિગેરેનું આયોજન થઈ રહયું છે.

આ પ્રસંગની કાયમી યાદગીરી માટે "ઉમાસ્મૃતિ સ્તંભ" ઉભો કરવાનું વિચારાઈ રહયું છે.

ઉમીયા માતાજીનાં અને વણના દર્શન શાંતિથી ભાવિકો કરી શકે તેવી વ્યવસ્થા ગોઠવાઈ છે. વ્યવસ્થા ગોઠવાઈ છે. વ્યવસ્થા માટે પોલીસ તંત્ર, હોમગાર્ડઝ, ગ્રામ રક્ષક દળ અને સ્વયંસેવકોની મોટી સંખ્યા કામે લાગશે.

આ પ્રસંગનું દર્શન એ માનવ જીવન માટે અમુલ્ય લ્હાવો. લાખોની સંખ્યામાં આવનાર ભાવિકોને

## ઉમીયા માતાજી શતાબ્દી અંગે સમિતિઓ દ્વારા સમકામગીરી

### પાટમા બેસવા માટે તા. ૧૪ મીએ ઉછામણી થશે

ઉંઝા, તા. ૮

ઉંઝામાં યોજાનાર ઉમીયા માતાજી ૧૮મી શતાબ્દી મહોત્સવ નિમિત્તે દરેક સમિતિએ સક્રિય રીતે રાત-દિવસ કામગીરી શરૂ કરી દીધી. આખું ગામ માતાજીના મહોત્સવમાં આનંદવિભોર બની ગયું છે.

શતાબ્દિ મહોત્સવ અને સહસ્ત્ર ચંડી યજ્ઞ નિમિત્તે યજ્ઞમાં બેસવા માટેની પાટલાઓની ઉછામણીઓ કારતક વદ-૭ ને રવિવાર તા. ૧૪-૧૧-૭૬ના રોજ બપોરે બે વાગે શ્રી ઉમિયા માતાજીના મંદિરમાં થશે. તો ઉમંગભેર ભાગ લેવા મહોત્સવ સમિતિ તરફથી આમંત્રણ પાઠવેલ છે.

ઉંઝા માર્કેટ યાર્ડના વેપારીઓની એક સભા તા. ૪-૧૧ના રોજ મળી હતી. મોટી સંખ્યામાં વેપારીઓએ હાજરી આપી હતી. તેમાં ચર્ચા વિચારણા બાદ સર્વાનુમતે શ્રી ઉમીયા માતાજીના મહોત્સવ નિમિત્તે તા. ૨૩-૧૧-૭૬થી તા. ૨-૧૨-૭૬ સુધી દશ દિવસ માર્કેટ યાર્ડ બંધ રાખવાનું નક્કી કર્યું છે. શ્રી ઉમીયા માતાજીના મહોત્સવને સફળ બનાવવા સૌએ તન, મન અને ધનથી સહકાર આપવા નક્કી કર્યું છે.

### ઉમીયા માતાજી અંગે ખાસ ટ્રેન દોડશે

(તાર દ્વારા) મહેસાણા, તા. ૧૮

ઉંઝામાં શ્રી ઉમીયા માતાજીના શતાબ્દી મહોત્સવ અંગે તા. ૨૭થી તા. ૩૦મી સુધી અમદાવાદ-પાલનપુર વચ્ચે ખાસ ટ્રેન દોડશે. આ ખાસ ટ્રેન અમદાવાદથી સવારના ૮ વાગે ઉપડીને પાલનપુર બપોરના ૧-૩૦ વાગે પહોંચશે. અને પાલનપુરથી સાંજે ૫-૪૫ વાગે ઉપડી અમદાવાદ રાતના ૧૦-૧૦ વાગે પહોંચશે. પેસેન્જર ટ્રેન સિવાયની તમામ ટ્રેનોમાં વધુ ડબ્બા જોડવામાં આવશે.

## મહોત્સવ પ્રસંગે ઉંઝા મ. આપશે મફત તબીબી સહાય

કટોસણરોડ, તા. ૨૨

ઊંઝા ઉમીયામાતાના ૧૮મી શતાબ્દી મહોત્સવ તા. ૨૫-૧૧-૭૬થી તા. ૨૯-૧૧-૭૬ સુધી યોજનાર હોઈ આ પ્રસંગે સફાઈ વ્યવસ્થા જાજરૂ, મુતરડી, પાણી શુધ્ધિકરણ, ખાદ્ય ખોરાક અંગે દેખભાળ અને ઈમરજન્સી સેવાઓ અંગેની વ્યવસ્થા બાબત ડો. એસ. એલ. સોનેજી જીલ્લા આરોગ્ય અધિકારી મહેસાણાએ ઊંઝા નગરપાલીકાની મુલાકાત લીધી હતી.

ઊંઝા નગરપાલીકાના પ્રમુખ શ્રી. બુધાલાલ શાહ, અને ઉમીયા માતાજી સંસ્થાના ૧૮મી શતાબ્દી મહોત્સવની આરોગ્ય સમિતિના શ્રી. જીવાભાઈ સાથે આ અંગે વિગતવાર ચર્ચા કરી માર્ગદર્શન આપ્યું હતું.

તાત્કાલિક સારવાર માટે ઊંઝા મેડીકલ એસો. મફત સારવાર આપવાનું સ્વીકાર્યું હતું. પાણી શુધ્ધીકરણ, ટાંકી અને કુવાઓમાં સતત થાય તે માટે પૂરતી કાળજી લેવા સૂચન કર્યું હતું.

**ગુજરાત સમાચાર ની નજરે**

# ઉંઝામાં મહોત્સવ પ્રસંગે સમિતિઓની ભારે જહેમત

ઉંઝા, તા ૨૦

ઉમીયા માતાજીના મહોત્સવ પ્રસંગે ઉંઝા આવનાર ભાવિકોને તકલીફ ન પડે તે માટે જુદી જુદી બાર સમિતિઓએ રાત દિવસ જોયા વગર સક્રિય રીતે ભારે જહેમત ઉઠાવી છે લાખોની સંખ્યામાં આવનાર ભાવિકો-ભાવિકોનું સ્વાગત કરવા ઉંઝા શહેર થનગની છે.

આ પ્રસંગ સોનેરી છે. ગામનો છે અને તે રીતે સમગ્ર ગામ ઉત્સવમાં ગરકાવ બન્યું છે. રાજમાર્ગો અને શેરીઓ મકાનો વિગેરે કળાના સ્વાગત બોર્ડ તોરણો રોશની અને સાથિયાઓથી શોભી ઉઠશે "ઉમાગેટ" સૌનું આકર્ષણ બનશે. "ઉમીયાનગર" રાત્રે વીજળીની રોશનીમાં સૌનું ધ્યાન ખેંચનાર મહત્વનું સ્થાન બનશે.

માતાજીના દર્શન શાંતિથી થાય તે માટે સુંદર ગોઠવણી કરી છે. સૌના સહકારથી 'મા' ના દર્શન સૌ કોઈ કરી પાવન બનશે. નજીકમાં જ યજ્ઞ મંડપ શોભી રહ્યો છે. જેમાં બ્રાહ્મણો મંત્રોચ્ચાર કરી ઉંઝાની ધરતી દેવભૂમિ બનાવશે.

ઉંઝા નગરપાલિકા અને માર્કેટ યાર્ડ કમીટીએ પણ આ સેવા યજ્ઞમાં પોતાનો નોંધપાત્ર ફાળો આપ્યો છે. ૬૮ ફુટની ઉંચાઈ વાળા 'મા' ના મંદિર ઉપર ફરકતી ધર્મધ્વજા છે. ચાંદીના સિક્કા કેલેન્ડરો 'મા' ના ફોટા સ્મરણીય ખરીદી ભાવિકો પ્રસંગની કાયમી યાદ સાથે લઈ જશે.

## મહોત્સવ પ્રસંગે ઉંઝા માર્કેટ યાર્ડ દસ દિવસ બંધ રહેશે

ઉંઝા, તા ૮.

**ઉંઝા માર્કેટ યાર્ડના વેપારીઓની એક સભા તા. ૪ના રોજ મળી હતી. મોટી સંખ્યામાં વેપારીઓએ હાજરી આપી હતી. તેમાં ચર્ચા વિચારણા બાદ સ્વેચ્છાએ શ્રી. ઉમીયા માતાજીના મહોત્સવ નિમિત્તે તા ૨૩-૧૧-૭૬થી તા ૨-૧૨-૭૬ સુધી દસ દિવસ માર્કેટયાર્ડ બંધ રાખવાનું નક્કી કર્યું છે. શ્રી. ઉમીયા માતાજીના મહોત્સવને સફળ બનાવવા સૌએ તન-મન અને ધનથી સહકાર આપવા નક્કી કર્યું છે.**

# ઉંઝામાં ઉમિયાનગર રચાયું ઉમા સ્મૃતિસ્તંભ ઊભો થશે?

(ખબરપત્રી દ્વારા) ઊંઝા, તા ૧૯.

ઊંઝામાં ઉમીયા માતાજીના ૧૮મી શતાબ્દી મહોત્સવની તડામાર તૈયારીઓમાં સમગ્ર ગામ તલ્લીન બની ગયું છે. આવનાર ભાવિકો માટે ઉતરવા માટે "આંખની હોસ્પીટલ" ની બાજુમાં ભવ્ય "ઉમીયા નગર" ની રચના થઈ છે માર્કેટ યાર્ડ શાળાઓ અને વાડીમાં ઉતારાની ગોઠવણ થઈ છે પાણી માટે મોટી સંખ્યામાં પાણીના નળ સ્ટેન્ડો અને જાજરૂઓ પેશાબખાનાં મોટી સંખ્યામાં ઉભા કરવામાં આવ્યા છે.

વિસનગર રોડ અને હાઈવે ઉપર એસ. ટી. સ્ટેન્ડ ઉભા કરવામાં આવ્યા છે. આ પ્રસંગે મોટી સંખ્યામાં બસો દોડાવવાની એસ. ટી. કોર્પોરેશને તૈયારીઓ કરી છે અમદાવાદથી સવારે સ્પેશ્યલ ટ્રેન પાલનપુર સુધી પાંચ દિવસ માટે દોડનાર છે બધા સ્થળેથી ઉપડતી ટ્રેનોમાં વધારાના ડબ્બાઓ જોડવામાં આવશે આખુય ગામ ઉત્સવ ઘેલું બન્યું છે. ભવ્ય "ઉમાગેટ" ઉભો થનાર છે રાજમાર્ગ ઉપર ક્યાંનો આવકાર આપનાં જુદી જુદી સંસ્થાઓના બોર્ડ તોરણો પાણીની પરબો વિગેરેનું આયોજન થઈ રહ્યું છે આ પ્રસંગની કાયમી યાદગીરી માટે "ઉમા સ્મૃતિ સ્તંભ" ઉભો કરવાનું વિચારી રહ્યું છે.

ઉમીયા માતાજીના અને યજ્ઞના દર્શન શાંતિથી ભાવિકો કરી શકે તેવી વ્યવસ્થા ગોઠવાઇ છે.

વ્યવસ્થા માટે પોલીસ તંત્ર હોમ ગાર્ડઝ ગ્રામ રક્ષકદળ અને સ્વયં સેવકોની મોટી સંખ્યા કામે લાગશે.

આ પ્રસંગનું દર્શન એ માનવ જીવન માટે અમુલ્ય ગણાશે, લાખોની સંખ્યામાં આવનાર ભાવિકો ને આવકારવા સમગ્ર ગામ થનગની ઉઠ્યું છે.

એક હજાર વિવિધ કળશોમા

# ઔષધિયુકત જળથી ઉમિયા માતાજીનો સ્નાન-વિધિ

અમદાવાદ, બુધવાર

સમસ્ત કડવા પાટીદાર સમાજના કુળદેવી ઉંઝામાં આવેલા શ્રી. ઉમિયા માતાજીના ૧૮મા શતાબ્દિ મહોત્સવનો શુભારંભ આજે ગુરૂવારે પ્રાતઃમુહૂર્તે થશે. આ મહોત્સવનો શુભારંભ ભારે ધામધૂમ અને ઉલ્લાસભર્યા વાતાવરણમાં શાસ્ત્રોકત વિધિ મુજબ થશે. સમગ્ર પાટીદાર સમાજ આ મહોત્સવની ઉજવણીમાં હર્ષોલ્લાસ સાથે જોડાય તે માટેનો સંદેશો ગામેગામ પહોંચી ગયો છે અને પોતાની કુળદેવીના આ દબદબાભર્યા મહોત્સવની ઝાંખી કરીને ધન્યતા અનુભવવા માટે લાખોની સંખ્યામાં માનવ સમુદાય ઉંઝાના આંગણે ઉમટી પડવાનો છે.

## સહસ્ત્ર ચંડી યજ્ઞ

શ્રી. ઉમિયા માતાજીના આ મહોત્સવ પ્રસંગે સહસ્ત્રચંડી યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું છે. શતાબ્દિ મહોત્સવનો ખ્યાલ આપવા માટે એક હજાર વિવિધ કળશમાં જુદી જુદી ધાતુના ઔષધો નાંખીને આ ઔષધિયુકત જળથી ઉમિયા માતાજીને સ્નાન કરાવવામાં આવશે. આ સમગ્ર યજ્ઞ અને ક્રિયાથી વિશ્વનું કલ્યાણ થાય તે ભાવનાથી મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે.

આવા યજ્ઞો અને પવિત્ર ધાર્મિક કાર્યો દ્વારા લોકોમાં સંસ્કારની જાગૃતિ થાય, સંસ્કારોના વધે, સમાજ કલ્યાણના કાર્યો થાય, પ્રત્યેક વર્ગ પ્રત્યે સહકારની ભાવના કેળવાય અને માનવ જાત પ્રત્યે સદભાવના જાગૃત થાય એવા શુભાશયથી આ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે.

## મા-પવિત્ર લાગણી

"મા" શબ્દોચ્ચાર સાથે જ હૃદયમાં એક અત્યંત કોમળ અને પવિત્ર લાગણી જન્મે છે. અને તેમાંય હિન્દુ ધર્મની આદ્યશકિત સમાન દેવીના નામ સાથે "મા" શબ્દનું નિરૂપણ કરવામાં આવે છે. ત્યારે પ્રત્યેક વ્યકિતનું મસ્તક ભકિતભાવથી નમી જાય છે. જગદંબા જગતની માતા છે. ઉંઝામાં જે સ્વરૂપે તે બિરાજે છે તે અલૌકિક છે. પવિત્ર ભાવનાથી દર્શન કરવામાં આવે તો માનવ દેહમાં અનોખી ચૈતન્યતા જાગે છે.

શ્રી. ઉમિયા માતાજીના આ મહોત્સવને સફળ બનાવવા માટે ઉંઝા ગામના તેમજ આસપાસના ગામોના રહીશોએ રાત અને દિવસનો ખ્યાલ કર્યા સિવાય સખ્ત પરિશ્રમ કરીને મહોત્સવને આખરી ઓપ આપી દીધો છે. ઉંઝાના વેપારી વર્ગ માટે ધંધાની પૂરજોશમાં સીઝન હોવા છતાં તેઓએ ધંધાની સર્વ ચિંતા છોડી દીધી છે. અને આ વ્યવસ્થાના કામમાં કેટલાયે દિવસોથી પરોવાઇ ગયા છે.

## ધમધમતું ઊંઝા

૩૫ થી ૩૭ હજારની વસ્તી ધરાવતા ઉંઝા શહેરે નવુ સ્વરૂપ ધારણ કર્યું છે, સમગ્ર શહેર સ્વચ્છ અને સુંદર બની ગયું છે અને પોતાના આંગણે ઉમટી પડનાર જનમેદનીને સત્કારવા માટે ઉત્સાહભેર થનગની રહ્યું છે. યાત્રાળુઓને કોઈ પણ જાતની અગવડ ના પડે તે માટેની સઘળી વ્યવસ્થાને આખરી ઓપ અપાઈ ગયા છે.

આવતીકાલે ગુરૂવારે પ્રાતઃ શુભ મુહૂર્તે પવિત્ર યજ્ઞનો શુભારંભ થશે. સવારે ૬-૩૦ વાગે યજ્ઞની ધજાનું રોપણ થશે. ૭ વાગે યજ્ઞનો પ્રારંભ થશે.

તા. ૨૬મીને શુક્રવારે સવારે ૭-૩૦ વાગે યજ્ઞનો પ્રારંભ થશે. બપોરે ૨ વાગે જલયાત્રાનો વરઘોડો નીકળશે.

તા. ૨૭મીને શનિવારે ૭-૩૦ વાગે યજ્ઞનો પ્રારંભ અને બપોરે ૧૨-૩૯ મિનિટે માતાજીના ચઢાવો થશે.

તા. ૨૮મીને રવિવારે સવારે ૭-૩૦ વાગે યજ્ઞનો પ્રારંભ અને માતાજીની મહાપૂજા થશે.

તા. ૨૯મીને સોમવારે સવારે ૭-૩૦ વાગે યજ્ઞનો પ્રારંભ થશે. અને બપોરે ૩ વાગે પૂર્ણાહુતિ થશે.

**આજથી શતાબ્દી મહોત્સવ શરૂ**

ગુજરાત સમાચાર ની નજરે

# ગુજરાત સમાચાર ઉત્તર ગુજરાતના સમાચાર

મહેસાણા સાબરકાંઠા અને બનાસકાંઠા માટે બુધવાર, તા. ૩-૧૧-૭૯

## ઉંઝામાં ઉમિયા માતાજીના મહોત્સવ પ્રસંગે રૂા. કરોડનો ફાળો થવા અંદાજ

(પ્રતિનિધિ દ્વારા) મહેસાણા, તા. ૨

ઉંઝાના આંગણે ઉત્સાહથી ઉજવનારા શ્રી. ઉમિયા માતાજીના મહોત્સવ માટે ગુજરાત ભરના કડવા પાટિદાર ભાઈઓ ઉમંગથી ફાળો આપી રહ્યા છે. આ ફાળો એક કરોડ, કેટલો થશે તેવો અંદાજ છે. શ્રી. ઉમિયા માતાજી કડવા પાટીદારોની કુળદેવી છે, અને આથી આ મહોત્સવનો ઉત્સાહ પવન સમગ્ર ગુજરાતના ગામે ગામ પ્રસર્યો છે. ગુજરાતનું અકપણ ગામ એવું નથી જ્યાં કડવા પાટિદારો વસતા નહીં હોય

સમગ્ર કડવા પાટીદાર સમાજમાં [illegible] ઉત્સાહ [illegible] દર્શન અને [illegible] સંમેલન [illegible] છે. [illegible] શ્રી. [illegible] પટેલના [illegible] સંમેલન [illegible] આ સંમેલનમાં [illegible] કડવા પાટીદારના [illegible] ગામના [illegible] લાખ [illegible] હતા.

[illegible] ગામે [illegible] મહોત્સવમાં કેટલા ફાળો [illegible] જુદા જુદા ગામના [illegible] આપ્યો હતો. કોકે પાંચ હજાર, કોકે પચાસ હજાર, તો કોકે લાખ અને અમદાવાદ ડી. કો. બેંકના ઉપ પ્રમુખ શ્રી. [illegible] ખાત્રી આપી કે અમદાવાદ શહેર અને અમદાવાદ જીલ્લો વીસ લાખનો ફાળો આપશે અમદાવાદના કાર્યકર શ્રી. [illegible] પત્રકારોને પણ જણાવ્યું કે અમદાવાદમાં ચાર લાખ કડવા પાટીદારો વસે છે.

મહેસાણા ડી. બેંકના અધ્યક્ષ શ્રી. [illegible] પટેલ [illegible] મહોત્સવમાં [illegible] ફાળો [illegible] અનુરોધ કર્યો હતો.

[illegible] ચેરમેન શ્રી. [illegible] પટેલે કહ્યું કે, [illegible] હોય તો આપણો સમાજ [illegible] હોવા છતાં હજી પાછળ છે. [illegible] ખેતીમાં [illegible] આ વર્ગ [illegible] અનુરોધ કર્યો હતો.

મહોત્સવ સમિતિના મંત્રી જાણીના કાર્યકર શ્રી. મણીભાઈ પટેલ (મંત્રી) મહોત્સવનો ખ્યાલ આપ્યો હતો કે, આ મહોત્સવને સફળ કરવા ૧૧ સમિતિઓ રચાઈ છે. અને તેને વિસ્તૃત કરી આગેવાનોને સમાવેશ કરવામાં આવશે. માતાજીના આશીર્વાદથી આપણો સમાજ સર્જકો આર્થીક અને સામાજીક ક્ષેત્રે આગળ છે.

મહોત્સવ સમિતિના પ્રમુખ અને [illegible]ના દાતા શેઠ શ્રી. કેશવલાલ વિઠ્ઠલદાસ પટેલે સ્વાગત કરી [illegible] આપ્યો હતો.

જાણીના કાર્યકર શ્રી. શંકરભાઈ [illegible] કહ્યું કે નવો [illegible] પ્રયાણ એ નવું આ કામ છે. ગામે ગામ ઉત્સાહ વ્યાપ્યો છે આ મહોત્સવમાં [illegible] પણ [illegible] તેમ વ્યવસ્થા થવાની છે.

મહોત્સવ સમિતિના આયોજન શ્રી. મણીભાઈ પટેલ (ઘટીઓ) જણાવ્યું હતું કે ખર્ચનો અંદાજ દસ લાખ છે. આવક સાથી વધશે તો [illegible] માટે [illegible] નહીં પણ માતાજીના કામેજ વપરાશે. ૪૦ લાખના તો માસ્ટર પ્લાન કર્યો છે

અતિથિવિશેષ તરીકે સાબરકાંઠાના શ્રી. વસરામભાઈ નાથુભાઈ પટેલ આવ્યા હતા મંગળ પ્રવચન બોરસદના શ્રી. છોટાભાઈ પટેલે કર્યું હતું. શ્રી. ગોકળદાસ શંભુદાસ પટેલે સ્વાગત કર્યું હતું ઉંઝા માર્કેટ કમિટિના ચેરમેન શ્રી. રામભાઈ પટેલે આભાર વિધિ કરી હતી.

## ઉંઝામાં શ્રી ઉમિયા માતાજીનાં મહોત્સવની તડામાર તૈયારીઓ

(પ્રતિનિધિ દ્વારા) મહેસાણા, તા. ૧૫

ઉંઝામાં શ્રી ઉમીયા માતાજીના મહોત્સવની સમય નજીક આવી રહ્યો છે તેમ તેમ મહોત્સવ સમિતિના સભ્યો વિગેરે સૌ તડામાર તૈયારીમાં પડયા છે. આ મહોત્સવ પ્રસંગે ખૂબ મોટા જનસમુદાયની હાજરી થવાની આ બધી તૈયારીઓ ચાલી રહી છે.

આટલા મોટા સમુદાય માટે જમવાની વ્યવસ્થા કરવી, રાત્રે રહી જનાર માટે સુવાની સગવડ કરવી અને દર્શન સરળતાથી કરી શકે તેવી વ્યવસ્થા કરવી. આ બધી જ બાબતો બધા ખૂબ વિચારી રહ્યા છે, અને બને તેટલી સગવડો આપવાની તૈયારીમાં પડયા છે.

ઉંઝા બજાર ઉત્પન્ન સમિતિના પ્રમુખ શ્રી રામભાઇ પટેલે પત્રકારોને જણાવ્યું હતું કે આ વાર્ડના ૩૦ જેટલા મોટા મકાનો આ મહોત્સવ માટે રાખવામાં આવ્યા છે. આ ઉપરાંત ત્રણેક મકાનો બજાર સમિતિઓના સભ્યો માટે રખાયા છે. ગુજરાત સૌરાષ્ટ્રની બજાર સમિતિઓના સભ્યો પણ સારી સંખ્યામાં દર્શને આવવાના છે.

આ ઉપરાંત માર્ડમાં ચાલી રહેલા કેન્ટીનમાં પણ જમવાની વ્યવસ્થા ચાલુ રહેવાની છે. આ કેન્ટીનમાં જ, જ પૈસે સાત્વિક ભોજન અપાય છે. મહોત્સવ પ્રસંગે પણ આ સગવડ ચાલુ રહેવાની છે, અને વધારે પ્રમાણમાં ચાલુ રહેશે.

જાણવા મળે છે કે ઉંઝાના આંગણે ઉમટનારા વિશાળ સમુદાય માટે અવરજવરની સગવડ પડે તે મા ટેએક માગી રસ્તા કરવામાં આવશે. વાહનો તો બધા જ હાઈવે પર જ થોભાવી દેવાં પડશે.

ટ્રકો અને ટ્રેકટરોનો પણ ઉપયોગ થઈ શકે તે માટે રસ્તાવાળાઓ પાસે પરવાનગી માગવામાં આવ્યાનું જાણવા મળે છે.

(તાર દ્વારા) કડી, તા. ૨૫

કડીથી ઉંઝામાં ઉમીયા માતાજીના શતાબ્દી મહોત્સવમાં જવા બસની ખાસ વ્યવસ્થા કરાઇ છે. બસો ભરાતાં જ ઉપાડવામાં આવે છે. આ સગવડ તા. ૨૯મી સુધી રહેશે.

**સંદેશની નજરે**

ઊંઝામાં કડવા પાટીદાર સમાજ કુળદેવી

# ઉમિયા માતાજી-શતાબ્દિ મહોત્સવ ઉજવણી ૪૦ લાખનો પ્લાન : ૧૬૫ સભ્યોની સમિતિ

**સહસ્રચંડી યજ્ઞ વિધિ થશે : આવક કેળવણીમાં-માતાજીમાં વપરાશે : ઊંઝા નગરનો સાથ : ૩ લાખનો ફાળો : મહોત્સવમાં વેપારી મંડળો અને બીજા લોકોનો સાથ**

(પ્રતિનિધિ તરફથી) મહેસાણા તા. ૧૨

ઉત્તર ગુજરાતના મહત્ત્વના વેપારી મથક ઊંઝાના આંગણે કડવા પાટીદાર કુળદેવી શ્રી. ઉમિયામાતાજીનો ૧૮ મો શતાબ્દિ મહોત્સવ તા. ૨૫-૧૧-૭૬ થી ૨૯-૧૧-૭૬ સુધી ઉજવાશે. આ અંગે મહોત્સવનો ખ્યાલ આપવા મહોત્સવ સમિતિ તરફથી આજે પત્રકાર પરિષદ યોજવામાં આવી હતી.

ઉત્સવ સમિતિના શ્રી. મણીભાઈએ (નેતા) સ્વાગત કર્યું હતું જ્યારે શ્રી. મણીભાઈ પટેલે (મમ્મો) આ મહોત્સવનો વિગતથી ખ્યાલ આપ્યો હતો, અને કહ્યું હતું કે ઊંઝા વરીયાળી, જીરાનું મથક પણ સાથે સાથે કડવા પાટીદારોની કુળદેવી શ્રી. ઉમીયામાતાનું સ્થાનક પણ અહીં છે. આ માતાજીના નામે પણ ઊંઝા પ્રખ્યાત છે. આ મંદિર પર સુવર્ણ કળશ ચડાવ્યો તે પ્રસંગ પછી કદી મોટો પ્રસંગ ઉજવાયો નથી. આથી માઈ ભકતોને થયું કે મહોત્સવ ઉજવીએ. સમગ્ર ઊંઝા ગામ એકત્ર થયું. નિર્ણય લેવાયો, અને ૧૬૫ સભ્યોની મહોત્સવ સમિતિની રચના કરવામાં આવી નવી પેઢીમાં ધર્મની ભાવના પેદા થાય, વિગેરે આશયથી આ મહોત્સવ ઉજવાય છે. હોમાત્મક સહસ્રચંડી યજ્ઞ વિગેરે ધાર્મિક કાર્યો થશે

સ્વાગત પ્રમુખ શ્રી. બાવચંદદાસ ઉમેદરામ પટેલ છે. શ્રી. ગોકળદાસ શંભુદાસ પટેલ શ્રી. મણીભાઈ (ઘંટી) વિગેરે તમામ આગેવાનોએ આ કાર્યને ઉપાડી લીધું છે. આ આગેવાનોએ આ મહોત્સવનો વધુ ખ્યાલ આપ્યો હતો કે રૂા. ચાલીસ (૪૦) લાખનો એક માસ્ટર પ્લાન પણ કરવામાં આવ્યો છે. મહોત્સવની જે કંઈ આવક થશે તે ધાર્મિક અને કેળવણી ફંડના વિકાસકામો માટે વપરાશે. આ માતાજીનું ધામ એકલા કડવા પાટીદારોનું જ નહીં પણ સમગ્ર હિન્દુ જનતાનું છે. ઉંઝાની સમગ્ર જનતાએ આ મહોત્સવ પોતાનો જ હોય તે રીતે કાર્ય ઉપાડી લીધુ છે. અને આ મહોત્સવ કાંઈ નાનોસુનો બનવાનો નથી. પાંચ છ લાખ જેટલા યાત્રિકો ગુજરાત ભરમાંથી અત્રે ઉમટશે. આટલા બધાને માટે રહેવા અને જમવાની સગવડ કરવાની રહેશે. મહોત્સવની યાદગીરીમા માતાજીના ચાંદીના સીક્કા, કેલેન્ડર, પોસ્ટરો તેમજ મહોત્સવ અંક બહાર પડશે



તેમણે કહ્યું કે આવનારા ઘણાખરા સાંજે જ જતા રહેશે આમ છતાં વીસ પચીસ હજારતો રાત રોકાશે. આ તમામ માટે સુવાની સગવડ થશે. શાળાઓના તેમજ બીજા સાર્વજનિક તમામ મકાન રોકી લેવામાં આવશે. આટલી મોટી જનસંખ્યાને પહોંચી વળવા મંદિરમાં દર્શન માટેની વ્યવસ્થા થશે, આરોગ્ય માટેની સાવચેતી અને સગવડ રખાશે. એસ.ટી.ઓ. પૂરતી દોડશે. વાહનો થોભાવવાની સગવડ થશે. રેલ્વે સ્પેશીયલો પણ દોડશે.

વળી આ મહોત્સવ દરમિયાન જીવન જરૂરિયાતની વસ્તુઓ ન મળે તેમજ મોંઘી ન મળે તે માટે ઊંઝા તમામ વેપારી વર્ગે જવાબદારી ઉપાડી લેવા નક્કી કર્યુ છે. ઊંઝાના આંગણે આ એક અનેરો મહોત્સવ ઉજવાશે.

**ઐતિહાસિક માહિતી**

આ પ્રસંગે હાજર રહેવા જાણીતા સાહિત્યકાર શ્રી. પુષ્કર ચંદરવાકરે માતાજીના સ્થાનક અંગેની ઈતિહાસિક માહિતિ આપી હતી.

**૩ા લાખ ફાળાનો પ્રારંભ**

સિદ્ધપુર ઈસબગુલ ફેક્ટરીના માલીક જાણીતા દાતા શેઠ શ્રી. કેશુભાઈ પટેલે આ મહોત્સવ માટે પચીશ હજારની દેણગી આપી શરૂઆત કરી છે. સાડા ત્રણ લાખનો ફાળો ઊંઝામાં જ એકત્ર થયો છે. મોટી રકમ એકત્ર થવાની ધારણા છે.

**એક ચમત્કાર**

ઉમિયા માતાજી મંદિરે કરાયેલી રોશનીમાં શોર્ટ સર્કીટથી આગ અકસ્માત થવાના એક બનાવનો ભય તોળાઇ રહ્યો હતો, તે પ્રસંગે આસોપાલવના ઝાડ ઉપરથી એક લીલુ પાંદડું તેના વાયરો પર પડ્યું અને આખોય અકસ્માત અટકી ગયો અને વ્યવસ્થા સુધારતાં રોશની ચાલુ રહી. આ બનાવને પણ યાત્રીકો માતાજીની કૃપાનો એક ચમત્કાર લેખતા હતા.

# ઉમિયા માતા શતાબ્દિ પ્રસંગે દસ્તાવેજી ફિલ્મ ઉતારાશે

**સરસ્વતી કાંઠે કેટલાંક દશ્યોનો કરાનારો સમાવેશ**

(ખબરપત્રી તરફથી) ઊંઝા, તા. ૨૧

ઊંઝા મુકામે લોકમાતા ઉમીયામાતાનું ભવ્ય મંદિર આવેલ છે. [illegible] શ્રી ઉમીયામાતા પ્રગટ થયા હતા, અને તે નિમિત્તે આવતી ૨૫-૧૧-'૭૬થી ૨૯-૧૧-'૭૬ના ચાર દિવસો શતચંડી યજ્ઞ વગેરેનું આયોજન કરેલ છે.

આ કામ સંભાળનાર સમિતિએ આ પ્રસંગ નિમિત્તે એક દસ્તાવેજી ફિલ્મ ચિત્ર બનાવવાનું પણ નક્કી કરેલ છે. અને તે કામ માટે જાણીતા સાહિત્યકાર શ્રી પુષ્કર ચંદરવાકરનો તે સમિતિને સહકાર મળ્યો છે. શ્રી ચંદરવાકરની નિગેહબાની નીચે આ દસ્તાવેજી ફિલ્મનું શુટીંગ કામ શરૂ થઈ ગયું છે. અને શ્રી ચંદરવાકરે ઉત્તર ગુજરાતની લોકસંસ્કૃતિ અને દંતકથાઓ આવરી લેવા શ્રી ઉમીયા માતાના પ્રાગટ્ય અંગેની દંતકથાઓ વગેરેનો અભ્યાસ કરીને પટકથા વગેરે તૈયાર કર્યા છે. અને તેના બહારના દશ્યો ઝડપવા માટે સરસ્વતી તીરે જઇ આવી કેટલાક દશ્યો પણ ઝડપી લીધા છે. સાથોસાથ સુણોકના નીલકંઠેશ્વરના મંદિરના દશ્યો, ઐઠોરના ગણપતિનું મંદિર, વડનગરના તોરણના શિલ્પ, વડનગરના હાટકેશ્વરના મંદિરની શિલ્પાકૃતિઓ વગેરેની તસવીરોને કચકડાની પટ્ટીમાં મઢી લીધી છે.

આ સાથોસાથ ઉત્તર ગુજરાતની લોકકળાઓ પણ આ ચિત્રમાં પ્રથમ વાર જ ઝબકી જાય છે, ભુદગામની ઠાકોરબેનનાં કંઠે ગવાએલ રાસગરબાઓ અને ઠાકોર ભજનિકોની મીઠી હલકે ગવાયેલ વિશિષ્ટ પ્રકારના લોકઢાળના ભજનોનું રેકોર્ડીંગ પણ કરી લેવામાં આવ્યું છે.

**—જ્યાં લાખે લેખાં ગણાય છે**


(પ્રતિનિધિ દ્વારા) ઊંઝા, તા. ૧૮

"આજે ઊંઝામાં ક્યાંથી?" "કેમ! ઊંઝામાં શ્રી. ઉમિયા માતાજીના મહોત્સવની ખબર નથી? [illegible] આવવાનું થયું."

"કેટલા ભર્યા?" "એકલાખ પચીસ હજાર અને હજુ બીજા પચીસ હજાર થવાના છે." "તમારો તો નાનકડો વિસ્તાર છે. છતાં આટલા બધા!" "માતાજીના નામે સૌ કોઈ આપે છે."

ઊંઝાના આંગણે તા. ૨૫થી શરૂ થનાર શ્રી. ઉમિયા માતાજીના મહોત્સવ અંગે ઉપર પ્રમાણે ચારે બાજુ ઉત્સાહ પ્રસર્યો છે. ઊંઝા માને છે કે આ કાંઈ એકલા કડવા પાટીદારોનો ઉત્સવ નથી. પણ સમગ્ર ગામનો છે. કારણ કે આ મહોત્સવ પ્રસંગે વિશાળ સમુદાય ગુજરાત, કચ્છ, સૌરાષ્ટ્રમાંથી અને રાજસ્થાનથી આવશે. ઘેર ઘેર સગા-સંબંધીઓ આવશે આખોય સમગ્ર ગામ તૈયારીમાં પડ્યું છે.

ની નજરે



ઊંઝા ખાતેના ઉમિયાજી માતાના આ મંદિરનો રૂા. ૪૦ લાખના ખર્ચે વિકાસ અને નવ નિર્માણ કરવાનો સંકલ્પ કરતા પાટીદાર જ્ઞાતિના અગ્રણીઓએ કર્યો છે.

## એક હજાર ૧૦૮ વિવિધ કળશમાં જુદી જુદી ધાતુના ઔષધો નાખીને ઔષધયુક્ત જળથી માતાજીને સ્નાન કરાવવામાં આવશે

# ઊંઝા મહોત્સવની ઉછામણી થતાં નોંધાયેલા બે લાખ

ઊંઝા,તા. ૨૦

ઊંઝામાં ઉમીયા માતાજીના મંદિર અને સહસ્ત્રચંડી યજ્ઞ નિમિત્તે પાટલાઓ પૂજન - ધ્વજ ચઢાવવા વિગેરે માટે જાહેર ઉછામણી થતાં રૂપિયા બે લાખ નોંધાયા છે.

આ પ્રસંગે ગામ અને બહારગામથી મોટી સંખ્યામાં ભાવિકોએ હાજરી આપી હતી.

મહોત્સવ પ્રસંગે ઉઘરાવેલા ફાળાનો હિસાબ પાવતીબુક સાથે તા. ૨૦-૧૧-૭૬ સુધીમાં ઊંઝા કાર્યાલયમાં મોકલી આપવા વિનંતિ કરાઇ છે.

આ પ્રસંગની સ્મૃતિ માટે "ડોક્યુમેન્ટરી ફીલ્મ" ઊતરનાર છે. ઉમાની સ્થાપના હુલ્લાસજીનું આગમન ઊંઝાની નજીકના ગામો તથા ઊંઝાના અલૌકિક સ્થાનો મહોત્સવના પ્રસંગોને આવરી લેતી ફીલ્મનું શુટીંગ તા ૧૭મી થી શરૂ થયેલ છે ભવાઇ - નરભ - નાટકો પણ ભજવાઈ રહ્યા

**પ્રતિષ્ઠાપૂર્તિ સન્માન સમારંભ**

અહીંના વિસ્તારની પ્રાણવાન સંસ્થા ચીમાના સેવાશ્રમના પ્રમુખ ડો. ગોરધનભાઈ બી. પટેલની પ્રતિષ્ઠાપૂર્તિ સન્માન સમારંભ આજે તેઓના જન્મદિને ગોરધનભાઈ ડી. અમીન સાહેબના પ્રમુખસ્થાને રાખવામાં આવેલ.

ઉમીયા માતાજીના મહોત્સવ પ્રસંગે

# ઊંઝા આવાગમન માટે એસ. ટી. ની ખાસ વ્યવસ્થા



ઊંઝા ખાતે શ્રી ઉમીયા માતાજીના ૧૮મા શતાબ્દી મહોત્સવ પ્રસંગે ગુજરાતભરમાંથી ઉમટેલા માનવ મહેરામણને હેરફેર કરવા માટે એસ. ટી. કોર્પોરેશન દ્વારા ઊંઝામાં ખડકાયેલી બસોનો કાફલો તસ્વીરમાં નજરે પડે છે. જ્યારે નીચે એક પછી એક, ઝડપભેર બસોની ટીપો દ્વારા ઉતારુઓની હેરફેર કરવામાં આવી રહી છે.

અમદાવાદ, મંગળવાર

મહેસાણા જિલ્લામાં આવેલ ઊંઝા ખાતે શ્રી ઉમીયા માતાજીના ૧૮માં શતાબ્દી મહોત્સવ તા. ૨૫ થી તા. ૨૯મી નવેમ્બર '૭૬ સુધી ઉજવાનાર છે. આ મહોત્સવમાં ગુજરાતભરમાં વસતા ભાવિકોને ઊંઝા જવા અને પરત આવવા માટેની પરિવહન વ્યવસ્થા માટેની માંગણીઓ થતાં એસ. ટી. કોર્પોરેશનના મુખ્ય વ્યવસ્થાપક, શ્રી એસ. એલ. વર્માએ તા. ૨૧-૧૧-૭૬ના રોજ ઊંઝાની પ્રત્યક્ષ મુલાકાત લીધી હતી અને ધામધૂમપૂર્વક વિશાળ ફલક પર ઉજવાનારા શ્રી ઉમીયાજી માતાના ૧૮મા મહોત્સવને ધ્યાનમાં લઈને, વિવિધ વિસ્તારોથી આવતાં મોટા જનસમુદાયને કર્મચારીઓ પાલનપુર વિભાગના વડા શ્રી લાલવાણી અને મહેસાણા વિભાગના વડા શ્રી ગોકાકની દોરવણી હેઠળ ભારે જહેમત લઈ યાત્રિકોને સગવડભર્યા પ્રવાસ માટે સહાયભૂત થઈ રહ્યા છે.

**ગુજરાત સમાચાર ની નજરે**

# આવતીકાલથી ઊંઝા ખાતે ઉમિયા માતાનો મહોત્સવ

અમદાવાદ, મંગળવાર

ઉત્તર ગુજરાતના સમૃદ્ધ એવા વેપારી મથક ઉંઝાના આંગણે ભારે હર્ષોલ્લાસ અને ઉમંગનું વાતાવરણ સર્જાયું છે. કડવા પાટીદારોની કુળદેવી શ્રી. ઉમિયા માતાજીનો ૧૮મો શતાબ્દિ મહોત્સવને વિશાળ પાયા ઉપર ઉજવવાનું નક્કી કરવામાં આવ્યું છે. અને આ મહોત્સવ આવતીકાલ તા.૨૫મી નવેમ્બરથી તા. ૨૯મી નવેમ્બર સુધી ઉજવનાર છે.

## પટેલોનાં કુળદેવી

કડવા પાટીદારોની કુળદેવી શ્રી. ઉમિયા માતાજીના ૧૮મા શતાબ્દિ, મહોત્સવની ઉજવણી માત્ર મહેસાણા જીલ્લા પૂરતી જ રહી નથી પરંતુ સમસ્ત ગુજરાતમાંથી લાખોની સંખ્યામાં માનવમહેરામણ મહોત્સવમાં ભાગ લેવા માટે ઉંઝાના આંગણે ઉમટનાર છે.

આજથી ૧૮૦૦ વર્ષ પહેલાં સંવત ૨૧૨માં કડવાક્ષેત્રી વ્રજપાલજીએ શિવજીની આજ્ઞાથી ઉમિયા માતાજીને પ્રસન્ન કરી કડવા પાટીદાર સમાજના કુળદેવી તરીકે ઉમિયા માતાજી ઉમાપુરમાં (ઉંઝા) સ્થાપના કરી હતી. કડવા પાટીદારોનો વર્ગ એકમાંથી ઘણું પેદા કરનારો શક્તિશાળી વર્ગ છે. પચાસ લાખ ઉપરાંત કડવા પાટીદારો ઉંઝાના ઉમિયા માતાજીને પોતાના કુળદેવી તરીકે માને છે.

## આખરી તૈયારીઓ

ઉમિયા માતાજીના મહોત્સવની ઉજવણીની ઝાંખી કરાવતી ડોક્યુમેન્ટરી ફિલ્મ (દસ્તાવેજી ચલચિત્ર)નું નિર્માણ કાર્ય પણ શરૂ થઈ ગયું છે. ઉંઝાની નજીકના ગામોના અલૌકિક સ્થાનો તથા મહોત્સવના પ્રસંગોને ક્ચકડાની પટીમાં કંડારવાની કામગીરીનો આરંભ થઈ ચૂક્યો છે. આ દ્રશ્યો ઉપરાંત ફિલ્મમાં ભવાઈ, ગરબા, નાટિકાને પણ આવરી લેવામાં આવ્યા છે.

મહોત્સવની ઉજવણી આડે હવે માત્ર ગણતરીના કલાકો જ બાકી રહ્યા છે ત્યારે સમગ્ર ગામના લોકો આખરી ઓપ આપવાની કામગીરીમાં તલ્લીન બની ગયા છે. ઉંઝા અને આસપાસનાં ગામો તૈયારીઓમાં ડૂબી ગયાં છે. હજારો કાર્યકરો કામગીરી બજાવી રહ્યાં છે.

આંખની હોસ્પીટલની બાજુમાં ભવ્ય ઉમિયાનગરની રચના કરવામાં આવી છે. મહોત્સવમાં ભાગ



લેવા માટે આવનાર ભાવિકોના ઉતારા માટે માર્કેટ યાર્ડ, શાળાઓ અને વાડીઓમાં વ્યવસ્થા કરવામાં આવી છે પીવાના પાણી માટે મોટી સંખ્યામાં પાણીના નળના સ્ટેન્ડો ઉભા કરવામાં આવ્યા છે. તેમજ સંખ્યાબંધ પેશાબખાના અને જાજરૂઓ ઉભા કરવામાં આવ્યા છે.

## બસની વ્યવસ્થા

વિસનગર રોડ અને હાઈવે ઉપર એસ. ટી. સ્ટેન્ડો ઉભા કરવામાં આવ્યા છે. અમદાવાદથી પાલનપુર સુધી પાંચ દિવસ માટે સવારે સ્પેશીયલ ટ્રેન દોડનાર છે. બધાં સ્થળોએ ઉપડતી ટ્રેનોમાં વધારાના ખાસ ડબ્બાઓ જોડવામાં આવશે.

આ ઉપરાંત સંખ્યાબંધ ખાનગી બસો, લકઝરી બસો તથા અન્ય વાહનો દ્વારા ભાવિકો આ મહોત્સવમાં ભાગ લેવા માટે ઉંઝા પહોંચી જનાર છે.

ઉંઝા ગામ ઉત્સવઘેલું બન્યું છે. ભવ્ય "ઉમા ગેટ" ઉભા કરવામાં આવ્યો છે. રાજમાર્ગોને કમાનો, આવકાર આપતા જુદી જુદી સંસ્થાઓના બોર્ડો અને તોરણોથી શણગારવામાં આવ્યા છે.

આ મહોત્સવની કાયમી યાદગીરી માટે "ઉમા સ્મૃતિ સ્તંભ" ઉભો કરવાનું પણ વિચારાઈ રહ્યું છે. ઉમીયા માતાજીના અને ગદ્દાના દર્શન શાંતીથી યાત્રિક ભક્તો કરી શકે તે માટે સંપૂર્ણ વ્યવસ્થા ગોઠવવામાં આવી છે.

આ ભવ્ય મહોત્સવના સફળ સંચાલન માટે જુદી જુદી બાર સમિતિઓની રચના કરવામાં આવી છે. સમિતિના સભ્યો તેમજ કડવા પાટીદાર સમાજની એકેએક વ્યક્તિ આ મહોત્સવ ધામધૂમપૂર્વક ઉજવાય તે માટે તન, મન અને ધનથી સહાય કરી રહેલ છે.

## લાખો માણસોની હાજરી વચ્ચે ઉજવણી

## ઊંઝાના ઉત્સવ પ્રસંગે માહિતી પ્રદ 'ભોમિયો'

ઊંઝા, તા. ૨૦

ઉંઝામા ઉમીયા માતાજીનો મહોત્સવ ઉજવાઇ રહ્યો હોઈ સમગ્ર ગામ ઉલ્લાસ અને ઉત્સાહમાં ગરકાવ થયું છે. તા. ૨૪-૧૧-૭૬ થી તા. ૩૦-૧૧-૭૬ સુધી અમદાવાદથી પાલનપુર સ્પેશીયલ ટ્રેન દોડશે. તે ટ્રેન અમદાવાદથી સવારે ૮-૧૦ કલાકે ઉપડી મહેસાણા ૧૦-૩૫ પહોંચી ૧૦-૫૫ ત્યાંથી ઉપડશે અને ઉંઝા ૧૧-૨૬ આવશે ત્યાંથી ૧૧-૫૫ ઉપડી પાલનપુર બપોરે ૧-૩૦ વાગે પહોંચશે. પાલનપુરથી સાંજે ૫-૪૫ વાગે ઉપડી ઉંઝા ૬-૫૦ આવશે અને ત્યાંથી ૭-૨૫ ઉપડી મહેસાણા રાત્રે ૮-૧૦ કલાકે પહોંચી ૮-૨૫ વાગે ઉપડી અમદાવાદ રાત્રે ૧૦-૧૦ પહોંચશે. મુંબઇ તરફથી ગાડીનું કનેક્શન મળશે તા. ૨૦-૧૧-૭૬ થી તા. ૨-૧૨-૭૬ સુધી આ તરફ આવતી બધી જ ટ્રેનોને બબ્બે વધારાના ડબા લાગશે. ટી. આઇ. અને સી. એમ આઇ બે ઓફિસર વ્યવસ્થા માટે ઉંઝા રહેશે. અને અમદાવાદ ક્લોક મહેસાણા એનાઉન્સમેન્ટ કરવામાં આવશે એસ. ટી. કોર્પોરેશને પણ જોરશોરથી સંખ્યામાં બસો દોડાવવાની તૈયારી કરી દીધી છે. સ્ટાફ કામે લાગી ગયો છે. ઊંઝામાં ૬ ટેમ્પરરી એસ. ટી. સ્ટેન્ડો વાહન વ્યવહાર સમિતિ તરફથી ઉભા કર્યાં છે.

## ઉંઝામાં સહસ્ત્ર-ચંડી યજ્ઞનો કાર્યક્રમ

ઉંઝા, તા. ૨૩

ઉંઝામાં ઉમિયા માતાજીના મહોત્સવ પ્રસંગે યોજાનાર સહસ્ત્રચંડી યજ્ઞનો કાર્યક્રમ તા. ૨૪-૧૧-૭૬ સવારે અરૂણેશ્વર (મિરજાપુર) માં પ્રાયશ્ચિત. તા. ૨૫-૧૧-૭૬ સવારે ૬-૩૦ યજ્ઞની ખંભ રોપણ ૭-૦ યજ્ઞનો પ્રારંભ. તા. ૨૬-૧૧-૭૬ સવારે ૭-૩૦ યજ્ઞનો પ્રારંભ. બપોરે ૨-૦ વાગે જલયાત્રા. તા. ૨૭-૧૧-૭૬ સવારે ૭-૩૦ યજ્ઞનો પ્રારંભ બપોરે ૧૨-૩૯ મિનિટે માતાજીનો ચઢાવવો. તા. ૨૮-૧૧-૭૬ સવારે ૭-૩૦ યજ્ઞનો પ્રારંભ માતાજીની મહાપૂજા (ગર્ભગૃહમાં). તા. ૨૯-૧૧-૭૬ સવારે ૭-૩૦ પ્રારંભ બપોરે ૩-૦ વાગે પૂર્ણાહુતિ.

**ગુજરાત સમાચારની નજરે**


# ઉંઝાના ઉમિયામાતાના મંદિર માટે રૂા. ચાલીસ લાખનો માસ્ટર પ્લાન

(ખબરપત્રી દ્વારા) ઊંઝા, તા ૨૨

ભારતની શકિતપૂજાની આદિ-અનાદિ યુગથી ચાલી આવેલી પ્રણાલીકાને તાદ્રશ્ય સ્વરૂપે જોવાનો એક મહત્વનો તા. ૨૫થી ૨૯ નવેમ્બરનાં સમયમાં જોવાનો લહાવો જનતાને ઉંઝા મુકામે મળશે. શ્રી ઉમીયા માતાજીને કુળદેવી તરીકે માનતા કડવા પાટીદાર અથવા કુર્મિ સમાજે ઉંઝામાં માતાજીની સ્થાપનાને ૧૮ સૈકા પુરા થતાં તે અંગેનો ૧૮મી શતાબ્દી ઉજવવાનો અને આ પ્રસંગ સહસ્રચંડી યજ્ઞ કરવાનો નિર્ણય કર્યો હતો.

જુદી જુદી ૧૨ સમિતિઓની રચના કરવામાં આવી હતી. આ સમિતિઓ (૧) મહોત્સવ સમિતિ, (૨) સ્વાગત સમિતિ, (૩) નાણાં સમિતિ (૪) પ્રચાર અને પ્રકાશન સમિતિ (૫) યજ્ઞ સેવા સમિતિ (૬) સરભરા સમિતિ (૭) મંડળ અને ઉતારા સમિતિ (૮) આરોગ્ય પાણી અને દિવાબત્તી સમિતિ (૯) સલામતી અને વ્યવસ્થા સમિતિ (૧૦) વાહન વ્યવહાર સમિતિ (૧૧) પ્રસાદ સમિતિ (૧૨) સ્વયંસેવક સમિતિ ઉપરોકત ૧૨ સમિતિઓના પ્રમુખો અનુક્રમે સર્વશ્રી કેશવલાલ વી. પટેલ, (૨) શ્રી બાલચંદદાસ પુ. પટેલ. (૩) શ્રી લક્ષ્મી કાન્ત બી. પટેલ. (૪) મોતીલાલ આઈ. પટેલ. (મંત્રી) (૫) શ્રી. ઈશ્વર લાલ એસ, પટેલ. (શિહ) ૬ શ્રી શંકરલાલ એમ. પટેલ. (શકુરા) (૭) શ્રી ગંગારામ જી પટેલ (૮) શ્રી જીવરામ સી. પટેલ. (૯) શ્રી. ચતુરભાઈ આઈ. પટેલ. (બાળવોત) (૧૦) શ્રી. ઈશ્વરલાલ ડી. પટેલ. (૧૧) શ્રી. ભોગીલાલ કે. પટેલ. (કમાણીયા) અને (૧૨) શ્રી. અંબાલાલ આર. આ સમિતિ તેમજ કડવા પાટીદાર સમાજની એકેએક વ્યકિત આ ઉત્સવને સફળ બનાવવા તન મન અને ધનથી પ્રયાસ કરી રહ્યા છે.

આ ઉપરાંત આ પ્રસંગને કચકડામાં આવરી લેવા શ્રી. પુષ્કરભાઈ ચંદાવરકરે આ અંગેની કોમેન્ટ્રી તેમજ જરૂરી સંશોધન કરી સંકલન કરનાર છે ઉપરોક્ત મહોત્સવ પ્રસંગે એકઠી થયેલી રકમમાંથી રૂપિયા ૪૦ લાખની બચત અંદાજવામાં આવી છે. તેનો ઉપયોગ હાલના મંદિરમાં એક માસ્ટર પ્લાન કરી નવરચના કરવાનો નિર્ણય પણ લેવાયો છે.



ઉંઝાના ઉમિયામાતાનુ મંદિરમાં રૂા. ચાલીસ લાખના ખર્ચના અંદાજના થયેલ માસ્ટર પ્લાન.



## મહોત્સવ પ્રસંગે ઉંઝામાં સારવાર માટે પ્રબંધ

(અમારા ખબરપત્રી તરફથી)

કટોસણરોડ તા. ૧૮

ઉંઝા ઉમીયામાતા ૧૮મી શતાબ્દી મહોત્સવ તા. ૨૫-૧૧ થી તા. ૨૯-૧૧-૭૬ સુધી યોજાનાર હોઇ આ પ્રસંગે સફાઇ વ્યવસ્થા, જાજરૂ, મુતરડી, પાણીના શુધ્ધીકરણ, માદા ખોરાક અગે દેખભાળ અને ઇમરજન્સી સેવાઓ અંગેની વ્યવસ્થા બાબત ડો. એસ. એન સોનેજી, જીલ્લા આરોગ્ય અધિકારી, મહિલાઓ ઊંઝા નગરપાલીકાની મુલાકાત લીધી હતી. ઊંઝા નગરપાલીકાના પ્રમુખ શ્રી બધાભાઇ શાહ અને ઉમીયા માતાજી સંસ્થાના ૧૮મી શતાબ્દી મહોત્સવની આરોગ્ય સમિતિના શ્રી. જીવાભાઇ સાથે આ અંગે વિગતવાર ચર્ચા કરી માર્ગદર્શન આપ્યું હતું. તાત્કાલિક સારવાર માટે ઊંઝા મેડીકલ એસો. મફત સારવાર આપવાનું સ્વીકાર્યું હતું. પાણી શુધ્ધિકરણ, ટાંકી અને કુવાઓમાં, સતત થાય તે માટે પુરતી કાળજી લેવા સૂચન કર્યું હતું. ૧૧.૧૯.૭૬

## યાત્રીકો તેમની પાસે સરનામાં રખાવે

ઊંઝામાં ઉમિયા માતાના દર્શને આવતા યાત્રિકો જોગા એક નિવેદનમાં ઉત્સવ સમિતિના એક આગેવાને એક સુંદર સૂચન કરી જણાવ્યું હતુ કે, યાત્રિકો સાથેના વૃધ્ધો, બાળકો કે સ્નેહી વિખૂટા પડવાના બહુ જ બનાવ બને છે તો તે શોધી આપવા સરળતા માટે અભણ વૃધ્ધો, બહેનો કે બાળકોના ખીસ્સામાં ઉતારાનું સરનામું કે બીજા સાથીદારોનાં નામ, ઠામ વિ. લખેલી ચીઠીઓ લખી તેમના ખિસ્સામાં મૂકાવવી કે જેથી સગવડ રહે. બાળકો મમ્મી પપ્પા વિના કંઈ જ બોલતા નથી.

ની નજરે

**શરણાઇના સૂરે ને ગુલાલમય વાતાવરણમાં**

# જગતજનની ઉમિયા માતાના ૧૮મી શતાબ્દી મહોત્સવની ભવ્ય ઉજવણી

(પ્રતિનિધિ દ્વારા)

ઉંઝા તા. ૬૬

સમગ્ર ગુજરાત ભરમાં અને દેશ વિદેશમાં પથરાયેલા કડવા પાટીદારોનાં કુળદેવી જગત જનની શ્રી ઉમિયા માતાજીના ઉંઝા ખાતે ઉજવાઇ રહેલા ૧૮મો શતાબ્દી મહોત્સવના આજના બીજા દિવસે ગુજરાતના ખૂણે ખૂણેથી ઉભરાઇ રહેલા બે લાખ જેટલા ભાવિક ભકતોએ લાભ લીધો હતો. રંગબેરંગી ધજા પતાકાઓ શરણાઇના સુંદર સરોદા અને ગુલાલમય વાતાવરણમાં જય ઉમિયા માતાના ગગનભેદી નાદોથી ઉત્સવનો પ્રારંભ થયો હતો.

## લગભગ બે લાખ ભાવિક ભક્તોએ લીધેલો ભાગ: માતાજીની કૃપાથી વાતાવરણ સ્વચ્છ બનતા ઝુમી ઉઠેલાં ભક્તજનો

છેલ્લા ત્રણ દિવસથી વરસાદના વાતાવરણને કારણે યજ્ઞના યોજકો અને સમગ્ર કડવા પાટીદારોના મન ઉદાસ થયાં હતાં પરંતુ ગઇકાલે શ્રી માતાજીની અસીમ કૃપાથી વાતાવરણ નિરભ્ર અને આહ્‌લાદક બનતાં લોકો ઝુમી ઉઠયા હતા. ગામેગામથી ઝાંઝ પખાજ અને ઢોલકો સાથે આવતી ભજન મંડળીઓ અને ઉંઝાની ગલી ગલી જાણે વૃન્દાવનની કુંજગલી બની હોય તેવું સુંદર દૃશ્ય નજરે પડે છે. પતિત પાવની જગદ જનની શ્રી ઉમિયાદેવીના પ્રાંગણમાં ઉભા કરાયેલા ભવ્ય મંડપમાં નવ જેટલા યજ્ઞકુંડોમાં નડિયાદના સુપ્રસિધ્ધ શાસ્ત્રી શ્રી શુકદેવજીની નિશ્રામાં વિદ્વાન પંડિતોએ સંસ્કૃતના શ્લોકો અને સ્તવનોથી વાતાવરણને પવિત્ર બનાવી રહયા છે. ગઇકાલે પવિત્ર યજ્ઞકુંડમાં પવિત્ર અગ્નિ જ્યારે સ્વયંભૂ પ્રગટયો ત્યારે લાખો ભાવિક ભકતોએ વાતાવરણને 'જય ઉમિયામાતા'ના ગગનભેદી નાદોથી ગજવી મૂક્યું હતું. યજ્ઞકુંડમાં ચમત્કારીક રીતે સ્વયંભૂ પ્રગટ થયેલા અગ્નિદેવનાં દર્શન કરવા માટે ભક્તજનોનો મોટો ધસારો થયો હતો. મહોત્સવના અમદાવાદ ખાતેના અગ્રણી કાર્યકર શ્રી ચંદુભાઇ પી પટેલે જણાવ્યું હતું કે ઊંઝા ખાતે દર્શનાર્થે જતા યાત્રીઓની તમામ પ્રકારની સુવિધા જળવાઇ રહે તે માટે મહોત્સવ સમિતિના અગ્રણીઓ ભારે જહેમત ઉઠાવી રહયા છે. અને ૪૦૦૦ ઉપરાંત સ્વયં-સેવકો ખડે પગે



યાત્રીઓને મદદ કરી રહયા છે.

આશરે ૫૦ હજાર જેટલા ભાઇ-બહેનોને રહેવા માટેની સગવડ-ભોજનની વ્યવસ્થા વગેરેનો પ્રબંધ કરવામાં આવ્યો છે. એસ. ટી દ્વારા કરવામાં આવેલી સુંદર વ્યવસ્થા ઉપરાંત સંખ્યાબંધ ખાનગી બસો, ગાડીઓ, સ્પેશ્યલ ટ્રેઇનો, ટ્રેકટરો, ટ્રોલીઓ, સ્કુટરો-ગાડાં વગેરે ભરીભરીને માનવ મહેરામણ ઉમટી પડયો છે. તા. ૨૯મી સુધી ચાલનારા આ ભવ્ય મહોત્સવમાં દેશના ખૂણે-ખૂણેથી તેમજ વિદેશમાં વસતા કડવા પાટીદારો ઊંઝા ખાતે દર્શનાર્થે આવી રહયા છે.

આ મહોત્સવની એક રંગીન ફીલ્મ પણ ઉતારવામાં આવી રહી છે.

માતાજીના આ મહોત્સવને વધુ ઉજ્જવળ બનાવવા માટે ગામેગામથી ફાળો-અનાજ તેમજ યાત્રીઓની સગવડ માટેની સામગ્રી ખડકાઇ રહી છે.

અમદાવાદ અને જિલ્લાના ગામેગામથી કડવા પાટીદારો આબાલ-વૃધ્ધ ઊંઝા ખાતે જઇ રહયા છે. અત્રેથી જતા યાત્રીઓને જરૂરી માહિતી ઉસ્માનપુરા ખાતેની કડવા પાટીદાર વાડીમાંથી આપવામાં આવી રહી છે. સ્થાનિક કાર્યકરો શ્રી જમનાદાસ પટેલ, શ્રી ચંદુભાઇ પટેલ, શ્રી રણછોડભાઇ, શ્રી વિઠ્ઠલભાઇ પટેલ વગેરે તરફથી આ મહોત્સવમાં જનારા યાત્રીઓને માટે તમામ પ્રકારની માહિતી આપી રહયા છે.

યજ્ઞની પૂર્ણાહુતિ તા: ૨૯-૧૧-૭૯ને સોમવારે હોવાથી એ દિવસે ખાસ વધારાની ટ્રેઇનો, બસો, મોટરટ્રકો અને હજારો ખાનગી વાહનો દ્વારા ઉમટી પડનારા માનવ મહેરામણ માટેની વ્યવસ્થા પણ વિચારાઇ રહી છે, અને હજારો સ્વયંસેવકો ઉપરાંત પોલીસ, હોમગાર્ડઝ વગેરે દ્વારા સુંદર વ્યવસ્થા કરવામાં આવી રહી છે.

**સંદેશની નજરે**

# ઊંઝાના આંગણે જોવા મળેલું લોકશક્તિનું અનોખું સ્વરૂપ.



ઊંઝામાં તા. ૨૫ થી તા. ૨૯ નવેમ્બરના પાંચ દિવસ કડવા પાટીદારોના કુળદેવી શ્રી ઉમિયા માતાજીના ૧૮મો શતાબ્દિ મહોત્સવ અસાધારણ કહી શકાય તેવા ઉત્સાહથી ઉજવાઈ ગયો. જેના સમાચારો છાપામાં એટલી વિગતથી પ્રગટ થયા છે કે ત્યાં ગયા વિના ઘેર બેઠાં એના વાચનથી સૌને વિદિત થયેલ છે. શ્રી ઉમિયા માતાજીનો શતાબ્દિ મહોત્સવ ઉજવવાનો જેમણે નિર્ણય કર્યો તેમણે આટલો માનવ મહેરામણ ઉમટશે તેની કલ્પના કરી નહિ હોય. બીજે દિવસે બપોરે વ્યવસ્થા જાળવવાની મુશ્કેલી પેદા થઈ. તેણે બતાવી આપ્યું કે એમની ગણત્રી બહારના યાત્રાળુઓનો પ્રવાહ વહેતો થયો તેને પહોંચી વળવાની વધુ વ્યવસ્થા પણ કરી શકાઈ. આ યોજકો ન હોત અને તેમણે આ ઉત્સવનું આયોજન કર્યું ન હોત તો સામે ચાલીને લોકોએ તે સૂચવ્યું હોત એમ બનવાનો સંભવ કહી શકાય નહિ. મોટા ભાગના લોકોને ખબર પણ નહિ હોય કે એમની કુળદેવીની આ ૧૮મી શતાબ્દિના મહોત્સવનું ટાણું છે.

## લોકસાગરને તીરે તીરે

ઈશ્વર પેટલીકર

અમુક જુવાન પેઢીના વર્ગને તેમજ મહેસાણા જિલ્લા બહાર વસતા સૌરાષ્ટ્ર-કચ્છના અમુક વર્ગને એ પણ ખબર નહિ હોય કે, એમની કુળદેવી ઊંઝાના શ્રી ઉમિયા માતાજી છે. પરંતુ એ સૌને એટલી ખબર છે કે તે કડવા પાટીદાર છે. આથી જેમને કુળદેવીની ખબર હતી તેમને એ મહોત્સવ પ્રસંગે દર્શનનું વિશિષ્ટ માહાત્મ્ય વસ્યું, તો જેમને ખબર નહોતી તેમને એનું માહાત્મ્ય જાગ્યું. આથી દૂરદૂરથી એ પ્રસંગે યાત્રાળુઓનો પ્રવાહ અવિરત વહેતો રહ્યો. પાંચ દિવસમાં પંદરેક લાખ માણસોએ દર્શનનો લાભ લીધો. એમાં વૃદ્ધ, જુવાન અને બાળકો હતાં તો એમાં શિક્ષિત, અશિક્ષિત અને ગરીબ, તવંગર પણ હતા. તેમાં એટલી સુંદર વ્યવસ્થા જળવાઈ કે સૌનું તેના તરફ ધ્યાન ખેંચાયું હતું.

પાંત્રીસ હજારની વસ્તીવાળા ઊંઝા ગામે મુખ્યત્વે એનો ભાર ઉપાડ્યો કહી શકાય. ભલે એ ઉત્સવ કડવા પાટીદારના કુળદેવીનો હોય, પણ ઊંઝા માટે તે સમગ્ર ગામનો બની ગયો હતો. જે યુવાન છે તેમને માટે આવતો ૧૯મી સદીનો મહોત્સવ શક્ય નહોતો. એમને માટે આ એકજ અનેરું ટાણું હતું અને આખા ગામે પોતાના આંગણે પ્રસંગ હોય તેમ ઘર, ફળીયું, અને ગામ શણગાર્યું હતું અને પોતાના સગાં સ્નેહીઓને નોતર્યાં હતાં. મહોત્સવની વ્યવસ્થાની કામગીરી સંભાળી હતી. આટલી મોટી સંખ્યા આવતી હોય ત્યારે સ્વચ્છતા જાળવવી અને ગંદકી ન થવા દેવી તે મુખ્ય ધ્યાનમાં રાખવાનું રહે. ઊંઝા મ્યુનિસિપાલિટી બીજાઓના સાથથી એ વ્યવસ્થાને સુંદર રીતે પહોંચી વળી હતી.

યાત્રાળુઓ બસ કે બીજા વાહનથી ઉતરીને આશરે ૪ કી.મી. દૂરથી માતાજી અને યજ્ઞના દર્શને પહોંચે ત્યાં સુધી લાંબી હારની વ્યવસ્થા જાળવવી અને તેમની ધીરજ ન ખૂટી જાય તેવી ઝડપે દર્શન થઈ શકે તે કામગીરી સ્વયંસેવકોએ પ્રેમપૂર્વક ઉપાડી હતી. એવો જ સાથ હોમગાર્ડ્ઝ અને પોલીસનો મળ્યો હતો. નાનાં બાળકોને તેડીને લાંબી લાઈનમાં ઊભેલી સ્ત્રીઓને રાહત થાય માટે ગામની સ્ત્રીઓએ તેમનાં બાળકો સાચવવાની જવાબદારી ઉપાડી લીધી હતી, ભરચોકમાં રાહત આપવા પરબો ગોઠવવામાં આવતા હતા. યાત્રાળુઓ પણ એ પ્રેમભરી વ્યવસ્થા જોઈને શિસ્ત પાળવાની ફરજ સમજતા હતા. પાંચ પાંચ દિવસ સુધી દરરોજ લાખેક માણસોની જમવાની વ્યવસ્થાને પહોંચી વળવું એ સાથે જ અસાધારણ વ્યવસ્થા શક્તિ માંગી લે. તેવું કામ કરી શકાય. આટલી મોટી સંખ્યાના જમણવારમાં અર્ધા કલાકમાં જમનાર પંગતને પહોંચી વળાય, બધી વાનગીઓ પૂરતી મળી રહે, માગવી ન પડે અને ગંદકી પણ ન થાય તેવી કામગીરીના વખાણ ત્યાં ગયેલા કર્યા વિના રહી શકતા ન હતા. ઊંઝા વેપારનું મોટું મથક છે. એનો ગંજ જાણીતો છે. એ ગંજની બાવીસો જેટલી દુકાનો અઠવાડીયા માટે બંધ રહે, તે ઉતારાના સ્થાનમાં પલટાઈ જાય અને એ રીતે ગામનાં બીજા સ્થળો પણ ઉતારા બની જાય અને બધી રોજીંદી પ્રવૃત્તિ થંભાવી દઈને આખું ગામ મહોત્સવની કામગીરી ઉપાડી લેવામાં રોકાઈ જાય એ એકતાની ભાવના અને તેમાંથી પ્રગટ થતી વિવિધ શક્તિ આ મહોત્સવ દ્વારા જોવા મળતી લોકશક્તિનું ભવ્ય દર્શન છે

આ મહોત્સવની પૂર્ણાહુતિ પ્રસંગે એ કાર્ય પાર પડ્યાનો અનેરો આનંદ અને જાણે એ કાર્યનો થાક ન લાગ્યો હોય તેવી ઉજવાશ વ્યક્ત થઈ હતી. આ કાર્ય પાર પડ્યું તેનો જશ લોકો એની કામગીરી બજાવનારને આપતા હતા, પણ એ કામગીરી બજાવનાર તે જશના અધિકારી શ્રી ઉમિયા માતાજીને માનતા હતા. એમની કૃપા ન હોત તો આ કામગીરી નિર્વિઘ્ને સુખપૂર્વક પાર પડી નહોત. વળી માતાજી પ્રત્યે શ્રદ્ધા હોય ત્યારે તે પ્રસંગના બનાવોને ચમત્કાર તરીકે ઘટાવવાનું મન્યું હોય છે. એ ઉત્સવના આગલા પાંચ-છ દિવસથી ગુજરાતમાં ચોમાસા જેવી સ્થિતિ હતી. જો એ ચાલુ રહી હોત તો એ ઉત્સવને અગવડ વેઠવી પડત. પરંતુ તે દિવસે જ વાદળ વીખરાયાં અને સૂર્ય પ્રકાશ્યો તેનું કારણ માતાજીની કૃપા તરીકે ઘટાવવામાં આવી હતી. વળી એક પાંચ સાત ફૂટ ઊંચી વંડાની દીવાલ પડી છતાં કંઈ નુકસાન ન થયું તે પણ એની કૃપા માનવામાં આવી હતી. વળી યજ્ઞ કુંડમાં અગ્નિ સ્વયં પ્રગટ્યો તેવો ચમત્કાર પણ છાપામાં પ્રગટ થયો હતો. દૈવીશક્તિમાં શ્રદ્ધા ધરાવનારને આવું

## કડવા પાટીદારો સામાજિક ક્ષેત્રે એ શક્તિ બતાવે

વહેમ તેમાં નવાઈ નથી. પરંતુ જે કાર્યના કર્તાનો ભાર માણસ લેતો નથી અને ઉલ્ટાનું ભાવથી પ્રેમપૂર્વક તે પોતે નિમિત્ત છે તેમ માની એ ફરજ અદા કરે છે ત્યારે એનો થાક લાગતો નથી. આ મહોત્સવમાં જેમણે જેમણે ભારે કામ લીધાં પણ તેમને એનો થાક ન લાગ્યો તેનું કારણ એ કાર્ય પ્રત્યે રહેલી ભક્તિ-પ્રેમ છે. આમાં એ શ્રી ઉમિયા માતાજી પ્રત્યે છે માટે જેમ એ પરિણામ જોવા મળ્યું તેમ એવી જ ભક્તિ અને પ્રેમ બીજા કાર્ય પ્રત્યે હોય તો તેમાં પણ આવી જ લોકશક્તિ પેદા થઈ શકે.

આજે આપણા દેશમાં જે કોઈ મોટો પ્રશ્ન હોય તો લોકશક્તિનો અભાવ જોવા મળે છે. આપણી ગરીબાઈ અને ઓછા ગજાના અવસ્થાનું કારણ એ શક્તિનો અભાવ છે. આથી અનું તારણ કાઢવામાં આવે છે કે લોકોમાં શક્તિ નથી, એકતા નથી, યોજકો નથી એટલે આ સ્થિતિ છે. પરંતુ ઊંઝાનો આ મહોત્સવનો દાખલો બતાવી આપે છે કે એ સર્વ શક્તિ લોકોમાં પડેલી છે. ઊંઝા ગામની જે વસતિ તેના મર્યાદિત સાધનો અને જે યોજકોએ આ મહોત્સવનું આયોજન કર્યું હતું તેમનો આવી કામગીરી અગાઉ ન ઉપાડ્યાનો અનુભવ જોતાં આ યોજના આટલી સફળતાપૂર્વક પાર પાડી શકાશે એવો વિશ્વાસ બીજાઓને ઓછો હતો. આ ગજા બહારનું કામ ઉપાડ્યું છે તેવો મત વ્યક્ત થયાનું જાણવા મળ્યું હતું. પરંતુ એ યોજકો ઓછા અનુભવી હોવા છતાં પણ તેમણે જે શ્રદ્ધાથી તેનો વિચાર કર્યો હતો તે જ શ્રદ્ધાથી પ્રેરાઈને તેમને સાથ આપવા બીજાઓ તેમાં જોડાયા હતા અને દર્શને આવનારાઓએ પણ તે જ શ્રદ્ધાથી વર્તવાનો ધર્મ માન્યો હતો. પરિણામે આ આયોજન સર્વના સહકારથી સફળ થયું હતું. એવું વાતાવરણ જામે છે ત્યારે બીજાઓમાં પણ તેવો ભાવ જન્માવી શકાય છે. રેલ્વે અને એસ. ટી. તંત્રે આટલા પ્રવાસીઓને લાવવાની નવી વ્યવસ્થા કરી તે એમની ફરજનો ભાગ હોય તોપણ એ વાતાવરણ તેમનામાં પણ એ ફરજ અદા કરવામાં કાંઈક વિશેષ કરી રહ્યાનો ભાવ પેદા કર્યા વિના ન રહે. આ બનાવો આપે છે કે આગેવાની લઈ શકે તેવા યોજકો સમાજમાં હયાત છે. તેમને સાથ આપે તેવા સેવકો પણ હાજરાહજૂર છે અને તેમાં જોડાવવા લોકસમુદાય પણ તૈયાર છે. પરંતુ બીજા કાર્યોમાં આવું ઐક્ય ઊભું થતું ન હોય તો તેનું કારણ એના પાયામાં જે શ્રદ્ધા જોઈએ તે ખૂટે છે. એ શ્રદ્ધા ધાર્મિક પરંપરાથી આપણા શ્રી ઉમિયા માતાજીમાં પેદા થયેલી છે, પરંતુ દેશના નવનિર્માણ માટે એ પેદા થયેલી નથી. આથી તેમાં જે લોકશક્તિ પ્રગટવી જોઈએ તે પ્રગટતી નથી.

આપણે દેશના નવનિર્માણના વિશાળ ફલક સુધી ન જઈએ, જ્ઞાતિ વિહીન સમાજ રચનાનો યુગધર્મ છે ત્યારે જ્ઞાતિ મહાસ પોષક આવા ઉત્સવ કેટલા યુક્તિ એ પ્રશ્નને પણ ન લાવીએ અને યજ્ઞયાગાદિ પરંપરીત કર્મકાંડની ચર્ચા પણ બાજુએ રાખીએ અને કેવળ કડવા પાટીદારના ફલકને સીમિત કરીને તેને મૂલવીએ. આ લોકશક્તિનો પ્રવાહ જ્ઞાતિ પૂરતો નવનિર્માણમાં ફાળો આપવા સક્રિય થશે ખરો? આ મહોત્સવ પ્રસંગે સમસ્ત ગુજરાતના કડવા પાટીદારો પોતાની વચ્ચેના ગોળ અને પેટા ગોળના ભેદભાવ ભૂંસી એક સમાજ તરીકે લગ્ન વ્યવહારની લેવડદેવડ કરવાનો સુધારો કરશે? જે ઊંઝા ગામે આટલી શક્તિ બતાવી અને શ્રી ઉમિયા માતાજીને લીધે ઊંઝાની વાહ વાહ થઈ તે ગામના પાટીદારો ઓછા કુળવાન ગણાય છે તે નાબૂદ થશે? શ્રી ઉમિયા માતાજી જેવાં જગતજનની કુળદેવી હોવા છતાં જ્ઞાતિમાં જે પછાત અવસ્થા છે અને ઊંઝા વધુ જ્ઞાતિની દ્રષ્ટિએ પછાત ગણાય છે, તે સ્થિતિ શું વિચાર માગી લેતી નથી કે અંતે પોતાનો વિકાસ પોતાની શક્તિ જાગૃત કરીને કરવાનો છે? માતાજી કે દેવી શક્તિની કેવળ કૃપાથી પુરુષાર્થ વિના સિદ્ધિ હાંસલ થઈ શકતી નથી, જે શ્રી ઉમિયા માતાજી સમગ્ર કડવા પાટીદારોના કુળદેવી હોય તો એ માતાનાં સંતાનોમાં કોઈ ઊંચું કે નીચું શી રીતે હોય શકે? પ્રદેશ કે ગોળ ભેદ વિના સૌને સમાન ગણી કન્યાના વ્યવહારની વિશાળતા આ મહોત્સવના પ્રકાશમાં કેમ વિચારવામાં ન આવે? એજ રીતે જ્ઞાતિમાં જે કુરિવાજો હોય અને જે પછાતપણું હોય તે નિવારવામાં કેમ આ લોકશક્તિ સક્રિય ન બને?

આ મહોત્સવ નિમિત્તે જે લાખોની રકમ પ્રાપ્ત થઈ છે તે ઊંઝા માતાજીના સ્થાનક અને તેના વિકાસમાં ખર્ચાશે તેમ ૩૮ લાખની યોજનાનું આયોજન થનાર છે. તેમાં યાત્રિકો માટે અદ્યતન ધર્મશાળા, પ્રાર્થના મંદિર, ટાઉન હોલ ઊંચા બાગ, ઊંચા ફુવારા, ઊંચા સ્મૃતિ સ્થંભ ઊભવાની આનવિધિ થવાની મહોત્સવ સમિતિ તરફથી ભાવિ યોજના જાહેર થઈ છે. પરંતુ માતાજીના સ્થાનક માટે એ મહત્વનું ગણાતું હોય તો એવું જ વાતાવરણ પોતાના જ ગામમાં નિર્માણ થયું જોઈએ અને પોતાનું ઘર પણ અદ્યતન બનવું જોઈએ. ધર્મશાળા અદ્યતન બને અને ઘર એના એ ધુમાડીયાં, અજવાળા વિનાના અને સગવડ વિનાના હોય તે કેમ ચાલે! આ મહોત્સવમાંથી કડવા પાટીદાર સમસ્ત સમાજ પ્રેરણા લઈને સામાજિક સુધારાનું એક સંમેલન કે રૂપે ભરીને જ્ઞાતિ વિહીન સમાજની રચનાની દિશાના પ્રથમ પગથિયા તરીકે સમસ્ત કડવા જ્ઞાતિનો સામાજિક સુધારાનું કદમ ભરશે તો આ ઉત્સવ લાભદાયી બની રહેશે.

*

**ગુજરાત સમાચારની નજરે**

# બીજા દિવસે બે લાખ લોકોથી ઊભરાઇ ગયેલું ઊંઝા

( પ્રતિનિધિ દ્વારા ) મહેસાણા, તા. ૨૬

ઊંઝામાં ઉમિયા માતાજીના મહોત્સવના આજે બીજા દિવસે મહોત્સવ સમિતિના જણાવ્યા મુજબ બે લાખ જેટલા ભાવિકોથી ઊંઝા ઉભરાઈ ગયું હતું. સવારથી લોકોનો પ્રવાહ આસપાસના અને દૂરના વિસ્તારોમાંથી આવવો શરૂ થયો હતો. અને સંખ્યા બપોર સુધીમાં તો બે લાખ પર પહોંચી હતી. લોકો ટ્રકો, ટ્રેક્ટરો, એસ. ટી. બસો, ખાનગી મોટરકારો વગેરે જે મળે તે વાહનોમાં આવ્યાં હતાં.

શહેરની સજાવટ, પોલીસ વ્યવસ્થા, ભોજન, પાણી, દીવાબત્તી વગેરેની વ્યવસ્થા જોઈને યાત્રિકો પ્રભાવિત થયા હતા. શહેરની પેઢીઓએ ઉતારાની વ્યવસ્થા ગોઠવી છે, ઉપરાંત ઘેર ઘેર મહેમાનો ગોઠવાઈ ગયા છે.

માતાજીના દર્શન માટે લાઈનમાં ઊભા રહેલા યાત્રિકોને બપોરની ગરમી લાગતાં કાર્યકર ભાઈ-બહેનો પંખા નાખવા લાગતાં યાત્રિકોના મોંમાંથી શબ્દો નીકળ્યા હતા કે ' ધન્ય છે ઊંઝાને. '

મહોત્સવના બાકીના ત્રણ દિવસમાં આનાથી પણ વધુ લોકો આવશે એમ વ્યવસ્થાપકો માની રહ્યા છે.

**યાત્રિકો કહે છે : 'ધન્ય છે ઊંઝાને'**

# સૌ ઉંઝાના રૂણી બન્યા

ઉંઝા, તા. ૨

ઉંઝામાં ઉમીયા માતાના મહોત્સવના પ્રસંગો જેમાં "મા"ની અસીમ કૃપાનાં જ દર્શન થાય છે.

—આ પાંચ દિવસો દરમ્યાન કોઈ મરણ ગામમાં બન્યાનું જાણવા મળ્યું નથી.

—આટલું મોટું ગામ છતાં કોઈ અકસ્માત કોઈ તકરાર કે મુશ્કેલી ઉભી કરે તેવું બન્યું નથી.

—મહોત્સવની સફળતા માટે ઉમિયા માતાની અસીમ કૃપા કુળદેવી કડવા પાટીદારનાં નહીં પણ સર્વનાં મા બન્યાં છે. લોકમાતા તરીકે પૂજાયાં છે. સમગ્ર ગામે એકતા અને સહકારની ભાવનાનાં દર્શન કરાવી સૌ પોતાનું કામ સમજીને સેવામાં લાગી ગયા હતા.

—આટલી મોટી સંખ્યામાં આવનાર ભાવિકોની મેડીકલ સારવાર માટે ઊંઝા મેડીકલ એસોસીએશનની રાહબારી નીચે સ્થાનીક ડોક્ટર સાહેબોએ રૂા. ૫૦૦૦ની કિંમતી દવાઓ તેઓએ ખરીદી આશરે ૩૦૦૦ દર્દીઓને વિના મુલ્યે દવા આપી સારવાર આપી છે. તે માટે ત્રણ સારવાર કેન્દ્ર (દવાખાનાં) ખોલ્યાં હતાં. ખરેખર તેઓએ માનવ ધર્મને સાર્થક કર્યો છે.

—માતાજીની સંસ્થાને મહોત્સવ અંગે અનેક પત્રો મળ્યા જેનો મુખ્ય સૂર છે :- ઉંઝાએ 'મા'નાં સૌને દર્શન કરાવ્યાં. અને સૌ ઉંઝાના ઋણી બન્યા છે. તે ઋણ કયી રીતે મુકવી શું ? હે મા, અમારૂં જીવન ટુંકાવીને જો તેમાંથી બીજાને આપી શકાતું હોય તો આ મહોત્સવના કામ કરનારાઓને મારૂં જીવનનું શેષ આયુ તેઓને અર્પણ હો.

—આ પાંચ દિવસોમાં મહોત્સવ સમિતિ તરફથી "સ્વચ્છતા" હરિફાઈ યોજવામાં આવી હતી. તેમાં સૌ પ્રથમ નંબર મોતીપુરાનો આવેલ છે. બાળકો ને બહેનો તથા યુવાનોએ સારી જહેમત સ્વચ્છતા પાછળ ઉઠાવી હતી. સ્વચ્છતા બેનમૂન હતી. ખરેખર "મોતી જેવું સ્વચ્છ એમ મોતીપુરા નામ સાર્થક કર્યું છે. બીજા નંબરો અનુક્રમે (૨) રૂસાત ચોરો (૩) હોરવાડ (૪) ઉમા સોસાયટી (૫) દરજી ચકલો (૬) અમોટી પરૂં (કલ્યાણ પરૂં) (૭) માણુપરૂં સમિતિના ચેરમેન શ્રી. પરસોત્તમદાસ કોટન તથા સભ્યોમાં શ્રી. નટુભાઈ ઉમેદરામ, શ્રી. ઈશ્વરલાલ કે. પટેલ, મફતલાલ કીશોરદાસ શ્રી. હરગોવનભાઈ બર્કલી, શ્રી. શંકરલાલ શી. પટેલ (સિ. ઈ.) હતા.

—સિદ્ધપુર નગરપાલિકાનાં સફાઈ કામદાર મુકરદમ શ્રી. જેઠાભાઈ ધુળાભાઈ વાઘેલાને મહેનતાણાના રૂા. ૧૦૧/- સમિતિએ આપ્યા હતા. જે તેઓએ 'મા'ને ભેટ આપી પાવતી મેળવી છે.

# 'ઉમા'નાં અલૌકિક દર્શનમાં તેજસ્વિતા તથા દિવ્યતા

## ઉંઝામા ઊજવાયેલા મહોત્સવની વિશિષ્ટતાઓ

ઉંઝા, તા. ૩૦

—આ પ્રસંગે પાલનપુરના લક્ષ્મીપુરા ગામના પટેલ રસોઈઆઓએ રસોઈ કરવાની અંગાણિત અમુલ્ય માનદ સેવા આપી હતી તે ઉપરાંત આ રસોઈઆ ભાઈઓના બનાસકાંઠા કડવા પાટીદાર સમાજ તરફથી રૂા. ૬૦૦૦૦/- જેવી રકમની ફંડ ફાળાની સેવા આપી છે.

—આ પ્રસંગે લાઈનમાં દર્શન કરવા માટે ઉભેલા ભાવિક ભાઈ બહેનો પાસેથી પડી ગયેલ સોનાના દાગીના- નાણા ઘડિયાળો વિગેરે ચીજો સ્વયંસેવકોને હાથમાં આવતાં તેઓએ સલામતી સમિતિને બધી ચીજો સુપ્રત કરી પ્રમાણિકતાનું દ્રષ્ટાંત પુરૂ પાડ્યું છે.

- જે દિવસે યજ્ઞ અને મહોત્સવનો પ્રારંભ થવાનો હતો- તેના અગાઉના દિવસે વરસાદ હતો. બધા ચિંતિત હતા આગળના દિવસે પાટલા ઉપર બેઠેલા યજમાનોની દેહશુદ્ધિ માટે સિધપુરના પવિત્ર સ્થાન અરૂણેશ્વર શ્રી. ગુરૂ મહારાજશ્રીએ વરસાદની તકલીફ રહેશે નહીં એવા આશીર્વચન ઉચ્ચારેલ અને ખરેખર "માતા"ની કૃપા ઉતરી અને પાંચ દિવસનો કાર્યક્રમ સુંદર રીતે સફળ નિવડ્યો

—માતાના મહોત્સવમાં કડવા પાટીદાર ભાઈ બહેનો એ ઉદાર હાથે ફંડમાં નાણાં ઠાલવ્યાં છે અને હવે શ્રદ્ધા અને આશા જન્મી છે કે ટુંક સમયમાં યાત્રાળું માટે અદ્યતન સાધનો વાળી ધર્મશાળા પ્રાર્થના મંદિર ટાઉન હોલ- "ઉમા" બાગ, "ઉમા" ફુવારો "ઉમા" સ્મૃતિ સ્તંભ નાં મુહૂર્ત થશે.'

—સાચી સેવા તો હતી સફાઈ કામદારની ઉંઝા સિધપુર પાટણ વિગેરે નગરપાલિકાના સફાઈ કામદારોએ રાત્રે ૧૨-૦૦ વાગે રસ્તાઓ જાજરૂ પેશાબખાના સાફ કરી દવાઓ છાંટી સ્વચ્છતા જાળવવામાં સખ્ત પરિશ્રમ ઉઠાવ્યો હતો અને બહારથી પધારેલ મહાનુભાવોએ પણ આ સેવાને બીરદાવી હતી.

—ઉંઝા-ઉનાવા વચ્ચે ટ્રક-ટ્રેક્ટરનો અકસ્માત તા. ૨૮મીના રોજ બન્યો. તે જોતાં તો ચિંતાજનક પરિસ્થિતિ જણાતી, પણ "મા"ની કૃપા ઉતરી ન હોય તેમ ખાસ ઈજા થઈ ન હતી.

—શિસ્ત અને નિયમનું પાલન કરવામાં ભાવિકોએ સારો સાથ સહકાર આપ્યો અને સ્વયંસેવકોએ કાર્યકરોને પ્રોત્સાહન મળ્યું. પરિણામે મોટો માનવ સમુદાય ઉમટ્યો હતો. છતાં કોઈપણ અનિચ્છનીય બનાવ બન્યો ન હતો. અને સુંદર રીતે મહોત્સવ સફળ થતાં સૌને તેમાં "ઉમા" ના આશીર્વાદ દેખાયા.

—"ઉમા" ના દર્શન અલૌકિક જણાતાં હતાં. બીજા દિવસો કરતાં આ દિવસો દરમ્યાન તેજસ્વીતા અને દિવ્યતા જણાતી હતી. તે જોતાં "મા" નાં સંપૂર્ણ આશીર્વાદ મળેલ જણાતાં હતાં.

—આ પ્રસંગની ખાસ વિશિષ્ટતા એ હતી કે કોઈ અનિચ્છનીય બનાવ બન્યો ન હતો. તે સિવાય કોઈ પણ જાતની તકલીફ મુશીબત ભાવિકોને નડી ન હતી

—મહોત્સવ સમિતિએ ઊંઝાની જનતા જોગ હૃદયસ્પર્શી અપીલ કરી અને સારાયે નગરે એકતા-સહકાર અને દિલની ભાવનાનાં દર્શન ભાવિકોને કરાવી તેઓના ધન્યવાદના અધિકારી બન્યા હતા.

—"ઉમા" ની શકિત પ્રેમભાવના જાણે આ કાર્યમાં પળે પળે સાથે જ હોય તેમ રેલ્વે ખાતાએ સ્પેશીયલ ટ્રેનો એસ. ટી. ખાતાએ જોઈએ તેટલી એસ. ટી. બસો અને બીજા ખાતાઓ સ્થાનિક સ્વરાજની સંસ્થાઓએ જીલ્લા-તાલુકા પંચાયતોએ પણ પોતાથી બની શકે તેટલી બધી જ સેવાઓ આપી છે. " દુધસાગર" પણ આ પ્રસંગે જરૂરી " દુધ " પુરૂં પાડી સહકાર આપ્યો છે.

—ઘણાંએ વર્ષો બાદ ઊંઝામાં સૌ પ્રથમવાર આટલી આકર્ષક રંગબેરંગી નયનરમ્ય રોશની કોઈ સંસ્થાના મકાન ઉપર થઇ ન હતી. "મા" ના મંદિરે થયેલ રોશની બધા જ ભાવિકોનાં દિલ જીતી લીધાં હતાં.

—મહોત્સવ અને યજ્ઞ પાછળ બીજી કોઇ ભાવના-મહેચ્છા નથી પણ ફકત લોક કલ્યાણની ભાવના છે અને " મા ઉમા " ના આશીર્વાદ લોકકલ્યાણ માટે ઉતરી રહો એજ હૃદયની પ્રાર્થના.

—ઉમિયા માતાના મહોત્સવ પ્રસંગે સ્ટેશન રોડ પર નજીકનાં "બાળોજ માતા" [ કાચનું મંદિર ] નાં પણ ભાવિકોએ દર્શન કર્યાં અને કાચની કલાકૃતિ જોઈ ધન્ય બન્યાં.

॥ उमाशरणमस्तु शम्भास्तरेष्वपि ॥

# શ્રી ઉમિયા દર્શન



शूल पद्दिशाद्य खर्मं विशिरस्तु मुगुण्धाना करैः ।
संव्यां शोभन षडभुजां सुनयनां दि-याम्बराल कृताम् ॥
शुभ्रांगां वृषवाहनां सुखरां भक्तेप्सितां शालिनीं ।
वन्दे श्री कडवेश्वरी भगवती लक्ष्मी सदा श्रीमुमाम् ॥१॥

# ઉત્તરગુજરાત

તા. ૨૫-૧૧-૭૬ તંત્રી:- મફતલાલ બારોટ. કિં. એક રૂપિયો

તંત્રી સ્થાનેથી.....

## યાત્રાધામ ઊંઝા

ભારતના સમસ્ત કડવા પાટીદારોની કુળદેવી ઉમીયામાતાનું સ્થાનક ઉત્તર ગુજરાતના મહેસાણા જીલ્લાના સિધ્ધપુર તાલુકાના ઊંઝા ગામમાં છે. તા. ૨૫-૧૧-૭૬થી આ ઉમીયાનો ૧૮મો શતાબ્દી મહોત્સવ ઊંઝાના આંગણે આનંદવિભોર અવસ્થામાં ઉજવાઇ રહ્યો છે. ઉત્તર ગુજરાતમાં સિધ્ધપુર, અંબાજી, ખેડબ્રહ્મા, તારંગા, મહુડી વિગેરે સ્થળો યાત્રાધામ તરીકે જાણીતા છે. કડવા પાટીદાર કોમનું કુળદેવીનું ગામ ગણાતુ ઊંઝા હવેથી યાત્રાધામ બનશે. ભારતભરમાં વસતા લાખ્ખો કડવાપાટીદારો પાંચ દિવસના આ મહામુલા દુર્લભ મહાયજ્ઞ અને ૧૮ મા શતાબ્દી મહોત્સવની ઉજવણીમાં હાજર રહી માતાના દર્શન કરી પોતાની જાતને ધન્ય કરશે. આ ઉત્સવ એક કોમનો ન રહેતાં આખાયે ગામે આ ઉત્સવને પોતાનો ઉત્સવ બનાવી દીધો છે. આખુએ ગામ ઉત્સવ ઘેલુ બન્યુ છે. દરરોજની લાખોની આવનારી યાત્રીઓની સખ્યાને તમામ જાતની સુવિધા આપવા ઊંઝાવાસીઓએ તત્પરતાથી તડામાર તૈયારીઓ કરી દીધી છે. રહેવા, જમવા, અને દર્શન કરવા માટે ચારે બાજુએ વ્યવસ્થા ગોઠવાઇ ગઇ છે. વ્યવસ્થા જાળવવા હજારો પોલીસો, હોમગાર્ડ અને સ્વયંસેવકો ખડે પગે તૈયાર છે એસ. ટી. અને રેલ્વે યાત્રાળુઓની સુવિધા માટે સંપૂર્ણ સજ્જ છે.

આ પ્રસંગે અમે "શ્રી ઉમિયા દર્શન" નામનો વિશેષાંક પ્રગટ કરતાં આનંદ અનુભવીએ છીએ આ અંકમાં માતા ઉમિયા વિષેનું સાહિત્ય તેમજ કડવા પાટીદારોના ગૌરવશાળી ઇતિહાસનું આલેખન અત્રે કર્યુ છે તેમાં ઊંઝાની સંસ્થાઓનો સંક્ષિપ્ત પરિચય પણ પ્રગટ કર્યો છે. આ અંક માટે સાહિત્ય, જાહેરાત અને અન્ય સહકાર પુરો પાડનાર સર્વ સંસ્થા, અમારા શુભેચ્છકો, તેમજ મહોત્સવના સર્વ પ્રયોજકોના અમે આભારી છીએ

ઊંઝા ભારતનું જીરા, વરીયાળીના વહેપારનુ એક અગત્યનું અને પહેલા નંબરનું ગામ ગણાતું હતું. આજે એ યાત્રાધામ ઉમીયાનગર તરીકે નામાભિધાન પામશે. કડવા પાટીદારો અને ઇતરપ્રજા પણ ગુજરાતમાંથી આ પ્રસંગે દર્શનનો લાભ અને લ્હાવો લેવા આવશે. મા ઉમીયાના દર્શને આવનાર દર્શનાર્થીઓ આ પ્રસંગે શાંતિ, સ્વચ્છતા અને સહકારથી વર્તે એ ખુબ જરૂરી છે. વ્યવસ્થાપકોએ તેમનાથી થાય તેટલી સગવડો આપવા તનતોડ પ્રયત્ન કર્યો છે. ઊંઝા ગામ આવનાર અતિથિઓનું આતિથ્ય અને સત્કાર કરવા યત્નશીલ રહ્યું છે. માતાજી આ ધાર્મિક પ્રસંગે ઉજવાતો ઉલ્લાસમય ઉત્સવ પાર પાડે તેવી પ્રાર્થના.

—મફતલાલ બારોટ



realpatidar.com

# ઊંઝા ખાતે યાત્રીઓના ટ્રાફીકને પહોંચી વળવા સુસજ્જ થતું એસ. ટી.નું તંત્ર

પાટણ, તા. ૨૩

ઉંઝા ખાતે યોજનાર ઉમીયા માતાજીના ૧૮મી શતાબ્દી મહોત્સવની ભવ્ય તૈયારીઓ પુરી થવા આવી છે. ખાસ કરીને યાત્રીઓને ઝડપથી લઈ જવાની પુરી સગવડ મળી રહે એ માટે ગુજરાત રાજ્ય માર્ગ વાહન વહેવાર કોર્પોરેશન તરફથી લગભગ ૩૫૮ જેટલી એસ. ટી. બસો ઉંઝા ખાતે મુકવાની વ્યવસ્થા કરવામાં આવી છે. એસ. ટી.ની કામગીરી સંચાલનનું કામ બનાસકાંઠાના એસ. ટી. નિયામક શ્રી લાલવાણી તથા મહેસાણાના એસ. ટી. નિયામક શ્રી ચોકાક તથા તેમના સહાયક અધિકારીઓને સોંપવામાં આવેલ છે.

લોકોને એસ. ટી. ની સુવિધા સારી રીતે મળી રહે એ માટે ઉંઝા ખાતે ૬ (૭) જેટલા એસ. ટી. સ્ટેન્ડો (કામચલાઉ) ઉભા કરવામાં આવ્યા છે જે નિચે પ્રમાણે રહેશે.

સ્ટેન્ડ નં. ૧ - ઉમીયા પેટ્રોલ પંપની બાજુના ખેતરમાં હાઈવે રોડને અડીને જ્યાંથી અમદાવાદ કલોલ, મહેસાણા, બેચરાજી તરફની બસો આવજા કરશે. અને ઉપડશે. વધુમાં અમદાવાદ તરફથી આવતી શેડ્યુલ બસો પણ ઉભી રહેશે.

સ્ટેન્ડ નં. (૨):- ઉમીયા સોસાયટી પાસેના ખેતરમાં એઠોર રોડ ઉપર જ્યાંથી હિંમતનગર વિભાગની બસો તથા વિસનગર વડનગર વિજાપુર તરફથી બસો આવજા કરશે.

સ્ટેન્ડ નં. (૩) મહાઈ તલાવ આગળ : જ્યાંથી વડનગર - ઉમતા વિગેરે કાચા રસ્તાથી બસો આવજા કરશે.

સ્ટેન્ડ નં. (૪) પાણીની ટાંકી તરફ બસ છાવણી પાસે- જ્યાંથી પાલનપુર વિભાગ તરફની સિધ્ધપુર કામલી - જારકા, બોકીયા - વિગેરે તરફની બસો અવરજવર કરશે.

સ્ટેન્ડ નં. (૫) નવા બંધાતા એસ. ટી. સ્ટેન્ડ પાલનપુર વિભાગની ડીસા - ગઢ- વડગામ અંબાજી થરાદ તરફની બસો, આવજા કરશે.

સ્ટેન્ડ નં. (૬) પાટણ તરફના રસ્તા ઉપર જ્યાં પાટણ - હારિજ શિહોરી વાયા ઉમરી ઉર બાલીસાણા ચાણસ્મા તરફની બસો આવજા કરશે.

આ નવા સ્ટેન્ડોની વ્યવસ્થા તા. ૨૫મી નવેમ્બર તા. ૩૦મી નવેમ્બર સુધી ચાલુ રહેશે. આ દિવસો દરમ્યાન ઉંઝાનું કાયમી બસ સ્ટેન્ડ બંધ રહેશે. યાત્રીઓને કોઈ અગવડમાં ન મુકાવું પડે એ માટે ઉપરના નકકી કરેલા સ્ટેન્ડોએ જવું.

# ઉમિયામાતા શતાબ્દિ ઉત્સવમાં ઉતારૂઓ માટે ખાસ એસ. ટી. ની વ્યવસ્થ


## મુખ્ય મેનેજર શ્રી શર્માએ ઊંઝાની મુલાકાત લઇ ગોઠવેલી વ્યવસ્થા : છ વધારાના સ્ટેન્ડ રહેશે

અમદાવાદ, તા. ૨૩

મહેસાણા જિલ્લામાં આવેલ ઉંઝા ખાતે શ્રી. ઉમીયા માતાજીના ૧૮મે શતાબ્દી મહોત્સવ તા. ૨૫થી તા. ૨૯મી નવેમ્બર '૭૬ સુધી ઉજવાનાર છે. આ મહોત્સવમાં ગુજરાતભરમાં વસતા ભાવિકોને ઉંઝા જવા અને પરત આવવા માટેની બસવ્યવસ્થા માટેની માગણીઓ થતાં એસ. ટી કોર્પોરેશનના મુખ્ય વ્યવસ્થાપક શ્રી. એસ.એલ. વર્માએ તા. ૨૧-૧૧-૭૬ ના રોજ ઉંઝાની પ્રત્યક્ષ મુલાકાત લીધી હતી, અને ધામધૂમપૂર્વક વિશાળ ફલક પર ઉજવાનારા શ્રી. ઉમિયાજી માતાના ૧૮મા મહોત્સવને ધ્યાનમાં લઈને વિવિધ વિસ્તારોમાંથી આવતા મોટા જનસમુદાયને પરત ફરવા માટે સરળતાથી વાહનો મળે તે સારૂ ઉંઝા ખાતે વિશાળ સ્ટેન્ડ ઉભું કરવા, પ્રવાસીઓના ધસારાને પહોંચી વળવા માટે બસો મુકવા, ખાસ વ્યવસ્થા ગોઠવવા હાજતાવળગના અધિકારીઓને સુચના આપી છે. ઉંઝા ખાતે જુદી જુદી જગાઓએ જવા માટે છ જેટલાં ખાસ સ્ટેન્ડો ઉભા કરવામાં આવ્યા છે. આ વ્યવસ્થા માટે ખાસ અધિકારીઓ અને સ્ટાફ પણ મુકવામાં આવ્યો છે. ઉંઝા જવા માટે અમદાવાદ, હિંમતનગર, પાલનપુર, મહેસાણા વગેરે ડીવીઝનોના મહત્વના સ્થળોએથી માગણીના પ્રમાણમાં બસો ઉપાડવામાં આવશે. આ ઉપરાંત વડોદરા, નડિયાદ, સુરત, રાજકોટ, જુનાગઢ અને ભાવનગરથી પણ ઉંઝા ખાતે જવા માટે પુરતા પ્રમાણમાં મુસાફરો થતાં બસો મુકવામાં આવશે. કલોલ અને અમદાવાદથી ઉંઝા જવા માટે એડવાન્સ બુકીંગ શરૂ કરી દેવામાં આવેલ છે, અને સારો એવો ધસારો રહ્યો છે.



[illegible] ની નજરે



ઉમિયા માતાના શતાબ્દી મહોત્સવમાં યોજાયેલ સહસ્ત્ર ચંડી યજ્ઞની [illegible]હુતીનું દશ્ય. યજ્ઞ વેદીમાં છેલ્લી આહુતી પધરાવવામાં આવી રહી છે

# ઉમિયા માતા શતાબ્દિ મહોત્સવઃ શાંતિપૂર્ણ થયેલી પૂર્ણાહુતી

## પુર્ણાહુતિ પ્રસંગે ૩ લાખ લોકોની હાજરી
## હરિજનો-સવર્ણ મિલનનો ઐતિ. પ્રસંગ

મહેસાણા તા. ૨૯

[illegible] અાંને ઉમિયા માતાજીના શતાબ્દિ મહોત્સવની આજે બપોર ૩-૦૦ વાગે શાંતિપૂર્ણ પુર્ણાહુતી થઈ હતી. આ પુર્ણાહુતીની અંતે [illegible] ૩ લાખ લોકોએ હાજરી [illegible] આ આખાય પાંચ દિવસમાં માતાજી કૃપાથી એક પણ અનિચ્છનીય બનાવ બનવા પામ્યો નથી. આખીય મહોત્સવ ઉલ્લાસ ભર્યા વાતાવરણમાં નિર્વિઘ્ને ઉજવાયો હતો.

ગઈકાલે સાંજના ૪-૦૦ વાગે શોર્ટ સરકીટ લાગવાનો એક પ્રસંગ બની ગયો હતો પરંતુ આસોપાલવના તોરણનું એક પાંદડુ આડે આવતાં લોકોમાં ઉચાટ હતો જ અટકી જવા પામ્યો હતો જો પાંદડુ આડે ન આવ્યું હોત તો મોટો આગ લાગવા સંભવ હતો. આ પ્રસંગને ઘણા લોકો માતાજીના [illegible] ગણે છે. માતાજીએ તેની આગથી મોટી ખુવાર [illegible].

આ ઉપરાંત બીજો એક પ્રસંગ ૭ ફૂટનો દિવાલ ધસી પડવાનો બનાવ બની ગયો. પણ તેમાં પણ માતાજીના મહિમાનો દાખલો કોઈને ઈજા નહોતી થઈ.

માતાજીના આ મહોત્સવમાં ૧૦ લાખ ઉપરાંતનો મેદનીએ ઉમળકાભેર ભાગ લઈ માતાજીના દર્શનનો લાભ લીધો હતો.

આગ્રણી કોંગ્રેસી કાર્યકર શ્રી. શંકરલાલ ગુરૂએ જણાવ્યું હતું કે આ મહોત્સવની ખુબી એ હતી કે તેમાં અસ્પૃશ્યતાનું નામનિશાન નહોતું. હરિજનોએ પણ આ મહોત્સવમાં ઉમળકાભેર ભાગ લીધો હતો તેમણે પોતાના મહોલ્લાઓમાં કમાનો ઉભી કરી શણગાર્યા હતા. તેમજ કઢાયાઓની પરબો માંડી હતી. મહોત્સવના દર્શનાર્થીઓ વિના સંકોચે હરિજન ભાઈઓની પરબમાંથી પાણી તરસ છીપાવતા.

ગુજરાત પ્રદેશ ભંગી સમાજના ઉપપ્રમુખ શ્રી. [illegible]ભાઈ સોલંકીએ જણાવ્યું હતું કે આ મહોત્સવમાં [illegible] ૩૦ હજાર હરિજન ભાઈઓ સફાઈનું કામ કરતા હતા.

રસોડા માટે ટેન્કર દ્વારા પાણી લાવવામાં આવતું હતું. તે પાણીમાં જંતુનાશક પાવડર હરિજન કામદાર જ નાખતા હતા. અને તે પછી જ પાણી રસોઈ માટે વપરાતું હતું.

આ મહોત્સવમાં માતાજીના [illegible] અમારા હરિજન સમાજના ૧૦ હજાર કરતાં વધુ લોકોએ લીધો છે એમ શ્રી સોલંકીએ વધુમાં ઉમેર્યું હતું.

મહોત્સવમાં દર્શનાર્થે આવેલ ભાવિકોને જમવાની વ્યવસ્થા માટે જાહેર રસોડાઓ ખોલવામાં આવ્યા હતા. તેમાં પણ હરિજન ભાઈઓ ચાર ભરીને જમતા હતા. આ પ્રસંગે તેમને કોઈએ પણ રોકટોક કરી નહોતી.

વડાપ્રધાન શ્રીમતી ઈંદિરા ગાંધીના ૨૦ મુદ્દાના કાર્યક્રમમાં અસ્પૃશ્યતા નિવારણનો સમાવેશ કરાયેલો છે. તે કાર્યક્રમનો સાચો અમલ આ મહોત્સવ થઈ શક્યો હતો.

## ઉમીયા માતા મહોત્સવ સ્વયંસેવકોની સભા

મહેસાણા તા. ૧૫

ઉંઝામાં શ્રી. ઉમિયા માતાજી ૧૮મી શતાબ્દી મહોત્સવની કામગીરી માટે સ્વયંસેવકોની સભા તા. ૯-૧૧-૭૬ના રોજ ઉમિયા માતાજીના કંપાઉન્ડમાં મળી હતી. મોટી સંખ્યામાં સ્વયંસેવક તરીકે સેવા આપનાર યુવાનો અને નાગરિકોએ હાજરી આપી હતી. સેવા જીલ્લાના ગ્રામ રક્ષક દળના વડા શ્રી.માકુસિંહ સુવર્ણકારે સ્વયંસેવકની ફરજો અને કામગીરી અંગે સુંદર માર્ગદર્શન આપ્યું હતું. સ્વયંસેવક કમિટિના ચેરમેન શ્રી. અંબાલાલ ચારી, બંદોબસ્ત કમિટિના ચેરમેન શ્રી. ચતુરભાઈ ઈ. પટેલ, પાણી : આરોગ્યના ચેરમેન શ્રી. જીવરામ છ. પટેલ, સરભરા કમિટિના ચેરમેન શ્રી. શંકરલાલ પટેલ, (શકુભાઈ), પશુસેવા કમિટિના ચેરમેન શ્રી. અંબાલાલ કાપડીયા, વાહન વ્યવહારના ચેરમેન શ્રી. ઈશ્વરભાઈ ડી. પટેલ, મંડપ ઉતારા સમિતિના ચેરમેન શ્રી શંકરલાલ બા. પટેલ, શ્રી. મણીલાલ કાંટી, શ્રી. મણીલાલ મમ્મી, શ્રી. વિઠ્ઠલભાઈ એન. પટેલ વિગેરે પોતાની કમિટિઓમાં સ્વયંસેવકોને કરવાની કામગીરીની માહિતી આપી હતી.



એસ. ટી. સત્તાવાળાઓની પ્રસંશનીય કામગીરી રહી હતી. રાત્રે ૯-૦૦ વાગ્યા સુધી બસો દોડાવીને બધો જ ટ્રાફિક ખેંચી લીધો હતો.

ઉમીયા માતાનો જયજયકાર પોકારતું સ્વયંસેવકોનું એક વિશાળ સરઘસ આજે ઉંઝા ગામમાં ફર્યું હતું.

ની નજરે

# કડવા પાટીદાર કુળદેવી શ્રી ઉમિયાં માતાજી ૧૮મી શતાબ્દી મહોત્સવ ● જયહિન્દની ખાસ પૂર્તિ


# દંતકથાઓના આધારે જ્ઞાતિની ઉત્પત્તિ ને કુળદેવીની સ્થાપના

[illegible]

## મહોત્સવને સફળ બનાવનારાઓની યાદી

મહેસાણા તા. ૨૪

[illegible]



ઉમિયા માતાજીના મંદિર-સંકુલનો માસ્ટર પ્લાન કે જેમાં ધર્મશાળા, ... અને નિવાસ ... નિવાસસ્થાનોનો સમાવેશ કરાયો છે.

[illegible]

દંતકથા (૩) [illegible]

### કુર્મી ક્ષત્રિય

કથા:(૪)

[illegible]

... ની નજરે

## મહોત્સવમાં પધારેલ ભાવિકો માટેની

# —: માર્ગદર્શિકા :—

### મહોત્સવ સમિતિના અગત્યના સ્પેશીયલ ટેલીફોન:

મહોત્સવ સમિતિના અગત્યના સ્પેશીયલ ટેલીફોન:

| | | |
|---|---|---|
| (૧) માતાજી સંસ્થાન | (ઉમિયા માતાજી) | ૨૪૭૨(કાયમી) |
| (૨) મહોત્સવ સમિતિ તથા નાણાં સમિતિ | " | ૨૮૯૮ |
| (૩) પ્રચાર સમિતિ | (પૂછપરછ) માતાજીમાં | ૨૮૯૭ |
| (૪) રસોડા સમિતિ | (કોલેજ મેદાન) | ૨૮૩૩ |
| (૫) ઉતારા સમિતિ | (ભાગ્યા જ માતા પાસે) | ૨૮૬૯ |
| (૬) નવીન એસ. ટી. સ્ટેન્ડ | (વિસનગર રોડ) | ૨૮૯૬ |
| (૭) નવીન એસ. ટી. સ્ટેન્ડ | (હાઈ વે રોડ) | ૨૮૯૮ |
| (૮) સલામતિ સમિતિ તથા પૂછપરછ ઓફીસ | મુખ્ય પ્રવેશ દ્વાર | ૨૮૭૦ |
| (૯) આરોગ્ય, પાણી, દીવાબત્તી | સ્ટેશન રોડ | ૨૩૬૨ |
| " " " | ઉંઝા નગરપાલિકા | ૨૩૦૧ |
| (૧૦) સ્વયંસેવક સમિતિ તથા મુખ્ય વેચાણ કેન્દ્ર | ગાંધી ચોક | ૨૮૨૨ |

યાત્રિકો માટે રહેઠાણની સુંદર વ્યવસ્થા નીચે પ્રમાણે છે. તેમાં સહકાર આપી વ્યવસ્થાને સફળ બનાવવા આપને વિનંતિ છે.

| નંબર રહેઠાણનું નામ | સ્થળ | કોને માટે? |
|---|---|---|
| | સ્ટેશન રોડ | |
| (૧) ઉમિયા નગર | બળીયા માતા પાસે | મહેસાણા જિલ્લો |
| (૨) જી.એલ.પટેલ હાઈસ્કુલ | ખજૂરી પોળ | મુંબઈ શહેર |
| (૩) પ્રાથમિક કન્યા શાળા-૩ પ્રાથમિક કુમાર શાળા-૨ | ખજૂરી પોળ | અમદાવાદ શહેર |
| (૪) પ્રાથમિક કુમાર શાળા-૨ | ગાંધી ચોક | બહેનો માટે |
| (૫) માર્કેટયાર્ડ નાગરિક બેંકની લાઈન | બ્લોક-૧ | રીઝર્વ |
| " મહેસાણા ડીસ્ટ્રીક બેંકની લાઈન | બ્લોક-૨ | સૌરાષ્ટ્ર |
| (૭) " ગોવાઈ દરવાજા સુધી | બ્લોક-૩ | સાબરકાંઠા |
| (૮) " ખાડિયા સુધી | બ્લોક-૪ | કચ્છ. |
| (૯) " "ખાડિયા સ્ટેશન તરફ | બ્લોક-૫ | બનાસકાંઠા,કડી, વિરમગામ |
| (૧૦) " "ખાડિયા માતાજી તરફ | બ્લોક-૬ | ગુજરાત સિવાયનાઓ માટે |
| (૧૧) " નવોગંજ | બ્લોક-૭ | વડોદરા, ભરૂચ, વલસાડ, સુરત (દ. ગુજરાત) માટે |
| (૧૨) નવાગંજનાં નવાં મકાનો અને કન્યા છાત્રાલય | બ્લોક-૮ | સ્વાગત સભ્યો માટે |

# શ્રી ઉમિયા માતાજીનાં ૧૮માં શતાબ્દીના મહોત્સવની થતી તૈયારી: આગેવાનોનો પ્રવાસ

ધોરાજી, તા. ૯

ઉત્તર ગુજરાતના ઉંઝા મુકામે શ્રી ઉમિયા માતાજીના શતાબ્દી મહોત્સવ તેમજ સહસ્ર ચંડી યજ્ઞ માટે રચાયેલ સમિતિના પ્રમુખ શ્રી. કેશવલાલ પટેલ જાણીતા આગેવાન અને માજી ધારાસભ્ય શ્રી. શંકરલાલ ગુરૂ, સિધ્ધપુરના ધારાસભ્ય શ્રી. વિઠ્ઠલભાઈ પટેલ અને સાબરમતિ તેમજ નરોડાના ઉદ્યોગપતિ શ્રી. આત્મારામભાઈ પટેલે સૌરાષ્ટ્રનો પ્રવાસ પૂરો કર્યો છે.

રાજકોટમાં શ્રી કડવા પટેલ સમાજના અગ્રણી શ્રી. વાલજીભાઈ તથા ગાંગજીભાઈ વગેરેએ રૂા. ૧ લાખનો ફાળો કરી આપવા પ્રયત્નશીલ છે. જામનગરમાં જાણીતા ઉદ્યોગપતિઓ અને કડવા પટેલ સમાજના અગ્રણીઓ શ્રી. રામજી બાપા તથા શ્રી. હીરજીભાઈ વગેરેએ રૂા. ૭૫, હજારનો ફાળો કરી આપેલ છે.

આજે ધોરાજીમાં સમિતિના આગેવાનો આવ્યા હતા. ધોરાજીમાં કડવા પટેલ સમાજનાં અગ્રણીઓ, ઓઈલ મીલરો શ્રી. મગનલાલ નથુભાઈ, શ્રી. વલ્લભજી રતનશી, માજી ધારાસભ્ય શ્રી. ભગવાનજીભાઈ પટેલ અને ગુજરાત લાયન્સ ક્લબના ગવર્નર શ્રી. હરિલાલ છગનલાલ, તેમજ જુનાગઢનાં કડવા પટેલ સમાજનાં અગ્રણીઓ અને ઉદ્યોગપતિઓ શ્રી. વેલજીભાઈ શ્રી. મનસુખભાઈ, શ્રી. કાલીદાસભાઈ વગેરે સાથે મળીને રૂા. ૩૦, હજાર રોકડાનો ફાળો કરી આપીને વધુ રકમ માટેનો ફાળો ચાલુ કર્યો છે.

શ્રી ઉમિયા માતાજીની ૧૮મી શતાબ્દી મહોત્સવ સમિતિના અગ્રણીઓ સૌરાષ્ટ્રના પ્રવાસથી પ્રભાવિત થયા હતા અને અત્યાર સુધીમાં થયેલ રૂા. ૩૭, લાખના કુલ ફાળામાં સૌરાષ્ટ્રના કડવા પટેલ સમાજના ભાઈ-બ્હેનો પણ વધુ ઉચિત સહકાર આપશે જ તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

આ પ્રસંગે તા. ૨૫-૧૧-૭૬-થી તા. ૨૯-૧૧-૭૬ સુધીમાં ઉંઝા મુકામે સૌરાષ્ટ્રમાંથી ૧ લાખ ઉપર માણસો જશેતેવો અંદાજ બાંધવામાં આવ્યો હતો આથી ટ્રેઈન અને બસ ઉપરાંત ટ્રક અને ટ્રેક્ટરોને પણ સરકારે છુટ આપે તેવી માગણી કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. જેમાં એક ટકે ૫૦, હજાર માણસોની સરકારે પરવાનગી આપેલ છે. જ.

ઉંઝા મુકામે પ્રસંગ ઉપર ઉમટેલા માણસોની વ્યવસ્થા કરવામાં સૌરાષ્ટ્રનો અલગ પેન્ડોલ બાંધવાનું નકી કરવામાં આવ્યું છે, જે માટે આગાઉથી વ્યવસ્થા કરવા સૌરાષ્ટ્રનાં કેટલાક અગ્રણીઓને જવાનું પણ નકી કરવામાં આવેલ છે.

---

**ચાલો ઉંઝા — જાહેર આમંત્રણ — પધારો ઉંઝા**

૧૮મી શતાબ્દી મહોત્સવના કાર્યક્રમમાં-શતચંડી યજ્ઞમાં પધારવાનું સ્વાગત સામંતિ ભાવભીનું જાહેર આમંત્રણ આપે છે.

### મહોત્સવ અંગેની સમિતિઓ અને તેના પ્રમુખોના નામની યાદી

**સમિતિનું નામ — પ્રમુખશ્રીનું નામ**

૧ મહોત્સવ:- શ્રી કેશવલાલ વીઠ્ઠલદાસ પટેલ
૨ સ્વાગત:- શ્રી બાલચંદદાસ ઉમેદરામ પટેલ
૩ નાણાં:- શ્રી લક્ષ્મીકાંત ભગુભાઈ
૪ જલસેવા:- શ્રી ઈશ્વરલાલ શંકરલાલ પટેલ ( રોડ)
૫ મંડપ ઉતારા શ્રી શંકરલાલ બાલચંદદાસ પટેલ (બાંગા)
૬ પ્રચાર અને પ્રકાશન- શ્રી મણીલાલ ઈશ્વરલાલ પટેલ (મમ્મી)
૭ જાહેર બંદોબસ્ત અને સલામતી:- શ્રી ચતુરભાઈ ઈશ્વરલાલ પટેલ બાલવેલ
૮ વાહન વહેવાર શ્રી ઈશ્વરલાલ કી. પટેલ
૯ આરોગ્ય-પાણી-દીવાબત્તી:- શ્રી જીવરામ છબીલદાસ પટેલ (ગોપા)
૧૦ પ્રસાદ:- શ્રી ભોગીલાલ કેવળદાસ પટેલ
૧૧ સરભરા (રસોડા) સમિતિ:- શ્રી શંકરલાલ માનચંદદાસ પટેલ (ઠાકુર)
૧૨ સ્વયંસેવક:- શ્રી અંબાલાલ ચારી

### આટલું તો કરીએ જ...

૧ ઘેર ઘેર કુળદેવીશ્રી ઉમિયા માતાજીનો ફોટો રાખીએ.
૨ કડવા પાટીદારના દીકરા દીકરીના સગપણ (ચાંલ્લા) પ્રસંગે માતાજીનો ચાંદીનો સિક્કો આપીએ.
૩ દીકરા દીકરીના લગ્ન પ્રસંગે સૌથી પહેલી કંકોત્રી માતાજીને લખવાનું ન ભૂલીએ.
૪ કડવા પાટીદાર દંપતિએ લગ્ન કર્યા પછી વર્ષ દિવસે માતાજીના આશીર્વાદ મેળવવા દર્શનાર્થે આવવાની પ્રથા જાળવીએ.
૫ આપણી આવકમાંથી તથા શુભ પ્રસંગોએ યથાશક્તિ ફાળો દર વર્ષે માતાજીમાં ભેટ રૂપે મોકલાવીએ.

### શ્રી ઉમિયા માતાજી સંસ્થાન-ઊંઝાના હોદ્દેદારો

| | | |
|---|---|---|
| ૧ શ્રી | હરિપ્રસાદ દુર્ગાપ્રસાદ બક્ષી | પ્રમુખ |
| ૨ શ્રી | મોતીલાલ ભીખાભાઈ માસ્તુતેવા | ઉપપ્રમુખ |
| ૩ શ્રી | કેશવલાલ વિઠ્ઠલદાસ પટેલ- | ઉપ પ્રમુખ |
| ૪ શ્રી | જમનાદાસ ત્રીભોવનદાસ પટેલ | મંત્રી |
| ૫ શ્રી | ધરમચંદ હીરાલાલ ચોકસી | સહમંત્રી |
| ૬ શ્રી | મણીલાલ અંબારામ પટેલ | " |
| ૭ શ્રી | ઈશ્વરલાલ મહેશદાસ પટેલ | " |
| ૮ શ્રી | ખોડીદાસ બેચરદાસ પટેલ | " |
| ૯ શ્રી | ઈશ્વરલાલ વેચરદાસ પટેલ | ખજાનચી |
| ૧૦ શ્રી | મણીલાલ ઈશ્વરલાલ પટેલ | " |
| ૧૧ શ્રી | કેશવલાલ ચોઈતારામ પટેલ | ઓનરરી ઓડીટર |
| ૧૨ શ્રી | પરસોતમદાસ સોમનાથ બેંકર | " |

**મહોત્સવની કાયમી સ્મૃતી માટે :**

— ચાંદીના સિક્કાઓ — કેલેન્ડર્સ — સ્મરણિકા — દસ્તાવેજી ચલચિત્ર — સ્મૃતિ સ્તંભ

— કાર્યક્રમના દિવસો —

પ્રારંભ : તા. ૨૫-૧૧-૧૯૭૬ ગુરૂવાર — પુર્ણાહુતિ : તા. ૨૯-૧૧-૧૯૭૬ સોમવાર

# પ્રભાત ની નજરે

### બહેનોની સમિતિ

જાણીતા આગેવાન શ્રી શંકરલાલ ગુરૂએ આ મહોત્સવના કામમાં લાગી જવા જણાવતાં કહ્યું કે આનો ઉત્સાહ આખો ગામ વ્યાપ્યો છે. નવી પેઢીને પ્રેરણા મળે તેવું આ કામ છે. આ મહોત્સવમાં બહેનો પણ ભાગ લે તે માટે બહેનોની એક સમિતિ રચવાની ભલામણ કરી હતી.

### કેળવણી માટે નહિ ખર્ચાય

મહોત્સવ સમિતિના આગેવાનશ્રી મણીલાલ ધંટીએ ખાત્રી આપી હતી કે આ મહોત્સવ માટે ફાળો સારો એકત્ર થવાનો છે. તેમાંથી કેળવણી કંઈ ખર્ચાશે નહીં. ખર્ચનો અંદાજ દસ લાખ જેટલો છે. ૩૦ લાખનો માસ્ટર પ્લાન કર્યો છે. ફાળાની બચત માતાજીના કામ માટે જ વપરાશે.

આ સંમેલનનું પ્રમુખસ્થાન ઉદલ-



પુરના વિસનગર તાલુકા પંચાયતના માજી પ્રમુખ શ્રી શંકરભાઈ પટેલે સંભાળ્યું હતું.

ઉંઝા માર્કેટ કમિટિના ચેરમેન શ્રી રામભાઈ પટેલે આભારવિધિ કરી હતી.

### કાયમી સ્વરૂપ આપો

એમ મનાય છે કે આ મહોત્સવ માટે ફાળો એક ક્રોડ રૂપિયા જેટલો થશે. આ મહોત્સવનો લાભ લઈને કાયમી સ્વરૂપ આપવા પણ માંગણી થઈ હતી. હજી મહોત્સવનો પ્રચાર ઠેર ઠેર થયો નથી. તે માટે દનિક છાપાઓમાં જાહેરાતો દ્વારા આ અંગેનો પ્રચાર, વિસ્તારો અંગે અમદાવાદ ખાતે ગુજરાતના અગ્રગણ્ય ગુજરાતીઅને અંગ્રેજી દનિકોના તંત્રીઓ અને પ્રતિનિધિઓની મીટીંગ, (પ્રેસ કોન્ફરન્સ) શ્રી પ્રભુદાસ કિશોરદાસ ટેલિફોન બીડીવાળાના નિવાસસ્થાને તા ૭-૧૧-૭૬ના રોજ રાખવામાં આવી છે.

## ઉમિયા માતાજીના મહોત્સવ નિમિતે ૧૦ દિ' સ્વેચ્છાએ બંધ રહેનાર માર્કેટયાર્ડ

ઉંઝા, તા. ૧૦. ઉંઝા માર્કેટ યાર્ડના વેપારીઓની એક સભા તા ૪-૧૧-૭૬ના રોજ મળી હતી. મોટી સંખ્યામાં વેપારીઓએ હાજરી આપી હતી. તેમાં ચર્ચા-વિચારણા બાદ સ્વેચ્છાએ શ્રી ઉમીયા માતાજીના મહોત્સવ નિમિત્તે તા ૨૩-૧૧-૭૬થી તા ૨-૧૨-૭૬ સુધી દશ દિવસ માર્કેટ યાર્ડ બંધ રાખવાનું નક્કી કર્યુ છે. શ્રી ઉમીયા માતાજીના મહોત્સવને સફળ બનાવવા સૌએ તન-મન અને ધનથી સહકાર આપવા નક્કી કર્યુ છે.

/oo/

ઉંઝામાં ઉમીયા માતાજી ૧૮મી શતાબ્દિ મહોત્સવ અને સહસ્ત્રચંડી યજ્ઞ નિમિત્તે યજ્ઞમાં બેસવા માટેની પાટલાઓની ઉછામણીઓ કારતક વદ-૭ને રવિવાર તા ૧૪-૧૧-૭૬ના રોજ બપોરે બે વાગે શ્રી ઉમિયા માતાજીના મંદિરમાં થશે તો ઉમંગભેર ભાગ લેવા મહોત્સવ સમિતિ તરફથી આમંત્રણ પાઠવે છે.

/oo/

ગુજરાતના ૧જાય સંત શ્રી. મોટાએ પોતાની અંતિમ ઇચ્છા જે ગામે શાળાના ઓરડા ન હોય ત્યાં ઓરડા બાંધવા માટે ફંડ ઉઘરાવવા જાહેર કરી હતી. તે મુજબ ઉંઝામાં સેવાભાવી ડૉ. શ્રી વાસુદેવ રાવલ જેઓ પૂ. મોટાના અનુયાયી છે, તેઓએ ફંડ ઉઘરાવવાનું કાર્ય હાથમાં લીધું છે. પૂ. મોટાના ભાવિકોએ રૂા-૬૦૦૦ ઉપરાંતની રકમ ફંડમાં આપી છે.

## ઉંઝા શતાબ્દી મહોત્સવ અંગે સભા

ઉંઝા, તા. ૧૦

ઉંઝામાં શ્રી ઉમિયા માતાજીના શતાબ્દિ મહોત્સવ અને યજ્ઞ અં. સમગ્ર ઉંઝાની જનતાનો સાથ સહકાર મેળવવા નાગરીકો અને કાર્યકરોની જાહેરસભા મળી હતી. શ્રીબાલુકેલાલદાંટીઅનેશ્રી મણીલાલ ઘંટીએ આ પ્રસંગ સૌનો છે, અને આ પવિત્ર તથા ભગીરથ કાર્યને સફળ બનાવવા સૌને સાથ સહકાર આપવા વિનંતી કરી હતી. ઉંઝા નગરપાલિકાના પ્રમુખ શ્રી બુધાલાલ શાહ અને અન્ય નાગરિકો કાર્યકરોએ ઉંઝાનું ગૌરવ વધે તે રીતે તન-મન અને ધનથી સૌને સાથ આપવા અપીલ કરી હતી. શ્રી માણેકલાલ નેતાએ આભારવિધિ કરી હતી.

પ્રભાત તા ૭-૧૧-૭૬





ઉંઝામાં ઉમિયા દેવી જાગતી જોવા જેવી......! નંદી પર બિરાજેલા જગત જનની શ્રી ઉમિયા માતા.

# ૧૮મી શતાબ્દી મહોત્સવ પ્રસંગે આવેલ ફાળાની યાદી :

## (રૂપિયા પાંચસોથી વધુ આવેલા ફાળાની યાદી)

| | |
|---|---|
| ૪૬૩૭૩-૦૦ | શ્રી ચુંવાળ કડવા પાટીદાર સમાજ સુધારક મંડળ, અંબાલા |
| ૩૫૧૧૧-૦૦ | શ્રી સાતના સમાજના આઠ ગામ ક.પા. સમાજ તરફથી બલોલ, પાંચોટ, વિસનગર, કંથરાવી, કોલવડા, મહેસાણા, લાછડી, લાડોલ |
| ૨૫૧૫૧-૦૦ | સાતસોના ગોળના ક.પા. ભાઈઓ તરફથી ખેરાળુ, વિસનગર, વિજાપુર વિસ્તાર |
| ૨૫૦૫૧-૨૫ | નાના બારના ક.પા. ભાઈઓ સમસ્ત હ. ચતુરભાઈ ડોસાભાઈ પટેલ, મંત્રી. |
| ૨૫૦૦૧-૦૦ | પટેલ કરસનદાસ મોતીદાસ (હાલ અમદાવાદ) હ. નારાયણભાઈ કરસનદાસ પટેલ, શંકરલાલ કરસનદાસ પટેલ, વિઠ્ઠલભાઈ કરસનદાસ પટેલ |
| ૨૧૦૨૬-૦૦ | માણસા ખેડૂત ગ્રુપ કો.ઓ. મલ્ટિપરપઝ સો.લી. |
| ૨૧૦૦૦-૦૦ | શ્રી ગઢવાડા વિભાગ કડવા પાટીદાર પંચ સમસ્ત સતલાસણા, ગોઠડા, કોઠાસણા, ભાલુંસણા, ભમડિયા, મારવાડા |
| ૧૮૧૭૧-૦૦ | શ્રી સત્તાવીસ ક.પા. સમાજ સમસ્ત હ. કાનદાસ સોમદાસ પટેલ, આંબલિયાસણ |
| ૧૭૪૨૯-૦૦ | શ્રી ઉત્તર ગુજરાત ક.પા. તલપદ એકતાલીસ ગામનો સમાજ સમસ્ત હ. લવાદ કમિટી ક.પા. વિહાર (માણસા) |
| ૧૬૬૮૯-૦૦ | શ્રી અગિયાર ગામના સમાજના ક.પા. ભાઈઓ તરફથી લોદ્રા, પુંધરા, કુકરવાડા, લાખવડ, ખેરવા, જગુદણ, રણાસણ, માલોસણ, જંત્રાલ, કમાલપુર, માલોસણ, કડા, કાંસા |
| ૧૫૦૦૧-૦૦ | શ્રી ઊંઝા મારવાડી સમાજ સમસ્ત ઊંઝા |
| ૧૧૧૫૮-૦૦ | પંદર ગામ ક.પા. સમાજ તરફથી હ. ધનજીભાઈ મોહનલાલ પટેલ, નદાસા, ચવેલી |
| ૧૧૦૦૧-૦૦ | બી. કે. પરિવાર હ. ભુરાભાઈ ખોડીદાસ પટેલ ઘડકણ |
| ૧૦૦૦૧-૦૦ | સંજય ઑઈલ કેક ઈન્ડસ્ટ્રીઝ, જામનગર |
| ૧૦૦૦૧-૦૦ | જયંત એકસ્ટ્રેકશન ઈન્ડસ્ટ્રીઝ, જામનગર |
| ૧૦૦૦૧-૦૦ | ઓશિયાનીક સોલવન્ટ ઈન્ડસ્ટ્રીઝ, જામનગર |
| ૧૦૦૦૧-૦૦ | વાલજીભાઈ પટેલ ચેરિટેબલ ટ્રસ્ટ હ. જગજીવનભાઈ હરિભાઈ પટેલ, રાજકોટ |
| ૧૦૦૦૦-૦૦ | જાદવભાઈ પ્રેમજીભાઈ પટેલ ચેરિટી ટ્રસ્ટ, રાજકોટ |
| ૯૮૫૦-૦૦ | પંદર ગામના ક.પા. સમાજ સમસ્ત હ. જોઈતાભાઈ ઘેલદાસ પટેલ, રાજકોટ |
| ૮૫૦૦-૦૦ | વામજ ગામના ક.પા. સમસ્ત, મોટાબારના ગોળ, વામજ |
| ૭૫૫૧-૦૦ | બાર ગામના ક.પા. સમાજ તરફથી ઊંઝા, ચાણસ્મા, ઉમતા, લાડોલ, મહેસાણા, ઉનાલા, પલાસર, કામળી, સુંઢિયા, જાસ્કા, કહોડા, ઉપેરા, હ. હરગોવિંદભાઈ શામળદાસ પટેલ |
| ૭૦૭૦-૧૮ | શિકાગો (યુ.એસ.એ.)ના ક.પા. ભાઈઓ સમસ્ત, શિકાગો |
| ૬૮૭૧-૦૦ | શ્રી ભાવનગર ક.પા. જ્ઞાતિ સમસ્ત, હ. મુળજીભાઈ નાનાલાલ પટેલ, ભાવનગર |
| ૬૨૫૦-૦૦ | મેસર્સ કેશવલાલ વિઠ્ઠલદાસ, સિદ્ધપુર |
| ૬૨૫૦-૦૦ | મેસર્સ કે. વી. પટેલ, સિદ્ધપુર |
| ૬૨૫૦-૦૦ | મેસર્સ ગિરધરલાલ વિઠ્ઠલદાસ, સિદ્ધપુર |
| ૬૨૫૦-૦૦ | મેસર્સ વાડીલાલ વિઠ્ઠલદાસ પટેલ, સિદ્ધપુર |
| ૬૦૦૧-૦૦ | મોઢેરા ગામના ક.પા. ભાઈઓ સમસ્ત, હ. પરસોત્તમભાઈ કરસનદાસ પટેલ, મોઢેરા |
| ૬૦૦૧-૦૦ | શ્રી વડાલી ગામના કડવા પાટીદાર ભાઈઓ સમસ્ત, વડાલી |
| ૬૦૦૦-૦૦ | શ્રી લક્ષ્મીપુરા ગામ ક.પા. ભાઈઓ સમસ્ત, લક્ષ્મીપુરા (પાલનપુર) |
| ૫૬૫૫-૦૦ | સરઢવ ગામ ખોખવાડા પાર્ટીના ભાઈઓ સમસ્ત, હ. કેશવલાલ જેઠીદાસ પટેલ, સરઢવ |
| ૫૦૪૫-૦૦ | આખજ ક. પા. ગામ સમસ્ત બેતાલીસ સમાજના ભાઈઓ તરફથી, આખજ |
| ૫૦૧૨-૦૦ | ગોઝારિયા તળપદ ક.પા. ભાઈઓ સમસ્ત, હ. ચીમનલાલ બાભાઈદાસ પટેલ, ગોઝારિયા |
| ૫૦૦૧-૦૦ | શ્રી અડતાલીસ ક.પા. મંડળ તરફથી હ. ઉકાભાઈ પટેલ, ટ્રેન્ટ |
| ૫૦૦૧-૦૦ | હરિભાઈ કેવળભાઈ પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ (C/o. વોલ્ટેમ્પ ટ્રાન્સફોર્મર્સ પ્રા. લી., બાવળાવાળા) વડોદરા. |
| ૫૦૦૧-૦૦ | મોહનલાલ હરગોવિંદદાસ ગુરૂ હ. શંકરલાલ મોહનલાલ ગુરૂ તથા ભાઈઓ, ઊંઝા |
| ૫૦૦૧-૦૦ | શ્રી પ્રવીણ કોર્પોરેશન હ. નારાયણભાઈ ઈ. પટેલ, અમદાવાદ |
| ૫૦૦૧-૦૦ | વસઈ ગામના ક.પા. ભાઈઓ સમસ્ત, હ. મણિલાલ મગનલાલ વસઈ (ડાભલા) |
| ૫૦૦૧-૦૦ | શ્રી જ્યોત્સનાદેવી પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ, હ. મોહનલાલ હરગોવિંદદાસ, જબલપુર |
| ૫૦૦૧-૦૦ | દીપક ઈન્ડસ્ટ્રીઝ, જૂનાગઢ |
| ૫૦૦૧-૦૦ | ખેડૂત ઑઈલ કેક ઈન્ડસ્ટ્રીઝ, ધોરાજી |

૫૦૦૧-૦૦ અરવિંદ ઈન્ડસ્ટ્રીઝ, જૂનાગઢ
૫૦૦૧-૦૦ પા. નંદુલાલ મંછારામ હ. પાર્વતીબેન, અમદાવાદ
૫૦૦૧-૦૦ પા. હીરાલાલ જોઈતારામ (ઉનાવાવાળા), મુંબઈ
૫૦૦૧-૦૦ પા. નરસિંહદાસ જીવીદાસ દ્વારકાદાસની વિધવા બાઈ કાશીબેનના સ્મરણાર્થે હ. છગનભાઈ જીવીદાસ પટેલ, કાનજીભાઈ જીવીદાસ પટેલ, ઈશ્વરલાલ જીવીદાસ પટેલ, લાડોલ
૫૦૦૧-૦૦ કરસનભાઈ લધાભાઈ પટેલ હ. મનજીભાઈ કરસનભાઈ પટેલ, હરિપુરા કંપા
૫૦૦૧-૦૦ અશોક એન્જિનીયરીંગ વર્કસ હ. ભગવાનભાઈ જી. પટેલ, કાનજીભાઈ જી. પટેલ, વડોદરા
૫૦૦૦-૦૦ અશોક ઓઈલ કેક ઈન્ડસ્ટ્રીઝ, જૂનાગઢ
૪૯૪૩-૦૦ આજોલ ગામના ક.પા. ભાઈઓ સમસ્ત હ. ઈશ્વરલાલ ચતુરદાસ પટેલ, આજોલ
૪૯૨૦-૦૦ રસુલપુર ગામના ક.પા. ભાઈઓ સમસ્ત, રસુલપુર
૪૬૦૧-૦૦ નરસિંહપુરા ગામના ક.પા. ભાઈઓ સમસ્ત, નરસિંહપુરા
૪૫૭૫-૦૦ સુંસી ગામના બાવીસી સમાજના ક.પા. ભાઈઓ સમસ્ત, સુંસી
૪૫૦૧-૦૦ શ્રી વડનગર ગામ ક.પા. સમાજ સમસ્ત, હ. ત્રિભોવનભાઈ ગંગારામભાઈ પટેલ, વડનગર
૪૪૭૮-૦૦ માણસા વાવ દરવાજા બહારના ક.પા. ભાઈઓ સમસ્ત, માણસા
૪૪૦૦-૦૦ ચેતરસુબા ગામના ક.પા. ભાઈઓ સમસ્ત હ. હરગોવનભાઈ રેવીદાસ પટેલ, ચેતરસુબા
૪૩૪૨-૦૦ કાશીપુરા ગામના ક.પા. ભાઈઓ સમસ્ત, કાશીપુરા
૪૧૬૭-૦૦ શ્રી રામસી કંપા ગામના ક.પા. ભાઈઓ સમસ્ત, રામસી કંપા
૪૧૫૧-૦૦ વણોદ ગામના ક.પા. ભાઈઓ સમસ્ત હ. રામજીભાઈ વાલાભાઈ પટેલ, વણોદ
૪૧૩૨-૦૦ વિસનગર ફતેહ દરવાજા ક.પા. ભાઈઓ સમસ્ત હ. બચુભાઈ, વિસનગર
૪૧૧૬-૦૦ ધીણોજ ક.પા. સમાજ હ. શંકરલાલ તથા હરિભાઈ, ધીણોજ
૪૦૧૫-૦૦ શ્રી ખેરવા ગામના અગિયારના ક.પા. ભાઈઓ સમસ્ત, ખેરવા
૪૦૦૧-૦૦ શ્રી ગુંગડી દરવાજા ક.પા. વાડી સમસ્ત હ. નટવરલાલ દેવચંદદાસ, પાટણ
૪૦૦૧-૦૦ તેલનાર ગામના ક.પા. ભાઈઓ સમસ્ત હ. કાન્તિભાઈ પટેલ, તેલનાર
૩૮૮૧-૦૦ છત્રાલ ગામના ક.પા. ભાઈઓ સમસ્ત હ. ડાહ્યાભાઈ ગિરધરલાલ પટેલ, છત્રાલ
૩૮૫૧-૦૦ મોટા બારના રૂપાલ ગામના અડધા ભાગના ક.પા. ભાઈઓ સમસ્ત, રૂપાલ
૩૭૪૭-૦૦ લોદ્રા ગામના ક.પા. ભાઈઓ સમસ્ત હ. ભોળીદાસ રામદાસ પટેલ, લોદ્રા
૩૬૬૨-૫૦ મોટા બાવનના ક.પા. સમાજ સમસ્ત હ. કાળીદાસ શંકરદાસ પટેલ, ભુણાવ, કરલી, વિસનગર
૩૬૫૮-૦૦ ક.પા. મીઠી ઘારિયાલ ગામના ભાઈઓ સમસ્ત હ. મણિલાલ ખોડીદાસ પટેલ, મીઠીઘારિયાલ
૩૬૫૧-૦૦ રાધનપુર ક.પા. જ્ઞાતિ સમસ્ત હ. પ્રભુદાસ ભાયચંદદાસ પટેલ, રાધનપુર
૩૬૫૧-૦૦ લાધશાદાસ વેણીદાસના ક.પા. ભાઈઓ સમસ્ત હ. નાગરભાઈ ગિરધરલાલ પટેલ, પલિયડ
૩૬૪૧-૦૦ શ્રી લોદ્રા ગામના અગિયારના સમાજના ક.પા. ભાઈઓ સમસ્ત, લોદ્રા
૩૫૦૧-૦૦ ધી ન્યુ લક્ષ્મી વિજય ઓઈલ મીલ હ. ગોબરભાઈ શંભુદાસ પટેલ, ઊંઝા
૩૪૯૧-૨૫ ચોર્યાસી સમાજ ક.પા. વિકાસ મંડળ હ. ડૉ. બબાભાઈ મોહનલાલ પટેલ, અમદાવાદ
૩૪૦૧-૦૦ ગાબટ ગામના ક.પા. ભાઈઓ સમસ્ત, ગાબટ
૩૩૭૬-૦૦ રાંધેજા ગામના દીવાની પાટીના ભાઈઓ સમસ્ત હ. પ્રહ્લાદભાઈ મગનલાલ, રાંધેજા
૩૩૩૩-૦૦ ક.પા. બેતાલીસ સમાજના ભાઈઓ તરફથી હ. વિસાભાઈ ગ. પટેલ, ઘુમાસણ
૩૩૨૫-૦૦ ઝુલાસણ ગામના ક.પા. ભાઈઓ સમસ્ત હ. રામાભાઈ જુગલદાસ પટેલ, ઝુલાસણ
૩૩૨૧-૦૦ દંડાય મોટાબાર સમાજ સુધારક મંડળ ગામ મેડાઆદરજ સમસ્ત, મેડાઆદરજ
૩૧૦૧-૦૦ ઈશ્વરલાલ નરસિંહદાસ તથા જીવીબહેન ઈશ્વરલાલ હ. અમરતલાલ નાગરદાસ પટેલ, લાડોલ
૩૦૮૫-૦૦ પુંધરા ગામના ક.પા. ભાઈઓ સમસ્ત હ. અંબારામ હાલદાસ પટેલ, પુંધરા
૩૦૫૨-૦૦ ફલુ ગામના ક.પા. ભાઈઓ સમસ્ત હ. રણછોડભાઈ હરિભાઈ પટેલ, ફલુ
૩૦૦૫-૦૦ વિસનગર દિપરા દરવાજા ક.પા. ભાઈઓ સમસ્ત હ. બેચરભાઈ લીલાભાઈ પટેલ, વિસનગર.
૩૦૦૧-૦૦ શેઠશ્રી પ્રહ્લાદભાઈ હરગોવિંદદાસ, બેચરાજી.
૩૦૦૧-૦૦ મેસર્સ નારાયણભાઈ માધવલાલ, બેચરાજી
૩૦૦૧-૦૦ ચોકસી માણેકલાલ કેશવલાલ, પાદરા
૩૦૦૧-૦૦ મેસર્સ મનુભાઈ મોરારદાસ, પાદરા
૩૦૦૧-૦૦ બીલીમોરા, ડુંગરી, વલસાડ, ગણદેવી, અમલસાડના કચ્છ પાટીદાર ગૃપ હ. દાનજીભાઈ નાનજીભાઈ પટેલ
૩૦૦૧-૦૦ ગુજરાત ઑઈલ એન્ડ એલાઈડ ઈન્ડસ્ટ્રીઝ, રાજકોટ

| | |
|---|---|
| ૩૦૦૦-૦૦ | કીર્તિકુમાર એન્ડ બ્રધર્સ, ઊંઝા |
| ૩૦૦૦-૦૦ | કુંવાસણા ગામના બાવીસી સમાજના ક.પા. ભાઈઓ સમસ્ત, કુંવાસણ |
| ૨૯૬૬-૫૦ | કલ્યાણપુરા ગામના ક.પા. ભાઈઓ સમસ્ત કલ્યાણપુરા |
| ૨૯૩૨-૦૦ | મોટી રાન્તાઈ ગામ ક.પા. ભાઈઓ સમસ્ત હ. ખોડીદાસ જોઈતારામ પટેલ, મોટી રાન્તાઈ |
| ૨૯૧૪-૦૦ | અગિયારના ક.પા. સમાજના ગામ લોદ્રા, કુકરવાડા, રણાસણ, લાછડી હ. કચરાભાઈ ખોડીદાસ પટેલ, મહેસાણા. |
| ૨૮૫૭-૬૨ | મોટાબાર સમાજ ગામ થોરના ક.પા. ભાઈઓ સમસ્ત, થોર |
| ૨૮૩૮-૦૦ | કુંભાસણ ગામ ક.પા. ભાઈઓ સમસ્ત, કુંભાસણ |
| ૨૭૨૬-૫૦ | શ્રી ઉમિયાપુરા ગામના ક.પા. ભાઈઓ સમસ્ત હ. ઈશ્વરભાઈ શિવાભાઈ પટેલ, ઉમિયાપુરા |
| ૨૭૨૧-૦૦ | લીંબોઈ કડવા પાટીદાર સમાજ સમસ્ત હ. પ્રભુદાસ વેણીભાઈ પટેલ, લીંબોઈ |
| ૨૭૦૧-૦૦ | ત્રાંસવાડ ગામના ક.પા. ભાઈઓ સમસ્ત હ. મણિલાલ લીલાચંદ પટેલ, ત્રાંસવાડ |
| ૨૬૭૬-૦૦ | કુંડાલ ગામના ક.પા. ભાઈઓ સમસ્ત હ. માણેકલાલ કેશવલાલ પટેલ, કુંડાલ |
| ૨૬૫૦-૦૦ | મેસવાણ ગામના ક.પા. ભાઈઓ સમસ્ત હ. ગોરધનભાઈ કેશવલાલ પટેલ, મેસવાણ |
| ૨૬૩૨-૭૫ | લાઠી ગામના ક.પા. ભાઈઓ સમસ્ત, હ. લાલજીભાઈ કાનજીભાઈ પટેલ, લાઠી |
| ૨૬૨૩-૦૦ | સુંવાળા ગામના ક.પા. ભાઈઓ સમસ્ત હ. નકુળદાસ કચરાદાસ પટેલ, સુંવાળા |
| ૨૬૧૨-૦૦ | પહાડપુર ગામના ક.પા. ભાઈઓ સમસ્ત હ. વલ્લભભાઈ પ્રભુદાસ પટેલ, પહાડપુર |
| ૨૬૦૧-૦૦ | ઈસનપુર મોટા ગામના ક.પા. ભાઈઓ હ. પુનમભાઈ મોહનલાલ પટેલ, ઈસનપુર મોટા |
| ૨૬૦૦-૦૦ | નવાપુર ગામના ક.પા. ભાઈઓ સમસ્ત, નવાપુર |
| ૨૫૮૯-૦૦ | સાગરોસણ ગામ ક.પા. ભાઈઓ સમસ્ત, સાગરોસણ |
| ૨૫૮૬-૦૦ | મોઢુકા ક.પા. સમાજ સમસ્ત હ. મગનભાઈ ડાહ્યાભાઈ પટેલ, મોઢુકા |
| ૨૫૫૧-૦૦ | શ્રી બારનો ગોળ ક.પા. સમાજ સમસ્ત હ. મંગળદાસ મોહનલાલ પટેલ, પિલવાઈ |
| ૨૫૧૧-૦૦ | વિસનગર કડા દરવાજા ક.પા. ભાઈઓ સમસ્ત, હ. ચીમનલાલ રામચંદદાસ પટેલ, વિસનગર |
| ૨૫૦૪-૦૦ | પોગલું ગામ ક.પા. ભાઈઓ સમસ્ત, હ. ગોપાલભાઈ વેણીદાસ પટેલ, પોગલું |
| ૨૫૦૨-૦૦ | બેતાલીસ સમાજ સુધારક મંડળ હ. પ્રહ્લાદજી મનોરદાસ પટેલ, માંકણજ |
| ૨૫૦૧-૮૫ | ધી રાયપુર મીલ અમદાવાદના દિવસની પાલીના ભાઈઓ તરફથી હ. નારાયણભાઈ વાડીલાલ પટેલ, અમદાવાદ. |
| ૨૫૦૧-૦૦ | પટેલ વિઠ્ઠલભાઈ છગનલાલ, ઊંઝા |
| ૨૫૦૧-૦૦ | પટેલ વાલજીભાઈ શંભુદાસ પાંચોટિયા, પટેલ ધનજીભાઈ શંભુદાસ પાંચોટિયા, ઊંઝા |
| ૨૫૦૧-૦૦ | પટેલ માધવલાલ મોતીદાસ, ઊંઝા |
| ૨૫૦૧-૦૦ | પટેલ બાલચંદભાઈ ઉમેદરામ, ઊંઝા |
| ૨૫૦૧-૦૦ | પટેલ મણિલાલ પ્રભુદાસ, ઊંઝા |
| ૨૫૦૧-૦૦ | પટેલ પરસોત્તમદાસ દ્વારકાદાસ એન્ડ સન્સ, ઊંઝા |
| ૨૫૦૧-૦૦ | પટેલ શંકરલાલ માધવલાલ બાકેરવાડિયા, ઊંઝા |
| ૨૫૦૧-૦૦ | પટેલ ખોડીદાસ જોરદાસ રૂસાન, ઊંઝા |
| ૨૫૦૧-૦૦ | પટેલ સોમનાથ જીવણલાલ, કામળી |
| ૨૫૦૧-૦૦ | પરબતપુરા ગામના વનાવત શેરીના ક.પા. ભાઈઓ સમસ્ત, પરબતપુરા |
| ૨૫૦૧-૦૦ | જાસલપુર ગામના ક.પા. ભાઈઓ સમસ્ત હ. ઉજમભાઈ અ. પટેલ, જાસલપુર |
| ૨૫૦૧-૦૦ | રૂગનાથભાઈ ભગવાનદાસ પટેલ, ફલુ |
| ૨૫૦૧-૦૦ | કેશરી સોપ ફેક્ટરી, પાટણ |
| ૨૫૦૧-૦૦ | શ્રી કડવા પોળ પંચ, દરિયાપુર, અમદાવાદ. |
| ૨૫૦૧-૦૦ | મેસર્સ સોમાભાઈ શંકરલાલની કું., ઊંઝા |
| ૨૫૦૧-૦૦ | મેસર્સ કાન્તિલાલ મોહનલાલ, ઊંઝા |
| ૨૫૦૦-૦૦ | પટેલ ભગવાનદાસ રણછોડદાસની કું., ઊંઝા |
| ૨૫૦૦-૦૦ | મણિલાલ પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ, મુંબઈ |
| ૨૫૦૦-૦૦ | માતુશ્રી રૂક્ષ્મણી ચેરીટી ટ્રસ્ટ, મુંબઈ |
| ૨૫૦૦-૦૦ | બાલસાસણ ગામના ક.પા. ભાઈઓ સમસ્ત હ. નથ્થુદાસ સાંકળચંદ પટેલ, બાલસાસણ |
| ૨૫૦૦-૦૦ | વિસનગર ગંજી ક.પા. ભાઈઓ સમસ્ત હ. અંબાલાલ નાગરદાસ પટેલ, વિસનગર |
| ૨૫૦૦-૦૦ | ચોઈલા ગામના ક.પા. ભાઈઓ સમસ્ત, હ. લવજીભાઈ ખાતુભાઈ પટેલ, ચોઈલા |
| ૨૫૦૦-૦૦ | પારી નીતિનચંદ્ર રતિલાલ, ઊંઝા |
| ૨૫૦૦-૦૦ | પટેલ નરસી ધરમશી ચેરીટેબલ ટ્રસ્ટ, રાજકોટ |
| ૨૪૨૦-૦૦ | શ્રી કુકરવાડા ગામના અગિયારના સમાજ ક.પા. ભાઈઓ સમસ્ત, કુકરવાડા |
| ૨૪૦૧-૦૦ | અરોડા ગામના ક.પા. ભાઈઓ સમસ્ત, અરોડા |
| ૨૪૦૧-૦૦ | શ્રી ઉભરાણ ગામના ક.પા. ભાઈઓ સમસ્ત હ. જશુભાઈ નરસિંહભાઈ પટેલ, ઉભરાણ |
| ૨૩૮૦-૦૦ | નાના આંકડિયા ગામ ક.પા. ભાઈઓ સમસ્ત હ. નાથાભાઈ સવજીભાઈ, નાના આંકડિયા |
| ૨૩૬૮-૦૦ | મોટા બાવન નાના પંચ ક.પા. સમાજ ભુણાવ ગાંભવા પાટી-૧, હ. કાનજીભાઈ રણછોડભાઈ, ભુણાવ |

| | |
|---|---|
| ૨૩૩૯-૦૦ | ચુંવાળ ક.પા. સમાજ સુધારણ મંડળ હ. બબલદાસ હરજીવનદાસ પટેલ, કસબપુરા |
| ૨૩૦૨-૦૦ | સાલડી ગામના ક.પા. ભાઈઓ સમસ્ત હ. જોઈતારામ શંકરલાલ પટેલ, સાલડી |
| ૨૩૦૧-૦૦ | જોરણંગ ગામના ક.પા. ભાઈઓ સમસ્ત હ. મંગળભાઈ ખુશાલભાઈ, જોરણંગ |
| ૨૩૦૧-૦૦ | બાન્ટાઈ ગામના ક.પા. ભાઈઓ સમસ્ત હ. નરોત્તમદાસ વાલદાસ પટેલ, બાન્ટાઈ |
| ૨૩૦૧-૦૦ | વદરાડ ક.પા. સમાજ સમસ્ત હ. બબાભાઈ વરવાભાઈ પટેલ, વદરાડ |
| ૨૩૦૦-૦૦ | એકલવેલા ગામના ક.પા. ભાઈઓ સમસ્ત, એકલવેલા |
| ૨૨૫૮-૦૦ | કચ્છ કડવા પાટીદાર સમાજ સમસ્ત હ. વાલજીભાઈ નારણભાઈ, મહેસાણા |
| ૨૨૪૦-૦૦ | પાટણપુરા ગામના ક.પા. ભાઈઓ સમસ્ત હ. કાનજીભાઈ કચરાભાઈ પટેલ, પાટણપુરા |
| ૨૨૩૪-૦૦ | સરઢવ ગામના વેલાતર પાટીના ભાઈઓ સમસ્ત, સરઢવ |
| ૨૨૩૩-૦૦ | લાખવડ ગામના અગિયારના સમાજના ક.પા. ભાઈઓ સમસ્ત, લાખવડ |
| ૨૨૨૨-૦૦ | નિધરાડ ગામના ક.પા. ભાઈઓ સમસ્ત હ. બળદેવભાઈ શંકરલાલ પટેલ, નિધરાડ |
| ૨૨૧૧-૦૦ | કાંસા ગામના અગિયારના સમાજના ક.પા. ભાઈઓ સમસ્ત, કાંસા |
| ૨૨૦૧-૦૦ | કુતિયાણા ગામના ક.પા. જ્ઞાતિ સમસ્ત હ. ડાહ્યાલાલ સાંકળચંદ પટેલ, કુતિયાણા |
| ૨૨૦૧-૦૦ | વડસર ગામના ક.પા. ભાઈઓ સમસ્ત હ. ઈશ્વરભાઈ કાશીભાઈ, વડસર |
| ૨૨૦૦-૦૦ | ડાભી ડાંગરવા ગામના ક.પા. ભાઈઓ સમસ્ત હ. પ્રહ્લાદભાઈ આત્મારામ પટેલ, ડાભી ડાંગરવા |
| ૨૧૮૦-૦૦ | મહિપતભાઈ છ. પટેલ, બીડજ |
| ૨૧૭૫-૦૦ | ઘડકણ ક.પા. સમાજ સમસ્ત, હ. ભુરાભાઈ કે. પટેલ, ઘડકણ |
| ૨૧૫૨-૦૦ | નવા કડવા પાટીદાર સમાજ સમસ્ત હ. વિનોદભાઈ પુંજાભાઈ પટેલ, નવા |
| ૨૧૫૧-૦૦ | જામજોધપુર ગામના ક.પા. ભાઈઓ સમસ્ત, હ. વિઠ્ઠલભાઈ પ્રેમજીભાઈ પટેલ, જામજોધપુર |
| ૨૧૪૯-૦૦ | ઉબખલ ગામના ક.પા. ભાઈઓ સમસ્ત હ. કાશીરામ ઈશ્વરલાલ, ઉબખલ |
| ૨૧૨૦-૦૦ | મણિયારી ગામના ક.પા. ભાઈઓ સમસ્ત, મણિયારી |
| ૨૦૭૫-૦૦ | ગામ નવી સેઢાવીના ક.પા. ભાઈઓ સમસ્ત હ. હરગોવન કરશનદાસ પટેલ, નવી શેઢાવી |
| ૨૦૬૫-૦૦ | સુકી ગામના ક.પા. ભાઈઓ સમસ્ત, સુકી |
| ૨૦૫૧-૦૦ | લીંડી ગામ ક.પા. ભાઈઓ સમસ્ત (ચોર્યાસીના ગોળના ભાઈઓ સમસ્ત) લીંડી |
| ૨૦૪૧-૦૦ | જેતપુર ગામના ક.પા. ભાઈઓ સમસ્ત હ. બાજીદાસ શામળદાસ પટેલ, જેતપુર |
| ૨૦૨૫-૦૦ | મતીરાળા ગામના ક.પા. ભાઈઓ સમસ્ત હ. હરજીભાઈ જેઠાભાઈ પટેલ, મતીરાળા |
| ૨૦૨૨-૦૦ | લક્ષ્મણપુરા ગામ ક.પા. ભાઈઓ સમસ્ત, લક્ષ્મણપુરા |
| ૨૦૧૧-૦૦ | મોતીપુરા (વેડા) ક.પા. ભાઈઓ સમસ્ત હ. રામદાસ પ્રભુદાસ મોતીપુરા (વેડા) |
| ૨૦૦૫-૦૦ | નવા ગામના ક.પા. ભાઈઓ સમસ્ત, નવા |
| ૨૦૦૧-૦૦ | પટેલ જીવરામભાઈ નાગરદાસ, ઊંઝા |
| ૨૦૦૧-૦૦ | પટેલ અંબાલાલ ખોડીદાસ, ઊંઝા |
| ૨૦૦૧-૦૦ | પટેલ રેવાભાઈ રણછોડદાસ, ઊંઝા |
| ૨૦૦૧-૦૦ | પટેલ શિવરામ મોતીદાસ, ઊંઝા |
| ૨૦૦૧-૦૦ | પટેલ હર્ષદરાય ચુનીલાલ, ઊંઝા |
| ૨૦૦૧-૦૦ | પટેલ મહેશકુમાર ત્રિભોવનદાસ, ઊંઝા |
| ૨૦૦૧-૦૦ | પટેલ ધૈમકોરબહેન બબલદાસ મોહનલાલ હ. ઈશ્વરલાલ બબલદાસ, જોટાણા |
| ૨૦૦૧-૦૦ | એટલાસ એક્ષપોર્ટ ઈન્ડસ્ટ્રીઝ, જૂનાગઢ |
| ૨૦૦૧-૦૦ | જે. કે. એક્ષપોર્ટ ઈન્ડસ્ટ્રીઝ, જૂનાગઢ |
| ૨૦૦૧-૦૦ | વેસ્ટર્ન કેમીકલ્સ હ. બાબુલાલ શંકરલાલ ઉમતાવાળા, અમદાવાદ. |
| ૨૦૦૧-૦૦ | ક. પા. કેડિયા ગામના ભાઈઓ સમસ્ત, કેડિયા |
| ૨૦૦૧-૦૦ | ઘડિયા ગામના ક.પા. પંચ સમસ્ત હ. અંબાલાલ નરસિંહભાઈ, ઘડિયા |
| ૨૦૦૧-૦૦ | મોટી જ્હેર ગામના ક.પા. ભાઈઓ સમસ્ત હ. અંબાલાલ, મોટી જ્હેર |
| ૨૦૦૧-૦૦ | પા. ઈશ્વરલાલ હીરદાસ (કંબોઈવાળા) સુરત |
| ૨૦૦૧-૦૦ | એન. રાજારામની કું. આંગડિયા, સુરત |
| ૨૦૦૧-૦૦ | પા. ધનજીભાઈ ગોવિંદભાઈ (મુંબઈવાળા) સુરત |
| ૨૦૦૧-૦૦ | પા. કાળીદાસ ગોવિંદભાઈ પટેલ (ભટગામ) સુરત |
| ૨૦૦૧-૦૦ | પા. અંબાલાલ રાજારામ આંગડિયા, સુરત |
| ૨૦૦૧-૦૦ | ગંગારામભાઈ લલ્લુદાસ મોલ્લોત, ઊંઝા |
| ૨૦૦૧-૦૦ | સવડિયા કુટુંબભાઈ સમસ્ત હ. બબાભાઈ રણછોડદાસ, ચાણસ્મા |
| ૨૦૦૧-૦૦ | મેસર્સ ડી. કાન્તિલાલ એન્ડ કું., મુંબઈ |
| ૨૦૦૧-૦૦ | સ્વ.પા. ભીખાભાઈ વ્રજભાઈ હ. હરિભાઈ એન્ડ નટુભાઈ, વટાદરા |
| ૨૦૦૧-૦૦ | છોટાલાલ લક્ષ્મીદાસ પટેલ ચરોતર બેતાલીસ પંચ પ્રમુખ, બનેજડા |
| ૨૦૦૧-૦૦ | પંચ બુલાખીદાસ શંકરલાલ, લાડોલ |
| ૨૦૦૧-૦૦ | મેઘજીભાઈ ખીમજીભાઈ પટેલ એન્ડ કું. બોરીવલી, મુંબઈ |

| | |
|---|---|
| ૨૦૦૧-૦૦ | રતિલાલ ઈશ્વરલાલ પટેલ, મુંબઈ |
| ૨૦૦૧-૦૦ | મેસર્સ જી. પી. ઈન્ડસ્ટ્રીઝ, મુંબઈ |
| ૨૦૦૧-૦૦ | પ્રહ્‌લાદભાઈ સોમનાથની કું., અમદાવાદ |
| ૨૦૦૧-૦૦ | મેસર્સ ડાહ્યાભાઈ વિઠ્ઠલદાસ, અમદાવાદ |
| ૨૦૦૦-૦૦ | સ્વ. શેઠશ્રી જેઠાલાલ ઉમેદદાસ પટેલના સ્મરણાર્થે, મુંબઈ |
| ૨૦૦૦-૦૦ | કાન્તિલાલ પ્રાણલાલ સામાણી, મુંબઈ |
| ૨૦૦૦-૦૦ | ચુનીલાલ રાધેશ્યામ, કલકત્તા |
| ૧૯૫૩-૦૦ | સાલૈયા ગામના કડવા પાટીદાર ભાઈઓ સમસ્ત હ. શીવાભાઈ રેવાભાઈ પટેલ, સાલૈયા |
| ૧૯૨૫-૦૦ | શહીજ ગામના ક.પા. ભાઈઓ સમસ્ત, શહીજ |
| ૧૯૦૫-૦૦ | નવી કરલી સાખે શેઠિયા કુટુંબ સમસ્ત હ. સેંધાભાઈ માધવલાલ, નવી કરલી |
| ૧૯૦૫-૦૦ | કોલવડા ગામના ક. પા. ભાઈઓ સમસ્ત, કોલવડા |
| ૧૯૦૧-૦૦ | દેલોલી ગામના ક.પા. ભાઈઓ સમસ્ત હ. કાળીદાસ માધવદાસ પટેલ, દેલોલી |
| ૧૮૯૦-૦૦ | મોટપ ગામના ચોર્યાસી ગામના ક.પા. ભાઈઓ સમસ્ત હ. ચતુરભાઈ મોરારભાઈ, મોટપ |
| ૧૮૫૨-૦૦ | રૂદાતલ ગામના ક.પા. ભાઈઓ સમસ્ત હ. કાળીદાસ નથ્થુદાસ પટેલ, રૂદાતલ |
| ૧૮૫૧-૦૦ | કુબાધરોલ ગામના ક.પા. ભાઈઓ સમસ્ત, કુબાધરોલ |
| ૧૮૪૦-૦૦ | માણસા તખતપુરા ક.પા. ભાઈઓ સમસ્ત હ. મોહનલાલ ત્રિકમલાલ, માણસા |
| ૧૮૩૬-૦૦ | ગામ જાખોરા ક. પા. ભાઈઓ સમસ્ત હ. કેશવલાલ ધનદાસ, જાખોરા |
| ૧૮૨૫-૦૦ | વાંટા ક. પા. ભાઈઓ સમસ્ત હ. પરસોત્તમદાસ વસંતરામ, લાડોલ |
| ૧૮૨૫-૦૦ | શેરપુર ગામના ક. પા. ભાઈઓ સમસ્ત હ. કાન્તિભાઈ દવાભાઈ, શેરપુર |
| ૧૮૧૧-૦૦ | ઘંઘરેટ ગામના બાવીસી સમાજના ક. પા. ભાઈઓ સમસ્ત, ઘાઘરેટ |
| ૧૮૧૧-૦૦ | કડવાસણ ગામના ક. પા. ભાઈઓ સમસ્ત હ. પુંજીરામ શંકરદાસ પટેલ, કડવાસણ |
| ૧૮૦૯-૦૦ | તોરણા ગામ ઊંડી ખડકી તરફથી, તોરણા |
| ૧૮૦૨-૦૦ | હડીયોલ ક. પા. સમાજ સમસ્ત હ. અમીચંદભાઈ બી. પટેલ, હડીયોલ |
| ૧૮૦૦-૦૦ | મોટી વીરાણી ગામના ક. પા. ભાઈઓ સમસ્ત હ. વાલજીભાઈ નારાયણભાઈ, મોટી વીરાણી |
| ૧૭૮૬-૦૦ | રામપુરા ગામના ક. પા. ભાઈઓ સમસ્ત હ. ઈશ્વરભાઈ પુંજીદાસ, રામપુરા |
| ૧૭૮૫-૦૦ | સુરજ ગામના ક. પા. ભાઈઓ ૪૨ સમાજ સમસ્ત, સુરજ |
| ૧૭૮૨-૦૦ | ગામ રણાસણના અગિયારના સમાજના ક. પા. ભાઈઓ તરફથી હ. વેણીલાલ ગોપાળદાસ પટેલ, રણાસણ |
| ૧૭૭૩-૦૦ | બાવનના સમાજ પૈકી બાવીસ ગામના કેલીસણાના ક.પા. ભાઈઓ સમસ્ત, કેલીસણા |
| ૧૭૭૦-૦૦ | બાવનના સમાજ પૈકી બાવીસ ગામના નુગોરના ક.પા. ભાઈઓ સમસ્ત, નુગોર |
| ૧૭૬૬-૦૦ | જીતપુર ગામના ક. પા. ભાઈઓ સમસ્ત હ. બેચરભાઈ તથા હરગોવનભાઈ, જીતપુર |
| ૧૭૫૧-૦૦ | શ્રી કોલા ગામના ક.પા. ભાઈઓ સમસ્ત હ. શંકરભાઈ રેવનદાસ પટેલ, કોલા |
| ૧૭૫૧-૦૦ | કડોલી ક. પા. સમાજ સમસ્ત હ. કચરાભાઈ દાનાભાઈ પટેલ, કડોલી |
| ૧૭૧૯-૦૦ | ડુધરવાડા ગામના ક.પા. ભાઈઓ સમસ્ત હ. અમરતલાલ કોદરભાઈ પટેલ, ડુધરવાડા |
| ૧૭૧૫-૫૦ | તખતગઢ (સરતાનપુર) ગામના ક.પા. ભાઈઓ સમસ્ત, તખતગઢ (સરતાનપુર) |
| ૧૭૧૨-૦૦ | ગવાડા વહોરાના ભાઈઓ સમસ્ત હ. ભોળાભાઈ ઈશ્વરલાલ, ગવાડા |
| ૧૭૦૧-૦૦ | ઝાલાવાડ ક. પા. ગામ હીરાપુરા હ. ગોરધનભાઈ પ્રભુદાસ પટેલ, હીરાપુરા |
| ૧૬૯૪-૦૦ | ગુંદીયા ગામના ક.પા. ભાઈઓ સમસ્ત હ. નાથાલાલ જેસંગદાસ, ગુંદીયા |
| ૧૬૮૦-૦૦ | અનાવરપુરા ક. પા. સમાજ સમસ્ત હ. ભગાભાઈ, અનાવરપુરા |
| ૧૬૭૧-૨૫ | બેરણા ક. પા. સમાજ સમસ્ત, બેરણા |
| ૧૬૭૧-૦૦ | લીંચ ગામના આંટાના ક. પા. ભાઈઓ સમસ્ત હ. ભીખીદાસ જોઈતારામ, લીંચ |
| ૧૬૬૮-૨૫ | વિજાપુર અને પરાના ક.પા. ભાઈઓ સમસ્ત હ. જોઈતાભાઈ શિ. પટેલ, ગોવિંદપુરા |
| ૧૬૬૧-૦૦ | દેવગઢ ગામના ક. પા. ભાઈઓ સમસ્ત હ. આત્મારામ મોહનલાલ પટેલ, દેવગઢ |
| ૧૬૫૫-૦૦ | ફીચોડ ગામના ક.પા. ભાઈઓ સમસ્ત હ. વેણીરામ લાલદાસ, ફીચોડ |
| ૧૬૫૪-૦૦ | શ્રી સોનાસણ ક.પા. ભાઈઓ સમસ્ત હ. અંબાલાલ શિવાભાઈ, સોનાસણ |
| ૧૬૫૧-૦૦ | મુંવાલ ગામના ક.પા. ભાઈઓ સમસ્ત હ. ભીખાભાઈ મગનલાલ પટેલ, મુંવાલ |
| ૧૬૫૦-૦૦ | કડા ગામના અગિયાર સમાજના ક.પા. ભાઈઓ સમસ્ત, કડા |
| ૧૬૩૪-૦૦ | બેતાલીસ સમાજ સુધારક મંડળ ગામ ઈસંડના ક.પા. ભાઈઓ સમસ્ત, ઈસંડ |
| ૧૬૨૫-૦૦ | બેતાલીસ ક.પા. સમાજ કાંઠા ગામ તરફથી હ. કાન્તિલાલ કેશવલાલ, કાંઠા |

૧૬૦૩-૦૦ વાઘરોટા ક. પા. ભાઈઓ સમસ્ત હ. પુંજાભાઈ જોઈતારામ, વાઘરોટા

૧૬૦૧-૦૦ અજબપુરા ક. પા. ભાઈઓ સમસ્ત હ. કેવળભાઈ, અજબપુરા

૧૬૦૧-૦૦ અંબાસણ ગામના આંટા સમાજના ક. પા. ભાઈઓ સમસ્ત, અંબાસણ

૧૬૦૧-૦૦ અંબાસણ ગામના તલપદ વિભાગના ક.પા. ભાઈઓ સમસ્ત, અંબાસણ

૧૫૯૫-૦૦ વિજાપુર અને પરાના ક. પા. ભાઈઓ સમસ્ત, મોતીપુરા (ભાવસોર)

૧૫૮૪-૦૦ શ્રી તોરણા ગામની ટેકરાવાળી ખડકી તરફથી, તોરણા

૧૫૮૧-૦૦ શાહપુર ગામના ક.પા. ભાઈઓ સમસ્ત, શાહપુર

૧૫૭૦-૦૦ ટીંબાવાડી ક.પા. ભાઈઓ હ. રૂડાભાઈ દેવશીભાઈ, ટીંબાવાડી

૧૫૬૫-૦૦ ખદલપુર ગામના ક.પા. ભાઈઓ સમસ્ત, ખલદપુર

૫૦૧-૦૦ તુલજારામ લક્ષ્મીચંદ પટેલ, ઉમતા
૫૦૧-૦૦ પા. જોઈતારામ બાજીદાસ, ઉમતા
૫૦૧-૦૦ ન્યૂ પટેલ સો મિલ (અંધેરી) મુંબઈ
૫૦૧-૦૦ પા. રવજીભાઈ હીરજીભાઈની કું. મુંબઈ
૫૦૧-૦૦ માવાણી કન્સ્ટ્રકશન કું. (ઘાટકોપર) મુંબઈ
૫૦૧-૦૦ માવજીભાઈ રામજીભાઈ, કોટડા
૫૦૧-૦૦ પા. મૂળજીભાઈ દેવજીભાઈ, વિભાપર
૫૦૧-૦૦ કે. ડી. પટેલ ઍન્ડ કું. મુંબઈ
૫૦૧-૦૦ પા. વાલજીભાઈ જસરાજ રામાણી, નખત્રાણા
૫૦૧-૦૦ પા. કરશનભાઈ કાનજીભાઈ પોકાર, હરીપુર
૫૦૧-૦૦ પા. શિવજીભાઈ ધનજીભાઈ ભગત, નખત્રાણા

૫૦૧-૦૦ પા. પોપટલાલ આત્મારામદાસ, કલોલ
૫૦૧-૦૦ પા. જીવણભાઈ નાનદાસ, કલોલ
૫૦૧-૦૦ પા. મથુરદાસ ઈશ્વરલાલની કું. કલોલ
૫૦૧-૦૦ પા. નાથાલાલ ઉમેદદાસ, કલોલ
૫૦૧-૦૦ ડૉ. રેવાભાઈ, કલોલ
૫૦૧-૦૦ કેશવલાલ જેઠીદાસ, કલોલ
૫૦૧-૦૦ પા. રામલાલ માણેકલાલ, કલોલ
૫૦૧-૦૦ મણિલાલ વ્રજલાલ, જબલપુર
૫૦૧-૦૦ પા. મફતલાલ હરીભાઈ હેમાભાઈ, સુંઢિયા
૫૦૧-૦૦ પા. નારાયણભાઈ જોરદાસ, સુંઢિયા
૫૦૧-૦૦ પા. કાન્તિલાલ ચતુરદાસ ભાયચંદદાસ, સુંઢિયા
૫૦૧-૦૦ પા. ડાહ્યાભાઈ ખોડીદાસ, લાંઘણજ
૫૦૧-૦૦ પા. વીરચંદભાઈ ગુલાબદાસ, લાંઘણજ
૫૦૧-૦૦ પા. પશાભાઈ જેસંગદાસ, લાંઘણજ
૫૦૧-૦૦ પા. નારાયણદાસ ગણેશદાસ, લાંઘણજ
૫૦૧-૦૦ પા. કાન્તિભાઈ બબાભાઈ, લાંઘણજ
૫૦૧-૦૦ પા. પોપટલાલ ગુલાબદાસ, લાંઘણજ
૫૦૧-૦૦ પા. નટવરલાલ ભીખાભાઈ, લાંઘણજ
૫૦૧-૦૦ મેસર્સ ચેલદાસ બાભઈદાસ જીવીદાસની પેઢી તરફથી, લાંઘણજ
૫૦૧-૦૦ મેસર્સ ચતુરભાઈ શંભુદાસની પેઢી તરફથી, લાંઘણજ
૫૦૧-૦૦ પા. મગનભાઈ જીવાભાઈ, બામણવા
૫૦૧-૦૦ પા. મગનભાઈ ગાંડાભાઈ, બામણવા
૫૦૧-૦૦ પા. ઈચ્છાભાઈ શંકરભાઈ, બામણવા
૫૦૧-૦૦ ભાનુભાઈ મહિપતભાઈ દેસાઈ, બાવળા
૫૦૧-૦૦ પા. સવદાસભાઈ રત્નાભાઈ, સોમેશ્વરલાટ
૫૦૧-૦૦ ગોડાજલાટ ગામ સમસ્ત હ. છગનભાઈ પંચાણભાઈ, ગોડાજલાટ
૫૦૧-૦૦ પા. જીવરાજભાઈ વાલજીભાઈ, નારણપુરાલાટ
૫૦૧-૦૦ કલ્યાણ પાટીદાર સમાજ, કલ્યાણ
૫૦૧-૦૦ ન્યૂ પટેલ ટીમ્બર માર્ટ, થાણા
૫૦૧-૦૦ પટેલ બ્રધર્સ, થાણા
૫૦૧-૦૦ પાકોર ઍન્ડ કું. થાણા
૫૦૧-૦૦ પાટીદાર કન્સ્ટ્રક્શન કું. મુંબઈ
૫૦૧-૦૦ પા. જોઈતારામ માધવલાલ, અમદાવાદ
૫૦૧-૦૦ પા. મનુભાઈ માધવલાલ, અમદાવાદ
૫૦૧-૦૦ એન. નટવરલાલ ઍન્ડ કું. અમદાવાદ
૫૦૧-૦૦ પા. પ્રહલાદભાઈ ખોડીદાસ, અમદાવાદ
૫૦૧-૦૦ રોકેટ વુડ ઈન્ડસ્ટ્રિઝ, વિસનગર
૫૦૧-૦૦ પટેલ કન્સ્ટ્રક્શન કું. મુંબઈ
૫૦૧-૦૦ પટેલ સો મિલ, મલાડ, મુંબઈ
૫૦૧-૦૦ અરજણભાઈ લાલજીભાઈ (બોરીવલી) મુંબઈ
૫૦૧-૦૦ વીસરામભાઈ લાલજીભાઈ (બોરીવલી) મુંબઈ
૫૦૧-૦૦ શ્રી શંકર વિજય સો મિલ (બોરીવલી) મુંબઈ
૫૦૧-૦૦ મનજીભાઈ ગોવિંદભાઈ (બોરીવલી) મુંબઈ
૫૦૧-૦૦ પા. કાનજીભાઈ હીરજીભાઈ (બોરીવલી) મુંબઈ
૫૦૧-૦૦ પા. અરજણભાઈ મેઘજીભાઈ (બોરીવલી) મુંબઈ
૫૦૧-૦૦ પી.જી. પોકાર ઍન્ડ કું. (ઘાટકોપર) મુંબઈ
૫૦૧-૦૦ શ્રી શંકર વિજય સો મિલ, મુંબઈ
૫૦૧-૦૦ પા. ધનજીભાઈ માવજીભાઈ, મુંબઈ
૫૦૧-૦૦ પા. લખમશી લધા ઍન્ડ કું. (ઘાટકોપર) મુંબઈ
૫૦૧-૦૦ એલ.વી. પટેલ ઍન્ડ કું. (ઘાટકોપર) મુંબઈ
૫૦૧-૦૦ પા. દેવશીભાઈ મેઘજીભાઈ (ઘાટકોપર) મુંબઈ
૫૦૧-૦૦ યમુના સો મિલ (અંધેરી) મુંબઈ
૫૦૧-૦૦ અર્જુન રામજી પટેલ ઍન્ડ કું. મુંબઈ
૫૦૧-૦૦ પા. રણછોડભાઈ મોતીભાઈ, બામણવા
૫૦૧-૦૦ પા. સોમાભાઈ શંકરલાલ, બામણવા
૫૦૧-૦૦ પા. અંબાલાલ ઈશ્વરલાલ, ફીણાવ
૫૦૧-૦૦ પા. ઈશ્વરભાઈ પુંજાભાઈ, ભુવેલ
૫૦૧-૦૦ શ્રી રંગપુર ક.પા. સમાજ, રંગપુર
૫૦૧-૦૦ પા. ભીખાભાઈ સોમાભાઈ, બોરિયાવી
૫૦૧-૦૦ પા. ગોરધનભાઈ લલ્લુભાઈ, જોટાણા
૫૦૧-૦૦ પા. અંબાલાલ સોમનાથ, જેતલપુર
૫૦૧-૦૦ પા. ચંદુલાલ પુરુષોત્તમદાસ, અમદાવાદ
૫૦૧-૦૦ પા. ભગુભાઈ પુરુષોત્તમદાસ, અમદાવાદ
૫૦૧-૦૦ પા. દેવશીભાઈ ખેતાભાઈ સાંખલા, અમદાવાદ
૫૦૧-૦૦ પા. હીરજીભાઈ દાનાભાઈ લીંબાણી, અમદાવાદ
૫૦૧-૦૦ શ્રીરામ કૃષ્ણ સો મિલ રામજીભાઈ પેથાભાઈ, અમદાવાદ
૫૦૧-૦૦ ભવાની વિજય સો મિલ, અમદાવાદ
૫૦૧-૦૦ પા. ફુલાભાઈ મહિપતભાઈ, અમદાવાદ
૫૦૧-૦૦ પા. દામોદરભાઈ લલ્લુભાઈ, અમદાવાદ
૫૦૧-૦૦ શ્રી શંકર વિજય સો મિલ, અમદાવાદ
૫૦૧-૦૦ જયહિન્દ સો મિલ, અમદાવાદ
૫૦૧-૦૦ ભારત ટીમ્બર માર્ટ, અમદાવાદ
૫૦૧-૦૦ પા. નારાયણભાઈ છગનદાસ હાથીદાસ, વસઈડાભલા
૫૦૧-૦૦ ચોકસી કેશવલાલ નારાયણદાસની કું. અમદાવાદ
૫૦૧-૦૦ પા. રમણલાલ પરસોત્તમદાસ, સાણંદ
૫૦૧-૦૦ પા. વિઠ્ઠલભાઈ વૃંદાવનદાસ, મહેસાણા
૫૦૧-૦૦ પા. વિઠ્ઠલભાઈ કાળીદાસ, અમદાવાદ
૫૦૧-૦૦ ડૉ. ચતુરભાઈ એન. પટેલ, અમદાવાદ
૫૦૧-૦૦ પા. બેચરભાઈ મથુરભાઈ, મુંબઈ
૫૦૧-૦૦ પા. નરસિંહભાઈ પ્રભુદાસ, ઠાકરાસણ
૫૦૧-૦૦ પા. લક્ષ્મણભાઈ ઈશ્વરલાલ (ઊંઝાવાળા) સુરત
૫૦૧-૦૦ પા. હીરાલાલ મણિલાલ, સુરત
૫૦૧-૦૦ પા. મગનભાઈ ભગુભાઈ, નવસારી
૫૦૧-૦૦ પા. નટવરલાલ પૂંજાભાઈ, નવસારી
૫૦૧-૦૦ બોમ્બે સ્વીટ માર્ટ, સુરત

૫૦૧-૦૦ સરસ્વતી સ્વીટ માર્ટ, સુરત
૫૦૧-૦૦ પ્રહલાદભાઈ શામળદાસ, સુરત
૫૦૧-૦૦ પા. અંબાલાલ વિરચંદદાસ (કહોડાવાળા) સુરત
૫૦૧-૦૦ પા. સોમાભાઈ જીવણદાસ (લાંઘણજવાળા) સુરત
૫૦૧-૦૦ પા. પ્રહલાદભાઈ વીરદાસ (અડાલજવાળા) સુરત
૫૦૧-૦૦ પા. અંબાલાલ પ્રાણદાસ (ખેરવાવાળા) સુરત
૫૦૧-૦૦ પા. નારાયણભાઈ કચરાભાઈ (આજોલવાળા) સુરત
૫૦૧-૦૦ પા. શિવાભાઈ બેચરભાઈ (દિવડાવાળા) સુરત
૫૦૧-૦૦ કે. સી. પટેલ એન્ડ કાું. (લાંઘણજવાળા) સુરત
૫૦૧-૦૦ પા. રાજીબહેન હીરાલાલ (ભુણાવવાળા) સુરત
૫૦૧-૦૦ પા. પરસોત્તમભાઈ જેઠાભાઈ કંસારાકુઈવાળા, સુરત
૫૦૧-૦૦ પા. માધવલાલ એન્ડ શંકરલાલ કંસારાકુઈવાળા, સુરત
૫૦૧-૦૦ પા. પરસોત્તમભાઈ અંબાલાલ (ભુણાવવાળા) સુરત
૫૦૧-૦૦ પા. ગણેશભાઈ માધવલાલ (ધારપુર) સુરત
૫૦૧-૦૦ પા. જીવરામભાઈ મગનલાલ (ભુણાવ) સુરત
૫૦૧-૦૦ પા. ભુદરભાઈ ઈશ્વરલાલ (સેવાલિયાવાળા) સુરત
૫૦૧-૦૦ ડાહ્યાભાઈ ઈશ્વરલાલ (સેવાલિયાવાળા) સુરત
૫૦૧-૦૦ પા. ચુનીલાલ જોરદાસ (ઉનાવાવાળા) સુરત
૫૦૧-૦૦ પા. રણછોડદાસ જીવણદાસ (શેરથાવાળા) સુરત
૫૦૧-૦૦ પા. ઈશ્વરલાલ કેશવલાલ રસકપુર, સુરત
૫૦૧-૦૦ પા. મનુભાઈ રણછોડભાઈ, સુરત
૫૦૧-૦૦ પા. ઈશ્વરભાઈ નાગરદાસ (કહોડાવાળા) સુરત
૫૦૧-૦૦ મિલન ફરસાણ માર્ટ, બીલીમોરા
૫૦૧-૦૦ એમ. કે. પટેલ એન્ડ બ્રધર્સ, ચાણસ્મા
૫૦૧-૦૦ પા. ભાઈલાલભાઈ આશાભાઈ, પોપટપુરા
૫૦૧-૦૦ પા. ધુળાભાઈ કાળીદાસ, હરિયાણ
૫૦૧-૦૦ પા. પૂનમભાઈ દેસાઈભાઈ, કાળીતલાવડી
૫૦૧-૦૦ પા. હરમાનભાઈ વરવાભાઈ, કાળીતલાવડી
૫૦૧-૦૦ પા. ભાઈલાલભાઈ રામદાસ, કાળીતલાવડી
૫૦૧-૦૦ પા. જશભાઈ પ્રભુદાસ, કાળીતલાવડી
૫૦૧-૦૦ પા. મણિભાઈ બેચરભાઈ, વડેલી
૫૦૧-૦૦ પા. ઈશ્વરભાઈ વહેરીભાઈ નારણભાઈ, વડેલી
૫૦૧-૦૦ પા. વિઠ્ઠલભાઈ શામજીભાઈ, વડોદરા
૫૦૧-૦૦ પા. પ્રભુરામ વિરચંદદાસની કાું. ઊંઝા
૫૦૧-૦૦ પા. મણિલાલ શંકરલાલ, કાંસા
૫૦૧-૦૦ પા. ડાહ્યાલાલ શંકરલાલ, કાંસા
૫૦૧-૦૦ પા. ઈશ્વરલાલ જોઈતારામ, ઊંઝા
૫૦૧-૦૦ ડૉ. રામભાઈ ગોપાળભાઈ પટેલ, અમદાવાદ
૫૦૧-૦૦ પા. અંબાલાલ કુબેરદાસ, સરઢવ
૫૦૧-૦૦ પા. માધવલાલ ઈશ્વરલાલ, શોભાસણ
૫૦૧-૦૦ પા. પ્રભુદાસ શિવલાલ, અમદાવાદ
૫૦૧-૦૦ દલાલ જયંતીલાલ લાલભાઈ, અમદાવાદ
૫૦૧-૦૦ નરેન્દ્રકુમાર એન્ડ કાું. અમદાવાદ
૫૦૧-૦૦ પા. મોહનભાઈ રેવાભાઈ જોઈતારામ, અમદાવાદ
૫૦૧-૦૦ પા. બાબુલાલ હરગોવિંદદાસની કાું. અમદાવાદ
૫૦૧-૦૦ પા. ભગવાનદાસ મોહનલાલ (કંથરાવીવાળા) અમદાવાદ
૫૦૧-૦૦ પા. ત્રિભોવનભાઈ જીવણલાલ ચોકસી, અમદાવાદ
૫૦૧-૦૦ ચોકસી અમૃતલાલ જોઈતારામ, અમદાવાદ
૫૦૧-૦૦ સોમાભાઈ મગનલાલ ચોકસી, અમદાવાદ
૫૦૧-૦૦ પ્રભુદાસ રણછોડદાસ ચોકસી, અમદાવાદ
૫૦૧-૦૦ પા. શંકરલાલ બેચરદાસ ચોકસી, અમદાવાદ
૫૦૧-૦૦ પા. જોઈતારામ ઈશ્વરલાલ ચોકસી, અમદાવાદ
૫૦૧-૦૦ પા. અંબાલાલ ઈશ્વરલાલ, મહેસાણા
૫૦૧-૦૦ જયશ્રી ઑઈલ મિલ, રાજકોટ
૫૦૧-૦૦ શ્રી કિશોર ઑઈલ મિલ, કેશોદ
૫૦૧-૦૦ કિશાન ઑઈલ મિલ, જામનગર
૫૦૧-૦૦ ડૉ. ડાહ્યાભાઈ કાનજીભાઈ ઉકાણી, રાજકોટ
૫૦૧-૦૦ સ્વસ્તિક મિલ સ્ટોર્સ, અમદાવાદ
૫૦૧-૦૦ ભાગ્યોદય સ્ટીલ કોર્પોરેશન, અમદાવાદ
૫૦૧-૦૦ ચંદન સ્ટીલ કોર્પોરેશન, અમદાવાદ
૫૦૧-૦૦ મેસર્સ ચુનીલાલ એન્ડ બ્રધર્સ, મુંબઈ
૫૦૧-૦૦ પા. પરસોત્તમભાઈ રેવાભાઈ, મુંબઈ
૫૦૧-૦૦ પા. શ્રીમતી જડાવબહેન પી., મુંબઈ
૫૦૧-૦૦ સ્વ. બળદેવભાઈ પરસોત્તમદાસના સ્મરણાર્થે, મુંબઈ
૫૦૧-૦૦ કાનજીભાઈ મગનલાલ સાવદરા, મુંબઈ
૫૦૧-૦૦ પા. ભોળાભાઈ શંકરલાલ, મુંબઈ
૫૦૧-૦૦ રામચંદ્ર જેચંદદાસ પટેલ, મુંબઈ
૫૦૧-૦૦ પા. વસંતકુમાર બાભઈદાસ, મુંબઈ
૫૦૧-૦૦ યુનિક ઈન્ડસ્ટ્રિઝ, મુંબઈ
૫૦૧-૦૦ મે. વિઠ્ઠલભાઈ પટેલ એન્ડ કાું. મુંબઈ
૫૦૧-૦૦ પા. ચુનીલાલ રણછોડદાસ, મુંબઈ
૫૦૧-૦૦ શાહ મગનલાલ સુરેશકુમાર એન્ડ કાું. ઊંઝા
૫૦૧-૦૦ પા. કાશીરામ અમથારામ, વિસનગર
૫૦૧-૦૦ ગોવિંદભાઈ જીવરામદાસ પટેલ, ઊંઝા
૫૦૧-૦૦ જનતા રોડ લાઈન્સ, ઊંઝા
૫૦૧-૦૦ ઊંઝા ટ્રાન્સપોર્ટ કાું. હ. રામજીભાઈ જેઠાલાલ, ઊંઝા
૫૦૧-૦૦ પા. અંબાલાલ માધવલાલ (ખેરવાવાળા) મુંબઈ
૫૦૧-૦૦ રામાભાઈ આત્મારામ પ્રભુદાસ, લાંઘણજ
૫૦૧-૦૦ આદરજિયા કુટુંબ તરફથી હ. પ્રહલાદભાઈ અમથારામ, લાંઘણજ
૫૦૧-૦૦ પા. મંગળભાઈ હેમાભાઈ, લાંઘણજ
૫૦૧-૦૦ પા. કાન્તિલાલ રાયચંદદાસ તથા પા. અંબાલાલ ગણેશદાસ, લાંઘણજ
૫૦૧-૦૦ પા. ઈશ્વરલાલ મોહનલાલ વસ્તારામ, અમદાવાદ
૫૦૧-૦૦ પા. સોમાભાઈ શિવરામદાસ, અમદાવાદ
૫૦૧-૦૦ પા. ગોપાળદાસ જેચંદદાસ (પલાસરવાળા) અમદાવાદ
૫૦૧-૦૦ પા. બાભઈદાસ ખોડીદાસ (પલાસરવાળા) અમદાવાદ

૫૦૧-૦૦ પા. રામભાઈ કિશોરદાસ, અમદાવાદ
૫૦૧-૦૦ પા. તુલસીદાસ પરસોત્તમદાસ, માઢી
૫૦૧-૦૦ પા. દેવકરણભાઈ શંકરલાલ, ગંગેટ
૫૦૧-૦૦ પા. પ્રહલાદભાઈ મફતલાલ ઊંઝાવાળા, અમદાવાદ
૫૦૧-૦૦ પા. ખીમજીભાઈ માંનાભાઈ, એદલપુરાકંપા
૫૦૧-૦૦ પા. હરિભાઈ રત્નાભાઈ, બોરિયાટીંબા
૫૦૧-૦૦ પ્રગતિ પાટીદાર યુવક મંડળ સંચાલિત માઈ મંડળ, ધનસુરા
૫૦૧-૦૦ પા. કાળીદાસ ભાયચંદદાસ, પલ્લાચર
૫૦૧-૦૦ પા. નારાયણભાઈ સાંકાભાઈ, પોગલું
૫૦૧-૦૦ પા. અમીચંદભાઈ કોદારભાઈ, પલ્લાચર
૫૦૧-૦૦ પા. ઈશ્વરભાઈ જેસંગભાઈ, મેમતપુર
૫૦૧-૦૦ લક્ષ્મી નિવાસ સ્વીટ રેસ્ટોરંટ એન્ડ લોજ હ. ધર્માભાઈ પટેલ એન્ડ કંપની, મોડાસા
૫૦૧-૦૦ દેવકરણભાઈ ખાતુભાઈ, પહાડપુર
૫૦૧-૦૦ પા. કચરાભાઈ અમીચંદભાઈ, કમાલપુર
૫૦૧-૦૦ પા. કરશનભાઈ રામજીભાઈ, તલોદ
૫૦૧-૦૦ પા. વેલજીભાઈ પ્રેમજીભાઈ, તખતગઢ
૫૦૧-૦૦ પા. રતિલાલ જીવરાજભાઈ, તખતગઢ
૫૦૧-૦૦ કુંપા કંપા ક.પા. ભાઈઓ સમસ્ત હ. મૂળજીભાઈ કરશનભાઈ, કુંપાકંપા
૫૦૧-૦૦ પા. રાજાભાઈ જીવરાજભાઈ, બાવસર કંપા
૫૦૧-૦૦ પા. હીરજીભાઈ કાનજીભાઈ, ટીંબાકંપા
૫૦૧-૦૦ પા. સવગણભાઈ નાનજીભાઈ, ચંદ્રપુરાકંપા
૫૦૧-૦૦ પા. હીરજીભાઈ લાધાભાઈ, ચંદ્રપુરાકંપા
૫૦૧-૦૦ પા. સોમજીભાઈ સવગણભાઈ, ચંદ્રપુરાકંપા
૫૦૧-૦૦ પા. પસાભાઈ શિવાભાઈ, કમાલપુર
૫૦૧-૦૦ પા. મગનભાઈ રેવાભાઈ, કમાલપુર
૫૦૧-૦૦ પા. મગનભાઈ અમથાભાઈ, ગઢોડા
૫૦૧-૦૦ પા. ધનજીભાઈ ભીમજીભાઈ, હિંમતનગર
૫૦૧-૦૦ ડૉ. ચીમનભાઈ સાંકાભાઈ, હિંમતનગર
૫૦૧-૦૦ પા. નારણભાઈ કાનજીભાઈ, કાંકરોલકંપા
૫૦૧-૦૦ પા. કાળીદાસ અમીચંદદાસ, વદરાડ
૫૦૧-૦૦ પા. ડાહ્યાભાઈ કરશનભાઈ, નવાનગરકંપા
૫૦૧-૦૦ પા. વશરામભાઈ સવજીભાઈ, નવાનગરકંપા
૫૦૧-૦૦ પા. મૂળજીભાઈ જીવરાજભાઈ, નવાનગરકંપા
૫૦૧-૦૦ પા. રામજીભાઈ રતનશીભાઈ, નવાનગરકંપા
૫૦૧-૦૦ પા. માધવલાલ મનોરદાસ, મહેસાણા
૫૦૧-૦૦ પા. ભીખાભાઈ જોઈતાભાઈ, મહેસાણા
૫૦૧-૦૦ પા. વિઠ્ઠલભાઈ બાલચંદદાસ, મહેસાણા
૫૦૧-૦૦ પા. શિવરામભાઈ માનજીદાસ, મહેસાણા
૫૦૧-૦૦ પા. આત્મારામ માનજીદાસ, મહેસાણા
૫૦૧-૦૦ પા. શંકરલાલ મોતીલાલ, મહેસાણા
૫૦૧-૦૦ ગણેશ સ્ટીલ કોર્પોરેશન, મહેસાણા
૫૦૧-૦૦ પા. જોઈતારામ રેવાભાઈ, મહેસાણા
૫૦૧-૦૦ પા. જીવાભાઈ વીસાભાઈ ચોકસી, મહેસાણા
૫૦૧-૦૦ પા. અંબાલાલ મનોરદાસ, મહેસાણા
૫૦૧-૦૦ પા. કેશવલાલ હીરદાસ નહેરૂ સોપવાળા, મહેસાણા
૫૦૧-૦૦ પા. પરસોત્તમદાસ પ્રભુદાસ, મહેસાણા
૫૦૧-૦૦ પા. બાબુલાલ હરજીવનદાસ, મહેસાણા
૫૦૧-૦૦ પા. અંબાલાલ લાલદાસ, મહેસાણા
૫૦૧-૦૦ પા. પરસોત્તમભાઈ માધવજી, મહેસાણા
૫૦૧-૦૦ પા. રણછોડભાઈ પ્રભુદાસ, મહેસાણા
૫૦૧-૦૦ પા. પરસોત્તમભાઈ માધવલાલ ચોકસી, મહેસાણા
૫૦૧-૦૦ પા. બળદેવભાઈ ઈશ્વરલાલ કાપડિયા, મહેસાણા
૫૦૧-૦૦ પા. ઈશ્વરલાલ નાગરદાસ ચોકસી, મહેસાણા
૫૦૧-૦૦ પા. વિઠ્ઠલભાઈ રૂનાભાઈ, મહેસાણા
૫૦૧-૦૦ પા. જોરદાસ રણછોડભાઈ, મહેસાણા
૫૦૧-૦૦ પા. હીરાભાઈ રણછોડદાસ, મહેસાણા
૫૦૧-૦૦ પા. અંબાલાલ મોહનલાલ, મહેસાણા
૫૦૧-૦૦ ચુનીલાલ પ્રભુદાસ પટેલ લાટીવાળા, મહેસાણા
૫૦૧-૦૦ પા. ચંદુભાઈ બેચરભાઈ, મહેસાણા
૫૦૧-૦૦ પા. પરસોત્તમભાઈ ચેલદાસ, મહેસાણા
૫૦૧-૦૦ પા. સતીશકુમાર ચુનીલાલ, મહેસાણા
૫૦૧-૦૦ પા. કચરાદાસ બેચરદાસ, મહેસાણા
૫૦૧-૦૦ પા. શંકરલાલ મોહનલાલ, મહેસાણા
૫૦૧-૦૦ પા. સ્વ. અંબાલાલ નારણદાસ, મહેસાણા
૫૦૧-૦૦ પા. ગણેશભાઈ પ્રભુદાસ શંકરલાલ, મહેસાણા
૫૦૧-૦૦ પા. ઈશ્વરલાલ મંગળદાસ, મહેસાણા
૫૦૧-૦૦ પા. નાથાલાલ રામદાસ જીવણલાલ, મહેસાણા
૫૦૧-૦૦ પા. અંબાલાલ છગનલાલ સુંઢિયાવાળા, મહેસાણા
૫૦૧-૦૦ પા. હરગોવિંદભાઈ ધનાભાઈ, મહેસાણા
૫૦૧-૦૦ પા. અમરતલાલ મોહનલાલ, મહેસાણા
૫૦૧-૦૦ પા. ગણેશભાઈ ખુશાલભાઈ, મહેસાણા
૫૦૧-૦૦ પા. વીસાભાઈ ત્રિભોવનદાસ, મહેસાણા
૫૦૧-૦૦ પા. ઈશ્વરલાલ રાયચંદદાસ, મહેસાણા
૫૦૧-૦૦ પા. કાનજીભાઈ જોઈતારામ, મહેસાણા
૫૦૧-૦૦ પા. અંબાલાલ જીવરામની કું. મહેસાણા
૫૦૧-૦૦ પા. ખોડીદાસ ગંગારામદાસ, મહેસાણા
૫૦૧-૦૦ પા. નટવરલાલ પિતાંબરભાઈ, મહેસાણા
૫૦૧-૦૦ જય ભારત સ્ટીલ એજન્સી, મહેસાણા
૫૦૧-૦૦ પા. કાનજીભાઈ વીરચંદભાઈ, મહેસાણા
૫૦૧-૦૦ પા. મણિલાલ મોહનલાલ દૂધવાળા, અમદાવાદ
૫૦૧-૦૦ પા. સોમાભાઈ પરસોત્તમદાસ તમાકુવાળા, અમદાવાદ
૫૦૧-૦૦ ગુજરાત સ્ટીલ ટ્રેડર્સ, અમદાવાદ
૫૦૧-૦૦ ડી. રેવનદાસ નાથાલાલ, અમદાવાદ
૫૦૧-૦૦ પા. રામભાઈ છગનલાલ, અમદાવાદ
૫૦૧-૦૦ પા. પ્રહલાદભાઈ નરસિંહભાઈ, અમદાવાદ

૫૦૧-૦૦ પા. ભીખાભાઈ શિવલાલ, અમદાવાદ
૫૦૧-૦૦ સરસ્વતી કિરાણા સ્ટોર્સ, અમદાવાદ
૫૦૧-૦૦ પા. રમેશચંદ્ર વાડીલાલ, અમદાવાદ
૫૦૧-૦૦ જનતા મેડિકલ સ્ટોર્સ, અમદાવાદ
૫૦૧-૦૦ પા. પિતાંબરદાસ રણછોડદાસ, અમદાવાદ
૫૦૧-૦૦ પા. કાન્તિલાલ અમથીદાસ દલાલ, અમદાવાદ
૫૦૧-૦૦ પા. હીરાલાલ શંકરલાલ, અમદાવાદ
૫૦૧-૦૦ પા. કાન્તિલાલ અંબાલાલ, અમદાવાદ
૫૦૧-૦૦ પા. ધનજીભાઈ ભલદાસ, અમદાવાદ
૫૦૧-૦૦ પા. કચરાભાઈ જીવાભાઈ પટેલ, અમદાવાદ
૫૦૧-૦૦ પા. નારાયણભાઈ જોઈતારામ, અમદાવાદ
૫૦૧-૦૦ પા. વિનોદચંદ્ર પરસોત્તમદાસ, અમદાવાદ
૫૦૧-૦૦ ઉમા ટ્રેડર્સ હ. વાડીલાલ અંબાલાલ, અમદાવાદ
૫૦૧-૦૦ પરસોત્તમભાઈ રણછોડભાઈ, અમદાવાદ
૫૦૧-૦૦ આત્મારામ કેશવલાલ, અમદાવાદ
૫૦૧-૦૦ પા. ગોવિંદભાઈ રૂઘનાથદાસ, અમદાવાદ
૫૦૧-૦૦ પા. મણિલાલ સોમનાથ, અમદાવાદ
૫૦૧-૦૦ પા. બબાભાઈ અંબાલાલ, અમદાવાદ
૫૦૧-૦૦ પા. શંભુપ્રસાદ રણછોડલાલ, અમદાવાદ
૫૦૧-૦૦ પા. મોહનલાલ મોતીલાલ, અમદાવાદ
૫૦૧-૦૦ પા. કાકુભાઈ ઉર્ફે હરિપ્રસાદ દામોદરદાસ, અમદાવાદ
૫૦૧-૦૦ પા. શંકરભાઈ ધુળાભાઈ, ખેડા
૫૦૧-૦૦ શાહ કાન્તિલાલ રામલાલની કાં. ખેડા
૫૦૧-૦૦ પાયોનિયર સેલ્સ કોર્પોરેશન, વડોદરા
૫૦૧-૦૦ પા. મોહનલાલ જીવરામભાઈ, ઝીલિયા વાસણા
૫૦૧-૦૦ પા. કનુભાઈ શિવાભાઈ, દેલવાડા
૫૦૧-૦૦ પા. રણછોડલાલ છગનલાલ, વડોદરા
૫૦૧-૦૦ પા. મુકુંદભાઈ આર. વડોદરા
૫૦૧-૦૦ એસિડ સેલ્સ કોર્પોરેશન, વડોદરા
૫૦૧-૦૦ પા. કંકુબહેન નાનદાસ શિવદાસ, મોખાસણ
૫૦૧-૦૦ પા. છગનલાલ નારણદાસ, અમદાવાદ
૫૦૧-૦૦ કાલરિયા બ્રધર્સ હ. મોહનભાઈ, નાગલખડા
૫૦૧-૦૦ શ્રી સૌરાષ્ટ્ર પટેલ સેવા સમાજ, અમદાવાદ
૫૦૧-૦૦ શ્રી નવનીતલાલ બેચરભાઈ, અમદાવાદ
૫૦૧-૦૦ પા. ભોગીલાલ મણિલાલ, અમદાવાદ
૫૦૧-૦૦ પા. માધવલાલ અમીચંદદાસ, બલોલ
૫૦૧-૦૦ નવરંગ ટેક્ષટાઈલ્સ, વટવા, અમદાવાદ
૫૦૧-૦૦ મેસર્સ ધરમચંદ શિવલાલ ચોકસી, અમદાવાદ
૫૦૧-૦૦ પા. બળદેવભાઈ મોતીભાઈ, કનેરા
૫૦૧-૦૦ પા. શારદાબહેન વાડીલાલ વસા, અમદાવાદ
૫૦૧-૦૦ પા. મણિલાલ મગનલાલ રંગવાળા, અમદાવાદ
૫૦૧-૦૦ પા. સુરેશકુમાર ગોવિંદલાલ જમનાદાસ, અમદાવાદ
૫૦૧-૦૦ પા. ત્રિભોવનદાસ જમનાદાસ, અમદાવાદ
૫૦૧-૦૦ ભાગ્યોદય ટ્રેડિંગ કાં. હ. ધનજીભાઈ, અમદાવાદ
૫૦૧-૦૦ પા. કેશવલાલ ઝવેરદાસ (લાછડીવાળા) અમદાવાદ
૫૦૧-૦૦ પા. કેશવલાલ કાળીદાસ (લાછડીવાળા) અમદાવાદ
૫૦૧-૦૦ પા. પ્રહલાદભાઈ કાળીદાસ (કંથરાવીવાળા) અમદાવાદ
૫૦૧-૦૦ પા. નગીનભાઈ ભગવાનદાસ, વેમાર
૫૦૧-૦૦ પા. મૂળજીભાઈ માધોજીદાસ, ઝાંઝરવા
૫૦૧-૦૦ પા. પોપટભાઈ શિવીદાસ, ઝાંઝરવા
૫૦૧-૦૦ પા. લલ્લુભાઈ વનદાસ, ઝાંઝરવા
૫૦૧-૦૦ પા. સોમાભાઈ મગનલાલ, શિહોર
૫૦૧-૦૦ પા. હરગોવનભાઈ ચેલદાસ, આખજ
૫૦૧-૦૦ પા. અંબાલાલ જીવણદાસ, ઉગરોજપુરા
૫૦૧-૦૦ પા. જેઠાભાઈ રણછોડદાસ, સલાટપુર
૫૦૧-૦૦ પા. પ્રહલાદભાઈ હરગોવિંદદાસ, ડાંગરવા
૫૦૧-૦૦ પા. કેશવલાલ કચરદાસ, પ્રતાપગઢ
૫૦૧-૦૦ પા. બળદેવભાઈ ચતુરભાઈ, અમદાવાદ
૫૦૧-૦૦ પા. શારદાબહેન શિવરામ, હાંસોલ
૫૦૧-૦૦ પા. અમરતલાલ રણછોડદાસ માધવલાલ, અમદાવાદ
૫૦૧-૦૦ આર. ખોડીદાસ પટેલ, અમદાવાદ
૫૦૧-૦૦ એ. ગોપાળદાસ પટેલની કાં. અમદાવાદ
૫૦૧-૦૦ કેશવલાલ મંગળદાસ પટેલ, અમદાવાદ
૫૦૧-૦૦ મહેન્દ્રકુમાર અંબાલાલ, અમદાવાદ
૫૦૧-૦૦ રાજેન્દ્રકુમાર નરેન્દ્રકુમાર, અમદાવાદ
૫૦૧-૦૦ ગોપાળદાસ ત્રિભોવનદાસ, અમદાવાદ
૫૦૧-૦૦ પા. અંબાલાલ સોમનાથ, અમદાવાદ
૫૦૧-૦૦ પા. દીપકકુમાર બાબુલાલ, અમદાવાદ
૫૦૧-૦૦ જી. દિલીપકુમાર ઍન્ડ કાં. અમદાવાદ
૫૦૧-૦૦ પા. અરવિંદકુમાર જયંતીલાલની કાં. અમદાવાદ
૫૦૧-૦૦ પા. ભગવાનદાસ ચતુરદાસ, સાણંદ
૫૦૧-૦૦ પા. વ્રજલાલ પરસોત્તમદાસ, સાણંદ
૫૦૧-૦૦ પા. બળદેવભાઈ કાન્તીલાલ ડાહ્યાભાઈ, સાણંદ
૫૦૧-૦૦ પા. બળદેવભાઈ મથુરભાઈ, સાણંદ
૫૦૧-૦૦ પા. પરસોત્તમભાઈ ચતુરદાસ, સાણંદ
૫૦૧-૦૦ પા. પ્રહલાદભાઈ ભલાભાઈ, સાણંદ
૫૦૧-૦૦ પા. બુધાભાઈ પરસોત્તમદાસ, સાણંદ
૫૦૧-૦૦ પા. કાન્તિલાલ અંબાલાલ, સાણંદ
૫૦૧-૦૦ પા. છોટાલાલ આશારામદાસ, સાણંદ
૫૦૧-૦૦ પા. હિંમતલાલ છોટાલાલ આશારામ, સાણંદ
૫૦૧-૦૦ પા. પરભુભાઈ છોટાલાલ આશારામ, સાણંદ
૫૦૧-૦૦ પા. મહેન્દ્રકુમાર છોટાલાલ આશારામ, સાણંદ
૫૦૧-૦૦ મેસર્સ વિઠ્ઠલભાઈ કેશવજીની કાં. હરિપુરા
૫૦૧-૦૦ પા. ભીખાભાઈ ગોવિંદભાઈ, વિસલપુર
૫૦૧-૦૦ પા. ઈશ્વરલાલ સોમાભાઈ, વિસલપુર
૫૦૧-૦૦ પા. અંબાલાલ જેસંગદાસ, વિસલપુર

૫૦૧-૦૦ પા. બાબુભાઈ મોહનલાલ વિરચંદદાસ સુરાણી, ચાણસ્મા
૫૦૧-૦૦ પા. કેશવલાલ ભુદરદાસ સુરાણી, ચાણસ્મા
૫૦૧-૦૦ પા. અંબાલાલ શંકરદાસ વકીલ, ચાણસ્મા
૫૦૧-૦૦ પા. અંબાલાલ કાશીદાસ હીરાણી, ચાણસ્મા
૫૦૧-૦૦ પા. પ્રભુદાસ બેચરદાસ સુરાણી, ચાણસ્મા
૫૦૧-૦૦ પા. રાયચંદદાસ રત્નાભાઈ રૂપાણી, ચાણસ્મા
૫૦૧-૦૦ પા. બબાભાઈ જોઈતારામ, ચાણસ્મા
૫૦૧-૦૦ પા. પરસોત્તમભાઈ ચેલદાસ રૂપાણી, ચાણસ્મા
૫૦૧-૦૦ પા. મણિલાલ રણછોડદાસ જોઈતારામ, ચાણસ્મા
૫૦૧-૦૦ પા. આત્મારામ ભુદરદાસ સુરાણી, ચાણસ્મા
૫૦૧-૦૦ પા. બાબુભાઈ બેચરદાસ ખુશાલદાસ, ચાણસ્મા
૫૦૧-૦૦ પા. અંબારામ રાયચંદદાસ, ચાણસ્મા
૫૦૧-૦૦ પા. નરસિંહભાઈ પરસોત્તમભાઈ, ચાણસ્મા
૫૦૧-૦૦ પા. ખોડાભાઈ શિવરામ, ચાણસ્મા
૫૦૧-૦૦ પા. પરસોત્તમભાઈ શંકરલાલ પેપળિયા, ચાણસ્મા
૫૦૧-૦૦ પા. ઈશ્વરલાલ મોહનલાલ નદાસિયા, ચાણસ્મા
૫૦૧-૦૦ પા. પ્રવીણકુમાર છોટાલાલ આશારામ, ચાણસ્મા
૫૦૧-૦૦ પા. હરગોવનદાસ જીવીદાસ, ચાણસ્મા
૫૦૧-૦૦ પા. રામાભાઈ મોહનલાલ, ચાણસ્મા
૫૦૧-૦૦ પા. શંકરલાલ ડોસારામ, ચાણસ્મા
૫૦૧-૦૦ પા. નારણદાસ અમીચંદદાસ, ચાણસ્મા
૫૦૧-૦૦ પા. કાન્તિલાલ અંબાલાલ છીંકણીવાળા, કડી
૫૦૧-૦૦ પા. ગોરધનદાસ અમથીદાસ, કડી
૫૦૧-૦૦ પા. શિવદાસ લાલદાસ, કડી
૫૦૧-૦૦ પા. બેચરદાસ અમીચંદદાસ, કડી
૫૦૧-૦૦ પા. જેચંદભાઈ નાગરદાસ, સમલાપુર
૫૦૧-૦૦ પા. જયંતીભાઈ સોમચંદ કૈલા, માણસા
૫૦૧-૦૦ પા. મગનલાલ અમથારામ રૂપાવાળા, માણસા
૫૦૧-૦૦ પા. કાળીદાસ નારણદાસ અંબોડિયા, માણસા
૫૦૧-૦૦ પા. જીવણલાલ નારણદાસ, અંબોડિયા, માણસા
૫૦૧-૦૦ પા. રામભાઈ સાંકળચંદ કાકુદાસ, માણસા
૫૦૧-૦૦ પા. ઈશ્વરલાલ કામદાસ બાજીદાસ, માણસા
૫૦૧-૦૦ પા. સોમાભાઈ મોહનલાલ નારદીપરિયા, માણસા
૫૦૧-૦૦ પા. બેચરભાઈ મોતીભાઈ, માણસા
૫૦૧-૦૦ પા. જોઈતારામ પરસોત્તમદાસ અંબોડિયા, માણસા
૫૦૧-૦૦ પા. સોમાભાઈ બેચરદાસ અંબોડિયા, માણસા
૫૦૧-૦૦ પા. કાનાભાઈ રેવીદાસ અંબોડિયા, માણસા
૫૦૧-૦૦ પા. જીવણલાલ વિઠ્ઠલદાસ, જોટાણા
૫૦૧-૦૦ પા. દશરથલાલ જોઈતારામની કું. જોટાણા
૫૦૧-૦૦ મેસર્સ ભરતકુમાર શિવલાલની કું. જોટાણા
૫૦૧-૦૦ પા. હીરાલાલ પ્રહલાદજીની કું. જોટાણા
૫૦૦-૦૦ પા. માણેકબહેન પીતાંબરદાસ, ઊંઝા
૫૦૦-૦૦ ભાટસર ગામ ક.પા. ભાઈઓ સમસ્ત હ. જેઠાલાલ નરસિંહદાસ પટેલ, ભાટસર
૫૦૦-૦૦ ભાટસર ગામ ક.પા. ભાઈઓ સમસ્ત હ. કલ્યાણભાઈ મગનલાલ પટેલ, ભાટસર
૫૦૦-૦૦ માધવ ઈન્ડસ્ટ્રિઝ, જૂનાગઢ
૫૦૦-૦૦ થુરાવાસ ગામના ક.પા. ભાઈઓ સમસ્ત, થુરાવાસ
૫૦૦-૦૦ પા. જગજીવનભાઈ મોહનલાલ સામાણી, મુંબઈ
૫૦૦-૦૦ પા. જસુભાઈ છગનલાલ સામાણી, મુંબઈ
૫૦૦-૦૦ શ્રી ઉમિયા કન્સ્ટ્રકશન કું. હ. શિવગણભાઈ ગોપાળભાઈ પટેલ, મુંબઈ
૫૦૦-૦૦ પા. સીતારામ નારણદાસ શંકરદાસ, ચાણસ્મા
૫૦૦-૦૦ પા. શંકરલાલ પ્રભુરામ હરિદાસ, ચાણસ્મા
૫૦૦-૦૦ શ્રી ગણેશપુરા ઉમિયા શક્તિ મંડળ હ. ભાઈચંદભાઈ, ગણેશપુર

●


realpatidar.com
આંતરિક
વ્યવસ્થાઓ
શૈક્ષણિક-સામાજિક
ક્ષેત્રે યોગદાન
જ્યોતિરથ
મંદિરોના દર્શન
સમાજયાત્રા
સમૂહલગ્ન
समाज कल्याणी देवी
realpatidar.com
૩૨૭



શ્રી ઉમિયા માતાજી ૧૮મી શતાબ્દી રજત જયંતિ મહોત્સવ

૨૦૦૯

અવિસ્મરણીય સંસ્મરણોની

કેટલીક અમૂલ્ય નોંધો

# થાળ : ૨



**પ્રારંભ : ૨૮-૧૧-૨૦૦૯, શનિવાર**

**પૂર્ણાહુતિ : ૨-૧૨-૨૦૦૯, બુધવાર**

# પ્રાર્થના

**હે મા મહેશ્વરી** ! હે જગતજનની તારા અણુ અણુમાંથી આ વિશ્વ પ્રગટેલું છે.

તેથી તો તું જગત-જનનીનું બહુમાન પામી છે અને તેથી તો અમો તને શત્ શત્ વંદન કરીએ છીએ.

**હે મા મહેશ્વરી** ! તારા વિરાટ સ્વરૂપમાંથી પ્રગટેલી તેજ રેખાઓએ તારા પ્રેરકબળથી વિશ્વમાં પ્રકાશપૂંજ પાથરી દીધો છે. અને તે પ્રકાશ પૂંજના અજવાળે અમો તને ઢૂંઢીએ છીએ. અને તારા દર્શનના અભિલાષી બની રહ્યા છીએ. અને તને હૃદયપૂર્વક પ્રાર્થના કરીએ છીએ કે, અમારા અંધકારના પડદાઓને વિખેરી નાખવા તારા તેજોમય ઓજસનો પ્રયોગ કરી અમ દીન બાળકોને દર્શન આપ !

**હે મા મહાદેવી** ! અમો કેટલાયે જન્મોના દુઃખો, યાતનાઓ અને અંધકારમય જન્મોથી ભટકતા-ભટકતા આ મહામોંઘો માનવજન્મ પામ્યા છીએ અને આ માનવ જીવન થકી તારી પ્રાર્થના માટે અંશત હકદાર થયા છીએ એટલે તો તને હૃદયપૂર્વક પ્રાર્થના કરી, જન્મોજન્મોની વળગેલી દૂષિત ઈચ્છાઓ, વિપરિત બદવાસનાઓ અને કલુષિત કામનાઓને તારા તેજોમય પ્રકાશથી બાળીને ભસ્મ કરી નાંખી અમોને તારા દર્શનના લાયક બનાવી દે !

**હે મા ઉમિયા મા** ! કદાચ, આ જન્મે અમારા અખૂટ પાપકર્મોથી છૂટકારો ન મળે તો આ જન્મની તમામ ક્રિયાઓનું પ્રાર્થના બળ, તારા દર્શનને લાયક બને તે માટે તું ઉજળા માર્ગનું દિશા સૂચન કરી, અમો તારા સમીપ આવી, તારા ચરણોમાં વંદન કરવાને લાયક બની રહીએ તેવો પથ બતાવ.

**હે મા મહેશ્વરી** ! અમો તને સમાજકલ્યાણી દેવી તરીકે તારી પૂજા, અર્ચના અને પ્રાર્થના કરીએ છીએ. અંતરના ઊંડાણેથી, હૃદય ભીના ભાથે તારા સંતાન અને તારા ચરણોમાં સમર્પિત થઈ એટલું માગીએ છીએ કે તારી ભક્તિ માટે અમોને જ્ઞાન આપ. પ્રેરણા આપ અને પ્રેરક બળ આપી તારા દર્શનને લાયક બનાવ.

**હે મા મહેશ્વરી** ! અમારા હૃદયની પ્રાર્થના સ્વીકારી એવું વરદાન આપ કે, ક્ષણભર માટે તારો વિયોગ થાય નહિ અને સદા સર્વદા અંતરમનથી તારી સ્તુતિ-વંદના કરતા રહીએ, એવી આશિષ આપ. બસ, આ આશીષ અમારા જન્મો-જન્મની ચેતના બની રહે.

**હે મા મહેશ્વરી** ! હે મા સમાજકલ્યાણી દેવી ! અમો તારા રચેલા આ વિશ્વમાં અતિ સામાન્ય જીવ-પ્રાણી માત્ર છીએ એટલે કદાચ, મનના વિચારધોધથી, કલ્પનાથી, અઈચ્છિત આચરણથી પાપ થઈ ગયાં હોય તો અમોને માફ કરી દેજે. જો અમો માફને લાયક ન હોઈએ તો પણ તું એક મા છે અને તારી પાસે, દયા, પ્રેમ, કરૂણા, આનંદની લાગણીઓનો અખૂટ ભંડાર ભર્યો છે એટલે તો તેમાંથી વધુ નહિ, પણ રજમાત્રના અધિકારી બનાવી અમોને માફ કરી દેજે. કારણકે, અમો તારા શરણાગત છીએ અને શરણાગતની રક્ષા એક મા નહિ કરે તો કોણ કરશે ? હે સમાજકલ્યાણી દેવી ! એવી અમારી લાગણી અને માગણી છે.



# સવા અક્ષરનો શબ્દ "મા"

## મા નું તેડુ

મા ઉમિયાજીનો રજત જયંતિ મહોત્સવ ૨૦૬૬નો ઉજવાયો તેમાં નવી ભાત પાડતી, વિશેષતા નજરે ચઢે તેવી કોઈ હોય તો "મા નું તેડુ" શબ્દ છે. આમ તો સંસ્થાઓના જે કાંઈ કાર્યક્રમો કે ઉત્સવ હોય તે મોટે ભાગે સંસ્થાના વ્યવસ્થાપકો જ નિમંત્રણ આપતા હોય છે, પણ અઢારમી શતાબ્દી મહોત્સવના રજત જયંતિવર્ષની ઉજવણીના કાર્યક્રમમાં આવવાનું નિમંત્રણ ખુદ માએ પોતાના વહાલા બાળકોને આપી, પધારવાનું કહેણ મોકલ્યું છે. માત્ર આમંત્રણ જ નહિ, પણ આમંત્રણ પત્રિકામાં અક્ષત (ચોખા)અને તાંબાવર્ણવાળું પતરા ઉપર માનુ ચિત્ર અને યંત્ર-કંકુ પણ સાથે મોકલી છે. આવાં આઠ લાખ લોકોને "કડવો ત્યાં કંકોત્રી"ના આમંત્રણ પહોંચાડી એક અનોખો ઈતિહાસ સર્જ્યો છે. આ આમંત્રણનું પ્રેરક બળ હોય તો માત્ર "મા" શબ્દ છે આ આમંત્રણ મોકલતી વખતે મા એ પોતાના બાળકોના ગુણ-દોષ જોયા નથી, મા ના નિમંત્રણનો ઊંડો મર્મ સમજવા માટે આપણે એક ઐતિહાસિક ઘટનાનો આધાર લઈએ એટલે માના હૃદયમાં પોતાના બાળક માટેની મમતા સ્પષ્ટ દેખાશે.


મહાભારતના યુદ્ધમાં ગાંધારીના નવાણું પુત્રો મરણને શરણ થઈ ગયા, એક માત્ર દુર્યોધન બચ્યો હતો. તેનું મૂળ નામ સુયોધન હતું પણ પોતાનાં કુકર્મોને કારણે, ઈતિહાસના પાના ઉપર એ દુર્યોધન નામ મૂકતો ગયો. આ દુર્યોધન હતાશ થઈ ગયો. યુદ્ધના અંતિમ દિવસે એ મા પાસે "વિજયી ભવ"ના આશીર્વાદ લેવા આવ્યો. સતી ગાંધારી પોતાના પુત્રનાં અપલક્ષણો જાણતી હતી. દુર્યોધનના રૂંવાટે રૂંવાટે કુકર્મો ના છોડ ઉગેલા હતા; છતાં તે પોતાનો પુત્ર હતો એટલે તે બોલી, "મને આ યુદ્ધમાં વિજય થાય તેમ દેખાતું નથી, તારા તમામ સાથીદારો પૂ. તાતશ્રી, આચાર્ય દ્રાણાચાર્ય, નવાણું મારા પુત્રો, સૂર્યપુત્ર કર્ણ જેવા અનેક મહાયોદ્ધાઓ રણસંગ્રામમાં ખપી ગયા છે. એક માત્ર તું, કૃપાચાર્ય અને દ્રોણ પુત્ર અશ્વત્થામા જેવા બે-ચાર જણાથી યુદ્ધ જીતી શકાય નહિ, પણ હું એક તારી મા છું, માના હૃદયમાં દુષ્ટમાં દુષ્ટ બાળક માટે પણ મમતાનું એક બિંદુ સદા માટે રહેલું હોય છે અને એટલે હું તને તનથી વ્રજ સમાન બનાવી તને કોઈ મારી શકે નહિ તેવો બનાવી દઉં માટે તું સ્નાન કરીને, બાળક જન્મ વખતે જે અવસ્થા હોય તેવી અવસ્થામાં મારી પાસે આવી સામે ઉભો રહે." મા ના આશ્વાસન જેવા શબ્દો સાંભળી દુર્યોધન સ્નાન કરી, મા પાસે પાછો આવવા નીકળ્યો, તે સમયે શ્રીકૃષ્ણે નગ્ન અવસ્થામાં ન જવાય તેવી લોકલાજ રાખવાની સલાહ આપી એટલે તે કમભાગીએ તે સલાહ સ્વીકારી પોતાની જાંગ આગળ પાન-પાંદડાથી ઢાંકી આવ્યો. પોતાનો પુત્ર આવી ગયો છે જાણીને પુત્રને વ્રજ જેવો બનાવવા પોતાના નેત્ર ખોલ્યાં તો જાંગનો ભાગ પાંદડાંથી ઢંકાયેલો હતો એ ભાગ સિવાયનો તમામ ભાગ વ્રજ જેવો થઈ ગયો અને એ જાંગ જેવા ભાગ ઉપર ભીમની ગદાથી તે મરાયો. આ એક સત્ય ઘટના મા પોતાના પુત્રના કુકર્મોથી પૂરેપૂરી વાકેફ હતી, છતાં પુત્ર ઉપર જીવનની તપશ્ચર્યાની તમામ ભક્તિ ન્યોચ્છાવર કરી દીધી કારણ કે તે એક મા હતી. અને તે છેવટે ધૃતરાષ્ટ, ગાંધારી અને સંયુક્ત કુટુંબનો ઉંચો ભાવ લોક સમક્ષ જીવંત રાખવા કુંતી સહિત ત્રણે જણા જંગલમાં લાગેલી આગમાં અગ્નિ સંસ્કાર કરી જીવનનો અંત આણ્યો.

બસ,

પોતાના મહોત્સવમાં પધારવાનું નિમંત્રણ આપનાર મા ઉમિયા એ પણ પોતાના વહાલસોયા બાળકોની ગુણ-દોષ જોયા વગર પ્રેમભર્યું નિમંત્રણ પાઠવી દઈ અને એ નિમંત્રણને માન આપી પાંચ દિવસના મહોત્સવમાં ૫૦ લાખથી વધુ લોકોએ માના હૈયાના ઉમળકાથી દર્શન કર્યા અને વીસ લાખથી વધુ લોકોએ માનો પ્રસાદ લીધો. આ મહોત્સવની વિશેષતા તો એ કે આ મહોત્સવમાં કોઈ અણગમતી ઘટના ન બની, ન કોઈ અકસ્માત, ન કોઈને ઠોકર વાગી કે ન કોઈ દુઃખદ બિના બની. જગત જનની એવી માના તેડાનો આ એક સુપ્રભાવનો મહિમા હતો.







## અઢારમી શતાબ્દી રજત જયંતી મહોત્સવ વિ.સ. ૨૦૬૬ના શુભ અવસરે આપેલા વિશેષ વ્યક્તિઓના સંદેશાઓ અને આગમન

જગતજનની મા ઉમિયાજીના આ ભવ્ય મહોત્સવમાં જે કંઈ ઘટનાઓ બની ને વ્યવસ્થાતંત્રમાં જે મહાનુભાવો ઉપસ્થિત રહ્યા ને જે લોકોએ દિલ દઈને આર્થિક સહાય કરી તેમજ રાતદિવસ મહિનાઓ સુધી જે કાર્યકરોએ સાથ, સહકાર, પ્રેમ અને પોતાનો મૂલ્યવાન સમય માતાજીના આ ઉત્સવ પાછળ ખર્ચ્યો તે તમામની નોંધ અમે અત્રે લઈએ છીએ.

૧. **શ્રી નરેન્દ્રભાઈ મોદી** : ગુજરાત રાજ્યના મુખ્યમંત્રીના સંદેશા ઉપરાંત તેમના હસ્તે તા. ૨૮-૧૧-૨૦૦૯ના પ્રથમ દિવસે દીપ પ્રગટાવી મહોત્સવનો શુભારંભ થયો હતો. આ સમારંભના અધ્યક્ષસ્થાને સમાજના જાણીતા આગેવાન શ્રી વિષ્નુભાઈ મફતલાલ પટેલ (સદ્‌ભાવ એન્જિનિયર્સ) હતા.

૨. **શ્રી અશોક ગહલોત** : રાજસ્થાન રાજ્યના મુખ્યમંત્રી.

૩. **પૂ. પ્રમુખ સ્વામી મહારાજ** : સ્વામીનારાયણ સંપ્રદાયના અગ્રીમ હરોળના સંત.

૪. **પૂ. સ્વામી સ્વરૂપાનંદ સરસ્વતીજી મહારાજ** : શ્રી શારદાપીઠમ્ - દ્વારકા જ્યોર્તિમઠ - ગોરક્ષ આર્ય ગુફા ચમોરી - ગઢવાલ, ઉત્તરાખંડ (પૂર્વ શંકરાચાર્ય)

૫. **શ્રી લાલકૃષ્ણ અડવાણી** : ભારતીય જનતા પક્ષના અગ્રીમ સૂત્રધાર - પૂર્વ નાયબ વડાપ્રધાન

૬. **શ્રી પ્રફુલ્લ પટેલ** : નાગરિક ઉડિયન રાજ્યમંત્રી સ્વતંત્ર હવાલો (ભારત સરકાર)

૭. **શ્રી સૌરભ પટેલ (દલાલ)** : નાગરિક ઉડિયન, ખનીજ, આયોજન, ઉર્જા, પેટ્રોકેમીકલ ખાતાના પ્રધાન (ગુજરાત રાજ્ય સરકાર)

૮. **શ્રી અમીત શાહ** : વાહન વહેવાર, આવાસો, સરહદી સુરક્ષા તથા ગૃહ વિભાગના પ્રધાન (ગુ. રાજ્ય સરકાર)

૯. **શ્રી દિલીપ સંઘાણી** : કૃષિ, સહકાર, પશુપાલન વિ. ખાતાના પ્રધાન (ગુ. રાજ્ય સરકાર)

૧૦. **શ્રીમતી જયશ્રીબહેન પટેલ** : સંસદ સભ્ય મહેસાણા મતવિસ્તાર (દિલ્હી લોકસભા)

૧૧. **શ્રી પરસોત્તમભાઈ રૂપાલા** : પ્રદેશ અધ્યક્ષ (ગુજરાત રાજ્ય) સાંસદ રાજ્ય સભા દિલ્હી)

૧. આ ઉપરાંત આ મહોત્સવમાં મેડીકલ સેવા કમિટિની રચના કરવામાં આવેલી. કારણ કે ૪૫-૫૦ લાખ લોકોની હાજરી હોય અને તેમાંય અબાલ વૃદ્ધો હોય તેમને અચાનક કોઈ તકલીફ થાય તે સારુ આ કમિટિ ખડે પગે હાજર રહેલી તે ઉપરાંત ઉમિયાનગરમાં ઉમિયાનગર હોસ્પિટલ શરૂ કરવામાં આવેલી અને તેનું ઉદ્‌ઘાટન ગુજરાત રાજ્યના આરોગ્ય પ્રધાન **શ્રી જયનારાયણ વ્યાસ**ના હસ્તે કરવામાં આવ્યું હતું.

૨. ગામડાઓ પાટીદાર સંસ્કારની સંસ્કૃતિને ઉજાગર કરતી વિશેષતાઓ આ મહોત્સવનું ખાસ આકર્ષણ હતું છેલ્લા ૩૦-૪૦ વર્ષથી ભૂલાયેલી કેટલીક કામગીરીઓ જોઈ લોકો ઉપર સારી અસર કરી હતી. આ પ્રદર્શનની તેમજ મહોત્સવનો આનંદ માણવા ગુજરાત સરકારનાં પૂર્વ શિક્ષણ પ્રધાન અને વર્તમાન મહેસૂલ પ્રધાન **શ્રીમતિ આનંદીબેન પટેલ** પણ પધાર્યા હતાં.

૩. ગુજરાત રાજ્યમાં જનસંઘ-ભાજપના પાયા નાખી તેને સત્તાના સિંહાસન સુધી પહોંચાડનાર **પૂર્વ મુખ્ય પ્રધાન શ્રી કેશુભાઈ પટેલ** આ મહોત્સવની મઝા માણી, મા ઉમિયાના દર્શન કરી ધન્યતા અનુભવી હતી.

•

## સમાજના અગ્રગણ્ય પ્રેરણાદાયક પુરૂષોનું સન્માન

૧૮મી શતાબ્દી રજત જયંતિ મહોત્સવ પ્રસંગે સમગ્ર કડવા પાટીદાર સમાજને જાગૃત કરવા ને તેઓનામાં નવી પ્રેરણાનાં બીજારોપણ કરવા જે આપણા જ્ઞાતિ આગેવાનોએ પોતાના વ્યક્તિત્વ અને કાર્યોથી સમાજને સતત માર્ગદર્શન આપ્યું છે. તેવા પાંચ મહાનુભાવોનું ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના શુભ હસ્તે તા. ૨૮-૧૧-૨૦૦૯ના રોજ સન્માન કરવામાં આવ્યું હતું. જેમાં (૧) શેઠશ્રી મફતલાલ ગગલદાસ (૨) શેઠશ્રી જયકૃષ્ણ હરિવલ્લભદાસ (૩) શેઠશ્રી નંદુલાલ મંછારામ શેરદલાલ (૪) રાવબહાદુર બેચરદાસ અંબાઈદાસ લશ્કરી (૫) શ્રી પાટડી દરબાર

આ પાંચે સમાજના આદરણીય અગ્રણી મહાનુભાવોને જે સન્માનપત્રો આપવામાં આવ્યાં હતા, તે સન્માનપત્રો નીચે પ્રમાણે છે.

### પાટીદાર સમાજમાં વૈચારિક અને ઔદ્યોગિક ક્રાંતિનાં બીજ રોપનાર

### સ્વ. શેઠશ્રી મફતલાલ ગગલદાસ પટેલ



૨૨ જૂન, ૧૮૭૩માં અમદાવાદના દરિયાપુરમાં જન્મેલા મફતલાલનું નામ સૌના મુખે એટલા માટે પ્રચલિત છે કે તેઓનો વિકાસક્રમ પાટીદાર સમાજ માટે પ્રેરણારૂપ રહ્યો છે. ૧૩ વર્ષની નાની ઉંમરે પિતા ગગલદાસની સાથે કાપડની ફેરીમાં મદદ કરતા, પિતા જાતે કાપડ વણતા ને વેચતા, ત્યારબાદ દરિયાપુરમાં નાની કાપડની દુકાન કરી ગામડે ગામડે કાપડ અને જરીકામ વેચીને જીવન પસાર કરતા હતા.

માથે કાપડનું પોટલું લઈને અમદાવાદની ગલીઓમાં ફેરી કરીને, પોતાની સ્વમહેનત અને સૂઝ દ્વારા પુરૂષાર્થથી ઉચ્ચત્તમ સિદ્ધિઓનું શિખર સર કરનાર શ્રી મફતલાલ ગગલદાસનું નામ આજે પણ ગુજરાતના ગામડાઓમાં ઘરે ઘરે લોકમુખે છે.

નાનપણથી જ આગળ વધવાની પ્રેરણા જાગી પુરૂષાર્થ શરૂ કર્યા, રાત-દિવસ મહેનત કરી એકાઉન્ટિંગ શીખ્યા, અમદાવાદની એક નવી મીલમાં કામદાર બની કારકીર્દીની શરૂઆત કરી. નિષ્ઠા, પ્રામાણિકતા અને મહેનત તેઓના રગેરગમાં હતી.

અમદાવાદ છોડી મુંબઈ જઈને તેઓએ ઉદ્યોગ શરૂ કર્યો. કાપડમિલોની સાથે પેટ્રોકેમિકલ્સ, કોસ્ટિક સોડા, ડાઈઝ, બિલ્ડિંગ મટિરીયલ વગેરે ક્ષેત્રોમાં ધીરેધીરે ઝંપલાવીને ગુજરાતના ખ્યાતનામ ઉદ્યોગપતિ બની અમદાવાદમાં સૌ પ્રથમ મીલ 'ન્યૂ શોરોક મીલ' શરૂ કરી ત્યાર પછી બોમ્બે, નવસારી, નડિયાદમાં મીલો સ્થાપીને કાપડ ક્ષેત્રે ક્રાંતિકારી પ્રગતિ કરી.

ગુજરાતનો પાટીદાર સમાજ જ્યારે કુરિવાજો અને અંધશ્રદ્ધાઓમાં સપડાયો હતો, માત્ર કૃષિ આધારિત જીવતો હતો એવા સમયે સ્વ.શ્રી મફતલાલ ગગલદાસે ઉદ્યોગ અને વ્યવસાય તરફ ખેંચવા માટેની દિશા આપી, તેઓ મિલમાલિક બન્યા તે પાટીદાર સમાજનું ખમીરવંતુ ગૌરવ રહ્યું. એટલું જ નહિ પણ પાટીદારોના માનસમાં કૃષિની સાથે વેપાર અને વ્યવસાય દ્રષ્ટિ આપી. હજારો પાટીદાર યુવાનોને પોતાના વતનથી મુંબઈ, અમદાવાદ તરફ ખેંચવામાં આપનું સાહસિક બીજ કાર્યાન્વિત બન્યું.

શેઠશ્રી મફતલાલ પોતે યુનિવર્સિટીની ઉચ્ચ ડીગ્રી ધરાવતા ન હોવા છતાં સમાજમાં કેળવણીના પ્રચાર-પ્રસાર માટે કરોડો રૂપિયા ખર્ચ્યા, હજારો સંસ્થાઓમાં દાન કર્યુ. વિદેશ જતા યુવક-યુવતીઓને આર્થિક સહાય આપી, ગુજરાતમાં પોતાના પરિવારના નામે ઘણી બધી સંસ્થાઓ સ્થાપી. વિરલ વ્યક્તિત્વ, ઉચ્ચતમ ભાવનાવાળા આ મહામાનવે સમગ્ર દેશને નવી દિશા આપી છે.

આ પરિવારના કુળદીપકો શેઠ શ્રી અરવિંદભાઈ મફતલાલ તથા શેઠશ્રી રસેષભાઈ મફતલાલે હજારો પીડિતો - દરિદ્રનારાયણોની પ્રત્યક્ષ સેવા કરી છે. સ્વ. શેઠ રસેષભાઈ મફતલાલ ના પનોતા પુત્ર અને સ્ટેનરોઝ મફતલાલ ગ્રુપના માલિક શેઠશ્રી પ્રદીપભાઈ રસેષભાઈ એ માનવ સેવાનો આ દિપ પ્રજ્જવલિત રાખવા વિવિધ સેવા કાર્યો માટે ઉદાર દાનની સરવાણી વહેતી રાખી છે. આ પરિવાર આપણા સૌ માટે માર્ગદર્શક છે.

મા ઉમિયા ૧૮મી શતાબ્દી રજત જયંતી મહોત્સવના ઐતિહાસિક શુભારંભ પ્રસંગે સ્વ. શેઠશ્રી મફતલાલ ગગલદાસ પટેલની સમાજમાં આપેલ ઉદાહરણરૂપ સેવાઓ અને યોગદાન માટે તેમજ સમાજને નવી રાહ ચીંધવા બદલ સમગ્ર કડવા પાટીદાર સમાજ વતી કડવા પાટીદાર કુળદેવી શ્રી ઉમિયા માતાજી સંસ્થાન, ઊંઝા ઋણ અદા કરતાં ગર્વ અનુભવે છે.

**નોંધ :-** મફતલાલ ગગલદાસના વંશજો આજે પણ ભાવ-ભક્તિ અને માતાજીની પરંપરા જાળવી રાખ્યા છે, સ્વ. શેઠશ્રી રસેષભાઈ મફતલાલના પુત્ર શેઠશ્રી પ્રદીપભાઈ આર. મફતલાલ શ્રી ઉમિયા માતાજીમાં અતૂટ શ્રદ્ધા ધરાવે છે. ઓગસ્ટ ૨૦૦૬માં ૧,૧૧,૧૧૧ દીવાનું આયોજન કરેલ, જે અત્યાર સુધી કોઈએ કરેલ નથી. દર વર્ષે માર્ચ-એપ્રિલમાં સતચંડી યજ્ઞ કરાવે છે.


**૧૮ મી શતાબ્દી રજત જયંતી મહોત્સવ-૨૦૦૯**

**વિક્રમ સંવત ૨૦૬૬ માગસર સુદ અગિયારસ, શનિવાર તા. ૨૮-૧૧-૨૦૦૯**

### ઔદ્યોગિક અને સામાજિક ક્ષેત્રે ક્રાંતિકારી પ્રદાન આપનાર

## સ્વ. શેઠશ્રી જયકૃષ્ણ હરિવલ્લભદાસ અને સમાજના ગૌરવરૂપ સન્નારી શ્રીમતી પદ્માબેન





પાટીદાર સમાજના મોરપિંછ સમાન ઔદ્યોગિક તેમજ જાહેર જીવનના ક્ષેત્રે ગુજરાતને માર્ગદર્શન આપનારા, ગુજરાતની મહાજનવિભૂતિ, જાહેર સંસ્થાનઓના પારદર્શક વહીવટકાર, ટેક્ષટાઈલ ક્ષેત્રે શ્રી અંબિકા ગ્રુપના સર્જક શ્રી જયકૃષ્ણ હરિવલ્લભદાસને ગુજરાતની જનતા સારી રીતે ઓળખે છે.

તેઓશ્રી ઔદ્યોગિક ક્ષેત્રે ટેક્ષટાઈલ માટે સંશોધન કરતી સંસ્થા 'અટિરા'ના સતત આઠ વર્ષ પ્રમુખ અને ૨૮ વર્ષ સુધી ગવર્નિંગ કાઉન્સિલના સભ્ય તરીકે રહ્યા. અમદાવાદ મિલ માલિક મંડળના પ્રમુખ, ગુજરાત ચેમ્બર્સ ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રિના સ્થાપક તરીકે તેઓની સેવાઓ નોંધપાત્ર રહી છે. રૂની ગુણવત્તા માટે ઈજીપ્ત અને અમેરિકાની સૌપ્રથમ મુલાકાત લઈ સમગ્ર ગુજરાતના ખેડૂતોને કૃષિક્ષેત્રે ક્રાન્તિકારી માર્ગદર્શન આપનારા તેઓ હતા.

ભારતમાં ગુજરાત રાજ્યને ઔદ્યોગિક ક્ષેત્રે ઉચ્ચ સ્થાન પ્રાપ્ત કરાવવામાં સ્વ.શ્રી જયકૃષ્ણભાઈનો ફાળો નોંધપાત્ર રહ્યો છે. ગુજરાતના જાહેર સાહસ તરીકે ગુજરાત સ્ટેટ ફર્ટિલાઈઝર કંપની લી. (જી.એસ.એફ.સી.)ની સ્થાપના કરવામાં ચાવીરૂપ ભૂમિકા ભજવી, ચેરમેન રહી મહત્વપૂર્ણ કાર્ય સિદ્ધ કરી બતાવ્યું. આ ઉપરાંત ગુજરાત નર્મદાવેલી ફર્ટિલાઈઝર્સ કંપની લી.ના ચેરમેન તરીકે રહી ગુજરાતનું નામ રાષ્ટ્રભરમાં ગુંજતું કર્યું.

ઈ.સ. ૧૯૫૨માં ૩૧ વર્ષની નાની ઉંમરે મુંબઈ ધારાસભામાં ચૂંટાયા. અમદાવાદના નગરપતિ બની મહાનગરના વિકાસમાં અભુતપૂર્વ યોગદાન આપ્યુ. ઈંગ્લેન્ડ, અમેરિકા, જર્મની, જાપાન તેમજ સ્વિટ્ઝરલેન્ડ જેવા વિકસિત દેશોનો અભ્યાસ કરી ગુજરાતનું આધુનિકરણ કરવામાં મહત્વની ભૂમિકા અદા કરી. જાપાનના શહેનશાહે 'ધી ઓર્ડર ઓફ ધ રાઈઝિંગ સન'નો એવોર્ડ આપી સન્માનિત કર્યા.

સામાજિક, સાંસ્કૃતિક અને શૈક્ષણિક ક્ષેત્રમાં સ્વ. શ્રી જયકૃષ્ણ હરિવલ્લભદાસનો ફાળો સવિશેષ રહ્યો. ગુજરાત ક્રિકેટ એસોશિએશન, સોમનાથ ટ્રસ્ટ અને સ્પોર્ટસ કલબના પ્રમુખ રહીને ગુજરાતને નવી દિશા આપી. શ્રી મોરારજી દેસાઈના મૃત્યુ પછી ૧૯૯૫માં સોમનાથ ટ્રસ્ટના ચેરમેન રહી, શ્રી સોમનાથ જ્યોતિર્લિંગની પ્રાણ પ્રતિષ્ઠાની સુવર્ણજયંતિ તેઓનાં વડપણ હેઠળ ઉજવાઈ.

સામાજિક ક્ષેત્રે વિશિષ્ટ પ્રદાન કરવા બદલ 'ઓલ ઈન્ડિયા સરદાર પટેલ ફાઉન્ડેશન' તરફથી 'સમાજ રત્ન'નો એવોર્ડ આપવામાં આવ્યો. ઔદ્યોગિક ક્ષેત્રે ઉત્તમકામગીરી માટે 'રાજીવ ગાંધી ગોલ્ડ મેડલ'થી સન્માનિત કરવામાં આવ્યા. ગુજરાત કેન્સર સોસાયટીના ૪૦ વર્ષ લગાતાર પ્રમુખ રહી આ સંસ્થાને ઈન્ડિયાની સર્વશ્રેષ્ઠ સંસ્થા બનાવી. શિક્ષણક્ષેત્રે અમદાવાદ એજ્યુકેશન સોસાયટીના વર્ષો સુધી પ્રમુખ રહી વિવિધ સંસ્થાઓના સર્જનમાં સર્વશ્રેષ્ઠ યોગદાન આપ્યુ, દુનિયાભરની જાણીતી નેશનલ ઈન્સ્ટિટ્યુટ ઓફ ડિઝાઈન તેમજ ઈન્ડિયન ઈન્સ્ટિટ્યુટ ઓફ મેનેજમેન્ટ સંસ્થાઓમાં દાયકા સુધી માનદ્‌સેવા આપી ગુજરાતનું નામ વિશ્વભરમાં ગુંજતું કર્યુ. શ્રી મહિપતરામ રૂપરામ આશ્રમમાં ૪૭ વર્ષ સુધી સતત સેવાઓ આપી તદ્‌ઉપરાંત અમીન પુ.જ.ક.પા. છાત્રાલયમાં ૪૦ વર્ષ સુધી પ્રમુખ સ્થાને રહ્યા. આવા બહુમુખી પ્રતિભા ધરાવનાર પાટીદાર સમાજના આગેવાન શ્રી જયકૃષ્ણભાઈને લાખ લાખ અભિનંદન. તેઓના વ્યક્તિત્વ વિકાસમાં તેઓના ધર્મપત્ની શ્રીમતી પદ્માબેનનું સમર્પિત યોગદાન રહ્યું છે.

શ્રીમતી પદ્માબેન પાટડીના પાટીદાર રાજવી દરબાર શ્રી પ્રતાપસિંહજીનાં પુત્રી અને મહિલાક્ષેત્રે વિવિધ સંસ્થાઓમાં સક્રિય ભૂમિકા ભજવનાર બાહોશ મહિલા છે. તેઓનું વ્યક્તિત્વ બહુમુખી પ્રતિભા ધરાવનારું છે. પાટીદાર સમાજના ઉત્કર્ષ માટે શ્રીમતી પદ્માબેનનો ફાળો અને તેઓએ જીવનભર કરેલું સેવાકાર્ય ભૂલી શકાય એમ નથી.

તેઓની આગવી વિચારધારા, ત્યાગ, સાદાઈ, સેવા અને પરમાર્થ, કરી છૂટવાની ભાવના આજે પણ જોવા મળે છે. મહિલાઓ માટે કાર્ય કરતી સંસ્થા 'જ્યોતિસંઘ'માં સતત ૬૪ વર્ષથી એકધારી સેવા આપીને હજારો બહેનોના આધારસ્તંભ બન્યા છે. જ્યોતિસંઘનો વિકાસ અને કાર્ય સુવાસમાં શ્રીમતી પદ્માબેનનો ફાળો સૌથી વિશેષ રહ્યો છે. મહિલાઓ સ્વાવલંબી બને તે હેતુથી 'શ્રીમતી મહાલક્ષ્મીબેન હરિવલ્લભદાસ ઉદ્યોગ ભવન'ની સ્થાપના કરી. ગુજરાતમાં તબીબી અને સેવાકીય ક્ષેત્રે વર્ષોથી કાર્યરત 'ગુજરાત સારવાર મંડળ'ના પ્રમુખ રહી છેલ્લા ૪૫ વર્ષથી સેવાઓ આપી રહ્યા છે. ગુજરાત કેન્સર સોસાયટીમાં ૪૦ વર્ષથી એકધારી સેવા આપી હજારો દર્દીના તારણહાર બન્યાં છે.

આ ઉપરાંત, 'અખિલ હિંદ મહિલા પરિષદ', 'ધરતી વિકાસ મંડળ', 'ઉમા મહિલા ઉદ્યોગ મંદિર', 'અખિલ ગુજરાત કડવા પાટીદાર પરિષદ' વગેરે સંસ્થાઓમાં વર્ષોથી સક્રિય છે.

તેઓના ઉત્તમસેવા કાર્યોથી પ્રભાવિત થઈ જ્યોતિસંઘે 'ગૌરવ એવોર્ડ', અખિલ ગુજરાત કડવા પાટીદાર પરિષદે "પાટીદાર રત્ન એવોર્ડ" વિશ્વ ગુર્જરી સંસ્થા તરફથી "ગૌરવ એવોર્ડ", 'મહિલા ક્રાંતિ અભિયાન એવોર્ડ' ઉપરાંત 'નાનુભાઈ સુરતી એવોર્ડ' જેવા વિવિધ એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા છે.

મા ઉમિયાના ૧૮મી શતાબ્દી રજત જયંતિ મહોત્સવના ઐતિહાસિક શુભારંભ પ્રસંગે સ્વ. શેઠશ્રી જયકૃષ્ણ હરિવલ્લભદાસ અને તેમના ધર્મપત્ની શ્રીમતી પદ્માબેન જયકૃષ્ણ હરિવલ્લભદાસની સમાજમાં આપેલ ઉદાહરણરૂપ સેવાઓ અને યોગદાન માટે તેમજ સમાજને નવી રાહ ચીંધવા બદલ સમગ્ર કડવા પાટીદાર સમાજ વતી કડવા પાટીદાર કુળદેવી શ્રી ઉમિયા માતાજી સંસ્થાન, ઊંઝા ઋણ અદા કરતા ગર્વ અનુભવે છે.

**૧૮ મી શતાબ્દી રજત જયંતી મહોત્સવ-૨૦૦૯**

**વિક્રમ સંવત ૨૦૬૬ માગસર સુદ અગિયારસ, શનિવાર તા. ૨૮-૧૧-૨૦૦૯**



# શ્રી ઉમિયા માતાજી

## અઢારમી શતાબ્દી મહોત્સવ ※ સ્મૃતિગ્રંથ



**પાટીદાર સમાજના નરશાર્દુલ, સામાજિક સેવક**

## સ્વ. શેઠશ્રી નંદુલાલ મંછારામ શેરદલાલ



પાટીદાર સમાજના નરકેસરી 'યોગઃ કર્મસુ કૌશલમ્'ના ગીતામંત્રને જીવનમાં સાક્ષાત્કાર કરનાર, ગુજરાતની વેપારી આલમના પ્રામાણિક, ચારિત્ર્યશીલ, બાહોશ અગ્રણી અને પાટીદાર સમાજના ઉત્થાન માટે અડધી સદી હૈયાની સૂઝથી સેવા આપનાર, નીડર, બાહોશ, નિષ્ઠાવાન અગ્રણી સમાજસેવક સ્વ. શ્રી નંદુલાલ મંછારામ શેરદલાલને ગુજરાતની જનતા ખૂબ સારી રીતે જાણે છે.

જનસેવાને પ્રભુસેવા માની સમાજ કલ્યાણી દેવી જગદંબા ઉમિયાનું કાર્ય માની અડધી સદી તેઓએ લગાતાર સમાજસેવાનું કાર્ય કરી બતાવ્યુ છે. તેઓની વાણીમાં સત્યનો ટંકાર સાથે સાથે સંવેદનશીલ હૈયાનો ધબકાર હતો. 'વ્રજાદપિ કઠોરાણિ મૃદુની કુસુમાદપિ' એવું બેનમુન પ્રતિભા ધરાવતું જાજરમાન વ્યક્તિત્વ, સરળ, કુશળ અને સંગીન વહીવટી નિપુણતા, પ્રેમાળ મુખારવિંદ, સામી વ્યક્તિને પોતાના કરી દેવાની અદ્ભુત શક્તિ, ગૂંચ ઉકેલવાનું અપ્રતિમ કૌશલ્ય, ભાવિનું સચોટ માર્ગદર્શન કરતી આર્ષદ્રષ્ટિ, આવુ બહુલક્ષી લાક્ષણિકતાથી ભરેલું તેઓનું તેજસ્વી વ્યક્તિત્વ હતું.

લગાતાર ૩૪ વર્ષ સુધી અમદાવાદ શેર એન્ડ સ્ટોક એક્સચેન્જના મંત્રી, ઉપપ્રમુખ અને પ્રમુખ રહીને સમગ્ર પાટીદાર સમાજનું ગુજરાતભરમાં ગૌરવ વધાર્યું છે. અમદાવાદની મોટાભાગની મિલોના ડિરેક્ટર તરીકે રહી સફળ કામગીરી કરી બજાવી છે. ગુજરાત વેપારીમહામંડળના સ્થાપકોમાંના એક, સરદાર વલ્લભભાઈ પટેલની સાથે દરિયાપુર વોર્ડમાંથી અમદાવાદ મ્યુનિસિપલ કાઉન્સીલર બની લગાતાર ૯ વર્ષ સુધી અમદાવાદની સેવા કરનાર, શ્રી મહિપતરામ રૂપરામ આશ્રમના સતત ૧૦ વર્ષ સુધી પ્રમુખ રહી બાળકોની સેવા કરનાર તેમજ અમદાવાદ એજ્યુકેશન સોસાયટીના વ્યવસ્થાપક સમિતિના સભ્ય રહી શિક્ષણ ક્ષેત્રે અભૂતપૂર્વ કાર્ય કરી બતાવ્યું છે.

સામાજિક સેવાના કાર્યોમાં સ્વ.શ્રી નંદુલાલનો સાથ સહકાર અને કાર્યની નોંધ લીધા વિના ચાલી શકે નહિ. આજથી ૮૦ વર્ષ પહેલાં ગુજરાતમાં બાળલગ્ન, લગ્ન અને મરણ નિમિત્તે થતા જમણવારો, વહેમો અને બાધાઓ, નિરક્ષરતા અને કુરિવાજોનો ઘોર અંધકાર જામ્યો હતો ત્યારે ઈ.સ. ૧૯૧૨માં અમદાવાદમાં પારડી ખાતે સંમેલન બોલાવી સમગ્ર ગુજરાતના કડવા પાટીદારોમાં નવો પ્રાણ ફૂંકનાર તેઓ હતા. "શ્રી કડવા પાટીદાર હિતવર્ધક મહામંડળ"ની સ્થાપના કરીને લગાતાર ૩૫ વર્ષ સુધી સંસ્થાના પ્રમુખ તરીકેશ્રી સુરજમલજી ક.પા. અને અમીન પુ.જ. કડવા પાટીદાર વિદ્યાર્થી ભવનના વર્ષો સુધી માનદ્મંત્રી રહીને હજારો વિદ્યાર્થીઓને સમાજ સેવાનો રંગ લગાડ્યો છે. આજે પણ ગુજરાતના ગામડાઓમાં સ્વ.શ્રી નંદુલાલની સેવાઓની અસરો છે.

શ્રી કડવા પાટીદાર પરિષદના નેજા નીચે વર્ષ ૧૯૩૮માં સાણંદ અને ૧૯૪૦માં પાટડી મુકામે પાટીદારોના અધિવેશનનું પ્રમુખ સ્થાન સંભાળીને સમાજ સુધારણા અને દીકરા-દીકરીઓની કેળવણીની વૃદ્ધિને વેગવાન બનાવ્યુ. આ ઉપરાંત વિવિધ વિભાગોમાં કડવા પાટીદાર પરિષદો બોલાવીને ગુજરાતના કડવા પાટીદારોમાં સામાજિક જાગૃતિને નવો વિચાર અને નવો પવન ફૂંકવામાં આપનો ફાળો અવર્ણનીય રહ્યો છે.

સ્વ.શ્રી નંદુલાલ મંછારામ શેરદલાલે ઉમિયા માતાજી સંસ્થાનને આપેલી સેવા ભૂલી શકાય એમ નથી. તેઓશ્રીએ ઉમિયા માતાજી સંસ્થાનના માનદ્મંત્રી રહી માતાજીની ઉત્તમ સેવા કરી, કન્યા કેળવણીમાં રસ ધરાવનાર તેઓશ્રીએ ઉમિયા માતાજીના પટાંગણમાં માનસરોવર પર આવેલ બંગલો ટોકન ભાડાથી કન્યા છાત્રાલય શરૂ કરવા આપ્યો અને ૧૯૫૩માં ત્યાં કન્યા છાત્રાલય શરૂ થયું અને જીવકોરબેન મફતલાલ ગગલદાસ કન્યા છાત્રાલય ઊંઝાનું ખાતમુર્હૂર્ત તા. ૨૫-૫-૧૯૫૩ ના દિવસે તેઓના વરદ હસ્તે થયું હતું.

ધાર્મિક સેવા કાર્યોમાં સ્વ. નંદુલાલનો ફાળો નોંધપાત્ર રહ્યો છે. સિદ્ધપુરના ગોપાલ કૃષ્ણ બ્રહ્મચર્યાશ્રમના પ્રમુખ તરીકે, અમદાવાદના શ્રી સ્વામિનારાયણ મંદિરની ટેમ્પલ સમિતિના સભ્ય તરીકે તેઓની સેવાઓ સર્વવિદિત છે.

મા ઉમિયાના ૧૮મી શતાબ્દી રજત જયંતી મહોત્સવના ઐતિહાસિક શુભારંભ પ્રસંગે નરકેસરી શેરબજારના સિંહ સ્વ. નંદુલાલ મંછારામ શેરદલાલની સમાજમાં આપેલ ઉદાહરણરૂપ સેવા અને યોગદાન માટે તેમજ સમાજને નવો રાહ ચીંધવા બદલ સમગ્ર કડવા પાટીદાર સમાજ વતી કડવા પાટીદાર કુળદેવી શ્રી ઉમિયા માતાજી સંસ્થાન, ઊંઝા ગર્વ અનુભવે છે.



# શ્રી ઉમિયા માતાજી

## અઢારમી શતાબ્દી મહોત્સવ ※ સ્મૃતિગ્રંથ



### કર્મઠ અને સેવાભાવી સ્વ. શેઠ શ્રી બેચરદાસ અંબાઈદાસ લશ્કરી



આજથી ૨૦૦ વર્ષ પૂર્વે ગુજરાતની ભૂમિમાં જ્યારે ગાયકવાડ અને પેશ્વાનું રાજ ચાલતુ હતું ત્યારે ગુર્જર ભૂમિનાં નરરત્ન રાવ બહાદુર બહેચરદાસ લશ્કરીનું આગવું સ્થાન અને મોભો હતો. તેઓના પિતા અંબાઈદાસ પણ ગુજરાતના નામાંકિત શરાફ હતા.

કણબી જ્ઞાતિની ઉત્પત્તિનાં આદ્ય અભ્યાસી, ઈ.સ. ૧૮૬૫માં અમદાવાદમાં મિલ ઉદ્યોગ શરૂ કરનાર પાટીદાર, સ્ત્રી કેળવણીની શરૂઆત કરનાર પ્રથમ જ્ઞાતિબંધુ, ઈ.સ. ૧૮૬૨માં અમદાવાદમાં ચુંટાયેલ પ્રથમ મ્યુનિસિપલ કાઉન્સીલર, વિવિધ સામાજિક ઉત્થાનના કાર્યોનાં અગ્રેસર લોક સેવાની કદરરૂપે ઈ.સ. ૧૮૭૫માં 'રાવ બહાદુર'નો ઈલ્કાબ મેળવનાર પ્રથમ પાટીદાર, સી.એસ.આઈ.નો માનવંતો ઈલ્કાબ મેળવનાર જ્ઞાતિના પ્રથમ, સામાજિક સુધારણાના અધિષ્ઠાતા રહ્યા.

કુળદેવી શ્રી ઉમિયા માતાજી, ઊંઝાના મંદિરનો જીર્ણોદ્ધાર કરનાર, વ્યવસ્થા સંભાળનારને સતત માર્ગદર્શન અને મદદ આપનાર રાવ બહાદુર બહેચરદાસ લશ્કરીનું આજે પણ કડવા પાટીદારોના હૃદયમાં આગવું સ્થાન છે. તેઓના પુત્ર શેઠશ્રી શંભુપ્રસાદ અને ત્યારબાદ શેઠશ્રી દુર્ગાપ્રસાદ એ જ્ઞાતિની અને મા ઉમિયાની કરેલી સેવા ભૂલી શકાય તેમ નથી.

શેઠશ્રી દુર્ગાપ્રસાદના પુત્ર શ્રી ચંદ્રવદન લશ્કરી, વિનોબાજીની લોકસેવાથી પ્રેરાઈને સમગ્ર ગુજરાતમાં સર્વોદયનો સંદેશ પહોંચાડનાર, ગાંધી વિચારસરણીને આચારમાં મૂકનાર, અદના સર્વોદય કાર્યકર અને લોક સેવક હતા. 'ધરતી' માસિકના આદ્યસ્થાપક અને તંત્રી. પોતાના ધર્મપત્ની શ્રીમતિ તિલોત્તમાબેન સાથે રહી ગામડાઓમાં ગરીબ બાળકોને શિક્ષણ આપનાર આ તેજસ્વી પુરુષે ગુજરાત અને સમાજને અમૂલ્ય સેવા પ્રદાન કરેલ છે. લશ્કરી કુટુમ્બ સમગ્ર પાટીદાર સમાજને પ્રેરણા આપનાર, વિદ્યા અને વેપાર ક્ષેત્રે ક્રાંતિબીજ રોપનાર, સમાજ સુધારણા માટે દિશા અને દૃષ્ટિ આપનાર, ધર્મ અને કર્મમાં શ્રદ્ધા પ્રેરનાર, મા ઉમિયાજીના ધાર્મિક કાર્યોમાં ને માતાજીના મંદિરના વિકાસમાં સંપૂર્ણ જીવન સમર્પિત કરનાર રહ્યું.

ગામડામાં રહેતાંને સામાજિક અંધકારમાં જીવી રહેતા પાટીદાર સમાજમાં ખુમારીનું બીજ રોપનાર આ કુટુમ્બને લાખ લાખ અભિનંદન પાઠવીએ છીએ.

મા ઉમિયાના ૧૮ મી શતાબ્દી રજત જયંતિ મહોત્સવમાં ઐતિહાસિક શુભારંભ પ્રસંગે સ્વ. શેઠશ્રી બહેચરદાસ અંબાઈદાસ લશ્કરીએ સમાજમાં આપેલ ઉદાહરણરૂપ સેવાઓ અને યોગદાન માટે તેમજ સમાજને નવી રાહ ચીંધવા બદલ સમગ્ર કડવા પાટીદાર કુળદેવી શ્રી ઉમિયા માતાજી સંસ્થાન, ઊંઝા ઋણ અદા કરતા ગર્વ અનુભવે છે.

●



# શ્રી ઉમિયા માતાજી

## અઢારમી શતાબ્દી મહોત્સવ ※ સ્મૃતિગ્રંથ



### પાટીદારોનું ગૌરવ વધારનાર કેળવણી અને સામાજિક પરિવર્તનમાં ક્રાન્તિકારી કાર્ય સિદ્ધ કરનાર
## પાટડી દરબારના વારસદાર શ્રી કર્ણિસિંહજી કિસનસિંહજી દેસાઈનું
## પાટીદાર શ્રેષ્ઠી તરીકે જાહેર સન્માન



ગુજરાતના પાટીદારોના ભૂતકાળ તરફ નજર કરીએ તો સૌથી ગૌરવવંતુ સ્થાન ભોગવનારા આપણા પાટડી દરબાર રહ્યા છે. પાટડીને 'સોનાની હાટડી' તરીકેનું બિરૂદ પ્રાપ્ત થયેલું. પાટડીના ભવ્ય ઈતિહાસની ગરિમા સ્વાતંત્ર્ય પ્રેમ, શૌર્ય, સમર્પણ, સ્નેહ અને સત્કારની ઉષ્માથી ભરેલી છે.

પાટડીના પ્રથમ રાજવી ભાવસિંહજીએ ઈ.સ. ૧૭૪૧માં રાજ્ય સંભાળ્યું. ત્યારથી ૧૯૪૮ સુધી લગાતાર ૨૦૦ વર્ષ સુધી પાટડીના દરબાર તરીકે દેસાઈકુળના કડવા પાટીદારો રહ્યા છે.

પાટડીના દેસાઈવંશના શાસન દરમિયાન ભાવસિંહજી પછી નાથુસિંહજી, વખતસિંહજી, હરિસિંહજી, કુબેરસિંહજી, જોરવરસિંહજી, હિંમતસિંહજી, સૂરજમલસિંહજી, દોલતસિંહજી, રઘુવીરસિંહજી, નારણસિંહજી અને પ્રતાપસિંહજી પછી કિસનસિંહજી પછી કર્ણિસિંહજી ગાદી પર છે.

શ્રી જોરવરસિંહજી દેસાઈ (ઈ.સ. ૧૮૪૫-૧૮૭૫) ભક્તિપરાયણ, કેળવણીપ્રિય અને સમાજસેવાને વરેલા રાજવી હોવાથી સમાજમાં થઈ રહેલ વર વિક્રય, કન્યા વિક્રય, કરિયાવર, લગ્નના વધુ પડતા ખર્ચાઓ સામે આગેવાની લઈ ઈ.સ. ૧૮૬૯ માં પાટડીમાં કડવા પાટીદારોની વિરાટ સમાજ સુધારા પરિષદ બોલાવીને માર્ગદર્શન આપ્યું. તમામ ખર્ચ તેઓએ કર્યું. ૪૦ હજાર કડવા પાટીદારો ઉપસ્થિત રહ્યા હતા, આના લીધે સમગ્ર સમાજમાં સુધારાનું આંદોલન શરૂ થયું.

શ્રી હિંમતસિંહજી દેસાઈ (ઈ.સ. ૧૮૭૫-૧૮૮૪) રણવીર અને ધર્મવીર ઉદાર રાજવી હતા. તેમણે દરબારશ્રી હિંમતસિંહજી જોરાવરસિંહજીના નામે ડાકોરપુરી, ડાકોરમાં ઈ.સ. ૧૮૮૦માં અન્નક્ષેત્ર બનાવ્યું જે આજે પણ ચાલુ છે.

દરબારશ્રી સૂરજમલસિંહજીએ કડવા પાટીદાર જ્ઞાતિમાં દર બાર વર્ષે એક જ દિવસે ઉમિયા માતાજી(ઊંઝા) તરફથી થતાં લગ્નોના લીધે બાળલગ્નો થતાં હોવાથી ઈ.સ. ૧૯૧૦માં અને ૧૯૧૨માં સમગ્ર જ્ઞાતિના આગેવાનોને પાટડી મુકામે બોલાવીને આ સામાજિક પ્રથા દૂર કરવા જ્ઞાતિજનોને અનુરોધ કર્યો હતો.

શ્રી દોલતસિંહજીએ પોતાના પિતા શ્રી સૂરજમલજીના સ્મરણાર્થે ગામડાના કડવા પાટીદાર વિદ્યાર્થીઓને રહેવા-જમવા માટે અમદાવાદમાં 'દરબાર શ્રી સૂરજમલજી કડવા પાટીદાર બોર્ડિંગ હાઉસ' શરૂ કર્યું. તેઓએ સામાજિક સુધારણા અને જ્ઞાતિમાં વિદ્યા અર્થે ૧૯૧૮ માં સંમેલન બોલાવીને સમાજમાં નવજાગૃતિની હવા ફેલાવેલી. ત્યારબાદ નારણસિંહજી ચંદ્રસિંહજી (ઈ.સ. ૧૯૪૦-૧૯૪૧)એ 'શ્રી કડવા પાટીદાર શુભેચ્છક સમાજ' અને 'કડવા પાટીદાર હિતવર્ધક મહામંડળ'ની સ્થાપના અને વિકાસમાં અભૂતપૂર્વ યોગદાન આપ્યુ હતું.

તેઓના વારસદાર પાટડીના દરબાર પ્રતાપસિંહજી સમાજ સુધારાના અને કન્યા કેળવણીના હિમાયતી હોવાથી પાટડીમાં શ્રી પ્રતાપસિંહજી ગર્લ્સ હાઈસ્કૂલની સ્થાપના કરી. ત્યારબાદ તેઓના વારસ તરીકે શ્રી કિસનસિંહજીએ ઈ.સ. ૧૯૮૪-૮૫ દરમિયાન શ્રી ઉમિયા માતાજી સંસ્થાન - ઊંઝાના પ્રમુખ તરીકે સફળ કામગીરી બજાવેલી. આજે તેઓના વારસદાર તરીકે શ્રી કર્ણિસિંહજીનું સમાજમાં આગવું સ્થાન અને મોભો છે.

પાટડી સ્ટેટનો પરિવાર ૧૭૪૧ થી આજ સુધી કડવા પાટીદારોની સેવા માટે હંમેશાં સમર્પિત રહ્યો છે. મા ઉમિયાના ૧૮મી શતાબ્દી રજત જયંતી મહોત્સવના ઐતિહાસિક શુભારંભ પ્રસંગે પાટડી દરબાર પરિવારની લગાતાર ૨૦૦ વર્ષ એટલે ૧૪ પેઢીઓ સુધી કરેલી સેવાની નોંધ અમે લીધા વિના રહી શકીએ એમ નથી. તેઓની કડવા પાટીદાર રાજવી તરીકેની ઉદાહરણરૂપ સેવાઓ અને યોગદાન માટે તેમજ સમાજને નવી રાહ ચીંધવા બદલ કડવા પાટીદાર કુળદેવી શ્રી ઉમિયા માતાજી સંસ્થાન - ઊંઝા આપનું ઋણ અદા કરતા ગર્વ અનુભવે છે. પાટડી દરબાર પરિવાર વતી તેઓના વારસદાર દરબાર શ્રી કર્ણિસિંહજી દેસાઈનું જાહેર સન્માન કરી ગૌરવ લઈએ છીએ.

■

# ઊંઝાનો ઈતિહાસ સામાજિક પરિવર્તનના પ્રવાહો

ઊંઝા ઉત્તર ગુજરાતના મહેસાણા જિલ્લાના સિદ્ધપુર તાલુકામાં આવેલું ગામ. ૧૮૫૮માં બંધાયેલા ઉમિયા માતાના મંદિર અને વેપારી મથકને કારણે તે પ્રસિદ્ધ થયેલું છે. તાલુકામથક સિદ્ધપુરથી તે ૧૩ કિ.મી. અને મહેસાણાથી ૨૦ કિ.મી. દૂર ૨૩° ૪૮' ઉ.અ. અને ૭૨° ૨૪' પૂ.રે. ઉપર આવેલું છે. અમદાવાદ-દિલ્હીને જોડતા રાષ્ટ્રીય ધોરી માર્ગ અને મીટરગેજ રેલવેલાઈન ઉપરનું સ્ટેશન છે.

ઈ.સ. ૧૫૬માં માળવાના વજપાલ સિદ્ધપુર માતૃગયા કરવા આવ્યા ત્યારે તેમણે આ નગર સ્થાપ્યું એમ કહેવાય છે. સ્કંદપુરાણના નાગરખંડની એક પાદટીપમાં હાટકેશ્વર ક્ષેત્રમાં 'ઉમાપુર' સૂચવાયું છે. એ ઉમિયા માતાના સ્થાનકને કારણે 'ઊંઝા' બીજું નામ હોવાનો સંભવ છે. ઊંઝા કડવા પાટીદારોનું મૂળ વતન ગણાય છે. હૂણ લોકો સાથે આવેલા ગુર્જરો આબુના રસ્તે થઈને ઉત્તર ગુજરાતના હાર્દ સમાન આ પ્રદેશમાં વસ્યા હતા. આ કડવા પાટીદારો પાંચમી સદીમાં આવેલા ગુર્જરો હોવાનો સંભવ છે. ઉમિયા માતા તેમનાં કુળદેવી છે. 'પ્રબંધચિંતામણિ'માં જણાવ્યા પ્રમાણે માળવાવિજય પછી સિદ્ધરાજે 'ઊંઝા ગામ'માં છાવણી નાંખીને વાસ કર્યો હતો. આનંદપુર(વડનગર)ના બ્રાહ્મણને મૈત્રકવંશના શીલાદિત્ય પાંચમાએ આપેલા ઈ.સ. ૭૨૨ આસપાસના વડનગરના દાનશાસનમાં 'ઉચ્ચાનગર-પ્રત્યર્ધ' એવો ઉલ્લેખ છે, જે સ્થળોના સાહચર્યે ઊંઝાનો ઉલ્લેખ જણાય છે. મોડાના અજયપાલ સોલંકીનો ઈ.સ. ૧૧૭૫નો ઊંઝાનો શિલાલેખ મળ્યો છે. સોલંકી ત્રિભુવનપાલના ઈ.સ. ૧૨૪૩ના દાનશાસનમાં 'ઊંઝા'નો ઉલ્લેખ છે. આમ ઊંઝા પ્રાચીન સ્થળ છે.

ઊંઝામાં પાટીદાર, ઔદિચ્ય બ્રાહ્મણ, વણિક, નાયક, વણકર, ઠાકોર વગેરેની વસ્તી છે. કડવા પાટીદાર કુટુંબોમાં લગ્નપ્રસંગે ઉમિયા માતાના મંદિરમાંથી ચિઠ્ઠી મેળવવાની હોય છે. સિદ્ધપુરમાંથી જુદા પડેલા બ્રાહ્મણો અહીં વસ્યા છે. તેમનો સંબંધ ઉનાવા, વિરમગામ, નાંદોલ તથા સિદ્ધપુર સાથે છે. મુસ્લિમ શાસન દરમિયાન ઊંઝાના પટેલની કન્યાને બચાવનાર સિદ્ધપુરના અસાઈત ઠાકર બ્રાહ્મણ જ્ઞાતિમાંથી બહિષ્કૃત થતાં અહીં આવીને વસ્યા હતા એમ કહેવાય છે. તેમના ત્રણ પુત્રોના વંશજો ત્રિધરા કે ત્રણ ઘરવાળા (તરગાળા) તરીકે પછીથી ઓળખાવા લાગ્યા. આ જ્ઞાતિએ ગુજરાતી રંગભૂમિને પેઢીઓથી કલાકારો આપ્યા છે. લોકનાટ્ય ભવાઈની ઉત્પત્તિ એ રીતે થયેલી છે.

ઊંઝા અમદાવાદ પછી સમગ્ર ગુજરાતનું બીજા નંબરનું માર્કેટ યાર્ડ ધરાવે છે. અહીં કરોડો રૂપિયાનું જીરું, ઘોડાજીરું, ઈસબગુલ, તુવેર અને વરિયાળી વેચાવા આવે છે. અહીંથી જીરાની નિકાસ સમગ્ર ભારતમાં થાય છે. જ્યારે ઈસબગુલની ભારતનાં રાજ્યો ઉપરાંત પરદેશમાં મુખ્યત્વે અમેરિકા અને યુ.કે.માં નિકાસ થાય છે. ઊંઝા અને સિદ્ધપુરમાં ઈસબગુલની ભૂસી તૈયાર કરવામાં વીસથી વધુ કારખાનાં છે. અહીં તેલ અને દાળની મિલો, ધાતુ અને ઈજનેરી ઉદ્યોગનાં કારખાનાં અને લાટીઓ છે. દવા બનાવનાર જાણીતી કંપની 'ઊંઝા ફાર્મસી' અહીં આવેલી છે. 'મશરૂ' ઉત્પાદન માટે પણ ઊંઝા જાણીતું હતું. હાથસાળ ઉપર કાપડ તૈયાર થાય છે. કાળેશ્વર, વૈજનાથ મહાદેવ અને બાળોજ માતાનાં મંદિરો પ્રાચીન છે. કાળેશ્વર મંદિર ભીમદેવના વખતમાં ૧૦૨૨-૧૯૬૪ દરમિયાન બંધાયું છે. ત્રણેક કિ.મી. દૂર મીરા-દાતારની દરગાહથી પ્રખ્યાત થયેલું ઉનાવા છે. પછીના જાગીરદારના પુત્રે માંડુના યુદ્ધમાં ભાગ લીધો હતો. તે શહીદ થતાં તેની દરગાહ અહીં આવેલી છે. બધા જ ધર્મોના શ્રદ્ધાળુઓ માનસિક રોગ અને વળગાડના નિવારણ માટે ઉનાવા આવે છે.

શહેરમાં વિનયન, વાણિજ્ય અને કાયદા વિદ્યાશાખાની કૉલેજ, ત્રણ માધ્યમિક શાળાઓ, નવ પ્રાથમિક શાળાઓ, ત્રણ પુસ્તકાલયો અને છ બાલમંદિરો આવેલાં છે. વસ્તી : ૨૦૦૧ મુજબ ૫૩,૮૭૮ છે.

**- કૃષ્ણવદન જેટલી**

**- શિવ પ્રસાદ રાજગોર (ગુજરાતી વિશ્વકોશ)**

**નોંધ** : ઊંઝા આમતો એક ઐતિહાસિક નગરી છે પણ સાથે સાથે સમગ્ર પાટીદાર સમાજની એકમાત્ર કુળદેવીનું મંદિર છે. તેથી તે વધુ મોહક છે. વિ.સ. ૨૦૩૩ અને વિ.સ. ૨૦૬૬ના બંન્ને ઉત્સવોએ આ ઊંઝા નગરની નોંધ વિશ્વના લોકોને લેવી પડી તેના બંને ઉત્સવોએ ઊંઝાની તાસીર અને તકદીર બદલી નાખી છે. ગામડાના આ કૃષિકારોએ વિશ્વસમક્ષએ સિદ્ધ કરી બતાવ્યું છે કે અમો ગામડાના અભણ ખેડૂતો જ નથી જે પુસ્તકમાં છે તેના કરતાં અમારા હૈયામાં વિશેષ છે. અમારી કોઠાસૂઝનાં દર્શન અમારા ઉત્સવો-મહોત્સવોએ સિદ્ધ કરી બતાવ્યાં છે. અમારા નાનકડા ગામમાં પાટીદાર સમાજની એક માત્ર કુળદેવીના મંદિરે વર્ષમાં દસ લાખ લોકો દર્શન માટે આવે છે. અને દર્શન કરી પોતાની જાતને ધન્ય-ધન્ય સમજે છે તે ઉપરાંત કૃષિ-ઋષિએ પકવેલાં જીરાં-વરીયાળીની સુગંધી ઊંઝાના રસ્તેથી પસાર થતા તમામ પ્રવાસીઓને સ્પર્શે છે અને તે સુગંધીનીનો પરિચય એટલે જ ઊંઝા. ઊંઝા તો એક ભક્તિ સ્થળ તરીકે વિકસી રહ્યું છે, આવો, ઊંઝામાં મા ઉમિયાજીનાં દર્શન માત્ર તમારા અંતરના ઉંડાણમાં આનંદનો ધોધ પ્રગટાવશે. વિશ્વાસ ન હોય તો એકવાર પધારી અનુભવ કરી જુઓ ! હવે તો ઊંઝા તાલુકાના સ્વરૂપમાં પણ જોઈ શકશો ઊંઝા, અને ઊંઝામાં બિરાજમાન જગતજનની મા ઉમિયાનાં છેલ્લા ચાર દાયકામાં તેના રૂપ, ઘાટ અને તેનો વૈભવ વિશ્વને આકર્ષી રહ્યું છે.







# માઈક અને મંચ વિનાના સામાજિક પરિવર્તનના પ્રણેતાઓ

સામાજિક પરિવર્તનનો ગોવર્ધન ઉંચકવો એ સહેલી વાત નથી. આ કુરિવાજોનો ખડકલો ઉંચકવા માટે અસંખ્ય ગોવાળિયાઓ જોઈએ અને એ ગોવાળિયાઓને સમજદારીવાળુ માર્ગદર્શન કરનાર કૃષ્ણ જેવા આગેવાનનું નેતૃત્વ જોઈએ ત્યારે કુરિવાજોવાળો ખડકલો કરી શકે. આજથી સો વર્ષ પહેલાં સમાજમાં અનેક રૂઢિબંધનો હતા. તે રૂઢિબંધનો ને ઢીલા કરવા માટે તેને તોડવા માટે જે આગેવાનો હતા તે આગેવાનો પાસે માઈક, મંચ કે ફોટોગ્રાફીની કોઈ સવલત ન હતી. તેઓએ ધરતી ઉપર શેતરંજી પાથરી તેના ઉપર ટોળુ વળીને બેસી ને ચર્ચા-વિચારણા કરી સમાજની વર્તમાન કુરિવાજોને નાબૂદ કરવાની યોજનાઓ વિચારીને દૂર કરવાનું કાર્ય કરતા હતા. તેમની પાસે વાચાળ વાતો કદાચ નહિ હોય, પણ હૃદયમાં સમાજના ભલા માટેની, સમાજના ઉત્કર્ષ માટેની તાલાવેલી હતી. તે જમાનો કમિટીઓ રસ, ચેરમેન-મંત્રી બનવા માટેના ચીલા ચિતરવા માટે અને તેની નોંધ માટે ઠરાવબુકો પણ નહિ હોય પણ તેમની પાસે જે અણીશુદ્ધ ભાવનાઓ હતી, તે ભાવનાઓને વહેવારમાં મૂકી કાર્યકરવાની જે કોઠાસૂઝ હતી તે કોઠાસૂઝને કારણે સામાજિક મૂલ્યવાન વહેવારો જે ઉપસ્યા તે અને ઉપસેલા તહેવારો જે પ્રસ્થાપિત થયા તે સામાજિક પરિવર્તન માટેનો પાયો બની રહ્યો છે. તે પાટડી દરબારનું સામાજિક પરિવર્તન માટે સમાજના આગેવાનોનું મહાસંમેલન હોય એ સંમેલનના પરિપાકરૂપે સુરજમલ બોર્ડિંગનું નિર્માણ હોય, શેઠશ્રી બહેચરદાસ લશ્કરીનું મા ઉમિયાજીના મંદિરનો જીર્ણોદ્ધાર હોય અને એ કાર્ય કરતાં કરતાં બાળલગ્નો બંધ કરાવવા માટે સરશ્રીમંત ગાયકવાડ સરકાર સુધી વાત પહોંચાડવાની હકીકત હોય, કે અંધકારમાં ડૂબેલા સમાજને ઉગારવા માટે કેળવણી-શિક્ષણ એ રામબાણ ઈલાજ છે તેવું મનમાં રાખીને પાટીદાર આશ્રમની સ્થાપના કરી, તમારા બાળકોને ભણવા મોકલો તેવી છગનભાની વિનંતી હોય, કે બાંધ્યા વિવાહને તોડવાની ઝૂંબેશ ઉપાડનાર વિરમગામવાળા પુરૂષોત્તમ પરીખની ચળવળ હોય, આ વાતો અનેક નામી-અનામી કાર્યકર્તાઓ સામાજિક પરિવર્તન માટે પોતાનું યોગદાન મૂક ભાવે, કોઈ નામના મેળવવા માટે પોતાના મનમાં વિચારની રેખાઓ દોરી તપના ભાવ સાથે પોતાની જાત તિલતિલ કરી ઘસી, આ સમાજને ઉજળો કરવા માટે મહેનત કરી હશે. એવા લોકોની યાદી કરીએ તો છેલ્લી સદીના લોકોની નામાવળીનાં આ ગ્રંથનાં ડઝન પાનાં પણ ઓછાં પડે. આ સમાજ હુતાત્માઓને માઈક, મંચ એટલે શું એની પણ ખ્યાલ નહિ હોય. અને ફોટોગ્રાફનો તો જન્મ પણ નહિ થયો હોય. આજે તો એક નાનકડા સંમેલનનું નજર વ્યક્તિઓ કરતાં તેના ફોટાઓનું એક આલ્બમ બની જાય. અને એ ફોટાઓની સંખ્યા હાજર વ્યક્તિઓ કરતાં વધી જાય. આ નવો રોગ છેલ્લા પચીસ વર્ષમાં બેસૂમાર ફાલ્યો-ફૂલ્યો છે એટલે અમે તેની ચર્ચા આ ગ્રંથમાં અસ્થાને ગણી એ નોંધ જરૂર કરીશું કે, સમાજ માટે, જેમને પોતાની જાત ઘસીને સમાજને ઉજળો કરવાની કઠોર તપશ્ચર્યા કરી છે તેવા જે પાંચ શ્રેષ્ઠિઓને વિ.સં. ૨૦૬૬માં ઉજવાયેલા રજત જયંતિ મહોત્સવમાં જેમને આપણે યાદ કરી, તેમના સમાજઋણની સ્મૃતિરૂપે, જે સન્માન પત્રો આપ્યા છે અમોએ તેને, ભોળી પ્રજાને પ્રેરણાબળ પુરૂ પાડે તે હેતુસર આ ગ્રંથમાં આપ્યાં છે. આવો, આપણે તેમને વંદન કરી તેમની જીવન જ્યોતનો અંતશ પ્રકાશ પામીએ.

## ૧. પટેલ સાંકળચંદ કાળીદાસ



(જન્મ ૨૦ ફેબ્રુઆરી ૧૯૦૯, વીસનગર; મૃત્યુ ૨૮ નવેમ્બર ૧૯૮૬, અમદાવાદ) : મહેસાણા જિલ્લાની સહકારી પ્રવૃત્તિના જનક અને ઉત્તર ગુજરાતના અગ્રણી લોકસેવક. વીસનગરની જી.ડી. હાઈસ્કૂલમાં અંગ્રેજી ધોરણ ૩ સુધીનો અભ્યાસ કર્યો. ૧૯૪૦માં પ્રજામંડળમાં જોડાયા અને ત્યારથી તેમના જાહેર જીવનનો આરંભ થયો. ૧૯૪૨ની 'હિંદ છોડો' ચળવળમાં મહેસાણા જિલ્લા કક્ષાએ સક્રિય ભાગ ભજવ્યો. ૧૯૪૬માં વડોદરા રાજ્યમાં ધારાસભ્ય તરીકે ચૂંટાયા.

૧૯૪૭માં મહેસાણા જિલ્લા કોંગ્રેસના પ્રમુખ બન્યા અને ૧૯૫૩ સુધી તે પદ પર અગ્રેસર રહ્યા. ૧૯૫૦-૫૧માં મહેસાણા જિલ્લા લોકલ બોર્ડના પ્રમુખ તરીકે સેવાઓ આપી. ૧૯૫૩માં વીસનગરની મજૂર સહકારી મંડળીની સ્થાપના કરી. ૧૯૫૪-૬૪ના દાયકા દરમ્યાન વીસનગર નગરપાલિકાના પ્રમુખ રહ્યા. ૧૯૫૬માં જનતા પક્ષના ઉપપ્રમુખ બન્યા (૧૯૫૬-૬૦). ૧૯૫૭માં વીસનગર નાગરિક સહકારી બેંકની સ્થાપના કરી. ૧૯૬૨માં વીસનગર કો-ઑપરેટિવ સ્પિનિંગ મિલની તેમજ ૧૯૬૪માં વીસનગર તાલુકા ઔદ્યોગિક સહકારી મંડળીની સ્થાપના કરી. ૧૯૬૮માં અખિલ ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસની મહાસમિતિના સભ્ય બન્યા. ૧૯૬૯-૭૦ દરમ્યાન ઈન્દિરા કોંગ્રેસ (મહેસાણા જિલ્લો)ના પ્રમુખપદે રહ્યા. ૧૯૭૧માં કોંગ્રેસના ટેકાથી અપક્ષ ઉમેદવાર તરીકે લોકસભામાં ચૂંટાયા. ૧૯૭૭માં સર્વોદય સહકારી બેંકની સ્થાપના કરી. ૧૯૮૩માં પછાત ગણાતી ઠાકોર કોમનાં બાળકોના ભણતર માટે આશ્રમની સ્થાપના કરી. ૧૯૮૪માં સરદાર વલ્લભભાઈ પટેલ જનકલ્યાણ ટ્રસ્ટના સ્થાપક પ્રમુખ બન્યા અને તેના નેજા હેઠળ સરદાર હૉસ્પિટલના બાંધકામની શરૂઆત કરી. ૧૯૮૫માં શેઠશ્રી મહાસુખભાઈ ચૂનીલાલ જનકલ્યાણ ટ્રસ્ટની સ્થાપના કરી. ૧૯૮૬માં સરદાર વલ્લભભાઈ પટેલ જનકલ્યાણ ટ્રસ્ટના નેજા હેઠળ વીસનગર ખાતે આંખની હૉસ્પિટલની શરૂઆત કરી. તે જ વર્ષે વીસનગર ખાતે ઉત્તર ગુજરાત કન્યા કેળવણી મંડળની સ્થાપના સાથે કન્યા છાત્રાલયની શરૂઆત કરી. ૧૯૮૫માં ચાણસ્મા ખાતે ઠાકોર કોમનાં બાળકો માટે હાઈસ્કૂલ બાંધી આપી. વીસનગર તથા આજુબાજુના વિસ્તારમાંથી લગભગ ૧૦૦ જેટલી ચર્મ-ઉદ્યોગ સહકારી મંડળીઓની નોંધણીમાં તેમણે સક્રિય ફાળો આપ્યો.

મહેસાણા જિલ્લાની સહકારી પ્રવૃત્તિઓના વિકાસમાં તેમનો ફાળો નોંધપાત્ર રહ્યો છે. સમાજના કચડાયેલા-દબાયેલા અને ખાસ કરીને પછાત ગણાતી કોમોના સામાજિક અને શૈક્ષણિક ઉત્કર્ષ માટે તેમણે કરેલું કાર્ય યાદગાર બની રહેશે. એક દાનવીર તરીકે પણ તેમની ખ્યાતિ છે.

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટની સ્થાપનામાં પ્રેરક બળ તરીકે તેમણે આગળ પડતી ભૂમિકા ભજવી હતી.

- બાલકૃષ્ણ માધવરાવ મૂળે
(ગુજરાતી વિશ્વકોશ)

**નોંધ** :- સ્વ. સાંકળચંદકાકા ઓછુ ભણેલા પણ ભારે કોઠાસૂઝવાળા હતા. તેમની દીર્ઘદષ્ટિને કારણે ઉ.ગુ.માં વિસનગર શિક્ષણક્ષેત્ર તરીકે ઉપસી આવ્યું. સાથે સાથે નેત્ર સારવાર માટે આંખની હોસ્પિટલમાં ડૉ. દ્વારકાદાસ જોષી અને ડૉ. વસંતભાઈ પરીખ જેવા સેવાભાવી ડૉક્ટરોએ સામાન્ય માનવીની આંખોની સારવાર કરી છે તેનાથી તો અસંખ્ય લોકોની આંખોમાં નવાં તેજ આયાં, તેમની સર્વોદય ભાવનામાંથી તો બલોલના મગનભા "દીકરીઓના દાદા"એ ગામડે ગામડે ફરી ફરી ભણવા માટે દીકરીઓના ઉઘરાણાનો યજ્ઞ આરંભી કન્યા કેળવણીની નવી કેડી પ્રસ્થાપિત કરી. મને બરાબર યાદ છે 'ધરતી' માસિક તરફથી "બાળલગ્ન નાબૂદી સંમેલન" મહેસાણા ખાતે ભરાયેલું ત્યારે તે લૂંગી અને બાંડિયુ પહેરી તે આવેલા અને ચૂપચાપ છેવાડે આવીને બેસી ગયેલા. અમારૂ ધ્યાન જતાં ખૂબ આગ્રહ કરી તેમને મંચ પાસે લાવવા પડેલા. આવા હતા. આડંબર વગરના ફકીર સેવક ! આવા સેવકો આજે કેટલા ! જરા હૃદયને ઢંઢોળી જવાબ તો માગો? કોઈએ ઠીક કહ્યું છે -

લાખો આયે લાખો જાયે, કોઈ નહિ નિશાની હૈ !
જિસને કુછ કરકે દિખાયા, ઉનકી અમર કહાની હૈ !!

## ૨. પટેલ છગનલાલ પીતાંબરદાસ
### (છગનભા)



(જન્મ ૧૧ નવેમ્બર ૧૮૬૩; મૃત્યુ૨૨ ડિસેમ્બર ૧૯૪૦, સરઢવ, જિ. ગાંધીનગર) : ઉત્તર ગુજરાતના અગ્રણી સામાજિક કાર્યકર. અસ્પૃશ્યતાનિવારણ, વ્યસનમુક્તિના







પ્રખર હિમાયતી, કેળવણીના પ્રહરી, આજીવન ભેખધારી હતા. શિક્ષણ જેવું અન્ય કોઈ પ્રભાવક બળ ન હોવા છતાં તેમની પાસે ઊંચી સમજ હતી. તેથી, ખાસ કરીને ઉત્તર ગુજરાતમાં, શિક્ષણની જ્યોત પ્રકટાવી લોકજાગૃતિ માટે કર્મ કરતા રહ્યા. ધ્યેયસિદ્ધિ માટે કઠોર પરિશ્રમ કરનાર છગનલાલ અઠંગ શિક્ષણપ્રેમી હતા.

છગનભા ઉપર ગાંધીજીનાં વિચારો અને ભાવનાઓનો સારો એવો પ્રભાવ હતો. ગાંધીજીએ અસ્પૃશ્યતા-નિવારણની અહાલેક જગાવી ત્યારે છગનભાએ પોતાના વ્યવહારમાંથી અસ્પૃશ્યતાનું દૂષણ દૂર કર્યું હતું.

નાનપણથી અમદાવાદમાં રહેલા, છતાં વિધિસરનું શિક્ષણ લીધેલું નહિ, પણ સત્સંગમાંથી સમજ અને પરિપક્વતા પ્રાપ્ત કરેલી. આદર્શ અને અસરકારક કેળવણીના વ્યાપક પ્રચારના શ્રીગણેશ કડી શહેરમાં માધ્યમિક શાળા અને વિદ્યાર્થીઓના નિવાસ માટે પાટીદાર આશ્રમની સ્થાપના કરીને કર્યા. બાળલગ્નો, બારમાની ક્રિયા, વ્યસનો અને રૂઢિચુસ્તતા દૂર કરવાની ઝુંબેશ ચલાવતાં મીઠાઈનો ત્યાગ કર્યો હતો, અને કેટલોક સમય તો એકટાણાં પણ કર્યાં હતાં, શિક્ષણનો વ્યાપ વધારવા માટે તપશ્ચર્યા કરી અને યાતનાઓ વેઠી. લોકોને ધૈર્ય, વિવેક અને સેવાના પાઠ શીખવી ઉત્તર ગુજરાતના સમગ્ર સમાજને જાગ્રત કરવા તેઓ નિરંતર કાર્ય કરતા રહ્યા.

કૃષિ ઉપરાંત ઉદ્યોગોનું મહત્ત્વ સમજીને પોતે સ્થાપેલ સર્વ વિદ્યાલય કડીની શાળામાં આ વિષયોનું શિક્ષણ-પ્રશિક્ષણ આપવાની તેમણે શરૂઆત કરી હતી. જાત-અનુભવ અને માણસના જીવનઘડતર ઉપર તેઓ ભાર મૂકતા હતા.

અનેક ઝંઝાવાતો વચ્ચે તેઓ લોકકલ્યાણનાં કામો નિર્ભીકપણે કરતા રહ્યા. જ્ઞાતિના ઉદ્ધાર સાથે રાષ્ટ્રીય ઉત્થાન માટે પણ તેઓ અથાક પરિશ્રમ કરતા રહ્યા. છગનભાઈની દૃષ્ટિ, સદ્ભાવના, કોઠાસૂઝ અને ત્યાગવૃત્તિથી પ્રેરાઈને ગાંધીજી આ સંસ્થા અને છગનભાની મુલાકાતે આવ્યા હતા. ત્યારે એમણે જણાવેલું કે અહીં અક્ષરજ્ઞાન અપાય છે તે તો આવકાર્ય છે જ, પરંતુ વિશેષ આનંદની વાત એ છે કે અહીં ઉત્કૃષ્ટ આચાર અને શુદ્ધ વિચારોનું ભાથું મળી રહે છે.

સમાજને કન્યા-કેળવણી તરફ અભિમુખ કરવા માટે તેમણે ઊંડું મનોમંથન અને સખત પરિશ્રમ કર્યાં, પણ કેટલીક તત્કાલીન મર્યાદાઓને કારણે તેમની કન્યાલયની મહેચ્છા પૂર્ણ ન થઈ શકી. કન્યા-કેળવણીના આજના વ્યાપનું ઉદ્‌ગમ તેમના વિચારોમાં રહેલું છે. ઋષિને છાજે તેવું જીવન જીવનાર છગનભા ઉત્તર ગુજરાતની ઘણી સંસ્થાઓ અને વ્યક્તિઓના પ્રેરણામૂર્તિ અને પથદર્શક બની રહ્યા હતા. તેમણે સ્થાપેલ શિક્ષણસંસ્થા આજે ઉત્તર ગુજરાતનું એક મહત્ત્વનું વિદ્યાસંકુલ બન્યું છે.

- પ્રો. પી. સી. પટેલ

(ગુજરાત વિશ્વકોશના સૌજન્યથી)

(નોંધ :- સાધુ થવા નિકળેલા પણ એક સંતનો ઉપદેશ સાથે આપેલા પાંચ રૂપિયાની મૂડી લઈ છગનભા પાછા આવ્યા. અને કડીમાં પાટીદાર આશ્રમ સ્થાપી દીધો. પૂ. છગનભાનો મૂળમંત્ર બન્યો "કર ભલા તો હોગા ભલા" આ ભલા કરવાની ભાવનામાંથી પ્રગટેલા જ્ઞાન દીવડાઓ આજે આખા ઉ.ગુ.ને ઓળંગી સમગ્ર ગુજરાતી સમાજને અજવાળી રહ્યો છે. જ્ઞાનદીવડાઓથી પ્રગટેલી વિવિધ જ્ઞાન શાળાઓમાં આજે આશરે પચાસ હજારથી પણ વધુ વિદ્યાર્થીઓ વિવિધક્ષેત્રો વિષયોમાં અભ્યાસ કરી રહ્યા છે. દ.ગુજરાતમાં જેમ વલ્લભ વિદ્યાનગર છે તેમ ઉ.ગુજરાતમાં શ્રી સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શિક્ષણ સંસ્થાઓ છે. કડી ખાતે ૩૭ અને ગાંધીનગર ખાતે ૩૨ સંસ્થાઓ શિક્ષણ સંસ્થાઓ ધમધમી રહી છે. કોઈ શિક્ષણ સંસ્થાઓમાં ભાગ્યે જ ગૌશાળા હશે ત્યારે, કડી ખાતે ગૌશાળાને પણ કૃષિ શિક્ષણના એક ભાગ રૂપે સ્વીકારેલી છે. આ અભણ એવા છગનભાનું જીવન ચરિત્ર જાણીતા લેખકો શ્રી મોહનલાલ પટેલ અને સ્વ. ડૉ. મંગુભાઈ પટેલે લખેલાં છે. બંન્ને લેખકોએ પોતાની આગવી શૈલીમાં છગનભાના જીવનને ઉજાગર કરેલા છે. શ્રી મોહનલાલ પટેલ કડી - સર્વ વિદ્યાલયના ભૂ.પૂ. આચાર્ય હતા અને સ્વ. ડૉ. મંગુભાઈ પટેલ એ હાઈસ્કૂલના ભૂ.પૂ. વિદ્યાર્થી હતા. અને ગુજરાત યુનિ.ના ઈતિહાસ વિભાગના વડા હતા.)

### ૩. સ્વામિનારાયણ જેઠાલાલ ચીમનલાલ




(જન્મ ૩૦ ઑગસ્ટ ૧૮૮૪, વડોદરા; મૃત્યુ ૨૪ જૂન ૧૯૪૧, અમદાવાદ : સમાજ સુધારક, રાષ્ટ્રવાદી, સંસ્કૃતવિદ પ્રખર ગણિતશાસ્ત્રી.)

મુંબઈ યુનિવર્સિટીમાંથી ૧૯૦૪માં બી.એ. (ઑનર્સ) અને ૧૯૦૮માં એમ.એ.ની પદવી પ્રથમ વર્ગમાં પ્રથમ સ્થાને આવીને મેળવી હતી. તેમનો પરિવાર વિદ્યાવ્યાસંગી હતો. સોળ વર્ષની વયે પિતાનું છત્ર ગુમાવતાં, ઘરની જવાબદારી સાથે, ખંતથી અને પરિશ્રમ સાથે અભ્યાસ કરીને તેજસ્વી ગણિતશાસ્ત્રી તરીકે ઊભરી આવ્યા. તેઓ ગણિત અને સંસ્કૃત બંનેમાં પારંગત હતા.

૧૯૦૯થી આશરે બારેક વર્ષ સુધી, તે વખતની ખ્યાતનામ અને પ્રથમ કક્ષાની સંસ્થા ગુજરાત કૉલેજમાં







ગણિતના પ્રાધ્યાપક તરીકે કાર્ય કર્યું. તેમની પેઢીના ગુજરાતના અગ્રગણ્ય ગણિતશાસ્ત્રી તરીકે તેઓ પંકાયા. મુંબઈ શિક્ષણ સેવા (Bombay Education Service B.E.S.)ના અહેવાલમાં તેમને ગણિતમાં 'Second to none in the Province' તરીકે વર્ણવેલા. પુણેના પ્રખર ગણિતજ્ઞ અને વરિષ્ઠ રૅંગ્લર ડૉ. પરાંજપે તેમના વડીલ મિત્ર હતા. 'Mathematical Gazzette' જેવાં ગણિતનાં સામયિકોમાં પોતાના પ્રશ્નો (તેમના ઉત્તરો સાથે) અને બીજાઓએ મોકલેલા પ્રશ્નોના જવાબો લખી મોકલવાનો તેમને શોખ હતો.

તેઓ સંસ્કૃતના સારા અભ્યાસી હતી. તેમણે પોતાના ઈષ્ટદેવ શ્રી સહજાનંદ મહારાજના ગુણાનુવાદને અગ્રિમ સ્થાન આપીને 'અક્ષરપુરુષોત્તમચરિતમ્' નામના ગ્રંથની રચના માટે સંસ્કૃતમાં ૧૬,૦૦૦ શ્લોકો લખ્યા હતા.

ભારતના પ્રાચીન ગણિતશાસ્ત્રીઓ તથા ખગોળશાસ્ત્રીઓ આર્યભટ્ટ, વરાહમિહિર, ભાસ્કરાચાર્ય, બ્રહ્મગુપ્ત, વલ્લભાચાર્ય, ગણેશ દૈવજ્ઞ વગેરેની ગણિત તથા ખગોળશાસ્ત્રની સંસ્કૃતમાં લખાયેલ કૃતિઓનો તેમને વિશદ અભ્યાસ કર્યો હતો. ૧૯૧૫ના અરસામાં ત્રિકોણમિતિ (Trigonometry)નું પાઠ્યપુસ્તક તેમણે લખેલું.

કેમ્બ્રિજ જઈને રેંગ્યુલર અભ્યાસ અભિલાષા હોવાથી ગુજરાત કૉલેજની નોકરી છોડી ઈંગ્લેન્ડ જવાની તૈયારી કરી; પરંતુ તે સમયે મહાત્મા ગાંધીજીની બ્રિટિશરોની કેળવણી, કોર્ટ, નોકરી વગેરેનો ત્યાગ કરવાની હાકલ થતાં, ઈંગ્લેન્ડ જવાનું મુલતવી રાખ્યું તથા ગુજરાત કૉલેજની સરકારી નોકરીમાં ઊંચા સ્થાનેથી રાજીનામું આપીને રાષ્ટ્રસેવાના કાર્યમાં જોડાયા. આ રીતે પંદરેક વર્ષ રાષ્ટ્રસેવામાં ગાળ્યાં. ગાંધીજીના આચાર-વિચારને અનુસરી થોડોક સમય ગૂજરાત વિદ્યાપીઠમાં પણ તેમણે સેવા આપી.

અંબાલાલ સારાભાઈની ખાનગી ઘરશાળામાં તેમણે ડૉ. વિક્રમ સારાભાઈ અને ગૌતમભાઈને શિક્ષણ આપ્યું હતું. ડૉ. વિક્રમ સારાભાઈ જેવા કેટલાક તેજસ્વી વિદ્યાર્થીઓ તેમના માર્ગદર્શન હેઠળ તૈયાર થયા હતા.

૧૯૩૪માં એલ.ડી. આર્ટ્સ કૉલેજમાં ગણિતશાસ્ત્રના પ્રાધ્યાપક તરીકે જોડાઈ તેમણે બે વર્ષ શિક્ષણકાર્ય કર્યું.

તેમણે પોરસ-સિકંદરના યુદ્ધ તથા રાણા પ્રતાપનો સંગ્રામ વર્ણવતાં નાટકો લખી રાષ્ટ્રપ્રેમ અને રાષ્ટ્રસેવાની સૌને પ્રતીતિ કરાવી હતી. સ્વદેશીપણાની ભાવના સાથે અસહકારની ચળવળતા ટાણે તેમણે રાષ્ટ્રને બેજવાબ સેવાઓ આપી હતી. તે સાથે મુંબઈની ધારાસભાના સભ્ય તરીકે ચૂંટાઈને બારેક વર્ષ માટે દેશવાસીઓને જાગ્રત કરવા તેમણે જ્વલંત કાર્ય કર્યું. ધારાસભામાં જઈને પણ સ્વાતંત્ર્યની લડત તેમણે ચાલુ રાખી હતી.

શિક્ષણ અને રાષ્ટ્રકારણમાં, જે ઉત્કૃષ્ટ ભાવના સાથે તેમણે કાર્ય કર્યું, તે રીતે સામાજિક જાગૃતિ માટે તેમણે અમૂલ્ય સેવાઓ આપી છે. પંદરેક વર્ષ સુધી ઉત્તર ગુજરાતના ગામેગામ પગપાળા ફરી સામાજિક કુરિવાજો નિર્મૂળ કરવા માટે અથાગ પરિશ્રમ કર્યો હતો. તે સમયે શિક્ષણસંસ્થાઓ જૂજ હતી અને તે પણ મોટાં શહેરોમાં જ. તેથી તેમણે પૂરા જોશ અને હોશ સાથે, તે સમયના કડી પ્રાંત (જિલ્લા)ના લોકોના શિક્ષણ અને ચારિત્ર્યઘડતર માટે આશ્રમ વ્યવસ્થા સાથે 'સર્વવિદ્યાલય' નામે શૈક્ષણિક સંસ્થા કડીમાં સ્થાપવા માટે અપૂર્વ સહયોગ આપ્યો હતો, જે આજે વિશાળ વિદ્યાસંકુલ તરીકે સોભે છે. આવો હતો તેમનો આત્મભોગ, ખંત અને વિદ્યાપ્રેમ.

વિરમગામ જિલ્લામાં મહેસૂલના પ્રશ્ન અંગેના સત્યાગ્રહમાં તેમણે ખેડૂતોની ચળવળનું સફળતાપૂર્વક સંચાલન કર્યું હતું; એટલું જ નહિ, પણ તે પ્રશ્નના નિરાકરણમાં કુનેહપૂર્વક સફળતા મેળવી હતી. બારડોલીના સત્યાગ્રહ જેવો આ પ્રસંગ હતો. આ તથા ધારાસણાના સત્યાગ્રહના પ્રસંગે બે-ત્રણ વાર તેમણે જેલવાસ ભોગવ્યો હતો.

ધાર્મિક રીતે, સ્વામિનારાયણ કુટુંબમાં જન્મ્યા હોવા છતાં આર્યસમાજ પ્રત્યે તેમને ભારે લગાવ અને રુચિ હતાં. અમદાવાદના આર્યસમાજમાં અગ્રણી તરીકે (કદાચ પ્રમુખ તરીકે) વર્ષો સુધી અવિરત સેવાઓ આપેલી.

જેલવાસ, સખત શારીરિક પરિશ્રમ, ગામેગામ ભ્રમણ અને ઉજાગરાઓને લીધે તેમની તબિયત લથડી. ડાયાબિટીસ અને કંપવાનો રોગ થયો. પંદરેક વર્ષથી નોકરી છોડી, દેશ અને સમાજસેવા કરવા જતાં, તેમની આર્થિક સ્થિતિ ખૂબ જ કથળી હતી; પરંતુ પોતાના સંપ્રદાય અને સ્વામી પ્રત્યેની અખૂટ શ્રદ્ધાને આધારે તબિયતમાં સુધારો થયો. તેથી તેમની ધર્મનિષ્ઠા પુનર્જીવિત અને દૃઢ થઈ. તે સાથે પોતાના ઈષ્ટદેવના

ગુણાનુવાદને અતિ મહત્ત્વનું કાર્ય ગણીને ૧૬,૦૦૦ શ્લોકો રચ્યા.

સદ્ગુણોથી અલંકૃત, વિદ્યાવિભૂષિત, સ્વદેશપ્રેમી અને સમાજ-ઉદ્ધારક પ્રો. સ્વામિનારાયણનો પરિવાર પણ તેમના પંથે પ્રગતિ કરી રહ્યો છે. ગણિત-અધ્યયન અને અધ્યાપનનો તેમનો વારસો ત્રણ પેઢીથી ચાલુ છે. તેમના પુત્ર શાંતિલાલ ગુજરાત કૉલેજમાં ગણિતશાસ્ત્રના પ્રાધ્યાપક; પૌત્ર ડૉ. નવીનચંદ્ર શાંતિલાલ સાપેક્ષવાદના ક્ષેત્રે પીએચ.ડી. કરીને કિંગ્ઝ કૉલેજ(લંડન)માં ગણિતશાસ્ત્રના સંશોધક અને પ્રાધ્યાપક તરીકે અને પ્રપૌત્ર સુહૃદ નવીનચંદ્ર ઈમ્પીરિયલ કૉલેજ(લંડન)માં ગણિતશાસ્ત્રમાં અધ્યાપક તરીકે કાર્ય કરે છે.

**- પ્રો. પી. સી. પટેલ**

**(ગુજરાત વિશ્વકોશના સૌજન્યથી)**

(નોંધ :- પ્રો. સ્વામીનારાયણ એક ઉચ્ચ ગણિતશાસ્ત્રી ઉપરાંત સામાજિક કાર્યકર તરીકે પણ આગળ પડતા હતા. અખિલ કડવા પાટીદાર પરિષદના ને કર્મઠ કાર્યકર હતા વિરમગામ મુકામે પરિષદનું ચોથુ સંમેલનના તે અધ્યક્ષ હતા અને સમાજમાંથી બાળલગ્નો, સાટાંપેટાં, બારમાં જેવા જડ કુરિવાજોની નાબૂદી માટેના જોરદાર હિમાયતી હતા. "બાંધ્યા વિવાહ"ને ફગાવી દેવાના તે ઘોષણાપત્ર જેવા હતા. વિરમગામના અગ્રીમ સુધારક શ્રી પરસોત્તમદાસ પરીખ જ્યારે "કુંવારી કન્યા સાથે જ લગ્ન કરીશ" તેવી જાહેર પ્રતિજ્ઞા કરી ત્યારે આ સ્વામીનારાયણ સાહેબે દરિયાપુરમાં એક વિશાળ સરઘસ કાઢી તેમાં ખુલ્લા પગે નાચ કરી તેમની પ્રતિજ્ઞાને જાહેર ટેકો આપેલો. તેઓ ક.પાટીદાર હોવા છતાં સ્વામીનારાયણ ધર્મના ચૂસ્ત અનુયાયી હોવાથી તેમની સ્વામીનારાયણ અટક પ્રસ્થાપિત થઈ ગઈ. તેઓ એક પ્રખર ગણિતશાસ્ત્રી હતા અને તેમની આ વિદ્વતાની સુવાસ ભારતના સિમાડા બહાર પણ ફેલાઈ હતી.)

## ૪. પ્રભાતકુમાર દેસાઈ : 'ધરતી'ના ધરુ અને 'સમાજ'ના યાત્રી



વ્યક્તિઓથી સમાજનાં નિર્માણ થાય છે, થયાં છે અને થતાં રહેશે. તેવી જ રીતે સમાજના સહયોગ, વ્યક્તિનાં ઘડતર થાય છે. સમાજ એક ફળદ્રુપ ધરૂવાડિયું છે, જેમાં સમયે સમયે વ્યક્તિવિશેષ કે વિશેષ વ્યક્તિનાં નિર્માણ થતાં રહે છે. એમાંય 'આંબો તો ક્યાંક ઊગે, બાકી બાવળિયા બધે મળે'ની જેમ સારા માણસ, ખાસ કરીને પ્રામાણિક, કર્તવ્યનિષ્ઠ, કર્મશીલ પ્રકારના માણસ બહુ ઓછા મળી આવે. આવા માણસ રાખમાંના રતન જેવા હોય છે. એવા માણસ પ્રસિદ્ધિથી પર રહે છે અને કર્મ કરવામાં જ રચ્યા-પચ્યા રહે છે. આવા કેટલાક વ્યક્તિવિશેષથી મહદંશે સમાજ અભિજ્ઞ હોતો નથી. કોઈકે સમાજને આવા માણસથી ઉજાગર કરવો પડે છે. આવા પ્રયાસને જીવનચરિત્રગ્રંથથી આપણે સામાન્યતઃ ઓળખતા હોઈએ છીએ. અહીં આપણે એવા રાખરત્નની વાત કરવી છે, જેમને પ્રસિદ્ધિ અસ્પૃશ્ય રહી છે, ગીતોક્ત કર્મણા કોઠે પડેલી છે. તેઓ ધરતીના કર્મદીપ રહ્યા છે અને સમાજના ભેરુ રહ્યા છે. સામાન્ય રીતે એક દીવે દીવો કહેવાય છે અને ઘણા દીવે દિવાળી. અર્થાત્ સંઘબળે ઉત્સવ ઉત્સવ જેવો સ્વર્ણિમ આનંદ આપે છે. પરંતુ આપણે જેની ઓળખ અંકે કરવા ઈચ્છીએ છીએ તે તો એકલપંડે પણ સંઘબળનો પર્યાય બની રહ્યા હતા અને સમાજને રીતરિવાજના અંધકારમાંથી દીપોત્સવીના ઝળહળાટમાં પ્રેરિત કરવાના શાહેદ બની રહ્યા હતા.

આ વ્યક્તિવિશેષ, કહો કે આંખમાંનાં રતન, છે પ્રભાતકુમાર મફતલાલ દેસાઈ. એમનું વતન પાટડી (જિલ્લો સુરેન્દ્રનગર.) પ્રાથમિક શિક્ષણ વતનમાં. માધ્યમિક શિક્ષણ ત્રણ ધોરણ સુધી કડી અને શેષ અમદાવાદમાં. પંદર વર્ષ સુધી છાત્રાવાસથી શિક્ષણપ્રાપ્તિ, કૉલેજ શિક્ષણ ગુજરાત કૉલેજ (અમદાવાદ)માં મુખ્ય વિષય ગુજરાતી અને ગૌણ વિષય સંસ્કૃત. મુંબઈ વિશ્વવિદ્યાલયમાંથી સ્નાતક થયા. એલ.એલ.બી.નો અભ્યાસ અધૂરો રહેલો. જન્મતારીખ ૨૦ જાન્યુઆરી, ૧૯૨૩ અને સ્વર્ગવાસ ૨૦ ઓગસ્ટ, ૨૦૦૩. સમગ્ર જીવન દરમ્યાન મુખ્ય પ્રવૃત્તિ સમાજસેવા અને વાંસોવાંસ અર્થોપાર્જન વાસ્તે છાપકામની પ્રવૃત્તિ અર્થાત્ વ્યવસાય તરીકે છાપખાનું ચલાવ્યું.

શીર્ષકમાં 'ધરતી'ના ધરુ અને 'સમાજ'ના યાત્રી એવા બે શબ્દપ્રયોગ એમની જીવનરેખાને, કહો કે કાર્યપ્રવૃત્તિને, સારી રીતે ઉજાગર કરે છે. એમનો જીવનોદ્દેશ તો સમાજસેવાનો અને સમાજસુધારણાનો. પોતે જન્મે અને કર્મે કડવા પાટીદાર. એટલે કડવા પાટીદાર સમાજમાં જળોની જેમ વળગી રહેલા રીતરિવાજોના ઉન્મૂલનનો. આ વાસ્તે એમણે 'ધરતી' માસિકનું પ્રકાશન ૧૯૪૭માં શરૂ કર્યું. અને સહતંત્રી તરીકે તથ્યતઃ (ડી ફેક્ટો) ભાર ઉપાડી લીધો. કહેવાનું તાત્પર્ય એટલું જ કે ચોવીસની વયે જ એમણે કલમને ખોળે માથું ટેકવી દીધું. કડવા પાટીદારોનો મુખ્ય વ્યવસાય ખેતીનો. એટલે તેઓ ધરતી સાથે

સવિશેષ સંલગ્નિત. આ કારણે પ્રકાશનનું નામકરણ કર્યું 'ધરતી'. જેના નેજા હેઠળ પછીથી 'ધરતી વિકાસ મંડળ' નામની સંસ્થાનો પ્રારંભ થયો. ધરતીને લીલીછમ બનાવવા. 'ખેડ, ખાતર, પાણી, કરમને લાવે તાણી'ની પદ્ધતિ અમલી બનાવી. આ માટે ધરુવાડિયું જોઈએ. 'ધરતી' માસિકે આ કાર્યભાર અંકે કરી લીધો. પ્રભાતકુમારે ધરુવાડિયું સંચાલનનું કામ ઉપાડી લીધું અને નિત નવીન ધરુના રોપાથી ખેતીવાડીને લીલીછમ બનાવે તેમ તેમણે કડવા પાટીદાર સમાજમાં ઘર કરી ગયેલા અન્યાયી અને સમયાતીત રીતરિવાજોનાં નીંદામણનું કાર્ય હાથ ધરી નવું ધરુવાડિયુંનું નિર્માણ કર્યું. આથી 'ધરતી'ના ધરુ એવો શબ્દપ્રયોગ અહીં પ્રસ્તુત જણાયો છે. અને અનુષંગે એમણે સમાજને પોષક નહીં એવા રીતરિવાજમાંથી કડવા પાટીદાર સમાજને મુક્ત કરવા બહુ પાંખિયો કાર્યોદેશ હાથ ધર્યો : કન્યા કેળવણીથી સમાજ ટટ્ટાર ઊભો રહી શકે તેથી કન્યાઓ શિક્ષણ પ્રત્યે જાગૃત થાય એવા પ્રયાસ એમણે કર્યા. લગ્નખર્ચા અને મરણખર્ચાથી આર્થિક રીતે ધોવાઈ ગયેલા કડવા પાટીદાર સમાજને જાગૃત કરવા સમૂહલગ્ન પ્રથાને અમલી બનાવી. આ બંને કાર્ય વાસ્તે એમણે સમાજયાત્રા કરી. આથી આ શબ્દપ્રયોગ અહીં પ્રયોજ્યો છે.

આમ તો જાહેરકાર્યનો આરંભ એમણે રાષ્ટ્રીય ચળવળમાં ક્રિયાશીલ રહીને કર્યો. પત્રિકાપ્રવૃત્તિ આ માટે અંકે કરી. પત્રિકા દ્વારા એમણે લોકજાગૃતિનું કાર્ય કર્યું. દેશને સ્વાતંત્ર્ય મેળવી આપવા જેમ લોકજાગૃતિ જરૂરી છે એવો અનુભવ એમને રાષ્ટ્રીય ચળવળની પ્રવૃત્તિના કાર્યથી થયો. પરંતુ, આ કાર્ય કાજે માનવશક્તિની ખોટ ન હતી. જેથી તેઓએ ૧૯૪૪માં 'કડવા પાટીદાર પ્રગતિ મંડળ'ની સ્થાપના કરી, જેથી આ સમાજના લોકોમાં જુલમી એવા રીતરિવાજોમાંથી મુક્તિ મેળવવા માટે જાગૃતિ આવે. ૧૯૪૯માં આ મંડળનું 'કડવા પાટીદાર પરિષદ'માં વિલીનીકરણ થયું, પણ લોકજાગૃતિનું કાર્ય તો એમણે ચાલુ જ રાખ્યું.


પ્રભાતકુમારે, કડવા પાટીદારના સમાજમાં ઘર કરી ગયેલાં દૂષણોને અને વકરી ગયેલા કુરિવાજોને નિર્મૂળ કરવાના આશયથી, દ્વિપાંખીઓ પ્રયાસ આરંભ્યો : (૧) 'ધરતી' માસિક મારફતે દૂષણોને તથા રીતરિવાજોને લીધે કડવા પાટીદાર સમાજને થઈ રહેલા આર્થિક અને સામાજિક નુકસાન પરત્વે એમણે લોકજાગૃતિ લાવવાનું, લોકોનાં દિલ-દિમાગ સુધી પહોંચવાનું અને રીતરિવાજોના ઓઠા હેઠળ જુલમ ગુજારતા મુખીઓની શાન ઠેકાણે લાવવાનું કલમ-અભિયાન એમણે સ્વસ્થતાથી અને નિર્દંશતાથી આરંભ્યું. (૨) સમાજની આર્થિક બેહાલીમાંથી ઉગારવા વાસ્તે એમણે સમૂહલગ્નોત્સવનાં આયોજન હાથ ધર્યાં. આમ, એક તરફ કલમથી અને બીજી તરફ સમજાવટથી પ્રભાતકુમારે જે નિઃસ્વાર્થ પુરુષાર્થ કર્યો તેને લીધે દાયકાઓ પછી આજે કડવા પાટીદાર સમાજે આર્થિક દૃષ્ટિએ, સમાજના પરિપ્રેક્ષ્યમાં અને કેળવણીના ક્ષેત્રે અસાધારણ પ્રગતિ કરી છે એમ નિઃસંકોચ કહી શકાય. આ પ્રક્રિયામાં યશભાગીદારીની નામાવલી ઘણી લાંબી છે, પણ એના કેન્દ્રસ્થાને તો કોઈ એક ભેખધારી વ્યક્તિનું જીવનદાન જ ધ્યાનાર્હ હોય છે. અને તે વ્યક્તિ એટલે પ્રભાતકુમાર દેસાઈ. આ વાસ્તે એમણે પોતાના પરિવારની આર્થિક સ્થિતિ પરત્વે ખાસ કોઈ જ ધ્યાન ના આપ્યું. પરિવારને સાદાઈથી જીવતાં શીખવ્યું અને સમાજને બેઠો કરવાની પ્રવૃત્તિ પ્રક્રિયાના શ્રીગણેશ પણ એમણે સ્વપરિવારથી કર્યા. પુત્રી-પુત્રોનાં લગ્ન સાદાઈથી અને સમૂહલગ્નોત્સવ દ્વારા સંપન્ન કર્યાં.

'ધરતી વિકાસ મંડળ'ના ઉપક્રમે પ્રથમ સમૂહલગ્ન ગોઠવવામાં આવ્યું ૪ થી મે, ૧૯૮૦ના દિવસે. એમાં સોળ વરઘોડિયાં જોડાયાં હતાં. આ પ્રથમ સમૂહલગ્નને સફળ બનાવવા પ્રભાતકુમારની આગેવાની હેઠળ 'ધરતી'ના કાર્યકરો અમદાવાદમાં ઠેરઠેર ફરેલા અને લોકોને રીતરિવાજના જળોમાંથી મુક્ત થવા સમજાવેલા. આ વાસ્તે 'ધરતી' માસિકનો એપ્રિલ, ૧૯૮૦નો અંક 'સમૂહલગ્નોત્સવ' અંક તરીકે પ્રસિદ્ધ કર્યો. 'ધરતી વિકાસ મંડળે' ૧૯૮૧નું વર્ષ 'સમૂહલગ્નવર્ષ' તરીકે જાહેર કર્યું હતું. તે પછી તો સમૂહલગ્નોત્સવ જાણે એક પરંપરા બની રહી છે. સમૂહલગ્નની પ્રવૃત્તિ પ્રક્રિયાથી કડવા પાટીદાર સમાજ આર્થિક રીતે સદ્ધર થતો ગયો અને થયો. લોકોનો સમય બચ્યો, મહેનત ઘટી, થાક ઓછો થયો, મૂંઝવણ દૂર થઈ, ખર્ચ મર્યાદિત થયો અને વિશેષભાવે ધ્યાનાર્હ બાબત એ ઉજાગર થઈ કે લોકો વચ્ચે ભાતૃભાવના વધી.

આવા અસાધારણ અને અવર્ણનીય કાર્યની સફળતાની પડખે રહેલી છે પ્રભાતકુમાર દેસાઈની કલમ અને ભેખધારી







સેવક તરીકેની અલગારી ભાવના. પરિણામે બાળલગ્નો ઘટ્યાં, સાટાંપેટાં ઓછાં થયાં, બારમાની અને જીવનચર્યાની પ્રવૃત્તિ લગભગ નામશેષ થતી રહી, દહેજપ્રથા ઈતિહાસી ઘટના બની અને સમૂહલગ્નો ચારે બાજુ દરેક સમાજમાં થવા લાગ્યાં.

સમાજની ધોરીનસને મજબૂત કરવા વાસ્તે પ્રભાતકુમારે કન્યાકેળવણીની ઝંખના સાકાર કરવા આહ્‌વાન કર્યું કે 'તમારી દીકરી આપો, અમારે ભણાવવી છે ?' આ માટે તેમણે 'ધરતી' માસિક દ્વારા જબરદસ્ત હવા પ્રસ્થાપી. તેમનું દૃઢપણે માનવું હતું કે જે સમાજમાં બહેનો અભણ હોય તે સમાજ ક્યારેય આગળ આવી શકે નહીં. માતા તો શિક્ષિત જ જોઈએ. અભણ માતા પોતાના પરિવારને અંધકારમાંથી મુક્તિ અપાવી શકશે નહીં. ૧૯૪૯માં ઊંઝામાં ઉમિયા માતાજીના સાંનિધ્યમાં યોજાયેલ અધિવેશનમાં 'કન્યા કેળવણી'નો ઐતિહાસિક ઠરાવ પ્રભાતકુમારે પ્રસ્તુત કર્યો હતો. પરિણામે ૧૯૫૩માં ઉમિયાજીના પટાંગણમાં કન્યા-છાત્રાલયના સ્વરૂપે કન્યા કેળવણીની જ્યોત પ્રગટી. છાત્રાલયમાં દીકરીઓ આવે અને ભણે તે માટે એક સેવક તરીકે અન્ય મહાનુભાવોની સાથે પ્રભાતકુમાર ગામડાં ખૂંદી વળ્યા, પદયાત્રા આરંભી. એમનું વ્યક્તિત્વ એવું પ્રભાવી હતું કે તેઓ જે કાર્ય કરતા તેને એકનિષ્ઠાથી વળગી રહેતા અને પરિણામ સુધી પહોંચાડતા હતા. આમ કન્યા કેળવણીની પ્રત્યેક ઝુંબેશ પાછળનું પ્રેરકબળ હતા પ્રભાતકુમાર.

માત્ર કાર્યાલય રત રહી પ્રચાર કરવાથી કે અને કલમના સહારે લોકો સુધી કોઈ વિચારને પહોંચાડવાનો અભિગમ કે અભિયાન અંકે કરવાથી કે ચલાવવાથી ધારી સફળતા મેળવવી મુશ્કેલ તો બને જ છે. આ માટે લોકહૃદય સુધી પહોંચવા વાસ્તે ગાંધીજીની દાંડીયાત્રાની જેમ કે વિનોબા ભાવેની ભૂદાનયાત્રાની જેમ પદયાત્રા કે પ્રવાસયાત્રા અમલી બનાવવી જરૂરી બની રહી છે. પ્રભાતકુમાર આ બાબતને ત્વરિત ગતિથી હૃદયસ્થ કરી ગયા, કેમકે તેમણે તેમના જાહેરજીવનનો આરંભ સ્વાધીનતા સંગ્રામ દરમ્યાન પત્રકારપ્રવૃત્તિથી લોકજાગૃતિ લાવવાના અનુભવથી કર્યો હતો અને તેથી કડવા પાટીદાર સમાજને રીતરિવાજના જુલમી પાશમાંથી છોડાવવા વિષે સમાજયાત્રાની બુનિયાદી પ્રવૃત્તિ અમલી બનાવી. ગોળ-પંચોની જોહુકમીરૂપ સામાજિક બહિષ્કારના દંડાત્મક અને નકારાત્મક પગલાં સામે ઉગ્ર આંદોલન કરવા કાજે પણ લોકજાગૃતિ લાવવા સમાજયાત્રા એમને સક્ષમ સાધન જણાયું. જ્ઞાતવ્ય આથી એટલું જ કે પ્રભાતકુમારને સમાજના ઘડતર વાસ્તે સમાજયાત્રા અભિયાન બુનિયાદી પ્રવૃત્તિ જણાઈ.

સમાજયાત્રાના અભિયાન દરમ્યાન પ્રભાતકુમારનો મુખ્ય ઉદ્દેશ સમાજના લોકો સુધી પહોંચવાનો, લોકોના અવાજ અંકે કરવાનો, સમાજની સમસ્યા-પ્રશ્નો સમજવાનો અને ઉકેલવાનો હતો. સમાજને જાગૃત કરવામાં પ્રભાતકુમાર સફળ રહ્યા એમ અવશ્ય કહી શકાય; કેમ કે સર્વત્ર સમાજયાત્રીઓનું ઉમળકાથી સ્વાગત થતું હતું. આમ તો પ્રભાતકુમારનું વ્યક્તિત્વ બહારથી એકદમ સરળ અને શાંત રહેલું હતું, પણ એમનું અંતરમન પાવક જ્વાળાથી સભર હતું. પરિણામે હાથ ધરેલી સમસ્યાને પરિણામ સુધી અને લગભગ સફળતા સુધી પહોંચાડવાની ક્ષમતા તેઓ ધરાવતા હતા.

સામાજિક કાર્યકર કેવો હોવો જોઈએ અને સમાજ કાજે એણે શું કરવું જોઈએ તેની મિસાલ એટલે પ્રભાતકુમાર દેસાઈનું જીવનતર્પણ, એમની સમર્પણની ભાવના, કોઠાસૂઝ અને સહુથી વિશેષ નિર્ભિક કાર્યનિષ્ઠા. ૧૯૮૨માં હું એમના પડોશી તરીકે રહેવા આવ્યો ત્યારથી એમનાં કાર્યને હું નજીકથી અવલોકતો આવ્યો હતો. આથી પ્રભાવિત થઈને એમના 'પાટડી દર્શન' ગ્રંથમાંથી પ્રેરણા મેળવી. ગૂજરાત વિદ્યાપીઠના મારા એક વિદ્યાર્થીએ પારંગતના શોધનિબંધ તરીકે પ્રભાતકુમારને મુદ્દો બનાવી નિબંધ તૈયાર કર્યો હતો. ૧૯૮૬માં એમની સાદગીથી હું પરિચિત હતો, પ્રભાવી પણ હતો. આતિથ્યભાવના તો એમની રગેરગમાં હતી. એમના આંગણે આવેલા આગંતુક પરિતૃપ્ત થઈને જ જાય. કુટુંબભાવના એમના લોહીમાં વણાયેલી પણ સમાજને કુટુંબ ગણવા જેટલી વિશાળતા એમણે અંકે કરી હતી અને 'સ્વ'માં ભળી ગઈ હતી. અને તેથી આર્થિક સંકડામણ વેઠીને પણ સમાજને પરિવર્તનને પંથે લઈ ગયા. આવી સેવાનિષ્ઠ વ્યક્તિ સમયાંતરે જ શોધી શકાય છે.

**- ડો. રસેસ જમીનદાર**

**'અખંડ આનંદ' જૂન-૨૦૧૧**

( નોંધ : ધરતી ઉપર જ્યારે ધરુ ઉગે છે ત્યારે તે ધરતી લીલીછમ બની સોડમ્ પ્રગટાવે છે અને સોડમ્ પ્રગટાવતી ધરતી ઉપર ઉભા રહેવાનું, બેસવાનું અને તેમાં આળોટવાનું મન થાય. આચાર-વિચારના મૂલ્યનિષ્ઠ માનવ એવા પ્રભાતકુમાર દેસાઈના સાંનિધ્યમાં એકધાર્યાં ૪૫ વર્ષ સુધી 'ધરતી'ના મંચ ઉપર કાર્ય કરવાનું આ ગ્રંથના બંને લેખકોને સદ્‌ભાગ્ય પ્રાપ્ત થયેલું છે. સને ૧૯૪૭ થી ૧૯૯૪ સુધીનો સથવારો એટલે સામાજિક કુરિવાજોમાં સબડતા સમાજે ઉગારી લેવાની સઘન લડાઈ.



# શ્રી ઉમિયા માતાજી

## અઢારમી શતાબ્દી મહોત્સવ ❋ સ્મૃતિગ્રંથ



કુરિવાજોમાં સબડતા સમાજને ઉગારી તંદુરસ્ત બનાવવાની અતિ તીવ્ર ઝંખનાએ સમયે જે પાંચ-સાત કાર્યકરોની ટીમે જે કાર્ય કર્યું છે તે માટે બે પુસ્તકો સમાજના દરેક નાગરિકે વાંચી જવાની અમારી ભલામણ છે. ૧૯૯૪ પછી અમારી ટીમે ધરતીને છેલ્લા પ્રણામ કરી વિદાય લીધી. (૧) ધરતીના કર્મદીપ (૨) જ્ઞાતિ-પંચો સામે સંઘર્ષ : વજ્ર

આ બે પુસ્તકોમાં ધરતીનો સંઘર્ષનો ભવ્ય ઈતિહાસ જોઈ શકશો. સને-૧૯૯૪ પછી ધરતી વિકાસ મંડળની કાર્યશૈલીની દિશા અને દશા એક ધંધાદારી પેઢી જેવી બની રહી.

સ્વ. પ્રભાતકુમારનો જીવન મંત્ર હતો

અપના હી ખ્યાલ કરકે જીએ, તો હમ ક્યા જીએ ?
જિન્દા દિલી કા તકાજા હૈ, કુછ ઔરોં કે લિયે ભી જીએ.

### પ. પૂ. બુદ્ધિસાગરસૂરિ મહારાજ



(જન્મ ૩૧ જાન્યુઆરી ૧૮૭૪, વિજાપુર; મૃત્યુ ૯ જૂન ૧૯૨૫, વિજાપુર) : જૈન ધર્મના સુપ્રસિદ્ધ કવિ, લેખક, શાસ્ત્રવિશારદ, યોગનિષ્ઠ તપસ્વી આચાર્ય. દીક્ષા પૂર્વેનું નામ બેચરદાસ શિવાભાઈ પટેલ. જ્ઞાતિએ કડવા પાટીદાર. વિજાપુરની ગ્રામશાળામાં ગુજરાતી છ ચોપડી સુધી અભ્યાસ. ધીમે ધીમે સ્વપ્રયત્ને સંસ્કૃત અને પ્રાકૃત શીખ્યા. પિતૃપક્ષે શિવપૂજક અને માતૃપક્ષે વૈષ્ણવ ધર્મના સંસ્કારો ધરાવતા બેચરદાસ યુવાન વયે શ્વેતાંબર આચાર્ય રવિસાગરસૂરિના પ્રભાવથી જૈન ધર્મ તરફ આકર્ષાયા. તેમણે પારિવારિક કૃષિજીવનને બદલે વિદ્યામય જીવન ગાળવા અને આત્મોન્નતિ અર્થે આજીવન બ્રહ્મચારી રહી શિક્ષકનો વ્યવસાય અપનાવવાનું નક્કી કર્યું. તદનુસાર વિજાપુર છોડી નજીકના આજોલ ગામમાં શિક્ષકપદ સ્વીકાર્યું. અધ્યાપનની સાથોસાથ તેઓ ધર્મ, સમાજ અને દેશના ઉત્થાન માટે ચિંતન કરતા રહ્યા. ગુરુશ્રી રવિસાગરસૂરિની આજ્ઞાથી તેઓ આજોલ છોડી મહેસાણાની પાઠશાળામાં જોડાયા અને ધીમે ધીમે જૈન ધર્મના રંગે રંગાતા ગયા. થોડા સમય પછી માતા-પિતાનું અવસાન થતાં ગુરુની આજ્ઞા અનુસાર શ્રી સુખસાગરસૂરિજી મહારાજ પાસે ૧૯૦૦માં પાલનપુર મુકામે ૨૬ વર્ષની વયે દીક્ષા લીધી અને બુદ્ધિસાગર નામ પામ્યા. હવે રાગદ્વેષના ક્ષયપૂર્વક આત્માની શુદ્ધિ કરી પૂર્ણાનંદ પ્રાપ્ત કરવો અને અન્ય લોકોને પણ એ માર્ગે પ્રેરી તેમને પણ એ આનંદ પ્રાપ્ત કરાવવો એ તેમના જીવનનું ધ્યેય બન્યું. સ્વાધ્યાય, ચિંતન-મનન, લેખન અને યોગાભ્યાસની સાથોસાથ મુનિવ્રતનું ઉગ્રપણે પાલન કરી તેઓ આત્મસાધના દ્વારા આત્મદશાને પામ્યા. બ્રહ્મચર્યનો પ્રભાવ, હૃદયનું વાત્સલ્ય અને આત્માના દિવ્ય સામર્થ્યને કારણે તેમના દ્વારા જે કાર્યો થતાં તે જગતને ચમત્કાર લાગતાં. તેથી સ્વાર્થી લોકો પોતાનો સ્વાર્થ સિદ્ધ કરવા તેમની આસપાસ આંટા મારવા લાગ્યા, જ્યારે રોગિયા અને દુખિયા લોકો તેમની પાસે દવા અને દુઆ માટે આવવા લાગ્યા. એમની કૃપા અને આશીર્વાદ પામેલા ઘણા લોકોને તેમનો સાક્ષાત અનુભવ પણ થયેલા હોવાનું જણાય છે. તેમનું વિહારક્ષેત્ર મુખ્યત્વે પાલનપુરથી સૂરત સુધી અને ખાસ કરીને વિજાપુર અને મહુડીની આસપાસ રહ્યું. જૈન સંઘે તેમને પેથાપુર મુકામે ૧૯૧૩માં સૂરિપદ આપ્યું. વડોદરાના મહારાજા સયાજીરાવ ગાયકવાડ ત્રીજાએ રાજમહેલમાં નિમંત્રી તેમનાં વ્યાખ્યાન સાંભળ્યાં હતાં. ધરમપુરના રાજવી પણ તેમનો ખૂબ આદર કરતા હતા. આત્મસાધનાની સાથોસાથ તેમની સાહિત્યસાધના પણ ચાલુ હતી. તેમણે ગુજરાતી ઉપરાંત હિંદી અને સંસ્કૃતમાં પણ ગ્રંથો રચ્યા હતા. તેમણે ૧૨૫ ગ્રંથો રચ્યા હતા તે પૈકીના ૧૦૮ ગ્રંથો પ્રકાશિત થયા છે. તેમણે ૧૯૦૮માં વિજાપુરમાં 'આત્મજ્ઞાન-પ્રચારક મંડળ'ની સ્થાપના કરી અને તેના ઉપક્રમે તેમના બધા ગ્રંથો છપાયા છે. આ ગ્રંથોમાં મુખ્યત્વે ધર્મ, તત્ત્વજ્ઞાન અને યોગની અને પ્રાસંગિકપણે સમાજસુધારા અને દેશસેવાની ચર્ચા પણ કરવામાં આવી છે. આ ગ્રંથો પૈકી અધ્યાત્મશાંતિ, આત્મતત્ત્વદર્શન, આનંદઘનપદસંગ્રહ, ઈશાવાસ્યોપનિષદભાવાર્થ, કક્કાવલી સુબોધ, ગુજરાત-વિજાપુર વૃત્તાંત, જૈનધાતુપ્રતિમાલેખસંગ્રહ (ભાગ ૧-૨), જૈન ધર્મ અને ખ્રિસ્તી ધર્મનો મુકાબલો, જૈન રાસમાળા, જૈનોપનિષદ, જૈન શંકાસમાધાન, તત્ત્વજ્ઞાનદીપિકા, પત્રસદુપદેશ (ભાગ ૧-૨-૩), પરમાત્મજ્યોતિ, યોગદીપક, ષડ્દ્રવ્યવિચાર, શ્રીમદ્ દેવચંદ્ર (ભાગ ૧-૨) વગેરે મુખ્ય છે. તેમની ચોવીસ જેટલી કાવ્યકૃતિઓ પૈકીનાં પદો અને ભજનો ધરાવતી વાણી બધી કોમોમાં લોકપ્રિય થઈ હતી.

બુદ્ધિસાગરસૂરિ મોટા સાહિત્ય-સંશોધક પણ હતા. તેમણે વિજાપુરમાં હસ્તલિખિત તેમજ મુદ્રિત ગ્રંથોનો વિશાળ ભંડાર ધરાવતા જ્ઞાનમંદિરની સ્થાપના કરી હતી. જૈનધાતુપ્રતિમાઓ પરના અભિલેખો વાંચીને તેને પ્રકાશિત કરવામાં એમણે કરેલ પરિશ્રમ પ્રશંસનીય છે.

વિજાપુર પાસેનું મહુડી ગામ એકાંત સાધના માટે યોગ્ય જણાતાં ત્યાં ૧૯૧૮ થી ૧૯૨૪ દરમ્યાન બુદ્ધિસાગરસૂરિએ







એક સુંદર જિનાલય બંધાવ્યું. અહીં રહી તેઓ શુક્લ ધ્યાન અને યોગસાધના કરતા તેમની પ્રેરણાથી અન્ય સ્થળોએ પણ જ્ઞાનમંદિરો અને જિનાલયો નિર્માણ પામ્યાં હતાં.

તેઓ એક સંવેદનશીલ આચાર્ય હતા. આત્મવિશ્વાસ ખોઈ બેઠેલી અને અજ્ઞાન તથા વહેમનો શિકાર બનેલી, દુર્બળ હૈયું અને હામવિહોણી બનેલી પ્રજાને જોઈને કરુણાથી તેમનું હૃદય દ્રવતું હતું. તેમણે આનો ઉપાય કરવા ઉગ્ર તપસ્યા આદરી. મહુડીના દેરાસરના ભોંયરામાં તેઓ આસો વદ તેરસની વહેલી પરોઢથી પદ્માસન લગાવીને બેસી ગયા. ત્રણ દિવસ ન ખાધું, ન પીધું, ન કર્યા હાજત-પાણી. અંગને સહેજે હલાવ્યા વિનાની આ ઉગ્ર તપસ્યા દ્વારા તેમને મંત્રસિદ્ધિ પ્રાપ્ત થઈ અને સંકલ્પ મુજબ શ્રી ઘંટાકર્ણ વીરનાં સાક્ષાત્ દર્શન પણ થયાં. તેમણે એ સ્વરૂપને સાકાર કરતી પાષાણ-પ્રતિમા બનાવરાવી. જિનાલયના મધ્યમાં એક અલગ મંડપમાં પ્રતિષ્ઠિત કરાવી (૧૯૨૪).

આ દેવને નિવેધમાં કેવળ સુખડી જ ચડે અને તેય મંદિરની બહાર લઈ ન જવાય તેમ રાત વાસી ન રખાય એવો નિયમ કર્યો. નાતજાતના ભેદભાવ વગર સહુ ત્યાં ખવાય એટલી સુખડી ખાય તેવી વ્યવસ્થા ગોઠવી. વહેમમાં ડૂબેલી પ્રજાને આ સ્થાનકથી નવું બળ મળ્યું અને તેમના અંતરમાં નવી શ્રદ્ધા પ્રગટી. આમાં દૈવી સહારો આત્માની તાકાત ખીલવનારો બને એ જ સૂરિજીનો હેતુ હતો.

**- પ્રવીણચંદ્ર પરીખ**
**(ગુજરાતી વિશ્વકોશ)**

(નોંધ :- પાટીદાર માટે પરોઢિયું એટલે પશુઓ માટેની અને ઘરની આંતરિક માવજતની વેળા. આવા એક પરોઢિયે બેચરભાઈ ભેંસોને લઈ વિજાપુર ગામના તળાવમાં પાણી પાવા જતા હતા. તે વેળાએ સામેથી જૈન આચાર્યશ્રી પૂ. રવિસાગર સાહેબ ઠલ્લે - (શૌચક્રિયા) જવા નિકળેલા. તે સમયે બેચરભાઈની નજર સામેથી આવતા જૈન સાધુ મહારાજને ભેંસ વગાડે નહિ તેવા શુભ આશયથી પોતાની લાકડી વડે ભેંસને મારેલી લાકડીથી આ અહિંસાના પૂજારીના આત્માને ભારે દુઃખ થયું અને બેચરદાસને ઉદ્દેશીને કહ્યું; ભાઈ, આ અબોલ પ્રાણીને મારીને તેના આત્માને દુઃખ ન પહોંચાડ્યું હોત તો સારૂ હતું. ભાઈ ! જીવતો પ્રાણી માત્રના સરખા !" જૈન સાધુના આ શબ્દોએ બેચરભાઈની વિચાર દિશા બદલાઈ ગઈ. લોખંડને પારસમણીનો સ્પર્શ થતાં જેમ સોનું થઈ જાય તેમ બેચરદાસના આત્માનાં કમાડ ઉઘડી ગયાં. માતા-પિતાનું ઋણ (માતાપિતાના મૃત્યું પછી) પૂરું કરી ૨૭ વર્ષની ભર યુવાનીએ જૈનધર્મ અંગીકાર કરી લીધો. પૂ. આચાર્યશ્રી રવિસાગરના શિષ્ય બની પૂ. બુદ્ધિસાગર બની ગયા. અને વિતરાગના બંદો બની જઈ આ પાટીદારે આખા જૈન ધર્મને અજવાળ્યો. અને મહુડી ખાતે ઘંટાકર્ણ ભગવાનની સ્થાપના કરી જૈન-જૈનેતર માટે એક શ્રદ્ધા કેન્દ્ર ખુલ્લુ મૂક્યું અને સુખડીનો મહાપ્રસાદની અનોખી અમૃત જેવી સ્વાદિષ્ટ સુખડીનો મહામહિમા વાનગી બની રહી. તેમના જીવનને વિસ્તૃત હકીકતો જાણીતા સાહિત્યકાર સ્વ. "જય ભિખ્ખુ"જીએ સુંદર પુસ્તક ગુજરાતના ચરણે ધર્યું છે. આજથી સો વર્ષ પહેલાં ભાખેલી ભવિષ્યવાણી આજે આપણે પ્રત્યક્ષ અનુભવી રહ્યા છીએ તેઓએ સેંકડો પુસ્તકો લખ્યા છે.)

એક દિન એવો આવશે ! એક દિન એવો આવશે !
મહાવીરના શબ્દો વડે, સ્વાતંત્ર્ય જગમાં આવશે ! એક દિન !
અવતારી વીરો અવતરી, કર્તવ્ય નિજ બજાવશે !
અશ્રુ લ્હુહી સૌ જીવનાં, શાન્તિ ભલી પ્રસરાવશે ! એક દિન !
સહુ દેશમાં સૌ વર્ણમાં, જ્ઞાની જનો બહુ ફાવશે !
ઉદ્ધાર કરશે દુઃખીનો, કરૂણા ઘણી મન લાવશે ! એક દિન !
સાયન્સની વિદ્યા વડે, શોધો ઘણી જ ચલાવશે !
જે ગુપ્ત તે જાહેરમાં, અદ્ભુત વાત જણાવશે ! એક દિન !
રાજા સકળ માનવ થશે, રાજા ન અન્ય કહાવશે !
હુન્નરકળા સામ્રાજ્યનું, બહુ જોર લોક ધરાવશે ! એક દિન !
એક ખંડ - બીજા ખંડની, ખબરો ઘડીમાં આવશે !
ઘરમાં રહ્યા વાતો થશે, પર ખંડ ઘર સમ થાવશે ! એક દિન !
એક ન્યાય સર્વે ખંડમાં, સ્વાતંત્ર્યતામાં આવશે !
બુધિષ્ઠ પ્રભુ મહાવીરનાં, તત્વો જગતમાં વ્યાપશે ! એક દિન !

બસ, આવી રાતે જેમના જીવન કાર્યને ગુજરાત વિશ્વકોશ જેવા સંશોધન ગ્રંથમાં આદરપૂર્વક સ્થાન મળ્યું છે તેવા સામાજિક પરિવર્તનના પ્રણેતાઓને પણ ઓળખી તેમના કાર્યને વધુમાં વધુ બળ મળે સમાજમાં વ્યાપેલી વ્યસનબદીઓ, આધુનિકતાને નામે જે જીવન લંપટતાઓ વધતી જાય છે, આજના ચલચિત્રો, ટીવીશોમાં આવતાં બિભત્સ ચેનચાળાઓમાં ઘસડાઈ રહેલું યૌવનધનને સન્માનમાર્ગ તરફ વાળવા માટે, તે માટે જરૂર પડે તો સંઘર્ષ કરવાની તૈયારી કરી, સમાજને દિશા સુદિશાને માર્ગે વાળવા માટેની પ્રેરણા આ ટૂંકા છતાં પ્રેરકબળ આપનારાં આ માનચિત્રો જરૂર આદર્શ પૂરાં પાડશે. આ મહાનુભાવોએ પણ માઈક કે મંચ વિના કે કમિટિઓના હોદાઓ કે ચેરમેન/મંત્રી બનવા માટેનો કોઈ આલાપ ગાયો નહિ હોય. એજ એમના જીવનનું ઓજસ આપણને દેખાય છે અને તેથી સમાજ કલ્યાણના આ પ્રણેતાઓને પણ વંદન કરી તેમના જીવન અમૃતનું આચમન કરીએ માના મહોત્સવની નવી વાનગીઓ વાગોળીએ. જે જે લોકોએ પોતાની જાતને "અહંમ્ભાવ"થી અળગો રાખી સમાજ માટે જે તર્પણ કર્યું છે તેમને વંદન કરી તેમના જીવનામૃતને મનોમન વાગોળી પ્રેરણા પામીએ.

•


સમાજકલ્યાણીદેવી - વિકાસનાં છ દર્શન
કડવા પાટીદાર કુળદેવી શ્રી ઉમિયા માતાજી
સમૂહલગ્ન
આંતરિક વ્યવસ્થાઓ
સમાજયાત્રા
શૈક્ષણિક-સામાજિક ક્ષેત્રે યોગદાન
જ્યોતિરથ
શ્રદ્ધાકેન્દ્રસમાં મંદિરો



કડવા પાટીદાર કુળદેવી શ્રી ઉમિયા માતાજી, ઊંઝા.

शूलं पट्टिश खडग चर्म विशिखान् मुणुंदधानां करै :, सेव्या शोभन षड्भूजां सुनयनां दिव्याम्बरालंकृताम् ।
शुभ्रागां वृषवाहनां सुरनरां भक्तोत्सवां शालिनी, वन्दे श्री कडवेश्वरी भगवती लक्ष्मी प्रदात्रीमुमाम् ॥

ત્રિશૂલ, પટ્ટિશ, ખડગ, ઢાલ, બાણ અને મુણુંદને હસ્તોમાં ધારણ કરવાવાળાં, સેવા કરવા યોગ્ય, સુંદર છ ભૂજાવાળાં, સુંદર નયનોવાળાં, દિવ્ય વસ્ત્રાલંકારોથી શોભતાં, ઉજ્જવળ અંગોવાળાં, વૃષભના વાહનવાળાં, દેવીઓમાં શ્રેષ્ઠ, ભક્તોમાં ઉમંગ-ઉત્સાહ વધારનારાં, દિવ્ય તેજથી શોભતાં, લક્ષ્મી-ઐશ્વર્ય આપવાવાળાં, એવાં કડવેશ્વરી ભગવતી ઉમાને હું વંદન કરુ છું.

॥ श्री उमाम्बा शरणमस्तु जन्मान्तरेष्वपि ॥



# મા ઉમિયાનું નવલુ રૂપ "સમાજ કલ્યાણી દેવી"



વિ.સં. ૨૦૩૩નું પરોઢ સજાગ થઈ રહ્યું હતું. દેવોને પણ જાણવાની આ આલવેદા પોકારતી દેવ ઉઠી અગિયારસ આંગળીના વેઢે ગણીએ એટલા દિવસ બાકી હતા. દેવો જાગીને સૌ પ્રથમ તેમની દેવદિવાળીનો મહોત્સવ ઉજવેલો છે. આપણી પરંપરામાં પ્રથમ મનુષ્યો દિવાળી ઉજવે છે અને પાછળથી દેવો જાગે. અને દિવાળી ઉજવે એવી અદ્‌ભુત તહેવારોની રચના થઈ છે તેની પાછળ ચોક્કસ કોઈ તાત્વિક પરંપરા હશે. એમાં કોઈ અદ્‌ભુત ગણત્રી હશે એ વાત ચોક્કસ છે.

કારતકના સાત દિવસ પૂરા થયા અને હું નવા વર્ષની નૂતનવર્ષની શુભેચ્છા અર્થે 'ધરતી' કાર્યાલય જતો. આ વર્ષે સં. ૨૦૩૩ની સાલ ખૂબ મહત્વની હતી એટલે 'ધરતી' કાર્યાલય ઉપર ગયો. બપોરની વેળા હતી એટલે હું 'ધરતી' કાર્યાલય ઉમા પ્રીન્ટીંગના મેડે ચડતો હતો એ સમયે શ્રી ધરમચંદ ચોકસીની નજર મારા ઉપર પડી, તેઓ પણ કાર્યાલય ઉપર આવ્યા. પાછળથી શ્રી રણછોડલાલ દેવચંદભાઈ કરીને કે જે 'ધરતી' માસિકના પ્રેમી હતા તેઓ પણ આવ્યા. (શ્રી રણછોડભાઈ દરબાર સુરજમલ બોર્ડીંગમાં કારભારી (ગૃહપતિ) તરીકે સારી કામગીરી કરેલી) અને તે સમયે શ્રી પ્રભાતકુમાર દેસાઈ હાજર હતા તે વખતે પ્રેસમાં 'ધરતી'નું કાર્ય તંત્રી તરીકે શ્રી પ્રભાતકુમાર દેસાઈ સંભાળતા હતા. ચારને બેસવાની જગ્યાનો અભાવ હતો, છતાં પ્રેસમાં પણ ખુરશી હતી. એમાં બે ખુરશીશ્રી પ્રભાતકુમારની બેઠક સામે રહેતી હતી તેમાં અમો ત્રણ જણા સંકળાઈને બેઠા.

એ વિ.સં. ૨૦૩૩ એટલે ઉમિયા માતાના મહોત્સવનું વર્ષ. કોઈ પણ જાગૃત કડવા પાટીદારના હૈયામાં તે વર્ષ અંકિત થયેલું હતું કારણકે, ગુજરાત સૌરાષ્ટ્રના જ્યાં જ્યાં મા ના મહોત્સવના પડદાઓ, પત્રિકાઓ ગામે ગામ વહેંચાઈ રહ્યા હતા. મહોત્સવને માત્ર ગણત્રીનો એકાદ મહિનો પણ બાકી રહ્યો ન હતો. મહોત્સવના આયોજકોએ ગામે ગામ નાની-મોટી સભાઓ ભરી, તે સમયે ગોળ-પંચોના આગેવાનોનો સંપર્ક કરી મા નો મહોત્સવ રંગેચંગે પાર પડે તેવા ઉત્સાહપૂર્વક તૈયારીઓમાં હતા. અને 'ધરતી' કાર્યાલયમાં અમો ચાર જણા વચ્ચે માના આ મહોત્સવની વાત શ્રી ધરમચંદ ચોકસીએ આરંભી કહ્યું કે, મહોત્સવ ખૂબ મોટા પાયે થશે. એવી ગણત્રી છે. શ્રી ધરમચંદ ચોકસી શ્રી ઉમિયા માતાજી સંસ્થાન સાથે વહીવટમાં સંકળાયેલા હતા અને હોદ્દેદાર પણ હતા. એટલે મહોત્સવ વિશે એ જાણતા હતા. એટલે વાત વિસ્તારીને કહી અને તેઓ એ એ પણ કહ્યું કે, 'ધરતી' માસિકે આ મહોત્સવનો સમાજમાં પડઘો પડે તેમ કરવું જોઈએ. 'ધરતી' કડવા પાટીદાર સમાજનું મુખપત્ર છે તેને મહોત્સવ વિશે વિગતવાર હકીકતો તથા મહોત્સવ વિશે, ઉમિયા માતાજી વિશે લોકોમાં શ્રદ્ધા જાગે તેવા લેખોનો વિશેષાંક બહાર પાડી જાગૃત કરવા જોઈએ. આ મહોત્સવ ખૂબ અણિના સમયે ગોઠવાયો છે. પાટીદાર સમાજને બેઠો કરવાનો એક આ પ્રયોગ છે. આજે સમાજમાં 'ધરતી' છેલ્લા ત્રીસ વર્ષથી કુરિવાજો હટાવવા પ્રયત્ન કરે છે અને થાય તેટલા પ્રયાસો આપણે સૌ કરીએ છીએ પણ આપણે બધે પહોંચી વળીએ તેમ નથી. એટલે આ મહોત્સવથી ગુજરાત, સૌરાષ્ટ્ર, દ. ગુજરાતના તમામ પ્રદેશો કે જ્યાં પાટીદાર વસે છે તેમને માતાજીના આ મહોત્સવનો સંદેશો પહોંચાડી તેમને ઉમિયા માતાજી તરફ શ્રદ્ધા જાગે, ભક્તિ જાગે તેવા પ્રયત્નો ઉમિયા માતાજીના કાર્યકરો, ગામના આગેવાનો તથા માતા તરફ ભક્તિભાવ રાખનાર લોકોએ જોરદાર પ્રયાસો ઉપાડ્યા છે." આ પ્રમાણેનું વર્ણન સંસ્થાની સાથે સંકળાયેલ હોવાથી તેઓએ વાત કરી.

વાત સારી છે. એકાદ મહોત્સવ, આટલા મોટા પાયે છેલ્લા કેટલાક વર્ષોથી થયો નથી પહેલાં તો પરિષદો દ્વારા થોડી-ગણી સામાજિક વાત લોકો સમક્ષ મૂકી શકતા પણ ૧૯૫૨ની છેલ્લી પરિષદ લાંભા ખાતે મળી તે પછી પરિષદ જાણે ક્યાં સંતાઈ ગઈ. 'ધરતી'માં તેના ઉપર "લાંભા પરિષદનો લાભ" એક કટાક્ષ કથા આ ઈશ્વર હ. પટેલે લખી પણ બહેરા કાને અથડાઈ ગઈ. 'ધરતી' માસિકે સમાજ જાગૃત ના થાય તેટલા તેની શક્તિ પ્રમાણે પ્રયત્નો કર્યા છે અને કરતું રહેશે. સને ૧૯૫૭માં જ્ઞાતિ-પંચોના આગેવાનોનું એક સંમેલન મા ઉમિયાના ચરણોમાં ભરી બાળલગ્નો બંધ કરવાની અપીલ કરી પણ એ પણ બહેરા કાને અથડાઈ અને પંચોના આગેવાનો ઉપરથી વધારે કડક થઈ દંડ અને બહિષ્કાર ફટકારવા લાગ્યા; છતાં ધરતી એની ફરજમાંથી પાછું પડ્યું નથી. પ્રભાતકુમારે 'ધરતી'ની મહોત્સવ પ્રત્યેની ભાવના વ્યક્ત કરી. આગળ કહેવા લાગ્યા કે, **"આ મહોત્સવ એક ધાર્મિક મહોત્સવ ન બને પણ સમાજને જાગૃત કરવાનો એક અનોખો**







**અભિયાન બની રહે તે ખૂબ જરૂરી છે.** મહોત્સવ પાછળની આ ભાવના જાગૃત થાય તેવા પ્રયત્નો અને વિચારોને બળ મળે અને મહોત્સવમાં લોકો વધુ આવે તેવા પ્રયત્નો દરેક જાગૃત નાગરિકોએ કરવા જોઈએ.'' આવા વિચારો પ્રગટ કરવાની જવાબદારી 'ધરતી' માસિકની છે. કારણકે ક.પા. સમાજમાં છેલ્લા ત્રીસ વર્ષથી આ કાર્યૂ એક મા ને 'ધરતી' સમાજ જાગૃતિનું બ્યુગલ ફૂંકી રહ્યું છે. અને આ મહોત્સવ સફળ થાય અને સમાજ બેઠો થાય તો જે કામ 'ધરતી' ઈચ્છે તે કામને અનેકગણું બળ અને ફળ બંને મળશે. આ મહોત્સવને મા ઉમિયાને સમાજકલ્યાણી દેવી તરીકે નવુ રૂપ આપી લોક હૃદયમાં નવી પ્રેરણા ઉભી કરવી જોઈએ.

"મહોત્સવ અને મહોત્સવની વ્યવસ્થા ખૂબ મહેનત માગી લે તેમ છે. જો થોડીક-વ્યવસ્થામાં ખલેલ પહોંચી તો ન બનવાનું બને પણ એ તો માનું કાર્ય છે અને શ્રદ્ધાપૂર્વક આગળ વધો સૌ સારાવાના થશે.'' અમારી સાથે બેઠેલાશ્રી રણછોડભાઈએ પણ પોતાની ભાવના વ્યક્ત કરી. 'ધરતી'નો આગામી અંક મહોત્સવ અંક તરીકે પ્રગટ કરવાનો નિર્ણય કરી અમો સૌ વિખરાયા.

માનો મહોત્સવ રંગેચંગે પાર પડ્યો. ગુજરાતના અખબારો, સાપ્તાહિકો, માસિકો અને તે ઉપરાંત અંગ્રેજી દૈનિકોએ ખૂબ પ્રસિદ્ધિ આ ઉત્સવને આપી. તેનું સંકલન આ અંકમાં છે એટલે તેને ફરી દોહરાવવાની જરૂર નથી.

આ મહોત્સવે એક અનેરો રંગ નિર્માણ કર્યો. 'ધરતી'ના મુઠ્ઠીભર કાર્યકર્તાઓ અને મા ઉમિયાના ભક્ત કાર્યકરોનો પાવન સંગમ થયો. 'ધરતી'ના કાર્યકરોનું સામાજિક વિચારબળ અને મા ઉમિયા સંસ્થાનનું ધનબળ, માનવબળ અને સમાજને બેઠો કરવાની એક ઉચ્ચ ઈચ્છા બળના પ્રયત્નોથી સમાજની વિચાર-દિશા બદલવાની મહેનત ખૂબ ફળદાયી બની અને મા ઉમિયાજી ખરેખર "સમાજકલ્યાણીદેવી'' તરીકેના નવા સ્વરૂપમાં લોકોને દર્શન દેવા બહાર આવ્યાં. આવો, આપણે પણ નવા સ્વરૂપમાં સમાજ કલ્યાણના કામોનો આસ્વાદ માણીએ. અને નવાં રૂપધારી માનાં દર્શન કરીએ.

### દર્શન : ૧ - સમૂહલગ્ન

સમૂહલગ્ન એ પાટીદાર સમાજને વર્ષોથી વળગેલાં હતાં પણ તેમાં બાળલગ્નની છબી હતી. વર્ષોથી બાળ વર્ષે થતાં લગ્નો ગોર મહારાજના શબ્દોએ પ્રમાણસિદ્ધ શબ્દો માનીને ચાલે તો આ સમાજ વર્ષો સુધી ચાલ્યો. પરિસ્થિતિ બદલવા માટે કેટલાક જાગૃત લોકો, સમાજના હિતચિંતકોએ પોતાના બનતા પ્રયત્નોથી ફૂલના દડા સાથેના લગ્નો અને બાર વર્ષે થતાં લગ્નોનો ધીરેધીરે અંત આવ્યો પણ બાળલગ્નો એક મહારોગ સમાજમાં વ્યાપી ગયો હતો. બાળ સગપણએ આ રોગનું મૂળ હતું. તેમાં ખાનદાની, મોટાઈ, ઉંચ-નીચની કલ્પનાઓએ બાળલગ્નોના રોગને વિકસાવ્યો હતો. અને તેની નાબૂદી માટે 'ધરતી' માસિકે જોરદાર ઢોલ પીટી તેનો અવાજ ગામડાના છેવાડાના માનવી સાથે પહોંચાડ્યો. તે અરસામાં 'ધરતી' તરફથી ડૉ. મફતલાલ પટેલે લખેલ "સમૂહલગ્નના લાભાલાભ'' નામની પુસ્તિકા બહાર પડી અને તેને લોક સમક્ષ આગળ ધરી અને ઊંઝા તથા 'ધરતી'ના કાર્યકરોએ ગામડે ગામડે ફરી બાળલગ્નના રોગને નાબૂદ કરવા અને સમૂહલગ્નો શરૂ થાય તે સારૂ ખૂબ ઝૂંબેશ શરૂ કરી અને તેના પરિપાકરૂપે ઊંઝાના મહોત્સવના મોભી, સમાજને બેઠો કરવામાં જેમને પોતાની યુવાન અવસ્થાને સમાજના કલ્યાણ માટે ઘસી નાખી તેમણે ઊંઝામાં માને આંગણે સમૂહલગ્ન યોજવા માટે કમર કસી. રાત-દિવસ જોયા વગર ઉત્તર ગુજરાતના ગામડે ગામડે ફરી સમૂહલગ્નો માટે વરઘોડિયાંની ઉઘરાણી કરવા લાગ્યા. એમની ભારે જહેમત અને સમાજના લોકોને સમજાવવાની સૂઝને કારણે ઊંઝાને આંગણે તા.૨૯-૪-૭૯ના પાવન દિવસે મા ના ચરણોમાં ૨૪ યુગલોનો સમૂહલગ્નો ઉજવાયાં. એ ૨૪ યુગલોનો વરઘોડો જ્યારે ઊંઝા નગરમાં ફર્યો ત્યારે ઉમંગના ફૂવારાઓમાં છલકાઈને નાગરિકો આનંદ વિભોર બની રહ્યા હોય તેવું દૃશ્ય ઉપસેલું. આ ૨૪ સમૂહલગ્નમાં 'ધરતી'ના તંત્રીશ્રી પ્રભાતકુમાર દેસાઈના પુત્ર શ્રી અજીતકુમારનો પણ સમાવેશ હતો. આ સમૂહલગ્ન વખતે 'ધરતી'ના કાર્યકરોની ટીમ હાજર હતી. અને તે પછી ધરતી વિકાસ મંડળ તરફથી તા.૪-૫-૧૯૮૦ના રોજ ઉસ્માનપુરા કડવા પાટીદારની વાડીમાં સહયોગથી વાડી બહાર વિશાળ મંડપ બાંધી અમદાવાદ ખાતે ૧૬ યુગલોનો સમૂહલગ્ન પચીસહજાર માણસોની હાજરીમાં શેઠશ્રી જયકૃષ્ણ હરિવલ્લભદાસના પ્રમુખ સ્થાને અમદાવાદના મેયર શ્રી કૃષ્ણવદન જોષી તથા જગન્નાથ મંદિરના મહંતશ્રીના આશીર્વાદ સાથે ઉજવાયો. આ સમૂહલગ્નમાં 'ધરતી'ના કાર્યકર ઈશ્વર

હ. પટેલના પુત્ર શ્રી અરવિંદકુમારના લગ્ન લેવાયેલા. ધરતી વિકાસ મંડળના આ સમૂહલગ્ન નિમિત્તે 'ધરતી'એ મે-૮૦નો અંક "સમૂહલગ્ન વિશેષાંક" તરીકે બહાર પાડી જ્ઞાતિ-પંચોના આગેવાનો અને સમાજના જાગૃત નાગરિકોને સમાજનો પ્રગતિ તરફ લઈ જવા ઈચ્છતાં પ્રગતિ મંડળના આગેવાનોને આમ તમામ લોકોને આ વિશેષાંકનો અંક વિના મૂલ્યે મોકલી આપી વિચાર પરિવર્તન માટેનું વાયુમંડળ નિર્માણ કરવાનું ભગીરથ કાર્ય કર્યું. આમાં મા ઉમિયાના કાર્યકરોનો સંપૂર્ણ સહયોગ પ્રાપ્ત થયો અને તે પછી ધરતી વિકાસ મંડળ જ્યાં વાડી મળે, હોલ મળે ત્યાં સમૂહલગ્નો યોજવાની ધૂન મચાવી સને વિ.સં. ૨૦૩૭ (૧૯૮૧)ના વર્ષને સમૂહલગ્ન વર્ષ તરીકે ઉજવી. અને આ રીતે સમૂહ લગ્નનો વિચાર વાયુ સમગ્ર ગુજરાતના માત્ર પાટીદાર સમાજ નહિ પણ સદર જ્ઞાતિના લોકોએ પણ આ સમૂહલગ્નની હવા સ્પર્શી ગઈ. આજે આપણે છેલ્લા કેટલાક વર્ષોથી જ્ઞાતિ-પંચોએ પોતાના સમાજમાં ગામદીઠ કે સમૂહમાં લગ્નો યોજી એક નવી ભાત ઉપસાવી છે. આનાથી એક મોટામાં મોટો ફાયદો બાળલગ્ન નાબૂદ થયાં, કન્યા કેળવણીનો વ્યાપ વધ્યો તે થયો. આજે તો ૨૫ વર્ષની કન્યા અને ૨૭-૨૮ વર્ષનો મુરતીયો પોતાની પસંદગી યુક્ત લગ્ન કરે છે. આમ મા ઉમિયાનું તેજોમય દર્શનનો લ્હાવો સંવત ૨૦૩૩ના મહોત્સવથી થયો. કેટલાક સમાજોનો તો આ સમૂહલગ્નો વાર્ષિક કાર્યક્રમ બની ગયો છે. ઈશ્વર હ. પટેલના બલોલ ગામ ચાલુ વર્ષે વિ.સ.સને ૨૦૧૨માં ૧૮ મો સમૂહલગ્ન પૂર્ણ કરશે. મહેસાણા જિલ્લાનો કડકમાં કડક સાતનો સમાજનાં આઠ ગામ જેવાં કે, બલોલ, પાંચોટ, કંથરાવી, કોલવડા, વિસનગર, લાડોલ, મહેસાણા, લાછડીના આઠ ગામ વારા ફરતી માગસરથી મહા માસ સુધીમાં સમૂહ લગ્નો યોજી એક નવી ભાત સમાજે ઉભી કરી છે. ઘણા સમાજો આનાથી પણ વધુ સમૂહલગ્નોની ઉજવણી કરી ચૂક્યા હશે અને આમ સમૂહ લોક ઉત્સવે પાટીદાર સમાજને ખૂબ નજીક લાવી દીધા છે. તે ઉપરાંત જેઓ નોકરી-ધંધા માટે ગામથી દૂર રહેતા હોય તે આવા પ્રસંગે પોતાના વતન તરફ આવવા જરૂર આકર્ષાય. અને મદદરૂપ પણ થાય. અને માનાં આ નવલારૂપે બધાને આનંદિત કરી દીધા છે. સમૂહલગ્નોનો મહોત્સવ-લોક ઉત્સવનુ નવું નજરાણું બની રહ્યું છે.

## દર્શન : ૨ - સમાજયાત્રાઓ

આમ તો 'ધરતી' માસિકના પ્રચારક તરીકે સૌ પ્રથમ જોડાયેલા શ્રી શંકરદાસ રામદાસ 'ધરતી' માસિકના સભ્ય નોંધણી અર્થે ઉ.ગુ.ના ગામડાઓમાં ફરતા અને સમાજને ખોટા કુરિવાજોમાંથી બચાવવા પોતાની રીતે, પોતાની ભાષામાં લોકોને સમજાવતા તેમની સાથે 'ધરતી'ના કાર્યકરો પણ અવર-નવર ગામડાઓનો પ્રવાસ કરતા. શરૂઆતમાં સમૂહ લગ્નની વાત ન હતી પણ બારમાં ન કરો, બાળલગ્નો ના કરો, દીકરા-દીકરીઓને ભણાવો જેવી વાતો થતી પણ અઢારમી શતાબ્દી મહોત્સવ પછી આખો વિચાર ફલક વિશાળ બની ગયો. મા ઉમિયાના કાર્યકરો અને 'ધરતી'ના કાર્યકરોના સંગમે એક નવું રૂપ ધારણ કર્યું. સમૂહલગ્નો પાટીદાર સમાજને પોતાની જરૂરિયાત લાગે તે માટે ખોટા ખર્ચમાં તણાઈને આપણે ગુમાવ્યું છે તેવો અહેસાસ થવા લાગ્યો એટલે તેના હવે પ્રયત્નો ઉપર ભાર મૂકવાનો સમય આવ્યો છે તે માટે સમાજયાત્રાઓ એક અનિવાર્ય બની ગઈ અને અઢારમી શતાબ્દી પછી જેવો સમૂહલગ્નનો વાયરો ઉભો કર્યો તેવા વાયરા સાથે સાથે સમાજ જાગૃતિનો વાયરો ઉપણવા મા ઉમિયા માતાજી સંસ્થાનના કાર્યકરો અને ધરતી વિકાસ મંડળના કાર્યકરોનું એક ટીમ સૌરાષ્ટ્રના એક ડઝનથી વધારે નગરોમાં જાગૃતિનો સંદેશ લઈ ૧૯૮૧ના એપ્રોડના પ્રથમ સપ્તાહે એક મેટાડોર લઈને પ્રથમ સમાજયાત્રાએ નીકળી. આ યાત્રાનું પ્રેરકબળ સ્વ. શેઠશ્રી કેશુભાઈએ પુરૂ પાડેલું. આ યાત્રાના ફળ સ્વરૂપે ઊંઝાના કાર્યકરોમાં જે મહોત્સવના ઉત્સવને અક્ષરદેહ આપવાની અતૃપ્ત ઈચ્છા આ સમાજયાત્રા દરમ્યાન ગ્રંથરત્નની ઈચ્છા પૂરી થઈ. સમુદ્રમંથનને અંતે જેમ અમૃત મળે તેમ અઢારમી શતાબ્દી મહોત્સવ સ્મૃતિગ્રંથની રચનાની હૈયા ધારણ મળી અને તેની રચના થઈ ગઈ. એક અનોખુ નજરાણું માના ચરણોમાં ધરવાનો યશ લ્હાવો આ ગ્રંથના લેખકોને મળ્યો. એ પછીતો જુદા-જુદા વિભાગો-પ્રદેશોમાં સમાજયાત્રાઓનો સીલસીલો શરૂ થયો. પાટીદાર સમાજ માટે અઢારમી શતાબ્દી મહોત્સવ એક ઉજળા એંધાણો લઈને આવ્યો હતો. વિશ્વના ફલક ઉપર પાટીદાર જ્ઞાતિનું અસ્તિત્વ નિર્માણ પામ્યું. આ સમાજયાત્રાઓએ આખુ ગુજરાત ખૂંદી નાખ્યું તેમ કહીએ તો ખોટું નથી. આ સમાજયાત્રાનો ૧૯૮૧ પછી સતત ૧૫ વર્ષ







વિવિધ સ્થળોએ સમૂહલગ્નો, કન્યા કેળવણીના વ્યાપ માટે બાળલગ્નોનું અસ્તિત્વ મટે તે માટે, જોરદાર સામાજિક જાગૃતિ માટે, સમાજમાં નવી ચેતના લાવવા માટે સમાજમાં નવા ચીલા પાડ્યા. અને આ સામાજિક જાગૃતિના પરિપાકરૂપે 'જ્યોતિરથ'માં ખુદ મા ઉમિયાજી પોતાના પરિવારજનોને સામા પગલે મળવા જવાનો નવો માર્ગ આપ્યો. જ્યોતિરથથી લગભગ જાણવા પ્રમાણે ચાર હજાર ગામ-નગરોનો સંપર્ક કરી સમાજમાં નવુ બળ ઉમેરાયું અને તે રીતે મા પ્રત્યેની પાટીદાર સમાજમાં નવી ચેતનાનો સંચાર થયો. આ જ્યોતિરથનો માનો પ્રવાસ ગુજરાત નહિ, ભારત નહિ પણ સાત સમંદર પાર કરી વિશ્વના જગત જમાદાર થઈ બેઠેલા. અમેરિકા ઉપર હાલ ફરી રહ્યો છે અને મળેલા હેવાલ પ્રમાણે ત્યાંનો પાટીદાર સમાજ સામે ચાલીને દર્શન આપવા આવેલી માનું હૈયાના હેતથી ઉમળકાથી સ્વાગત કરી રહ્યો છે અને આમ સમાજયાત્રા એક દિવ્યયાત્રા બની રહી છે એ ભાવિ સમાજ માટે શુભ સંકેત છે. આ સમાજયાત્રાઓ દ્વારા મા ઉમિયાજીનું વિરાટ-તેજોમય સ્વરૂપ પ્રગટ થયું એ તેજોમય સ્વરૂપ એટલે જ સમાજ કલ્યાણભાવનો સાક્ષાત્કાર. એ સાક્ષાત્કાર ભાવને લઈ મા ઉમિયાજી લોકદર્શન આપવા જ્યોતિરથમાં બિરાજમાન થઈ દેશ-વિદેશ વિચારી રહ્યાં છે અને એકવીસમી સદીનો આ નવો અધ્યાય માનવજાત માટે ઉપહાર બની રહેશે.

## દર્શન : ૩ - જ્યોતિ રથ

લોક જાગૃતિ માટે, લોકભક્તિ માટે, મા ઉમિયાજી આપણાં કુળદેવી છે તે જગત જનની છે, તે રાજરાજેશ્વરી છે, સમગ્ર પાટીદાર સમાજની એ અન્નપૂર્ણા છે. તે કૃષિઋષિની સાધનાનો કલ્યાણભાવ છે, એ કલ્યાણભાવ જગાડવાનો એક પ્રેરક ભાવ એટલે સમાજયાત્રાએ સમાજયાત્રાના ઉદારભાવ સાથેના ખેડાણમાંથી નિપજેલો જ્યોતિરથનો વિચારપિંડ ! સમાજયાત્રાઓ ગુજરાત પૂરતી સીમિત ન રહેતાં તે દક્ષિણ ગુજરાતના સિમાડા ઓળંગી, માત્ર મહારાષ્ટ્રની જ નહિ પણ સમગ્ર ભારતની આર્થિક નગરી તરીકે બહુમાન પામેલી એવી મુંબઈમાં પણ સમાજયાત્રા થઈ અને તેની જ્યોત પ્રકાશી રહી તે ઉપરાંત રાજસ્થાન-મધ્યપ્રદેશની ધરતી ઉપર પણ સમાજયાત્રાનો ધબકાર ધમધમી રહ્યો. આજથી બેદાયકા પહેલાંના કાર્યકર્તાના હૈયામાં સમાજને બેઠો કરવાનો, સમાજને જાગૃત કરવાનો તેની દિશા અને દશા બદલવાનો, જૂના કઢંગી અને દર્દી બનાવતા એવા રોગિષ્ટ રિવાજોમાંથી સમાજને મુક્ત કરી, સમાજ તંદુરસ્ત બને લોકસમક્ષ મજબૂત રીતે કોઈપણ કટોકટીને પહોંચી વળે તેવો સ્થિર-અડગ બની પડકાર કરી શકે તેવો બનાવવા માટે સૌ કાર્યકર્તાઓના હૈયામાં મા ઉમિયાજીએ પ્રેરણા-અમી સિંચ્યુ હોય તેવા મનોભાવ સાથે, કોઈ અપેક્ષા વગર, નાના મોટાનો ભેદભૂલી જે કાર્ય કર્યું તેનો અનેરો નજારો આજે આપણે જોઈ રહ્યા છીએ. સામાજિક જાગૃતિનો એ ઉજાસ ચારે તરફ દેદીપ્યમાન થઈ રહ્યાનો સૌ અનુભવી રહ્યા છીએ. અને એ સમાજયાત્રાના વિચાર વલોણામાંથી પ્રગટેલો જયોતિરથરૂપી અમૃતકુંભ ! આ અમૃતકુંભમાંનું અમૃત મા ઉમિયાજી ઘેર ઘેર જાતે વહેંચવાનાં હોય અને સામે ચાલીને લોકદર્શન આપવાની તેમની ઈચ્છા હોય તેવી એક પ્રેરણા જ્યોત આપણા કાર્યકર્તાઓના હૃદયમાં એક નાનકડા કાર્યક્રમમાંથી પ્રેરણાનો પાઠ હૈયે ઉતારી દીધો.

### અને એ ઘટના આમ બની !

મધ્યપ્રદેશનું એક સામાન્ય નાનકડું ગામડુ. ગામનું નામ કરોંદિયા. આ ગામમાં મા ઉમિયા માતાજીની મૂર્તિની પ્રાણ-પ્રતિષ્ઠા કરવાની હતી. તેથી તેઓએ આ અંગે ઊંઝાના કાર્યકર્તાઓની ઊંઝા આવી સલાહ માગી અને પ્રાણ-પ્રતિષ્ઠાના કાર્યક્રમમાં પધારવાનું આમંત્રણ આપ્યું. આ આમંત્રણને માન આપી ઊંઝાથી આપણા બંને મોભી કાર્યકર્તા એવા શેઠશ્રી કેશુભાઈ અને શ્રી મણિભાઈ મમ્મી મા ઉમિયાની જ્યોત લઈ કરોંદિયા ગામ ગયેલા. મધ્યપ્રદેશના એક નાનકડા ગામમાં મા ઉમિયાજીનું મંદિર બને તેના જેવો રૂડો અવસર બીજો શું હોય ? આપણા કાર્યકર્તાઓના મન મલકાઈ ઉઠ્યા. કરોંદિયા ગામ જઈને જોયું તો એક સામાન્ય નાનકડુ ગામ. ખર્ચને પહોંચી વળવાની શક્તિ નહિ. પણ કાર્યકર્તાઓ નિયમાનુસાર ઊંઝાથી જે જ્યોત સાથે લઈ ગયેલા, તે જ્યોતિને એક નાનકડા રથ ગાડા જેવા વાહનમાં ગોઠવી તેમાં માતાજીનો ફોટો મૂકી, રથને ગામમાં ઘેરઘેર ફેરવવામાં આવ્યો. ગામના લોકોના હૈયામાં એવી પ્રેરણા જાગી કે મા ઉમિયાજી આપણા ઘેર-આંગણે સામા પગલે દર્શન આપવા આવ્યાં છે. એટલે લોકો તો ઉત્સાહિત થઈ, જે મળ્યુ તે લઈ સ્વાગત કરવા ઉમટી પડ્યા. લોકોનાં હૈયામાં એવો ભાવ જાગ્યો કે મા પોતે આવ્યાં છે. એટલે







આપણે તેનાં દર્શન કરવાં જોઈએ ગામનાં સૌ અબાલવૃદ્ધ સૌ કોઈ દર્શનાર્થી થઈ ઉમટી પડશે. એ વખતે અઢારમી શતાબ્દીના મહોત્સવની નાનકડી છબી-આવૃત્તિ ત્યાં સર્જાઈ. અને રથમાં બિરાજમાન માએ આપણા કાર્યકર્તાઓના હૈયામાં જ્યોતિ-રથના દશ્યનો પાવન સંગમના ઝબકારો થઈ ગયો. જ્યોતિરથનું એકીકરણનો ભાવ પ્રગટાવ્યો. આ જ્યોતિરથે એક શાશ્વતરૂપ ધારણ કર્યું. જાણે મા જ્યોતિરથમાં આરૂઢ થઈ સ્વયંમ્ પોતાના વહાલસોયા બાળકોને મળવા-સામે ચાલીને જવા માગતી હોય તેવો એક અખંડ વિચાર દીપ પ્રગટાવી દીધો. એ વિચાર દીપે સમય જતાં ઠેરઠેર અજવાળાં પાથરી દીધાં સમાજયાત્રા માતા નહિ, જ્યોતિરથ સાથેની સમાજયાત્રા માના સંગાથ સાથેની સમજયાત્રા. મારે પણ મારા બાળકોની સ્થિતિનાં દર્શન કરવાં છે. અને આપણે જોઈ રહ્યાં છીએ કે છેલ્લા ત્રણ દાયકાઓમાં પાટીદાર સમાજ ક્યાંનો ક્યાં પહોંચી ગયો છે. પાંત્રીસ વર્ષ પહેલાં પાટીદાર સમાજ કેટકેટલી બેડીઓમાં બંધાયેલો હતો. સાટાંપેટાંની બેડી, બાળલગ્નની બેડી, પ્રેતભોજનની બેડી, પંચોના આગેવાનોની જોહુકમોની બેડી, આવી અને બીજી અનેક બેડીઓથી જકડાયેલો સમાજ અઢારમી શતાબ્દી મહોત્સવ પછી સફાળો જાગી ઉઠ્યો હોય તેવું આપણે આજે પ્રત્યક્ષ જોઈ રહ્યા છીએ. આ જાગૃતિએ પાટીદાર સમાજને વિશ્વના તખ્તા ઉપર લોકો આજે નિહાળી વિચારી રહ્યા છે કે, આ કઈ જ્ઞાતિ છે ?

અરે ! વિચાર કરો ! વિશ્વને પોતાની સમૃદ્ધિથી આંજી નાખવાનો મિથ્યા પ્રયાસ કરનાર અને જગત જમાદાર થઈ રોફ કરનાર પશ્ચિમના અમેરિકા અને કેનેડાના પ્રવાસે જઈ મા ઉમિયાજી પોતાના પરિવારનું દર્શન આપવા જ્યોતિરથની સવારી લઈને ગયાં છે અને અમેરિકામાં ત્યાં રહેતા આપણા લોકો માના પધરામણને હૈયાના હેતથી સ્વાગત કરી રહ્યા છે. પોતાના આંગણે આવેલાં માને હોમ-યજ્ઞ કરી, તેની પૂજા અર્ચના કરી, તેની આરતી ઉત્સવ ઉજવી રહ્યા છે. આ જોઈ પશ્ચિમના લોકો વિચારતા હશે કે, આ ભારતીયોના સંસ્કારો, તેમનાં તન, મન અને ધન ધર્મ પાછળ ખર્ચી એક નવી પ્રેરણાનો ઉજાસ ભોગવી રહ્યા છે. ભારતીય સંસ્કારોએ તેની હજારો-હજારો વર્ષની ધર્મભાવનાને જરા પણ ઝાંખી પડવા દીધી નથી અને આમ, આ લખાઈ રહ્યું છે ત્યારે અમેરિકાની ધરતીને પાવન કરતો જ્યોતિરથ ફરી રહ્યો છે અને લોકોને નવી પ્રેરણા આપતો રહ્યો છે. જ્યોતિરથમાં આરૂઢ થઈ મા ઉમિયાજી સાત સમંદર પાર કરી ગઈ છે તે જ્યાં ગઈ છે ત્યાં તેને તેનાં પૂજા સ્થાનો નિર્માણ કર્યાં છે. કુળદેવીમાં આસ્થા શ્રદ્ધા જાગે તે માટે આવાં મંદિરો થયાં અને તેવાં મંદિરો દેશમાં અને વિદેશમાં થઈ ૧૮૧ જેવાં થયાં છે. એ માના અઢારમી શતાબ્દી મહોત્સવના બંન્ને ઉત્સવોનો પ્રભાવ છે. આ જાગૃતિએ ચિરંજીવ-ધર્મભાવ પ્રગટ કરી ઐતિહાસિક સિદ્ધિ મેળવી છે. છેલ્લા ત્રણ દાયકાઓમાં જે જે કાર્યકર્તાઓ એ આ કાર્યમાં યોગદાન આપ્યું છે તે ખરેખર ધન્યવાદને પાત્ર છે આ એક કાર્યભક્તિ છે. વિચારભક્તિથી પ્રગટતી કાર્ય ભક્તિ અને કાર્યભક્તિની સિદ્ધિ એટલે સિદ્ધિ ભક્તિ આ એક સાધના ભક્તિએ મા ઉમિયાજીનાં જે દર્શન મંદિરો પ્રગટ કર્યા તેની યાદી સમાજકલ્યાણી દેવીના ચોથાં દર્શન માટે જોઈએ.

## દર્શન : ૪ માતાજીનાં શ્રદ્ધાકેન્દ્રો : મંદિરો

મા ઉમિયાજીને સમાજકલ્યાણી દેવી તરીકે લોકહૃદયમાં પ્રસ્થાપિત કરવા માટે, લોક જાગૃતિના યજ્ઞો જેવા લોકપ્રવાસો સમી સમાજયાત્રાઓ અને તેના દ્વારા બંધાયેલા પિંડમાંથી સમૂહલગ્નોનો ઠેર ઠેર મહોત્સવો થવા લાગ્યા. જુદા જુદા ગોળ-પંચોનું સમાજ મંડળોમાં રૂપાંતર થયું તેમની દ્વારા સમૂહલગ્નોની ઝલક જાજરમાન બની, બાળલગ્નોનું અસ્તિત્વ ભૂંસાઈ ગયું. સમાજને આર્થિક રીતે ખૂબ ફાયદો થયો તે ઉપરાંત શ્રીમંતના ઘરની દીકરી અને સામાન્ય ઘરની દીકરી એક માંડવા નીચે એક સાથે પ્રભુતામાં પગલાં પાડશે. શરણાઈના સૂરનો ધ્વનિ દરેક કન્યા-ઘરના કાનમાં એક સાથે ગૂંજન બની પ્રવેશ્યો. સામાજિક રીતે ઉંચનીચના જે સ્તર હતા તેની વિદાય થઈ. આ એક પરમ સામાજિક ક્રાંતિની તેજ રેખાઓનો ઉજાસ સમગ્ર સમાજને અજવાળી રહ્યો. વિ.સં. ૨૦૩૫ ઊંઝા અને વિ.સ. ૨૦૩૬ ના સમૂહલગ્ન-અમદાવાદના એ જે પડઘો પડ્યો તેની અસર જ્ઞાતિ-પંચોના બંધનો ધીરે ધીરે ઢીલાં પડ્યાં અને તેને ઢીલાં કરવામાં 'ઊંઝા' અને 'ધરતી'ના ભૂ.પૂ. કાર્યકરોએ જે સમાજયાત્રાઓ કાઢી, જે સમાજ જાગૃતિની ઝૂંબેશ ઉપાડી જે હવામાન સમાજને પોતાની દિશા બદલવાની ફરજ પડી. આ બધા પ્રયત્નોથી મા ઉમિયાનું સમાજકલ્યાણ માટે જ્યોતિ રથમાં આરૂઢ થઈ સમાજ કલ્યાણી દેવીનું રૂપ



# શ્રી ઉમિયા માતાજી

## અઢારમી શતાબ્દી મહોત્સવ ✻ સ્મૃતિગ્રંથ



ધારણ કરી સ્વયમ્ દર્શન આપવા માટે બહાર આવ્યાં. અને તેમાંથી તેઓ જ્યાં જ્યાં ફર્યા, વિહાર કર્યા ત્યાં ત્યાં પોતાનાં નિજ દર્શન માટે માતાજીનાં મંદિરોનું નિર્માણ કર્યું. સં. ૨૦૩૩ના વર્ષ પહેલાં મા ઉમિયાજીનાં મંદિર કદાચ આંગળીના વેઢે ગણાય તેટલાં પણ નહિ હોય પણ આ પાંત્રીસ વર્ષમાં અમને જે યાદી મળી છે તે મુજબ ૧૮૧ મંદિરોનું નિર્માણ થઈ ગયું છે. આ મંદિરો માત્ર ગુજરાત હદમાં નહિ પણ ભારતના સિમાડા ઓળંગી સાત સમંદર પાર એવા અમેરિકા, કેનેડા, નેપાળ જેવા દેશોમાં અસ્તિત્વ બની રહ્યાં છે. આજે આ લખાઈ રહ્યું છે ત્યારે તે વિશ્વના ધનાઢ્ય ગણાતા દેશ અમેરિકામાં મા ઉમિયાજી જ્યોતિરથમાં બિરાજમાન થઈ શાહી સવારી સાથે ત્યાંના લોકોને પ્રસન્ન ચિત્તે દર્શન આપી રહ્યાં છે. અને ત્યાંના લોકો પણ, જે વતનથી દૂર દૂર જઈ વસ્યા છે, તેઓના હૃદયમાં પણ એવો ભાવ પ્રગટ્યો છે કે, મા અમારા આંગણે સામે આવી ને દર્શન આપવા આવી છે એટલે તેઓ પણ હરખઘેલા થયા છે. વિદેશી ધરતી ઉપરનો મા ઉમિયાજીનાં શ્રદ્ધા કેન્દ્રો, મંદિરો શરૂ થઈ ગયાં તથા આપણાં દેશમાં જ્યાં જ્યાં મંદિરો થયાં છે તેની યાદી પણ જોઈએ.

અમને મળેલી માહિતી પ્રમાણે હિમાલયની પુત્રી તે પોતાના હિમાલયના હૃદય સ્થાન સમા 'હરદ્વાર'માં હિંદુ જનતાના શ્રદ્ધા કેન્દ્ર સમા ભારત માતાના મંદિરમાં પણ સ્થાન મળી ગયું છે. હરદ્વારએ હિંદુ જનતાનું પવિત્રમાં પવિત્ર યાત્રા સ્થાન છે. ગંગા અને તેનું જળ એ દરેક હિંદુ હૃદયમાં એક પવિત્ર જળ ગણાય છે. હિંદુ-માનવીને જીવનના અંતિમ શ્વાસે ગંગાજળનાં બે ટીપાં તેના આત્માને પરમશાંતિ આપવા માટે પૂરતાં બની રહે છે એવા ગંગા કિનારે-હરદ્વારમાં જાણીતા સંતશ્રી પ.પૂ. સ્વામી સત્યમિત્રાનંદગીરીજી (પૂર્વ શંકરાચાર્યજી)એ હિન્દુ સમાજમાં ભારતીય સંસ્કાર-સંસ્કૃતિની જ્યોત જલતી રહે તે માટે વિવિધ શ્રદ્ધા કેન્દ્રનો સમૂહમાં દર્શનનો લાભ મળે તેવા ઉમદા હેતુસાર હરદ્વારમાં "ભારતમાતા મંદિર"નું નિર્માણ કરેલું છે અને તે વિશાળ મંદિરના પાંચમા માળે મા ઉમિયાજીની મૂર્તિની જ્યાં પ્રતિષ્ઠાન કરવાની છે તે ઊંઝાના અગ્રીમ કાર્યકરોને બોલાવી સ્થળ બતાવી મંજૂરી આપી દીધી છે અને તે ટૂંકસમયમાં ત્યાં મા ઉમિયાજી પોતાનું સ્થાન લઈ લોક દર્શન આપતાં થઈ રહેશે. આમ પવિત્ર ગંગાના કિનારે હિમાલયની પુત્રી હિમાલયની ગોદમાં બિરાજમાન થઈ જશે. હવે, જ્યારે જ્યારે હિમાલયની યાત્રા માટે કેદારનાથ, બદ્રિનારાયણ, જન્મોત્રી, ગંગોત્રી કે હરદ્વાર જવાનું થશે ત્યારે ત્યારે મા ઉમિયાજીનાં દર્શનનો પણ લાભ મળતો થઈ જશે. આમ મા ઉમિયાજીનો પ્રેમ પ્રભાવ ચારે તરફ પ્રસરી રહ્યો છે. હવે જોઈએ, સ્થળે-સ્થળે પ્રગટેલાં **મા ઉમિયાજીનાં મંદિરોની યાદી :**

૧. શ્રી ઉમિયા માતાજી મંદિર મુ. ઊંઝા, જિ. મહેસાણા.
૨. શ્રી ઉમિયા માતાજી મંદિર મુ. વાંઢાય, પો. દેશલપર, તા. ભૂજ, જિ. કચ્છ.
૩. શ્રી ઉમિયા માતાજી મંદિર મુ. સિદસર, તા. જામજોધપુર, જિ. જામનગર.
૪. શ્રી ઉમિયા માતાજી મંદિર મુ. કરોંદિયા, તા. મહેશ્વર, જિ. ખરગાંન
૫. શ્રી ઉમિયા માતાજી મંદિર, શ્રી અંબિકા પાટીદાર સમાજ ધાર્મિક-પારમાર્થિક ટ્રસ્ટ, મુ. રાઉરંગવાસા, તા. ઈન્દૌર.
૬. શ્રી ઉમિયા માતાજી મંદિર મુ. લીલીયામોટા, તા. લીલીયા, જિ. અમરેલી.
૭. શ્રી ઉમિયા માતાજી મંદિર, ભાઠેના-૧, કિન્નર ટોકીઝની સામે, ૮૦ ફુટના રોડ ઉપર, નવા પુલની સામે, સુરત.
૮. શ્રી ઉમિયા માતાજી મંદિર, શ્રી ઉમિયા પરિવાર ટ્રસ્ટ, ઉમિયાધામ, વરાછા રોડ, સુરત.
૯. શ્રી ઉમિયા માતાજી મંદિર મુ. ઉમજ, તા. પાદરા, જિ. વડોદરા.
૧૦. શ્રી ઉમિયા માતાજી મંદિર ગુંદીખાડ, પટણી દરજાજા, મુ. વિસનગર, જિ. મહેસાણા.
૧૧. શ્રી ઉમિયા માતાજી મંદિર ટાવર પાસે, મુ. ગોજારીયા, જિ. મહેસાણા.
૧૨. શ્રી ઉમિયા માતાજી મંદિર શ્રી ઉમિયા માતાજી પથિકાશ્રમ, લાટીમાં, મુ. બેચરાજી, જિ. મહેસાણા.
૧૩. શ્રી ઉમિયા માતાજી મંદિર મુ. જહાજ, તા. ખંભાત, જિ. આણંદ.



# શ્રી ઉમિયા માતાજી

## અઢારમી શતાબ્દી મહોત્સવ ❋ સ્મૃતિગ્રંથ



૧૪. શ્રી ઉમિયા માતાજી મંદિર મુ. મોરજ, તા. ખંભાત, જિ. આણંદ.

૧૫. શ્રી ઉમિયા માતાજી મંદિર ભાવનગર સમસ્ત ક.પા. જ્ઞાતિ, "ઉમિયાધામ" ઠાકરદ્વારા મંદિર, કણબીવાડ, ભાવનગર.

૧૬. શ્રી ઉમિયા માતાજી મંદિર મુ. ઉંદેલ, તા. ખંભાત, જિ. આણંદ.

૧૭. શ્રી ઉમિયા માતાજી મંદિર મુ. રિદ્રોલ, તા. માણસા, જિ. ગાંધીનગર.

૧૮. શ્રી ઉમિયા માતાજી મંદિર મુ. વિડજ, તા. કડી, જિ. મહેસાણા.

૧૯. શ્રી ઉમિયા માતાજી મંદિર મુ. રાજપુર, તા. કડી, જિ. મહેસાણા.

૨૦. શ્રી ઉમિયા માતાજી મંદિર મુ. કાંસા, તા. વિસનગર, જિ. મહેસાણા.

૨૧. શ્રી ઉમિયા માતાજી મંદિર મુ. બુટાપાલડી, તા.જિ. મહેસાણા.

૨૨. શ્રી ઉમિયા માતાજી મંદિર, તેજેશ્વર મહાદેવ પાસે, ભાઉપુરા, મુ. કડી, જિ. મહેસાણા.

૨૩. શ્રી ઉમિયા માતાજી મંદિર, ઉમા ભવાની સોસાયટી, રેલ્વે સ્ટેશન પાસે, ચાંદખેડા, જિ. ગાંધીનગર.

૨૪. શ્રી ઉમિયા માતાજી મંદિર મુ. જેપુર, તા. વિજાપુર, જિ. મહેસાણા.

૨૫. શ્રી ઉમિયા માતાજી મંદિર મુ. જંત્રાલ, તા. વિજાપુર, જિ. મહેસાણા.

૨૬. શ્રી ઉમિયા માતાજી મંદિર મુ. કૈયલ, તા. કડી, જિ. મહેસાણા.

૨૭. શ્રી ઉમિયા માતાજી મંદિર, સૌરાષ્ટ્રનગર સોસાયટી, કુમાર શાળા પાછળ, નરોડા, અમદાવાદ.

૨૮. શ્રી ઉમિયા માતાજી મંદિર, ગાયત્રી શક્તિપીઠ, મુનસર તળાવ પાસે, મુ. વિરમગામ, જિ. અમદાવાદ.

૨૯. શ્રી ઉમિયા માતાજી મંદિર મુ. લીંબડી, જિ. સુરેન્દ્રનગર.

૩૦. શ્રી ઉમિયા માતાજી મંદિર, અસારવા, અમદાવાદ.

૩૧. શ્રી ઉમિયા માતાજી મંદિર નરોડા, અમદાવાદ.

૩૨. શ્રી ઉમિયા માતાજી મંદિર, શ્રી ઉમિયા માતાજી કેમ્પસ, ભાગવત વિદ્યાપીઠ પાસે, એસ.જી. હાઈવે, સોલા, અમદાવાદ.

૩૩. શ્રી ઉમિયા માતાજી મંદિર બસ સ્ટેન્ડ પાસે, નવાવાડજ, અમદાવાદ.

૩૪. શ્રી ઉમિયા માતાજી મંદિર મુ. લક્ષ્મીપુરા, તા. પાલનપુર, જિ. બનાસકાંઠા.

૩૫. શ્રી ઉમિયા માતાજી મંદિર, મોરલીધર મંદિર ટ્રસ્ટ, પરામાં, પટેલવાડી પાસે, મુ. રાધનપુર, જિ. પાટણ.

૩૬. શ્રી ઉમિયા માતાજી મંદિર પ્રેસ રોડ, મુ. ખંભાત, જિ. આણંદ.

૩૭. શ્રી ઉમિયા માતાજી મંદિર મુ. પીંપળોઈ, તા. ખંભાત, જિ. આણંદ.

૩૮. શ્રી ઉમિયા માતાજી મંદિર મુ. મીયાંગામ, તા. કરજણ, જિ. વડોદરા.

૩૯. શ્રી ઉમિયા માતાજી મંદિર મુ. ધડકણ, તા. પ્રાંતિજ, જિ. સાબરકાંઠા.

૪૦. શ્રી ઉમિયા માતાજી મંદિર મુ. મોઢેરા, તા. ચાણસ્મા, જિ. પાટણ.

૪૧. શ્રી ઉમિયા માતાજી મંદિર મુ. નંદાસણ, તા. કડી, જિ. મહેસાણા.

૪૨. શ્રી ઉમિયા માતાજી મંદિર મુ. કોટડા-ચકાર, તા. ભૂજ, જિ. કચ્છ.

૪૩. શ્રી ઉમિયા માતાજી મંદિર, અંબાજી માતાજી મંદિર પાસે, દાંડીયા બજાર, દસાશ્વરમેધ ઘાટ પાસે, ભરૂચ.

૪૪. શ્રી ઉમિયા માતાજી મંદિર સંચાલિત લાલચૂડા ક.પા. સમાજ, રીંગ રોડ, સુરત.

૪૫. શ્રી ઉમિયા માતાજી મંદિર મુ. નેટા, તા. નખત્રાણા, જિ. કચ્છ.

૪૬. શ્રી ઉમિયા માતાજી મંદિર મુ. સોમાખેડી, તા. મહેશ્વર, જિ. ખરગાંન.







૪૭. શ્રી ઉમિયા માતાજી મંદિર મુ. મંડલેશ્વર, તા. મહેશ્વર, જિ. ખરગાંન.

૪૮. શ્રી ઉમિયા માતાજી મંદિર મુ. તેલનાર, તા. કપડવંજ, જિ. ખેડા.

૪૯. શ્રી ઉમિયા માતાજી મંદિર મુ. મોટીઝેર, તા. કપડવંજ, જિ. ખેડા.

૫૦. શ્રી ઉમિયા માતાજી મંદિર મુ. તેનપુર, તા. બાયડ, જિ. સાબરકાંઠા.

૫૧. શ્રી ઉમિયા માતાજી મંદિર મુ. અરજણવાવ, તા. બાયડ, જિ. સાબરકાંઠા.

૫૨. શ્રી ઉમિયા માતાજી મંદિર મુ. પેન્ટલપુરા, તા. બાયડ, જિ. સાબરકાંઠા.

૫૩. શ્રી ઉમિયા માતાજી મંદિર ઉમા સંસ્કાર તીર્થ, મુ. ચંદ્રાલા, તા.જી. ગાંધીનગર.

૫૪. શ્રી ઉમિયા માતાજી મંદિર મુ. શેરપુરા, તા. ઈડર, જિ. સાબરકાંઠા.

૫૫. શ્રી ઉમિયા માતાજી મંદિર મુ. બડોલી, તા. ઈડર, જિ. સાબરકાંઠા.

૫૬. શ્રી ઉમિયા માતાજી મંદિર મુ. ગાંઠીલા, વાયા. લુશાળા, તા. વંથલી, જિ. જુનાગઢ.

૫૭. શ્રી ઉમિયા માતાજી મંદિર, કલેક્ટર કચેરી સામે, સેક્ટર-૧૨-ડી, ગાંધીનગર.

૫૮. શ્રી ઉમિયા માતાજી મંદિર મુ. માલાશ્રમ, તા. કોડીનાર, જિ. જુનાગઢ.

૫૯. શ્રી ઉમિયા માતાજી મંદિર, સ્વસ્તિક ચાર રસ્તા, કન્યા છાત્રાલય, નવરંગપુરા, અમદાવાદ.

૬૦. શ્રી ઉમિયા માતાજી મંદિર સંચાલિત સૌરાષ્ટ્ર પટેલ સમાજ, એલીસબ્રીજ, અમદાવાદ.

૬૧. શ્રી ઉમિયા માતાજી મંદિર સંચાલિત કાળાચૂડા ક.પા. સમાજ, મુ. ઓલપાડ, જિ. સુરત.

૬૨. શ્રી ઉમિયા માતાજી મંદિર મુ. મંથલ, તા. નખત્રાણા, જિ. કચ્છ.

૬૩. શ્રી ઉમિયા માતાજી મંદિર સંચાલિત નાનાબાર કડવા પાટીદાર સમાજ, પાટણ.

૬૪. શ્રી ઉમિયા માતાજી મંદિર મુ. કોલવડા(ગેરીતા), તા. વિજાપુર, જિ. મહેસાણા.

૬૫. શ્રી ઉમિયા માતાજી મંદિર મુ. પાલજ, જિ. મહેસાણા.

૬૬. શ્રી ઉમિયા માતાજી મંદિર મુ. ગોઠડા, તા. સતલાસણા, જિ. મહેસાણા.

૬૭. શ્રી ઉમિયા માતાજી મંદિર અમદાવાદ રોડ, મુ. દહેગામ, જિ. ગાંધીનગર.

૬૮. શ્રી ઉમિયા માતાજી મંદિર ઉમિયા ધામ, પ્રભાતપુરા, મુ. રેલ્વેપુરા (ધીણોજ), તા. ચાણસ્મા, જિ. પાટણ.

૬૯. શ્રી ઉમિયા માતાજી મંદિર રામજી મંદિર, મુ. ટુંડાવ, તા. ઊંઝા, જિ. મહેસાણા.

૭૦. શ્રી ઉમિયા માતાજી મંદિર મુ. ખાવડ, તા. કડી, જિ. મહેસાણા.

૭૧. શ્રી ઉમિયા માતાજી મંદિર મુ. કુંડાળ, તા. કડી, જિ. મહેસાણા.

૭૨. શ્રી ઉમિયા માતાજી મંદિર મુ. રખીયાણા, તા. વિરમગામ, જિ. અમદાવાદ.

૭૩. શ્રી ઉમિયા માતાજી મંદિર મુ. ઉમતા, તા. વિસનગર, જિ. મહેસાણા.

૭૪. શ્રી ઉમિયા માતાજી મંદિર મુ. અમૂઢ, તા. ઊંઝા, જિ. મહેસાણા.

૭૫. શ્રી ઉમિયા માતાજી મંદિર મુ. દયાપર, તા. લખપત, જિ. કચ્છ.

૭૬. શ્રી ઉમિયા માતાજી મંદિર મુ. મહેન્દ્રનગર, તા. મોરબી, જિ. રાજકોટ.

૭૭. શ્રી ઉમિયા માતાજી મંદિર મુ. અલોડા, જિ. મહેસાણા.

૭૮. શ્રી ઉમિયા માતાજી મંદિર મુ. હરીપુરા(રૂપાલ), જિ. મહેસાણા.

૭૯. શ્રી ઉમિયા માતાજી મંદિર મુ. સઈજ, તા. કલોલ, જિ. ગાંધીનગર.

૮૦. શ્રી ઉમિયા માતાજી મંદિર મુ. બીલીયા, તા. ઊંઝા, જિ. મહેસાણા.

૮૧. શ્રી ઉમિયા માતાજી મંદિર મુ. માતપુર, જિ. પાટણ.







૮૨. શ્રી ઉમિયા માતાજી મંદિર ઉમા ઈન્ડસ્ટ્રીયલ સોસાયટી, મીઠી ખાડી, કુંભાલ, સુરત.

૮૩. શ્રી ઉમિયા માતાજી મંદિર ક્રાંતિકુંજ, રબારી કોલોની ચાર રસ્તા, નેશનલ હાઈવે, અમરાઈવાડી, અમદાવાદ.

૮૪. શ્રી ઉમિયા માતાજી મંદિર મુ. રેડલક્ષ્મીપુરા, તા. વડનગર, જિ. મહેસાણા.

૮૫. શ્રી ઉમિયા માતાજી મંદિર બુદ્ધિનગર, ભાગ્યોદય સીનેમા રોડ, મુ. વિજાપુર, જિ. મહેસાણા.

૮૬. શ્રી ઉમિયા માતાજી મંદિર કણબીવાસ, ડુમ્મસ, સુરત.

૮૭. શ્રી ઉમિયા માતાજી મંદિર મુ. રાંચરડા, તા. કલોલ, જિ. ગાંધીનગર.

૮૮. શ્રી ઉમિયા માતાજી મંદિર માણસા-કલોલ રોડ, મુ. માણસા, જિ. ગાંધીનગર.

૮૯. શ્રી ઉમિયા માતાજી મંદિર મુ. ફતેહપુર-બડાગાંવ.

૯૦. શ્રી ઉમિયા માતાજી મંદિર મુ. માલવણ, તા. પાટડી, જિ. સુરેન્દ્રનગર.

૯૧. શ્રી ઉમિયા માતાજી મંદિર મુ. વડુ, તા. કડી, જિ. મહેસાણા.

૯૨. શ્રી ઉમિયા માતાજી મંદિર, ૪૭૭૦, રાલેય રોડ, મેકન, જ્યોર્જીયા, અમેરિકા.

૯૩. શ્રી ઉમિયા માતાજી મંદિર, કડવા પાટીદાર સમાજ, કેનેડા.

૯૪. શ્રી ઉમિયા માતાજી મંદિર મુ. સાબલવાડ, તા. ઈડર, જિ. સાબરકાંઠા.

૯૫. શ્રી ઉમિયા માતાજી મંદિર મુ. ઉમેદપુરા, તા. ઈડર, જિ. સાબરકાંઠા.

૯૬. શ્રી ઉમિયા માતાજી મંદિર મુ. પુંસરી, તા. તલોદ, જિ. સાબરકાંઠા.

૯૭. શ્રી ઉમિયા માતાજી મંદિર, ઉમા સંકુલ, ગુણાતીતનગર, પટેલ સોસાયટી પાસે, ૮૦ ફુટ રોડ, સુરેન્દ્રનગર.

૯૮. શ્રી ઉમિયા માતાજી મંદિર મુ. દેલવાડા, તા. માણસા, જિ. ગાંધીનગર.

૯૯. શ્રી ઉમિયા માતાજી મંદિર મુ. ઉમિયાનગર (વસઈ), પો. બિલોદરા, તા. માણસા, જિ. ગાંધીનગર.

૧૦૦. શ્રી ઉમિયા માતાજી મંદિર મુ. નરસિંહપુરા, પો. કુકડીયા, તા. ઈડર, જિ. સાબરકાંઠા.

૧૦૧. શ્રી ઉમિયા માતાજી મંદિર મુ. બુઢિયા, પો. બડોલી, તા. ઈડર, જિ. સાબરકાંઠા.

૧૦૨. શ્રી ઉમિયા માતાજી મંદિર મુ. ખરસૌદનગર.

૧૦૩. શ્રી ઉમિયા માતાજી મંદિર, શ્રીરામ મંદિર સેવા સમિતિ, વરૂણાપુરા, મંગુર હીલ, વાસ્કોદીગામા, ગોવા.

૧૦૪. શ્રી ઉમિયા માતાજી મંદિર ફતેહનગર સોસાયટી, ઢોલનો ટેબો, મુ. વિસનગર, જિ. મહેસાણા.

૧૦૫. શ્રી ઉમિયા માતાજી મંદિર મુ. સુણોક, તા. ઊંઝા, જિ. મહેસાણા.

૧૦૬. શ્રી ઉમિયા માતાજી મંદિર નિર્ણયનગર રોડ, અંબિકાકૃપા સોસાયટી ચાર રસ્તા રાણીપ, અમદાવાદ.

૧૦૭. શ્રી ઉમિયા માતાજી મંદિર મુ. મોવતપુરા, તા. ઈડર, જિ. સાબરકાંઠા.

૧૦૮. શ્રી ઉમિયા માતાજી મંદિર ઉમાધામ સલાટપુરા ચોકડી, મુ. સલાટપુરા, તા. તલોદ, જિ. સાબરકાંઠા.

૧૦૯. શ્રી ઉમિયા માતાજી મંદિર મુ. ખેડોઈ, તા. અંજાર, જિ. કચ્છ.

૧૧૦. શ્રી ઉમિયા માતાજી મંદિર મુ. વિરપુર, તા. ઈડર, જિ. સાબરકાંઠા.

૧૧૧. શ્રી ઉમિયા માતાજી મંદિર મુ. સદાતપુરા, પો. સાપાવાડા, તા. ઈડર, જિ. સાબરકાંઠા.

૧૧૨. શ્રી ઉમિયા માતાજી મંદિર કોબા સર્કલ, મુ. નભોઈ, જિ. ગાંધીનગર.

૧૧૩. શ્રી ઉમિયા માતાજી મંદિર મુ. ખરણા, તા. માણસા, જિ. ગાંધીનગર.

૧૧૪. શ્રી ઉમિયા માતાજી મંદિર ઉમિયાનગર, હરીઓમ સ્ટીલ પાછળ, દિંડોરી રોડ, મુ. નાસિક, મહારાષ્ટ્ર.







૧૧૫. શ્રી ઉમિયા માતાજી મંદિર મુ. વેલણવાડા, તા. લુણાવાડા, જિ. પંચમહાલ.

૧૧૬. શ્રી ઉમિયા માતાજી મંદિર મુ. સુંદરપુર, તા. વિજાપુર, જિ. મહેસાણા.

૧૧૭. શ્રી ઉમિયા માતાજી મંદિર મુ. રંગપુર, પો. ઉમતા, તા. વિસનગર, જિ. મહેસાણા.

૧૧૮. શ્રી ઉમિયા માતાજી મંદિર મુ. અજળપુરા (સમૌ), તા. માણસા, જિ. ગાંધીનગર.

૧૧૯. શ્રી ઉમિયા માતાજી મંદિર મુ. મોખાસણ, તા. કલોલ, જિ. ગાંધીનગર.

૧૨૦. શ્રી ઉમિયા માતાજી મંદિર ૭/૪, પાર્ક નેશ, અમેરિકા.

૧૨૧. શ્રી ઉમિયા માતાજી મંદિર કૈલાસધામ, મુ. વરતોલકંપા, તા. વડાલી, જિ. સાબરકાંઠા.

૧૨૨. શ્રી ઉમિયા માતાજી મંદિર ઉમિયા ચોક, પટેલ વાસ, મુ. ધામતવાણ, તા. દસ્ક્રોઈ, જિ. અમદાવાદ.

૧૨૩. શ્રી ઉમિયા માતાજી મંદિર મુ. બલોલ, જિ. મહેસાણા.

૧૨૪. શ્રી ઉમિયા માતાજી મંદિર મુ. શેરપુરા, તા. ઈડર, જિ. સાબરકાંઠા.

૧૨૫. શ્રી ઉમિયા માતાજી મંદિર મુ. કેશરગંજ, તા. વડાલી, જિ. સાબરકાંઠા.

૧૨૬. શ્રી ઉમિયા માતાજી મંદિર મુ. આનંદપુરા, તા. કડી, જિ. મહેસાણા.

૧૨૭. શ્રી ઉમિયા માતાજી મંદિર મુ. કામલી, તા. ઊંઝા, જિ. મહેસાણા.

૧૨૮. શ્રી ઉમિયા માતાજી મંદિર ભૂજ-નારાયણ સરોવર હાઈવે, મુ. નખત્રાણા, જિ. કચ્છ.

૧૨૯. શ્રી ઉમિયા માતાજી મંદિર મુ. આનંદપુરા(કુકરવાડા), તા. વિજાપુર, જિ. મહેસાણા.

૧૩૦. શ્રી ઉમિયા માતાજી મંદિર અમેરિકા.

૧૩૧. શ્રી ઉમિયા માતાજી મંદિર મુ. કરણપુર, તા. ઊંઝા, જિ. મહેસાણા.

૧૩૨. શ્રી ઉમિયા માતાજી મંદિર મુ. નાગઝીરી, તા. મહેશ્વર, જિ. ખરગાંન.

૧૩૩. શ્રી ઉમિયા માતાજી મંદિર મુ. ઉમિયાનગર, તા. હિંમતનગર, જિ. સાબરકાંઠા.

૧૩૪. શ્રી ઉમિયા માતાજી મંદિર મુ. માલાવાડા, તા. માતર, જિ. ખેડા.

૧૩૫. શ્રી ઉમિયા માતાજી મંદિર મુ. નેદરડીકંપા, પો. મુમનવાસ, તા. સતલાસણા, જિ. મહેસાણા.

૧૩૬. શ્રી ઉમિયા માતાજી મંદિર મુ. રામેશ્વરનગર, તા. મોરબી, જિ. રાજકોટ.

૧૩૭. શ્રી ઉમિયા માતાજી મંદિર મુ. મીઠીધારીયલ, તા. ચાણસ્મા, જિ. પાટણ.

૧૩૮. શ્રી ઉમિયા માતાજી મંદિર પંચદેવ મહાદેવ મંદિર, મુ. ભીમપુરા(ઘાંટુ), તા. વિજાપુર, જિ. મહેસાણા.

૧૩૯. શ્રી ઉમિયા માતાજી મંદિર મુ. ગઢશીશા, તા. માંડવી, જિ. કચ્છ.

૧૪૦. શ્રી ઉમિયા માતાજી મંદિર ઉમિયાધામ, ઉમિયાનગર, ઓફ આરે રોડ, વિશ્વેશ્વરનગર રોડ, ગોરગાંવ (ઈ), મુંબઈ.

૧૪૧. શ્રી ઉમિયા માતાજી મંદિર મુ. ભાદોલ, તા. કલોલ, જિ. ગાંધીનગર.

૧૪૨. શ્રી ઉમિયા માતાજી મંદિર મુ. રામોસણા, જિ. મહેસાણા.

૧૪૩. શ્રી ઉમિયા માતાજી મંદિર મુ. પાનસર, તા. કલોલ, જિ. ગાંધીનગર.

૧૪૪. શ્રી ઉમિયા માતાજી મંદિર મુ. આંબલીયાસણ, જિ. મહેસાણા.

૧૪૫. શ્રી ઉમિયા માતાજી મંદિર મુ. મેંગ્લોર.

૧૪૬. શ્રી ઉમિયા માતાજી મંદિર મુ. ઓમકારેશ્વર.

૧૪૭. શ્રી ઉમિયા માતાજી મંદિર મુ. ચોઈલા, તા. બાયડ, જિ. સાબરકાંઠા.

૧૪૮. શ્રી ઉમિયા માતાજી મંદિર મુ. રણાસણ, તા. વિજાપુર, જિ. મહેસાણા.

૧૪૯. શ્રી ઉમિયા માતાજી મંદિર મુ. કનોડા, તા. બેચરાજી, જિ. મહેસાણા.

૧૫૦. શ્રી ઉમિયા માતાજી મંદિર મુ. મુંબઈ.

૧૫૧. શ્રી ઉમિયા માતાજી મંદિર મુ. પાટીદડ, તા. ગોંડલ, જિ. રાજકોટ.

૧૫૨. શ્રી ઉમિયા માતાજી મંદિર મુ. સરઢવ, જિ. ગાંધીનગર.

૧૫૩. શ્રી ઉમિયા માતાજી મંદિર મુ. રહેડા, તા. વડાલી, જિ. સાબરકાંઠા.

૧૫૪. શ્રી ઉમિયા માતાજી મંદિર મુ. દેવીનાપુરા, જિ. મહેસાણા.

૧૫૫. શ્રી ઉમિયા માતાજી મંદિર મુ. આંબાવાડા, તા. પ્રાંતિજ, જિ. સાબરકાંઠા.

૧૫૬. શ્રી ઉમિયા માતાજી મંદિર મુ. નવા અરોડા, તા. ઈડર, જિ. સાબરકાંઠા.

૧૫૭. શ્રી ઉમિયા માતાજી મંદિર મુ. સામેત્રા, જિ. મહેસાણા.

૧૫૮. શ્રી ઉમિયા માતાજી મંદિર મુ. સોનવડ, તા. કડી, જિ. મહેસાણા.

૧૫૯. શ્રી ઉમિયા માતાજી મંદિર મુ. કરશનપુરા, તા. વડનગર, જિ. મહેસાણા.

૧૬૦. શ્રી ઉમિયા માતાજી મંદિર મુ. ભાણપુર, તા. વિજાપુર, જિ. મહેસાણા.

૧૬૧. શ્રી ઉમિયા માતાજી મંદિર મુ. હલધરૂ, તા. કામરેજ, જિ. સુરત.

૧૬૨. શ્રી ઉમિયા માતાજી મંદિર મુ. ભાવિસણા, તા. પાલનપુર, જિ. બનાસકાંઠા.

૧૬૩. શ્રી ઉમિયા માતાજી મંદિર મુ. કપડવંજ, જિ. ખેડા.

૧૬૪. શ્રી ઉમિયા માતાજી મંદિર મુ. નવા, તા. હિંમતનગર, જિ. સાબરકાંઠા.

૧૬૫. શ્રી ઉમિયા માતાજી મંદિર મુ. થવાદ, તા. કપડવંજ, જિ. ખેડા.

૧૬૬. શ્રી ઉમિયા માતાજી મંદિર મુ. સબલપુર, તા. વડનગર, જિ. મહેસાણા.

૧૬૭. શ્રી ઉમિયા માતાજી મંદિર મુ. ઉવારસદ, જિ. ગાંધીનગર.

૧૬૮. શ્રી ઉમિયા માતાજી મંદિર મુ. આખજ, જિ. મહેસાણા.

૧૬૯. શ્રી ઉમિયા માતાજી મંદિર મુ. નવાપુરા, તા. કપડવંજ, જિ. ખેડા.

૧૭૦. શ્રી ઉમિયા માતાજી મંદિર આઝાદ પોળ, મુ. બોરસદ, તા.જિ. આણંદ.

૧૭૧. શ્રી ઉમિયા માતાજી મંદિર મુ. શીલજ, તા. દસક્રોઈ, જિ. અમદાવાદ.

૧૭૨. શ્રી ઉમિયા માતાજી મંદિર યશવિજય સોસાયટી, ભારવી ટાવર પાસે, અમરાઈવાડી, અમદાવાદ.

૧૭૩. શ્રી ઉમિયા માતાજી મંદિર મુ. કડા, તા. વિસનગર, (તૈયાર થઈ રહ્યું છે.)

૧૭૪. શ્રી ઉમિયા માતાજી મંદિર મુ. લક્ષ્મીપુરા (નંદાસણ) તા. કડી, જિ. મહેસાણા.

૧૭૫. શ્રી ઉમિયા માતાજી મંદિર મુ. કાનપર, તા. જસદણ, જિ. રાજકોટ.

૧૭૬. શ્રી ઉમિયા માતાજી મંદિર રિદ્રોલ રોડ, મુ. માણસા, જિ. ગાંધીનગર.

૧૭૭. શ્રી ઉમિયા માતાજી મંદિર મુ. અમરગઢ કંપા, પો. શિણોલ, તા. ધનસુરા, જિ. સાબરકાંઠા.

૧૭૮. શ્રી ઉમિયા માતાજી મંદિર મુ. દેદીયાસણ, તા.જિ. મહેસાણા.

૧૭૯. શ્રી ઉમિયા માતાજી મંદિર મુ. મોડાસા, જિ. સાબરકાંઠા.

૧૮૦. શ્રી ઉમિયા માતાજી મંદિર મુ. બેચરપુરા, તા. વિસનગર, જિ. મહેસાણા.

૧૮૧. શ્રી ઉમિયા માતાજી મંદિર મુ. વડસ્મા, જિ. મહેસાણા.

•

## શ્રદ્ધાકેન્દ્રનો આગળ વધતો પ્રવાહ

*શ્રદ્ધા કેન્દ્રો મંદિરોની યાદી તા. ૩૧-૩-૨૦૧૩ સુધીની છે.*

વિશ્વમાં પોતાની જાતને સર્વોપરી માની જગત જમાદાર બની હાક જમાવતા અમેરિકામાં છેલ્લા આઠેક માસથી જગત જનની મા ઉમિયાજીનો જ્યોતિરથ વિવિધ સ્થળોએ ફરી રહ્યો છે. અમેરિકામાં રહેતા પાટીદાર સમાજના લોકો એમ સમજે છે કે, મા ઉમિયાજી અમારા આંગણે મહેમાન બની આવ્યાં છે. એટલે એક અતિથિની હૃદયના ભાવ સાથે તેનું પૂજન, અર્ચન કરવું આપણો ધર્મ છે. આ અતિથિ તો સાક્ષાત્ મા છે, એટલે તેના સ્વાગતમાં હોમ-હવન, પૂજા-આરતી સાથે તન, મન અને ધનથી હૃદયના ભાવથી સ્વાગત કરવું જોઈએ અને તેથી અમેરિકાવાસીઓ જાણે, ઊંઝાની ધરતી ઉપર હોય, માના મંદિર સમક્ષ સાક્ષાત્કાર ઊભા રહ્યા હોય તેવા મનોભાવ સાથે માના વધામણાં કરી આનંદ ઘેલાં થઈ ગયાં છે. હજી આ સિલસિલો હજુ જૂન માસ સુધી ચાલશે. આમ મા ઉમિયા જ્યોતિરથમાં બિરાજમાન થઈ વિશ્વ ભ્રમણ કરી પોતાના બાળકોને આશીર્વાદ આપી રહ્યાં છે.

ભારત વર્ષમાં હિમાલયનું એક અનોખુ સ્થાન છે. તેમાં કૈલાસ માનસરોવર છે, અમરનાથ છે, કેદારનાથ છે, બદ્રિનાથ છે, વૈષ્ણોદેવી છે, જનમોત્રી છે, ગંગોત્રી છે તેની વિશાળ કાયામાં શું નથી? વિશ્વની સર્વશ્રેષ્ઠ વિભૂતિઓ, સંતોનું ધર્મ સ્વર્ગનો પ્રેરણાપુંજ એટલે તો હિમાલય. આ હિમાલયમાં દેવપ્રયાગ, રૂદ્રપ્રયાગ, નંદપ્રયાગ, કર્ણપ્રયાણ અને સોનપ્રયાગથી મઢાયેલો હિમાલય. જોગી-જોગંદરોનો આશ્રયદાતા હિમાલય. સંતો, મહંતો અને પરમહંસોનો પ્રેરણાદાતા હિમાલય. એની કાયા અને માયા અજબ છે. હિમાલય એ કંઈ પત્થરોનો ઢગ નથી, એના વિરાટરૂપમાં વૃક્ષો અને વારિના પ્રવાહો તેની શોભાનું નિત-દિન ગીત ગાય છે. હિમાલય એટલે પાવન-પુણ્ય વિરાટ પુરૂષ એટલે તેજપૂંજનો ઢગલો.

કહેવાય છે કે સતયુગમાં આ વિરાટ હિમાલય તેના આવાસમાં સતવાદી વ્યક્તિઓને જ પોતાના આવાસમાં આવકારતો. પણ કળિયુગમાં લોકો પોતાની પાસે આવે અને સતધર્મને પામી, પાપનું પ્રાયશ્ચિત કરી પોતાનું જીવન શુદ્ધ કરે, એટલે તેને પોતાનાં દ્વાર ખોલી નાખી સૌને આવકારવાં માંડ્યાં છે. એટલે તો બદ્રિનાથ, કેદારનાથ, માન સરોવર અને અમરનાથ વગેરે તીર્થસ્થાનોની યાત્રા હાથવગી થઈ ગઈ છે. હિમાલયે પોતાનાં દેહ ઉપર શોભતાં વિવિધ પ્રકારનાં વૃક્ષોનાં બલિદાન આપી દીધાં છે. અને યાત્રિકો માટે રસ્તા ખુલ્લા કરી દીધા છે. આવા પાવન હિમાલયનાં તીર્થસ્થાનોનાં દર્શન કરવા જવું હોય તો સૌ કોઈના માટે પ્રવેશ દ્વાર તો હરદ્વાર છે. હરદ્વાર એટલે હરિની સમીપ જવા માટેનું દ્વાર - દરવાજો. એ દરવાજામાંથી તેના માર્ગનો શુભારંભ થાય. આવા હિમાલયના હરદ્વારની પવિત્ર ભૂમિ ઉપર દીર્ઘદષ્ટિવાન સંતોએ બહુમાળવાળું ભારતમાતાનું મંદિર નિર્માણ કર્યું છે. આ ભારતમાતાના મંદિરમાં હિમાલયની દીકરી એવી પાર્વતી (ઉમા)ને પણ હવે સ્થાન મળી ગયું છે. ભારતમાતાના મંદિરમાં પાંચ માળે મા ઉમિયાજીની પાવન પ્રતિષ્ઠા ચૈત્ર સુદ-૪ રવિવાર નવરાત્રિના પવિત્ર દિવસે થશે. તે દિવસ પણ ભારતના બંધારણના ઘડવૈયા ડૉ. આંબેડકરનો જન્મ દિવસ છે. આ ભારત માતાના મંદિરનું નિર્માણ જાણીતા સંત પૂ. સ્વામી સત્યમિત્રાનંદગિરિજી (પૂર્વ શંકરાચાર્યજી)એ કરેલું છે અને તેમના સાન્નિધ્યમાં, ધર્મનગરી એવા હરિદ્વારમાં પવિત્ર ગંગાના તટ ઉપર મા ઉમિયાજીની પધરામણી અનેક લોકો માટે આનંદમય સાથે આશીર્વાદરૂપ બની રહેશે. હરદ્વારમાં મા ઉમિયાજીનું મંદિર અનેક લોકોના હૈયામાં શ્રદ્ધાદીપ પ્રકાશમાન થઈ ને રહેશે.

## એક અનોખું ફોટો મંદિર

અમદાવાદ શહેરમાં છેલ્લા આઠ દાયકાથી પાટીદાર સમાજના વિદ્યાર્થીઓને ભણવા માટે બે વિદ્યાર્થી ભવનો છે. એક પાટડી દરબાર દ્વારા સ્થપાયેલી સુરજમલ બોર્ડિંગ કે જે પ્રીતમનગરના ઢાળ પાસે વાડીલાલ હોસ્પિટલની બાજુમાં આવેલી છે અને બીજી ગુલબાઈના ટેકરા ઉપર અમીન પી.જે. કે.પી. ભવન આ બે ભવનો એ અમદાવાદ શહેર જ્યારે કોટ વિસ્તાર પૂરતુ સીમિત હતુ ત્યારે વિવિધ સ્થળોથી આવેલા અને આગળ અભ્યાસ કરવા માટે મોટુ આશ્રયસ્થાન હતું. અમીન પી.જે. કે.પી. ભવનનો છેલ્લા દસકમાં નવુ રૂપ ધારણ કરવા જઈ રહ્યું છે. ગઈ સાલે જ્ઞાતિ પર્વની ઉજવણી નિમિત્તે યોજાયેલા કાર્યક્રમમાં પાંચ કરોડ જેવી માતબર રકમ થઈ નવા નવા વિદ્યાર્થી ભવનના નિર્માણ સાથે પ્રેરણાદાયી એવા આખંડ ભારતના શિલ્પી વંદનીય સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમાના અનાવરણ ગુજરાત રાજ્યના રાજ્યપાલ ડૉ. શ્રીમતી કમલાજીના વરદહસ્તે થઈ. ક.પાટીદાર ભવન હોય પણ મા ઉમિયાજી ના હોય તે કેમ ચાલે ? આઠ દાયકામાં આ ભવનમાં પ્રવેશતાં જ એક સુંદર ફોટો મંદિર જાણીતા સંત પૂજ્ય સ્વામી સચ્ચિદાનંદજીના હસ્તે દીપ પ્રાગટ્ય કરાવી ખુલ્લુ મુકવામાં આવ્યું. આ માટે ફોટા મંદિરના દાતા મણીભાઈ ત્રિકમભાઈ પટેલ (ધનપરા તા. વિજાપુર)ના રૂા. છ લાખના દાનથી ફોટા મંદિર તૈયાર થયું. આજે શ્રી કે.પી. ભવનમાં છેલ્લા દસમાં નવી ચેતના જગાડનાર આપણા સમાજના અગ્રણી ભૂ.પૂર્વ ધારાસભ્ય એવા ઊંઝાના વતની મા. શંકરલાલ ગુરૂ છે. પંચોતેર વર્ષની ઉંમરે માણસ નિવૃત્તિનો શ્વાસ લેવા તમામ પ્રવૃતિઓ સમેટી લે છે ત્યારે શ્રી ગુરૂ કે.પી. ભવનમાં પોતાનું અશીતિપર્વ અનેકવિધ કાર્યોથી ઉજવી રહ્યા છે. આજે તેઓ પંચોતેર વર્ષે પણ ભવનના નવા નિર્માણનું અને ભાવિ વિદ્યાર્થીઓ માટે આધુનિક સગવડ ધરાવતું છ માળનું ભવન પાછળ પોતાની જાત તિલતિલ કરી, કર્મયોગી બની કાર્ય કરી રહ્યા છે. ફોટા મંદિરની અને ભારતના ઘડવૈયા સરદારશ્રીની પ્રતિમા નિર્માણ એમના કર્મયોગના સબળ-સફળ પુરાવા છે.



## શ્રી ઉમિયા માતાજીનાં સક્રીય મંદિરોની વિગતવાર માહિતી

કડવા પાટીદારોની કુળદેવીનું ભવ્ય ઐતિહાસિક મંદિર માત્ર એકજ છે, જે ઊંઝામાં છે. ઊંઝાનું મંદિર આપણું આદ્યમંદિર છે, કુળદેવીનું મૂળ સ્થાપક મંદિર આ છે. જેથી આ મંદિરનું મહત્ત્વ સૌથી વિશેષ છે. ગુજરાત અને ગુજરાત બહારના તમામ કડવા પાટીદાર ભાઈ-બહેનો પોતાની કુળદેવીનાં દર્શન કરવા, આશીર્વાદ મેળવવા ઊંઝામાં આવે તે સ્વાભાવિક છે, ને જરૂરી છે.

પણ ગુજરાતનો ક.પા. સમાજ માત્ર ઊંઝામાં નથી, પણ ઊંઝા બહાર સમગ્ર ગુજરાત અને ગુજરાત બહાર ફેલાયેલો છે. દરેકને પોતાની કુળદેવી યાદ આવે, ને કુળદેવીની સેવાપૂજા ને દર્શન કરવાની ભાવના જાગે, ત્યારે દૂર દૂર વસેલા આપણા ભાઈઓ ઊંઝા સુધી ન આવી શકે, જેથી માની ભક્તિ ભાવનાથી પ્રેરાઈને પોતાના વતનમાં કે વતન નજીક ઉમિયા માતાજીનું મંદિર બનાવીને સેવા પૂજા કરે છે. ૧૮મી શતાબ્દી મહોત્સવ પછી ગુજરાતના વિવિધ વિભાગો ઉમિયા માતાજીનાં મંદિર બાંધવાની શરૂઆત થઈ ને આજે સમગ્ર ગુજરાત અને ગુજરાત બહાર થઈને ૧૮૧ મંદિરો બંધાઈ ગયાં છે. ઉમિયા માતાજીનાં મંદિર ક્યા ક્યા ગામમાં, ક્યા સ્થળે છે, તેની વિગતવાર માહિતી આગળ રજૂ કરવામાં આવી છે.

કુલ ૧૮૧ મંદિરોમાંથી મોટા ભાગનાં મંદિરોમાં માત્ર માતાજીનાં દર્શન થાય છે, અથવા વર્ષમાં એકાદ બે વાર નાના ધાર્મિક પ્રસંગો ઉજવવામાં આવે છે. જ્યારે ચાર પાંચ મંદિર એવાં છે કે જ્યાં મંદિરની સાથે સાથે સમગ્ર પાટીદાર સમાજને કેન્દ્રમાં રાખીને વિવિધ સમાજ ઉત્કર્ષની પ્રવૃત્તિઓ નિયમિત રીતે થાય છે. આમાં સિદસર, વાંઢાય, સુરત, અમેરિકામાં મેકન કરોંદિયા (મ.પ્ર.), રાઉરંગવાસા (ઈન્દોર) તેમજ ઉમિયા માતાજી સંસ્થા - ઊંઝા મહત્ત્વનાં કેન્દ્ર સ્થાનો છે. શ્રી ઉમિયા માતાજી સંસ્થાન - ઊંઝા આપણું આદ્ય મંદિર છે, ને આ મંદિર દ્વારા અનેકવિધ ધાર્મિક અને સામાજિક પ્રવૃત્તિઓ કરી સમગ્ર સમાજને ચેતનવંતો બનાવ્યો છે. ગુજરાતમાં માત્ર આ એક એવું પવિત્ર ધાર્મિક સ્થાન છે કે જે માતાજીના માધ્યમ દ્વારા સમગ્ર સમાજના વિકાસમાં લાગી ગયેલ છે. શ્રી ઉમિયા માતાજીના મંદિરની અને સંસ્થાનની વિગતવાર ઐતિહાસિક અને વર્તમાન માહિતી આ પુસ્તિકામાં અગાઉ રજુ કરેલ છે.

ઊંઝા ઉમિયા માતાજી મંદિરની સાથે સામાજિક જાગૃતિનાં કાર્ય કરનારાં બીજાં ચાર સ્થાન છે. જેમાં સિદસર, વાંઢામ, ઉમિયાધામ સુરત અને અમેરિકાનું મેકનનું મંદિર મહત્ત્વનું છે. તેમજ મધ્યપ્રદેશના બે મંદિરો કરોંદિયા અને રાઉરંગવાસા મહત્ત્વનાં છે. જેની વિગતવાર માહિતી આ પ્રમાણે છે.

### (૧) શ્રી ઉમિયા માતાજી - સિદસર (સૌરાષ્ટ્ર)

સિદસર ગામ જામનગર જિલ્લાના જામજોધપુર તાલુકાનું વેણું નદીના કિનારે આવેલ એક રળિયામણું ગામ છે. કુદરતના સાનિધ્યમાં આવેલ આ ગામે મા ઉમિયા પ્રગટ થયાં હતાં. શ્રીકૃષ્ણ ભગવાનની ગોપીઓ સાથેની રાસલીલા સમયે ગોપીઓની તરસ છીપાવવા વેણુંના નાદથી પ્રગટ કરેલી વેણું નદી અને આજુબાજુનો વનરાજી તેમજ ડુંગરાળ પ્રદેશ, સિદ્ધ સંતોને અલખની આરાધના કરવા પ્રેરે તેવા પવિત્ર સિદસર ગામે મા ઉમિયા પ્રગટ થયાં છે.

મા ઉમા દેવડા ગામના નખશિખ ભક્ત અને પવિત્ર એવા રતનાબાપાને પ્રસન્ન થયેલાં. રતનાબાપા કણસાગરા, એક કડવા પાટીદાર અને ખેડૂત હતા. વ્યવસાય ખેતીનો પણ રતનાબાપાનો જીવ સંતનો હતો. તેમના આંગણે આવેલ અતિથિ કદી રોટલાનો ભૂખ્યો રહેતો નહિ. 'સંતોની સેવા અને અભ્યાગતને રોટલો' - આ તેમનો જીવનમંત્ર હતો. એક દિવસ એક સાધુ







તેમને ત્યાં પધાર્યા અને તેમને મા ઉમિયાની ભક્તિ કરવા આદેશ કર્યો. ત્યારથી તેમના દિલમાં મા ઉમિયા વસી ગયાં.

રાત-દિવસ, હરતાં-ફરતાં મા ઉમિયાનું સ્મરણ કરતા રત્નાબાપાને એક રાત્રે દિવ્ય અનુભૂતિ થઈ. ભાવ સમાધિમાં ડૂબેલ આ મા મય બનેલા જીવને મા ઉમિયાએ પ્રત્યક્ષ દર્શન આપ્યાં અને આદેશ કર્યો કે, 'બેટા! સિદસર ગામે મારી મૂર્તિ દટાયેલી છે, એને તું બહાર કાઢ ! જ્યાં કંકુના સાથિયાનું નિશાન હશે ત્યાં ખોદતાં તને મૂર્તિ મળશે!' એ દિવસે તો રત્નાબાપા સંકોચને લઈને કોઈને કંઈ કહી શક્યા નહીં. બીજા દિવસે પણ માએ દર્શન આપી ભગતને ફરી દટાયેલી મૂર્તિ બહાર લાવવા આદેશ કર્યો.

બીજા દિવસે ભગત સિદસર ગામે આવી, ગામ લોકોને આ વાત કરી. લોકો સાથે જગ્યા શોધતાં શોધતાં કંકુના સાથિયાના નિશાને પહોંચ્યા. વેણું નદીના કિનારે ખોદકામ શરૂ કર્યું. પ્રથમ કાળી શિલા નીકળી, તેને હટાવતાં ત્યાંથી સફેદ ચળકતી, પ્રકાશ રેલાવતી દેદીપ્યમાન સંગેમરમરની માની મૂર્તિ જોવામાં આવી. માની મૂર્તિને બહાર લાવ્યા - સર્વને માની દિવ્ય અનુભૂતિ થઈ. માને કપાળે રૂડો ચાંલ્લો, ચાર ભુજા, ગળામાં હાર, હાથમાં કંગન, પગમાં જોડા અને માથે શોભતો મુગટ દિવ્ય અને પ્રકાશપુંજ પાથરતાં સાક્ષાત મા ઉમિયા પ્રગટ થયાં. આ દિવસ તે સંવત-૧૯૫૫ના ભાદરવા સુદ-૧૫. મા પ્રગટ થયાની વાત વાયુવેગે ફેલાતાં લોકોનાં ટોળેટોળાં દર્શનાર્થે આવવાં લાગ્યાં. આ વાતની જાણ ગોંડલ નરેશ પ્રજાપ્રેમી રાજા શ્રી ભગવતસિંહજીને થઈ. તેમણે માનું સુંદર મંદિર બનાવી મૂર્તિને ગોંડલમાં પધરાવવા નક્કી કર્યું. મૂર્તિને ગોંડલ લઈ જવામાં આવી, પણ માએ રાત્રે રાજાજીને સ્વપ્નમાં ગોંડલ નહિ પણ સિદસર જ રહેવા જણાવ્યું. મૂર્તિને પાછી સિદસર લાવવામાં આવી અને ત્યાં નાનકડા મંદિરમાં તેની સ્થાપના કરવામાં આવી. માઈભક્ત શ્રી. રત્નાબાપાએ ત્યારથી એક વસ્ત્ર ધારણ કરી માની સેવામાં જ પોતાનું જીવન સમર્પણ કર્યું. તેઓ સંવત ૧૯૯૯માં સ્વર્ગવાસી થયા.

માતાજીના પ્રાગટ્ય દિવસે દર ભાદરવા સુદ-૧૫ના રોજ હવનનું આયોજન થાય છે.

તે બાદ તે જગ્યાએ નવીન મંદિર બાંધવાનું આયોજન થયું. તેમાં પણ માની કૃપાથી ન ધારેલી સફળતા મળી અને ભવ્ય મંદિરનું નિર્માણ થયું. જેમાં તા.૨૪-૩-૧૯૮૫ થી તા.૨૮-૩-૧૯૮૫ દરમિયાન માતાજીની પુનઃપ્રતિષ્ઠા કરવામાં આવી. મહાન ઉત્સવ ઉજવાયો. ઊંઝા નિજમંદિરથી અખંડજ્યોત લાવી પધરાવવામાં આવી. અખંડ જ્યોત લેવા માટે મોટી સંખ્યામાં ભક્તો પગપાળા ઊંઝા આવ્યા હતા. માતાજીની મૂર્તિની પુનઃપ્રતિષ્ઠા સાથે શ્રી ગણપતિજી, શ્રી હનુમાનજી અને શિવલિંગની પણ શાસ્ત્રોક્ત વિધિસર સ્થાપના કરવામાં આવી. આ પ્રસંગે પાંચેક લાખ યાત્રીઓએ આ મહોત્સવનાં દર્શન કર્યાં.

સંવત-૨૦૫૫માં મા ઉમિયાને પ્રગટ થયે ૧૦૦ વર્ષ પૂરાં થતાં હોવાથી તે વર્ષને 'શ્રી ઉમિયા માતાજી પ્રાગટ્ય શતાબ્દી વર્ષ' તરીકે ઊજવવાનું નક્કી કર્યું. તા.૨૨-૪-૧૯૯૯ થી તા.૨૬-૪-૧૯૯૯ દરમિયાન શતાબ્દી મહોત્સવ ઊજવવામાં આવ્યો. જેની ભવ્યતા કંઈ ઔર જ હતી. શ્રી ઉમિયા પ્રાગટ્ય શતાબ્દી મહોત્સવ સમિતિએ જિલ્લા, તાલુકા અને ગામેગામ શ્રી ઉમિયા પરિવાર સમિતિઓ બનાવી - જેથી કડવા પાટીદાર સમાજના દરેક જણ લાભ લઈ શકે. આ મહોત્સવ ૪૦૦ વીઘા જમીનમાં આયોજવામાં આવ્યો. ત્યાં ૧૦૮ કુંડી મહાયજ્ઞ, કૃષિમેળો, આધ્યાત્મિક પ્રદર્શન, વિજ્ઞાનપ્રદર્શન, વ્યસનમુક્તિ પ્રદર્શન, ધર્મસભાઓ, સાંસ્કૃતિક કાર્યક્રમો વગેરેનાં આયોજનો પાર પાડવામાં આવ્યાં. આ મહોત્સવ લગભગ ૧૫/૨૦ લાખ માણસોએ માણ્યો. આટલા ભવ્ય અને મહાવિશાળ મહોત્સવના આયોજનમાં કડવા પાટીદાર સમાજની વ્યવસ્થા શક્તિનાં દર્શન પણ થયાં. ઊંઝાના ૧૮મી શતાબ્દી મહોત્સવ જેવો જ આ મહોત્સવ ઊજવાયો. આ મહોત્સવમાં ઊંઝા-મા ઉમિયાનો જ્યોતિરથ આ દિવસો દરમિયાન ત્યાં હતો. જે યોગાનુયોગ હતો. જેથી મહોત્સવને વિશેષ ભવ્યતા મળી.


શ્રી ઉમિયા માતાજી પ્રાગટ્ય શતાબ્દી વર્ષના મહોત્સવ પછી સિદસર ધામ યાત્રીઓથી ધમધમતું થયું. આર્થિક સદ્ધરતા ખૂબ વધી. આથી ટ્રસ્ટી મંડળે ધાર્મિક અને સેવાકીય પ્રવૃત્તિઓનું આયોજન કર્યું.

આજે સૌરાષ્ટ્ર વિભાગ સિદસરના આ ઉમિયા માતાજીના મંદિરનું અનેરું સ્થાન છે. લાખો લોકો ભક્તિભાવથી દર્શન કરવા જાય છે. આ મંદિરના મેનેજિંગ ટ્રસ્ટી અને પ્રમુખ શ્રી ઓધવજીભાઈ આર. પટેલ અને તેઓની જાગૃત સેવાભાવી કારોબારી મંદિરના વિકાસમાં સક્રીય છે.

આ મંદિર છેલ્લા એક-દોઢ દાયકા દરમિયાન આ નૂતન અભિગમ અપનાવીને સમગ્ર સૌરાષ્ટ્રના કડવા પાટીદાર સમાજના







સર્વાંગી વિકાસની વિવિધ પ્રવૃત્તિઓ કરનારું એક શક્તિશાળી કેન્દ્ર બની રહ્યું છે. આ મંદિર-ટ્રસ્ટે પણ સામાજિક વિકાસનાં, શિક્ષણનાં અને જળસંચયનાં કામો હાથ ધરવાના ઉદ્દેશ સાથે શ્રી ઉમિયામાતાજી સમૃદ્ધિ યોજના અમલમાં મૂકી. આ કામો પાર પાડવા માટે પાંચ વર્ષમાં રૂ.૫૧ કરોડનું ભંડોળ એકત્ર કરવાનો લક્ષ્યાંક નક્કી કર્યો અને તે માટે તેમણે શ્રી ઉમિયા સમૃદ્ધિ રથયાત્રાનું આયોજન કર્યું. આ રથયાત્રાએ સૌરાષ્ટ્રનાં ૭૦૦ ઉપરાંત ગામોમાં પરિભ્રમણ કર્યું, જેનાથી સમાજમાં ભક્તિભાવનાનો અભૂતપૂર્વ મહોલ સર્જાયો, તે સાથે અપેક્ષિત રૂ.૫૧ કરોડના કુલ લક્ષ્યાંકની સામે કુલ રૂ.૧૦૫ કરોડનું ભંડોળ એકત્ર થયું.

આ સંચિત ભંડોળ દ્વારા ૧૦ ગામોમાં પ્રાથમિક-માધ્યમિક શૈક્ષણિક સંકુલો બાંધવાના નિયત લક્ષ્યાંકની સામે ૧૬ ગામોમાં નવાં શૈક્ષણિક સંકુલોનું નિર્માણ થઈ ચૂક્યું છે. તેમજ બીજાં ૮ ગામોના શૈક્ષણિક સંકુલોનું નવીનીકરણ-વિસ્તૃતિકરણ થયું. એક દાયકા અગાઉ સૌરાષ્ટ્રમાં માત્ર સાત-આઠ છાત્રાલયો જ હતાં. ટ્રસ્ટે દરેક નવા છાત્રાલયના નિર્માણના ૧૦ ટકા અથવા વધુમાં વધુ ૧૦ લાખ રૂપિયા આર્થિક સહાય આપવાની યોજના અમલમાં મૂકી, જેના પરિણામે સૌરાષ્ટ્રમાં બીજાં ૨૨ છાત્રાલયોનું નિર્માણ થયું. આને લીધે પાટીદાર સમાજ વધુ ૬૦૦૦ વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓને નિવાસ સુવિધા આપી શકાઈ. ઉપરાંત સમાજના ગરીબ, જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને દરેકને રૂ.૫૦૦૦ ઉમા સ્કોલરશીપ આપવાની યોજના અન્વયે વર્ષ ૨૦૦૮માં ૧૨,૦૦૦થી વધુ વિદ્યાર્થીઓને કુલ રૂ.૬૨ લાખની સ્કોલરશીપ આર્થિક સહાયરૂપે આપવામાં આવી. આ ટ્રસ્ટ દ્વારા સમાજની ગરીબ, બિમાર વ્યક્તિને ડૉક્ટરના પ્રમાણપત્રના આધારે રૂ.૫૦૦૦ તબીબી સહાય પણ આપવામાં આવે છે.

આ સિદસર મંદિરમાં કાયમી સાદાં લગ્ન યોજનાના અન્વયે દર વર્ષે ૨૫૦ થી ૩૦૦ લગ્નો થાય છે, જેનો ખર્ચ સંસ્થા ઉપાડે છે. તેમજ અખાત્રીજ અને વસંતપંચમીએ યોજાતાં સમૂહલગ્નોમાં મંદિર દરેક કન્યાને રૂ.૧૦૦૦ ભેટ આપે છે. મંદિર-ટ્રસ્ટ દ્વારા સૌરાષ્ટ્રમાં જળસંચયનાં ૨૦૦ કામો સંપન્ન થયાં છે, એ પણ નાની સૂની ઉપલબ્ધિ ન ગણાય.

**(૨) શ્રી ઉમિયા માતાજી - વાંઢાય (ભુજ-કચ્છ)**

વાંઢાય ગામ સંતોની તપોભૂમિ છે. અહીં સંતશ્રી વિહારી સાહેબ, શ્રી ઈશ્વરરામજી અને સંતશ્રી ઓધવરામજી જેવા સંતોએ તપશ્ચર્યા કરી હતી. શ્રી ઉમિયા માતાજીનું મંદિર સંતશ્રી ઓધવરામજીની પ્રેરણાથી સંવત-૨૦૦૦માં સ્થાપવામાં આવેલું. સંવત ૨૦૦૩ના રામનવમીના દિવસે અહીં તે જ જગ્યાએ શ્રી ઉમિયા માતાજીની મૂર્તિ સ્થાપવામાં આવી હતી. આ મંદિરને આજે અડધી સદી ઉપરનો સમય થઈ ગયો છે.

શરૂઆતમાં અહીં નાનકડું મંદિર અને થોડાક ઓરડા હતા. સંતોની ભૂમિ અને કડવા પાટીદારની કુળદેવીની સ્થાપના થતાં લોકોનો વિશ્વાસ વધ્યો અને વિકાસ થવા લાગ્યો. અહીં પાણી માટે દેશલપરથી પાઈપલાઈન દ્વારા પાણી લાવવામાં આવ્યું. ઈ.સ. ૧૯૭૧માં વીજળીકરણ થયું અને ગૌશાળા પણ બની. ઈ.સ. ૧૯૭૪માં મંદિરના પટાંગણમાં શ્રી ઓધવરામજી ભવનનું નિર્માણ થયું. ઈ.સ. ૧૯૭૮માં સંત શ્રી વાલરામજીની પ્રેરણાથી ઉમાદેવી અને ઈશ્વરરામજી અન્નક્ષેત્રનો પ્રારંભ થયો. તે બાદ જરૂર મુજબ જમીન સંપાદન કરી પાંચ ભવનોનું નિર્માણ કરવામાં આવ્યું. યાત્રાળુઓ માટે ભોજન અને અદ્યતન સુવિધાયુક્ત આવાસની ઉત્તમ વ્યવસ્થા કરવામાં આવી.

આજ અરસામાં મંદિરનો જીર્ણોદ્ધાર થયો. અન્નક્ષેત્ર માટે વિશાળ ભોજનખંડ, રસોઈઘર બન્યાં. માતાજીના મંદિરના પ્રાંગણમાં તપસ્વી, બ્રહ્મનિષ્ઠ સંતશ્રી ઈશ્વરરામજી મહારાજનો ખંડ અને તેમાં તેમણે ઉપયોગમાં લીધેલ ઢોલિયો દર્શનાર્થે રાખવામાં આવ્યો. સાથે સાથે માતાજીના મંદિરના પ્રેરણાદાતા પ.પૂ.સંતશ્રી ઓધવરામજી મહારાજનું દર્શન માટે મંદિરમાં તેમની પ્રતિમા મૂકવામાં આવી.

આ રીતે મા ઉમિયાનું વિશાળ પરિસર લીલાંછમ વૃક્ષોથી શોભી ઊઠે છે. અહીં નાના-મોટા સભાખંડો અને આવાસ ભવનો પણ છે. જેમાં ૯૫ અદ્યતન સુવિધાયુક્ત રૂમ છે. ઈ.સ. ૨૦૦૧ ભૂકંપ વખતે આ મંદિર ખંડિત થવાથી તે જ પરિસરમાં આ મંદિરની સામે જ નવું પથ્થરનું ભવ્ય મંદિર બાંધવામાં આવ્યું છે અને તે નવીન મંદિર ખાતે માતાજીની પુનઃ પ્રતિષ્ઠા તા. ૧-૪-૨૦૦૯ થી તા. ૩-૪-૨૦૦૯ સુધી કરવામાં આવી છે.

વાંઢાય મંદિર ભૂજ તાલુકામાં ભૂજથી નખત્રાણા જતાં રાજ્ય ધોરીમાર્ગ પર ભૂજથી ૨૫ કિ.મી.ના અંતરે અને અમદાવાદથી ૪૦૦ કિ.મી. દૂર આવેલ છે. અહીં શ્રી ઉમિયા માતાજીના મંદિર સિવાય રામ મંદિર, ઈશ્વર રામજી આશ્રમ અને નજીકમાં ભગવાનશ્રી લક્ષ્મીનારાયણનું મંદિર પણ આવેલું છે.

અહીં યાત્રીઓને રહેવા માટે સર્વ સુવિધા ઉપલબ્ધ છે.







અન્નક્ષેત્ર ખાતે સવારે ચા-પાણી અને બપોર-સાંજ જમવાની વ્યવસ્થા છે. ઈશ્વર આશ્રમમાં પણ આવી જ સગવડ છે. દર વર્ષે લગભગ ત્રણ લાખ યાત્રીઓ દર્શને આવે છે. આ મંદિર કચ્છના કડવા પાટીદારોની એકતાનું અને ભાઈચારાનું મહત્ત્વનું સ્થાન છે. આ મંદિરનો વહીવટ - "શ્રી ઉમિયા માતાજી ઈશ્વરરામજી ટ્રસ્ટ - વાંઢાય" કરે છે.

**આ ટ્રસ્ટની પ્રવૃત્તિઓ :**

**૧. કાયમી અન્નક્ષેત્ર :** ઈ.સ. ૧૯૭૮થી અહીં સાધુસંતો, યાત્રીઓ અને અભ્યાગતોને કોઈપણ જાતના ભેદભાવ વગર ચાર્જ સિવાય જમાડવામાં આવે છે.

**૨. પથિકાશ્રમની સુવિધા :** અત્રે પાંચ વિશાળ ભવનોમાં કુલ ૯૫ નાના-મોટા અદ્યતન સુવિધાયુક્ત રૂમોમાં યાત્રીઓને ઉતારાની સગવડ અપાય છે.

**૩. સમૂહલગ્ન યોજના :** વર્ષમાં વસંતપંચમી અને અખાત્રીજ એમ બે વાર સમૂહલગ્નોનું આયોજન કરાય છે. અત્રેથી દાતાઓના સહયોગ દ્વારા કન્યાને મા માટલું અને અન્ય ચીજો ભેટ અપાય છે. કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિ દ્વારા જ્યાં સમૂહલગ્નો યોજાય તે ગામે કુમકુમ અને પાનેતર અપાય છે.

**૪. ગૌસેવા પ્રવૃત્તિ :** કાયમી ગૌશાળા ચલાવાય છે.

**૫. ઉત્સવો :** દર રામનવમીએ મંદિરનો વાર્ષિકોત્સવ ધામધૂમથી ઊજવાય છે. જેમાં દૂરદૂરથી લોકો ભાગ લે છે, ધર્મસભાઓ પણ યોજાય છે. નવરાત્રી પર્વ પણ ઊજવાય છે.

**૬. 'ઉમાદર્પણ' માસિક :** અત્રેથી 'ઉમાદર્પણ' માસિક સંસ્થાનું મુખપત્ર ચલાવાય છે.

આ ઉપરાંત દાતાઓનાં સન્માન, ધર્મસભાઓ, જરૂરતમંદ કુટુંબોને આર્થિકસહાય, રોગનિદાન કેમ્પ, શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં સહાય જેવી પ્રવૃત્તિઓ પણ ચાલે છે.

વળી, નૂતન વર્ષે અન્નકૂટ પણ ઊજવાય છે. અન્નક્ષેત્ર, આરતી, ગૌશાળા, રાજભોગની કાયમી તિથિઓ પણ નોંધવામાં આવે છે.

### (૩) શ્રી ઉમિયાધામ - સુરત

તાપી નદીના કિનારે શોભતું એવું સુરતનું નામ સાંભળતાં કે બોલતાંની સાથે એક જાજરમાન ગુજરાતનું મોખરાનું બંદર હતું. જે બંદર ઉપર કહેવાય છે કે ચોરાશી દેશોના વહાણોના વાવટા તેના બંદરે ફરકતા હતા. દેશ-પરદેશ સાથે તેનો વહેવાર ધમધોકાર ચાલતો હતો અને એટલે જ અંગ્રેજો એ પોતાના વહેપારી થાણાં સુરતમાં નાખ્યાં હતાં. સુરત એક વૈભવશાળી અને ઉદ્યોગશાળી નગર હતું. જરીઉદ્યોગ, હીરાઉદ્યોગ અને કાપડ-રેશમના ધંધામાં એનું આગવું સ્થાન હતું. આજે પણ સુરત ભલે બંદર માર્ગ સંકોચાયો હોય પણ મોટા ઉદ્યોગો, હીરાઉદ્યોગ માટે અને જરીઉદ્યોગ માટે તેનો વિકાસ દમદમા ભર્યો છે. જુદા જુદા ગામડાના લોકોએ આવીને સુરતને વિવિધ ધંધામાં તેને વિકસાવ્યું છે. તેનો હીરાઉદ્યોગ વિશ્વ વિખ્યાત છે. લાખો પરિવારને તે કામધંધો પૂરો પાડે છે. ગુજરાતના ગામડાઓમાંથી આવીને સુરતમાં વસેલા ૩૦થી વધારે ક.પા. સમાજ જે એક જ નગરમાં વસી સમાજ કલ્યાણની ભાવના ઘડે અને તેનાં માટે છેલ્લા ૫ વર્ષમાં જ સક્રીય થઈ એક વિશાળ સંકુલનું નિર્માણ કરે અને તે પૂર્ણ વિકસિત કરી કાર્યશીલ બનાવે તેવું જો બન્યું હોય તો તે સુરત નગરમાં રહેતા પાટીદાર સમાજે કરી બતાવ્યું છે. સુરતના વિકાસ માટે સમાજના ઘડતર માટે અને સમાજને ઉપયોગી થવાની ભાવનાના બી વાવ્યાં અને વીસ વર્ષના ગાળામાં આ બીમાંથી વિશાળ વટવૃક્ષ સુરતમાં રહેતા પાટીદાર ભાઈઓએ કરી બતાવ્યું છે. માત્ર દસ-બાર વર્ષ અગાઉ સુરતમાં શ્રી ઉમિયા પરિવાર ટ્રસ્ટની સ્થાપના કરી સૌ પ્રથમ પાટીદાર સમાજ માટે એક આત્મીય શ્રદ્ધા કેન્દ્ર નિર્માણ કરવા માટે શ્રી ઉમિયાધામ મંદિર નિર્માણ કરવાનું નક્કી કર્યું અને તે માટેની પુરજોશથી તૈયારી આરંભી શ્રદ્ધા કેન્દ્ર સમું માનું મંદિર માટે અને તેના નિર્માણ માટે જે જે કમિટીઓ, સમિતિઓ અને કાર્યની વ્યવસ્થાના વિભાગવાર કાર્યની વહેંચણી કરી દેવામાં આવી અને મંદિર નિર્માણનો પાયો નખાયો. સુરતનું ઉમિયાધામ મંદિર ૮૫X૧૨૨ ફૂટ લંબાઈ પહોળાઈમાં આવેલું છે. મંદિરની આજુબાજુ લભગભ ૧૭ હજાર ચોરસવાર જગ્યા ઈતર પ્રવૃત્તિઓ માટે ખુલ્લી છે મંદિરની ઊંચાઈ ૯૧ ફૂટ અને તેનો ધ્વજદંડ જૂથભાગ ૧૭ ફૂટ ઉંચાઈનો છે. મંદિર હોય અને આવતા-જતા લોકો માટે ઉતારા માટે વિશ્રામ ધામ ન હોય તો મંદિરમાં અધૂરપ વર્તાય અને વાત કાર્યકરોના મનમાં હતી એટલે સૌ પ્રથમ ઉમિયા અતિથિગૃહ નિર્માણની યોજના વિચારી અને શ્રી રામદાસ માધવદાસ (રાંધેજાવાળા) નામનું ૪૨ રૂમો, ચાર મોટા હૉલ વાળું અને વિશાળ ભોજનાલયથી સજ્જ અતિથિગૃહ નિર્માણ થઈ ગયું છે.

સુરતના ઉમિયાધામ પરિવારના નિર્માણ પછી તેનાથી સમાજમાં એક રસતા ઉજાળ કરવા માટે સમાજમાં ઉત્સાહ-



# શ્રી ઉમિયા માતાજી

## અઢારમી શતાબ્દી મહોત્સવ ✳ સ્મૃતિગ્રંથ



ઉમંગ અને તેના ઘડતરમાં ઉપયોગી થાય તેવી પ્રવૃત્તિઓનો શુભારંભ કર્યો છે. નવરાત્રિ મહોસવએ એનું આગવું અને અનોખું સાંસ્કૃતિક પ્રદાન છે તે નવરાત્રિ મહોત્સવ હરિફાઈમાં ઉતરી ગઈકાલ તેને સુરતન્યુ તરફથી દોઢ લાખનું ઈનામ મેળવ્યું હતું. તે ઉપરાંત રક્તદાન શિબિર, ગૃહિણી તાલીમ શિબિર, સમૂહલગ્નો તેમજ સમાજ ઉપર આવતી કુદરતી આફતોમાં સહાયભૂત થવાની તત્પરતા તેમની પ્રવૃતિઓના વિશેષ ગુણ છે. ગઈ સાલે સુરતના પાટીદાર સમાજે ઉમિયાધામની એક આગવી અને ધ્યાન ખેંચે તેવી પ્રવૃત્તિઓમાં ભ્રૂણ હત્યા નિવારણની અતિ મહત્ત્વની કામગીરી કરી અને તે નિમિત્તે ઉમિયાપ્રસાદ દ્વારા એક ઐતિહાસિક કાર્ય સિદ્ધ કરી બતાવ્યું છે.

**ભ્રૂણ હત્યા નિવારણ સંકલ્પ :**

સમાજમાં છોકરીઓનું પ્રમાણ દિનપ્રતિદિન ઘટવાના કારણે લાંબા ગાળે સમાજનું બેલેન્સ તૂટી પડે, ને વિપરીત અને વિકૃત પરિસ્થિતિનું નિર્માણ રોકવા માટે સમાજના શુભચિંતકોએ વિચાર્યું કે પાટીદાર સમાજમાં ભ્રૂણહત્યાનું પ્રમાણ ઠીક ઠીક વધી ગયું છે, છોકરીઓને અવતરણ દેતા નથી, આની સામે ગુજરાત વ્યાપી ઝૂંબેશ ઉમિયાધામના પાટીદાર કાર્યકરો સાથે સમગ્ર સૂરતના કાર્યકરો પણ જોડાયા. આ એવું ક્રાન્તિકારી કાર્ય થયું કે જેની કલ્પના પણ ન કરી શકીએ. ગુજરાતનો સમગ્ર પાટીદાર સમાજને જાગૃત કર્યો, સાથે સાથે અન્ય સમાજો પણ જોડાયા. પ્રચારતંત્ર એટલું જોરદાર બનાવ્યું કે સરકારે પણ નોંધ લેવી પડી ને સરકારીતંત્ર પણ આની સાથે જોડાયું. ભ્રૂણ હત્યા રોકવા માટે યાત્રાઓ યોજાઈ, સમ્મેલનો જન્મ્યા, ને સંકલ્પપત્રો ભરાયા, પાટીદાર સમાજના ડૉક્ટરોએ ભ્રૂણ હત્યા નહિ કરવાની પ્રતિજ્ઞાઓ લીધી. પ્રચારમાંથી આંદોલનનું સ્વરૂપ અપાયું. આ સમયે ઉમિયા પ્રમાદનો એક ઐતિહાસિક કાર્યક્રમ થયો. ગુજરાતના દરેક પાટીદારના ઘર સુધી પ્રસાદનો લાડુ સાથે સંદેશો પહોંચાડ્યો. લોક જાગૃતિ આવી ગઈ. આ અદ્‌ભુત-અવર્ણનીય કાર્ય પાટીદાર સમાજે સિદ્ધ કરી બતાવ્યું. આ કાર્યક્રમની નોંધ વિશ્વલેવલે લેવાઈ. ભારત સરકારે નોંધ લીધી. રાજસ્થાન, મધ્યપ્રદેશ સરકારે આ કાર્યક્રમનું અમલીકરણ કર્યું. એક ધાર્મિક સંસ્થા લોકજાગૃતિનું કેટલું મહાન કાર્ય કરી શકે છે, તેની પ્રતીતિ ઉમિયાધામે કરી બતાવી છે. આ માટે આ સંસ્થાના કાર્યકરોને જેટલા અભિનંદન આપીએ તેટલા ઓછા છે.

### (૪) શ્રી ઉમિયા માતાજી મંદિર - મેકન, અમેરિકા

અમેરિકાના જ્યોર્જિયા સ્ટેટના મેકનમાં અમેરિકામાં વસતા કડવા પાટીદારોએ મોટું વિશાળ મંદિર બનાવ્યું છે. આટલાન્ટાથી શરૂ થતો મેકેન રોડ ૪૨ના ક.પાટીદારો માટે ખૂબ જાણીતો રોડ છે. આ રોડ ઉપર આવતી તમામ મોટલો પાટીદારોના હાથમાં છે. વર્ષોથી આ વિસ્તારમાં કડવા પાટીદારો મોટી સંખ્યામાં રહે છે, ને સંગઠિત છે. એકબીજાના વિકાસમાં પારસ્પારિક મદદરૂપ બને છે. અહીં બે મિલિયન ડૉલરના ખર્ચે મા ઉમિયાનું મંદિર બનાવ્યું. મંદિરની સાથે ભવ્ય વિશાળ સાંસ્કૃતિક હોલ છે, જે હોલમાં લગ્ન સમારંભો, ધાર્મિક ઉત્સવો, સામાજિક પ્રસંગો જેવાકે બેબીશાવર, વેવિશાળ, સ્નેહમિલન સમારંભો યોજવામાં આવે છે. આ ઉપરાંત વ્યાખ્યાનોનું આયોજન થાય છે. આ સંસ્થા યુવકો માટે વ્યાયામ, રમતગમત અને શિબિરોનું આયોજન કરે છે. અહીં લગ્નસહાયક કેન્દ્ર ચાલે છે, ને એટલી સુંદર વ્યવસ્થા કોમ્પ્યુટર દ્વારા ગોઠવી છે કે જે ઉંમરના છોકરા-છોકરીઓની જરૂર હોય તે માહિતી વિવિધ યોગ્યતા સાથે બે-ચાર મિનિટમાં કાઢી આપવામાં આવે છે. આની website છે. જેનું નામ છે www.shreeumiyamataji-mandir.org. વેબસાઈટ ઉપરથી પણ માહિતી મેળવી શકાય છે.

આ સંસ્થા તરફથી દર વર્ષે સમ્મેલનો યોજવામાં આવે છે. અમેરિકામાં ૧૨ હજારથી વધારે કડવા પાટીદાર પરિવારો રહે છે, ને તમામ પરિવારોની ટેલીફોન ડિરેક્ટરી બહાર પાડવામાં આવી છે. સરનામું : શ્રી ઉમિયા માતાજી મંદિર, ૪૭૭૦ Raley Road, Macon, Gerorgia, ૩૧૨૦૬. Tel. : ૪૭૮-૪૭૬-૯૪૪૦. Fax : ૪૭૮-૪૭૧-૮૧૭૦

### (૫) શ્રી ઉમિયા માતાજી મંદિર - કરોંદિયા (નિમાડ)

ધર્મની ધજા જ્યાં લહેરાય ત્યાં ભાવના અને ભક્તિ પણ પેદા થાય જ. શ્રી ઉમિયા માતાજી સંસ્થાન - ઊંઝા એ ધર્મસ્થાન છે. આસ્થા અને શ્રદ્ધાનું કેન્દ્ર છે. માનવજીવનમાં ધર્મનું સ્થાન એ જીવનપ્રવાહનું માધ્યમ છે. ૧૮મી શતાબ્દી મહોત્સવ પછી કડવા પાટીદાર સમાજમાં મા ઉમિયાની પ્રેરણાથી નવી જ ક્રાન્તિ જોવા મળે છે. સમાજની એકતા અને ભ્રાતૃભાવ ખૂબ વધ્યો છે. મા ઉમિયાની પ્રેરણાથી સમાજમાં આમૂલ પરિવર્તન આવ્યું







છે. ખાસ કરીને મધ્યપ્રદેશમાં સમાજ બેઠો થયો છે. ૧૮મી શતાબ્દી મહોત્સવ એ પાટીદાર સમાજના ઐતિહાસિક પરિવર્તનનું મહત્ત્વનું સીમાચિહ્ન છે. એક ઐતિહાસિક વળાંક (turning point) છે. આબધું ધર્મની ધજા નીચે થયું.

મધ્યપ્રદેશમાં આવન-જાવન થતાં મા ઉમિયાનાં ત્યાં પણ મંદિરો ઊભાં થવા લાગ્યાં. તેમાં કરોંદિયા ખાતે બનેલ મંદિર એ મહત્ત્વની પહેલ છે. શ્રી કેશુભાઈ શેઠ અને તેમના સાથીદારોએ ત્યાં ભૂમિની પસંદગીથી માંડીને મંદિર નિર્માણ સુધીના આયોજનના માર્ગદર્શક, સલાહકાર અને સહાયક બન્યા. ત્યાં તા.૮-૩-૯૦ના રોજ મંદિરનું શિલારોપણ થયું. આ પ્રસંગે મધ્યપ્રદેશના પાટીદારોના ઈતિહાસનો ભવ્ય પ્રસંગ હતો. હજારો ભાવિકોની હાજરી હતી. શેઠશ્રીએ આ મંદિર નિર્માણમાં રૂ.૧૧૦૦૦નું દાન આપ્યું.

આ મંદિર તૈયાર થતાં તેનો પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ તથા સહસ્ત્રચંડી મહાયજ્ઞનું આયોજન કરોંદિયા ગામે તા.૨૦-૨-૯૪થી તા.૨૮-૨-૯૪માં યોજાયું. આ પ્રસંગે પણ શેઠશ્રી કેશુભાઈ તેમજ શ્રી મણિભાઈ મમ્મી તથા અન્ય કાર્યકર્તાઓ હાજર રહ્યા. હોલ્કર સ્ટેટનાં પ્રજાવત્સલ મહારાણી અહલ્યાબાઈની કર્મભૂમિ મહેશ્વર નજીક કરોંદિયા ગામ એક ભવ્ય યાત્રાધામ બન્યું. આ અદ્વિતીય અને ભવ્ય પ્રસંગે ઊંઝાના અન્ય મહાનુભાવોમાં શ્રી મણિભાઈ ઘંટી - માનદ્‌મંત્રીશ્રી, શ્રી નથુભાઈ પટેલ સહમંત્રીશ્રી, શ્રી મણિલાલ નેતા, શ્રી અંબાલાલ ચારી તેમજ શ્રી ઉમિયા માતાજી સંસ્થાન - ઊંઝાના અન્ય માન્ય નેતાઓ પણ હાજર હતા. આ મહોત્સવમાં મહેશ્વરથી કરોંદિયા સુધીની ભવ્ય શોભાયાત્રા, અખંડ જ્યોતની રથયાત્રા, છોટે મોરારિબાપુની પવિત્ર વાણી તથા ગુજરાત અને મધ્ય પ્રદેશ, રાજસ્થાન, મહારાષ્ટ્રના પાટીદારોની વિશાળ ઉપસ્થિતિ નોંધપાત્ર બાબતો હતી. આ મંદિરના નિર્માણમાં રૂ.૧૭,૦૦,૦૦૦ એકત્ર થયા, જેમાંથી રૂ.૧૪,૦૦,૦૦૦ ખર્ચપેટે વપરાયા. આ કરોંદિયા ઉમિયાધામ સમાજની સામાજિક, શૈક્ષણિક તેમજ ધાર્મિક પ્રવૃત્તિઓનું કેન્દ્રસ્થાન બન્યું. આ ધામે દર વાર્ષિકોત્સવ પ્રસંગે યજ્ઞનું આયોજન થાય છે અને મધ્યપ્રદેશના યાત્રાળુઓ મોટી સંખ્યામાં ભાગ લે છે.

આ પછી ત્યાં આઠ ઓરડાનું વિશ્રાંતિગૃહ પણ નિર્માણ થયું. જેમાં ગુજરાતના શ્રી ગોવિંદભાઈ મફતલાલ પટેલે ભૂમિપૂજન કરેલું. રૂ.૬,૦૦,૦૦૦ના ખર્ચે નિર્માણ પામેલ આ ભવનનું તા.૨-૨-૯૬ના રોજ શ્રી રણછોડભાઈ પુરુષોત્તમદાસ અમદાવાદના હસ્તે ઉદ્દ્‌ઘાટન થયું હતું.

**શ્રી ઉમિયાધામ - રાઉ રંગવસા (ઈન્દોર)**

મધ્ય પ્રદેશ ખાતે મા ઉમિયાનાં મંદિરોની શૃંખલામાં રાઉ-રંગવાસાનું શ્રી ઉમિયાધામ મંદિર ભવ્ય, ગૌરવશાળી અને આગવી ભાત ઊભી કરે છે. મધ્ય પ્રદેશ પાટીદાર સમાજે ઉજ્જૈનમાં શ્રીરામ મંદિરનું ઐતિહાસિક નિર્માણ કર્યા બાદ બીજા નંબરે રાઉ-રંગવાસા મંદિરનું મહત્ત્વનું સ્થાન છે. આ મંદિરના નિર્માણમાં પણ શ્રી કેશુભાઈ શેઠ અને તેમના સાથીદારોએ ભૂમિ પસંદગીથી માંડીને મંદિરના નિર્માણ સુધી તન-મન અને ધનથી સહયોગ આપ્યો છે. તેમણે અહીં પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવમાં ઉત્સાહભેર ભાગ લીધો છે. આ પ્રસંગે તા.૭-૫-૧૯૯૦ના દિવસે ૨૫૦ ઓરડાઓના વિશાળ છાત્રાલય અને વિદ્યાલય ભવનનું શિલારોપણ પણ શ્રી કેશુભાઈ શેઠના વરદ્‌હસ્તે થયું. જેમાં શેઠશ્રીએ રૂ.૧,૧૧,૧૧૧ના દાનની જાહેરાત કરી. આ પ્રસંગે ગુજરાતથી શ્રી અરવિંદભાઈ પટેલ (રાજ્યમંત્રી - ગુજરાત રાજ્ય), શ્રી માધવલાલ ભોલીદાસ પટેલ, શ્રી મણિભાઈ મમ્મી, શ્રી બાબુલાલ દીપચંદ પટેલ, શ્રી ગોર્ધનભાઈ પટેલ (વડોદરા) શ્રી હર્ષદભાઈ પટેલ (ધરતી), ડૉ. મફતલાલ પટેલ (અમદાવાદ), શ્રી જયંતીભાઈ પટેલ (તંત્રી-ઉમિયાદર્શન), પાર્વતીબહેન પટેલ તથા હંસાબહેન પટેલ વગેરે હાજર હતાં.

મા ઉમિયાના રાઉ-રંગવાસાના મંદિરે પ્રાણપ્રતિષ્ઠા વખતે મધ્યપ્રદેશ પાટીદાર સમાજનો કોઈ માણસ એક હજાર રૂપિયાનું દાન આપવાની હિંમત કરી શકતો ન હતો. તે જ સમાજે ગુજરાતના ભાઈઓની દાન પ્રવૃત્તિની પ્રેરણાથી ચાર કલાકના ટૂંકા ગાળામાં કન્યા છાત્રાલય, વિદ્યાલય તથા મંદિર નિર્માણ માટે રૂ.૪૬,૦૦,૦૦૦ (રૂપિયા છેતાલીસ લાખ)નાં દાન જાહેર કર્યાં. પરિણામે જુલાઈ-૧૯૯૬માં છાત્રાલય તેમજ વિદ્યાલય શરૂ થઈ ગયાં. અહીં શ્રી ઉમિયા માતાજી સંસ્થાન - ઊંઝાએ પણ રૂ.૨,૫૦,૦૦૦ની કન્યા છાત્રાલયને સહાય આપી. આ મંદિર અને શૈક્ષણિક સંકુલ માટે શ્રી અંબિકા પાટીદાર સમાજ ધાર્મિક તથા પારમાર્થિક ટ્રસ્ટ બનાવવામાં આવ્યું. આ ટ્રસ્ટે અનેકવિધ યોજનાઓ કાર્યાન્વિત કરી રૂપિયા ૫૦,૦૦,૦૦૦ના ખર્ચે 'મા ઉમિયા પાટીદાર કન્યા છાત્રાલય ભવન'નું ટૂંકા ગાળામાં નિર્માણ કર્યું. આ ભવનનું ઉદ્દ્‌ઘાટન કરવા આ ટ્રસ્ટના ટ્રસ્ટીઓએ સૌરાષ્ટ્રની સમાજયાત્રા કરી અને સૌરાષ્ટ્રને પણ મધ્ય પ્રદેશ સાથે જોડ્યું. પરિણામે ગુજરાતમાંથી શ્રી ઉમિયા માતાજી સંસ્થાન

- ઊંઝાના કાર્યકર્તાઓ, અમદાવાદથી ધરતી પરિવારના કાર્યકર્તાઓ તથા સૌરાષ્ટ્રના કાર્યકરો ત્યાં ઉદ્‌ઘાટન સમયે હાજર રહ્યા. સૌરાષ્ટ્રમાંથી શ્રી ઓધવજી આર. પટેલ (પ્રમુખ સિદસર ઉમિયા માતા મંદિર), શ્રી કાનજીભાઈ પટેલ, શ્રી ભવાનભાઈ પટેલ, શ્રી વેલજીભાઈ પટેલ, શ્રી આસુભાઈ પટેલ, શ્રી ભગવાનભાઈ પટેલ, શ્રી ઠાકરસીભાઈ પટેલ તથા શ્રી વસરામભાઈ પટેલ તેમજ શ્રી ગટોરભાઈ તથા શ્રી ફૂલજીભાઈ પટેલ વગેરે હતા. આ પ્રસંગે માનનીય શ્રી કેશુભાઈ શેઠ, શ્રી મણિભાઈ મમ્મી, શ્રી માધવલાલ ભોળીદાસ પટેલ વગેરે ઊંઝાથી હાજર હતા. અમદાવાદથી શ્રી કનુભાઈ પટેલ તથા રણછોડદાસ પટેલ પણ હતા. આ પ્રસંગે શ્રી ઓધવજીભાઈ પટેલે રૂ.૧,૧૧,૧૧૧નું દાન આપ્યું. સાથે સાથે માળવા, ગુજરાત અને નિમાડના આગેવાનોએ થોડાક સમયમાં રૂ.૪૦,૦૦,૦૦૦નું દાન જાહેર કર્યું. અત્રે શ્રી ભાગીરથ ચુનીલાલજી - રાલા-ખજરાનાએ સૌથી વધુ રૂ.૩,૦૧,૧૧૧નું દાન આપ્યું.

શ્રી ઉમિયાધામ-રાઉ-રંગવાસાના મંદિર તેમજ શૈક્ષણિક સંકુલના ઉદ્‌ઘાટન પ્રસંગે દિલ્હી વિસ્તારના યુ.પી.ના પાટીદારો પણ આમંત્રણને માન આપી આવ્યા હતા. જેમાં દિલ્હીમાં રહેતા ગુજરાતી કચ્છીભાઈ શ્રી કવિ પટેલ તેમજ દિલ્હીના ડૉ. દિલાવરસિંહજીએ પોતાના પ્રવચનમાં કુર્મિક્ષત્રિય પાટીદારોનો સંક્ષિપ્ત ઈતિહાસ રજૂ કરી - સર્વ પાટીદારો એક ભાઈ છે, તેવું પ્રતિપાદિત કર્યું. સાથે સાથે ગુજરાતના ભાઈઓએ જેમ મધ્ય પ્રદેશના વિખૂટા ભાઈઓને ઉઠાવી ગળે લગાડ્યા તેમજ દિલ્હી, યુ.પી., બિહાર, નેપાલના પાટીદારોને પણ ઉઠાવવા અને અપનાવવા સમાજયાત્રાઓ યોજવા અપીલ કરી. તેમણે ઊંઝા સ્થિત શ્રી ઉમિયા માતા સૌની કુળદેવી છે તેમ જણાવ્યું. સાથે સાથે અખિલ ભારતીય પાટીદાર સમાજની એકતા ઊભી કરવા ખાસ અપીલ કરી. આજે મધ્યપ્રદેશમાં રાઉ-રંગવાલા શિક્ષણનું ઉત્તમધામ બન્યુ છે. ને આ ધામની અસરો સમગ્ર મધ્યપ્રદેશના પાટીદાર સમાજ ઉપર પડી છે. મધ્યપ્રદેશમાં આ રીતે વ્યાપક પરિવર્તન આવ્યું છે, ત્યાં મહિલા સમ્મેલનો, યુવા સમ્મેલનો પણ વારંવાર મળે છે. ને એકબીજાને મદદરૂપ બને છે.

•

## ૫. શ્રી ઉમિયા માતાજી સંસ્થાનનો આંતરિક વહીવટ

સંવંત ૨૦૩૩ના માગસર સુદ ૪, તા.૨૫-૧૧-૭૬ થી માગસર સુદ ૮, તા.૨૯-૧૧-૭૬ સુધી માતાજીનો ૧૮મી શતાબ્દી મહોત્સવ યોજાઈ ગયો. આજે ૩૮ વર્ષ પૂરાં થયાં. મહોત્સવ પહેલાં જે વાતાવરણ સમગ્ર શહેરમાં હતું, જે સ્થિતિ હતી, એમાં બદલાવ આવી ગયો. કલ્પના પણ ન કરી હોય તેવો આ મહોત્સવ એક ચમત્કાર હતો, કોઈ પ્રકારના વિઘ્ન વિના ૧૮ લાખ લોકોએ મહોત્સવ દરમિયાન માતાજીનાં દર્શન કર્યા. માતાજીની અસીમ પ્રેરણાએ નવી ચેતના જન્માવી. મહોત્સવ બાદ માતાજીની પ્રેરણાની અસર સમગ્ર સમાજ ઉપર તો થઈ, પણ એક એવા વાતાવરણનો જન્મ થયો કે માતાજીના નેજા નીચે સમગ્ર કડવા પાટીદાર સમાજના ઉત્કર્ષ માટે નવું કંઈક કરવું. ઉમિયા માતાજી સંસ્થાન. ઊંઝા એ તો આ પ્રગટેલા, ઉમટેલા નવોત્કર્ષ વાતાવરણને પકડી લીધું, લોક હૃદયમાં અનેરો ઉત્સાહ સાથે જોમ હતો, નવી આશા જન્મેલી કે આપણે હવે કંઈક સારું કરી શકીશું. માત્ર ઉમિયા માતાજી સંસ્થાન-ઊંઝામાં મહોત્સવ ઉજવાયો, પણ તેના પ્રકાશની અસરો સમગ્ર ગુજરાતના એકે એક ગામમાં ફેલાઈ, એટલું જ નહિ પણ સમગ્ર ભારતને વિદેશોમાં જ્યાં જ્યાં આપણો પાટીદાર સમાજ હતો ત્યાં બધે જ આ જ્યોત પ્રકાશિત બની. સૌના હૃદયમાં મા ઉમિયા પ્રત્યેની ભક્તિ ભાવના પ્રસ્થાપિત થઈ.

૧૮મી શતાબ્દી મહોત્સવ પછી પાટીદાર સમાજમાં નવો વળાંક આવ્યો, નવી દિશા ઉઘડી, વિશાળતા જન્મી, માતાજીનું નવું સ્વરૂપ નિહાળ્યું, શ્રદ્ધાની દેવી સાથે સાથે સમાજ કલ્યાણી દેવી તરીકે પ્રસ્થાપિત કરી. સમગ્ર સમાજની ઉદ્ધારક દેવી મા ઉમિયાજી છે, એવું સૌએ સ્વીકાર્યું, ને માતાના નેજા નીચે ગુજરાત અને ગુજરાત બહાર વિવિધ કાર્યક્રમો, ઉત્સવો થવા લાગ્યા, સમાજ ધાર્મિક વિધિઓથી બહાર આવીને સમાજના ઉત્કર્ષ ને રોકનારા તમામ માર્ગોનો વિચાર કરતો થયો. પ્રવાહ બદલાયો, પદ્ધતિ બદલાઈ. આર્થિક, સામાજિક, શૈક્ષણિક રીતે ક્યાં કોને ઉપયોગી થવાય તેનું ચિંતન થવા લાગ્યુ. નવા સંગઠનો રચાયા, સમાજનું નવું સ્વરૂપ અપાયું. શું કરવાથી સમગ્ર કડવા પાટીદારનો ઉત્કર્ષ થાય ? તેની વિકાસની ગતિ વધે ? તે આર્થિક રીતે સમૃદ્ધ બને ? તેની પ્રગતિને રોકનારા કુરિવાજો, કુરૂઢિઓ,







ખોટા સામાજિક ખર્ચાઓની પગમાં બાંધેલી બેડીઓમાંથી મુક્ત કરવાના માર્ગો શોધાયા. સમાજની પ્રત્યેક વ્યક્તિના હૃદયમાં નવો ઉત્સાહ જન્મ્યો.

૧૮મી શતાબ્દી મહોત્સવની મનોવૈજ્ઞાનિક અસર એ થઈ કે ઉમટેલા મહાસાગરને જોઈને દરેકને એવો ખ્યાલ આવ્યો કે, "દરેક ગામમાં હું છું, દરેક જગ્યાએ હું છું, ને દરેક જગ્યાએ મા ઉમિયાનું તેજ ફેલાયેલું છે. હું હવે એકલો નથી, મારી સાથે લાખો લોકો જોડાયેલા છે. મારા દુઃખમાં હજારો સાથીદારો છે, હવે હું પહાડ ચઢી શકીશ." આવી ભાવના જન્મવાથી ઉન્નતિના પ્રવાહની ગતિ ઝડપી બની ગઈ. આજે સમગ્ર સમાજમાં પરિવર્તન આવવાના કારણમાં આ મનોવૈજ્ઞાનિક વૈચારિક ભાવના એ નવી ચેતના રેડી છે.

**૧૮મી શતાબ્દી મહોત્સવ પછી ઉમિયા માતાજી સંસ્થાના કાર્યમાં આવેલ બદલાવ :**

૧૮મી શતાબ્દી મહોત્સવ પછી માતાજીના મંદિરની વાર્ષિક આવકમાં અસાધારણ વધારો થયો. શ્રી ઉમિયા માતાજી સંસ્થાનના સંચાલકો એ દીર્ઘદૃષ્ટિ વાપરીને માતાજીના મંદિરની જગ્યાએ સમગ્ર સમાજને મંદિરનું સ્વરૂપ બનાવવાનો નિર્ણય લીધો. સમાજના ઉત્કર્ષ માટે સમાજલક્ષી કાર્યોની શરૂઆત કરી. બંધારણમાં સમાજ ઉત્થાનનો હેતુ ઉમેરાયો, આજે આપણે જોઈએ છીએ કે શ્રી ઉમિયા માતાજી સંસ્થાને સમગ્ર કડવા પાટીદાર સમાજના ઉત્કર્ષ માટે જે કાર્ય સિદ્ધ કરી બતાવ્યું છે, તેનું વર્ણન કરવું અશક્ય છે. વિશ્વના પાટીદારોના હૃદયમાં માતાજીની જીવંત છબી પ્રસ્થાપિત કરવામાં, ને માતાજીના નેજા નીચે સમગ્ર પાટીદાર સમાજને સંગઠિત કરી, તેના વિકાસમાં રોકવાનું ભગીરથ કાર્ય કરી બતાવવા બદલ સંસ્થાની આ વ્યવસ્થાપક કમિટીને લાખ લાખ અભિનંદન છે. ધાર્મિક સંસ્થાનું સામાજિક સ્વરૂપ આપીને સમાજરૂપી ગોવર્ધન પહાડને ઉચકવાનું કાર્ય આ મહોત્સવની સૌથી મોટી સફળતા છે.

૧૮મી શતાબ્દી મહોત્સવ પછી શ્રી ઉમિયા માતાજી સંસ્થાન દ્વારા ચાર પ્રકારનાં કાર્યો થયાં, (૧) રહેવા-ઉતરવા માટે પથિકાશ્રમો બનાવાયા (૨) શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં સહાય અને શૈક્ષણિક તેમજ ઉચ્ચતમ સિદ્ધિઓ પ્રાપ્ત કરનારાને પ્રોત્સાહક કાર્યો (૩) સામાજિક, આર્થિક તેમજ શારીરિક નબળાં લોકોને મદદ (૪) સામાજિક ઉત્કર્ષ માટે લોકજાગૃતિના કાર્યક્રમો.

**૪. સૌથી પ્રથમ કાર્ય શ્રી ઉમિયા માતાજી મંદિરનું પરિસર :**

મહોત્સવ પૂર્ણ થયા પછી ઉમિયા માતાજીના કાર્યવાહકોને એમ લાગ્યું કે મહોત્સવ દરમિયાન બાવન લાખ જેટલી માતબર રકમ એકત્ર થઈ. ખર્ચ કાઢતાં બેતાલીસ લાખ બચત થઈ. આ બચત થતાં ઉમિયા માતાજીના સંતાનોએ પ્રથમ કાર્ય, માતાજીના સાનિધ્યમાં રહેવા, જમવાની ઉત્તમ વ્યવસ્થા નજર સમક્ષ રાખી માતાજીની પાસે આવેલ રહેઠાણના જૂનાં મકાનો ખરીદ્યાં અને તે પછી સૌથી પહેલું કાર્ય ૩૦૦ વ્યક્તિઓ રહી શકે તેવું વિશાળ, હવા ઉજાસવાળું, દરેક રૂમમાં બાથરૂમ સાથેનું વિશ્રાંતિગૃહ બાંધ્યું. સાથે સાથે ૩૦૦ માણસો એક સાથે જમી શકે તેવી જમવાની વ્યવસ્થા ગોઠવી. આમ મંદિરના પરિસરમાં એક પછી એક નવી સગવડો ઊભી કરવામાં આવી. મંદિરને સુશોભિત બનાવવા માટે મંદિરમાં ચાંદીના દરવાજા, સુવર્ણ કળશ, બહારના ભાગમાં સેવા પૂજાનાં સાધનો, અંદરની ધર્મશાળાનું નવીનીકરણ કરવામાં આવ્યું. યજ્ઞશાળા અદ્યતન બનાવી, માનસરોવરના વિકાસ માટે ફુવારાની વ્યવસ્થા કરી, એરકન્ડીશન રૂમો સાથે નવું વિશ્રાંતિગૃહ બાંધ્યું. આમ સમગ્ર મંદિર પરિસરમાં સ્વચ્છ, સુંદર વાતાવરણ ઊભું થાય તેમ કર્યું, ને આજે પણ કામ ચાલુ છે.

**પથિકાશ્રમ પ્રવૃત્તિ :**

મુંબઈ, સુરત, વડોદરા, રાજકોટ, ભૂજ, ઈન્દોર, ગાંધીનગર તથા દિલ્હીમાં કડવા પાટીદાર સમાજની સગવડ માટે પથિકાશ્રમ બાંધવા માટે જે કડવા પાટીદાર સમાજ આગળ આવે તેને ખર્ચના ૨૫ ટકા અને વધુમાં વધુ ૫ લાખની મદદ કરવા નક્કી કર્યું. આ આયોજન પ્રમાણે વડોદરા, સુરતમાં રૂપિયા પાંચ લાખ આપવામાં આવ્યા છે. આ પથિકાશ્રમો એકબીજાને નજીક લાવવામાં કડીરૂપ બનશે.

**શક્તિપીઠ અંબાજી અને બહુચરાજીમાં રહેવા-ઉતરવાની વ્યવસ્થાઃ**


ગુજરાતના ખ્યાતનામ યાત્રાધામો અંબાજી અને બહુચરાજીમાં રહેવા ઉતરવા માટે આપણાં સમાજની વ્યવસ્થા ન હતી. આથી શ્રી ઉમિયા માતાજી સંસ્થાન, ઊંઝાએ આ બંને જગ્યાએ આધુનિક સગવડવાળા પથિકાશ્રમો તૈયાર કર્યાં છે. જેનો મોટી સંખ્યામાં લોકો લાભ લે છે.

શક્તિપીઠ અંબાજી યાત્રાનું ધામ છે, દર વર્ષે હજારોની સંખ્યામાં સમાજના ભાઈ-બહેનો દર્શનાર્થે જતા આવતા હોય છે. બીજી જ્ઞાતિની ધર્મશાળાઓ ત્યાં મોટા પ્રમાણમાં છે, પણ આપણી



# શ્રી ઉમિયા માતાજી

## અઢારમી શતાબ્દી મહોત્સવ ※ સ્મૃતિગ્રંથ



જ્ઞાતિની કોઈ ધર્મશાળા કે રહેવાનું સ્થાન નહિ હોવાથી માતાજીની કાર્યવાહક કમિટીએ નિર્ણય કર્યો કે અંબાજીમાં પથિકાશ્રમ બનાવવું. અંબાજીમાં બેચરદાસ લશ્કરી શેઠનો બંગલો હતો, આ બંગલો ત્રણ લાખ પચાસ હજારમાં ખરીધ્યો, આમાં અત્યાર સુધી એક કરોડ રૂપિયા ખર્ચીને સુંદર વિશ્રાંતિગૃહ બનાવવામાં આવ્યું છે. અહીં ૨૮ રૂમ છે, ને ૫૦૦ યાત્રીઓ રહી શકે તેવી ઉત્તમ વ્યવસ્થા છે. સાથે સાથે બહુચરાજીમાં પણ નારાયણદાસ માધવલાલ પરિવાર તરફથી જમીન દાનમાં મેળવી અદ્યતન વિશ્રાંતિગૃહ બનાવવામાં આવ્યું છે. ૪૨ લાખનો ખર્ચ કર્યો છે. ૩૨ રૂમ છે, ને ૨૦૦૦ માણસો એક સાથે જમી શકે તેવી વ્યવસ્થા છે.

અમદાવાદ શહેરમાં આપણા સમાજ માટે રહેવા ઉતરવાની કોઈ વ્યવસ્થા ન હતી. ગામડાઓમાંથી દવા કરાવવા માટે દર્દીઓ આવે, ક્યાં રોકાવું તે સવાલ હતો. અમદાવાદમાં કાર્યવાહક કમિટીના સભ્યોએ અનેક જગ્યાઓ જોઈ, છેલ્લે શાહીબાગ ડફનાળા પાસે ૩૫ લાખમાં જમીન ખરીદી. પરંતુ આ જગ્યા ઉપર ભાડવાતો હતા. ભાડવાતો ખાલી કરે તો જ બાંધકામ થઈ શકે પરંતુ ભાડુવાતો ખાલી નહિ થવાના કારણે આ જગ્યા ઉપર વિકાસ કરી શકાયો નહિ, આ સમય દરમિયાન સોલા ભાગવત વિદ્યાપીઠ પાસે ૨૭ વીઘા જમીન મહિપતરામ આશ્રમની હતી. આ જગ્યા તેઓ વેચવા માગતા હતા. સૌને હાઈવે ઉપરની આ જગ્યા ગમી ગઈ, ને ૭૫ લાખ રૂપિયામાં બાંધકામ સાથે ૨૭ વીઘા જમીન ખરીદી લીધી. શાહીબાગની જગ્યા જે ૩૫ લાખમાં લીધેલી, તે ૯૦ લાખમાં વેચી મારી. આજે સોલા ભાગવતની જગ્યાની કિંમત કરોડો રૂપિયાની છે.

સોલા ભાગવત વિદ્યાપીઠ પાસે બનાવેલ ઉમિયા માતાજી સંકુલ આજે વિવિધ સામાજિક-શૈક્ષણિક પ્રવૃત્તિઓનું કેન્દ્ર બન્યું છે. અહીં આજે સમૂહલગ્નો, વ્યક્તિગત લગ્નો, સામાજિક મેળાવડાઓ થાય છે, સાથે રહેવા માટેની ઉત્તમ વ્યવસ્થા ગોઠવવામાં આવી છે, સમગ્ર સમાજ આનો લાભ લઈ રહ્યો છે.

વઢિયાળ, ખાખરિયા, કડવા પાટીદાર સમાજ જે અમદાવાદ, મહેસાણા અને સુરેન્દ્રનગર જિલ્લાની બોર્ડર લાઈન ઉપર આવેલો છે. આ સમાજ શિક્ષણથી વંચિત રહેતો હોવાથી, ને આ સમાજની મોટાભાગની દીકરીઓ ઊંઝા કન્યા છાત્રાલયમાં રહી અભ્યાસ કરતી હતી, જેથી આ ત્રણે સમાજના આગેવાનોને લાગ્યું ઊંઝા ઉમિયા માતાજી સંસ્થાન જો આ જમીનમાંથી પાંચ વીઘા જમીન આપે તો આ જગ્યા ઉપર અમે છાત્રાલય અને વિદ્યાલય બાંધીએ, ને ભાવિમાં કોલેજ સુધીનું શિક્ષણ આપી શકાય તેવી સંસ્થા બનાવવાનો વિચાર રજૂ કર્યો, ઊંઝા ઉમિયા માતાજી સંસ્થાને અમુક શરતોને આધીન રહી આ જગ્યા આ સમાજને આપવામાં આવી. આજે અહીં કરોડો રૂપિયાના ખર્ચે શિક્ષણની એક મોટી સંસ્થા ઊભી થઈ શકી છે, જેના કારણે જે ગામડાની છોકરીઓ ભણી શકતી ન હતી, તે દીકરીઓ ભણી ગણીને સારી જગ્યાએ ગોઠવાય છે.

**૫. શિક્ષણ અને સામાજિક ક્ષેત્રે ક્રાન્તિકારી કાર્યો.**

શિક્ષણ એ માનવજીવનને જાગૃત કરનારુ અને દિશા આપનારું સૌથી મોટું પરિબળ છે, શિક્ષણ વિના કોઈપણ સમાજ કે વ્યક્તિ પ્રગતિ કે ગતિ કરી શકે નહિ, સમગ્ર કડવા પાટીદાર સમાજને બેઠો કરવો હોય તો સૌથી મહત્ત્વનું પરિબળ શિક્ષણ છે. શ્રી ઉમિયા માતાજી સંસ્થાને સમાજમાં આર્થિક રીતે નબળા વર્ગને મદદ કરવા માટે કમર કસી, માતાજીમાં જે ભંડોળ ભેગું થયું, તેમાંથી મોટાભાગનો ખર્ચ શિક્ષણ પાછળ કર્યો. ઉચ્ચતમ સિદ્ધિઓ તરફ ગતિ કરનાર સમાજના યુવા વર્ગનો બેલી સંસ્થાન બન્યું. વ્યક્તિગત રીતે હજારો યુવક-યુવતીઓને મદદ કરી, પ્રોત્સાહિત કર્યા સાથે સાથે શિક્ષણની સંસ્થાઓને પણ મદદ કરી.

૧૮મી શતાબ્દી મહોત્સવ પછી અત્યાર સુધીના ગામોનો વૈજ્ઞાનિક તટસ્થ અભ્યાસ કરવામાં આવે તો જરૂર એક વાત સ્પષ્ટ દેખાઈ આવે છે કે માતાજી દ્વારા શિક્ષણક્ષેત્રે સમાજમાં જે કાંઈ મદદ થઈ, તેની સાથે પાટીદારોના નાના નાના સમાજો પણ પોતાના મર્યાદિત વિસ્તારમાં શિક્ષણમાં મદદ કરતા થઈ ગયા. પોતાના ગામમાં કે પોતાના વિસ્તારમાં શિક્ષણની વિવિધ સંસ્થાઓ ઊભી કરવામાં મદદરૂપ બન્યા. આજે ગુજરાતનું એક પણ ગામ એવું નથી કે જ્યાં શિક્ષણ માટે લોકો સજાગ બન્યા ન હોય ને આ કાર્ય પાટીદાર સમાજે કરી બતાવ્યું છે. ગુજરાતના ગામે ગામે બનેલી માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક શાળાઓ, આર્ટ્સ-સાયન્સ-કોમર્સ કોલેજો, ટેકનિકલ કોલેજો, શિક્ષણ તાલીમ સંસ્થાઓ પછી ભલે તે પી.ટી.સી., બી.એડ્ કોલેજ હોય, ફાર્મસી, એન્જિનીયરીંગ કે નર્સીંગ કોલેજો - આજે ગુજરાતના ગામડાઓ સુધી આ શૈક્ષણિક પ્રવાહ પહોંચાડનારાઓમાં સૌથી મહત્ત્વનો ફાળો પાટીદારોનો રહ્યો છે, તેને સ્વીકાર્યા વિના ચાલે એમ નથી, આ બધુ બનવાનું કારણ એ હતું કે ઉમિયા માતાજી સંસ્થાન દ્વારા સમૂહલગ્નની જેમ જ કન્યા કેળવણીનું બ્યૂગલ ફૂંકવામાં







આવ્યું. 'શિક્ષણ સમાજની કરોડરજ્જુ છે' આ વિચાર સમાજના આગેવાનોએ ગામે ગામે ફૂંક્યો. સ્વ. છગનભાઈએ શરૂ કરેલી શિક્ષણની જ્યોતને સૌથી વધારે પ્રજ્વલિત ૧૮મી શતાબ્દી મહોત્સવ પછી શરૂ થઈ ને આજે આપણે જોઈએ છીએ કે સમગ્ર કડવા પાટીદાર સમાજમાં શિક્ષણની ચેતના ઘરે ઘરે પહોંચી ગઈ છે. એક ધાર્મિક સંસ્થાએ શિક્ષણના પ્રવાહનો વેગીલો બનાવી દીધો. આજે પણ આ સંસ્થા દ્વારા શિક્ષણક્ષેત્રે નીચે પ્રમાણેનાં કાર્યો કરવામાં આવે છે.

**૧. ઉચ્ચ શિક્ષણ સહાય નિધિ :**

શ્રી ઉમિયા માતાજી સંસ્થાન - ઊંઝાની કારોબારી અને જાગૃત કાર્યકરોએ માતાજીના મંદિરના પરિસરની બહાર આવી સમગ્ર કડવા પાટીદાર સમાજને મંદિરનું સ્વરૂપ આપવાનો નિર્ણય કર્યો, એક ધાર્મિક સ્થાન સમગ્ર સમાજની ચિંતા કરે, સમાજની વેદનાઓ, વ્યથાઓને વાચા આપી તેને મદદરૂપ બનવા આગળ આવે, આના કારણે જ સામાજિક ક્રાન્તિ થઈ, ને આવું ઉત્તમ કાર્ય કરવા માટે શ્રી ઉમિયા માતાજી સંસ્થાનની કારોબારીને લાખ લાખ અભિનંદન આપીએ છીએ.

દરેક સમાજ અને સમાજમાં રહેલ વ્યક્તિમાં બદલાવ સમય અને સંજોગો અનુસાર આવતો જ રહે છે. ૨૧મી સદીમાં જ્યારે આપણે પ્રવેશ કરી રહ્યા છીએ ત્યારે આ સદી વિજ્ઞાન, ટેકનોલોજી અને કોમ્પ્યુટરની સદી છે. સદીને અનુરૂપ વ્યક્તિને શિક્ષણ આપવું જરૂરી છે.

કડવા પાટીદાર સમાજનો વિકાસ તેની નવી પેઢીને દરેક ક્ષેત્રે સમૃદ્ધ બનાવવાથી જ થઈ શકે. આ વિચારને લીધે કાર્યકર્તાઓએ નવી પેઢીની બાળાઓને કેળવવા ઉપર પ્રથમ ધ્યાન આપવા વિચાર્યું. કન્યા છાત્રાલયોને મદદ, ગૃહિણી તાલીમ શિબિરો, મહિલા સંમેલનો, કન્યાઓ માટેની પોલિટેક્નિકો વગેરે આયોજવાનો અભિગમ વિચારાયો અને તેનો અમલ પણ કરવામાં આવ્યો.

તે બાદ 'ઉમા યુનિવર્સિટી' કે 'ઉમિયા મેડિકલ કે એન્જિનિયરિંગ કોલેજ' ઊભી કરવાની વિચારણા ચાલી. ખૂબ મંથનને અંતે લાગ્યું કે યુનિવર્સિટી કે કોલેજોથી આપણાં કડવા પાટીદાર સમાજનાં તેજસ્વી બાળકોને લાભ આપવાનો મૂળભૂત હેતુ બર આવે તેમ ન બને. આ વાસ્તવિકતાને ધ્યાનમાં લઈ આપણા હેતુને પરિણામલક્ષી બનાવવા "શ્રી ઉચ્ચશિક્ષણ સહાય નિધિ" ઊભી કરવાનું વિચારવામાં આવ્યું.

ઉચ્ચ શિક્ષણ સહાય નિધિ માટે કડવા પાટીદાર સમાજમાંથી ૧૦૦૦ સભ્યો-દરેક પાસેથી રૂા.૨૫,૦૦૦થી ન વધુ - ન ઓછી એવી દેણગી મેળવી રૂપિયા અઢી કરોડનો આ નિધિ ઊભો કરવાનો સંકલ્પ કરવામાં આવ્યો. જો આ લક્ષ્ય બાર જ માસમાં પૂર્ણ કરવામાં આવે તો અન્ય સાત દાતાઓએ દરેક રૂપિયા એક લાખ આ નિધિના ભંડોળમાં આપશે, તેવી જાહેરાત કરવામાં આવી. આ પ્રોત્સાહને કાર્યકરોની ધગશ વધારી દીધી અને માતાજીની કૃપાથી આ લક્ષ્ય શ્રી મણિભાઈ મમ્મી અને શ્રી વિક્રમદાસ ધ. પટેલે સમાજના આગેવાનો અને સખિદાદાઓના સહકારથી માત્ર દસ જ માસમાં સભ્યો નોંધી પૂર્ણ કરવામાં આવ્યું. તા.૩૧-૩-૨૦૦૯ સુધીમાં આ નિધિ ૧૨૫૫ સભ્યોએ ૩,૨૧,૫૨,૦૦૦ ફાળો આપી છલકાવી દીધો છે. આ નિધિમાં શ્રી ઉમિયા માતાજી સંસ્થાન-ઊંઝા દર વર્ષે રૂપિયા પાંચ લાખનો ફાળો આપે છે. બૅન્કોના ઘટતાં વ્યાજ અને વિદ્યાર્થીઓની વધતી માગણી જોતાં આ નિધિ બેવડાવવી પડે તેમ છે. આ નિધિમાં રૂ. ૨૫,૦૦૦ ભરી સભ્ય બની શકાય છે.

આમ દર વર્ષે આ નિધિનું વ્યાજ તેમજ શ્રી માતાજી સંસ્થાનના રૂપિયા પાંચ લાખ મળી આંદાજે રૂપિયા સવા કરોડ વહેંચવામાં આવે છે. માર્ચ-૨૦૧૧ સુધીમાં કુલ ૭૫૭૦ વિદ્યાર્થીઓને રૂ.૮,૫૬,૯૦,૫૦૦ની વગર વ્યાજની લોન આપવામાં આવી છે. ચાલુ માર્ચ-૨૦૧૧ સુધી ૪૮,૦૭,૫૫૩ લોન પરત આવેલ છે ૩૧-૩-૨૦૦૯ સુધીમાં રૂા. ૩,૬૩,૩૫,૭૪૩ લોન પરત આવેલ છે.


જે તેજસ્વી વિદ્યાર્થી કમિટીએ નિયત કરેલ કોઈપણ ટેકનિકલ લાઈન, મેડિકલ, એન્જિનિયરિંગમાં ભણતો હોય અને તેના કુટુંબની વાર્ષિક આવક રૂ. ૧,૦૦,૦૦૦ થી વધુ ન હોય તેને આ નિધિમાંથી વગર વ્યાજની લોન આપવામાં આવે છે. આવા વિદ્યાર્થીઓ માતાજી સંસ્થાનમાંથી અરજીપત્રક મેળવી પૂર્ણ વિગતો ભરી જાન્યુઆરી માસ સુધીમાં અરજી કરી શકે છે. તેમને ફેબ્રુઆરી-માર્ચ માસ સુધીમાં વગર વ્યાજની લોન મળી શકે છે. સહાય મેળવનારે દર વર્ષે અરજી કરવાની રહે છે. લીધેલ લોન અભ્યાસપૂર્ણ થતાં બે-ત્રણ વર્ષમાં પરત કરવાની હોય છે.

**૨. શ્રી ઉમિયા પરિવાર ઉત્કર્ષ નિધિ :**

ઉચ્ચશિક્ષણ સહાય નિધિની પૂર્ણતા અને સમાજના સુખી લોકોની આવકારદાયક મદદથી આપણા કાર્યકર્તાઓનો ઉત્સાહ ખૂબ વધ્યો. તેના પરિપાકરૂપે અને આગેવાનોની વિકાસલક્ષી







દૃષ્ટિને લીધે 'શ્રી ઉમિયા પરિવાર ઉત્કર્ષ નિધિ'નો વિચાર ઉદ્ભવ્યો.

તા.૨૭-૧૦-૯૬ની શ્રી ઉમિયા માતાજી સંસ્થાન - ઊંઝાની જાહેરસભામાં આ ઉત્કર્ષ નિધિનો વિચાર રજૂ કરવામાં આવ્યો અને તેને 'શ્રી ઉમિયા પરિવાર ઉત્કર્ષ નિધિ' એવું નામ આપવામાં આવ્યું. આ ઉત્કર્ષ નિધિમાં રૂ.૧૦૦ કરોડ એકઠા કરવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું. આ રકમ કડવા પાટીદાર સમાજના ઉત્કર્ષ માટે એકઠી કરવાનો સંકલ્પ કરવામાં આવ્યો.

આપણો સમાજ સમય પરિવર્તનને ઝડપથી ઓળખી સમય સાથે કદમ મિલાવે છે. આથી જ કડવા પાટીદાર સમાજ આજે ગાડાની સંસ્કૃતિમાંથી રોકેટની સંસ્કૃતિને અપનાવી શક્યો છે અને દરેક ક્ષેત્રે ખેડાણ કરી શક્યો છે.

'શ્રી ઉમિયા પરિવાર ઉત્કર્ષ નિધિ'નો વિચાર સમાજની આપી છૂટવાની મૂળભૂત તાસીરને લઈને અમલમાં મૂકવામાં આવ્યો છે. સંસ્થાનના પ્રમુખશ્રી કેશવલાલ વિઠ્ઠલદાસ પટેલ તેમજ શ્રી મણિભાઈ મમ્મીની આધુનિક દૃષ્ટિને લીધે, સમાજને આર્થિક સદ્ધરતાના શુભ ઈરાદાના હેતુથી રૂ.૧૦૦ કરોડ આ નિધિ માટે ઊભા કરવાનો સંકલ્પ કરવામાં આવ્યો. કાર્યકર્તાઓનો ઉત્સાહ જોતાં અને માતાજીનાં શુભ કાર્યમાં આશીર્વાદ જોતાં આ નિધિ પૂર્ણ થવાનો દરેકને વિશ્વાસ પેદા થયો છે, જેથી આ નિધિ માટેનો સંકલ્પ કરવામાં આવ્યો અને આ નિધિ પૂર્ણ કરવાની કટિબદ્ધતા નક્કી કરવામાં આવી.

સમાજલક્ષી સતત ચિંતનનો પરિપાક અને માતાજીની હરદમ પ્રેરણાને લઈને આ ભગીરથ કાર્ય હાથ ધરવામાં આવ્યું. જેમ શ્રીકૃષ્ણે ગોકુલ માટે ગોવર્ધન ઉપાડ્યો હતો તેમ કડવા પાટીદાર સમાજના ઉત્કર્ષ માટે શ્રી ઉમિયા માતાજી સંસ્થાને આ 'શ્રી ઉમિયા પરિવાર ઉત્કર્ષ નિધિ'નો એક નવો ગોવર્ધન ઉઠાવ્યો છે. સમાજના ઘરેઘરથી આ સંકલ્પ માટે ટહેલ નાંખવામાં આવેલ છે. માતાજી સંસ્થાનના દરેક કાર્યકર્તાને પૂરી શ્રદ્ધા અને ભરોસો છે કે સમાજ માટે કરેલ આ શુભ સંકલ્પને માતાજી ચોક્કસ પૂર્ણ કરશે. આ નિધિની રકમ સમાજમાં કૃષિ, શિક્ષણ અને સમાજના સર્વાંગી વિકાસ માટે વાપરવાનો પણ સંકલ્પ છે.

આ ઉત્કર્ષ નિધિ માટે શુભ શરૂઆતરૂપે શ્રી સચ્ચિદાનંદજી મહારાજ દંતાલીવાળાના અધ્યક્ષપદે એક સામાજિક કાર્યકરોનું સંમેલન બોલાવવામાં આવ્યું. તે માટે ૫૦ બહેનો અને ૫૦ ભાઈઓ દરેક હાથમાં મશાલ લઈ ૧૦૦ કરોડના પ્રતીક રૂપે ૧૦૦ મશાલો સાથે ગામમાં શિસ્તબદ્ધ રીતે ફરી શ્રી ઉમિયા માતાજી સંસ્થાને શ્રી સચ્ચિદાનંદજીના હાથે આ સરઘસને આવકારી સ્વાગત કરવામાં આવ્યું અને 'શ્રી ઉમિયા પરિવાર ઉત્કર્ષ નિધિ'ના જ્યોતિનું નિર્માણ કરવામાં આવ્યું.

**૩. શ્રી ઉમિયા I.A.S ટ્રેઈનિંગ સેન્ટર - સોલા (અમદાવાદ) :**

ભારતભરમાં છેક અંગ્રેજોના સમયથી ઉચ્ચકક્ષાનું વહીવટી માળખું ચલાવવા માટે I.A.S પાસ કરેલ ઉચ્ચ બુદ્ધિમત્તા ધરાવતા અધિકારીઓની સ્પેશિયલ કેડર કામ કરતી હતી. આઝાદી બાદ પણ એ જ પદ્ધતિ ચાલુ રાખેલ છે. ભારતભરમાં અને ગુજરાતમાં પણ સરકારી વહીવટના ક્ષેત્રમાં આવા ઉચ્ચ હોદ્દાઓ માટે ઉચ્ચકક્ષાના પ્રતિભાશાળી અને ઉચ્ચ બુદ્ધિમત્તા ધરાવતા કાર્યદક્ષ અધિકારીઓની કેડર જ કામ કરે છે. આવા અધિકારીઓએ I.A.Sની ભારત સરકારના U.P.S.C. દ્વારા લેવાતી પરીક્ષા પાસ કરવી આવશ્યક છે. શ્રી ઉમિયા માતાજી સંસ્થાન - ઊંઝાએ વિચાર્યું કે ખાસ કરીને ગુજરાતના સરકારી વહીવટમાં તો આપણા સમાજનો હિસ્સો હોવો જોઈએ. આ વિકાસશીલ સમાજનું સ્વપ્ન બને છે અને તે સ્વપ્નને સાકાર કરવાના પરિણામે શ્રી ઉમિયા માતાજી સંસ્થાન-ઊંઝા તરફથી આ વિચારને મૂર્ત સ્વરૂપ આપવા શ્રી ઉમિયા માતાજી સંસ્થાન, ઊંઝાએ કોઈ યોગ્ય વ્યક્તિ આ કામની જવાબદારી સ્વીકારે તો સોલા કેમ્પસ ખાતે I.A.S ટ્રેઈનિંગ સેન્ટર શરૂ કરવું. વિચારતાં ઊંઝાના વતની અને નિવૃત્ત I.A.S ઓફિસર શ્રી મફતભાઈ આઈ. પટેલ ઉપર ધ્યાન ઠર્યું. તેમણે આ જવાબદારી સ્વીકારવાની સ્વેચ્છાએ તૈયારી બતાવી અને તેથી તેમની આગેવાની ને માર્ગદર્શન હેઠળ શ્રી ઉમિયા પથિકાશ્રમ-સોલા અમદાવાદ ખાતે શ્રી ઉમિયા I.A.S ટ્રેનિંગ સેન્ટરની શરૂઆત કરવામાં આવી છે. આ માટે રૂ. ૧૭ લાખનું બજેટ ફાળવ્યું છે. દર સાલ પાંચથી છ લાખ રૂપિયાના ખર્ચનું પણ આયોજન કરવામાં આવ્યું છે. આ તાલીમ કેન્દ્રમાંથી એક વિદ્યાર્થી I.A.S થયો છે અને ઘણા વિદ્યાર્થીઓએ G.P.S.C.ની પરીક્ષા પાસ કરી છે.

**૪. છાત્રાલયોને આર્થિક સહાય :**

સમયની માગ છે કે આજે વિદ્યાર્થીને સક્ષમ બનવા માટે ભણવું આવશ્યક છે. સારા અભ્યાસક્રમો માટે ગમે ત્યાં ભણવા જવું પડે ત્યારે રહેવા-જમવાની વ્યવસ્થા ખૂબ આવશ્યક અને જરૂરી બની જાય છે. આવા વિદ્યાર્થીઓ માટે છાત્રાલયોની ખાસ







જરૂર રહે છે. આથી માતાજી સંસ્થાને જ્યાં કન્યા કે કુમાર છાત્રાલયો કરવામાં આવે ત્યાં ત્યાં ખર્ચના ૨૫ ટકા અગર રૂપિયા પાંચ લાખ બંનેમાં જે ઓછું હોય તે આપવાનું ઠરાવેલ છે. શરૂમાં માત્ર કન્યા છાત્રાલયોને રૂ.૨,૫૦,૦૦૦/- આપવામાં આવતા હતા. હવે કુમાર-કન્યા બંને પ્રકારનાં છાત્રાલયોને રૂ.૫,૦૦,૦૦૦/-ની સહાય આપવામાં આવે છે. તા.૩૧-૩-૨૦૦૯ સુધીમાં કુમાર છાત્રાલયોને રૂ.૧,૨૫,૫૦,૦૦૦ અને કન્યા છાત્રાલયોને ૧,૯૫,૫૫,૦૦૦ની આર્થિક મદદ કરવામાં આવી છે.

**૫. તેજસ્વી વિદ્યાર્થીઓને ઉમિયાચંદ્રક :**

કડવા પાટીદાર સમાજના તેજસ્વી વિદ્યાર્થીઓ કે જેઓએ ધો-૧૦, ધો-૧૨ કે બોર્ડ લેવલની કે યુનિવર્સિટી લેવલની ફાઈનલ પરીક્ષાઓમાં સ્નાતક કે અનુસ્નાતક કક્ષાએ પ્રથમ નંબર મેળવેલ હોય, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ કે રમત-ગમત ક્ષેત્રે આંતરરાષ્ટીય કક્ષાએ ૧થી ૩ નંબર મેળવનાર U.P.S.C. ક્ષેત્રે વિશિષ્ટ લાયકાત મેળવનાર કે રાષ્ટ્રપતિ એવોર્ડ મેળવનાર હોય તેમને પ્રોત્સાહિત કરવા 'શ્રી ઉમિયાચંદ્રક'થી બહુમાન કરવામાં આવે છે. આઈ.એ.એસ.ની પદવી મેળવનાર કડવા પાટીદારને પણ ઉમિયાચંદ્રકથી નવાજવામાં આવે છે. આ તેજસ્વી ધન સમાજનું ગૌરવ છે. આ ચંદ્રક દર પાંચ વર્ષે આપવામાં આવે છે. તા.૩૧-૧૨-૨૦૧૨ સુધીમાં કુલ ૫૧૯ તેજસ્વી વિદ્યાર્થીઓને ઉમિયાચંદ્રક એનાયત કરવામાં આવ્યા છે.

**શ્રી ઉમિયા ચંદ્રક કોને મળે ?**

૧. ભારતના કોઈ પણ રાજ્યની ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ની બોર્ડની પરીક્ષામાં ૧ થી ૧૦માં નંબર મેળવનાર
૨. ભારતની કોઈ પણ યુનિ.માં કોઈપણ વિષયમાં સ્નાતક કે અનુસ્નાતક કક્ષાએ પ્રથમ નંબર મેળવનાર.
૩. સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ અને રમત ગમતમાં આંતરરાષ્ટ્રીય (બીજા દેશોમાં) કક્ષાએ ૧ થી ૩ માં નંબર મેળવનાર કે ભાગ લેનાર.
૪. કેન્દ્ર સરકારના સેવા આયોગ (U.P.S.C.) દ્વારા લેવાતી સ્પર્ધાત્મક પરીક્ષા જેવી કે. (I.A.S., I.P.S., I.R.A.) કક્ષાની ૨૯ સિવિલ સર્વિસીઝ પરીક્ષામાં પાસ થનાર.
૫. રાજ્ય સરકારના સેવા આયોગ (G.P.S.C.) દ્વારા લેવાતી સ્પર્ધાત્મક પરીક્ષામાં પ્રથમ વર્ગમાં પાસ થનાર.
૬. કોઈ પણ ક્ષેત્રે વિશિષ્ટ લાયકાત ધરાવનાર કે જે રાષ્ટ્રપતિ એવોર્ડ મેળવે.

ઉપર પ્રમાણેની વિશિષ્ટ યોગ્યતાઓ ધરાવનાર કડવા પાટીદારને શ્રી ઉમિયા ચંદ્રક આપવામાં આવશે.

શ્રી ઉમિયા ચંદ્ર કેળવવા ઈચ્છનારે પોતાના સરનામાવાળી અરજી, એલ.સી.ની પ્રમાણિત ઝેરોક્ષ, માર્કશીટની પ્રમાણિત ઝેરોક્ષ (અથવા સર્ટિફીકેટની પ્રમાણિત ઝેરોક્ષ) અને બોર્ડમાં ૧ થી ૧૦માં નંબર અને યુનિ.માં પ્રથમ નંબર મેળવ્યો છે તેની સાબિતી આપવાની રહેશે.

**૬. કડવા પાટીદાર ઈતિહાસ કે સામાજિક સંશોધન તૈયાર કરનારને પ્રોત્સાહન સહાય :**

કડવા પાટીદાર જ્ઞાતિ અત્યંત ગરીબાઈમાં જીવીને આગળ આવેલી કોમ છે. આથી કેળવણીના અભાવને લીધે આ જ્ઞાતિનો કડીબદ્ધ કોઈ ઈતિહાસ તૈયાર નથી. જો કોઈપણ વ્યક્તિ આ માટે સંશોધન કરી ઈતિહાસ તૈયાર કરે તેને આર્થિકસહાય અને પ્રોત્સાહન આપવાનું ઠરાવેલ છે. આવા મહાનિબંધો માટે ઉમિયા માતાજી સંસ્થાન મદદરૂપ બને છે. તદ્ઉપરાંત પાટીદાર સમાજને કેન્દ્રમાં રાખી કોઈ પીએચ.ડી. કરે તો તેઓને પણ આ સંસ્થા તરફથી મદદ આપવામાં આવે છે.

સમાજને બદલવા માટે ને સર્વક્ષેત્રે સિદ્ધિ પ્રાપ્ત કરવા માટે શિક્ષણ જ રામબાણ ઈલાજ છે, છેલ્લા ૪૫ વર્ષમાં ગુજરાત અને ગુજરાત બહારના કડવા પાટીદાર સમાજે શિક્ષણ ક્ષેત્રે લાંબી હરણફાળ ભરી છે. ડૉક્ટર, એન્જિનીયર, ટેકનિકલ જ્ઞાન ધરાવનારા વિદ્યાર્થીઓનો આ સમાજમાં તોટો નથી. ગામે ગામે ગ્રેજ્યુએટ યુવક-યુવતીઓ જોવા મળે છે, સાથે સાથે ગુજરાતનું કાર્યક્ષેત્ર છોડીને હજારો વિદ્યાર્થીઓ વિદેશ તરફ ગતિ કરી રહ્યા છે. ઓસ્ટ્રેલિયા, અમેરિકા, ન્યૂઝીલેન્ડ, કેનેડા તેમજ અન્ય દેશોમાં આપણા યુવક-યુવતીઓ વધુ અભ્યાસાર્થે જઈ રહ્યા છે. આ સામાજિક-શૈક્ષણિક પરિવર્તનનું કારણ એ છે કે માતાજી સંસ્થાન દ્વારા સૌને પ્રોત્સાહિત કર્યા, ઠેર ઠેર શિક્ષણ માટે ઝૂંબેશ ઉપાડી દરેક સમાજને આ માટે જાગૃત કર્યા, પરિણામે દરેક સમાજની કાયા પલટ થઈ છે, આ માટે શ્રી ઉમિયા માતાજી સંસ્થાન ઊંઝાને જેટલા અભિનંદન આપીએ તેટલા ઓછા છે.

**૭. વિશિષ્ટ પ્રતિભાવંતોને બહુમાન :**

કડવા પાટીદાર સમાજની એવી કેટલીયે પ્રતિભાઓ છે કે જેમણે જુદાં-જુદાં ક્ષેત્રોમાં વિશિષ્ટ પ્રદાન કરી નામનાઓ મેળવી







હોય છે. ખેતી, ઔદ્યોગિક કે અન્ય ક્ષેત્રે નોંધપાત્ર વિશિષ્ટ કામગીરી બજાવી હોય તેવી વિશિષ્ટ પ્રતિભાશાળી વ્યક્તિઓને પણ માતાજી તરફથી બહુમાન કરી સન્માનવામાં આવે છે.

**૮. સામાજિક ઉત્કર્ષ માટે લોક જાગૃતિનાં કાર્યો :**

૧૮મી શતાબ્દી મહોત્સવ પછી સમગ્ર ગુજરાતમાં સામાજિક ચેતનાનો પવન ફૂંકાયો. શ્રી ઉમિયા માતાજી સંસ્થાનની જાગૃત અને સેવાભાવી કમિટીએ સમગ્ર કડવા પાટીદાર સમાજને કેન્દ્રમાં રાખીને સામાજિક ઉત્કર્ષ માટે લોકજાગૃતિનાં કાર્યો શરૂ કર્યા. માતાજીનું એક સ્વરૂપ સમાજકલ્યાણી દેવીનું ઉપસવા લાગ્યું. ગુજરાત અને ગુજરાત બહાર સંસ્થા તરફથી લોકજાગૃતિનાં અનેક કાર્યક્રમો થયા, મધ્યપ્રદેશ અને રાજસ્થાનમાં રહેતા આપણા ભાઈઓને પ્રગતિ અને પ્રેરણાની નવી દિશા માતાજી તરફથી આપવામાં આવી. ઉમિયા માતાજી સંસ્થાનના જાગૃત, સેવાભાવી અને દીર્ઘદ્રષ્ટિવાળા પ્રમુખ શ્રી કેશવલાલ પટેલના નેતૃત્વ નીચે માતાજીનું કાર્યક્ષેત્ર સમગ્ર દેશમાં ફેલાયું. મધ્યપ્રદેશને જાગૃત કરવાનું કાર્ય પણ માતાજી દ્વારા જે થયું છે, તેનું વર્ણન કરવું અશક્ય છે.

## ૬. સામાજિક પ્રવૃત્તિઓ

શ્રી ઉમિયા માતાજી સંસ્થાને સમગ્ર કડવા પાટીદાર સમાજને કેન્દ્રમાં રાખી, સમગ્ર સમાજના ઉત્કર્ષ માટે જે સામાજિક પ્રવૃત્તિઓ સમાજના ઉત્કર્ષ માટે જે સામાજિક પ્રવૃત્તિઓ શરૂ કરી છે, તેની નોંધ સમગ્ર પાટીદાર સમાજે લીધી છે, આજે ઉમિયા માતા આસ્થા અને શ્રદ્ધાનું કેન્દ્ર બન્યુ છે.

**સામાજિક પ્રવૃત્તિઓ નીચે પ્રમાણે છે.**

**૧. ગૃહિણી તાલીમ શિબિરો તથા કુમાર શિબિરો :**

કડવા પાટીદાર સમાજની બહેનોને આદર્શ ગૃહિણી તરીકેની તાલીમ આપી શકાય તે માટે યોજાતી ગૃહિણી તાલીમ શિબિરોને ખર્ચના ૫૦ ટકા અગર રૂ.૧૨,૫૦૦ અને માતાજી તરફથી વાહનની સગવડ આપવામાં આવે છે. જો વાહનની સગવડ ન લે, તો તેને રૂ.૧૫,૦૦૦ની મદદ અપાય છે. હવે સમયમાં પરિવર્તન સાથે કુમાર શિબિરો યોજવાની પણ શરૂઆત થઈ છે. આ માટે પણ એ જ ધોરણે સહાય આપવામાં આવે છે. અત્યાર સુધીમાં આ યોજનામાં રૂ.૧૦,૯૬,૬૭૨ની મદદ આપવામાં આવી છે.

**૨. સામાજિક-આર્થિક તેમજ શારીરિક રીતે નબળા લોકોને સહાયઃ**

શ્રી ઉમિયા માતાજી સંસ્થાને સમાજમાં જે ભાઈ-બહેનોની આર્થિક પરિસ્થિતિ સારી નથી, માત્ર ખેતી આધારિત જીવે છે. પોતાના પરિવારના વૃદ્ધો-અપંગો કે વિધવા, ત્યક્તાઓ સામાજિક કારણોસર આર્થિક મુશ્કેલીઓમાં મૂકાઈ ગયાં હોય ને અત્યંત દયનીય પરિસ્થિતિમાં જીવતાં હોય તેવા તમામને ભેરૂ બનવાનું કાર્ય માતાજીએ ઉપાડી લીધું છે, ને આજે લાખો રૂપિયા આવી વ્યક્તિઓ પાછળ ખર્ચવામાં આવે છે.

**વિકલાંગને ટ્રાઈસિકલ દાન :**

આ સમાજનો કોઈપણ વિકલાંગ વ્યક્તિ ઘોડીથી ચાલે તે વાત માતાજીને માન્ય નથી. આથી આવી વ્યક્તિ સાદા કાગળ પર અરજી કરી સાથે ૬૦ ટકા અપંગતાનું ડૉક્ટરી સર્ટિફીકેટ રજૂ કરેથી ટ્રાઈસિકલ ભેટ મેળવી શકે છે. અત્યાર સુધી ૮૬૩ વિકલાંગોને સંસ્થાએ મદદ કરી છે. જેની પાછળ ૧૯,૧૪,૯૨૨ રૂપિયાનું સંસ્થાએ ખર્ચ કરેલ છે.

માતાજી દ્વારા પ્રેરણાદાયક અને સેવાભાવી કાર્ય વિકલાંગ ભાઈ-બહેનોનાં વિના મૂલ્યે લગ્ન કરી આપવામાં આવે છે. આ માટે લગ્ન મેળો યોજવામાં આવે છે. વિકલાંગ બાળકો હાથ, પગ કે શરીરના કોઈ અંગની ખામી ધરાવતાં હોય, કે અંધ હોય આવા બાળકોને સુધારવાનું, ભણાવવાનું કાર્ય કરનારી સંસ્થાઓને પણ જરૂરિયાત પ્રમાણે માતાજી તરફથી મદદ પહોંચાડવામાં આવી છે. અત્યાર સુધીમાં આવી ૫,૬૨,૫૦૦ રૂપિયાની મદદ કરી છે.

સમાજના કોઈ કુટુંબમાં મંદબુદ્ધિ કે માનસિક ખામીના કારણે કુદરતી રીતે કોઈ વ્યક્તિ પરાધીન બની ગઈ હોય તેવા કુટુંબને દર છ માસે આર્થિક સહાય આપવામાં આવે છે.

**૩. રોગ નિદાન કેમ્પ :**

કડવા પાટીદાર સમાજની કોઈપણ સંસ્થા તરફથી રોગ નિદાન કેમ્પ યોજવામાં આવે તો આ સંસ્થા દ્વારા ખર્ચના ૫૦ ટકા અગર રૂ.૧૦,૦૦૦ની સહાય અપાય છે. આજ દિન સુધી ૩,૮૫,૦૫૫ રૂપિયાનું ખર્ચ થયેલ છે.

ઘરના પરિવારનો કોઈ મોભી જેના નેજા નીચે ઘર ચાલે છે, આવી વ્યક્તિ અકસ્માત થતાં અપંગ બની જાય, અથવા કોઈ અસાધ્યરોગમાં પટકાઈ જાય, ઘરમાં બીજી કોઈ વ્યક્તિ કમાવનાર કે મદદ કરનાર ન હોય ત્યારે આવા કુટુંબોને દર ત્રણ માસે આર્થિક સહાય આપવામાં આવે છે.

સમાજની કોઈ વ્યક્તિ અસાધ્ય રોગ જેવા કે કેન્સર, કિડની ટ્રાન્સપ્લાન્ટ, બાયપાસ સર્જરી, હૃદયના વાલ્વ બદલવાની તકલીફથી પીડાતો હોય. ઘરની આર્થિક સ્થિતિ દયનીય હોય, ને ઘરની બધી જ વ્યક્તિઓ આવી વ્યક્તિ પાછળ આર્થિક રીતે ખર્ચ કરી કરીને ધોવાઈ ગઈ હોય, આવી પરિસ્થિતિમાં સમગ્ર પરિવાર કરૂણ પરિસ્થિતિમાં મૂકાઈ જતું હોય છે. શ્રી ઉમિયા માતાજી સંસ્થાન તરફથી આવા પરિવારોને ઉચક મદદ કરવામાં આવે છે. અત્યાર સુધી ૧૮૨૯ વ્યક્તિઓને રૂ.૫૩,૧૩,૪૫૪ની મદદ કરવામાં આવી છે.

પાટીદાર સમાજ ખેતી આધારિત સમાજ છે. ખેતી કરતાં કરતાં વાગવાથી કે ઝેરી જાનવર કરડવાથી ઘરનો મોભી મૃત્યુ પામે છે ત્યારે ઘર દયનીય પરિસ્થિતિમાં મૂકાઈ જાય છે. આવા કુટુંબના, દુઃખના પ્રસંગે માતાજી તરફથી ૨૧ હજારની આર્થિક સહાય આપવામાં આવે છે. અત્યાર સુધી ૬૯ વ્યક્તિઓને રૂ.૧૪,૨૯,૦૦૦ સહાય કરવામાં આવી છે.

**૪. વિધવા-ત્યક્તા-નિરાધાર બહેનોને પેન્શન યોજના :**

આ સમાજની વિધવા-ત્યક્તા-નિરાધાર બહેનો કે જેમને આર્થિક મુશ્કેલી ને લીધે, જીવનનિર્વાહની તકલીફ છે, તેમને ૨૧વર્ષની પુખ્ત ઉંમરથી નીચેના ઉંમરના ત્રણ બાળકોના ખર્ચ સહિત દર છ માસે પેન્શનરૂપે સહાય અપાય છે.

આ એક ઉત્તમ યોજના છે. સમાજમાં વિધવા-ત્યક્તા કે નિરાધાર બેનને કોઈની સહાય ન હોય ત્યારે તેની માનસિક, આર્થિક પરિસ્થિતિ અત્યંત દયનીય બની જાય છે. આવી બહેનોને મા ઉમિયાજી સહાય બન્યાં છે. અત્યાર સુધી ૩૧૪૩ બહેનોને લાભ આપવામાં આવ્યો છે. જેની પાછળ ૪,૯૪,૪૮,૬૦૨ નો ખર્ચ સંસ્થાએ કર્યો છે. દર મહિને ૧૦૦ રૂ. છ માસના ભેગા કરીને પેન્શન રૂપે આપવામાં આવે છે. સાથે સાથે તેના એક બાળક દીઠ ૫૦ રૂપિયા પણ ત્રણ બાળક સુધી આપવામાં આવે છે.

કડવા પાટીદાર સમાજની વિધવા-ત્યક્તા બહેનોનાં બાળકો આર્થિક કારણોસર ભણી શકતાં ન હોય તેમજ ધોરણ-૧૨ કે તેનાથી આગળ ભણતાં હોય તેમને દર વર્ષે રૂ.૧૦૦૦ થી ૨૦૦૦ સુધીની મદદ અપાય છે. અત્યાર સુધી ૩૮૨૭ બાળકોને રૂા. ૩૫,૬૪,૦૪૩ ની મદદ કરવામાં આવી છે.

સમાજની વિધવા-ત્યક્તા બહેનો કે જેઓ પોતાનાં બાળકોને આર્થિક કારણોના લીધે લગ્ન સંબંધોથી જોડી શકવા લાચાર હોય, આવી તમામ બહેનોના દીકરા-દીકરીઓનાં લગ્ન માતાજી તરફથી કરી આપવામાં આવે છે.

**૫. કુદરતી હોનારત વખતે સહાય :**

કુદરતી હોનારત જેવા કે રેલ, વાવાઝોડું, આગ વગેરેને લઈને માણસ નિરાધાર બની જાય છે. કુદરત આગળ માણસ લાચાર બને ત્યારે શ્રી ઉમિયા માતાજી સંસ્થાન-ઊંઝા ભાગ્યાના ભેરૂ બની સહાય કરી હુંફ આપે છે. સૌરાષ્ટ્રમાં શાપુર-વંથલીમાં રેલ સંકટ વખતે, મહેસાણા જિલ્લામાં અતિવૃષ્ટિ વખતે, તેમજ કચ્છમાં આવેલા વાવાઝોડા વખતે રૂ.૧૭ લાખ જેટલી લોન સહાય કરેલ છે.

અત્યાર સુધીમાં કુલ ૧ કરોડ ૫ લાખ ૬૫ હજાર ૧૦૫ રૂપિયાની મદદ કરેલ છે. આ ઉપરાંત સને ૨૦૦૧ના જાન્યુઆરીની ૨૬મી તારીખે આખો દેશ જ્યારે પ્રજાસત્તાક દિનની ઉજવણી કરી રહ્યો હતો. ત્યારે કુદરતે તેનું રૌદ્ર સ્વરૂપનું ભૂકંપરૂપે તાંડવ નૃત્ય કર્યું. સૌરાષ્ટ્ર અને કચ્છમાં આ ભૂકંપે ભયાનક વિનાશ વેર્યો. કેટલાક લોકોનો ભોગ લેવાયો, કેટલાક લોકો નિરાધાર, બેઘર અને લાચાર બન્યા. જમીનની ઉથલ-પાથલે અકલ્પનીય વિનાશ વેર્યો. આવા વિનાશકારી અને ભયંકર સમયે આપણી મા ઉમિયાના કાર્યકર્તાઓ સમાચાર જાણ્યાના ત્રીજા જ દિવસે ટ્રકો દ્વારા ખાવા-પીવાની અને પ્રાથમિક જરૂરિયાતોની ચીજવસ્તુઓ અને તંબુઓ લઈ પહોંચી ગયા. ત્યાં નજરે જોઈ જરૂરિયાતવાળા લોકોને મદદ અને હૂંફ આપી. તે બાદ શ્રી ઉમિયા માતાજી સંસ્થાનની કારોબારીએ સૌરાષ્ટ્ર અને કચ્છના આગેવાનો સાથે મીટીંગ યોજી રૂપિયા સવા કરોડની સહાય આપવાનું નક્કી કર્યું. જે રકમ પૈકી ૬૫ લાખ સૌરાષ્ટ્રને, ૩૫ લાખ કચ્છને અને ૨૫ લાખ ગુજરાતને પહોંચાડવામાં આવ્યા છે.

**૬. શ્રી ઉમિયા અકસ્માત વીમા યોજના :**

આ સંસ્થાને કડવા પાટીદાર સમાજની દરેક વ્યક્તિને અકસ્માત વીમાનું આરક્ષણ આપવાનું નક્કી કરેલું. આ યોજના હેઠળ કોઈપણ કડવા પાટીદાર રૂ.૧૨૦ના ગુણાંકથી રૂ.૬૦૦ સુધીની રકમ માત્ર એક જ વાર ભરેથી પાંચ વર્ષથી ૭૦ વર્ષ સુધીની વ્યક્તિ વીમાનું આરક્ષણ મેળવી શકે. એટલે કે પાંચ વર્ષથી ગમે તે ઉંમરે લીધેલ વીમો ૭૦ વર્ષ પૂરાં કરે ત્યાં સુધી વ્યક્તિને વીમાનું આરક્ષણ મળે. રૂ.૧૨૦ સામે રૂ.૨૦,૦૦૦નો અકસ્માત વીમો અને તેના ગુણાંકમાં રૂ.૬૦૦ સામે રૂ.૧,૦૦,૦૦૦







સુધી આ વીમાનું આરક્ષણ મેળવી શકાતું હતું. આ યોજના હવે તા.૩૦-૬-૨૦૦૧થી બંધ કરવામાં આવી છે. આ તારીખ સુધીમાં કુલ ૨,૧૬,૩૬૩ વીમાદારોએ વીમો લીધો. આ યોજના નીચે તા.૩૧-૩-૨૦૦૬ સુધીમાં કુલ ૩૫૮ વીમેદારોને કુલ રૂ.૧,૮૮,૮૦,૦૦૦ના ક્લેઈમ ચૂકવાયા છે. અત્યાર સુધીના વીમાધારકો માટે વીમા આરક્ષણ ચાલુ રહે છે.

**૭. કન્યા-કુમાર છાત્રાલયને મદદ :**

કડવા પાટીદાર સમાજમાં કુમાર-કન્યા કેળવણી વિકાસ થાય તે માટે સંસ્થાન તરફથી ભારતભરમાં કોઈપણ જગ્યાએ નવીન કડવા પાટીદાર કુમાર-કન્યા છાત્રાલયો શરૂ કરવામાં આવે તો થયેલ ખર્ચના ૨૫% અથવા વધુમાં વધુ રૂા. ૫,૦૦,૦૦૦ સંસ્થાન તરફથી આપવામાં આવે છે.

શ્રી ઉમિયા માતાજી સંસ્થાન તરફથી અત્યાર સુધીમાં કુમાર છાત્રાલયોને રૂા. ૧,૨૫,૫૦,૦૦૦ અંકે એક કરોડ પચીસ લાખ પચાસ હજાર અને કન્યા છાત્રાલયોને રૂા. ૧,૯૫,૫૫,૦૦૦ અંકે રૂપિયા એક કરોડ પંચાણું લાખ પંચાવન હજારની આર્થિક મદદ આપવામાં આવેલ છે.

**૮. પાનેતર :**

કડવા પાટીદાર જ્ઞાતિમાં જ્યાં જ્યાં સમૂહ લગ્નો, સમૂહ લગ્નોની રીતે યોજવામાં આવે ત્યાં કન્યાઓને સંસ્થાન તરફથી માતાજીના આશીર્વાદરૂપે પાનેતર (સાડી) આપવામાં આવે છે. સને ૨૦૦૯-૧૦માં ૩૩૪૨ પાનેતર તથા ૬૧ ચુંદડી રૂા. ૫,૮૦,૬૦૬ કિંમતનાં આપવામાં આવેલ છે. અને અત્યાર સુધીમાં કુલ ૭૧૬૫૭ પાનેતર તથા ચુંદડી રૂા. ૯૭,૫૪,૪૨૭ કિંમતનાં આપવામાં આવેલ છે.

**૯. પથિકાશ્રમ મદદ :**

કડવા પાટીદાર સમાજ મા ઉમાની ધજા નીચે એક કડીરૂપ બને અને એક બીજા સાથે બંધુત્વની ભાવના વધે તે માટે અને આપણા જ્ઞાતિ ભાઈઓને રહેવા જમવાની સગવડ મળી રહે તે માટે મુંબઈ, સુરત, વડોદરા, રાજકોટ, ભૂજ, ઈન્દોર, ગાંધીનગર તથા દિલ્હીમાં શ્રી ઉમિયા માતાજી ઊંઝા પથિકાશ્રમ બાંધવા માટે મદદ આપવામાં આવે છે અને તે માટે ઉપર જણાવેલ ૮ શહેરમાં ઉમિયા માતાજી પથિકાશ્રમ બાંધવા માટે ખર્ચના ૨૫% અથવા વધુમાં વધુ રૂા. ૫ લાખ સંસ્થાન તરફથી સંસ્થાના નિયમો અને બંધારણને આધિન રહીને આપવામાં આવે છે. અત્યાર સુધી શ્રી ઉમિયા માતાજી સંસ્થાન તરફથી સુરત અને વડોદરામાં રૂા. ૧૦,૦૦,૦૦૦ ની મદદ આપવામાં આવેલ છે.

**૧૦. વિકલાંગ ભાઈ-બહેનોના લગ્ન :**

આપણા સમાજમાં વિકલાંગ ભાઈ-બહેનોના કેટલાક કારણોસર લગ્ન થઈ શકતા નથી તે માટે આપણી સંસ્થા સમગ્ર કડવા પાટીદાર સમાજના વિકલાંગ ભાઈ-બહેનોના જીવનસાથી પસંદગી મેળાનું આયોજન કરે છે. જેમના સંબંધો જોડાયા તેવા વરઘોડીયાના લગ્ન પણ શ્રી ઉમિયા માતાજી સંસ્થા નિઃશુલ્ક કરી આપે છે.

**૧૧. ખેતી આધારિત વ્યક્તિના આકસ્મિક અવસાન માટે મદદ :**

આપણા સમાજમાં ખેતી કરતું ખેડૂત કુટુંબ કે જેની ખેતી સિવાય બીજી કોઈ આવક નથી અને પોતે ખેતીની જમીન ધરાવતા નથી તેવા ખેડૂત કુટુંબમાંથી ખેતીને લગતું કામ કરતાં ઘરના મોભી વ્યક્તિનું આકસ્મિક અવસાન થાય તો સંસ્થાના નિયમો મુજબ રૂા. ૨૧,૦૦૦/- ની આર્થિક સહાય કરવામાં આવે છે. આ માટે પોસ્ટ મોર્ટમ તથા પોલીસની એફ.આઈ.આર. મોકલવાની રહેશે. સને ૨૦૦૯-૨૦૧૦ના વર્ષમાં કોઈ માગણી આવેલ નથી. અત્યાર સુધીમાં ૬૯ વ્યક્તિઓને રૂા. ૧૪,૨૯,૦૦૦/- સહાય પેટે ચૂકવવામાં આવેલ છે.

**૧૨. મંદબુદ્ધિ / પરાધીન વ્યક્તિઓને આર્થિક સહાય :**

આપણા સમાજમાં જે કુટુંબની આર્થિક સ્થિતિ સારી ન હોય તેવા કુટુંબમાં અપંગ કે મંદબુદ્ધિવાળી વ્યક્તિઓ કે જે પરાધીન છે તેવી વ્યક્તિઓની સારી સંભાળ રાખવા માટે આવા કુટુંબોને દર છ મહિને આર્થિક સહાય મોકલવાની યોજના છે. આ સહાય માટે સિવિલ સર્જનનું ૬૦% થી ઉપરનું અપંગતાનું પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે.

**૧૩. કુદરતી હોનારત પ્રસંગે લોન / આર્થિક સહાય :**

કુદરતી હોનાર જેવી કે, અતિવૃષ્ટિ, આગ, ધરતીકંપ, વાવાઝોડુ જેવા પ્રસંગે કડવા પાટીદાર સમાજના કુટુંબોને મદદરૂપ થવા માટે આર્થિક સહાય/લોન આપવામાં આવે છે. ધરતીકંપમાં સૌરાષ્ટ્ર અને કચ્છમાં કડવા પાટીદાર સમાજને થયેલ નુકશાનમાં સૌરાષ્ટ્ર (શ્રી ઉમિયા માતાજી ટ્રસ્ટ, સિદસર)ને રૂપિયા ૬૫ લાખ અને (કચ્છ કડવા પાટીદાર સમાજ)ને રૂા. ૩૫ લાખ આર્થિક સહાય આપવામાં આવી હતી. સુનામી તાંડવમાં માનનીય મુખ્યમંત્રીશ્રી રાહતફંડમાં

રૂા. ૫,૦૦,૦૦૦/- અને બાયલ ઢોંખરોલ (સાબરકાંઠા) ચક્રવાતમાં રૂા. ૬૫,૧૦૪/- આર્થિક સહાય કરવામાં આવેલ છે. દક્ષિણ ગુજરાત અને સુરતમાં આવેલ પુરમાં ફસાયેલા કુટુંબો માટે રૂા. ૧૨,૬૫,૩૪૬/- ના ફુડ પેકેટ અને કીટ્સ મોકલવામાં આવેલ હતા. ચાલુ સાલે બિહાર પુર રાહતમાં રૂા. ૧,૬૬,૩૧૯/-ના વાસણો આપ્યા હતા.

**૧૪. વિકલાંગ ભાઈ-બહેનોને ટ્રાઈસીકલ :**

કડવા પાટીદાર સમાજના વિકલાંગ ભાઈ-બહેનોની કાર્ય ક્ષમતા વધે, સારો અભ્યાસ કરી શકે અને પોતાના પગ ઉપર ઉભા રહી શકે તેવું જીવન બનાવી શકે તે માટે ટ્રાઈસીકલ ભેટ આપવાની યોજના કાયમી ચાલુ છે. અરજી સાથે ૬૦% કે તેથી વધુ અપંગતાનું ઓર્થોપેડીક સર્જનનું પ્રમાણપત્ર મોકલવાનું રહેશે. સને ૨૦૦૯-૨૦૧૦માં ૪૨ વિકલાંગોને રૂા. ૮૨,૨૭૫/-ની ટ્રાઈસીકલોની વહેંચણી કરવામાં આવેલ છે. અત્યાર સુધીમાં કુલ ૯૦૫ વિકલાંગોને રૂા. ૧૯,૯૭,૧૯૭/- ની ટ્રાઈસીકલોની વહેંચણી કરવામાં આવેલ છે.

**૧૫. વિમા આરક્ષણ :**

કડવા પાટીદાર સમાજની કોઈ પણ વ્યક્તિની શ્રી ઉમિયા પરિવાર ઉત્કર્ષ નિધિ કે, સંસ્થાનમાં રૂા.૧૦૦/- થી રૂા. ૫૦૦/-ની ભેટ આપે અને શ્રી ઉમિયા ચેરીટેબલ ટ્રસ્ટમાં રૂા.૨૦/- થી રૂા.૧૦૦/-ની રકમ આપે તેવી વ્યક્તિને ૫ થી ૭૦ વર્ષની ઉંમર સુધી રૂા. ૨૦ હજારથી એક લાખ સુધીનું વિમાનું આરક્ષણ આપવાની યોજના હતી. આ યોજના તા. ૩૦-૬-૨૦૦૧ થી બંધ કરવામાં આવી છે.

આ યોજનામાં જેમણે વિમા લીધા હોય તેવા વિમેદારોને ખાસ વિનંતી કરવામાં આવે છે કે, વિમેદારનું કુદરતી અવસાન થાય તેવા પ્રસંગે શ્રી ઉમિયા માતાજી સંસ્થાન, ઊંઝામાં આધાર સાથે જાણ કરવા વિનંતી જેથી વિમા કંપનીનું ખોટુ ભરવું પડતું પ્રિમિયમ બંધ કરી શકાય.

**૧૬. કાયમી લગ્નોત્સવ યોજના :**

શ્રી ઉમિયા માતાજી સંસ્થાન, ઊંઝામાં કાયમી લગ્નોત્સવ યોજના ચાલે છે. તેમાં લગ્ન સંસ્થાનમાં લગ્ન કરનાર દરેક પક્ષે રૂા.૩૦૦૦/- ત્રણ હજાર ભરવાના હોય છે. ચાલુ સાલે સંસ્થાની તિથિઓમાં ૩૨ દંપતિઓ અને સ્પેશિયલ તિથિઓમાં ૧૮૫ દંપતિઓએ આ સંસ્થામાં લગ્ન કરેલ છે. ફુલહારથી લગ્ન કરનારે રૂા.૫૦૦/- ભરવાના હોય છે. જેમાં ચાલુ સાલે ૮૮ દંપતિઓએ લગ્ન કરેલ છે.

**૧૭. વિના મુલ્યે ટીફીન સેવા :**

આ સંસ્થા તરફથી નિઃસહાય વૃદ્ધોને ઘરબેઠા વિના મુલ્યે ટીફીન પહોંચાડવાની વ્યવસ્થા ચાલુ કરવામાં આવી છે. હાલમાં ૯ (નવ) નિઃસહાય વૃદ્ધોને ટીફીન દરરોજ બપોરે મોકલી આપવામાં આવે છે. આ યોજનામાં દાન સ્વીકાર્ય છે.

**૧૮. શ્રી ઉમા સંગ્રહસ્થાન :**

શ્રી ઉમિયા માતાજી સંસ્થાન-ઊંઝાના માન સરોવર ઉપર બંધાયેલ પથિકાશ્રમના તળિયાના ભાગે કડવા પાટીદાર સમાજની ભવ્ય પરિશ્રમની ગાથા રજૂ કરતુ સંગ્રહસ્થાન તૈયાર થનાર છે. જેમાં કડવા પાટીદારની જૂની જીવન પ્રણાલી, કપડાલત્તા, દાગીના, શણગાર, ખેતીના ઓજારો, શસ્ત્રો, ઘરવખરી વગેરે પ્રદર્શિત થશે, આ એક ઐતિહાસિક વિચાર છે. આપણા કડવા પાટીદાર સમાજની સ્થિતિ વર્ષો પહેલાં કેવી હતી, ગ્રામ્ય સંસ્કૃતિ, ગામડાના આપણા રીતરિવાજો ને આપણું કલ્ચર વગેરેની છાપ ભાવિ પેઢી માટે જળવાઈ રહે તે સારું શ્રી ઉમા સંગ્રહસ્થાન તૈયાર થઈ રહ્યું છે. મહોત્સવ પછી આ એક દૂરગામી ભાવિ પેઢીને અસર કરતા સાંસ્કૃતિક કાર્યક્રમ છે.



## નવરાત્રિનો મહામહિમા

આપણો દેશ ઉત્સવો, મહોત્સવો અને વિવિધ પ્રકારના પર્વોનો દેશ છે. એટલે તો આ દેશને "ઉત્સવપ્રિય" દેશ પણ કહેવાય છે. ઉત્સવો એ માનવીના તન-મનને તાજગીસભર રાખવાનું અણમોલ ઔષધ છે. કેટલા ઉત્સવો એક-બે દિવસના સીમિત હોય છે, પણ આ નવરાત્રિ ઉત્સવ પૂરેપૂરા નવ દિવસ સુધીનો એક મહામહોત્સવ બની જાય છે અને અજવાળી રાત્રિમાં જ્યારે ચંદ્રની ક્ષીણ અવસ્થા પૂરી થાય અને એકમથી એ જેમ જેમ વિકસતો જાય તેમ અજવાળી રાત્રિના નવ દિવસ સુધી ઉજાસનો ઉલ્લાસ અને ઉમંગ હૈયામાં ભરતો જાય છે.

આપણા દેશમાં ઋતુઓના સંગમ સમયે આ નવરાત્રિઓ ઉજવાય છે નવરાત્રિ એટલે શક્તિ અને ભક્તિનો અનેરો સંગમ અને તેથી શરીરને પણ તે તાજગીસભર બનાવે છે. બે ઋતુઓના સંગમે ચાર નવરાત્રિ આપણા દેશમાં દેવી સંપ્રદાયના રિવાજ મુજબ મનાય છે.

૧. ચૈત્ર સુદ-૧ થી સુદ-૯ (ચૈત્રી વર્ષ મુજબ ગણના)
૨. અષાઢ સુદ-૧ થી સુદ-૯
૩. આસો સુદ-૧ થી સુદ-૯
૪. મહાસુદ-૧ થી સુદ-૯

આ ચાર નવરાત્રિઓમાં બે નવરાત્રિઓનું મહત્વ ખૂબ ઉંચુ રહે છે. અને આ બે નવરાત્રિઓ જેવી કે ચૈત્ર અને આસો માસની નવરાત્રિઓમાં ભગવાન શ્રીરામ જોડાયેલા છે. ચૈત્રી નવરાત્રિના છેલ્લા દિવસે સુદ-૯નો જન્મદિન અને આસો માસની નવરાત્રિના છેલ્લા દિવસે રામે રાવણનો વધ પછી તુરત વિજ્યાદશમીનો દિવસ નો વિજય ઉત્સવ કર્યો અને વિજયાદશમીના ઉત્સવની ભારત વર્ષને ઐતિહાસિક ભેટ આપી.

આપણા ઋષિ મુનિઓએ દરેક પર્વ-ઉત્સવ ને માનવીના મન અને તનને ધ્યાન રાખી એનો મહિમા ગાયો છે. તેઓ એક ઉમદા વૈજ્ઞાનિકો પણ હતા. તેમની તમામ શોધો માનવીના મનને જોડી તેના વિકાસને પરમ રસ્તે લઈ જવાનો કલ્યાણકારી ભાવ હતો અને તેથી તો ભારતવર્ષ આજે હજારો વર્ષથી તેના સંસ્કાર અને સંસ્કૃતિ ટકાવીને અડીખમ ઉભો છે. ઋષિઓનું કોઈ પણ સંશોધન માનવ ઉપર આધિપત્ય જમાવવા માટે નહિ, પણ તે ઉર્મિમય જીવનનો રસાસ્વાદ ચાખી તેની જાતને પરમાત્માના અંતિમ ચરણને સ્પર્શી ધન્ય બનાવે તેવા ઉમદા હેતુ માટે ઉત્સવો, પર્વો, બનાવ્યા છે તેમાં ઉપવાસના હોય કે ધાણી-મમરા કે ખજુર ખાવાના હોય. રંગછાંટણાના હોય કે ઊંચે ગગનમાં પતંગ ચગાવવાના હોય, બેઠે બેઠે ભજન-ગરબી ગાવાના હોય કે ગોળ ફરતા ફરતા હાથતાળી કે દાંડિયા રાસ સાથે ગરબે ઘૂમવાનો હોય, કે દિવાળીની મિઠાઈ ખાવાની હોય કે શિવરાત્રિના બટાકા-શકરિયાં ખાવાના હોય કોઈપણ વાર-તહેવાર તન અને મનને સાવધ રાખવાની પ્રક્રિયા સાથે જોડાયેલ છે. એટલે જ બધા ઉત્સવોમાં નવરાત્રિનો ઉત્સવ નવ-નવ દિવસનો મહામહોત્સવ રાત્રિની અજવાળામાં વિકસિત થતા જતા ચંદ્રની ઉજાસમાં, મા ધરતી નવા ધનધાનથી ઉભરાઈ રહી હોય. મેઘરાજાએ નદી-સરોવર છલકાઈ દીધાં હોય તેવી આલ્હાદક મોસમમાં, આસોની નવરાત્રિએ તો અબાલવૃદ્ધ સૌ કોઈના મનોભાવને તાજગીસભર બનાવી, જીવનમાં નવી ચેતનાનો ઉજાસ ભરી દીધો છે. ભારતીય સંસ્કારોને દરેક હિન્દુ હૃદયમાં છલકાવી દીધો છે આવી મા શક્તિના આ પાવન પર્વને શત્ શત્ વંદન !

હવે, આપણે નવદુર્ગાનો પ્રાગટ્યનાં આછેરાં દર્શન કરીએ.

## નવ - નવદુર્ગા

**(૧) શૈલપુત્રી :**



પૂર્વ જન્મમાં દક્ષ પ્રજાપતિના પુત્રી તરીકે જન્મેલાં અને ભગવાન શિવ સાથે પરણેલા. તેમનું નામ પાર્વતી-સતી તરીકે હતું. તેમના પિતાએ યોજેલા યજ્ઞમાં ભગવાન શીવને આમંત્રણ નહિ અપાતાં તે ક્રોધે ભરાઈ પિતાના યજ્ઞમાં પોતાની જાતને અર્પણ કરી દઈ તે નવા અવતારમાં હિમાલયની પુત્રી તરીકે જન્મી, તપ કરી પુનઃ ભગવાન શીવને પતિ તરીકે પ્રાપ્ત કર્યા. તેમને બે હાથ હતા. એક હાથમાં કમળ અને એક હાથમાં ત્રિશુલ ધારણ કરેલ છે. અને શૈલપુત્રી તરીકે નવરાત્રિના પ્રથમ દિવસે મૂલાધાર ચક્રની ઉપાસના કરવામાં આવે છે અને તે દિવસથી યોગસાધનાનો પૂજન-અર્ચનના આરંભ થાય છે પૂર્વજન્મમાં તેમનું નામ પાર્વતી-હેમવતી હતું કહેવાય છે કે હેમવતીએ દેવોનો ગર્વ ઉતાર્યો હતો.

**(૨) બ્રહ્મચારિણી :**



મા દુર્ગાના બીજા સ્વરૂપનું નામ બ્રહ્મચારિણી કહેવાય છે તે ખૂબ ભક્તિમય રહેતાં નારદજીના ઈશારે ભગવાન શીવ સાથે લગ્ન કરવા સારું ભક્તિ કરવા લાગ્યાં એટલે તે બ્રહ્મચારિણી કહેવાયાં. "બ્રહ્મ" શબ્દનો અર્થ કઠોર-તપશ્ચર્યા થાય છે તેમને બે હાથ છે. એક (જમણા) હાથમાં માળા અને બીજા (ડાબા) હાથમાં કમંડળ ધારણ કરેલું છે એવાં શ્વેતવસ્ત્ર ધારણ કરેલા આ દેવી રિદ્ધિ-સિદ્ધિ દેનારાં છે તેમનું તેજોમય સ્વરૂપ સઘળા કષ્ટો હરનારું અને સુખ-શાંતિ આપનારું છે.

**(૩) ચંદ્રઘંટા :**



માના આ ત્રીજા સ્વરૂપનું નામ ચંદ્રઘંટા છે. તેઓ કનક જેવાં ક્રાંતિસભર છે. તેમના માથા ઉપર અર્ધચંદ્ર જેવો ઘંટ ધારણ કરેલ હોઈ તેમને ચંદ્રઘંટા કહેવાય છે. તેમને દસ હાથ છે. દરેક હાથમાં અસ્ત્ર-શસ્ત્ર ધારણ કરેલાં છે. તેઓ વાઘ ઉપર સવારી કરેલી છે. તેમની ભક્તિથી ભક્તોનું તમામ પ્રકારનું દુઃખો નાશ પામે છે અને આલોક અને પરલોકમાં કલ્યાણ થાય છે તેમને વાઘેશ્વરી પણ કહેવાય છે. તેમની ભક્તિ નિર્ભયતાનું વરદાન આપે છે અને પરિવાર હિતદાયિની છે, સુખદાયનિ છે.

**(૪) કુષ્માંડા :**



માના ચોથા સ્વરૂપનું નામ કુષ્માંડા છે, તેઓ સૂર્ય મંડળમાં બિરાજમાન છે તેઓમાં સૂર્ય જેવી તેજસ્વિતા ધારણ કરી, બ્રહ્માંડનું નિર્માણ કરનારી છે. તેઓ સૂર્યસમાન દશેદિશાઓને પ્રકાશિત કરે છે અને તેમને કોળાનું બલિ અતિપ્રિય છે એટલે તેમને "કુષ્માડા" કહેવાય છે. તેમના આઠે હાથમાં કમંડળ, ધનુષ, બાણ, કમળ, પુષ્પ, ચક્ર, ગદા વગેરે ધારણ કરેલાં છે તે સર્વરોગોના નાશ કરનારાં છે. તેમની ભક્તિ રોગનાશક હોઈ જીવન તંદુરસ્ત કરનારી છે તેમના આઠમા હાથમાં તમામ નિધિ-સિદ્ધિ આપનારી જપમાળા ધારણ કરેલી છે. તેમની સ્વારી સિંહ ઉપર છે.

**(૫) સ્કંદમાતા :**



સ્કંદમાતાએ માનું પાંચમુ સ્વરૂપ છે. શૈલપુત્રી-બ્રહ્મચારિણી બની ઉગ્ર તપશ્ચર્યા કરી ભગવાન શિવ શંકર સાથે લગ્ન કર્યા પછી સ્કંદનો જન્મ થયો. સ્કંદની માતા હોવાથી તેમને "સ્કંદમાતા" નામ ધારણ કર્યુ. આ સ્કંદ દેવોના સેનાપતિ હતા. પુરાણોના કથન અનુસાર તેમને કુમાર અને શક્તિનું નામ મળેલું છે. દેવાસુર સંગ્રામ સમયે તેમના છ મુખ હતા, એવા કુમાર કાર્તિકેયને પોતાના ખોળામાં બેસાડી સિંહ ઉપર સવારી કરી બે હાથમાં કમળ ધારણ કરી એક હાથથી વિજય વરદાન આપે છે એવાં ચત્રભુજ સ્વરૂપનાં પદ્માસનમાં દેવી સ્કંદમાતા વિશુદ્ધ ચક્રના અધિષ્ઠાત્રી છે. આ સ્વરૂપની પૂજન ઉપાસના કરનાર સાધકને દેવી-શક્તિ પોતાના અંકમાં ધારણ કરે છે. અને જેમ સેનાપતિ કાર્તિકેયને અસુરો સામે વિજય અપાવ્યો તેમ તેમના સાધકને તમામ બાહ્ય ક્રિયાઓમાં અને નડતી ચિત્તવૃત્તિઓમાંથી છુટકારો અપાવે છે અને મન એકદમ તમામ બંધનમાંથી મુક્તિ મેળવે છે એટલે તો કહેવાય છે -

*ચિંતા, વિઘ્ન વિનાશિની, કમલાસની સરત્વ,*
*વીસ હથ્થી હંસવાહિની, માતા દિયો સુમત.*

**(૬) કાત્યાયની :**



મા દુર્ગાના છઠ્ઠા સ્વરૂપ કાત્યાયની કહેવાય છે. મા કાત્યાયની અનેકવિધ રીતે ફળદાયી છે એવું કહેવાય છે કે એમના નામથી મહાન કાત્યાયન આચાર્ય થયા છે જેમણે પાણિનીની અષ્ટાધ્યાયીની


પૂર્તિ કરવા માટે વાર્તા બનાવી છે તેમને 'વરુરૂચિ' પણ કહે છે કે કાત્યાયન ઋષિ એવી ભાવના એ તપ કર્યું કે તેમને પુત્રી થાય અને તપસ્વી ઋષિની ભાવના-ઈચ્છા પરિપૂર્ણ કરવા તેમને ત્યાં મા પુત્રી રૂપે પ્રગટ થયાં તેથી તેમનું નામ કાત્યાયની પડ્યું છે. એ દરેકની આશાઓ પૂરી કરતાં હતાં તેથી વૃંદાવનની ગોપીઓ શ્રી કૃષ્ણને મેળવવા યમુના કિનારે માતા કાત્યાયની પૂજા-અર્ચના કરતી હતી. અને તેથી તે વ્રજ મંડળમાં અધિશ્વરી દેવી તરીકે મનાય છે. કહેવાય છે કે, મહિષાસુર દૈત્યનો નાશ કરવા માટે બ્રહ્મા, વિષ્ણુ અને મહેશે પોતાના તેજ અંશ દ્વારા શક્તિ સ્વરૂપ પ્રગટ કરેલું અને દૈત્યનો નાશ કરેલો અને નવરાત્રિના છઠ્ઠા દિવસે તેમની પૂજા થાય છે. ચારભૂજાવાળી, અભય મુદ્રાવાળી વરમુદ્રા, કમળને તલવાર ધારણ કરનારી સિંહની સવારી કરે છે અને આસ્માની રંગની ચૂંદડી એ ધારણ કરે છે.



**(૭) કાલરાત્રિ :**

મા ના સાતમા નોરતે મા કાલરાત્રિનું રૂપ ધારણ કરી ભલભલાને ડરાવે તેવું ઉગ્ર રૂપ ધારણ કરે છે અને ભયાનક સ્વરૂપ હોવા છતાં તેમના ભક્તો-સાધકોની તમામ ઈચ્છાઓ પૂર્ણ કરે છે. સંપૂર્ણ શ્યામવર્ણ ધરાવતાં આ દેવી તેમના માથાના વાળ છૂટા, અને એમના ગળામાં વિજળી જેવી ચમકારી માળા અને એમનાં ત્રિનેત્ર બ્રહ્માંડ જેવો ગોળ છે અને નાકથી શ્વાસ-પ્રશ્વાસ નિકળતાં અનેક અગ્નિ જેવી જ્વાળાઓ પ્રગટે છે તેમનું વાહન ગધેડો છે (શીતળામાતાનું વાહન પણ ગદર્ભ છે) તેમનું સ્વરૂપ ડરામણી હોવા છતાં તેમનું એક નામ "શુભકરી" છે જ્યારે માનો સાધક મા ની સાધના "સંસારચક્ર"માં સ્થિર થાય ત્યારે મા ની અસીમકૃપા સાધક ઉપર ઉતરે છે અને બ્રહ્માંડની તમામ સિદ્ધિઓ પ્રાપ્ત થાય છે. તેમના સ્મરણમાત્રથી ભૂત-પ્રેત અને આસૂરીવૃત્તિઓનો નાશ થાય છે અને એટલે તો નવરાત્રિમાં ગરબે ઘૂમતી બહેનો ગાય છે -

*ઘોર અંધારી રે રાતલડીમાં નિસર્યા ચાર અસવાર,*
*કાલિકા રમજો રે, રમજો રે, તમે રમજો માજમ રાત,*
*મા તું તો પાવાની પટરાણી ભવાની મા કાળકા રે.*



**(૮) મહાગૌરી :**

મા ના આઠમા સ્વરૂપને મહાગૌરી આપવામાં આવ્યું છે. તેમના નામરૂપ પ્રમાણે તેમનો વર્ણ ગૌર છે તેમને ચાર ભૂજાઓ છે. તેમનાં વસ્ત્રો સફેદ છે તેમને ત્રણ નેત્રો છે અને તેમનું વાહન વૃષભ-બળદ છે. મહાગૌરી વય માત્ર આઠ વર્ષની છે તેમની ચાર ભૂજાઓ ત્રિશૂળ, ડમરૂ, અભયમુદ્રા અને વરદાનમુદ્રા દર્શાવે છે અને તેઓ શાંત સ્વરૂપ છે અને ભક્તો ઉપર સદાય કરૂણાનો ભાવ પ્રગટ કરતા હોય તેવી તેમની મુદ્રા હોય છે. નારદ પંચરાશિમાં વર્ણન છે કે, શંભુભોળાને મેળવવા માટે તેઓ હિમાલયમાં તપ કરવા ગયાં અને તપ-સાધના કરતાં કરતાં તેમનો રંગ માટીથી ઢંકાઈ જવાથી મેલો થઈ ગયો એ સમયે શિવજી પ્રગટ થઈ તે ગંગાજળથી તેમના દેહને ધોયો, ત્યારે મહાગૌરીનો દેહ તેજસ્વી જેવો બની વિદ્યુત જેવો ચમકવા લાગ્યા અને તેથી તેમનું નામ મહાગૌરી થયું અને વિશ્વમાં તે નામથી પ્રસિદ્ધિ પ્રાપ્ત કરી અને પૂજાવા લાગ્યાં.



**(૯) સિદ્ધિદાત્રી :**

શક્તિ પૂજનના નવમા દિવસે મા દુર્ગાનું નવમુ સ્વરૂપ સિદ્ધિદાત્રી તરીકે પૂજાય છે. તે અણિમા, લધિમા, ગરિમા, પ્રાપ્તિ, પાપકમા, મહિમા, કલ્પવૃક્ષત્વ, ઈશિત્વ વગેરે અષ્ટ સિદ્ધિ જે ગણવામાં આવે છે તે તમામ આઠ સિદ્ધિ, સૃષ્ટિ, સંહારક વગેરે તે ઉપરાંત પરકાયા પ્રવેશની સાધના જેવી અઢાર સિદ્ધિઓનો ઉલ્લેખ માર્કંડ્ય પુરાણ અને દેવીપુરાણમાં આવે છે તે તમામ સિદ્ધિઓ ભગવાન શિવે તેમને અર્પણ કરી છે અને તેથી તેમનું અડધુ અંગ દેવીનું થઈ ગયું, તેથી તેમનું નામ "અર્ધનારીશ્વર" પ્રસિદ્ધ થયું. આ દેવી સિંહવાહિની છે. તેમને ચાર ભૂજા છે તેઓ સદાય પ્રસન્નવદનવાળાં છે અને તેથી ઋષિ, મુનિ, સિદ્ધ યોગી તમામ સાધકો અને ભક્તો માનવ કલ્યાણ માટે તેમની સાધના, ઉપાસના કરતા રહે છે.

•







## મહાશક્તિ પીઠ વિશે થોડું જાણો

વેદકાળથી રચાયેલા આ ભારતવર્ષની સીમાઓનો વિસ્તાર ધીરે ધીરે, યેન કેન પ્રકારે સંકોચાતો ગયો છે જેમ દેશમાં શક્તિપીઠો એકાવન છે તેમ મહાશક્તિપીઠો ૧૮ છે તેમાં માનાં મહાશક્તિપીઠો નીચેના સ્થળે આવેલાં છે.

| ક્રમ | નામ | સ્થળ | રાજ્ય |
|---|---|---|---|
| ૧. | વૈષ્ણવી દેવી | કતરા | જમ્મુ-કાશ્મીર |
| ૨. | મહાકાલી દેવી | ઉજ્જૈન | મધ્યપ્રદેશ |
| ૩. | ચામુંડેશ્વરી દેવી | મૈસુર | કર્ણાટક |
| ૪. | મહાલક્ષ્મી દેવી | કોલ્હાપુર | મહારાષ્ટ્ર |
| ૫. | લલિતા દેવી | પ્રયાગ | ઉત્તર પ્રદેશ |
| ૬. | કામાક્ષી દેવી | કાંચી | તામિલનાડુ |
| ૭. | રેણુકા દેવી | મહુર-નાંદેડ જિલ્લો | મહારાષ્ટ્ર |
| ૮. | મણીક્યામ્બા દેવી | દુકશતામા | આંધ્ર પ્રદેશ |
| ૯. | સરસ્વતી દેવી | - | કાશ્મીર |
| ૧૦. | વિશાલાક્ષી દેવી | વારાણસી | ઉત્તર પ્રદેશ |
| ૧૧. | સર્વમંગલા દેવી | ગયા | બિહાર |
| ૧૨. | કામરૂપા દેવી | ગુવાહાટી | આસામ |
| ૧૩. | જોગુલમ્બા દેવી | અલામપુર | આંધ્ર પ્રદેશ |
| ૧૪. | તુલજાભવાની દેવી | તુલજાપુર | મહારાષ્ટ્ર |
| ૧૫. | મંછા દેવી | હરિદ્વાર | ઉત્તર પ્રદેશ |
| ૧૬. | જ્વાલા દેવી | - | હિમાચલપ્રદેશ |

નોંધ :- (૧) શક્તિપીઠોની યાદી તેના ઈતિહાસ સાથે આ ગ્રંથમાં આગળ સામેલ છે.


(૨) મહાશક્તિપીઠો કુલ ૧૮ છે. તેમાંથી સોળની યાદી છે, બાકીની માહિતી મળી નથી. શક્તિપીઠ અને મહાશક્તિપીઠ વચ્ચેના તફાવત વિષે જાણીતા શાસ્ત્રી પૂ. રસિકલાલ (પાંચોટવાળા) ઉ.વ. ૮૯એ જણાવ્યું છે કે 'ઉપાસનાથી તાંત્રિકોએ મંત્ર દ્વારા સિદ્ધ કરેલી દેવીઓને મહાશક્તિપીઠ તરીકે ગણાવે છે.'

•



# શ્રી ઉમિયા માતાજી

## અઢારમી શતાબ્દી મહોત્સવ ✱ સ્મૃતિગ્રંથ



## શ્રી ઉમિયા સંસ્થાન - ઊંઝા,

### ૧૮મી શતાબ્દી રજત જયંતિ મહોત્સવ - ૨૦૦૯

### વિવિધ કમિટીઓની કામગીરી

**૧. પ્રચાર અને પ્રકાશન કમિટી**

ચેરમેન - શ્રી સીતારામભાઈ જોઈતારામ પટેલ
વાઈસ ચેરમેન - શ્રી દિલીપભાઈ મણીલાલ પટેલ
કો. ઓર્ડિનેટર - પ્રો. જેઠાભાઈ એમ. પટેલ
કમિટી સભ્યો - ૮૫

- ૧૮મી શતાબ્દી રજત જયંતી મહોત્સવ - ૨૦૦૯ ઉજવવાનું નક્કી થયા પછી પ્રથમ કમિટી બનાવવામાં આવી, જેની કામગીરી સતત બે વર્ષ સુધી ચાલી તે માટે તેના દરેક સભ્યે ખૂબ મહેનત કરી.
- પ્રચાર-પ્રકાશન કમિટીમાં ગુજરાતભરના આગેવાનોનો સમાવેશ કરવામાં આવ્યો.

**૨. નાણાં કમિટી**

ચેરમેન - શ્રી વિષ્ણુભાઈ વિઠ્ઠલદાસ પટેલ
વાઈસ ચેરમેન - શ્રી મણીભાઈ કાનજીભાઈ પટેલ
કો. ઓર્ડિનેટર - શ્રી બાબુભાઈ માધવલાલ પટેલ
કમિટી સભ્યો - ૯૦
મા ઉમાના સ્વયંસેવકો - ભાઈઓ - ૨૦૦, બહેનો - ૧૦૦

**૩. યજ્ઞ સેવા કમિટી**

ચેરમેન - શ્રી કુબેરભાઈ મગનલાલ પટેલ
વાઈસ ચેરમેન - શ્રી વસંતભાઈ નારાયણદાસ પટેલ
કો. ઓર્ડિનેટર - શ્રી દશરથભાઈ શીવરામદાસ પટેલ
કમિટી સભ્યો - ૭૩
મા ઉમાના સ્વયંસેવકો - ૩૫૦

**૪. ભોજન - રસોડા કમિટી**

ચેરમેન - શ્રી ત્રિભોવનભાઈ પરષોત્તમદાસ પટેલ
વાઈસ ચેરમેન - શ્રી અમૃતભાઈ ઈશ્વરભાઈ પટેલ
શ્રી નારાયણભાઈબેચરદાસ પટેલ
શ્રી કાન્તીલાલ ચતુરદાસ પટેલ
કો. ઓર્ડિનેટર - શ્રી ભૂપેન્દ્રભાઈ વિરમભાઈ પટેલ
શ્રી રામજીભાઈ મોહનલાલ પટેલ
શ્રી પ્રહલાદભાઈ મોહનલાલ પટેલ
કમિટી સભ્યો - ૪૨, કારોબારી સભ્યો - ૨૧૦
મા ઉમાના સ્વયંસેવકો - ૧૮૦૦ મહિલા સ્વયંસેવિકાઓ - ૫૦૦
૧૮મી શતાબ્દી રજત જયંતી મહોત્સવમાં ૨૫,૦૦,૦૦૦ યાત્રાળુઓએ મા ઉમાની પ્રસાદીરૂપે ભોજનનો લાભ લીધો.

**૫. દર્શન વ્યવસ્થા કમિટી**

ચેરમેન - શ્રી સુરેશભાઈ કાન્તિલાલ પટેલ
વાઈસ ચેરમેન - શ્રી ગોવિંદભાઈ હીરાલાલ પટેલ
કો. ઓર્ડિનેટર - શ્રી વિષ્ણુભાઈ ભગવાનદાસ પટેલ
કમિટી સભ્યો - ૬૨ મા ઉમાના સ્વયંસેવકો - ૧૬૦૦

**૬. સ્વયંસેવક કમિટી**

ચેરમેન - શ્રી વસંતભાઈ શિવરામદાસ પટેલ
વાઈસ ચેરમેન - શ્રી ભરતભાઈ ઈશ્વરલાલ પટેલ
કો. ઓર્ડિનેટર - શ્રી કાન્તિલાલ વિરદાસ પટેલ
કમિટી સભ્યો - ૫૨ મા ઉમાના સ્વયંસેવકો - ભાઈઓ - ૧૫૦૦૦, બહેનો - ૨૦૦૦

**૭. સાંસ્કૃતિક સંસ્કાર કમિટી**

ચેરમેન - શ્રી ચતુરભાઈ જોઈતારામ પટેલ
વાઈસ ચેરમેન - શ્રી પ્રવિણભાઈ પ્રહદાલભાઈ પટેલ
કો. ઓર્ડિનેટર - શ્રી ધર્મેન્દ્રભાઈ કાન્તિલાલ પટેલ
કમિટી સભ્યો - ૩૫ મા ઉમાના સ્વયંસેવકો - ૨૦૦

**૮. સરભરા કમિટી**

ચેરમેન - શ્રી ખોડાભાઈ શંકરલાલ પટેલ
વાઈસ ચેરમેન - શ્રી ગટોરભાઈ કાનજીભાઈ પટેલ
કો. ઓર્ડિનેટર - શ્રી હંસરાજભાઈ દેવજીભાઈ ધોળું
કમિટી સભ્યો - ૫૦ મા ઉમાના સ્વયંસેવકો - ૬૦

**૯. જમીન સંપાદન કમિટી**

ચેરમેન - શ્રી મહેન્દ્રભાઈ રેવાભાઈ પટેલ
વાઈસ ચેરમેન - શ્રી દશરથભાઈ બેચરદાસ પટેલ

શ્રી ગોપાલભાઈ નાથાલાલ પટેલ
કો. ઓર્ડિનેટર - શ્રી રમેશભાઈ માધવલાલ પટેલ
શ્રી જશવંતભાઈ ભગવાનદાસ પટેલ
કમિટી સભ્યો - ૫૧

**૧૦. મંડપ ડેકોરેશન કમિટી**
ચેરમેન - શ્રી મનુભાઈ કેશવલાલ પટેલ
વાઈસ ચેરમેન - શ્રી મનુભાઈ નાથાલાલ પટેલ
કો. ઓર્ડિનેટર - શ્રી અમિતભાઈ મણીલાલ પટેલ
કમિટી સભ્યો - ૮૫ સહાયક એન્જીનીયર - ૧૧

**૧૧. સલામતી બંદોબસ્ત કમિટી**
ચેરમેન - શ્રી હસમુખભાઈ અમરતલાલ પટેલ
વાઈસ ચેરમેન - શ્રી મુકુન્દભાઈ રમણલાલ પટેલ
કો. ઓર્ડિનેટર - શ્રી જગદીશભાઈ પ્રાણલાલ પટેલ
કમિટી સભ્યો - ૫૫
મા ઉમાના સ્વયંસેવકો - ૧૯૦૦, પ્રાઈવેટ સીક્યુરીટી-૨૦૦

- સ્વયંસેવકોના દરેક ગ્રુપના લીડરને ઝડપી માહિતીની આપ-લે માટે વોકી ટોકીની સુવિધા.
- શ્રી ઉમિયા નગર તથા પાર્કીંગમાં કુલ ૩૨ જગ્યાએ સી.સી. કેમેરા.
- ચાર દિશામાં ચાર ફાયર ફાઈટર સ્ટેશનો.

**૧૨. સાંસ્કૃતિક પ્રદર્શન કમિટી**
ચેરમેન - ડૉ. અમૃતલાલ પરષોત્તમદાસ પટેલ
વાઈસ ચેરમેન - શ્રી દિપકભાઈ માધવલાલ પટેલ
કો. ઓર્ડિનેટર - શ્રી મહેશભાઈ મણીલાલ પટેલ
કમિટી સભ્યો - ૯
મા ઉમાના સ્વયંસેવકો - ૩૫૦ (સ્વયંસેવકો - ઊંઝા, સુણોક, ડાભી, રણછોડપુરા)

**૧૩. સાંસ્કૃતિક પ્રદર્શન કમિટી**
ચેરમેન - ડૉ. અમૃતલાલ પરષોત્તમદાસ પટેલ
વાઈસ ચેરમેન - શ્રી દિપકભાઈ માધવલાલ પટેલ
કો. ઓર્ડિનેટર - શ્રી મહેશભાઈ મણીલાલ પટેલ
કમિટી સભ્યો - ૯

**૧૪. ઉતારા કમિટી**
ચેરમેન - શ્રી નિતીનભાઈ નરોત્તમદાસ પટેલ
વાઈસ ચેરમેન - શ્રી રતીભાઈ બબાભાઈ પટેલ
કો. ઓર્ડિનેટર - શ્રી ઘનશ્યામભાઈ કાનજીભાઈ પટેલ
કમિટી સભ્યો - ૬૨ મા ઉમાના સ્વયંસેવકો - ૭૫૦

**૧૫. પ્રસાદ કમિટી**
ચેરમેન - શ્રી બાબુલાલ ગણેશદાસ પટેલ
વાઈસ ચેરમેન - શ્રી બાબુલાલ શિવરામદાસ પટેલ
કો. ઓર્ડિનેટર - શ્રી ચીમનભાઈ વિઠ્ઠલદાસ પટેલ
કમિટી સભ્યો - ૯૦ મા ઉમાના સ્વયંસેવકો - ૪૦૦

**૧૬. વાહન વ્યવહાર અને પાર્કિંગ કમિટી**
ચેરમેન - શ્રી કસ્તુરભાઈ વિઠ્ઠલદાસ પટેલ
વાઈસ ચેરમેન - શ્રી બાબુલાલ નાથાલાલ પટેલ
કો. ઓર્ડિનેટર - શ્રી સોમાભાઈ વિઠ્ઠલદાસ પટેલ
કમિટી સભ્યો - ૬૨ મા ઉમાના સ્વયંસેવકો - ૪૯૬

**૧૭. ચા-પાણી વ્યવસ્થા કમિટી**
ચેરમેન - શ્રી જયંતિભાઈ સોમાભાઈ પટેલ
વાઈસ ચેરમેન - શ્રી રમેશભાઈ સોમાભાઈ પટેલ
કો. ઓર્ડિનેટર - શ્રી જીવરામભાઈ નારાયણદાસ પટેલ
કમિટી સભ્યો - ૫૫ મા ઉમાના સ્વયંસેવકો - ભાઈઓ-૪૩૬ બહેનો-૧૪૭

**૧૮. વિદ્યુત-વ્યવસ્થા કમિટી**
ચેરમેન - શ્રી ડાહ્યાભાઈ પિતામ્બરદાસ પટેલ
વાઈસ ચેરમેન - શ્રી કાન્તિભાઈ જીવરામદાસ પટેલ
કો. ઓર્ડિનેટર - શ્રી ડાહ્યાભાઈ શિવરામદાસ પટેલ
કમિટી સભ્યો - ૪૦ મા ઉમાના સ્વયંસેવકો - ૩૦૦

**૧૯. પાણી પુરવઠા કમિટી**
ચેરમેન - શ્રી ભગવાનભાઈ રણછોડદાસ પટેલ
વાઈસ ચેરમેન - શ્રી શૈલેષભાઈ રણછોડદાસ પટેલ
કો. ઓર્ડિનેટર - શ્રી અમરતભાઈ કાશીરામદાસ પટેલ
કમિટી સભ્યો - ૯૧ મા ઉમાના સ્વયંસેવકો - ૧૨૫

- મહોત્સવ દરમિયાન ૨,૭૦,૬૦,૦૦૦ લીટર પાણીનો વપરાશ.
- ગુજરાત પાણી-પુરવઠા બોર્ડ તરફથી ૭૨૦૦ ફૂટ પાણીની પાઈપો સેવા માટે મળી.
- શ્રી ઉમિયા નગરમાં ૨૪ કલાક પાણીની વ્યવસ્થા ઊંઝા નગરપાલિકા દ્વારા ધરોઈ કેનાલમાંથી કરવામાં આવી.







**૨૦. સફાઈ-સ્વચ્છતા-સેનિટેશન કમિટી**
ચેરમેન - શ્રી મફતલાલ કીશોરદાસ પટેલ
વાઈસ ચેરમેન - શ્રી રાજેન્દ્રભાઈ જીવરામદાસ પટેલ
કો. ઓર્ડિનેટર - શ્રી ગણપતભાઈ નરોત્તમદાસ પટેલ
કમિટી સભ્યો - ૫૫
મા ઉમાના સ્વયંસેવકો - ભાઈઓ-૫૫, બહેનો-૬૦
સફાઈ કામદારો - ૭૦૦
સફાઈ કામદારો કોન્ટ્રાક્ટથી - ૧૫૦
સફાઈ કામદારો મહેસાણા નગરપાલીકાના - ૭૫

**૨૧. શ્રી ઉમા બાળનગરી કમિટી**
ચેરમેન - શ્રી કૃષ્ણચન્દ્ર ભોગીલાલ પટેલ
વાઈસ ચેરમેન - શ્રી જશવંતભાઈ બાબુલાલ પટેલ
શ્રી રમેશભાઈ શંકરલાલ પટેલ
કો. ઓર્ડિનેટર - શ્રી ભરતભાઈ નારાયણદાસ પટેલ
શ્રી મનુભાઈ હરગોવનદાસ પટેલ
કમિટી સભ્યો - ૩૫
મા ઉમાના સ્વયંસેવકો-૩૮૦

**૨૨. કૃષિ-ઔદ્યોગિક-વાણિજ્ય સ્ટોલ કમિટી**
ચેરમેન - શ્રી અરવિંદભાઈ સોમાભાઈ પટેલ
વાઈસ ચેરમેન - શ્રી જયેશભાઈ જયંતિલાલ પટેલ
કો. ઓર્ડિનેટર - શ્રી કુલદીપભાઈ જયંતીલાલ પટેલ
કમિટી સભ્યો - ૫૩
મા ઉમાના સ્વયંસેવકો - ૨૫૦

**૨૩. માહિતી - પુછપરછ કમિટી**
ચેરમેન - શ્રી ભૂપેન્દ્રભાઈ નટવરલાલ પટેલ
વાઈસ ચેરમેન - શ્રી ભરતભાઈ દેવચંદદાસ પટેલ
કો. ઓર્ડિનેટર - શ્રી જયેશભાઈ નટવરલાલ પટેલ
કમિટી સભ્યો - ૪૫
મા ઉમાના સ્વયંસેવકો - ૬૦૦

**૨૪. ગ્રામસેવા સંકલન કમિટી**
ચેરમેન - શ્રી જયપ્રકાશ કાશીરામ પટેલ
વાઈસ ચેરમેન - શ્રી મુકેશકુમાર માધવલાલ પટેલ
કો. ઓર્ડિનેટર - શ્રી પ્રવિણભાઈ અંબાલાલ પટેલ
કમિટી સભ્યો - ૪૦
મા ઉમાના સ્વયંસેવકો - ૨૫૦૦

**૨૫. મેડિકલ સેવા કમિટી**
ચેરમેન - ડૉ. અમૃતભાઈ જે. પટેલ
વાઈસ ચેરમેન - શ્રી ભરતભાઈ એસ. પટેલ
કો. ઓર્ડિનેટર - શ્રી રાકેશ જે. પટેલ

**૨૬. રક્તદાન સમિતિ**
ચેરમેન - ડૉ. બાબુભાઈ જે. પટેલ
વાઈસ ચેરમેન - ડૉ. મુકુંદભાઈ બી. પટેલ

**૨૭. હેલીકોપ્ટર પુષ્પવર્ષા કમિટી**
કમિટી સભ્યો - ૮

**૨૫. સોવેનિયર કમિટી**
ચેરમેન - શ્રી કૌશિકભાઈ ગોવિંદભાઈ પટેલ
વાઈસ ચેરમેન - શ્રી આનંદભાઈ સોમાભાઈ પટેલ
વાઈસ ચેરમેન - શ્રી આતિશકુમાર અમૃતલાલ પટેલ
કો. ઓર્ડિનેટર - શ્રી હિતેશકુમાર હરગોવનભાઈ પટેલ
કમિટી સભ્યો - ૨૬

•


## ડાયમંડ સ્વાગત સભ્યો

| | |
|---|---|
| ૩,૧૧,૧૧૧ | અમોલ કોટન ઈન્ડસ્ટ્રીઝ હ. ગોરધનભાઈ બબલદાસ કડી |
| ૩,૧૧,૦૦૦ | ધાનેરા કડવા પાટીદાર સમસ્ત પરિવાર ધાનેરા |
| ૩,૦૧,૧૧૧ | શ્રી ૩૧ બનાસકાંઠા કડવા પાટીદાર પ્રગતિ મંડળ, પાલનપુર |
| ૩,૦૧,૦૦૦ | પટેલ સોમાભાઈ કંચનલાલની કંપની આંગડીયા કંથરાવીવાળા - અમદાવાદ |
| ૨,૫૫,૦૬૧ | વડનગરા ક.પા. સમાજ અમદાવાદ. |
| ૨,૫૧,૧૧૧ | પટેલ રમેશકુમાર અંબાલાલ (આંગડીયા) સુરત |
| ૨,૫૧,૦૦૦ | પટેલ મગનલાલ શંકરલાલ આંગડીયા હ. ગંગારામભાઈ-સુરત |
| ૨,૫૧,૦૦૦ | પટેલ ગોવિંદભાઈ બેચરદાસ મોખાત, ઊંઝાવાળા, સ્ટાર ડાઈઝ એન્ડ ઈન્ટરમીડીએટ, અમદાવાદ |
| ૨,૫૧,૦૦૦ | પટેલ અરવિંદભાઈ મફતલાલ, વેલપેક પેકેજીંગ પ્રા. લી. કલોલ |
| ૨,૫૧,૦૦૦ | દીપ ગ્રુપ ઓફ બિલ્ડર્સ, અમદાવાદ |
| ૨,૫૧,૦૦૦ | આઈ.ડી. પટેલ, એજ્યુકેશન કેમ્પસ હ. વિનોદભાઈ, ચંદ્રકાન્તભાઈ |
| ૨,૫૧,૦૦૦ | ભાઉપુરા મણીપુરા પાર્ટીની વાડી, સમસ્ત કડી |
| ૨,૫૧,૦૦૦ | મફતલાલ ચતુરદાસ પટેલ અને મંગુબેન મફતલાલ, અમદાવાદ |
| ૨,૫૧,૦૦૦ | પટેલ જોઈતારામ રામચંદ (રાજગઢવાળા) હ. હસમુખભાઈ |
| ૨,૫૧,૦૦૦ | પટેલ ખોડીદાસ દ્વારકાદાસ - પટેલ ભોગીલાલ દ્વારકાદાસ (ચોકસી) |
| ૨,૫૦,૦૦૧ | પટેલ શંકરલાલ મોહનલાલ બાંગા, બ્રાહ્મણવાડા હાલ અમદાવાદ |
| ૨,૫૦,૦૦૦ | બળદેવભાઈ રમણભાઈ ઉર્ફે - ગીરધરભાઈ રૂપાલવાળા હાલ સાણંદ ઉમા કોલેજ, બાવળા |
| ૨,૫૦,૦૦૦ | સુરેશભાઈ ડાહ્યાભાઈ પટેલ, સૂર્યા ગ્રુપ, અમદાવાદ |
| ૨,૫૦,૦૦૦ | રૂષભભાઈ નવનીતભાઈ પટેલ, પાર્શ્વનાથ ડેવલોપર્સ, અમદાવાદ |
| ૨,૫૦,૦૦૦ | જક્ષય શાહ, સેવી ઈન્ફ્રાસ્ટ્રકચર, અમદાવાદ |
| ૨,૨૧,૭૮૯ | વિસનગર તળ કડવા પાટીદાર સમાજ, વિસનગર |
| ૨,૧૧,૨૨૨ | સ્વ. બબાભાઈ કેશવલાલ પટેલ હ. લક્ષ્મીબેન બબાભાઈ ચાણસ્મા |
| ૨,૧૧,૧૧૧ | જે. જે. પટેલ મહેરવાડાવાળા, હિંમતનગર |
| ૨,૧૧,૦૦૦ | પટેલ બીપીનભાઈ ભગવાનદાસ, નુંગરા, ઊંઝા. |
| ૨,૧૧,૦૦૦ | નાથાલાલ જોરદાસ પટેલ (બાપુ પરિવાર) મહેસાણા |
| ૨,૧૦,૦૦૦ | પટેલ ઉપેન્દ્રકુમાર બચુભાઈ, અમદાવાદ |
| ૨,૦૧,૧૧૧ | શ્રી ખેરવા કડવા પાટીદાર ભાઈઓ, સમસ્ત ખેરવા |
| ૨,૦૧,૦૦૦ | પટેલ હરેશભાઈ ત્રિભોવનદાસ, ભુણાવ (ટી.એમ) સુરત |
| ૨,૦૧,૦૦૦ | રાધનપુર ક.પા. સમાજ, રાધનપુર |
| ૨,૦૦,૦૦૧ | મે. ઉમિયા ઓટોમોબાઈલ્સ, પટેલ નરોત્તમદાસ ખેમચંદદાસ લાટીવાળા પરિવાર, વિસનગર |
| ૨,૦૦,૦૦૦ | પ્રવિણભાઈ ડાહ્યાભાઈ પટેલ, કલોલ |
| ૧,૮૧,૦૦૦ | શ્રી બાવન બાવીસ કડવા પાટીદાર સમાજ, પ્રમુખશ્રી સીતારામભાઈ એમ. પટેલ, વિસનગર |
| ૧,૬૮,૧૧૧ | કચ્છ કડવા પાટીદાર સમાજ, દિલ્હી |
| ૧,૬૧,૫૦૧ | પંચાલ સમાજ, ઊંઝા |
| ૧,૫૮,૫૦૧ | ભાઉપુરા હીરાકાણ પાર્ટી સમસ્ત ભાઈઓ, ભાઉપુરા |
| ૧,૫૪,૩૭૩ | વડનગર ક.પા. સમાજ સમસ્ત, વડનગર |
| ૧,૫૧,૧૧૧ | પટેલ દિલીપભાઈ કેશવલાલ (ડી.કે.) સરપંચ-ડભોડા, ગાંધીનગર |



# શ્રી ઉમિયા માતાજી

## અઢારમી શતાબ્દી મહોત્સવ ❋ સ્મૃતિગ્રંથ



૧,૫૧,૧૧૧ ચંદ્રાલ ગામ ક.પા. સમાજ મું. ચંદ્રાલા, તા. ગાંધીનગર

૧,૫૧,૧૧૧ બીલીયા કડવા પાટીદાર ભાઈઓ, સમસ્ત બીલીયા

૧,૫૧,૦૦૦ શ્રી નાનાબાર ગોળ સમાજ ઉત્કર્ષ મંડળ, ઊંઝા. પ્રમુખ લખુભાઈ શંભુદાસ પટેલ

૧,૫૧,૦૦૦ સ્વ. પટેલ બાબુભાઈ રતિલાલ, મોટો પટેલ વાસ, રાધનપુર

૧,૫૧,૦૦૦ એ.બી. જવેલર્સ, અમદાવાદ હ. અરવિંદભાઈ બેચરદાસ જવેલર્સ પ્રા. લી. અમદાવાદ

૧,૫૧,૦૦૦ શિવમ સેલ્સ કોર્પોરેશન, પટેલ શિવરામભાઈ ઈશ્વરલાલ, પાલનપુર

૧,૫૧,૦૦૦ પટેલ કાળીદાસ નારાયણદાસ (ખરસડા)

૧,૫૧,૦૦૦ સ્વ. ચતુરભાઈ ઈશ્વરલાલ પટેલ

૧,૫૧,૦૦૦ શ્રી બંસીધર ફાઉન્ડેશન, અમદાવાદ

૧,૫૧,૦૦૦ વિશાલભાઈ એ. પટેલ, સી-૪, ઉત્સવ બંગલો, મહેસાણા.

૧,૪૧,૮૧૧ હાથલારી એન્ડ પોટર એન્ડ કું. ભાઈઓ, રાજનગર જિલ્લો, બનાસકાંઠા જિલ્લો, ઊંઝા.

૧,૩૮,૯૦૦ બેચરાજી ગામ ક.પા. સમસ્ત પરિવાર, બેચરાજી

૧,૩૧,૧૨૧ સરઢવ કડવા પાટીદાર સમાજ, સરઢવ

૧,૩૧,૦૦૦ પાટણ સ્થિત મોટા બારગામ સમાજ, પાટણ, હ. હર્ષદભાઈ કે. પટેલ

૧,૨૬,૦૦૦ તુલસીભાઈ શિવાભાઈ માવાવાળા, અમદાવાદ

૧,૨૬,૦૦૦ રામનગર ગામ સમસ્ત C/o. પ્રહલાદભાઈ મુખી, રામનગર

૧,૨૫,૧૧૧ પટેલ કાશીરામ મગનલાલ બાળવોત ઊંઝા. હ. ગોવિંદભાઈ તથા ઘનશ્યામભાઈ

૧,૨૫,૦૦૦ શ્રી હરગોવનભાઈ નરસિંહદાસ પટેલ, રણુંજ હ. ભરતભાઈ, ભુપેન્દ્રભાઈ

૧,૨૫,૦૦૦ ગોઝારીયા સમસ્ત ક.પા. ભાઈઓ, ગોઝારીયા હ. શૈલેષભાઈ

૧,૨૫,૦૦૦ રમેશભાઈ અમથાભાઈ દેસાઈ, અમદાવાદ

૧,૨૧,૧૧૧ પટેલ રેવાભાઈ રણછોડદાસ - ગંજબજાર, ઊંઝા.

૧,૨૧,૧૧૧ ૪૮, ક.પા.સ.સુ મંડળ, વઢીયાર વિ. પ્રમુખ લાલજીભાઈ એચ. પટેલ, મંત્રી બળદેવભાઈ પી. પટેલ

૧,૨૧,૧૧૧ ૭૨ ગામ ક.પા. ચુંવાળ સમાજ, પ્રમુખ પ્રહલાદભાઈ, ઉ.પ્રમુખ ભરતભાઈ એમ. પટેલ

૧,૨૧,૦૦૦ મેકન જ્યોર્જીયા ઉમિયા માતા મંદિર, (યુ.એસ.એ.)

૧,૧૬,૪૨૫ સીતાપુર કડવા પાટીદાર ગામ સમસ્ત, સીતાપુર

૧,૧૫,૧૧૧ પટેલ શંભુભાઈ જીવાભાઈ મોલ્લોત પરિવાર ઊંઝાવાળા હ. રમેશભાઈ અમદાવાદ

૧,૧૩,૫૦૦ ખેરાલુ સ્થાનીક પાટીદાર તેમજ કચ્છ કડવા પાટીદાર સમાજ, ખેરાલુ

૧,૧૨,૭૧૧ શ્રી મણીયારી ક.પા. પરિવાર, સમસ્ત મણીયારી તા. ચાણસ્મા, જી. પાટણ.

૧,૧૧,૧૩૫ રઘુનાથ સવાભાઈ, ઊંઝા.

૧,૧૧,૧૧૧ પટેલ ગંગારામ લલ્લુદાસ મોલ્લોત પરિવાર, ઊંઝા

૧,૧૧,૧૧૧ પટેલ અંબાલાલ લલ્લુદાસ મોલ્લોત પરિવાર, ઊંઝા

૧,૧૧,૧૧૧ પટેલ કાનજીભાઈ લલ્લુદાસ મોલ્લોત પરિવાર, ઊંઝા

૧,૧૧,૧૧૧ વિનયકુમાર એન્ડ કંપની ગંજબજાર, ઊંઝા હ. પ્રહલાદભાઈ (રણછોડપુરાવાળા)

૧,૧૧,૧૧૧ પટેલ નારાયણભાઈ અમીચંદદાસ બાળવોત પરિવાર, ઊંઝા. (યુ.એસ.એ.) હ. જયંતિભાઈ

૧,૧૧,૧૧૧ પટેલ ભીખાભાઈ ઈશ્વરદાસ (એમ.ટી.વાળા) ઊંઝા હ. ખોડભાઈ, મહેશભાઈ

૧,૧૧,૧૧૧ જય દત્તાત્રેય ટ્રેડીંગ કંપની - ગંજબજાર, ઊંઝા. હ. મણીભાઈ તથા રતિભાઈ

૧,૧૧,૧૧૧ પટેલ કાન્તિલાલ જીવરામદાસની પેઢી (મક્તુપુરવાળા) ગંજબજાર, ઊંઝા.

૧,૧૧,૧૧૧ પટેલ મણીલાલ પ્રભુદાસની પેઢી ગંજબજાર, ઊંઝા.

૧,૧૧,૧૧૧ પટેલ રામજીભાઈ નારાયણદાસની પેઢી (મોરારજી) ગંજબજાર, ઊંઝા.

૧,૧૧,૧૧૧ પટેલ હરગોવનભાઈ ગણેશદાસની પેઢી - ગંજબજાર, ઊંઝા.

૧,૧૧,૧૧૧ પટેલ ગંગારામદાસ ત્રિભોવનદાસ રૂસાત પરિવાર, ઊંઝા.

૧,૧૧,૧૧૧ પટેલ ત્રિભોવનદાસ જોરદાસ રોડ પરિવાર, ઊંઝા હ. હેમાભાઈ, રમણભાઈ

૧,૧૧,૧૧૧ પટેલ ગોબરભાઈ શંભુદાસ મોખાત પરિવાર, ઊંઝા. હ. રામજીભાઈ, હરગોવનભાઈ, બાબુભાઈ

૧,૧૧,૧૧૧ પટેલ મગનલાલ હેમચંદદાસ ધેણાત પરિવાર, ઊંઝા હ. સોમાભાઈ, બાબુભાઈ, શૈલેષભાઈ

૧,૧૧,૧૧૧ પટેલ શંકરલાલ ગણેશદાસ મોલ્લોત પરિવાર, ઊંઝા હ. સોમાભાઈ, મોહનલાલ, દ્વારકાદાસ

૧,૧૧,૧૧૧ દેસાઈ અમરતભાઈ જોરાભાઈ - સીંગલ ટ્રાન્સપોર્ટ, ઊંઝા.

૧,૧૧,૧૧૧ પટેલ કંકુબેન શીવાભાઈ અંબારામદાસ ચાણસ્મીયા (કરીયાણાવાળા) ઊંઝા.

૧,૧૧,૧૧૧ પટેલ મણીલાલ મગનલાલ નુંગરા (ઊંઝાવાળા) અમદાવાદ હ. મહેશભાઈ, યોગેશભાઈ

૧,૧૧,૧૧૧ પટેલ મફતલાલ જોરદાસ વાસણ પરિવાર, મક્તુપુર હ. ગીતા સબમર્શીબલ પંપ, અમદાવાદ

૧,૧૧,૧૧૧ સ્વ. ડૉ. દ્વારકાદાસ રાયચંદદાસ પટેલ (મોઢેરાવાળા) મહેસાણા, હ. મુકેશભાઈ

૧,૧૧,૧૧૧ પટેલ નાથીબેન શંકરલાલ મોતીરામ મોખાત પરિવાર (મીલવાળા) ઊંઝા હ. એમ.એસ. પટેલ, ગોવિંદભાઈ

૧,૧૧,૧૧૧ સ્વ. પટેલ અંબાલાલ ઈશ્વરદાસ C/o. રણછોડભાઈ માધવલાલની કું. ઊંઝા હ. પટેલ રસિકલાલ અંબાલાલ

૧,૧૧,૧૧૧ શેઠશ્રી છોટાલાલ સુરચંદદાસ શાહ ઊંઝા હ. નરેન્દ્રભાઈ, કિર્તિભાઈ તથા નારાયણભાઈ

૧,૧૧,૧૧૧ શેઠ જીવતરાજજી શીવરાજજી પરિવાર, ભીનમાલવાળા, ઊંઝા હ. ચંપાલાલજી, મોહનલાલજી, ઘેવરચંદજી, ભંવરલાલજી

૧,૧૧,૧૧૧ સ્વ. પટેલ રૂખીબેન નારાયણભાઈ વીરચંદદાસ રૂસાત, ઊંઝા. હ. મનુભાઈ, જયંતિભાઈ, રમણભાઈ, પ્રવિણભાઈ, અશોકભાઈ, ઉમિયા ટી. ડેપો, નાસીક.

૧,૧૧,૧૧૧ શ્રી ગઢવાડા કડવા પાટીદાર સમાજ, સતલાસણા, હ. પ્રમુખશ્રી બાબુભાઈ પટેલ

૧,૧૧,૧૧૧ પટેલ કાશીબેન હરીભાઈ શીવરામદાસ બાંગા, વિરલ ઈન્ટરનેશનલ, પુના હ. રમેશભાઈ

૧,૧૧,૧૧૧ પટેલ ચતુરભાઈ અમીચંદદાસ (માજી કા.ઉ.મા.સં. ઊંઝા) ચાણસ્મા, હ. મંગુબેન, કિર્તીભાઈ

૧,૧૧,૧૧૧ પટેલ ભીખાભાઈ મણીલાલ, કારેલીબાગ, વડોદરા.

૧,૧૧,૧૧૧ પટેલ રતીલાલ મગનલાલ હ. શ્રી નિતીનભાઈ (ધારાસભ્યશ્રી કડી)

૧,૧૧,૧૧૧ સ્વ. પટેલ કનુભાઈ પુંજાભાઈ હ. પટેલ ભરતભાઈ પુંજાભાઈ ભોળીદાસ અમદાવાદ.

૧,૧૧,૧૧૧ પટેલ લક્ષ્મીબેન જોઈતારામ અમથારામ મોલ્લોત પરિવાર હ. અરવિંદભાઈ, અશ્વિનભાઈ, ભરતભાઈ, ગુણવંતભાઈ








| | |
|---|---|
| ૧,૧૧,૧૧૧ | ઊંઝા આંટા ક.પા. યુવક મંડળ, અમદાવાદ |
| ૧,૧૧,૧૧૧ | પટેલ અરવિંદકુમાર કાન્તિલાલની કું. જુના આંગડીયા, સુરત હ. દ્વારકાદાસ, નરોત્તમદાસ વિસનગરવાળા અમદાવાદ, પટેલ હીરાલાલ કરશનદાસ બલોલવાળા-સુરત |
| ૧,૧૧,૧૧૧ | દશરથભાઈ આશાભાઈ પટેલ, સોલાગામ, પૂર્વ સરપંચ |
| ૧,૧૧,૧૧૧ | શ્રી ઉત્તર ગુજરાત તડપદ ૪૧ ગામ ક.પા. સમાજ, માણસા, હ. પ્રમુખ સાંકળચંદભાઈ, મંત્રી અમૃતભાઈ |
| ૧,૧૧,૧૧૧ | શ્રી ૪૮ ગામ ક.પા. સમાજ, માણસા, હ. પ્રમુખ શ્રી ડી.ડી. પટેલ, મંત્રીશ્રી રેવાભાઈ પટેલ |
| ૧,૧૧,૧૧૧ | શ્રી ઉત્તર ગુજરાત બારગામ ક.પા. સમાજ અમદાવાદ, ગામ ચાણસ્મા, ઊંઝા, ઊમતા, લાડોલ |
| ૧,૧૧,૧૧૧ | પટેલ રમેશચંદ્ર બચુભાઈ વિશાલપુરવાળા, હ. સંજયભાઈ રમેશભાઈ |
| ૧,૧૧,૧૧૧ | રજનીકાન્ત થોભણદાસ પટેલ, વડોદરા |
| ૧,૧૧,૧૧૧ | બચુભાઈ શંકરદાસ પટેલ, વડોદરા |
| ૧,૧૧,૧૧૧ | ભગવાનદાસ ગંગારામદાસ પટેલ, વડોદરા |
| ૧,૧૧,૧૧૧ | કાનજીભાઈ ગંગારામદાસ પટેલ, વડોદરા |
| ૧,૧૧,૧૧૧ | છગનભાઈ હરીદાસ આદેશરા, વડોદરા |
| ૧,૧૧,૧૧૧ | શ્રી વિકાસ ઈન્ડસ્ટ્રીઝ સિદ્ધપુર, હ. રમણભાઈ |
| ૧,૧૧,૧૧૧ | હૃદયસ્થ માતા-પિતા નર્મદાબેન અને છગનલાલ હરગોવિંદદાસ પટેલ, ઊંઝા. |
| ૧,૧૧,૧૧૧ | જગુભાઈ ગોવિંદજી પટેલ, સુરત |
| ૧,૧૧,૧૧૧ | ડાયનામીક ઓટો લુમ્સ ઈન્ડીયા પ્રા. લી. અમદાવાદ. |
| ૧,૧૧,૧૧૧ | પટેલ કેશવલાલ જોઈતારામ રૂસાત હ. કીરીટભાઈ ઊંઝા. |
| ૧,૧૧,૧૧૧ | જેઠાલાલ ગીરધરદાસ હ. જયંતીલાલ અમદાવાદ. |
| ૧,૧૧,૧૧૧ | પટેલ કાળીદાસ નારાયણદાસ (મુખી) હ. કે.કે. પટેલ, રામભાઈ, જીતુભાઈ (ખરસડા) |
| ૧,૧૧,૧૧૧ | વસંત ટી ડેપો, પળી |
| ૧,૧૧,૧૧૧ | શ્રી ચુંવાળ ક.પા. સમાજ સુધારક મંડળ, મુ. દેથલી, તા. બેચરાજી. |
| ૧,૧૧,૧૧૧ | પટેલ ભાઈચંદદાસ પ્રભુદાસ રૂસાત પરિવાર હ. જયંતીભાઈ ઊંઝા, હાલ અમેરિકા |
| ૧,૧૧,૧૧૧ | ભવાની સિરામીક પ્રા. લી. મહેસાણા |
| ૧,૧૧,૧૧૧ | શ્રી મહાકાલી ટ્રેડર્સ અંકલેશ્વર હ. રાકેશકુમાર બી. પટેલ (ઊંઝાવાળા) તથા પટેલ નટુભાઈ રામજીભાઈ (ભરાડાવાળા) |
| ૧,૧૧,૧૧૧ | પટેલ મોતીભાઈ જીવણદાસ, જાસ્કા |
| ૧,૧૧,૧૧૧ | પટેલ રમેશભાઈ કાન્તીલાલ, અમરનાથ (ઈસ્ટ) જી. થાણા, મહારાષ્ટ્ર |
| ૧,૧૧,૧૧૧ | શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજ, હૈદરાબાદ (સીકંદરાબાદ) |
| ૧,૧૧,૧૧૧ | પંકજભાઈ ચીમનભાઈ પટેલ, અમદાવાદ |
| ૧,૧૧,૧૧૧ | દશરથભાઈ ભીલાભાઈ પટેલ, અમદાવાદ ચેરમેન, ગુજરાત કીશાન ખેત મજૂર (કોંગ્રેસ) |
| ૧,૧૧,૧૧૧ | પટેલ સંજયકુમાર નટવરલાલ, મેસ્કોટ ઈન્ફ્રાસ્ટકચર, કડી |
| ૧,૧૧,૧૧૧ | ભરતભાઈ પુંજાભાઈ પટેલ પલીયડવાળા, હાલ અમદાવાદ |
| ૧,૧૧,૧૧૧ | શારદાબેન પ્રહલાદભાઈ પટેલ, મુંબઈ |
| ૧,૧૧,૧૧૧ | સ્વ. હીરાબા સોમાભાઈ પટેલ પોગલુ, હ. અશ્વમેઘ પરિવાર, ગાંધીનગર |
| ૧,૧૧,૧૧૧ | શ્રી ગુજરાતી પાટીદાર સમાજ ડુંગરપુર, રાજસ્થાન, હ. ડાહ્યાલાલ પાટીદાર |
| ૧,૧૧,૧૧૧ | દેવજીભાઈ નાનજીભાઈ ધોળુ પરિવાર, હ. હંસરાજભાઈ દેવજીભાઈ ધોળુ, કચ્છ-ભૂજ. |
| ૧,૧૧,૧૧૧ | પાંચોટ ગામ ક.પા. ભાઈઓ, સમસ્ત પાંચોટ હ. મનુભાઈ ચોકસી |
| ૧,૧૧,૧૧૧ | પટેલ મેનાબેન લક્ષ્મણભાઈ બાલચંદદાસ ગોદડ, ઊંઝા. હાલ અમદાવાદ |



# શ્રી ઉમિયા માતાજી

## અઢારમી શતાબ્દી મહોત્સવ ❋ સ્મૃતિગ્રંથ




| | |
|---|---|
| ૧,૧૧,૦૦૧ | અરૂણભાઈ હરગોવનદાસ એન્ડ કું. (ચાર્ટડ એકાઉન્ટ) |
| ૧,૧૧,૦૦૦ | શ્રી ઉમિયા ઈન્ફ્રાસ્ટ્રકચર, સોમેશ્વર શોપીંગ ગૃપ, મહેસાણા |
| ૧,૧૧,૦૦૦ | પટેલ કાન્તાબેન બાબુલાલ સાંગણોત (મુખી પરિવાર) ઊંઝા હ. યોગેશભાઈ |
| ૧,૧૧,૧૧૧ | વિરચંદભાઈ ગુલાબદાસ ચેરીટેબલ ટ્રસ્ટ મુંબઈ, હ. દશરથભાઈ વિરચંદદાસ પટેલ |
| ૧,૧૧,૧૧૧ | શ્રી ભાવનગર સમસ્ત કડવા પાટીદાર જ્ઞાતિ, ભાવનગર. |
| ૧,૧૦,૧૧૧ | પટેલ ગોમતીબેન રાજેશકુમાર કાનજીભાઈ, પાંચ આંબા, વિસનગર. |
| ૧,૦૨,૫૫૦ | કાંસા ગામ સમસ્ત કડવા પાટીદાર સમાજ, કાંસા |
| ૧,૦૨,૧૧૧ | શ્રી વારાહીમાતા સેવા સંસ્થાન, પ્રમુખ વિષ્ણુભાઈ રામદાસ પટેલ મુ. સરસાવ |
| ૧,૦૧,૩૨૭ | શ્રી ઊંઢાઈ ક.પા. સમાજ ઊંઢાઈ, તા. વડનગર |
| ૧,૦૧,૧૧૧ | પટેલ જોઈતારામ પ્રભુદાસ રૂસાત - માર્ટીન થ્રેસર, ઊંઝા હ. જનકભાઈ, મહેન્દ્રભાઈ, ભરતભાઈ |
| ૧,૦૧,૧૧૧ | પટેલ નથ્થુભાઈ લાલદાસ પરિવાર, ચાણસ્મા |
| ૧,૦૧,૧૧૧ | ઉમિયા પાઉડર ફોર કલર એનોડાઈઝ, પટેલ નારાયણભાઈ ચીમનદાસ (દેવડાવાળા) હ. શૈલેષભાઈ, ઘનશ્યામભાઈ |
| ૧,૦૧,૧૧૧ | વિરમગામ દરબાર તરફથી હ. કનકસિંહજી દેવીપ્રતાપસિંહજી દેસાઈ |
| ૧,૦૧,૧૧૧ | વિકાસ રામચંદ્રભાઈ ઉમિયા તીર્થ, ઉમા શક્તિ કોર્પોરેશન, અમદાવાદ-કલોલ |
| ૧,૦૧,૧૧૧ | સ્વાગત એગ્રો ડીસ્ટ્રીબ્યુટર્સ હ. પટેલ ભાવેશ બી. પટેલ, વિપુલ બી., મુ. નરસિંહપુરા |
| ૧,૦૧,૧૧૧ | જાટ ચૌધરી સમાજ પોટર મંડળ બાડમેર જીલ્લા તરફથી ગંજબજાર, ઊંઝા. |
| ૧,૦૧,૧૧૧ | પટેલ પ્રહલાદદાસ લક્ષ્મણદાસ ભાનાણી હ. નટવરલાલ, રસીકલાલ, અરવિંદભાઈ, મુંબઈ. |
| ૧,૦૧,૧૧૧ | સમસ્ત સુથાર સમાજ, ઊંઝા. |
| ૧,૦૧,૧૧૧ | પટેલ રમેશભાઈ કચરાભાઈ રામાણી (ચાણસ્માવાળા) હ. ઉમિયા કોટેક્સ પ્રા. લી., અમદાવાદ. |
| ૧,૦૧,૧૧૧ | સરદાર પટેલ યુવક મંડળ, કૃષ્ણનગર, અમદાવાદ. |
| ૧,૦૧,૦૦૧ | શ્રી પાલનપુર ક.પા. સમાજ, પાલનપુર |
| ૧,૦૧,૦૦૧ | સ્વ. પ્રેમજીભાઈ નાનજીભાઈ દીવાણી, અહમદનગર |
| ૧,૦૧,૦૦૦ | સ્વ. મણીબેન મોહનલાલ વાસણ પરિવાર, ઊંઝા. હ. દશરથભાઈ મોહનલાલ |
| ૧,૦૧,૦૦૦ | સ્વ. બબલભાઈ હરગોવનદાસ પટેલ, ટુંડાવવાળા, ઊંઝા. હ. કમલેશભાઈ - સુરત |
| ૧,૦૧,૦૦૦ | ભગવાનભાઈ જે. પટેલ, જેમ્સ પંપવાળા, અમદાવાદ |
| ૧,૦૧,૦૦૦ | મગનભાઈ શિવાભાઈ માવાવાળા, અમદાવાદ |
| ૧,૦૧,૦૦૦ | ઈશ્વરભાઈ શિવાભાઈ માવાવાળા, અમદાવાદ |
| ૧,૦૧,૦૦૦ | ઠાકોર સમાજ, હ. રોહીતભાઈ સી. ઠાકોર તથા ભાવસિંહજી ઠાકોર, અમદાવાદ |
| ૧,૦૧,૦૦૦ | કાળીદાસ નરસિંહભાઈ પટેલ પરિવાર, માણસા હ. ગોડાભાઈ, વિષ્ણુભાઈ, અમરતભાઈ |
| ૧,૦૦,૧૧૧ | સ્વ. પટેલ હરજીવન અંબારામદાસ હ. ખોડભાઈ, વાસુભાઈ, અંકિતભાઈ, ગૌતમભાઈ, મુ. કડી. |
| ૧,૦૦,૦૦૧ | પટેલ વાડીભાઈ પિતાંબરદાસ, અમદાવાદ |
| ૧,૦૦,૦૦૧ | શ્રી બાવન કડવા પાટીદાર સમાજ પ્રગતિ મંડળ, અમદાવાદ |



# શ્રી ઉમિયા માતાજી

## અઢારમી શતાબ્દી મહોત્સવ ※ સ્મૃતિગ્રંથ



| | |
|---|---|
| ૧,૦૦,૦૦૧ | શ્રી ઝાલાવાડી ખાખરીયા ક.પા. સમાજ કડી, હ. પ્રમુખ ઓધવજીભાઈ, શિક્ષણ પ્રમુખ, વાસુદેવભાઈ, સમુહ લગ્ન પ્રમુખ, લાલજીભાઈ, ખેડૂત મંડળ, દલસુખભાઈ |
| ૧,૦૦,૦૦૧ | શ્રી ઝાલાવાડી ખાખરીયા ક.પા. કે.મંડળ અમદાવાદ, પ્રમુખ વાસુદેવભાઈ, ચેરમેન પશ્ચિમ, ગોરધનભાઈ, ચેરમેન પૂર્વ, જયંતીભાઈ |
| ૧,૦૦,૦૦૧ | શ્રી બાવન ક.પા. સમાજ, અમદાવાદ, હ. પ્રમુખ બાબુભાઈ, દિનેશભાઈ, વાડીભાઈ |
| ૧,૦૦,૦૦૧ | પટેલ કાન્તીલાલ શંકરલાલ તથા બાબુલાલ શંકરલાલ ઉમતાવાળા |
| ૧,૦૦,૦૦૧ | પટેલ ચંદુભાઈ પરસોત્તમદાસ રખીયાલવાળા, હ. ધર્મેન્દ્ર સી. પટેલ |
| ૧,૦૦,૦૦૦ | પટેલ નાથાલાલ જીવરામદાસ ચાણસ્મીયા પરિવાર (ચારી) ઊંઝા. |
| ૧,૦૦,૦૦૦ | જીવરામભાઈ છબીલદાસ ગોયા પરિવાર, ઊંઝા. |
| ૧,૦૦,૦૦૦ | પટેલ મણીબેન ચીમનાલ છબીલદાસ ગોયા પરિવાર, ઊંઝા. |
| ૧,૦૦,૦૦૦ | પટેલ કુબેરભાઈ મગનલાલ કાપડીયા, ઊંઝા. |
| ૧,૦૦,૦૦૦ | પટેલ સુરેશભાઈ કાન્તિલાલ (એસ.કે. એન્જીનીયર) ઊંઝા. |
| ૧,૦૦,૦૦૦ | પટેલ બાલચંદદાસ ઉમેદરામ બાંગા પરિવાર, ઊંઝા. |
| ૧,૦૦,૦૦૦ | શ્રી ગાયત્રી બેસન ઈન્ડસ્ટ્રીઝ, મક્તુપુર-ઊંઝા. |
| ૧,૦૦,૦૦૦ | શ્રી ઉમા માઈ મંડળ, ઊંઝા. |
| ૧,૦૦,૦૦૦ | પટેલ શીવરામભાઈ શંકરલાલ બોલલવાળા, સુરત |
| ૧,૦૦,૦૦૦ | પટેલ સોમાભાઈ શંકરલાલ કંથરાવી, રત્નમ જેમ્સ - સુરત |
| ૧,૦૦,૦૦૦ | લીંકન ફાર્માસ્યુટીકલ્સ લી., હ. મહેન્દ્રભાઈ એમ. પટેલ - અમદાવાદ |
| ૧,૦૦,૦૦૦ | વડાલી વિભાગ કડવા પાટીદાર યુવાસંઘ હ. જયંતિભાઈ વિરચંદદાસ પટલ - પ્રમુખ |
| ૧,૦૦,૦૦૦ | એન. કે. પટેલ, ચેરમેન, વિશ્વ કો. ઓપ. બેંક લી. |
| ૧,૦૦,૦૦૦ | સોલા ઉમિયા પગપાળા સંઘ, સોલાગામ |
| ૧,૦૦,૦૦૦ | ચંદ્રવદન દુર્ગાપ્રસાદ લશ્કરી ચેરીટેબલ ટ્રસ્ટ, હ. જાંબલભાઈ ચંદ્રવદન લશ્કરી |
| ૧,૦૦,૦૦૦ | વિશ્વબંધુ ડાહ્યાભાઈ પટેલ, ગાંધીનગર એક્સેલન્ટ સ્કુલ |
| ૧,૦૦,૦૦૦ | હસમુખભાઈ પરસોત્તમદાસ પટેલ ઘુઘડા (ઉમરુવાળા) વાપી |
| ૧,૦૦,૦૦૦ | ભાઈલાલભાઈ પોપટલાલ ઠક્કર, જલારામ સીરામીકવાળા અમદાવાદ |
| ૧,૦૦,૦૦૦ | ભલજીભાઈ અમરસિંહભાઈ સોલંકી, ધાંગધ્રા |
| ૧,૦૦,૦૦૦ | રમેશભાઈ ખેમચંદદાસ પટેલ, અમદાવાદ |
| ૧,૦૦,૦૦૦ | સ્વ. પટેલ બબલદાસ કાનજીદાસ, લાડોલ |
| ૧,૦૦,૦૦૦ | બુસેની કોટન લીમીટેડ, કડી |
| ૧,૦૦,૦૦૦ | પટેલ સુરેન્દ્રભાઈ મોતીભાઈ (સંસદસભ્ય) અમદાવાદ |
| ૧,૦૦,૦૦૦ | વલ્લભભાઈ પ્રહલાદભાઈ પટેલ, અમદાવાદ |
| ૧,૦૦,૦૦૦ | શ્રી કચ્છ ક.પા. સમાજ, ઈન્દોર (મ.પ્ર.) |
| ૧,૦૦,૦૦૦ | પટેલ સોમાભાઈ મોહનલાલ હાજીપરા, હાલ યુ.એસ.એ. |
| ૧,૦૦,૦૦૦ | શકરીબેન કાન્તીભાઈ એમ. પટેલ હાલ યુ.એસ.એ., જોરણગ, તા.જી. મહેસાણા. |
| ૧,૦૦,૦૦૦ | શશીકાન્તભાઈ વાસુદેવ પટેલ (ભુરાભાઈ) થલતેજ, અમદાવાદ. |
| ૧,૦૦,૦૦૦ | પટેલ બાબુભાઈ ભગવાનદાસ જીવણદાસ (બોકરપુરવાળા) અમદાવાદ |
| ૧,૦૦,૦૦૦ | પટેલ મણીલાલ ભગવાનદાસ જીવણદાસ (બોકરપુરવાળા) અમદાવાદ |
| ૧,૦૦,૦૦૦ | ભાનુભાઈ ગોવિંદભાઈ પટેલ, અમદાવાદ. |

ઈ.સ. ૧૯૭૬માં શ્રી ઉમિયામાતાજી મંદિર ને ૧૮૦૦ વર્ષ પૂર્ણ થયા તે નિમિત્તે યોજવામાં આવેલ ૧૮મી શતાબ્દી મહોત્સવના ૩૩ વર્ષે ભવ્યાતિભવ્ય રીતે ૧૮મી શતાબ્દી રજત જયંતી મહોત્સવ-૨૦૦૯, સંવત ૨૦૬૬ માગશર સુદ-૧૧, શનિવાર તા. ૨૮-૧૧-૨૦૦૯ થી માગશર સુદ ૧૧, બુધવાર તા. ૨-૧૨-૨૦૦૯ દરમ્યાન ઉજવવામાં આવ્યો.

**મહોત્સવની વિશિષ્ટતાઓ :**


**શ્રી ઉમિયા માતાજી નિજ મંદિરના દર્શન, સહસ્ત્રચંડી મહાયજ્ઞ, શ્રી ઉમિયાનગર ખાતે નિજ મંદિરના લાઇવ દર્શન**

**મહોત્સવની હાઈલાઈટ્સ**

- ૬૦૦ એકર થી પણ વધારે ભૂમિ ઉપર ઉભુ કરવામાં આવેલ શ્રી ઉમિયાનગર.
- મહોત્સવ દરમ્યાન ૫૦ થી ૫૫ લાખ ભક્તો શ્રી ઉમિયાનગરની મુલાકાતે.
- પ્રચાર અભિયાન માટે સમગ્ર ઉત્તર ગુજરાતના ૧૨૦૦ ગામોમાં ચેતના જ્યોતી રથનું ભ્રમણ.
- સતત બે વર્ષ સુધી ચાલેલુ મહોત્સવનું પ્રચાર અભિયાન.
- સમગ્ર ભારતમાં ૮ થી ૯ લાખ પાટીદાર પરિવારોને પોસ્ટલ ખર્ચ વગર સ્વયંસેવકો દ્વારા સ્વયંભૂ ''કડવો ત્યાં કંકોત્રી''નું વિતરણ.
- મહોત્સવના ૧ મહિના પહેલાંથી ગુજરાતભરનાં સમાચાર પત્રોમાં સતત શ્રી ઉમિયા માતાજી તથા શ્રી ઉમિયાનગર છવાયેલાં રહ્યાં.
- ૧,૦૦,૦૦૦ થી પણ વધારે ધરતીપુત્રોનો ડ્રીપ ઈરીગેશન પદ્ધતિથી ખેતી કરવાનો સંકલ્પ.
- ૧૭,૦૦૦ થી પણ વધારે સ્વયંસેવકોની અથાગ મહેનત.
- વીસ લાખ ભાવિકોએ નિજ મંદિરમાં શ્રી ઉમિયા માતાજીનાં દર્શન કર્યાં.
- પચ્ચીસ લાખ શ્રદ્ધાળુઓએ શ્રી ઉમિયાનગરના રસોડે ભોજન લીધું.
- ભોજન માટે ત્રીસ લાખ લાડુ બનાવવામાં આવ્યા તથા ૩ લાખ યાત્રાળુઓ ભોજન લઈ શકે તેટલી બુંદી બનાવવામાં આવી.
- શ્રી ઉમિયાનગરના વિરાટ રસોડામાં ૩૨ ચુલા સતત ૧૪૪ કલાક ચાલુ રહ્યા.
- એક લાખ વ્યક્તિઓની કેપેસીટીવાળા પેવેલીયનમાં પાંચ દિવસ વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો ભજવવામાં આવ્યા.
- ૨૫૦ કલાકારો દ્વારા પ્રથમ વખત ''પાટીદાર ગૌરવગાથા'' નાટ્ય સ્વરૂપે ભજવાઈ જે અદ્વીતીય હતી.
- પાટીદાર અતિત ને ઉજાગર કરતું અદ્‌ભુત સાંસ્કૃતિક પ્રદર્શન ''અતિત ગૌરવ'' જે જોવાનો લાહવો ૩૫,૦૦,૦૦૦ ભક્તોને મળ્યો.
- સાઈઠ હજારની વસ્તી ધરાવતા ઊંઝા નગરમાં રોજના ૬૦,૦૦૦ મા ઉમા ભક્તો ઊંઝામાં રાત્રી રોકાણનો લાભ લેતા.
- મહોત્સવ દરમિયાન ૨,૭૦,૬૦,૦૦૦ લીટર પાણીનો વપરાશ થયો.
- ૭,૫૦,૦૦૦ યુવાનો તથા બાળકોએ એમ્યુઝમેન્ટ રાઈડ્સનો લાભ લઈ આનંદ કીલ્લોલ કર્યો.
- ૩૦,૦૦,૦૦૦ ભક્તોએ ઔદ્યોગિક, કૃષિ એક્ઝીબીશન માટે એ.સી. ડોમની મુલાકાત લીધી તથા વિવિધ પરિસંવાદોમાં ૨૦,૮૦૦ લોકોએ ભાગ લીધો.
- ચા માટે ૭૫,૦૦૦ લીટર દૂધ, ૧૧,૦૦૦ કીલો ખાંડ, ૩૭૦૦ કીલો ચાની ભુકી, ૨૯,૦૦,૦૦૦ ચાના કપનો વપરાશ.
- પ્રથમ વખત ટ્રાફીક વ્યવસ્થા માટે મહેસાણાથી સિદ્ધપુર હાઈવે બાયપાસ કરવામાં આવ્યો.
- વન વે પાર્કિંગ વ્યવસ્થા : પાર્કિંગ ક્ષમતા એક સમયે, કાર-૩૦,૦૦૦, ટુ વ્હીલર-૨૫,૦૦૦, બસ-૮૦૦, ટ્રક-ટ્રેકટર-૧૦૦૦
- મહોત્સવની સ્મૃતિના ૧૧,૦૦૦ ચાંદીના સિક્કાનું વેચાણ થયુ.
- ૫૦૦ યાત્રિકોએ હેલીકોપ્ટરમાંથી સહસ્ત્રચંડી મહાયજ્ઞ અને શ્રી ઉમિયા માતાજી મંદિર ઉપર પુષ્પ વર્ષા કરવાનો લહાવો લીધો.
- તીરૂપતી નેચરલ પાર્ક તરફથી સવા ચાર લાખ વૃક્ષોના રોપાઓનું વિતરણ.
- રક્તદાતાઓએ કરેલ રક્તદાન : ૧૧,૬૯૭ યુનીટ.
- મહોત્સવ દરમિયાન ૬૭,૦૭૦ દર્દીઓની તપાસ તથા સારવાર.
- અલગ અલગ ત્રણ પ્રકારની પ્રસાદ વ્યવસ્થા.
- નયન રમ્ય લાઈટીંગ.







## ઉપસંહાર

૧૮મી શતાબ્દી મહોત્સવ સંવત ૨૦૩૩માં ઉજવાઈ ગયા પછી રજત જયંતિ મહોત્સવ ૨૦૦૯માં ઉજવાઈ ગયો. આ બન્ને ગાળા વચ્ચે પાટીદાર સમાજમાં જે ક્રાન્તિકારી પરિવર્તનો આવ્યા, તેની સીલસીલાબંધ માહિતી હવે ગ્રંથના થાળ-૨માં રજૂ કરવામાં આવી છે.

આજથી ૩૩ વર્ષ પહેલાં ઉજવાયેલા ૧૮મી શતાબ્દી મહોત્સવ પછી સમગ્ર કડવા પાટીદાર સમાજમાં ચારેબાજુ પરિવર્તનનો પ્રવાહ ફૂંકાયો હતો, ને આ પવને પાટીદાર સમાજને જડમૂળથી બદલી નાંખ્યો છે, સમગ્ર ગુજરાતના જ નહિ પણ દેશ, વિદેશમાં રહેતા તમામ કડવા પાટીદારોમાં નવી ચેતના જાગૃત થઈ, પાટીદાર સમાજને જે નડતર રૂપ પ્રશ્નો, સમસ્યાઓ હતી, તેનું ચિંતન શાંત ચિત્તે પાટીદાર સમાજે કર્યું. ઠેર ઠેર નાના મોટા સંગઠનો રચાયાં, ને સંગઠનોના બળે સમાજ પરિવર્તનનાં કાર્યો શરૂ થયાં. ઈ.સ. ૧૯૭૬થી ૨૦૦૯ વચ્ચેના ગાળામાં પાટીદાર સમાજે જે કંઈ મેળવ્યું, તેટલુ કદાચ મેળવી શક્યું નથી.

આ સમયગાળા દરમિયાન શ્રી ઉમિયા માતાજી સંસ્થાને જે સામાજિક, શૈક્ષણિક અને ધાર્મિક પ્રવૃત્તિઓ કરી ને સમગ્ર પાટીદાર સમાજે તેઓના કાર્યોમાં જે સહકાર આપ્યો, તેની સીલસીલા બંધ હકીકતો પ્રસ્તુત બીજા થાળમાં પીરસવામાં આવી છે, જેને આરોગવાથી મન અને શરીર બન્ને સ્વસ્થ થશે.

૧૮મી શતાબ્દી મહોત્સવ જે ઈ.સ. ૧૯૭૬માં યોજાયો, તે માની ભક્તિનું, મા પ્રત્યેની ભાવનાનું અદ્‌ભુત પુર હતું, કોઈની સંકલ્પનામાં પણ ન હતું કે સમગ્ર ગુજરાત અને દેશ-દુનિયામાં આટલી મોટી સંખ્યામાં ભક્તજનો ઉભરાશે, જ્યારે રજતજયંતિ મહોત્સવ ભક્તિ સાથે માનસિક, વૈચારિક સંગઠનની દિશા-દૃષ્ટિનું પ્રતિબિમ્બ પાડતું હતું. ૧૮મી શતાબ્દી મહોત્સવમાં કણબી, ખેડૂત પાટીદારના હૃદયસાગરમાં છૂપાયેલી અવર્ણનીય માના પ્રેમની નિસ્વાર્થ, અપેક્ષા વિનાની ભક્તિભાવના જોવા મળી. જ્યારે રજત જયંતિ મહોત્સવમાં પાટીદારોમાં વધેલી ઊંચાઈનાં દર્શન થયાં, ને ભાવિમાં પ્રગટ થનારા વિરાટ સ્વરૂપ તરફ ગતિ કરનાર પાટીદારના 'જીભે ઝેર' નહિ પણ જીભ ઉપર સરસ્વતીની સવારી સજાવી, વાણિયા જેવા વ્યક્તિત્વનાં દર્શન કરાવ્યાં, જેનાથી પાટીદારોની આંતરિક વિશાળતા વિશ્વ સમક્ષ ઊભી થઈ છે.

આ બન્ને મહોત્સવોને ખૂબજ નજીકથી અમે જોયા છે, નિહાળ્યા છે ને માણ્યા છે, જેથી મહોત્સવ અંગેની વિગતવાર માહિતી આ ગ્રંથમાં રજુ કરી છે.

આપ માનો ન માનો, સ્વીકારો કે ન સ્વીકારો પણ મા ઉમિયા પ્રત્યેની ભક્તિએ સમગ્ર પાટીદાર સમાજને નવો રાહ ચીંધ્યો છે, કોઈ પણ સમાજનો ઉદ્ધાર કરવો હોય કે સમાજને બદલવો હોય કે નવા રાહ ચિંધવા હોય ત્યારે કુળદેવી પ્રત્યેની શ્રદ્ધા જ તેના જીવન રાહમાં પ્રેરણારૂપ બને છે, ને આપણે બધા જ હવે કુળદેવી મા ઉમિયાજીને શ્રદ્ધા સ્વરૂપે હૃદયસાગરમાં કાયમ માટે સ્થિત કરીશુ તો ચૈતન્યમાં દર્શન કરી શકીશું.

આપણા સૌની મૂળ બાબત એ છે કે ૧૮મી શતાબ્દી પછી છેલ્લા ૩૩ વર્ષમાં પાટીદાર સમાજમાં એવું શું બન્યું કે જેના લીધે આ પાટીદાર સમાજ પ્રગતિના શિખર તરફ ખેંચાઈ ગયો. પરિવર્તનનો પ્રવાહ બધેજ ફૂંકાઈ રહ્યો છે. આપ ઈચ્છો કે ના ઈચ્છો પણ પરિવર્તનને કોઈ રોકી શકે એમ નથી. આર્થિક પરિવર્તનની સાથે સાથે વૈચારિક પરિવર્તન ગજબનું થયું છે. હવે ચીલાચાલુ રીતરિવાજો, કુરૂઢિઓ સમાજ છોડી રહ્યો છે. દરેક સમાજમાં લગ્નની રૂઢિગ્રસ્ત પરંપરાઓ બદલાઈ રહી છે. પોતાના જ ગોળમાં દીકરીને પરણાવવી, આમાં હવે મોટો બદલાવ આવી ગયો છે. દીકરા-દીકરીને ગમે ત્યાં પરણાવવામાં કોઈ-કોઈને રોકતું નથી. વર-કન્યાની પસંદગી માતાપિતાના હાથમાંથી સરકીને પરણનારા છોકરા-છોકરીઓના હાથમાં બંધ થઈ ગઈ છે. લગ્નના ખર્ચાઓ વૈયક્તિક બન્યા છે. સમૂહલગ્નો તરફ દરેક સમાજ વળ્યો છે. નવા ઘરો બનવા લાગ્યા છે, હવે દરેક પાટીદાર સમજવા લાગ્યો છે કે રહેવા માટે ઘર સારું જોઈએ, ને તે બનાવી રહ્યો છે. દીકરીને દીકરાની જેમ મહત્ત્વ આપે છે, ને દેવું કરીને પણ દીકરા-દીકરી બન્નેને ભણાવે છે. હવે ખેતી આધારિત સમાજ રહ્યો નથી. ખેતી સિવાય અન્ય વ્યવસાયોમાં પાટીદારોનો બધે જ પ્રવેશ થઈ ચૂક્યો છે. ગામને પોતાનું કાર્યક્ષેત્ર







રાખ્યું નથી. ગામને છોડીને વ્યવસાય માટે શહેરમાં જવા લાગ્યો છે. એટલું જ નહિ પણ છેલ્લ ૩૦-૩૫ વર્ષમાં દસ લાખ પાટીદારોએ પોતાનો દેશ છોડીને વિદેશોમાં પોતાનું કાર્યક્ષેત્ર બનાવ્યું છે. હજારો પાટીદારોના યુવક-યુવતીઓ વિદેશમાં ભણવા માટે જઈ રહ્યાં છે, ને ભણ્યા પછી ત્યાં સ્થિર થઈ જાય છે. દુનિયાનો એક પણ દેશ નથી કે જ્યાં પાટીદારનો દીકરો ન હોય. લંડન, અમેરિકા, કેનેડા, ઓસ્ટ્રેલિયામાં પાટીદારો જ પાટીદારો છે. પાટીદારોએ બધે જ પોતાનું સામ્રાજ્ય જમાવ્યું છે, ને જમાવી રહ્યા છે. પાટીદારોની પ્રગતિ અને ગતિ અમાપ છે. તેઓનું ભાવિ ઉજ્જવળ છે પાટીદારો જ્યાં જાય છે, ત્યાં પોતાની ભાતીગળ સંસ્કૃતિનું છાપરું ગોઠવી દે છે. એની વાણી, વર્તન અને કાર્યશૈલીથી બધે જ ઓળખાઈ આવે છે. કુદરતે પાટીદારોમાં અદ્ભુત શક્તિ ઠાલવી છે.

પણ હવે આવી રહેલી ૨૧મી વિકાસશીલ સદીમાં પાટીદારો ક્યાં પહોંચશે ? તે કહેવું મુશ્કેલ છે. ઉચ્ચતમ ધ્યેયો તો સિદ્ધ કરશે જ પણ પોતાના નવા ઘડાઈ રહેલા વ્યક્તિગત સમાજથી ને પરિવર્તન પામવા ગ્લોબલાઈજેશનથી વિકાસમાંથી વિકૃતિઓ તરફ ખેંચાઈ જવાનો ડર ઊભો થાય તે સ્વાભાવિક બન્યુ છે, ને જો કુળદેવી ઉમિયાજીથી દૂર થતો જશે તો તેને બચાવવો મુશ્કેલ બનશે. દરેક માનવીએ એક બાબત ગાંઠે બાંધી રાખવા જેવી છે કે ધનથી સારું ઘર બનાવી શકાય છે, ભૌતિક સુખો મેળવી શકાય છે પણ ધન માત્ર આનંદનું સાધન ક્યારેય બન્યુ નથી. માનસિક અને આધ્યાત્મિક શાંતિ માટે આપની પાસે ગમે તેટલી યુનિવર્સિટીઓની ઉચ્ચતમ ડીગ્રીઓ હોય તો પણ બચી શકાશે નહિ, બચવા માટે કોઈ દૈવીતત્ત્વ સાથે માનસિક રીતે જોડાવું પડશે. બુદ્ધિની તાર્કિક દલીલો છોડી ને કોઈ દિવ્ય ચેતના સાથે હૃદયને જોડવાનો, નાથવાનો પ્રયત્ન કરવો જોઈએ. આ તત્ત્વ જ શાંતિનું સાધન બનશે. માનો અથવા ના માનો, સ્વીકારો કે ના સ્વીકારો પણ આ ઉમિયાજી આપણા હૃદય સાગરમાં ચૈતન્ય પ્રગટાવનારું અનેરું તત્ત્વ કુદરતે આપણને આપ્યું છે, આપણે ધ્યાનસ્થ બની મા ઉમિયાજીની ભક્તિ ભાવનામાં ઓતપ્રોત બનીશું, તો વિકાસના માર્ગો આપોઆપ ખુલી જશે.

૧૮મી શતાબ્દી મહોત્સવ ૧૯૭૬માં ઉજવાઈ ગયો, જેનાં આજે ૩૩ વર્ષ પૂરાં થયાં. ૩૩ વર્ષ કંઈ નાનો ગાળો નથી. આ ગાળા દરમિયાન સમગ્ર સમાજ, દેશ અને દુનિયામાં વ્યાપક પરિવર્તન આવી ગયું છે. જે આપણે જોઈ શકીએ છીએ.

મહોત્સવનો મૂળભૂત ઉદ્દેશ્ય એ હતો કે મા ઉમિયાજીના માધ્યમ દ્વારા સમગ્ર સમાજ એક માળામાં પરોવાય, શ્રમ, સહકાર, સંગઠન, ભાવાત્મક એકતા તેમજ ભક્તિભાવ સમાજમાં પ્રસરે સાથે સાથે આ ધાર્મિક મહોત્સવ દ્વારા સમાજનો આર્થિક, સામાજિક, શૈક્ષણિક, વિકાસ થાય, આ બધી બાબતો કેન્દ્રમાં રાખીને મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું.

ઉપરોક્ત વિચારો સાથે મહોત્સવની શરૂઆત કરી ત્યારે ઉમિયા માતાજી સંસ્થાન પાસે માત્ર ૬ લાખની સિલક હતી. એ વખતે કોઈ સ્વતંત્ર કાર્યાલય ન હતું. નાનકડી ઓરડીમાં વહીવટ ચાલતો હતો. યાત્રીઓને ઉતરવા, રહેવા-જમવાની ખાસ વ્યવસ્થા ન હતી. એવી પરિસ્થિતિમાં આ મહોત્સવ કરવામાં આવેલો. પાંચ-છ લાખ ભક્તો દિવ્ય દર્શન કરવા આવશે તેઓ અંદાજ હતો પરંતુ આ મહોત્સવમાં ગુજરાત અને દેશભરમાંથી ૧૮ થી ૨૦ લાખ લોકો મા ઉમિયાજીના દર્શનાર્થે આવ્યા. અને મહોત્સવની અદ્ભૂત વ્યવસ્થા જોઈને મુક્ત પણે ઊંઝા નગરની પ્રશંસા કરી, વંદન કર્યા.

આ મહોત્સવમાં ૧૮થી ૨૦ લાખ લોકો આવ્યા કઈ રીતે ? અભ્યાસના અંતે જાણવા મળ્યું કે 'આઝાદી પછી પાટીદારો જમીનના માલિકો બન્યા, નવી ધંધાકીય તકો ઊભી થઈ, વિવિધ ક્ષેત્રોમાં તેઓનો પ્રવેશ થયો, સમયે સમયે સમાજના દીર્ઘદ્રષ્ટા આગેવાનોએ નેતૃત્વ પૂરું પાડ્યું તેના કારણે સમાજમાં એક નવી ચેતના, નવો ઉત્સાહ દેખાયો. સાથે સાથે "કુળદેવી મા ઉમિયાના સંતાનો છીએ, મા ઉમિયાએ અમને જન્મ આપ્યો છે. ધરતી પુત્રો છીએ, ધરતી અમારી માતા છે, પ્રકૃતિ સાથે અમારું જીવન છે." આવા ઉત્તમ અને પવિત્ર વિચારો આવવાથી અને ધાર્મિક સ્થિતિ બદલાવાના લીધે, તેમજ છેલ્લા ૧૦૦ વર્ષમાં આવો કોઈ ઉત્સવ થયેલો નહિ હોવાના કારણે સમગ્ર સમાજમાં ઉત્સાહ અને ઉમંગનું મોજું ફરી વળ્યું. આ બધા કારણોના લીધે આ મહોત્સવમાં લોકો ઉપડી પડ્યા, ને મહોત્સવ સફળ બન્યો. મહોત્સવ રંગેચંગે નિર્વિઘ્ને સફળ થયો, મહોત્સવ પાછળનો ઉદ્દેશ સફળ થયો તેનું

આજે ૩૩ વર્ષે લાગી રહ્યું છે.

૩૩ વર્ષમાં સમાજમાં વ્યાપક પરિવર્તન આવ્યું છે. ધાર્મિક મહોત્સવો સામાજિક પરિવર્તનના પ્રેરણાસ્ત્રોત બનતા હોય છે. લોકોને જગાડવામાં, ને લોકહૃદયમાં ઉત્સાહ, પ્રેરણા સ્થાપિત કરવામાં આવા ઉત્સવો અનિવાર્ય છે. આ એક ધાર્મિક ઉત્સવે સમગ્ર સમાજને હલાવી નાંખ્યો, 'અમારો એક વિશાળ, ગતિશીલ, પ્રગતિશીલ સમાજ છે', એવું સમજાયું. મહોત્સવનું પરિણામ એ આવ્યું કે સમાજ સંગઠિત બન્યો, નાના મોટા ગોળો નજીક આવવા લાગ્યા, સમાજમાં વ્યાપ્ત કુરિવાજો, કુરૂઢિઓ, લગ્ન-મરણના ખર્ચાઓ વિષે લોકો વિચારવા લાગ્યા, બદલાવ એ આવ્યો કે સમૂહલગ્નો શરૂ થયાં, બાળલગ્નો લગભગ બંધ થયાં, કન્યા કેળવણીનો વ્યાપ વધ્યો, ગામે ગામ કેળવણીની સંસ્થાઓ ઊભી થવા લાગી, શિક્ષણ તરફ પાટીદાર સમાજ વળ્યો. મા ઉમિયા પ્રત્યેનો ભક્તિભાવ વધ્યો, ઘરે ઘરે ઉમિયાજીના ફોટાઓ રાખવા લાગ્યા, કુળદેવી મા ઉમિયાજી દ્વારા કરવામાં આવેલાં સૂત્રોનું અમલીકરણ થવા લાગ્યું. દરેક સમાજના સમ્મેલનો, ઉત્સવો, મેળાવડાઓ થવા લાગ્યા, સમાજના પ્રતિભાશાળી બાળકોને પ્રોત્સાહિત કરવામાં આવ્યા. તાલુકા-જિલ્લા કક્ષાએ સમાજના બાળકોને ભણવા માટે છાત્રાલયો, સમાજનાં મકાનો, મિટીંગો માટે કે લગ્નસમારંભ માટે વાડીઓ અને હૉલ ઊભા થવા લાગ્યા. ઠેર ઠેર ઉમિયા માતાજીનાં મંદિરો ઊભાં થયાં. ઊંઝા ઉમિયા માતાજીનું મંદિર પોતાની કુળદેવીનું આદ્યમંદિર છે, સ્વીકારીને માતાના આશીર્વાદ માટે પરણેલ દંપતીઓ આવવાં લાગ્યાં.

સાથે સાથે ૧૮મી શતાબ્દી મહોત્સવ પછી શ્રી ઉમિયા માતાજી સંસ્થાન - ઊંઝાએ જે સમગ્ર સમાજમાં ચેતના જગાડવા માટે જે અત્યાર સુધી કાર્યક્રમો કર્યા છે, તે સામાન્ય નથી, સમાજના ઉત્થાનમાં આટલું બધુ કાર્ય એક પણ બીજી ધાર્મિક સંસ્થાએ કરી બતાવ્યું નથી, મંદિરના ઉત્કર્ષ સાથે સમાજને ઉઠાવીને ઉચ્ચસ્થાને પહોંચાડવાનું ભગીરથ કાર્ય કરવા બદલ શ્રી ઉમિયા માતાજી સંસ્થાનની વ્યવસ્થાપક કમિટીને લાખ લાખ અભિનંદન પાઠવીએ છીએ, કે જેમના હૃદય કમળમાં માતાજીની સાથે સમગ્ર સમાજની છબી સ્થાપિત થયેલી છે.

બીજી બાબત એ છે કે આજે કડવા પાટીદાર સમાજમાં શ્રી ઉમિયા માતાજી સંસ્થાન આશાનું કેન્દ્ર બન્યુ છે. સૌની નજર આ તરફ મંડાઈ છે. માતાજી પ્રત્યે ભક્તિભાવ તો છે જ, પણ માનું સમાજકલ્યાણી દેવીનું સ્વરૂપ પ્રગટવામાં સૌથી વધારે ફાળો શ્રી ઉમિયા માતાજી સંસ્થાનની વ્યવસ્થાપક કમિટીને આભારી છે, એમાં જાગૃત અને પ્રયોગશીલ પ્રમુખ શેઠ કેશુભાઈ પટેલ, આ એક વ્યક્તિ છે કે જેઓએ તન, મન અને ધનથી સમાજના બધા જ પાસાઓની મરામત કરી છે, તેઓની દીર્ઘદ્રષ્ટિ, ઊંચી સૂઝ-સમજ, ને બેસીગયેલા કે બેસી રહેલા વ્યક્તિને ઊભા કરી તેનો હાથ પકડીને ચલાવવાની સેવાભાવી કોઠાસૂઝે સમાજમાં પ્રાણ પૂર્યો છે.

છેલ્લા પચાસ વર્ષથી કેશુભાઈ શેઠની સાથે હનુમાનનું કાર્ય કરનાર શ્રી મણિભાઈ મમ્મી એક એવું વ્યક્તિત્વ સમાજને મળ્યું છે કે પાટીદાર સમાજની અસ્મિતા, સંસ્કૃતિ અને પાટીદારોની અસલી ભાત સાથે મા ઉમિયાજીની ભક્તિ ભાવના દિલ સાથે જોડીને સમાજમાં એક એવું બ્યૂગલ વગાડ્યું કે જાગૃતિનો નવો ચીલો ઊભો થયો. લગાતાર પચાસ વર્ષ સુધી ગુજરાત અને ગુજરાત બહારના એક એક પાટીદાર સમાજોમાં થતાં સમ્મેલનો, મહોત્સવો, સમૂહલગ્નો, ગૃહિણીતાલીમ શિબિરો કે મિટીંગોમાં પ્રત્યક્ષ હાજરી આપી સમાજના ગાડાને નવા ચીલાઓ પાડી ખેંચવાનું કાર્ય જે કરી બતાવ્યું છે, આ માટે મણિભાઈને જેટલા અભિનંદન આપું તેટલા ઓછા છે.

**૧૮મી શતાબ્દી રજત જયંતિ મહોત્સવ પછી આવનારું પરિવર્તનઃ**

૧૮મી શતાબ્દી મહોત્સવ પછી ૩૩ વર્ષે રજત જયંતી મહોત્સવ ૨૦૦૯ તા. ૨૮ નવેમ્બરથી ૨ ડિસેમ્બર દરમિયાન ઊંઝામાં ઉજવાઈ ગયો. આ ઉત્સવની ભવ્યતાની નોંધ સમગ્ર દેશે લીધી. આ માત્ર ધાર્મિક ઉત્સવ ના રહેતાં સામાજિક, ઔદ્યોગિક અને લોકજાગૃતિનો પુનિત મહાયજ્ઞ હતો. આ માત્ર જ્ઞાતિ આધારિત ઉત્સવ બન્યો નથી, પણ આ ઉત્સવમાં રાષ્ટ્રીયતા, સર્વ જ્ઞાતિ સમન્વયની ભાવના જોવા મળી. હજારો લોકોની જિંદગી બચાવી શકાય એ માટે ૧૧૭૦૦ બોટલ રક્ત એકત્ર કરવામાં આવ્યું. માત્ર પાટીદારો જ નહિ, પણ સમગ્ર માનવ જાત પરસ્પર નજીક આવે, ઐક્ય કેળવે અને 'જીવો ને જીવવા દો'ની ભાવના જાગૃત થાય એવું મહાપર્વ બન્યુ. ઉમિયાનગર ઊભી કરેલી હોસ્પિટલમાં પાંચ દિવસમાં ૬૫૦૦૦







લોકોએ નિશુલ્ક સારવાર લીધી. દસ લાખ છોડવાનું વિતરણ કરવામાં આવ્યું. દરેક જ્ઞાતિના લોકોએ દિલ દઈને મદદ કરી, અરે ! મુસ્લિમો પણ આ ભવ્ય મહોત્સવમાં જોડાયા. પાલનપુર તાલુકાના મુસ્લિમ બંધુઓએ એક સો ડબા તેલના ભેટમાં આપ્યા. ઉનાવાના મુસ્લિમોએ ખડે પગે સતત પાંચ દિવસ ટ્રાફિક વ્યવસ્થા જાળવી. ઊંઝા નિવાસી તમામ જ્ઞાતિના ભાઈ-બહેનોએ એક અઠવાડિયા સુધી પોતાનો વેપાર, ધંધો કે કોઈ પ્રકારનો રોજગાર છોડીને રાત દિવસ મા ના કામમાં લાગી ગયેલા. એક દિવસમાં દસ લાખ દર્શનાર્થી આવતાં, અને એમાંથી સાત લાખ ભોજન લે આ નાની સૂની વાત નથી. આટલી મોટી વ્યવસ્થા ગોઠવવી ને કોઈને ક્યાંય તકલીફ ના પડે આવું ભવ્ય આયોજન કરવામાં આવેલું. કૃષિ વિષયક પ્રદર્શન, સંપૂર્ણ એરકંડિશન માર્કેટ, પાટીદારોની ગ્રામ્ય સંસ્કૃતિનું પ્રદર્શન - ને રાત્રે કલાકારો દ્વારા દરરોજ રજુ થતા. સાંસ્કૃતિક કાર્યક્રમો જોયા પછી એમ લાગે કે આ મહાયજ્ઞ જોઈ ગુજરાત જ ગર્વ લઈ શકે એમ નહિ, પણ હિન્દુસ્તાન ગર્વ લઈ શકે તેવો ઉત્તમોત્તમ બન્યો. આ મહોત્સવનો વખાણ કરીએ તેટલા ઓછા છે. સુસજ્જ અને સુંદર વ્યવસ્થા હતી. લાખો લોકોએ હૃદય સાથે હૃદય મિલાવીને આ મહોત્સવની સફળતા માટે તમામ પ્રકારની મદદ કરી હતી.

**આ મહોત્સવની દીર્ઘકાલીન અસરો કેવી થશે ?**

૧૮મી શતાબ્દી મહોત્સવ પછી સમગ્ર કડવા પાટીદાર સમાજ ઉપર જે અસરો ઊભી થઈ, ને તે અસરોના પરિણામ સ્વરૂપ જે જાગૃતિનો પવન ફૂંકાયો તે આપણે સૌ સારી રીતે જાણીએ છીએ. ને હવે આ રજત જયંતિનો ભવ્ય મહોત્સવ ઉજવાયો તેની અસરો સામાજિક, આર્થિક, રાજકીય અને આધ્યાત્મિક ક્ષેત્રે જુદાજ પ્રકારની અસરો જન્મ પામવાની. અગાઉ કડવા પાટીદાર સમાજમાં એકતા જન્મી, રાજસ્થાન, મધ્યપ્રદેશથી માંડીને સમગ્ર દેશમાં જ્યાં કડવા પટેલ રહેતા હતા, તેઓના મનમાં તે વખતે કુળદેવી ઉમિયા માતાજી પ્રત્યે અનહદ ભક્તિ ભાવના જન્મી, ને તે માતાજીને પૂજતો બની ગયો, સાથે સાથે સમગ્ર દેશના કડવા પાટીદારોમાં એકતાનો ભાવ જન્મ પામ્યો, પણ જ્યારે કડવા પાટીદાર હવે એકબીજાથી નજીક આવી રહ્યા છે ને એક બીજાને સમજતા થયા છે ત્યારે સામાજિક ક્ષેત્રે ક્રાન્તિકારી પરિવર્તનો આવવાના. ઉત્તર ગુજરાતમાં ગોળ પ્રથા રજત જ્યંતિ પ્રસંગે જોવા મળતી હતી. ને આજે પણ ગોળ પ્રથા છે, પણ પહેલાંના જેવી જડ રહી નથી, એ વખતે એક સમાજમાંથી બીજા સમાજમાં છોકરીઓ પરણાવવી કઠિન કાર્ય હતું હવે આજે એવું રહ્યું નથી, ને હવે રજત જ્યંતિના મહોત્સવ પછી ગોળ પ્રથા જેવું રહેશે કે કેમ ? તે સવાલ ઊભો છે. મારું તો સ્પષ્ટ માનવું છે કે હવે સમગ્ર કડવા પાટીદાર સમાજનો એક જ ગોળ બનશે, ને પોતાની દીકરી ગમે ત્યાં, ગમે તે ગોળમાં પરણાવે તો કોઈને કોઈ પ્રકારનો વાંધો રહેશે નહિ, સર્વ સ્વીકૃત બાબત આ બની રહી છે. સૌરાષ્ટ્રની કન્યાઓ ઉત્તર ગુજરાતમાં આવશે ને ઉત્તર ગુજરાતની સૌરાષ્ટ્ર ને દક્ષિણ ગુજરાતમાં પણ જશે. લગ્નનું ક્ષેત્ર સમગ્ર ગુજરાત બનવાનું ને આપણે આને રોકી શકીશું નહિ. ઓળખાણ-પરિચયના કારણે લગ્ન સંબંધો બંધાતા હોય છે. હવે સમગ્ર ગુજરાત એક કેન્દ્ર બનતું જાય છે.

ગામડાઓમાં ખેતી કરનારા છોકરાઓ પછી ભલે તે ગમે તેટલું ભણેલા હોય તેઓને કન્યા મળતી નથી. આવા છોકરાઓને કોઈ પરણવા તૈયાર નથી, પણ હવે સમગ્ર ગુજરાતનું એક યુનિટ બની રહ્યું છે ત્યારે આપણે આદિવાસીઓમાંથી કન્યાઓ શોધી રહ્યા છીએ તેમાંથી મુક્તિ મળશે.

બીજુ મહત્ત્વનું કાર્ય એ બનવાનું કે કડવા પાટીદારોમાં સામાજિક ક્રાન્તિ જન્મવાની. લગ્ન-મરણના ખર્ચાઓ ઉપર આપોઆપ કન્ટ્રોલ આવી જવાનો. જૂના ચીલાચાલુ રીતરિવાજો તૂટી પડવાના કારણકે ગુજરાતનો સમાજ એક બની રહ્યો છે, ત્યારે બીજા સમાજ પાસે સારું શું છે તે અપનાવતાં વાર નહિ લાગે. પાટીદારો સારા રીતરિવાજોને સ્વીકારતા થવાના.

દરેકને પ્રગતિ કરવી છે, ઉન્નતિનાં શિખરો સર કરવાં છે, બીજાઓની સાથે કદમ સાથે કદમ મિલાવવી છે, ત્યારે પોતાની જાતને આગળ લઈ જવા માટે દરેક પાટીદારનો દીકરો પોતે પ્રયત્નશીલ રહેવાનો. મારા સંબંધીઓ સારા વેપારી છે, સારું ભણ્યા છે, આર્થિક રીતે સદ્ધર-સુખી બન્યા છે. તો પોતે પણ આ માર્ગ તરફ ગતિ કરશે. સૌરાષ્ટ્રના લોકો કયા માર્ગે વેપાર, ઉદ્યોગમાં આગળ આવ્યા ? તેઓની પાસેથી ઉત્તર ગુજરાતના લોકો શીખશે ને ઉત્તર ગુજરાતની સારી બાબતો સૌરાષ્ટ્ર કે દક્ષિણ ગુજરાતના લોકો અપનાવશે. વ્યાપક પરિચય

અને સંપર્ક-સંસર્ગમાંથી જ નવા ચીલાઓ જડે છે, ને વ્યક્તિને આગળ વધવાની તકો દેખાય છે. હવે પછીના ૨૫ વર્ષના ગાળામાં સમગ્ર પાટીદાર સમાજ કુરિવાજો, કુરૂઢિઓ ને ચીલાચાલુ રસ્તાઓમાંથી બહાર નીકળી ગયો હશે, તે ઊંચા શિખર તરફ તેની ગતિ થતી હશે તે નિર્વિવાદ સત્ય છે.

સામાજિક ક્રાન્તિ તો થવાની સાથે સાથે રાજકીય રીતે તેનું સ્થાન આજે જે છે તેનાથી ઊંચું રહેશે. પોતે સુશિક્ષિત હોવાથી ને ભાવિમાં આવતા બદલાવોને સમજતો થયેલો હોવાથી રાજકીય ક્ષેત્રે કેવી રીતે ક્રાન્તિ કરવી તેનો પૂરો ખ્યાલ તેના મન-મસ્તિષ્કમાં સ્થિર બનેલો હશે. આજે તેને લોકો ભોળો કહે છે પણ હવે તે એવો ભોળો નહિ હોય કે લૂંટાઈ જાય. સરવાળા, બાદબાકી, ગુણાકાર કરીને તે પોતાનું જીવન અને સ્થાન રાજકીય ક્ષેત્રે ગોઠવતો થઈ ગયેલો હશે.

આજે પાટીદારોએ ઓછી ક્રાન્તિ કરી નથી. ગુજરાતના બધા ક્ષેત્રોમાં તે પ્રવેશી ચૂક્યો છે, હવે બધા ક્ષેત્રો તે સર કરી શકશે. નિસરણી ચઢતાં તેને આવડી ગઈ છે, નિસરણી ચઢતાં તેને કોઈ રોકી શકશે નહિ. કોઈ નિસરણી ને ખેંચે ને તે નીચે પડે એવું હવે બનવાનું નથી. નિસરણીને ખેંચનારાઓને તે સમજી ગયો છે. પોતાના ઉન્નત માર્ગોમાં રોડાં નાંખનારાઓને અત્યાર સુધી માફ કરતો આવ્યો છે, હવે પોતે માર્ગ બદલશે કારણ કે એનામાં ઘણી બધી વ્યાવહારિક સૂઝ આવી ગઈ હશે. આવતા જમાનામાં તે કોઈ જ્ઞાતિ કે જાતિથી પાછળ નહિ હોય. તેના હૃદયમાં મા ઉમિયાજી હશે ને રાષ્ટ્ર ને સમગ્ર વિશ્વ તેનું કાર્યક્ષેત્ર બન્યુ હશે.

તેનામાં એવી ઉદારતા જોવા મળશે કે તે બીજી જ્ઞાતિઓ, જાતિઓમાં એવો ભળી ગયો હશે કે આપણે તેની કલ્પના પણ કરી ન શકીએ, તે બીજાઓ પાસેથી મેળવવાનું છે તે મેળવીને આગળ વધતો જતો હશે. કોઈનું છીનવ્યા વિના કે બગાડ્યા વિના તે આગળ ને આગળ વધતો જતો હશે તેવું દેખાઈ રહ્યું છે.

હવે પછીના ૨૫ વર્ષના ગાળામાં તેની ઉન્નતિ સામાજિક, રાજકીય, આર્થિક રીતે એવી નોંધપાત્ર બની હશે કે દુનિયાના લોકોએ પાટીદારની અલગ નોંધ લીધા વિના ચાલશે નહિ.

•

ઉમિયામા મહોત્સવની સાથે..સાથે...

# ઋગ્વેદનાં મંત્રો લખાયા ત્યારે વર્ણો હશે, જ્ઞાતિઓ નહીં હોય

પ્રસંગપટ

બ્રાહ્મણો મુખમાંથી, ક્ષત્રિયો બાહુમાંથી વૈશ્યો જાંઘમાંથી, શુદ્રો પગમાંથી ઉત્પન્ન થયા

ગુજરાત સમાચાર

# માનું તેડું


જ્યોતિરથ

# શ્રી ઉમિયા માતાજીનું મંદિર

| | |
|---|---|
| ઊંચાઈ | : ૬૩ ફૂટ - ૯ ઈંચ |
| પૂર્વ-પશ્ચિમ લંબાઈ | : ૮૬ ફૂટ - ૬ ઈંચ |
| ઉત્તર - દક્ષિણ પહોળાઈ | : ૮૧ ફૂટ - ૬ ઈંચ |
| રંગમંડપ | : ૨૬ ફૂટ ૮ ઈંચ X ૧૧ ફૂટ ૧ ઈંચ |
| ચોકી | : ૧૧ ફૂટ ૧ ઈંચ X ૧૧ ફૂટ ૧ ઈંચ |
| મંડોવરની ઊંચાઈ | : ૧૫ ફૂટ - ૭ ઈંચ |
| મંદિરની જગતી | : ૪ ફૂટ - ૩ ઈંચ |
| મંદિરની કર્ણપીઠ | : ૨ ફૂટ - ૧૧ ઈંચ |
| મંદિરના શિખરની ઊંચાઈ | : ૪૪ ફૂટ - ૧ ઈંચ |
| સ્થાપત્ય | : ચૌલુક્ય શૈલી |

લગભગ ૧૭૫ વર્ષ જૂનું બાંધકામ










## માનસરોવર

લંબાઈ : ૧૨૦ ફૂટ   પહોળાઈ : ૧૨૦ ફૂટ
ઊંડાઈ : ૫૬ ફૂટ   વચ્ચે એક કુવો
પશ્ચિમ ભાગે શિવાલય - ૯ ફૂટ પહોળું અને ૨૮ ફૂટ ઊંચું
બાંધકામ : તા. ૧-૪-૧૮૮૭ થી તા. ૧૩-૨-૧૮૯૫ સુધી.






realpatidar.com
કડવા પાટીદાર કુળદેવી શ્રી ઉમિયા માતાજી સંસ્થાન, ઊંઝા.
માનદ્ મંત્રી
શ્રી નથ્થુભાઈ પટેલ
ઉપ-પ્રમુખ
શ્રી ઓધવજીભાઈ પટેલ
ઉપ-પ્રમુખ
શ્રી અનિલભાઈ પટેલ
પ્રમુખ
શ્રી કેશુભાઈ પટેલ
સહમંત્રી
શ્રી દશરથભાઈ પટેલ
સહમંત્રી
શ્રી અંબાલાલભાઈ પટેલ
સહમંત્રી
શ્રી જયંતિભાઈ પટેલ
realpatidar.com


realpatidar.com
૧૮મી શતાબ્દી રજત જયંતી મહોત્સવ ૨૦૦૯
પ્રોજેક્ટ ચેરમેન
મહેન્દ્ર એસ. પટેલ
ચેરમેન
નારાયણભાઈ એલ. પટેલ
કન્વીનર
મણીભાઈ આઈ. પટેલ
૪૦૨
realpatidar.com

# જમીન સંપાદન કમિટી

કમિટી સભ્યો-૫૧

ચેરમેન : શ્રી મહેન્દ્રભાઈ રેવાભાઈ પટેલ
વાઈસ ચેરમેન : શ્રી દશરથભાઈ બેચરદાસ પટેલ
શ્રી ગોપાલભાઈ નાથાલાલ પટેલ
કો. ઓર્ડિનેટર : શ્રી રમેશભાઈ માધવલાલ પટેલ
શ્રી જશવંતભાઈ ભગવાનદાસ પટેલ.

**અથાગ પ્રયત્નોથી ૬૦૦ એકર જમીન શ્રી ઉમીયા નગર માટે સમથળ બનાવી મહોત્સવ માટે તૈયાર કરી આપી**





- ૮૫ % ખેડૂતોએ વળતર લીધા સિવાય બે સીઝનના પાકનો ભોગ આપી મહોત્સવ રંગેચંગે ઉજવવા માટે જમીનની સોંપણી કરી.
- તમામ ખેડૂતો પાસેથી સંમતી પત્રો લઈને જમીનની માપણી કરીને જમીનનો કબજો લીધો.
- મહોત્સવ પછી ફરીથી માઈક્રોલેવલ (કોમ્પ્યુટરાઈઝ્ડ) પધ્ધતીથી જમીનની માપણી કરીને ખેડૂતોને તેમની જમીનો પરત કરી.
- જમીન સંપાદન અને સોંપણીની કઠીન કામગીરીને પોતાની સુઝબુઝથી ખુબજ સરળતાથી પુરી કરી જે માટે કમિટી ચેરમેન તથા સભ્યોને અભિનંદન આપીએ તેટલા ઓછા છે.





2013-02-15 -Umiya Mataji 18mi Shatabdi Mahotsav Smruti Granth (235)





# પાટીદાર સમાજનું પ્રતિક અને ધ્વજ






પાટીદાર સમાજનું પ્રતિક આપણે સૂર્યવંશી હોવાથી સૂર્ય, યુદ્ધના સમયમાં આપણે યુદ્ધ કરતા હતા તેના પ્રતિક તરીકે ભાલો, શાંતિના સમયમાં ખેતી કરતાં હતા તેથી હળ, આપણે સાચા અર્થમાં શક્તિના પૂજકો હોવાથી શક્તિ સ્વરૂપ લાલ ધજા, સમૃદ્ધિના પ્રતિક રૂપે ઘઉંની ઊંબીઓ, બે સ્વસ્તિકની વચ્ચે શુભ નિશાની તરીકેનું આપણું પ્રતિક છે. આ પ્રતિકની માન્યતા અખિલ ભારતીય પાટીદાર સમાજ સંગઠનનું ત્રીજું અધિવેશન તા. ૧ માર્ચ-૧૯૯૭ના રોજ ઉમિયા કેમ્પસ, સોલા અમદાવાદમાં મળેલું. તેમાં આ માન્યતા આપવામાં આવેલ. એ જ રીતે આ સંમેલનમાં સમાજનો ધ્વજ નો પ્રતિક પણ આપવામાં આવેલ. જેમાં ધ્વજનો પહેલો ઘઉં વર્ણનો પટ્ટો, બીજો સફેદ પટ્ટો, ત્રીજો લીલો પટ્ટો અને ચોથા લાલ પટ્ટો, ખેતીની જમીનમાં કૂવો કર્યા પછી પાણી છતું થયું તેથી સફેદ, ખેતીની જમીનમાં પાણી થયું અને પાક પાક્યો, સમૃદ્ધિ વધી તેથી - લીલો રંગ, શક્તિ પૂજકો બન્યા તેથી - લાલ રંગ, આમ પાટીદાર સમાજે પોતાનો આ ધ્વજ અને પ્રતિક નક્કી કરેલ છે.


realpatidar.com
પાટીદાર પટેલ પાવરનું જમા-ઉધાર
અનાવૃત
- જય વસાવડા
બુધવાર, તા. ૧૮ નવેમ્બર, ૨૦૦૯
ઉમિયા માતાના નવીન મંદિર
ગર્ભગૃહ ૨૫ તોલા સોનાથી મઢા
ઊંઝા ઉમિયા રજત જયંતિ મહોત્સવ
૧૨૦૦ ગામોનું પરિભ્રમણ કરી ચેતના જ્યોતિ રથ પરત
મહેસાણા, પાટણ, બનાસકાંઠા, ગાંધીનગર અને સાબરકાંઠાની ભૂમિ પર ૪૭ દિવસ માતાજીનું ભ્રમણ
ઉમિયા મહોત્સવમાં આવેલ ભક્તોને
વૃક્ષોના સવા ચાર લાખ રોપા પ્રસાદીરૂપે અપાયા
ઊંઝાના મહોત્સવ પૂર્વે મંદિર ૧૯ કરોડનું દાન પ્રાપ્ત
મહોત્સવને અનુલક્ષીને ટ્રાફિક ડાયવર્ઝન અંગે જાહેરનામું
મુખ્ય ત્રણ દરવાજાને ૪૭૦ કિ.ગ્રા. ચાંદીના વરખથી મઢવામાં આવ્યાઃ ઘુમ્મટ ઉપર સુવર્ણ ધ્વજ-દંડ આરોહણ
ઊંઝામાં આજે લાડુના શ્રીગણેશ
દસ દિવસમાં ૩૦ લાખ લાડુ બનશે...
લાડુ માટેની તૈયારી
21
7000
1000
1000
માઈભક્તો માટે દેશભરમાં મફત વાતચીતની સુવિધા
ઊંઝાના આંગણે યોજાયેલો ૧૮મી શતાબ્દી રજતજયંતી મહોત્સવ અનેકવિધ રીતે અનોખો બની રહ્યો છે. સૌ કોઈ માઈભક્તોની સેવા માટે અધીરા બન્યા છે. જેમાં રિલાયન્સ કંપનીએ પણ ઝુકાવ્યું છે. ભક્તો દેશભરમાં વિનામૂલ્યે, એ પણ અનલિમિટેડ વાત કરી શકે તે માટે કંપની દ્વારા સ્પેશિયલ બૂથ ઊભા કરવામાં આવ્યાં છે. આ માટે વાઈફાઈ ઝોન પણ તૈયાર કરાયો છે. એએમસીના ડે. કમિ. મહેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું કે, 'ધર્મોત્સવમાં પધારનારા માઈભક્તો પોતાના સગાં સંબંધીઓ સાથે ... ની ચિંતા રિલાયન્સ કંપનીએ કરી છે.
પુષ્પવૃષ્ટિના પ્રોજેક્ટ થકી સંસ્થાનમાં ૪૫ લાખનું દાન
લાલચુડા કડવા પાટીદાર સમાજે રૂ. ૧૧ લાખનો ચેક અર્પણ કર્યો
અમદાવાદ | ૨૯ નવેમ્બર, ૨૦૦૯
ઉમાનગરમાં ચાની નદીઓ વહી
ઉમિયા માતાજી સંસ્થાન દ્વારા કન્યા કેળવણીમાં ૧૧.૧૧ લાખ અપાશે
મહોત્સવના પ્રારંભે મુખ્યમંત્રીને ચેક અર્પણ કરાશે
અફઘાન અને પંજાબમાં પણ ઉમાની પૂજા
realpatidar.com

દિવ્ય ભાસ્કર



## ઉંમામાં ઇતિહાસની સૌથી મોટી ધજા ચઢી



ભાવકા પગપાળા સંઘ લઇને ... છે. જેમાં મહેસાણાથી ... અને વિસનગરથી ૩૧ હજાર

પદ્મ. આ માટે રાજ્ય સરકારે પણ ખાસ વ્યવસ્થા ગોઠવી છે. જેમાં ૨૮મી નવેમ્બરથી મહેસાણાથી પાલનપુર ભૂલી

મહોત્સવમાં આજે....

## ૧૮૨૫ વર્ષે મા ઉમિયાની પ્રતિમા પુનઃ તેજોમયી



## ... ધજા નીચે ૩૧ હજાર



## લેઉવા અને કડવાની કડવાશ ભૂલવાનો અવસર એટલે ઊંઝા ઉમિયા મહોત્સવ

■ પાટીદારો ભેદભાવ ભૂલી આત્મીયતાથી બંધાય એ જ મુખ્ય ઉદ્દેશ: નારણભાઇ પટેલ

## કૌતુક સર્જાયું | ધર્મોત્સવ દરમિયાન ... મંદિરમાં કપિરાજની હાજરી

## કપિરાજે કંકોત્રી જોઇ પ્રસાદ લીધો અને હિસાબના ચોપડા પણ જોયા



## ઉમિયાજીના મંદિરમાં પહેલાં યંત્ર નહોતું

ઇતિહાસ | સને ૧૯૭૬માં ૧૮મી શતાબ્દી મહોત્સવના પ્રથમ દિવસે મંદિરમાં યંત્રની સ્થાપના...

ઊંઝાનો અર્થ : દુર્વૃત્તિનો ત્યાગ કરવાની પ્રેરણા આપે તેવી ભૂમિ...



TIMES CITY

# One lakh farmers to take 'save water' oath

Vijaysinh Parmar | TNN

Rajkot: More than one lakh farmers will take an oath to save water during the 18th Shatabdi Rajat Jayanti Mahotsav to be held at Unjha in late November.

"It's the need of the hour to rationalise use of water in our daily lives as well as in agriculture. We expect that at least one lakh farmers will take an oath to use drip irrigation systems in their farms. We have arranged a special exhibition on drip irrigation and its utility how it helps farmers to save water and harvest more," said event convener Manilal Patel.

Invites have been sent to seven lakh Kadva Patidar families across the world. Community members are busy preparing 'Kadvo tya kankotri' (invitation to every Kadva Patel).

More than 15 lakh people, mostly Kadva Patels, are expected to take part in the event. "We have prepared a list of seven lakh Kadva Patel families. The invitation will carry a social message.

Although, it's a religious platform for our community, we are looking forward to move into the 21st century," said Patel.

Theme based exhibitions on industry, agriculture and for children will be part of the mahotsav. "For us, this event will decide the course of the community's growth over the next decade," he said. According to sources, if everything goes well, community leaders plan to establish 'Umiya University' in the near future. Also, a special campus will be developed at Sola Umiya Campus at the cost of Rs 90 crore in Ahmedabad.

"Over the last three decades, four major community events took place in the state. The first was in 1976 in Unjha. Our main goal is to spread scientific approach in every field by building institutions for the future generations," said event spokesperson Manish Changela.

He hoped that the event's impact would not be restricted to the Patel community and would lead to creation of constructive goals for society at large.

પટેલ પરિવાર તરફથી એક ... લાખનો

## ધર્મવિભાવના સાથે પર્યાવરણ જતન





## રજવાડ

સ્મા/ઊંઝા/વિસનગર/હિંમતનગર/મોડાસા

ઉંઝામાં મુસ્લિમ બિરાદરો ...

## ઊંઝાના ઉમીયા મહોત્સવ પ્રસંગે કોમી એખલાસના દર્શન કરાવતા ઉનાવાના મુસ્લીમ બિરાદરો



મહાજાતિ પાટીદાર-૪

## કણબી રાજા વ્રજપાલજીએ ઉમિયાજીનું મંદિર બંધાવ્યું



પુરાણો પ્રમાણે ઉમિયાજી

ઉમિયામાતાનું મંદિર, ઊંઝા

મહાજાતિ પાટીદાર

## પાવાગઢના પતન પછી પટેલો અમદાવાદ આવ્યા

## રૂપાળી ગંગાને બચાવવા એ બ્રાહ્મણ કવિ વટલાયો

## મહેમૂદ બેગડાના ચાંપાનેર આક્રમણ પછી કણબીઓ અમદાવાદ આવીને વસ્યા

આજથી શરૂ થાય છે
દેવેન્દ્ર પટેલની કલમે
ફ્લેશબેક
પાટીદારો વિશેનો
સંશોધનાત્મક અહેવાલ...

મહાજાતિ પાટીદાર-૯

## બે હજાર વર્ષ પૂર્વે ઊંઝા ભૂકંપથી નાશ પામ્યું હતું

મહાજાતિ પાટીદાર-૨૨

## ચીમનભાઈ પટેલ અખબાર ઉદ્યોગના અગ્રેસર બન્યા

'સંદેશ'ના સુકાની

મહાજાતિ પાટીદાર-૮

## ઔરંગઝેબે પાટીદારોને જમીનના માલિક બનાવ્યા

એક જમાનામાં અડાલજમાં ઘીના ૭૦૦ કાંટાની ભારે જાહોજલાલી હતી

મહાજાતિ પાટીદાર-૬

## હેમાળા પટેલ રાજમાતા મીનળદેવીના પિતા કેમ ?

મહાજાતિ પાટીદાર

## ગવર્નરને બેસવાની ખુરશી લશ્કરીની હવેલીથી આવતી

## અસારવા પર હુમલો કર્યો, પરંતુ પાછળથી આશાભીલ કડવા પાટીદાર બની ગયો

મહાજાતિ પાટીદાર-૧૩

## ઈરાનથી આવેલા પવિત્ર એ સંતે વરસાદ વરસાવ્યો

## અમદાવાદ શહેરમાં કાપડની બીજી મિલ નાખનાર શેઠ બેચરદાસ લશ્કરી હતા

મહાજાતિ પાટીદાર-૩

## 'મહેંદી તે વાવી માળવે' ગીતની રચના કેમ થઈ ?

મહાજાતિ પાટીદાર-૭

## લેઉઆ પાટીદારોની પહેલી મુખ્ય વસાહત - અડાલજ

## ઊંઝાનું મૂળ નામ ઉમાપુર હતું અને વ્રજપાલજીએ તેને વસાવ્યું

... પટેલોએ પીરાણા પંથ સ્વીકાર્યો



મહાજાતિ પાટીદાર-૧૮

હું તો ઉમિયાજીને વધાવવા જઈશ મારો સોના સરીખો સૂરજ ઉગિયો

આજથી શરૂ થાય છે ડૉ. પટેલની કલમે ફ્લેશબેક

પાટીદારો વિશેનો સંશોધનાત્મક અહેવાલ...

મહાજાતિ પાટીદાર-૨૦

પાટડી, વિરમગામ, માંડલ પાટીદાર રાજાઓ હતા

પાટડી દરબારે લશ્કરી શેઠની મદદથી ઘણા સામાજિક સુધારાઓ કરાવ્યા

મહાજાતિ પાટીદાર-૧૭

ઊંઝાના પટેલોએ વનરાજ ચાવડા સામે યુદ્ધ કર્યું હતું

ગુજરાતમાં 'પટેલ' શબ્દની શરૂઆત કેવી રીતે થઈ?

જે જમીન લોહીથી ગોઝારી થઈ નારણદાસ પટેલે ગોઝારિયા વસ

મહાજાતિ પાટીદાર-૨૧

પાટીદારોએ પ્રમુખ સ્વામી અને મુક્તજીવન સ્વામી પણ આપ્યા

મહાજાતિ પાટીદાર-૧૦

લશ્કરીની હવેલીનો વૈભવ એક રજવાડા જેવો હતો

શેઠ અંબાઈદાસને 'હાથી'ના ઈલ્કાબ સાથે વડસર ને ડીંગુચા ગામો ભેટ મળ્યાં હતાં

મહાજાતિ પાટીદાર-૧૪

આંજણા પાટીદારો એ સહસ્રાર્જુનના વંશજ છે

આંજણાઓ રશિયાના ઉઝબેકિસ્તાનથી આવ્યા

પન્નાલાલ પટેલ જેવા શ્રેષ્ઠ સાહિત્યકાર પણ આ નંદુલાલ મંછારામે શેરબજારમાં ડંકો વગાડ્યો

મહાજાતિ પાટીદાર-૧૯

એક જમાનામાં વરરાજાની જાન ૨૭ દિવસ ધામા નાખતી

અનેક પત્નીઓ કરતા

ટલાક પાટીદારો મોટાઈનું પ્રદર્શન કરવા સાતથી આઠ જેટલા બૈરાં કરતા હતા

મહાજાતિ પાટીદાર-૧૫

આંજણાઓનાં કુળદેવી મા કાત્યાયની કોણ છે?

મહિષાસુર રાક્ષસનો વધ કરનાર અર્બુદા ... તરીકે પણ ઓળખાય છે

પાટીદાર ગાથા

કૂર્મી ક્ષત્રિયો લેઉઆ અને કડવા તરીકે ઓળખાયા

શું લેઉઆ પાટીદારો લવના અને કડવા પાટીદારો ...

## રાજકોટના યુવાનોની ઊંઝા સુધીની સાઈકલ યાત્રા





શ્રી ઉમિયા માતાજીના મંદિરેથી

રાજકોટ પાટીદાર ભકત મ... ૧૧૮ જેટલા યુવાનો નવિન સા... લઈને ૩૭૫ કિ.મી. અંતર કાપી સા... યાત્રા કરી શનિવારે સવારે મા ઉ... ધામમાં ઊંઝા ખાતે આ વિ... મહોત્સવમાં ભાગ લેવા આવી પહોં... હતા. દર્શનાર્થીઓએ આ લાંબી યા... સાયકલ ઉપર કાપી હોવા છતાં ઉમા... આ મહોત્સવનું આયોજન જોઈને સાયકલ યાત્રી શાન્તીભાઈ ઝાલાવાડીયા હિતેશભાઈ સોડસરા સહિતના યુવાનોનો થાક પલવારમાં જ ઉતરી ગયો હતો.

# એસ.ટી. નિગમે ૧૩૫૦ વાહનો ફાળવ્યાં

ઊંઝાના ઉમિયા માતાજી ૧૮મી શતાબ્દી રજતજયંતી મહોત્સવમાં ઉમટી પડનારા માઈભક્તોની હેરફેર માટે એસ.ટી. તંત્રનો એકશન પ્લાન : ચારેય દિશામાં ચાર મિની એસ.ટી. ડેપો ઊભા કરવામાં આવશે : ૧૩૫૦ ડ્રાઈવર અને ૧૩૫૦ કંડક્ટરોને ફરજ પર તૈનાત રખાશે : ઊંઝાથી અમદાવાદ અને ઊંઝાથી ગાંધીનગર જવા-... ...ર મિનિટે એકસ્ટ્રા બસ ઉપડશે

...ધામાં ... ...ડાશે. સુરતમાંથી એક જ ... હજાર જેટલા ...

## આયોજનથી અભિભૂત મધ્યપ્રદેશના પાટીદારોએ ઉમિયા ધર્મોત્સવની મુલાકાત લીધી

મધ્યપ્રદેશમાં ૭૫ હજાર પાટીદારોને હિન્દીમાં કંકોતરી મોકલાવી હતી...

ડો. પ્રણવ દવે.ઊંઝા

૧૮મી શતાબ્દી રજત જયંતી મહોત્સવમાં માત્ર ગુજરાતમાંથી જ નહીં અન્ય રાજ્યોમાંથી પણ પાટીદારો મુલાકાતે આવી રહ્યાં છે. જેમાં મધ્યપ્રદેશના પાટીદારો મુલાકાત લઈ રહ્યાં છે. મહોત્સવના બાકી રહેલા હજુ બે દિવસોમાં વધુ ૮ હજાર જેટલા મધ્યપ્રદેશના પાટીદારો મુલાકાત લે તેવી સંભાવના છે.

૭૫ વર્ષીય માંગીલાલ પાટીદાર કે જેઓ મધ્યપ્રદેશ પાટીદાર સમાજના સચિવ છે અને ઉમિયા કન્યા મહાવિદ્યાલયના સચિવ છે. તેઓ ૩૩ વર્ષ પહેલા પણ ૧૮મી શતાબ્દી ...

મધ્યપ્રદેશમાં આ ૧૮મી શતાબ્દી રજત જયંતી મહોત્સવ માટે ૭૫ ...



સમાજના અગ્રણી ડો.ભગવાનભાઇ પાટીદાર અને તેઓ અહીંના ટ્રસ્ટ... એમ.એસ.પટેલ સહિત મોટી સંખ્યામાં મધ્યપ્રદેશના પાટીદારો ઉપસ્થિત...

...ના મુખ્ય હેતુ ... હોવાનું ઊંઝા મહોત્સવના આહ્વાન ... વિશાળ સંખ્યામાં ... મળેલા દાનન... મુક્ત ... નિર્દોષતા જણાવ્... અત્યાર સુધી સહકારી અને રા...

## મા ઉમાના મહોત્સવમાં પોણા ત્રણ લાખ યુનિટ વીજવપરાશ

ભાન્ડુ, સિદ્ધપુર તથા ખેરાલુથી ૬૬ કેવીની લાઈનો લવાયેલી

૪૩ જનરેટરોમાં અંદાજિત ૧૮ લાખ રૂ.નું ડીઝલ વપરાયું

વીજ કંપનીના ૬૦ ઈજનેર તથા ૨૦૦ ટેકનિકલ કર્મચારીઓ ...ડેપ્યુટે હતા

# પાટીદારોની પદયાત્રા : આસ્થાનો ઈતિહાસ

ઊંઝામાં ઉમિયા મહોત્સવના પ્રારંભે મહેસાણાથી ઊંઝા ૧૩ કિમી લાંબી વિરાટ ઐતિહાસિક પદયાત્રામાં હાઈવે ઢંકાયો





## કોમીએખલાસની ભાવના.....



ઉમિયા માતાના મહોત્સવ દરમિયાન ઊંઝા આવતાં ભાવિકો માટે મુસ્લિમ સમાજ અને મીરાદાતાર દરગાહ ટ્રસ્ટ દ્વારા સેવા કેમ્પનું આયોજન કરાયું છે. - અમરીશ રાવલ

## મહોત્સવમાં અભેદ્ય સુરક્ષા

બે આઈ.જી.પી.ના ઈન્સ્પેકશન વચ્ચે પાંચ જિલ્લાની પોલીસકુમક તૈનાત

૩૦ મોબાઈલવાન દ્વારા ૨૪ કલાક પેટ્રોલિંગ

ઉમિયાનગરમાં સુરક્ષા

| | |
|---|---|
| [illegible] | 05 |
| [illegible] | 19 |
| [illegible] | 252 |
| [illegible] | 1800 |
| [illegible] | 04 |
| [illegible] | 100 |
| [illegible] | 30 |
| [illegible] | 25 |
| [illegible] | 15 |
| [illegible] | 2 |



## મહોત્સવની પળેપળનું જીવંત પ્રસારણ

૮ એમબીપીએસની બેન્ડવીથવાળા કનેક્શનથી ઓનલાઈન વેબ કાસ્ટીંગ દ્વારા ઈન્ટરનેટ પર ... થી વધુ વિશાળ એલઈડી સ્ક્રિન તથા ૧૦૦ જેટલી પ્લાઝમા ટીવી પર સમગ્ર મહોત્સવની અલગ-અલગ ઈવેન્ટો ... જ સ્થળેથી નિહાળી શકાશે: હરવા-ફરવા માટે અસમર્થ માઈભક્તો કેબલ નેટવર્ક પરથી મહોત્સવનું જીવંત પ્રસારણ માણી શકશે

# અંગ્રેજ લેખકના ૧૮૮૭ના પુસ્તકમાં મા ઉમિયાના ઉલ્લેખ

## મા ઉમાના મહોત્સવમાં ઈસ્માઈલી સમાજનું બેન્ડ

## ઉમિયા મહોત્સવ હવે ગુજરાત ટુરિઝમની વેબસાઈટ પર

પ્રવાસીઓને આકર્ષવા માટે ઊંઝા મહોત્સવ મહત્વનો

## મા ઉમાના ભક્તો માટે ઉનાવામાં મુસ્લિમના ગેસ્ટહાઉસો ખુલ્લાં રહેશે

ઊંઝાના ઉમિયા મહોત્સવ પ્રસંગે કોમી એખલાસના દર્શન કરાવતા મુસ્લિમ બિરાદરો

## વાઈબ્રન્ટ ગુજરાતની થીમ પર મા ઉમિયાના ધર્મોત્સવ માટે શહેર બહાર ૫૫૦ એકર જમીન

તૈયાર કરાયેલું ઉમિયાનગર મેનેજમેન્ટના અભ્યાસુઓ માટે પણ સંશોધનનો વિષય બની રહેશે






## ૧૨૨ વર્ષે ઉમાના શિખરે ઈતિહાસ ફરકશે

સંભારણું — ગાયકવાડ સરકારમાં મંદિર ખુલ્લુ મૂકાતાં ઊંઝાના બે સદ્‌ગૃહસ્થોએ મંદિર ઉપર સોનાનું શિખર ચડાવ્યું હતું

### ૧૮૮૮માં ૧૦ હજાર ભક્તો હાજર રહ્યા હતા

### ભૂતકાળ -વર્તમાન

# ગુજરાત

Gujarat Times

## મા ઉમિયા ૧૮મી શતાબ્દી રજત જયંતીની ઐતિહાસિક ઉજવણી

આ ઉપરાંત વ્યક્તિગત ધોરણે પણ

## ઊંઝા શહેર મા ઉમામય બની આઈભક્તોનાં વધામણાં કરવા સજીધજીને તૈયાર : દિવાળી જેવો માહોલ છવાયો

# માને ઊર્મિભર્યાં ઓવારણાં : ઊંઝા ઝાકમઝોળ

કેશુભાઈ પટેલ સહિત અગ્રણીઓની ઉપસ્થિતિમાં કાર્યક્રમની પૂર્ણાહુતિ : મહાઆરતી અને આતશબાજીથી અદ્‌ભુત માહોલ

55,00,000 | 26,50,000 | 8,25,000 | 1,83,000 | 1,50,000 | 1,25,000 | 63,000 | 11,700



## વિશ્વના આઠ લાખ કડવા પાટીદારોને મા ઉમાનું તેડું

## મા ઉમાના મહોત્સવની સફળતાનો પ્રથમશ્રેય સ્વયંસેવકોને ફાળે જાય છે

'૭૬માં યજ્ઞ કરાવનાર શુકદેવપ્રસાદજી જ આચાર્યપદે

## કેન્દ્રમાં રહેશે પાંચ દિવસનો મહાયજ્ઞ

## હવે, શિકાગોમાં ઉમા ઉત્સવની તૈયારી !

■ જુલાઈમાં યોજનાર મહોત્સવમાં શિકાગોના પ્રમુખ મુખ્ય અતિથિ

THE TIMES OF INDIA

## 500-acre, Rs 4.8-cr pandal for Patel meet

Unjha To Host Event In November

...યાના ભવ્ય મહોત્સવને હવે માત્ર ૧૦ દિવસ જ છે ત્યારે તમામ કડવા મહોત્સવની ઉજવણીના ...યા છે. દરેક ભાવિકોએ ...આયોજન તૈયાર કર્યું ...૩૦૦ ભાવિકો સાયકલ

## મંદીમાં ફસાયેલી વિમાની સેવાને ઉમા ઉત્સવથી બખ્ખાં

## ૧૮૩૩ વર્ષ જૂના મંદિરમાં ૬૪ દ્રવ્યોનો મહાભિષેક

■ માનસરોવર અને ૧૦૮ નદીનાં નીર મંગાવાયાં

## ઊંઝામાં મોબાઈલ ATMમાંથી દાન માટે લોકોએ ૩૦ લાખ ઉપાડ્યા

## ઊંઝામાં ૧૧ પેસેન્જર ટ્રેનોને સ્ટોપેજ : ૮ સ્પેશિયલ ટ્રેન

સ્પેશિયલ ટ્રેનો

FRIDAY 13 NOVEMBER 2009

૧૦૫ વર્ષ અગાઉ ગાયકવાડ સરકારે હુકમ કરીને અભિપ્રાય માંગ્યા અને

## સમાજ સુધારણા માટે પાટીદારોએ જ પહેલ કરી !

વડોદરા રાજ્યમાં ૧૯૦૧માં કડવા પાટીદારોની સંખ્યા ૧.૭૫ લાખ જ હતી

## ઉ.ગુ.માં બે લાખ કંકોત્રી દ્વારા આમંત્રણ


Gujarat Times
realpatidar.com
ઊંઝામાં ઉમિયા માતાના મંદિરને ૧૮૦૦ વર્ષ પૂર્ણ થતાં યોજાયેલી શોભાયાત્રા
શ્રી ઉમિયા માતાજીના મંદિરેથી...
આજે યજ્ઞની પૂર્ણાહુતિ સાથે સમાપન
એ દિને થશે અભૂતપૂર્વ જયજયકાર ઉમિયા માનો...
કડવા પાટીદારોનો મહાકુંભ
માની સ્તુતિ
સમાજના સુધારકો
3600
1800
પાટીદાર જાગૃતિ વૈયક્તિક નહીં સામુહિક હોય છે
ઉમા મહોત્સવ અંતર્ગત એસટી તંત્ર દ્વારા વિશેષ આયોજન કરાયું
2350
realpatidar.com

# સાવધાન : છેલ્લે અમારી હૈયા વેદના !

૧૮મી શતાબ્દી મહોત્સવ અને ૧૮મી શતાબ્દી રજત જયંતિ મહોત્સવ બન્ને અત્યંત ધામધૂમથી ઉજવાઈ ગયા. ૧૮મી શતાબ્દી પછી સમગ્ર કડવા પાટીદાર સમાજમાં વ્યાપક પરિવર્તન આવ્યું. મા ઉમિયાજી પ્રત્યેની ભક્તિ ભાવના અસાધારણ રીતે વધી, ૧૮મી શતાબ્દી મહોત્સવ પહેલાં ગુજરાતમાં ચાર-પાંચથી વધારે માતાજીનાં મંદિરો ન હતાં, પણ છેલ્લા પચીસ વર્ષમાં ૧૮૧ જેટલાં મંદિરો બન્યાં, ને હજુ પણ બની રહ્યાં છે, મંદિર એ માતાજી પ્રત્યેની અતૂટ શ્રદ્ધાનું પ્રતીક છે.

પાટીદાર સમાજનો અસાધારણ વિકાસ થયો છે, ને થઈ રહ્યો છે પણ રજત જયંતિ મહોત્સવ પછી હવે આપણે બધાઓએ 'સાવધાન' બનવાની અનિવાર્યતા ઊભી થઈ છે. ચેતવાની જરૂર છે, પોતાની જાતનું હવે વિશ્લેષણ કરવાની અનિવાર્યતા ઊભી થઈ છે. એટલી વસ્તુ યાદ રાખો કે વિકાસને જો બરાબર પચાવી ન શકીએ કે વિકાસ વખતે પોતાની જાતનું પૂરેપૂરું આધ્યાત્મિક સ્વરૂપ આપી વિશ્લેષણ ના કરીએ તો વિકાસમાંથી વિકૃતિનો જન્મ થાય છે. પ્રકાશ પાછળ અંધારું છૂપાયેલું છે. પ્રગતિ પછી શું ? વિકાસ પછી શું ? હવે સમજવાના દિવસો ઝડપથી આવી ગયા છે.

પાટીદાર સમાજના ઘરમાં દૂધ, માખણ, ઘીની રેલમછેલ હતી. સવારે જાગે ત્યારે તે વાટકી ભરીને નહિ પણ ત્રાંસળુ ભરીને દૂધ અને બાજરીનો રોટલો ઝાપટી જતો હતો, ને બપોરે ગોળ-ઘી, રોટલા, ડુંગળી-મરચાં તેનો ખોરાક હતો. ચોખ્ખા ઘીનો શીરો તેના લોહીમાં હતો. આપણે વિકાસ સાથે ખોરાક બદલ્યો, ફાસ્ટ ફૂડ તરફ વળ્યા. દેખાદેખીમાં ને આધુનિકતાના નામે વેજીટેબલ ખોરાકથી કેટલાક આગળ વધવા લાગ્યા છે, એ તો ઠીક પણ જે પાટીદાર સમાજ દારૂ જોઈને ભડકે, દારૂ કોઈ પીએ છે એવું જાણે તો તેના ઘરમાં દીકરી પરણાવે નહિ. તેના ઘરનું પાણી પણ ના પીએ. દારૂનો જબરદસ્ત વિરોધ. દારૂ ગામડાઓમાં પછાત વર્ગના કેટલાક લોકો પીતા પણ ક્યારેય પાટીદાર એમાં પ્રવેશેલો નહિ, આજે પાટીદારોના ઘરોમાં, ફ્રીજોમાં આધુનિકતા નામે દારૂ ઘૂસી રહ્યો છે. ને આજે ઘણી દીકરીઓ પુત્રવધૂ બનીને ગઈ છે, ત્યાં રોકકળ કરી રહી છે, "અમને બચાવો, અમારું ઘરમાં દારૂ ઘૂસી ગયો છે," હવે કોને કહેવું ? પોતાની વેદના કહી શકતી નથી. સમાજમાં આના કારણે અનેક પ્રશ્નો ઊભા થયા છે, ઊભા થઈ રહ્યા છે, ને ધ્યાન નહિ રાખીએ તો આપણા ઘરો દારૂથી ગંધાતા થઈ જશે. પહેલાં વ્યસનો હતાં, પણ તેમાં નિર્દોષતા હતી, પણ અત્યારે વ્યસનો મોજશોખ માટે છે, જે પાયમાલ કરી નાંખશે.

એક જમાનો હતો કે સમાજમાં બાળલગ્નો, અંધશ્રદ્ધાઓ, ખોટા રીતરિવાજો, લગ્ન મરણ પાછળ થતા ઉડાઉ ખર્ચાઓ, બારમાઓ, જ્ઞાતિપંચોની જોહુકમી સામે પાટીદાર સમાજ દબાઈ ગયો હતો. આઝાદી પછી આ બધા સામાજિક કુરિવાજો સામે સમાજના જાગૃત કાર્યકરોએ આંદોલનો શરૂ કર્યા, ને આ બધા આંદોલનોને 'ધરતી' માસિક મદદરૂપ બન્યું. 'ધરતી'નો ઉદેશ સમાજને જાગૃત કરવાનો, દિશા-દૃષ્ટિ આપવાનો હતો. કાર્યકરોના દબાણથી શ્રી ઉમિયા માતાજી સંસ્થાનમાં ૧૨ વર્ષે થતાં લગ્નોનો પણ અંત લાવવો પડ્યો હતો કારણકે બાળલગ્નનો મોટો રોગ આ સાથે સંકળાયેલો હતો.

૧૮મી શતાબ્દી મહોત્સ્વ પછી મોટાભાગનું આ બધું બદલાઈ ગયું છે, આજે ચારેબાજુ સમૂહલગ્નો થવા લાગ્યાં છે. પાટીદાર સમાજ કાદવમાંથી બહાર નીકળી ગયો છે. અમને એવી પ્રતીતિ થવા લાગી છે કે આઝાદી પછી સમાજ સુધારણાઓ, સમાજને બદલાવનો જે જુવાળ હતો, તે આજે રહ્યો નથી. જાહેર સંસ્થાઓ દિશાવિહિન બનતી જાય છે, કોણ જાણે કે કોઈ ચેપી રોગ જાહેર સંસ્થાના હોદ્દેદારોને ભરખી રહ્યો છે. દારૂની બદી સાથે આંદોલન ચલાવવાની કોઈ તાકાત રહી નથી, હિંમત નથી. કારણકે દારૂ પોતાના શરીરમાં ઘૂસવા લાગ્યો છે. જે બદીઓ પાટીદાર સમાજને ભરખી રહી છે, તે તમામ બદીઓ સામે સંમેલનો, અધિવેશનો બોલાવીને શા માટે લોકોને જાગૃત કરવામાં આવતા નથી ? હજારો લોકો જાહેર સંસ્થાઓને દાન આપે છે. ચારેબાજુ કેળવણીનો વ્યાપ વધી રહ્યો છે. કન્યા કેળવણીની હવે ઝૂંબેશ ન ચલાવીએ તો પણ કન્યાઓ ભણી રહી છે. હવે છોકરાઓ પાછળ પડતા જાય છે. ગ્રામ્ય કક્ષાએ હજારો પરણવા યોગ્ય છોકરાઓ આજે કુંવારા જોવા મળે છે. આવી રહેલા આ પરિવર્તનને સમજવાની જરૂર છે. ખેતી જેનો વ્યવસાય હતો, ધરતી જેની માતા હતી, તે પાટીદાર ખેતીથી દૂર જતો જાય છે, જમીન વેચતો જાય છે. તે ક્યાં જાય છે, તેની તેને પણ ખબર નથી. આવા અનેક પ્રશ્નો સમાજમાં ઊભા થવા લાગ્યા છે. ત્યારે સમાજને દિશા કોણ બતાવશે ?

શ્રી ઉમિયા માતાજી સંસ્થાન સમાજની આસ્થા અને શ્રદ્ધાનું કેન્દ્ર છે. સૌને આ પ્રત્યે અસાધારણ પ્રેમ છે જ્યોતિરથ સમગ્ર સમાજમાં ફર્યો છે, ફરી રહ્યો છે, પણ સમાજમાં માત્ર ધાર્મિક જ નહિ, સમાજને સાચી દિશા આપવાની જ્યોતિ જગાડવી પડશે. માતાજીના કાર્યકરોએ આ કાર્ય ઝડપથી ઉપાડી લેવું જોઈએ. ને હવે મંદિરોની સાથે મનમંદિરો શુદ્ધ બનાવવાની જરૂર છે. આ કાર્ય શ્રી ઉમિયા માતાજી સંસ્થાન કરી શકે એમ છે, સંસ્થાને અનેકવિધ પ્રવૃત્તિઓ સમાજ માટે કરી છે, કરોડો રૂપિયા સમાજના ઉત્કર્ષ પાછળ ખર્ચ્યાં છે. પણ આ બધી પ્રવૃત્તિઓમાં હવે જે પ્રવૃત્તિઓ કરવા જેવી છે, તે આ છે. ઉમિયા માતાજી સંસ્થાનના કાર્યકરો હવે જાગશે ખરા ? 'ધરતી' માસિક અને ધરતી વિકાસ મંડળ સમાજના વિકાસના કાર્યોમાં વર્ષોથી સક્રીય હતું ધરતીની દિશા અને દશા બન્ને બદલાઈ ગયાં છે. પોતાના મૂળ ઉદ્દેશ્યોથી બહાર ફેંકાતું જાય છે, આજે ગુજરાતમાં એક હજાર જેટલી કડવા પાટીદાર સંસ્થાઓ, સંગઠનો, કેળવણી સંકુલો છે. આપણે સાથે મળીને સમાજમાં આવી રહેલા આ વિષમ રોગોને નાથી નહિ શકીએ ? આ અમારી વેદના છે, આ સંદેશો ગામેગામ ક્યારે પહોંચશે? ઉમિયા માતાજી સંસ્થાન હવે આ કાર્યો તરફ નહિ વળે તો પાટીદારોના સંસ્કાર અને સંસ્કૃતિ ખોવાઈ જશે. અને માનો વૈભવ પણ ટકશે નહિ. હવે જાગો, સૌને જગાડો સાવધાન બનો !

જય ઉમિયાજી

ઈશ્વર હ. પટેલ

ડૉ. મફતલાલ પટેલ

# આ ગ્રંથના લેખકો

## ઈશ્વર હ. પટેલ



આજથી ૨૫-૩૦ વર્ષ પહેલાં ધરતી વિકાસ મંડળની આગવી છાપ સમગ્ર પાટીદાર સમાજમાં છવાઈ ગઈ હતી, 'ધરતી'એ સમાજ જીવનમાં ક્રાંતિકારી કાર્યો કરી બતાવેલાં ત્યારે તે વખતની ટીમમાં જે પાંચ-છ કાર્યકરો હતા, તેમાંના એક હતા ઈશ્વર હ. પટેલ. ઓછું ભણેલા પણ ભાષા ઉપર ગજબની પકડ. સમાજના પાયાના પ્રશ્નોની સૂઝ-સમજનું ઊંડાણ અમાપ. સમાજને ક્યાં લઈ જવો છે, ને શું કરવા જેવું છે, તેની દીર્ઘ દૃષ્ટિ તેઓની પાસે. 'ધરતી'માં છપાતા તેઓના ક્રાન્તિકારી લેખો, કાર્ટૂનો એ સમાજ જીવન ઉપર ગજબની અસર કરેલી.

ઈશ્વરભાઈ હરિભાઈ પટેલનું મૂળવતન મહેસાણા જિલ્લાનું બલોલ ગામ. ૧૯૪૧-૪૨ની 'હિંદ છોડો' ચળવળ વખતે અમદાવાદમાં આવ્યા. ચળવળમાં સતત સક્રીય, પોતે રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘના પાયાના કાર્યકર. પૂજ્ય ગુરૂજીની વિચારધારાના પ્રભાવે રંગાયેલા જેથી પદ, પ્રતિષ્ઠા કે પૈસાની કોઈ અપેક્ષા વિના જીવનભર નોકરીની સાથે સાથે સમાજ સેવાનું કાર્ય કર્યું. વર્ષો સુધી 'ધરતી'ના તંત્રી, સંપાદક તરીકે પણ કામ કરેલું. અને સલાહકાર તરીકેની જવાબદારી સંભાળી. ધરતીના શૈશવકાળમાં 'અંતરદીપ'ના શીર્ષક તળે અને પાછળથી 'ધરતીના ફૂલ'ના શીર્ષક તળે 'નરેન'ના ઉપનામથી સંદેશ, જનકલ્યાણ, સાધના વગેરેમાં લખતા રહ્યા. અત્યાર સુધી તેઓનાં નવ પુસ્તકો પ્રગટ થયાં છે. 'લાલ બાંધણી', 'નાવ મેં નદિયાં ડૂબ ગઈ', 'વીતરાગ વંદના', 'જ્ઞાનગંગા', 'જીવનગંગા', 'લાગણીના દીવા', 'ધરતીનાં ફૂલ', 'અઢારમી શતાબ્દી મહોત્સવ સ્મૃતિ ગ્રંથ(સંયુક્ત)' અને 'જ્ઞાતિ પંચો સામે સંઘર્ષ યજ્ઞ' આ ઉપરાંત 'ધરતી' અને અન્ય માસિકોમાં તેઓના ઘણા બધા લેખો પ્રગટ થયા છે. પોતે સર્જક સાહિત્યકાર છે. તેઓની ભાષામાં સરળતા, સહજતા, પ્રવાહિતાની સાથે સાથે લાગણીઓથી ભર્યું ભર્યું કવિ હૃદય ગુલાબની જેમ ઠેરઠેર ટપકતું જોવા મળે છે. તેઓ સાહિત્યકાર તરીકે નહિ પણ કંઈ કરવું, કંઈ વિચારવું અને એને અક્ષરદેહ આપવો એવા વિચારોથી એ લખતા રહ્યા છે.

'ધરતી'માં માત્ર 'પંચનું પ્રેતભોજન' નામે લેખ લખવા બદલ પોતાના સમાજે તેઓનો સામાજિક બહિષ્કાર કર્યો, ને આ બહિષ્કાર બીન લોકશાહી, ન્યાયતંત્રના નીતિનિયમોના ધજાગરા ઉડાડતો હોવાથી, તેઓએ ધરતીના કાર્યકર્તાના સાથ સહકાર સાથે પોતાના સમાજ સામે રણશિંગું ફૂક્યું. ડર્યા કે ડગ્યા વિના 'કમવોટ મે' જે થવાનું હોય તેમ થાય, કરીને તેઓ જે રીતે જે પદ્ધતિથી જે ખુમારીથી ઝઝૂમ્યા, ને એમાંથી અંતે નવનીત સ્વરૂપે સામાજિક શુદ્ધિકરણ થયું પરિણામ સ્વરૂપ સમગ્ર સમાજે નવો ચીલો અપનાવ્યો. બાળલગ્નો બંધ થયાં, સમૂહલગ્નોનું વાવેતર થયું. કન્યા કેળવણી તરફ સમાજ વળ્યો. અંતે નવા માર્ગો જડ્યા કોઈ પણ જાતની આંતરિક કે બાહ્ય કડવાશ વિના ઈશ્વર હ. પટેલે જે કાર્ય સિદ્ધ કરી બતાવ્યું છે, તેના પરિપાકરૂપે 'જ્ઞાતિ પંચો સામે સંઘર્ષ યજ્ઞ' પુસ્તક નવા સંદેશ સાથે ૨૦૧૧માં પ્રગટ થયું.

સામાજિક જાગૃતિ, સમાજને નવી દિશા-દૃષ્ટિ આપવામાં, અન્યાય સામે જીવનભર લડનારા, મોટા ભૂપની પણ શરમ રાખ્યા વિના સત્યને કશા પણ કપડામાં વિંટ્યા વિના કહેનાર અને પાળનાર ઈશ્વર હ. પટેલ દ્વારા અઢારમી શતાબ્દી મહોત્સવ ગ્રંથનું સુધારા વધારા સાથેનું પુનઃ મુદ્રણ થયું છે, જે માટે પોતે અભિનંદનના અધિકારી છે.

## ડો. મફતલાલ પટેલ



આ ગ્રંથના સહલેખક ડૉ. મફતભાઈ પટેલ 'ધરતી'ના વર્ષો સુધી તંત્રી તરીકે રહ્યા, ને અત્યારે 'અચલા' નામનું શૈક્ષણિક માસિકના તંત્રી છે.

ડૉ. મફતભાઈના વ્યક્તિત્વની વિશેષતાએ છે કે પોતે સાક્ષર છે, ગુજરાતી, હિન્દી, અંગ્રેજી અને સંસ્કૃત ભાષાનું પ્રભુત્વ તેઓની આગવી વિશેષતા છે. વર્ષો સુધી તેઓ મનોવિજ્ઞાનના પ્રોફેસર તરીકે અમદાવાદની સરદાર વલ્લભભાઈ પટેલ આર્ટ્સ કોલેજમાં સેવાઓ આપીને અત્યારે નિવૃત્ત છે. તેઓએ અત્યાર સુધી પચાસ જેટલાં પુસ્તકો લખ્યાં છે. પાટીદાર સમાજને કેન્દ્રમાં રાખીને તેઓએ ઘણા પુસ્તકો લખ્યાં છે. 'વિદેશોમાં પાટીદારો'માં અમેરિકામાં વસતા ને અમેરિકાની ભૂમિમાં વિવિધ ક્ષેત્રોમાં આગવી પ્રતિભા ધરાવનારા કડવા પાટીદારો વિષેનો તેઓના આ ગ્રંથ ખૂબ જાણીતો બન્યો છે. આ ઉપરાંત 'પરદેશે પાંગરતી પાટીદાર પ્રતિભાઓ' ભાગ-૧ અને ૨ માં પાટીદારોની વિશેષતાઓ, પાટીદારોનું વિદેશમાં ગમનની વિગતે ચર્ચા કરી છે.

સાહિત્ય સર્જક તરીકે તેઓને ગુજરાતના સૌ લોકો ઓળખે છે.

દુનિયાના ઘણા બધા દેશોમાં તેઓ પ્રવાસ કરી ચૂક્યા છે, તે પ્રવાસ અંગેના ઘણા પુસ્તકો લખ્યાં છે જેમાં ઈઝરાઈલ ઉપર લખાયેલુ પુસ્તક 'શક્તિ અને સમૃદ્ધિનો દેશ ઈઝરાઈલ', 'કેનેડા મારી દૃષ્ટિએ', 'સિંગાપુર, મલેશિયા અને થાઈલેન્ડનો પ્રવાસ', 'દુબઈના ગુજરાતીઓ', 'ઓસ્ટ્રેલિયામાં ગુજરાતીઓ' વગેરે તેઓનાં પ્રવાસ અંગેનાં પુસ્તકો છે.

ડૉ. મફતભાઈ સાહિત્ય સર્જકની સાથે સેવાભાવી સામાજિક કાર્યકર છે. સામાજિક કુરિવાજો, કુરૂઢિઓ, સમાજમાં વ્યાપ્ત અંધશ્રદ્ધાઓ દૂર કરવા માટે તેઓની મહેનત દાદ માગી લે તેવી છે. લગ્ન-મરણ પાછળ થતા ખોટા ખર્ચાઓ ને બાળલગ્નો બંધ કરાવવામાં મફતભાઈનો ઐતિહાસિક ફાળો છે. સો રૂપિયાથી વધારે પોતાના લગ્નમાં ખર્ચ નહિ કરવાની પ્રતિજ્ઞા લઈને પાળી, લગ્નમાં સોનું ન સ્વીકાર્યું, જૂના ચીલાઓ તોડી નાંખ્યા, પોતાના સગા સાળાના દીકરાનું થતું બાળલગ્ન પોલિસ પાર્ટી બોલાવીને રોક્યું. આવું અઘરું કાર્ય, સમાજ વચ્ચે રહીને મફતભાઈ સિવાય કોઈ કરી શકે નહિ. સતત જાગૃત, કદી હટે નહિ, પાછા પડે નહિ, જે કંઈ ધારે તે કરે જ. ભાષણ કરતાં પહેલાં પોતે તેનો અમલ કરે, આવું અણિશુદ્ધ વ્યક્તિત્વ.

સેવા તેઓના જીવનનો ઉત્તમોત્તમ ગુણ રહ્યો છે. કોઈનું ભલુ થતું હોય તો સામે પગલે દોડીને, પોતાની જાત ઘસીને, પોતાનો સમય આપીને, કોઈ જાતની અપેક્ષા વિના વર્ષો સુધી તેઓએ કામ કરી બતાવ્યું છે. આવા સેવાભાવી કાર્યકર સમાજની મૂડી છે.

ડૉ. મફતભાઈએ સતત વીસ વર્ષ સુધી અમદાવાદ જિલ્લા પંચાયતમાં સભ્ય તરીકે, વિરોધપક્ષના નેતા તરીકે, જિલ્લા પંચાયતના ઉપપ્રમુખ તરીકે અને શિક્ષણ સમિતિના ચેરમેન તરીકે નિષ્ઠાપૂર્વક કાર્ય કરી બતાવ્યું છે. અણિશુદ્ધ વ્યક્તિત્વ, ભ્રષ્ટાચારમાં કદી માને નહિ, કરે કે કરાવે નહિ. આજે પણ અમદાવાદ જિલ્લાના ગામડાઓ તેઓના કાર્યોને યાદ કરે છે.

પોતે શિક્ષણકાર, કેળવણીકાર છે. પ્રાથમિક શિક્ષણ અને પંચાયત રાજના અભ્યાસી છે. શિક્ષણ સમિતિના ચેરમેન પદે રહી જિલ્લાની શાળાઓને સારી બનાવવાનું કાર્ય તેઓએ કરી બતાવ્યું છે.

આવા સેવાભાવી કાર્યકર, સમાજની સતત ચિંતા કરનારા ડૉ. મફતભાઈ પટેલ ઉમિયા માતાજી સંસ્થાનનો ગ્રંથ ૧૯૭૬માં લખાયો તેના લેખક હતા, ને આજે પુનઃમુદ્રિત થતા ગ્રંથમાં પણ સુધારા વધારા કરીને જે ગ્રંથ આપની સમક્ષ મૂક્યો છે, તેના પણ તેઓ લેખક છે. સમાજ ગૌરવ લઈ શકે તેવા ડૉ. મફતભાઈ પટેલ દીર્ઘાયુ તંદુરસ્તીભર્યું જીવન જીવે તેવી મા ઉમિયાજીને મારી પ્રાર્થના છે.

**- મણિભાઈ ઈ. પટેલ (મમ્મી)**

**શ્રી ઉમિયા માતાજી સંસ્થાન, ઊંઝા.**

realpatidar.com

realpatidar.com

# કડવા પાટીદાર કુળદેવી શ્રી ઉમિયા માતાજી સંસ્થાન, ઊંઝા




## ॥ પંચસૂત્રી કાર્યક્રમ ॥

૧. ઘેર ઘેર કુળદેવી શ્રી ઉમિયા માતાજીનો ફોટો રાખીએ.
૨. કડવા પાટીદારના દીકરા દીકરીને સગપણ (ચાંલ્લા) પ્રસંગે માતાજીનો ચાંદીનો સિક્કો આપીએ.
૩. દીકરા દીકરીના લગ્ન પ્રસંગે સૌથી પહેલી કંકોત્રી માતાજીને લખવાનું ન ભૂલીએ.
૪. કડવા પાટીદાર દંપતિએ લગ્ન કર્યા પછી માતાજીના આશીર્વાદ મેળવવા દર્શનાર્થે આવવાની પ્રથા જાળવીએ.
૫. આપણી આવકમાંથી તથા શુભ પ્રસંગોએ યથાશક્તિ ફાળો દર વર્ષે માતાજીને ભેટ રૂપે મોકલાવીએ.

## ॥ દસસૂત્રી કાર્યક્રમ ॥

૧. દીકરા દીકરી વચ્ચે ભેદ ન રાખીએ.
૨. પુત્રવધૂને દીકરી સમાન ગણીએ.
૩. બાળલગ્નો નામે બંધ કરીએ.
૪. વિધવા - ત્યક્તા બહેનોના પુનઃલગ્ન માટે સમજ કેળવીએ.
૫. બહેનોને કન્યા કેળવણીની સાથે ગૃહજીવનને ઉપયોગી શિક્ષણ આપીએ.
૬. અંધશ્રદ્ધા, વહેમ અને રૂઢિચુસ્તતામાંથી બહાર આવી સાચા અર્થમાં શક્તિ સ્વરૂપ મા ઉમાના પૂજક બનીએ.
૭. સમયના પરિવર્તન સાથે આપણા સમાજિક રીત-રિવાજોને પણ બદલીએ.
૮. આપણા સામાજિક પ્રશ્નો અદાલતમાં ન લઈ જતાં સમાજ દ્વારા ઉકેલીએ.
૯. દિવસમાં એકવાર કુટુંબ સાથે જમીએ અને પ્રાર્થના કરીએ.
૧૦. ગામે ગામે ઉમા મહિલા મંડળોની સ્થાપના કરીએ.


realpatidar.com
હે ! જગતજનની વિશ્વકલ્યાણી મા ઉમિયા !
હે ! સમાજ કલ્યાણી દેવી હે મા !
હમ રહેં યા ના રહેં ।
તેરા વૈભવ અમર રહે ।।
Printed by : Shivkrupa Offset Printers